# श्री

# वर्धित-विधान

पूजन-अनुष्ठान

★ अनुवाद ★

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥
॥ श्रावस्ति तीर्थाधिपति श्री संभवनाथाय नमः ॥
॥ पू. सूत्रकार-तार्किकशिरोमणि आचार्यदेव श्री हरिभद्रसूरीश्वराय नमः ॥
॥ पू. पंजिकाकार-आचार्यदेव श्री मुनिचंद्रसूरीश्वराय नमः ॥
॥ पू. आत्मकमल-लब्धि-भुवनतिलकसूरीश्वरेभ्यो नमः ॥
॥ पू. भद्रंकर-अरुणप्रभ-वीरसेनसूरीश्वरेभ्यो नमः ॥

(श्री भद्रंकरसूरीश्वरजी ग्रंथमाला-२)

# श्री
# ललित-विस्तरा

ગુજરાતી અનુવાદ

★ અનુવાદક ★
પૂ. ધર્મદિવાકર, સિદ્ધહસ્તલેખક આચાર્યદેવ
**શ્રીમદ્‌વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર
પૂ. કર્નાટક કેસરી, કોંકણ ઉદ્ધારક, શ્રાવસ્તિતીર્થોદ્ધારક,
સંસ્કૃતવિશારદ સૂરીમંત્રપંચપ્રસ્થાનારાધક
**આચાર્યદેવ શ્રીમદ્‌વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા**

★ સંપાદક ★
**મુનિવર્ય શ્રી વિક્રમસેન વિ.મ.સા.**

★ પ્રકાશક ★
**ભુવનભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર-મદ્રાસૌ**

V. V. VORA-MADRAS.

## ■ પ્રાપ્તિસ્થાન ⬇

■ **શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન**
C/o. રાજેશકુમાર નટવરલાલ શાહ
બજારમાં, કાપડના વેપારી,
પો. છાણી-૩૯૧ ૭૪૦. ગુજરાત, જિ.-વડોદરા

■ **આત્મકમલલબ્ધિસૂરિજ્ઞાનમંદિર**
૬, એસ. લેન જ્ઞાનમંદિર રોડ,
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
ફોન : ૪૨૨૭૨૨૩/૪૩૭૦૧૭૧

■ **વીર સંવત ૨૫૨૧**
**વિક્રમ સંવત ૨૦૫૧**
**લબ્ધિ સંવત ૩૨**
**ભદ્ર સંવત ૨**

■ **મૂલ્ય રૂા. ૫૦/-**

■ **પૂ. સાધુ-સાધ્વીજી મ.સા.ને તથા જ્ઞાન ભંડારોને ભેટ છાણીના સરનામે રૂા. ૫/- ની સ્ટૈમ્પ મોકલવી.**

■ **મુદ્રક**
જયેશકુમાર એન. શાહ
નેહજ એન્ટરપ્રાઈઝ
૧૦૫, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ,
સાધના, પહેલે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૮૯૩૩૭૨૪/૮૭૨૧૯૩૬

પ.પૂ.આ. શ્રી વિજય કમલસૂરીશ્વરજી મ.સા.



પ.પૂ.આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ. શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.

પ.પૂ.આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.



# तपस्विनी
# श्री मणिबहेननी
# जीवन-झरमर

## पू.आ. श्री भद्रंकरसूरिजी म.सा.ना
## संसारी मातुश्री

पूजय आचार्यश्रीना पिताश्री

कृतपुण्य जीवस्य मृत्युरेव रसायनम्

पूजय आचार्यश्रीना मातुश्री

માનવ ભવમાં જન્મ લેવો, જીવવું અને અવધિ પૂર્ણ થતાં દીર્ઘવિરામ પામવોઃ આ અનાદિકાળનું ચાલતું એક ચક્ર છે. આ ચક્રના ભોગ પ્રત્યેક સંસારી જીવાત્માઓને આનાકાની સિવાય થવું જ પડે છે. ગમે તેટલી વિપુલ સાહ્યબીઓ હોય, ગમે તેટલું પ્રચુર પરિબળ હોય, અસંખ્ય સ્વજન મેળો હોય પણ જીવન સમેટતાં કોઈ જ મદદ કરી શકતું નથી. આ સૌને અનુભવાયેલ એક ઘટમાળા છે. જ્ઞાની પુરુષો તો પોકારીને જણાવે છે કે, જીવ એકલો આવે છે અને એકલો સઘળુંય તજીને-મૂકીને પરલોકનો પથિક બને છે.

છાણી ગામ પ્રાચીન છે. જેમાં ત્રણ-શિખરનું ભવ્ય અને દિવ્ય-જિનાલય છે. વિશાળકાય જ્ઞાનમંદિર છે અને આદર્શ ઉપાશ્રય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેયની આરાધના જ્યાં સુગમ અને સુલભ છે. આ ગ્રામની ભૂમિ અને વાતાવરણ જ એવું ધાર્મિક છે કે, અહીં જન્મ લેવો એ એક સૌભાગ્યની વાત કહેવાય છે. નાના બાળકો, યુવકો અને વૃદ્ધો પ્રાયઃ પ્રભુપૂજન, ગુરુવંદન કરે જ ! વારસાગત કેટલાંક સંસ્કારોનું સલિલ અહીં સિંચન થાય છે. ૭૦ થી ૮૦ જેટલાં ઘરોની જૈનોની વસ્તી હોવા છતાંય પુરુષ-વર્ગમાં અને સ્ત્રી-વર્ગમાં થઈને અહીંના૧૪૨ જેટલા સંયમીઓ છે. એટલે જ છાણી દીક્ષા-રત્નોની ખાણ છે એમ કહેવું પડે છે.

આ પુણ્યભૂમિમાં શેઠ ખીમચંદ હરગોવિંદના ધર્મપત્ની સૂરજબહેનની કુક્ષિમાંથી મણિબહેન જન્મ્યાં હતાં. જે ઘરમાં જન્મ્યાં તે ઘરમાં માતા-પિતા ધર્મરંગથી રંગાયેલા એટલે બાલવયથી ધર્મશિક્ષણ અને વ્યવહારૂ જ્ઞાન તેઓને મળતું રહ્યું. સૌજન્યતા, પરમાર્થપરાયણતા, સરળપ્રકૃતિ અને અવિચળ શ્રદ્ધાળુતા આ ગુણો બહેન મણિને સહજ સાંપડ્યા ! ઉંમરલાયક થતા શા. શીવલાલ હીરાચંદ સાથે માતા-પિતાએ લગ્નગ્રંથીથી બંધનમાં મૂક્યાં ! જેઓના હૃદયમાં સંસાર-નિરસતા, પાપ-ભીરુતા અને તપશ્ચર્યાપ્રિયતા તો ઘર કરીને બેઠાં હતા. પણ વ્યવહારક્રમ અનુલ્લંઘનીય છે. જેઓએ ત્રણ પુત્રો અને બે પુત્રીઓને જન્મ આપ્યો હતો. પણ કાળની વિકરાળ ફાળમાં તે ઝડપાઈ ગયા. પણ છેલ્લે એક પુત્રનો જન્મ થયો. જેનું નામ ભીખાભાઈ (રમણલાલ) રાખેલ ! જે બાલવયથી ધર્મ-ઘરનો માલિક બન્યો ! વ્યવહાર શિક્ષણ સાથે ધર્મશિક્ષણ નક્કર અને સચોટ લીધું. નાનીવયમાં પણ દેવપૂજા, ગુરુવંદન, નવકારશી, તપશ્ચર્યા વિગેરે તો ભીખાભાઈની રમત-ગમત જ હતી.

બાળક મોટો થશે ! પરણાવીશું ! સંસારવંશવેલો વધારીશું ! આવી આશાઓ માતા-પિતાઓને હોય છે. પણ ભાવી શું છે ? એ તો જ્ઞાનીઓ સિવાય કોણ કળી શકે ! 'તંતુ કાચા તણો સંસાર છે, સાંધીયે સાત ત્યાં તેર તૂટે' સંસાર કાચા સુતરનું કોકડું છે. એક આશા ફળે અને અન્ય સેંકડો નિરાશાઓ મગજને ચક્કરમાં વહેતી મૂકે છે.

મણિબહેનના પુત્ર ભીખાભાઈ બાલવયથી વૈરાગ્ય પ્રતિ પ્રીતિવાળા હતા. ત્યાગીઓની નિશ્રા પ્રિયતમ લાગતી. અને એવું જ બન્યું કે, પોતે સંસારવિટંબનાઓથી છૂટીને સૂરિ-સાર્વભૌમ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા પાસે સોળ વર્ષની ઉગતી વયમાં સંયમ લેવા વિદાય થયા. આચાર્યભગવંતે પણ સંયમરંગી ભીખાભાઈને વિ.સં. ૧૯૮૯ ના પાટણ મુકામે દીક્ષિત કર્યા. અને તેઓના

## ✍ प्रकाशकीय...

પંડિતોની પીપાસા...
તાર્કિકોની તૃષા...

દાર્શનિકોની દિવ્યાતુરતા... પરિપૂર્ણ કરતો ઘણા જ સમયથી જેની રાહ જોવાતી હતી એવા એક અપૂર્વ... અનુપમ.. અમૂલ્ય ગ્રંથરત્નને પ્રકાશિત કરતાં ગૌરવતાની અનુભૂતિ કરીએ છીએ.

આજે જ્યારે ગીર્વાણગીરાનું અધ્યયન-અધ્યાપન, પઠન-પાઠન દોહીલું નહીં, અતિદોહીલું બનતું જાય છે અને સામાન્ય સંસ્કૃત ભાષાના ચરિત્રો-ગ્રંથો પણ વાંચવા મુશ્કેલ થઈ રહ્યા છે. ત્યારે તાર્કિક-ન્યાયિક અને દાર્શનિક ગ્રંથોનું અધ્યયન-અધ્યાપન તો કેટલું કષ્ટસાધ્ય બને છે. બાલજીવો ગ્રંથનો ભાવ સમજી શકે તે માટે જ આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ પૂજ્યશ્રી એ ૩૫ વર્ષ પહેલા પ્રકાશન કરેલ તે જ રીપ્રીન્ટ કરવા ઉત્સાહી બન્યા છે. ઘણા પૂ. સાધુ-સાધ્વી ભગવંતોની માંગને ધ્યાનમાં લઈ પૂ.સ્વ.આ.વીરસેનસૂરિની પ્રેરણા દ્વારા જ ગ્રંથ પ્રકાશન થઈ રહ્યો છે. કોક સર્જક પ્રતિભા જ આવું અનુપમ અને શકવર્તી સ્વર્ણિમ કાર્ય કરવા પ્રેરિત થાય છે.

મનીષી મૂર્ધન્ય... વિધ્વત્વરેણ્ય... ગીર્વાણગીરામાં વિવરણકારરૂપે વિખ્યાતિને વરેલા... અલ્પાવધિમાં ચાર-ચાર દાર્શનિક-ન્યાયિક ગ્રંથરત્નો પર ટીકા રચી સંસ્કૃતના લબ્ધપ્રતિષ્ઠિત સાક્ષર સ્વરૂપે સંસ્તવના સ્તવે છે. એવા પૂ. આ. શ્રી કર્ણાટકકેસરી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. લલિતવિસ્તરા ગ્રંથ અને તેની પંજિકા ઉપર વિશદ-વિસ્તૃત ગુજરાતી અનુવાદ કર્યો છે.

ગહન ગંભીર અને ગુઢાર્થોથી ભરેલી યાકિનીમહત્તરાસુનુ, કારુણ્યમંડિત પૂ.આ. શ્રી હરિભદ્રસૂરિજી મ.સા. ચૈત્યવંદન સૂત્રોના રહસ્યને પ્રગટ કરનાર, યથાર્થ પરમેશ્વર્યની ઓળખાણ કરાવતી ન્યાય-તર્કથી ભરપૂર વ્યાખ્યાઓ વિરચિત કરી તેના પર ગીતાર્થશિરોમણી પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂરિજીમ.સા. ગુઢાર્થને સ્પષ્ટ કરતી અતિસંક્ષિપ્ત પંજિકા રચી. (પંજિકા પદભંજિકા)પરંતુ કઠીણ, જટીલ વ્યાખ્યાઓ વાંચવી વિધ્વાન્ વર્ગને કષ્ટ સાધ્ય લાગ્યું. અનેક વિધ્વાનોની ઈચ્છા અને ભાવના હતી કે આવા ગંભીર ગ્રંથરત્નનો ગુજરાતી અનુવાદ કરવો.

પરોપકારપરાયણ પૂજ્યશ્રીએ એકલે હાથે જ તાર્કિક ગ્રંથ લલિતવિસ્તરા મૂલ અને પંજિકા પર અદ્‌ભુત-અનુપમ સર્જન કર્યું.

અવશ્ય આ ગુજરાતી અનુવાદથી વિધ્વાન વર્ગને તથા બાલજીવોને એક સદ્‌ગ્રંથરત્નની પ્રાપ્તિ થશે, તથા અભ્યાસુવર્ગને એક રહસ્યોદ્‌ઘાટન ગ્રંથ ઉપલબ્ધ થશે.

આવા ભવ્ય ગ્રંથરત્નનું સર્જન કરી વિધ્વાન જગતમાં એક અપૂર્વ સાહિત્યનિધિ પ્રદાન કરવા આપની પરોપકારિતાની પ્રશસ્તિ રચવા શબ્દો પણ વામણા લાગે છે. જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

આપ સાહિત્યના સર્જક બની મહાન ગ્રંથરત્નોનું સર્જન કરી અમારા અજ્ઞાનરૂપી અંધકારનું વિસર્જન કરેલ છે.

આ ગ્રંથમાં જ્ઞાનોપાસનામાં સહયોગી પૂ.આ.શાંતમૂર્તિ પુણ્યાનંદસૂરિજી મ.સા., પ્રવચનકાર સ્વ.આ. વીરસેનસૂરિજી મ.સા. તથા પ્રેસકોપી મુફ સંશોધન આદિમાં વિશિષ્ટ સહયોગી મુનિવર શ્રી વિક્રમસેન વિ.મ.સા. તથા મુનિ મહાસેન વિ.મ., મુનિ અક્ષયસેન વિ.મ. આદિની ખુબ ખુબ અનુમોદના...

આ ગ્રંથરત્નનો સ્વાધ્યાય દ્વારા પ્રભુભક્તિમાં-ચૈત્યવંદન આદિવિધિમાં અપૂર્વ ભાવના..... અનુપમ અધ્યવસાય પેદા કરી

**શુભ ભાવોનું પ્રગટીકરણ.....**

**અશુભ કર્મોનું શુદ્ધિકરણ.....**

**મોક્ષભાવનાનું પ્રગટીકરણ.....**

**કરો એજ મંગલ ભાવના. પ્રકાશક.....**


## પૂ. ભુવનતિલકસૂરીશ્વરજી ગ્રંથમાલાના
# અપૂર્વ ગ્રંથો વસાવો

| | |
|---|---|
| અધ્યાત્મસાર | સંસ્કૃત ટીકા |
| અધ્યાત્મોપનિષત્ | સંસ્કૃત ટીકા |
| વિજયોલ્લાસ મહાકાવ્ય | સંસ્કૃત ટીકા |
| લલિત-વિસ્તરા | સંસ્કૃત ટીકા |
| સ્તુતિ-તરંગિણી ભાગ-૧-૨-૩ | સંસ્કૃત ગુજરાતી |
| ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ-૧-૨ | ગુજરાતી અનુવાદ |
| દશવૈકાલિક સૂત્ર | ગુજરાતી અનુવાદ |

# સ્વ નું સ્વ ને સમર્પણ

જેઓ શ્રીમદ્‌ના મંગલમય આશીર્વાદથી શ્રમણધર્મનો
અંગીકાર કરી, તપ, સ્વાધ્યાય અને સંયમની યથાશક્તિ
આરાધના કરવા શક્તિમાન થયો છું. જેઓશ્રીની શુભ નિશ્રામાં
શ્રુતસાગરનાં સુધાબિંદુઓનો યત્‌કિંચિત્‌ આસ્વાદ કરી,
સમ્યક્‌શ્રુતની આરાધના કરી શક્યો છું.

શ્રી લલિત-વિસ્તરા મહાગ્રંથનો અનુવાદ પૂજ્યશ્રીએ જ કરેલ છે.
તે પૂજ્યપાદ, પરમ ગુરૂદેવ, કર્ણાટક-કેશરી, શ્રાવસ્તી તીર્થોદ્ધારક,
સંસ્કૃત વિશારદ, સમર્થ વિદ્વાન, અનેક ગ્રંથરત્ન, વિદ્યાયક, જ્ઞાનવયોવૃદ્ધ

**શ્રીમદ્‌વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ**ના પરમપુનિત
કર કમલોમાં સાદર સમર્પિત કરી કૃતાર્થતા અનુભવું છું.

ભવદીય
પુણ્યાનંદસૂરિ

સંસારી મામા હાલમાં આચાર્યશ્રી ભુવનતિલકસૂરિના શિષ્ય તરીકે જાહેર કર્યા. દીક્ષિતના પિતાશ્રી શીવલાલભાઈએ અને માતુશ્રી મણિબહેને લાડકવાયો એકનો એક પુત્ર હોવા છતાંય હજારો મોહજન્ય આશાઓનો કેન્દ્ર હોવા છતાંય જૈન શાસનને અણમોલ ભેંટ સહર્ષ આપી, સ્વજીવનને કૃતપુણ્ય બનાવ્યું ! આવી માતાઓ વિરલ હોય છે. તેમાંના ભાગ્યનિધિ આ મણિબહેન કહેવાય !

મણિબહેનના પિતૃપક્ષમાં તેઓના બહેન શ્રી ચંદનબહેન, શ્રી ચંપાબહેન અને ભાઈ પ્રેમચંદભાઈ, છબીલદાસભાઈ આમ ચારેય ભાઈ-બહેનોએ નિઃસાર સંસાર છોડીને ત્યાગી જીવનમાં ઝુકાવ્યું છે. સાધ્વી ચરણશ્રીજી, સાધ્વી રમણિકશ્રીજી, મુનિ પ્રભાવવિજયજી, મુનિશ્રી ભુવનવિજયજીના નામથી એ ચારેય દીક્ષિતો દીક્ષાનું સુંદર પાલન કરી રહ્યા છે. અને કરી ગયા છે. મણિબહેનના કાકાથી છોટાભાઈ અને તેઓના પુત્રો નગીનભાઈ અને બાલુભાઈએ પણ આચાર્યદેવેશના ચરણમાં સંયમ સ્વીકાર્યું. જેઓના નામો મુનિ મુક્તિવિજય, નવીનવિજય, વિક્રમવિજયજી છે. બન્ને પુત્રો આચાર્ય પદવીને શોભાવી રહ્યા હતા. છોટાભાઈના ધર્મપત્ની પ્રસન્નબહેનને ઓછા ધન્યવાદ નથી ઘટતા ! કારણ કે સ્વપતિ અને બબ્બે પુત્રોને સંયમપંથમાં યોજાતાં સહર્ષ વિદાય આપી હતી. શીવલાલભાઈ ઉદારવૃત્તિવાળા હોઈ લગભગ વર્ષોથી શ્રી શાંતિનાથ ભગવાનની વર્ષગાંઠના દિવસે સંઘજમણ-પૂજા અવિરત સુભાવનાથી કરી રહ્યા હતી અને તેમણે મુનિ શ્રી ભુવનવિજયજીની પંન્યાસપદવી પ્રસંગે ય સ્વતરફથી સારો મહોત્સવ છાણી ગામમાં દીપાવ્યો હતો. જે ચિરસ્મરણીય બની રહ્યો હતો.

જેવા મણિબહેન ભદ્રિક અને ધર્મિનિષ્ઠાવાળા હતા તેવા જ શીવલાલભાઇ પણ તેઓની ધર્મભાવના લતાને વિકસાવનારા હતા ! મણિબહેને આમ તો પ્રસિદ્ધ સર્વતીર્થોની યાત્રા કરી હતી. ગમે તેવી માંદગીમાં ય તિથિના એકાસણાં-આયંબિલનો તપ ચૂકતા નહોતાં. વર્ધમાન-તપની તો ચાળીસેક ઓળીયો બહુપ્રેમથી કરતાં અને કરી રહ્યા હતા. અન્ય પણ વર્ષીતપ આદિ તપો કર્યા હતા. નવકારમંત્રનો જાપ તો તેઓનો શ્વાસ જ બની રહ્યો હતો. નવરાશના સમયે નિંદા-કુથલીનું ઝેર ન પીતાં નવકાર મંત્રનું સુધા-પાન કરવામાં જીવન સાફલ્યતા માનતા હતા.

સ્વ. મુનિ મુક્તિવિજયજી ગૃહસ્થાશ્રમમાં પત્ની પ્રસન્નબહેન અને આ મણિબહેન બન્ને ય ઉંમર લાયક થતાં હતા. એક ૮૦ વર્ષના અને બીજા સીત્તેર આસપાસના ! બન્ને ય શરીરથી અને અંગોપાંગથી શિથિલ બન્યા હતા. આ ઉભય પુણ્યનિધિઓ વિચારતાં કે, અમારો અંતકાળ આવે અને અમારા દીક્ષિત કુટુંબિકો અમોને અંતિમ-સમાધિ આરાધના કરાવે તો કેવું સારું ! ઈચ્છા હતી, ભાવના હતી, અને સ્વભાવિક ઈષ્ટ યોગ પણ સાંપડ્યો. ધાર્મિક જીવનવાળાઓને એવું સહજ બની જાય છે. આ ઘટના અચંબા ભરી કહેવાય !

આ સાલનું (વિ.સં. ૨૦૧૩) ચાતુર્માસ પૂ. આચાર્ય ભગવંત વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજાનું છાણીમાં થયું. જેઓની નિશ્રામાં શ્રી પ્રસન્નબહેનના સંસારી સુપુત્ર પં. શ્રી વિક્રમવિજય ગણી અને શ્રી મણીબહેનના સંસારી સુપુત્ર મુનિ શ્રી ભદ્રંકર વિ. પણ સ્વશિષ્ય સાથે ચાતુર્માસ રહ્યા હતા. કાકી-ભત્રીજી બેલડીની લાંબા સમયની ભાવના પૂર્ણ થવાની પુણ્યઘડી આવી પહોંચી. શ્રાવણ સુદ-૧૧ ના શ્રી પ્રસન્નબહેને અને ભાદરવા સુદ-૧૩ ના શ્રી મણિબહેને પં. વિક્રમવિજયજી ગણી અને ભદ્રંકરવિજયજી આદિ મુનિગણે કરાયેલી અંતિમ આરાધના અને સમાધિપૂર્વક કાલધર્મ કર્યા હતા. કાકી-ભત્રીજીની બેલડી અસામાન્ય સમાધિથી નવકારમંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગસ્થ બની ! સંસારાવસ્થામાં રહેવું અને સંયમીજીવને જીવનાર સ્વપુત્રોની સાનિધ્યમાં અંતિમ આરાધના કરવી એ અશક્ય અને દુષ્કર કહેવાય ! પણ પુણ્ય-પાથેયની પ્રબલતા, સુભાવનાઓ, અને પવિત્ર પરિણતિ શું ઈષ્ટ નથી સાધતી ! સૌ કોઈને આશ્ચર્યકારી એવો આ પ્રસંગ સ્મૃતિપથ પર અંકિત થઈ ગયો ! મણિબહેન સ્વર્ગસ્થ થયા. મણિબહેનના સ્વ. દીયર શ્રી છગનલાલની સુપુત્રી શ્રી નંદનબહેન અને ભાઈ સોમચંદની પુત્રી પ્રેમીલાબહેને તેમજ પાડોશી પરસોત્તમ સોનીના કુટુંબે અને પસીબહેને ઠેઠ સુધી સારી બજાવી હતી ! જે પુણ્ય સિવાય ક્યાંથી મળે ! તેઓની પાછળ ધર્મનિષ્ઠ શીવલાલભાઈએ પણ યથાશક્તિ દાન-પુણ્ય કર્યું. અને મરનારના આત્માની ચિરશાન્તિ ઈચ્છે !

આ સમયે છાણીમાં પૂ. આ. વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા પાંત્રીસ-પાંત્રીસ વર્ષના લાંબા ગાળા પછી ૫૧ સાધુ-સાધ્વીના પરિવાર સાથે અભૂતપૂર્વ ચાતુર્માસ બિરાજેલા હતા. જેથી ધર્મ અને ધર્મમય સૌરભભર્યા વાતાવરણમાં ય કાકી-ભત્રીજીએ સ્વજીવનને ધન્ય-પુણ્ય માન્યું હતું. મણિબહેને તો પથારીએ પડ્યા પડ્યા સંવત્સરીનો ઉપવાસ અને ભાદરવા સુદ-૮ ના આંબેલનો તપ કર્યો હતો. આ અસ્થિમજ્જા ધર્મવાસ સિવાય ક્યાંથી બને ! સ્વસંસારી પુત્ર મુનિ ભદ્રંકર વિ. ના પંન્યાસ પદવીના યોગનો પ્રવેશ જોઈને સંતોષ પામી ગયા હતા.

ધન્ય-પુણ્ય સ્વર્ગસ્થ ઉભયના આત્માને પૂર્ણ-શાન્તિ-સમાધિ અને જૈન શાસનનારાધનાની એક નિષ્ઠા કે તન્મયતા સાંપડો ! એવી મંગલાભિલાષા.

— પ્રકાશક

॥ श्री अर्हं नमः ॥

# अथ प्रस्तुयते

અનેક દેવ દેવીઓથી પરિવરેલા ઈન્દ્ર પોતાની ઈન્દ્રસભામાં બેઠા છે. ગીત અને સંગીતના જલસાઓ ગોઠવાયા છે. નૃત્ય અને ગાનમાં સહુકોઈ એકતાન બન્યા છે. અને અચાનક...

ઈન્દ્રની આંખો મોટી થવા માંડી... ભ્રમરો ઊંચી થવા માંડી... જોતજોતામાં આખા શરીર પર વૈશ્વાનર છવાઈ ગયો... આ મારું સિહાંસન ધ્રુજાવ્યું કોણે? એ ઈન્દ્રનો પ્રશ્ન હતો. પોતાના જ અવધિજ્ઞાનથી જ્યારે જવાબ જાણ્યો ત્યારે ક્રોધ હર્ષમાં પલટાયો. ત્રિલોકનાથ શ્રી તીર્થંકર પરમાત્માનું ચ્યવન જાણી રોમરાજી વિકસ્વર થઈ. અંતર ભક્તિભાવથી છલકાઈ ગયું.

ઈન્દ્ર સિહાંસન પરથી નીચે ઉતર્યા. પ્રભુની દિશામાં ૭-૮ ડગલાં ગયા, દિલમાં ભાવોલ્લાસ સીમિત નહીં રહી શક્યો અને નમુત્થુણં(શક્રસ્તવ)દ્વારા બહાર આવ્યો.

આવા મહત્વના પ્રસંગે ઈન્દ્ર મહારાજા જેવા પોતાના પ્રકૃષ્ટ ભક્તિભાવને આ શક્રસ્તવ દ્વારા વાચા આપે છે એનાથી જણાય છે કે આ સુત્રમાં શ્રદ્ધા અને ભક્તિના કેવા ઉત્કૃષ્ટ રહસ્યો પડેલા છે.

સિદ્ધર્ષિ કે જેઓ મહાકવિ માઘના પિતરાઈ ભાઈ થાય, મહાત્મા ગર્ગર્ષિના ઉપદેશથી વૈરાગ્ય પામ્યા. એમણે સંસારને તિલાંજલિ આપી, પણ સંસારને પ્રાપ્તિ થઈ એક અજોડ કવિની. સારા વિશ્વના વિદ્વાનો કહે છે કે, તેઓએ રચેલ ચમ્પૂકાવ્ય 'ઉપમિતિ ભવ પ્રપંચાકથા' માત્ર સંસ્કૃત વાઙ્મયમાં જ નહીં, વિશ્વની તમામ ભાષાઓમાં અજોડ છે, આવી રૂપક કથા અન્ય કોઈ નથી.

ચમત્કારિક કલ્પનાશક્તિ ધરાવનાર આ વિદ્વાનના જીવનનો એક પ્રસંગ લલિતવિસ્તરા મહાગ્રન્થની ઉજ્જવળ યશોગાથા ગાય છે. બૌદ્ધદર્શનના સંગીત અભ્યાસ માટે તેઓ બૌદ્ધો પાસે ગયા. એમની વિધ્વત્તા પારખીને બૌદ્ધોએ એમને પોતાનામાં ખેંચી લેવા પ્રયાસો કરવા માંડ્યા. એમને પણ બૌદ્ધદર્શનનું આકર્ષણ થયું, અને ત્યાં રહી જવાનો નિર્ણય જણાવવા ગુરૂમહારાજ પાસે આવ્યા. ગુરૂદેવ પણ મહાન જ્ઞાની હતા. બૌદ્ધોના તર્કની સામે પ્રતિતર્ક દ્વારા જૈન-દર્શનની સત્યતા સમજાવી, નિર્ણય બદલીને એની જાણ કરવા બૌદ્ધો પાસે ગયા. બૌદ્ધોએ પુનઃ દલીલો કરી પૂર્વના નિર્ણયનું વળગણ પેદા કર્યું. પાછા નિવેદન કરવા ગુરૂમહારાજ પાસે આવ્યા. પુનઃ ગુરૂદેવે એમને જૈનદર્શનમાં સ્થિર કર્યા. કહે છે કે આ રીતે સિદ્ધર્ષિએ ૨૧ વાર બૌદ્ધદર્શન અને જૈનદર્શન વચ્ચે આવનજાવન કર્યું.

છેલ્લીવાર જ્યારે તેઓ સ્વગુરૂ પાસે આવ્યા, ગુરૂદેવે એમને સ્વયં સમજાવવાનો રાહ ન લીધો. એના બદલામાં એમના હાથમાં ललितविस्तरा મહાન ગ્રન્થ મૂકી પોતે જિનાલયને જુહારવાને નામે નીકળી ગયા.

અને ललितविस्तरा ગ્રન્થે ચમત્કાર કર્યો. બૌદ્ધદર્શની દલીલો અને તર્કો ~~સામે~~ જૈનદર્શનની મહાનતા-વિશાળતા અને સત્યતાની પ્રતીતિ સિદ્ધર્ષિને થઈ ગઈ. તેઓ હવે નિઃશંકપણે જૈનસાધુ બની ગયા.

બૌદ્ધ વગેરે દરેક દર્શનોને જડબાતોડ જવાબ આપી શકે એવા ઠોસ તર્કો ललितविस्तरा ગ્રન્થમાં ભર્યા છે તે આના પરથી સ્હેજે કલ્પી શકાય છે.

બસ, આ જ પ્રસ્તુત ગ્રન્થનું મહાન સૌભાગ્ય છે.
નમુત્થુણં સૂત્ર એટલે ભક્તિ-શ્રદ્ધાની પરાકાષ્ઠા!
ललितविस्तरा વૃત્તિ એટલે તર્કની પરાકાષ્ઠા!

કમાલ કરી સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ...
સોનામાં સુગંધ ભેળવી દીધી ...
શ્રદ્ધા અને તર્કનો સુમેળ કર્યો!

સામાન્યથી શ્રદ્ધા અને તર્ક વિરોધી કહેવાય છે.
શ્રદ્ધાનો આવિર્ભાવ થાય દિલમાં, તર્ક નો દિમાગમાં ...
શ્રદ્ધામાં જોર હોય ભાવનું, તર્કમાં બુદ્ધિનું ...
શ્રદ્ધામાં સમર્પણ હોય છે, તર્કમાં 'આ આવું શા માટે ?'
એમ માથું ઉચકવાનું હોય છે.

પરસ્પર વિરૂદ્ધ ભાસતા આ બન્નેનો સંબંધ સધાયો છે, ચૈત્યવંદન સૂત્રો અને તેની ललितविस्तरा વૃત્તિમાં ...

શ્રદ્ધામાં આગળ વધવું છે ?
શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે ભક્તિભાવની છોળો ઉછાળવી છે ?
નમુત્થુણં વગેરે સૂત્રના એક એક પદને મમરાવતા જાઓ ...
તર્કની સૂક્ષ્મતાનો પરિચય કેળવવો છે ?

શ્રી જૈનદર્શનમાં તત્ત્વોનું ત્રિકાળ અબાધિત, પૂર્વાપર અવિરૂદ્ધ યથાર્થ નિરૂપણ છે એવી પ્રતીતિ કરવી છે ?

ललितविस्तराના એક એક વાક્યને વાગોળતા રહો ...
સિદ્ધર્ષિ ગણિને એ પ્રતીતિ થઈ તો આપણને કેમ નહીં થાય ?
સિદ્ધર્ષિ ગણિ જો બોલી ઉઠ્યા કે ...

**नमोऽस्तु हरिभद्राय तस्मै प्रवरसूरये ।**
**मदर्थं निर्मितायेन वृतिर्ललितविस्तरा ॥**

આપણે પણ આ બોલી ઊઠશું.
જેટલો ગોળ નંખાય એટલું ગળ્યું થાય.

આ ગ્રન્થને જેટલું વધુ ને વધુ વાગોળવાનું થાય એટલા ગૂઢ રહસ્યો એમાંથી પ્રાપ્ત થાય છે.

શક્રસ્તવની મુખ્યતા સાથે ચૈત્યવંદનના આ સૂત્રો એક એક પદ પાછળ રહેલા ગૂઢ રહસ્યોના સાગરને યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ ललितविस्तरा મહાગ્રન્થમાં ઉતાર્યો છે. એક એક પદને હેતુ તરીકે લઈ, આ ગ્રન્થ હેતુવાદથી એ સિદ્ધિ કરવામાં આવી છે કે શ્રી તીર્થંકરદેવ જેવું કોઈ પરમોચ્ચ તત્ત્વ આ વિશ્વમાં નથી અને શ્રી જૈનદર્શન જેવું કોઈ સંપૂર્ણ સત્ય દર્શન આ વિશ્વમાં નથી. ચૈત્યવંદનની મહાન ક્રિયાને ભાવોના પ્રાણ રેડી ચૈત્યવંદન કરવાનું માર્ગદર્શન આ ગ્રન્થમાંથી મેળવી શકાય છે.

આ ललितविस्तराમાં કેવા રહસ્યો છૂપાયેલા છે જાણવા માટે એનો કંઈક વિષય પરિચય મેળવીએ.

ગ્રન્થકારે મંગળ કરીને ચૈત્યવંદનની સફળતા દર્શાવ્યા બાદ એ સમ્યક્ કઈ રીતે થાય એ માટેના વિધિમાં ઉપયોગ વગેરે ૫ અંગોનું નિરૂપણ કર્યું છે. ત્યાર બાદ ધર્મના અને ચૈત્યવંદનના ૫ અધિકારીઓની વિશેષતાઓ દર્શાવી અનધિકારીને આપવામાં રહેલા દોષો-અધિકારીને આપવામાં થતા લાભોનું પ્રરૂપણ કર્યું છે. તદનન્તર અપવાદમાર્ગનું સ્વરૂપ, શાસ્ત્રપરીક્ષા અને શુદ્ધદેશનાનું નિરૂપણ કરી ચૈત્યવંદનની પૂર્વવિધિ જણાવી છે. તે પછી સ્તોતવ્ય વગેરે ૯ સંપદાઓ જણાવી વ્યાખ્યાનના સંહિતા વગેરે ૬ પ્રકારના સ્વરૂપ અને જિજ્ઞાસા વગેરે ૭ પ્રકારના અંગો પર ગ્રન્થકારે સુંદર પ્રકાશ કર્યો છે. હવે પછી, નમોત્થુણં અરિહંતાણં વગેરે એક એક પદને લઈ તેની વ્યાખ્યામાં ગ્રન્થકારે નીચેની બાબતો અંગે રહસ્યો ખોલ્યાં છે.

નમોત્થુણં અરિહંતાણં- ધર્મવૃક્ષના બીજ વગેરે, ભાવનમસ્કારમાં તરતમતા, ઈચ્છા વગેરે ૩ યોગ, ધર્મ-યોગ સંન્યાસ

ભગવંતાણં : 'ભગ'ના ઐશ્વર્ય વગેરે ૬ અર્થોની શ્રી અરિહંતમાં વિદ્યમાનતા

આઈગરાણં : સાંખ્યના અકર્તૃત્વવાદનું તેમજ સ્વભાવમાત્રવાદનું ખંડન

તિત્થયરાણં : આગમધાર્મિકનાં વેદ અપૌરુષેયત્વવાદનું નિરસન ...

સયંસબુદ્ધાણં : અનાદિ પરમેશ્વર મહેશના અનુગ્રહથી જ બોધ-નિયમની પ્રાપ્તિ થાય એવા મહેશાનુગ્રહ મતનું નિરાકરણ

| | | |
|---|---|---|
| पुरिसुत्तमाणं | : | બધા જીવો એક જાતીય હોય છે એવા કેટલાક બૌદ્ધોના મતનો નિરાસ, સહજ તથા ભવ્યત્વના કારણે શ્રી તીર્થંકરના જીવોમાં રહેલ પરાર્થવ્યસનીપણું વગેરે ૧૦ વિશિષ્ટ ભાવોનું નિરૂપણ |
| पुरिससीहाणं | : | ન્યૂનાધિક ઉપમા મૃષાવાદ છે એવા સાંકૃત્યમતનું મૃષત્વખ્યાપન |
| पुरिसवरपुंडरीयाणं | : | વિજાતીયની ઉપમા ન અપાય એવા સુચારુશિષ્યના મતના ખંડન પૂર્વક પુંડરીક અને પ્રભુના ૮ ધર્મોની સમાનતાનું પ્રદર્શન |
| पुरिसवरगंधहत्थीणं | : | 'પ્રતીપાદન ક્રમશઃ જ જોઈએ' એવા બૃહસ્પતિના શિષ્યોના પ્રતિપાદનનું નિરસન |
| लोगुत्तमाणं | : | વાચ્યાર્થ એકદેશમાં પણ શબ્દયોગ થાય એનું નિરૂપણ |
| लोगनाहाणं | : | નાથ કોણ અને કોના એની વિશદ છણાવટ |
| लोगहियाणं | : | સર્વજ્ઞવસ્વરૂપ કે પંચાસ્તિકાયમય લોકનું હિત કોને કહેવાય ? તેનો વિચાર |
| लोगपईवाणं | : | વિશિષ્ટ સંજ્ઞીજીવો માટે જ ભગવાન દીપક સમાન છે એ વાતનો પ્રકાશ |
| लोगपज्जोअगराणं | : | પ્રભુ ભવ્યજીવ સ્વરૂપ લોકોને જ જીવાદિતત્ત્વોના પ્રકાશક છે એનું પ્રરૂપણ |
| अभयदयाणं | : | ૭ પ્રકારના ભય, અભયની આવશ્યકતા વગેરેનું વિવેચન |
| चक्खुदयाणं | : | તત્ત્વબોધમાં કારણભૂત શ્રદ્ધાસ્વરૂપ ચક્ષુનું દાતૃત્વ |
| मग्गदयाणं | : | ક્ષયોપશમવિશેષ સ્વરૂપ માર્ગની આવશ્યકતા, યોગાચાર્યકૃત સમર્થન |
| सरणदयाणं | : | તત્ત્વવિવિદિષા સ્વરૂપ શરણ અને બુદ્ધિના ૮ ગુણોની આવશ્યકતાનું નિરૂપણ અવધૂતાચાર્યની સાક્ષી |
| बोहिदयाणं | : | સમ્યગ્દર્શન બોધિનું દાતૃત્વ. ભગવદ્ ગોપેન્દ્ર ની સાક્ષી |
| धम्मदयाणं | – | धम्मदेसयाणं- ચારિત્રધર્મનું દાયકત્વ અને દેશકત્વ |
| धम्मनायगाणं | : | ધર્મનાયકપણાંનાં જ મૂળ હેતુઓ અને એ દરેકના ૪-૪ પેટાહેતુઓ |
| धम्मसारहिणं | : | ધર્મના સમ્યક્ પ્રર્વત્તન-પાલન અને ૩ પ્રકારના દમન કરનારા હોવાથી સારથી |
| धम्मवरचाउरंतचक्कवट्टीणं | : | ધર્મની ૩ પરીક્ષા શુદ્ધિ, ૪ પ્રકારના ધર્મનું સ્વરૂપ ... |
| अप्पडिहय | : | ઈષ્ટતત્ત્વજ્ઞાનવાદી બૌદ્ધનું ખંડન |

| | | |
|---|---|---|
| वियट्टछउमाणं | : | अवतारवादी आजीविकमतनो निरास |
| जिणाणं | : | स्वच्छसंवेदनमात्रवादी बौद्धमतनुं निराकरण, माध्यमिकबौद्धमत खंडन |
| तिण्णाणं | : | अनंतनामना वादीना मतनुं खंडन |
| बुद्धाणं | : | ज्ञानपरोक्षतावादी मीमांसकमतनुं निराकरण |
| मुत्ताणं | : | जगत्कर्ता ब्रह्ममां विलय એ मोक्ष એवा जातनो निरास |
| सव्वन्नू | : | सांख्यना असर्वज्ञता मतनुं मिथ्यात्वख्यापन, ज्ञानमांय सामान्य ज्ञात छे, अमूर्त्तज्ञानमां आकार वगेरेनी छणावट |
| सिव. | : | आत्मविभुत्वमतनुं अने वैशैषिकमान्य द्रव्यादिनुं खंडन, व्यवहार-निश्चयदृष्टि-परिणामीनित्यतानुं निरूपण |
| नमो जि. | : | अध्वैतमुक्तिमत निराकरण प्रज्ञाना ७ संस्कार |

आटला निरूपण बाद संपदाओ प्रयोजन, संपदाओथी अनेकांतवाद -स्याद्वादनी सिद्धि એमां वासनामूलक व्यवहारवादी बौद्धमतनुं खंडन वगेरे करी 'नमुत्थुणं'नुं विवेचन समाप्त कर्युं छे. छेवटे स्तोत्र केवा अने केम बोलवा એ जणावी अरिहंतचेईयाणं सूत्रनुं विवेचन ग्रन्थकारे कर्युं छे. जेमां अर्हत्चैत्यना वंदनादिनो अधिकाधिक लाभ पामवानी श्रावकनी लालसा, वंदन-पूजनादि पर तेमज कायोत्सर्ग श्रद्धा-मेधा वगेरे पांच साधनो पर सुंदर प्रकाश फेंक्यो छे. छेवटे श्रद्धा वगेरे होय तो ज सद्अनुष्ठान थाय એ दर्शावी अन्नत्थ सूत्रना विवेचननो प्रारंभ कर्यो छे. એमां 'आगार'नो अर्थ, એनुं विभागीकरण, એनी आवश्यकता, कायोत्सर्गनुं परिणाम, ध्येय, कायोत्सर्गना प्रकार वगेरेनुं निरूपण करीने त्यारबाद लोगस्ससूत्रनी विवेचननो ललितविस्तरामां प्रारंभ थाय छे. એमां लोगस्सउज्जोअगरे वगेरे पदोनुं पदकृत्य वगेरे दर्शावी 'पसीयंतु' એ प्रार्थना नथी पण स्तुति छे એनुं स्पष्टीकरण छे. आरोग्यबोधि लाभ वगेरेनी मांगणी એ नियाणुं नथी के मृषावाद नथी એनुं विशद विवेचन वगेरे करी लोगस्ससूत्रनी व्याख्या पूर्ण थाय छे.

पुक्खरवर सूत्रनी व्याख्यामां आगम अपौरुषेयत्ववादनुं खंडन, श्रुतवृद्धिनी आशंसाथी निराशंसभावप्राप्ति वगेरेनुं दिग्दर्शन करावीने ग्रन्थकारे सिद्धाणं सूत्रनी व्याख्यानो प्रारंभ कर्यो छे. એमां, संसार-मोक्ष उभयने छोडीने सिद्धो रहे छे ते मतनुं,. अक्रम मुक्तिवादनुं, अनियतदेशवादनुं तेमज स्त्रीमुक्तिनिषेधक दिगंबरमतनुं खंडन अने ईक्कोवि वचन अर्थवाद छे के विधिवाद छे એनी रसप्रद चर्चा करवामां आवी छे. वैयावच्च सूत्रमां वैयावृत्यकर देवो स्मरणीय केम ? ईत्यादिनी प्ररूपणा छे.

जयवीयराय सूत्रनी विवेचनमां भवनिर्वेद वगेरे आशंसाओनुं स्पष्टीकरण, प्रणिधाननी ११ मुद्दाथी विचारणा, चैत्यवंदन सिद्ध करवा माटेनी भूमिकानां ७७ कर्तव्यो वगेरेनुं विशद विवरण ग्रन्थकारे कर्युं छे.

આટલા બધા વિષયોને આવરી લેતા આ ललितविस्तराવૃત્તિ મહાગ્રન્થનો વિસ્તાર કાંઈ હજારો શ્લોક પ્રમાણ વિશાળ નથી. એટલે સમજી શકાય છે કે આ ललितविस्तराગ્રન્થ પણ અર્થગંભીર છે. એટલે કર્મપ્રકૃતિચૂર્ણિ પરની ટીપ્પણ વગેરેના રચયિતા આચાર્યવર્ય શ્રીમદ્ મુનિચન્દ્રસૂરિમહારાજે એને સ્પષ્ટ કરવા એના પર પંજિકાવૃત્તિની રચના કરી છે. આની એકદમ સરળ સંસ્કૃતભાષામાં-જાણે કે પરસ્પર ગુજરાતીમાં જ વાતો કરાતી ન હોય એવી સંસ્કૃતભાષામાં અનેકવિધ સાહિત્ય સર્જક કર્ણાટક કેસરી પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે ભદ્રને કરનારી ભદ્રંકરા વૃત્તિ રચી સંઘ સમક્ષ રજુ કરી છે. ચારે બાજુ ફરી વળેલું ભૌતિકતાનું મોજું ચતુર્વિધ સંઘને પણ આજે ઓછેવત્તે અંશે સ્પર્શી ગયું છે. સંસ્કૃતભાષામાં નવી રચનાઓ તો લગભગ બંધ પડી જવાની સ્થિતિ છે. સંસ્કૃતભાષાના જૂના ગ્રન્થોનું અધ્યયન શ્રાવક-શ્રાવિકાવર્ગમાં તો લગભગ છે જ નહીં. સાધુ-સાધ્વી વર્ગમાં પણ એ આઘાતજનક હદે મંદ પડી રહ્યું છે. આજે સમાજનું વાતાવરણ એવું થયું છે કે ગુજરાતીમાં પણ જો તાત્ત્વિક-અર્થગંભીર રચના કરવી હોય તો એવો વાચકવર્ગ ન હોવાથી ઉત્સાહ પડી ભાંગે. આવા સાવ નિરાશા અને હતાશાજનક સંયોગોમાં પણ પૂજ્યપાદશ્રીએ ગીવાર્ણગિરામાં પોતાની કલમ ચાલુ રાખી છે એ જાણે કે 'એકલો જાને રે...'ઉક્તિને સાર્થક કરે છે. આ વયોવૃદ્ધ ઉંમરે પણ, સ્વાસ્થ્યની એટલી બધી અનુકૂળતા ન હોવા છતાં પણ, પૂજ્યપાદશ્રીની ચાલુ રહેલી આ સાહિત્યસર્જનની પ્રવૃત્તિ, તેઓશ્રીની ધગશ, હિંમત, અપ્રમત્તતા,સ્વાધ્યાયરુચિ વગેરે ઉદાત્ત ગુણોને સૂચિત કરે છે, તેમજ યુવાન સાધુઓને એક સુંદર આદર્શ પૂરો પાડે છે. પૂજ્યપાદશ્રીના વિરાટ સંયમપર્યાય-ગુણો વગેરે આગળ હું તો સાવ વામણો છું. તેઓ શ્રીમદ્ના ગ્રન્થની પ્રસ્તાવના લખવાની મારી શી ગુંજાઈશ ? તેમ છતાં પૂજ્યપાદશ્રીએ એ માટે મને યાદ કરી તક આપી એ માટે તેઓ શ્રીમદ્નો હું ખુબખુબ ઋણી છું પૂજ્યપાદશ્રીનું આ નવું સર્જન, ચર્તુર્વિધસંઘમાં મંદ પડતી જતી સ્વાધ્યાય પ્રવૃત્તિને વેગવંતી બનાવવામાં ફાળો આપશે આવી આશા રાખીએ.

સંસ્કૃત ભાષામાં કરવામાં આવેલી આ સરળ વિવેચના છે. ललितविस्तरा ગ્રન્થમાં રહેલા શ્રુતખજાનાની ગુજરાતીમાં વિસ્તૃત ઝાંખી કરવી હોય તો પૂજ્ય આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. અક્ષરસઃ વિવેચના વાંચવી તથા શાસ્ત્રવચનોના ગૂઢ રહસ્યોને યથાર્થપણે સરળ રીતે રજુ કરવાની આગવી કલા ધરાવનારા પૂજ્યપાદ ગુરૂદેવ આ. ભગવંતશ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ લિખિત વિવેચના પરમતેજ ભાગ ૧-૨ વાંચવાની જિજ્ઞાસુઓને ખાસ ભલામણ છે.

કર્ણાટક કેસરી પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ ઉત્તરોત્તર અન્યપણ અનેક નવા સર્જનો કરી શ્રી સંઘની શ્રુતસમૃદ્ધિમાં વધારો કરતાં રહે એવી શુભભવના સાથે વિરમું છું.

**શ્રી પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત-જયશેખરસૂરીશ્વરજી**
**શિષ્યાણુ મુનિ અભયશેખરવિજય-કોલ્હાપુર**
(ललित-विस्तरा સંસ્કૃત ટીકાની ગ્રંથની પ્રસ્તાવનામાંથી)

# प्रस्तावना

'आत्मकल्याणનો ઉદ્દેશ રાખી કરાતી સર્વભાષિત ક્રિયા કહેવાય છે' આવા અધ્યાત્મપ્રધાન જૈન શાસનના સંપૂર્ણ રીત્યા પરીક્ષક સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'ज्ञानक्रियां मोक्षः' એ ન્યાયાનુસારે જ્ઞાનસમન્વિત ક્રિયા મોક્ષનું સાધન છે. એ મુખ્ય ધ્વનિ આ ગ્રન્થમાં રજૂ કર્યો છે.

એટલે આજે કેટલાક એકલા જ્ઞાનને ત્યારે કેટલાક એકલી ક્રિયાને માત્ર જે મોક્ષના મુખ્ય સાધન તરીકે જાહેર કરે છે તેમણે આ ગ્રન્થ બહુ ધ્યાનપૂર્વક સાદ્યન્તમનન પૂર્વક વાંચવો જોઈએ કે જેથી બોધિની ઉત્પત્તિ અને મિથ્યાત્વાંધકાર વિલીન થાય!

વળી આજના યુગમાં સક્રિયજ્ઞાન કે જ્ઞાનનીક્રિયા અતિ અગત્ય હોય તેને દર્શાવનાર ગ્રન્થ અતિ ઉપયોગી થાય એમાં સંશય નથી.

જો કે સર્વજ્ઞભાષિત જૈનશાસનમાં અનેક અધ્યાત્મરૂપ ક્રિયાઓ છે તો પણ સર્વ ક્રિયા શિરોમણિભૂત તથા ચતુર્વિધ સંઘને સદા કરણીય 'દૈનિક' ક્રિયા આવશ્યક ક્રિયા અન્તર્ગત ચૈત્યવંદન ક્રિયા છે જે સકલ શ્રીસંઘના પ્રાણરૂપ છે તેમા જરાય અતિશયોક્તિ નથી.

**ચૈત્યવંદનની વિધેયતા :-**

શ્રી અરિહંત ભગવંતના ગુણગણના અનન્ય અનુરાગીઓએ ત્રણેય કાલ સદા ચૈત્યવંદન, અસાધારણ સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે કરવું જોઈએ, તથા સમ્યગ્દર્શનની(પરમવિવેકની)શુદ્ધિથી જ્ઞાન પરિણતિ, યથાર્થ થાય છે અને ક્રમશઃ ચારિત્રાચારનો પરિણામ પ્રગટે છે વાસ્તે વિધિના અનુરાગી ભવ્ય પુરૂષોએ ચૈત્યવંદન કરવું જોઈએ એવી જિનેશ્વરોની આજ્ઞા છે.

**પ્રસ્તુત ગ્રન્થની સફલતા અને ઉપયોગિતા :-**

આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ 'ललितविस्तरा' નામક ગ્રન્થ, અનુષ્ઠાનોપયોગીરૂપે રચેલો છે. જેમ દ્રવ્ય-ગણિત-કથાનુયોગોને ચારિત્રપ્રતિપત્તિહેતુરૂપે પ્રધાનપણાએ સ્વીકારી, તેઓનું જ્ઞાનફલદાયી બને છે. તેમ પ્રસ્તુત શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાન કરવા દ્વારા સફલ છે.

આ ગ્રન્થ, આવશ્યક ચૈત્યવંદન સૂત્રોના અનન્ય-અસાધારણ વ્યાખ્યાથી સુશોભિત હોઈ વિશેષથી ઉપયોગી તરીકે પ્રસિદ્ધ છે.

જ્યારે સૂત્રોના પરમ રહસ્યનું જ્ઞાન થાય છે ત્યારે પરિણામનો ઉલ્લાસ જાગે છે અને તેથી કર્મોના ક્ષય ક્ષયોપશમથી અપૂર્વ આત્મગુણોનો વિકાસ થાય છે.

આ મુદ્દાસર ચૈત્યવંદન સૂત્રોનું અનુપમ અને સર્વોપયોગી વિવરણ કરવું વ્યાજબી ઠરે છે. આ વિવરણના જ્ઞાન દ્વારા શ્રદ્ધાનું મૂલ મજબુત બને છે. વિશેષણોની સફલતાનું પરિજ્ઞાન થવાથી અરિહંત ભગવંતના પ્રત્યે વિશેષથી નિરૂપમ આદરભાવ અવશ્ય વિકસે છે. માટે આ ગ્રન્થમાં ઈતર દર્શનાભિપ્રેત દેવ, એ

सुदेव नथी એમ વિવેકનયનદાયક વિશેષણોની સફલતા દર્શક પ્રયાસ, યુક્તિયુક્ત છે માટે જ પરમોપયોગી ચૈત્યવંદન સૂત્રોનું વ્યાખ્યાન, શ્રી પરમોપકારી હરિભદ્રસૂરીશ્વરે કરેલ છે.

**પ્રસ્તુત વિવરણની અતિ પ્રાચીનતા :-**

આ ગ્રન્થ, તમામ વૃત્તિઓ કરતાં પ્રથમ-મૌલિક છે કેમ કે; હાલ વીસ(૨૦)થી અધિક પ્રાપ્ત થતા ચૈત્યવંદન સૂત્રના વિવરણો, આ હારિભદ્રીય વિવરણ કરતાં પ્રાચીન નથી.

વળી શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના સમયે કોઈપણ ચૈત્યવંદન સૂત્રીય વિવરણ, પ્રસિદ્ધ ન હતું કારણ કે તેઓશ્રીએ કહ્યું છે કે 'યાવત્તથાપિ વિજ્ઞાતમર્થજાતં મયા ગુરોઃ,તાવદેવ નિગદતઃ' (શ્લોક ૩.) જો તે વખતે પ્રાચીન વિવરણ હોત તો જેમ 'યદાપિ મયા તથાઽન્યૈ કૃતાઽસ્ય વિવૃતિઃ' ઈતિ આવશ્યકની વ્યાખ્યાના અવસરે અન્યકૃતકૃતિની સ્મૃતિ કરી તેમ અહીં પણ પ્રાચીન વિવરણ વિદ્યમાન હોત તો અવશ્ય તેનો અંગુલીનિર્દેશ કરતે જ અને 'ગુરૂથી અધિગત માત્ર અર્થના વિવરણ'રૂપ પ્રસ્તુત કૃતિની પ્રતિજ્ઞા નહીં કરતે.

એવંચ ચૈત્યવંદનનો વિધિ અને તેનું વિવરણ, શ્રીમાન્ હરિભદ્રસૂરિએ જ પ્રથમતઃ પ્રસિદ્ધ કરેલ છે. કેમકે; શ્રીમત્થી પ્રાચીન સૂત્ર નિર્યુક્તિ ભાષ્યચૂર્ણિ વૃત્તિ વિ. બીજે સ્થળે ચૈ. વિધિ કે તેનું વિવરણ દેખાતું નથી અને ચૈત્યવંદન ભાષ્યકાર શ્રી દેવેન્દ્રસૂરિજી આદિ આચાર્યોએ પણ જાહેર કર્યું છે કે 'ललितविस्तरा'થી નવ(૯)અધિકારો ગ્રહણ કરેલ છે.

શ્રીકુલમંડનસૂરિએ વિચારમૃતસારસંગ્રહમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'શ્રીમત્ના પ્રામાણ્યથી જ ચૈ.વં. વિધિનું પ્રમાણપણું છે' અને શ્રીમાન્ 'પૂર્વધર આસન્ન કાલવર્તી' હતા.

**પ્રસ્તુત વિવરણ રચનાનો હેતુ :-**

શ્રીમત્ના સત્તા સમયે કેટલાક સ્વસંપ્રદાયવર્તી એવા હતા કે જેઓ ચૈ. વં. સૂત્રને અવિવૃત મંત્રની માફક તેના સ્મરણ માત્રથી અનિષ્ટના ધ્વંસપૂર્વક ઈષ્ટ પ્રાપ્તિના કારણભૂત તરીકે માનતા હતા. તેઓના માટે જ ભગવાને 'तत्संपादनार्थमेवच નો વ્યાખ્યારંભ પ્રયાસઃ' એમ કહીને વિવરણ બોધપૂર્વક કરાતી ક્રિયાને 'સમ્યક્ક્રિયા' તરીકે જણાવી અને વ્યાખ્યાનના પ્રાંત ભાગે 'शुष्केक्षुचर्वणप्रायमविज्ञातार्थमध्ययनम्' અર્થાત્ અર્થના શ્રદ્ધાયુક્ત જ્ઞાત વગરનો પાઠ, સુકાયેલ શેરડીના ચાવવા બરોબર છે. આમ પણ ચોખ્ખેચોખ્ખું દર્શાવ્યું. વળી ચૈ. વં. ક્રિયાને અને વિવરણરૂપ ક્રિયાને સફલતા સંપાદક સમ્યક્ ક્રિયા તરીકે 'प्रायोऽधिकृतसूत्रोक्तेनैव' ઈત્યાદિથી, અને તેના અધિકારી લક્ષણો 'એતદ્બહુમાનિનઃ' ઈત્યાદિથી, તેના લક્ષણોના લિંગો 'तत्कथाप्रीतिः' ઈત્યાદિ શ્રીમાન્ ભગવાને દર્શાવ્યા.

શ્રી હરિભદ્રસૂરિકૃતિની નિશાની તરીકે 'વિરહ' શબ્દ, આ ગ્રન્થમાં પ્રકરણના અંતિમભાગે, ગ્રન્થના ઉપસંહારમાં અને પ્રશસ્તિમાં એમ ત્રણવાર કહેલો માલુમ પડે છે.

પ્રસ્તુત ગ્રન્થમાં દર્શાવેલ મતાંતરોને જોવાથી સહૃદય પુરૂષોનું અંતઃકરણ, અવશ્ય, મધ્યસ્થદ્રષ્ટિથી પ્રતિપાદન કરેલ નિર્ણયને અનુસરનારૂં બનશે જ.

**'ललितविस्तरा'એ કરેલો શ્રી સિદ્ધર્ષિગણિ ઉપર મહોપકાર :-**

સિદ્ધર્ષિ. બૌદ્ધના સિદ્ધાંતના અભ્યાસમાત્રથી ચલિત ચિત્તવાળા બનેલા, પરંતુ બૌદ્ધોના પરિચયથી નહીં. વળી તેઓ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીના સાક્ષાત્ પરિચયમાં આવેલા નથી. કારણકે; ''यां बुद्धवाकिल सिद्धसाधुरखिलव्याख्यातृचूडामणिः,संबुद्धः सुगतप्रणीतसमयाभ्यासाच्चलच्चेतनः ! यत्कर्तुःस्वकृतौ पुनर्गुरुतया चक्रे नमस्यामसौ''

અર્થાત્-બુદ્ધના રચેલા શાસ્ત્રના અભ્યાસથી સિદ્ધર્ષિનું ચિત્ત, જૈનશાસનથી ચલિત થયું હતું પણ 'ललितविस्तरा' ના વિચારપૂર્વકના વાંચનથી સિદ્ધર્ષિ, જૈનશાસનમાં સ્થિર થયાં. અને સઘળા વ્યાખ્યાનકારોમાં ચૂડામણિ એવં કૃતજ્ઞશિરોમણિ મહાજ્ઞાની સિદ્ધર્ષિએ પોતાની કૃતિ - ઉપમિતિભવપ્રપંચકથામાં ગુરૂ તરીકે માની શ્રી હરિભદ્રસૂરિજીને નમસ્કાર કરેલ છે. વિ.શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત ललितविस्तराની પંજિકાના બીજા શ્લોકને જોવાથી સ્પષ્ટ માલુમ પડે છે. પરંતુ સિદ્ધર્ષિગણિને પ્રતિબોધ કરવામાં કયા સૂત્રનું વ્યાખ્યાન સમર્થ હેતુ તરીકે બન્યું છે તેનો નિર્ણય સ્પષ્ટ થઈ શકતો નથી. કેમકે; અનેક સ્થળે બૌદ્ધનું અને બૌદ્ધવિશેષોનું સામાન્ય વિશેષથી ખંડન પ્રાપ્ત થાય છે. શ્રીમત્ સિદ્ધર્ષિનો કોઈ ઉલ્લેખ નથી કે આ ગ્રન્થનો અમુક ભાગ મને બોધિસ્થિરતાકારક બન્યો છે. પરંતુ એટલું તો ચોક્કસ જ છે કે ललितविस्तराએ તેમની બોધિવિષયક સ્થિરતામાં પૂરેપૂરો ભાગ ભજવ્યો છે.

**આ.શ્રી હરિભદ્રસૂરિજીનું સંક્ષિપ્ત જીવન :-**

શ્રી પ્રભાવકચરિત્રમાં જણાવ્યા પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિ ચિત્તોડગઢના રાજા જિતારીના પુરોહિત હતા, પણ કથાવલીના લેખના અનુસારે એ વિદ્વાન્ 'પિર્વગુઈ' નામની કોઈ બ્રહ્મપુરીના રહેવાસી હતા, એમની માતાનું નામ 'ગંગા' અને પિતાનું નામ 'શંકરભટ્ટ' હતું.

શ્રી હરિભદ્રે પોતે પ્રકાણ્ડપંડિત હોવાથી એવી પ્રતિજ્ઞા કરી હતી કે 'જેનું બોલેલું ન સમજું તેનો શિષ્ય થઈ જાઉં.' આ પ્રતિજ્ઞાની સાથે ચાલતા તે ચિત્તોડગઢ આવ્યા હતા. તે અવસર સંઘાડામાં 'યાકિની'નામક મહત્તરા સાધ્વી હતા. એક દિવસ હરિભદ્રે યાકિનીના મુખે 'चक्किदुगंहरिपणगं' ઈત્યાદિ ગાથા સાંભલી પણ તેઓ સમજ્યા નહીં તેમણે સાધ્વીને તે ગાથા સમજાવવા કહ્યું તો તેણીએ પોતાના પૂર્વોક્ત ગુરૂ પાસે જવા કહ્યું. હરિભદ્રે આચાર્યજિનભટ્ટ પાસે જઈને ગાથાનો અર્થ પૂછ્યો પણ આચાર્યે કહ્યું કે આ સૂત્રોના અર્થ પ્રવ્રજ્યા લઈને વિધિપૂર્વક ભણે તેને જ કહેવામાં આવે છે.

આ ઉપરથી તેમણે જૈન દીક્ષા ધારણ કરી અને પછી આચાર્ય યાકિની મહાત્તરાનો પરિચય આપ્યો, એ ઉપરથી તેમણે કહ્યું 'આ દેવતાસ્વરૂપીણી ધર્મમાતાએ જ મને બોધ આપ્યો છે' ઉપરની હકીકત પ્રભાવકચરિત્રમાં છે પણ કથાવલી પ્રમાણે હરિભદ્રે-'चक्किदुगं'એ ગાથાનો અર્થ પૂછ્યો ત્યારે યાકિની તેને લઈને જિનદત્તસૂરિ પાસે ગઈ અને સર્વ હકીકત સંભળાવી. તે ઉપરથી આચાર્યે તે ગાથાનો સવિસ્તર અર્થ હરિભદ્રને કહ્યો. તે સાંભળીને હરિભદ્રે પણ પોતની પ્રતિજ્ઞાની વાત કહી. તેના ઉત્તરમાં આચાર્યે કહ્યું-ભદ્રે! જો એમ છે તો તું એ મહાત્તરાનો ધર્મપૂત્ર થઈ જા' હરિભદ્રે કહ્યું-ભગવન્! ધર્મ કેવો હોય ?

એ ઉપરથી આચાર્યે ધર્મનું સ્વરૂપ કહ્યું. તે પછી હરિભદ્રે પૂછ્યું ધર્મનું ફલ શું ? ઉત્તરમાં આચાર્યે કહ્યું-સકામવૃત્તિવાળાઓને ફળ સ્વર્ગાદિ પ્રાપ્તિ છે, જ્યારે નિષ્કામવૃત્તિવાળાઓને માટે ધર્મનું ફળ 'ભવવિરહ' (સંસારનો અંત) છે. આ સાંભળીને હરિભદ્રે કહ્યું -ભગવન્! મને 'ભવવિરહ જ પ્રિય છે માટે તેમ કરો જેથી ભવવિરહની પ્રાપ્તિ થાય, આચાર્યે કહ્યું જો એવી ઈચ્છા હોય તો સર્વપાપનિવૃત્તિમય શ્રમણવૃત્તિ ધારણ કર ! હરિભદ્રે તેમ કરવા ખુશી બતાવી અને જિનદત્તસૂરિએ તેમને દીક્ષા આપી.

જૈન શાસ્ત્રોમાં પ્રવીણ થતાં ગુરૂએ શ્રી હરિભદ્રને આચાર્યપદ આપીને પોતાના પટ્ટધર બનાવ્યા. શ્રી હરિભદ્રસૂરિના હંસ અને પરમહંસ નામના બે શિષ્ય કે જેઓ સંસાર પક્ષમાં તેમના ભાણેજ થતા હતા, તે પછી ત્યાં જ તેમની દીક્ષા, શાસ્ત્રાધ્યયન, બૌદ્ધતર્ક ભણવા માટે બૌદ્ધોના નગરમાં ગમન, ત્યાં તેમની પરીક્ષા, ત્યાંથી ભાગવું, રસ્તામાં બૌદ્ધોની સાથે લડીને હંસનું મરણ, પરમહંસનું સૂરપાલ રાજાને શરણે જવું, ત્યાંથી નાશીને ચિત્તોડ જવું અને બનેલ વૃતાંત કહેતા પરમહંસનું પણ મરણ, હરિભદ્રસૂરિનો ક્રોધ અને બૌદ્ધોની સાથે સૂરપાલની સભા વાદ, શરત પ્રમાણે બૌદ્ધોનું તપ્તતૈલકુંડમાં પડવું, જિનભટ્ટસૂરિ દ્વારા શ્રીહરિભદ્રસૂરિના ક્રોધની શાંતિ, નિરાશા અને ગ્રન્થ રચના કરવાનો નિશ્ચય ઈત્યાદિ વાતોનું સવિસ્તર વર્ણન છે.

કથાવલી પ્રમાણે શ્રીહરિભદ્રસૂરિને સર્વશાસ્ત્રકુશલ જિનભદ્ર અને વીરભદ્ર નામના બે શિષ્યો હતા. તે સમયે ચિત્તોડમાં બૌદ્ધધર્મનું પ્રાબલ્ય હતું તેથી સૂરિજીના જ્ઞાન અને કલાની બૌદ્ધો ઈર્ષ્યા કરતા હતા, અને એજ સબલથી સૂરિજીના તે બંને શિષ્યોને એકાંતમાં મારી નાખ્યા, કોઈપણ રીતે સૂરિજીને વાતની ખબર પડતાં સૂરિજીએ ઘણાજ દીલગીર થઈને અનશન કરવાનો નિર્ધાર કર્યો પણ પ્રવચનના પ્રભાવક જાણીને તેમને તેમ કરતાં રોક્યા. છેવટે સૂરિજીએ ગ્રન્થરાશિને જ પોતાની શિષ્યસંતતિ માનીને તેની રચનામાં તેઓ વિશેષ ઉદ્યમવાન થયા.

શ્રી પ્રભાવકચરિત્રમાં આગળ લખે છે કે, સૂરિજીએ ગુરૂના ઉપદેશથી ક્રોધનો ત્યાગ કર્યો પણ એમના મનમાંથી શિષ્યોના વિરહનું દુઃખ મટતું ન હતું, જેથી અંબાદેવીએ આવીને સાન્ત્વન દીધું અને કહ્યું કે શિષ્યસંતતિ જોગું તમારૂં પુણ્ય નથી માટે ગ્રન્થસમૂહ એજ તમારી સંતતિ રહેશે.

સૂરિજીએ તેનું વચન સ્વીકાર્યુ અને સમરાદિત્યચરિત્ર વગેરે ૧૪૪૪ ગ્રન્થપ્રકરણોની રચના કરી અને શિષ્યોના વિરહની સૂચના રૂપે દરેક ગ્રન્થ 'વિરહ' શબ્દથી અંકિત કર્યો. આ ગ્રન્થરાશિને લખાવીને તેનો ફેલાવો કરવા માટે સૂરિએ 'કર્ણાસિક' નામક એક ગૃહસ્થને ધૂર્તાખ્યાન દ્વારા ઉપદેશ દઈને જૈન બનાવ્યો. કર્ણાસિકને સૂરિજીના કથન પ્રમાણે વ્યાપાર કરતાં લાભ થયો તેથી તેણે તે દ્રવ્ય વડે સૂરિજીના ગ્રન્થો લખાવીને સર્વસ્થળે પહોંચાડ્યા અને ચોરાશી દેવકુલિકા યુક્ત એક જૈનમંદિર પણ કરાવ્યું.

કથાવલી પ્રમાણે શ્રીહરિભદ્રસૂરિએ દશવૈકાલિક, ન્યાયપ્રવેશક આદિ ગ્રન્થોની યાકિનીપુત્રે નામાંકિત વૃત્તિઓ બનાવી અને અનેકાન્ત-જયપતાકા, સમરાદિત્યકથા આદિ ભવવિરહાંકિત ગ્રન્થોની રચના કીધી. આ ગ્રન્થનિર્માણ અને લેખનકાર્યમાં આચાર્યને 'લલ્લિગ' નામના ગૃહસ્થે ઘણી મદદ કરી. આ લલ્લિગ એમના શિષ્યો જિનભદ્ર અને વીરભદ્રના કાકા હતા. ગરીબાઈથી કંટાળીને એણે પણ આચાર્ય પાસે દીક્ષા

લેવાનો વિચાર કરેલો પણ આચાર્યે એને દીક્ષા ન આપી અને બજારમાં આવેલ મગ્લની ખરીદી કરવાનો એને સંકેત કર્યો. લલ્લિગે તે પ્રમાણે કર્યું તેથી તેને ઘણો લાભ થયો, તેથી તે હરિભદ્રના કાર્યમાં ઘણી સહાયતા કરતો, હરિભદ્રના ઉપાશ્રયમાં એણે એક એવું રત્ન મૂકી દીધું હતું કે તેના પ્રકાશથી રાત્રે પણ આચાર્ય, ગ્રન્થનિર્માણ કરતા અને ભીત-પાટી આદિ ઉપર લખી નાખતા, જે દિવસમાં લહિયાઓ પાસે પુસ્તક રૂપે લખાવી લેવાતું હરિભદ્ર જ્યારે ભોજન કરવા બેસતા ત્યારે લલ્લિગ તેમને મન ઈચ્છિત ભોજન કરાવતો. ભોજન કર્યા પછી યાચકો હરિભદ્રસૂરિને નમસ્કાર કરતા અને હરિભદ્રસૂરિજી તેમને 'ભવવિરહ કરવામાં ઉદ્યમી બનો' આવો આશીર્વાદ આપતા, તેઓ પોતાના સ્થાનકે જતા. આ પ્રમાણે હરિભદ્રસૂરિ 'ભવવિરહસૂરિ'એ નામથી પ્રસિદ્ધ થયા.

એકવાર બનારસથી વ્યાપારાર્થે આવે વાસુકા શ્રાવક પાસેથી હરિભદ્રસૂરિને વર્ગકેવલીનું મૂલ પુસ્તક મળ્યું અને સંઘના અગ્રેસરોના કહેવાથી તે ઉપર તેમણે વિવરણ લખ્યું પણ પાછળથી તે જ સંઘપ્રધાનોના કહેવાથી વિવરણ રદ કરી નાખ્યું હતું.

શ્રી પ્રભાવક ચરિત્રમાં, હરિભદ્રસૂરિએ મહાનિશીથસૂત્રનો ઉદ્ધાર કર્યો, એમ જણાવ્યું છે.

૧૪૪૪ ગ્રન્થોના નિર્માતા, વાદી, પ્રાવચનિક, નૈમિત્તિક, યોગનિષ્ઠ યુગપ્રધાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ભગવંતની જય હો!

**શ્રીહરિભદ્રસૂરીશ્વરજીનો સત્તાસમય :-**

(૧) પ્રથમ મતે વિ.સં.૫૮૫માં શ્રીહરિભદ્રસૂરિનો સ્વર્ગવાસ, એક પ્રાચીન પરંપરાગત ગાથામાં દર્શાવ્યો છે.

(૨) દ્વિતીયમતે શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ પોતાના ગ્રન્થોમાં ધર્મકીર્તિ, કુમારિલ નામનો ઉલ્લેખ કર્યો છે તથા વિશેષાવશ્યકભાષ્યાદિ કર્તા પ્રસિદ્ધ યુગપ્રધાન જિનભદ્રગણિક્ષમાશ્રમણના ગ્રન્થોના અવતરણો પોતાના ગ્રન્થોમાં આપ્યા છે. આ બે હેતુઓથી ધર્મકીર્તિ, કુમારિલ અને શ્રી જિનભદ્રગણિથી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી અર્વાચીન ઠરે છે તેમજ રત્નસંચયપ્રકરણમાં એક બીજી પરંપરાગત ગાથા આપી છે જેમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને વીર સંવત્ ૧૨૫૫(વિક્રમ સવંત ૭૮૫)માં વિદ્યમાન જણાવ્યા છે.

**પ્રસ્તુતગ્રન્થ ગુજરાતી ભાષમાં :-**

પૂ.પા.દાદા ગુરૂદેવ જૈનરત્નવ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ સૂરિસાર્વભૌમ શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના શુભ આશીર્વાદે તથા તેઓશ્રીના પટ્ટધર પૂ.પા. ગુરૂદેવ ધર્મદિવાકર શ્રીમદ્‌ભુવનતિલકસૂરીશ્વરજી મ.ની કૃપાથી આ ગ્રન્થ પૂર્ણતાએ પહોંચ્યો એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

અહીં છદ્મસ્થજનસુલભ જે કાંઈ મારી ખામી વિ. જણાય તેને ભવ્યો સુધારી હંસન્યાયે સારને જ માત્ર ગ્રહણ કરશે. જિજ્ઞાસા વિરૂદ્ધ કંઈપણ લખાયું હોય તો મિચ્છામીદુક્કડં.

એવી આશા સેવતો, **આચાર્ય ભદ્રંકરસૂરિ**
(પ્રથમ આવૃત્તિમાંથી)

॥ श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

# भूमिका

**मिच्छादंसणमहणं, सम्मदंसणविसुद्धिहेउं च ।**
**चिइवंदणाइ विहिणा, पन्नतं वीयरागेहिं ॥ १ ॥**

વીતરાગ અને સર્વજ્ઞ એવા શ્રી અરિહંત - ભગવંતો એ સૂત્રોક્ત વિધિપૂર્વક થતી ચૈત્યવંદનાદિ ક્રિયાઓને મિથ્યાદર્શનનું મથન કરનાર અને સમ્યગ્‌દર્શનનું શોધન કરનાર તરીકે પ્રરૂપેલી છે. (૧)

**– શ્રાવક પ્રજ્ઞપ્તિ ગાથા ૩૪૧**

ચૈત્યવંદન સૂત્ર ઉપર અનેક વૃત્તિઓ વિદ્યમાન છે. તેમાં સૌથી પ્રાચીન વૃત્તિનું નામ 'ललितविस्तरा' છે. જેના કર્તા સુવિહિત શિરોમણિ, સમર્થશાસ્ત્રકાર, આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી છે.

આ વૃત્તિનો મહિમા જૈનશાસનમાં એટલો બધો પ્રસિદ્ધ છે કે 'ઉપમિતિભવપ્રપંચાકથા' જેવી મહાન કથાના કર્તા આચાર્ય શ્રી સિદ્ધર્ષિ ગણીજી જેવા કહે છે કે -

**"ભવિષ્યકાળમાં મારા માટે જ્ઞાનથી જાણીને જેમણે આ વૃત્તિને મારા ઉપર ઉપકાર કરવા માટે રચી છે."**

એ વાતનું સમર્થન કરતા પૂ. શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજ, (જેઓ સિદ્ધરાજ જયસિંહની રાજ્યસભામાં સમર્થવાદી તરીકે પ્રસિદ્ધ પામેલા પૂ. શ્રી વાદિદેવસૂરિજી જેવા આચાર્ય શ્રેષ્ઠના ગુરુ

**'अनागतं परिज्ञाय, चैत्यवंदनसंश्रया ।**
**मदर्थं निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा ॥ १ ॥**

**- શ્રી સિદ્ધર્ષિગણી**

હતા તેઓશ્રી) ललितविस्तरा ઉપર ''પંજિકા'' નામની લઘુટીકા રચતાં તેના મંગલાચરણમાં જ કહે છે કે :-

''સમસ્ત વ્યાખ્યાતાઓને વિષે મુકુટ મણિસમાન અને સુગતપ્રણીત શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી જેમનું ચિત્ત ચલિત થયું છે એવા સિદ્ધર્ષિ નામના સાધુ જેને જોઈને પ્રતિબોધ પામ્યા છે. અને પોતાની કૃતિમાં જેના કર્તાને પોતે ગુરુપણે સ્થાપન કરીને નમસ્કાર કર્યો છે, તે વૃત્તિના વિવરણને કરવા માટે કોણ સમર્થ છે ? તો પણ માત્ર મારા આત્માની સ્મૃતિ માટે હું આ પ્રયાસ કરું છું. ?

ચૈત્યવંદન એક એવું ધર્માનુષ્ઠાન છે કે જેને શ્રીગણધરભગવંતોએ સાધુ - સાધ્વીની નિરંતર થતી આવશ્યક ક્રિયામાં ગૂંથી લીધું છે.

આ અનુષ્ઠાનનો મહિમા ગાતાં શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે ''શ્રી જિનેશ્વરોનાં ચૈત્યોને વંદન કરવાથી લોકોત્તર કુશલ પરિણામ જાગે છે, તેનાથી આત્માના જ્ઞાનાદિ ગુણોનું આવરણ કરવાના કર્મગ્રહણના અધ્યવસાથી વિરૂદ્ધ છે, તેથી તે વારંવાર કરવા વડે સમસ્ત કર્મનો ક્ષય જેમાં રહેલો છે, એવા પરમ પુરૂષાર્થ મોક્ષનું તે કારણ થાય છે.

૧ 'यां बुद्धवा किल सिद्धसाधुरखिलव्याख्यातृचूडामणिः ।
संबुद्धः सुगतप्रणीतसमयाभ्यासाच्चलच्चेतनः
यत्कर्तुःस्वकृतौ पुनर्गुरूतया चक्रे नमस्यामसौ ।
को ह्येनां विवृणोतु नाम विवृतिं स्मृत्यै तथाप्यात्मनः ॥ १ ॥

२ 'चैत्यवंदनतः सम्यक् शुभो भावः प्रजायते ।
तस्मात् कर्मक्षयः सर्वः ततः कल्याणमश्नुते ॥ २ ॥

ચૈત્યવંદનની ક્રિયાથી આવું લોકોત્તર ફળ મળે છે. તેનું એકજ કારણ છે કે તે શુભ ભાવની વૃદ્ધિ કરે છે. વિધિપૂર્વક ચૈત્યવંદનની ક્રિયા કરવાથી પ્રશસ્ત ચિત્તનો લાભ થાય છે.

શુદ્ધ ચૈત્યવંદન તેજ કરી શકે કે જેને તેના અર્થનું અને રહસ્યનું સ્પષ્ટ અને વિશદ જ્ઞાન હોય.

લલિતવિસ્તરા નામની વૃત્તિમાં વૃત્તિકાર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ફરમાવે છે કે :-

'ચૈત્યવંદનની ક્રિયામાં શુદ્ધિ લાવવા જરૂરી એવા જ્ઞાનને આપવા માટેનો આ અમારો પ્રયાસ છે.' તેથી આ વિવરણનું મૂલ્ય ચૈત્યવંદનની ક્રિયા જેઓ નિત્ય કરે છે, તેઓ માટે ઘણું વધી જાય છે અને જેઓ આવી મહાન ક્રિયા કરવા માટે પ્રવૃત્તિ કરતા નથી, તેઓને આ કરવાની પ્રેરણા મળે છે.

ચૈત્યવંદનની આ ક્રિયા આજે પણ શ્રી જૈનશાસનમાં હજારો અને લાખો વ્યક્તિઓ નિયમિતપણે કરે છે, તેથી આ ક્રિયા જીવંત છે. પરંતુ તે ભાવિત ચિત્તથી થવી જોઈએ. કેવળ કોલાહલરૂપ ન થવી જોઈએ.

ભાવિત ચિત્તથી આ ક્રિયાને જ શાસ્ત્ર સ્વીકારે છે. કેવળ કોલાહલરૂપ ક્રિયા શાસ્ત્રબાહ્ય ગણાય છે. તેવી ક્રિયા ઉપર વિદ્વાનોને આસ્થા ન રહે તે સહજ છે.

આ ક્રિયાના ગર્ભમાં સ્થાનાદિ યોગો રહેલા છે. એમ જણાવીને પૂ. શ્રી હરિભદ્રસૂરિજીએ 'તે કેવળ કોલાહલરૂપ છે'. એમ કહેનારનો નિષધ કર્યો છે. અને જે ક્રિયાના ગર્ભમાં સ્થાન, વર્ણ, અર્થ અને

આલંબન રહેલાં હોય, તે ક્રિયા શુભ ચિત્તના લાભનું કારણ છે. એવું સમર્થન કર્યું છે.

લલિતવિસ્તરા ગ્રન્થનો મૂળ મુદ્દો એ છે કે ચૈત્યવંદનની ક્રિયામાં જે ચૈત્યોને વંદન કરવામાં આવે છે, તે શ્રી અરિહંતોના બિંબો છે અને બિંબોનું નામ 'ચૈત્ય' એટલા માટે છે કે તેમને કરેલા વંદનાદિ સમસ્ત સમાધિવાળા ચિત્તને ઉત્પન્ન કરે છે.

શ્રી અરિહંતોના બિંબોમાં પ્રશસ્ત સમાધિવાળું ચિત્ત ઉત્પન્ન કરવાનું સામર્થ્ય શાથી આવે છે ? એ પ્રશ્નનો ઉત્તર ભાવ અરિહંતનું સ્વરૂપ જાણવાથી મળી રહે છે.

આ વૃત્તિમાં જે સૂત્ર ઉપર પ્રથમ વિવરણ કર્યું છે, તે સૂત્રનું નામ **'नमोत्थुणं'** સૂત્ર છે, તેને શક્રસ્તવ પણ કહેવાય છે. તેમાં ''ભાવઅરિહંત''ના સ્વરૂપને જાણવા માટે તેત્રીસ વિશેષણો આપવામાં આવ્યા છે અને તે પ્રત્યેક વિશેષણ કેટલું અર્થગંભીર છે, તે સમજાવવા માટે પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે અસાધારણ પ્રયાસ કર્યો છે.

આ પ્રયાસના ફળ રૂપે આપણને જાણવા મળે છે કે તીર્થંકર ભગવંતોનો સંબંધ ત્રણ લોકની સાથે રહેલો છે. તેમણે ત્રણે લોકના સમસ્ત જીવોના કલ્યાણની કામના કરેલી છે, તીવ્ર ભાવના ભાવેલી છે. સર્વજીવોનું આત્યંતિક કલ્યાણ થાય તે માટેનો માર્ગ શું હોઈ શકે તેના સંપૂર્ણ સાક્ષાત્કાર માટે અને તેમાં પ્રતિબંધક કર્મના નિર્મૂલ ક્ષય માટે તીવ્ર તપ તપ્યા છે, ઉગ્ર સંયમ પાળ્યા છે, ઘોર પરીષહો અને ઉપસર્ગો સહ્યાં છે ઊપરાંત ગુરુકુળવાસમાં વસી શાસ્ત્રોના વિધિપૂર્વક અભ્યાસ કર્યા છે અને તે સમગ્ર સાધનાના પરિણામે વિશુદ્ધ સમ્યક્‌દર્શન અને પરહિત ચિંતનનો પ્રબળ અધ્યવસાય હોવાથી તેઓશ્રીને સર્વ પુણ્યપ્રકૃતિઓમાં ઉત્કૃષ્ટ એવી તીર્થંકર નામકર્મની પ્રકૃતિ નિકાચિત થાય છે .

તે પુણ્ય પ્રકૃતિના વિપાકોદય વખતે તેઓ વીતરાગ હોવા છતાં ત્રણ ભુવનને સુખ કરનારૂં અને ભવોદધિ તારનારૂં તીર્થ સ્થાપે છે. આ તીર્થના આલંબને અનેક કોટી જીવો પોતાનું

**१ चित्तस्य भावः कर्म वा चैत्यम् इति व्युत्पतेः ।**

કલ્યાણ સાધે છે. આવો ભવ્ય ઉપકાર શ્રી તીર્થંકર દેવોના આત્માઓથી જ થઈ શકે છે. પણ બીજાઓથી નહિ. તેનું કારણ આપતાં વૃત્તિકાર મહર્ષિ શ્રી તીર્થંકર ભગવંતનાં **''पुरिसुत्तमाणं''** એ વિશેષણનું વિવરણ કરતાં ફરમાવે છે કે શ્રી તીર્થંકરોના આત્માઓમાં અનાદિકાલીન વિશિષ્ટ યોગ્યતા રહેલી છે અને તે યોગ્યતા તેમનામાં આવા પ્રકારની પરાર્થરસિકતા ઉત્પન્ન કરે છે કે વરબોધિના લાભ વખતે તેઓ પોતાના સ્વાર્થને ગૌણ કરનારા અને પરના ઉપકારને મુખ્ય બનાવનારા બની રહે છે અને એ યોગ્યતા તેમની પરાર્થવ્યસનિયતામાં પ્રેરક બને છે.

પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે પુરુષોમાં શ્રી તીર્થંકર ભગવંતો ઉત્તમ એટલા માટે છે કે તેમનામાં જેવી પરાર્થવ્યસનિયતા અને સ્વાર્થઉપસર્જનતા દેખાય છે, તેવી બીજા જીવોમાં દેખાતી

નથી. આમ થવાનું કોઈ કારણ હોવું જોઈએ અને એ કારણ તેમની અનાદિકાલીન અપ્રગટ (સ્વરૂપગત) યોગ્યતામાં રહેલ છે. સહકારી કારણો મળતાં જ તે યોગ્યતા નીકળી છે. અન્ય મોક્ષગામી આત્માઓમાં પણ આવી ઉત્કૃષ્ટ પરાર્થવ્યસનિયતાદિ આવતાં નથી.

આ વસ્તુ ઉપમા આપીને પૂજ્ય આચાર્ય ભગવંત સિદ્ધ કરી બતાવે છે. **કાચને ગમે તેટલો સંસ્કાર કરવામાં આવે તો પણ તે પોતાની જાતિને છોડીને કદી મણિ બની શકતો નથી. મણિને ગમે તેટલો વખત કુસંસર્ગમાં રાખવામાં આવે તો પણ તે કદી કાચ બનતો નથી.**

આવો મોટો ભેદ તીર્થંકર અને અતીર્થંકરના આત્માઓમાં રહેલો છે. બન્ને મુક્તિગામી હોવા છતાં અને બન્નેનું મોક્ષમાં સમાન સ્વરૂપ થવા છતાં સંસારમાં શ્રી તીર્થંકરોના આત્માઓની આ વિશિષ્ટતા શાસ્ત્રકાર મહર્ષિઓએ સ્વીકારી છે અને તેથી જ મોક્ષે જનારા જીવોના પંદર પ્રકાર પાડવામાં આવ્યા છે, તેમાં એક પ્રકાર તીર્થંકર સિદ્ધનો છે.

અરિહંતોના ચૈત્યોમાં જે પ્રભાવ આવ્યો છે, તે ભાવ અરિહંતોમાંથી આવ્યો છે, એમ માનવું જોઈએ. અને ભાવ અરિહંતોમાં જે પ્રભાવ આવ્યો છે, તે તેમની અર્હદ્ વાત્સલ્યાદિ સ્થાનકોની મહા ભવ્ય સાધના સાથે પરમ કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનામાંથી આવ્યો છે, એમ આજે શ્રદ્ધાપૂર્વક જૈનો સ્વીકારે છે. શ્રી અરિહંત દેવોની આત્માની ભાવના તીર્થંકર થવાના પૂર્વે ત્રીજા ભવમાં એવી ઉદાત્તઉચ્ચ હોય છે કે 'વિશ્વના સકલ જંતુઓ દુઃખપંકમાંથી મુક્ત થઈ અવ્યાબાધ સુખસ્વરૂપ મુક્તિપદને પામો એટલું જ નહિ પણ તે પામવાનો માર્ગ શું છે ? તેનું જ્ઞાન મેળવી તે મુજબ આચરણ કરી, દુઃખ મુક્ત થાઓ. તેમની ભાવના એટલેથી નથી પણ આગળ વધે છે અને તેઓ વિચારે છે કે હું પોતે જ તેમના માટે એવા માર્ગનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરૂં અને તે એવી રીતે પ્રગટ કરૂં કે જેના આલંબનથી જીવ માત્ર મુક્તિને પામે.

કાચ અને મણિને ઉપમાથી શ્રી તીર્થંકરના આત્માઓની અન્યથી વિશિષ્ટતા સમજાય છે. શ્રી તીર્થંકર પરમાત્માઓની જાતિ જ આ રીતે શાસ્ત્રકારોએ જુદી માનેલી છે, તો પછી અન્ય જીવો તેમનું ગમે તેટલું અનુકરણ કરે, તો પણ તેવી ઉત્કૃષ્ટ ભાવનાને કેવી રીતે મેળવી શકે ?

સર્વ જીવોના કલ્યાણની ભાવના પણ જો આત્મામાં વસી જાય તો તે પણ ઉચ્ચ પુણ્ય પ્રકૃતિનો બંધ કરાવનાર થાય છે. તો પછી સર્વ જીવોના કલ્યાણની ભાવના, તેમને દુઃખમાંથી અને કર્મની જાળમાંથી છોડાવવાની ઉત્કટ કરૂણા, જેઓના હૃદયમાં પોતાની અનાદિકાલીન યોગ્યતાના બળે ઉત્પન્ન થાય, તેઓ સર્વ પુણ્યોમાં શિરોમણિ એવું પુણ્યકર્મ નિકાચિત કેમ ન કરે ? તે પુણ્ય તીર્થંકર નામકર્મ નામનું શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. જેનાથી ત્રિભુવન પૂજ્યપણું પ્રાપ્ત થાય છે જે પુણ્યના ભોગકાળે ત્રણ ભુવનને ઉપકારક તીર્થ સ્થપાય છે. જે તીર્થ શ્રી તીર્થંકર દેવના નિર્વાણ બાદ પણ વિશ્વમાં કાયમ રહીને પોતાના અસ્તિત્વ પર્યંત ભવ્ય જીવોને મુક્તિ પામવાનું અનન્ય સાધન બને છે.

વિશ્વમાં આવી ઉચ્ચ ભાવના શ્રી તીર્થંકરોના આત્મા સિવાય બીજાઓમાં પ્રગટી શકતી નથી, એમ લલિતવિસ્તરા ગ્રન્થ સાક્ષી પુરે છે. આ ભાવનાના બળથી જ તીર્થંકર નામકર્મ બંધાય છે, નિકાચિત થાય છે, ધર્મતીર્થ પ્રવર્તે છે, અધર્મનો નાશ થાય છે અને જીવોનું શાશ્વત કલ્યાણ થાય છે.

આમ કેમ બનતું હશે ? તે માટે કર્મનો નિયમ છે, જે અટલ છે, અકાટ્ય છે. કરે તેવું પામે, વાવે તેવું લણે; તેમાં મિથ્યા કોઈ કરી શકતું નથી. શ્રી તીર્થંકર દેવોનું આ વાત્સલ્ય કોઈ જીવ માટે નથી, સર્વ જીવ માટે છે. પ્રત્યેકનું સ્થાન તેમના હૃદયમાં અપેક્ષાએ પોતાના આત્માંથી પણ અધિક છે, એ હકીકત આપણને લલિતવિસ્તરા ગ્રન્થ સિવાય કોણ સમજાવી શકે ?

અમને તો એમ લાગે છે કે શ્રી સિદ્ધર્ષિ જેવા મહાપુરૂષનું ચિત્ત ચલિત થયા પછી પણ શ્રી જિનમતમાં અવિચળ સ્થિરતા પ્રાપ્ત થઈ હોય તો તે શ્રી તીર્થંકર ભગવંતોમાં પરાર્થવ્યસનિયતા તથા સ્વાર્થ - ઉપસર્જનતા અકૃત્રિમપણે - સહજપણે અનાદિકાળથી રહેલી છે. એ ઉલ્લેખની અસર પણ હોવી જોઈએ. વિશ્વના પ્રભુ બનવાની, ત્રણ લોકના નાયક થવાની લાયકાત એમનામાં જ હોઈ શકે, એ વિચારે અને સાથે અર્હત શાસનની તર્ક શુદ્ધતા અવિસંવાદિતા અને સર્વસ્વીકારકતાના નિર્ણય તો તેમનામાં સ્થિરતાનો ભાવ પેદા નહિ કર્યો હોય ?

વિશ્વમાં એક એવી શક્તિ તો સ્વીકારવી જ પડે છે કે જે નિત્ય જગતના જીવોનું હિત કરી રહી હોય જેને શાસ્ત્રો 'ધર્મ' તરીકે સંબોધે છે.

આસૂરિ સંપત્તિ અને દૈવી સંપત્તિ, ધર્મ અને અધર્મ વચ્ચેનું યુદ્ધ અનાદિ કાળથી ચાલુ છે, તેમાં દૈવી સંપત્તિનો વિજય થાય છે. અને આસૂરિ સંપત્તિનો પરાજય થાય છે. એમ થવાનું કોઈ કારણ તો હોવું જ જોઈએ.

જગતના જીવોનું હિત ચિંતવનારા સત્પુરૂષો જેમ વિશ્વમાં મળી આવે છે, તેમ અહિત ચિંતવનારા દુષ્ટ પુરૂષો પણ મળી આવે છે.

દુષ્ટો અહિત ચિંતવે છતાં બધાનું અહિત થતું નથી એટલુંજ નહિ પણ વધારેમાં વધારે છ મહિનામાં સંસારથી એ આત્મા તો સકલ કર્મના બંધનથી છૂટીને મોક્ષ પામે છે, એમાં તે જીવનો પુરૂષાર્થ તો કામ કરે જ છે, પરંતુ પુરૂષાર્થ કરવાની પ્રેરણા અને સામગ્રી તેને કોણ પૂરી પાડે છે ?

કહેવું જ પડશે કે સર્વ જીવોનું આત્યંતિક હિત ઈચ્છનારા શ્રી તીર્થંકરોની ભાવના અને એમનો લોકોત્તર અચિન્ત્ય પ્રભાવ એટલો બધો પ્રબળ હોય છે કે તેની આગળ તેનાથી વિરોધી ભાવનાઓ સંસારના અનંતાનંત આત્માઓ કરે તો પણ તે બધાનો પરાભવ પમાડીને શ્રી તીર્થંકરોની ભાવના ફલીભૂત થાય છે. કેમ કે તે શુભ હોય છે. અશુભના બળ કરતાં શુભનું બળ વિશેષ જ રહેવાનું.

આજે પણ આપણે સારી નરસી ભાવનાનું બળ પ્રત્યક્ષપણે જીવનમાં અનુભવિએ છીએ. એજ અનુભવ આપણને તે સમજવા ફરજ પાડે છે કે શ્રી તીર્થંકર દેવોથી સર્વોત્કૃષ્ટ ભાવના અને એમના લોકોત્તર અચિન્ત્ય પ્રભાવના યોગે જ સંસારના જીવો પાપપરાયણ હોવા છતાં સુખના લેશને પામી શકે છે અને કાળક્રમે ધર્મપરાયણ બનીને મુક્તિના સુખને મેળવી શકે છે.

આ બધું વિચારતા એમ લાગે છે કે વિશ્વમાં મહાસત્તા એક જ છે, અને તે શ્રી તીર્થંકર પરમાત્માઓના શાસનની જ. કેમકે તેમની ભાવના સમસ્ત વિશ્વના પરમ કલ્યાણની સદા રહેલી છે. તથા તેમણે વિશ્વને જે સ્વરૂપ યથાસ્થિતપણે પ્રકાશિત કરેલું છે. અને તેના આધાર પર મુક્તિમાર્ગની સાધના વિશ્વમાં અવિચ્છિન્નપણે ચાલી રહેલી છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે અને વિરાધેલી આજ્ઞા સંસાર માટે થાય છે. અહીં આજ્ઞા શબ્દનો જ પ્રયોગ શા માટે ? આજ્ઞા એટલે શાસન. આજ્ઞા એટલે મહાસત્તાનું નિયંત્રણ.

કર્મની સત્તા એક મહાન સત્તા છે, એમ આપણે સૌ કોઈ માનીએ જ છીએ પરંતુ તેનાથી પણ મોટી સત્તા રહેલી છે, એ વાત આપણને ललितविस्तरा ગ્રન્થથી જાણવા મળે છે.

આ સત્તાને શ્રી જૈન શાસનની મહાસત્તા કહો, તીર્થંકરત્વની મહાસત્તા કહો કે વિશ્વની મહાસત્તા તેમાં કશો જ ફેર પડતો નથી.

જિનેશ્વરો અને તીર્થંકરો બે નામ એક જ છે. માત્ર સમજવાનું એટલું છે કે તેમનું શાસન જગત ઉપર કેવી રીતે ચાલે છે ?

१ **नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।**
**पवित्रं तस्य चरित्रं को वा वर्णयितुं क्षमः ॥ १ ॥ - पू. श्री हेमचंद्राचार्य वी. स्तो.**

**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च । - पू. श्री हेमचंद्राचार्य वी. स्तो.**

વિશ્વના કોઈ પણ શાસન કરતાં આ શાસન વધુ વ્યવસ્થિત છે, વધુ કલ્યાણકર છે, કર્મની મહાસત્તા નીચે રહેલા જીવોને આ શાસન તેમાંથી છોડાવનાર છે, દુઃખ મુક્ત કરાવનાર છે.

આવી મહાશક્તિ આવતી હોય તો તેને માત્ર વીતરાગ શાસન કહેવાત, માત્ર સર્વજ્ઞનું શાસન કહેવાત, માત્ર કર્મે મુક્તોનું શાસન કહેવાત, પણ તીર્થંકરોનું શાસન કેમ કહ્યું ?

શાસ્ત્રમાં આ શાસનને જિનશાસન અર્થાત્ તીર્થંકરોના શાસન તરીકે ઓળખાવેલ છે, તેની પાછળ કોઈ વિશિષ્ટ હેતુ રહેલો હોવો જોઈએ. તે આપણે શોધી કાઢવો પડશે તે માટે ललितविस्तराग्रन्थ આપણને મહાન સહાય પૂરી પાડે છે.

સાચા હૃદયથી એ સહાય જો લેવામાં આવે તો આપણને તરતજ સ્પષ્ટ થાય એમ છે કે તે હેતુ બીજો કોઈ નહિ પણ શ્રી તીર્થંકરોના આત્માઓની અનાદિકાલીન વિશિષ્ટ યોગ્યતા જ છે. તેમના વ્યક્તિગત કે સમષ્ટિગત ઉભય પ્રકારના કલ્યાણની એક સરખી ભાવના ભવો સુધી ટકે છે.

આવી તીવ્રતમ ભાવના તેમના સિવાય બીજાકોઈને આવવાની શક્યતા જ નથી, કારણ કે અનાદિ સિદ્ધ યોગ્યતા તેમના સિવાય બીજાઓમાં માનેલી નથી, તો પછી તેવી ભાવના કેવી રીતે આવે ?

તેમની ભાવના જ એવી છે કે જેથી કેવળ પુણ્યનું જ સર્જન થાય કારણ કે તે ભાવનામાં સ્વાર્થનો એક અંશ પણ હોતો નથી અને પરાર્થમાં કોઈ બાકી રહેતું જ નથી.

જીવ માત્ર પ્રત્યેના તેમના વાત્સલ્યને માતાના વાત્સલ્યની સાથે પણ નહિ સરખાવી શકાય. એક માતા પોતાના બાળકનું પરિપૂર્ણ હિત ચિંતવે છે, તો પણ તે કેવળ ભૌતિક હોય છે, અથવા બહુ તો નૈતિક અને વિરલ પ્રસંગમાં જ આધ્યાત્મિક હોય છે.

તીર્થંકરો પ્રત્યેક જીવના આધ્યાત્મિક કલ્યાણને માતા કરતા પણ અનંત ગુણા વધારે ભાવથી ચાહે છે અને એ આધ્યાત્મિક કલ્યાણની ભાવના જ એવી છે કે જ્યાં સુધી તે ફલીભૂત ન થાય ત્યાં સુધી નૈતિક કલ્યાણ આનુષંગિક રીતે અવશ્ય મળ્યા કરે છે. તેથી શ્રી તીર્થંકરો જગત જીવોને કેવળ મોક્ષ સુખના દાતા છે એમ નહિ પણ એ ન મળે ત્યાં સુધી જીવમાત્રને અસંક્લિષ્ટ સુખમય જીવન જીવવા માટે જરૂરી સઘળી સામગ્રી મળવામાં અસાધારણ કારણભૂત છે, એમ કહેવું જરાપણ અતિશયોક્તિવાળું નથી.

જીવોના પુણ્યથી બધી સામગ્રી મળે છે, તે કર્મનો નિયમ સાચો છે, તો પણ તે કર્મને શુભ બનાવનાર અથવા શુભ કર્મ કરવા માટેની પ્રેરણા ઉત્પન્ન કરનાર શ્રી તીર્થંકરોનો અચિન્ત્ય પ્રભાવ તેમની જીવ માત્ર પ્રત્યેની કલ્યાણ ભાવના અને તે ભાવનામાંથી ઉત્પન્ન થતા ધર્મતીર્થ સિવાય બીજું કોણ છે?

શ્રી તીર્થંકરોની ભાવનાને પહોંચી શકે એવી ભાવના જ્યાં સુધી બીજા કોઈની સાબિત ન થાય, ત્યાં સુધી વિશ્વ પર શાસન શ્રી તીર્થંકર પરમાત્માઓનું વર્તી રહ્યું છે, તેમ માનવામાં લેશ પણ બાધા નથી. ઉલટું એમ ન માનવામાં આપણે જેના ઉપકાર તળે દબાઈ રહ્યા છીએ, એવા સર્વશ્રેષ્ઠ શાસનનો દ્રોહ કરનારા થઈએ છીએ.

એ શાસનનો દ્રોહ એટલે આપણું ભલું ચિંતવનાર શ્રી તીર્થંકર ભગવંતનો અથવા તેમની વિશ્વકલ્યાણકર ભાવનાનો દ્રોહ થાય છે.

આ વાત શ્રી સિદ્ધર્ષિગણિના ચિત્તમાં લલિતવિસ્તરા ગ્રન્થની પંક્તિઓથી જાણે અતિ સ્થિર થઈ ગઈ ન હોય અને તેના પરિણામે જ તેઓ પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને પોતાના ધર્મબોધકર ગુરુ તથા પરમ કલ્યાણ મિત્ર તરીકેનું સંબોધન જાણે ન કરતા હોય, અને પોતાના માટે જ જાણે આ ગ્રન્થની

રચના તેમણે ન કરી હોય તેમ ભક્તિભર નિર્ભર હૃદયથી સ્તવે છે.

આ ગ્રન્થ માત્ર શ્રી સિદ્ધર્ષિગણિમાં સ્થૈર્ય લાવનારો છે, એમ કહીએ તો તે પણ ખરેખર આ ગ્રન્થનું પરિપૂર્ણ ગૌરવ બતાવનારૂં થતું નથી, કેમકે માત્ર એટલું જ તેનું મૂલ્ય નથી.

શ્રી તીર્થંકર દેવોના શાસનની મહાસત્તા આ વિશ્વ ઉપર પરોપકારનું મહાન કાર્ય કરી રહેલ છે, એવી પ્રતીત આજે કેટલાને છે ? જો તે ન હોય અને ન હોવાથી વિશ્વોપકારક શાસનની મહાસત્તા ઉપેક્ષા કે દ્રોહ થતો હોય અને તે દ્વારા અનંત સંસાર પરિભ્રમણનું મહાપાતિક લાગતું હોય, તો તેનાથી ઉગારી લેનાર તથા સાચી શ્રદ્ધાને જગાડનાર આ ગ્રન્થ માત્ર શ્રી સિદ્ધર્ષિ નો ઉપકારક નહિ કિન્તુ તેનો આદર પૂર્વક અભ્યાસ વડે સત્ય તત્ત્વનો બોધ પામનાર પ્રત્યેક વ્યક્તિ ઉપર પણ તેટલો જ છે.

ધર્મનો પ્રરંભ જ પરોપકારની અને પરપીડા પરિહારની ભાવનાથી થાય છે. જેનામાં એ બેમાંથી એકે ભાવના નથી તેમાં ધર્મ જ ક્યાં છે ?

સર્વ ધર્મવાદીઓને આ વાત એકી અવાજે માન્ય છે. આ બન્ને ભાવનાની ટોચે પહોંચેલા શ્રી તીર્થંકરોના આત્માઓ ધર્મ પ્રવૃત્તિના નાયક છે, ધર્મરથના સારથિ છે, ધર્મ સામ્રાજ્યના ચક્રવર્તી છે, એ હકીકતનું રહસ્ય આપણને ललितविस्तरा વૃત્તિ સિવાય બીજું કોણ સમજાવત ? અને જો એ ન સમજાવત તો આપણે આપણા ઉપકારી પ્રત્યે અને વિશ્વના પરમ ઉપકારી પ્રત્યે ભક્તિભાવ ક્યાંથી પ્રગટ કરત ?

ललितविस्तराગ્રન્થના આવા કેટલાક ઉપકારો છે તે આપણે આ નાની પ્રસ્તાવનામાં ન સમાવી સકીએ. તે તો આ ગ્રન્થનો અભ્યાસ કરવો એ કાંઈ સામાન્ય નથી, તેની પંક્તિએ ન્યાય ભરેલો છે. દર્શન શાસ્ત્ર ભરેલું છે, તર્ક શાસ્ત્ર ગુંથેલું છે. વ્યાકરણ શાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર અને સાહિત્ય શાસ્ત્ર પણ અહીં અદ્‌ભુત રીત સંકલિત થયેલાં જોવા મળે છે, તેને વાંચવાનું કામ એજ જો દુષ્કર છે, તો પછી તેને કેવળ વાંચવું જ નહિ, પણ વિચારવું, પચાવવું અને પ્રચલિત ભાષામાં ઉતારવું એ કેટલું દુષ્કર ગણાય ? છતાં તે કાર્ય અમુક અંશે થયેલું આપણી સામે આજે નજરે જોવાય છે.

ललितविस्तरा ગ્રન્થનો અનુવાદ કરવામાં અનુવાદ કરનાર મુનિશ્રીને કેટલો શ્રમ પડ્યો હશે, ઉચ્ચ કોટિના સંસ્કૃતને ગુજરાતી ભાષામાં રજુ કરવા માટે કેટલી કસવી પડી હશે, તે તો તે વિષયના અનુભવીઓ જ જાણી શકે.

આટલું કષ્ટ ઉઠાવવા છતાં કહેવું પડશે કે ગ્રન્થમાં જે ભાવો ભર્યા છે, તેનો એક શતાંશ પણ અનુવાદમાં ઉતરી શક્યો નથી એ ખામી અનુવાદકની છે એમ માનવા કરતાં ગ્રન્થની ગહનતા જ એવી છે કે સમર્થમાં પણ ઐદંયુગીન વિદ્વાનો અને અન્ય ભાષામાં ઉતારવાનો પ્રયાસ કરે તો પણ અમૂક ખામી રહી જવાની.

આપણા વર્તમાન સાધુ સંઘમાં આવા ગહન વિષયવાળા ગ્રન્થોના અભ્યાસ કરવાની, તેનું વાચન અને મનન કરવાની શુભ વૃત્તિઓ વધતી જાય છે, તે એક ઘણું શુભ ચિહ્ન છે.

આ ગ્રન્થ ઉપર આવા એક જ અનુવાદ નહિ પણ જુદાજુદા અભ્યાસીઓ દ્વારા અનેક અનુવાદો થવાની આવશ્યકતા છે અને એ રીતે અનેકના પરિશ્રમના અંતે એક સમય એવો આવવાની આશા રાખીએ કે જ્યારે ચૈત્યવંદનાના સૂત્રો બોલતી વખતે તેના અર્થની ભાવનાથી ઓતપ્રોત બનેલો હોય.

એ સ્થિતિ ઉત્પન્ન કરવા માટે ચૈત્યવંદન સૂત્રોની આવૃત્તિને આંથી પણ વધુ સહેલી ભાષામાં, આબાલ ગોપાલ સૌ કોઈ સમજી શકે, તેવી સરલતમ શૈલીમાં અનુવાદિત થયેલી જોવાની અભિલાષા કોને ન હોય ? અર્થાત્ સૌ-કોઈને હોય.

આજે તો આપણે કબૂલ કરવું જોઈએ કે પ્રતિદિન પ્રાતઃકાળ મધ્યાહ્નકાળ અને સાંયકાળ, ત્રણે કાળ ચૈત્યવંદનની ક્રિયા કરનાર હજારો નહિ બલ્કે જૈન સંઘના લાખો આત્માઓમાં તેના અર્થો અને રહસ્યો જાણનારા આંગળીના વેઢે ગણાય તેટલા પણ ભાગ્યે જ હશે.

આ સ્થિતિમાં પરિવર્તન લાવવું હોય તો આ ગ્રન્થના અભ્યાસીઓની સંખ્યા વધવી જ જોઈશે. પ્રસ્તુત અનુવાદ તેવા અભ્યાસીઓને આજ સુધી અલભ્ય એવું પ્રકાશન પુરું પાડે છે.

અનુવાદકે કરેલી મહેનત અને પ્રકાશકે ઉઠાવેલો શ્રમ સાર્થક બને તે ખાતર આ અનુવાદને આવકારદાયક સમજીને અર્થી આત્માઓ તેનો પુરે પુરો લાભ ઉઠાવે એવી અભિલાષા સાથે વિરમીએ છીએ

**શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા**
જામનગર,
સં. ૨૦૧૫ શ્રાવણ સુદી ૧૧ને શુક્રવાર
(લલિતવિસ્તરા ગુજરાતી અનુવાદ પ્રથમ ભાગમાંથી)

**પં. ભદ્રંકર વિજયજી**
(આ. રામચંદ્ર સૂ. સમુદાયના)


## શ્રી લબ્ધિસૂરીશ્વરજી ગ્રંથમાલાના પ્રકાશનો

| | | | |
|---|---|---|---|
| લબ્ધિદેવ વંદનમાલા | રૂા.૨૦/- | સ્તોત્રદ્વયમ્ | રૂા.૫/- |
| નવપદવિધિ | રૂા.૭/- (હિન્દી) | પાલિતાણાએ મન ભાવ્યું | રૂા.૧૦/- |
| અધ્યાત્મકલ્પદ્રુમ (ગુજ.અનુ.) | રૂા.૧૦/- | તું તને ફોન કર-ચિંતન | રૂા.૧૦/- |
| ખજાનો-મજાનો-ચિંતન | રૂા.૧૫/- | છાણી સૌરભ | રૂા.૧૦/- |
| વૈરાગ્ય રસમંજરી (ગુજ.અનુ.) | રૂા.૨૦/- | વિજ્ઞાન ગીતમાલા (ભાગ-૧-૨) | રૂા.૨૦/- |

॥ ॐ ह्रीं श्रीं शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

# मंगल वचन

પૂ. પાદ સુવિહિત શિરોમણિ જૈન શાસનના પરમપ્રભાવક સૂરિપુરંદર ૧૪૪૪ ગ્રંથરત્નોના રચયિતા આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ રચિત 'ચૈત્યવંદન સ્તવ' સૂત્રો પરની સુપ્રસિદ્ધ 'લલિતવિસ્તરા' વૃત્તિ જૈન શાસનમાં ખૂબ જ શ્રદ્ધેય, અર્થગંભીર ને વિશિષ્ટ કોટિનું સ્થાન ધરાવતી સર્વશ્રેષ્ઠ સાહિત્ય કૃતિ છે. પૂ. યાકિની ધર્મસૂનુ આચાર્ય ભગવંતે પોતાની સર્વ શક્તિઓનું અમી સીંચી આ ગ્રંથરત્ન રૂપ કલ્પવૃક્ષની આપણા પરમ પુણ્યોદયે જૈન સંઘને ચરણે અણમોલ ભેટ ધરી છે.

'ઉપમિતિભવપ્રપંચકથા' જેવા મહાન ને ચમત્કારિક ગ્રંથરત્નની રચના કરનાર પૂ. પાદ સિદ્ધર્ષિ ગણિ જેવા ધુરંધર વિદ્વાન મહર્ષિએ પણ જે લલિતવિસ્તરા ગ્રંથને બિરદાવતાં સ્પષ્ટપણે પોતાના તે ગ્રંથમાં ઉલ્લેખ કરેલ છે કે -

**अनागतं परिज्ञाय, चैत्यवंदन संश्रया । मदर्थं निर्मितां येन, वृत्ति ललितविस्तरा ॥**

ભાવિકાલે થનારા મારા ઉપકારને માટે જેઓશ્રીએ ચૈત્યવંદન સૂત્રોને આશ્રયીને લલિતવિસ્તરા વૃત્તિની રચના કરી છે. આ રીતે પૂં.આ. શ્રીમદ્‌દેવસૂરીશ્વરજીમહારાજશ્રીના ગુરૂદેવ પૂ. સમર્થ ટીકાકાર આચાર્ય ભગવંત શ્રીમદ્‌મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી જેવા સમર્થ મહાપુરૂષે પૂ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની સાહિત્ય કૃતિ 'લલિતવિસ્તરા'ના મહિમાનું ગુણગાન કરતાં, તેની 'પંજિકા' નામની લઘુટીકા રચતાં મંગલાચરણમાં ફરમાવે છે કે -

**को ह्येनां विवृणोतु ? नाम विवृतिं स्मृत्यै तथाप्यात्मनः ॥**

પૂ. સૂરિપુરંદર આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિ મહારાજ રચિત આ લલિતવિસ્તરા વૃત્તિના વિવરણને કરવાને માટે કોણ સમર્થ છે ?

પ્રસ્તુત 'લલિતવિસ્તરા' દેવવંદનના સૂત્રોપરની ગંભીર, ગહન તથા અનેકવિધ શાસ્ત્રરહસ્યોથી ભરપૂર વૃત્તિની રચના પૂ. સૂરિમહારાજશ્રીએ અરિહંત પરમાત્મા પ્રત્યેની અનન્ય ભક્તિભાવનાથી કરેલી છે.

જૈન શાસનમાં યાવત્ સમસ્ત સંસારમાં શરણરૂપી શ્રી અરિહંત ભગવંત છે. ત્રણેય લોકના જીવો માટે ત્રણેય કાલમાં શ્રી અરિહંત પરમાત્મા મંગલરૂપ છે, જન્મ-જરા-મરણ, આધિ-વ્યાધિ તથા ઉપાધિ ને રોગ, શોક તેમજ સંતાપના ત્રિવિધ ચક્રવ્યૂહની વચ્ચે પીંખાઈ-પીંસાઈ રહેલ સમસ્ત જીવરાશિ માટે

શરણ એક માત્ર શ્રી અરિહંતદેવ છે. જગતમાત્રના જીવોની દુઃખની પરંપરાના મૂલ કારણ કર્મની પરંપરાને ટાળવાનું અમોઘ અચિંત્ય તેમજ અનુપમ આલંબન હોય તો શ્રી અરિહંત પરમાત્મા છે. અરિહંત પરમાત્માની આજ્ઞાને જીવન ધ્યેય માનીને સિદ્ધ ભગવંતને લક્ષ્યરૂપ રાખી, આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુની શુભ નિશ્રામાં ધર્મની આરાધના કરનારા ભવ્યજીવોને શ્રી અરિહંત પરમાત્માનું શાસન પરમ તારક તથા ઉદ્ધારક છે.

અનાદિ અનંત સંસારમાં કર્મને વશ સંસારી જીવો ભૂતકાલમાં અનંતી વેળા ચારે પ્રકારની ગતિઓમાં પરિભ્રમણ કરતો જ રહ્યો છે. દુઃખના નાશની ને સુખ પ્રાપ્તિની તેની ઝંખના, આશા, કલ્પના ને મનોરથો નિરંતર ભાંગીને ભૂક્કો થઈ રહ્યા છે. ક્યાંયે તેને શાશ્વત, સ્વાધીનતા તથા અખંડ સુખ પ્રાપ્તિ થઈ નહિ. દુઃખની પરંપરાનો નાશ તેના જીવનમાં ક્યાંયે થયો નહિ. સામાન્ય દુઃખનો નાશ કે સુખ સામાન્ય પુણ્યોદયને તેણે ભૂતકાળમાં ઘણીયે વેળાએ પ્રાપ્ત કરેલ છે પણ દુઃખની પરંપરાનો નાશ તેને કદિયે અનુભવ્યો નથી ને શાશ્વત સુખની તેને પ્રાપ્તિ થઈ નથી.

શ્રી અરિહંત પરમાત્માનો ઉપકાર એ જ છે કે તેઓની શ્રી તીર્થંકર નામકર્મના ઉદયથી ધર્મતીર્થની સ્થાપના કરવા દ્વારા સંસારના દુઃખ સંતપ્ત સુખાભિલાષી જીવોને શાશ્વત, સ્વાધીન તથા અખંડ સુખ પ્રાપ્તિના અમોઘ સાધનરૂપ ધર્મનું વિશ્વકલ્યાણની કામનાથી પ્રદાન કરે છે. શ્રી અરિહંતદેવનો આ જ લોકોત્તર ઉપકાર છે કે તેઓ જગતના જીવોની અનાદિ કાળની સુખ ભૂખને સંતોષે છે; દુઃખની અનંત યાતનામાંથી મુક્ત કરે છે ને શાશ્વત સ્વાધીન તથા અખંડ સુખને પરંપરાએ તેઓ આપે છે. જો કે તેમની કરૂણાનો અધિકાર તો ભવ્યજીવોને જ પ્રાપ્ત થાય છે, પણ તેમાં જીવોની પાત્રતા, યોગ્યતા તથા તેવા પ્રકારની તથા ભવ્યતા મુખ્ય કારણ છે.

આવા પરમ કરૂણાસાગર વિશ્વવત્સલદેવાધિદેવ શ્રી જિનેશ્વરભગવંતનો અનંત ઉપકાર કેમેય ભૂલી શકાય તેમ નથી. સંસારમાં જે કાંઈ ઈષ્ટ, અનુકૂળ અને સુંદર પ્રાપ્ત થઈ રહ્યું છે, એકેન્દ્રિયમાંથી અરે અનાદિ નિગોદમાંથી વધતા વધતા જડ જેવા જીવનમાંથી પ્રગતિ કરતાં કરતાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તે રીતે દેવ, મનુષ્ય આદિ જે જે સ્થાનોની તેણે પ્રાપ્તિ કરી તે બધાયમાં પરંપરાએ શ્રી અરિહંત પરમાત્માનો પરમ ઉપકાર રહેલો છે. માટે જે કૃતજ્ઞભાવે તે દેવાધિદેવના ઉપકારની પરંપરાને યાદ કરી, તેઓશ્રીની આજ્ઞાનું પાલન કરવા ભવ્યજીવો ઉજમાળ બને છે.

તેઓશ્રીની આજ્ઞા પ્રત્યે આદર બહુમાન તથા પ્રીતિભાવ જે જીવોનાં કૃતજ્ઞભાવપૂર્ણ હૃદયમાં જાગૃત છે, તે ભવ્ય આત્માઓ તે દેવાધિદેવ પ્રત્યેની ભક્તિથી તેઓશ્રીના પ્રતિનિધિત્વરૂપ તેઓશ્રીની પ્રશમરસ ઝરતી વૈરાગ્ય-શાંતમુદ્રાપૂર્ણ પ્રતિમાજીની અર્ચના - પૂજા તેમજ સ્તવના કરી પોતાની જાતને કૃતકૃત્ય ને ધન્ય બનાવે છે. દેવાધિદેવ અરિહંત પરમાત્માની પૂજા અર્ચના તે પરમાત્મા પ્રત્યેની કૃતજ્ઞતાની સૂચક છે. ભક્ત ભવ્યોજીવોને સમ્યગ્દર્શનની નિર્મલતા માટે પરમ આલંબન છે, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ ચારિત્રધર્મની પ્રાપ્તિમાં સહાયક છે. ચિત્તશુદ્ધિ, પ્રસન્નતાને સમાધિભાવની પ્રાપ્તિ માટે શ્રી અરિહંત પરમાત્માની પૂજા-

ભક્તિ, સેવા-ઉપાસના ખૂબ જ ઉપકારક છે. દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય ને સમાધિમરણ તથા બોધિલાભને સાક્ષાત્ તથા પરંપરાએ તે આપે છે.

જૈન શાસનની લોકોત્તરતા તથા સર્વશ્રેષ્ઠતા તે જ કારણે છે કે, શ્રી અરિહંત પરમાત્મા જેવા વીતરાગ સર્વજ્ઞ ભગવંત તેના પ્રવર્તક છે; શ્રી અરિહંતદેવનું વ્યક્તિત્વ વિશ્વમંગલકર છે ને ત્રણલોકના સમગ્ર ભવ્ય જીવો માટે કલ્યાણકર છે. તેઓના ઉપકારની અવધિ નથી. અનંત ઉપકારી દેવાધિદેવની ભક્તિ એ જ સમસ્ત સંસારમાં શ્રેષ્ઠતમ કલ્યાણનું સાધન છે. તે પરમાત્માના શાસનનો માટે જ મહાઉપકાર છે, કારણ કે, શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા માર્ગનું સમ્યગ્ રીતે વહન કરવા માટેનો મૂલ રાજમાર્ગ તે છે.

પૂ. પાદ આચાર્યભગવંત શ્રી હરિભદ્રસૂરિશ્વરજી જૈન શાસનની પીછાન પામ્યા પછી પોતાની જાતને કૃતકૃત્યને માનતાં, તેને ઓળખાવનારા જૈનશાસનના પ્રાણસમાં જૈન આગમોની ઉપકારિતાને બિરદાવતા ને તેની પ્રાપ્તિથી પોતાની જાતને ધન્ય માનતા પોતાના હૃદયની ઉર્મિઓને ઠાલવતાં જણાવે છે કે,

'કત્થ અમ્હારિસા જીવા, દુસમાદોસ દૂસિઆ, હા હા અણાહા કહં હુંતા, જઈ ણ હુંતો જિણાગમો જો તીર્થંકર ભગવંત પ્રરૂપિત જૈન સિદ્ધાંત-જૈન આગમોની પ્રાપ્તિ અમને ન થઈ હોત તો વીતરાગ ભગવંતનું ધર્મશાસન મને ન મલ્યું હોત તો ખરેખર આ વિષમકાળના-દુષમકાળના દોષથી દૂષિત અને અનાથ એવા અમારા જેવાનું શું થાત ?

જૈન શાસન પ્રત્યે પૂ. સૂરિભગવંતની કેટકેટલી ભક્તિને કેટકેટલું હૃદયગત બહુમાન ! આ કારણે જ તે મહાપુરૂષ શ્રી અરિહંત ભગવંતની વંદનાના સૂત્રોનું તેમની ભાવપૂજાના, સ્તવના, અર્ચનાના વિધિ સૂત્રોનું રહસ્યોદ્ઘાટન કરવાના પૂર્ણપણે અધિકારી છે. ચૈત્યવંદન સૂત્રો, શક્રસ્તવ, શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ તથા ચૈત્યસ્તવ પરની આ ललितविस्तरा વૃત્તિ આ કારણે જ મહત્વની ને અનેકવિધ વૈશિષ્ટ્યયુક્ત છે. તેઓશ્રીમદ્ની વાણી ઘણી ગંભીર છે. શબ્દોની સંકલના ભાવવાહીછે ને શૈલી ચમત્કારી છે. આવા મહાઉપકારી સૂરિભગવંતની આ વૃત્તિ ગ્રંથની અનન્ય ઉપકારકતાને પૂ. આચાર્યભગવંતને પૂ. સિદ્ધર્ષિગણિવર જેવા મહાન ને સમર્થ પ્રભાવક પુરૂષ વાસ્તવિક રીતે પીછાણી શક્યા હતા. માટે જ તેમણે પૂ. આચાર્યભગવંતને પોતાની ભાવભરી અંજલિ અર્પતા જે હૃદયોદ્ગાર પ્રગટ કરેલ છે તે યથાર્થ છે. તેઓ કહે છે કે-

**विषं विनिर्धूय कुवासनामयं, व्यचीचरद्यः कृपया मदाशये ।**
**अचिन्त्य वीर्येण सुवासना सुधां, नमोऽस्तु तस्मै हरिभद्रसूरये ॥**
**आचार्य हरिभद्रो मे धर्मबोधकरो गुरू...**

મારા હૃદયમાં રહેલ કુવાસનામય મિથ્યામત રૂપ ઝેરને ટાળીને જેમણે પોતાના અચિંત્ય સામર્થ્યથી કૃપાપૂર્વક મારા હૃદયમાં સમ્યગ્ધર્મની શ્રદ્ધારૂપ અમૃતનું સિંચન કર્યું તે પરમ કૃપાલુ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને મારા કોટિ કોટિ વંદન હો ! ખરેખર તેઓશ્રી મારા પર પરમ ઉપકારને કરનારાને મને સમ્યગ્ ધર્મરત્નનું પ્રદાન કરનારા મારા પરમ હિતવત્સલ કૃપાસાગર ગુરૂદેવ છે.

આટઆટલી શ્રદ્ધા, ભક્તિ તથા બહુમાન જે મહાપુરૂષના આ 'લલિતવિસ્તરા' ગ્રંથરત્નને વાંચી-વિચારી ને મનન-ચિંતન, અવગાહન કરી પૂ. સિદ્ધર્ષિ મહાત્માને પોતાના નિર્મલ હૃદયમાં જાગૃત થયાં તે લલિતવિસ્તરાનો ઉપકાર જૈન શાસનમાં ખરેખર મહાન ને લોકોત્તર છે.

ત્રિલોકનાથ દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યેના ભક્તિભાવને જાગૃત કરવાને માટે ને જે ભવ્યજીવોના હર્ષ પુલકિત હૃદયમાં ભક્તિભાવ જાગૃત થયો હોય તેને સ્થિર કરી તેની વૃદ્ધિ કરવા માટે આ ગ્રંથરત્નનું સામર્થ્ય વચનાતીત છે. આ ગ્રંથરત્ન જૈન શાસનનું સર્વસ્વ છે, જૈન દર્શનના રહસ્યને સમજવા માટે ખૂબ જ ઉપકારક ને માર્ગદર્શક છે. જો કે દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની પાસેથી ત્રિપદીને પામીને દ્વાદશાંગીની રચના કરનાર પરમ કૃપાસાગર શ્રી ગણધર ભગવંત જેવા બીજ બુદ્ધિને કોષ્ઠ બુદ્ધિના સ્વામી શ્રી ગણધર ભગવંતની રચનારૂપ ચૈત્યવંદન સૂત્રો જેવા ગંભીર સૂત્રો પર તેના રહસ્યને વિસ્તારનારી વૃત્તિ માટેનો પ્રયાસ કે પરિશ્રમ સંપૂર્ણ કદિ હોઈ શકે જ નહિ. છતાં પૂ. આચાર્ય ભગવંત જેવા સમર્થ વિદ્વાન દિગ્ગજ પંડિત ધર્મધુરંધર સૂરિપુરંદર અવશ્ય આ ચૈત્યવંદન સૂત્રની વૃત્તિની રચના માટેના સંપૂર્ણ અધિકારી છે.

પૂ. સૂરિપુરંદરની આ કૃતિ જૈન શાસનના લોકોત્તર માર્ગની પ્રભાવના માટે મહાન ઉપકારક છે. જૈન દર્શન પ્રત્યે સ્થિરતા, દ્રઢતા તેમજ આસ્તિકતા પ્રગટાવવા માટે દરેક રીતે સમર્થ આ વૃત્તિ સારાયે જૈન સિદ્ધાંતસાગરનું મંથન કરીને પ્રાપ્ત થયેલ અમૃતરૂપ છે. મિથ્યાવાસના, કુતર્કો અને અજ્ઞાનના અંધકારને દૂર કરી સમ્યગ્ ધર્મનો, સમ્યગ્જ્ઞાનનો તથા સમ્યક્ શ્રદ્ધાનો પ્રકાશ પાથરવા તેજસ્વી સહસ્ત્રરશ્મિ સમાન શક્તિશાલી છે.

પ્રસ્તુત પ્રકાશન 'લલિતવિસ્તરા'ના વિષયોનું અવગાહન કરવા માટે દીપિકા સમાન મહાન ઉપકારી છે લલિતવિસ્તરાના વિષયોને વિસ્તૃત કરી, વર્તમાન કાલીન ધર્મશીલ ચિંતક ને જિજ્ઞાસુ શ્રદ્ધાવાન્ ભાવિકોના હિતની બુદ્ધિથી આ લલિતવિસ્તરા પર વિવેચનયુક્ત અનુવાદ વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે લખેલ છે. આજ અગાઉ છ વર્ષ પૂર્વે આ વિવેચન યુક્ત અનુવાદ ગ્રંથનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયેલ હતો. વિશાલ ગ્રંથમાં અનુવાદકને વિવેચનકાર વિદ્વાન પંન્યાસપ્રવરશ્રીએ ખૂબજ પરિશ્રમપૂર્વક 'નમુત્થુણં' સુધીની વૃતિનો વિસ્તાર કર્યો હતો.

શક્રસ્તવ પરની વૃત્તિ પરના વિવેચન ગ્રંથ પ્રસ્તુત પ્રથમ ભાગમાં વિવેચક પંન્યાસજી મહારાજે સુંદર રીતે દરેક વિષયની છણાવટપૂર્વક સરલ ભાવવાહીને તાત્ત્વિક શૈલીથી લલિતવિસ્તરાના વિષયોનો વિસ્તારકરેલ. પૂ. આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી જેવા પ્રૌઢ ને પ્રખર પંડિતની ગૂઢ, ગંભીર રચનાનો વિસ્તાર કરવો તે ખરેખર દુષ્કરને કષ્ટ સાધ્ય કાર્ય છે. છતાંય તેમણે તેમાં સુંદર રીતે સફલતા પ્રાપ્ત કરી છે. યુક્તિઓ તથા સર્વજન ગ્રાહ્ય તર્કોથી એ ગ્રંથમાં વિવેચક મહારાજશ્રીએ પોતાના જૈન સિદ્ધાંતો વિષેના અધ્યયન, મનન અને પરિશીલનનો નિચોડ ઠાલવ્યો છે. ભાષાની સરલતા, શબ્દોની સુમધુરતા ને શૈલીની સુંદરતાપૂર્વક તેમણે તે ગ્રંથરત્નમાં પોતાની અમૂલ્ય શક્તિઓનો ઘોધ વહેવડાવેલ છે.

વિવેચનકારની આ શક્તિ, ધીરતા ને પ્રૌઢ વિદ્વત્તા અવશ્ય અનુમોદન-પ્રશંસાની પૂર્ણપણે અધિકારી છે. આ હકીકત પ્રસ્તુત પ્રથમ ભાગનું સહૃદયપણે, સ્વસ્થતાથી અવગાહન કરનાર સર્વ કોઈ તે વિષયના જ્ઞાતાને પગે લાગ્યા વિના નહિ રહે.

આજે તે ગ્રંથરત્નના અનુસંધાનમાં બાકીના ચૈત્યવંદન સૂત્રોની લલિતવિસ્તરા વૃત્તિના વિષયોનું અવગાહન કરનારને, ચિંતન-મનન કરનારા ખપી ધર્મભાવિત મુમુક્ષુ જીવોના ઉપકાર માટે બીજો ભાગ પ્રસિદ્ધ થઈ રહ્યો છે. તે ખરેખર ગૌરવનો વિષય છે. ચૈત્યસ્તવ, અરિહંત ચેઈઆણં, નામસ્તવ, લોગસ્સ, શ્રુતસ્તવ, પુખ્ખરવરદીવઢ્ઢે ને સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્રો પરની વૃત્તિનો ગૂઢ રહસ્યો તથા અર્થ ગંભીર પદોનો વિસ્તાર ને તેનું સુંદર સરલ વિવેચન આ ગ્રંથમાં પ્રસિદ્ધ થઈ રહેલ છે.

આ વિવેચન ગ્રંથમાં લેખક પંન્યાસજી મહારાજે ભાવની વિશદતાપૂર્વક, શબ્દોની સરલતા ને સૌમ્ય શૈલીથી વિષયોની છણાવટ અર્થગંભીર ભાષામાં કરી છે. વિવેચનકાર વિદ્વાન પૂજ્યશ્રીએ બન્નેય ભાગોમાં સુંદર શૈલીથી 'લલિતવિસ્તરા' ગ્રંથ પર કુશલતાપૂર્વક સંસ્કૃતમાં વિવેચન કરીને ગ્રંથના રહસ્યનું વિશદતાથી ઉદ્‌ઘાટન કરેલ છે. જેમ કોઈ કુશલ ચિત્રકાર પીંછી હાથમાં લઈ, ફલક પર ભવ્ય ચિત્રાલેખન કરી પોતાના કલા કૌશલથી ફલકને ચિત્રકલાથી સુશોભિત બનાવી, પાત્રોને ચિરંજીવી બનાવે, તે રીતે ચૈત્યવંદન સૂત્ર વૃત્તિરૂપ લલિતવિસ્તરા ગ્રંથના વિષયોને પોતાના મતિવૈભવથી કુશલતાપૂર્વક વિસ્તૃત કરીને વિદ્વાનશ્રીએ સૂત્રોના ગંભીર રહસ્યને સ્પષ્ટ રીતે મૂર્તિમંત કરેલ છે.

વિવેચનકારશ્રી, તર્કશાસ્ત્ર તથા શબ્દશાસ્ત્રના પ્રૌઢ પંડિત છે. જૈન સિદ્ધાંતોનું અવગાહન કરીને બહુશ્રુતતા પ્રાપ્ત કરનારા સમર્થ વિદ્વાન છે. શાંત તથા પ્રસિદ્ધિથી દૂર રહેનારા ને એકાંતપરાયણ તો એ સંસ્કૃત-પ્રાકૃત તથા ગુજરાતી ભાષામાં નૈસર્ગિક કાવ્યો રચનારા પ્રતિભાશાલી કવિરત્ન છે. તેઓએ જે મનન-ચિંતન, અવગાહનપૂર્વક ખંત, પરિશ્રમ તથા ધૈર્ય ને નિષ્ઠાથી લલિતવિસ્તરા જેવા મહાન શાસ્ત્ર પર વિવેચન કરવાની અસાધારણ કૌશલ્યતા દાખવી છે તે તેમના પુરૂષાર્થ અને પુણ્યાઈથી પ્રાપ્ત ક્ષયોપશમની સફલતા છે.

આવા મહાન વિવેચન ગ્રંથનું વિધિમાર્ગના અનુરાગી ખપી ભવ્યજીવો, વાંચન-મનન તથા પરિશીલન શ્રદ્ધાપૂર્વક કરી, પરમતારક દેવાધિદેવની નિઃસીમ કરુણાદ્રષ્ટિને તેમજ તેમના લોકોત્તર વ્યક્તિત્વને પિછાણી તે પરમ કરૂણાસિંધુ શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે પૂર્ણ ભક્તિ ભાવિત બની, વિધિપૂર્વક તેમની સેવા, ઉપાસના તથા આજ્ઞાની આરાધના કરી અનંત દુઃખરાશિ સંસાર સાગરના પારને પામી શાશ્વત સિદ્ધિસુખના સ્વામી બનો ! એ શુભ કામના સહ હું વિરમું છું.

**શ્રી નગીનભાઈ જૈન પૌષધશાળા**
પાટણ
વિ.સં. ૨૦૨૨

**પં. કનકવિજય ગણિ**
(આ. રામચંદ્રસૂ. સમુદાયના)
(ભાગ-બીજાના ગુજ. અનુ.)

Let there be a Bow to Sri Sankheswara - Parswanath

# Preface

मिच्छादंसणमहणं, सम्मदंसणविसुद्धिहेउं च ।
चिइवंदणाइ विहिणा, पन्नतं वीयरागेहिं ॥

The rites "Chaityavandana" and others, being performed methodically as prescribed in aphorism by Shri Arihanta gods who are detached from the worldly affairs and are omniscient, are referred to as the ones crushing false perception and purifying right perception.

- Sravaka Prajnapti Gatha 341.

There are many commentaries in vogue on the Chaityavandana Sutra. The oldest one among these commentaries is known as "Lalitavistra" whose compiler and composer is a great scholastic personality and almost able author of scriptures, Acharya Shri Haribhadrasuriswar.

The importance of this commentary in Jainism and Jain scriptures is so great and famous that the author of the great story like "Upamiti Bhavapra Panch Katha". Acharya Sri Siddhasi Gani States as under.

"He having know aptly the future, has created and composed the commentary (named) "Lalitavistra" restoring to Chaityavandana rite and thus has done a great benevolence to me"

Justifying the above statement, Reverend Sri Munichandrasuri Maharaja, who has the preceptor of a great Acharya like Shri Vadi Devasuri renowned as most proficient lawyer in the royal court of Siddharaja Jayasinha, has composed a "Lighutika" (a brief commentary) on "Lalitavistra". In his preface he writes :

"After studying the scripture composed by sugata, the sage Siddharsi, whose mind has become unsteady and who was, the crest Jewel" among all commentators, saw this and acquired enlightenment (Pratibodha). And then he looked upon the composer of this commentary as his preceptor and directed his salutation to him. Who is capable of explaining and expanding the meaning of that commentary ? Nevertheless, I am endeavouring for this task in order to test my memory."

Chaitavandana is such religious rite as is knitted with the necessary day-today acts of a monk or a nun of by Sri Ganadhara gods.

Glorifying this rite, the honourable authors of scriptures announce". Extraordinary, good results are acquired and the acts whose nature is to cover the virtues of knowledge and so on of soul get perished by bowing to the "Chaityas" (i. e. temples) of Sri Jineswara gods. The effect of bowing to the "Chaityas" is just contradictory to the effect of taking

"Karmas", so the act of "Chaityavandana" amounts to supreme pursuatha (Diligencel) "Liberation" and if the act is frequently performed, all the "Karmas" get destroyed.

By preforming the act of chaityavandana, such extraordinary benefit is gained, for it increases pure sentiments. If the act of Chaityavandana is performed on proper lines, the perfomer benefitted by obtaining exalted mind and its instincts.

He who possesses obvious and distinct knowledge of the meaning and mystery of Chaityavandana can only perform it in its true sense of the word.

In the commentary named "Lalitavistra", the commentator Acharya, Sri Haribhadrasuri declares :

"Our effort is to impart the knowledge necessary in bringing about purity in the act of Chaityavandana". Therefore the value of this explanation is very great for those who preform Chaityavandana regularly and the persons who don't perform such sublime act are inspired thereby.

Even today the act of Chaiyavandana in the Jain sway is performed by thousands and millions of people regularly, so this act is "alive". This act ought of be performed silently, religiously and whole-heartedly, there should not be any din and bustle in performing it.

The act of Chaityavandana being performed silently, religiously and wholeheartedly is only accepted by the scriptures. The act full of din and bustle is not considered to be valid. The learned don's have trust and faith such act, and that is verily natural.

There are a number of events of place and others in this "act" Declaring this. Reverend Sri Haribhadrasuri has refuted the person holding the opinion that the "act" is full of din only. Besides the fact, that the act, in which there are place (Sthana), Colour (Varna), Wealth (Artha) and Prop (Alambana), cause the benefits of sublime mind, is justified by him.

The main point of the volume "Lalitavistra" is that in the act of Chaityavandana the "Chaityas" which are saluted are the images of Sri Arithana gods, and the images are named as Chaityas because the salutation and the other acts directed to them result in mind with commanded meditation.

How is the capability of producing mind with commanded deep meditation acquired through the images of Sri Arithanta gods ? The answer to that question is obtained by knowing the form of Bhara Arihanta.

In this commentary the aphorism which is explained at first is 'नमोत्थुण' and that is know as "Sakrastava" also. In this aphorism, thirty-three adjectives are given in order to know the form of "Bhava Arithanta". Each of these adjectives is so pregnant with meaning that Reverend Sri Haribhadrasuri Maharaja endeavoured exceedingly to explain it.

As a result of this endeavour we come to know that Sri Tirthanakara gods are in connection with the three worlds. They have strongly desired for the welfare of all living beings of the three worlds. In order to have vivid vision as to how all living beings should attain complete bliss and peace and how the obstructive 'Karmas' should get destroyed, they have performed in tense penance observed hard restraints, suffered many annoyances and calamities and studied scriptures Systematically by staying in the hermitage of some preceptor. And as a consequence of all self-discipline they gain clean and pure perfection. Because of their great efforts of contemplating on doing benevolence for ever, they acquire the highest position and the most convected title of Tirthanker gods.

At the time of the rise of 'fruit of that pure 'nature' inspite of their being detached, they establish a place of pilgrimage appearing the three worlds and rescuing all from the ocean of life. This place of pilgrimage benefits millions of living beings.

Such a great benevolence can be done by the Tirthankar gods only, not by others. While giving its reason, the commentator, the honoured sage, explaining the adjective पुरिसुत्तमाणं Tirthankar gods, announces that in the souls of Sri Tirthankara there is some specific worthiness from the time immemorial. That worthiness creates a sense of interest of doing benevolence in them and thereby they are ever-benevolent rather than being self centered. This state of having the tendency of doing benevolence all the results in bestowing upon them the highest position. The position of 'Irtha' is due to their worthiness and that worthiness inspires them in doing the acts of belevolence.

Reverend Sri Haribhadrasuri Maharaj says that Sri Tirthankara gods are the best of all souls became they possess the virture of being benevolent more than any other soul. There must be some reason for this happening and that reason lies their in hidden worthiness of the time immemorial. With the agreeable reasons, that worthiness comes into existence. Such excellent virtures of benevolence and others cannot be found even in the souls desirous of salvation (MOKSHA).

This happening is proved by Reverend Sri Acharya by giving a simile. Even if as piece of glass is purified and refined, it doesn't abandon its own 'class' and can never become a jewel. If a jewel is kept in the mean company (of pieces of glass), it will never become a piece of glass.

Such a vast difference is there between a Tirthankara soul and a non-Tirthankara soul. Both of them are desirous of salvation and both of them attain the similar 'form' in salvation. Even them the great sages who are the authors of scriptures have accepted this specific characteristic of the souls of Sri Tirthankaras in this world. Therefore the embodies souls attaining salvation are classified into fifteen kinds, among which one kind is of Tirthankara siddha.

One should believe that the power or lustre in the chaityas (temples) of the Arihanta gods is obtained from the Arihanta gods themselves. Today the followers of Jainism

religiously accept that the power or lustre in the Bhava Arihantas has been derived from their excellent sentiment of doing super welfare through arderous for self-realization of their 'dwellings' full of virtues like love, etc. The earnest feeling of Sri Arihants gods in their third birth, before their attaining the state of Tirthankara, is extremely noble and high. They express their desire thus. 'Let all the living beings in this world be rid of the mud of agony and achieve the abode of liberation, devoid of obstacles and abundant in happiness. How can one achieve this state ? Let them behave accordingly and free themselves from affliction. 'To the Tirthankarar, this is not enough. They think that themselves should have a vivid vision of such sublime path for all the living being and they themselves should bring the path into existence in such a way that by following it each and every embodied soul may achieve liberation.

The superiority of the souls of Sri Tirthankara gods over the other souls can be understand by the illustrations of a piece of glass and a jewel. Thus the glass of Sri Tirthankar gods is believed to be altoghter different by the authors of scriptures. Let the other souls imitate the Tirthankara. Even then how can they obtain such sublime sentiment of the gods ?

Let the feeling of welfare of all living beings be away, but if one has the feeling of welfare of a single soul, one can acquire a planty of merits (Panyas). But the souls, who have the sentiment of doing welfare to all the living beings, who have intense compassion of riding all of affliction and of the net of 'Karmas' and whose hearts are full of virtues owing to the eternal 'Worthiness' can achieve the multitude of best merits. Why can they not acquire such sublime acts of merits ? Because of such sublime acts, of merits, these souls are known as Tirthankaras in scriptures. These acts of merits are the cause of the creation of places of pilgrimage beneficial to all the three worlds. These holy places remain for ever in this world even after the spiritual salvation of the Tirthankara gods. They become incomparable means of achieving salvation for the noble souls.

According to the volume 'Lalitvistara', such high and noble sentiment is found in the souls of Sri Tirthankara gods only: no where else it is found. On account of the power of this sentiment only the soul acquires the name and 'Karma' of a Tirthankara god; the religion and places of pilgrimage get promoted: immorality gets destroyed and embodies souls gain eternal bliss.

Why does it happen so ? For this, there is the doctrine of 'Karma', which is unavoidable and eternal. 'As you sow, so shall you reap'. Nobody can falsify this doctrine. The love and affection of Sri Tirthankara gods is not for one soul only, but it is for all souls. Who except the volume 'Lalitvistara, can explain to us the fact that the Tirthankaras cherish each and every soul much more than their own self ?

We feel that even after mine of the great man like Sri Siddharsi had become unsteady Sri Siddharsi gained steadiness in the Doctrine of Jina because of the generous

sentiments of belevolence in the heart of Sri Tirthankara gods. The thought that they only can be the masters of the Universe and that they only can have the worthiness of becoming the leaders of all the three worlds and the decision to assert that the Arhat Sway is logically sautless, harmonious and unanimous might have created the state of steadiness in Sri Siddharsi, mightn't it ?

It is unanimously accepted that in the Universe there is such a supreme power as does regularly the welfare of all living beings in the world, and it is known as righteousness (Dharma) in scriptures.

A battle between Devilish property and celestial property, Righteousness and Unrighteousness has been going on from the time immemorial. In that battle the Celestrial property vanquished. There must be some reason behind this.

There are virtuous men thinking good of living beings in this world, and in the same way, there are wicked men thinking bad of all.

The wicked think to injure others but all don't get injured. Besides, at the most within six months at least one soul being free from all bondage of 'Karmas' attains salvation. In that case, the diligence of that soul works. Who provides him with inspiration and equipment?

It may be rightly said that the sentiments of Sri Tirthankaras desirous of doing endless good to all living beings and their super-human, unimagined powers are so intense that the sentiments of Tirthankaras are successful. Thousand and millions of souls in this world put forth opposing thoughts which are overcome by the godly sentiments of the Tirthankaras. The power of good is, verily, superior to that of bad.

Even today we directly experience in our life the power of good and bad sentiments. The very experience compel us to comprehand that owing to the excellent sentiment and super-human power of the Tirthankaras, the embodied souls of this worldly life, though sinful, are able to obtain a little happiness, and after a long time becoming religious they are able to acquire Bliss of Salvation.

Taking all this into consideration it is felt that there is only one Almighty and it is Sway of Sri Tirthankara gods, for their sentiment is fir the mass welfare of the whole world for ever, Moreover, they hace enloghtened the universe, and according to it self-siscipline and ardous efforts for self-realization as well as self liberation are being done continuously in this world.

Reverend Sri Hemachandracharya asserts that obedience is for salvation and disobedience is for bondge (in wordily life). Why is the word Ajna (command) is used here ? Ajna means Rule or Sway. Ajna implied the meaning, 'Control of super power.'

Everyone of us believes that the power of 'Karmas' is a super power, but we

come to know from the volume "Lalitvistra" that there is a power greater than 'karma'. This power the super power of the Jain Sway, the super power of the state of the Tirthankara or the super power of the universe.

The Jineswaras and the Tirthankara are the two names but the same personalities. The only thing to know is how their rule is going on.

This rule is more systematic and more beneficial than any other rule in this universe. This rule rids the embodied souls under the super power of 'Karma' of the bondage of 'Karmas', and it also frees them from affliction.

How is such power super power gained by the Jain Rule ? It is the rule of the souls detached from the worldly affairs. This rule would have been known as the Vitaraga Rule or the Sarvajna Rule (the rule of the omniscient) or the Rule of the souls liberated from Karmas. But why is it known as the Rule of the Tirthankaras ?

This rule is recognized as the Jina Rule or the Rule of the Tirthankaras in scriptures. There must be some specific intention behind this. In order to find it out the volume 'Lalitvistra' will be great help to us. With the help of this volume, it will be clear that intention is nothing but the peculiar potentiality of the souls of Sri Tirthankaras from the time immemorial. The similar sentiment of both individual and universal benevolence of the whole world lying in their souls lasts for several births to come.

Such most intense sentiment cannot befound in any one else, because it is strongly belived and proved that none but the Tirthankaras are endowed with the peculiar potentiality.

Their sentiment is so generous that only righteousness and merits are created. There is nor a single particle of selfishness in that sentiment: it is full of doing good to all.

The affection of theirs towards all souls cannot be compared with that of a mother. A mother thinks of the complete welfare of her child. However, it is only mundane, or at the most ethical and in rare case only it is spiritual.

The Tirthankaras love the spiritual welfare of all souls much more than a mother, and that sentiment of spiritual welfare is so useful that the ethical and spiritual welfare is acquired concomitantly until it is accomplished. So the Tirthankaras not only give the happiness of salvation to the embodied souls of this world but also provide them with all sorts of necessary 'equipments' for sponding the happy life without any obstacles and hindrances. There is no exaggeration in stating the above notion.

Because of rihteouness and merits the souls acquire all sorts of comforts. The rule of 'Karma' is, verily, right. However, the Tirthankara gods make those 'Karma' auspicious or inspire souls to perform pious acts. Their power and lustre are unimagined. They have the sentiment of doing good to all souls and from that sentiment there

is the creation of righteousness and places of pilgrimage . Except the Tirthankars, who else can do this ?

There is not at all any difficulty in believing that as long as the sentiment of any other soul is not proved as good as that of the Tirthankaras, there is the total sway of Sri Tirthankara gods only on this universe. On the countrary, it we don't believe it, we become the betrayers of that formost Rule under whose obligation we breathe.

To betray the rule is to Betray the Tirthankara gods beneficent to us all or to betray the sentiment of theirs beneficent to the whole universe.

The abovementioned botion got steady in the mind of Sri Siddhari Gani in accordance with the lines of the volume "Lalitavistra". As a result of that, he addressess reverend Shri Haribhadrasuriswara as his religious, spiritual preceptor and his beneficent friend. Then he eulogizes him whole heartedly and devoutly as if Sri Haribhadrasuriswara had composed this volume for his sake only.

If we say that this volume only made Sri Siddharsi Gani steady, the importance and greatness of this volume is not shown totally, because the value of that volume is not that much only.

The great power of the Rule of Shri Tirthankara gods does the nobel deed of benevolence in this universe. How many persons have trust on it ? If there is no such trust or faith, and in absence of such trust or faith, if there is any sort of negligence or betrayal of the Great power of the Benevolent Rule and thereby if one commits a great sin, this volume "Lalitavistra saves one from that sin and creates true trust or faith in the person. This volume is beneficent to Sri Siddharsi as well as to the person who studies it religiously and who acquires realization of trust by its study.

Righteousness or Religion Commences with the sentiment of benevolence and with the act of abandonment of afflicating others. He who does not possess either of the two is really devoid of righteousness.

All religious authorities unanimously agree on above point. The souls of the Tirthankars reaching the top of these two sentiment are the poineers of religion activities : the some souls are the charioteers of the chariot of religion and they only are the sovereign rules of the kingdom of Religions. Who else excepting the commentary 'Lalitavistara' would explain to us the significance of this fact ? And if it (Lalitavistara) had not explained if how could we have exhibited our devotion and regard towards our benevolent and the great obliging personality of the universe ?

There are certain obligations of the volume "Lalitavistra" which can't be included in this brief preface. Those obligations may be known through study of this volume only. But it is not an easy task to study this volume, for there are philosophy in it, abstract reasoning and logic are well-knitted in it, there is science and art of rhetoric or poetice and also of literature.

The task of reading this volume is tough. Then how tough it would be while thinking, contemplating, digesting and translating into correct language instead of more reading it ! However, appears that to some extent the work has been accomplished.

The persons who have experience of that subject can only know how much the venerable sage would have exerted in translating the volume "Lalitvistra" how much he would have tested his intellect in introducing the high-levelled Sanskrit into Gujarati and how much pain the would have taken in preparing different sorts of notes and critical explanations in order to elucidate the significance of the original volume.

Though the sage have spared no pain in fulfilling his job, we are forced to state that the one hundredth part of the substance of the original volume could not have been translated on proper lines. Instead of believing it to be the deficiency of the translator, we shall have to agree that the volume is so incomprehensible that even if the most proficient erudite personalities language, there will have been found some or other shorcoming.

In our existing group of sages, there is an increase auspicion tendency of studying, reading and contemplating over such volumes of deep subject. It is verily a good sign.

Not only such a version of this volume but a good number of version by different scholars also should have been undertaken. Thus as a result of much exertion, let us look forward to such a time when each and every followers of Jainism while performing the rite of Chaityaradandana and while chanting the aphorisms of the same gets thoroughly absorbed in its meaning.

In order to create such situation, the edition of the aphorisms regarding "Chaityavandana" ought to be translated in the easiest style comprehensible by all old as well as by the young ambition of seeing such an edition published in the near future.

Today we should admit that we would seldom find a very few souls knowing the sense and significance of the "Chiatryavandana" rite from among those thousands and million of the followers of Jainism always performing the rite methodically by reciting the aphorism thrice. In the early morning, at noon and during the dusk.

In this situation, if a change is expected, the number of readers of this volume will have to be increased. This version provides such readers with a useful publication unobtainable till today.

We conclude here with the hope that the desirous souls welcoming this version will take its full advantage so that the exertion of the translator and painstaking efforts of the published may be fulfilled.

**Shri Mohanvijayaji Jain Pathasala**-Jamnagar,
Samvat 2015, Sravan Sudha, Ekadasi, Friday. } **PANDIT BHADRAKARVIJAYA.**

# ★ વિષય પ્રદર્શન ★


| | |
|---|---|
| ૧ | ગ્રન્થકારનું મંગલાચરણ અને ટીકાકારનું મંગલાચરણ |
| ૨ | અધ્યવસાયની અદ્‌ભુત શક્તિ |
| ૩ | સૂત્રનું વ્યાખ્યાનરૂપ વિવરણ, કોણે કેવી રીતે કરી શકે ? તેની મીમાંસા |
| ૪ | મંગલાચરણનો હેતુ તથા અનુબંધ ચતુષ્ટય |
| ૫ | ચૈત્યવંદનસૂત્રની વ્યાખ્યાની સફલતા તથા ચૈત્યવંદનાત્મક ક્રિયાની સફલતા વિષયની ચર્ચા |
| ૬ | સમ્યક્‌ક્રિયા તથા તેના અધિકારીનું ચાલું સ્વરૂપ |
| ૭ | અધિકારીને જ સૂત્રાદિનું દાન કરનારને મળતા મધુર ફલો |
| ૮ | જિનેન્દ્ર ભગવાનનું વચન જ હિત પ્રાપ્તિનો એક ઉપાય છે એ વિષયનું વિવેચન |
| ૯ | અપવાદ પણ ઉત્સર્ગનો એક પ્રકાર છે એ વિષયની ચર્ચા |
| ૧૦ | શ્રેયોમાર્ગ સૂચક વિધિવાક્યો |
| ૧૧ | અધિકારી અનધિકારી વિભાગ |
| ૧૨ | શુદ્ધ દેશનાનું સ્વરૂપ |
| ૧૩ | ચૈત્યવંદનનો વિધિ |
| ૧૪ | નમોત્થુણં સૂત્ર બોલવાનો વિધિ |
| ૧૫ | સંપદાઓનું સંક્ષેપતઃ વર્ણન |
| ૧૬ | વ્યાખ્યાના લક્ષણોનું સ્વરૂપ વર્ણન અને પ્રકૃતમાં ઘટના |
| ૧૭ | વ્યાખ્યાના અંગ રૂપ-જિજ્ઞાસાદિ સપ્તકનું ક્રમશઃ વર્ણન |
| ૧૮ | ઉત્કૃષ્ટ ભાવનમસ્કારના સ્વામી વીતરાગ જ હોય છે એ વિષયની તથા પ્રસંગોપાત ચાર પ્રકારની પૂજાની પ્રૌઢ રચના |
| ૧૯ | 'નમોત્થુણં અરિહંતાણં' એ વાક્યમાં ઈચ્છાયોગ ફલિત થાય છે. તેનું તથા પ્રસંગપર ઈચ્છાયોગશાસ્ત્રયોગ-સામર્થ્યયોગનું અને મિત્રાદિ આઠ દ્રષ્ટિઓનું વિમલ વર્ણન |
| ૨૦ | ભગવત્‌ પદાન્તર્ગત ભગ્‌ શબ્દના અર્થનો વિસ્તાર |
| ૨૧ | સાંખ્યમત પ્રસિદ્ધ-આત્મવિષયક વર્ણન |
| ૨૨ | 'આદિકર' પદનું વિશદ વિવરણ |
| ૨૩ | 'તીર્થંકર' પદનું સૂક્ષ્મ નિર્વચન |
| ૨૪ | 'સ્વયંસંબુદ્ધ' પદનું સુભવ્ય બ્યાન |
| ૨૫ | 'પુરૂષોત્તમ' પદનો ચતુર ચિતાર |
| ૨૬ | 'પુરૂષસિંહ' પદનું સમર્થ વ્યાખ્યાન |
| ૨૭ | 'પુરૂષવર પુંડરીક''પદનું ગંભીર મંથન |

२८ 'पुरुषवर गंधहस्ती' पदनुं विशिष्ट विवेचन
२९ 'लोकोत्तम' पदनुं लोकोत्तर प्रतिपादन
३० 'लोकनाथ' पदनुं नवीन निरूपण
३१ 'लोकहित' पदनुं अनुपम आलोचन
३२ 'लोकप्रदीप' पदनी विशिष्ट व्याख्या
३३ 'लोक प्रद्योतकर' पदनी चतुरजन चमत्कारी चर्चा
३४ 'अभयद' पदनी विशिष्ट विचारणा
३५ 'चक्षुर्द' पदनो प्रौढ परामर्श
३६ 'मार्गद' पदनी मननीय मीमांसा
३७ 'शरणद'पदनुं सुंदर आलेखन
३८ 'बोधिद' पदनुं बोधक व्याख्यान
३९ भावरूप अभयादिनी चर्चा
४० 'धर्मद' पदनुं विशिष्ट विवेचन
४१ 'धर्मदेशक' पदनुं दिव्य पर्यालोचन
४२ 'धर्मनायक' पदनुं रोचक व्याख्यान
४३ 'धर्मसारथि' पदनुं सुशोभन निरूपण
४४ 'धर्मवरचतुरन्तचक्रवर्ती' पदनुं चित्ताकर्षक व्याख्यान
४५ 'अप्रतिहत वरज्ञान दर्शनधर'पदनुं प्रदिपादन
४६ 'व्यावृत छद्म' पदनुं विशिष्ट विवरण
४७ 'जिनजापक' पदनुं झीणवटभर्यु ब्यान
४८ 'तीर्णतारक'पदनी मननीय मीमांसा
४९ 'बुद्धबोधक' पदनी नोंधपात्र चर्चा
५० 'मुक्तमोचक' पदनुं रोचक विवेचन
५१ 'सर्वज्ञ सर्वदर्शी' पदनुं निरूपम निरूपण
५२ 'शिवमचलमरुजमनन्तमक्षय-मव्याबाध-मपुनरावृत्ति-सिद्धिगतिनाम-धेयं स्थानं संप्राप्तेभ्यः पदनुं विशिष्ट व्याख्यान
५३ 'नमो जिनेभ्यः, जितभयेभ्यः' पदनुं लोकोत्तर ब्यान
५४ वचनप्रामाण्य मीमांसाद्वारा सर्वपणानी सिद्धि
५५ नवमी संपदानो करातो उपसंहार
५६ प्रेक्षापूर्वक प्रवृत्ति करनाराओनी जिज्ञासाने लक्ष्यमां राखी तेना जवाबदाररूपे नवेय संपदाओनो क्रमसर खूबीपूर्वक जे उपन्यास करेल छे तेनी चर्चा

૫૭ નાનાવિધ સંપદાઓના ઉપન્યાસનું પ્રયોજન અને અનેકાન્તવાદની સદ્રષ્ટાંત સિદ્ધિ
૫૮ સ્તોત્રના અધિકારી, પાઠવિધિ, સ્તોત્રરૂપ કૃતિના સ્વરૂપના પ્રતિપાદનપૂર્વક પ્રસ્તુત પ્રતિપાત સૂત્રની વ્યાખ્યાની સમાપ્તિ
૫૯ નાનાવિધ(૯)સંપદાઓના ઉપન્યાસનું શોભન શૈલીપૂર્વક દર્શાવેલ પ્રયોજન
૬૦ પ્રબલહેતુ દ્રષ્ટાંતપૂર્વક અનેકાન્તવાદની સિદ્ધિ
૬૧ અરિહંત ચેઈતાણં (અન્નત્થ સહિત) ચૈત્યસ્તવ કે કાયોત્સર્ગ દંડક સૂત્રની સવિવેચન વ્યાખ્યા
૬૨ અર્હચ્ચૈત્યોના વંદના આદિ લાભ નિમિત્તે હું કાઉસગ્ગ કરૂં છું. એ વિષયનું સચોટ વિવેચન
૬૩ પૂજન, સત્કારના અધિકારનો નિર્ણય ... ... ... ... ... ...
૬૪ દ્રષ્ટાંત દ્વારા દ્રવ્યસ્તવ વિષયક ઉપદેશ દાન દ્વારા સાધુઓને દ્રવ્યસ્તવનું કરાવવું નિર્દોષ છે એ વિષયનું ... ... ... ... ... ... ... ... ...
૬૫ વંદન પૂજન સત્કાર સન્માન શા માટે ? એ વિષયનું ... ... ... ...
૬૬ શ્રદ્ધા વિ. થી રહિત કરેલો કાઉસગ્ગ ઈષ્ટ ફલ સિદ્ધિવાળો થતો નથી એ વિષયનું વિવેચન અને વર્ધમાન શ્રદ્ધાનું વર્ણન ... ... ... ... ... ... ...
૬૭ વર્ધમાન મેધાનું વર્ણન ... ... ... ... ... ... ... ...
૬૮ વર્ધમાન ધૃતિ વર્ણન ... ... ... ... ... ... ... ...
૬૯ વર્ધમાન ધારણા વર્ણન ... ... ... ... ... ... ... ...
૭૦ વર્ધમાન અનુપ્રેક્ષા વર્ણન ... ... ... ... ... ... ...
૭૧ બીજાઓના મતથી શ્રદ્ધા વિ. નું ઉપમા સાથે સાધન ... ... ... ...
૭૨ "અન્નત્થ ઉસસિએણં" રૂપ સૂત્રનો આરંભ અને સવિવેચન અર્થ... ... ...
૭૩ "લોગસ્સ" કે નામસ્તવ રૂપ સૂત્રનો આરંભ અને સવિવેચન અર્થ ... ...
૭૪ "સવ્વલોએ અરિહંત ચેઈયાણં" રૂપ સૂત્રની વ્યાખ્યા ... ... ... ...
૭૫ "પુક્ખરવરદીવડ્ઢે" કે શ્રુતસ્તવની સવિવેચન વ્યાખ્યા ... ... ... ...
૭૬ "સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં" રૂપ સૂત્રની વ્યાખ્યા ... ... ...
૭૭ "સિદ્ધાણંબુદ્ધાણં" કે સિદ્ધસ્તવ રૂપ સૂત્રની સવિવેચન વ્યાખ્યા ... ... ...
૭૮ "વૈયાવચ્ચગરાણં" રૂપ સૂત્રની વ્યાખ્યા ... ... ... ... ... ...
૭૯ "જયવીયરાય" કે પ્રણિધાન રૂપ સૂત્રની વ્યાખ્યા... ... ... ... ...
૮૦ પ્રણિધાનપર્યંત ચૈત્યવંદનનું કથન બાદ આચાર્યાદિને વંદના ત્યારબાદ કદાગ્રહના વિરહપૂર્વક યથોચિત કર્તવ્યનું વર્ણન... ... ... ... ... ... ... ...
૮૧ ચૈત્યવંદનાદિ સિદ્ધિ માટે વરસતો સદ્બોધનો ઘોઘ. ત્યારબાદ ચૈત્યવંદન સૂત્રનું માહાત્મ્ય બતલાવી પ્રસ્તુત ગ્રંથની "વિરહ" શબ્દથી સમાપ્તિ ... ... ... ...

卐 શ્રી અભિનંદનસ્વામિને નમઃ 卐

"જગતમાં ઉલ્લાસ લાવે છે આદિત્ય,
જીવનમાં ઉજાસ પ્રગટાવે છે સાહિત્ય...!"

"જ્ઞાન છે જગમાં મહાનિધાન,
સત્જ્ઞાન કરાવે મોક્ષમાં પ્રસ્થાન...!"

પૂ. કર્ણાટકકેશરી, શ્રાવસ્તી તીર્થોદ્ધારક,
આચાર્યદેવ **શ્રીમદ્‌વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા** તથા
પૂ. સરળ સ્વભાવી આચાર્યદેવ **શ્રી અરૂણપ્રભસૂરીશ્વરજી મ.સા.**ની
દિવ્યકૃપાએ પૂ. શાંતમૂર્તિ આચાર્યદેવ **શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.** તથા
પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ **શ્રી વીરસેનસૂરીશ્વરજી મ.સા.**ની સત્પ્રેરણાથી...

**રૂા. ૫૧,૦૦૦/-**

# શ્રી અભિનંદનસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ

અભિનંદનસ્વામી માર્ગ, સાયન (શીવ),
મુંબઈ-૪૦૦ ૦૨૨.

श्री मनमोहन पार्श्वनाथाय नमः

"परमपंथना पंथे करवुं छे प्रस्थान,
आरंभवुं छे अध्यात्मनुं अभियान...
धर्म संस्कृतिनुं करवुं छे उत्थान,
श्रुतभक्त बनी करो ज्ञाननुं बहुमान !"

पू. मराठावाडा देशोद्धारक, तपस्वी आचार्यदेव
**श्रीमद्विजय वारिषेणसूरीश्वरजी महाराज साहेब**नी
सत्प्रेरणाथी...

**३५,००१/-**

# श्री भवानीपुर जैन श्वेताम्बर मूर्तिपूजक संघ

कलकत्ता

## सुकृतना सहभागी

- ज्ञानीवरणीयकर्म, दर्शनावरणीयकर्मना क्षयोपशमथी छे.
- ज्ञानथी ज आत्माने हेय अने उपादेयनुं वास्तविक भान थाय छे.
- शास्त्रवांचन साध्यनुं स्मरण करावे छे.
- स्वाध्याय मन उपर कवचनुं काम करे छे.
- अमारा जेवा प्रमादी अने चरण-करणाहीन एवा आत्माओ माटे समुद्रमां वहाणनी जेम प्रवचन एज तरवाना उपायरूप छे.
- श्रुतज्ञानने संपर्क अने उद्यम वडे सहेलाईथी प्राप्त थाय तेवुं तथा चरण-करणने साधनार तरीके वर्णव्युं छे.

पू. लब्धि-भुवनतिलक-भद्रंकरसूरि पट्टधर पू. शांतमूर्ति

**आचार्यदेव श्रीमद्विजय पुण्यानंदसूरीश्वरजी म.सा.नी प्रेरणाथी...**

**३१. ३१,००१/-**

**श्री मोतीशा लालबाग जैन चेरीटीझ**

२१२, पांजरापोळ स्ट्रीट, मुंबई-४०० ००४.

卐 શાસન અધિપતિ શ્રી મહાવીરસ્વામિને નમઃ 卐

ॐ

"જે સ્વયંની કરાવે ઓળખાણ,
તે જ વાસ્તવિક અને ખરું જ્ઞાન... !"

પૂ. શાંતમૂર્તિ આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

તથા

**પૂ. પ્રવચનકાર મુનિવર્ય શ્રી મહાસેનવિજયજી મ.સા.**

તથા

**મુનિ શ્રી અક્ષયસેનવિજયજીની પ્રેરણાથી...**

**રૂા. ૨૧,૦૦૦/-**

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**

રત્નનગર, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૮.

卐 श्री शंखेश्वर पार्श्वनाथाय नमः 卐

"જ્ઞાન, દ્રવ્યનો કરો સદુપયોગ,
જીવનમાં વધારો જ્ઞાનયોગ... !"
"જ્ઞાન દ્રવ્યનું તમોએ કીધું દાન,
ઉપકાર માનીયે તમારો મહાન... !"

પૂ. સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

તથા

**પૂ. મુનિવર્ય શ્રી વિક્રમસેનવિજયજી મ.સા.**

**ની શુભ પ્રેરણાથી...**

## 卐 સુકૃતના સહભાગી 卐

**રૂા. ૩૦,૦૦૧/-**

**શ્રી ભુવન-ભદ્રંકર સાહિત્ય પ્રચાર કેન્દ્ર**

વી. વી. વોરા - મદ્રાસ

卐 श्री शंखेश्वर पार्श्वनाथाय नमः 卐

"ज्ञान, द्रव्यनो करो सदुपयोग,
जीवनमां वधारो ज्ञानयोग... !"
"ज्ञान द्रव्यनुं तमोए कीधुं दान,
उपकार मानीये तमारो महान... !"

पू. सूरिमंत्र पंचप्रस्थानाराधक आचार्यदेव

**श्रीमद्विजय पुण्यानंदसूरीश्वरजी म.सा.**

तथा

**पू. मुनिवर्य श्री विक्रमसेनविजयजी म.सा.**

**नी शुभ प्रेरणाथी...**

## 卐 सुकृतना सहभागी 卐

**३।.१५,०००/-**
**श्री संभवनाथ जैन श्वेताम्बर मंदिर ट्रस्ट-गुजरी (कोल्हापुर)**
**३।.११,०००/-**
**श्री आत्मकमललब्धिसूरीश्वर जैन ज्ञानमंदिर-दादर-मुंबई**
**३।.११,०००/-**
**श्री जैन श्वेताम्बर मूर्तिपूजक संघ-आदोनी (ए.पी.)**

卐 श्री शंखेश्वर पार्श्वनाथाय नमः 卐

"જ્ઞાન, દ્રવ્યનો કરો સદુપયોગ,
જીવનમાં વધારો જ્ઞાનયોગ... !"
"જ્ઞાન દ્રવ્યનું તમોએ કીધું દાન,
ઉપકાર માનીયે તમારો મહાન... !"

પૂ. સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

તથા

**પૂ. મુનિવર્ય શ્રી વિક્રમસેનવિજયજી મ.સા.**

**ની શુભ પ્રેરણાથી...**

## 卐 સુકૃતના સહભાગી 卐

**રૂા.૧૧,૦૦૦/-**
**શ્રી જૈન ધર્મફંડ પેઢી, શ્રીમાળી પોળ-ભરૂચ**
**રૂા.૧૧,૦૦૦/-**
**શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન શ્વેતામ્બર મંદિર ટ્રસ્ટ-લક્ષ્મીપુરી (કોલ્હાપુર)**
**રૂા.૧૧,૦૦૦/-**
**શ્રી હીરસૂરીશ્વરજી જગતગુરૂ શ્વે.મૂ.પૂ. તપા. જૈન સંઘ ટ્રસ્ટ-મલાડ (ઈ), મુંબઈ**

卐 શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

"જ્ઞાન, દ્રવ્યનો કરો સદુપયોગ,
જીવનમાં વધારો જ્ઞાનયોગ... !"
"જ્ઞાન દ્રવ્યનું તમોએ કીધું દાન,
ઉપકાર માનીયે તમારો મહાન... !"

પૂ. સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક આચાર્યદેવ

**શ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.** તથા

**પૂ. મુનિવર્ય શ્રી વિક્રમસેનવિજયજી મ.સા. ની શુભ પ્રેરણાથી...**

## 卐 સુકૃતના સહભાગી 卐

| | |
|---|---|
| રૂા.૫૦૦૧/- | શ્રી રતનનગર આરાધકબેનો-બોરીવી-મુંબઈ |
| રૂા.૫૦૦૧/- | શ્રી શાહુપુરી શ્રાવિકા સંઘ-કોલ્હાપુર |
| રૂા.૫,૦૦૦/- | શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ-કર્નુલ (એ.પી.) |
| રૂા.૫,૦૦૦/- | શ્રી શાંતિનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક પેઢી-છાણી |
| રૂા.૫,૦૦૦/- | સા. સુવ્રતાશ્રીના શિષ્યા સા.વર્યા સરસ્વતીશ્રીના સદુપદેશથી શ્રી જૈન શ્રાવિકા સંઘ, શ્રીમાળી પોળ-ભરૂચ. |
| રૂા.૫,૦૦૦/- | શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ-ભિવંડી |
| રૂા.૫,૦૦૦/- | શ્રી સા. સુવ્રતાશ્રીની શિષ્યા સા.વર્યા જિતેન્દ્રશ્રીની પ્રેરણાથી શ્રી સુપાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ-દાવણગિરિ |

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥
॥ पू. आचार्य श्री हरिभद्रसूरीश्वराय नमः ॥
॥ लब्धि-भुवनतिलक-भद्रंकरसूरीश्वरेभ्यो नमः ॥
- ऐँ नमः -

**पू. तार्किकशिरोमणि, याकिनीमहत्तरासूनु**
**आ. हरिभद्रसूरीश्वर विरचित**

# ललित-विस्तरा महाग्रंथ

-: गुजराती अनुवादक :-
पू. कर्णाटकेशरी संस्कृतविशारद, आचार्यदेव श्रीमद्‌विजय
**भद्रंकरसूरीश्वरजी महाराज साहेब**

ललितविस्तरा नामनी चैत्यस्तववृत्तिनी रचनानी शरुआतमां शिष्टोनो आचार पालवानो अने विघ्ननी शांतिनो उद्देश राखी प्रेक्षावंत (मतिमान) नी प्रवृत्ति माटे मंगलने, अभिधेयने अने सामर्थ्य-शक्तिगम्य संबंधने कहेवानी कामनावाळा, याकिनी-महत्तरासूनु सूरिपुरंदर श्रीमान् हरिभद्रसूरीश्वरजी महाराजा कहे छे के :-

**प्रणम्य भुवनालोकं, महावीरं जिनोत्तमम् ।**
**चैत्यवन्दनसूत्रस्य व्याख्येयमभिधीयते ॥ १ ॥**

**શબ્દાર્થ**-ચરાચર સમસ્ત જગત્ને (સકલ વિશેષ સામાન્યરૂપ વિષય-પદાર્થ-જ્ઞેયને કેવલજ્ઞાન અને કેવલદર્શન દ્વારા) જાણનારા અને દેખનારા તથા અવધિજિન, પરમાવધિજિન, અનંતાવધિજિન, સર્વાવધિજિન, સામાન્ય કેવલિજિન આદિ જિનોમાં પ્રધાન, ચરમ તીર્થંકર એવા શ્રી મહાવીરસ્વામીભગવાને પ્રકર્ષથી (ભક્તિ અને શ્રદ્ધાના અતિશયથી) નમીને, પ્રસિદ્ધ ચૈત્યવંદનસૂત્રનું આ વિવરણ-વિવેચન મારા વડે કહેવાય છે;-મારાથી પ્રતિપાદિત કરાય છે.

**વિવેચન**-મહાવીરદેવને પ્રણામરૂપ ભાવમંગલાચરણ વડે શિષ્ટાચારનું પાલન જે કર્યું છે તે એટલા માટે છે કે શિષ્ટાચારનું પાલન એ શિષ્ટપણું પામવાનું નિદાન છે. **"शिष्टाः शिष्टत्वमायान्ति शिष्टमार्गानुपालनात्"** અને એથી જ સૂરિપુરંદર આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું શિષ્ટત્વ ચમકે છે. ઝળકે છે. **'महाजनो येन गतः स पन्थाः'** એ ન્યાયે મહાપુરૂષો શિષ્ટ પુરૂષોના માર્ગનું આચરણ અવશ્યમેવ કરે છે. આ નિયમથી આચાર્યશ્રીએ મંગલાચરણનું અનુકરણ કરેલ છે.

વળી આ મંગલ, આરંભેલ ગ્રંથમાં આગંતુક વિઘ્નોના વાદળોને તીવ્ર પવનની જેમ વિખેરી નાંખે છે. ગ્રંથના પ્રારંભથી તે સમાપ્તિ સુધી આવતા વિઘ્નોને દૂર કરવા મંગલ, ઋષિ-મહર્ષિ-પરમર્ષિ બધાને ય અવશ્ય કર્તવ્ય છે. કારણ કે શ્રેયસ્કારી કાર્યોમાં વિઘ્નો વગર બોલાવ્યે આવે છે, માટે જ કહ્યું છે, કે **'श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि'** મંગલકારી કાર્યોમાં મહાપુરૂષોને પણ વિઘ્નો-ખડકો નડે છે.

એટલે જ વિઘ્નવિદારણસમર્થ ઈષ્ટદેવતાનમસ્કારરૂપ મંગલ કરણીય જ છે. કારણકે; વીતરાગઅરિહંત પ્રત્યે પ્રીતિભક્તિપૂર્વકની કરેલી સ્તુતી કે નમસ્કારથી આત્મામાં શુભ કે શુદ્ધ અધ્યવસાયનો આવિર્ભાવ કે આવિષ્કાર થાય છે. તથા અતિશયવિકસિત ભક્તિશ્રદ્ધાદિગુણપૂર્વક શુભ અધ્યવસાયથી[1] ક્લિષ્ટકર્મમલનો ધ્વંસ થવાથી પ્રસ્તુત ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ થાય છે.

**શંકા**-આ મહાવીરદેવને પ્રણામરૂપ ભાવમંગલાચરણ, તેઓશ્રીએ મનમાં કર્યું હોત તો પણ ચાલતે, તો ગ્રંથમાં અક્ષરબદ્ધ-લિપિબદ્ધ કરવાની શી જરૂર ?

**સમાધાન**-શિષ્યોને શિષ્ટોનો આચાર સમજાવવા, પ્રમાદી-ભૂલકણા શિષ્યોને ગ્રંથપઠનની શરૂઆતમાં મંગલાચરણ કરતાં ભૂલચૂક ન થાય વિગેરે અનેક ઉપકાર નિમિત્તે ગ્રંથબદ્ધ મંગલાચરણ કરેલ છે.

---

**૧ અધ્યવસાયની તાકાત એટલી તીવ્ર છે, કે જેને લઈને જો અશુભ અધ્યવસાય હોય તો તેના યોગે અન્તર્મુહૂર્ત્ત જેટલા લઘુકાલમાં સાતમી નરકને લાયક કર્મદલિકો (દળીયાં) એકઠાં કરે છે અને શુભ અધ્યવસાયના પ્રતાપે શ્રી મરૂદેવા માતા વિગેરેના દૃષ્ટાંતે અલ્પકાલમાં મોક્ષપદ પણ મેળવી શકે છે, એજ શુભ અધ્યવસાય વિશેષથી અનિકાચિત એવા સર્વ કર્મોના સ્થિતિ રસની અપવર્તના-હાનિ (અને ઉદ્વર્ત્તનાવૃદ્ધિ) થાય છે તથા જ્ઞાનપૂર્વક ક્ષમા-પ્રધાન તીવ્રતપશ્ચર્યાના યોગે નિકાચિત બંધવાળા કર્મોની સ્થિતિ અને રસનો ઘટાડો થઈ શકે છે. કહ્યું છે કે 'सव्वपगइणमेवं, परिणामसादुवक्कमो होज्जा । पायमनिकाईआणं तवसाओ निकाईआणंपि ॥ सर्वप्रकृतीनामेवं परिणामवशादुपक्रमो भवेत् ॥ प्रायमनिकाचितानां तपसा निकाचितानामपि ॥ छाया ॥**

**અર્થ-ઘણું કરીને અનિકાચિતબંધવાળી સર્વકર્મપ્રકૃતિઓનો (એટલે તેઓના સ્થિતિરસનો) પરિણામના યોગે ઉપક્રમ (ઘટાડો ને વધારો) થાય છે અને તપથી નિકાચિત કર્મનો પણ ઉપક્રમ થાય છે.**

હવે આચાર્યમહારાજાએ જે આ ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા (વિવરણ) કરવાની પ્રતિજ્ઞા કરી છે તે શું સમસ્તપણાએ (સર્વ પ્રકારે) સૂત્રની વ્યાખ્યા કરવાના છે કે સંક્ષેપથી (ન્યૂન પ્રકારે) સૂત્રનું વિવરણ કરવાના છે ? તેનો ખુલાસો કરવા શાસ્ત્રકાર-વ્યાખ્યાકાર, સમસ્ત પ્રકારે સૂત્રનું વિવરણ કરવાનું મારી પાસે સામર્થ્ય નથી એ કહેવા બીજા શ્લોકને રચે છે.

**अनन्तगमपर्यायं सर्वमेव जिनागमे । सूत्र यतोऽस्य कात्स्न्र्येन व्याख्यां कः कर्तुमीश्वरः ? ॥ २ ॥**

**શબ્દાર્થ**-જૈનશાસનમાં, વીતરાગ કથિત આગમવર્તી બધાંજ-સઘળાંય સૂત્ર, અનંતાગમ (અર્થમાર્ગો) વાળા, અનંતા પર્યાયવાળા છે તો આ ચૈત્યવંદન સૂત્રની સમસ્તપણાએ (સર્વ પ્રકારે) વ્યાખ્યા કરવાને કોણ સમર્થ છે ? અર્થાત્ કોઈ શક્તિમાન્ નથી.

**વિવેચન**-જૈનશાસનમાં શબ્દરચનારૂપ સકલસૂત્રો, અનંતા (અનંતનામની સંખ્યાવિશેષથી અનુગત-વ્યાપ્ત) અર્થમાર્ગો (ગમાઓ) થી તથા અનુવૃત્તિરૂપ-ઉદાત્તાદિ-અક્ષરના અનંતા[1] સ્વપર્યાયો અને વ્યાવૃત્તિરૂપ પર પર્યાયો-જ્ઞાનાંશોથી પરિપૂર્ણ છે.

તેથી આ સૂત્રની સર્વ પ્રકારે વ્યાખ્યા કરવાને કોણ શક્તિસંપન્ન છે ? અર્થાત્ કોઈ શક્ત નથી. કેમકે; ચતુર્દશપૂર્વધર, આ મજકૂરસૂત્રની સર્વ પ્રકારે વ્યાખ્યા કરવાને સમર્થ છે. કહ્યું છે કે **'शक्नोति कर्तुं श्रुतकेवलिभ्यो न व्याससोऽन्यो हि कदाचनाऽपि'** ઈતિ શ્રુતકેવલી ચતુર્દશપૂર્વધર શિવાય બીજો, વિસ્તારથી-સમસ્તપણાએ સૂત્રવ્યાખ્યા કરવાને કદાચિત્ પણ સમર્થ નથી.

તથાચ આવશ્યકસૂત્ર એ જિનાગમસૂત્ર છે, અને ચૈત્યવંદનસૂત્ર, આવશ્યકસૂત્રાન્ર્ગત સૂત્ર છે એટલે મજકૂર ચૈત્યવંદન સૂત્રનું સમસ્ત પ્રકારે વ્યાખ્યાન મારી શક્તિ બહારનો વિષય છે. કારણ કે હું ચતુર્દશપૂર્વધર નથી. ૨.

---

**૧ શ્રુતજ્ઞાનમાં પણ સ્વ અને પરના ભેદથી અનંતપર્યાયો કહેલા છે, તેમાં અક્ષરશ્રુત ઈત્યાદિ સ્વપર્યાય કહેલા છે, તથા ક્ષયોપશમના વિચિત્રપણાથી અને વિષયના અનંતપણાથી શ્રુતાનુસારિ જ્ઞાનનું અનંતપણું હોવાથી તે સ્વપર્યાયો અનંત છે. અથવા નિર્વિભાજ્ય અંશો વડે કરીને પણ તે (સ્વપર્યાયો) અનંત છે, અને આ શ્રુતજ્ઞાનમાં પૂર્વોક્ત રીતે પરપર્યાયો તે પણ અનંત છે અથવા શ્રુતજ્ઞાન તે શ્રુતગ્રંથને અનુસારે હોય છે, અને શ્રુતગ્રંથ તે અક્ષરરૂપ છે, અને તે અક્ષરો અકારાદિ છે, વળી તે પ્રત્યેક (અકારાદિ) અક્ષર ઉદાત (જે અક્ષરના ઉચ્ચારમાં વાયુ ઊંચે સ્પર્શ કરીને જાય તે) અનુદાત્ત (વાયુ નીચે સ્પર્શ કરીને જાય તે) સ્વરિત (સમવૃત્તિથી જેનું ઉચ્ચારણ થાય તે) એ પ્રત્યેક હ્રસ્વદીર્ઘપ્લુત ભેદે નવ (૯) અને તે સર્વે સાનુનાસિક-નિરનાસિક ભેદે પ્રત્યેક ૧૮-૧૮ ભેદે છે. અલ્પ પ્રયત્ન અતિપ્રયત્ન સાનુનાસિક (મુખ નાકથી ઉચ્ચારણ કરાતો વર્ણ) નિરનુ નાસિક-મુખે કરીને ઉચ્ચારણ કરાતો ઈત્યાદિ વિશેષોથી, સંયુક્ત યોગ (બ્ધ-પ્ર-પ્ત ઈત્યાદિ સંયુક્તૈકાક્ષરયોગી) અસંયુક્ત યોગ (વ્ ધ્ પ્ ઈત્યાદિ અસંયુક્તૈકાક્ષર સંયોગી) ત્રિસંયોગી (બ્નપ્રબ્ધ ઈત્યાદિ ત્રિસંયોગી પણ કહેવાય) ઈત્યાદિ સંયોગ ભેદથી અને અભિધેય (શ્રુતવિષયક) ભાવોના અનંતપણાથી શ્રુતજ્ઞાન અનંતભેદવાળું છે. કેવલ અકાર અને અન્યઅક્ષરયુક્ત અકાર જે પર્યાયો પામે છે તે સર્વ પર્યાયો એ અકારના સ્વપર્યાયો છે. અને તેથી બીજા પરપર્યાયો છે. અને એ પ્રમાણે સિદ્ધાંતમાં અથવા શ્રુતજ્ઞાનમાં પ્રત્યેક અક્ષર અનંત સ્વપર્યાય અને અનંત પરપર્યાયવાળો છે, અને તે પર્યાયો સર્વદ્રવ્યના પર્યાયરાશિ જેટલા છે. "કેવળ અને શેષ વર્ણ યુક્ત અકાર જે પર્યાયોને પામે છે તે**

ગ્રંથકાર મજકૂર સૂત્રની સમસ્તરૂપથી વ્યાખ્યાની અશક્તિ બતાવીને વસ્તુતઃ સંપૂર્ણપણે વ્યાખ્યાનરૂપ પ્રથમપક્ષને છોડી બીજા પક્ષનો-સંક્ષેપ વ્યાખ્યાનનો આશ્રય સફલ છે. એમ બતાવવા બે શ્લોકની રચના કરે છે.

**यावत्तथापि विज्ञातमर्थजातं मया गुरोः ॥ सकाशादल्पमतिना तावदेव ब्रवीम्यहम् ॥ ३ ॥**

**ये सत्त्वाः कर्मवशतो, मत्तोऽपि जडबुद्धयः । तेषां हिताय यदतः सफलो मे परिश्रमः ॥ ४ ॥**

**શબ્દાર્થ**-તો પણ શ્રીગુરૂજીની પાસેથી મેં અલ્પ મતિવાળાએ જેટલા અર્થો જાણ્યા છે તેટલા જ અર્થો હું કહીશ. જે પ્રાણીઓ કર્મવશથી મારાથી પણ સ્થૂલ બુદ્ધિવાળા છે તેઓના હિત માટે મારો પરિશ્રમ ફળવાળો છે.

**વિવેચન**-મજકૂર સૂત્રની સંપૂર્ણ પ્રકારે વ્યાખ્યા કરવાની અશક્તિ હોવા છતાંય ચૈત્યવંદનસૂત્રના અર્થ (અભિધેય) પ્રકાર કે સમૂહ, વ્યાખ્યાતા-ગુરૂની નિશ્રાએ રહી તેમની પાસેથી જેટલા મેં જાણ્યા છે તેટલા જ અર્થો કે પ્રકારને ગુરૂની બુદ્ધિની અપેક્ષાએ અલ્પ બુદ્ધિવાળો હું કહીશ. **'अर्थबुध्दवा शब्दरचना'** એ ન્યાય અહીં અચૂક લાગુ પડે છે. કારણ કે, અર્થજ્ઞાન એ શબ્દ પ્રયોગ-રચનામાં કારણ છે.

જો કે, કેટલાક અધિક બુદ્ધિવાળા શિષ્યો, ગુરૂની પાસેથી સાંભળતાં અધિક પણ જાણનારા હોય છે અને ગુરૂની સરખી બુદ્ધિવાળા શિષ્યો ગુરૂની પાસે સાંભળતાં સરખું જાણનારા હોય છે, પણ હું તો ગુરૂથી અલ્પ બુદ્ધિવાળો હોવાથી ગુરૂએ દર્શાવેલ અર્થથી પણ હીન અર્થોને જાણવાવાળો છું. એટલે અલ્પમતિવાળો હું ગુરૂજીએ બતાવેલ અર્થોથી હીન અર્થોને કહું છું. ॥ ૩ ॥

ગુરૂએ બતાવેલ તમામ અર્થોને નહિ જાણવા છતાંય આ અવસર્પિણીકાળના પ્રખરપ્રભાવે પ્રાણીઓની બુદ્ધિનો હ્રાસ થતો જાય છે, તો, જેઓ મારાથી પણ અલ્પબુદ્ધિવાલા છે તેઓના માટે મારો આ પરિશ્રમ જરૂર ફલદાયી છે. આ વાતને બતાવવા સારૂં કહે છે કે; જે પ્રાણીઓ મારાથી પણ અધિક જડમતિવાળાઓ છે તેઓના હિતના માટે આ સૂત્રની વ્યાખ્યા (વિવરણ) કરતા મને મારા આ વિષયના પરિશ્રમની સફળતામાં બિલકુલ સંદેહ નથી. કારણ કે સ્થૂલમતિ પ્રાણીઓને આ સૂત્રના અર્થનો બોધ થાઓ ! એ રૂપ ફલને ઉદ્દેશીને મારો પ્રયાસ છે. માટે આ વિષયનો પ્રયાસ અચૂક ફળવાળો જ છે.

મારાથી અધિક બુદ્ધિવાળાઓ ચૈત્યવંદનસૂત્રના વ્યાખ્યાનરૂપ આ ગ્રંથને જોઈને આનંદ-પ્રમોદનો અનુભવ કરશે. જ્યારે સરખી મતિવાળાઓ આ મારા ગ્રંથને નીરખી દિલથી હરખી મધ્યસ્થપણાને અવલંબશે. મતલબ કે અધિક બુદ્ધિવાળાઓ ઉપર અને સરખી મતિવાળાઓ ઉપર ઉપકાર કરનાર આ વિવરણ નથી. પરંતુ

---

**તેના સ્વપર્યાય છે, અને શેષ એટલે શંષ વર્ણ સંબંધી અને ઘટાદિ અન્ય પદાર્થ સંબંધી પર્યાયો તે તેના એટલે અકારના પરપર્યાયો છે" એ પ્રમાણે સિદ્ધાંતમાં શ્રુતજ્ઞાન આવા પ્રકારના અનેક અક્ષરના પર્યાયના સમૂહવડે સહિત છે. તે કારણથી શ્રુતજ્ઞાન અનંત પર્યાયવાળું સિદ્ધાંતમાં કહેલ છે (લોક પ્ર, તૃ. સ. દ્વાર ૨૬ પ્રત્યેક અક્ષર અને તેના સંયોગોની જેટલી સંખ્યા છે તેટલા અર્થાત્ અનંત શ્રુતના પ્રકારો છે. શ્લો. ૨૨-૩૨) વિશેષા.ની ૪૪૫ મી ગાથા.**

मारાથી પણ સ્થૂલબુદ્ધિવાળાઓ ઉપર ઉપકાર કરનાર છે.. મારો આ પરિશ્રમ ચૈત્યવંદન સૂત્રાર્થના જ્ઞાનરૂપ ફલને આપનાર હોવાથી અવશ્ય સફલ છે.

**तथाच**-બુદ્ધિમાનો તે જ શાસ્ત્રને ઉપાદેય ગણે છે કે- જેમાં મંગલ, અભિધેય, પ્રયોજન અને સંબંધનો સદ્‌ભાવ હોય. અભિધેય વગરનો ગ્રંથ ગ્રાહ્ય થતો જ નથી. માટે આચાર્યશ્રીએ શરૂઆતની પહેલી કારિકામાં પ્રભુ મહાવીરદેવને નમસ્કારરૂપ મંગલની વિદ્યમાનતા પ્રગટ કરી, અને ચૈત્યવંદન સૂત્રના અર્થો અહીં અભિધેય છે. એમ **'चैत्यवन्दन सूत्रस्य व्याख्येयमभिधीयते'** આ વાકય રચનાથી બતાવ્યું. અને ત્રીજી કારિકાથી પણ એજ વાત કહેલ છે. અને ચોથી કારિકાથી વ્યાખ્યાનું પ્રયોજન બતાવે છે. પ્રયોજનના બે પ્રકાર છે. એક અનંતર ને બીજું પરંપર, અહીં અનંતર પ્રયોજન સાક્ષાત્ **'तेषां हिताय'** આ વાકયથી કહેવાયું છે. અર્થાત્ ગ્રંથકારને પ્રાણિ ગણ ઉપર ઉપકાર, અને શ્રોતાને અર્થજ્ઞાનપ્રાપ્તિ, અનંતર પ્રયોજન-ફલ છે. ગ્રંથકાર તથા શ્રોતાને બંનેને પરંપર ફલ મુક્તિ છે. કેમકે ગ્રંથકારોને અને શ્રોતાઓને આખરી ઉદ્દેશ મોક્ષ હોય છે અને સર્વજ્ઞ પ્રણીત સૂત્ર વ્યાખ્યારૂપ ગ્રંથો મોક્ષસાધક હોય છે તથા સામર્થ્યથી ગમ્ય સંબંધ જાણવો. ચૈત્યવંદનસૂત્રરૂપ શાસ્ત્ર એ પ્રતિપાદક છે ને તેનો અર્થ પ્રતિપાદ્ય છે એટલે પ્રતિપાદ્ય પ્રતિપાદક સંબંધ તથા અભિધાનઅભિધેય, વાચ્યવાચક સંબંધ વિગેરે સંબંધો જાણવા. આ રીતિએ આ ગ્રંથમાં અનુબંધચતુષ્ટય દર્શાવેલ હોઈ બુદ્ધિવંતોને આ સૂત્ર ઉપાદેય જ છે.

હવે જ્યારે ગ્રંથકારે પોતાનો પરિશ્રમ ફલવાળો છે, એમ ઉદ્‌ઘોષણા કરી ત્યારે આ ઘોષણા કે ગર્જનાને નહિ સહન કરતો ને ગર્વનું વહન કરતો વાદી શંકા કરે છે, કે- **अत्राहचिन्त्यमत्र साफल्यं चैत्यवन्दनस्यैव निष्फलत्वादिति.**

**शब्दार्थ**-મંગલાચરણ વિગેરેનું નિરૂપણ થયા પછી વાદી સફલતાનું ખંડન કરવા કહે છે કે; ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનનો પરિશ્રમ, સફલ નથી, કારણ કે; ચૈત્યવંદન પણ ફલ વગરનું છે. મૂલમાં કહેલો ઈતિ શબ્દ પરવાદીનું વકતવ્ય પૂરૂં થયું એમ સૂચવે છે.

**विवेचन**-જ્યારે મજકૂર સૂત્રના વ્યાખ્યાનના પરિશ્રમની સફલતા બતલાવી ત્યારે વાદીચૈત્યવંદનને નિષ્ફલ બનાવતો વિવરણની નિષ્ફલતાનું પ્રતિપાદન કરવા તૈયાર થાય છે. તથાહિ-

**पूर्वपक्ष**-ચૈત્યવંદનક્રિયાનું તેમજ ચૈત્યવંદનસૂત્રનું મિષ્ટાન્ન ભોજન વિગેરે રૂપ કોઈ પણ પુરૂષ ઉપયોગી ફળ મળતું નથી. માટે તે ક્રિયા તેમજ તે સૂત્ર ફલ વગરના છે. જે ફલ વગરનું છે તેના વિષયના વ્યાખ્યાનનો આરંભ પણ ફલ વગરનો ગણાય. કારણ કે, ફલ સદા આરંભની સાથે વ્યાપક ન હોવાથી વ્યાખ્યાનનું ફલ, આરંભની સાથે વ્યાપક ન હોવાથી વ્યાખ્યાન સુતરાં નિષ્ફળ છે.

વસ્તુતઃ ચૈત્યવંદનસૂત્રવિષયક વ્યાખ્યાનનું કોઈ પણ જાતનું ફળ નથી. કેમકે; પહેલાં ચૈત્યવંદનની સફલતા સિદ્ધ થાય તો ચૈત્યવંદનસૂત્રવિષયક વ્યાખ્યાનપરિશ્રમની સફલતા સાબીત થાય. પણ ચૈત્યવંદનદ્વારા પુરૂષને ઉપયોગી કોઈ ફળજ દેખાતું નથી. અને જે નિષ્ફળ છે તેનો કાંટાની શાખાના મર્દનની (ચોળવાની) માફક આરંભ ન જ કરવો જોઈએ. અતઃ ચૈત્યવંદનસૂત્રવિષયકવ્યાખ્યાનના આરંભનો પ્રયાસ વ્યર્થ છે.

વળી જે ફળ હોય છે તે આરંભની સાથે વ્યાપક હોય છે અને વ્યાખ્યાન વ્યાપકરૂપ ફલના અભાવવાળુ છે. અપરં ચ **'तथा च चैत्यवंदनव्याख्यानमितिव्यापकानुपलब्धिः'**

ઉદાહરણની સાથે ઘટના-આ પ્રદેશમાં પનસ નથી કારણ કે; ઝાડ દેખાતું નથી. આમાં પનસ એ વ્યાપ્ય છે ને ઝાડ એ વિરુદ્ધ વ્યાપક છે. જો વ્યાપક હોય તો તો વ્યાપકરૂપ પનસનો સંભવ હોય. પરંતુ વ્યાપક ઝાડ ન હોવાથી વૃક્ષનું વ્યાપ્ય પનસ પણ નથી. આ રીતે અવિરુદ્ધ વ્યાપક જે ઝાડ, તેની અવિદ્યમાનતા, એજ અહીં હેતુ તરીકે છે તેથી પનસરૂપ પ્રતિષેધ્ય સિદ્ધ થાય છે. તેવી રીતે ચૈત્યવંદનની વ્યાખ્યાના પરિશ્રમની સફલતા નથી, કારણ કે, ચૈત્યવંદનની નિષ્ફળતા છે, અહીં હેતુ વ્યાપકાનુલબ્ધિ રૂપ સમજવો. ચૈત્યવંદનની સફળતા એ અવિરૂદ્ધ વ્યાપક છે. જો ચૈત્યવંદનની સફળતા રૂપ વ્યાપ્ય હોય, પરંતુ ચૈત્યવંદનની સફલતા રૂપ વ્યાપક નહિ હોવાથી, ચૈત્યવંદનના વ્યાખ્યાનના પરિશ્રમની સફલતા રૂપ વ્યાપ્ય નથી. આ રીતે અવિરુદ્ધ વ્યાપક રૂપ ચૈત્યવંદનની સફલતા એની અવિદ્યમાનતા હેતુ તરીકે છે. તેથી ચૈત્યવંદનના વ્યાખ્યાનના પરિશ્રમની સફલતારૂપ પ્રતિષેધ્ય સિદ્ધ થાય છે. (અહીં શિશમનું ઝાડ નથી, કારણ કે કોઈપણ ઝાડ જણાતું નથી એ ઉદાહરણ પણ લેવું.)

ઉપર પ્રમાણે વાદીએ, ચૈત્યવંદનની નિષ્ફલતાની સિદ્ધિ થયે તેના વ્યાખ્યાન પરિશ્રમમાં નિષ્ફલતા છે એમ સિદ્ધ કર્યું. તેથી ગ્રંથકાર ચૈત્યવંદન નિષ્ફલતાને નિષ્ફલ બનાવતા અને બતાવતા કહે છે કે-

**अत्रोच्यते, निष्फलत्वादित्यसिद्धं, प्रकृष्टशुभाध्यवसायनिबन्धनत्वेन ज्ञानावरणीयादिलक्षणकर्म्मक्षयादिफलत्वाद्, उक्तं च- ''चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते । तस्मात्कर्म्मक्षयः सर्वं ततः कल्याणमश्नुते ॥ १ ॥ इत्यादि ॥''**

**શબ્દાર્થ**-વાદીએ ચૈત્યવંદન નિષ્ફળ હોઈ ચૈત્યવંદનનો વ્યાખ્યા-પ્રયાસ નિષ્ફલ છે. માટે વ્યાખ્યાનો નિષ્ફલ આરંભ ન કરવો જોઈએ વિગેરે કહી જે ચૈત્યવંદનના આરંભની સફલતાનું ખંડન કરેલ છે. તે ખંડનનું ખંડન કરી હવે સફળતાનું મંડન કરતાં જવાબ આપે છે કે, હે વાદિન્ ! તે ચૈત્યવંદનનો નિષ્ફલતારૂપ જે હેતુ કહેલ છે તે સાચો હેતુ નથી. (પરંતુ પાંચમી વિભક્તિ છેડે હોવાથી કેવલ હેતુને સૂચવે છે. એથી તમોએ કહેલ તે હેતુ અસિદ્ધ છે.) એટલે કે, અસિદ્ધિ નામના હેતુ દોષથી કલંકિત છે. વસ્તુતઃ ચૈત્યવંદન સફલ છે કારણ કે લોકોત્તર કુશલ પરીણામ જનનદ્વારા જ્ઞાનાવરણીય વિગેરે કર્મના ક્ષયાદિરૂપ ફલ હોય છે. કહ્યું છે કે 'ચૈત્યવંદનથી શુભાનુબંધી (પુણ્યઅનુબંધી) પ્રકૃષ્ટભાવ પેદા થાય છે અને ઉત્કૃષ્ટ પુણ્યઅનુબંધી ભાવથી કર્મના ક્ષયરૂપ ફળ થાય છે તેથી સકલ કલ્યાણને (મોક્ષને) મેળવે છે.''

**વિવેચન**-હે વાદિન્ ! તેં કહ્યું હતું કે; ચૈત્યવંદનના વ્યાખ્યાનનો પરિશ્રમ ફોગટ છે. કેમકે; ચૈત્યવંદન વ્યર્થ છે. ત્યારબાદ તેં ચૈત્યવંદનની વ્યર્થતા સાબીત કરવા પુરૂષને ઉપયોગી કોઈ પણ ફલ દેખાતું નથી, એ હેતુ આપ્યો હતો. પછી જે ફોગટ હોય તેનો કંટકશાખા મર્દનની માફક આરંભ (પ્રયાસ) ન કરવો જોઈએ વિગેરે કહી, છેવટના તેં કહ્યું કે ચૈત્યવંદનસૂત્રની વ્યાખ્યાનો આરંભ નહિ કરવો જોઈએ, આ તારૂં કથન વજુદ વગરનું છે, કારણ કે; **'हेतुस्वरूपाप्रतीतिप्रयुक्ताप्रतीतव्याप्तिको हेतुरसिद्धः'** જ્યાં 'હેતુના સ્વરૂપની

અપ્રતીતિથી અપ્રતીત વ્યાપ્તિવાળો હેતુ હોય તે અસિદ્ધ કહેવાય છે.' જેમકે, શબ્દ, અનિત્ય છે, ચાક્ષુષ હોવાથી. (આંખથી દેખાતો હોવાથી) અહીં ચાક્ષુષત્વરૂપ હેતુ, શબ્દનું સ્વરૂપ નથી. પરંતુ શબ્દનું સ્વરૂપ શ્રાવણત્વ છે. આ ચાક્ષુષત્વરૂપ જે હેતુ છે તે હેતુનું જ્ઞાન નહિ થવાથી, વ્યાપ્તિની અપ્રતીતિ થઈ અને વ્યાપ્તિની અપ્રતીતિ હોવાથી, ચાક્ષુષત્વ અસિદ્ધ હેતુ કહેવાય છે. તેમ અહીં નિષ્ફલત્વરૂપ હેતુનું સ્વરૂપ અસિદ્ધ છે કેમકે; ચૈત્યવંદનનું નિષ્ફલત્વ એ સ્વરૂપ નથી કારણ કે; અમે ચૈત્યવંદનનું સ્વરૂપ સફલત્વ માનીએ છીએ. ચૈત્યવંદન નિષ્ફલ છે, બિલ્કુલ ફલ વગરનું હોવાથી-એ રૂપ જે હેતુ કહેલ છે તે અસિદ્ધિ નામના હેતુદોષથી દૂષિત છે. ચૈત્યવંદન સફલ છે, લોકોત્તરકુશલપરીણામનું જનક હોવાથી, તથાહિ ચૈત્યવંદનનું ફલ, લોકોત્તર કુશલ પરિણામ છે, અને લોકોત્તર કુશલ પરિણામનું ફલ, યથાયોગ્ય જ્ઞાનાવરણીય વિગેરે રૂપ કર્મનો ક્ષય, ક્ષયોપશમ અને મોહનીય કર્મનો ક્ષય, ક્ષયોપશમ, ઉપશમ થાય છે. આ લોકોત્તર કુશલ પરિણામ, કર્મ ગ્રહણ કરવાના અધ્યવસાયનો કટ્ટો દુશ્મન છે. આ ચૈત્યવંદનનું યાવત્ સકલ કર્મ ક્ષયરૂપ પરમ પુરૂષાર્થ મોક્ષફલ છે, એટલે કે નિષ્ફલ-ચૈત્યવંદન સૂત્ર વિષયક વ્યાખ્યાનનો આરંભ ન કરવો જોઈએ વિગેરે રૂપ આપત્તિઓ અહીં બીલકુલ આવતી નથી. કારણ કે; ચૈત્યવંદન લોકોત્તર કુશલ (શુભ-શુદ્ધ) પરિણામ જનનદ્વારા મોક્ષરૂપ ફલને આપનાર છે. અતઃ ચૈત્યવંદનની સફલતા હોવાથી ચૈત્યવંદન વિષયક વ્યાખ્યાન સફલ હોઈ તેના વ્યાખ્યાનનો અવશ્યમેવ આરંભ કરવો જોઈએ. અતઃ ચૈત્યવંદન વ્યાખ્યાન પરિશ્રમ પણ સફલ છે. આ રીતિએ ચૈત્યવંદનમાં સફલપણું સિદ્ધ કર્યું ત્યારે વાદી શંકા કરે છે કેઃ-

**आह-नायमेकान्तो, यदुत-ततः शुभ एवं भावो भवति, अनाभोगमातृस्थानादेर्विपर्ययस्यापि दर्शनादिति.** ।

**શબ્દાર્થ**-વાદી કહે છે કે, ચૈત્યવંદનથી શુભ ભાવ જ પેદા થાય છે, એવો એકાંત નથી. કારણ કે અનુપયોગથી (ઈરાદા વગર-શૂન્ય મને) તેમજ માયા વિગેરેથી કરાતા ચૈત્યવંદનથી અશુભ ભાવ પણ જણાય છે.

**વિવેચન**-વાદી વદે છે કે; ચૈત્યવંદન, કેવલ શુભ ભાવનેજ પેદા કરે છે એ એકાંત-એક નિશ્ચયરૂપ નથી. કારણ કે; યથાર્થ રીતિએ વિધિ પ્રમાણે જો ચૈત્યવંદન કરવામાં ન આવે તેમજ મનની મૂઢતાના કારણે, સ્પષ્ટ ઉપયોગનો અભાવ રહે, દોષોને ઢાંકનાર અથવા જન્મ આપનાર જે કપટ-માયાથી કરાય, કે ચંચલ ચિત્તથી કરાય, અથવા સૂત્રોમાં આવતા વર્ણોના સ્થાન પ્રમાણે ઉચ્ચારણ ન કરાય કે એક વર્ણને બદલે બીજા વર્ણોનો ઉચ્ચાર થઈ જાય અથવા સૂત્રનો અર્થ બદલાઈ જાય તો શુભ ભાવને બદલે અશુભ ભાવ પણ થઈ જાય છે. માટે, ચૈત્યવંદનથી શુભ જ ભાવ પેદા થાય એવો નિયમ નથી અને જ્યાં સુધી એ નિયમ સિદ્ધ થાય નહિ ત્યાં સુધી ચૈત્યવંદનથી લોકોત્તર શુભ જ ભાવ પેદા થાય છે એ સાબીત થાય નહિ, તો કારણ હોવા છતાં કાર્ય થયું નહિ એટલે અન્વય વ્યભિચાર (કારણ સત્ત્વે કાર્યાનુત્પાદરૂપોઽન્વયવ્યભિચારઃ) હોઈ ચૈત્યવંદન ક્રિયા, એ શુભભાવ પ્રત્યે કારણ છે એવો કાર્ય-કારણભાવનો વિનિશ્ચય કેવી રીતે ?

હવે ગ્રંથકાર કેવી રીતે વિશિષ્ટ ચૈત્યવંદન ક્રિયાની સાથે શુભ ભાવનો કાર્ય-કારણભાવ છે તે બતાવે છે.

**अत्रोच्यते-सम्यक्करणे विपर्ययाभावात्,**

**शब्दार्थ**-એકાંતે ચૈત્યવંદનથી શુભ ભાવ થતો નથી એ વાતનું ખંડન કરતાં જવાબ આપે છે કે, સમ્યફ્ ક્રિયામાં વિપર્યય (અશુભભાવ) નો અભાવ હોવાથી ચૈત્યવંદનરૂપ સમ્યક્ક્રિયા શુભભાવના પ્રત્યે અચૂક કારણ છે. અન્વયવ્યભિચારનો અભાવ હોઈ કાર્ય કારણભાવ બરોબર ઘટિત છે.

**विवेचन**-ચૈત્યવંદન ક્રિયાનું કારણપણું એકાંતે નથી આ પ્રમાણે વાદીએ વિપર્યય દર્શનરૂપ હેતુથી સિદ્ધ કર્યું તે બરાબર નથી. કેમકે ચૈત્યવંદનમાં શુભભાવજનકત્વનો અભાવ અર્થાત્ અશુભભાવકારણત્વ તેં જે રીતિએ કહ્યું તે રીતિએ નથી. કેમકે અશુભભાવમાં કારણ ચૈત્યવંદન નથી પણ અનાભોગઆદિ દોષો કારણ છે, અને દોષોથી અશુભ ભાવ પેદા થાય છે. જો દોષો રહિત આગમોક્ત વિધિ પ્રમાણે ચૈત્યવંદન ક્રિયા કરાય તો અશુભ ભાવ પેદા થાય નહીં કિંતુ શુભ જ ભાવ પેદા થાય છે. અશુભ ભાવનું કારણ દોષ સહિતની અસમ્યફ્ ક્રિયા છે. સમ્યફ્ ચૈત્યવંદન-ક્રિયા કરવામાં આવે તો શુભ ભાવ પેદા થાય છે. એટલે શુભભાવનું કારણ સમ્યફ્ ચૈત્યવંદન ક્રિયા છે જ.

હવે વાદી ચૈત્યવંદન ક્રિયાને સફલ માનતો શંકા કરે છે કે, ચૈત્યવંદનં, સમ્યફ્ ક્રિયાપૂર્વક કરવામાં આવે તો શુભઅધ્યવસાયજનનદ્વારા વિવક્ષિતફલદાયી છે. પરંતુ તેનું વ્યાખ્યાન અકિંચિત્કર છે તેથી ચૈત્યવંદનના વ્યાખ્યાનનો પ્રયાસ નિષ્ફલ જ રહેશે ને ? આવી શંકાનું નિરાકરણ કરવા કહે છે કે:-

**तत्सम्पादनार्थमेव च नो व्याख्यारम्भप्रयास इति नह्यविदिततदर्थाः प्रायः तत्सम्यक्करणे प्रभविष्णव इति । आह लब्ध्यादि-[1] निमित्तं मातृस्थानतः[2] सम्यक्करणेऽपि शुभभावानुपपत्तिरिति, न, तस्य सम्यक्करणत्वासिद्धेः ॥**

**અર્થ**-ચૈત્યવંદનરૂપક્રિયાને સમ્યક્ક્રિયારૂપ બનાવવા સારૂ જ અમારો ચૈત્યવંદનસૂત્રના વ્યાખ્યાનના આરંભનો પ્રયાસ છે. કારણ કે; તેના અર્થોને નહિ જાણનારા પ્રાયઃ ચૈત્યવંદનની સમ્યક્ક્રિયામાં સમર્થ થઈ શકતા નથી. અર્થાત્ તેના અર્થને જાણનારા સમ્યગ્ રીતિએ ચૈત્યવંદનની ક્રિયામાં સમર્થ થઈ શકે છે ઈતિ.

**विवेचन**-જે પુરૂષોએ ચૈત્યવંદનસૂત્રના અર્થનું જ્ઞાન સંપાદન કર્યું હોય, તે પુરૂષો ચૈત્યવંદનસૂત્રના

---

૧ 'પરભવે ઈન્દ્રાદિક ઋદ્ધિની, ઈચ્છા કરતાં ગરલ થાય રે ॥ તે કાલાંતર ફલ દીએ મારે જિમ હડકીયો વાયરે.' ॥ જેમ કોઈને ધર્મકરણી કરતાં ચિત્તનો એવો અધ્યવસાય થાય કે આ ક્રિયાથી મને પરલોકમાં ઈન્દ્રની પદવી તથા દેવાતાદિ ચક્રવર્તી પ્રમુખની રાજ્યલક્ષ્મી મળો અથવા ધનધાન્યાદિકની ઈચ્છા કરતાં ગરલક્રિયા થાય. તે ગરલક્રિયા, કાલાંતરે ફલ આપે, હડકીયા વાયુની જેમ. જેમ કોઈ પ્રાણીને હડકેલ જનાવર કરડ્યો હોય. તેહનો હડકવા ત્રણ વર્ષ પછી જાગે. તે જ વખતે હડકવા જાગે તે વખતે મરણ પામે. તેમ ધર્મક્રિયા કરનાર નિયાણું કરે તો બે-ત્રણ ભવે તે વસ્તુ પામે પણ શુદ્ધક્રિયાનું ફળ પામે નહિ.

૨. 'વિષક્રિયા તે જાણીએ જે અશનાદિક ઉદ્દેશ રે. ॥ વિષ તતખણમારે યથા, તેમ એહજ ભવફલ લેશેરે. ॥ અશન પાન કીર્તિ આદિ આ લોકના ફલને ઉદ્દેશીને કરવામાં આવતી ધર્મક્રિયાઓ વિષાનુષ્ઠાન કહેવાય છે. ક્રિયા કરતી વખતે આ લોકના ફલની ઈચ્છા રાખવી તે અંતઃકરણના શુદ્ધપરિણામનો તત્કાલ નાશ કરે છે. જેમ ખાધેલું ઝેર તત્કાલ મારે છે, તેમ આ વિષરૂપક્રિયાથી આ ભવમાં જ અશનખાવા વિગેરેનું લેશમાત્ર ફળ મળે છે. જેમ ઝેર ખાવાથી શીઘ્ર ફળ મળે તેમ કપટક્રિયાનું પણ તરત ફળ મળે એમ જાણવું.

અર્થજ્ઞાનના સહકારથી ચૈત્યવંદનક્રિયાને સમ્યક્ક્રિયામાં પરિણમાવી શકે છે અને જેઓએ ચૈત્યવંદનસૂત્રના અર્થનું જ્ઞાન મેળવેલ નથી, તેઓ પ્રાયઃ ચૈત્યવંદનક્રિયાને સમ્યગ્રૂપ બનાવવામાં સમર્થ થતા નથી. વળી ચૈત્યવંદનસૂત્રના અર્થનું જ્ઞાન, વ્યાખ્યાને આધીન છે. એટલે વ્યાખ્યા, ભવ્યોને અર્થજ્ઞાન સંપાદન કરાવી ચૈત્યવંદનક્રિયાને સમ્યગ્રૂપ કરાવવામાં મહાન્ ઉપકાર કરે છે. વાસ્તે વ્યાખ્યાનો આરંભ, અકિંચિત્કર નથી પરંતુ સફલ છે.

જ્યારે આ રીતિએ વ્યાખ્યાન પ્રયાસનું ફલ બતાવવામાં આવ્યું ત્યારે પણ પાછો સમ્યગ્ રીતિએ ચૈત્યવંદનક્રિયાની સાથે શુભભાવનો અન્વયવ્યભિચાર બતાવવા વાદી વદે છે. આહેતિ-

**અર્થ**-સૂત્રના, અર્થના, જ્ઞાનના સહકારથી ચૈત્યવંદનરૂપ ક્રિયા, સમ્યગ્રૂપ થઈ અવશ્ય શુભ ભાવને પેદા કરે છે. (અને સૂત્રના, અર્થના, જ્ઞાનના અભાવના સહકારથી પ્રાયઃ ચૈત્યવંદન ક્રિયા સમ્યગ્રૂપ નહીં થતી હોવાથી શુભભાવને પેદા નથી કરતી.) એ જે સિદ્ધાંત દર્શાવ્યો તે ઠીક નથી. કારણ કે; લબ્ધિ, કીર્તિ વિગેરેના ઉદ્દેશ્યથી અને માયાથી, કરાતી સૂત્રાર્થના જ્ઞાનપૂર્વકની ચૈત્યવંદનરૂપક્રિયા સમ્યગ્રૂપ ભલે થાઓ ! છતાં પણ શુભભાવ પેદા થતો નથી. કારણ હોવા છતાંય કાર્યના નહીં થવા રૂપ અન્વયવ્યભિચાર કોઈ શુભભાવરૂપ કાર્યના પ્રત્યે સૂત્રાર્થજ્ઞાનસહકૃત ચૈત્યવંદનરૂપસમ્યક્ક્રિયારૂપ કારણ છે કે નહીં? એવો કારણતાવિષયકસંશય પેદા થાય છે. કારણ કે, તમારી ચૈત્યવંદનરૂપ સમ્યક્ક્રિયા હોવા છતાંય શુભભાવ પેદા થતો નથી. તેનો સિદ્ધાંતકાર જવાબ આપે છે કે; લબ્ધિ આદિના માટે કે માયાપૂર્વક ચૈત્યવંદનનું સમ્યક્કરણ હોવા છતાંય તેનું સમ્યક્કરણ અસિદ્ધ છે. કેમકે; લબ્ધિ માટે કે બીજાને છેતરવા માટે જે ક્રિયા કરાય તે સમ્યગ્ નથી. એમાં ભાવ દુષ્ટ છે. અને શુદ્ધભાવવિહોણી ક્રિયા સમ્યગ્ હોઈ શકતી જ નથી. માટે લબ્ધિના ઈરાદાથી કે માયા વિગેરેથી કરાતી ક્રિયામાં બાહ્યશુદ્ધિ છે પણ આંતરશુદ્ધિ નથી. માટે તે સમ્યગ્ કહેવાય નહીં.

**વિવેચન**-ભોજન, યશ, પૂજા, પ્રતિષ્ઠા આદિના લાભરૂપ લબ્ધિ કીર્તિ વિગેરે આ લોકના તેમજ સ્વર્ગાદિ પરલોકના ફલને ઉદ્દેશીને તથા કપટથી કરાતી ચૈત્યવંદનરૂપક્રિયાને સમ્યગ્રૂપ કહેવાય નહીં. ભલે તેનું અર્થજ્ઞાન વિદ્યમાન હોય ! છતાંય લબ્ધિઆદિ આ લોકના ફલની સ્પૃહા, તેમજ પરલોકના ફલની કામના, કપટ વિગેરે દોષો, ચૈત્યવંદન ક્રિયાને સમ્યગ્રૂપ બનવામાં પ્રતિબંધક છે. કારણ કે-તે તે પ્રકારની ઐહિક કે પારલૌકિક ભોગવિલાસની કામનાઓ ચૈત્યવંદનરૂપ ધર્મક્રિયાને સમ્યક્રૂપ થવામાં [1]પ્રતિબંધક છે. માટે કાર્યમાત્રના પ્રત્યે પ્રતિબંધકનો અભાવ, પ્રયોજકપણાએ કારણ માનેલ છે. તેથી તમે આપેલ આપત્તિમાં તો કારણનો અભાવ હોવાથી જ કાર્યનો અભાવ થયેલ છે. એટલે અન્વયવ્યભિચારરૂપ આપત્તિનો અભાવ

---

**૧. 'कार्यप्रयोजकीभूताभावप्रतियोगित्वं प्रतिबन्धकत्वम्' - ઘટના-શુભભાવરૂપ કાર્યમાં ઐહિક પારલૌકિક પૌદ્ગલિક ફલની ઈચ્છાનો અભાવ, પ્રયોજક (વ્યવહિત કારણ) છે તેના પ્રતિયોગી (જેનો અભાવ, તે પ્રતિયોગી કહેવાય છે) એટલે ઐહિકઆદિ પૌદ્ગલિક ફલની ઈચ્છાકપટ વિગેરેમાં, પ્રતિયોગિપણું હોઈ, ઐહિક કે પારલૌકિક પોદ્ગલિક ફલની ઈચ્છા-કપટ વિગેરે દોષો પ્રતિબંધક છે.**

થયેલ છે. એટલે અન્વયવ્યભિચારરૂપ આપત્તિનો અભાવ થવાથી કારણતાવિષયક સંશય પણ નથી. પરંતુ કાર્યકારણભાવના નિશ્ચયને સજ્જડ બનાવનાર વ્યતિરેક વિદ્યમાન છે. (કારણના અભાવમાં કાર્યના અભાવરૂપ વ્યતિરેક કહેવાય છે.) તથા અન્વય (કારણની સત્તામાં કાર્યની સત્તારૂપ છે.) અને વ્યતિરેકથી કાર્ય કારણભાવનો નિશ્ચય થાય છે એ અહીં ભૂલવા જેવું નથી.

આ રીતિએ અન્વયવ્યભિચારને દૂર કરી, હવે ચૈત્યવંદનરૂપ ક્રિયાને કોણ અને કયા વિશેષણોવાળો, સમ્યગ્રૂપ બનાવવામાં સમર્થ નીવડે છે, તે તે વિશેષણોવાળી વ્યક્તિને કહે છે.

**तथाहि-प्रायोऽकृतसूत्रोक्तेनैव विधिनोपयुक्तस्याऽऽशंसादोषरहितस्य, सम्यग्दृष्टेर्भक्तिमत एव सम्यक्करणं, नान्यस्य, अनधिकारित्वाद्, अनधिकारिणः सर्वत्रैव कृत्ये सम्यक्करणाभावात्, श्रावणेऽपि तर्ह्यस्याधिकारिणो मृग्याः ? को वा किमाह ? एवमेवैतद्, न केवलं श्रावणे, किं तर्हि पाठेऽपि ? अनधिकारिप्रयोगे प्रत्युतानर्थसम्भवात्, अहितं पथ्यमप्यातुरे' इति वचनप्रामाण्यात् ॥**

**'तथा अर्थी समर्थः शास्त्रेणाऽपर्युदस्तो धर्मेऽधिक्रियते' इति विद्वत्प्रवादः, धर्म्मश्चैतत्पाठादिः, कारणे कार्योपचारात्, यद्येवमुच्यतां के पुनरस्याधिकारिण इति, उच्यते, एतद्बहुमानिनो विधिपरा उचितवृत्तयश्च, नहि विशिष्टकर्म्मक्षयमन्तरेणैवंभूता भवन्ति, क्रमोऽप्यमीषामयमेव, न खलु तत्त्वत एतदबहुमानिनो विधिपरा नाम, भावसारत्वाद्विधिप्रयोगस्य, न चायं बहुमानाभावे इति ।**

**અર્થ**-ચૈત્યવંદનસૂત્રની વ્યાખ્યામાં કહેલી વિધિપૂર્વક વર્તનાર, આશંસાદોષરહિત અને ભક્તિમાન્ સમ્યગ્દ્રષ્ટિ, અરિહંતદેવની અને અરિહંતદેવના માર્ગમાં ચાલનાર આચાર્યઆદિ ઉત્તમપુરૂષોની આજ્ઞાનુસાર પોતાનો જીવન નિર્વાહ કરનાર આત્મા જ સમ્યક્પ્રકારે ચૈત્યવંદન આરાધી શકે. કારણ કે; એવો જ આત્મા ચૈત્યવંદનનો અધિકારી છે પણ બીજો નહિ. અધિકાર વિનાના આત્માઓ કાર્યમાત્રને માટે અયોગ્ય છે, તેવા આત્માઓ એક પણ કાર્યને સુંદર રીતિથી કરી શકતા નથી. આ વાતનું શ્રવણ કરી જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે કે:- 'તો શું સંભળાવવાને માટે પણ અધિકારીઓ શોધવા પડે ? ઉત્તરમાં મહાત્માશ્રી જણાવે છે કે જરૂર શોધવા જ પડે. એમાં શું કોઈ પણ શંકા કરી શકે તેમ છે ? અર્થાત્ નહિ જ. કેવલ સંભળાવવા માટે જ અધિકારીઓની ગવેષણા કરવી જ પડે. કારણ કે; અનધિકારી આત્માઓને પાઠ આપવાથી લાભને બદલે ઉલટો અનર્થ થવાની સંભાવના છે; 'રોગીને માટે હિતકર વસ્તુ પણ વિના વિચારે યા વૈદ્યની આજ્ઞા વિના આપવાથી અહિતકર નીવડે છે' આ વાતને કોઈ પણ અપ્રમાણિક ઠરાવી શકે નહિ.

**વિવેચન**-નિષ્કલંક નિર્મલ અમૃતક્રિયાનો અણમોલ લ્હાવો વિશિષ્ટસમ્યગ્દૃષ્ટિ વ્યક્તિ જ લઈ શકે છે, તે વિષયને વિગતવાર વર્ણવે છે.

(૧) પ્રથમ વિશેષણથી ક્રિયાના ચાર દોષો પૈકી છેલ્લા બે દોષો પરીહાર તેમજ વચનાનુષ્ઠાનનો સ્વીકાર થાય છે:- ચૈત્યવંદન સૂત્રમાં કહેલ વિધિથી ( જો કે સૂત્રમાં સાક્ષાત્ વિધિનું નિરૂપણ નથી કરેલ તો પણ સૂત્ર વ્યાખ્યામાં કહેલ વિધિથી એ અર્થ ઉપચારથી (લક્ષણથી) કરવો. કારણ કે; સૂત્રગર્ભગત અર્થનો વિસ્તારરૂપ જ વ્યાખ્યા હોય છે.) એટલે બરોબર વિધિપૂર્વકનું જ અનુષ્ઠાન સદ્અનુષ્ઠાન થાય છે. આ વર્ણનથી 'શાસ્ત્રવિહિત ક્રિયાક્રમથી વિપરીતપણે થતી ક્રિયા તે અવિધિ દોષવાળી ક્રિયા, શાસ્ત્રે

જે દેશકાલભાવને ઉચિત પ્રવૃત્તિ કરવાની કહેલ હોય તેને ઓળંઘીને ક્રિયા કરવી તે અતિપ્રવૃત્તિરૂપ દોષવાળી ક્રિયા છે, તેનો અહીં પરીહાર થાય છે. તથા 'શાસ્ત્રના વચન મુજબ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવા રૂપ વચનાનુષ્ઠાનનો સ્વીકાર થાય છે.

(૨) ઉપયોગ (અર્થજ્ઞાન) સહિતનું અનુષ્ઠાન સદ્અનુષ્ઠાન થઈ શકે છે. આ વિશેષણથી શૂન્યદોષ (ક્રિયામાં ઉપયોગનો અભાવ) અને અનુષ્ઠાનરૂપ અસદનુષ્ઠાનના પરીહારપૂર્વક [1]તદ્હેતુ તથા [2]અમૃતરૂપ સત્ક્રિયાનો લ્હાવો લુંટાય છે.

(૩) આશંસા (વિષયવિલાસવાંછા) રૂપ દોષરહિતનું અનુષ્ઠાન સદ્અનુષ્ઠાન થાય છે. આ વિશેષણથી વિષાનુષ્ઠાન (ઐહિક ભોગફલની કામનાપૂર્વકનું અનુષ્ઠાન) તથા ગરાનુષ્ઠાન (પારલૌકિક પૌદ્ગલિક સુખફલ કામનાપૂર્વકનું અનુષ્ઠાન) રૂપ હોય અનુષ્ઠાનનો તેમજ દગ્ધદોષ (પૌદ્ગલિક ભોગ સુખ કામનાથી સત્ક્રિયાનું ફલ ભસ્મીભૂત કરનાર ક્રિયાદોષ) નો પરીહાર થાય છે. અતઃ અમૃતક્રિયાદિ સત્ક્રિયાનો લાભ થાય છે.

સારાંશ કે; ચૈત્યવંદનસૂત્રમાં કહેલ વિધિપૂર્વક અર્થના જ્ઞાનવાળો, આશંસાદોષ વગરનો, સૂત્રાદિ આલંબનને લઈ ભાવવંદન કારણરૂપ ભક્તિ અને બહુમાનવાળો, કર્મક્ષયરૂપ ફલ સંપાદનના ધ્યેયવાળો, સમ્યગ્દૃષ્ટિ આત્મા જ ચૈત્યવંદનરૂપ ક્રિયાને સમ્યગ્રૂપ કરવામાં સમર્થ હોઈ તે જ સમ્યક્ક્રિયાનો અધિકારી છે. (અહીં પ્રાયઃશબ્દ એટલા માટે મૂક્યો છે કે; કોઈ એક માર્ગાનુસારિ તીવ્રક્ષયોપશમવાળાને સૂત્રવિહિત વિધિનું અજ્ઞાન કે અભાવ હોવા છતાંય શુભભાવ પેદા થાય છે.) ઉપરોક્ત વિશેષણવગરની વ્યક્તિ ચૈત્યવંદનરૂપ ધાર્મિક ક્રિયાને સમ્યગ્રૂપ કરવામાં સમર્થ નથી. કારણ કે; તેનામાં તથા પ્રકારનો અધિકાર-લાયકાત નથી.

બીજા બધા પદોનું શબ્દાર્થથી સમજી લેવું.

ધર્મના અધિકારીની પ્રરૂપણામાં પ્રાચીન વિદ્વાનોનો પ્રવાદ કહેતા કહે છે કે; **'तथा अर्थीति'**

**અર્થ**-તેમજ છદ્મસ્થ જ્ઞાનથી ઓળખી શકાય કે પારખી શકાય એવા અધિકારીઓના ચિન્હો દેખાડે છે કે 'અર્થી (૧) સમર્થ (૨) શાસ્ત્રથી અનિવારિત જે હોય તે ધર્મનો અધિકારી થાય છે' એવો વિદ્વાનોનો પ્રવાદ છે. વળી પ્રકૃત ચૈત્યવંદનસૂત્રપાઠાદિ ધર્મ છે. ચૈત્યવંદનપાઠાદિને જે ધર્મ કહ્યો છે તે કારણમાં કાર્યનો ઉપચાર સમજવો.

**વિવેચન**-અહીં અર્થીનો અર્થ એ છે કે; સર્વ પુરૂષાર્થોમાં ધર્મ એ જ એક પ્રધાન પુરુષાર્થ છે.

---

**૧. 'તદ્હેતુ તે શુભ ભાવથી' શુદ્ધ રાગથી વધતા મનોરથે ક્રિયા કરે પણ વિધિશુદ્ધ હોય નહિ પરંતુ સરવાળે વિધિ શુદ્ધ થાય તે 'તદ્હેતુ ક્રિયા' પણ ફલદાયક ઉપાદેય છે.**

**૨. તદ્ગત ચિત્તને સમ્યવિધાન, ભાવની વૃદ્ધિ ભવભય અતિ ઘણો; । વિસ્મયપુલક પ્રમોદ પ્રધાન, લક્ષણ એ છે અમૃત ક્રિયા તણો ॥ જેમાં ચિત્તની એકાગ્રતા, સમય (શાસ્ત્રકાલ) પૂર્વક કરવું, જેમાં ભાવની વૃદ્ધિ છે, કરતી વેલાએ ભવનો અતિશય ભય છે, ચિત્તમાં અપૂર્વતા છે, શરીરમાં રોમાંચનો અનુભવ છે, નિર્ધનને નિધાનની પ્રાપ્તિની જેમ અત્યંત આનંદ પ્રમોદથી પુલકિત કે પ્રફૂલ આત્મા થાય છે. તે અમૃત ક્રિયા જાણો.**

એમ માનીને ધર્મની આરાધના કરવા માટે પરાયણ થયેલો, તે અર્થી (૧) અર્થીને ઓળખવાના [1]લક્ષણો, (૧) વિનીત-વિનય ગુણસંપન્ન, ધર્મ વ્યાખ્યાતા પ્રત્યે અભ્યુત્થાનાદિ વિનયરૂપ સેવાને કરનાર, (૨) સમુપસ્થિત-ધર્મશ્રવણાદિમાં સન્મુખ બનેલો હોય કિંતુ વિમુખ ન હોય (૩) પ્રચ્છન્-ધર્મનું સ્વરૂપ પૂછતો આવે, તેને ગ્રહણ કરવાનો વિધિ આદિ જાણવાને આતુર-ઉત્કંઠિત હોય.

(૨) [2]સમર્થ-અંગીકાર કરેલા ધર્મને ભયાદિના કારણે નહીં છોડનાર, અંગીકાર કરેલા ધર્મને આચરવામાં નીડર હોય, અધિકૃત ધર્મને નહીં જાણનારા એવા મા-બાપ, સ્વામી-રાજા, મંત્રી, મિત્ર વિગેરે તથા કલાગુરૂ આદિથી ભય ન પામે એટલું જ નહિ પણ ધર્મ સ્વીકાર્યા બાદ ઉત્તરકાળમાં આવનારી બીજી પણ અનેક આપત્તિઓ વખતે પણ ધર્મમાં અણનમ કે અડગ રહે.

(૩) [3]સૂત્ર-આગમથી અનિવારિત+'લોકધર્મની અપેક્ષાએ જૈનધર્મ ઘણો શ્રેષ્ઠ છે.' એ જાતનું બહુમાન ધારણ કરનાર, પરલોકનિબંધન (કારણ)-ધર્માનુષ્ઠાનમાં વિધિથી આરાધન કરવામાં તત્પર, કુલક્રમ આગત શુદ્ધવૃત્તિથી આજીવિકા ચલાવનાર અર્થાત્ ઉચિત વૃત્તિનું આસેવન કરનાર જે આત્મા, તેને શાસ્ત્રથી અનિષિધ કહેલ છે.

એવંચ (૧) ચૈત્યવંદનપાઠાદિરૂપ ધર્મનો અત્યંત અભિલાષી અર્થીજ પ્રકૃત ધર્મનો અધિકારી છે. કારણ કે; અર્થીપણું ન હોય તેને ઉદ્દેશીને પ્રકૃત વ્યાખ્યાન કે પાઠાદિરૂપ ધર્મ, અનુચિત છે, અનર્થકારક છે.

(૨) સમર્થ (સામર્થ્ય સંપન્ન) પ્રકૃત ધર્મનો અધિકારી છે. કારણ કે; સ્વીકારેલ ધર્મનો ભંગ કરનાર કે ત્યાગ કરનાર છે, એટલે સમર્થ અધિકારી છે, અને અસમર્થ અનધિકારી છે.

(૩) આગમથી અનિવારિત;-શાસ્ત્રથી જેનો નિષેધ કે જેનું નિવારણ નથી કરાયું તે-પ્રકૃત ધર્મનો અધિકારી છે. (કથંચિત્ અર્થિત્વ અને સામર્થ્યવાળો પણ જો શાસ્ત્રમાં નિવારિત કે નિષેદ્ધ હોય તે અનધિકારી છે. ઈતિ ગૂઢાભિપ્રાય) કારણ કે; વિનય વિગેરે ગુણ વગરના પુરૂષમાં ધર્મ બરોબર જામતો કે પરિણમતો નથી. શાસ્ત્રથી વિહિત કરાયેલ છે તે પ્રકૃત ધર્મનો અધિકારી છે.

---

૧. 'अत्थी जो विणीओ समुवट्ठिओ पुच्छमाणो य । (अर्थं तु, यो विनीतः समुपस्थितः प्रच्छंश्च । छाया.)

૧. होति समत्थो धम्मं, कुणमाणो जो न बीहइ परेसिं, माइपिइसामिगुरूमाइयाण धम्माणभिण्णाणं ॥ ५ ॥ भवति समर्थो धर्म्मं कुर्वाणो यो न बिभेति परेभ्यः । मातापितृस्वामिगुर्वादिभ्यो धर्मानभिज्ञेभ्यः ॥ छाया

२. सुत्तापडिकुट्ठो जो, उत्तमधम्माण लोगविक्खाए । गिहिधम्मं बहु मण्णई ईह परलोए विहिपरो य ॥ ६ ॥ उचियं सेवइ वित्तिं, सा पुण निय कुलकमागया सुद्धा । माहणखत्तियवईसाण सुद्धसुद्दाण नियनियगा ॥ ७ ॥ सूत्राऽप्रतिक्रुष्टो य उत्तमधर्मेभ्यो लोकापेक्षया । गृहिधर्म्मं बहु मन्यते इह परलोके विधिपरश्च ॥ उचितां सेवते वृत्तिं सा पुनर्निजकुलक्रमागता शुद्धा ब्राह्मण क्षत्रियवैश्यानां शुद्धशूद्राणां निजा निजा ॥ ६/७ (छाया)

(श्रावकविधि-प्रकरणे)

અર્થી, સમર્થ, શાસ્ત્ર કે સૂત્રથી અનિવારિત એવો પુરૂષ [૧]ધર્મનો અધિકારી-યોગ્ય છે એમ વિદ્વાનોનો પ્રવાદ દર્શાવ્યો. અહીં ચૈત્યવંદનસૂત્રવિષયકપાઠાદિ, ધર્મ, જાણવો. કારણમાં કાર્યનો [૧]ઉપચાર (લક્ષણા-વ્યવહાર) કરવાથી પાઠાદિ ધર્મ સમજવો. કારણ કે આગમવચનાનુસારે મૈત્રી આદિ ભાવસહિત અનુષ્ઠાનને ધર્મ કહેવાય છે. તેનું કારણ ચૈત્યવંદનપાઠાદિ હોવાથી પાઠાદિને પણ ધર્મ તરીકે ઓળખવાય છે.

તથાચ આગમવચનાનુસારિ મૈત્રી આદિથી યુકત અનુષ્ઠાનરૂપ ધર્મસ્વરૂપના અભાવવાળા પાઠાદિમાં પૂર્વોકત ધર્મસ્વરૂપનો આરોપ કરી, સાધનરૂપ નિમિત્ત હોવાથી 'પાઠાદિ ધર્મ છે.' એમ વ્યપદેશ-વ્યવહાર કરાય છે. જેમ **'अन्नं प्राणाः'** પ્રાણત્વરૂપ ધર્મના અભાવવાળા અન્નમાં, સાધનરૂપ નિમિત્તથી પ્રાણત્વરૂપ ધર્મનો આરોપ કરી 'અન્ન, પ્રાણ છે.' એમ વ્યવહાર થાય છે. તેમ અહીં ઉપચાર સમજવો અને એ પ્રામાણિક માનવો. કારણ કે; પ્રામાણિક પુરૂષોએ વ્યવહાર કરેલ છે. હવે જો આમ છે તો આના અધિકારીઓ કહો ? એટલે હવે શાસ્ત્રકાર આના અધિકારીઓને **'उच्यते'** ઈત્યાદિ વાકયથી જણાવે છે.

ચૈત્યવંદનના અધિકારીઃ-પ્રથમ તો ચૈત્યવંદન સૂત્રની ઉપર બહુમાનથી ભરેલા, વિધિમાર્ગમાં તત્પર અને ઉચિતવૃત્તિના ઉપાસક હોય તે જ આ સૂત્ર માટે અધિકારી છે.

(૧) ચૈત્યવંદનસૂત્રના પ્રત્યે બહુમાનરૂપ હૃદયની લાગણીવાળાઓ ધર્મ, અર્થ અને કામરૂપ પુરૂષાર્થોમાં એક ચૈત્યવંદનસૂત્રપાઠાદિરૂપ ધર્મને જ પ્રધાન માનીને પ્રકૃત ધર્મને બહુ માને છે. 'લોકધર્મની અપેક્ષાએ આ પાઠાદિધર્મ ઉંચો ને આદર્શ છે.' એ જાતનું બહુમાન કરે છે.

(૨) આલોક અને પરલોક વિધિમાં તત્પર હોય અર્થાત્ ઈહલોક અને પરલોકની સાથે અવિરુદ્ધ ફલવાળા અનુષ્ઠાનવિધિ કહેવાય છે અને તે વિધિપ્રધાન જે પ્રાણીઓ હોય તે વિધિપર કહેવાય છે. કોઈપણ અનુષ્ઠાન કરવામાં આવે ત્યાં શાસ્ત્રની આજ્ઞાને અનુસારે, આ લોકના અનુષ્ઠાનમાં માર્ગાનુસારિપણું, ન્યાયિપણું અને સંસારમાં વડીલોની સેવા આદિ કરનાર હોય, આવા આત્માઓ પ્રકૃત શાસ્ત્રમાં અધિકારી છે.

---

**૧. વચનાદવિરુદ્ધાયદનુષ્ઠાનં યથોદિતં । મૈત્ર્યાદિભાવસંમિશ્રં તદ્ધર્મ ઇતિ કીર્ત્યતે ॥ પરસ્પર અવિરોધિ શાસ્ત્ર રૂપ વચનના અનુસારે-જેમ કહેલ છે તેવી રીતે મૈત્રી પ્રમાદ માધ્યસ્થ કરૂણારૂપ ચાર ભાવના સહિત જે આચરણ-અનુષ્ઠાન કે ક્રિયા તે ધર્મ કહેવાય છે.**

**૧. गौतमोप्याह- 'सहचरणस्थानतादर्थ्यवृत्तमानधारणासामीप्ययोगसाधनाधिपत्येभ्यो ब्राह्मणबालकटराजसक्तुचन्दन-गङ्गाशकटान्नपुरूषेष्वतद्भवेऽपि तदुपचारः' गौ. सू २/२/६४ इति. तस्य भावस्तद्धर्मः । तदभावेऽपि तदुपचारः, तच्छब्दव्यवहार इत्यर्थः । स च तद्धर्म्मारोपेणारोपनिमित्तानि च सहचरणादीनि । यष्टीः प्रवेशय । मञ्चाः क्रोशन्ति । वीरणेष्वास्ते। अयं राजा यमः । प्रस्थः सक्तुः । चन्दनं तुला । गङ्गायां घोषः । कृष्णः शकटः । अन्नं प्राणाः । अयं कुलस्य राजा । इत्युदाहरणानि क्रमेण । यष्टित्वारोपो ब्राह्मणे साहचर्यात् । मञ्चत्वारोपो बालेषु तात्स्थ्यात् । कटेषु वीरणत्वारोपः, तादर्थ्यात् । राज्ञि यमत्वारोपो, वृत्तात् । सक्तौ प्रस्थत्वारोपः, तन्मानकत्वात् । चन्दने तुलात्वारोपः, तद्धार्यत्वात् । गङ्गायां तीरधर्माधारत्वारोपः, तत्सामीप्यात् । शकटे तद्धर्मकृष्णात्वारोपः, कृष्णगुणयोगात् । अन्नेषु प्राणत्वारोपः, प्राणसाधनत्वात् । पुरूषे राजत्वारोपः, कुलाधिपत्यात् इति तद्व्याख्यातारः ।**

(૩) બ્રાહ્મણ આદિ પોતપોતાની જાતિને અથવા કુલને ઉચિત અને વિશુદ્ધવૃત્તિવાળાઓ, ઉચિતવૃત્તિવાળા કહેવાય છે, પોતપોતાના કુલને શોભે તેવું આચરણ કરનાર હોય, મતલબ ઉચિત અને વિશુદ્ધ કુલાચારને આચરનાર હોય પણ વિરૂદ્ધ આચરણ કરનારા ન હોય, આવા ગુણ-વિશિષ્ટ આત્માઓ સમ્યગ્ ચૈત્યવંદનસૂત્રના અધિકારી છે.

**શંકા**-ધર્મના બહુમાનવાળો, વિધિમાં તત્પર અને ઉચિત વ્યવહારવાળો હોવા છતાં પણ જો જ્ઞાનાવરણીયાદિ કર્મનો જોરદાર ઉદય હોય તો સમ્યગ્રીતિએ ચૈત્યવંદનનો લાભ લઈ શકતો નથી. કારણ કે; જ્ઞાનાવરણીયાદિનો પ્રબલ ઉદય ચૈત્યવંદનની યથાર્થવિધિનું જ થવા દેતો નથી. માટે ધર્મના બહુમાન આદિનું ગવેષણ નકામું હોઈ ધર્મ પ્રત્યે બહુમાની વિગેરે ચૈત્યવંદનના અધિકારી છે. એમ કહેવાથી શું ? આનું સમાધાન ગ્રંથકાર પોતે જ કરતા કહે છે કે, વિશિષ્ટ કર્મના ક્ષય સિવાય ધર્મપ્રત્યે બહુમાન આદિવાળા થવાતું નથી. મતલબ કે ચૈત્યવંદનસૂત્રવિષયકપાઠાદિ રૂપ ધર્મનું બહુમાન, વિધિતત્પરતા, અને ઉચિતવૃત્તિતામાં કર્મસ્થિતિની [1]અલ્પતા કારણ છે. કાર્ય, કારણ સિવાય થતું નથી, માટે **'एतद् बहुमानिनो'** ઈત્યાદિ જે કથન છે તે યુક્તિયુક્ત છે. ધર્મબહુમાનાદિવિશિષ્ટ નિરંતરશુભપરિણામને હણનાર જે જ્ઞાનાવરણીયાદિકર્મ, તેના ક્ષયવાળો જ પ્રકૃતમાં અધિકારી હોવો જોઈએ.

**વિવેચન**-અહીં [2]અંતઃકોટાકોટી સાગરોપમથી અધિક સ્થિતિવાળા કર્મને વિશિષ્ટકર્મ સમજવું એટલે વિશિષ્ટ જ્ઞાનાવરણીય વિગેરે કર્મના ક્ષય (વિનાશ) સિવાય ધર્મ બહુમાનાદિ વિશેષણવાળા બનતા જ નથી. વિશિષ્ટકર્મના ક્ષયને જણાવનાર, કર્મવિશેષના ક્ષયનો પ્રકાશ કરનાર, ધર્મબહુમાન, વિધિતત્પરતા, ઉચિતવૃત્તિપણું છે. અર્થાત્ બહુમાન વિગેરેથી વ્યંગ્ય (જાણી શકાય) એવા કર્મ વિશેષના ક્ષયવાળો આત્મા જ ચૈત્યવંદનાદિ ધર્મનો અધિકારી છે. બીજાઓ નહિ.

વિશિષ્ટકર્મના ક્ષયવાળો અધિકારી છે. એ વાત બરાબર છે પણ કર્મવિશેષક્ષયવ્યંજક ત્રણ વિશેષણો

---

૧. **धर्मश्चेन्नावसीदेत कपालेनापि जीवति । आढ्योऽस्मीत्यवगन्तव्यं धर्मवित्ता हि साधवः ॥ ભીખ માંગીને પોતાનું પોષણ કરનાર માણસ જો ધર્મ સહિત હોય તો સીદાતો નથી. તે વિચારે છે કે; હું ધનવાન્ છું માટે મારે શા માટે દુઃખી થવું જોઈએ. સજ્જનોને ધર્મ એજ ધન છે. માટે ધનને બાધ આવે તો ભલે, કામને બાધ આવે તો ભલે, પણ ધર્મમે કદી બાધ ન આવવા દેવો જોઈએ.**

૨. **જન્મ-જરા-મરણરૂપ જલતરંગોથી ભયંકર સંસાર સમુદ્રમાં મિથ્યાત્વમોહનીયાદિ કર્મોની પ્રેરણાથી અનંત પુદ્ગલ પરાવર્તકાલ સુધી અવ્યવહાર રાશિ-સૂક્ષ્મ નિગોદના ભવોમાં અનેક અસહ્ય દુઃખોનો અનુભવ કરતાં કરતાં અકામ નિર્જરાદિ હેતુના સંનિધાનથી વ્યવહાર રાશિમાં આવેલા જીવને દ્રવ્યાદિ કારણના અનુસારે તથા ભવ્યત્વદશાનો પરીપાક થવાથી પ્રગટ થએલ અધ્યવસાય રુપ યથાપ્રવૃત્તિકરણથી સાગરોપમ કોટાકોટી પ્રમાણ દીર્ઘ કર્મસ્થિતિનો ક્ષય થાય છે. આયુષ્યકર્મ સિવાય જ્ઞાનાવરણીયાદિ સાત કર્મો પૈકી પ્રત્યેક કર્મને પલ્યોપમના અસંખ્યાતમાભાગે ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ કરવી એ આ કરણનું કાર્ય છે. જેમ વસ્ત્રની ઉપર લાગેલ ઘીનો ડાઘ, જ્યાં સુધી તેના ઉપર ચોંટેલ ધૂળને દૂર કરવામાં ન આવે ત્યાં સુધી દેખાય નહિ, તેમ ઉપર કહેલ પ્રમાણે કર્મસ્થિતિનો લાઘવ (ઘટાડો) થયા વિના અંતઃસ્થ ગ્રંથિસ્થાન પ્રગટ થતું નથી.**

તમોએ આપ્યા છે તે ક્રમમાં કંઈ કારણ છે કે એમને એમ જ છે ? આનો **'क्रमोऽपी'** એ વાક્ય રચનાથી જવાબ આપે છે. ધર્મબહુમાનવાળો વિધિપર અને ઉચિત્તનો ક્રમ પણ આ પ્રમાણે જ છે. કેમકે જેને ધર્મનું બહુમાન નથી તે વસ્તુતઃ વિધિપરાયણ છે જ નહિ. વિધિનો પ્રયોગ, ભાવપ્રધાન છે. અને શ્રેષ્ઠભાવ ધર્મના બહુમાન વગર હોઈ શકે નહિ. માટે ધર્મનું બહુમાન પહેલાં જોઈએ, અને તેની વિદ્યમાનતા હોય તો જ વિધિપરાયણ બનાય છે અને વિધિમાં પરાયણ આત્માઓ ઉચિત્તવૃત્તિઓવાળા બને છે. ક્રમવિન્યાસમાં આ કારણ છે. આ ત્રણેય ધર્મ બહુમાનાદિ ગુણોનો ક્રમ બરોબર છે. કારણ કે; જેઓને ચૈત્યવંદનવિષય શુભ પરીણામ-પાઠાદિધર્મ પ્રત્યે બહુમાન (આંતરિક ભાવ) નથી. તેઓ તત્ત્વથી-વસ્તુસ્થિતિથી, આ લોક તથા પરલોકના વિષે અવિરુદ્ધ ફલરૂપ વિધિનું આરાધન કરવામાં તત્પર મનાતા જ નથી. કારણ કે; વિધિની (ક્રિયાની) આરાધનાનો સાર ભાવમાં રહેલો છે અને વળી આ ભાવ (ચૈત્યવંદનવિષયક શુભપરીણામ) બહુમાન (તે પ્રત્યેની આદરપૂર્વકની રૂચિ) ના અભાવમાં સંભવી શકતો જ નથી. બહુમાન હોય તો ભાવ છે. ને ભાવની પ્રધાનતા હોય તો વિધિપ્રયોગની સફલ આરાધનાવાળો વિધિતત્પર કહેવાય છે. તથા બહુમાનના અભાવમાં ભાવનો અભાવ રહે છે અને માટે ભાવવગર, વિધિપ્રયોગની નિષ્ફળતા છે. માટે તત્ત્વથી વિધિતત્પર કહેવાતો જ નથી. ઈતિ.

'એતદ્ બહુમાની' એ વિશેષણસૂચક પદ પહેલાં અને વિધિપર એ પછી એનું કારણ બતાવેલ હોવાથી આ બન્નેનો ક્રમ સિદ્ધ થાય છે. હવે બાકી રહેલા ઉચિતવૃત્તિપદને છેલ્લું રાખવાનું કારણ કંઠથી કહે છે.

**न चामुष्किविधावनुचित्-कारिणोऽन्यत्रोचितवृत्तय इति, विषयभेदेन तदौचित्याभावाद्, अप्रेक्षापूर्वकारि विजृम्भितं हि तत्,**

**અર્થ**-જે પ્રાણીઓ પરલોકની વિધિમાં વિરુદ્ધ પ્રવૃત્તિવાળા હોય તે ઈહલોકમાં ઉચિતવૃત્તિવાળા હોઈ શકતા નથી જ, કારણ કે; વિષયનો ભેદ થાય છે. તેથી ઈહલોક તથા પરલોકની વિધિમાં ઔચિત્ય હોઈ શકતું નથી. કેમકે; પ્રેક્ષાપૂર્વકારીઓ એક ઠેકાણે ઉચિત કરે અને બીજે ઠેકાણે અનુચિત કરે એમ બની શકતું નથી. એકત્ર ઉચિત કરવું અને અન્યત્ર અનુચિત કરવું એ અપ્રેક્ષાપૂર્વકાર્યકારીઓનો વિલાસ-લીલા છે.

**વિવેચન**-અહીં 'च' શબ્દ એ સૂચન કરે છે કે; વિધિપૂર્વક (જેના પહેલાં વિધિ હોય છે તેવી) જ ઉચિતવૃત્તિનો વિચાર કરવો તે આ પ્રમાણે-પરલોકના ફળવાળા કર્તવ્યમાં પણ (મૂલમાં જે अपि શબ્દ છે તેનો એ અર્થ થાય છે કે ઐહિક કર્તવ્યમાં તો પૂછવું જ શું ?) વિરુદ્ધ વર્તનવાળાઓ આ લોકમાં સ્વકુલાદિને ઉચિત નિર્મલ આચારવાળા એ ઉચિતવૃત્તિવાળા ગણાતા નથી. કારણ કે; અહીં (આ લોકમાં) પણ પરલોક ફલ પ્રધાન કર્તવ્યને જ ઉચિતવૃત્તિ માનેલી છે, (કહ્યું છે કે 'પરલોક વિરુદ્ધ કર્તવ્યના કરનારને દૂરથી છોડો ! જે પોતાને છેતરે છે તે બીજાઓને હિતકારક કેવી રીતે થવાનો ?) કેમકે તેમાં વિષયનો ભેદ થાય છે.

(કેવલ પરલોકપ્રધાન કર્તવ્યનો અનાદર હોઈ વિષય જુદો થતો હોવાથી) આલોક પરલોક સંબંધી પ્રત્યક્ષ કે પરોક્ષ અપાયોના (વિઘ્નોના) પરીહારરૂપ પ્રવૃત્તિરૂપ ઔચિત્યનો આલોકમાં તથા પરલોકમાં અભાવ છે. કારણ કે; જે કર્તવ્યનું પરીણામ, પરલોકમાં સુન્દર છે તે જ કર્તવ્યને અહીં (આલોકમાં) પણ વિધિપરતા કહેવામાં આવે છે. અને ઉચિતવૃત્તિપણું વિધિપૂર્વક જ હોય છે.

વળી જેઓ ચૈત્યવંદન, આવશ્યક, વિહાર, દાન, પૂજાદિક પરલોકના સાધનમાં ઉચિત કરવાવાળાઓ નથી હોતા પરંતુ કેવલ આલોકસંબંધી કુલક્રમાગતકર્ત્તવ્યમાં ઉચિત કરવાવાળાઓ હોય અને પરલોકસંબંધી કૃત્યમાં ઉચિત પ્રવૃત્તિ કરનારા ન હોય, તેઓ ખરેખર સુબુદ્ધિનો ઉપયોગ કે પ્રયોગ કર્યા સિવાય પ્રવૃત્તિ કે પ્રગતિ કરનારા છે. સારાંશ કે; વિધિપૂર્વક જ ઉચિતવૃત્તિપણું મનાતું હોવાથી પહેલાં "વિધિપરા" એ વિશેષણપદ છે ને "ઉચિતવૃત્તય" એ વિશેષણ પદ પછી મૂકેલ છે. એમ પરસ્પર કાર્યકારણભાવ વિચારી ક્રમની સાર્થકતા સમજવી.

**यदेतेऽधिकारिणः परार्थप्रवृत्तैर्लिङ्गतोऽवसेयाः, मा भूदनधिकारिप्रयोगे दोष इति । लिङ्गानि चैषां तत्कथाप्रीत्यादीनि, तद्यथा तत्कथा प्रीतीः, निन्दाऽश्रवणं तदनुकम्पा, चेतसो न्यासः, परा जिज्ञासा । तथा गुरूविनयः, सत्कालापेक्षा, उचितासनं युक्तस्वरता, पाठोपयोगः ।**

**અર્થ**-વાસ્તે પરમાર્થપરાયણ મહાત્માઓએ લક્ષણોથી તે અધિકારીઓને ઓળખી લેવા. જેથી અનધિકારીઓને (અયોગ્યોને) પ્રકૃત ચૈત્યવંદનસૂત્રપાઠાદિ ધર્મદાનાદિપ્રયોગ (ચેષ્ટા) માં જે દોષ લાગે છે તે દોષ ન લાગે! અને આના (ધર્મ બહુમાની, વિધિપર, ઉચિત વૃત્તિરૂપ અધિકારીઓના) લિંગો (ઓળખાવનાર સુલક્ષણો) અનુક્રમથી પ્રત્યેકના પાંચ પાંચ બતલાવતાં પહેલાં-શરૂઆતમાં,

બહુમાનના પાંચ લિંગો બતલાવે છે.

(૧) તત્કથાપ્રીતિ=ચૈત્યવંદનસૂત્રના આરાધકોની કથા ઉપર પ્રીતિ હોય. પ્રસ્તુત ધર્મકથન પ્રત્યેનો અનુપમ પ્રેમ એ બહુમાન સૂચક છે. કારણ કે; તે પ્રેમ બહુમાનથી સાધ્ય હોઈ બહુમાનગમક છે.

(૨) નિન્દાઽશ્રવણ-ચૈત્યવંદનસૂત્રના આરાધકોની તથા પ્રસ્તુત ધર્મની નિંદાને ન સાંભળે.

પ્રસ્તુત ધર્મની નિંદા નહિ સાંભળવી, એ બહુમાનથી જ સંભવી શકે છે. તો બહુમાન સૂચક નિંદાનું નહી સાંભળવું છે.

(૩) તદનુકંપા=નિંદા કરનારની ઉપર અનુકંપા-દયા આવે કે; બીચારા રાજસ તામસ પ્રકૃતિથી પરાધીન બનેલા અને હિતકાર્યને સમજવા માટે મૂઢ બનેલા પ્રાણીઓ, આવી રીતિએ અનિષ્ટ ચેષ્ટાઓ કરીને આ અણમોલ માનવ જીવનની નિરર્થક બરબાદી કરી નાખે છે. નિંદાપરાયણ પ્રાણી પર દયા, એ બહુમાનનું કાર્ય છે એટલે બહુમાનગમક લિંગ છે.

(૪) ચેતસોન્યાસ-ચિત્તને તન્મય-ચૈત્યવંદનમાં તલ્લીન બનાવે. અત્યુત્કટ ઉત્કંઠાપૂર્વક ચૈત્યવંદનરૂપ ધર્મમાં અંતઃકરણને પરોવવું એ બહુમાન હોય તો જ થાય છે. વાસ્તે બહુમાનદ્યોતક છે.

(૫) પરા જિજ્ઞાસા=ચૈત્યવંદનને જાણવાની તીવ્ર ઈચ્છાવાળો હોય. ચૈત્યવંદનવિષયક તીવ્ર જ્ઞાનની ઈચ્છા, (ચૈત્યવંદનરૂપ ધર્મને જાણવાની ઉત્કટ ઉત્કંઠા) બહુમાન હોય તો જ સંભવી શકે છે. વાસ્તે આ પણ બહુમાનગમક લિંગ છે.

હવે વિધિપરતાના પાંચ લિંગો દર્શાવે છે-

(૧) ગુરૂવિનય=માબાપ વિગેરે અથવા પ્રસ્તુતધર્મદાતા ધર્મગુરૂના તરફ ઉચિત પ્રતિપત્તિ-સેવા એનું નામ ગુરૂવિનય છે. ધર્મશ્રવણ વિગેરે સર્વ ક્રિયાઓમાં કરવામાં આવતો આ જાતનો વિનય (નમ્રભાવ) એ વિધિપરતાનું સૂચન કરે છે.

(૨) સત્કાલાપેક્ષા=ત્રણ સંધ્યારૂપ સુંદર કાલનો આશ્રય કરવો. તથા પ્રસ્તુત ધર્મનું શ્રવણ, ગ્રહણ અને ચૈત્યવંદનાદિક સર્વ ક્રિયાઓને યોગ્ય કાલની અપેક્ષા રાખીને કરવી. અને યોગ્યકાલનો અર્થ, ત્રિસંધ્યા અથવા વૃત્તિ - (આજીવિકા) ક્રિયાને બાધા ન પહોંચે તે, કે જે ક્રિયા કરવા માટે જે સમય (કાલ) શાસ્ત્રે બતાવેલ હોય તે.

(૩) ઉચિતાસનં=ચૈત્યવંદનાદિસર્વ ધર્મક્રિયાઓમાં ઉચિત આસન જાળવવું. આ વિધિપરતાનું દ્યોતક છે.

(૪) યુક્તસ્વરતા=પોતાના સિવાય બીજા જે ચૈત્યવંદનસ્તુતિ વિગેરેમાં પ્રવૃત્ત થયા હોય તેઓને પોતાના યોગમાં બાધા, પીડા, ઉપઘાત કે મુંઝવણ વિગેરે ઉત્પન્ન થાય તે રીતે યુક્ત સ્વરથી-અતિ ધીમો પણ નહિ અને અતિ ઉંચો પણ નહિ તેવો બરાબર સ્વર (અવાજ-ધ્વનિ) રાખવો.

(૫) પાઠોપયોગ=ચૈત્યવંદનાદિસૂત્રપાઠ પ્રત્યે સતત દત્ત ચિત્તવાળા થવું.

હવે ઉચિતવૃત્તિના પાંચ લિંગો બતલાવે છે-

**तथा लोकप्रियत्वं, अगर्हिता क्रिया, व्यसने धैर्य, शक्तिततस्त्यागो लब्धलक्ष्यत्वं चेति ॥**

ઉચિતવૃત્તિના પાંચ લક્ષણો છે. તે આ પ્રમાણે-

(૧) લોકપ્રિયત્વ=ઉચિતવૃત્તિએ વર્તનાર આત્મા, સકલલોકની પ્રીતિ સંપાદન કરે છે. સકલ લોકનો પ્રેમ જીતવાથી ઉચિતવૃત્તિનું માપ નીકળે છે.

(૨) અગર્હિતા ક્રિયા=આ લોકમાં તથા પરલોકમાં જે નિંદા પાત્ર છે. એવા મદ્ય (દારૂ) માંસસેવન, પરસ્ત્રીગમન, જુગાર, ચોરી, પ્રાણીહિંસા એવા પાપરૂપ વ્યાપારને છોડવાપૂર્વક ન્યાયપૂર્વક જીવન કે આજીવિકાનું વલણ અખત્યાર કરવું.

(૩) વ્યસને ધૈર્ય=ચોમેર વિપદાના વાદળો ઘેરાયેલા હોય તો પણ દીનતાનું શરણ નહિ લેતાં વીરતા-શૂરતા ધારવી.

(૪) શક્તિતઃ ત્યાગ=શક્તિ (ગજા) મુજબ ત્યાગ (દાન) તપ વિગેરે કરવું.

(५) लब्धलक्ष्यत्व=लक्षसुधी पहोंचवुं. चैत्यवंदनादि तमाम क्रियाओमां छेवटना साध्यनो निश्चय होवो जोईओ.

आ तमाम लिंगो, अर्थी, समर्थ विगेरेना आ बीजा रूपो छे अर्थात् रूपांतररूपे छे.

**एभिस्तदधिकारितामवेत्यैतदध्यापने प्रवर्त्तेत, अन्यथा दोष[1] इत्युक्तम् ।**

**अर्थ**-आ कहेल तमाम लिंगोथी, अधिकारीओनी अधिकारिताने-(योग्यता-लायकातने) जाणी, ओळखी-पारखी पछी चैत्यवंदनसूत्रादिना अध्यापनमां (भणावावामां) प्रवृत्ति करवी जोईओ. नहींतर अनधिकारीओने भणावनारने दोष लागे छे. एम पहेलां कहेल छे. हवे प्रकृत विषयमां वादीनी शंकानुं समाधान करे छे.

**आह-क इवानधिकारिप्रयोगे दोष इति, उच्यते, स ह्यचिन्त्यचिन्तामणिकल्पमनेकभवशतसहस्रोपात्तानिष्टदुष्टाष्ट-कर्म्मराशिजनितदौर्गत्यविच्छेदकमपीदमयोग्यत्वादवाप्य न विधिवदासेवते, लाघवं चास्यापादयतीति-**

अर्थ-वादी (शंका) अयोग्यने सूत्राध्ययनादि करावावामां आवे तो कोनी माफक क्यो दोष आवे ? अर्थात् अनधिकारी चेष्टामां जे दोष आवे तेने दृष्टांत आपी समजावो !

समाधान-"स" ते वादीने शंकानो जवाब ईत्यादिथी आपे छे वस्तुस्थिति एवी छे के; लाखो भवोमां भेगा करेल, अनिष्ट (दुःखद) दुष्ट (अशुभ) एवा आठेय कर्मोना ढग-समूहथी पेदा थयेल दौर्गत्य (दुःख, दारिद्रय, दुर्गति, खराब हालत) नो विच्छेद (क्षय-मूलथी नाश) करनार छतां पण, अचिंत्य (न चिंतवी शकाय एवा के कल्पनामां आवी नहि शके एवा) एवा चिंतामणि (चिंतायां सर्व कामदो मणिः सर्वे वांछेलुं पुरुं पाडनार एक जातनो मणि) सरखा चैत्यवंदनसूत्रने मेळवीने अयोग्य माणस, अयोग्यताने लईने विधिमुजब आराधी शकतो नथी. ए पहेलो दोष (विधि वगर के अविधिए सूत्रनो अभ्यास करे तो, अविधिए ग्रहण करेलो मंत्र जेम उन्मादादिक दोष उत्पन्न करे छे, तेम विपरीत फळ आपनार थाय छे.)

(२) दोष-ते अयोग्य माणस, विधि प्रमाणे आराधतो नथी. एटलुं ज नहि पण चैत्यवंदनसूत्रादिनी अवज्ञा, आशातना, निंदा, विराधनादिथी लघुता करे छे. (जेओ आ सूत्र प्रत्ये लगारे प्रीति ज धरावता

---

१ सव्वं पि जओ दाणं दिन्नं पत्तंमि दायगणं हियं ईहरा अणत्थजणगं पहाणदानं सुयदाणं । धर्मरत्न प्रकरणे ९७॥ सघळुं दान, पात्रने आप्युं होय तोज देनारने कल्याणकारी थाय छे. अन्यथा बीजी रीते कुपात्रने दीधेलुं दान अनर्थजनक-संसार वधारनार थाय छे. अने श्रुतनुं दान सर्व दानमां प्रधान रूपे छे.

'सदुयरं च न देयं एयमपत्तमि नीयतत्तेहिं । रूचदेसणा विशुद्धा, इयरामिच्छत्तगमणाई ॥ ९८ ॥ गीतार्थपुरुषे श्रुतपदेशादिरूप दान, खास करीने अपात्रमां नहि देवुं. पात्रमां अपाती देशना, शुद्ध देशना कहेवाय छे. बीजी रीते देशना करतां श्रोताओ मिथ्यात्वमां पडे, द्वेषनो वधारो थतां भात, पाणी, शय्या, मळतां तूटे तथा वखते उपदेशकना खून विगेरे थाय ईत्यादि दोषो संभवे छे. माटे ज भावानुवृत्तिप्रमाणे देशना देनार वखणाय छे.

નથી, અને ઉલટા સૂત્રદાતા ઉપર દ્વેષ તથા સૂત્ર પ્રત્યે અરૂચિ કે દ્વેષ રાખનાર હોઈ અયોગ્ય છે. તેઓ સૂત્રને હલકુ પાડવા જ મથી રહેલા હોય છે.) હવે આ વિષયને આગળ વિસ્તારથી કહે છે. **ततो विधिसमा 'सेवकः कल्याणमिव महदकल्याणमासादयति, उक्तं च 'धर्मानुष्ठानवैतथ्यात्प्रत्यपायो महान्भवेत् । रौद्रदुःखौघजनको, दुष्प्रयुक्तादिवौषधात् ॥ १ ॥ इत्यादि, अतोऽनधिकारिप्रयोगे प्रयोक्तृकृतमेव तत्त्वतस्तदकल्याणमिति. 'लिङ्गैस्तदधिकारितामवेत्यैतदध्यापने प्रवर्त्तेत.'**

અર્થ-તેથી જ જેમ ચિંતામણીને વિધિથી આરાધવાવાળો, મોટી કલ્યાણમંગળમાળાને પામે છે. તેમ અવિધિથી આરાધનાવાળો મોટા અપમંગળને, મોટા દુઃખને, ઉપદ્રવને પામે છે, તેમ ચૈત્યવંદનસૂત્રને વિધિથી આરાધવાવાળો મોટા કલ્યાણ ને પામે છે ને અવિધિથી આરાધવાવાળો મોટા અકલ્યાણ (અમંગલ, દુઃખ-ઉપદ્રવ) ને પામે છે. તે નિર્વિવાદ વાત છે. કહ્યું પણ છે કે:- 'અવિધિથી સેવેલ ઔષધ (દવા) ની માફક, ધર્માનુષ્ઠાનને અવિધિથી સાધવાથી, ભયાનક-વેદનાજનક, મોટો પ્રત્યપાય (પાપ, વિઘ્ન, ઉપદ્રવ) થાય છે. તેમજ અયોગ્ય પ્રાણીને ચૈત્યવંદનસૂત્રાદિ આપવાથી તે સૂત્રાદિ, સ્વાર્થસાધન કરી આપતો નથી. એટલું જ નહિ પણ ઉલ્ટું વિપરીતપણું કરી અનેક ઉપાધિઓ અને દુઃખો પેદા કરે છે. મતલબ એ છે કે; જેમ ઔષધને યોગ્ય રીતિએ આપ્યું હોય નહિ અથવા અયોગ્યને આપ્યું હોય તો લાભ થવાને બદલે તેનાથી હેરાનગતિ થાય છે. તેવી રીતે ધર્માનુષ્ઠાનને વિતથપણે આચરવાથી અનધિકારીને ઉપદેશવાથી તે ભયંકર દુઃખોને[1] ઉત્પન્ન કરનાર થઈ પડે છે. અનધિકારીઓને (અયોગ્યને) ચૈત્યવંદનસૂત્રાદિ ભણાવવારૂપ પ્રયોગમાં (ચેષ્ટામાં) જે અયોગ્યને અકલ્યાણ (અહિત-અનર્થ) થાય છે. તેમાં તત્ત્વથી (વાસ્તવિકરીતિએ) પાત્રાપાત્રને લિંગો કે લક્ષણોથી નહી પારખનાર, પ્રયોકતા (અધ્યાપકરૂપ) વ્યક્તિ જ કારણ, પ્રયોજક રૂપે

---

**૧ ચૈત્યવંદન વાંદણાં વિગેરે ધર્માનુષ્ઠાન, વિધિની પ્રધાનતા રાખીને કરાતું મોટા ફળવાળું થાય છે. અન્યથા અવિધિથી કરાતું અતિચારવાળું થતું હોઈ શ્રીદત્તાની માફક કોઈ વખત મોટા અનર્થને પેદા કરે છે. એથી જ અવિધિથી અનુષ્ઠાન સાતિચાર થાય છે. તેથી આગમમાં પ્રાયશ્ચિત બતાવેલ છે. જુઓ મહાનિશીથે - 'अविहीए चेइयाइं वंदिज्जा तस्स णं पायच्छित्तं उवइसिज्ज, जओ अविहीए चेइआइं वंदमाणो अन्नेसिं असद्धं जणेइ इइ काउणं' સાતમા અધ્યયનમાં આ પ્રમાણે જણાવેલ છે કે; અવિધિને છોડવાપૂર્વક વિધિપૂર્વક વિશુદ્ધ ધર્માનુષ્ઠાન કરવું એજ શ્રદ્ધાલુનું લક્ષણ છે. તથાહિ - 'विहिसारं चिअ सेवइ अत्तिमं अणुट्ठाणं । दव्वाइदोसनिहओविइक्खवायं वह इतंमि' જે શક્તિમાન્ હોય તે શ્રદ્ધાસહિત વિધિની મુખ્યતા રાખીને ચૈત્યવંદન વાંદણાં વિગેરે ધર્મક્રિયા કરે અને જો શક્તિ વગરનો હોય તો દ્રવ્યક્ષેત્રકાલભાવે કરી તાદશક્રિયા ન કરી શકતો હોય તો હૃદયના ભાવરૂપ પક્ષપાત તો તે વિધિપૂર્વકના અનુષ્ઠાનમાં જ રાખે તેજ અર્થાત્ વિધિપૂર્વકના અનુષ્ઠાનનો પક્ષપાતી દ્રઢભાવનાવાળો માર્ગાનુસારિ ક્રિયાનો સાચો અધિકારી ગણાય.**

**૧ કાદંબરીમાં બાણ કવિએ પણ કહ્યું છે કે;-**

**'अपगतमले हि मनसि स्फटिकमणाविव रजनिकरगभस्तयो विशन्ति सुखमुपदेशगुणाः । गुरुवचनममलमपि सलिलमिव महदुपजनयति श्रवणस्थितं शूलमभव्यस्य ॥**

**અર્થ-જેમ નિર્મલ સ્ફટિકમણિમાં ચન્દ્રના કિરણો સુખે પ્રવેશ કરે છે તેમ નિર્મલમનમાં ગુરૂજનનો ઉપદેશ-હિતબોધ સુખે પ્રવેશ (અસર) કરે છે. જેમ કાનમાં નાંખેલ (રહેલ) પાણી શૂલને (પીડા) ઉપજાવે છે. તેમ ગુરૂજનનું વચન પણ અભવ્યને (અયોગ્ય) અનર્થ કે ક્લેશજનક થાય છે.**

માની શકાય. એટલે પાત્રાપાત્રની પરીક્ષા કર્યા સિવાય અયોગ્યને ભણાવનાર વ્યક્તિનું પણ અકલ્યાણ સાથે સાથે સમજવું. અયોગ્યને નહિ ભણાવવામાં કલ્યાણ છે. યોગ્યને ભણાવવામાં કલ્યાણ છે. અયોગ્ય જીવને વીતરાગ વચન નહીં આપવામાં જ જ્ઞાનદાતાનું કલ્યાણ છે. અર્થાત્ તે ~~જીવના~~ હિત ખાતર જ શાસ્ત્રજ્ઞાનનું દાન નહી કરવું તે હિતાવહ છે. કારણ કે; જેમ કાચા માંટીના ઘડામાં જળ નાખ્યું હોય તો જલ તે ઘડાનો વિનાશ કરે છે. તેમ અયોગ્યને આપેલ શાસ્ત્રજ્ઞાન અહિતકર થાય છે. માટે જ ભો ! ભો ! જ્ઞાનીઓ ! ઉપર કહેલ અધિકાર દર્શક સુલક્ષણોથી ચૈત્યવંદનાદિધર્મના અધિકારીની યોગ્યતાને બરોબર જાણી, જોઈ, પારખી, ચૈત્યવંદનાદિસૂત્રને ભણાવવામાં પ્રગતિશીલ કે ઉજમાળ બનો !

**एवं हि कुर्वता आराधितं वचनं, बहुमतो लोकनाथः, परित्यक्ता लोकसंज्ञा, अङ्गीकृतं लोकोत्तरयानं, समासेविता धर्म्मचारितेति, अतोऽन्यथा विपर्यय इत्यालोचनीयमेतदतिसूक्ष्माभोगेन ।**

**અર્થ**-ખરેખર આ પ્રમાણે કરનાર (કરતા) મહાભાગ પુરૂષે, શાસ્ત્રના વચનની આરાધના (સેવા-ભક્તિ) કરી સમજો ! લોકનાથનું-તીર્થંકર પરમાત્માનું બહુમાન કર્યું જ માનો ! ગતાનુગતિક (સમજ્યા વગર એક ગયો અને એની પછવાડે બીજાના જવા રૂપ) લક્ષણવાળી લોકહેરી (ગાડરીઓ પ્રવાહ) છોડી એમ કલ્યો ! લોકોત્તર (અલૌકીક-અદ્‌ભૂત) યાન-પ્રવૃત્તિ (ગમન-પ્રગતિ) નો અંગીકાર કર્યો એમાં સંદેહ નથી જ એમ જ વિચારો ! ચોક્કસ ધર્મનું આચરણ બરોબર આચર્યું જ એમ ધારો ! અધિકારીની યોગ્યતાની પરીક્ષા કર્યા વગર અધ્યાપન કરવામાં પ્રવૃત્તિ કરનારે વીતરાગ વચનની વિરાધના કરી, લોકનાથનું અપમાન કર્યું, લોકહેરીને સ્વાગત આપ્યું, લૌકિક પ્રવૃત્તિ આરંભી, અધર્મનું આચરણ આચર્યું વિગેરે દોષનો જ પોષ કર્યો. એમાં સ્હેજ પણ સંદેહ કરવા જેવું કાંઈ નથી. આ પ્રમાણેની આ વિષયની આલોચના (મીમાંસા) અત્યંત સૂક્ષ્મ ઉપયોગ-ધ્યાન દઈને કરો ! ઉંડા ઉતરી વિચારો !

**'नहिवचनोक्तमेव [1]पन्थानमुल्लङ्घ्यापरो हिताप्त्युपायः,**

**અર્થ**-શાસ્ત્રે કહેલ માર્ગ સિવાય બીજો કોઈ હિતપ્રાપ્તિનો ઉપાય, માર્ગ કે સાધન નથી. અર્થાત્ એક શાસ્ત્રવચન જ અજોડ અમોઘ હિતનો રાહ છે, મંગલનો માર્ગ છે, કલ્યાણની કેડી છે, શિવની સરણી છે, પ્રગતિનો પંથ છે. માટે શાસ્ત્રીય વચનને આધારે કે ઈસારે આગે બઢો ! કૂચ કદમ ભરો !

**શંકા**-પ્રત્યેક પુરૂષોની પ્રવૃત્તિને જ હિતપ્રાપ્તિનું કારણ માનીએ અને શાસ્ત્રવિહિત વચનને હિતસાધન ન માનીએ તો શો વાંધો આવે ? આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે; **न चानुभवाभावे पुरूषमात्रप्रवृत्तेस्तथेष्टफल-सिद्धिः ॥**

**(સમાધાન) અર્થ**-અનુભવ, પુરૂષપ્રવૃત્તિદ્વારા સ્વઈષ્ટફલની સિદ્ધિમાં અસાધારણ કારણ છે. જો અનુભવનો

---

**१ 'વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો વચન સાપેક્ષ વ્યવહાર સાચો' ગા. ૪ 'આનંદઘનજી કૃત અનંતનાથસ્વામીના સ્તવને'**

અભાવ હોય તો પુરૂષપ્રવૃત્તિમાત્રથી ઈષ્ટફલની સિદ્ધિ કદી થતી નથી અને જે પુરૂષ, સફલ કર્મમાં (ક્રિયામાં) પ્રવૃત્તિ કરે છે. તે કર્મ બે પ્રકારનું હોય છે.

(૧) દૃષ્ટ (પ્રત્યક્ષ, ચક્ષુગોચર) ફલવાળું (૨) અદૃષ્ટ (પરોક્ષ-અતીન્દ્રિય) ફળવાળું હોય છે. એ વિષયનું સોદાહરણ પ્રતિપાદન સાંભળો !

(૧) પહેલાં પોતે જ જેનું ફલ જોયેલું છે એવા દૃષ્ટફલવાળા ખેતી વગેરેના કર્મમાં તેના સાધનપૂર્વક પ્રવૃત્તિ કરનારને ધાન્યસિદ્ધિરૂપ ઈષ્ટફલની સિદ્ધિ અવશ્ય થાય છે.

(૨) આપ્ત પુરૂષે (યથાર્થવાદી-પ્રામાણિકપુરૂષે) બતાવેલ, સાધનપૂર્વક, અદૃષ્ટ (પરોક્ષ-અતીંદ્રિય) ફલવાળીનિધાન ખોદવા વિગેરે રૂપ ક્રિયામાં પ્રવૃત્તિકરનારને પોતાની ઈષ્ટફલની સિદ્ધિ અચૂક થાય છે. પોતાની જાતના પ્રત્યક્ષરૂપ અનુભવ કે આપ્ત ઉપદેશ (પ્રામાણિક-પુરૂષ-વચનરૂપ આગમ) પૂર્વક કરાતી પ્રવૃત્તિથી સ્વઈષ્ટફલની સિદ્ધિ છે.

એવંચ દૃષ્ટફલવાળાં કર્મની ઈષ્ટફલની સિદ્ધિમાં પ્રત્યક્ષરૂપ અનુભવ, કારણ છે. અદૃષ્ટ ફલવાળા કર્મની સ્વેષ્ટ ફલસિદ્ધિમાં આપ્તવચન, આગમરૂપ અનુભવ, કારણ છે જો આવી રીતનો કારણભાવ, ન માનવામાં આવે તો કદી ઈષ્ટફલની સિદ્ધિ થાય જ નહી. પ્રકૃતમાં ચૈત્યવંદનરૂપ ક્રિયા, અતીન્દ્રિય (પરોક્ષ) ફલવાળી છે. વાસ્તે આ ક્રિયાની પ્રવૃત્તિમાં શાસ્ત્રનો ઉપદેશ (આગમ-વચન) જ પ્રમાણ છે. કારણ કે; અતીન્દ્રિયફલના પ્રત્યે પોતાની જાતનો પ્રત્યક્ષરૂપ અનુભવનો અભાવ છે. તેથી પુરૂષની પ્રવૃત્તિમાત્ર, ઈષ્ટફલની સિદ્ધિ કરી શકતી નથી. ચૈત્યવંદનરૂપ ક્રિયામાં શાસ્ત્રના (આગમના) વચનથી પ્રવૃત્તિ કરવી જોઈએ. પારમાર્થિક પ્રત્યક્ષરૂપ કેવલજ્ઞાનના આધારભૂત વીતરાગ વચનના અનુસારે કરેલ પ્રવૃત્તિ, અચૂક ફલલાળી થાય જ એ અસંદિગ્ધ કે અનિર્ભ્રાન્ત છે.

પ્રવચનવચન જ એક હિતપ્રાપ્તિનો બીનહરીફ ઉપાય છે. પ્રવચન વચનરૂપ અનુભવ, માનવામાં ન આવે તો કેવળ પુરૂષોની પ્રવૃત્તિથી સ્વેષ્ટફલની સિદ્ધિ નથી થતી એ દોષ પહેલાં બતલાવ્યો. હવે પ્રવચનના વચનરૂપ અનુભવને અવગણીને કેવળ પુરૂષની પ્રવૃત્તિ જ ઈષ્ટફલ સિદ્ધિદાયક છે એમ માનવાથી બીજો દોષ બતલાવે છે.

**'अपिच-लाघवापादनेन शिष्टप्रवृत्तिनिरोधतस्तद्विघात एव,**

**અર્થ**-વળી, મરજીમૂજબ, સ્વચ્છંદ રીતિએ પ્રવૃત્તિ કરવાથી, સમ્યક્‌ચૈત્યવંદનરૂપ વિધિ (ક્રિયા) ની લઘુતા (હલકાપણું) કરાય છે. અને તે ક્રિયાની લઘુતા કરવાથી પૂજ્યપૂજા (વીતરાગવચનપાલન) રૂપશિષ્ટપ્રવૃત્તિ (શિષ્ટ આચાર-શિસ્તપાલન)નો ભંગ કે નિરોધ થાય છે ને શિષ્ટાચાર રોકાઈ જવાથી (બીજા ઉપાયથી પણ થતી) સ્વેષ્ટફલની સિદ્ધિ રોકાઈ જ જાય છે.

તથાચ શાસ્ત્રવચનની અપેક્ષા રાખીને પ્રવૃત્તિ કરવાથી સમ્યક્‌ચૈત્યવંદનક્રિયાનું ગૌરવ-બહુમાન-ઉત્કર્ષ કરાય છે. તેના ગૌરવથી પૂજ્યપૂજારૂપ શિષ્ટાચાર સાચવ્યો, પાળ્યો. ને શિષ્ટાચારને જાળવવાથી નિયમા સ્વેષ્ટ ફલની સિદ્ધિ છે જ... કહ્યું છે કે, **'प्रतिबध्नाति हि श्रेयः पूज्यपूजाव्यतिक्रमः'** પૂજ્યોની પૂજાનું ઉલ્લંઘન,

(ઓળંગવું-ઉપર થઈને જવું કે અનાદર કરવો) શ્રેયને રોકે છે. વીતરાગ એ પરમપૂજ્ય પુરૂષ અને તેઓશ્રીનું વચન, એ પરમપૂજનીય આરાધ્ય કે ઉપાસ્ય, અને તેનું પૂજન એટલે પાલના-આરાધન શ્રેય કરે છે. અને તેનું ઉલ્લંઘન, (વિરાધના કે આશાતનારૂપ) ખરેખર શ્રેયને (શિવકલ્યાણ કે મંગલને) -અટકાવે એમાં આશ્ચર્ય જ શું હોય ? માટે પૂજ્યપૂજારૂપ શિષ્ટાચારને પ્રાણાંતે પણ નહિ ઓળંઘો ? એને જીવનનો આદર્શ કે મુદ્રાલેખ કે ગોત્રવ્રત કરી માનો-લેખો !

શંકા-તો પછી ચૈત્યવંદનની વિધિ (ક્રિયા) શિષ્ટાચારની પરંપરાથી કરવાની હોઈ ગતાનુગતિક થવાની, એટલે ચૈત્યવંદન વિધિ, અપવાદરૂપ વિધિ જ થઈ ? આ શંકાનો વ્યાખ્યાકાર જવાબ આપે છે કે-

**'अपवादोऽपि सूत्राबाधया [1]गुरूलाघवालोचनपरोऽधिकदोषनिवृत्त्या शुभः शुभानुबन्धी महासत्त्वाऽऽसेवित [2]उत्सर्गभेद एव, न तु सूत्रबाधया गुरूलाघवचिन्ताऽभावेन हितमहितानुबन्धि-असमञ्जसं परमगुरूलाघवकारिक्षुद्रसत्त्वविजृम्भितमिति ॥**

અર્થ-અપવાદ પણ જે વિશેષણો બતલાવીએ છીએ તે વિશેષણોથી વિશિષ્ટ અપવાદ પણ ઉત્સર્ગના

---

૧. 'गुरूलाघवचिन्तया कृतस्य सूत्रे णसह पूर्वापरविरोधाभावात्' ગુરૂલાઘવની (ગુણદોષ-લાભાલાભ-નફા તોટાની) ચિંતાથી આચરેલમાં સૂત્રની સાથે પૂર્વાપર વિરોધનો અભાવ છે.

૨ (૧) વીતરાગવચનની ઉત્સર્ગ અપવાદરૂપ શુદ્ધસંયમાદિ પાળવાના ઉપાયરૂપ આગમનીતિ એ એક માર્ગ (૨) સંવિગ્નબહુ જનાચીર્ણ મોક્ષાભિલાષી ઘણા ગીતાર્થપુરૂષોએ આચરેલ ક્રિયા તે બીજો માર્ગ, આગમની અબાધાએ સંવિગ્નોએ આચરેલી ક્રિયા માર્ગાનુસારિણી ક્રિયા સમજવી. આગમમાં પાંચ પ્રકારનાં વ્યવહાર બતલાવેલ છે. તેમાં પાંચમો જીતવ્યવહાર બતલાવ્યો છે. જીત એટલે આચાર. તેને પ્રમાણ કરતાં આગમ જ પ્રમાણ થયો. વાસ્તે જીતવ્યવહાર આગમથી અવિરુદ્ધ; સંમત, પ્રમાણિત છે. એમ નક્કી ધારવું. બહુ સંવિગ્નપુરૂષના આચારરૂપ જીતવ્યવહારને પ્રમાણ કરવાથી જ. 'सूत्राबाधया' આગમોક્ત વચનમાર્ગની અબાધાએ કરી એ અર્થ કરવાથી "સૂત્રે ભણ્યું પણ અન્યથા, જુદું જ બહુ ગુણ જાણ સંવિગ્ન વિબુધે આચર્યું, કાંઈ દીજે હો કાલાદિ પ્રમાણ' ગા. ૫. સાડાત્રણસો ગાથાના સ્તવને ઢાળ ચૌદમી. આગમમાં કહ્યું હોવા છતાંય દુઃષમાદિકાલ પ્રમુખનું પ્રમાણ વિચારીને તેનાથી જુદું હેરફેર (ફારફેર) કરવામાં ઘણો ગુણ (લાભ) જાણીને સંવિગ્ન ઘણા ગીતાર્થોએ આચરેલ તે પણ માર્ગાનુસારિણી ક્રિયા. દાખલા તરીકે, 'કલ્પનું ઘરવું ઝોલિકા, ભાજન, દવરકદાન, તિથિ પજુસણની પાલટી, ભોજન વિધિ હો ઈત્યાદિ પ્રમાણ' ॥ ૬ ॥ કલ્પ (કપડો-ચાદર પહેલાં કારણે ઓઢતાં તથા ગોચરી પ્રમુખને વિષે વાળીને ખાંધે (ખભે) મૂકી ચાલતા એ આગમનો આચરણ હતો ને હવે ગોચરી પ્રમુખને વિષે પાંગરીને જાવું વિગેરે. ઝોળી બે ગાંઠ વાળીને પાત્રાં બાંધવા તે, તેના વડે ભિક્ષા, આગમમાં પાત્રબંધના બે છેડા મૂઠે પકડવાનું તથા બે કોણીની પાસે બાંધવાના કહેલ છે. હમણા હાથમાં ઝાલીએ છીએ, તરપણી પ્રમુખમાં દોરા લેવા, પાત્ર લેપ દેવા, પજુસણની તિથિ જે પાંચમ હતી તેની ચોથ કરી તથા ઉપલક્ષણથી ચોમાસા પૂનમનાં ટાળી ચૌદશના કર્યા ભોજનવિધિ માંડલીએ બેસવું, વ્હેચવું વિગેરે દ્રષ્ટાંતથી વચનથી જુદુ હોવા છતાં જીતવ્યવહારરૂપ પ્રમાણ આચાર જાણવો.

'अवलंबिउण कज्जं जं किंचि, समायारंति गीयत्था । थोवराहबहुगुणं, सव्वेसिं तं पमाणं तु ॥ ८५ ॥ ધર્મરત્ન પ્રકરણે.

અર્થ-ગીતાર્થ પુરૂષો થોડા દોષવાળા છતાંય ઘણા ગુણોથી ગરિષ્ઠ એવા જે કાર્યને અવલંબીને આચરે છે તે તમામને પ્રમાણભૂતજ છે. કારણ કે, આજ તો પાંચે વ્યવહારોમાં જીતવ્યવહાર જ મુખ્ય છે. જીતવ્યવહારે જ કામ ચાલે છે. 'વ્યવહાર પાંચે ભાખીયા, અનુક્રમે જેહ પ્રધાન ! આજ તો તેમાં જીત છે તે તજીયેં હો કેમ વગર નિદાન.' ॥ ૭ ॥ ઉ. ચ.

સ્થાનને પ્રાપ્ત થયેલ હોવાથી, ઉત્સર્ગના ફલને આપનારા (જનક-હેતુ) હોવાથી, [૧]ઉત્સર્ગવિશેષ કે ઉત્સર્ગનો પ્રકાર જ છે. તથાહિ સૂત્રની અબાધાએ સૂત્રને અબાધિત રાખીને ગુરૂલાઘવ (ગુણદોષ)ની આલોચના (પુખ્ત વિચાર, મનનીય મીમાંસા) માં તત્પર, એથી જ અધિક (બહુ) દોષની નિવૃત્તિ (અભાવ-છોડવા) પૂર્વક શુભાનુબંધી (ઉત્તરોત્તર શુભની વૃદ્ધિવાળા) શુભરૂપ, મહાસત્ત્વે (મહાપુરૂષોએ-ઘણા ગીતાર્થોએ) [૧]આચરેલ, ચલાવેલ અપવાદ પણ ઉત્સર્ગના ભેદ-પ્રકાર-રૂપાંતર રૂપ જ છે. કારણ કે; તેવા પ્રકારનો અપવાદ ઉત્સર્ગ સ્થાનને પ્રાપ્ત થયેલ હોઈ ઉત્સર્ગના ફલને આપે છે. અપવાદ પણ ક્યા ક્યા કારણે ઉત્સર્ગના પ્રકારરૂપ થતો નથી તે વિગતને દર્શાવે છે. 'ન તુ સૂત્રબાધાય' ઈત્યાદિ પદોથી, તથાહિ (૧) સૂત્રને અબાધિત રાખીને એ પહેલું વિશેષણ (૨) ગુણદોષના બરોબર પરામર્શપૂર્વક અધિકદોષની નિવૃત્તિદ્વારા શુભાનુબંધી શુભરૂપ એ બીજું વિશેષણ (૩) મહાસત્ત્વે (મહાગીતાર્થોએ) આચરેલ એ ત્રીજું વિશેષણ છે. આ ત્રણ વિશેષણો ઉત્સર્ગના પ્રકારરૂપ અપવાદનું લક્ષણસ્વરૂપ ભેદ સમજો. તે વિશેષણોની સાર્થકતા બતલાવે છે; (૧) સૂત્રને બાધા પહોંચાડનાર અપવાદ, ઉત્સર્ગના સ્થાનને પામી શકતો નથી (૨) આ સુગુણ છે ? (લાભકારક છે ?) કે નિર્ગુણ છે ? એવી પર્યાલોચના-મીમાંસારૂપ ગુરૂલાઘવની ચિંતાથી (પરામર્શ) રહિત-હિત, (શુભ-આચાર,) ઉત્તરોત્તર અહિત (અનિષ્ટ) ની વૃદ્ધિ કરનાર હોવાથી અસમંજસ, (અયોગ્યયુક્તિયુક્ત નહિ તે, શિષ્ટજનોને બોલાવવાને પણ અનુચિત) છે. કારણ કે; પરમગુરૂ (તીર્થંકર પરમાત્માની) લઘુતા (અવજ્ઞાઆશાતના) કરનાર ક્ષુદ્રસત્ત્વે (ભવાભિનંદી પુરૂષે) આચરેલ છે. ગુણદોષના પરામર્શનો અભાવ હોઈ

---

૧ યદાગમઃ- उन्नयमविक्ख निन्नास्त पसिद्धि । उन्नयस्स निन्नं व इय अन्नुन्नाविक्खा उस्सग्गववाय दो तुल्ला ॥ १ ॥ ઉન્નતની અપેક્ષા રાખીને નિમ્નની પ્રસિદ્ધિ છે. તેવી જ રીતે નિમ્નની અપેક્ષા રાખીને ઉન્નતની પ્રખ્યાતી, આ જેમ પરસ્પરની અપેક્ષાવાળા તુલ્ય છે તેમ પરસ્પરની અપેક્ષાવાળા ઉત્સર્ગ અને અપવાદ બંને તુલ્ય છે જેમ એક રથના બે ચક્ર.

૧ 'आचरणावि हु आणा' ईति कल्पर्निर्युक्तिः-आचरणाऽपिति, न केवलं सूत्रोक्तमेवाज्ञा, किन्तु आचरणाऽपि, संविग्नगीतार्थाचरितमपि आज्ञैव, हुरेवार्थे, सूत्रोपदेश एव, आतीर्थानुवर्तिजीताख्यपञ्चमव्यवहाररूपत्वात्, ફક્ત સૂત્ર વચન જ આજ્ઞા છે એટલું જ નહિ, પરંતુ સંવિગ્ન ગીતાર્થની આચારણા પણ આજ્ઞા જ છે. અર્થાત્ આચારણા પણ સૂત્રોપદેશ જ છે કારણ કે; છેક તીર્થ સુધી વિદ્યમાન રહેનાર જીત નામનો પાંચમો વ્યવહાર છે.

૨ પ્રશ્ન-આગમ કાયમી છતાં આચરિતને (આચાર) પ્રમાણ કરીએ તો આગમની ખુલ્લી રીતે લઘુતા થાય કે નહીં ? સમાધાન-સાંભળો ! સંવિગ્નગીતાર્થો આગમથી નિરપેક્ષને આચરતા નથી. 'જેના વડે દોષો અટકાવાય, અને પૂર્વના કર્મ ક્ષય થાય, તે તે મોક્ષનો ઉપાય છે' દાખલા તરીકે; શમન (ઔષધ) રોગની અવસ્થામાં અવસ્થા પ્રમાણે જુદા જુદા અપાય છે. આ વિગેરે આગમવચન યાદ કરીને દ્રવ્યક્ષેત્રકાલભાવ પુરૂષાદિની યોગ્યતા વિચારીને સંયમાદિગુણની વૃદ્ધિ કરનારૂં જ હોય તે આચરે છે. અને તેને બીજા સંવિગ્નગીતાર્થો પ્રમાણે કરે છે, તે માર્ગ કહેવાય. એ રીતે આગમ અપ્રમાણ થતો નથી. ઉલ્ટી તેની મજબૂત સ્થાપના થાય છે. શ્રી સ્થાનાંગસૂત્રમાં, આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એ પાંચ પ્રકારના વ્યવહાર બતલાવે છે. હવે જીત અને આચાર એ એકજ વસ્તુ છે. એટલે જીતને પ્રમાણ કરતાં આગમ પ્રમાણ જ થયો કહેવાય. સમજ્યા ને ?

અનિષ્ટની ઉત્તરોત્તર વૃદ્ધિ થવાથી ભવાભિનંદીરૂપ [1]ક્ષુદ્રસત્ત્વે આચરેલી કદી ઉત્સર્ગના પ્રકારાંતરરૂપ અપવાદ, અપવાદરૂપ કદી બની શકતો નથી. ઈતિ ॥

**'एतदङ्गीकरणमप्यनात्मज्ञानां संसारसरिच्छ्रोतसि कुशकाशावलम्बनमिति परिभावनीयं सर्वथा.**

અર્થ-ક્ષુદ્રપ્રાણીએ-ભવાભિનંદીએ આચરેલને અપવાદપણાએ સ્વીકારવું એ આલંબન કદી થતું નથી. તારવાના સાધનરૂપ થતું નથી. તથાહિ-જેઓને આત્માનું જ્ઞાન થયેલું નથી એવા જડબુદ્ધિવાળાઓને ક્ષુદ્રસત્ત્વચેષ્ટાનું સ્વીકારવું, તે સંસારરૂપી સરિતાના પૂરવ્હેણમાં કુશકશને (દર્ભતૃણ અને કરસડાતૃણના જથ્થાને) પકડવા જેવું છે. સંસાર સરિતામાંથી બહાર આવવા સારૂં, ભવાભિનંદીની આચરણાનું જડાત્માઓએ કરેલ આલંબન, એ ખરેખર કુશકાશને પકડવા બરાબર છે. તેનાથી કદી બહાર નીકળી શકાતું નથી. કારણ કે; બહાર નીકળવા કુશકાશનું આલંબન, પુષ્ટ આલંબન નથી. અતઃ ક્ષુદ્રસત્ત્વોની કરણી આલંબન હોઈ શકતી નથી. અતઃ અનનુકરણીય, અનાદરણીય, અનાચરણીય, અનુપાદેય છે. એમ સર્વ પ્રકારે પુખ્ત કે પોઢ વિચાર કરો ! (૧)

**निरूपणीयं प्रवचनगाम्भीर्यं, विलोकनीया तन्त्रान्तरस्थितिः, दर्शनीयं ततोऽस्याऽधिकत्वं, अपेक्षितव्यो व्याप्तीतरविभागः ॥**

**અર્થ**-(૨)-પ્રવચન (વીતરાગવચન) ની ગંભીરતા ઉંડાણનું નિરૂપણ કરો ! અર્થાત્ તાગ ન આવે તેવું અથવા જેનું તળીયું હાથ નહીં લાગે તેવું જૈન પ્રવચન, ગંભીર છે, ઉંડું છે. એમ નિરૂપણ કરો !

(૩) બીજા શાસ્ત્રોની સ્થિતિને સૂક્ષ્મ-બારીકાઈથી જુઓ ! અર્થાત્ બીજા શાસ્ત્રોએ કેવી રીતે પદાર્થતત્ત્વની વ્યવસ્થા (તેના તંત્ર) નું ઘડતર ઘડેલું છે તેનું ઉંડું-તલસ્પર્શી જ્ઞાન સંપાદન કરો !

(૪) તમામ બીજા શાસ્ત્રોની સ્થિતિથી જૈનતંત્ર-શાસ્ત્રની વ્યવસ્થા (પદાર્થતત્ત્વની યોજના) ની, કષાદિ પરીક્ષાથી શુદ્ધ જીવાદિ તત્ત્વોનું પ્રતિપાદન કરનાર હોઈ વિશેષતા, મહત્તા, મૂલ્યવત્તાને જાતે જુઓ ને બીજાને દેખાડો-બતાવો ! અર્થાત્ બીજા દર્શનોનું બારીકાઈ કે ઝીણવટથી અવલોકન કર્યા બાદ, જૈનદર્શનની પદાર્થવ્યવસ્થાની અનોખી ખૂબી, માનવંતી મહત્તા, વિશેષતાને પોતે જૈનદર્શનનું સંપૂર્ણ જ્ઞાન સંપાદન કરી જુઓ અને બીજાને પોતાની વીજળીક શક્તિ દ્વારા દેખાડો !

---

**૧ જે આચાર, સંયમને બાધા કરનાર હોવાથી પ્રમાદરૂપ હોય, અને તેથી જ ગુણદોષની (ગુરૂલાઘવ) ની ચિંતા હોય એટલે કે સગુણ છે કે નિર્ગુણ, એવી પર્યાલોચનાથી વર્જિત હોય, યતનાનો અભાવ હોવાથી હિંસાવાળો, અને આલોકના જ સુખમાં પ્રતિબદ્ધ (આગ્રહી) રહેલા, ખોટા આલંબન લેનાર જનોએ આચરેલો હોઈ તેને શુદ્ધચારિત્રવાળા સેવતા નથી. નમૂના તરીકે; શ્રાવકાદિમાં મમતા કરવી, શરીર શોભા માટે અશુદ્ધ વસ્ત્ર, પાત્ર, આહાર વિગેરેનું ગ્રહણ, કાયમપણે દીધેલી વસતી કબૂલ રાખવી, ગાદલાં, તકીયા વિગેરે વાપરવાં ઈત્યાદિક, અસમંજસ શિષ્ટ સાધુજનોને બોલવાને અનુચિત, અનેક પ્રકારની ક્ષુદ્રસત્ત્વોની ચેષ્ટા-આચરણ, લિંગિજનોમાં ઘણા જનોએ આચર્યું હોય તો પણ નિષ્કલંક-નિર્મલચારિત્રવંતોને પ્રમાણ કે આલંબન હેતુ નથી. કારણ કે, સિદ્ધાંતમાં નિષેધેલ-નિવારિત હોઈ, સંયમાદિને વિરૂદ્ધ હોઈ, નિષ્કારણે ચાલેલ હોઈ અનુપાદેય છે.**

(૫) જૈનદર્શનનો સ્યાદ્વાદ રૂપ સિદ્ધાંત, [1]સાર્વતાંત્રિકસર્વદર્શનાનુગામી છે. કારણ કે; નૈયાયિક આદિ તમામને સ્યાદ્વાદનું શરણ લેવું જ પડેલું છે. આથી જ જૈનદર્શનની વ્યાપ્તિ છે-વ્યાપકતા છે. અને જૈનેતર દર્શનની અવ્યાપ્તિ-અવ્યાપકતા છે. અર્થાત્ જૈનદર્શન, સર્વનયસ્વરૂપ છે. અને બીજા શાસ્ત્રો-જૈનેતરદર્શનો એક-નયરૂપ હોવાથી તેમાં અનેક દર્શનોની અવ્યાપ્તિ-(અનનુગમ-અસમાવેશ-સમન્વયનો અભાવ) છે. જૈનદર્શન,

---

૧ इच्छन् प्रधानं सत्त्वाद्यैर्विरूद्धैर्गुम्फितं गुणैः । साङ्ख्यः सङ्ख्यावतांमुख्यो नानेकान्तं प्रतिक्षिपेत् ॥ (વી. સ્તો.)
चित्रमेकमनेकं च रूपं प्रामाणिकं वदन् । योगो वैशेषिको वाऽपि नानेकान्तं प्रतिक्षिपेत् ॥
प्रत्यक्षं भिन्नमात्रंशे मेयांशे तद्विलक्षणम् । गुरूर्ज्ञानं वदन्नैकं नानेकान्तं प्रतिक्षिपेत् ॥
जातिव्यक्त्यात्मकं वस्तु वदन्ननुभवोचितं । भट्टो वापि मुरारिर्वा नानेकान्तं प्रतिक्षिपेत् ॥
अबद्धं परमार्थेन बद्धं च व्यवहारतः ब्रुवाणो ब्रह्म वेदान्ती नानेकान्तं प्रतिक्षिपेत् ॥
ब्रुवाणा भिन्नभिन्नार्थान्नयभेदविवक्षया । प्रतिक्षिपेयुर्नो वेदाः स्याद्वादं सार्वतान्त्रिकम् ॥

અધ્યાત્મસાર ૪૬-૫૧-

(૧) સત્ત્વ રજો અને તમો પ્રમુખ વિરૂદ્ધ ગુણો વડે મિશ્ર એવી પ્રકૃતિને ઈચ્છતો વિદ્વર્ય સાંખ્ય પણ સ્યાદ્વાદને ઉત્થાપી શકે નહી.

(૨) અનેક આકારમય એક ચિત્રરૂપને પ્રમાણ સિદ્ધ પ્રરૂપતો યોગ અને વૈશેષિક પણ અનેકાંતને ઉત્થાપી શકે નહીં.

(૩) જે ભિન્નપ્રમાતા અંશમાં પ્રત્યક્ષ, પ્રમેયાંશમાં તે કે તેનાથી વિલક્ષણ છે છતાં ગુરૂ પ્રભાકર, એક જ્ઞાનને બોલતો અનેકાંતને ન ઉત્થાપી શકે !

(૪) અનુભવોચિત, જાતિવ્યક્તિ સ્વરૂપ વસ્તુને વદતો ભટ્ટ કે મુરારિ અનેકાંતને ઉત્થાપી શકે નહીં.

(૫) પરમાર્થથી બંધવગરના અને વ્યવહારથી બંધવાળા બ્રહ્મને બોલતો વેદાંતી અનેકાંત ઉત્થાપી શકે નહીં.

(૬) નયભેદની વિવક્ષાથી ભિન્નભિન્ન અર્થોને બોલતા, વેદો, સાર્વતાંત્રિકસ્યાદ્વાદને ઉત્થાપી શકે નહીં. વસ્તુતત્ત્વ એવું છે કે; અનેકાંત પ્રક્રિયામાં તમામ વાદીઓની સંમતિ છે. કેમકે; - એક તેમજ અનેકસ્વરૂપ વસ્તુ બધાને સંમત છે. તથાહિ-

(૧) સાંખ્યવાદી=સત્ત્વ, રજસ, તમોગુણની સામ્ય અવસ્થાને પ્રધાન અથવા પ્રકૃતિ એમ બોલે છે. તેઓના મતમાં પ્રસાદ, લાઘવ, શોષ-તાપ તથા વારણ વિગેરે ભિન્નભિન્ન સ્વભાવવાળા-અનેક સ્વરૂપવાળા પદાર્થોનું એક પ્રધાનસ્વરૂપ સ્વીકારવાથી જ એક અનેક સ્વરૂપ પદાર્થનો સ્વીકાર અચૂક થઈ જાય છે.

(૨) નૈયાયિક=દ્રવ્ય-ગુણ-કર્મ આ ત્રણ પદાર્થોને નૈયાયિક, સામાન્યવિશેષાત્મક માને છે. અનુવૃત્ત (અનેકમાં એક પ્રકારની બુદ્ધિ થાય તેને અનુગત બુદ્ધિ કહે છે. જેમ પૃથ્વી-જલ વિગેરેમાં દ્રવ્ય વિષયક બુદ્ધિ) તથા વ્યાવૃત્ત (જે અન્ય પદાર્થોથી એકને પૃથગ્-અલગ કરે તે બુદ્ધિને-વ્યાવૃત્તબુદ્ધિ કહે છે. જેમ ગુણ, દ્રવ્ય નથી-કર્મ નથી.) સ્વભાવવાળા હોવાથી દ્રવ્યત્વ વિગેરે સામાન્ય તથા વિશેષમય છે. પૃથ્વી-જલ તથા વાયુ વિગેરેમાં "દ્રવ્યં દ્રવ્યં" પૃથ્વી દ્રવ્ય છે, જલ દ્રવ્ય છે, વાયુ દ્રવ્ય છે આવી રીતે દ્રવ્યત્વ, સર્વત્ર અનુગત બુદ્ધિનો વિષય થવાથી સામાન્યરૂપ છે. તથા ગુણ, દ્રવ્ય નથી. કર્મ દ્રવ્ય નથી. આવી રીતે બુદ્ધિનો વિષય થવાથી વિશેષરૂપ પણ છે. આ રીતથી એક વસ્તુને સામાન્યવિશેષરૂપ નૈયાયિકો માને છે. એમ ગુણત્વ-કર્મત્વ પણ સામાન્યવિશેષરૂપ છે એમ સમજવું.

સર્વદર્શનોને પોતાની કુક્ષીમાં સમાવેશ કરે છે. જેટલા વચનોના પ્રકારો છે તેટલા જ નયવાદ છે. એથી જ સંપૂર્ણદર્શન, નયવાદમાં ગર્ભિત થાય છે-જે સમયે આ નયવાદ, અરસપરસ નિરપેક્ષ થઈને વસ્તુનું પ્રતિપાદન કરે છે, તે સમયે આ નયવાદ પરસમય અર્થાત્ જૈનેતર દર્શન કહેવાય છે. માટે જ અન્ય ધર્મોનો નિષેધ કરનાર વક્તવ્યનું પ્રતિપાદન કરનાર જૈનેતરદર્શન અને સંપૂર્ણ દર્શનોનો સમન્વય કરનાર જૈનદર્શન એટલે જૈનદર્શનની વ્યાપ્તિ (એટલે સર્વ નયસમન્વય) છે. જૈનેતર દર્શનની અવ્યાપ્તિ (સર્વ નયસમન્વયનો અભાવ) છે. તથાચ [૧]વ્યાપ્તિ અને અવ્યાપ્તિના (વિભાગની વિશેષની, વ્હેચણી-વિવેકની) અપેક્ષા રાખો !! આ વિષયનું જ્ઞાન સંપાદન કરવા બેદરકાર ન રહો !

---

(૩) બૌદ્ધો=મેચકમણિના જ્ઞાનને એક અનેકાકાર માને છે. પંચવર્ણ-રંગસ્વરૂપ રત્નને મેચક કહે છે. આ મેચકમણિનું જ્ઞાન, એક પ્રતિભાસરૂપ નથી, ચિત્ર જ્ઞાનત્વનો વિરોધ છે. કેમકે; નીલ પીતાદિ નાનાપ્રકારનું જ્ઞાન જ ચિત્રજ્ઞાન છે. ન કે એકાકારજ્ઞાન અને મેચકજ્ઞાન, અનેક પદાર્થ વિષયક પણ નથી. કેમકે; આ એક મેચકનું જ્ઞાન આ અનુભવથી વિરૂદ્ધ અનેક જ્ઞાન છે અને અનેક જ્ઞાન હોવાથી મેચકનું અનેક જ્ઞાન એવો અનુભવ થઈ જશે આ કારણથી આ એક જ અનેકસ્વરૂપ ચિત્રજ્ઞાન બૌદ્ધોને સંમત છે.

(૪) મીમાંસક=પ્રમાતા-પ્રમિતિ-તથા પ્રમેયાકાર એક જ જ્ઞાન થાય છે. આ જ્ઞાનમાં 'હું ઘડાને જાણું છું' આ અનુભવ તથા જ્ઞાનોનું સ્વતઃ પ્રકાશકત્વ હેતુ છે. આમાં પ્રમાતા-પ્રમિતિ તથા પ્રમેયરૂપઅનેકપદાર્થનિરૂપિતવિષયતાસહિત એક જ જ્ઞાનનો સ્વીકાર કરેલ છે. પ્રમાતા-પ્રમિતિ-પ્રમેયવિષયનિષ્ઠવિષયતાઓને પણ જ્ઞાનસ્વરૂપ માનવાથી તાદૃશ ત્રણ વિષયતારૂપ એક જ જ્ઞાનનો સ્વીકાર કરેલ છે.

૧ 'नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते' 'સર્વ નયોને એક સમાન જોનાર આપના શાસ્ત્રોમાં પક્ષપાત નથી' જેમ વિખરાયેલ જુદા જુદા મોતીઓને એક દોરીમાં પરોવવાથી મોતીઓની સુંદર એક માલા તૈયાર થાય છે. તેમ જુદા જુદા નયોને સ્યાદ્વાદરૂપ સૂત્રમાં (દોરીમાં) ગુંથવાથી સંપૂર્ણ નય 'શ્રુતપ્રમાણ' વ્યવહારને ભજે છે. શંકા-જો પ્રત્યેક નયો પરસ્પર વિરૂદ્ધ છે. તે નયોને એક ઠેકાણે એકઠા કરવાથી તેઓનો વિરોધ કેવી રીતે નાશી જાય ? સમાધાન=જેમ પરસ્પર ઝઘડો (વિવાદ) કરનાર વાદીલોક, કોઈ મધ્યસ્થ ન્યાયાધીશ (જજ) દ્વારા કરાયેલ ન્યાયને પામીને વિવાદ કરવાનું બંધ કરીને પરસ્પર સંપીને રહે છે. તેમ પરસ્પર વિરૂદ્ધ નયો, સર્વજ્ઞ ભગવાનનું શરણું સ્વીકારી 'સ્યાત્' શબ્દથી વિરોધ કે વિવાદ શાંત થવાથી પરસ્પર દોસ્તી રાખી એક ઠેકાણે રહે છે. એ પ્રમાણે ભગવંતનું શાસન સર્વ નયરૂપ હોવાથી સર્વદર્શનમય તરીકે જૈનદર્શનને નવાજવામાં કોઈ જાતનો વિરોધનો અવાજ નથી. શંકા=જો જૈનશાસન, સર્વદર્શનમય છે. તો આ શાસન સર્વદર્શનોમાં કેમ દેખાતું નથી ? સમાધાનઃ-

'उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् विलोक्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥

ઈતિ શ્રી સિદ્ધસેનદિવાકર પાદાઃ । અર્થ-જેમ અનેક નદીરૂપ સમુદ્ર, હોવા છતાં ય જુદી જુદી નદીઓમાં સમુદ્ર નથી દેખાતો તેમ જુદા જુદા દર્શનોમાં જૈનદર્શન નથી દેખાતું. વક્તા અને વચનને અભિન્ન માની સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજ કહે છે કે; હે નાથ ! જેમ નદીઓ સમુદ્રમાં જઈ મળે છે તેમ દર્શનોનો આપમાં (જૈનદર્શનમાં) સમાવેશ, અનુગમ, વ્યાપ્તિ થાય છે. જેમ જુદી જુદી નદીઓમાં સમુદ્ર નથી રહેતો (દેખાતો) તેમ જુદા જુદા દર્શનોમાં આપ (જૈનદર્શન) નથી દેખાતા...

**यतितव्यमुत्तमनिदर्शनेष्विति श्रेयो मार्गः ।**

(६) **अर्थ**-वीतराग वचनના અનુસારે કે અણસારે પ્રવૃત્તિ કરનાર મહાપુરૂષોના ઉત્તમ દૃષ્ટાંતો, આદર્શો સન્મુખ રાખી પ્રયત્નશીલ કે પ્રગતિકારી બનો ! આ પ્રમાણેનો બતલાવેલ વિધિમાર્ગ, એ શ્રેયોમાર્ગઃ મંગલમાર્ગ-પવિત્ર પંથ કે અભ્યુદય-મહોદયનો મહાન્ રાહ કે નિરવદ્ય રસ્તો છે.

**શંકા**-પ્રવચનની ગંભીરતાનું નિરૂપણ કરો ! વિગેરે વિધિકારક વાક્યો, ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપના જ્ઞાનકારણભૂત શ્રેયોમાર્ગ ભલે હો ! પરંતુ જ્વર (તાવ) ને હરનાર-તક્ષક જાતિના સાપના માથામાં રહેલા મણિરૂપ અલંકારના ઉપદેશની માફક, આ શ્રેયોમાર્ગનું વિધાન કે અનુષ્ઠાન અશક્ય (કોઈથી સાધ્ય ન થઈ શકે એવું) જ થશે, અને અશક્ય અનુષ્ઠાન (જે પ્રયત્નથી સાધ્ય ન બને એવા અનુષ્ઠાન) વાળા શ્રેયોમાર્ગમાં પ્રવૃત્તિ કોઈ નહિ કરે ! માટે કોઈ આ માર્ગને આરાધી કે જીવનમાં ઉતારી શકે છે કે નહિ ? કોણ કોણ આ માર્ગના આરાધક કે સાધક હોઈ શકે છે ? તેનું વિગતવાર કે સત્તાવાર સ્પષ્ટીકરણ રજુ કરી સમજાવો ?

**'व्यवस्थितश्चायं महापुरूषाणां क्षीणप्रायकर्मणां विशुद्धाशयानां भवाबहुमानिनां 'अपुनर्बन्धकादीनामिति.'**

**અર્થ**-સમાધાન=વળી આ શ્રેયોમાર્ગ-મંગલમાર્ગ (કૃતિસાધ્યપણાએ) સ્વયમેવ પોતે જ પ્રતિષ્ઠાને (કીર્તિગૌરવ-સ્થિરતાને) પામેલ છે. કારણ કે; યથાનિયમ કર્મક્ષય (ક્ષયોપશમ આદિ) જેઓનો થયેલો છે તેવા, તથા વિશુદ્ધ આશયવાળા, તથા જેઓને સંસાર (વિષય કષાય) ના તરફ બહુમાન (મનની પ્રીતિ) નથી એવો [૨]અપુનર્બંધક આદિ (આદિ શબ્દથી અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત, સર્વવિરતિધર આદિ લેવા) મહાપુરૂષોનો આ શ્રેયો-મોક્ષમાર્ગ આચરેલ (આરાધકોની આરાધનારૂપ વ્યવસ્થાનો વિષય) છે. એટલે સાધકકૃતિ પ્રયત્ન સાધ્ય હોઈ અશક્ય અનુષ્ઠાનવાળો નથી. અતઃ આ માર્ગનો વિધિરૂપ ઉપદેશ નિરર્થક નથી. પરંતુ અચૂક અમોઘસફલ છે.

---

૧ જે તીવ્રભાવથી પાપ કરતો નથી તે અપુનર્બંધક કહેવાય છે. તેને એક પુદ્ગલ પરાવર્તથી અધિક સંસાર હોતો નથી. ક્ષુદ્રપણું વિગેરે ભવાભિનંદી દોષોનો ક્ષય થવાથી શુક્લપક્ષના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામતા ગુણવાળો અપુનર્બંધક છે. માર્ગપતિત અને માર્ગાભિમુખ એ અપુનર્બંધકની અવસ્થાવિશેષ છે. માર્ગ એટલે સાપને દરમાં પેસવાની જેમ ચિત્તનું સરલ પ્રવર્તન, વિશિષ્ટગુણસ્થાનની પ્રાપ્તિને યોગ્ય સ્વાભાવિક ક્ષયોપશમવિશેષ, તેને પ્રાપ્ત થયેલો તે માર્ગપતિત (માર્ગમાં આવેલો) અને માર્ગમાં પ્રવેશ કરવાને યોગ્યભાવને પામેલો તે માર્ગાભિમુખ (માર્ગમાં આવવાની યોગ્યતાવાળો) કહેવાય છે. (જુઓ અપુનર્બંધકદ્વાત્રિંશિકા.)

૨ અપુનર્બંધક શબ્દનો અર્થ - 'न पुनर्बन्धो-मोहनीयकर्मोत्कृष्टस्थितिबन्धनं यस्य सोऽपुनर्बन्धकः ! જેને ફેર મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ નથી. તે અપુનર્બંધક સમજવો. તથાચ જે યથાપ્રવૃત્તકરણથી ગ્રંથિપ્રદેશ સુધી આવેલો જેનો હજુ સુધી ગ્રંથિનો ભેદ નથી થયેલો તે સિત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમ પ્રમાણ મિથ્યાત્વમોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને ખપાવતો (ક્ષયભાવને પમાડતો) ફેર તે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને બાંધશે નહીં અને જરૂર ગ્રંથિને ભેદશે તે અપુનર્બંધક જાણવો.

અથવા જેઓ અપુનર્બંધકઆદિ છે. તેથી જ તેઓ ભવનું બહુમાન કરનાર નથી. અને ભવનું બહુમાન કરનારા નથી તેથી જ તેઓ વિશુદ્ધ (નિર્મલતમ) આશય વાળાઓ છે અને વિશુદ્ધ આશયવાળા હોવાથી જ તેઓ કર્મના ક્ષયક્ષયોપશમ ઉપશમવાળાઓ છે. જે કર્મના ક્ષયક્ષયોપશમ ઉપશમવાળાઓ છે તેથી જ તેઓ મહાપુરૂષો છે. એ પ્રમાણે પશ્ચાનુપૂર્વીથી પરસ્પર કાર્ય કારણભાવ ઘટાવવો અને તે મહાપુરૂષોએ આ શ્રેયોમાર્ગ પોતે જીવનમાં અપનાવેલ છે ને પરને ઉપદેશેલ છે. અતઃ સ્વયં પ્રતિષ્ઠિત છે. એ નિર્વિવાદ છે.

**अन्येषा पुनरिहानधिकार एव.**

**અર્થ**-પૂર્વે કહેલ અપુનર્બંધક આદિ સિવાય, [1]સકૃત્ બંધકાદિ મિથ્યાદૃષ્ટિઓને ચૈત્યવંદનાદિ ધર્મમાર્ગમાં અધિકાર (યોગ્યતા) નથી. કારણ કે; અપુનર્બંધકાદિ જીવદલગતપરીણામવિશેષથી અથવા ગુણસ્થાનક વિશેષજન્ય પ્રમોદરૂપ ભાવથી, જઘન્યાદિ પ્રકારવાળી ચૈત્યવંદનના ત્રણ પ્રકાર છે.

(૧) અપુનર્બંધકને જઘન્ય ચૈત્યવંદના, કારણ કે; વિશુદ્ધિની અપેક્ષાએ તેનો પરીણામ જઘન્યકોટીનો છે.

(૨) અવિરત-સમ્યગ્દૃષ્ટિને મધ્યમ ચૈત્યવંદના, કારણે કે; વિશુદ્ધિની અપેક્ષાએ તેના પરીણામ મધ્યમ કોટીનો છે.

(૩) વિરતિવંતને ઉત્કૃષ્ટ ચૈત્યવંદના, કારણ કે; વિશુદ્ધિની અપેક્ષાએ તેના પરીણામ ઉત્કૃષ્ટકોટીનો છે તો અપુનર્બંધક આદિ સિવાયના સકૃદ્બંધક પ્રમુખ ભવાભિનંદિ મિથ્યાદૃષ્ટિજનોને શાસ્ત્રમાં ચૈત્યવંદનાની યોગ્યતા (અધિકાર) વગરના માનેલ હોવાથી ચૈત્યવંદનાદિરૂપ ધર્મમાર્ગમાં અપુનર્બંધકાદિ સિવાયના બીજાઓને અધિકાર નથી. શા કારણથી ? તો કહે છે કે;

**'शुद्धदेशनानर्हत्वात्-'**

**અર્થ**-સકૃદ્બંધક, દૂર્ભવ્ય વિગેરે મિથ્યાદૃષ્ટિઓનો આ ચૈત્યવંદનમાં અધિકાર છે જ નહીં કારણ કે; તેઓ (દૂર્ભવ્ય આદિ) શુદ્ધદેશના (વિશુદ્ધ પ્રરુપણા-વિધિ ઉપદેશ) ને અયોગ્ય છે. જેઓ શુદ્ધદેશનાને યોગ્ય છે. તેઓ ચૈત્યવંદનાના અધિકારી છે. જેઓ શુદ્ધદેશનાને અયોગ્ય છે. તેઓ ચૈત્યવંદનાના અનધિકારી છે તે વિષયની સુચારૂ ચર્ચા કરે છે કે;

**'शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथसन्त्रासनसिंहनादः ।**

**અર્થ**-ચરમ (છેલ્લા) પુદ્ગલપરાવર્ત (કાલ વિશેષ વર્તી અપુનર્બંધકાદિ, શુદ્ધ દેશનાને યોગ્ય છે અને ચરમ પુદ્ગલપરાવર્ત્તના ઉપરના કાલમાં (બાલ્યકાલમાં) વર્તનારા ભવાભિનંદી દૂર્ભવ્ય આદિરૂપક્ષુદ્રસત્ત્વો, શુદ્ધદેશનાને અયોગ્ય છે કારણ કે; શુદ્ધદેશના, ક્ષુદ્રપ્રાણીરૂપી મૃગના ટોળાને ભયભીત કરનાર સિંહનાદ-

---

**૧ સકૃદ્ (એક વખત) જે યથાપ્રવૃત્તકરણથી ગ્રંથિદેશ સુધી આવેલો, જે અભિન્ન ગ્રંથિવાળો છે. તે એક વાર મિથ્યાત્વમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સિત્તેર કોડાકોડીસાગરોપમપ્રમાણ સ્થિતિને બાંધશે તે સકૃદ્બંધક કહેવાય છે.**

કેશરીસિંહની ગંભીર ગર્જના જ જોઈ લ્યો ! શુદ્ધદેશનાજન્ય, ક્ષુદ્રસત્ત્વગત સંત્રાસ (કંટાળો, ધ્રુજારો) એ શી ચીજ છે ? તેને વિગતવાર વર્ણવે છે.

**ધ્રુવસ્તાવદતો બુદ્ધિભેદસ્તદનુ, સત્ત્વલેશચલનં કલ્પિતફલાભાવાપત્ત્યા દીનતા, સ્વભ્યસ્તમહામોહવૃદ્ધિઃ, તતોઽધિકૃતક્રિયાત્યાગકારી સન્ત્રાસઃ ।**

અર્થ-તાવત્ શબ્દથી કહેવાતા અનર્થના ક્રમનું સૂચન થાય છે. અનર્થક્રમઃ- અયોગ્યને દેશના દેવાથી જે અનર્થો થાય છે તે અનર્થો આ રીતિએ છે.

(૧) બુદ્ધિભેદઃ- આ શુદ્ધ દેશના રૂપ બેઘડક પડકારથી ભવાભિનંદીરૂપ ક્ષુદ્રપ્રાણીઓને, બુદ્ધિભેદ (જેમ તેમ કોઈ ઉપાયે કરાતી અધિકૃત ચૈત્યવંદન ક્રિયામાં, આસ્થાનો અભાવ હોવાથી, (નાસ્તિકતા હોવાથી) અને ક્ષુદ્રતા (તુચ્છતા-હલકાઈ) હયાત હોવાથી ચૈત્યવંદના શુદ્ધ કરવાની શક્તિનો અભાવ થાય છે. તેથી જ કરવાના પરીણામનો બુદ્ધિનો-આશયનો ભેદ (ધ્વંસ) ચોક્કસ થાય છે. પહેલાં શુદ્ધદેશનાના પડકારથી ક્ષુદ્રસત્ત્વોની બુદ્ધિમાં ચીરો કે ફાટ પડે છે.

(૨) સત્ત્વલેશચલનં-ત્યારબાદ-બુદ્ધિભેદ થયા પછી (ચૈત્યવંદન શુદ્ધ કરવાની અશક્તિ હોઈ કરવાના પરીણામનો ભેદઅભાવ થયાથી) સત્ત્વલેશચલન થાય છે. સત્ત્વના લેશનો ધ્વંસ-નાશ થાય છે.

(૩) દીનતા-સ્વમતિથી કલ્પેલ-ફલના અભાવની પ્રાપ્તિથી દીનતા-મૂલથી જ સુકૃત (સત્કર્તવ્ય) કરવાની શક્તિનો ક્ષય થાય છે. કારણ કે; અહીં લૌકિક ફલની અત્યંત ઉત્તમતાનો, એકાંતે હિતકરતા કે કલ્યાણકારીતાનો અભાવ બતાવાય છે. મતલબ કે ચૈત્યવંદનાદિ શુભ કર્તવ્યના તરફ બિલ્કુલ-મૂલથી દીનતા-લાચારી દર્શાવે છે. કારણ કે; આ શુભકાર્ય, કલ્પિત ફલના અભાવવાળું છે.

(૪) સ્વભ્યસ્તમહામોહવૃદ્ધિઃ પ્રત્યેક ભવનો (જન્મોજન્મનો) અભ્યાસ હોઈ મિથ્યાત્વ રૂપ મહામોહની વૃદ્ધિ મજબૂતાઈ થાય છે. આ દોષેથી અધિકૃત ક્રિયા (ચૈત્યવંદનરૂપ ક્રિયા) નો ત્યાગકરનાર (છોડવામાં કારણ) રૂપ સંત્રાસ થાય છે.

**ભવાભિનન્દિનાં[૧] સ્વાનુભવસિદ્ધમપ્યસિદ્ધમેતદ્, અચિન્ત્યમોહસામર્થ્યાદિતિ, ન ખલ્વેતાનધિકૃત્ય વિદુષા શાસ્ત્રસદ્ભાવઃ [૧]પ્રતિપાદનીયઃ, દોષભાવાદિતિ,**

**અર્થ**-અચિંત્ય (કોઈ અપૂર્વ) મોહનું (મિથ્યાત્વ મોહનું) સામર્થ્ય (બલ-પાવર શક્તિ) હોઈ ભવાભિનંદીઓને પોતાના અનુભવથી સિદ્ધ (પોતાને જેની ખાતરી થયેલી હોય એવું) હોવા છતાં પણ આ (ચૈત્યવંદનાદિ ક્રિયા) યથાસ્થિત (વિધિપૂર્વકની) ક્રિયાનો અભાવ હોઈ યથેષ્ટ ફલની અભાવની દૃષ્ટિએ અસિદ્ધ છે. (કાર્યસાધક

---

**૧ 'ક્ષુદ્ર, લોભી, દીન, મત્સરી, ભયવાન, શઠ, મૂઢ અને નિષ્ફલ આરંભ કરનારો જીવ ભવાભિનંદી કહેવાય છે.**

**૧ આ ભવાભિનંદીને તેના હીતની ખાતર જ તે આજ્ઞા (શુદ્ધ દેશના) આપવી યોગ્ય નથી. અયોગ્યને આપેલું આગમનું રહસ્ય તેનો વિનાશ કરે છે. નહીં આપવામાં જ કરૂણા જાળવી કહેવાય છે. કેમકે; આ કરૂણા, તેના અહિતનું નિવારણ કરવાથી એકાંત શુદ્ધ છે. અને તેથી જ સમ્યગ્ વિચારને લીધે અવિરાધનાનું ફળ આપનારી છે. આવી કરૂણા,**

થતી નથી) માટે અપુનર્બંધકાદિ સિવાયના બીજા ભવાભિનંદીઓને ઉદ્દેશીને વિદ્વાન્ પુરૂષે (ગીતાર્થજ્ઞાની પુરૂષે) શાસ્ત્રનો સદ્ભાવ, (શાસ્ત્રમાં પ્રતિપાદિત ઉત્પાદ વ્યય ધ્રૌવ્યાત્મક સત્સ્વરૂપ પદાર્થ, અથવા શાસ્ત્રની સત્તા, શાસ્ત્રનો સાચો-વિદ્યમાનભાવ-આશય, કહેવો નહિ ઉપદેશવો નહિ, કારણ કે; અનધિકારી રૂપ ભવાભિનંદીઓને શાસ્ત્રવચન ગુણકારક થતું નથી. ઉલ્ટુ દોષકારક થાય છે; તે વિષયમાં સાક્ષી આપતાં કહે છે કે;

**'उक्तं च "अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम् । दोषायाभिनवोदीर्णे शमनीयमिव ज्वर ॥ १ ॥**

**અર્થ**-જેની મતિ પ્રશાંત (સ્થિર) નથી એવા અયોગ્યને જે શાસ્ત્રનું રહસ્ય કહેવું તે નવા જ્વર (તાવ) વાળાને જ્વરને નાશ કરનાર ઔષધ આપવાની જેમ [1]દોષને માટે જ થાય છે. તથાચ-જેમ કોઈ માણસને જ્વર (તાવ) આવતો હોય, તેની શાંતિ માટે ઔષધ આપ્યું હોય તો પણ શરૂઆતમાં તો તે ઔષધ ઉલ્ટુ જ પડે છે. પણ જ્વરનો સમય પાક્યા પછી જ્વર શાંત થાય છે. અને ઔષધ કાંઈપણ ગુણલાભ ઉત્પન્ન કરતું નથી. એ પ્રમાણે આત્મા પણ સંસારમાં આથડતાં આથડતાં દુઃખ-કલેશ-તાપથી કંટાળે અને મોક્ષસુખનો અભિલાષી બને એટલે સ્વભાવતઃ કાળે કરીને તેની સ્થિતિ પાકી જાય છે. આથી જ ઉત્તમ ધર્મરૂપી ઔષધ પણ અંતિમ (છેલ્લો) પુદ્ગલપરાવર્ત્તકાલ પ્રાપ્ત આત્માને આપ્યું હોય તો તે ગુણકારક

---

**આગમ રહસ્ય જાણનારા જ કરી શકે છે તેથી તેનું ભગવાનના વિષે બહુમાન હોય છે, તેથી જ સાનુબંધ શુભ પ્રવૃત્તિને લીધે તેવી કરૂણા મોક્ષસાધક બની શકે છે.**

**૧. અંતિમ પુદ્ગલપરાવર્ત પહેલાં શાસ્ત્ર વચન ન પરીણમે, એટલું જ નહીં પણ શાસ્ત્રવચન અધિક સંસારીને વિપરીતપણે જ પરિણમે છે. જેમ કે લોકમાં તિમિરરોગવાળો (નેત્રના એક પ્રકારના રોગવાળો) હંમેશા દીપકના પ્રકાશમાં પણ રોગના કારણથી ચંદ્રની ભ્રમણાવાળો થાય છે તેમ અહીં પણ દીર્ઘ સંસારીની પરિણિતી યથાસ્થિત ન હોવાથી તેમજ મિથ્યાત્વવાસિત ચિત્ત હોવાથી, તાત્ત્વિક પદાર્થોનો પ્રકાશ કરવામાં સમર્થ અને અજ્ઞાનરૂપ અંધકારનો નાશક સિદ્ધાંતરૂપ દીપકમાં ભ્રાંતિનો આરોપ કરી વિપરીતપણે દેખે છે. મતલબ કે, સિદ્ધાંતના વચનોના વિપરીત અર્થો કરી સ્વમાન્યતામાં જોડી દે છે, અને તેથી કરી પરમાર્થથી સત્પદાર્થો હોય તેને પણ અસત્પણે ધારે છે-માને છે. ને છેવટે આ આત્માઓ જ્યાં અપવાદ માર્ગનો વિષય ન હોય, કેવળ ઉત્સર્ગ માર્ગ જ માન્ય હોય તેવા સ્થળમાં અપવાદ માર્ગનો અધ્યારોપ કરી અપકૃષ્ટવાદને જ સ્વીકારે છે. અર્થાત્ મંદબુદ્ધિવાળા તેઓ વસ્તુતઃ અસદ્ માન્યતાનો જ મતિવિકારથી અંગીકાર કરે છે. ભ્રાન્ત હૃદયીને આગમ વચન અન્યથા પરીણમે છે અને ત્યારબાદ સત્ય તત્ત્વને અસત્ય તરીકે અને વિધિને અવિધિરૂપે, માર્ગને કુમાર્ગ તરીકે આદરે છે, દરેક ક્રિયાઓ આ અવિધિભાવે સેવે છે. કારણ કે; ભ્રાંતદૃષ્ટિ, તેને સર્વત્ર ઉંધુ ભાન કરાવે છે. તેથી તે આત્મા, દાન, શીલ તપ ભાવ વિગેરે ધર્મોને અવિધિભાવે સેવે છે. આ ધર્મો આદરવાનું ફળ શાસ્ત્રોમાં કર્મનિર્જરા અને તે દ્વારા મોક્ષ પ્રાપ્તિ કહી શકાય છે. સુપાત્રદાન, અભયદાન અને અનુકંપાદાન, પવિત્ર આશયપૂર્વક હોવાથી તેનું ફળ કર્મ નિર્જરા અને શુભબંધ જણાયું છે. તપનું ફળ એકાંત 'કર્મ નિર્જરા' શીલનું ફળ 'આત્મસ્વરૂપની નિર્મલતા' ને ભાવનું ફળ 'હૃદયના મેલનો નાશ' અને ત્યાર પછી આ ધર્મોથી સર્વથા આત્માની કર્મોથી મુક્તિ થાય છે. દેવાદિ ઋદ્ધિ, આ ધર્મોનું મુખ્ય ફળ નથી, તેના માટે ધર્મો આદરવા તેજ વિપરીત માન્યતા છે. માટે જે આ અવિધિસેવાને પાપિષ્ઠા કહેલ છે અને જેઓ ચરમપુદ્ગલપરાવર્ત્તવર્ત્તી વિગેરે છે તેઓને આગમવચનમાં અરૂચિ-અશ્રદ્ધા કે ખોટી માન્યતા હોતી નથી. ભ્રાંતિમંડલ વિના પાપિષ્ઠા અવિધિસેવા ઉદયમાં આવે નહિ. ચરમાવર્ત્તીઓને આ ભ્રાંતિમંડલ નષ્ટ થયેલ હોવાથી, પાપિષ્ઠા અવિધિસેવા નથી હોતી. જેઓએ અવિધિસેવાનું બહુમાન કર્યું છે તેઓને આગમનું વચન સમ્યક્ પરિણમતું નથી. (ઈતિષોડશકપ્રકરણે.)**

થાય અને અન્યને આપ્યું હોય તો દોષકારક જ થાય છે. આ પ્રમાણે આગમના રહસ્યને જાણનારા ભાર મૂકીને કહે છે.

**इति कृतं विस्तरेण, अधिकारिण एवाधिकृत्य पुरोदितान्, अपक्षपाततएव निरस्येतरान् प्रस्तुतमभिधीयते ।**

**અર્થ**-આ પ્રમાણેના વિસ્તર-શબ્દપ્રપંચ-વિસ્તારથી સરો.

અથ ચ પહેલાં કહેલા અપુનર્બંધકાદિરૂપ અધિકારીઓને જ શુદ્ધદેશનાના (વિધિ વિષયના ઉપદેશના) વિષય કરીને (ઉદ્દેશીને જ) પક્ષપાત રાખ્યા વગર, ભવાભિનંદી-ક્ષુદ્રપ્રાણિરૂપ અનધિકારીઓને છોડીને-નહિ ઉદ્દેશીને વિધિવિષયના ઉપદેશના વિષય નહી કરીને જ પ્રસ્તુત (પ્રસ્તાવઆયાત) ચૈત્યવંદનસૂત્રની વ્યાખ્યા કહેવાય છે. ઈતિ-આ પ્રમાણે અધિકારીનું યથાર્થ નિરૂપણ કર્યા પછી ચૈત્યવંદનસૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ કરતા પહેલાં ચૈત્યવંદનની શરૂઆતમાં શું બોલવું જોઈએ તેનો વિધિ કયો છે ? તેનું નિરૂપણ શાસ્ત્રકાર કરે છે.

**इह प्रणिपातदण्डपूर्वकं चैत्यवन्दनमिति स एवादौ व्याख्यायते**

**અર્થ**-અહીં ચૈત્યવંદનવેલામાં પ્રતિપાતદંડકપૂર્વક જ (જે ચૈત્યવંદનમાં પહેલાં પ્રણિપાત દંડક હોય છે તેવું જ) ચૈત્યવંદન હોય છે. આ પ્રમાણે નિયમ હોવાથી [1]પ્રણિપાતદંડકની

**तत्र चायं विधिः-इह साधुः श्रावको वा चैत्यगृहादावेकान्तप्रयतः, परित्यक्तान्यकर्तव्यः प्रदीर्घतरतद्भावगमनेन, यथासम्भवं भुवनगुरोः सम्पादितपूजोपचारः, ततः सकलसत्वानपायिनीं भुवं निरीक्ष्य परमगुरुप्रणीतेन विधिना प्रमृज्य च क्षितिनिहितजानुकरतलः प्रवर्द्धमानातितीव्रतरशुभपरिणामो, भक्त्यतिशयात् मुदश्रुपरिपूर्णलोचनो रोमा**-([1]શક્રસ્તવની, [2]નમોત્થુણંસૂત્રની) વ્યાખ્યા (વિવરણ) કરાય છે.

**ञ्चाञ्चितवपुः, मिथ्यात्वजालनिलयानेककुग्राहनक्रचक्राकुले भवाब्धावनित्यत्वाच्चायुषोऽतिदुर्ल्लभमिदं सकलकल्याणैककारणं बाधःकृतचिन्तामणिकल्पद्रुमोपमं भगवत्पादवन्दनं कथञ्चिदवाप्तं, नचातः परं कृत्यमस्तीति अनेनात्मानं कृतार्थमभिमन्यमानो भुवनगुरौ विनिवेशितनयनमानसोऽतिचारभीरुतया सम्यगस्खलितादिगुणसम्पदुपेतं तदर्थानुस्मरणगर्भमेव प्रणिपातदण्डकसूत्र पठति.**

---

१ 'नमुत्थुणं सूत्र' તીર્થંકર દેવોને નમસ્કાર કરવાનું સૂત્ર હોવાથી 'प्रतिपातदंडकसूत्र' તરીકે ઓળખાય છે. અથવા 'सव्वे तिविहेणं वंदामीती यावत्, एतदंतस्यैव वर्णगणनस्यैव वृद्धसम्प्रदायेन प्रणिपातदण्डकतया रूढत्वात्, જેના છેડે 'सव्वे तिविहेण वंदामि' છે, એવી (૨૯૭) શક્રસ્તવ દંડકના અક્ષરોની સંખ્યાને વૃદ્ધસંપ્રદાયે प्रतिपातदंडकपणाએ રુઢ કરેલ છે. (ચૈ. ભા. શ્રી ધર્મ. સં. પૃ. ૨૮૪)

૧ શક્રઈન્દ્ર જ્યારે જ્યારે તીર્થંકરદેવની સ્તુતિ કરે છે ત્યારે ત્યારે ડાબો ઢીંચણ ઊભો કરી પેટ ઉપર હાથની કોણી ટેકવી, બેહાથની કમલના ડોડાને આકારે અંજલિ કરી આ સૂત્ર બોલે છે. એથી શક્રસ્તવ એ નામ ગૌણનામ-ગુણનિષ્પન્ન નામ સમજવું.

૨ 'નમોત્થુણં' શબ્દથી શરૂ થાય છે માટે 'નમોત્થુણં' સૂત્ર એ નામ, સૂત્રના આદિ પદવાળું હોવાથી આદાન નામ કહેલ છે.

**અર્થ**-ત્યાં (ચૈત્યવંદનામાં-નમોત્થુણં સૂત્ર ભણવામાં) આ વિધિ છે. તથાહિ-ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળો સાધુ કે શ્રાવક (ઉપલક્ષણથી અવિરત સમ્યગ્દૃષ્ટિ, અપુનર્બંધકાદિ લેવા) જે હોય તેણે ચૈત્યગૃહ વિગેરેમાં (જિનાલય-ઉપાશ્રય વિગેરેમાં) એકાંત (એકાંતમાં-જ્યાં કોઈની અવર જવર ન હોય એવી જગ્યામાં-નિરાંતના ઠેકાણે, અત્યંત, એકરૂપપણાને પામેલ) પ્રયત (પ્રભુસેવા વિગેરેથી પવિત્ર થયેલા, શુદ્ધ, સંયત, પ્રયત્નવાળા) બનવું જોઈએ. (૧)

(૨) દહેરાસર સંબંધી પણ કશી ખટપટમાં પડવું નહી. પરંતુ કેવળ પ્રભુની ભક્તિ કરવામાં જ ચિત્ત રાખવું. પ્રભુની અંગપૂજા-અગ્રપૂજા કરી રહ્યા પછી ચૈત્યવંદન કરવાની શરૂઆતમાં જ ત્રીજી નિસિહી કહેવી, અને પ્રભુની સ્તુતિ-સ્તવના કરવામાં જ ખાસ લક્ષ્ય પરોવવું. બીજી કોઈ વાતમાં લગારે લક્ષ રાખવું નહી. નિસિહી ત્રિકમાંથી છેલ્લી નિસિહીના કથન ગર્ભિત વિધાન કરેલ છે કે; **'परित्यक्तान्यकर्तव्यः'** ચૈત્યવંદના વખતે અન્ય સર્વ કર્તવ્યનો ત્યાગ કરવો જોઈએ.

(૩) લાંબા કાલસુધી ચૈત્યવંદનાના ભાવને ધારણ કરીને યથાયોગ્ય, ભુવનના એક ગુરૂ જિનેશ્વરદેવની (જેમ સંભવ હોય તે પ્રમાણે, જેમ ઘટતી હોય તેમ) સુંદર પૂજન સામગ્રીઓથી પૂજા સંપાદન કરેલી હોવી જોઈએ.

(૪) પછી ચૈત્યવંદના કરવાની ભૂમિ પર બેસીએ તે સ્થાને કોઈ ત્રસજંતુ વિગેરે ન હણાય તે કારણથી પ્રથમ, જિનોક્ત વિધિથી (પહેલાં ઈર્યાપથિકીઈરિયાવહી કરવાપૂર્વક) ભૂમિને વસ્ત્રાદિકથી પ્રમાર્જીને સ્વચ્છ, જંતુરહિત કરવી, ત્યારબાદ ચૈત્યવંદન કરવા બેસવું. ત્યાં ગૃહસ્થ પોષધ વગરનો હોય તો પોતાના ઉત્તરાસંગના (પૂજા કરતી વખતે રાખવા યોગ્ય ખેસના) છેડાથી પ્રમાર્જે, પોષધધારી શ્રાવક ચરવળાથી પ્રમાર્જે, ને મુનિમહારાજ, ઓઘાથી ભૂમિ પ્રમાર્જન કરે ! કારણ કે; શ્રી જિનેન્દ્રમાર્ગાનુસારીની સર્વ ધર્મક્રિયાઓ યતના (જયણા) પૂર્વક જ હોય છે. જ્યાં જયણા નહી તે ધર્મક્રિયા શેની ? આ પ્રમાણેનો સર્વ વિચાર કરી 'સકલ પ્રાણીને હરકત ન પહોંચે એમ જમીનને જોઈ તીર્થંકર ભગવંતે બતાવેલ વિધિથી પ્રમાર્જીને[૧] તેના ઉપર બેજાનુ (ઢીંચણ) બે હાથ તથા (ઉપલક્ષણથી એક મસ્તક) એ પાંચે[૧] અંગવડે ભૂમિસ્પર્શ કરી નમસ્કાર કરવો જોઈએ.

---

**૧ ભૂમિ પ્રમાર્જન નામનું સાતમું ત્રિક સાચવવાનું સૂચન કરે છે કે; જ્યારે આપણે પ્રભુને પંચાંગ પ્રણામ કરતા હોઈએ અથવા ચૈત્યવંદનપ્રમુખ કરવા બેસતા હોઈએ ત્યારે પ્રથમ તે સ્થળે જીવજંતુની રક્ષા ખાતર ત્રણ વખત ભૂમિ શુદ્ધિ કરવી. અર્થાત્ ભૂમિનું ત્રણવાર દૃષ્ટિ આદિથી પ્રમાર્જન કરવું.**

**૧ અભયદેવસૂરિકૃત વંદનપંચાશકવૃત્તિ પ્રમાણે પ્રણિપાતદંડક (નમોત્થુણં) ની આદિ અને છેવટમાં પંચાંગ મુદ્રાએ પ્રણામ કરવો. પંચાંગ-બેજાનુ, બેહાથ ને મસ્તક એ જાણવા. એ પંચાંગ મુદ્રા, અંગવિન્યાસવિશેષરૂપપણાથી યોગમુદ્રાવત્ જાણવી. અહીં કોઈ શંકા કરે કે; જીવાભિગમસૂત્રને વિષે તો વામજાનુ (ડાબો ઢીંચણ) સમાકુંચિત (સંકોચેલો) દક્ષિણ (જમણો) ઢીંચણ જમીન પર સ્થાપેલો અને લલાટપટ્ટે ઘટિત કરકુડ્મલ (કપાલ સાથે લગાડેલી બે હાથની અંજલી) એ પ્રમાણે રહીને શક્રસ્તવ બોલવાનું કહેલું છે, તેનું કેમ ? તો તેઓએ યુક્ત નથી એમ કહેલું ઘટિત નથી. કારણ કે; જ્ઞાતાસૂત્રમાં પર્યંકાસને**

(૫) પ્રવર્ધમાન (અતિશય વધતા) અતિ તીવ્રતર સંવેગ (મોક્ષાભિલાષ) અને વૈરાગ્યના શુભ પરીણામ (આશય) વાળા થવું જોઈએ.

(૬) ભક્તિના અતિશયથી હર્ષાશ્રુ-હરખના-આનંદના આંસુ ભરેલી આંખોવાળા બનવું જોઈએ.

(૭) ભક્તિના પરમરાગથી રોમાંચ (રૂવાંડા ઉભાં થવાં તે) થી યુક્ત ગાત્ર-શરીરવાળા થવું જોઈએ.

(૮) મિથ્યાત્વરૂપી જલથી ભરેલા તેમજ અનેક કદાગ્રહ (કુતર્ક-કદાગ્રહી) રૂપ મગરમત્સ્ય વિગેરે જલજંતુઓના સમુદાયથી ઉછલતા સંસારસાગરમાં, આયુષ્યની અસ્થિરતા (અનિત્યતા) હોવાથી, અત્યંત દુર્લભ, સકલ કલ્યાણના એક (અસાધારણ) કારણ રૂપ, અને જેનાથી ચિંતામણી તેમજ કલ્પવૃક્ષની ઉપમાઓ ઉતરતી-તિરસ્કૃત છે. જે જિનેન્દ્રપાદારવિન્દવંદન, ચિંતામણી-કલ્પવૃક્ષની અધિક મનોમનીષિત ફલદાયક છે. એવા આ ભગવંતના ચરણારવિન્દનું વન્દન મહામુશીબતે મળેલું છે. આનાથી (જિનેન્દ્રપાદારવિન્દવંદનરૂપ કાર્યથી) બીજું કોઈ ઉત્તમોત્તમ કર્તવ્ય નથી. એમ ભગવંતના પાદારવિન્દવંદનના અણમોલ અપૂર્વ લ્હાવાથી આત્માને કૃતાર્થ, ધન્ય, પુણ્ય (પવિત્ર) માનતો તથા નયનને અને મનને ભુવનગુરૂ-જગદ્‌ગુરૂ જિનેશ્વરદેવમાં સ્થાપન[૧] કરતો, તથા અતિચારના ભયથી સમ્યગ્[૨] અસ્ખલિતાદિ[૩] ગુણો અને સંપદાઓ સહિત તેના અર્થના સ્મરણપૂર્વક પ્રણિપાતદંડકસૂત્ર (નમોત્થુણં સૂત્રને) ભણે ! કહે ! અર્થાત્ બોલવું જોઈએ.

**तच्चेदं-** (આ પ્રમાણેની વિધિ સાચવીને સાધુ કે શ્રાવક નમોત્થુણં સૂત્રને ભણે છે.) તે આ છે -**'नमोऽत्थुणं अरिहंताणं १ भगवंताणं २ आइगराणं ३ तित्थयराणं ४ संयसंबुद्धाणं ५ पुरिसुत्तमाणं ६ पुरिससीहाणं ७ पुरिसवरपुंडरीयाणं ८ पुरिसवरगंधहत्थिणं ९ लोगुत्तमाणं १० लोगनाहाणं ११ लोगहियाणं १२ लोगपईवाणं १३**

---

બેસવું અને કરકોરક (હસ્ત કમલનો ડોડો) બંને હાથ ભેગા કરેલા) એમ દેખાડ્યું છે. વળી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે અહીં ક્ષિતિ (જમીન) ઉપર જાનું (ઢીંચણ) સ્થાપન કરી, કરતલ (બે હાથ) મસ્તકે રાખી ભુવનગુરૂને વિષે નયન ને મન સ્થાપન કરીને પ્રણિપાત દંડક (નમોત્થુણં) બોલવું એમ કહ્યું છે. એમ વિવિધ વિધિ દર્શાવેલ છે. તે સર્વે પ્રમાણ છે. કારણ કે; તે સર્વે પ્રમાણગ્રંથોમાં કહેલ છે અને વિશેષપ્રકારે વિનયને સૂચવનાર છે તેથી કોઈપણ વિધિનો નિષેધ કરવો એ યુક્ત નથી. એમ યોગમુદ્રાએ શકસ્તવનનું પઠન કરવું એ વિરોધિત નથી.

(इति प्रतिक्रमण हेतौ-)

૧ ચૈત્યવંદનપ્રમુખ કરતાં કેવળ પ્રભુના મુખારવિન્દ (વદનકમલ) સામે જ નજર ટેકવી જોઈએ-મીટ-માંડવી જોઈએ. પરંતુ બીજી કોઈપણ દિશા તરફ દૃષ્ટિ ફેરવવી ન જોઈએ. ઉંચે નીચે કે આજુબાજુ ક્યાંય પણ નજર ફેરવીને જોવું નહિ અથવા આપણી જમણી કે ડાબી બાજુએ પછાડીના ભાગમાં ક્યાંય નજર દેવી નહિ. એકાગ્રપણે પ્રભુની જ મુખમુદ્રા સામી એકીટસે મીટ માંડી નીરખી જોતાં રહેવું. ત્રણ દિશા તરફ જોવાથી નિવર્તવારૂપ છઠ્ઠા ત્રિકનું સૂચન સમજવું.

૨ પ્રભુ પાસે ચૈત્યવંદનાદિક કરતાં જે જે સૂત્રો બોલવામાં આવે તેના અક્ષર જેવા હ્રસ્વ કે દીર્ઘ હોય તે તેવી રીતે ન્યૂનાધિકરહિતપણે તેનાં પદ, સંપદા પ્રમુખનું લક્ષ રાખીને બોલવાં તે વર્ણાલંબનરૂપ પહેલું આલંબન.

૩ આદિશબ્દથી અમીલિત (વિરામાદિથી સંયુક્ત) અવ્યત્યામ્રેડિત (પુનરુક્તિ આદિ દોષો વિનાના, કંઠોષ્ઠવિપ્રમુક્ત-બાલકાદિની જેમ અસ્પષ્ટતાથી રહિત, તથા ગુરૂ વાચનાથી ઉપગત વિગેરે ગુણો લેવા.

**लोगपज्जोअगराणं १४ अभयदयाणं १५ चक्खुदयाणं १६ मग्गदयाणं १७ सरणदयाणं १८ बोहिदयाणं १९ धम्मदयाणं २० धम्मदेसयाणं २१ धम्मनायगाणं २२ धम्मसारहीणं २३ धम्मवरचाउरंतचक्कवट्टीणं २४ अप्पडिहयवरनाणदंसणधराणं २५ विअट्टछउमाणं २६ जिणाणं जावयाणं २७ तिण्णाणं तारयाणं २८ बुद्धाणं बोहयाणं २९ मुत्ताणं मोयगाणं ३० सव्वण्णूणं सव्वदरिसीणं ३१ सिवमयलमरूअमणंतमक्खयमव्वाबाहमपुणरावित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं ३२ णमो जिणाणं जिअभयाणं ३३ ॥**

**इह द्वात्रिंशदालापकाः त्रयस्त्रिंशदित्यन्ये 'विअट्टछउमाणमित्यनेन सह ।**

**અર્થ**-અહીં બતલાવેલ 'નમોત્થુણં' સૂત્રમાં બત્રીશ (૩૨) આલાપકો (પદો[1]) છે. **'विअट्टछउमाणं'** ને જુદો આલાપક (પદ) માનીને કેટલાક તેત્રીશ (૩૩) આલાપકો (પદો) માને છે.

**(१) इह चाद्यालापकद्वयेन [2]स्तोतव्यसम्पदुक्ता, यतोर्हतामेव भगवतां स्तोतव्ये समग्रं निबन्धनं,**

**અર્થ**-વળી અહીં (બત્રીશ કે તેત્રીશ આલાપકવાળા નમોત્થુણં સૂત્રમાં) પહેલાના બે આલાપકથી (શરૂઆતના બે પદોથી) સ્તોતવ્ય સંપદા કહેલ છે.

તથાહિ-ચૈત્યવંદન ભાષ્યની અપેક્ષાએ 'નમોત્થુણં અરિહંતાણં' એ એક પદ, અને 'ભગવંતાણં' એ બીજું પદ, એ બે પદવાળી સ્તોતવ્ય સંપદા જાણવી. જ્યારે પ્રવચનસારોદ્ધારની અપેક્ષાએ '[1]અરિહંતાણં' એ એક પદ, અને 'ભગવંતાણં' એ બીજું પદ, એમ બે પદવાળી સ્તોતવ્ય સંપદા જાણવી. કારણ કે; 'નમોત્થુણં' એ કર્તૃક્રિયાવાચકપદ હોવાથી સંપદાના પદમાં લેવાતું નથી. (આવા પ્રકારના ભગવંતો વિવેકીઓને સ્તોતવ્ય હોવાથી સ્તોતવ્ય સંપદા છે.)

પૂર્વકથિત બે પદવાળી સંપદા, સ્તોતવ્ય સંપદા છે, કારણ કે; સઘળાય પૂજનીય (પૂજાને યોગ્ય) પ્રકારો (ધર્મો-વિશેષણો) અરિહંતભગવંતોમાં જ વિદ્યમાન છે. અરિહંત ભગવંતના સ્તોતવ્યમાં સમગ્ર, (સંપૂર્ણ), મૂલ-કારણ-બીજ છે. (અથવા અરિહંતભગવંતરૂપ સ્તોતવ્યને વિશેષ્ય કરીને સમગ્ર (સઘળી) નિબન્ધન-વાક્યરચનારૂપ

---

૧ 'पदं तु विवक्षिताभिधेययुक्तं न पुनः सुप्तिङन्तयुक्तम्' અહી પદ એટલે વિવક્ષિત (વક્તાને ઈષ્ટ) અર્થવાળું જ પદ લેવું सुप् तिङ् विभक्तिના અંતવાળું પદ નહી ઈતિ પરિભાષા.

૨ સંપદા=મહાપદો, અર્થાધિકાર અથવા વિસામો થાય છે. નિબંધ લખવામાં જેમ જુદા જુદા મુદ્દાઓ ઉપર જુદા જુદા પેરેગ્રાફ પાડવામાં આવે છે. તેમ સૂત્રોમાં જુદા જુદા મુદ્દાઓ માટે સંપદાનો ઉપયોગ થાય છે. એટલે એને સૂત્રોના પેરેગ્રાફ પણ કહી શકાય. આ સૂત્રોમાં વપરાતી દરેક સંપદાને જુદા જુદા વિષયદર્શક સ્તોતવ્યસંપદા વિગેરે નામ આપવામાં આવેલ છે. એક શ્વાસોચ્છવાસ ('पायसमा ऊसासा' એ વચનથી અહીં ઉચ્છવાસનું પ્રમાણ, ગાથાના એકપાદ ચરણના ઉચ્ચાર જેટલું જાણવું) જેટલા કાળમાં બોલવા યોગ્ય શબ્દોનું-પદોનું વાક્ય, અથવા ગાથાનું એક ચરણ (વિરતિ) કહેવાય તેવી સંપદાઓ.

૧ 'अरिहं आइग' ગાથા ૮૧ अरिहमित्यादि, अत्र च नव सम्पदो भवन्ति, तत्र प्रथमपदं कर्तृ क्रियाप्रतिपादकमेव, न तत् सम्पद्ग्रहणेन गृह्यते, ततोऽरिहामित्यनेन पदद्वयं सूचितं' (प्रवचनसारोद्धारे.)

સંપદાઓ છે. અથવા અરિહંત ભગવંતરૂપ પદદ્વય યુક્ત સ્તોતવ્ય સંપદાઓ છે અથવા અરિહંત બીજ-મૂલ-આલબંન છે-આધાર છે.)

અરિહંતભગવંતોના આત્માઓ સદા સ્તોતવ્ય જ છે. (સ્તુતિ કરવા યોગ્ય જ છે.) એમાં અર્હત્તા-ભગવત્તા જ મુખ્યત્વે ભાવ ભજવે છે. સારાંશ કે; સ્તુતિ કરવાને યોગ્ય (પાત્ર) અરિહંત ભગવંતોનો નિર્દેશ, આ સંપદામાં હોઈ એને સ્તોતવ્ય સંપદા કહેલ છે. હવે હેતુસંપદાનો નિર્દેશ કરે છે.

(૨) **तदन्यैस्तु त्रिभिः स्तोतव्यसम्पद एव प्रधाना, साधारणा साधारणरूपा हेतुसम्पत्, यत आदि-करण-शीला एव तीर्थकरत्वेन स्वयंसम्बोधितश्चैते भवन्ति.**

**અર્થ**-સ્તોતવ્ય સંપદાના પદોથી બીજા-જુદા ત્રણ આલાપકોથી-પદોથી (**'आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं'** એ ત્રણ પદોથી) સ્તોતવ્ય સંપદાની જ (અરિહંત ભગવંતરૂપ સ્તોતવ્ય સંપદા સંબંધી જ) પ્રધાન-શ્રેષ્ઠ એવી સાધારણ-અસાધારણ રૂપ (ગુણરૂપ) હેતુ સંપદા સમજવી. (આનું બીજું નામ 'ઓઘ હેતુ સંપદા' એમ પણ કહેવાય છે. અરિહંત ભગવાનની ખાસ સ્તુતિ કરવાના સામાન્ય હેતુ જણાવવા ત્રણ પદની ઓઘ-સામાન્યહેતુ સંપદા કહેલ છે.)

સાધારણ અસાધારણ હેતુ ઘટના-(૧) સર્વજીવોમાં આદિ કરત્વ વર્તતું હોવાથી સાધારણ (સામાન્ય) છે. કારણ કે; મોક્ષની અપેક્ષાએ આદિ-ભવમાં સર્વ જીવોને જન્માદિરૂપ પ્રપંચ કરવાનો સ્વભાવ હોય છે. તેથી આદિકરત્વ સર્વજીવ સાધારણ છે. (૨) તીર્થંકરત્વ અને સ્વયંસમ્બોધ આ બંને ધર્મો ગુણો અસાધારણ છે. (વ્યક્તિગત છે) કારણ કે, (અરિહંત ભગવંતરૂપ આત્મવ્યક્તિગતજ છે.) અતઃ આ સંપદાને સાધારણા-સાધારણ રૂપ હેતુ સંપદા કહે છે. હવે અસાધારણ હેતુ સંપદાને વર્ણવે છે.

(૩) **तदपरैस्तु चतुर्भिः स्तोतव्यसम्पद एवासाधारणरूपा हेतुसम्पत्, पुरुषोत्तमानामेव सिंहपुण्डरीकगन्धहस्तिधर्मभाक्त्वेन तद्भावोपपत्तेः,**

**અર્થ**-હેતુસંપદા (સાધારણાસાધારણ હેતુ સમ્પદા) ના પદોથી જુદા-બીજા ચાર પદોથી (પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીયાણં, પુરિસવરગંધહત્થીણં' એ રૂપ ચાર પદવાળી) સ્તોતવ્ય સંપદાની જ અસાધારણરૂપ હેતુસંપદા[૧] જાણવી. કારણ કે; પુરૂષોત્તમો જ સિંહના ધર્મને (નિર્ભયતા વિગેરે સમાન ધર્મને) ભજનારા છે તથા પુંડરિક (શ્વેતકમલ) ના ધર્મને (નિર્લેપતા, મુક્તિ, મનોહરતા વિગેરે સમાન ધર્મને) ભજનારા છે તેમજ ગંધહસ્તીના ધર્મને (ગંધહાથી જ્યાં વિચરે છે ત્યાં એના મદથી તીવ્ર વાસનાને લીધે એ ઓળખાય છે અને એથી સામાન્ય હાથીઓ એના આગમનથી પલાયન કરી જાય છે. શ્રી તીર્થંકર દેવ પણ એ જ રીતે જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં એમના પવિત્ર જીવનની સુવાસ ફેલાય છે. અને પવિત્રતાની

---

**૧ એ સામાન્ય હેતુઓને વધારે સ્પષ્ટ કરવા 'पुरिसुत्तमाणं' પ્રમુખ ચાર પદની ત્રીજી ઈતરહેતુ (વિશેષહેતુ) સંપદા પણ કહેલ છે. તથાચ આ સંપદામાં શ્રી તીર્થંકરનું વિશેષરૂપથી સ્તવન કર્યું છે. અને એથી એને ઓઘસંપદાથી ઈતરસંપદા એટલે વિશેષગુણ બતાવનારી સંપદા કહી છે.**

બલવતી વર્ગણાઓથી દુકાળ, મરકી, શત્રુની ચડાઈ વિગેરે ઉપદ્રવો નાશી જાય છે. તે રૂપ સમાન ધર્મને) ભજનારા હોય છે. તેથી જ પુરૂષોત્તમોમાં જ સ્તોતવ્યભાવ બરોબર ઘટમાન થાય છે. હવે સામાન્યોપયોગ સંપદાને કહે છે.

**(૪) तदन्यैस्तु पञ्चभिः स्तोतव्यसम्पद एव सामान्येनोपयोगसम्पत्, लोकोत्तमत्वलोकनाथत्वलोकहितत्वलोकप्रदीपत्वलोकप्रद्योतकरत्वानां परार्थत्वात्,**

**અર્થ**-અસાધારણરૂપ હેતુસંપદાના પદોથી ભિન્ન બીજા પાંચ પદોથી (लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहियाणं, लोगपईवाणं, लोगपज्जोअगराणं આ પાંચ પદવાળી) સ્તોતવ્ય સંપદાની જ સામાન્યથી ઉપયોગ સંપદા કહેવાય છે. કારણ કે; અરિહંત ભગવંતમાં રહેલ લોકોત્તમત્વ, લોકનાથત્વ, લોકહિતત્વ, લોકપ્રદીપત્વરૂપ ધર્મો કે ગુણો, એ, પરાર્થ (પરમાર્થરૂપ-પરોપકારરૂપ-લોકકલ્યાણ ફલરૂપ) છે. આ સંપદામાં શ્રી તીર્થંકરદેવ પોતાની શક્તિઓનો લોકના જુદા જુદા ક્ષેત્રમાં કેવો ઉપયોગ કરનારા હોય છે તે જણાવે છે. એથી એને ઉપયોગ સંપદા કહે છે. (लोगुत्तमाणंથી लोगपज्जोअगराणं સુધીનાં પાંચ પદમાં પહેલી જ સંપદાનો સામાન્ય ઉપયોગ (સામાન્યથી સર્વ લોકોને પરમાર્થ કરવારૂપ સમાયેલો હોવાથી તે પાંચ પદની ચોથી સામાન્યોપયોગ[૧] સંપદા છે.)

હવે પાંચમી ઉપયોગ સંપદાની હેતુ સંપદા કહે છે.

**(૫) तदपरैस्तु पञ्चभिरस्या एवोपयोगसम्पदो हेतुसम्पत्, अभयदानचक्षुर्दानमार्गदानशरणदानबोधिदानैः परार्थसिद्धेः ।**

**અર્થ**-સામાન્યથી ઉપયોગ સંપદાના પદોથી ભિન્ન-બીજા પાંચ પદોથી (अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं, बोहिदयाणं આ પાંચ પદવાળી) આ સામાન્યોપયોગ સંપદાની જ [૧]હેતુસંપદા છે. કારણ કે; અભયનું દાન, ચક્ષુનું દાન, માર્ગનું દાન, શરણનું દાન, બોધિનું દાન-આ દાનોથી પરાર્થની (પૂર્વ કહેલ ઉપયોગની) સિદ્ધ થાય છે.

વળી આ સંપદામાં શ્રી તીર્થંકર દેવની શક્તિઓનો હેતુ વિશેષ ઉપયોગ બતલાવ્યા છે.

હવે સ્તોતવ્ય સંપદાની જ વિશેષથી ઉપયોગ સંપદા કહે છે.

**(૬) तदन्यैस्तु पञ्चभिः स्तोतव्यसम्पद एव विशेषेणोपयोगसम्पत्, धर्म्मदत्वधर्म्मदेशकत्वधर्म्मनायकत्वधर्म्मसारथित्वधर्म्मवरचातुरन्तचक्रवर्त्तित्वेभ्यस्तद्विशेषोपयोगात्**

---

**૧ પહેલી સ્તોતવ્ય સંપદાના અર્થને સુસ્પષ્ટ કરવા માટે આ ઉપયોગ સંપદા છે. પ્રભુ તીર્થંકર સામાન્યપણે સર્વ લોકને પરમાર્થ કરવા માટે ઉપકારી હોવાથી લોકનાથ લોકોત્તમ ઈત્યાદિ પાંચે વિશેષણો છે, માટે એ પાંચે પદોમાં પરાર્થપણારૂપ ઉપયોગ સમાયેલો હોવાથી આ સામાન્યોપયોગ સંપદા છે.**

**૧ આ સામાન્યોપયોગ સંપદાનું કારણ, 'अभयदयाणं ઈત્યાદિ પાંચ પદોમાં દર્શાવેલું હોવાથી તે પાંચ પદવાળી તદ્હેતુ સંપદા અથવા સામાન્યોપયોગ હેતુ સંપદા જાણવી. (ઉપયોગ સંપદાના જ અર્થને હેતુ સદ્ભાવે કરી દીપાવે તે હેતુ સંપદા.)**

અર્થ-સામાન્યોપયોગ સંપદાની હેતુ સંપદાના પદોથી બીજા-ભિન્ન પદોથી (ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં એ રૂપ પાંચ પદવાળી) સ્તોતવ્ય સંપદાની જ વિશેષથી ઉપયોગ[૨] સંપદા છે કારણ કે; ધર્મ્મદત્વથી (ધર્મના દાનથી) ધર્મ દેશકત્વથી (ધર્મ્મ દેશનાથી) ધર્મ્મનાયકત્વથી (ધર્મની સત્તામાલીકી-આધિપત્યથી) ધર્મ્મ સારથિત્વથી, ધર્મવરચાતુરંત ચક્રવર્તિત્વથી, સ્તોતવ્ય સંપદાનો વિશેષથી ઉપયોગ (પ્રયોજન) હોવાથી વિશેષથી ઉપયોગ સંપદા આ છે. તથા ચ તીર્થંકર ભગવંતો ધર્મના ક્ષેત્રમાં શું શું કાર્ય કરે છે તે દર્શાવવા આ સંપદામાં પાંચ પદથી એમનું વર્ણન કરેલ છે.

હવે બે પદો દ્વારા સ્તોતવ્ય સંપદાની સકારણ સ્વરૂપ સંપદા કહે છે.

(૭) **तदन्येन तु स्तोतव्यसम्पद एव सकारणा स्वरूपसम्पत्, अप्रतिहतवरज्ञानदर्शनधरा व्यावृत्तच्छद्मानश्चार्हन्तो भगवन्त इति हेतोः ।**

અર્થ-વિશેષથી ઉપયોગ સંપદાના પદોથી ભિન્ન-બીજા બે પદોથી (અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, એ રૂપ બે પદવાળી) સ્તોતવ્ય સંપદાની જ સકારણ (કારણ સહિતની) સ્વરૂપ[૧] સંપદા છે. કારણ કે; અપ્રતિહત વરજ્ઞાન દર્શનને ધારણ કરનારા અને વ્યાવૃત્ત (ક્ષીણ) છદ્મવાળા અરિહંતો ભગવંતો હોય છે આ પ્રમાણેનો હેતુ છે.

તથા ચ શ્રી તીર્થંકર દેવના કેવલજ્ઞાનમય પૂર્ણતામય સ્વરૂપને દર્શાવવાથી આ સંપદા સ્વરૂપહેતુસંપદા કહેવાય છે. જે હેતુથી સ્વરૂપનું વર્ણન કરાય તે સ્વરૂપહેતુ સંપદા જાણવી.

હવે ચાર પદોવડે આત્મતુલ્ય પરફલકર્તૃત્વરૂપ આઠમી સંપદાને કહે છે.

(૮) **तदपरैश्चतुर्भिरात्मतुल्यपरफलकर्तृत्वसम्पत्, जिनजापकत्वतीर्णतारकत्वबुद्धबोधकत्वमुक्तमोचकत्वानामेवंप्रकारत्वात्,**

અર્થ-સકારણ સ્વરૂપ સંપદાના પદોની ભિન્ન-બીજા ચાર પદો વડે (જિણાણં જાવયાણં તિણ્ણાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોયગાણં રૂપ ચાર પદોવાળી) આત્મતુલ્યપર[૧] ફલકર્તૃત્વ નામની આઠમી સંપદા છે. કારણ કે; જિનજાપકત્વ, તીર્થતારકત્વ, બુદ્ધબોધકત્વ, મુક્તમોચકત્વ એ છે. (સાદશ્ય રૂપ હોવાથી)

---

૨ ઉપયોગ હેતુ સંપદાના અર્થગુણ દીપાવવા નિમિત્તે અર્થ વિશેષ જણાવવા એટલે કારણસહિત સ્તવવા યોગ્યનું સ્વરૂપ કહેવું તે છઠ્ઠી સવિશેષ હેતુ ઉપયોગ સંપદા પણ જાણવી. એવંચ પહેલી સ્તોતવ્ય સંપદાનો જ વિશેષ ઉપયોગ-પ્રયોજનરૂપ અર્થ ધમ્મદયાણંથી ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં સુધીના પાંચ પદોમાં હોવાથી એ વિશેષોપયોગ સંપદા છે.

૧ અરિહંત ભગવંતનું એવું ક્યું સ્વરૂપ છે ? કે જેથી સ્તુતિ કરવા લાયક છે. તેનું (સર્વજ્ઞપણાનું) સ્વરૂપ, 'અપ્રતિહત વરજ્ઞાન દર્શનધર, વ્યાવૃત્ત છદ્મવાળા' એ બે પદોમાં દર્શાવ્યું છે. માટે તે સાતમી સ્વરૂપ સંપદા કહેવાય છે. આ પ્રમાણે પરમાત્મા-પ્રભુની સ્તુતિ કરવાનું પ્રબલ પ્રગટ કારણ બતાવવા માટે આ બે પદની સ્વરૂપ હેતુ સંપદા પણ કહેલ છે.

૧ આમાં અરિહંત ભગવંતનું પોતાનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ-ફળ અન્ય જીવોને આપે છે (કરે છે) એવો અર્થ થાય છે. જેનું બીજું નામ નિજસમફલદસંપદા પણ જણાવેલ છે અને તે શુદ્ધ પ્રેમથી પ્રભુની સ્તવના કરનારને પ્રભુ, પોતાની તુલ્ય બનાવે-કરે એવા સમર્થ છે એમ ભવ્યાત્માને પ્રતીત કરાવે છે.

આ આઠમી સંપદામાં શ્રી જિનેશ્વર દેવ, પોતે બતાવેલ કે ચીંધેલ રાહે કે ચીલે ચાલનારને પોતાના જેટલું-જેવું ફલ આપનાર-કરનાર છે એ દર્શાવ્યું છે.

હવે ત્રણ આલાપકો-પદો વડે અનુક્રમે ભગવાનનો પ્રધાન ગુણ, અક્ષય સ્થિતિ, અને ઉત્કૃષ્ટ ફલને બતાવનારી નવમી 'પ્રધાનગુણાપરિક્ષય પ્રધાનફલાપ્ત્યભય' નામની સંપદા કહે છે.

**(૯) तदन्यैस्तु त्रिभिः प्रधानगुणापरिक्षयप्रधानफलाप्त्यप्रत्ययसम्पदुक्ता, सर्वज्ञसर्वदर्शिनामेव शिवाचलादिस्थानसम्प्राप्तो जितभयत्वोपपत्तेः ।**

અર્થ-આત્મતુલ્યપરફલકર્તૃત્વરૂપ સંપદાના પદોથી જુદા બીજા ત્રણ પદો વડે (सव्वण्णुणं सव्वदरिसीणं शिवमयल मरुअ मणंत मक्खय मव्वाबाह मपुणरावित्ति सिद्धिगई नामधेयं ठाणं संपत्ताणं णमो जिणाणं जिअभयाणं એ રૂપ ત્રણ પદોવાળી) 'प्रधानगुणापरिक्षयप्रधानफलाप्त्य[1] भय' સમ્પદા, સર્વજ્ઞત્વ સર્વદર્શિત્વરૂપ પ્રધાનગુણના અપરિક્ષય (વિનાશ-નિવારણના અભાવ) થી શિવ અચલ અરૂજ અનંત અક્ષય અવ્યાબાધ અપુનરાવૃત્તિ સિદ્ધિગતિ સ્થાનરૂપ પ્રધાનફલનો લાભ થયે છતે જિતભયત્વ (ભયવિજય) રૂપ અભય સંપદા કહેલ છે. કારણ કે; શિવ અચલ આદિ સિદ્ધિગતિ સ્થાનની સંપ્રાપ્તિ (લાભ) થયે છતે સર્વજ્ઞ સર્વદર્શીઓમાં જિતભયત્વ (અભયત્વ) ઘટી શકે છે.

(તથા આ બે છેલ્લી સંપદાઓ પહેલી સ્તોતવ્યસંપદાના સંબંધવાળી, ગ્રંથોમાં જોકે સ્પષ્ટ અક્ષરોથી કહી નથી તો પણ ભાવાર્થથી બીજી આદિ સંપદાઓ પ્રમાણે એ બે સંપદાઓ પણ પહેલી સંપદાના કારણ આદિ સંબંધ વાળી સંભવે છે.)

વસ્તુ, (પદાર્થ) એક સ્વભાવને આધીન છે. એક વ્યક્તિ રૂપ વસ્તુમાં એક સંપદા હોઈ શકે પણ અનેક સ્વભાવને ખેંચનારી ભિન્ન ભિન્ન ધર્મવાળી સ્તોતવ્ય સંપદા આદિ સંપદાઓ, એક વ્યક્તિમાં કેવી રીતે હોઈ શકે ? કદાચ ગૌણ વૃત્તિથી હોઈ શકે છે તો એક વ્યક્તિમાં સ્તોતવ્ય સંપદા પ્રમુખ સંપદાઓ ગૌણપણે હશે ? આવી કોઈને શંકા થાય તો તે શંકાનું નિરાકરણ કરવા ગ્રંથકાર કહે છે કે-

**इयं च चित्रा सम्पत्, अनन्तधर्मात्मके वस्तुनि मुख्ये मुख्यवृत्त्या.**

**અર્થ**-અનંતધર્માત્મક વસ્તુરૂપ અરિહંતરૂપ મુખ્ય વ્યક્તિમાં, આ સ્તોતવ્યસંપદા આદિ, નાના (વિવિધ) ધર્મવાળી સંપદાઓ, મુખ્યવૃત્તિથી (તે તે ધર્મવાચક શબ્દથી કહેવાતી હોવાથી) ઘટી શકે એમાં શંકાને અવકાશ નથી. અથવા વળી આ છેલ્લી (પ્રધાનગુણાપરિક્ષયપ્રધાનફલાપ્ત્યભય સંપદા) પ્રધાનગુણ, અક્ષયસ્થિતિ, જિતભયત્વરૂપ ઉત્કૃષ્ટ ફલરૂપ ત્રણધર્મવાળી ચિત્ર (અનેક ધર્માવચ્છિન્ન) સંપદા, અનંત ધર્માત્મક મુખ્ય વસ્તુરૂપ સિદ્ધ પરમાત્મામાં, પૂર્વોક્ત ત્રણ ધર્મોનું મુખ્યત્વ હોવાથી ધર્મત્રયવિશિષ્ટ સિદ્ધ અરિહંતપરમાત્માની સ્તુતિ (રૂપ) મુખ્ય વૃત્તિથી મુખ્ય જાણવી.

---

**૧ આને પરમાર્થથી મોક્ષપદને પ્રાપ્ત થયેલા પ્રભુની સ્તુતિ રૂપ અને પરમાર્થદૃષ્ટિએ સત્ય મોક્ષ સુખના સ્વરૂપ ગર્ભિત 'सव्वण्णुणं' પ્રમુખ ત્રણ પદો વડે નવમી મોક્ષ નામની સંપદા પણ કહેવામાં આવેલ છે.**

આ પ્રણિપાત દંડક સૂત્રરૂપ શક્રસ્તવમાં દર્શાવાયેલી સંપદાઓના અનુક્રમમાં કંઈ કારણ છે કે નહિ? આ શંકાનું સમાધાન કરતા સૂરીશ્વરજી કહે છે કે-

**स्तवप्रवृत्तिश्चैवं प्रेक्षापूर्वकारिणामिति सन्दर्शनार्थमेवमुपन्यासोऽस्य सूत्रस्य, स्तोतव्यनिमित्तोपलब्धौ तन्निमित्ताद्यन्वेषणयोगादिति प्रस्तावना ।**

**અર્થ**-બુદ્ધિપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓની સ્તવવિષયક પ્રવૃત્તિ, આ પ્રમાણે હોય છે એ બતાવવા સારૂં સૂત્રનો આ પ્રમાણે ઉપન્યાસ-રચના છે. મતલબ કે, જે સ્તવનરૂપ ક્રિયાનું [૧]કર્મ [૨]કારકપણાએ હેતુરૂપ નિમિત્ત (વિષય) સ્તોતવ્ય અરિહંતો છે, અર્થાત્ સ્તવનરૂપ ક્રિયા નિમિત્તભૂત (વિષયભૂત) અરિહંત ભગવંત વિષયક જ્ઞાન થયે છતે, પ્રેક્ષાવંતોને વિશિષ્ટ જ્ઞાન સંપાદનની જિજ્ઞાસા શાંત કરવા સૂત્રકારે બીજી સંપદામાં સ્તોતવ્યરૂપ અર્હત્સ્વરૂપ નિમિત્ત (વિષય)નું નિમિત્ત (હેતુ) આદિ કરત્વાદિના અન્વેષણ (શોધ) નો સંબંધ-યોગ બતાવેલ છે.

(આદિ શબ્દથી ઉપયોગાદિનો સંગ્રહ કરવો. તેની પણ જિજ્ઞાસાનુકૂલ સંપદાની ઘટના-સંગતિનો સંબંધ તેમાં દર્શાવેલ છે એમ સમજી લેવું.) તથાહિ શક્રસ્તવરૂપ સૂત્રની સંપદાનો ઉપન્યાસ (વાક્યોપક્રમ) ક્રમઃ- પ્રેક્ષાવંતોની તથા જિજ્ઞાસા હોવાથી તથાવિધક્રમ મૂકેલ છે તે આ પ્રમાણે-

[૧]પ્રશ્ન-કયા નિમિત્તને (વિષયને) લઈને સ્તવનરૂપ ક્રિયાની પ્રવૃત્તિ છે ? સ્તવનરૂપ ક્રિયાનું કયું કર્મ છે ? તમો કોની સ્તુતિ કરવા તૈયાર થયેલા છો ? (આ પ્રેક્ષાવંતનો જિજ્ઞાસાપૂર્વકનો પ્રથમ પ્રશ્નઃ)

પ્રત્યુત્તર- આ પ્રમાણેની પ્રેક્ષાવંતની જિજ્ઞાસા પૂરવા પહેલી સંપદાનો ઉપન્યાસ[૨] કરેલ છે. અર્થાત્ અરિહંત ભગવંતને વિષય (નિમિત્ત) કરીને સ્તવનરૂપ ક્રિયાની પ્રવૃત્તિ છે. સ્તવનરૂપ ક્રિયાનું કર્મ (વિષયરૂપ નિમિત્ત) અરિહંત ભગવંતો છે.

---

૧ **कर्तुर्व्याप्यं कर्म (सि. २-२-३) कर्त्रा क्रियया यद्विशेषेणाप्तुमिष्यते तत्कारकं व्याप्यं कर्म च स्यात् । (कर्तुरीप्सिततमं, क्रियाजन्यफलाश्रयं कर्म) कर्त्ता च क्रियां विना न किञ्चदाप्तुं शक्नोति अतः करणरूपस्तुतिक्रियया यद् (अर्हदादि) विशेषेणाप्तुमिष्यते स्तुतिकर्त्रा, तदर्हदादि, कर्म कारकं, किमर्थं स्तुतिरूपक्रियया तदर्हदादि आप्तुमिष्यते । न निर्वर्त्तयितुं नापि गुणान्तराण्यापादयितुं, आप्तुमिष्यते अपितु, घटं पश्यतीतिवत् विषयीकर्तुं अर्हदादि स्तुतिकर्त्रा आप्तुमिष्यते इति ज्ञेयम् ।**

૨ **'क्रियाहेतुः कारकम्' सि. २-२-१ कारकत्वञ्च, क्रियाजनकत्वम्, करोति क्रिया निर्वर्त्तयतीतिव्युत्पत्तेर्भाष्येऽपिदर्शनात् । न च क्रियाशब्दस्य प्रधानक्रियायां मुख्यत्वेन कर्मादिकारकाणां प्रधानक्रियाऽनिर्वर्त्तकत्वात्कथं तेषां कारकत्वम्, वाच्यम्, सर्वेषां कारकाणां स्वस्वावान्तरक्रियाद्वारा प्रधानक्रियानिष्पादकत्वात्तदुपपत्तेः (जनकत्वोपपत्तेः)**

૧ **'प्राप्तिकनिष्ठ जिज्ञासा प्रतिपादकवाक्यं हि प्रश्नः । પ્રશ્નકારમાં જે કોઈ પદાર્થની જાણવાની ઈચ્છા થાય છે તે ઈચ્છાને બતલાવનાર કહેનાર જે વાક્ય હોય છે તેને જ પ્રશ્ન કહે છે.**

૨ **પ્રશ્નકારના પ્રશ્નના જ્ઞાનથી ઉત્તર દાતાને કહેવાની ઈચ્છા થાય છે અને કહેવાની ઈચ્છાથી વાક્ય પ્રયોગરૂપ ઉપન્યાસ અહીં સમજવો.**

આ સંપદા ઉપન્યાસથી પહેલી જિજ્ઞાસા શાંત થાય છે પરંતુ બીજી જિજ્ઞાસા થાય છે કે-

પ્રશ્ન - અરિહંત ભગવંતની શા સારૂં સ્તુતિ કરો છો ? તેઓમાં વળી કયું તત્ત્વ છે કે જેથી તેઓ સ્તુતિને યોગ્ય બને છે ?

પ્રત્યુત્તર - આ પ્રમાણેની પ્રેક્ષાવંતની બીજી જિજ્ઞાસાને શમાવવા બીજી સંપદાનો ઉપન્યાસ (વાક્ય પ્રયોગ) કરેલ છે તે તીર્થંકરો આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ હોવાથી સ્તુતિને યોગ્ય છે. અહીં તેમની સ્તુતિ કરવામાં સામાન્ય અસામાન્ય હેતુઓનું દિગ્દર્શન માત્ર કરાવેલ છે. પ્રેક્ષાવંતોને એટલા માત્રથી જિજ્ઞાસાની તૃપ્તિ થતી નથી. એટલે તેઓ, પરંપરાથી તે સ્તોતવ્ય આત્માની શુદ્ધિ-પવિત્રતા જોવાને ઈંતજાર બનેલા પુનઃ પૂછવાનો પ્રારંભ કરે છે કે-

પ્રશ્ન-શું આ સ્તોતવ્ય અરિહંતના આત્માઓ આકાલસદાકાલથી-પહેલેથી, વિશિષ્ટકોટીના છે કે નહીં? આમાં સર્વ પુરૂષો કરતાં ઉત્તમતા કે વિશિષ્ટતા મૂલથી છે કે પછવાડેથી ?

સમાધાન-હા, આ અરિહંતના આત્માઓ (આત્મરૂપ દ્રવ્ય) મૂલથી-સદાકાલથી ઉત્તમ કોટીના છે. માટે જ વિશેષથી સ્તુતિને યોગ્ય છે એમ બતલાવવા તથા પ્રેક્ષાવંતની જિજ્ઞાસા પૂરવા ત્રીજી સંપદાનો ઉપન્યાસ કરેલ છે. પુરૂષોત્તમ, પુરૂષસિંહ, પુરૂષવરપુંડરીક, પુરૂષવરગંધહસ્તી એમ વિશેષણો બતલાવવાથી સર્વ પ્રાણીઓથી સર્વત્ર અરિહંતના આત્માઓ સદાકાલથી વિશિષ્ટતમ છે એમ બતલાવેલ છે. અહીં સ્તોતવ્ય આત્માઓની સ્તુતિ કરવામાં વિશિષ્ટ ગુણો (હેતુઓ) બતલાવેલ છે.

પ્રશ્ન-શું આ તીર્થંકરો, કેવલ પુરૂષોમાં જ ઉત્તમ કે સમસ્ત લોકમાં પણ ઉત્તમ છે ? અને જો લોકમાં ઉત્તમ હોય તો તેઓ પોતાની શક્તિઓનો લોકના જુદા જુદા ક્ષેત્રમાં કેવો ઉપયોગ (પરમાર્થ) કરનારા હોય છે ?

સમાધાન-આ પ્રમાણેની પ્રેક્ષાવંતની જિજ્ઞાસા શમાવવા ચોથી સામાન્યથી ઉપયોગ સંપદાનો ઉપન્યાસ કરેલ છે. તે તીર્થંકરો, લોકોત્તમ-લોકનાથ-લોકહિત-લોકપ્રદીપ-લોકપ્રદ્યોતકર હોય છે. તીર્થંકરો, સમસ્ત પંચાસ્તિકાયાત્મક લોકમાં ઉત્તમ છે એ પહેલા પદથી બતલાવેલ છે. હવે કઈ કઈ રીતે તેઓ ઉત્તમ છે તે બતાવવા લોકનાથાદિ ચાર વિશેષણપદો આપેલ છે. આ સંપદામાં શ્રી તીર્થંકર દેવ, પોતાની શક્તિઓનો લોકના જુદા જુદા ક્ષેત્રોમાં કેવો ઉપયોગ (પરમાર્થ) કરનારા હોય છે, તે જણાવે છે. એથી એને ઉપયોગસંપદા કહે છે. હવે સામાન્યથી ઉપયોગ સંપદાના હેતુઓની જિજ્ઞાસાથી પૂછે છે.

પ્રશ્ન-તે તીર્થંકરો, ક્યું ક્યું દાન કરીને લોકોમાં સામાન્યથી ઉપયોગ (પરમાર્થ) કરે છે તે ઉપયોગના હેતુઓ સમજાવો ?

સમાધાન-પ્રેક્ષાવંતની લોકોમાં સામાન્યથી ઉપયોગના હેતુઓ જાણવાની ઈચ્છા થવાથી સૂત્રકારે તેની જિજ્ઞાસા પૂરવા પાંચમી સામાન્યથી ઉપયોગી હેતુસંપદા કહેલ છે. આ રીતે તીર્થંકર ભગવાન, અભયદાન ચક્ષુદાન, માર્ગદાન, શરણદાન, બોધિદાન કરી લોકોમાં ઉપયોગ (પરમાર્થ) કરનારા છે.

પ્રશ્ન-તમે તો પહેલાં તીર્થંકર દેવોનો હેતૂપૂર્વક સામાન્યથી ઉપયોગ જણાવ્યો. પણ અમે પૂછીએ છીએ

કે, તીર્થંકર દેવોનો વિશેષથી ઉપયોગ (પરમાર્થ) છે કે નહીં ? જો છે તો બતલાવો ? ને તે કયા વિષયમાં ?

સમાધાન- આ પ્રકારની જિજ્ઞાસા પૂરવા સૂત્રકારે છઠ્ઠી વિશેષથી (સવિશેષ) ઉપયોગ સંપદાનો ઉપન્યાસ કરેલ છે. અર્થાત્ શ્રી તીર્થંકર દેવો ધર્મના ક્ષેત્રમાં શું શું કાર્ય કરે છે, તે આ સંપદામાં દર્શાવેલ છે. હવે વિશેષ નિશ્ચયના પ્રેમવાળા પ્રેક્ષાવંતો અરિહંતના સ્વરૂપનો નિર્ણય કરવા પૂછે છે કે-

પ્રશ્ન-જે અરિહંતની તમે સ્તુતિ કરવા તૈયાર થયા છો તેમનું ક્યું સ્વરૂપ છે ? તે સમજાવો તો તેઓશ્રીની સ્તુતિ કરવામાં અપૂર્વ-અદ્‌ભૂત-આનંદ-રસની રેલ આવશે માટે કૃપા કરો ?

સમાધાન-આ પ્રકારની જિજ્ઞાસાપૂર્તિ કરવા સાતમી સકારણ (હેતુગર્ભિત) સ્વરૂપ સંપદાનો ઉપન્યાસ કરેલ છે. અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વ, વ્યાવૃત્તછદ્મત્વ, એ અરિહંત ભગવંતનું અખંડ સ્વરૂપ છે. એ સ્વરૂપવાળા હોવાથી તેમની સ્તુતિ પણ અવશ્ય કર્તવ્ય છે. હવે કોઈ શેઠ, કરોડો રૂપૈયા કમાય, પણ એની વફાદારી કે નીમકહલાલીથી સેવા બજાવનારને જો એ કાંઈ જ લાભ ન આપી શકતો હોય, બલ્કે એને પોતાની જેવી ધનિકની સ્થિતિમાં ન મૂકતો હોય તો એની શેઠાઈ નિરર્થક ગણાય છે અને એવાની સેવા કરવાની કોઈ શાણાને ઈચ્છા થતી નથી. એ જ રીતે દેવની ઉપાસના સંબંધી છે જે દેવની સેવા કરવાથી પરીણામે એના જેવું પદ પ્રાપ્ત ન થતું હોય તો એ સેવા-ભક્તિ કેવળ વેઠ-પરિશ્રમરૂપ જ લેખાય. પરંતુ જિનેશ્વરદેવ તે પોતાના ભજનારને પોતાના જેવા બનાવે છે કે નહિ એ જાણવાને આતુર કે આકુલવ્યાકુલ થયેલો પ્રેક્ષાવંત પૂછે છે કેઃ-

પ્રશ્ન-ભગવન્ ! આ જિનેશ્વરદેવ, પોતાના પરમ ભક્તને (સ્તવના કરનારને) પોતે બતાવેલ રાહે ચાલનારને પોતાના સરખા કરે એવા સમર્થ છે કે નહીં ? એનું સ્વરૂપ કૃપા કરીને સમજાવો તો ઠીક

સમાધાન-આ પ્રમાણેની જિજ્ઞાસા પૂરવા સૂત્રકારે આઠમી 'આત્મતુલ્યપરફલકર્તૃત્વ' રૂપ સંપદાનો ઉપન્યાસ (ગોઠવણ) કરેલ છે. આ સંપદામાં શ્રી પરમાત્મા વીતરાગ વિભુ પોતાના જેટલું જ (પોતે દર્શાવેલ પંથે ચાલનાર) બીજાને ફલ કરનારા (આપનારા) છે એમ દર્શાવેલ છે એટલે ભગવાન્ મહાન્ ઉદાર કૃપાલુ મહાશય છે. માટે એમની કરેલી સ્તુતિ-સેવાભક્તિ, સ્વતદાત્મારૂપ બનાવનાર છે એમ સમજી પ્રેક્ષાવંતો તેમની સ્તુતિ કરવામાં બેદરકાર કે પ્રમાદી ન જ રહે એમાં પૂછવું જ શું ? પ્રેક્ષાવંતોને આ પ્રતીતિ બરોબર થઈ છતાં દીર્ઘદર્શી તેઓને પુનઃ જિજ્ઞાસા થાય છે કે-

પ્રશ્ન-સર્વજ્ઞતા સર્વદર્શિતા રૂપ પ્રધાન ગુણની અક્ષયસ્થિતિ દ્વારા શિવ-અચલ આદિ રૂપ સિદ્ધિગતિસ્થાન રૂપ પ્રધાનફલના લાભવાળા તેઓ છે કે નહીં ? અને તે દુર્લભ લાભની પ્રાપ્તિથી ભય વિજેતા તે અરિહંતો છે કે નહીં ?

સમાધાન-આ પ્રમાણેની તેની જિજ્ઞાસાની શાંતિ ખાતર નવમી 'પ્રધાનગુણાપરિક્ષયપ્રધાનફલાપ્ત્યભય' સંપદાનો સૂત્રકારે ઉપન્યાસ કરેલ છે. સર્વજ્ઞસર્વદર્શીઓમાં જ શિવ અચલ આદિ સ્થાનની પ્રાપ્તિ થયે, અભયતા બરોબર સંગતઘટિત છે. આટલી બધી સંપદાઓના સ્વામી તે તીર્થંકરો પ્રેક્ષાવંતોને કેમ સ્તોતવ્ય

ન હોય ? અર્થાત્ સદંતર સ્તોતવ્ય હોય જ એમાં શું પૂછવું ? જો કે આનું સવિસ્તર સ્વરૂપ આગળ આવવાનું છે. આ તો આગળ સુગમ પડે એટલા ખાતર ઉપન્યાસક્રમ સંક્ષેપથી સમજાવ્યો છે. ઈતિ પ્રસ્તાવના.

ચૈત્યવંદનસૂત્રના વ્યાખ્યાની પ્રસ્તાવના કર્યા પછી હવે તેની વ્યાખ્યાની શરૂઆત-કે રજૂઆત કરતાં પહેલાં વ્યાખ્યાનો લક્ષણવિભાગ આદિપૂર્વક ક્રમ, દર્શાવે છે.

**अथाऽस्य व्याख्या तल्लक्षणं च संहितादि[1], यथोक्तम् "संहिता[2]" च पदं चैव, पदार्थः पदविग्रहः । चालना प्रत्यवस्थानं, व्याख्या तन्त्रस्य षड्विधा ॥ १ ॥ " इति,**

ભાવાર્થ-ચૈત્યવંદન સૂત્રની વ્યાખ્યા-વિવરણ કરતાં ગ્રંથકાર, હવે-

સામાન્ય ધર્મનું જ્ઞાન, વિશેષવિષયકજિજ્ઞાસાના પ્રત્યે હેતુ હોઈ સામાન્ય લક્ષણના કહ્યા પછી જ તેનો વિભાગ, યુક્તિયુક્ત છે. આ નિયમને લક્ષ્યમાં રાખી કહે છે કેઃ- **'तल्लक्षणं चेत्यादि,**-વ્યાખ્યાનું લક્ષણ (અસાધારણ ધર્મ) સંહિતાદિ (संहिताद्यन्यतमत्वं व्याख्याया लक्षणं बोधयम्) છે, અર્થાત્ સંહિતા વગેરે વ્યાખ્યાનું લક્ષણ-સ્વરૂપ સમજવું સંહિતા વિગેરે, વ્યાખ્યાનું લક્ષણ કહ્યા બાદ, વ્યાખ્યા કેટલા પ્રકારની છે? એમ શિષ્યની જિજ્ઞાસાનો ઉદય થતાં જવાબરૂપે કહે છે કે; ''(૧) સંહિતા (સંધિ[1]) (૨) પદ (૩) પદાર્થ (૪) પદવિગ્રહ (સમાસ છોડવો તે) (૫) ચાલના (પ્રશ્ન કરવો) (૬) પ્રત્યવસ્થાન (સમાધાન) એ રૂપ શાસ્ત્રની વ્યાખ્યા છ પ્રકારની છે એમ શાસ્ત્ર-આગમમાં કહેલું છે.

હવે શાસ્ત્રકાર, વ્યાખ્યાના અંગોના નામને ગણાવે છે.

**एतदङ्गानि तु जिज्ञासा गुरुयोगो विधि इत्यादीनि, अत्राप्युक्तम्**

**जिज्ञासा[1] गुरुयोगो[2] विधिपरता[3] बोधपरिणतिः[4] स्थैर्यम्[5] ।**

**उक्तक्रियाल्पभवता[6], व्याख्याङ्गानीति[7] समयविदः ॥ ४ ॥"**

ભાવાર્થ-વ્યાખ્યાના અંગો (અધિકાર-નિમિત્ત-અવયવ) તો જિજ્ઞાસા, ગુરૂયોગ, વિધિ વિગેરે છે. આ અંગવિષયક વિધાન શાસ્ત્રમાં કહ્યું છે કે (૧) જિજ્ઞાસા (૨) ગુરૂયોગ (૩) વિધિપરતા (૪) બોધપરિણતિ (૫) સ્થૈર્ય (૬) ઉક્તક્રિયા (૭) અલ્પભવતા એમ સાત અંગો વ્યાખ્યાના શાસ્ત્રકારોએ જણાવ્યા છે. એમ ઉદ્દેશગ્રંથ સમજવો. **(नाममात्रेण वस्तुसंकीर्तनमुद्देशः)**

હવે શાસ્ત્રકાર સંહિતા આદિ છ પ્રકારની વ્યાખ્યાની **'નમોત્થુણં'** સૂત્ર પૈકી **'नमोत्थुणं अरहंताणं-नमोऽस्त्वर्हद्भ्यः'** એ વાક્યને લઈ ઘટના યોજના કરતા કહે છે કે-

---

१. समुदितपदामादौ विद्वान् वदेदिह संहितां, तदनु च पदं तस्यैवार्थं वदेदथ विग्रहम् । निपुणभणिति तस्याऽऽक्षेपं तथाऽस्य च निर्णयं बुधजनमता सूत्रव्याख्या भवेदिति षड्विधा ॥ इत्यत्र मधुर भणनीयं च गेयं । अन्यत्रापि एवं भण्यते तथाहि 'पदच्छेदः पदार्थोक्तिः विग्रहो वाक्ययोजना, आक्षेपस्य समाधानं व्याख्यानं पञ्चलक्षणम् ।

२. संहितेत्यादि, व्याख्याकारापेक्षया अनुगमे, तथा च शास्त्रपेक्षयोपक्रमादौ श्रोत्रपेक्षया सूत्रार्थमात्रादौ च व्याख्याऽङ्गभेदः ।

१. पदप्रकृतिभावश्च वृत्तिभेदेन वर्ण्यते पदानां संहिता योनिः संहिता वा पदाश्रया ॥ वाक्यपदीये द्वितीयकाण्डे श्लो. ५८

(१) तत्र **'नमोऽ[1]स्त्व[2]र्हद्भ्यः'** इति संहिता,[3]

**भावार्थ-'नमोत्थुणं** सूत्रमां पहेला **'नमोत्थुणं अरहंताणं नमोऽस्त्वर्हद्भ्यः'** એ વાક્યમાં સંહિતારૂપ વ્યાખ્યાનનું પ્રથમ લક્ષણ અનુગત છે. **तथाहि-'नमो+अस्तु'** આ બે પદોની સંધિ વિષયક અનુગત છે. **तथाहि 'नमो+अस्तु'** આ બે પદોની સંધિ વિષયક વ્યાકરણનો એવો નિયમ છે કે 'વિસર્ગ પહેલાં **'अ'** હોય અને પછી 'અ' કે ઘોષવ્યંજન આવે તો વિસર્ગનો 'उ' (ઉ) થાય છે અને પૂર્વના 'અ' સાથે મળી જઈને 'ઓ' થાય છે. અહીંયા વિસર્ગ, પહેલાં અને પછી 'અ' ની સાથે મળી જઈ 'ઓ' થાય છે એટલે **'नमो+अस्तु'** એમ થાય. પણ બીજો સંધિનો એવો નિયમ છે કે જો કોઈ પણ શબ્દને અંતે 'એ' અગર 'ઓ' આવ્યો હોય, તેની પછી 'અ' આવ્યો હોય તો 'અ' નો લોપ થાય છે અને તેને સ્થાને 'ऽ' આવું અવગ્રહ ચિહ્ન મૂકાય છે. એટલે અહીં 'ઓ' પછી 'અ' આવેલ હોઈ 'અ' નો લોપ થઈ તેને સ્થાને અવગ્રહ ચિહ્ન મૂકાય છે. એટલે બરોબર **नमोऽस्तु·'** એમ વિસર્ગ સંધિ જાણવી. હવે **'नमोऽस्तु+अर्हद्भ्यः'**

અહીં સંધિવિધાયક નિયમ એવો છે કે; હ્રસ્વ અગર દીર્ઘ इ उ ऋ અને ऌ ની પછી જો કોઈ અસવર્ણ કે વિજાતીય સ્વર આવે તો તે સ્વરોને બદલે અનુક્રમે य् व् र् અને ल् થાય છે. અહીં 'ઉ' પછી વિજાતીય 'અ' સ્વર આવેલ હોઈ 'उ' નો **'व्'** થાય છે એટલે **'नमोऽस्त्वर्हद्भ्यः'** એમ સ્વર સંધિ સમજવી.

તથાચ **'[2]अर्हत्+भ्यः'** અહીં વ્યંજનસંધિ વિધાયક એવો નિયમ છે કે 'अंतःस्थ કે અનુનાસિક સિવાયના કોઈપણ વ્યંજનની પછી સ્વર કે ઘોષવ્યંજન આવે, તો પહેલાંના વ્યંજનને બદલે તેના વર્ગનો ત્રીજો વ્યંજન મુકાય છે. અહીં त् ની પછી ઘોષ વ્યંજન આવ્યો છે. માટે त् ના વર્ગનો ત્રીજો એટલે द् મૂકીએ એટલે બરોબર **'नमोऽस्त्वर्हद्भ्यः'** એમ સમજવું.

---

१. अत्र 'अतोऽपि रोरूः । सि. १-३-२० । अवर्णस्येवर्णादिनैदोदरल् सि. १-२-७ । एदोतः पदान्तेऽस्य लुक् सि. १-२-२७ ॥ त्रीणि सूत्राणि 'नमोऽस्तु' इत्यत्रोपयुक्तानि.

२. नमोऽस्त्वर्हद्भ्यः नमोऽस्तु+अर्हद्भ्यः इत्यत्र 'इवर्णादिरस्वेस्वरे यवरलम् । सि. १-२-२१ इति सूत्रमुपयुक्तम् ।

३. तत्रास्खलितपदोच्चारणं संहिता' इति परिभाषा, स्खलना-अटकया वगर पदोना उच्चारण (બોલવા) ने संहिता કહે છે. 'पर सन्निकर्षः संहिते (पा. १-४-१०९) ति वचनात्' श्री अनु. हरि. वृत्तौ पृ. १२७

१ संहितैकपदे नित्या नित्या धातूपसर्गयोः, नित्या समासे वाक्ये तु सा विवक्षामपेक्षते । यत्र पदं-विभक्त्यन्तम्, एकपदे नित्यविरामो भवति ततश्च नित्यं संहिता सन्धिर्भवति यथा देवेन, भवति । धातूपसर्गयोर्यथा उपैति । समासे यथा परमेश्वरः । वाक्ये तु सा विवक्षामपेक्षते इति विरामविवक्षया न सन्धिः, अविरामविवक्षया तु सन्धिरिति । दधि+अत्र='दधि अत्र' इत्यत्र विरामविवक्षया न संधिः 'दध्यत्र' इत्यत्र विरामाविवक्षायां सन्धि र्भवतीति वाक्ये'

२. 'तृतीयस्तृतीयचतुर्थे' सि. १-२-४९. धुटने स्थाने, वर्गनो त्रीजो अने चोथो अक्षर पर छतां वर्गनो 'त्रीजो अक्षर' थाय छे.

'નમોઽસ્તુ' અહીં વિસર્ગસંધિ, **'નમોઽસ્ત્વ+અર્હદ્ભ્યઃ=નમોઽસ્ત્વર્હદ્ભ્યઃ'** સ્વરસંધિ, અને **'અર્હદ્ભ્યઃ'** વ્યંજનસંધિ એમ ત્રણ પ્રકારની અહીં સંહિતા છે.

સંહિતાસ્ફોટ-જ્યારે બે અક્ષરો એકબીજાની સાથે આવે ત્યારે સંસ્કૃત (પ્રાકૃતમાં) તેમને ભેગા જોડવા પડે છે. જે નિયમોથી તેમનું જોડાણ થાય છે. તેનું નામ 'સંહિતા' કહેવાય છે. તેનું બીજું નામ સંધિ (પૂરેપૂરી રીતે જોડવું) પણ કહેવાય છે. આ સંધિ બે પ્રકારની છે. નિત્ય સંધિ અને વૈકલ્પિક સંધિ. (૧) નિત્ય સંધિ-જ્યાં સંધિ કર્યા વગર છૂટકો જ નહીં અને (૨) વૈકલ્પિક સંધિ-સંધિ કરવી કે નહિ તે વક્તાની ઈચ્છા ઉપર હોય તે આ વિષે એવો મુખ્ય નિયમ ઘડવામાં આવ્યો છે કે એક પદમાં, ધાતુ અને ઉપસર્ગ વચ્ચે, તેમજ સમાસમાં જે સંધિ કરવી પડે તે નિત્ય સંધિ છે, અને વાક્યમાં કરવામાં આવતી વૈકલ્પિક સંધિ છે. સંધિનો અર્થ= બે વર્ણના યોગથી ઉત્પન્ન થતો વર્ણવિકાર. સંધિના મુખ્ય ચાર પ્રકાર છે. ૧ સ્વરસંધિ (અચ્સંધિ) ૨ વ્યંજનસંધિ (હલ્સંધિ) ૩ વિસર્ગસંધિ ૪ અને પ્રકૃતિ અને પ્રત્યય ભેગા થતાં જે સંધિ થાય તે આન્તર સંધિ જેમ કે **सृज्** (પ્રકૃતિ) + **ति** (પ્રત્યય) = **सृष्टि.**

ઈતિ સંહિતા સાધિતા **(वर्णानामतिशयितः सन्निधिः संहिता)**

હવે **'नमोऽस्त्वर्हद्भ्यः'** આજ વાક્યમાં સંહિતા બતાવ્યા પછી વ્યાખ્યાના બીજા લક્ષણરૂપ પદનું નિરૂપણ કરતા કહે છે કે;

(૨) [1]**पदानि तु नमः अस्तु, अर्हद्भ्यः**

ભાવાર્થ - 'નમોઽસ્ત્વર્હદ્ભ્યઃ' એ વાક્યઘટક ત્રણ પદો છે. એમાં પહેલું પદ 'નમઃ' એ નૈપાતિક (પદની આદિમાં તથા અંતમાં પડે તે નિપાત કહેવાય અને 'નિપાત' શબ્દને સ્વાર્થમાં 'અ' પ્રત્યય આવવાથી નૈપાતિક બની જાય છે.) અને બીજું પદ 'અસ્તુ' કર્તૃક્રિયાવાચક (આખ્યાતિક ક્રિયાપદ) પદ છે. અને ત્રીજું પદ 'અર્હદ્ભ્યઃ' ચતુર્થીવિભક્ત્યન્ત, વિશેષ્યવાચક પદ 'નામિક' પદ છે. એમ એકંદરે આ વાક્યમાં ત્રણ પદો છે.

હવે 'નમોઽસ્ત્વર્હદ્ભ્યઃ' એ વાક્યમાં પદપ્રતિપાદ્ય અર્થરૂપ, વ્યાખ્યાનના ત્રીજા લક્ષણને ઘટાવે છે.

(૩) **पदार्थस्तु 'नम इति [2]पूजार्थ, पूजा च [3]द्रव्यभावसङ्कोचः, तत्र करशिरः पादादिसंन्यासो द्रव्यसङ्कोचः, भावसङ्कोचस्तु विशुद्धस्य मनसो नियोगः इति, अस्त्विति-भवतु प्रार्थनाऽर्थोऽस्येति,**

---

૧. જે વડે અર્થ જણાય તે 'પદ' કહેવાય છે. તેનાં પાંચ ભેદો છે. (૧) નામિક-વસ્તુ વાચક, જેમકે અશ્વ-ઘોડો ગાય વિગેરે (૨) નૈપાતિક (નિપાતમાં પઠિત) જેમકે; એવં-ખલુ-નમઃ વિગેરે (૩) ઔપસર્ગિક-ઉપસર્ગોમાં પઠિત, જેમકે; 'અનુ-પરિ' વિગેરે (૪) આખ્યાતિક ક્રિયાપદ (ક્રિયાપ્રધાન) જેમકે; 'ગચ્છતિ' 'ધાવતિ' વિગેરે (૫) મિશ્ર (ઉપસર્ગનામ સમુદાયનિષ્પન્ન) જેમકે; 'સંયત' વિગેરે. અર્થવાચક પદમ્'

૨ 'इत्थ' नमुत्तिपयं दव्वभावसंकोचरूवपूयत्थं । करशिरभाई दव्वे पणिहाणाइभवे भावे ॥ अत्र नम इति पदं द्रव्यभावसङ्कोचरूपपूजार्थं। करशिर आदिद्रव्ये प्रणिधानादि भवेद्भावे ॥ छाया ॥ સરખાવો.

૩. દ્રવ્યસંકોચ-ભાવસંકોચવિષયક ચતુર્ભંગી (ચાર ભાંગાઓ ભેદો થાય છે.)

ભાવાર્થ - [૧]નમસ્કારવાચક 'નમઃ' પદની શક્તિ, કોશઆપ્તવાક્ય આદિથી પૂજારૂપ અર્થમાં નિરૂઢ થયેલ છે. તથાહિ. પહેલાં 'નમઃ' એ પદનું જ્ઞાન થયા બાદ, 'નમઃ' પદની શક્તિ પૂજામાં છે. એ જ્ઞાન થાય છે. ત્યારબાદ 'નમઃ' એ પદ, પૂજાના અર્થવાળું છે અને પૂજા એટલે દ્રવ્યભાવસંકોચ, અર્થાત્ તે પૂજા બે પ્રકારે છે. દ્રવ્યસંકોચરૂપ અને ભાવસંકોચરૂપ.

(૧) તત્ર-દ્રવ્યસંકોચરૂપપ્રકારદ્વયાવચ્છિન્નપૂજાઘટક દ્રવ્યસંકોચનું સ્વરૂપ દર્શાવે છે કે, દ્રવ્યસંકોચ-હાથ પગ મસ્તક આદિ શરીરના અવયવોની ગ્રહણકંપન-ચલનાદિ ક્રિયાઓને રોકવી-નિયમિત કરવી તથા બે હાથ જોડી લલાટે લગાડી પ્રણામરૂપ અંજલિ બંધ, તથા પ્રણામ કરતાં ઉપરનું અર્ધુ અંગ નમાવી દેવા રૂપ અર્ધાવનતપ્રણામ તથા બે ઢીંચણ, બે હાથ, અને મસ્તક એ પંચાંગ નમાવી ભૂમિ સાથે લગાડી પ્રણામ કરવારૂપ પંચાંગપ્રણામ તથા મુદ્રા-વિન્યાસ વિગેરે દ્રવ્યસંકોચ સમજવો. હવે પૂજાના બીજા ભેદરૂપ ભાવસંકોચને કહે છે.

(૨) ભાવસંકોચ-અર્હદાદિગુણોમાં વિશુદ્ધ-પરમપવિત્ર મનનો-અંતઃકરણનો નિયોગ (પ્રવેશ-પ્રીતિથી પ્રણિધાન એકાગ્રતા-એકતાનતા-અનન્યવૃત્તિ) તે ભાવસંકોચ અર્થાત્ અત્યંત નિર્મલ મનને પ્રભુના ગુણોની સાથે બાંધી દેવું તે ભાવસંકોચ, સમજવો.

(૨) હવે બીજા પદનો અર્થ કહે છે. અસ્તુ એટલે ભવતુ (થાઓ-હો !) એમ બીજા પદથી [૧]વિવરણ કરી આ ક્રિયાપદનો અર્થ [૨]પ્રાર્થના છે. એમ દર્શાવે છે.

હવે (૩) 'ણં' અને (૪) અર્હદ્ભ્યઃ પદનો અર્થ જણાવે છે.

**णमिति वाक्यालङ्कारे, प्राकृतशैल्या इति चेहोपन्यस्तः । 'अर्हद्भ्यः' इति देवादिभ्योऽतिशयपूजामर्हन्तीत्यर्हन्तस्तेभ्यो नमःशब्दयोगाच्चतुर्थी ।**

---

(૧) દ્રવ્યસંકોચરૂપ નમસ્કાર હોય અને ભાવસંકોચરૂપ નમસ્કાર ન હોય (૨) દ્રવ્યસંકોચ ન હોય અને ભાવસંકોચ હોય (૩) દ્રવ્યસંકોચ હોય અને ભાવસંકોચ હોય (૪) દ્રવ્ય અને ભાવ ઉભય સંકોચ ન હોય. છેલ્લો ભાંગો શૂન્ય છે. બીજો અને ત્રીજો ભાંગો આદરણીય છે. અને પ્રથમ ભાંગો અનાદરણીય છે. દ્રવ્યભાવસંકોચમાં "ભાવસંકોચ" એ જ પ્રધાન છે. કારણ કે, તે જ એક એક ઐકાન્તિક ફળને આપનારો છે. ભાવસંકોચ વિનાનો દ્રવ્યસંકોચ, પાલકાદિની જેમ નિષ્ફળ છે. તથા અનુપયુક્ત (ઉપયોગ વગરના) સમ્યગ્દ્રષ્ટિ વિગેરેને નિષ્ફળ છે. દ્રવ્યસંકોચ વિનાનો ભાવસંકોચ, અનુત્તર દેવ આદિને તથા ગ્લાન આદિ ઉપયુક્ત સમ્યગ્દ્રષ્ટિ વિગેરેને સફળ છે, તો પણ દ્રવ્યસંકોચરૂપ નમસ્કાર સહિત ભાવસંકોચરૂપ નમસ્કારવાનૂને જે વિશુદ્ધિ થાય છે, તે વિશુદ્ધિ પ્રાયઃ દ્રવ્યસંકોચ રહિત કેવળ ભાવસંકોચવાનૂને થતી નથી. દ્રવ્યથી અને ભાવથી સંકોચરૂપ નમસ્કાર વિધિ પ્રમાણે શિરોનમન વિગેરે ક્રિયાનિષ્ઠ ઉપયુક્ત (ઉપયોગવાળા) સમ્યગ્દ્રષ્ટિ વિગેરેમાં ઘટી શકે છે. શાંબકુમારની જેમ ઉભયસંકોચ શ્રેષ્ઠ-ઈષ્ટ-મંગલકારી છે.

૧ अत्र विवरणादपि शक्तिग्रहः । विवरणं तु तत्समानार्थकपदान्तरेण तदर्थकथनम् । यथा घटोऽस्तीत्यस्य कलशाघटोऽऽस्तीतिविवरणाद् घटपदस्य कलशे शक्तिग्रहस्तथा अस्त्वित्यस्य भवत्विति विवरणात्प्रार्थनार्थ उपलभ्यते । विधिनि-मन्त्रणामन्त्रणाधीष्टसम्प्रश्नप्रार्थनेषु लोटो (आज्ञार्थस्य) विधानत् ।

૨ 'अत्थुत्ति पत्थणा' इत्याप्तवाक्यादपि प्रार्थनार्थः ।

**ભાવાર્થ** - 'नमोत्थुणं' આવા પ્રાકૃત વાક્યસ્થિત 'णं' એ પદ, વાક્યના અલંકાર (શોભા) રૂપ અર્થનું દ્યોતન કરે છે. વળી અહીં પ્રાકૃત શૈલી હોવાથી 'णं'નો ઉપન્યાસ કરેલ છે. (૩)

(૪) 'અર્હદ્ભ્યઃ'-સુર અસુર વિગેરેથી નિર્મિત અશોકવૃક્ષ આદિ આઠ મહાપ્રાતિહાર્યરૂપ તથા ધર્મચક્રાદિ અતિશય સ્વરૂપ-ત્રિભુવનાતિશાયિ મહિમાને-પૂજાને જે યોગ્ય છે તે અર્હંત છે.

સહજાતિશયાદિ સર્વોત્તમ ગુણોની સંપૂર્ણતાથી સ્તુતિને યોગ્ય, વંદના-નમસ્કાર પૂજા સત્કાર-સિદ્ધિગમનને યોગ્ય જે છે તે અરહંત કહેવાય છે. દેવાદિથી અતિશયરૂપ પૂજાતિશયથી પૂજાને યોગ્ય અથવા ભક્તિના અતિશયથી કે શ્રદ્ધાના અતિશયથી દેવાદિથી પૂજા યોગ્ય જે તે અર્હંત એમ પણ અર્થ કરવો.

હવે અર્હત્ નામને ચોથી વિભક્તિ કેમ લગાડેલ છે ? એનો હેતુ જણાવતાં કહે છે કે **'नमः'** એ શબ્દ (પદ)ના યોગથી ચોથી વિભક્તિ જાણવી.

અહીં ચોથી વિભક્તિનો અર્થ ઉદ્દેશ્ય થાય છે. તથાચ અર્હદુદ્દેશ્યક પૂજા (નમસ્કાર) ભવતુ[૧] ઈતિ પ્રાર્થના-અર્હંતોને નમસ્કાર થાઓ ! એમ પ્રાર્થના નમસ્કાર કર્તા વડે કરાય છે.

અથ **'नमोऽस्त्वर्हद्भ्यः'** અહીં પદવિગ્રહરૂપ લક્ષણ, ઘટમાન છે કે નહીં ? એનો ખુલાસો કરતાં જણાવે છે કે-

**(૪) पदविग्रहस्तु[૨] यानि समासभाञ्जि[૩] पदानि तेषामेव भवतीति नेहोच्यते,**

**ભાવાર્થ** - **'नमोऽस्त्वर्हद्भ्यः'** એ વાક્યમાં પદવિગ્રહરૂપ વ્યાખ્યાન નથી. કારણ કે, પદ વિગ્રહ તો તે પદોનો જ થાય છે, કે જે પદો સમાસવર્તી (વર્તનારા) હોય. અહીં ત્રણ પદો સમાસવર્તી નહીં હોવાથી પદવિગ્રહરૂપ વ્યાખ્યાન નથી.

હવે વ્યાખ્યાનના પાંચમાં લક્ષણ રૂપ ચાલના (આક્ષેપ શંકા-પ્રશ્ન-પૂર્વપક્ષરૂપને **'नमोत्थुणं अरहंताणं'** આ રૂપવાક્યઘટિત **'अस्तु'** પદના અર્થ ઉપર ઘટાવતા પહેલાં ચાલનાનું ચારૂ દિગ્દર્શન કરાવે છે.

**(૫) चालना तु अधिकृतानुपपत्तिचोदना यथा अस्त्विति प्रार्थना न पूज्यते, तन्मात्रादिष्टासिद्धेः,**

**ભાવાર્થ** - ચાલના=અધિકૃત (જેનો અધિકાર-પ્રકરણ-પ્રસ્તાવ ચાલતો હોય તે) જેમકે અહીં અધિકૃત-

---

૧ शस्तार्थवषट्नमःस्वस्तिस्वाहास्वधाभिः' सि. २-२-६८ एभिर्योगे नित्यं चतुर्थी ।

૧ 'विधिनिमन्त्रणामन्त्रणाधीष्टसंप्रश्नप्रार्थने' सि. ५-४-२८ विध्यादिषु षट्सु सर्वप्रत्ययापवादौ सप्तमी (विध्यर्थे) पञ्चम्यौ (आज्ञार्थे)। प्रार्थना, मे व्याकरणमधीयीय अध्यये, तद्वत् प्रार्थना मे 'नमोऽस्त्वर्हदभ्यः' इति बोध्यम् ।

૨ पदविग्रहस्तु ...यः समासविषयः, पदयोः पदानां विच्छेदोऽनेकार्थसंभवे सति इष्टार्थनियमाय क्रियते यथा राज्ञः पुरूषः, राजपुरूषः, श्वेतः पटोऽस्येति श्वेतपट इत्यादि समासभाकपदविषयसूत्रानुपाती (अनु. हारि. वृत्तौ.)

૩ द्वयोर्बहूनां वा पदानां मीलनं समासः । तथाच બે અથવા ઘણા પદોનું મિલન-એકી ભવન તેનું નામ સમાસ. સમાસને વ્યાકરણમાં એક પ્રકારની વૃત્તિ કહે છે. આવા સમાસના અર્થને શબ્દો છૂટા કરીને દેખાડીએ તેને સમાસનો વિગ્રહ કહે છે અને સમાસના પ્રત્યેક શબ્દને 'અવયવ' કહે છે. જેમકે; वृषभाजितौ द्वं ० स० वृषभश्चाजितश्च આ તે સમાસનો વિગ્રહ છે.

અસ્તુ એ ક્રિયાપદનો અર્થ પ્રાર્થના પ્રસ્તુત છે. તેની અનુપપત્તિને (નહીં ઉત્પત્તિ, નહી ઘટવું, યુક્તિયુક્ત નહીં થવું તેની) ચોદના (પ્રેરણા-પ્રશ્ન હેતુપૂર્વક ઉદ્‌ભાવના) ને ચાલના કહે છે. જેમકે; 'અસ્તુ' એ પ્રમાણેના પદથી પ્રાર્થનારૂપ અર્થ યુક્તિયુક્ત-વ્યાજબી-ઘટિત સંગત નથી. કારણ કે; પ્રાર્થના માત્રથી (ફક્ત પ્રાર્થનાથી જ) નમસ્કારલાભ (નમસ્કારથી થતો જે નફો) રૂપ ઈષ્ટફલ, નિપજતું કે સિદ્ધ થતું નથી.

સારાંશ કે, નમસ્કારજન્યલાભરૂપ ઈષ્ટફલના પ્રત્યે 'અર્હંતને નમસ્કાર હો !' એ રૂપ કેવલ પ્રાર્થના (સ્તુતિ કરીને માગવું-સ્તુતિ-વિનંતિ) કારણ ન હોઈ નમસ્કારજન્યલાભરૂપ ઈષ્ટફલના લાભનો અભાવ છે. એટલે ઉપર્યુક્ત 'અસ્તુ' એ પદનો અર્થ-પ્રાર્થના, સમર્થ નથી. આ પ્રમાણેના આક્ષેપરૂપ ચાલનાનો પરીહાર કરવા સમાધાનરૂપ પ્રત્યવસ્થાનને બતાવતાં તેનું સ્વરૂપ તથા તેની ઘટના બતાવે છે.

(૫) **प्रत्यवस्थानं तु नीतितस्तन्निरासः, यथा युज्यत एव, इत्थमेवेष्टसिद्धेरिति,**

**ભાવાર્થ**-ન્યાય (વ્યવહાર-પ્રતીતિ) પૂર્વક આક્ષેપનું ચાલનાનું (પૂર્વપક્ષીય અનુપપત્તિનું) ખંડન-નિરસન કરવું તે અર્થાત્ ઉત્તરપક્ષ-સમાધાન તે પ્રત્યવસ્થાન સમજવું. જેમકે; 'અસ્તુ' એ પદનો અર્થ પ્રાર્થના, યુક્તિયુક્ત-વ્યાજબી-ઘટિત કે ઉત્પન્ન છે. કારણ કે; આવી રીતે-પ્રાર્થનાથી જ (નમસ્કારજન્યલાભરૂપ) ઈષ્ટફલની સિદ્ધિ થાય છે.

હવે ગ્રંથકાર આ પ્રમાણે ફક્ત પદયોજના કર્યા પછી આગળ ઉપર લંબાણથી ભાવાર્થ ગર્ભિત વ્યાખ્યા કરવાની પ્રતિજ્ઞા કરતાં કહે છે કે;

**पदयोजनामात्रमेतद्, भावार्थं तु वक्ष्यामः,**

ભાવાર્થ-આ કેવળ પદોની યોજના (ગોઠવણ-વ્યવસ્થા-રચના) જ જાણવી પરંતુ પદોનો ભાવાર્થ (અંદરનો અર્થ, તાત્પર્ય) આગળ કહીશું...

હવે વ્યાખ્યાનના અંગો (અવયવો-સંબંધ-અંશ-હેતુઓ) જિજ્ઞાસા આદિ જે છે તેનું નિપુણ નિરૂપણ, ઉપપત્તિપૂર્વક શાસ્ત્રકાર કરે છે.

**व्याख्याऽङ्गानि तु जिज्ञासादीनि, तद्व्यतिरेकेण तदप्रवृत्तेः,**

**ભાવાર્થ**-જિજ્ઞાસા વિગેરે, વ્યાખ્યાના અંગો-અંશો કે અવયવો છે. કારણ કે; જિજ્ઞાસા વગેરેના અભાવમાં વ્યાખ્યાન પ્રવૃત્તિનો અભાવ છે. અર્થાત્ જિજ્ઞાસા આદિ હોય તો વ્યાખ્યાની પ્રવૃત્તિ થઈ શકતી નથી. મતલબ કે; અન્વયવ્યતિરેકના સહચાર-જ્ઞાનથી કાર્ય કારણભાવનો નિશ્ચય થતો હોઈ વ્યાખ્યાન વિષયક પ્રવૃત્તિના પ્રત્યે જિજ્ઞાસા આદિ પરમ કારણ છે એમ સાબીત થયું.

હવે પહેલાં સ્વાભાવિક જિજ્ઞાસા થાય કે 'નમોત્થુણં અરહંતાણં' એ પ્રકારની ચૈત્યવંદનસૂત્રાન્તર્ગત વંદના શા સારૂ છે ? એનો જવાબ આપી પછીથી ચૈત્યવંદનસૂત્રનો શો અર્થ છે એ રૂપ જિજ્ઞાસાનું પ્રતિપાદન કરવાના ઈરાદાથી પહેલાં વંદનાનો પરિચય આપતાં કહે છે કે;

**तत्र धर्मं प्रति मूलभूता वन्दना,**[1]

**ભાવાર્થ**-ચૈત્યવંદનસૂત્રઘટક (વૃત્તિ-અંતર્ગત) વંદના અથવા **'नमोत्थुणं अरहंताणं'** એ વાક્યાન્તર્ગત નમસ્કાર રૂપ વંદના, એ વ્યવહારનયની અપેક્ષાથી, પૂર્વાપર અવિરોધિ (અવિસંવાદિ-અવ્યભિચારિ)-શાસ્ત્રવચન અનુસારિ, યથાવિહિત, મૈત્રી આદિ ભાવના સંગત, આલોક-પરલોકની અપેક્ષા રાખીને ત્યાગ કરવા યોગ્યના ત્યાગરૂપ અને ગ્રહણ કરવા યોગ્યના સ્વીકાર અનુષ્ઠાન પ્રવૃત્તિરૂપ ધર્મના પ્રત્યે, તથા નિશ્ચયનયની અપેક્ષાથી, શુદ્ધ અનુષ્ઠાનજન્ય-કર્માપગમ-ક્ષય લક્ષણ, સમ્યગ્દર્શનાદિ-નિર્વાણબીજલાભફલવાળી જીવ-આત્મા-શુદ્ધિરૂપ ધર્મના પ્રત્યે મૂલભૂત-બીજરૂપ છે.

હવે વ્યાખ્યાઅંગરૂપ (સંબંધ-અંશરૂપ) જિજ્ઞાસા વિગેરેનો પરિચય આપતાં પહેલા **'यथोद्देशं निर्देशः'** ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ-નિરૂપણ હોય છે. એ ન્યાયથી પ્રથમ જિજ્ઞાસાની ઝીણવટભરી છણાવટ કરતાં કહે છે.

**(१) अथ कोऽस्यार्थ इति ज्ञातुमिच्छा जिज्ञासा, न सम्यग्ज्ञानादृते सम्यक्क्रिया "पढमं नाणं ततो दये'ति वचनात्, (द. अ ४-गा. १०) विशिष्टक्षयोपशमनिमित्तेयं नासम्यग्दृष्टेर्भवतीति तन्त्रविदः,**

**ભાવાર્થ**-આ ચૈત્યવંદનસૂત્રનો ક્યો અર્થ છે ? આ પ્રમાણેની ચૈત્યવંદનસૂત્રના અર્થને જાણવાની ઈચ્છા તે જિજ્ઞાસા (ચૈત્યવંદનસૂત્રવિશેષ્યક અર્થપ્રકારક જ્ઞાનવિષયક ઈચ્છા-જિજ્ઞાસા) કહેવાય છે. તથાચ ચૈત્યવંદનસૂત્રવિષયક વ્યાખ્યાનના પ્રત્યે ચૈત્યવંદનસૂત્રના અર્થને જાણવાની ઈચ્છારૂપ જિજ્ઞાસા, પ્રથમ અંગ-કારણ છે. કારણ કે; તાદશ અર્થજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન (યથાર્થજ્ઞાન) સિવાય, સમ્યક્ ક્રિયા થઈ શકતી નથી. સમ્યગ્જ્ઞાન હોય

---

**૧. વંદના, એ ધર્મ તરફ આત્માને આગળ વધવાનું મૂળ છે. અર્થાત્ શુદ્ધ સ્વરૂપવાનને વંદના કરવાથી, આત્મક્ષેત્રમાં ધર્મબીજનું વપન (વાવવું) થાય છે, અનુકૂલ સામગ્રીએ તેમાંથી ધર્મચિંતા આદિ રૂપ અંકુરાઓ, શ્રુતાભ્યાસ તથા સદાચરણરૂપી શાખા પ્રશાખાઓ અને સ્વર્ગાપવર્ગની પ્રાપ્તિરૂપ ફૂલ-ફલો પ્રગટ થાય છે. વળી નમસ્કાર કરવાની યોગ્યતા પણ અતિશય લઘુકર્મી આત્માઓને જ પ્રાપ્ત થાય છે. થોડી પણ આત્મશુદ્ધિ જે આત્માઓની થવા પામી નથી તે આત્માઓ પરમશુદ્ધ આત્મદશાને પામેલાઓને ભાવથી નમન કરી શકે એ શી રીતે શક્ય છે ?**

**१ 'पढमं नाणं तओ दयां एवं चिट्ठइ सव्वसंजए । अन्नाणी किं काही किं वा नाही छेअपावगं ? ॥ १७ ॥ दशवै. ४ षड्जिवनिकाय हारि. वृत्ति 'पढमं नाणमित्यादि, प्रथममादौ ज्ञानं जीवस्वरूपसंरक्षणोपायफलविषयं 'ततः,' तथाविधज्ञानसमनन्तरं 'दया' संयमस्तदेकान्तोपादेयतया भावतस्तत्प्रवृत्तेः, 'एवम्' अनेन प्रकारेण ज्ञानपूर्वक क्रियाप्रतिपत्तिरूपेण तिष्ठति, आस्ते 'सर्वसंयतः' सर्वः प्रव्रजितः, च पुनः 'अज्ञानी' साध्योपायफलपरिज्ञानविकलः स किं करिष्यति ? सर्वत्रान्यतुल्यत्वात्प्रवृत्तिनिवृत्तिनिमित्ताभावात्, किं वा कुर्वन् ज्ञास्यति 'छेकं' निपुणं हितं कालोचितं 'पापकंवा' अतो विपरीतमिति, ततश्च तत्करणं भावतोऽकरणमेव, समग्रनिमित्ताभावात्, अन्यप्रदीप्तपलायनधुणाक्षरकरणवत् अत एवान्यत्रापुक्तं 'गीयत्थो अ विहारो बीओगीयत्थमिसिओ भणिओ' इत्यादि अतो ज्ञानाभ्यासः कार्यः ॥ १० ॥**

**ભાવાર્થ-ઉપર્યુક્ત જીવદયાનો ઉપદેશ સાંભળી શિષ્ય કહે છે કે હે ભગવન્ ! ત્યારે હવે જીવની દયા જ પાળવી. જ્ઞાન ભણવાનું શું કામ છે ? આમ બોલનાર શિષ્યને ગુરુ ઉત્તર આપે છે કે; પ્રથમ જીવના સ્વરૂપનું, તેના સંરક્ષણનું તથા સંરક્ષણ ફલનું જ્ઞાન થયા બાદ, સંયમ રૂપ ક્રિયામાં એકાંત ઉપાદેયપણાએ ભાવથી જ્ઞાનથી પ્રવૃત્તિ હોવાથી તે ક્રિયા સમ્યક્ક્રિયા હોઈ જ્ઞાનપૂર્વક ક્રિયાને સ્વીકારીને સર્વ સાધુવર્ગ ચાલે છે. અજ્ઞાની શું કરશે ? અથવા તે પુણ્યપાપને કેમ જાણી શકશે ? વાસ્તે જ્ઞાનની પ્રથમ જરૂર અગત્યતા છે.**

તો જ સમ્યફ્ ક્રિયા થાય છે. તથાહિ-સમ્યફ્ ક્રિયાના પ્રત્યે સમ્યગ્જ્ઞાન કારણ છે. સમ્યગ્જ્ઞાન હોયે છતે જ સમ્યફ્ ક્રિયાની સત્તા-હયાતી છે અને સમ્યગ્જ્ઞાનની અસત્તા-ગેરહાજરી હોયે છતે સમ્યફ્ ક્રિયાનો અસંભવ છે. આ બાબતને મજબૂત કરવા સારૂ આગમવચનનો પુરાવો (સાખ) આપે છે. 'સમ્યફ્ ક્રિયામાં ઉપયોગી જ્ઞાનનું અહીં ગ્રહણ હોવાથી જ્ઞાનપદથી સમ્યગ્ જ્ઞાન જ લેવું અર્થાત્ પહેલાં સમ્યગ્ જ્ઞાન (કારણ) ને પછી દયા-સમ્યફ્ ક્રિયા (કાર્ય) છે. એ પ્રમાણેનું આગમ વચનનું પ્રામાણ્ય છે.' અતઃ સમ્યફ્ ક્રિયારૂપ કાર્યના પ્રત્યે સમ્યગ્ જ્ઞાન કારણ છે. એમ સુતરાં સિદ્ધ થયું. તથાચ આ જિજ્ઞાસાના ઉત્થાન કે ઉત્પત્તિમાં વિશિષ્ટ જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય કે ક્ષયોપશમ એ નિમિત્તભૂત છે. સારાંશ કે; આશ્રવાદિ તત્ત્વો હોય (છોડવા જોગ) છે. સંવરનિર્જરા આદિ તત્ત્વો ઉપાદેય (ગ્રહણ કરવા જોગ) છે. આ પ્રમાણેના હેયોપાદેયતત્ત્વવિષયકબુદ્ધિજનક, તથાવિધજ્ઞાનાવરણાદિકકર્મનો ક્ષય કે ક્ષયોપશમ હોય તો જ નિરૂક્તમજકૂર જિજ્ઞાસા થઈ શકે છે. અતઃ જે સમ્યગ્દૃષ્ટિ નથી તેમાં આ પ્રકારની જિજ્ઞાસાનો અસંભવ છે. એમ શાસ્ત્રવિશારદો કહે છે.

હવે વ્યાખ્યાના બીજા અંગરૂપ ગુરૂયોગનું ગૌરવભર્યું નિરૂપણ કરે છે.

(૨) **तथा गुरूणा-यथार्थाभिधानेन स्वपरतन्त्रविदा परहितनिरतेन पराशयवेदिना सम्यक्सम्बन्धः, एतद्विपर्ययाद्विपर्ययसिद्धः, तद्व्याख्यानमपि अव्याख्यानमेव, अभक्ष्यास्पर्शनीयन्यायेनानर्थफलमेतदिति परिभावनीयम्.**

**ભાવાર્થ**-જેમ જિજ્ઞાસા એ વ્યાખ્યાનનું પ્રથમ અંગ-કારણ છે. તેમ વ્યાખ્યાનનું બીજું અગત્યનું અંગ ગુરૂયોગ છે. ગુરૂયોગનું વિવેચન કરતાં કહે છે કે; ગુરૂ એટલે યથાર્થ અભિધાનવાળા (નહીં કે મૂંગા ગીતાર્થ કે ગીતાર્થ આશ્રિત અગીતાર્થ) સત્ય વક્તા અથવા પોતાના ગુરૂનામને સાચું કરનારા, તથા પરિશ્રમ-થાક કે ખેદને અવગણી પોતાનાં અને પારકાં શાસ્ત્રોને બરાબર સંગીન-નક્કર જાણનારા, તથા પારકાનું હિત કરવામાં કમ્મર કસનારા, સામા-માણસના આશયને યથાર્થ સમજનાર, (બાલ વિગેરે અધિકારીઓના અનુભવી) એવા ગુરૂમહારાજ સાથે સમ્યગ્ (સાચો-હૃદયના પરમ સેવાવાળા ભાવથી) યોગ ગુરૂયોગ કહેવાય છે.

વસ્તુતસ્તુ વ્યાખ્યાનરૂપ કાર્યના પ્રત્યે ગુરૂયોગ એ મહત્વનું કે અગત્યનું કારણ છે. કારણ કે ગુરૂયોગની સત્તા-હાજરી હોય તો વ્યાખ્યાનની હયાતી છે. કારણ કે તે ઈષ્ટફલને આપનાર હોઈ સદ્ વ્યાખ્યાન એ વ્યાખ્યાન કહેવાય છે. ગુરૂયોગની ગેરહાજરી હોય તો તે વ્યાખ્યાન, વ્યાખ્યાન કહેવાતું નથી. પરંતુ વિપરીત વ્યાખ્યાન કહેવાય છે. કારણ કે; વિપરીત-વ્યાખ્યાન અનિષ્ટ-અનર્થ ફલ કરનાર છે.

એવંચ ગુરૂગુણસંપન્નગુરૂયોગરૂપ વ્યાખ્યાનના અંગમાં વિપર્યય થાય તો વ્યાખ્યાનમાં પણ પલટો થાય અથવા ઉપર્યુક્ત ગુરૂસ્વરૂપ વગરના વિપરીત ગુરૂ-કુગુરૂના યોગથી વ્યાખ્યાનમાં અજબ ઉથલો થતો હોઈ કુગુરૂસંગજનિત વ્યાખ્યાન તે, કુવ્યાખ્યાન-મિથ્યાવ્યાખ્યાનની કોટીમાં આવતું હોઈ અવ્યાખ્યાન કહેવાય છે. અથવા તાદૃશ ગુરૂયોગની પરવા કે દરકાર કર્યા સિવાય સ્વતંત્ર સ્વમતિ કલ્પિત વ્યાખ્યાન પણ, કલ્પિત મિથ્યા-કુવ્યાખ્યાનની ગણનામાં ગણાતું હોઈ, અવ્યાખ્યાન જ કહેવાય છે. કારણ કે, એનું પરિણામ ભાવિમાં ભયંકર છે.

ગુરૂયોગ વિનાનું કરેલ વ્યાખ્યાન, અવ્યાખ્યાન કેવી રીતે કહેવાય ? આવી દલીલના સામે ન્યાય-યુક્તિ-દૃષ્ટાન્ત બતાવી ગુરૂયોગ રહિત વ્યાખ્યાન, અપવ્યાખ્યાન છે. આ વાતનું સમર્થ સમર્થન કરતાં કહે છે કે-

ન્યાય-જેમ ગાયના માંસ વિગેરેનું ભક્ષ્યપણું (જિહ્વામુખ-રસનેન્દ્રિય-દંત આદિથી ભક્ષણ-ખાવા યોગ્યપણુ) હોવા છતાં ય ગોમાંસ આદિ, નિન્દિત-ખરાબ હોઈ-અનર્થ ફલકારી હોઈ અભક્ષ્ય છે, જેમ ચંડાલ[૧] વિગેરે સ્પર્શનીય હોવા છતાંય નિંદિત હોવાથી-અનિષ્ટ ફલકારી હોવાથી અસ્પર્શનીય (નહીં અડકવા યોગ્ય) કહેવાય છે. તે આ ગુરૂયોગ વગરનું વ્યાખ્યાન, અનર્થ ફલ કરનાર-મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ હોવાથી અવ્યાખ્યાન જ કહેવાય એ નિર્વિવાદ-નિઃશંક વાત છે. માટે ખૂબ વિચારો ! ઊંડા ઊતરો !

હવે વ્યાખ્યાનનું ત્રીજું અંગ-કારણ જે વિધિપરતા, તેનું વ્યાખ્યાન કરે છે.

**(३) तथा विधिपरता-मण्डलिनिषद्याक्षादौ प्रयत्नो, ज्येष्ठक्रमानुपालनं उचितासनक्रिया, सर्वथा विक्षेपसंत्यागः, उपयोगप्रधानतेति श्रवणविधिः, हेतुरयं कल्याणपरम्पराया अतो[२] हि नियमतः सम्यग्ज्ञानं, नह्युपाय उपेय-व्यभिचारी, तद्भावानुपपत्तेरिति,**

**ભાવાર્થ**-જે જિજ્ઞાસા, ગુરૂયોગ, વ્યાખ્યાનનું અંગ છે તેમ વિધિપરતા એ વ્યાખ્યાનનું ત્રીજું અંગ છે. વિધિપરતા એટલે અનુષ્ઠાનોની સર્વ [૧]વિધિઓ કરવી. તત્પરતા-પરાયણતામાં તેનું છ પ્રકારે વિશેષ વર્ણન કરે છે. (૧) [૨]મંડલિ, [૩]નિષદ્યા, [૪]અક્ષ વિગેરેમાં બરાબર યત્ન કરવો (૨) જ્યેષ્ઠનો (નાના-મોટાનો) [૫]ક્રમ શાસ્ત્રમાં ફરમાવ્યો છે, તે બરાબર પાળવો (આચાર્ય-ઉપાધ્યાય-પ્રવર્ત્તક-સ્થવિર-(ગણાવચ્છેદક) રત્નાધિક એ પાંચને કર્મક્ષય અર્થે કૃતિકર્મ-વંદન કરવું.) તથા [૬]સરખા કે ઊંચા આસન વર્જવા પૂર્વક ઉચિત [૭]આસનની ક્રિયા કરવી, સર્વથા (સર્વ પ્રકારે) [૮]વિકથા-નિંદા વગેરે વિક્ષેપોનો ત્યાગ કરવો. ભાવપૂર્વક સર્વ ક્રિયામાં [૯]ઉપયોગ રાખવો. સૂત્ર, અર્થ તદુભય સાંભળવાનો વિધિ બરોબર શીખવો, આ મજકૂર

---

**૧ ભંગીયો-હલકી જાતિનો માણસ મુએલાં જાનવર ખેંચી જનાર ચંડાલ, ઢેઢ-એ નામની અસ્પર્શજાતિના લોકનો એક સમૂહ વિગેરે સમજવું.**

**૨. આ વિધિપરતા-ક્રિયા પરાયણતાથી સમ્યગ્જ્ઞાની ખાત્રી થાય છે. તથાચ-'હેમ પરીક્ષા જેમ હુએજી, સહત હુતાશન તાપ; જ્ઞાન દશા તેમ પરખીએજી, જિહાં બહુ કરિયા વ્યાપ.' ૫૯. સ્તવને ઉ. યશો. જેમ અગ્નિના તાપથી સુવર્ણની પરીક્ષા થાય છે. તેમ શારીરિકાદિ ઘણી ક્રિયાઓ વડે જ્ઞાનદશા પરખાય છે. શારીરિકાદિ પ્રક્રિયાઓથી કષ્ટ પામવા છતાં ખેદાદિ રહિત સમભાવે રહેતા મહાત્માની જ્ઞાનદશાની પરીક્ષા થાય છે. ક્રિયા કરતાં શારીરિક કષ્ટ પડવા છતાં જે ભવ્યાત્મા ખેદ પામતા નથી, તે ક્રિયાઓ ઉપર કંટાળો લાવતા નથી. તેઓને શુદ્ધ સમ્યગ્જ્ઞાન થયું છે એમ સમજવું.**

**૧ સાધુધર્મની આહાર લેવાની, ચારિત્રગુણમાં સ્થિરતા કરવાની જે ક્રિયાઓ કરવાની વિધિ અનેક ગ્રંથોમાં બતાવી છે તે પ્રમાણે કરવા તૈયાર રહેવું તેમાં આનંદ-ઉત્સાહ રાખવો વગેરે. ૨ સૂત્ર, સૂત્રનો અર્થ, ભોજન, કાલગ્રહણ, આવશ્યક, સજ્ઝાય અને સંથારો એ સાત માંડલી કહેવાય છે. તે દરેકમાં એક એક આયંબિલ કરીને પ્રવેશ કરવાનો છે. બીજો અર્થ-પર્ષદા (સભા). ૩. આસન. ૪. સ્થાપનાચાર્ય ૫. નાના સાધુએ વડીલને વંદન કરવું, સાધુ થયાના કાલથી પોતાથી પોતાનો જન્મ માનવો, સાધ્વીએ સર્વ સાધુને વંદન કરવું વિગેરે જયેષ્ઠલઘુક્રમ સમજવો. ૬ ગુરૂથકી ઊંચા આસને બેસે અથવા ગાદી કરી બેસે અથવા ગુરૂ જેવાં કે તેથી અધિક મૂલ્યવાળાં વસ્ત્ર વાપરે તો દોષ લાગે છે. ગુરૂ જેવાં સમાન આસન ઉપર બેસે અથવા ગુરૂ જેવા સમાન વસ્ત્ર લઈ વાપરે તો ગુરૂ આશાતના લાગે છે. ૭ કોઈ જગ્યાએ "અશનક્રિયા" એમ કહેલું છે. તો સાધુની ભોજનક્રિયા ઉપર બહુજ ભાર મૂક્યો છે. સમજણ રાખવી પડે છે, પિંડવિશુદ્ધિમાં આહાર લેવાના ૪૨ દોષો તજવાના બતાવ્યા છે. ભોજન કરતી વેલાએ પાંચ દોષો સંબંધી સાવચેતી રાખવી પડે છે. વિગેરે. ૮. રાજકથા-દેશકથા-સ્ત્રીકથા અને ભોજનકથા આ, ચારને વિકથા કહે છે. એ અનર્થદંડ છે. નકામી વાતો કરવી તે પ્રમાદનો**

વિધિ, કલ્યાણ પરંપરા (ઉત્તરોત્તર કુશલ-મંગલ સુખની અવિચ્છિન્નધારા-પરિપાટી) નું કારણ છે. આ વિધિ દ્વારાએ જ નિયમથી (નિશ્ચયથી) સમ્યગ્જ્ઞાનની ખાત્રી થાય છે. ઉપાય, (કાર્યનિષ્પાદક અસાધારણ કારણ) ઉપેયનો (કાર્યનો-સાધ્યનો-ફલનો) વ્યભિચાર (ફલ વિરોધી-અવિસંવાદી) હોતો નથી. જો સાધન, સાધ્યનો સાધન ન બને તો ફલનિષ્પાદકત્વ ઉપાયતા, ઉપાયમાં બરોબર ઘટી શકે જ નહીં એટલે તે ઉપાય જ કહેવાય શાનો ? સમ્યગ્જ્ઞાનરૂપ ઉપાયથી જ અવશ્ય-અચૂક, સમ્યક્ક્રિયા થાય, જો તે સમ્યક્ક્રિયારૂપ સ્વસાધ્યને સાધે નહીં તો, તે સમ્યગ્જ્ઞાનમાં સમ્યક્ક્રિયાની કારણતા કેવી રીતે ઘટે ? અથવા આ વિધિરૂપ સમ્યક્ક્રિયાથી સમ્યગ્જ્ઞાન સાધ્યક [1]અનુમિતિ થાય છે. તથાહિ **'अयमात्मा, सम्यग्ज्ञानवान्, तादृशसम्यक्क्रियावत्त्वात्; सत्येव सम्यग्ज्ञानवत्त्वे सम्यक्क्रियावत्त्वस्योपपत्तेः, असति सम्यग्ज्ञानवत्त्वे सम्यक्क्रियावत्त्वस्यानुपपत्तेः ।**

ઉપાય-હેતુ **'निश्चितान्यथानुपपत्तिलक्षणो हेतुः'** નક્કી સાધ્ય વિના હેતુનું ન હોવું એ જ માત્ર લક્ષણ છે તેને હેતુ કહે છે. તે ઉપેયનો (સાધ્યનો) વ્યભિચારી (વિનાભાવવાળોસાધ્ય વિના હોવાવાળો) થતો નથી. જો સાધ્ય વિના હોવાવાળો હેતુ માનવામાં આવે તો તથોપપત્તિ ને અન્યથાનુપપત્તિ રૂપ હેતુની હેતુતા ઉડી જાય. જેમ રસોડુ અગ્નિવાળું ન હોય તો, ધૂમાડાવાળુ ન હોય. તેમ જ સમ્યગ્જ્ઞાનવાળો ન હોય તે સમ્યક્ક્રિયાવાળો ન હોય. એમ અહીં અન્યથાનુપપત્તિની યોજના જાણવી. તથા જેમ રસોડું અગ્નિવાળું છે તો ધૂમાડાવાળું છે, તેમ જે સમ્યગ્જ્ઞાનવાળો છે તેજ સમ્યક્ક્રિયાવાળો છે. એમ તથોપપત્તિરૂપ હેતુનું સ્વરૂપ જાણવું. (सत्येव साधये **हेतोरूपपत्तिस्तथोपपत्तिः, असति साध्ये हेतोरनुपपत्तिरेवान्यथानुपपत्तिः**)

હવે વ્યાખ્યાના ચોથા અંગરૂપ 'બોધપરિણતિ'ના સ્વરૂપનું વર્ણન કરે છે.

(४) **तथा बोधपरिणतिः-सम्यग्ज्ञानस्थिरता, रहिता, कुतर्कयोगेन, संवृतरत्नाधाराप्तिकल्पा, युक्ता मार्गानुसारितया, तन्त्रयुक्तिप्रधाना, स्तौकायामप्यस्यां न विपर्ययो भवति, अनाभोगमात्रं, साध्यव्याधिकल्पं तु तद्वैद्यविशेषपरिज्ञानादिति,**

---

પ્રકાર છે. ૯. જ્ઞાન દર્શનરૂપ બોધ વ્યાપારને ઉપયોગ કહેવામાં આવે છે, ઉપયોગ વગર અન્ય ચિત્તે કે નિરાદરપણે અનુષ્ઠાન થાય તે નકામા જેવાં થઈ પડે છે.

**१. अथवा-જેમ ધૂમથી અગ્નિનું અનુમાન થાય છે તેમ સમ્યક્ક્રિયાથી સમ્યગ્જ્ઞાનનું અનુમાન થાય છે. તથાહિ 'अयमात्मा सम्यग्ज्ञानवान् सम्यक्क्रियावत्त्वात्, यत्र सम्यक्क्रिया तत्र सम्यग्ज्ञानं यत्र यत्र सम्यग्ज्ञानाभावस्तत्र तत्र सम्यक्क्रियाऽभावः, इत्याकारकनियतान्वयव्यतिरेकसहचारज्ञानज्ञापितसम्यग्ज्ञाननिरूपिता व्याप्तिः सम्यक्क्रियायां, हेतुव्यापकसाध्यसामानाधिकरण्यं व्याप्तिः (सद्धेतुस्वरूपरूपा) तथा च हेत्वधिकरणवृत्त्यत्यन्ताभावप्रतियोगिसाध्यसामानाधिकरण्यं व्या. ल. अत्रेत्थं समन्वयः सम्यक्क्रियाऽधिकरणे (सम्यक्क्रियावत्त्वात्मनि) वर्तमानो य उदासीनघटाद्यभावः (सम्यग्ज्ञानाभावो धर्त्तुं न शक्यते तत्र सम्यग्ज्ञानस्य सत्त्वात्) तत्प्रतियोगी (यस्माभावः स प्रतियोगी) उदासीनघटादिः तदप्रतियोगि सम्यग्ज्ञानरूपसाध्यं, तत्सामानाधिकरण्यं सम्यक्क्रियारूपहेतावस्तीति लक्षणसङ्गतिः । उपायः-सम्यक्क्रियावत्त्वरूपहेतुः, न सम्यग्ज्ञानरूपसाध्य व्यभिचार (साहचर्य साध्यसमानाधिकरणो हेतुः तथा च हेतुव्यापकसाध्यसामानाधिकरण्यरूपव्याप्तिस्वरूपवान् हेतु; साध्याभाववद्वृत्तित्वरूपव्यभिचाराभावरूपव्याप्तिस्वरूपवान् हेतुर्वा । सम्यक्क्रियानिष्ठव्याप्तिज्ञानं प्रति नियतान्वयव्यतिरेकसहचारज्ञानं कारणं तथा व्यभिचारज्ञानाभावः कारणं, यदि व्यभिचारज्ञानरूपप्रतिबन्धकः स्यात् तर्हि सम्यक्क्रियानिष्ठहेतुस्वरूपरूप व्याप्तिज्ञानानुपपत्तेः, न च तथात्र, सम्यक्क्रियावत्यात्मनि, सम्यक्क्रियाऽस्तु सम्यग्ज्ञानं मास्तु इत्यप्रयोजकशङ्कायां प्रसक्तायां, यदि तत्र सम्यग्ज्ञानं न स्यात् तर्हि सम्यक्क्रियाऽपि न स्यादिति तर्कः प्रयोक्तव्यः, यतः कार्यकारणभावभङ्गप्रसङ्गलक्षणेन तर्केण निरूक्तव्यभिचारशङ्का निवर्त्तते इति न्यायमार्गः श्रयणीयः ॥**

ભાવાર્થ-જેમ જિજ્ઞાસા-ગુરૂયોગ-વિધિપરતા, વ્યાખ્યાનના અંગો-કારણો છે. તેમ ચોથું વ્યાખ્યાનનું અંગ 'બોધપરિણતિ' છે. તેના સ્વરૂપનો પરિચય કરાવે છે કે; બોધપરિણતિ-સમ્યગ્જ્ઞાનમાં સ્થિરતા, (મન-વચન-કાયાના વ્યાપારની આકુલતાનો અભાવ, રાગ-દ્વેષ વગેરેનો ઉપશમ, જ્ઞેયતત્ત્વના જ્ઞેયપણાનો ઉપાદેયપણાનો-ઉપેક્ષણીયપણાનો નિશ્ચય) કુતર્કના[૧] યોગ-સંબંધથી રહિત, સંવૃત[૨] (ઢાંકેલ-બંધ કરેલ) રત્ન (અનુષ્ઠાનબુદ્ધિરૂપ રત્ન) ના આધારરૂપ (આશ્રય) કરંડીયાની પ્રાપ્તિ સરખી, નીતિ સહિત સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગાદિકમાં અતિચાર વગરની પ્રવૃત્તિરૂપ માર્ગાનુસારિતાના સંબંધવાળી, શાસ્ત્ર અને યુક્તિની પ્રધાનતાવાળી, (જેમાં શાસ્ત્ર અને યુક્તિ પ્રધાન છે. અથવા શાસ્ત્રાનુકૂલયુક્તિ પ્રધાન છે. એવી) આવા પ્રકારના સ્વરૂપવાળી 'બોધપરિણતિ' થોડી (અલ્પ પદાર્થનું અવગાહન કરનારી) પણ હોયે છતે [૧]વિપર્યય (મિથ્યાજ્ઞાન-ભ્રમ-ભ્રાંતિ) થતો નથી. એ આની મહત્તા-ખૂબી છે. ફક્ત-કેવળ શેષપદાર્થ વિષયકજ્ઞાનનો અભાવ, એ સાધ્ય વ્યાધિ સરખો છે. જેમ સુશિક્ષિત-કુશલ વૈદ્યથી સાધ્યવ્યાધિ દૂર-નાબૂદ થાય છે. તેમ વિશેષ પરિજ્ઞાન થતાં (વિશિષ્ટજ્ઞાન થતાં) સકલ અવશિષ્ટ વિષય વિષયકજ્ઞાનના અભાવરૂપ અજ્ઞાન અંધકાર અદૃશ્ય-પલાયન થઈ જાય છે.

હવે વ્યાખ્યાનના પાંચમા અંગભૂત સ્થૈર્યનું સુંદર નિરૂપણ કરે છે.

(૫) **तथा स्थैर्य-ज्ञानद्वर्यनुत्तेकः, तदज्ञानुपहसनं, [૧]विवादपरित्यागः, अज्ञबुद्धिभेदाकरणं, प्रज्ञापनीये नियोगः, संयमपात्रता नाम बहुमता गुणज्ञानां, विग्रहवती शमश्रीः, स्वाश्रयो भावसम्पदामिति,**

ભાવાર્થ-જેમ જિજ્ઞાસા વિગેરે ચાર, વ્યાખ્યાનના અંગો છે. તેમ **'સ્થૈર્ય'** વ્યાખ્યાનનું અંગ છે. હવે

---

૧ **'बोधरोगः शमापायः श्रद्धाभङ्गेऽभिमानकृत्, कुतर्कश्चेतसो व्यक्तं भावशत्रुरनेकधा ॥**

**અર્થ :- કુતર્કરૂપી ભયંકરમાં ભયંકર ગ્રહ, શુદ્ધ આત્મસ્વરૂપ બોધનો નાશ કરવામાં રોગનું કામ કરે છે. રાગદ્વેષના અભાવરૂપ શાંતરસનું પ્રતિબંધક તત્ત્વ છે. પ્રભુના વચન ઉપરની શ્રદ્ધાનો ભંજક છે. મિથ્યા અભિમાનનું બીજ છે. નિર્મલ મનનો નાશ કરવાને, ખુલ્લી રીતે અનેક પ્રકારે આર્ય પુરૂષોના અવર્ણવાદ બોલવાના કારણથી ભાવશત્રુની-ભીતરના દુશ્મનની ગરજ સારે છે. વાસ્તે કલ્યાણકામી જીવોએ કુતર્કને કાઢી મૂકવો જોઈએ.**

૨ **'संवृतरत्नकरण्डप्राप्तितुल्या'** એમ પણ કોઈ જગાએ કહેલ છે. અર્થાત્ સંવૃત-અનુદ્ઘાટિત-નહીં ઉઘાડેલ, રત્નથી ભરેલા કરંડીઆની પ્રાપ્તિ સરખી, જેમ કોઈએ રત્નોનો કરંડીઓ પ્રાપ્ત કર્યો પણ તદન્તર્ગત રત્નાદિ વસ્તુ છે. એમ તે જાણતો નથી, તો પણ જ્યારે તે જાણશે ત્યારે તેનું ફળ અચૂકપણે તેને જ મળશે, જો તે સાચવી રાખશે તો !

૧ **'विपरीतैककोटिनिष्टङ्कनं विपर्ययः, यथा शुक्तिकायामिदं रजतमिति,**

**અર્થ :-જુદી રીતે રહેલા એક કોટીની વસ્તુના એક અંશનો નિશ્ચય તે વિપર્યય, જેમકે છીપમાં, આ ચાંદી છે એવું જ્ઞાન તે વિપર્યય, ચાંદી રૂપે નહી એવી છીપમાં રૂપું છે, એવું જે પ્રત્યક્ષ જ્ઞાન થાય તે પ્રત્યક્ષ વિપર્યય, પીળો શંખ વિગેરે જ્ઞાનો પણ પ્રત્યક્ષવિપર્યય કહેવાય. તેજ પ્રમાણે ધૂળના ગોટાને ભ્રાંતિથી ધૂમાડો માની જે અગ્નિનું જ્ઞાન કરવામાં આવે તે અનુમાન વિપર્યય, તેજ પ્રમાણે બીજા પ્રમાણોનો પણ વિપર્યય થઈ શકે. मिथ्याज्ञानं विपर्ययः । विपर्ययो नाम भ्रमः ।**

૧ **'लब्ध्याद्यास्त्यर्थिना तु स्याद् दुःस्थितेन महात्मना, छलजातिप्रधानो यः स विवाद इति स्मृतः ।**

**અર્થ :- જે લબ્ધિનો (સોના આદિની પ્રાપ્તિ આદિનો) કે કીર્તિયશનો અર્થી હોય, જેનું મન દુભાયેલ હોય કે જે ગરીબ હોય, જેનું હૃદય ક્ષુદ્ર હોય તેવા માણસની સાથે છલ અને જાતિની પ્રધાનતાવાળો વાદ કરવો તે વિવાદ કહેવાય છે.**

સ્થૈર્યની પિછાન કરાવે છે કે; સ્થૈર્ય એટલે-પોતાને જ્ઞાનરૂપ ઋદ્ધિ-સંપત્તિ-ધન મળી જાય તેનું લગારે પણ અભિમાન ન કરવું, જ્ઞાનથી જે અજાણ્યા રહ્યા હોય (અભણ હોય) તેની હાંસી જરાપણ નહીં કરવી, (પોતે જાણેલ પદાર્થના અણજાણો સાથે વિવાદનો (ઉહાપોહ, વિચારની તકરાર) સર્વથા ત્યાગ કરવો, સમ્યગ્ ચૈત્યવંદનાદિના અણજાણોને, ચૈત્યવંદનાદિ પ્રવૃત્તિના (કરવાના) પરીણામનો અભાવ ન થાય તેમ વર્તવું (સમજણ વગરના માણસોની બુદ્ધિનું પૃથક્કરણ કરવાનો પ્રયાસ માંડી વાળવો અથવા અભણ અને ભણેલા વચ્ચેનો [1]તફાવત કદી પાડવો નહીં.)

પ્રજ્ઞાપના યોગ્ય (શિક્ષણીય-શિષ્ય)-પાત્ર શિષ્યને શાસ્ત્રના અભ્યાસનો નિયોગ (વિધિ) કે અભ્યાસમાં પ્રેરણા-આજ્ઞા કરવી અથવા અભ્યાસ સારૂ યોજના કરવી તે. કારણ કે, સદ્ગુરૂ, પાત્ર શિષ્યોનો જ સમ્યક્ક્રિયામાં નિયોગ કરે છે. આ પ્રમાણે કરવાથી ગુણ જાણનારાઓ જેનું બહુમાન (મનની પ્રીતિ-પ્રેમ) કરે છે. એવી સંયમની પાત્રતા યોગ્યતા-લાયકાત, તમને પ્રાપ્ત થશે. તથા મૂર્તિમંત (સાક્ષાત્) શાંતિ-શાંતરસરૂપી લક્ષ્મી તમને આપોઆપ મળી આવશે. અને ભાવસંપદાઓનું તમે, સુંદર આશ્રય-નિવાસસ્થાન થઈ પડશો.

હવે વ્યાખ્યાનના છઠ્ઠા અંગભૂત 'ઉક્તક્રિયા'ના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે.

(૬) **तथोक्तस्य-विज्ञातस्य तत्तत्कालयोगिनः, तदासेवनसमये तथोपयोगपूर्वं शक्तितस्तथाक्रिया, नौषधज्ञानमात्रादारोग्यं क्रियोपयोग्येव तत्, नचेयं यादृच्छिकी शस्ता प्रत्यपायसम्भवादिति**

**ભાવાર્થ**-તે તે નાના પ્રકારના અવસરલક્ષણ કાલની સાથે સંબંધ સહિત, વચનના અનુસારે જ જેના વિષયના વિભાગનો નિશ્ચય નિર્ણય કરેલ એવાં શાસ્ત્રના વચનથી-(ઈચ્છેલા ઈચ્છા વિષયભૂત) ચૈત્યવંદનાદિની ક્રિયા-ચૈત્યવંદન કરવાના કાલમાં આરાધાતી, ચૈત્યવંદનાદિ વિષયક ઉપયોગ (જ્ઞાન) પૂર્વક, પોતાની શક્તિની અપેક્ષા રાખીને તથા વચનાનુકૂલ ચૈત્યવંદનાદિ પ્રકાર ભેદવાળો ક્રિયા-વ્યાપાર તે 'ઉક્ત ક્રિયા' કહેવાય છે.

પ્રશ્ન-વ્યાખ્યાનજન્યફલરૂપ, શાસ્ત્ર વચનથી ઈચ્છેલ ચૈત્યવંદનાદિના [1]જ્ઞાનથીજ ઈષ્ટફલની (શુભભાવની) સિદ્ધિનો સંભવ છે. તો વ્યાખ્યાનના અંગરૂપ, વચનથી ઈષ્ટ (ઈચ્છેલ) ચૈત્યવંદનાદિ વિષયક તથાક્રિયા-વ્યાપારનું શું કામ છે ?

ઉત્તર-ઔષધ સંબંધી ક્રિયા વગર, કેવળ (ફક્ત) ઔષધ (દવા)ના જ્ઞાનથી રોગનો અભાવ (આરોગ્ય-

---

**૧. અભણ અને ભણેલાનો તફાવત, અભણ સંમુખ પાડવાથી તેને અપમાન લાગે છે. અને તે ધર્મથી વિમુખ થાય છે. આટલા સારૂ તેનો ભેદ મનમાં સમજવો પણ પ્રગટ રીતે અપમાન લાગે તો તેમનો ભેદ તેમની સમક્ષ પાડવો નહીં.**

**૧ આજ કાલના કેટલાએક ઉચ્છૃંખલ શુષ્કજ્ઞાનીઓ, કે જેઓ આચરણો અને ક્રિયાઓથી અધમમાં અધમ શ્રેણીએ પહોંચેલા હોય છે અને નિશ્ચયની ગંધ પણ નહિ જાણવા છતાં જ્ઞાન કે નિશ્ચયનું ખોટું ઓઠું લઈ ઈષ્ટ-ક્રિયાથી બ્હીકણ બની પચ્ચક્ખાણ પોસહ પ્રતિક્રમણ આદિ ક્રિયાનો ત્યાગ કરી ફક્ત શબ્દ માત્રથી 'જ્ઞાન જ્ઞાન' 'નિશ્ચય નિશ્ચય' ઠોકી બેસાડે છે, તેઓ ન તો વ્યવહાર પાળે છે તેમ વ્યવહારને નહિ પાળવાથી નિશ્ચય પામી શકતા નથી. આ પ્રમાણે ઉભયભ્રષ્ટ 'અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ' જેવો થઈ બીચારા સંસાર અટવીમાં ભટક્યાજ કરે છે.**

તંદુરસ્તી) થતો નથી. પણ વ્યાધિપ્રતીકારરૂપ ચિકિત્સા ક્રિયામાં ઉપયોગી ઉપકારકારકજ તેનું જ્ઞાન છે. આરોગ્ય થવામાં તો ઔષધોપચાર સંબંધી ક્રિયા જ જોઈએ. એકલા ઔષધના જ્ઞાનથી તબીયત તંદુરસ્ત થતી નથી.

શંકા-જો આમજ છે તો કેવળ ક્રિયા જ ઉપાદેય માનીએ અને જ્ઞાન અનુપાદેય છે એમ માનીએ તો શો વાંધો ?

સમાધાન-આ ચૈત્યવંદનાદિ સઘળી ક્રિયા, જેવી તેવી રીતે કે જેમ તેમ કરેલી ઈષ્ટને (શુભ ભાવને) સાધી આપતી નથી. પરંતુ વચન સાપેક્ષ જ્ઞાનપૂર્વક જ કરેલી ક્રિયા, ઈષ્ટને સાધી આપે છે. જ્ઞાન વગર, મરજી મૂજબ કરેલી ક્રિયા, અનર્થની પરંપરાની ઊંડી ખીણમાં પણ ધકેલી દે છે. એટલે વચન નિરપેક્ષ, જ્ઞાનશૂન્ય, ભાવશૂન્ય ક્રિયા સાચી ક્રિયા (સાચો વ્યવહાર) ગણાતી કે મનાતી નથી. પણ જૂઠ્ઠી ક્રિયા કહેવાય છે.

મજકૂર વિવેચન ઉપરથી ચાર બીના તરી આવે છે.

(૧) અસલી સાચો વૈદ્ય-અનુભવી વૈદ્ય, રોગોને અંગે જે નિદાન કરી દવા બતાવે છે તે, જે રોગીઓ કરે છે, વિધિ પૂર્વક તેમના કહેવા પ્રમાણે ક્રિયા કરે છે, દવા લે છે તેઓ જરૂર નિરોગી થાય છે.

(૨) [૧]ઊંટવૈદ્ય પાસે દવા લેનારને રોગની પીડા શમતી નથી. પરંતુ તે હંમેશાં વધારેને વધારે રોગમાં સબડતો જાય છે. યાવત્ મરણને શરણ થાય છે. એટલે ઊંટવૈદ્યથી દવા લેઈ વાપરનારાનો પણ રોગ નાબૂદ થતો નથી.

(૩) કેટલાક આયુર્વેદના પુસ્તકો વાંચી દવાઓનું-ઔષધોનું જ્ઞાન કરે છે. પછી તેઓ પંડિતમાની-ઘમંડી, સુવૈદ્યની સલાહની પરવા-તમા કર્યા સિવાય સ્વચ્છંદ રીતે ઉચ્છૃંખલતાપૂર્વક મરજી મુજબ જાતે રોગ અવસ્થામાં દવા લે છે. પરંતુ તેઓનો રોગ મટતો નથી. પરંતુ ઉલ્ટો વધે છે. એટલે બકરી કાઢતાં ઊંટ પેસી જાય છે. અર્થાત્ તેઓ વધારેને વધારે દુઃખી થાય છે.

(૪) સાચા વૈદ્યે નિદાન કરી બતલાવેલ દવાઓનું-ઔષધોનું જ્ઞાન હોવા છતાં દવા-ઔષધનો ઉપયોગ-પ્રયોગ, કૃપણતા આદિને લઈને જેઓ કરતા નથી તેઓને એક કંજુસ[૧] શેઠની માફક આરોગ્ય સાંપડતું

---

૧ લેભાગુ વૈદ

૧ એક હતા શેઠ. જાતિ સ્વભાવે મખ્ખીચૂસ, વખત આવ્યે એક એક પાઈ માટે મક્કે જાય એવા એ શેઠ ઉપર માંદગી મહાદેવીની મ્હેર થઈ, તે જેમ તેમ ખસે એમ ન હતી. આ તરફ શેઠ સાહેબ પણ સહેલાઈથી પૈસા ખર્ચી નાખે એમ ન હતું. પરીણામે બંને હઠે ચડ્યા. અને શેઠ સાહેબનો ઘાણ વળી ગયો. ફુલેલા ગાલમાં ખાડા પડી ગયા. આંખો ઉંડી ગઈ, વધેલું પેટ પાતાલમાં પેસી ગયું. અને શરીરમાં માંસને સ્થાને હાડકાં ડોકીયાં કરવા લાગ્યા. એક દિવસે શેઠના એક વૈદ્ય મિત્ર શેઠને ત્યાં મહેમાન થયા. પોતાના મિત્રની સ્થિતિ જોઈને દુઃખ થયું અને દયા આવી. બીજા દિવસે

નથી. વળી અહીં ઉપયોગી ઉપનય એવો છે કે; પરમાત્મા સર્વજ્ઞ એ સાચા વૈદ્ય છે. શુદ્ધ સિદ્ધાંતના આગમ એ એમનું આયુર્વેદસંહિતા-શાસ્ત્ર છે. પ્રાણીઓના કર્મરૂપ ભયંકર રોગને વીતરાગ મટાડનાર છે.

મિથ્યાત્વમોહની પરવશતાથી સર્વજ્ઞવચન સાંભળી તેમાંથી કાંઈક ભાગ પકડી લઈને પોતાનાં શાસ્ત્ર બનાવે છે. આવા મંદબુદ્ધિવાળા મિથ્યાત્વીઓ ઊંટવૈદ્ય સમાન છે.

જે કર્મરોગીઓની ચિકિત્સા સર્વજ્ઞની મહાવૈદ્ય શાળારૂપ જૈન શાસનમાં થતી હતી, થાય છે, અને થશે તેઓ તો ખરેખરા ભાગ્યશાળી હતા, છે, અને હશે કારણ કે વીતરાગવચન-વીતરાગનિર્દિષ્ટ આજ્ઞાઓને-ફરમાનોને અમલમાં-ક્રિયામાં મૂકી તેઓ ચોક્કસ કર્મરોગ વગરના ભૂતકાળમાં થાય અને વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે અને જેઓને આજ્ઞાઓનું જ્ઞાન છે, પરંતુ આજ્ઞાપાલન-અભ્યાસ કે આરાધના નથી તેઓ કેવી રીતે કર્મરોગથી મુક્ત થશે ? મતલબ કે ગર્જના-ધ્વનિ-પડકાર એવો અંદરથી ગુંજે છે કે; કોરૂં-લખ્યું, શુષ્ક જ્ઞાન માત્ર મુક્તિમાં નહીં લઈ જાય પરંતુ ક્રિયાસહિત જ્ઞાન કે જ્ઞાનસહચરિત ક્રિયા એ જ મુક્તિમંદિરે લઈ જશે. માટે ભો ભો જ્ઞાનીઓ ! પ્રમાદને ફંગોટી ક્રિયા-સમ્યક્ક્રિયાનો ખપ કરો ! તેમાં મન મૂકી ઉદ્યમ પ્રયત્ન કરો !

હવે વ્યાખ્યાનના સાતમા અંગરૂપ 'અલ્પભવતા' નું નિર્વચન કરે છે.

(૭) **तथा अल्पभवता-व्याख्याऽङ्गं प्रदीर्घतरसंसारिणस्तत्त्वज्ञानाऽयोगात्, तत्राल्पः-पुद्गलावर्त्तादारतो भवः-संसारो यस्य तद्भावः अल्पभवता, नहि दीर्घदौर्गत्यभाक्, चिन्तामणिरत्नाऽवाप्तिहेतुः, एवमेव नानेकपुद्गलपरावर्त्तभाजो व्याख्याऽङ्गमिति समयसारविदः,**

**ભાવાર્થ**-જેમ જિજ્ઞાસા વિગેરે છ વ્યાખ્યાનના અંગો છે. તેમ 'અલ્પભવતા' થોડો સંસાર-પરિમિત

---

સવારમાં એમણે ફી લીધા વગર શેઠની નાડી તપાસી. અને એક દિવસની દવાની ચીઠ્ઠી લખી આપી, શેઠે એ ચીઠ્ઠી ખોવાઈ ન જાય એટલા માટે ચોપડામાં ઉતારી લીધી. વૈદ્યરાજે દવાના ખૂબ જ વખાણ કર્યા અને કહ્યું કે માત્ર એક મહીનાના સેવનથી તમારૂં શરીર કંચન-કુંદન જેવું થઈ જશે. દવામાં કોઈ પણ કડવો પદાર્થ ન હતો. માત્ર બદામ, પિસ્તા, સાકર, એલચી, કેસર વિગેરે નામ સાંભળતાં પણ મોઢામાં પાણી છૂટે એવી ચીજો હતી. અને એ બધીને સવારમાં વાટીને ગાયના ઘીમાં મેળવીને ખાવાની હતી. વૈદ્યરાજ પોતાને ગામ ગયા. બીજા દિવસનું સવાર થયું. શેઠે દાતણપાણી કર્યું. અને પેલી દવા યાદ આવી પણ એ માટે પૈસા ખરચવા શેઠને હજી પણ પાલવતા ન હતા. એટલે શેઠે પોતાના ચમનીયાને બોલાવ્યો અને ચોપડો ઉઘાડીને વૈદરાજે લખાવેલ બધી ચીજો માપ સાથે ક્રમવાર વાંચી ગયા અને પછી બોલ્યા, 'આ હાહા ! કેવી મજાની દવા ! ચમનીયા ! એ બધી દવાઓને વાટીને ઘીમા ખાવાથી રોગ મટી જાય ! બસ જાણે કામ પતી ગયું હોય તેમ ચોપડો બંધ કરીને મૂકી દીધો અને શેઠ પાછા પોતાના નિત્યનિયમમાં લાગી ગયા. પછી તો આ પ્રમાણે ચમનીયાને બોલાવી ચોપડો વાંચવો એ પણ એક પ્રકારનો નિયમ થઈ ગયો. આમ કરતાં કરતાં એક માસ વીતી ગયો. અને શેઠ સાહેબ તો હતા તે કરતા વધારે માંદા થયા. એમના વૈદ્યમિત્રે આવીને તપાસ કરી તો શેઠે બધી વાત માંડી-કહી, અને વધુમાં કહ્યું કે રોજ હું એ સરસ દવાનો પાઠ કરી જાઉં છું. છતાં હું સાજો નથી થતો. વૈદ્યરાજે કહ્યું કે જાણવા છતાં જે ક્રિયામાં અમલમાં મૂકતા નથી તે સફલ કે સાજા થતા નથી.

સંસાર, એ વ્યાખ્યાનું અંગ છે. કારણ કે; અત્યંત દીર્ઘ (લાંબા-મોટા) અનેક [૧]પુદ્ગલપરાવર્ત્તપરિણામરૂપ સંસારવાળા આત્મામાં સારી રીતે તત્ત્વજ્ઞાન,[૧] (યથાર્થજ્ઞાન-સમ્યગ્જ્ઞાન-શાસ્ત્રજ્ઞાન) પરિણમન (સંબંધ-યોગ) પામી શકતું નથી. હવે 'અલ્પભવતા'ના અર્થનું સ્પષ્ટીકરણ કરતા વિગ્રહ કરે છે કે; ~~સ્ત્ર~~ 'અલ્પભવતા' એ પદ ઘટક (વૃત્તિ) અલ્પ (થોડા-ટુંકો-નાનો પરિણામ-હદવાળો) છે-પુદ્ગલ પરાવર્ત્તરૂપ આરથી (છેડાથી પ્રાંત ભાગથી અનેક ઉત્સર્પિણીને અવસર્પિણીના છ છ અરોના-આરાઓના અનેક સમુદાયરૂપ પુદ્ગલ[૧] પરાવર્ત્તથી) અથવા આરાઓના સમુદાય પુદ્ગલ પરાવર્ત્તથી, અલ્પ છે, ભવ-સંસાર જેનો તે આત્મા-અલ્પભવ તરીકે કહેવાય છે. અલ્પભવનો ભાવ[૨] (પણું) તે અલ્પભવતા દર્શાવાય છે. અર્થાત્ આરાઓના સમુદાય રૂપ એક પુદ્ગલ પરાવર્ત્તથી થોડા (લઘુ) સંસારરૂપ કાલ પરીણામ તે અલ્પભવતા, અથવા અલ્પ એટલે

---

૧. પુદ્ગલપરાવર્ત્તનું સ્વરૂપ જાણવા જેવું છે. તેના દ્રવ્યક્ષેત્રકાળ અને ભાવથી પ્રત્યેકના બાદર અને સૂક્ષ્મ ભેદ કરતા આઠ પ્રકાર થાય છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ, ભાષા, શ્વાસોચ્છ્વાસ અને મનોવર્ગણાપણે ચૌદરાજ લોકના સર્વ પુદ્ગલો પરિણમાવે એટલે પ્રત્યેક વર્ગણારૂપે દરેક પુદ્ગલ પરમાણુ પરિણમાવે ત્યારે દ્રવ્યથી બાદર પુદ્ગલપરાવર્ત્ત થાય. એ જ પુદ્ગલપરમાણુને પ્રથમ ઔદારિક વર્ગણા રૂપે ભોગવે, ત્યાર પછી અનુક્રમે વૈક્રિયવર્ગણારૂપે ભોગવે, યાવત્ મનોવર્ગણારૂપે ભોગવે, તેમાં એક પરમાણુને ઔદારિક તરીકે ભોગવ્યા પછી વચ્ચે વૈક્રિયરૂપે ગમે તેટલા ભોગવે તે ગણવા નહિ. એવી રીતે અનુક્રમે સાતે વર્ગણાપણે સર્વ પુદ્ગલો ભોગવાય ત્યારે દ્રવ્યથી સૂક્ષ્મપુદ્ગલ પરાવર્ત્ત થાય છે, લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે. તે દરેક પ્રદેશને મરણથી સ્પર્શે ત્યારે ક્ષેત્રથી બાદર પુદ્ગલપરાવર્ત્ત થાય છે અને લોકાકાશ સર્વ પ્રદેશોને ક્રમસર એક પછી એક પ્રદેશે સ્પર્શી મરણ પામે, એમ સર્વ પ્રદેશોને ક્રમસર સ્પર્શ થાય ત્યારે ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગલપરાવર્ત્ત થાય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયો આડા અવળા મરણથી સ્પર્શે ત્યારે કાળથી બાદર પુદ્ગલપરાવર્ત્ત થાય છે. એક કાલચક્રના પ્રત્યેક સમયને અનુક્રમે મરણ વડે સ્પર્શે ત્યારે કાળ સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત્ત થાય છે તથા કષાયના કારણથી જે અધ્યવસાય થાય તેને લીધે કર્મબંધ થાય છે. એ કર્મબંધમાં બહુતરતમતા છે. કષાય મંદ કે તીવ્ર હોય તેમ કર્મના અનુબંધ રસમાં ફરે પડે છે. એનાં અસંખ્ય સ્થાનો છે. અને તેથી અનુબંધસ્થાન પણ અસંખ્ય છે. પ્રાણીને જેવી જેવી જુદી જુદી વાસના તેટલા તેટલા જુદા જુદા અધ્યવસાય થાય છે અને તે પ્રત્યેકમાં તરતમતા હોય છે. તેથી પ્રત્યેકનું સ્થાન જુદું પડે છે. એ અનુબંધ સ્થાન અસંખ્ય સમજવાં, એ સર્વ અધ્યવસાય સ્થાનક આગળ પાછળ ફરસીને પૂરાં કરે ત્યારે ભાવથી બાદર પુદ્ગલ પરાવર્ત્ત થાય છે અને પ્રથમ અલ્પ કષાયોદય રૂપ અધ્યવસાયે છતો મરણ પામે, તે વાર પછી બીજાં ગમે તેવા સ્થાનકોએ મરણ પામે તે ગણાય નહી પણ ત્યાર પછી તેની અનંતર અધ્યવસાય સ્થાનકે મરણ પામે તે જ ગણાય. એવી રીતે સર્વ અધ્યવસાય સ્થાનકોએ અનુક્રમ પ્રમાણે ચાલતો કાળ કરે ત્યારે ભાવથી સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્ત્ત થાય છે. બાદરના ચાર ભેદ તો સમજવા માટે જ બતાવ્યા છે. તેનો બીજો કોઈ ઉપયોગ નથી. એ સમજવાથી સૂક્ષ્મભેદ ગ્રાહ્યમાં આવે તેથી જ બતાવ્યા છે. બાકી અમુક જીવે જે અનંત પુદ્ગલ પરાવર્ત્ત કર્યા અને હજુ કરશે તે તો સૂક્ષ્મ સમજવા.

૧. 'नागमवचनं तदधः, सम्यक्परिणमति नियम एषोऽत्र'-અંતિમ (છેલ્લા) પુદ્ગલપરાવર્ત્તથી અધિક સંસારીને આગમવચન સમ્યક્પણે કદાપિ પરિણમતું નથી, એ ખાશ અહીં નિયમ છે.

૧ છ આરાની એક અવસર્પિણી અને છ આરાની એક ઉત્સર્પિણી થાય છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી મળી એક કાલચક્ર થાય છે અનંત કાલચક્ર એક પુદ્ગલપરાવર્ત્ત થાય છે.

૨ शब्दप्रवृत्तिनिमित्तं भावः । 'समासकृत्तद्धितातु सम्बन्धे' इति वचनात्, समासात् सम्बन्धे भावप्रत्ययः । 'अल्पभवते' त्यत्राल्पसंसारसम्बन्धो, भावप्रत्ययार्थः । પુદ્ગલપરાવર્ત્તની નિવૃત્તિરૂપ (વિશિષ્ટ) ભવની અલ્પતા-લઘુતાના સંબંધરૂપ આત્મિક ગુણ વ્યાખ્યાનનું અંગ છે.

पुद्गलपरावर्त्तथी आरत (विरत) अटक्यो छे विराम-आराम पामेल छे. अत एव पुद्गलपरावर्त्तथी न्यून अल्प, संसार जेनो छे ते आत्मा 'अल्पभव' कहेवाय, तेनो भाव-पणुं ते 'अल्पभवता' એમ પણ અર્થ કરવો, મતલબ કે; ચરમ (છેલ્લા) પુદ્ગલપરાવર્ત્તથી અધિક પરીમાણવાળા સંસારકાલરૂપે અલ્પભવતા ગણાતી નથી. પરંતુ ચરમ પુદ્ગલપરાવર્ત્તની અંદરનો વિશિષ્ટ સંસારકાલ 'અલ્પભવતા' તરીકે ઓળખાય છે. દીર્ઘદૌર્ગત્યના (લાંબી-મોટી-જબરી-નઠારી હાલત-ગરીબી-નિર્ધનતા-કંગાલિયત-દરિદ્રતા-દુર્બલતા-કમનશીબી-દુર્ભાગ્યતાના ભાક્) ભાગી, ચિંતામણિ રત્નની પ્રાપ્તિમાં હેતુ-ચિંતામણિ રત્ન પ્રાપ્ત કરનાર બની શકતો નથી. એ ન્યાયે બહુલભવી-દીર્ઘભવી તત્ત્વજ્ઞાનરૂપ ચિંતામણિ રત્નને મેળવી શકતો નથી. પરંતુ અલ્પભવી-શુકલ-પાક્ષિક[૧]-આસન્નભવ્ય-લઘુકર્મ્મી આત્મા, તત્ત્વજ્ઞાનરૂપ ચિંતામણિ રત્નને મેળવે છે. એ સિવાયના અભવ્ય-દૂરભવ્ય-બહુપુદ્ગલપરાવર્ત્તવાળા-શઠ-કદાગ્રહી-અત્યંત અભિનિવેશી-ગુરૂ આદિની આશાતના કરવાવાળા, તેઓ તત્ત્વજ્ઞાન-ચિંતામણિ રત્નને સ્વજ્ઞેય પણ મેળવી શકતા નથી. એ બાબતનું સ્પષ્ટીકરણ કરતા કહે છે કે એ પ્રમાણે જ અનેક (એક પુદ્ગલ પરાવર્ત્તથી અધિક-વધારે-બહુ) પુદ્ગલપરાવર્ત્ત સંસારરૂપ કાલવાળાને, વ્યાખ્યાનના અંગ (સાધન કે વ્યાખ્યાનના અધિકાર) રૂપ અલ્પભવતાનો અભાવ છે એટલે તેમને વ્યાખ્યાનનો અધિકાર નથી. કારણ કે; અલ્પભવતારૂપ કારણનો અભાવ હોઈ તત્ત્વજ્ઞાનરૂપ રત્નનો અભાવ છે. અને તત્ત્વજ્ઞાનનો અભાવ હોઈ વ્યાખ્યાનનો અનધિકાર છે. એમ આગમના ગુહ્ય-ગુપ્ત રહસ્યના જાણકારો કહે છે.

હવે આ વિષયનો ઉપસંહાર કરતા કહે છે.

**अतः साकल्यत एतेषां व्याख्यासिद्धिः, तस्याः सम्यग्ज्ञानहेतुत्वादिति सूक्ष्मधियाऽऽलोचनीयमेतत् ।**

ભાવાર્થ-આથી, આ જિજ્ઞાસા આદિ અંગો-કારણોના સકલ-સમસ્તપણાથી અર્થાત્ [૧]સકલ-સમસ્ત-જિજ્ઞાસા[૧], ગુરૂયોગ[૨], વિધિપરતા[૩], બોધપરિણતિ[૪], સ્થૈર્ય[૫], ઉક્તક્રિયા[૬], અલ્પભવતારૂપ[૭] સાત અંગો-(સમુદિત જિજ્ઞાસા આદિ સાત અંગો) વ્યાખ્યાનરૂપ કાર્યના પ્રત્યે કારણ છે. જિજ્ઞાસા આદિ સાત અંગો પૈકી એકની પણ વિકલતા (અભાવ) હોય તો વ્યાખ્યાનરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી. પરંતુ સકલ અંગોથી વ્યાખ્યાનની સિદ્ધિ થાય છે. કારણ કે જિજ્ઞાસા આદિ સાતે અંગો દ્વારા સમ્યગ્-તત્ત્વરૂપ યથાર્થ જ્ઞાન થાય છે. અને સમ્યગ્જ્ઞાનથી વ્યાખ્યાનરૂપ ફલની સિદ્ધિ થાય છે. (અથવા સકલઅંગ સહિત વ્યાખ્યાનની સિદ્ધિ, બીજાઓને સમ્યગ્જ્ઞાનનું કારણ છે.) આમ આ વિષયનું સૂક્ષ્મબુદ્ધિથી-બારીકાઈથી-ઝીણવટથી આલોચન-મનન-પરિશીલન ઊંડા ઊતરી કરો !

---

**૧. 'जो जो किरियावाई सो नियता सुक्कपक्खि या अंतो पुग्गल परियट्टसु सिज्झइ' જે જે ક્રિયાવાદી (આત્મવાદી) છે તે ભવ્ય છે અને અવશ્ય શુકલપાક્ષિક છે તે એક પુદ્ગલ પરાવર્ત્તની અંદર સિદ્ધ થાય છે એ દશાશ્રુતસ્કંધચૂર્ણિના અનુસારે પુદ્ગલ પરાવર્ત્તથી અધિક સંસાર તે કૃષ્ણપક્ષ અને તેની અંદરનો કાળ તે શુકલપક્ષ જાણવો. કોઈ સ્થાન પર જેઓને કંઈક ન્યૂન અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત સંસાર બાકી સ્થાન છે તે શુકલપાક્ષિક અને બીજા (તેથી અધિક સંસારવાળા) કૃષ્ણપાક્ષિક જાણવા એમ પણ કહેલ છે. અપેક્ષા કે વિવક્ષાથી એ બંને બરોબર છે.**

**१ 'दण्डचक्रादिन्यायेन जिज्ञासादिसप्ताङ्गानां मिलितानां-समुदितानामेव व्याख्यानं प्रति कारणता, न तु तृणरणिमणिन्यायेन प्रत्येकं कारणतेति बोध्यम् ।**

હવે શાસ્ત્રકાર, હેતુપૂર્વક, દલીલપૂર્વક, ક્રમપૂર્વક, ફલ પ્રદર્શનપૂર્વક સચોટ શૈલીમાં 'અસ્તુપદ'ના અર્થરૂપ પ્રાર્થનાનો પ્રૌઢ પરામર્શ કરે છે.

**'तत्र 'नमोऽस्त्वर्हद्भ्य' इत्यत्रास्तु भवत्वित्यादौ प्रार्थनोपन्यासेन 'दुरापो भावनमस्कारः, तत्त्वधर्म्मत्वाद्, अत इत्यर्थ बीजाधानसाध्य इति ज्ञापनार्थं, उक्तं च - "विधिनोप्ताद्यथा बीजादङ्कुराद्युदयःक्रमात् । फलसिद्धिस्तथा धर्मबीजादपि विदुर्बुधाः ॥ १ ॥ वपनं धर्मबीजस्य सत्प्रशंसादि तद्गतम् । तच्चिन्ताद्यङ्कुरादि स्यात्फल सिद्धिस्तु निवृतिः ॥ २॥**

**ભાવાર્થ**-ચૈત્યવંદનસૂત્ર નમુત્થુણંસૂત્ર ઘટક 'નમોઽસ્તુઅર્હદ્ભ્યઃ' ઈતિ વાક્યઘટક 'અસ્તુ' એટલે 'ભવતુ' ઈત્યાદિ પદના વ્યાખ્યાન અવસરે અસ્તુપદનો અર્થ જે પ્રાર્થના કરેલ છે. તે પ્રાર્થનાના ઉપન્યાસથી 'અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ' એ પ્રમાણેના આકારવાળી, ભાવનમસ્કાર લાભરૂપ ફલવાળી આશંસારૂપ પ્રાર્થનાના ઉપન્યાસ-વાક્યના ઉપક્રમથી (પ્રયોગથી-વિચારથી) ધર્મરૂપ છે. એમ ફલિત થાય છે. તથાચ ભાવનમસ્કાર દુર્લભ હોઈ ભાવનમસ્કાર વિષયક પ્રાર્થના છે. જો તે ભાવનમસ્કાર અપ્રાપ્ય હોય તો ભાવનમસ્કાર વિષયક પ્રાર્થના નિષ્ફલ જાત. અત એવ ભાવનમસ્કાર દુર્લભ હોઈ ભાવનમસ્કાર વિષયક પ્રાર્થના સફલ છે. એથી જ આ પ્રકારે ભવ્યોએ ધર્મબીજનું વપન (વાવેતર) કરવું જોઈએ અને પૂર્વકથિત આશંસારૂપ પ્રાર્થનારૂપ બીજના વપનથી જ ભાવનમસ્કારરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે. એમ જણાવવા સારૂ 'પ્રાર્થના'નો ઉપન્યાસ-વાક્ય પ્રયોગ કરેલ છે. તથાચ ભાવનમસ્કારરૂપ તત્ત્વધર્મલાભરૂપ કાર્ય (સાધ્ય) ના પ્રત્યે 'અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ !' એ શબ્દો આશંસારૂપ પ્રાર્થના, એ બીજવપનરૂપ છે. એમ કાર્ય કારણ ભાવની સ્થાપના કરવી. અહીં 'નમસ્કાર થાઓ' એ શબ્દો વડે ભાવનમસ્કારની પ્રાર્થના કરેલ છે. એટલે ભાવનમસ્કાર લાભની કામના માત્ર જ દર્શાવેલ છે. કિંતુ 'હું ભાવનમસ્કાર કરું છું' એવું મિથ્યાઅભિમાન દાખવ્યું નથી.

એવંચ તત્ત્વધર્મરૂપ મહાદુર્લભ ભાવનમસ્કાર વિષયક અભિલાષા જ ભાવધર્મનું બીજવપન છે એમ સૂચવેલ છે. વળી કહ્યું છે કે; "વિધિપૂર્વક વાવેલું બીજ જેમ અંકુરા દિને ઉત્પન્ન કરી ફલ પ્રાપ્તિ કરાવે છે. તેમ ધર્મના બીજનું વપન પણ અનુક્રમે ધર્મચિંતાઆદિરૂપ અંકુરાદિ ઉત્પન્ન કરીને છેવટે ફલસિદ્ધિને પ્રાપ્ત કરાવે છે. એમ પંડિતો સારી રીતે જાણે છે. તથાચ નમસ્કાર વડે ધર્મનાયક મહાપુરૂષોના સદ્વર્તનાદિની પ્રશંસા થાય છે, અને એનું જ નામ ધર્મવપન છે. અથવા આત્મરૂપી ક્ષેત્રમાં (ખેતરમાં) શ્રુતચારિત્રરૂપધર્મના બીજ (ફલસિદ્ધિ કારણરૂપ બીજ)નું વપન (વાવવું-જમીનમાં નાંખવું-રોપવું) એટલે ધર્મગત-ધર્મવિષયક સત્ પ્રશંસા આદિ સમજવું. અર્થાત્ સત્ એટલે સંશુદ્ધ અને સંશુદ્ધનું લક્ષણ આ પ્રમાણે છેઃ- [૧]તે બીજ ખરેખરૂં શુદ્ધ ત્યારે જ થાય કે; તેના (ધર્મના) પ્રત્યે અત્યંત ઉપાદેય બુદ્ધિ ઉત્પન્ન થાય, જગતમાં સારભૂત અંગીકાર કરવા લાયક આજ વસ્તુ છે. આગળ વધતા પ્રાણીને જે આહારદિ દશસંજ્ઞાઓ છે તે તથા આલોકના

---

૧ "अत्युत्ति फत्थणा दुल्लहो उ उक्कोस भावनमुक्कारो । लब्भइ बीयाहाणाइय आसंसाइ तं नु भवे" ॥ १ ॥ સરખાવો.

૧. उपादेयधियाऽत्यंतं संज्ञाक्षिक्ष्मणान्वितम्, फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदृशम् ॥ યો. દ. સ. ૨૫

તથા પરલોકના પૌદ્‌ગલિક સુખો રૂપી ફલની કામના વિચારણા પણ જેઓમાં ન હોય તે જ બીજ સંશુદ્ધ કહેવાય છે.'

એવંચ સત્‌સંશુદ્ધ (અત્યંત ઉપાદેય બુદ્ધિપૂર્વક, સંજ્ઞાનિરોધ સહિત, ફલાભિસંધિ રહિત-નિષ્કામ-ફલવિષયક કામના રહિત જે તે સંશુદ્ધ) એવા જે પ્રશંસાદિ-વર્ણવાદ (ગુણગાન-વખાણ)માં કુશલ-ચતુર, સુજાણ એવું ચિત્ત જેવી રીતે થાય એવા (અથવા ચિત્તપૂર્વક કે ચિત્ત કરવા પૂર્વક) ઉચિત કર્ત્તવ્ય કરવા સ્વરૂપ પ્રશંસા વિગેરે છે. તેને ધર્મ બીજના વપન તરીકે જાણવા (૧)

(૨) ધર્મ વિષયક ચિંતા-ચિંતન-અભિલાષા, આદિને (આદિ શબ્દથી હમણાં કહેવાતા સત્ શ્રુતિ આદિને-વિગેરેને) અંકુર આદિના સ્થાને સમજી લેવા. (અંકુર આદિમાં રહેલ આદિ શબ્દથી આગળ પર કહેવાતા સત્‌કાંડ આદિ ગણવા.)

(૩) ફલસિદ્ધિ તો 'નિવૃત્તિ' મોક્ષ એ પ્રસિદ્ધ છે. તથાચ બીજવપનના સ્થાને ધર્મવિષયક સત્ પ્રશંસા આદિ. અંકુર આદિના સ્થાને ધર્મવિષયક ચિંતા આદિ. ફલસિદ્ધિના સ્થાને મોક્ષ. એમ ચોક્કસ જાણી લેવું.

હવે સક્રમ 'અંકુર વિગેરેના સ્થાનનું નિરૂપણ કરે છે કે;

**"चिन्तासत् श्रुत्यनुष्ठानं देवमानुषसम्पदः । क्रमेणाङ्कुरसत्काण्डनालपुष्पसमा मताः"** ॥ ३ ॥

**ભાવાર્થ**-એ રીતે-ધર્મબીજનું વિધિપૂર્વક વપન થવાથી એમાંથી ધર્મવિષયકચિંતા-અભિલાષા વિગેરે અંકુરા, ધર્મવિષયક શ્રવણ, એ સત્કાણ્ડ, (સુંદર ડાળખુ-સ્કંધ-વૃક્ષનો એક ભાગ, જ્યાંથી તેની શાખા વિગેરે નીકળે છે.) ધર્મવિષયક અનુષ્ઠાન-ક્રિયા. એ નાલ, (થડ) દેવ અને માનવની સંપદાઓ, એ પુષ્પો (ફૂલો) છે. અહીં બીજ વાવ્યા પછી પ્રથમ અંકુરા ફુટે, પછી ફુલ આવે અને પછી ફળ આવે તેમ ધર્મમાં પણ ક્રમ સમજવો. ક્રમવાર ધર્મમાં પણ ઉચ્ચ પગથીએ ચડવું એ સામાન્ય નિયમ છે.[૧]

હવે ફલનો નિશ્ચય કરતાં કહે છે કે;

---

**૧ ધર્મવૃક્ષ-**

**તદ્‌હેતુઅનુષ્ઠાન, એ બીજ આદિના ક્રમથી સંગત છે. બીજ, અંકુર, સ્કંધ, નાલ, પુષ્પ અને ફલ એ ક્રમ છે. બીજ વવાય એટલે અંકુરા ફૂટે, અંકુરા ફુટ્યા પછીથી સ્કંધ થાય, સ્કંધ થયા પછી પત્રાદિ થાય. પત્રાદિ થયા બાદ પુષ્પ આવે અને તે પછીથી ફલ પેદા થાય. તદ્‌હેતુઅનુષ્ઠાન વધતે વધતે બીજથી ફલ સુધી લઈ જનારૂં છે. આ સ્થળે બીજ કોને કહેવાય ? જે જે કોઈ ધર્મી હોય, શુદ્ધ અનુષ્ઠાનને કરનારો હોય, તે તે ભવ્યજનોને તેમ કરતા જોઈને શુદ્ધ અનુષ્ઠાનપ્રતિ બહુમાન પેદા થાય, બહુમાનના યોગે એ શુદ્ધ અનુષ્ઠાનની સ્તુતિ થાય અને એવા બહુમાનથી અને સ્તુતિથી 'તે શુદ્ધ અનુષ્ઠાનને હું કરૂં' એ જાતિની જે ઈચ્છા થાય, તે આ વિષયમાં બીજ છે. શુદ્ધાનુષ્ઠાનને જે કોઈ આચરતા હોય તે પુણ્યાત્માઓ પ્રત્યે બહુમાન પ્રગટે એમની પણ પ્રસંશા કરવાનું મન થાય, શુદ્ધાનુષ્ઠાન પ્રત્યે બહુમાન પ્રગટે તથા તેમની સ્તુતિ કરાય અને એમાંથી એ ઈચ્છા પ્રગટે કે 'હું પણ આ શુદ્ધ અનુષ્ઠાન કરૂં' આવો મનોરમ મનોરથ, ધર્મરૂપ વૃક્ષના**

**[1]फलं [2]प्रधानमेवाहुर्नानु[1]षङ्गिकमित्यपि, पलालादिपरित्यागात्कृषौ धान्याप्तिवद् बुधाः ॥ ४ ॥ अत एव च मन्यन्ते तत्त्वभावितबुद्धयः । मोक्षमार्गक्रियामेकां पर्यन्तफलदायिनीम् ॥ ५ ॥ इत्यादि''**

**भावार्थ**-पंडित पुरुषो प्रधान-मुख्य फलनेज-प्रयोजननेज फल तरीके कहे छे. परंतु आनुषंगिक-प्रासंगिक-गौणफलने फलरूप कहेता नथी. आ बाबतने दृष्टांत आपी दृढ करे छे के; जेम खेतीमां पलाल घास अने पुष्परूप गौणफलने छोडीने धान्य-अनाजनी प्राप्तिरूप प्रधान फलनेज फल तरीके पंडितो कहे छे. (अहीं खेतीरूप प्रवृत्तिनुं मुख्यफल धान्यप्राप्ति छे. अने प्रासंगिक फल घास आदि छे.)

एटले ज :- मुख्य फलने ज फल तरीके मानवाथी ज परमार्थदर्शी बुद्धिनिधानो प्रधानपंडितो, पर्यंतफल-मोक्षफलने करनारी, एक (अद्वितीय, अजोड-बीनहरीफ) सम्यग्दर्शन आदि अवस्थाने मोक्षमार्ग तरीके माने छे. अर्थात् मोक्षरूप चरम (छेल्ला) कार्य-फलने करनारी [1]शैलेशीरूप अवस्थाने मोक्षना मार्ग (अव्यवहित-अनंतर-साक्षात् कारण) तरीके माने छे. कारण के, शैलेशी अवस्थाथी भिन्न-बीजी अवस्थाओथी तरतनुं फल बीजुं-जुदुं थतुं होई मोक्षरूप फल, तरत-अनंतर थतुं नथी. अत एव शैलेशी अवस्थारूप मोक्षमार्ग क्रियाना अव्यवहित उत्तर क्षणमां मोक्षरूप फलनी प्राप्ति थती होई. मोक्ष मार्ग क्रियानुं मुख्य फल मोक्षप्राप्ति ज छे. अने एने ज फल तरीके पंडितो माने छे.

हवे वादी शंका करे छे के -

---

बीजाधाननो हेतु थाय छे. शुद्ध अनुष्ठानने करवानी ईच्छा, तेनो अनुबंध केवो ? बीजी आकांक्षा विगेरे दोषोथी रहित एवो अनुबंध, ए अंकुर कहेवाय छे. अनुबंध एटले अभंग मनोरथ श्रेणीनुं प्रवर्तन अथवा सहचरिता, बीज अने अंकुर पछीथी थाय. स्कंध, अनुष्ठाननी शुद्धिना हेतुओनी विविध प्रकारनी जे अन्वेषणा ते स्कंध छे. ज्ञानाचार दर्शनाचार अने चारित्राचारमां अनेक प्रकारनी प्रवृत्ति करवी ए धर्मरूप वृक्षनां पांदडां विगेरे छे. शाखा प्रशाखानो समावेश पण आमां थई जाय छे. आ पछीथी गुरुनो योग, शास्त्रश्रवण, धर्माध्ययन आदि हेतुसंपत्ति, ए कुसुमरूप छे, अने सत्देशनाथी भावधर्मनी जे प्राप्ति ते फळरूप छे ए फळ नियमा मोक्ष साधक छे. जै. प्र.

१. यमर्थमधिकृत्य प्रवर्तते तत् फलम्, यदुद्दिश्य प्रवर्तन्ते पुरुषास्तत्प्रयोजनं-फलम्, साध्यतयेच्छाविषयः फलम्, उद्देश्यं फलम् ।

२. स्वविधेयकप्रवृत्तिप्रयोजकीभूतोत्कटेच्छाविषयीभूतं स्वस्य मुख्य फलम् । धान्याप्तिविधेयककृषिरूपप्रवृत्तिप्रयोजकीभूता, 'अनया प्रवृत्त्या धान्याप्तिरेव भवतु' इत्याकारिका या उत्कटेच्छा तस्या विषयीभूतं फलं धान्याप्तिरूपं फलं कृषिरूपप्रवृत्ते मुख्यं फलं भवति तद्वदत्रापि प्रकृते मुक्तिप्राप्तिविधेयकमोक्षमार्गक्रियाप्रयोजकीभूता 'अनया क्रियया मुक्तिप्राप्तिरेव भवतु' इत्याकारिका या उत्कटेच्छा तस्या विषयीभूतं फलं मुक्तिप्राप्तिरेव भवतु' इत्याकारिका या उत्कटेच्छा तस्या विषयीभूतं फलं मुक्तिप्राप्तिरूपं फलं मोक्षमार्गक्रियाया मुख्यं फलम् बोध्यम् ।

३ स्वविधेयकप्रवृत्तिप्रयोजकानुत्कटेच्छाविषयीभूतं स्वस्यानुषङ्गिकं फलम् । फलस्यगौणत्वं च मुख्यफलेच्छाधीनेच्छाविषयत्वम् । उद्देश्यान्तरप्रवृत्तस्यतत्कर्मनान्तरीयकतया प्राप्तः प्रासङ्गिकोऽनुद्देश्यः कार्यविशेषः आनुषङ्गिकम् । यथा भो ! बटो भिक्षामट यदि गां पश्येस्तां चानयेत्यादौ । अत्र भिक्षार्थं प्रवृत्तस्य दैवाद्गोदर्शनात्तस्या आनयनमानुषङ्गिकम् । तत्रोद्देश्यत्वाभावादिति बोध्यम् (वाच.)

१ त्रण योगनो रोध ज्यां करे ते अयोगी केवली गुणस्थान चौदमुं जाणवुं. ते केम ? तेरमाने अंते भवोपग्राही कर्म खपाववाने माटे प्रथम बादरकाय योगे करीने बादर मनयोग रुंधे, ते पछी वचन योग रुंधे, ते पछी सूक्ष्मकाय

**आह-यद्येवं न सामान्येनैवं पाठो युक्तो, भावनमस्कारवतस्तद्भावेन तत्साधनायोगात्, एवमपि पाठे मृषावादः असदभिधानं मृषे ति' वचनात्, असदभिधानं च भावतः सिद्धे तत्प्रार्थनावचः, तद्भावेन तद्भवनायोगादिति,**

ભાવાર્થ-પૂર્વપક્ષ:-

ભાવનમસ્કારરૂપ ફલના બીજ વપનરૂપ પ્રાર્થનાર્થક (અર્થવાળુ) 'અસ્તુ' એ પદ છે. આવી જ્યારે વ્યવસ્થા થઈ ત્યારે વાદી વદે છે કે,

જો આ પ્રમાણે વ્યવસ્થા છે તો સામાન્યથી-ભાવનમસ્કારવાળા કે ભાવનમસ્કાર વગરના આ ઉભયરૂપ સાધારણપણાથી એ પદનો પાઠ-બોલવું-ઉચ્ચારણ કરવું વ્યાજબી નથી. અર્થાત્ ભાવ નમસ્કારવાળા અને ભાવનમસ્કાર વગરના એમ બંને એ 'અસ્તુ' એ પદનું ઉચ્ચારણ કરવું વ્યાજબી નથી. (ભાવ નમસ્કારવાળા અને ભાવ નમસ્કાર વગરના એમ ઉભયને લાગુ પડતો હોય 'અસ્તુ' એ પદનો પાઠ-ઉચ્ચારણ વ્યાજબી નથી.)

કારણ કે; ભાવનમસ્કારવાળામાં તો 'ભાવનમસ્કાર' રૂપ ફલ (કાર્ય-સાધ્ય) ની વિદ્યમાનતા હોઈ સિદ્ધ જે નમસ્કાર તેની સિદ્ધિ, પ્રાર્થનાથી ઘટી શકતી નથી. કેમ કે જે સિદ્ધ જ હોય તેની સિદ્ધિ શાની?

એ જો સિદ્ધભાવનમસ્કારવાળો, પ્રાર્થનાર્થક 'અસ્તુ' એ પદનું ઉચ્ચારણ-પઠન કરે તો તેને 'મૃષા-અસત્ય છે' એમ શાસ્ત્રીય વચન છે. અથચ ભાવનમસ્કાર રૂપ ફલ સિદ્ધ હોવા છતાં ભાવનમસ્કારફલક-પ્રાર્થનાર્થક 'અસ્તુ' પદનું પઠન, અસદ્-અયુક્ત-અઘટિત અભિધાન-કથનરૂપ છે. અર્થાત્ વચનરૂપ 'અસ્તુ' એ પદનું ઉચ્ચારણ, અસત્-અઘટિત કથન રૂપ છે. કારણ કે; ભાવનમસ્કારવાળા પુરૂષમાં ભાવ નમસ્કારની સત્તા હોઈ આશંસાવિષયભૂત-આશંસનીય-ઈષ્ટ ભાવ નમસ્કારની ઉત્પત્તિ અઘટિત-અસંભવિત છે. મતલબ કે; અનાગત-અપ્રાપ્ત ઈષ્ટ પદાર્થનો પ્રાપ્તિરૂપે-લાભરૂપે જે આવિષ્કાર (પ્રકટીકરણ) તે જ આશિષ અને તે જ પ્રાર્થના (અપ્રાપ્ત ઈષ્ટ પદાર્થનો લાભ થાઓ ! એ રૂપ જે આવિષ્કાર તે પ્રાર્થના) કહેવાય છે. એટલે ઈષ્ટ પદાર્થની પ્રાપ્તિવાળામાં પ્રાપ્તઈષ્ટપદાર્થવિષયકપ્રાર્થનાવચન રૂપ 'અસ્તુ' એવું કથન-પઠન અસત્ છે. એટલે જ મૃષાવાદ રૂપ છે.

હવે શાસ્ત્રકાર, પૂર્વપક્ષનું નિરાકરણ કરે છે કે;

---

**યોગે કરીને બાદરકાય રૂંધે તે પછી સૂ. મનો યોગને અને તે પછી સૂ. વચન યોગને અને તે પછી સૂક્ષ્મકાય યોગને સૂક્ષ્મક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાનને ધ્યાવતોથકો રૂંધે ત્યારે તે અયોગી થયો થકો પાંચ હ્રસ્વક્ષર (અ-ઇ-ઉ-ઋ ઌ) ઉચ્ચારણ માત્ર કાળ શૈલેશીકરણ કરે. શૈલેશી એટલે મેરૂપર્વત, તેની સ્થિરતાનું સરખાપણું હોવાથી શૈલેશીકરણ એટલે મેરૂપર્વતની જેમ સ્થિર-નિષ્પ્રકંપ થવું. અથવા સર્વપ્રકારે સંવરતે શીલ (સ્વભાવ) તેનો ઈશ એટલે સ્વામી તે શીલેશ અર્થાત્ આત્મા, તેની આ યોગનિરોધાવસ્થા તે શૈલેશી, તેને વિષે જે કરણ અર્થાત્ વેદનીય, નામ અને ગોત્ર એ ત્રણ કર્મને અસંખ્યાત ગુણશ્રેણી વડે નિર્જરવું તે શૈલેશીકરણ. તે કરીને ઋજુશ્રેણીએ એક સમયે સમયાંતરને અણફરસતો થકો મોક્ષે જાય.**

**उच्यते यत्किञ्चिदेतत्, तत्तत्त्वापरिज्ञानात्, भावनमस्कारस्यापि उत्कर्षादिभेदोऽस्त्येवेति तत्त्वं, एवं च भावनमस्कारवतोऽपि[1] तथा तथोत्कर्षादिभावेनास्य तत्साधनायोगोऽसिद्धः, तदुत्कर्षस्य साध्यत्वेन तत्साधनत्वोपपत्तेरिति,**

**ભાવાર્થ**-ઉત્તરપક્ષ-

હે વાદિન્ ! આ તમારૂં ભાવનમસ્કારના વિષયનું કથન, તત્ત્વજ્ઞાનનું પોગળ બતલાવે છે. જુઓ ! ભાવનમસ્કાર પણ ઉત્કર્ષ-અપકર્ષ વિગેરે ભેદ-પ્રકારવાળો છે. એજ ખરૂં તત્ત્વ છે, સાર છે, મર્મ છે, રહસ્ય કે હાર્દ છે.

અર્થાત્ **'कृदभिहितो भावो द्रव्यवत्प्रकाशते'** એ ન્યાયથી ઉત્કૃષ્ટ ભાવનમસ્કાર, ઉત્કૃષ્ટાપકૃષ્ટ ભાવનમસ્કાર, અપકૃષ્ટ ભાવનમસ્કાર (જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ભેદવાળો ભાવનમસ્કાર) વિગેરે ભાવનમસ્કારના અનેક ભેદો પડે છે. સમજ્યાને !

આ પ્રમાણે ભાવનમસ્કારવાળાને પણ ઉત્કૃષ્ટ ભાવનમસ્કાર લાભની કામનાથી પ્રાર્થના હોય છે. તેથી તેમને પણ "નમસ્કાર થાઓ" એ પ્રાર્થનાવચન, સુઘટિત-સુસંગત જ છે.

વળી ભાવનમસ્કારવાળાને જે પહેલાં વાદીયે 'સિદ્ધપ્રાપ્ત જે ભાવનમસ્કાર તેની સિદ્ધિ, પ્રાર્થનાથી ઘટી શકતી નથી' એ રૂપ જે 'સાધનાયોગ' બતલાવેલ તે અસિદ્ધ છે, બરોબર નથી.

કારણ કે; ભાવનમસ્કાર (જઘન્ય મધ્યમ આદિરૂપ ભાવનમસ્કાર) વાળાને પણ ઉત્કૃષ્ટ-પરમોત્કૃષ્ટ ભાવનમસ્કારરૂપ ભાવનમસ્કાર સાધ્ય હોઈ તેની સાધના-સિદ્ધિ-પ્રાપ્તિ, પ્રાર્થનાથી બરાબર ઘટી શકે છે.

હવે પૂર્વપક્ષનું ચાલું ખંડન આગળ કહે છે કે;

**एवं चैवमपि पाठे मृषावादः इत्याद्यपार्थकमेव, असिद्धे तत्प्रार्थनावच इति न्यायोपपत्तेः,**

**ભાવાર્થ**-ઉત્તરપક્ષે-

વળી આ પ્રમાણે હોવાથી -'નમસ્કાર થાઓ' એમ બોલવામાં પણ ભાવ નમસ્કારવાળાને 'મૃષાવાદ' નામનો દોષ જે આપ્યો હોય તે અર્થહીન છે, અસત્ કે ખોટો છે. કારણ કે; 'असिद्धे तत्प्रार्थनावचः' - 'ફલની અસિદ્ધિ-અપ્રાપ્તિ હોયે છતે અપ્રાપ્ત ફલવિષયક પ્રાર્થના પ્રતિપાદક વચન, યુક્ત છે' એ ન્યાય, અહીં પુરેપુરી રીતે ઘટમાન થાય છે. અર્થાત્ સર્વોત્કૃષ્ટ ભાવનમસ્કારરૂપ ફલની અસિદ્ધિ વાળા તમામે એટલે જઘન્ય-મધ્યમ આદિ ભાવનમસ્કારવાળાએ તેમજ તાદૃશભાવ-નમસ્કારવગરના તમામે ઉત્કૃષ્ટ ભાવનમસ્કારરૂપ ફલની કામનાથી 'નમસ્કાર થાઓ' એ વચનરૂપ પાઠ, અવશ્ય બોલવો, એ ન્યાયસંગત છે.

હવે શાસ્ત્રકાર, ઉત્કૃષ્ટભાવનમસ્કારવાળા કોણ કોણ હોય છે ? અને તેઓ 'અરિહંતોને નમસ્કાર થાઓ' એ પાઠને બોલતા નથી. વિગેરે વિષયનું સ્પષ્ટીકરણ કરે છે કે;

---

**१ અહીં સૂત્રકાર અપિશબ્દથી એ સૂચવે છે કે; જ્યારે ભાવનમસ્કારના ઉત્કર્ષાદિ ભેદો થાય છે તો પછી નામાદિ નમસ્કારના ઉત્કર્ષાદિ ભેદો થાય તો તેમાં પૂંછવું જ શું ?**

**तत्प्रकर्षवांस्तु [1]वीतरागो न चैवं पठतीति, न चान्यस्तत्प्रकर्षवान्, भावपूजायाः प्रधानत्वात्, तस्याश्च प्रतिपत्तिरूपत्वात्,**

**ભાવાર્થ**-ઉત્કૃષ્ટ ભાવનમસ્કારના ધણી-સ્વામી વીતરાગ જ છે (ઉપશાંત મોહ-ક્ષીણ મોહ રૂપ વીતરાગ જ છે) અને તેઓ નમસ્કાર લાભફલક પ્રાર્થનાર્થક 'અસ્તુ' એ પદને બોલતા નથી. પરંતુ 'નમસ્તીર્થાય'-તીર્થને નમસ્કાર છે. એવા અર્થવાળા પદને આશંસા વગર બોલે છે. 'અસ્તુ' એ પદનો પ્રયોગ કરતા નથી. પરંતુ 'અસ્તિ' એ ક્રિયાપદને અધ્યાહાર્ય રાખીને બોલે છે.

વળી વીતરાગ સિવાયની વ્યક્તિ, ઉત્કૃષ્ટ ભાવનમસ્કારવાળી છે જ નહીં. મતલબ કે; ભાવપૂજાનું પ્રધાનપણું હોઈ તે ભાવ (પ્રધાનભાવ) પૂજા [2]પ્રતિપત્તિરૂપ છે. એટલે નિષ્કષાય વૃત્તિરૂપ પ્રતિપત્તિરૂપ ભાવપૂજારૂપ સર્વોત્કૃષ્ટ ભાવનમસ્કાર, વીતરાગમાં જ છે. બીજે ઠેકાણે નથી.

હવે આ વિષયમાં બીજાઓના કથનની સાક્ષી આપતાં કહે છે કેઃ-

**'उक्तं चान्यैरपि 'पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्यं'**

**ભાવાર્થ**-વળી બીજાઓએ પણ કહ્યું છે કે, પુષ્પપૂજાથી પ્રધાન નૈવેદ્યપૂજા છે અને નૈવેદ્યપૂજાથી સ્તોત્રપૂજા પ્રધાન છે. અને સ્તોત્રપૂજાથી પ્રતિપત્તિપૂજા પ્રધાન છે. એમ ઉત્તરોત્તર પૂજા પ્રધાન છે ને પૂર્વપૂર્વ પૂજા અપ્રધાન (હીનકોટીની) છે. દેશવિરતિમાં-પુષ્પપૂજા, નૈવેદ્યપૂજા, સ્તોત્રપૂજા, (વિકલ-અપૂર્ણ જિનેશ્વર આજ્ઞાપાલનરૂપ) પ્રતિપત્તિપૂજા એમ ચાર સંભવે છે. સરાગ સર્વ વિરતિમાં-સ્તોત્રપૂજા અને (વિકલ-અપૂર્ણ જિન આજ્ઞા પાલન રૂપ) પ્રતિપત્તિપૂજા એ બે જ સંભવે છે.

શંકા-આ ચારેય પૂજાની અનુક્રમે-પૂર્વહીનતા અને ઉત્તરોત્તર પ્રધાનતા ભલે હોય ! પરંતુ વીતરાગમાં આ ચારેમાંથી કઈ પૂજાનો સંભવ છે ? તે દર્શાવો ?

હવે આ શંકાનું સમાધાન કરે છે કેઃ-

**'प्रतिपत्तिश्च वीतरागे'**

---

**૧. ''बिंति अणासंसं चिय तित्थस्स नमोति उपशमजिणाइ । अविगलआणापालणपहाणपडिवत्तिपूयपरा''**

**૨. "तुरिय भेद पडिवत्ति पूजा, उपशम खीण सयोगीरे, चउहा पूजा ईम उत्तरज्झयणे, भाषी केवल भोगी रे ! (આનંદઘન ચોવીશી સુવિધિ સ્ત. ૯)**

**અર્થ-ચોથો ભેદ તે પ્રતિપત્તિ પૂજા, પડિવજવું-અંગીકાર કરવું. પોતાનું સ્વરૂપ અંગીકાર કરવું તે (અથવા અવિકલ આજ્ઞા પાલનનું અંગીકાર કરવું તે રૂપ) પૂજા સેવા, (આ પૂજા ક્યારે થાય ? તોકે) 'ઉપશમ ખીણ સયોગીરે' અગીયારમે ગુણસ્થાનકે આત્મા હોય એટલે ઉપશાંત મોહ થયો હોય ત્યારે તથા તેરમે ગુણસ્થાનકે સયોગી-શુદ્ધતા પામેલા ચૈતન્યમાત્ર યોગ રહેલા હોય તેવી દશામાં આ પડિવત્તિપૂજા થઈ શકે છે, 'चउहा पूजा ईम उत्तरज्झयणे' આ ચાર પ્રકારની પૂજા ઉત્તરાધ્યયન સૂત્રમાં (સમ્યકત્વપરાક્રમ નામના અધ્યયનમાં) કૈવલ્યજ્ઞાનવાન્ એવા ભગવાને કહેલી છે.**

**'यदुक्तमुत्तराध्ययनेषु ''अरहंता तित्थयरा, तेसि चेव भत्ती कायव्वा, सा पूआ वंदणाईहिं भवई, पूअंमि पुप्फामिसथुईपडिवत्तिभेयओ चउव्विहं पि जहासत्तीए कुज्जा''**

**ભાવાર્થ-સમાધાન**-અવિકલ (સંપૂર્ણ) આપ્ત-સર્વજ્ઞ જિનેશ્વરના ઉપદેશ આજ્ઞા પાલનરૂપ, સર્વપૂજાપ્રધાન, પ્રતિપત્તિ નામની ચોથી પૂજા, પૂજાકારક ઉપશાંતમોહ-ક્ષીણમોહાદિરૂપ વીતરાગમાં સંભવે છે.

શંકા-જો કે આ પ્રમાણે પૂજાનો ક્રમ છે. અને વીતરાગમાં પ્રતિપત્તિ નામની ચોથી પૂજાનો સંભવ છે. તો પણ જ્યારે નમસ્કાર વિષયક વિચાર થઈ રહ્યો હોય, તે પ્રસંગે 'પૂજાનો' ઉપન્યાસ ગેરવ્યાજબી લાગે છે. તો અહીં 'પૂજાનો' ઉપન્યાસવાક્ય પ્રયોગ કેમ કર્યો છે ? તેનો ખુલાસો કરો !

હવે શાસ્ત્રકાર આ વિષયનો ખુલાસો કરતાં કહે છે કે:-

**पूजार्थं च नम इति, 'पूजा द्रव्यभावसङ्कोचः' इत्युक्तं,**

**अतः स्थितमेतदनवद्यं 'नमोऽस्त्वर्हद्भ्यः' इति ।**

ભાવાર્થ-સમાધાન-'નમઃ' આ પ્રમાણેના પદનો અર્થ પૂજા છે. અને તે પૂજા વળી દ્રવ્યભાવસંકોચરૂપ છે. એમ પૂર્વે તેના સ્વરૂપના નિરૂપણ પૂર્વક આ વિષય બતલાવ્યો છે. અહીં નમસ્કાર એટલે જ પૂજા એ અર્થ કરવાથી પૂજાના પ્રસંગે જ-પૂજા વિચારના પ્રસ્તાવે જ પૂજાનું નિરુપણ કરેલ છે અને વળી પ્રતિપત્તિપૂજા પણ દ્રવ્યભાવસંકોચરૂપ જ જાણવી. આ પ્રમાણેના સુનિપુણ નિરૂપણથી **'નમોઽસ્તુ અર્હદ્ભ્યઃ'** આ પ્રમાણેનું સુવાક્ય નિરવદ્ય-નિર્દોષતાની પરમ પંક્તિની પ્રતિષ્ઠાને પામેલ છે. એમાં વિવાદ કે શંકા ને અવકાશ જ ક્યાંથી હોય ? ઈતિ-વાક્યાર્થ વિચાર-

શંકા વ્યાકરણના અનુસાર 'નમસ્' શબ્દના યોગે ચોથી વિભક્તિ આવવી જોઈએ. છતાં અહીં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કેમ કરાય છે વારૂ ?

હવે આ પ્રમાણેની શંકાને શમાવવા કહે છે કે:-

**इह च प्राकृतशैल्या चतुर्थे षष्ठी, उक्तं च ।**

**''बहुवयणेण दुवयणं, छट्ठि विभत्तीए भण्णइ चउत्थी ।**

**जह हत्था तह पाया, नमोऽत्थु देवाहिदेवाणं ॥ १ ॥''**

**ભાવાર્થ-સમાધાન**-અહીં પ્રાકૃતભાષાના વ્યાકરણની શૈલીથી ચોથી વિભક્તિના અર્થમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરવામાં આવેલ છે. કહ્યું પણ છે કે ''પ્રાકૃતમાં દ્વિવચનના સ્થાને બહુવચનનો તથા ચોથી વિભક્તિનો અર્થ જ્યારે વિવક્ષિત હોય ત્યારે છઠ્ઠી [૧]વિભક્તિનો પ્રયોગ થાય છે. (છઠ્ઠી વિભક્તિને ચોથી વિભક્તિ કહેવાય છે. અથવા છઠ્ઠી વિભક્તિમાં ચોથી વિભક્તિનો વ્યવહાર થાય છે) ચોથી વિભક્તિપણાએ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે. વચનનું ઉદાહરણ જેમકે 'હસ્તૌ' અને 'પાદૌ'ના બદલે (દ્વિવચનના સ્થાને) 'હત્થા' અને 'પાયા'નો (બહુવચનનો) પ્રયોગ થાય છે. તથા વિભક્તિનું ઉદાહરણ જેમકે; ચોથી વિભક્તિના અર્થમાં "નમોઽત્થુ દેવાહિદેવાણં' એ રીતિએ ષષ્ઠીનો પ્રયોગ થાય છે.

---

**૧ પ્રાકૃત ભાષામાં ચોથીને ઠેકાણે છઠ્ઠી લાગે છે. ચોથી વિભક્તિ વાપરવાને જ્યાં પ્રસંગ હોય, ત્યાં છઠ્ઠી વિભક્તિ વપરાય છે.**

શંકા-'નમો અરિહંતાણં' આ પદમાં છઠ્ઠી વિભક્તિના બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેનું શું પ્રયોજન છે ? હવે આવી શંકાનું સમાધાન આપતાં કહે છે કે:-

**बहुवचनं तु अद्वैतव्यवच्छेदेनार्हद्बहुत्वख्यापनार्थं, विषयबहुत्वेन नमस्कर्तुः फलातिशयज्ञापनार्थं च,**

**ભાવાર્થ**-સમાધાન-અદ્વૈતના ખંડનપૂર્વક-અહીંજૈમિનીય જેનું બીજું નામ છે. એવા મીમાંસકના બે ભેદ છે (૧) યાજ્ઞિકાદિ પૂર્વમીમાંસા વાદી (૨) ઉત્તર-મીમાંસક તે વેદાન્તી કહેવાય છે. તે 'સર્વમેવેદં બ્રહ્મ' આવા વાક્યના પ્રમાણથી આ આખી સૃષ્ટિ બ્રહ્માનું સ્વરૂપ છે અને એક જ આત્મા, પ્રત્યે દેહધારીના દેહમાં રહેલો, જલમાં ચંદ્રની માફક એક પ્રકારે કે અનેક પ્રકારે દેખાય છે. એમ માને છે. અત એવ આત્મવિષયક અદ્વૈતમતના ખંડન પુરસ્સર, અથવા **'तत्रेश्वरः सर्वज्ञः परमात्मा एक एव'** આવા સિદ્ધાંતવાક્યના ઘડવૈયા નૈયાયિક-વૈશેષિકની ઈશ્વર (સર્વજ્ઞપરમાત્મા) વિષયક અદ્વૈત (એકત્વ)ની માન્યતા ખંડન પૂર્વક 'અરિહંત રૂપ ઈશ્વરો (સ્તુતિવિષયભૂત અરિહંત ભગવંતો) એક નથી પરંતુ ઘણા ('સર્વકાલની અપેક્ષાએ અથવા અનંતકાલની અપેક્ષાએ અનંત) છે. એ વિષયને જણાવવા સારૂ બહુવચનનું ઉપાદન કરેલ છે. આ પહેલો હેતુ બતલાવ્યો (૧). હવે બીજો મુદ્દો બતલાવે છે કે;

(૨) નમસ્કારરૂપ ક્રિયાના વિષયભૂત (અવલંબન-નિમિત્ત રૂપ) અરિહંત પરમાત્માઓ ઘણા હોવાથી નમસ્કાર કરનારને ફલના અતિશય (ઉત્કૃષ્ટ ફલ-ઉત્કૃષ્ટ ભાવના) ની પ્રાપ્તિ થાય છે. આ બાબતને જણાવવા સારૂ બહુવચનનું ગ્રહણ કરેલ છે.

(અહીં અનુકૃતસમુચ્ચાયક ચકારના ગ્રહણથી **(गुरावेकश्च सि. २-२-१४ गुरौ गौरवार्हे इति, गौरवार्थे वर्त्तमानस्य शब्दस्य द्वौ एकश्चार्थो बहुवत् स्यात्-यथा युवां गुरू, यूयं गुरवः, एष मे पिता, एते मे पितरः)** ગૌરવ બતાવવા માટે પણ બહુવચનનો પ્રયોગ સૂચિત કે દ્યોતિત થાય છે.

**'अर्हद्भ्यः' इत्यत्रार्हद्पदसमभिव्याहतबहुवचनेनैव बहुत्वसङ्ख्योपस्थित्याऽद्वैतव्यवच्छेदलाभो नान्यथेत्या-यातमिति विज्ञेयम्'**

હવે આ વિષયના ઐદંપર્ય-ભાવાર્થને આગળ પર દર્શાવીશું, એ વાતને જણાવતા કહે છે કે;

**इत्येतच्चरमालापके 'नमो जिणाणं जियभयाणमित्यत्र सप्रतिपक्षं भावार्थमधिकृत्य दर्शयिष्यामः,**

**ભાવાર્થ**-આ પ્રમાણેના પૂર્વોક્ત વાક્યાર્થવિષયક ભાવાર્થ (તાત્પર્યાર્થ) ના અધિકાર-વિષયને, પ્રતિપક્ષ (આક્ષેપ-પૂર્વપક્ષ) સહિત, આગળ-શક્રસ્તવના છેલ્લા આલાપક-પદરૂપ 'નમો જિણાણં જિયભયાણં' ના નિરૂપણ અવસરે દર્શાવીશું.

હવે 'નમોઽસ્તુ અર્હદ્ભ્યઃ' આ વાક્યાર્થના નિરૂપણમાં યોગાચાર્યોનું કઈ જાતનું મંતવ્ય છે. આ

---

१ **बहुवचनं सर्वकालिकार्हत्प्रतिपत्त्यर्थं, तत्रातीताः केवलज्ञानिप्रभृतयः, अनागताः पद्मनाभादयः वर्त्तमाना ऋषभादयः सीमंधरादयो वा।**

**અર્થ-ભૂત-ભવિષ્યત્-વર્તમાનરૂપ ત્રણેય કાલના અર્હતોના સ્વીકાર માટે અર્થાત્ કેવલજ્ઞાની વિગેરે અતીત કાલના અર્હતો, પદ્મનાભ વિગેરે ભવિષ્યકાલના અર્હતો, તેમજ વર્તમાનકાલીન ઋષભદેવ વિગેરે અથવા સીમંધર વિગેરે અર્હતોના ગ્રહણ માટે બહુવચનનો પ્રયોગ છે.**

વિષયનો ઉપક્રમ કરતાં શાસ્ત્રકાર કહે છે કે;

**अन्ये त्वाहुः-'नमोऽस्त्वर्हद्भ्यः' इत्यनेन प्रार्थनावचसा तत्त्वतो लोकोत्तरयानवतां तत्साधनं प्रथममिच्छायोगमाह, ततः शास्त्रसामर्थ्ययोगभावात्, सामर्थ्ययोगश्चानन्तर्येण महाफलहेतुरिति योगाचार्याः ।**

**ભાવાર્થ**-વળી બીજાઓ કહે છે કે:- 'અરિહંતોને નમસ્કાર થાઓ' આ વાક્યથી જે પ્રાર્થનાવચનનું નિરૂપણ કરેલ છે તે પ્રાર્થનાવચન, તત્ત્વથી, (પરમાર્થિક) લોકોત્તર (જૈન) માર્ગમાં ગમન-પ્રસ્થાન-કે કૂચ કરવાવાળાઓને સૌથી પ્રથમ, તે લોકોત્તર (આધ્યાત્મિક-જૈન) માર્ગનું સાધન ઈચ્છા યોગ છે. એમ સૂચન કે કથન કરે છે.

અહીં 'નમસ્કાર થાઓ' એ પ્રાર્થનાવચન, [1]ઈચ્છાયોગરૂપ છે એમ સમજવું. તેથી જ-ઈચ્છાયોગ પછીથી જ શાસ્ત્રયોગ અને પછી સામર્થ્યયોગ થતો હોઈ લોકોત્તરમાર્ગ પ્રસ્થાનનું પ્રથમ પગથીયું ઈચ્છાયોગ છે.

વળી મહાફલ (મોક્ષ) સિદ્ધિ-પ્રાપ્તિનો સાક્ષાત્ (અવ્યવહિત-અનંતર) હેતુ, સામર્થ્યયોગ છે એમ યોગાચાર્યો કહે છે. (અહીં પહેલાં 'નમોઽત્થુણં અરિહંતાણં' એ પદથી ઈચ્છાયોગ દર્શાવેલ છે. આગળ પર 'નમો જિણાણં' ઈત્યાદિ પદોથી શાસ્ત્રયોગનું તેમજ **'एक्कोवि नमुक्कारो'** ઈત્યાદિ પદોથી સામર્થ્યયોગનું પ્રતિપાદન કરશે એ યાદ રાખજો !)

હવે ઈચ્છાયોગ વિગેરે યોગોનું સ્વરૂપ-લક્ષણ આદિ જાણવા પ્રશ્ન કરે છે કે:-

**अथ एते क इच्छायोगादयः ?**

**ભાવાર્થ-શંકા**-જ્યારે લોકોત્તર માર્ગના સાધનરૂપ ઈચ્છાયોગ આદિ છે તો તે કઈ ચીજ છે ? તે ઈચ્છાયોગ આદિ યોગનું સ્વરૂપ-લક્ષણ છે ? તેનો ખ્યાલ દોરો ! સ્વરૂપની રૂપરેખા આલેખો ! તે યોગોનો પરિચય કરાવો ! હવે જવાબ આપે છે કે:-

**उच्यते-अमी खलु न्यायतन्त्रसिद्धा इच्छादिप्रधानाः क्रियया विकलाविकलाधिकास्तत्त्वधर्म्मव्यापाराः,**

ભાવાર્થ-સમાધાન-નિશ્ચયથી-ચોક્કસ આ ઈચ્છાયોગ વિગેરે યોગો, યુક્તિરૂપી શાસ્ત્રથી સિદ્ધ છે-પ્રતિષ્ઠાને પામેલ છે. (સૂત્રથી શાસ્ત્રમાં કોઈપણ સ્થલ પર નહીં સાંભળેલ હોઈ કહ્યુ છે કે યુક્તિરૂપ શાસ્ત્રથી સિદ્ધ છે.)

વળી આગળ કહેવામાં આવનાર 'આગમ અને ઉપપત્તિયુક્તિ, પ્રમાણરૂપ છે વિગેરે વિગેરે' એટલે ઉપપત્તિરૂપ યુક્તિ રૂપી શાસ્ત્રથી સિદ્ધ હોઈ આ યોગો પ્રમાણરૂપ છે.-પ્રમાણ સિદ્ધ છે.

---

**१ 'नत्वेच्छायोगतः' यो.द.स. १ મંગલાચરણમાં આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે, 'ઈચ્છાયોગથી મહાવીરદેવને નમસ્કાર કરીને યોગને હું કહીશ.' અહીં ઈચ્છાયોગથી મહાવીરદેવને નમસ્કાર કરેલ છે. શાસ્ત્રયોગ કે સામર્થ્યયોગથી નમસ્કાર નથી કરેલ. કારણ કે; શાસ્ત્રયોગથી તથા સામર્થ્યયોગથી (મારાથી) નમસ્કાર થઈ શકે નહિ. સર્વ જગ્યાએ ઉચિતતાને અનુસારે પ્રવૃત્તિ કરવી તે જ યોગ્ય છે. એ બીના આથી બતાવી. શાસ્ત્રયોગ તથા સામર્થ્યયોગ ઘણા ઉંચા દરજ્જાના છે તેથી આ યોગ વડે (મારાથી) નમસ્કાર બની શકે નહિ. માટે ઈચ્છાયોગથી નમસ્કાર કરેલ છે.**

આ યોગો, યુક્તિરૂપ આગમથી સિદ્ધ થયેલા ઈચ્છાયોગ આદિ ત્રણ ભેદવાળા છે. તેઓનો ટુંકમાં-સંક્ષેપમાં જે પરિચય આપું છું તે સાંભળો !

૧ ઈચ્છાયોગ-ઉત્સાહની પ્રધાનતાવાળા, વિકલ ક્રિયાવાળા તત્ત્વ (પારમાર્થિક) ધર્મવ્યાપારને ઈચ્છાયોગ કહે છે.

૨ શાસ્ત્રયોગ-શાસ્ત્રની મુખ્યતાવાળા, અવિકલ (સંપૂર્ણ) ક્રિયાવાળા તત્ત્વરૂપ ધર્મવ્યાપારને શાસ્ત્રયોગ કહે છે.

૩ સામર્થ્યયોગ-સામર્થ્યની પ્રધાનતાવાળો, અધિક ક્રિયાવાળા તત્ત્વરૂપ ધર્મ, વ્યાપાર, 'સામર્થ્યયોગ' કહેવાય છે.

હવે વિસ્તારથી ઈચ્છાયોગ આદિ યોગોનું વર્ણન કરે છે.

**उक्तं च "कर्त्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादतः ।**

**विकलो धर्म्मयोगो यः स इच्छायोग इष्यते ॥ १ ॥**

**શબ્દાર્થ**-યોગદ્રષ્ટિસમુચ્ચય નામના ગ્રંથે કહ્યું છે કેઃ- આગમના શ્રવણ કરનાર, ધાર્મિક અનુષ્ઠાન કરવાની ઈચ્છાવાળા જ્ઞાનીને પણ પ્રમાદથી તત્ત્વધર્મ વ્યાપાર કરવામાં સ્ખલના-ભૂલ થાય, કાલથી વિકલતા થાય-ફારફેર થાય તેને ઈચ્છાયોગ કહેવામાં આવે છે.

**વિવેચન**-તથા પ્રકારના ક્ષયોપશમ ભાવને લઈને કોઈ એક માણસ દ્રવ્યાદિ પૌદ્ગલિક વસ્તુની ઈચ્છા વગર, ધર્મના અનુષ્ઠાનો કરવાની ઈચ્છાવાળો છતાં, સિદ્ધાંતમાં કહેલ અનેક તત્ત્વના વિષયને જાણવા છતાં, અને કરવા લાયક ધાર્મિક અનુષ્ઠાનો સારી રીતે સમજવા છતાં, જે કાલે જે ધર્મનું અનુષ્ઠાન કરવાનું હોય તે કાલે તે ન કરે, દ્રષ્ટાંત તરીકે, પ્રતિક્રમણ કરતાં સૂર્યાસ્ત સમયે વંદિત્તાસૂત્ર આવવું જોઈએ. તેના બદલે પ્રતિક્રમણની શરૂઆત પણ થતી નથી. ચૈત્યવંદન કરતાં અર્થની વિચારણા તથા ચિત્તની એકાગ્રતા કરવી જોઈએ. તે પણ પ્રમાદને લઈ બરોબર થતી નથી. ક્ષયોપશમ ભાવની વિચિત્રતાને લઈ પોતે અજ્ઞાની નથી પણ જ્ઞાની છે. તેમજ ધર્મના અનુષ્ઠાનના રહસ્યને જાણનાર છે, માત્ર વિકથા વિગેરે રૂપ પ્રમાદ પરવશ બની જે અવસરે જે ક્રિયા કરવાની છે તે કરે નહીં. પ્રભુ પૂજા કરવાના ટાઈમે પ્રભુ પૂજા કરે નહિ. ગુરૂવંદનના કાલે ગુરૂવંદન કરે નહિ. સુપાત્રદાનની અણીએ સુપાત્રદાન દે નહીં. ફક્ત અંતઃકરણમાં તે વિષયની ઉર્મિનો ઉછાળો તો જોરદાર હોય પણ આળસુ-એદી બની, કરી શકે નહિ અથવા વિકાલે કરે-શાસ્ત્રે બતાવેલ કાલનું ઉલ્લંઘન કરી બીજા કાલે કરે. તેને ઈચ્છાયોગ કહે છે. આ યોગ ચોથા ગુણઠાણા આદિ ગુણઠાણે હોય છે.

હવે શાસ્ત્રયોગસ્વરૂપ કથવાની ઈચ્છાથી કહે છે.

**शास्त्रयोगस्त्विह ज्ञेयो, यथाशक्त्यप्रमादिनः ।**

**श्राद्धस्य तीव्रबोधेन वचसाऽविकलस्तथा ॥ २ ॥**

**શબ્દાર્થ**-શક્તિને અનુસારે, પ્રમાદ વગરના-શ્રદ્ધાવાળાનો જે તીવ્રબોધથી અખંડ વંદનાદિ રૂપતત્ત્વ-ધર્મવ્યાપાર, તે, શાસ્ત્રયોગ જાણવો, -અહીં-યોગતંત્રમાં જાણવો.

વિવેચન-શાસ્ત્ર છે પ્રધાન જેમાં એવો જે યોગ તે શાસ્ત્રયોગ છે.

વિકથા વિગેરે પ્રમાદ વગરનો, શ્રદ્ધાસંપન્ન આત્મા, શાસ્ત્રમાં જે પ્રમાણે કહેલ છે તે પ્રમાણે, ધર્મના તમામ અનુષ્ઠાનો, કાલ પ્રમાણે કરે છે. વિકથા આદિ પ્રમાદ જેને જરાપણ નથી, તેમજ તથા પ્રકારના મોહના ક્ષયથી સ્વસંવેદન (રૂપ આત્મા આદિતત્ત્વ વિષયક નિર્ણય) આદિ શ્રદ્ધા જેને ચોક્કસ થઈ ચૂકેલ છે તેમજ તીવ્ર (કુશાગ્રતીક્ષ્ણ) બોધને લઈ જે આગમશાસ્ત્રથી અબાધિત યોગ્ય સમયે અખંડ વંદનાદિ રૂપ તત્ત્વ ધર્મવ્યાપાર કરે છે. જ્યારે ઈચ્છાયોગમાં યથાયોગ્ય પ્રવૃત્તિની ખામી છે, ત્યારે શાસ્ત્રયોગમાં યથાયોગ્ય-યથાકાલ પ્રવૃત્તિ થાય છે. તેમજ ત્યાગ-વૈરાગ્ય પણ વધારે સારો હોય છે. કાલે કાલે અતિચાર વગર, પ્રમાદ વગર, અખંડ ધર્મપાલનમાં તીવ્રબોધ અત્યંત ઉપયોગી થાય છે. કારણ કે; વિચક્ષણ મનુષ્યો જ અતિચાર દોષને જાણે છે. પણ બીજાઓ જાણતા નથી.

હવે સામર્થ્યયોગનું લક્ષણ કહે છે.

**शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।**

**शक्त्युद्रेकाद्विशेषेण, सामर्थ्याख्योऽयमुत्तमः ॥ ३ ॥**

**શબ્દાર્થ**-શાસ્ત્રમાં જેનો ઉપાય દર્શાવેલો છે, અને તે શાસ્ત્ર કરતાં પણ જેનો વિષય, -શક્તિના ઉદ્રેકને લીધે-પ્રબલપણાને લીધે-પર છે, તે આ 'સામર્થ્ય' નામનો ઉત્તમ યોગ છે.

(શાસ્ત્રોમાં મુક્તિના હેતુ રૂપ યોગાનુષ્ઠાન માટે જે ઉપાય કહ્યા છે. તેમને પૂર્ણ કરી તેથી આગળ જઈને આત્માના અપૂર્વભાવ રૂપ શક્તિના અતિશયપણાથી આત્મા ઉત્તમ સામર્થ્યયોગ મેળવે છે.)

વિવેચન-શાસ્ત્રમાં યોગની સિદ્ધિ માટે જે જે ઉપાયો બતાવ્યા છે, તે તમામ ઉપાયોનો અનુભવપૂર્વક સાક્ષાત્કાર કરીને જેઓ ઘણા આગળ વધ્યા છે, તેઓનું જે ઉત્તમોત્તમ તત્ત્વ ધર્માનુષ્ઠાન તેને સમર્થ્યયોગ કહે છે. શક્તિના પ્રાબલ્યથી વિશેષ પ્રકારે શાસ્ત્રમાં આત્મકલ્યાણ માટે જે જે યોગના રસ્તાઓ દર્શાવ્યા છે. તેથી પણ અધિક કરવાનો વિષય આ યોગનો છે. આ યોગ વિલંબ વગર તરત જ પ્રધાનફલ-મોક્ષફલ મેળવી આપવામાં અસાધારણ કારણ છે. જ્યારે શાસ્ત્રયોગ, સામાન્યફલ આપી વિરમી જાય છે. ત્યારે, આ સામર્થ્યયોગ પ્રધાનફલ-મોક્ષ આપવામાં સમર્થ હોઈ તરત જ તે ફલ આપી વિરમે છે. આ વિષય આગળના વિવેચનથી એકદમ સ્પષ્ટ થશે !

હવે આના સમર્થન અર્થે જ કહે છે-

**सिद्धयाख्यपदसम्प्राप्तिहेतुभेदा न तत्त्वतः ।**

**शास्त्रादेवावगम्यन्ते सर्वथैवेह योगिभिः ॥ ४ ॥**

**શબ્દાર્થ**-મોક્ષના નામના પદની સંપ્રાપ્તિના વિશિષ્ટ કારણરૂપ સમ્યગ્દર્શનાદિને, તત્ત્વથી-પરમાર્થથી શાસ્ત્રદ્વારા-

શાસ્ત્રથકી જ (શાસ્ત્રનું ફોગટપણું દૂર કરવા કહે છે કે;) સર્વથા-સકલ પ્રકારે જ આ લોકમાં યોગીઓ જાણી શકતા નથી. કેમ કે; સમ્યગ્દર્શનાદિ હેતુભેદોના અનંતભેદ છે.

વિવેચન-શાસ્ત્રો તો દિશા બતાવે છે, પણ પછી આગળનો માર્ગ તો પોતાની મેળે મેળવી લેવાની જરૂરત રહે છે, શાસ્ત્રમાં મોક્ષ મેળવવા માટે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર્યાદિ અસંખ્ય માર્ગો બતલાવેલ છે. નવપદની પૂજામાં મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જણાવે છે કે; "યોગ અસંખ્ય જિનવર કહ્યા નવપદ મુખ્ય તે જાણો રે" સારાંશ કે; મોક્ષ મેળવવા માટે અસંખ્ય સાધનો-યોગો છે. પણ તે બધા શાસ્ત્રોથી યોગી પુરૂષો પણ સર્વ પ્રકારે જાણી શકતા નથી. સ્વાનુભવદ્વારા નિષ્પન્ન યોગીઓ જાણી શકે છે. મોક્ષનગરમાં પ્રવેશ કરવા માટે એકાદ સાધન હોતું નથી પણ અસંખ્યાત યોગો છે. આ બધાનો ઉલ્લેખ શાસ્ત્રમાં કેવી રીતે હોઈ શકે ?

હવે સર્વથા તે સમ્યગ્દર્શનાદિ હેતુ ભેદોનો પરિચ્છેદ (પરિજ્ઞાન-નિશ્ચય) શાસ્ત્રથકી જ માનવામાં આવતાં, દોષ કહે છેઃ-

**सर्वथा तत्परिच्छेदात्साक्षात्कारित्वयोगतः ।**

**तत्सर्वज्ञत्वसंसिद्धेस्तदासिद्धिपदाप्तितः ॥ ५ ॥**

**શબ્દાર્થ**-શાસ્ત્રથી જ સર્વ પ્રકારે મોક્ષ પ્રાપ્તિના અનંત માર્ગોના સાક્ષાત્કાર થાય તો તે જ વખતે સર્વજ્ઞપણાની પ્રાપ્તિ થવા સાથે સિદ્ધિપદની પ્રાપ્તિ પણ થવી જોઈએ !

વિવેચન-શાસ્ત્રો દિગ્દર્શક હોવાથી શાસ્ત્રથી મોક્ષના અનંતરૂપ સાધન ભેદો જાણી શકાય જ નહિ અને જાણવામાં આવે તો શ્રોતારૂપ યોગીઓને સ્વાનુભવ સિદ્ધ અનંતમાર્ગોનો સાક્ષાત્કાર થવાથી શાસ્ત્ર સાંભળવાના ટાઈમે જ સર્વજ્ઞપણાની સિદ્ધિ સાથે મોક્ષની પ્રાપ્તિ પણ જરૂર થાય. અર્થાત્ અયોગી કેવલીની અવસ્થા પ્રાપ્ત થાય, પણ તેમ તો થતું નથી.

એ હશે, એમ ભલે હો, એમાં અમને શી બાધા છે ? એટલા માટે અત્રે કહે છેઃ-

**न चैतदेवं च तस्मात्प्रातिभज्ञानसङ्गतः ।**

**सामर्थ्ययोगोऽवाच्योऽस्ति, सर्वज्ञत्वादिसाधनम् ॥ ६ ॥**

**શબ્દાર્થ**-ઉપર કહેલું બનતું નહિ હોવાથી પ્રાતિભજ્ઞાન યુક્ત આ સામર્થ્ય નામનો યોગ, સર્વજ્ઞપણાને પ્રાપ્ત કરાવનાર, યોગીઓથી પણ શબ્દદ્વારા જેનું વર્ણન પણ થઈ શકે નહિ એવો આ સામર્થ્ય નામનો યોગ છે.

**વિવેચન**-ઉપર જે બીના કહેવામાં આવી તે પ્રમાણે બનતું તો નથી. શાસ્ત્રથી અયોગી કેવલિપણાનું જ્ઞાન થવા છતાંપણ સિદ્ધિ મલતી નથી. જો આમ છે તો પ્રાતિભજ્ઞાનયુક્ત આ સામર્થ્યયોગ અચૂક સર્વજ્ઞપણાને પ્રાપ્તિ કરી આપે છે. આ યોગ પ્રાપ્ત થતાં, આત્મસ્વરૂપ પ્રગટ થતાં લગારે વાર લાગતી નથી. આ પ્રાતિભજ્ઞાનને માર્ગાનુસારી કેવલજ્ઞાનને અનુસરનાર પ્રકૃષ્ટ ઉહાજ્ઞાન-માનસિકતાદૃશ જ્ઞાન કહે છે. સામર્થ્ય

યોગ એટલે સામર્થ્ય છે પ્રધાન જેમાં એવો તે યોગ સામર્થ્યયોગ કહેવાય છે. અર્થાત્ ક્ષપકશ્રેણીગતતત્ત્વ-ધર્મ-વ્યાપાર. કે જે યોગીઓથી પણ અવાચ્ય છે. અકથનીય છે. આવો સામાર્થ્યયોગ-તત્ત્વધર્મવ્યાપાર, વિલંબ વગર, તરત જ કેવલજ્ઞાન આપે છે.

**શંકા**-પ્રાતિભજ્ઞાન છે તે શ્રુતજ્ઞાન છે. અને એમ નહીં માનોતો શાસ્ત્રમાં પાંચ જ્ઞાન કહેલ છે તેને બદલે છ જ્ઞાન થશે ! માટે પ્રાતિભજ્ઞાનને કેવલજ્ઞાન પણ કહી શકાય નહિ, કેવલજ્ઞાનતો સામર્થ્ય યોગનું કાર્ય છે. માટે આ પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાનની અંદર અંતર્ભાવ કરવો પડશે જ. તો પછી મોક્ષ પ્રાપ્તિના જે જે સાધનો છે તે શ્રુતજ્ઞાન રૂપ શાસ્ત્રથી જ છે એમ ચોક્કસ થયું ને ?

**સમાધાન**-પ્રાતિભજ્ઞાન છે તે શ્રુતજ્ઞાન નથી, તેમ જ કેવલજ્ઞાન પણ નથી. તેમજ પાંચ જ્ઞાનથી જુદું જ્ઞાન પણ નથી. જેમ અરૂણોદય. આ અરૂણોદય છે તેને રાત ન કહી શકાય, તેમજ દિવસ પણ ન કહી શકાય, તેમજ રાત દિવસથી જુદી ચીજ છે, તેમ પણ ન કહી શકાય, પરંતુ સૂર્યોદય થયા પહેલાંની એક અવસ્થા છે તેમ કહી શકાય, તે પ્રમાણે પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન તથા કેવલજ્ઞાન પણ કહી શકાય નહિ. કારણ કે, સામર્થ્યયોગકાલે ક્ષપકશ્રેણીગત હોવાથી ઉત્કૃષ્ટ ક્ષયોપશમ ભાવને લઈને શ્રુતજ્ઞાની તરીકે વાસ્તવિક વ્યવહાર થઈ શકે નહિ, માટે શ્રુતજ્ઞાન ન કહેવાય, તેમજ ક્ષાયોપશમિકભાવનું જ્ઞાન હોવાથી, તમામ દ્રવ્યપર્યાયને નહીં જાણવાથી કેવલજ્ઞાન પણ કહેવાય નહિ. માટે આ પ્રાતિભજ્ઞાનને અરૂણોદયની માફક કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાંની દશા કહે છે. ,આ જ્ઞાનને બીજાઓ તારકનિરીક્ષણ-જ્ઞાન શબ્દથી બોલે છે.

હવે સામર્થ્યયોગના ભેદ બતાવવા માટે કહે છેઃ-

**द्विधाऽयं धर्म्मसंन्यास योगसंन्याससंज्ञितः ।**

**क्षायोपशमिका धर्म्मा, योगाः कायादिकर्म्म तु ॥ ७ ॥**

**શબ્દાર્થ**-આ સામર્થ્યયોગ, ધર્મ-સંન્યાસ અને યોગસંન્યાસ એવી સંજ્ઞાએ (નામ) કરીને બે પ્રકારનો છે. ક્ષાયોપશમિક તે ધર્મો ક્ષયોપશમથી નીપજેલા એવા ક્ષમા આદિ તે ધર્મો છે. અને યોગો તે કાર્યોત્સર્ગકરણ આદિરૂપ કાય આદિના વ્યાપારો છે.

વિવેચન-કેવલજ્ઞાનરૂપ સૂર્યોદય થયા પહેલાં [1]પ્રાતિભજ્ઞાનવાળો, તીવ્ર તત્ત્વબોધથી ઘણો આગળ વધેલો પ્રગત એવો અપ્રમત્ત સંયત સાધુ, જ્યારે આઠમા ગુણઠાણે ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગનો પ્રથમ ભેદ પ્રાપ્ત કરે છે. આ યોગની અંદર ક્ષયોપશમભાવથી પેદા થયેલા ક્ષમા માર્દવ

---

**१ सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् । बुधैरनुभवो दृष्ट, केवलार्करूणोदयः ॥ १ ॥ ય. ઉ. જ્ઞાનસારે અનુભવાષ્ટકે.**

**અર્થ-જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જુદી છે. તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી ભિન્ન કેવલજ્ઞાનરૂપ સૂર્યના અરૂણોદય સમાન અનુભવ, પંડિતોએ દીઠો છે. એટલે મતિશ્રુતજ્ઞાનના ઉત્તરભાવી અને કેવલજ્ઞાનથી અવ્યવહિત (અનંતર) પૂર્વભાવી પ્રકાશને અનુભવ કહે છે તેનું બીજુ નામ પ્રાતિભજ્ઞાન છે.**

આર્જવ આદિ દશ પ્રકારના સાધુ ધર્મરૂપ ધર્મોનો સંન્યાસ-ત્યાગ થાય છે અને ક્ષાયિકભાવના ક્ષમા આદિ દશ પ્રકારના ધર્મો પ્રગટ થાય છે. આ ધર્મ સંન્યાસયોગ છઠ્ઠા[1] ગુણઠાણાથી શરૂ થાય છે. અને તેરમા ગુણઠાણા સુધી પહોંચે છે પણ તાત્ત્વિક-ખરેખરો ધર્મસંન્યાસયોગ આઠમા[2] ગુણઠાણાથી ક્ષપકશ્રેણી માંડે ત્યારે શરૂ થાય છે. અને પરિણામે કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવી દે છે, કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી ક્ષયોપશમ ભાવના ક્ષમાદિ દશ ધર્મો તથા મતિજ્ઞાન આદિ ચાર જ્ઞાનો ચાલ્યા જાય છે અને ક્ષાયિકભાવના ક્ષમાદિ દશ ધર્મો તથા કેવલજ્ઞાનાદિ મળે છે. યોગસંન્યાસ નામના ભેદવાળો બીજો સામર્થ્યયોગ, તેરમા ગુણઠાણાના છેવટે મોક્ષ જવાના ટાણે જ્યારે શૈલીશીકરણ કરે છે. ત્યાર પછી ચૌદમા ગુણઠાણે આ યોગ હોય છે. યોગસંન્યાસ-મન, વચન કાયાના વ્યાપારને યોગ કહે છે, તેનો સંન્યાસ-ત્યાગ તે યોગસંન્યાસ સમજવો. આગળ આ વાતનું સ્પષ્ટીકરણ થશે.

એમ આ સામર્થ્યયોગ બે પ્રકારનો છે. તેમાં જે જ્યારે હોય છે (થાય છે) તે ત્યારે કહી બતાવવા કહે છે.

**द्वितीयापूर्वकरणे, प्रथमस्तात्त्विको भवेत् ।**
**आयोज्यकरणादूर्ध्वं द्वितीय इति तद्विदः ॥ ८ ॥**

**શબ્દાર્થ-**પ્રથમ તાત્ત્વિકધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ, આઠમાગુણઠાણે બીજા અપૂર્વકરણમાં હોય છે. એ યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ તેરમા ગુણઠાણાના અંતે શૈલેશીકરણ કરે છે. ત્યાર પછી ચૌદમે ગુણઠાણે આ યોગ હોય છે. એમ તેના જાણકારો જણાવે છે.

વિવેચન-અહીં બીજું અપૂર્વકરણ ગ્રહણ કરવાથી ગ્રંથિભેદનું કારણ પ્રથમ અપૂર્વકરણનો નિષેધ કરવા 'દ્વિતીય' શબ્દ ગ્રહણ કરેલ છે. કારણ કે; પહેલા અપૂર્વકરણમાં સામર્થ્યયોગ હોતો નથી. અપૂર્વકરણ એટલે આત્માનો અપૂર્વ શુભ-અધ્યવસાય-પરીણામ. આ અનાદિ અપાર સંસારમાં રખડતા આ જીવને તે તે ધર્મના સારા અનુષ્ઠાનો કરતાં કદી પણ નહીં આવેલો એવા આત્માનો અપૂર્વ અધ્યવસાય-પરીણામ

---

**१ कान्ता मे समतैवैका ज्ञातयो मे समक्रियाः । बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत् ॥ ३ ॥ જ્ઞાનસારે ત્યાગાષ્ટકે.**

**અર્થ-મારે એક સમતા જ વ્હાલી સ્ત્રી છે. બીજી સ્ત્રી વ્હાલી નથી. સરખી ક્રિયાવાળા સાધુઓ જ મારા સગા છે. બીજા સગાનું કંઈ પણ કામ નથી. એ પ્રમાણે નિશ્ચયભાવે બાહ્યપરિવારનો ત્યાગ કરીને ગૃહસ્થની ઋદ્ધિપ્રમુખ ઔદયિક ભાવના ધર્મનો સંન્યાસ-ત્યાગવાળો થાય અર્થાત્ ઔદયિકભાવને છોડી ક્ષયોપશમભાવવાળો થાય. (ઔદયિકભાવના ધર્મનો ત્યાગ કરવા રૂપ અતાત્ત્વિકધર્મસંન્યાસરૂપ સામર્થ્યયોગ પ્રવ્રજ્યાને અવસરે હોય છે.**

**२ धर्मास्त्याज्याः सुसंगोत्थाः, क्षायोपशमिका अपि, प्राप्य चन्दनगन्धाभं धर्मसंन्यासमुत्तमम् ॥ ४ ॥ જ્ઞાનસારે ત્યાગાષ્ટકે.**

**અર્થ-ભાવના ચંદનના ગંધ સમ ક્ષાયિકપણાથી ઉત્તમ ધર્મ સંન્યાસને પામી સત્સંગથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિકક્ષમાદિ ધર્મો પણ તજવા યોગ્ય છે. અહીં ક્ષપકશ્રેણીમાં નિવૃત્તિબાદરગુણઠાણે વર્તતા યોગીને ક્ષાયિકભાવની પ્રાપ્તિથી ક્ષાયોપશમિકક્ષમા-આદિ ધર્મની નિવૃત્તિ થતાં તાત્ત્વિક-પારમાર્થિક ધર્મસંન્યાસ હોય છે.**

ઉત્પન્ન થવો તેનું નામ અપૂર્વકરણ છે. આ પહેલા અપૂર્વકરણનું ફલ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તે છે અને આ સમ્યગ્દર્શનથી સત્ય વસ્તુ સમજાય છે સમ્યગ્દર્શન એટલે પ્રશમાદિલિંગવાળો આત્માનો પરીણામ. સમ્યગ્દર્શનને જાણવાને પાંચ લક્ષણો બતાવ્યા છે. પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય આ પાંચ લક્ષણોથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આપણામાં સમકિત છે કે નહી તેની ખાત્રી થાય છે. તત્ત્વાર્થશ્રદ્ધાનને સમકિત કહે છે. આ સમકિતના પાંચ લક્ષણોનો અનુક્રમ પ્રધાનતાને અનુસારે છે. અને એક પછી એકનો લાભ થાય છે. તેમાં પૂર્વાનુપૂર્વી કરતાં પશ્ચાનુપૂર્વી સુંદર છે. તથાહિ પ્રભુના વચન ઉપર શ્રદ્ધા-આસ્થારૂપ આસ્તિક્ય હોય તો જ દુઃખી જીવો ઉપર દયા ચિંતવવારૂપ અનુકંપા હોય, અને આવી અનુકંપાનો લાભ થયે છતેજ સંસાર ઉપર ઉદાસીનવૃત્તિરૂપ નિર્વેદ-વૈરાગ્યનો લાભ થાય છે. આવા નિર્વેદનો લાભ થયે છતેજ મોક્ષની અભિલાષારૂપ સંવેગનો સારો લાભ થાય છે. આ સંવેગનો લાભ થયે છતેજ ક્રોધ કે રાગદ્વેષના અભાવરૂપ પ્રશમ-શાંતરસનો અનોખો લ્હાવો લેવાય છે આમ પશ્ચાનુપૂર્વીથી લાભ થયા પછી કર્મની જે સ્થિતિ બાકી રહેલ છે તેમાંથી સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મની સ્થિતિનો ક્ષય થવાથી બીજા અપૂર્વકરણમાં પ્રથમ તાત્ત્વિકધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ પ્રાપ્ત થાય છે. આ અપ્રમત્તસંયત આત્મા જ્યારે આઠમા ગુણઠાણે ક્ષપકશ્રેણી માંડે છે. ત્યારે આ ધર્મસંન્યાસયોગ હોય છે. આ વખતે આત્મસ્ફુરણા તીવ્ર થાય છે. પરપરિણતિ (વિભાવદશા) થતી નથી. આ અત્યંત સુંદર દશા અવાચ્ય છે. આથી જ યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ થાય છે. આ અતિ ઉત્કૃષ્ટચારિત્ર તથા જ્ઞાનદશામાં વર્તતા ઘનઘાતિ કર્મનો એકદમ નાશ થાય છે. અને કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં ક્ષયોપશમભાવના જે ક્ષમા આદિ દશવિધ ધર્મો તથા મતિ આદિ ચાર જ્ઞાનોની અહીં નિવૃત્તિ થાય છે. અને ક્ષાયિકભાવના ક્ષમા આદિક ધર્મો તથા જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ તાત્ત્વિકધર્મસંન્યાસયોગ છે પણ અતાત્ત્વિક ધર્મસંન્યાસયોગ છઠ્ઠા ગુણઠાણે પ્રવ્રજ્યા અંગીકાર કરતી વખતે હોય છે. સાવદ્ય (સપાપ) પ્રવૃત્તિલક્ષણ પ્રભુપૂજાદિ ધર્મની નિવૃત્તિરૂપ પ્રવ્રજ્યા, જ્ઞાનયોગની પ્રાપ્તિરૂપ છે.

ધર્મસંન્યાસ તાત્ત્વિકયોગ કહ્યા પછી હવે [1]યોગસંન્યાસ નામનો સામર્થ્ય યોગ બતાવે છે. કેવલજ્ઞાન રૂપ ઉપયોગથી જાણી અચિંત્ય વીર્યશક્તિવડે તે તે પ્રકારના તે તે કાલમાં ક્ષય કરવા યોગ્ય ભવોપગ્રાહિ

---

**૧ योगसंन्यासतस्त्यागी योगानप्यखिलांस्त्यजेत् । इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥ ७ ॥ ज्ञानसारे त्यागाष्टके**

**અર્થ-ત્યાગી (ક્ષાયોપશમિકધર્મસંન્યાસી) યોગસંન્યાસથી સર્વ યોગોનો પણ ત્યાગ કરે. એ યોગસંન્યાસ ચૌદમા ગુણસ્થાનકે હોય. તથાહિ કેવલજ્ઞાનવડે અચિંત્ય વીર્યશક્તિથી ભવોપગ્રાહી કર્મને તેવા પ્રકારની સ્થિતિમાં આણીને ક્ષય કરવાની ક્રિયા તે આયોજનકરણ તેનું ફળ શૈલેશી-યોગોની અત્યંત સ્થિરતા છે. ત્યારબાદ બીજો યોગસંન્યાસ નામે સામર્થ્યયોગ પ્રાપ્ત થાય છે; એમ તેના સ્વરૂપને જાણનારા કહે છે, શૈલેશી અવસ્થામાં કાયાદિ યોગોનો ત્યાગ કરવાથી 'અયોગ' નામે સર્વસંન્યાસરૂપ સર્વોત્તમયોગની પ્રાપ્તિ થાય છે. અને આ જ રીતે અન્ય યોગાચાર્યોએ જણાવેલ નિર્ગુણબ્રહ્મ (મોક્ષપદ) ઘટી શકે છે. જૈન શૈલી મુજબ શૈલેશીકરણ વડે સંપૂર્ણયોગનિરોધરૂપ સર્વસંવરરૂપ સંયમવડે સમસ્તકર્મક્ષયરૂપ મોક્ષપદ પ્રાપ્ત થઈ શકે છે. એ જ નિર્ગુણબ્રહ્મ કહેવાય છે. ઔપાધિક ધર્મયોગનો અભાવ તે નિર્ગુણશબ્દનો અર્થ ઘટાવવો.**

(અઘાતી) કર્મનો તથાપ્રકારે ક્ષય કરવા પ્રયત્નવિશેષનું નામ આયોજ્યકરણ કે શૈલેશીકરણ છે. સારાંશ કે તેરમા ગુણઠાણાના અંતે શૈલેશીકરણ કરવાની શરૂઆત કરતાં ચૌદમા ગુણઠાણે આ શૈલેશીકરણ કરવાની શરૂઆત કરતાં ચૌદમા ગુણઠાણે આ શૈલેશીકરણની ક્રિયાથી મન, વચન અને કાયાના યોગનું રૂંધન કરતાં ચાર અઘાતી કર્મો બાકી રહ્યા હતાં તેનો ક્ષય થાય છે. આ બીજો યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ શૈલેશીકરણ અવસ્થામાં થાય છે.

**अतस्त्वयोगो योगानां, योगः पर उदाहृतः ।**

**मोक्षयोजनभावेन सर्वसंन्यासलक्षणः ॥ ९ ॥**

**इत्यादि (योगद्रष्टिसमुच्चयः ३-११)**

**શબ્દાર્થ**-શૈલેશી અવસ્થામાં યોગનો અભાવ થવાથી મિત્રાદિ આઠ દ્રષ્ટિરૂપ યોગોની મધ્યમાં અયોગરૂપી આ યોગસંન્યાસ નામનો યોગ ઘણો જ ઉત્કૃષ્ટ છે. કારણ કે; આ આત્માને મોક્ષની સાથે જોડી દેનાર છે. કાયાદિ સર્વયોગોનો જેમાં સંન્યાસ-અભાવ થવાથી આ યોગને સર્વ સંન્યાસ લક્ષણયોગ કહે છે.

**વિવેચન**-આઠ દ્રષ્ટિમાં પરા નામની આઠમી દ્રષ્ટિ પ્રાપ્ત થતાં આ યોગસંન્યાસ નામનો સામર્થ્ય યોગ, શૈલેશીકરણ અવસ્થામાં મન, વચન અને કાયાના વ્યાપારનો સર્વથા અભાવ થતાં પ્રાપ્ત થાય છે. આ યોગ, સર્વયોગોમાં ઉત્તમ છે કારણ કે; આત્માને મોક્ષની સાથે જોડીદેવાને લાયક ઉત્કૃષ્ટ ધર્માનુષ્ઠાનરૂપ આ યોગસંન્યાસ નામનો સામર્થ્યયોગ છે. અહીં ક્ષયોપશમભાવના ધર્માદિનો અભાવ થાય છે.

અર્થ– એ ત્રણ યોગનો આશ્રય–અંગીકાર કર્યા વિના, વિશેષે કરીને એમાંથી જ ઉદ્ભવ પામેલ-એ ત્રણ યોગમાંથી જ ઉપજેલી એવી યોગ દ્રષ્ટિઓ કહેવામાં આવે છે. અને તે સામાન્યથી આઠ છે. મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા એમ આ યોગદ્રષ્ટિઓના નામ છે અને એઓનું લક્ષણ સાંભળો.

**આઠ દ્રષ્ટિઓનું ટુંકમાં સ્વરૂપ.**

(૧) મિત્રાદ્રષ્ટિ–મિત્રાદ્રષ્ટિમાં બોધ તૃણઅગ્નિના જેવો છે. વાસ્તવિક પોતાના કાર્યને કરનાર થતો નથી. જરૂરીના વખત સુધી અલ્પ શક્તિવાળો હોવાથી ટકી શકતો નથી. સુંદર સ્મૃતિના બીજ રૂપ સારા સંસ્કાર નહિ પડવાથી આને લઈ દેવગુરૂવંદનાવિગેરેમાં વિકલતા આવે છે. ભાવથી વંદનાદિ કાર્ય કરી શકતો નથી.

(૨) તારાદ્રષ્ટિ–આમાં બોધ, છાણાની અગ્નિના કણ જેવો છે. પહેલા કરતાં જરા અધિક ખરો પણ ખરા અવસરે બોધ બુઝાઈ જાય છે. વાસ્તવિક રીતે વધારે વખત ટકી શકે એવા વીર્યનો અહીં અભાવ છે. આને લઈ કોઈ પૂજા આદિ સારૂં કાર્ય કરવા તૈયાર થતાં, પ્રથમની સ્મૃતિ સારી ન હોવાથી તે કાર્ય કરી શકતો નથી.

(૩) બલાદ્રષ્ટિ–આમાં કાષ્ઠ અગ્નિના કણના જેવો બોધ છે. આની અંદર પહેલા બે કરતા જરા

વધારે બોધ છે. પહેલાના બેનો બોધ આમાં આવે છે આને લઇ આમાં વીર્યશક્તિ જરા વધારે છે. સ્મૃતિ પણ આમાં જરા સારી હોય છે.

આને લઇ પ્રભુપૂજા આદિ સારાં કાર્યો કરવામાં પ્રીતિ થાય છે. અને પ્રયત્ન જરા પણ કરે છે.

(૪) દીપ્રાદ્રષ્ટિ–આમાં બોધ,દીવાની પ્રભા જેવો છે. પહેલા કરતા ઘણોસારો હોય છે. કારણકે, આમાં પહેલાના ત્રણ બોધ આવી જાય છે. આને લઇ આમાં વીર્ય શક્તિ વધારે હોય છે. તેમજ કાર્ય કરવાના ટાઇમે આમાં સ્મૃતિ ઘણી સારી હોવાથી દ્રવ્યથી તથા ભાવથી દેવપૂજા ગુરૂભક્તિ વિગેરે શુભ કાર્યો કરે છે.

(૫) સ્થિરાદ્રષ્ટિ–આમાં ગ્રંથિભેદ થવાથી સમ્યગ્દર્શન નિત્ય હોય, અહીં બોધ, રત્નની કાંતિ જેવો ચિરસ્થાયી, પરીણામે અપ્રતિપાતી, તત્ત્વાર્થરૂપ-સૂક્ષ્મ બોધનું યથાર્થજ્ઞાન હોય, અજ્ઞાન અને મિથ્યાત્વનો અભાવ, સરલબુદ્ધિ, સારાકાર્યોમાં પ્રવૃત્તિ, ઘણી પ્રીતિથી સમજણ પૂર્વક કરે છે. અસત્ પ્રવૃત્તિ કરતો નથી.

(૬) કાંતાદ્રષ્ટિ–આમાં બોધ, તારાની કાંતિ જેવો છે. રત્નની કાંતિનો પ્રકાશ અમુક હદ સુધી હોય છે. જ્યારે આકાશમાં રહેલા તારાઓનો પ્રકાશ, ઘણા દૂર સુધી જાય છે. સ્થિરા કરતાં, આ દ્રષ્ટિમાં બોધ ઘણો સારો હોય છે. આ દ્રષ્ટિવાળો સ્થિર અને શાંત પ્રવૃત્તિવાળો હોવાથી ધર્માનુષ્ઠાનોમાં અતિચાર પણ લગાડતો નથી. શુદ્ધ ઉપયોગપૂર્વક પ્રમાદરહિતપણે વસ્તુ લેવા મૂકવામાં શુદ્ધપ્રવૃતિપ્રધાન ગંભીર અને ઉદાર આશયવાળું અનુષ્ઠાન કરે છે.

(૭) પ્રભાદ્રષ્ટિ–આમાં સૂર્યના પ્રકાશ જેવો બોધ હોય છે. નિરંતર આત્મધ્યાનમાં લીન રહે છે. પ્રાયેઃ કરી આમાં સંકલ્પ વિકલ્પ, આડા-અવળા વિચારો હોતા નથી. જે ક્રિયા કરે છે તે અવંધ્યફળવાળી હોય છે.

(૮) પરાદ્રષ્ટિ–આમાં ચંદ્રની ચંદ્રિકાના જેવો સૂક્ષ્મ બોધ હોય છે. નિરંતર આત્મસ્વરૂપમાં રમણતા કરવા રૂપ ધ્યાનમાં લીન રહે છે.તથા વિકલ્પરહિત હોય છે. આને લઇ પરમ સુખનો અનુભવ કરે છે. વૃક્ષ ઉપર ચડેલાને ફરી ચડવાની જરૂર રહેતી નથી તેમ આ દ્રષ્ટિવાળા જીવને આવશ્યક આદિ અનુષ્ઠાનોની જરૂર રહેતી નથી. પરંતુ ભવ્યતાને અનુસારે પરોપકાર તથા પહેલાંની માફક અવંધ્ય ક્રિયા હોય છે.

હવે ચૈત્યવંદનમાં કયાં કયાં આ ત્રણ યોગો છે તેની ઘટના કરે છે. **'नमोऽर्हद्भ्यः' इत्यनेनेच्छायोगाभिधानं, 'नमो जिनेभ्यो जितभयेभ्य' इत्यनेन तु वक्ष्यमाणेन शास्त्रयोगस्य, निर्विशेषेण सम्पूर्णनमस्कारमात्राभिधानात्, विशेषप्रयोजनं चास्य स्वस्थान एव वक्ष्याम इति ॥ तथा-इक्कोऽवि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥ १ ॥'' इत्यनेन तु पर्यन्तवर्त्तिना सामर्थ्ययोगस्य कारणे कार्योपचारात्, न संसारतरणं सामर्थ्ययोगमन्तरेणेति कृत्वा ।**

**ભાવાર્થ**–તેથી આ ચૈત્યવંદનના સૂત્રમાં રહેલ, **'नमोऽर्हद्भ्यः'** 'અરિહંતોને નમસ્કાર થાઓ' આ પ્રથમપદથી ઇચ્છાયોગ (ઇચ્છાપ્રધાન નમસ્કારરૂપ તત્ત્વધર્મવ્યાપારનું પ્રતિપાદન હોઇ ઇચ્છાયોગ) નું વિધાન કરેલ છે.

(२)'नमो जिनेभ्यो जितभयेभ्यः' ઈત્યાદિ વક્ષ્યમાણ છેલ્લી નવમી સંપદાઘટકપદોથી શાસ્ત્રયોગનું સમર્થન થાય છે. કારણ કે; વિશેષ વગર સામાન્યથી સંપૂર્ણ (અવિકલ-પુરેપુરી રીતિએ) ફકત નમઃ પદનું (પ્રાર્થનાર્થક 'અસ્તુ'-ક્રિયાપદ શૂન્ય કેવલ નમઃ પદનું) કથન છે. (શાસ્ત્રની પ્રધાનતાવાળો અવિકલવંદના-નમસ્કાર રૂપ તત્ત્વધર્મવ્યાપારરૂપ છે.) અર્થાત્ સ્તુતિવિષય ભાવઅર્હદ્ આલંબનવિશેષસ્થાનરૂપ પ્રથમાધિકાર શક્રસ્તવની સમાપ્તિમાં વર્તમાન નમઃપદાર્થ જે નમસ્કાર, તે શાસ્ત્રયોગ દર્શાવે છે. આ નમસ્કારનું વિશેષપ્રયોજન તો 'નમો જિનવર વૃષભ-ઉત્તમ એવા મહાવીરસ્વામીને કરેલો એક પણ નમસ્કાર, સંસાર સાગરથી નર કે નારીને તારે છે.'

ચૈત્યવંદન સૂત્રાન્તર્ગત છેલ્લા સૂત્રમાં વર્તમાન આ ગાથામાં રહેલ 'એક પણ નમસ્કાર ઈત્યાદિ વાક્યથી જે નમસ્કાર કરેલ છે તે નમસ્કાર, સામર્થ્યયોગને બતલાવે છે.

**'नमस्कारः सामर्थ्ययोगः'** નમસ્કાર એ કારણ છે. જ્યારે સંસાર તરણરૂપ કાર્યનો અવ્યવહિત (સાક્ષાત્-ફલોપધાયક) હેતુરૂપ સામર્થ્યયોગ કાર્ય છે. એટલે **'घृतमायुः'**[1] એ ન્યાયથી નમસ્કાર રૂપ કારણમાં સામર્થ્યયોગરૂપ કાર્યનો ઉપચાર[2] (વ્યવહાર-આરોપ) કરી 'નમસ્કાર એ સામર્થ્યયોગ છે' એમ કહેવાય છે. સંસારથી તરવું સામર્થ્યયોગ સિવાય બની શકતું નથી. અને સામર્થ્યયોગ, તાદૃશ નમસ્કાર સિવાય નથી. એટલે નમસ્કાર, સામર્થ્યયોગજનનદ્વારા સંસારતરણરૂપ કાર્યના પ્રત્યે કારણ છે. એવું ધ્વનિત થાય છે.

હવે વાદી **'प्रातिभज्ञानसंगतः सामर्थ्ययोगो'** ઈત્યાદિ છઠ્ઠા શ્લોકમાં જે સામર્થ્યયોગનું 'પ્રાતિભજ્ઞાનસંગતત્ત્વ' વિશેષણ આપ્યું હતું. પણ પ્રાતિભજ્ઞાનનું સ્વરૂપ નહીં દર્શાવેલ હોવાથી તેનું સ્વરૂપ જાણવા દલીલસર પૂછે છે કે-

**आह-अयं 'प्रातिभज्ञानसङ्गत' इत्युक्तं, तत्किमिदं प्रातिभं नाम ? असदेतत्, मत्यादिपञ्चकातिरेकेणास्याश्रवणाद्,**

ભાવાર્થ-વાદી-શંકા આ સામર્થ્યયોગનું 'પ્રાતિભજ્ઞાન સંગત્વ' જે વિશેષણ, આપ્યું તે ખરૂં પરંતુ પ્રાતિભરૂપજ્ઞાન કોને કહેવાય ? એનું સ્વરૂપ છે ? તે બતલાવો ? મને તો લાગે છે કે પ્રાતિભજ્ઞાનની પ્રરૂપણા અસદ્રૂપ-

---

**१. 'घृतमायुः' अत्रायुष्कारणमपि घृतं कार्यकारणभावसम्बन्धसम्बन्ध्यायुस्तादात्म्येन प्रतीयते, अव्यभिचारेणायुष्करत्वं प्रयोजनं, तथा 'नमस्कारः-सामर्थ्ययोगः' इत्यत्र सामर्थ्ययोगकारणमपि नमस्कारः, कार्यकारणभावसम्बन्धसम्बधी सामर्थ्ययोगस्तादात्म्येन प्रतीयते, अव्यभिचारेण सामर्थ्ययोगकरत्वं प्रयोजनं, नमस्कारे सामर्थ्ययोगत्वारोपः सामर्थ्ययोगसाधनत्वादित्यवधेयम् ।**

**२. "अत्यंत भिन्न शब्दोने विषे अमुक प्रकारनी समानता जोवाथी तेमां रहेली भिन्नतानो ख्याल छोडी दई तेमने एक गणवा ते उपचार छे."**

**कारणमां कार्यनो उपचार-आने माटे आपणे माटी अने घडानुं उदाहरण विचारीशुं. जे वखते मृत्तिकानीज अवस्थामां होय-मृत्तिकारूपेज होय घटरूपे परिणत न थई होय त्यारे पण सत्कार्य वादनी अपेक्षाए अथवा तिरोभावनी विवक्षा पूर्वक मृत्तिकाने घटरूप मानवी ते आ उपचारनुं दृष्टांत छे. विशेषमां आवी स्थितिमां पण आ मृत्तिका घट छे. एम कहेवुं ते खोटुं नथी. जो के आमां घटना जलधारणादिक धर्मो नथी अर्थात् आ मृत्तिकाथी कंई घटनुं कार्य थई शके तेम नथी, तो पण रूप-रस-गंध विगेरे केटलाक समान धर्मो बंनेमां रहेता होवाथी तेमज भविष्यमां ते घट बनी शकनार होवाथी तेम कहेवुं न्याय्य छे. पारिभाषिकशब्दमां कहीए तो अत्र द्रव्यघटमां भावघटनो आरोप करवामां आव्यो छे.**

અસત્યરૂપ છે કારણ કે; કોઈ પણ જગ્યા પર શાસ્ત્રમાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-કેવલજ્ઞાન રૂપ પાંચ જ્ઞાનથી જુદું-અલાયદું પ્રાતિભનામનું જ્ઞાન સાંભળેલ નથી. પછી તો આપ ફરમાવો તે ખરૂં ! વારૂ, ત્યારે સમજાવો ?

હવે આ શંકાનું સમાધાન કરવા કહે છે કે-

**उच्यते-चतुर्ज्ञानप्रकर्षोत्तरकालभावि, केवलज्ञानादधस्तदुदये सवित्रालोककल्पमिति न मत्यादिपञ्चकातिरेकेणास्य श्रवणं, अस्ति चैतद्, अधिकत्वावस्थोपपत्तेरिति, एतद्विशेष एव प्रातिभमिति कृतं विस्तरेण १ ।**

**ભાવાર્થ**-પ્રતિવાદી-સમાધાન-સાંભળો ! પ્રાતિભનામનું જ્ઞાન એટલે મતિશ્રુત આદિ ચાર જ્ઞાનના પ્રકર્ષના (મતિ આદિ ચાર જ્ઞાનની પ્રકૃષ્ટદશાના) ઉત્તર (પછીના) કાલમાં થનારૂં અને કેવલજ્ઞાનથી નીચે એટલે અવ્યવહિત-અનંતર પૂર્વકાલમાં રહેનારૂં આ જ્ઞાન વિશેષજ-ઉત્કૃષ્ટજ્ઞાનદશાવિશેષજ પ્રાતિભજ્ઞાન છે. આ પ્રાતિભજ્ઞાન, કેવલજ્ઞાનના ઉદય પહેલાં સૂર્યના આલોક-અરૂણોદય સરખું છે.

જ્યારે કેવલજ્ઞાન સૂર્ય છે. ત્યારે પ્રાતિભજ્ઞાન અરૂણોદય છે.

મતલબ કે, પ્રાતિભજ્ઞાન પછી તરત જ કેવલજ્ઞાનરૂપી સૂર્યની ઝગમગતી જ્યોત લોકાલોકમાં ઝળહળે છે. એટલે જ આ પ્રાતિભજ્ઞાનનું મતિઆદિ પાંચ જ્ઞાનોનું જુદુ શ્રવણ-સાંભળવું ક્યાંથી જ સંભવે ?

વળી આ પ્રાતિભજ્ઞાન, સદ્રૂપ-સત્યરૂપ છે. જુઠું નથી. કલ્પિત કે કૃત્રિમ નથી. કારણ કે, ચાર જ્ઞાન-મતિઆદિરૂપજ્ઞાન ચતુષ્કની અધિકતા-પ્રકૃષ્ટતારૂપ અવસ્થા-ઉત્કૃષ્ટ અવસ્થાવિશેષની ઉપપત્તિ-ઘટના બરોબર ઘટિત છે. એથી જ ચતુર્જ્ઞાનપ્રકર્ષોત્તર કાલીન, કેવલજ્ઞાનઅવ્યવહિતપૂર્વકાલીન ઉત્કૃષ્ટજ્ઞાનવિશેષનેજ પ્રાતિભજ્ઞાનતરીકે સંકેતિત કે સંજ્ઞિત કરે છે. આ પ્રમાણેના શબ્દવિસ્તારરૂપ વિસ્તારથી સરો ! આ પ્રમાણે 'નમોત્થુણં અરહંતાણં' એ રૂપ પ્રથમપદની વ્યાખ્યાની સમાપ્તિ થાય છે.

હવે શાસ્ત્રકાર, 'ભગવદ્ભ્યઃ' એ વિશેષણપદ કેમ મૂકેલ છે ? એની અવતરણિકા કહ્યા બાદ 'ભગવદ્ભ્યઃ' એ પદની ખૂબીભરી વ્યાખ્યા કરે છે કે,

**एते चार्हन्तो नामा-द्यनेकभेदाः, 'नामस्थापनाद्रव्यभावतस्तन्न्यास' इति (तत्त्वार्थे अ. १ सू. ५) वचनात् तत्र [1]भावोपकारकत्वेन भावार्हत्सम्पत्परिग्रहार्थमाह-''भगवद्भ्य इति'' तत्र भगः-समग्रैश्वर्यादिलक्षणः, उक्तं च ''ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसःश्रियः । धर्म्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना ॥ ९ ॥**

**ભાવાર્થ**-વળી આ અર્હંતો, [2]નામઅર્હંત-[3]સ્થાપનાઅર્હંત [4]દ્રવ્યઅર્હંત-[5]ભાવઅર્હંત વિગેરે અનેક ભેદ-

---

૧ भावुवायारो सम्मत्तनाणचरणेसु जमिहसंठवणं ध. सं. ७ यदिह सम्यक्त्वज्ञानचरणेषु संस्थापनं स भावोपचारो विज्ञेयः ।

૨ નામ જિનેશ્વર-જિનેશ્વરનાં પર્યાયવાચક શબ્દો જેમકે, જિન અર્હન્, પારગત વિગેરે. અથવા જિનેશ્વરના નામો-ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ વિગેરે.

૩ સ્થાપના જિનેશ્વર-જિનેશ્વર ભગવંતની શાશ્વતી અશાશ્વતી પ્રતિમાઓ પગલાં વિગેરે.

પ્રકાર વાળાઓ છે. કેમકે, આ વિષયમાં તત્ત્વાર્થશાસ્ત્રનો પુરાવો છે. હવે તે પુરાવાને કહે છે કે, નામ-સ્થાપના-દ્રવ્ય તથા ભાવરૂપથી સમ્યગ્દર્શન આદિ તથા જીવાદિ તમામ તત્ત્વોનો-ન્યાસ-નિક્ષેપ-અર્થ-અર્થ માન્યના વિભાગો થાય છે. પ્રત્યેકશબ્દના કમમાં કમ નામ આદિ ચાર નિક્ષેપાઓ તો અવશ્ય થાય જ છે.''

તથાચ અરિહંતો, નામ આદિ અનેક પ્રકારના છે એટલે તત્ર-ભાવઅરિહંત વિષયક વંદનાના અધિકાર રૂપ શક્રસ્તવાન્તર્ગત 'નમોત્થુણં અરહંતાણં' ઈતિ વાક્યઘટક 'અરિહંત' પદથી ભાવઅરિહંતનું ગ્રહણ, ઈતરભેદક વિશેષણ વગર, સામાન્યથી ન થાય એટલા સારૂ ભાવરૂપ અર્હત્તાનું પરિચાયકવિશેષણપદનું નિરૂપણ કરતા પહેલાં કહે છે કે ભાવ અરિહંતો ભાવ[૧] ઉપકાર કરનારા હોય છે.' આવો નિયમ છે એટલે નામાદિ અરિહંતોને છોડી જેમાં ભાવ ઉપકાર છે. એવા ભાવ અરિહંતનું ગ્રહણ કરવા સારૂં કહે છે કે, **'भगवद्भ्यः'** 'અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ !'

હવે પ્રથમ સંપદાના દ્વિતીયપદ[૨]ભગવત્પદઘટક ભગનું લક્ષણ-સ્વરૂપ બતલાવે છે કે, **'समग्रैश्वर्याद्यन्यतमत्वं भगस्य लक्षणम्'** અર્થાત્ સમગ્ર (પ્રકૃષ્ટ-પરમ-સકલ) ઐશ્વર્ય આદિ (પ્રભુતા વિગેરે) અર્થરૂપ લક્ષણવાળો ભગ શબ્દ છે. કહ્યું છે કે; 'સમગ્ર ઐશ્વર્ય, સમગ્રરૂપ, સમગ્રયશ, સમગ્રશ્રી, સમગ્રધર્મ, સમગ્ર પ્રયત્ન એ રૂપ છ અર્થમાં ભગ શબ્દ રૂઢ છે. અર્થાત્ આ છ અર્થમાં ભગ શબ્દનો સંકેત છે. આ છ અર્થને ભગ એવી ઈંગના-સંજ્ઞા આપેલ છે. હવે આ ભાવરૂપ અરિહંતમાં છ અર્થનો સમગ્રપણાએ-સંપૂર્ણપણે જે યોગ રહેલો છે તે યોગને સુંદર શૈલીમાં ઘટાવે છે.

**समग्रं चैश्वर्यं-भक्ति नम्रतया त्रिदशपतिभिः शुभानुबन्धिमहाप्रातिहार्यकरणलक्षणं, रूप पुनः सकलसुरस्वप्रभावविनिर्म्मिताङ्गुष्ट-रूपाङ्गारनिदर्शनातिशयसिद्धं, यशस्तु-रागद्वेषपरीषहोपसर्ग्गपराक्रमसमुत्थं त्रैलोक्यानन्दकार्याकालप्रतिष्ठं, श्रीः पुनः-धातिकर्म्मोच्छेदविक्रमावाप्तकेवललोकनिरतिशयसुखसम्पत्समन्वितता परा, धर्म्मस्तुसम्यग्दर्शनादिरूपो दानशीलतपोभावनामयः साश्रवानाश्रवो महायोगात्मकः, प्रयत्नः पुनः परमवीर्यसमुत्थ एकरात्रिक्यादिमहाप्रतिमाभावहेतुः समुद्घातशैलेश्यवस्थाव्यङ·ग्य समग्र इति, अयमेवंभूतो भगोविद्यते येषां ते भगवन्तः, तेभ्यो [१]भगवद्भ्यो नमोऽस्त्विति २, एवं सर्वत्र क्रिया योजनीया तदेवंभूता एव प्रेक्षावतां स्तोतव्या इति स्तोतव्यसम्पत् १ ।**

---

૪. દ્રવ્ય જિનેશ્વર-'द्रव्यं दलिकं भूतभाविकारणं तदाश्रित्य जिना द्रव्यजिना' ચૈ. ભા. ની અપેક્ષાએ જે આત્માઓ અરિહંત પદવીને મેળવી સિદ્ધ થયેલા છે. અને જેઓ અરિહંત પદવીને મેળવશે તે જીવ દ્રવ્યો 'દ્રવ્યજિન' કહેવાય છે. શ્રેણિક વિગેરે.

૫. પ્ર સા. તથા अष्टमहाप्रातिहार्यादिसमृद्धिं साक्षादनुभवन्तः 'केवलिनः' समुत्पन्नकेवलज्ञानाः 'शिवगताश्च' परमपदप्राप्ता भावतः-सद्भावतो जिना भावजिना' પ્ર. સા. આઠ મહાપ્રાતિહાર્ય આદિ ઐશ્વર્યના સાક્ષાત્ભોગી-કેવલીજિનો 'ભાવજિન' તથા જે અરિહંતો સિદ્ધ થયેલા છે. તે પણ સદ્ભાવથી જિન હોઈ 'ભાવજિન' કહેવાય છે.

૧ તીર્થપ્રવર્ત્તન-ભવ્યોને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિમાં જોડવા-સ્થાપવા આદિરૂપ ભાવ ઉપકાર.

૧ ईसरियं जसो रूवं सिरियं धम्मो तहा पयत्तो य । ए ए जेसिं पगट्ठा ते भगवंते नमो तेसिं ॥ १ ॥

૨ સરખાવો. अंगुष्ठमेकमणुभि र्मणिजैः सुरेन्द्रा, निर्माय चेत्तव पदस्य पुरो धरेयुः । पूष्णोऽप्र उत्मुकमिवेश ! स दृश्यते वै, यत्ते समानमपरं नहि रूपमस्ति ॥ १२ ॥ શ્રી ધર્મવર્ધનકૃત વીરભક્તામરે.

(૧) સમગ્ર ઐશ્વર્ય-સંપૂર્ણ જગત્ત્રયપ્રભુત્વ-દેવાધિદેવ જગત્પ્રભુ ભાવઅરિહંતોની આગળ, ભક્તિભીના હૈયે નમેલા દેવોના દેવો-ઈન્દ્રો, શુભાનુબંધી (ઉત્તરોત્તર પુણ્યની અવિચ્છિન્ન ધારાની વૃદ્ધિવાળી) અશોકવૃક્ષ આદિરૂપ આઠ મહાપ્રાતિહાર્ય કરવા રૂપક્રિયા-રચના કરે છે. એમાં પરમાત્માનું પૂર્ણ પ્રભુત્વનું દર્શન થાય છે.

(૨) સમગ્રરૂપ-તમામ દેવતાઓ પોતાના પ્રભાવથી પોતાના રૂપને એક અંગુઠા પ્રમાણ વિકુર્વે તો પણ પ્રભુના ચરણના એક અંગુઠા આગળ તે રૂપ, બુઝાઈ ગયેલા અંગારા-કોલસા જેવું ભાસે છે. આવા દ્રષ્ટાંતથી સિદ્ધ-સર્વાતિશાયિરૂપ રૂપસમગ્ર રૂપસંપન્ન ભાવઅરિહંતો જ હોય છે.

(૩) સમગ્રયશઃ-રાગ-દ્વેષ-પરીહષ-ઉપસર્ગરૂપ ભાવશત્રુની ફોજને ક્ષમાથી સહન કરી હઠાવવાના પરાક્રમથી ઉત્પન્ન થયેલ (વ્યાપેલ) યશ, (સર્વદિગંતપર્યંત વ્યાપક ખ્યાતિરૂપ યશ) ત્રૈલોક્યને-સુર અસુર નર વિગેરેને આનંદ પમાડનાર છે અને સદાકાળ પ્રતિષ્ઠા-સ્થિતિને પામી ચૂકેલ છે-પ્રતિષ્ઠિત છે. અત એવ સર્વાતિશાયિ શારદશશિસમવિશદ યશના ભોગી-સ્વામીભાવઅરિહંતો જ હોય છે.[૨]

(૪) સમગ્રશ્રી-જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય અને અંતરાય રૂપ ચાર ઘનઘાતિ કર્મનો ઘાત (ક્ષય) કરવા સમર્થ વિક્રમ (બલ-વીર્ય-શૌર્ય) થી મેળવેલ કેવલજ્ઞાનરૂપ લોકોત્તર આલોક (પ્રકાશ-જ્યોત) તથા અનંતસુખરૂપ સંપદા-લક્ષ્મીનો સમન્વય-સંબંધ, પરાકાષ્ઠાનો-ઉત્કૃષ્ટકોટીનો છે. અર્થાત્ તાદૃશ કેવલજ્ઞાન[૩]-અનંત સુખ-સર્વોત્કૃષ્ટલક્ષ્મીના નિત્યસંબંધવાળા ભાવ અરિહંતો હોય છે. સમવસરણ આદિ બાહ્યલક્ષ્મીપતિ અને કેવલજ્ઞાન આદિ અંતરંગ લક્ષ્મીપતિ ભાવઅર્હંતો જ હોય છે.

(૫) સમગ્રધર્મ-સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ, દાન-શીલ-તપ-ભાવનામય, સાશ્રવ (પુણ્યલક્ષણ-પુણ્યરૂપ) અને અનાશ્રવ (સંવર-સંજ્ઞા યોગ લક્ષણ) રૂપ, તાત્ત્વિકધર્મસંન્યાસરૂપ સામર્થ્યયોગ અને યોગસંન્યાસ રૂપ સામર્થ્યયોગ

---

અર્થઃ-હે પરમેશ્વર ! (ચંદ્રકાંતાદિક) રત્નોમાંથી ઉત્પન્ન થયેલા પરમાણુઓ વડે (કદાચ) એક અંગુઠો (નવીન) બનાવીને જો દેવેન્દ્રો તારા ચરણના અંગુઠાની આગળ ધરે, તો તે નક્કી સૂર્યની સામે અંગારા જેવા દેખાય છે. જેથી કરીને નક્કી તારા સમાન અન્ય રૂપ જગમાં નથી.

'કોડી દેવ મિલકે કર ન શકે, એક અંગુઠ પ્રતિ છંદ, ઐસો અદ્‌ભૂત રૂપ તિહારો, વરસત માનું અમૃતકો બુંદ' ગા. ૪ ન્યાયાચાર્ય ન્યાયવિશારદ ઉપાધ્યાયજી શ્રીમાન્ યશોવિજયજી મહારાજ પાર્શ્વનાથ ભગવાનના સ્તવનમાં રૂપની અદ્‌ભૂતતા વર્ણવતાં વર્ણવે છે. આપનું રૂપ એવું અદ્‌ભૂત-ચમત્કારી છે કે આપના એક અંગુઠાના પડઘા-પ્રતિભાસ-જેવું રૂપ, કોડી દેવતાઓનું રૂપ-તેજ ભેગું મળે તોય થાય તેમ નથી. અને જાણે ત્હારામાંથી અમૃતના બિંદુ વરસી રહ્યા હોય એમ માનું છું.

૧ सव्वसुरा जई रूवं अंगुट्ठपमाणयं विउविज्जा । जिणपायंगुट्ठं पइ न सोहए तं जहिंगालो ॥ आ. नि. ५६९

૨ इसरिय मिह पहुतं ससुरासुरमणुयजीवलोगस्स, तिहुयणगज्झो चंदुज्जलो जसो रूवमइरम्मं ॥

૩ बहिलच्छी ओसरणाइ अंतरगा उ केवलाईआ, धम्मो फलरूवोजं न जिणत्ता धम्मफलमन्नं ॥

૪ 'धर्म्यो द्विधा मतः । संज्ञानयोग एवैकस्तथाऽन्यः पुण्यलक्षणः' ॥ २० ॥ शास्त्रवार्ता समुच्चये संज्ञानयोगः-समीचीनमर्हत्प्रवचनानुसारि ज्ञानं गुरूपारतन्त्र्यनिमित्तं संवेदनं तेन सहितो योग शुभवीर्योल्लासः ।

લક્ષણ મહાયોગાત્મક, જે જે ધર્મ છે તે તે ધર્મના ભાવઅર્હંતો જ હોય છે.

(૬) સમગ્રપ્રયત્ન-પરમ (ઉત્કૃષ્ટ) વીર્યથી ઊઠેલો-ઉત્પન્ન થયેલો, એકરાત્રિકી આદિ મહાપ્રતિમાઓના[૧] હેતુભૂત, કેવલિ સમુદ્‌ઘાત, [૨]શૈલેશી[૩]અવસ્થાથી વ્યંગ્ય (ઓળખીશકાય-પરિચેયમેય-જ્ઞેય) જે પ્રયત્ન[૪]-ઉદ્યમ છે તે સકલ સંપૂર્ણ પ્રયત્ન કહેવાય છે, તેના પતિ-સ્વામીઓ ભાવરૂપ અર્હંતો જ હોય છે. સારાંશ કે ઉપર્યુક્ત ભગશબ્દના છ અર્થવાળા જેઓ હોય છે, તે ભગવંતો કહેવાય છે. 'અર્હંત' પદની સાથે 'ભગવદ્‌ભ્યઃ' આ વિશેષણ પદ જોડવાથી 'અર્હંત' પદથી ભાવઅરિહંતોનું ઉપાદન થાય છે. જો ભગવત્ત્વરૂપ વિશેષણ અર્હંતમાં ન આપવામાં આવે તો આ વર્તમાન-ચાલતા ભાવજિનેશ્વરના અધિકારમાં નામાદિરૂપ અનેક જિનેશ્વરોનું ગ્રહણ થઈ જાય ! જે આ અધિકારમાં વિવક્ષિત કે ઈષ્ટ નથી. એ વંદનીય નામાદિ જિનેશ્વરો બીજા આદિ અધિકારમાં આવશે જ.

'અરિહંતોને નમસ્કાર થાઓ !' પ્રશ્ન-કેવો અરિહંતોને ? તો જવાબ આપે છે, કે 'ભગવંતોને' અર્થાત્ 'ભગવંત એવા અરિહંતોને નમસ્કાર થાઓ !' અહીં પહેલી સંપદાનું બીજું પદ એટલે બીજા પદની વ્યાખ્યા પૂરી થાય છે. તથાચ પહેલી સંપદામાં રહેલ 'ભગવદ્‌ભ્યઃ' એ રૂપ બીજા પદનું વ્યાખ્યાન સમાપ્ત થાય છે.

આ પ્રમાણે તમામ વિશેષણસ્થલોમાં 'નમોઽસ્તુ' ક્રિયાપદની યોજના કરવી. એવંચ આવા-ભગવત્ત્વરૂપ પ્રકારવાળા-(ભગવત્ત્વરૂપ વિશેષણ વિશિષ્ટ) અર્હંતો-ભાવ જિનેશ્વરો-દેવાધિદેવોજ, પ્રેક્ષાવંત (વિચારક-મીમાંસક-બુદ્ધિમંત) પુરૂષોને સ્તુતિપથમાં ઉતરી શકે છે. વાસ્તે પ્રથમના બે પદોને સ્તોતવ્યસંપદા કહેવામાં આવેલ છે.

પહેલી સ્તોવ્યસંપદા 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં' રૂપ બે પદ રૂપ સંપદાનું વ્યાખ્યાન પૂરૂં થાય છે.

---

૧ કાર્યોત્સર્ગ વિશેષ-તપોવિશેષ-અભિગ્રહવિશેષ એ ત્રણ અર્થ થાય છે.

૨ કેવલીસમુદ્‌ઘાત-અઘાતી કર્મોને સરખા કરવા માટે કેવલીઓને સમુદ્‌ઘાત કરવો પડે છે. એમાં ચૌદ રાજલોકના પ્રત્યેક આકાશપ્રદેશપર પોતાના આત્મપ્રદેશને મૂકી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારે કર્મોને સરખા (ચારેનો એકી વખતે ક્ષય થઈ જાય એવા પ્રકારના) કરવામાં આવે છે. એ સમુદ્‌ઘાત, કુલ આઠ સમયનો હોય છે. આત્માની અદ્‌ભૂતશક્તિનું એ પરિણામ છે. પ્રથમ સમયે એમાં-દંડકરી આત્માનાં પ્રદેશોને સમશ્રેણીએ સીધા લાકડી જેમ ગોઠવે છે. બીજે સમયે તેનો કપાટ કરે છે. એટલે દંડને સમબાજુએ ગોઠવે છે. આથી ચૌદરાજ પ્રમાણ 'સ્લેટ' થઈ જાય છે. ત્રીજે સમયે મંથાન કરે છે. એટલે બેની ચાર બાજુ દંડમાંથી થઈ જાય છે. ચોથે સમયે આંતરા પૂરે છે. પાંચમા સમયે આંતરા સંહરે છે. છઠ્ઠે સમયે મંથાન સંહરે છે. સાતમા સમયે કપાટ સંહરે છે. અને આઠમાં સમયે દંડ સંહરે છે. આથી કર્મો સરખી સ્થિતિમાં આવી જાય છે. આ અદ્‌ભૂત પ્રયોગ છે.

૩ યોગનો નિરોધ થતાં આત્મા પર્વતની જેમ સ્થિર થાય છે. તેની અસ્તવ્યસ્ત સ્થિતિ તદ્‌ન મટી જાય છે. આ સ્થિતિને શૈલેશીકરણ કહેવામાં આવે છે. શૈલેશીકરણ ચૌદમે ગુણઠાણે હોય છે. ચૌદમાગુણઠાણાનો કાળ હ્રસ્વાક્ષર-'અઈઉઋલૃ' બોલીએ તેટલો જ છે. આ સ્થિતિ બહુથોડો વખત ચાલે છે. તુરત જ સર્વકર્મથી મુક્ત થાય છે.

૪ ધમ્મુજ્જમો પયત્તો પયડોચ્ચિઅ સો જિણાણ સંપુન્નો । કરસંઠિએ વિમુક્ખે પરોપયારિક્કનિરયાણં ॥ હાથમાં મોક્ષ હોવા છતાં પરોપકારૈકપરાયણ જિનેશ્વરોનો તે સંપૂર્ણ ધર્મોદ્યમરૂપ પ્રયત્ન પ્રગટજ છે.

હવે આગળ ગ્રંથ ચલાવતા પહેલાં ગ્રંથકાર સાંખ્યમતનું નિરાકરણ કરવા સારૂં જે આરંભ કરે છે તે પહેલાં વાચકોને જલ્દી સાંખ્યમતનો પૂર્વ પક્ષ સમજાઈ જાય તે ઈરાદાથી કંઈક આત્મવિષયક સાંખ્યમતની માન્યતા બતાવવામાં આવે છે.

**'अकर्त्ता विगुणो भोक्ता नित्यचिदभ्युपेतश्च पुमान्'**

(૧) અકર્તા=પુણ્યપાપ-જન્માદિ પ્રપંચનો કર્તા આત્મા નથી. કારણ કે; આત્મા તણખલા જેવી નાની ચીજને ભાંગવા સમર્થ નથી થતો. વળી કર્તાપણું (કર્તૃત્વ) એ ધર્મ પ્રકૃતિનો જ છે. કમલદલની માફક પુરૂષ (આત્મા) તો નિર્લેપ-નિરંજન છે. પ્રકૃતિ જ કરનારી છે.

(૨) વિગુણ=સત્ત્વ-રજસ્-તમોગુણ રહિત આત્મા છે. સત્ત્વાદિ ગુણધર્મો પ્રકૃતિના જ છે.

(૩) ભોક્તા=આત્મા, ભોગવનાર કે અનુભવનાર છે તે ભોક્તા સાક્ષાત્ નથી. પરંતુ પ્રકૃતિના વિકારરૂપ-ઉભયમુખ-દર્પણ જેવી જ બુદ્ધિ છે તેમાં સંક્રમેલ સુખદુઃખ આદિનું પોતાના સ્ફટીકશા નિર્મલ સ્વરૂપમાં પ્રતિબિંબિતપણું થવાથી ભોક્તા છે. જેમ જાસુદ વિગેરે ફુલોના સન્નિધાન (નજદીકપણાના) વશથી સ્ફટિકમાં લાલાશનો વ્યવહાર થાય છે. તેમ પ્રકૃતિનું નજદીકપણું હોવાથી પુરૂષ પણ સુખદુઃખાદિનો ભોક્તા છે એમ વ્યવહાર થાય છે. આત્મામાં ભોગથી કોઈપણ જાતનો વિકાર થતો નથી.

(૪) નિત્યચિદભ્યુપેત=નિત્યચૈતન્યસ્વરૂપ આત્મા છે. અર્થાત્ પુરૂષનું લક્ષણ ચૈતન્ય, જ્ઞાન નહિ. કેમકે; જ્ઞાન તો બુદ્ધિનો વિષય ગણાયેલ છે.

કાપિલ-સાંખ્યમતમાં-દર્શનમાં આત્મા, અમૂર્ત-ચેતન-ભોક્તા-નિત્ય-સર્વવ્યાપી-ક્રિયા વગરનો-અકર્તા-ગુણશૂન્ય-સૂક્ષ્મમાનેલ છે.

વ્યવહાર-સકલતંત્રની સંચાલિકા પ્રકૃતિ જ છે અને પ્રકૃતિ એટલે સુખ લક્ષણ-સત્ત્વગુણ, દુઃખલક્ષણ રજોગુણ, મોહલક્ષણ તમોગુણરૂપ ત્રણ ગુણોની સામ્ય અવસ્થા-તુલ્ય પ્રમાણથી ત્રણે જેમાં રહેલ હોય તેવી અવસ્થા, પ્રકૃતિ કહેવાય છે. એનું બીજું નામ પ્રધાન અને અવ્યક્ત છે. આ પ્રકૃતિ-પ્રધાન, ઉત્પન્ન થતી નથી. નાશ પામતી નથી, પરંતુ સ્થિર એક સ્વભાવવાળી છે. આથી જ કૂટસ્થનિત્યસ્વરૂપ છે.

સાંખ્યો બે પ્રકારના છે.

(૧) પૂર્વ (મૌલિક-પ્રાચીન-નિરીશ્વર) સાંખ્યો છે તે પ્રત્યાત્મ-પ્રત્યેક આત્મદીઠ પ્રકૃતિને જુદી જુદી માનવાવાળા છે. અર્થાત્ પ્રત્યાત્મ પ્રધાન (પ્રકૃતિ) ભેદવાદીઓ છે.

(૨) ઉત્તર સાંખ્યો=પ્રત્યેક આત્મદીઠ પ્રકૃતિ એક (અભિન્ન) માને છે. પ્રત્યેક આત્મદીઠ જુદી જુદી માનતા નથી. કહ્યું છે કે; **'उत्तरे साङ्ख्या एकं नित्यं सर्वात्मसु प्रधानं'** ઈતિ એટલે તેઓ-ઉત્તરસાંખ્યો, 'પ્રત્યાત્મપ્રધાનાભેદવાદીઓ છે.

સૂત્રનો ભાવાર્થ સમજવામાં સહેલાઈ પડે એટલા સારૂં ઉપરનું વિવેચન કરેલ છે. હવે સૂત્રાર્થ ઉપર અવતરણ સહિત દ્રષ્ટિપાત કરીએ ! સ્તોતવ્યસંપદાની પ્રધાન-સાધારણ-અસાધારણ હેતુ સંપદા નામની-ત્રણ

પદરૂપ-બીજી સંપદાનું વ્યાખ્યાન કરવા પરાયણ શાસ્ત્રકાર, પહેલાં અવતરણિકા સહિત દ્વિતીય સંપદા ઘટક પ્રથમ પદની વ્યાખ્યા કરે છે કે; **एतेऽपि भगवन्तः प्रत्यात्मप्रधानवादिभिर्मौलिकसाङ्ख्यैः सर्वथाऽकर्त्तारोऽभ्युपगम्यन्ते 'अकर्त्ताऽऽत्मेति वचनात्, तद्व्यपोहेन कथञ्चित्कर्तृत्वाभिधित्सयाऽऽह ''आदिकरेभ्यः'' इति.**

ભાવાર્થ-અહીં ઉત્તરસાંખ્યોને નહીં લેવા સારૂં શાસ્ત્રકારે 'મૌલિક સાંખ્ય' પૂર્વ સાંખ્ય એમ કહેલ છે. એમ કહેવાનો આશય એવો છે કે જ્યારે પ્રત્યાત્મ પ્રધાન (પ્રકૃતિ) ભેદવાદી સાંખ્યો છે ત્યારે આ બાજુ પ્રત્યાત્મ કર્મ ભેદવાદી જૈનો છે. એટલે અહીં સુધી બરાબર જૈન અને સાંખ્ય સરખા છે. પરંતુ વિપ્રતિપત્તિ-વિરોધ ક્યાં આવે છે તે નીચેના મુદ્દાથી તારવી શકાય છે. (**'विरूद्धार्थ प्रतिपादकवाक्यद्वयं विप्रतिपत्तिर्विरोधः'** વિરૂદ્ધ અર્થને બતાવનાર બે વાક્ય, વિપ્રતિપત્તિ કહેવાય છે. જે વિચારમાં ઉપયોગી છે.)

| | |
|---|---|
| તથાહિ- | |
| વિપ્રતિપત્તિવાક્ય | વિપ્રતિપત્તિવાક્ય |
| પ્રત્યાત્મ પ્રકૃતિભેદવાદી મૌલિક સાંખ્યો | પ્રત્યાત્મ કર્મભેદવાદી જૈનો |
| । | । |
| આત્મા જન્માદિ પ્રપંચનો કર્તા નથી | આત્મા, જન્માદિ પ્રપંચનો કર્તા છે. |
| પરંતુ પ્રકૃતિ, કરનારી છે. | પ્રકૃતિ, કરનારી નથી. |
| કારણ કે; અચેતન પદાર્થને કર્તા માની શકાય નહિ. | |
| કર્તા વગર વિશ્વનો વ્યવહાર ચાલતો નથી. | |
| વાસ્તે તથાવ્યવહારનો કર્તા ચેતન જ માનવો જોઈએ. | |

હવે આ પ્રત્યાત્મપ્રધાનવાદી મૌલિક (પૂર્વ-નિરીશ્વર) સાંખ્યો, આ અરિહંતભગવંતના આત્માઓને (અપિશબ્દથી સકલ આત્માઓને પણ) અકર્તા જ માને છે. કારણ કે; 'અકર્તાઆત્મા' એવું સાંખ્ય શાસ્ત્રનું વચન છે. એટલે સાંખ્યલોકો સકલ આત્માઓને અકર્તા માને છે. એટલે સર્વથા આત્મ-અકર્તૃત્વ પક્ષના ખંડનના મુદ્દાસર અને સ્યાદ્વાદ દ્રષ્ટિ-જૈનદ્રષ્ટિએ કંથચિત્ આત્મકર્તૃત્વ પક્ષના મંડનની ઈચ્છાથી કહે છે કે-

''આદિકર' એવા અરિહંતભગવંતોને નમસ્કાર હો !''

હવે 'આદિકર' પદની પ્રૌઢશૈલીથી વ્યાખ્યા કરે છે કે;

**इहादौ करणशीला आदिकराः अनादावपि भवेत्तदा तदा तत्तत्कर्माण्वादिसम्बन्धयोग्यतया विश्वस्यात्मादिगामिनो जन्मादिप्रपञ्चस्येति हृदयं,**

**अन्यथाऽधिकृतप्रपञ्चासम्भवः,**

ભાવાર્થ-અહીં અવસ્થામાં (ભવ-સંસારી અવસ્થામાં) તમામ જીવાત્માઓ, જન્માદિ પ્રપંચને કરવાના

સ્વભાવવાળા હોય છે. [1]પ્રવાહની અપેક્ષાએ અનાદિ (ઉત્પત્તિ વગર) રૂપ ભવ-સંસારમાં પણ (પ્રતિનિયત-એક ભવ આશ્રિત એક વ્યક્તિની અપેક્ષાએ આદિ-ઉત્પત્તિવાળા-જન્મ-મરણ અન્યતરરૂપ સંસારમાં પણ એમ અપિશબ્દ દ્યોતન કરે છે.) તે તે કાલમાં-સમયમાં (તત્તત્કાલાવચ્છેદેન) તે તે એટલે ચિત્રરૂપ-નાનાવિધકર્મ અણુ આદિજ્ઞાનાદિવરણ આદિ [2]રૂપકર્મ પરીણામને યોગ્ય પુદ્ગલો-આદિની (યોગ્યકાર્મણવર્ગણા આદિની-અહીં આદિ શબ્દથી કર્મયોગ્ય પુદ્ગલોના જ બંધ-ઉદય-ઉદીરણા આદિના હેતુભૂત દ્રવ્ય-ક્ષેત્રકાલ-ભાવનું ગ્રહણ થાય છે. એમ સમજવું.)

સાથે સંબંધ-આત્માની કર્મસ્કંધો સાથે વીંટાવવારૂપ અને કર્મસ્કંધોની આત્મામાં ગુંથાવવારૂપ ચેષ્ટા-[3]કર્મ આત્માની એકમેક-તદ્રૂપ કે એકરૂપ થવાની ચેષ્ટારૂપ સંયોગ તે સંબંધ કહેવાય છે. તેની યોગ્યતા-તથારૂપ સંયોગ સંબંધના પ્રત્યે પ્રહ્વતા-નમ્રતા-પરવશતા સમજવી. અર્થાત્ વિશ્વની-સમગ્રની-તમામની આવા પ્રકારની યોગ્યતાનું નામ આત્માની કર્તૃત્વશક્તિ.

તથાચ તાદૃશ કર્તૃત્વશક્તિ દ્વારા, આત્મગત-પરગત-આત્મપર-રૂપ ઉભયગત અને સમગ્ર, જન્માદિ પ્રપંચનો કર્તા (આદિકર્તા) આત્મા છે. આ ગૂઢરહસ્ય સૂત્રનું સમજવું.

સારાંશ કે; આત્મા અને પુદ્ગલરૂપ બે દ્રવ્યોમાં બીજી અનંત અનંત યોગ્યતાઓની સાથે પરસ્પર ગુંથાવાની યોગ્યતા પણ છે. જેને પરિણામે આપણે જોઈએ છીએ તેવી આ વિવિધ જીવ અને જળની સૃષ્ટિ જોવામાં આવે છે. આત્મા અને પુદ્ગલ દ્રવ્યની સાહજિક શક્તિ જ એવી છે કે; અમુક સંજોગો હોય, તો બંને મિશ્રણ થઈ શકે છે. અને આત્માનો પ્રકાશ પણ એવો હોય છે કે, કાર્મણસ્કંધો તેને આજુબાજુથી ઘેરે, તો તે રોકાઈ જાય એવા હોય છે. આત્મા અને તેની શક્તિઓને ઢાંકનારો કર્મ પુદ્ગલરૂપ

---

૧ કર્મસંબંધરૂપ સંસાર, પ્રવાહની અપેક્ષાએ અતીતકાલની જેમ અનાદિનો છે. એટલે કે ભૂતકાળ (ગયેલોકાળ) ક્યારથી શરૂ થયો ? તેનો પ્રારંભ જેમ નથી અર્થાત્ અનાદિનો છે. તેમ જીવોને કર્મસંબંધરૂપ સંસાર ક્યારથી થયો ? તેનો પ્રારંભ નહીં હોવાથી તે કર્મસંબંધરૂપ અનાદિ છે.

૨. એક એક સ્કંધમાં અનંત અનંત પરમાણુઓ છે, એક એક વર્ગણામાં અનંત અનંત સ્કંધો હોય છે. એવી અનંત કામર્ણ વર્ગણા, બારીક, વધારે ચીકાશવાળી હોવાથી તે આત્માના એક પ્રદેશને લાગમાં લઈ શકે છે. અર્થાત્ આત્મા સાથે ચોટ્યા પહેલાં આ યોગ્ય સ્કંધો માત્ર કાર્મણ વર્ગણા જ કહેવાય છે. અને જે સમયે આત્મા સાથે ચોટી મિશ્રણ થાય તે જ સમયે વર્ગણાનું નામ કર્મ કહેવાય છે.

૩. કાર્મણવર્ગણાના પુદ્ગલો ઉપર જીવ પોતાને કરવાની એવી ક્રિયા કરે છે કે જેથી કરીને તેમાં આત્મા સાથે ચોટવાની લાયકાતરૂપ ફળ ઉત્પન્ન થાય છે. માટે આત્મા સાથે ચોટી તે કાર્મણવર્ગણામાં જ્યારે આત્મા સાથે સહયોગ થવા રૂપ ફલ ઉત્પન્ન થાય, ત્યારે તે પણ કર્મ કહેવાય છે. એટલે જીવ, કર્તા છે. ચોટેલી સંયુક્ત કાર્મણવર્ગણા કર્મ છે. સંયોગ ફલ છે. મિથ્યાત્વાદિ હેતુઓ છે. પોતાની સાથે જોડવાના પ્રયત્નો-ત્રણ યોગરૂપ જીવની ક્રિયા છે. આ પ્રમાણે વ્યાકરણમાં જેમ કર્તાના પ્રયત્ન ફલના આધારભૂત પદાર્થ સૂચવનારા નામને માટે કર્મ શબ્દ વપરાય છે. તે પ્રમાણે આત્મા સાથે સંબંધ પામતી કાર્મણવર્ગણા પણ કર્મ છે.

પડદો છે. બીજાઓ નહીં. તથાહિ આત્મા, નિર્મલ હોય છે. તે નિર્મલ આત્મા ઉપર નિર્મલ આત્મ.નો પડદો થઈ શકે નહીં. એટલે આત્માને આત્મા ઢાંકવાને નકામો છે. આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાલ એ રૂપ વગરના છે, એટલે આત્માની આ દેખવામાં આવતી શરીર વિગેરે સૃષ્ટિ ઉત્પન્ન કરી શકે નહીં. એટલે જેમ પાણીમાં સાકર નાંખીએ અને સાકર પાણીમાં અણુએ-અણુમાં ચડી જાય છે અને મોઠા પાણીને ગળ્યું બનાવી નાખે છે તેમ આત્માના પ્રદેશે પ્રદેશમાં કર્મો પેશી જઈ કર્મોમય બનાવી મૂકે છે.

એવંચ નિરૂક્તયોગ્યતારૂપ આત્મનિષ્ઠ કર્તૃત્વશક્તિદ્વારા, સ્વ-પર-ઉભયગત, સમગ્ર-સમસ્ત જન્માદિ પ્રપંચનો કર્તા આત્મા છે. જો આત્મામાં જન્માદિ પ્રપંચનું કર્તૃત્વ (કર્તાપણું) ન માનવામાં આવે તો સ્વ-પર-ઉભયગામી-સમગ્ર જન્માદિ પ્રપંચ જે દેખાય છે તે ઘટી શકે નહીં. (અથવા અધિકૃત-ભગવંતનો ભવ, આકસ્મિક-હેતુવગરનો થઈ જાય ! માટે ખરેખર જન્મપૂર્વક જ ભવપ્રપંચ, માનવો એ વાસ્તવિક છે.)

પ્રશ્ન-એમ શાથી ? તો જવાબ આપે છે કે ;

---

૧ સાંખ્યાભિમત આત્મ-અકૃત પ્રપંચત્વરૂપ પરપક્ષના ખંડનરૂપ અન્યયોગવ્યવચ્છેદની અપેક્ષાએ 'આદિકરત્વ' રૂપ વિશેષણની સાર્થકતા બતલાવી. પરંતુ સ્વપક્ષસાધનરૂપ અયોગવ્યવચ્છેદની અપેક્ષાએ શ્રુત શબ્દને અધ્યાહાર્ય ગણી 'શ્રુતસ્ય આદિકરાઃ' 'શ્રુતના આદિ કરનારા' એમ પણ વ્યાખ્યા કરવી. કારણ કે; તે અરિહંતો અર્થથી આત્મઆગમવંતો હોય છે. (વિશેષણ સંગત એવકાર અયોગ્યવ્યવચ્છેદબોધક હોય છે. અયોગ્યવ્યવચ્છેદ-'उद्देश्यतावच्छेदकसमानाधिकरणाभावाप्रतियोगित्वम्' મતલબ કે; વિશેષણની સાથે અન્વિત એવકાર, અયોગ (અસંબંધ) ની નિવૃત્તિનો બોધ કરાવનારા હોય છે. જેમ કે; 'શંખ, શ્વેતજ પાંડુરજ હોય છે' આ વાક્યમાં ઉદ્દેશ્યતાવ્યવચ્છેદકના સમાન અધિકરણમાં રહેનારો જે અભાવ, તે અભાવનો જે અપ્રતિયોગી, તેને અયોગ્યવ્યવચ્છેદ' કહે છે. હવે અહીં પ્રકૃત પ્રસંગમાં ઉદ્દેશ્યતાવચ્છેદક છે ધર્મ, શંખત્વ છે. કેમકે; શંખત્વધર્મથી અવચ્છિન્ન (સહિત) જે શંખ છે તેને ઉદ્દેશ્ય રાખી પાંડુત્વ ધર્મનું વિધાન કરેલ છે. તે શંખત્વ કે જે ઉદ્દેશ્યાતાવચ્છેદક ધર્મ છે. તેનું અધિકરણ શંખ છે. શંખરૂપ ઉદ્દેશ્યમાં ઉદ્દેશ્યતાવચ્છેદક ધર્મ સમવાયસંબંધથી રહે છે. એટલે આ રીતથી શંખત્વના સમાન અધિકરણરૂપ શંખમાં નીલત્વનો અભાવ છે-પીતત્વનો અભાવ છે. પરંતુ પાંડુરત્વનો અભાવ નથી. આ હેતુથી શંખમાં રહેનાર અભાવનો અપ્રતિયોગીપાંડુરત્વ થાય છે એમ સમજવું. પરંતુ પ્રતિયોગી પાંડુરત્વ નથી. કેમકે; નીલત્વ અભાવ આદિની પ્રતિયોગિતા નીલત્વ આદિધર્મમાં રહેલી છે. અને પ્રતિયોગિતાવાળો પ્રતિયોગી કહેવાય છે. આવી ઢબથી શંખત્વના સમાન અધિકરણમાં રહેનાર અભાવનો અપ્રતિયોગી પાંડુરત્વધર્મ જાણવો. એટલે આ ધર્મ સહિત શંખ છે એમ પૂર્વોકત ઉદાહરણ-'શંખ, પાંડુરજ હોય છે'-માં અર્થબોધ થાય છે. અર્થાત્ શંખત્વ અવચ્છિન્ન શંખમાં પાંડુરત્વના અયોગ (અસંબંધ)-ની નિવૃત્તિ-પાંડુરત્વ સંબંધનું પ્રતિપાદન થાય છે. વિશેષ્યની સાથે અન્વિત જે એવકાર તે અન્યયોગવ્યવચ્છેદરૂપ અર્થનો બોધ કરાવે છે.-અન્યની સાથે સંબંધની નિવૃત્તિરૂપ અર્થનો બોધ કરાવે છે. જેમકે; 'પાર્થઅર્જુન જ ઉત્કૃષ્ટ ધનુર્ધર છે. આ ઉદાહરણમાં એવકાર અન્યયોગ વ્યવચ્છેદરૂપબોધક છે. 'अन्ययोगव्यवच्छेदो नाम विशेष्याभिन्नतादात्म्यादिव्यवच्छेदः' વિશેષ્યથી અન્યમાં રહેનાર જે તાદાત્મ્ય આદિ, તેની વ્યાવૃત્તિ-નિવૃત્તિનો જે બોધક, તેને અન્યયોગવ્યવચ્છેદકબોધક કહે છે. આ પૂર્વોક્ત ઉદાહરણમાં એવકાર શબ્દથી પાર્થ-અર્જુનથી અન્ય પુરૂષમાં રહેનાર તાદાત્મ્ય-અભેદનો અભાવ, તે ધુનર્ધરમાં બોધિત થાય છે. આવી રીતે પાર્થની અન્ય વ્યક્તિમાં રહેનાર જે તાદાત્મ્ય તેના અભાવસહિત જે ધુનર્ધર-તદ્અભિન્નપાર્થ છે. અર્થાત્ પાર્થથી બીજી વ્યક્તિમાં પ્રશસ્ત ધનુર્ધરત્વ નથી. અહીં પાર્થથી અન્યમાં પ્રશસ્ત ધનુર્ધરત્વ સંબંધના વ્યવચ્છેદ (નિવૃત્તિ-અભાવ) નો બોધક એવકાર છે.'

**प्रस्तुतयोग्यतावैकल्ये प्रक्रान्तसम्बन्धासिद्धेः, अतिप्रसङ्गदोषव्याघातात्, मुक्तानामपि जन्मादिप्रपञ्चस्यापत्तेः, प्रस्तुतयोग्यताऽभावेऽपि प्रक्रान्तसम्बन्धाविरोधादिति परिभावनीयमेतत् ॥**

ભાવાર્થ-પ્રસ્તુતયોગ્યતાઓનો (અનાદિ સંસારમાં તે તે કાલે-તત્તત્કાલાવચ્છેદેન નાનાવિધકર્મ પરમાણુ આદિ સાથેના સંબંધના કારણભૂત કર્તૃત્વ (શક્તિ) લક્ષણવાળી યોગ્યતાનો અભાવ થયે છતે પ્રકાંત સંબંધની (વિશિષ્ટ કર્મ પરમાણુ આદિ સાથેના પૂર્વોકૃત સંબંધની અથવા જન્માદિ પ્રપંચની) અસિદ્ધિ (અસંભવ-અભાવ) થાય છે. (પ્રસ્તુતયોગ્યતા, કારણ છે. જ્યારે પ્રકાંત સંબંધ અથવા જન્માદિ પ્રપંચ કાર્ય છે. પ્રસ્તુત યોગ્યતા હોયે છતે જ પ્રકાંત સંબંધની સિદ્ધિ અને પ્રકાંત સંબંધ હોયે છતે જ અધિકૃત-જન્માદિપ્રપંચ છે.)

એવંચ પૂર્વોક્તવ્યતિરેક માનવાથી અતિવ્યાપ્તિરૂપ અતિપ્રસંગનામના દોષનો વ્યાઘાત-વ્યવચ્છેદ-અભાવ થાય છે. જો પ્રસ્તુતયોગ્યતાના અભાવમાં પ્રકાંતસંબંધરૂપ કાર્ય માનવામાં આવે તો અતિપ્રસંગ-અતિવ્યાપ્તિ-કારણાભાવયુક્ત કાર્યોત્પત્તિરૂપ વ્યતિરેકવ્યભિચાર આવે છે. (આ પ્રમાણે પૂવોકૃતવ્યતિરેક સ્વીકાર્ય છતે, અનિષ્ટ-અતિવ્યાપ્તિરૂપ અતિપ્રસંગ નામનો દોષ દેખાડવાથી વ્યાઘાત (પ્રકૃતયોગ્યતાના અભાવમાં પ્રસ્તુત સંબંધના નિવારણરૂપ વ્યાઘાત) થાય છે. અર્થાત્ વાદીની આગળ અતિપ્રસંગ નામક દોષરૂપી મહાવ્યાઘ્ર જો ખડો કરીશું તો વાદી આપો આપ પ્રકૃત યોગ્યતાના અભાવમાં પ્રસ્તુત સંબંધના અભાવ રૂપ વ્યતિરેકનો સ્વીકાર કરશે અને પછી પ્રકૃતયોગ્યતા હોયે છતે પ્રસ્તુતસંબંધની સત્તારૂપ અન્વય સ્વીકાર કરશે એ મુદ્દાસર અતિ પ્રસંગ નામનો મહાદોષ ખડો કરવામાં આવે છે તે જુઓ !)

કેવી રીતે ? તો કહે છે કે; 'જે કર્મસંબંધ વગરના મુક્ત-સિદ્ધ આત્માઓ છે. તેમાં પ્રસ્તુત યોગ્યતાનો અભાવ છે અને વળી ત્યાં પ્રકાંતસંબંધ-માનવામાં આવે તો અનિષ્ટરૂપ-મહાઅનિષ્ટરૂપ જન્માદિપ્રપંચની પ્રાપ્તિ થઈ જાય ! કારણ કે; તમારે મતે પ્રસ્તુત યોગ્યતાના અભાવની સાથે પ્રકાંત સંબંધનો વિરોધ-અભાવ નથી. મતલબ કે; હે આત્મ-અકર્તૃત્વ વાદિન્ ! જો તું પ્રસ્તુતયોગ્યતાના અભાવમાં પ્રકાંતસંબંધ છે. એમ કહીશ તો મુક્ત આત્માઓમાં શું પણ (અપિશબ્દથી બીજા તમામ જીવાત્માઓમાં પણ,) તારે મતે પ્રકાંત સંબંધ હોય છે તે અનિષ્ટરૂપ જન્માદિ પ્રપંચની પ્રાપ્તિ, વગર આનાકાનીએ માનવી જ પડશે !

વાસ્તે આ વિષયને અન્વય (પ્રસ્તુતયોગ્યતાસત્ત્વે પ્રકાંત સબંધની સત્તારૂપ અન્વય) અને વ્યતિરેક (પ્રસ્તુતયોગ્યતાના અભાવમાં પ્રકાંતસંબંધના અભાવરૂપ વ્યતિરેક) થી ખૂબ ખૂબ વિચારો !

હવે વાદીની શંકાનું પ્રદર્શન અને તે શંકાનું નિવારણ કરે છે.

**न च तत्तत्कर्माण्वादेरेव तत्स्वभावतयाऽऽत्मनस्तथा सम्बन्धसिद्धिः, [1]द्विष्ठत्वेन अस्योभयोस्तथा स्वभावापेक्षित्वात्,**

---

१ **"सम्बन्धो हि सम्बन्धिद्वयभिन्नत्वे सति द्विष्ठत्वेसति आश्रयतया विशिष्टबुद्धिनियामकः" इत्यभियुक्तव्यवहारात्, यथा घटवद्भूतलमित्यादौ संयोगरूपसम्बन्धः सम्बन्धिभ्यां भिन्नो द्विष्ठो घटनिरूपितसंयोगाश्रयो भूतलमिति विशिष्टबुद्धिनियामकस्तथाऽत्रापि, कर्मवानात्मेत्यत्र, यथोक्तचेष्टारूपसंयोगसम्बन्धः, सम्बन्धिभ्यां भिन्नो द्विष्ठो (कर्मात्मोभयनिष्ठः) कर्मनिरूपित यथोक्तचेष्टारूपसंयोगसम्बन्धाश्रय आत्मेति विशिष्टबुद्धिनियामकः । द्विष्टत्वमत्र उभयनिरूपितवृत्तित्वमथवा स्थानद्वयवृत्तित्वम् ।**

ભાવાર્થ-વાદી=શંકા=યથોક્ત-પૂર્વોક્ત નાનાવિધ કર્મ પુદ્ગલોમાં આત્માની સાથે સંબંધ યોગ્યતા રૂપ સ્વભાવનો સ્વીકાર કર્યે છતે અર્થાત્ તાદૃશ કર્મ પુદ્ગલનો જ એવો સ્વભાવ છે કે; આત્માની સાથે સંબંધ બાંધી શકે ! એમ માન્યે છતે-

જેમ તેમ આત્મામાં સંબંધ યોગ્યતા માની કર્મપુદ્ગલોની સાથે આત્માના સંબંધની સિદ્ધિ કલ્પો છો તેને બદલે અમારી જેમ-તાદૃશ કર્મપુદ્ગલોમાં સંબંધયોગ્ય સ્વભાવ માની કર્મ પુદ્ગલોની સાથે આત્માના સંબંધની સિદ્ધિ માનો તો શો વાંધો ? શા માટે આત્મામાં સંબંધયોગ્ય સ્વભાવ માનો છો ? સમાધાન-સંબંધ, એકમાં રહેતો નથી. પરંતુ બંને-સંબંધિમાં સંબંધ રહે છે. (**'सम्बंधस्य किञ्चित्प्रतियोगित्वं किञ्चिदनुयोगित्वं'** આ ન્યાય અહીં ઘટાવવો) એટલે બંનેને-આત્માને અને તાદૃશ કર્મપુદ્ગલોને પૂર્વોક્ત સંબંધ યોગ્યતારૂપ સ્વભાવની અપેક્ષા રહેલી છે. અર્થાત્ આત્મા, અને કર્મપુદ્ગલ રૂપ બંને સંબંધીઓ, પૂર્વકથિત સંબંધ યોગ્યતારૂપ સ્વભાવની અપેક્ષા રાખનારા છે.

હવે જો આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવ ન માનો તો કલ્પનાનો વિરોધ આવે છે એ વસ્તુનુ સ્પષ્ટી-કરણ કરતાં કહે છે.

**अन्यथा कल्पनाविरोधात्, न्यायानुपपत्तेः,**

ભાવાર્થ-જો આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવનો અભાવ માનો તો, 'કર્મ પરમાણુઓ આદિમાં જ સ્વસંબંધ યોગ્ય સ્વભાવ હોઈ આત્માની સાથે (કર્મપુદ્ગલોના) સંબંધની સિદ્ધિ છે.' એ રૂપ કલ્પનાનો વિરોધ-વ્યઘાત-અભાવ થાય છે. કારણ કે; શાસ્ત્રસિદ્ધ દ્રષ્ટાંતરૂપ ન્યાયની અનુપપત્તિ-અઘટમાનતા છે. એવંચ ન્યાયની ઘટના નથી એટલે 'કર્મ પરમાણુ આદિમાં જ સંબંધયોગ્ય સ્વભાવ હોઈ આત્માની સાથે સંબંધની સિદ્ધિરૂપ તથાસંબંધસિદ્ધિ નથી એમ યોજના કરવી.

સારાંશ કે; વક્ષ્યમાણ ન્યાયની ઘટના નથી એટલે પૂર્વોક્ત કલ્પનાનો વિરોધ છે એટલે પૂર્વોક્ત કલ્પના વિરોધને દૂર કરવા ખાતર આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવ માનવો પડશે એવું તારણ થાય છે. (અથવા આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવ ન માનો તો, આત્મજન્મ આદિ રૂપ કલ્પનાનો અભાવ થાય છે. કારણ કે; **'द्वयाधीनो बन्धः'** 'બંધ-સંબંધ, બંનેને આધીન-વશ હોય છે' એકને આધીન બંધ હોતો નથી. એ રૂપ ન્યાયની અનુપપત્તિ-અઘટમાનતા થાય છે એટલે આ ન્યાયથી બંનેમાં સંબંધ યોગ્ય સ્વભાવ માનવો જોઈએ.)

હવે શાસ્ત્રકાર, ન્યાયની અનુપપત્તિનો વિચાર કરતા કહે છે કે, **नहि कर्माण्वादेस्तथाकल्पनायामप्य [1]लोकाकाशेन सम्बन्धः, तस्य तत्सम्बन्धस्वभावत्वायोगात्,**

---

[1] **'अलोकाभ्रं तु धर्माद्यैर्भविः पञ्चभिरूज्झितम् । अनेनैव विशेषेण लोकाभ्रात्पृथगीरितम्' लोकप्रकाशे. અર્થ--અલોક આકાશ તો, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય-પુદ્ગલઅસ્તિકાય-જીવાસ્તિકાય-કાલ એ રૂપ પાંચ દ્રવ્ય રહિત છે. એ તફાવતના કારણથી જ અલોક આકાશને જુદો કહેલ છે.**

ભાવાર્થ-યથોક્ત (પૂર્વોક્ત) કર્મપરમાણુ આદિમાં 'અલોક આકાશની સાથે સંબંધ યોગ્ય સ્વભાવ છે' એ રૂપ તથા કલ્પના માન્યે છતે પણ (તથા કલ્પનાના અભાવમાં તો પૂછવું જ શું એમ અપિ શબ્દ, ઘોતન કરે છે.) પ્રસિદ્ધ-અલોક આકાશની સાથે અવગાહ્ય અવગાહક લક્ષણસંબંધ (કર્મપરમાણુ આદિમાં) ઘટતો નથી. કારણ કે; અલોક આકાશમાં કર્મ પરમાણું આદિ સાથે સંબંધ યોગ્ય સ્વભાવનો અભાવ છે.

સારાંશ કે; જેમ, કર્મ પરમાણુ આદિમાં અલોક આકાશની સાથે સંબંધ યોગ્ય સ્વભાવ માન્યે છતે, અલોક આકાશમાં સંબંધ યોગ્ય સ્વભાવ નહી હોય, કર્મ પરમાણુ આદિ અને અલોક આકાશનો સંબંધ થતો નથી તેમ આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવ નથી એમ માન્યે છતે અને કર્મ પરમાણુ આદિમાં આત્માની સાથે સંબંધ યોગ્ય સ્વભાવ માન્યે છતે કર્મ પરમાણુ આદિ અને આત્માના સંબંધની સિદ્ધિ નહી થાય કેમ કે; અલોક આકાશની જેમ આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવ નથી એમ માનેલ છે. 'આ પ્રમાણે ભલે હો ! તો પણ પ્રકૃત કલ્પના વિરોધ છે. એ વાતને કહે છે.

**अतत्स्वभावे चालोकाकाशे विरूध्यते कर्म्माण्वादेस्तत्स्वभावताकल्पनेति न्यायानुपपत्तिः,**

ભાવાર્થ-તથાચ કર્મ પરમાણુ આદિ સાથે સંબંધના અયોગ્ય સ્વભાવવાળો જ્યારે અલોક આકાશ છે ત્યારે અસંબંધ દ્વારથી આવેલ અતત્સ્વભાવ કલ્પના દ્વારા, કર્મ પરમાણુ આદિમાં અલોક આકાશના સંબંધ યોગ્ય સ્વભાવની જે કલ્પના, તેનું નિરાકરણ થાય છે. આ પ્રમાણે પૂર્વોક્ત રૂપ ન્યાયની અનુપપત્તિ-અઘટના જાણવી.

તથાહિ; પ્રયોગ-નિયમ-વ્યાપ્તિ આ પ્રમાણે છે કે;

'જે જેની સાથે સ્વયં સંબંધ યોગ્ય સ્વભાવવાળો નથી તે કલ્પિત સંબંધ યોગ્ય સ્વભાવવાળાની સાથે પણ સંબંધવાળો થતો નથી. જેમકે; અલોક આકાશ, કર્મ પરમાણુઓની સાથે સ્વતઃ સંબંધ યોગ્ય સ્વભાવવાળો નથી. તેથી તે અલોક આકાશ કલ્પિત સંબંધ યોગ્ય સ્વભાવવાળા કર્મ પરમાણુઓની સાથે પણ સંબંધવાળો થતો નથી. તેવી જ રીતે આત્મા, કર્મ પરમાણુઓની સાથે સ્વતઃ સંબંધ યોગ્ય સ્વભાવવાળો નથી. તેથી તે આત્મા, કલ્પિત સંબંધ યોગ્ય સ્વભાવવાળા કર્મ પરમાણુઓની સાથે પણ સંબંધવાળો નથી.

મતલબ કે જેમ અલોક આકાશ, કર્મ પરમાણુઓની સાથે કલ્પિત સંબંધયોગ્ય સ્વભાવ વાળો નથી. કેમ કે; અલોક આકાશમાં સ્વયં સંબંધ યોગ્ય સ્વભાવ નથી.

તેમ, આત્મા, કર્મપરમાણુઓની સાથે કલ્પિત સંબંધ યોગ્ય સ્વભાવવાળો નથી કેમકે, આત્મામાં સ્વયં યોગ્ય સ્વભાવ નથી. આ વ્યાપક[1] અનુપલબ્ધિરૂપ હેતુના બલથી (પ્રાપ્ત પૂર્વોકત ન્યાય અનુપપત્તિ હોઈ)

---

**૧ જે વસ્તુનો પ્રતિષેધ સિદ્ધ કરવાનો હોય તેના અવિરુદ્ધ વ્યાપકના સ્વભાવરૂપ હેતુને અવિરુદ્ધ વ્યાપકાનુપલબ્ધિ કહે છે. જેમકે, આ પ્રદેશમાં પનશ નથી. કારણ કે, ઝાડ દેખાતું નથી. આમાં પનસ એ વ્યાપ્ય છે. ઝાડ એ અવિરુદ્ધ**

પૂર્વોક્ત કલ્પના કર્મ પરમાણુઓમાં જ સ્વસંબંધ યોગ્ય સ્વભાવથી આત્માની સાથે સંબંધની સિદ્ધિ રૂપ કલ્પનાનો વિરોધ-અભાવ વ્યાઘાત થાય છે. એટલે કલ્પના વિરોધને દૂર કરવા ખાતર આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવ માનવો જ પડશે.

જો આમ છે તો આત્મામાં સંબંધ યોગ્ય સ્વભાવનો પણ સ્વીકાર આ વાદી કરશે ! તો શાસ્ત્રકાર કહે છે કે ;

**तत्स्वभावताऽङ्गीकरणे चास्याऽस्मदभ्युपगमतापत्तिः,**

ભાવાર્થ-વાંધો તો એમાં કોઈ નથી પરંતુ અમારોજ પક્ષ, વાદીએ સ્વીકાર્યો ગણાશે એટલું જ અર્થાત્ આત્મામાં કર્મ પરમાણુ-આદિ સાથે સંબંધ યોગ્ય સ્વભાવ સ્વીકારવાથી. અમે જેમ આત્મામાં પૂર્વોક્ત યોગ્યતા રૂપ કર્તૃત્વ (શક્તિ) નો સ્વીકાર કરીએ છીએ તેમ હે વાદિન્ ! તારે વગર ઈચ્છાએ હવે માનવું જ પડશે !

હવે આ જ વિષયમાં શેષ શંકાનું નિરાકરણ કરવા સારૂ કહે છે.

**न चैवं स्वभावमात्रवादसिद्धिः, तदन्यापेक्षित्वेन सामग्र्याः फलहेतुत्वात्, स्वभावस्य च तदन्तर्गतत्वेनेष्टत्वात्, निर्लोठितमेतदन्यत्रेत्यादिकरत्वसिद्धिः ३ ।**

ભાવાર્થ-વળી આત્મામાં કર્મપરમાણુ આદિ સાથે સંબંધ યોગ્ય સ્વભાવ, સ્વીકારવાથી સ્વભાવમાત્રવાદની સિદ્ધિ થતી નથી. (મતલબ કે; 'કાંટાની તીક્ષ્ણતાને કોણ બનાવવા ગયું હતું અને પશુ-પક્ષીના વિચિત્ર સ્વભાવ કોણે બનાવ્યા ? અર્થાત્ આ બધુ સ્વભાવથી જ પ્રવર્તેલુ છે. એમાં ઈચ્છાની પ્રવૃતિ હોતી નથી. તો તેમાં પ્રયત્ન શેનો હોય ? એ રૂપ કેવલ સ્વભાવ વાદની સિદ્ધિ થતી નથી. સબબ કે; સ્વભાવરૂપ કારણથી જુદા-બીજા કાલાદિ-કારણોની અપેક્ષા છે.-કાલ-સ્વભાવ-નિયતિ-(પૂર્વકૃત કર્મ) પુરૂષ (પુરૂષાર્થ) આ લક્ષણવાળી સામગ્રી જ, ફલનું (કાર્યનું) કારણ છે.

પ્રશ્ન-તો પહેલાં કાર્યના કારણરૂપે સ્વભાવનો ઉપન્યાસ શા માટે કર્યો છે ?

પ્રત્યુત્ત ।ર-સ્વભાવ, સામગ્રીમાં અન્તર્ગત હોઈ ફલના કારણરૂપે ઈષ્ટ છે. એમ જણાવવા સ્વભાવનો પ્રથમ ઉપન્યાસ બતલાવેલ છે. 'સામગ્રી વૈ કાર્યજનિકા' એ ન્યાય અહીં બરોબર ઘટાડવો. તથાચ સામગ્રીના ફલહેતુપણાનો નિર્ણય, ઉપદેશપદ આદિ ગ્રંથોમાં સવિસ્તર કરેલ છે. ત્યાંથી વિશેષ જીજ્ઞાસુએ જાણવો.

અથવા સ્વભાવમાત્રના ફલહેતુપણાનું-કેવલ સ્વભાવજ કાર્યના પ્રત્યે હેતુ છે. એ મતનું કરેલ નિર્લોહન-ખંડન, બીજે ઠેકાણે-શાસ્ત્રસમુચ્ચય-અનેકાંતજયપતાકા આદિમાં જુઓ !

આ પ્રમાણે 'આદિકરત્વ' રૂપ વિશેષણની સિદ્ધિ જાણવી.

---

**વ્યાપક છે. જો વ્યાપક હોય તો તો વ્યાપ્ય રૂપ પનસ હોય. પરંતુ તે વ્યાપક રૂપ ઝાડ ન હોવાથી વ્યાપ્ય પનસ પણ નથી. આ રીતે અવિરૂદ્ધ વ્યાપક ઝાડ એની અવિદ્યમાનતા હેતુ તરીકે છે. તેથી પનસરૂપ પ્રતિષેધ્ય સિદ્ધ થાય છે.**

હવે શક્રસ્તવનું ત્રીજું પદ સંપૂર્ણ થાય છે. એટલે બીજી સંપદાના પહેલા પદની વ્યાખ્યા સમાપ્ત થાય છે. -ઈતિ-

'આદિકર-અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ'

હવે બીજી સંપદાના બીજા પદની વ્યાખ્યા કરતાં પહેલાં અવતરણિકા કહે છે.

**एवमादिकरा अपि कैवल्यावाप्त्यानन्तरापवर्ग्गवादिभिरागमधार्मिकैरतीर्थकरा एवेष्यन्ते, 'अकृत्स्नकर्म्मक्षये कैवल्याभावा' दितिवचनात्, तन्निरासेनैषां तीर्थकरत्वप्रतिपादनायाह-**

ભાવાર્થ-આ પ્રમાણે અરિહંત ભગવંતો, મોક્ષરૂપ અવસ્થાથી પહેલાંની અવસ્થામાં જન્માદિ પ્રપંચને કરવાના સ્વભાવવાળા હોવા છતાંય 'કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તુરતજ મોક્ષગામી-મુક્ત થાય છે. આવા મંતવ્ય-મતવાળા [1]આગમ ધાર્મિકો-વેદાંતીઓ (અતીંદ્રિય ધર્મ-અધર્મ આદિ પદાર્થમાં આગમનેજ પ્રમાણ તરીકે સ્વીકારનારા અને પ્રત્યક્ષ વિગેરે પ્રમાણોને નહીં માનનારા, કેવલ વેદવાદીઓ આગમધાર્મિકો કહેવાય છે. કેમકે, કહ્યું છે કે ''અતીન્દ્રિય પદાર્થોનો કોઈ સાક્ષાત્કાર કરનાર છે જ નહિ એટલે નિત્યવચનરૂપ વેદવાક્યથી જે જોનાર છે તે દ્રષ્ટા છે'' વાસ્તે તે વેદવાદીઓને અહીં આગમ ધાર્મિક સમજવા) અરિહંત ભગવંતોને 'આદિકર' માને છે. પરંતુ 'તીર્થકર'-તીર્થને કરનાર માનતાજ નથી. કારણ કે, કૃત્સ્ન-સકલ-તમામ કર્મનો ક્ષય-ધ્વંસ ન થાય ત્યાં સુધી કેવલજ્ઞાન થતું નથી. એમ વેદાંતીઓનું આગમધાર્મિકોનું (સાક્ષીભૂત) વચન છે.

એવંચ પૂર્વોક્ત પૂર્વપક્ષીય મતનું કે મંતવ્યનું ખંડન કરવા ખાતર, અને અરિહંત ભગવંતો, 'આદિકર' હોવાની સાથે કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી દેશના અનંતર-તુરતજ તીર્થ કરવાના-સ્થાપવાના સ્વભાવવાળાઓ છે. એમ સ્વમતનું મંડન કરવા સારૂ શાસ્ત્રકાર કથન કરે છે કે, "તીર્થકર" એવા અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ"

હવે શક્રસ્તવના 'તીર્થકર' એવા ચોથા પદની વ્યાખ્યા કરે છે.

**तत्र तीर्थकरणशीलाः तीर्थकराः, अचिन्त्यप्रभावमहापुण्यसंज्ञिततन्नामकर्म्मविपाकतः, [2]तस्यान्यथा वेदनायोगात्,**

ભાવાર્થ-શક્રસ્તવવર્તી તીર્થકર શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ દર્શાવે છે કે; તીર્થ કરવાના સ્વભાવવાળાઓ જ તીર્થકરો કહેવાય છે. મતલબ કે; અચિંત્ય[3] (ન ચિંતવી શકાય એવા, કલ્પનામાં ન આવી શકે એવા) પ્રભાવ (મહિમા) વાળા અને જેની સંજ્ઞા (સંકેત) મહાપુણ્ય તરીકેની છે. અર્થાત્ જેનું બીજું નામ 'મહાપુણ્ય[4]'

---

**૧ અનીશ્વરવાદી સાંખ્યો અથવા વેદાંતીઓ.**

**૨ જો દેશના-તીર્થકરણ આદિનો અભાવ માનો તો, તીર્થકરનામકર્મને ફલાનુભવરૂપે વેદવાનો અભાવ થાય છે. વાસ્તે તીર્થકરોને તીર્થ કરવાના સ્વભાવવાળા માનવા જોઈએ.**

**૩ શરીરના અભાવમાં તીર્થ સ્થાપવાનો અભાવ થાય છે. માટે કહે છે કે 'અચિંત્ય વિગેરે'**

**૪ अतः प्रकर्षसम्प्राप्तादिज्ञेयं फलमुत्तमं । तीर्थकृत्त्वं सदौचित्यप्रवृत्त्या मोक्षसाधकम् । ॥ १० ॥**

**-હરિભદ્રસૂરિ કૃત પંચવિંશતિતમાષ્ટકે**

છે. એવા 'તીર્થકર' નામના નામકર્મના વિપાકોદયથી[૩] તીર્થ કરવાના સ્વભાવવાળા 'તીર્થકરો' કહેવાય છે. કેમકે; તીર્થકરણ-પ્રવર્ત્તનરૂપ પ્રકારથી જુદા પ્રકારે કહેવાય છે. કેમકે; તીર્થકરણ-પ્રવર્ત્તનરૂપ પ્રકારથી જુદા પ્રકારે તીર્થકરનામકર્મના ફલનો અનુભવ-વેદવું સંભવી શકતું નથી.

તીર્થ પ્રવર્ત્તન ફલ છે, અને તેમાં 'તીર્થકર[૪]' નામનું નામકર્મ નિમિત્ત છે.

(૧) પ્રથમ તીર્થકર નામકર્મની નિકાચના.

(૨) પછીથી કેવલજ્ઞાન બાદ તીર્થકર નામકર્મનો વિપાકોદય.

(૩) અને પછી તીર્થ પ્રવર્ત્તન.

(૪) અને પછી તીર્થ પ્રવર્ત્તનદ્વારા 'જગત્પ્રભુ' તીર્થકર કહેવાય છે.

આવી રીતે તીર્થપ્રવર્ત્તનાદિક્રમ જાણવો.

હવે શાસ્ત્રકાર, તીર્થપદમાં રહેલ તીર્થનો પરિચય આપે છે.

**तत्र येनेह जीवा जन्मजरामरणसलिलं मिथ्यादर्शनाविरति गम्भीरं, महाभीषणकषायपातालं सुदुर्लङ्घ्यमोहावर्त्तरौद्रं विचित्रदुःखौघदुष्टश्वापदं रागद्वेषपवनविक्षोभितं संयोगवियोगवीचीयुक्तं प्रबलमनोरथवेलाकुलं सुदीर्घं संसारसागरं तरन्ति तत्तीर्थमिति,**

ભાવાર્થ-

તત્ર-તીર્થકરરૂપ વિશેષણપદ ઘટક તીર્થ એટલે :-

જેના વડે અહીં જીવો, જેમાં જન્મ-જરા-મરણરૂપ જલપાણી છે. (આથી આમાં જન્મ-જરા મરણની વ્યાપકતા-વ્યાપ્તિ-ફેલાવ-ભરપુરતાનું સૂચન થાય છે.) જે મિથ્યાદર્શન (મિથ્યાત્વ) અને અવિરતિથી ગંભીર છે-અગાધ ઉંડો છે. (આથી આમાં ઉન્મજ્જન-પાણીની અંદરથી સપાટી પર આવવું તે-સંસારની સપાટી-મોક્ષ ઉપર લઈ જનાર શ્રદ્ધા-સંયમ વિગેરે રૂપ ઉન્મજ્જનના અભાવના કારણરૂપ મિથ્યાત્વ-અવિરતિ હોઈ સંસારસાગર ઊંડો-અગાધ-મોટો-વિશાલ-અપાર છે. એવો ધ્વનિ ગુંજે છે.)

---

**અર્થ-તે પુણ્યાનુબંધીપુણ્ય, વૃદ્ધિ પામવાથી, ઉચિત પ્રવૃત્તિથી મોક્ષસાધક એવું તીર્થકરરૂપી ઉત્તમ ફલરૂપે પરીણમે છે એમ જાણવું.**

**૩ 'જો જિનનામ ઉદય હુવે રે, તો તીર્થકર લીધ' ચોસઠ પ્રકારી પૂજા-નામકર્મની સાતમી પૂજામાં જો જિનનામ કર્મનો વિપાકોદય હોય ત્યારે તે જીવ તીર્થકરપણું પામે છે. અને તેનો વિપાકોદય તેરમે 'સયોગી' નામના ગુણઠાણે થાય છે.**

**૪ 'यदुदयाद् जीवः सदेवमनुजासुरलोकपूज्यमुत्तमोत्तमं परममुनि प्रणीतधर्मतीर्थस्य प्रवर्त्तयितृपदमवाप्नोति तत्तीर्थकरनामेत्यर्थः' કર્મગ્રંથે ૬ઠ્ઠે ટીકાયાં ગા. ૪૬ પૃ. ૫૪ જેના વિપાકોદયથી જીવ, દેવ, દાનવ-માનવ-લોકથી પૂજ્ય, ઉત્તમોત્તમ, પરમમુનિ પ્રણીત ધર્મતીર્થના પ્રવર્ત્તક પદને (પદવીને, હોદ્દાને) પામે છે તે તીર્થકર નામનું નામકર્મ કહેવાય છે.**

**૫ જૈન ધર્મથી વિપરીત-ઉંધીમતિ-માન્યતા.**

**૬ પોતપોતાના વિષયમાં ભમતા મનને તથા ઈન્દ્રિયોને કાબૂમાં કે વશમાં નહીં રાખવી, ખૂલ્લી મૂકવી, પૃથ્વીકાય-અપ્કાય-અગ્નિકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયરૂપ જીવોની હિંસા તેનું નામ અવિરતિ છે.**

જેમાં મહાભયાનક ચાર કષાય (ક્રોધ-માન-માયા-લોભરૂપી ચાર કષાય) રૂપ પાતાલો-મહાકલશો છે.

(આથી આમાં વિક્ષોભ-ચલવિચલતા-ઉથલપાથલ-અસ્થિરતા-ઉલ્ટાસુલ્ટીનું કારણ સિવાય કષાય હોઈ મહા ભયાનક-બીહામણા કષાય છે. એમ વિજ્ઞાપન કરાય છે.)

જે, (ભ્રમ-આવર્તન-ફરવા-ચકરાવા-ભમવાની ઉત્પત્તિ હોઈ) અત્યંત-મહામુશ્કેલીથી ઓળંગી શકાય એવા મોહનામના-મોહરૂપી આવર્ત્ત (વમલ-પાણીમાંથી થતાં કુંડાલા-ભમરી)થી રૂદ્ર-ભયાનક-બિહામણો છે.

જ્યાં (વ્યથા કરનાર હોઈ) વિચિત્ર-(વિવિધતાવાળા-ભાતભાતના-અજાયબ) આધિ, (માનસિક વ્યથા) વ્યાધિ, (શારીરિક પીડા) ઉપાધિ (કુટુંબ આદિ વિષયકચિંતાજન્ય પીડા) દુઃખ સમુદાયરૂપી દુષ્ટ (ખરાબ) શ્વાપદો હિંસકતિર્યંચવિશેષ રૂપ મોટા મોટા જલજંતુઓ-મહામત્સ્ય (મહામકર-મહાકચ્છપ આદિ) છે. જે (અનંતર-તુરત જ ક્ષોભના કારણરૂપ) રાગ અને દ્વેષ રૂપી પવન (ઝંઝાવાત-વાવાઝોડું-વાવંટોળ) થી વિક્ષોભ-વ્યાકુલતાને પામેલો છે-ચલવિચલ છે.

જે (સર્વ અવસ્થામાં વ્યાપકતાવાળા) સંયોગ અને વિયોગરૂપ વીચી (મોજાંતરંગ-લહેરો-ઘોડાઓ) થી વ્યાપ્ત-તરલ-ચપલ છે.

જે પ્રબલ (પુષ્કલ-જોરદાર) મનોરથરૂપી (ઈચ્છા-સંકલ્પવિકલ્પ-મનોરાજ્યરૂપી) લેવા (ભરતી-જલવૃદ્ધિ-ઝુવાળ-ચંદ્રના આકર્ષણથી સમુદ્રનું પાણી પ્રતિદિન બે વાર ચડ-ઉતર થાય છે તે રીતે પાણી ચડે છે તેને ઝુવાળ કહે છે.) થી આકુલ-વ્યગ્ર છે. જે અત્યંત દીર્ઘ (લાંબો-મોટો-સીધી લીટીએ આગળ વધેલો-વધારે લંબાઈ હોય એવો-વિસ્તારવાળો-દૂર) છે. એવા સંસારરૂપી સાગરને તરે છે,

અર્થાત્ જેના દ્વારા પાર ઉતરે છે તે તીર્થ કહેવાય છે.

પૂર્વે તીર્થશબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ બતલાવ્યો. હવે પ્રવૃત્તિનિમિત્ત અર્થ બતલાવે છે,

---

૧ લવણસમુદ્ર જંબુદ્વિપને ચારે બાજુથી વીંટળાઈને વલયાકારે રહેલો છે. અને તેનો ચક્રવાલ (વલય) વિષ્કંભ, બે લાખ જોજન પ્રમાણ છે. આ સમુદ્રમાં ૧૦૦૦૦ જોજનના વિસ્તારવાળી અને સમભૂતલાની સમસપાટીથી ૧૬૦૦૦ યો. અને સમુદ્રતલથી ૧૭૦૦૦ યોજન ઉંચી જલવૃદ્ધિ થાય છે એ જલવૃદ્ધિની નીચે ચારે દિશાઓમાં એક એક મોટા ચાર પાતાલકલશો આવેલા છે. આ કલશાઓ મોટા ઘડાના આકાર સરખા છે. અને વજરત્નના હોય છે. આની ઠીંકરીની જાડાઈ ૧૦૦૦ જોજનની, ૧૦,૦૦૦ જોજન નીચે પહોળા અને તેટલા જ ઊર્ધ્વસ્થાને પણ પહોળા એટલે કે ૧૦૦૦૦ જોજનના પ્હોળા મુખવાળા, મધ્યભાગે પ્હોળાઈમાં ૧ લાખ જોજન પ્રમાણના અને ૧ લાખ જોજન ભૂમિમાં ગએલા છે. જેથી સમભૂમિની સમસપાટીથી ૧ લાખ યો. ઉપરાંત ૧૦૦૦ જોજન પ્રમાણ પૂર્ણ થયે નીચે કલશનું તળીયું આવે છે. તથા ઉપરથી ચારે કલશાઓ સમ સપાટીમાં રહેલા છે પૂર્વ દિશાના કલશનું નામ 'વડવામુખ' છે. દક્ષિણ દિશામાં 'કેયૂપ' પશ્ચિમ દિશામાં 'યૂપ' અને ઉત્તર દિશામાં 'ઈશ્વર' આ પ્રમાણે મહાકલશો છે. તેને 'પાતાલ' એવી સંજ્ઞા આપવામાં આવેલ છે.

૨ प्रवृत्तिनिमित्तम्-पदशक्यतावच्छेदकम् । यथा घटत्वं घटपदस्य प्रवृत्तिनिमित्तम् । एवं शुक्लादिपदस्य शुक्लत्वम्, पाचकादेः पाकः, देवदत्तादेस्तत्तत्पिण्डादि प्रवृत्तिनिमित्तं भवति प्रवृत्तिनिमित्तशब्दस्य व्युत्पत्तिः- प्रवृत्तेः- शब्दानामर्थबोधनशक्तेः निमित्तं प्रयोजकमिति । तच्च शक्यतावच्छेदकं भवतीति ज्ञेयम् । तल्लक्षणं च प्रकारतया शक्तिग्रहविषयत्वम् (वि.) । अथवा वाच्यवृत्तित्वे सति वाच्योपस्थितिप्रकारत्वमिति (म. शक्ति.)।

**एतच्च यथावस्थितसकलजीवादिपदार्थप्ररूपकं अत्यन्तानवद्यान्याविज्ञातचरणकरणक्रियाधारं त्रैलोक्यगतशुद्धधर्मसम्पद्युक्तमहासत्त्वाश्रयं अचिन्त्यशक्तिसमन्विताऽविसंवादिपरमबोहित्थकल्पं प्रवचनं सङ्घो वा निराधारस्य प्रवचनस्यासम्भवाद्,**

ભાવાર્થ-આ તીર્થ એટલે

(૧) જે, યથાવસ્થિત (જેમ હોય તેમ-યથાર્થ-સત્યરીતે જે જે પ્રકારે પદાર્થો છે તે સર્વ પ્રકારે) સકલ-તમામ, જીવાદિ (અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-નિર્જરા,-બંધ-મોક્ષ એ આદિ પદથી લેવાં) પદાર્થ-તત્ત્વ-દ્રવ્યવિષયક પ્રરૂપણા (લક્ષણ-સ્વરૂપ વિભાગ-પ્રામાણ્ય આદિ દ્વારા નિરૂપણ) કરનાર છે. (આ વિશેષણથી તીર્થમાં સમ્યગ્-જ્ઞાન-મયતાનું નિરૂપણ કરાય છે.)

(૨) જે, અત્યંત (સર્વથા) નિર્દોષ, કપિલ બૌદ્ધ વિગેરે અન્ય દર્શનીઓએ નહીં જાણેલ-ઓળખેલ એવા ચરણઅને[૨]કરણરૂપ ક્રિયાનો આધાર-આશ્રય-અધિકરણ છે. (આ વિશેષણથી તીર્થમાં યથાસુંદરકારિત્વનું વિધાન કરાય છે. શોભન આચાર શ્રેષ્ઠ આચારનું વિધાન કરાય છે.)

(૩) જેનો, ત્રિભુવન (ઊર્ધ્વલોક-અધોલોક-તિર્ચ્છાલોકરૂપ ત્રિભુવન) વર્તી, શુદ્ધ-નિઃશલ્ય, નિરતિચાર સમ્યક્ત્વ આદિરૂપ ધર્મસંપદા-વૈભવથી યુક્ત, (એવા) જે મહાત્માઓ-પુરુષપ્રધાનો-ઉત્તમકોટીના પ્રાણીઓ,-એ-આધાર-આશ્રય-સ્તંભ-ટેકો છે. અર્થાત્ જે ત્રિભુવનવર્તી-શુદ્ધ ધર્મવૈભવવંત મહાસત્ત્વશાલી મહાપુરુષના આધારે-આશ્રયે-ટેકે, ટકી રહેનાર છે. (આ વિશેષણથી તીર્થમાં સત્યપુરુષસેવિત્વનું સૂચન કરાય છે. અર્થાત્ જે તીર્થના આરાધક-સેવક-સેવા કરનાર સત્યપુરુષો છે એમ ધ્વનિત થાય છે.)

(૪) જે, અચિન્ત્યશક્તિ-અલૌકિક સામર્થ્યથી સુશોભિત, (ભરપુર) એટલે જ અવિસંવાદી-પૂર્વ અપર વિરોધરૂપ વિસંવાદ વગરનું, (કષ-છેદ-તાપરૂપ પરીક્ષાત્રયથી વિશુદ્ધ હોઈ ફલપ્રાપ્તિ વિષયમાં અવિરોધી-

---

દા.ત. ગો શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત (ગલકંબલાદિક આકાર યુક્ત સંસ્થાન વિશેષ) જેમાં હોય તેને જ 'ગો' શબ્દથી સંબોધી શકાય.

સંજ્ઞાવાચકનામમાં સંજ્ઞા, જાતિવાચક નામમાં જાતિ, ભાવ (ગુણ અને ક્રિયા) વાચકનામમાં ભાવ, એટલે જેનો વાચક શબ્દ, તે તેમાં પ્રવૃત્તિનિમિત્ત છે એમ સમજવું.

૧ સાધુઓથી હંમેશા આચરાય તે 'ચરણ' કહેવાય છે. ચરણ સિત્તરી કે જેને સંસ્કૃતમાં ચરણ-સપ્તતિ કહેવામાં આવે છે. એ ચરણ યાને ચારિત્રના ૭૦ પ્રકારનો સમૂહ છે. તથાહિ અહિંસા આદિ પાંચ મહાવ્રત, ક્ષાંતિઆદિ દશવિધ શ્રમણ ધર્મ, સત્તરપ્રકારનો સંયમ, દશ પ્રકારનાં વૈયાવૃત્ત્ય, નવપ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ, મતિઆદિ ત્રણ જ્ઞાન, બાર પ્રકારની તપશ્ચર્યા, ક્રોધ આદિચાર કષાયોનો જય એ પ્રકારે ચરણના ૫+૧૦+૧૭+૧૦+૯+૩+૧૨+૪=૭૦ ભેદો જાણવા.

૨ પ્રયોજન પ્રાપ્ત થયે છતે જે કરાય તે 'કરણ' કહેવાય છે. કરણસિત્તરીનું કરણ સપ્તતિ એ પ્રતિસંસ્કૃત છે એ ૭૦ ક્રિયાના સમુદાયનું નામ છે. એના ૭૦ ભેદો નીચે મુજબ છે. તથાહિ ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ અર્થાત્ આહાર-ઉપાશ્રય-વસ્ત્ર અને પાત્રની ગવેષણા ઈત્યાદિ, પાંચ સમિતિઓ, અનિત્યત્વાદિ બાર ભાવનાઓ, માસિકી આદિ બાર પ્રતિમાઓ, સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ, પચ્ચીશ પ્રકારની પ્રતિલેખના, ત્રણ પ્રકારની ગુપ્તિ, અને ચાર જાતના અભિગ્રહ એ કરણના ૪+૫+૧૨+૧૨+૫+૨૫+૩+૪=૭૦ ભેદો છે.

અવ્યભિચારી-અબાધક) પરમ-લોકોત્તર નૌકા સરખું છે. (આ વિશેષણથી તીર્થમાં અવશ્ય ફલદાયકતા સંપાદકત્વનું પ્રરૂપણ કરાય છે.)

પૂર્વોક્ત વિશેષણચતુષ્ટયથી વિશિષ્ટ જે [1]'પ્રવચન' (જગત્પ્રભુ-સર્વજ્ઞવચન) 'તીર્થ' કહેવાય છે. અથવા 'સંઘ' તીર્થ કહેવાય છે. કારણ કે; પ્રવચન, આધાર વગર રહી શકે નહિ. માટે તે તે પ્રવચનના આધારભૂત સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ [2]સંઘ યા પ્રથમ ગણધર, તીર્થ કહેવાય છે.

હવે આ વિષયમાં ભગવતીસૂત્રનો પુરાવો આપતા શાસ્ત્રકાર કહે છે.

**उक्तं च "[3]तित्थं भंते ! तित्थं ? तित्थगरे तित्थं ? गोयमा ! अरहा ताव नियमा तित्थंकरे, तित्थं पुण [4]चाउवण्णो 'समणसङ्घो"** ભગ. શ. ૨૦ ઉ. ૮ પત્ર. ૭૯૨

ભાવાર્થ-વળી સૂત્રમાં કહ્યું છે કે;

પ્રશ્ન-હે ભદન્ત ! ભગવન્ ! સંઘરૂપ જે તીર્થ છે તે તીર્થશબ્દનો વાચ્ય-અર્થ છે કે, તીર્થકર, એ તીર્થશબ્દ શબ્દનો વાચ્ય-અર્થ છે ?

પ્રત્યુત્તર-હે ગૌતમ ! અરિહંત (તીર્થકર) તો નિયમા તીર્થને કરનારા હોય છે.

અર્થાત્ તીર્થપ્રવર્ત્તક છે. તે તીર્થ કહેવાય નહીં પરંતુ તીર્થ તો ચારવર્ણ (પ્રકાર) વાળો-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ, શ્રમણપ્રધાન-શ્રમણસંઘ કહેવાય છે.

હવે શાસ્ત્રકાર, પ્રકૃત વિષયને તાત્પર્યઅંશ રજુ કરે છે. યાને તીર્થકરત્વની અદ્‌ભૂત શૈલીમાં સિદ્ધિ કરે છે.

---

૧ प्रकर्षेणोच्यतेऽभिधेयमनेनेति प्रवचनं-द्वादशाङ्गीरूपागमः

૨ 'तीर्थं च श्रुतं संसारसागरोत्तरणासाधारणकारणत्वात्, तदाधारत्वेन च सङ्घस्य तीर्थशब्दाभिधेयत्वात्, भ. ૨૦ श. ૮ ઉ. ટીકાયાં

૩ तथा तट्टीकेयं-'तीर्थप्रस्तावादिमाह-'तित्थं भंते' इत्यादि, 'तीर्थ' सङ्घरूपं, भदन्त ! 'तित्थं' ति तीर्थशब्दवाच्यं उत तीर्थकरः 'तीर्थं' तीर्थशब्दवाच्यः ? इति प्रश्नः, अत्रोत्तरं-'अर्हन्'-तीर्थकरस्तावत् 'तीर्थङ्करः' तीर्थप्रवर्त्तयिता, न तु तीर्थं, तीर्थं पुनः 'चाउवण्णाइन्ने समणसंघेति' चत्वारो वर्णा यत्र स चतुर्वर्णः, सचासावाकीर्णश्च क्षमादिगुणैर्व्याप्तश्चतुवर्णाकीर्णः, क्वचित् 'चाउवन्ने समणसंघ 'त्ति पठ्यते, तच्च व्यक्तमेव

૪ 'नमश्चतुर्वर्णसंघे' ति-सकलार्हत्स्तोत्रे अर्थप्रकाशवृत्तौ 'चत्वारो वर्णभेदाः-साधुसाध्वीश्रावकश्राविकारूपा यस्य स चतुर्वर्णः, चतुर्वर्णश्चासौ संघे-चतुर्वर्णसंघः ।

આ પાઠના પછીજ ચતુર્વર્ણનો પાઠ બતાવવામાં આવ્યો છે તે આ પ્રમાણે 'तं जहा समणा समणीओ सावगा साविगाओ अत्ति' આ કારણથી અહીં ચતુર્વર્ણ એટલે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા. એ સિવાય બીજો અર્થ લઈ શકાય નહિ.

૫ साधुसाध्वीश्रावकश्राविकालक्षणचातुर्वर्ण्यरूपत्वं संघस्य लक्षणम् ।

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચારવર્ણોના સમૂહને 'સંઘ' કહેવામાં આવે છે ચાતુર્વર્ણ્યના બે અર્થો છે-(૧) સમ્યક્ત્વ, જ્ઞાન, સંવર અને તપરૂપ ચારવર્ણોને-ગુણોને વિષે ઉદ્‌ભવેલું તે, (૨) સાધુ-સાધ્વી-શ્રાવક અને શ્રાવિકારૂપ ચાર ભેદોનો સમુદાય. આ હકીકત તત્ત્વાર્થની બૃહદવૃત્તિ (દ્વિ.વિ.) ના ૨૭ મા પૃષ્ઠગત નિમ્નલિખિત ઉલ્લેખને આભારી છે.

ततश्चैतदुक्तं भवति-घातिकर्म्मक्षये ज्ञानकैवल्ययोगात्तीर्थकरनामकर्म्मोदयतस्तत्स्वभावतया आदित्यादिप्रकाशनिदर्शनतः, शास्त्रार्थप्रणयनान्मुक्तकैवल्ये तदसम्भवेनागमानुपपत्तेः, भव्यजनधर्म्मप्रवर्त्तकत्वेन परम्परानुग्रहकरास्तीर्थकरा इति तीर्थकरत्वसिद्धेः ४ ।

ભાવાર્થ-પૂર્વોકત વિવેચનથી એ વસ્તુ ફલિત થાય છે કે;

જ્ઞાનવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અંતરાયરૂપ ચાર [૧]ઘાતિકર્મનો સર્વથા પ્રલયરૂપ ક્ષય થયે છતે જ્ઞાન કૈવલ્ય-કેવલજ્ઞાન અને કેવલદર્શન થાય છે. અને કેવલજ્ઞાન અને કેવલદર્શનનો યોગ પામીને [૨]તીર્થંકર નામકર્મનો [૩]વિપાકોદય (રસોદય-ફલોદય) થાય છે. અને તેથી જ તીર્થ કરવાના સ્વભાવથી-સૂર્ય વિગેરેના પ્રકાશના દ્રષ્ટાંતથી ('જે કર્મના ઉદયથી તીર્થ પ્રવર્તાવી શકાય તે કર્મનું નામ શાસ્ત્રમાં તીર્થંકરનામકર્મ કહેલું છે. તેના ઉદયથી કૃતકૃત્ય છતાં અર્હન્ ભગવાન તીર્થ પ્રવર્ત્તાવે છે. જે સ્વાભાવિક રીતે જ સૂર્ય જગત્માં અજવાળું કરે છે તેમ શ્રી તીર્થંકર ભગવાન પણ તીર્થપ્રવર્ત્તાવવા પ્રવૃત્તિ કરે છે' તત્ત્વાર્થભાષ્યે કા. ૯, આદિ શબ્દથી ચંદ્રકાંતમણિ વિગેરેના પ્રકાશના દ્રષ્ટાંતો ઘટાવવા.)

ત્રિપદીરૂપ શાસ્ત્રાર્થના પ્રણેતા જગત્પ્રભુ થાય છે.

અર્થાત્-જેમ સૂર્ય સ્વાભાવિક રીતે જ પ્રકાશ પૃથ્વીતલ પર પાથરે છે તેમ તીર્થંકર ભગવાન, ઘાતિકર્મનો ક્ષય થયે છતે તે કેવલજ્ઞાનના યોગે કરી તીર્થંકરનામકર્મના વિપાક ઉદયથી તીર્થ કરવાના સ્વભાવથી ~~उपदेह~~

---

"चत्वारो वर्णाः साधुसंयती (साध्वी) श्रावकश्राविकाख्या वर्ण्यन्ते इति वर्णा-भेदास्तेषु चतुर्षुवर्णेषु भवश्चातुर्वर्णः सङ्घो गणः अथवा सम्यक्त्वज्ञानसंवरतपांसि चत्वारो वर्णा-गुणास्तद्भवश्चातुर्वर्ण चतुर्णां वर्णानामयं (वा) चातुर्वर्णः सङ्घः, न तु सुगतशिष्याणां भौतानां वा

૧ જ્ઞાનાવરણીયકર્મ-આત્માના જ્ઞાનસ્વભાવ ગુણને આવૃત કરી તેનો ઘાત કરે છે. દર્શનાવરણીયકર્મ-આત્માના દર્શન ગુણને આવરી તેનો ઘાત કરે છે. મોહનીયકર્મ-સમ્યકૃત્વ ગુણને તથા ચારિત્ર ગુણને હણે છે, અંતરાયકર્મ-આત્માના સ્વભાવભૂત મૂળગુણના ઘાતક હોવાથી આ ચારેય કર્મોને 'ઘાતિકર્મ' આવી યથાર્થ સંજ્ઞા આપવામાં આવી છે.

૨ જે કર્મનો ઉદય થતાં જીવ, ત્રિભુવનવડે પૂજાય છે. તે કર્મને તીર્થંકરનામકર્મ કહેવામાં આવે છે. આ કર્મ દ્વારા ધર્મ તીર્થ પ્રવર્ત્તાવવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આ કર્મનો વિપાક સર્વજ્ઞદશામાં થાય છે.

૩ 'से उदओ केवलिणो' પ્ર. ક. ગા. ૪૭. તીર્થંકરનામ કર્મનો વિપાકોદય, કેવળજ્ઞાન ઉત્પન્ન થયેજ હોય. છદ્મસ્થ ન હોય, પણ જેણે પૂર્વે તીર્થંકર (તીર્થંકર નામકર્મનો ઉદય તીર્થંકર કેવલીને કહ્યો તે રસોદય જાણવો. પ્રદેશોદયતો ત્રીજે ભવે ચોથે ગુણઠાણે તીર્થંકરનામકર્મ, નિકાચિત કર્યા પછી અન્તમુર્હર્તેજ થાય છે તેને લીધે અન્યપ્રાણી કરતાં તેમની આજ્ઞા ઐશ્વર્ય વચન આદેયતા વિગેરે વિશેષ હોય, તથા જે ભવે તીર્થંકરપણે ઉત્પન્ન થાય તે ભવમાં તેમના પાંચે કલ્યાણક મહોત્સવમાં ઈન્દ્રાદિ પૂજે, આહારનીહાર કોઈ દેખે નહિ, રોગરહિત, પરસેવારહિત નિર્મળ કાયા અને શ્વાસોશ્વાસ સુગંધી હોય, લોહીમાંસ શ્વેત હોય એ ચાર અતિશય જન્મથી હોય. ચારઘાતિ કર્મનો ક્ષય કરવાથી રસોદય હોય, તેને લીધે સમવસરણ આદિ વિભૂતિ હોય, વાણીના પાંત્રીશગુણે ભવ્ય જીવોને પ્રતિબોધી ચતુર્વિધ સંઘની સ્થાપના કરે, દેશના અફળ જાય નહિ, ચોત્રીશ અતિશયવંત હોય,) નામ કર્મ બાંધ્યું હોય એવા કેવલીને હોય, પણ સર્વ કેવલીને ન હોય.

અર્થાત્ છદ્મસ્થ-તીર્થંકર અને તીર્થંકર-નામ-કર્મ જેમણે પૂર્વે નથી બાંધ્યું એવા કેવલીઓ સિવાય જેણે પૂર્વે તીર્થંકર નામ કર્મ બાંધ્યું છે, અને જે કેવલી છે તે આત્માને તીર્થંકર નામ કર્મનો વિપાકોદય હોય છે.

**વ વિગમેઇ વા ધુવેઇ વા'** એ રૂપ માતૃકા પદ (મૂળાક્ષર-મૂળ-જડ-આદિ કારણ-માયા-આધારરૂપ અક્ષર) ત્રય લક્ષણ-[1]ત્રિપદીરૂપ શાસ્ત્રાર્થના પ્રણયન-ઉપદેશથી તીર્થને કરનારા-તીર્થંકરો અર્હંત ભગવંતો હોય છે. જો કેવલજ્ઞાન બાદ તરત જ અરિહંત ભગવંતોને મુક્ત માનો તો, મુક્ત કૈવલ્યમાં એટલે મોક્ષમાં ત્રિપદીરૂપ શાસ્ત્રાર્થનું પ્રણયન-રચના ઘટી શકે જ નહિ. કારણ કે; મુક્તો એટલે સિદ્ધ અને શરીર વગરના હોય છે. માટે વચનરચના રૂપ પ્રણયનના કારણ શરીરના અવયવભૂત મુખ વિગેરેનો તેમાં અભાવ છે. એથી જ આગમનો પણ અસંભવ થાય સમજ્યા ને! મતલબ કે; અર્થ-[2]આત્મ-આગમવાળાઓ જ શાસ્ત્રાર્થના પ્રણાયકો-પ્રવર્ત્તકો-ઘડવૈયાઓ હોય છે. બીજાઓ નહીં.

---

૧ ભગવાન્ તીર્થની સ્થાપના કરે, એટલે ગણધર ભગવાનો, ભગવાન્ શ્રી જીનેશ્વરદેવને એક પ્રદક્ષિણા દઈને, એ તારકના ચરણે નમસ્કાર કરે છે અને તે પછીથી ભગવાનને પૂછશે કે-'भंते ! किं तत्तं ?' ગણધર ભગવાનોના આ પહેલા પ્રશ્નના ઉત્તરમાં, ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ ફરમાવે છે કે-'उप्पन्नेइ वा' આ ઉત્તરદ્વારા, ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ દ્રવ્યના પર્યાયના ઉત્પાદનો સિદ્ધાન્ત વ્યક્ત કરે છે. ગણધર ભગવાનો, ભગવાન્ શ્રી જિનેશ્વરદેવે આપેલા ઉત્તરને સાંભળીને, એ વિષે વિચારણા કરે છે. ભગવાન્ શ્રી જિનેશ્વરદેવે આપેલા ઉત્તર વિષે વિચાર કરતાં, ગણધર ભગવાનોને વધુ પૂછવાની જરૂર લાગે છે. આથી ભગવાન શ્રી જિનેશ્વરદેવને ગણધર ભગવાનો બીજીવાર પ્રદક્ષિણા દઈને એ તારકના ચરણે નમસ્કાર કરે છે અને તે પછીથી ભગવાનને તે બીજીવાર પણ એનો એ પ્રશ્ન પૂછશે કે-'भंते ! किं तत्तं ?' ગણધર ભગવાનોના આ બીજા પ્રશ્નનાં ઉત્તરમાં શ્રી જિનેશ્વરદેવ ફરમાવે છે કે;

'विगमेइ वा' આ ઉત્તર દ્વારા ભગવાન શ્રી જિનેશ્વરદેવ, દ્રવ્યમાં વ્યયવિગમ-વિનાશનો સ્વભાવ હોવાનો સિદ્ધાંત વ્યક્ત કરે છે. ગણધર ભગવાનો, ભગવાન શ્રી જિનેશ્વરદેવે આપેલા આ ઉત્તરને સાંભળીને એ વિષે પણ વિચારણા કરે છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવે આપેલા ઉત્તર વિષે વિચાર કરતાં, હજુ પણ ગણધર ભગવાનોને વધુ પૂછવાની જરૂર લાગે છે કેવળ ઉત્પન્ન જ થયા કરે, એ પણ કેમ બને ? અને ઉત્પન્ન થાય અને નષ્ટ થાય, એય કેમ બને ? આ કારણે, ભગવાન શ્રી જિનેશ્વરદેવને ગણધરભગવાન ત્રીજીવાર પ્રદક્ષિણા દઈને, એ તારકના ચરણે નમસ્કાર કરે છે અને તે પછીથી તેઓ ભગવાનને ત્રીજીવાર પણ એનો એ જ પ્રશ્ન પૂછે છે કે-'भंते ! किं तत्तं ?' ગણધર ભગવાનોએ પૂછેલા આ ત્રીજી વારના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન શ્રી જિનેશ્વરદેવ ફરમાવે છે કે 'धुवेइ वा' આ ઉત્તર દ્વારા ભગવાન શ્રી જિનેશ્વરદેવ, દ્રવ્યના ધ્રૌવ્ય સ્વભાવનો સિદ્ધાન્ત વ્યક્ત કરે છે. આ ત્રીજો ઉત્તર ભગવાન શ્રી જિનેશ્વરદેવના શ્રીમુખેથી સાંભળતાંની સાથે જ શ્રી ગણધર ભગવાનોને તત્ત્વસ્વરૂપ પરિપૂર્ણપણે સમજાઈ જાય છે. શ્રી ગણધર ભગવાનોએ 'भंते ! किं तत्तं?' એવો પ્રશ્ન ત્રણવાર પૂછ્યો; એ પ્રશ્નત્રયીને શ્રી જૈનશાસનમાં 'નિષદ્યાત્રય' આદિ તરીકે ઓળખાવેલ છે. અને ભગવાન શ્રી જિનેશ્વરદેવે પહેલી વાર 'उप्पन्नेइ वा', બીજીવાર 'विगमेइ वा' અને ત્રીજીવાર 'धुवेइ वा' એમ ત્રણ પદોદ્વારા જે ત્રણ ઉત્તરો આપ્યા તે ત્રણ ઉત્તરો શ્રી જૈનશાસનમાં 'ત્રિપદી' આદિ તરીકે ઓળખાવાય છે.' 'શ્રી ભગવતીજી સૂત્રના વ્યાખ્યાનો' પહેલો ભાગ પૃ. ૧૦-૧૧.

૨ અર્થની અપેક્ષાએ શ્રી તીર્થંકર ભગવંતનું જ્ઞાન તે 'આત્મઆગમ' શ્રી તીર્થંકર પાસેથી અનંતરપણે પ્રાપ્ત થયેલું શ્રી ગણધરોનું જ્ઞાન તે 'અનંતર આગમ' અને ત્યારબાદ શિષ્યપ્રશિષ્યની પરંપરાએ ઉત્તરોત્તર ચાલ્યું આવતું શેષ આચાર્ય આદિકનું જ્ઞાન તે 'પરંપરાગમ' પરંતુ સૂત્રને અંગે ગણધરનું જ્ઞાન 'આત્માગમ' તેમના શિષ્યનું 'અનંતરાગમ' અને પ્રશિષ્યનું 'પરંપરાગમ' (ઈતિ અનુયોગદ્વારે)

તથાચ કેવલિભિન્ન-અન્ય વ્યક્તિની પ્રવચનરૂપ આગમની રચનામાં વિસંવાદ-વ્યભિચાર-પૂર્વઅપરવિરોધનો સંભવ થાય ! એટલે અનંતર અર્થ-આગમવાળાઓ, (ગણધરો) પરંપર અર્થ આગમવાળાઓ, તેમના શિષ્યો, ત્રિપદીરૂપ શાસ્ત્રાર્થની રચના કરી શકતા નથી. એટલે પરિશેષથી કેવલી તીર્થંકર ભગવંતો જ ધર્મતીર્થના પ્રવર્ત્તકો છે.

વળી આવચનરચનારૂપશાસ્ત્રાર્થ, [1]અપૌરૂષેય નથી. પરંતુ પરમપુરૂષ કર્તૃક છે. આ વિષયની મીમાંસા આગળ શાસ્ત્રકાર કરનાર છે.

તથાચ ભવ્યજનોને-યોગ્ય જીવોને (સમ્યગ્ દેશના-પ્રતિબોધ દ્વારા) ધર્મમાં-સમ્યક્ત્વ-વિરતિ-નિષ્કષાયતા આદિ ધર્મમાં ઉતારનાર-જોડનાર-પ્રવર્ત્તાવનાર-પ્રવૃત્તિ કરાવનાર હોઈ પરંપરાએ (સાક્ષાત્-અનંતર નહીં પરંતુ વ્યવધાનથી) અનુગ્રહ-ઉપકાર-કૃપા કરનારા [2]તીર્થંકરો હોય છે.

. કેવી રીતે પરંપરાએ ઉપકાર કરનારા તીર્થંકરો હોય છે ?

તો સાંભળો ! જીવોના કલ્યાણની યોગ્યતા રૂપ લક્ષણવાળો ક્ષાયોપશમિક આદિ રૂપ સ્વપરિણામ-ભાવ જ, ઉત્કૃષ્ટ કલ્યાણ રૂપ કાર્ય પ્રત્યે સાક્ષાત્-અવ્યવહિત કારણ છે. અને કલ્યાણ યોગ્યતા રૂપ ક્ષાયોપશમિક આદિ ભાવરૂપ કાર્યના પ્રત્યે અર્હંત ભગવંતો કારણ છે. એટલે, આ રીતે જીવોના ઉત્કૃષ્ટ કલ્યાણપ્રત્યે અરિહંત ભગવંતો પરંપરા-વ્યવહિત કારણ છે.

મતલબ કે, ભવ્ય જીવોના ધર્મપ્રવૃત્તિ રૂપ મહોપકાર રૂપ કાર્ય અથવા ઉત્કૃષ્ટ કલ્યાણ રૂપ કાર્યના પ્રત્યે કલ્યાણ યોગ્યતા રૂપ ક્ષાયોપશમિક આદિ રૂપ સ્વપરિણામભાવ કારણ છે-અને કલ્યાણયોગ્યતા રૂપ

---

**૧ જે જે વચનની રચના છે તે તે 'કુમારસંભવ' આદિકની માફક (કાલિદાસ આદિ) પુરૂષની બનાવેલી દેખાય છે. એવી રીતે વચન રચનારૂપ આગમ પણ, વચનોની રચનાવાળો છે, માટે તેને પણ કોઈ પુરૂષોએ જ બનાવેલો કહી શકાય; અને તેથી તાલુ આદિના વ્યાપારવાળા પુરૂષના વચનરૂપ એવો આગમ 'અપૌરૂષેય' એટલે પુરૂષે નહીં બનાવેલ એમ કહેવું અયુક્ત છે.**

**'तालवादिजन्मा ननु वर्णवर्गो, वर्णात्मको वेद इति स्फुटं च ।**

**पुंसश्च तालवादिरतः कथं स्यादपौरूषेयोऽयमिति प्रतीतिः ॥**

**અક્ષરોનો સમુદાય, તાલુ વિગેરે સ્થાનોથી પેદા થાય છે. અને વેદ (આગમ) તો અક્ષરમય જ છે. એ વાત પ્રસિદ્ધ છે. અને તે તાલુ વિગેરે સ્થાનો તો પુરૂષને હોય છે. વાસ્તે આ વેદ-(આગમ) "અપૌરૂષેય" છે. એવી પ્રતીતિ-ખાત્રી શી રીતે થાય ?**

**૩-(૧) ઘાતિ કર્મનો ક્ષય.**

**(૨) કેવલજ્ઞાન કેવલદર્શન યોગ.**

**(૩) તીર્થંકર નામ કર્મનો વિપાકોદય.**

**(૪) અર્થ રૂપે શાસ્ત્ર પ્રણયન દ્વારા-ધર્મતીર્થ પ્રવર્ત્તન દ્વારા તીર્થંકરત્વ-જિનેન્દ્રત્વ પ્રાપ્તિ એ ક્રમથી તીર્થંકરના આત્માઓ 'તીર્થંકરત્વ' પામે છે.**

क्षायोपशमिक आदि भाव રૂપ ફલના પ્રત્યે અરિહંત ભગવંતો કારણ છે. એટલે, ભવ્ય જીવોની ધર્મપ્રવૃત્તિ કે ઉત્કૃષ્ટ મહા કલ્યાણના પ્રત્યે કલ્યાણયોગ્યતા રૂપ ક્ષાયોપશમિક આદિ રૂપ જીવના સ્વપરિણામના જનન દ્વારા કારણ હોઈ અરિહંત-ભગવંતો ભવ્ય જીવ ઉપર પરંપરાએ અનુગ્રહ-ઉપકાર-પ્રસાદ કરનારા છે એમ કહેવાય છે.

અથવા અનુબંધથી (ઉત્તરોત્તર વૃદ્ધિથી-સતત-નિરંતર અવિચ્છિન્ન પ્રવાહથી) સ્વતીર્થની અનુવૃત્તિ (અધિકાર-શાસન) કાલસુધી સુદેવત્વ-સુમાનુષત્વ આદિરૂપ કલ્યાણ લાભરૂપ પરંપરાથી અનુગ્રહ-ઉપકાર કરનારા, તીર્થને કરવાના સ્વભાવવાળા તીર્થંકરો હોય છે.

આ પ્રમાણે તીર્થંકરત્વની સિદ્ધિની સમાપ્તિ સમજવી. તથાચ શક્રસ્તવના 'તીર્થંકર એવા અરિહંત

---

૧ 'વળી બીજાનું ઉત્કૃષ્ટ કલ્યાણ કરનાર તીર્થંકર પદ છે' અર્થાત્ બીજાનું કલ્યાણ કરવાનો ઉત્કૃષ્ટમાર્ગ ઉપદેશ છે. અને ઉપદેશ તીર્થંકર પોતાની સુધા તુલ્ય વાણી વડે આપે છે. સર્વ કોઈ તે વાણી પોતપોતાની ભાષામાં તરત સમજી જાય છે, અને ચારે બાજુએ એક યોજન સુધી સંભળાય છે. તેવી વાણીવડે કેવળજ્ઞાનદ્વારા જાણેલા ભાવોનો બોધ શ્રોતા વર્ગની ગ્રહણ કરવાની સ્થિતિનો સમ્યગ્ ખ્યાલ રાખીને આપે છે. બીજાનું કલ્યાણ કરવાને કેવા કેવા સાધનોનો તીર્થંકર ઉપયોગ કરે છે, તે દર્શાવે છે. 'હૃદયને અસર કરે તેવા વચનરૂપ કિરણોથી ઘણા પ્રાણિઓનો મોહરૂપ અંધકારનો જીવનપર્યંત નાશ કરનાર તીર્થંકર પદ છે'

અર્થાત્-જેમ સૂર્યથી અંધકારનો નાશ થાય છે. તેજ રીતે ભગવાનની વાણીથી લોકોનો મોહ નાશ પામે છે. હૃદયથી બોલાયેલી વાણી હૃદયને અસર કરે છે, એ સિદ્ધાન્ત પ્રમાણે ભગવાને જગત્નું કલ્યાણ કરવાની બુદ્ધિથી આપેલો ઉપદેશ શ્રોતાવર્ગના હૃદયમાં સચોટ અસર કરે છે. આ પ્રમાણે મોહાંધકાર નાશ પામે છે, ત્યારે સૂક્ષ્મભાવનું જ્ઞાન થાય છે'

અર્થાત્-જ્યારે ભગવાનની સૂર્યસદશ હૃદયંગમવાણીથી લોકોનો મોહાંધકાર નાશ પામે છે ત્યારે સૂક્ષ્મબુદ્ધિવાળા પુરૂષો સમજી શકે તેવા જે જે સૂક્ષ્મ પદાર્થો અને ભાવોનું ભગવાન્ વર્ણન કરે છે, તે તે શ્રોતાવર્ગ ઝટ સમજે છે અને ગ્રહણ કરે છે.

'પછી શ્રદ્ધારૂપ અમૃતનું આસ્વાદન થાય છે' અર્થાત્ જ્યારે સૂક્ષ્મભાવો લોકોના સમજવામાં આવે છે, ત્યારે જેમ અમૃતનું પાન કરી આનંદ માને તેમ મનવડે તે તે પદાર્થોને લોકો ગ્રહણ કરે છે. અને તેમને સત્ય તરીકે માને છે. તે સત્ય બાબતોની શ્રદ્ધા થાય છે 'પછી સારા અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે' જ્યારે તત્ત્વ યથાર્થ સમજાય ત્યારે તદનુસાર વર્તન થાય એવો સ્વાભાવિક નિયમ છે. માટે આ સ્થળે પણ તત્ત્વોને યથાર્થ સમજ્યા પછી તે આદરવાનું મન થાય છે, અને ગૃહસ્થધર્મ કે યતિધર્મ તે પાળવાને આકર્ષાય છે. 'પછી ઉત્કૃષ્ટ અનર્થનો નાશ થાય છે' અર્થાત્ નરકગતિ તિર્યંચગતિ વિગેરે અનર્થ ઉપજાવનારાં કારણોનો, તેની બાબતમાં નાશ થાય છે.

અર્થાત્-તેવો મનુષ્ય નરક કે તિર્યંચગતિમાં જતો નથી. આટલેથી પણ તે શ્રોતા વર્ગને થયેલા ઉપકારનો અંત આવતો નથી. કારણ કે જે વિશેષ લાભ થાય છે. તે દર્શાવે છે કે 'ઉત્તરોત્તર વિશેષ એવો અવિચ્છિન્ન (અટક્યા વગરનો) સુખભાવ તે પ્રાણીઓના મોટા ઉપકાર અર્થે થાય છે. અને તેથી તે મોક્ષનું અવંધ્ય (સફલ) કારણ છે' અર્થાત્ સદ્અનુષ્ઠાનથી મનુષ્યને સુખ મળે છે, તે સુખનો તે બીજાસારૂ ઉપયોગ કરે છે, તેથી તેને વિશેષ સુખ મળે છે, વળી તેથી તે બીજાનું વધારે કલ્યાણ કરવા સમર્થ થાય છે, અને તેથી તે ઉત્તરોત્તર વિશેષ સુખ પ્રાપ્ત થયા કરે છે અને અંતે તે મોક્ષ સુખ મેળવવા ભાગ્યશાળી બને છે.

ભગવંતોને નમસ્કાર થાઓ' એ રૂપ વાક્ય વૃત્તિ 'તીર્થંકર' રૂપ ચોથા (૪) પદનું વ્યાખ્યાન-બીજી સંપદાના બીજાપદનું વ્યાખ્યાન પૂર્ણ થાય છે.

હવે શાસ્ત્રકાર, બીજી સંપદાના 'સ્વયં સંબુદ્ધ' રૂપ ત્રીજા પદનું અવતરણિકા સહિત વ્યાખ્યાન કરતા કહે છે કે,

**एतेऽप्यप्रत्ययानुग्रहबोधतन्त्रैः सदाशिववादिभिस्तदनुग्रहबोधवन्तोऽभ्युपगम्यन्ते 'महेशानुग्रहात् बोधनियमाविति वचनात्', एतद्व्यपोहायाह-"स्वयंसम्बुद्धेभ्यः"**

ભાવાર્થ-અપ્રત્યય એટલે મહેશ (હેતુની અપેક્ષા રાખ્યા વગર-અનુગ્રાહ્ય કેવો છે ? એની દરકાર કર્યા વગર અનુગ્રહ કરનાર હોઈ મહેશનું 'અપ્રત્યય' એવું સાર્થક નામ છે.) એના અનુગ્રહથી-બોધયોગ્ય સ્વરૂપ સંપાદનરૂપ ઉપકારથી સત્માં પ્રવૃત્તિ અને અસત્થી નિવૃત્તિ કરાવનાર જ્ઞાન વિશેષરૂપ બોધ થાય છે. આવા-તથાવિધ બોધની મુખ્યતાવાળા આગમને માનનારા 'સદા શિવવાદીઓ' ઈશ્વરને કારણ તરીકે માનનારાઓ અર્થાત્

(૧) પહેલાં મહેશનો બોધયોગ્યતાસંપાદનરૂપ અનુગ્રહ થાય છે.

(૨) પછીથી સત્ પ્રવૃત્તિ-અસત્ નિવૃત્તિના કારણરૂપ વિશિષ્ટ જ્ઞાનરૂપ બોધ થાય છે.

તથાચ તાદૃશબોધરૂપ કાર્યના પ્રત્યે મહેશકૃતતાદૃશ અનુગ્રહ કારણ છે. એવા કાર્ય કારણ પ્રધાન આગમના અનુયાયી સદાશિવવાદીઓ બોધમાં ઈશ્વરને કારણ તરીકે માનનારાઓ, પૂર્વોક્ત વિશેષણ વિશિષ્ટ 'તીર્થંકર અરિહંત ભગવંતોને, મહેશકૃત અનુગ્રહજન્ય તાદૃશબોધવાળા (સત્ કર્તવ્યમાં પ્રવર્ત્તક અસત્ કર્તવ્યોથી નિવર્ત્તક એવા જ્ઞાનવિશેષરૂપ બોધવાળા) માને છે. કારણ કે; આ વિષયમાં સદાશિવવાદીઓના આગમનું વચન છે કે; "મહેશની મ્હેરબાનીથી સદાચારમાં પ્રવૃત્તિ અને દુરાચારથી નિવૃત્તિ કરાવનાર જે જ્ઞાનવિશેષરૂપ બોધ, અને સદાચાર પ્રવૃત્તિ-દુરાચાર નિવૃત્તિરૂપ નિયમ-વિધિ-સંયમપાલન વિગેરે પ્રાપ્ત થાય છે."

(અથવા **'बोधनियमादिति'** આવા પાઠાંતરથી 'તાદૃશબોધનો નિયમ છે' એમ અર્થ થાય છે. અર્થાત્ જે જે તાદૃશબોધ હોય કે થાય છે તે તે અવશ્ય મહેશકૃત અનુગ્રહ જન્ય હોય અથવા મહેશકૃત અનુગ્રહથી જ થાય છે. આવો નિયમ અહીં સમજવો. અથવા **'बोधनिष्ठव्याप्यता (कार्यता) निरूपितव्यापकता (कारणता) महेशकृतानुग्रहे इत्येवं बोध्यम्)**

આ પ્રમાણેના એકાંતવાદીઓના મતનું નિરસન કરવા કહે છે કે;

---

**'માટે જ તીર્થંકરપદ બીજાનું ઉત્કૃષ્ટ કલ્યાણ કરનારૂં છે' અર્થાત્ તીર્થંકર વચનથી મોહાંધકાર ટળે છે, તેથી સૂક્ષ્મપદાર્થો અને ભાવો ઝટ સમજાય છે. અને તેથી શ્રદ્ધા અમૃતઆસ્વાદ થાય છે. પછી તે આદરવામાં આવે છે, તેથી અનર્થનો નાશ થાય છે. અને સુખનો ઉદ્ભવ થાય છે. પરોપકારથી વિશેષ સુખ મળે છે. એ પ્રમાણે ઉત્તરોત્તર વિશેષ સુખ પ્રાપ્ત કરતાં કરતાં અંતે મોક્ષ મળે છે. માટે જ તીર્થંકર પદને બીજાનું ઉત્કૃષ્ટ કલ્યાણ કરનારૂં ગણવામાં આવ્યું છે. (ધ. બિ. ગ્રન્થે.)**

"કોઈના પણ ઉપદેશ-અનુગ્રહવિના પોતાની યોગ્યતાથી અને તીર્થંકરનામકર્મના યોગથી પોતાની મેળે બોધ પામેલા-'સ્વયંબુદ્ધ"-તીર્થંકર-અર્હંતભગવંતોને નમસ્કાર થાઓ'

સ્વયંબોધિની સચોટસિદ્ધિ-

**તથાભવ્યત્વાદિ [1]સામગ્રી [2]પરિપાકતઃ પ્રથમસમ્બોધેઽપિ,**

ભાવાર્થ-તથા [3]ભવ્યત્વ-તે તે પ્રકારે વિશિષ્ટ કોટીનું ભવ્યત્વ જ (તેમાંમ બીજાઓમાં રહેલ ભવ્યત્વથી

---

**૧ કાર્યાયોગવ્યવચ્છિન્નઃ કારણસમુદાયઃ સામગ્રી ૨ સ્વકાર્યોત્પાદં પ્રત્યાભિમુખ્યં પરિપાકઃ । ૩ 'ભવ્યત્વં નામ સિદ્ધિગમનયોગ્યત્વમનાદિપારિણામિકો ભાવઃ આત્મતત્ત્વમેવ, તથાભવ્યત્વં તુ ભવ્યત્વમેવ કાલાદિભેદેનાત્મનાં બીજસિદ્ધિભાવાત્ નાનારૂપતામાપન્નમ્'**

સિદ્ધિમાં જવાની યોગ્યતા તે ભવ્યત્વ, અનાદિનો પરિણામી રહેલો ભાવ, તે ભવ્યત્વ આત્માનું મૂલતત્ત્વ-પ્રકૃત્તિ છે. વળી તથાભવ્યત્વ કાલ આદિના ભેદે કરીને આત્માઓની જે બીજે સિદ્ધિ તેના ભાવથી (થવાથી) નાના પ્રકારને પામેલું એવું ભવ્યપણું-તેજ તથાભવ્યપણું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે; તથાભવ્યપણું એકરૂપે નથી હોતું પણ કાલાદિ ભેદે કરીને તેના અનેકભેદ થાય છે. (ધર્મબિન્દુ અ. ૨. ટી. પૃ. ૨૭.)

**તત્ર મુક્તત્વપ્રયોજિકા સામાન્યતોઽભવ્યવ્યાવૃત્તા જાતિર્ભવ્યત્વમિતિ ગીયતે, પ્રત્યાત્મતથાતથાપરિણામિતયા સમુપાત્તવિશેષાત્ તથાભવ્યત્વમિતિ સિદ્ધમ્ ।** (શા. સ. ટી. ય. ૩. પૃ. ૩૨૭.)

એવંચ સમ્યક્ત્વની ઉત્પત્તિનું પારમાર્થિક કારણ, તે તે આત્માનો તથાભવ્યત્વ (ભવ્યત્વનો જે પરીપાક એટલે મોક્ષને લાયક થવું.) રૂપ અનાદિ પારિણામિક સ્વભાવ વિશેષ છે કે; જે વડે તે તે વિવક્ષિતક્ષેત્રમાં તે તે વિવક્ષિતકાળમાં અને તે તે પ્રતિનિયત ભગવાન અરિહંતના બિંબ પૂજા દર્શનાદિ સહકારી કારણ દ્વારા સમ્યક્ત્વનો લાભ થાય છે. કેટલાકનો તો તથાપ્રકારના અરિહંતના બિંબની પૂજા દર્શનાદિ નિમિત્ત વિના પણ સમ્યક્ત્વનો લાભ થાય છે. તથા ભવ્યત્વ એ સાધ્યવ્યાધિ સમાન છે. જેમ કોઈ એક સાધ્યવ્યાધિ પોતાની મેળે જ શાંત થાય છે અને કોઈ એક જ્યાં સુધી વૈદ્યના કહેવા પ્રમાણે ઉપચાર કરવામાં ન આવે ત્યાં સુધી શાંત થતો નથી. ઉપચાર કર્યા બાદ શાંત થાય છે. અથવા લાંબા કાળે સ્વયમેવ દૂર થાય છે. તેમ આ તથાભવ્યત્વ પણ કોઈક તો પોતાની મેળે જ પરિપકવ થાય છે. જે વડે અરિહંતના બિંબની પૂજા દર્શનાદિ બાહ્ય નિમિત્તની અપેક્ષા સિવાય જ આત્માને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. અને કોઈક તથાભવ્યત્વ તો, અરિહંતના બિંબની પૂજા-દર્શન, વિશિષ્ટ તપો લક્ષ્મીવાળા સાધુઓનું દર્શન, અથવા પ્રભુના વચનના શ્રવણરૂપ નિમિત્તોની અપેક્ષાએ પરિપકવ થાય છે. અથવા ઘણે કાળે નિમિત્ત વિના જ પરિપકવ થાય છે. (પંચસંગ્રહે અનુવાદે પૃ. ૨૮.)

અહીં આદિ શબ્દથી કાલ વિગેરેનું ગ્રહણ કરવું. તથાહિ કાલ વિશિષ્ટપુદ્ગલપરાવર્ત ઉત્સર્પિણી વિગેરે કાલ, જેમ વનસ્પતી વિશેષને વસંત આદિ ઋતુ ફલ દેવાને સંમુખકારી થાય છે. તેમ તથાભવ્યપણાને તેના ફલનું દાન આપવાને તો કાલ સંમુખ કરનાર છે. નિયતિ=કાળ છતાં પણ ન્યૂન અધિકને દૂર કરીને નિયમા કાર્યકરનારી નિયતિ કહેવાય છે. એટલે કાલ બરોબર આવ્યો હોય પણ જો ભાવિભાવ ન હોય તો કાર્ય બનતું નથી. માટે તેમાં નિયતિની જરૂર છે. કર્મ-જેનાથી ક્લેશ નાશ પામે છે. અને જે નાના પ્રકારના શુભ આશયના અનુભવવાનું કારણ છે. તે પુણ્યાનુબંધિ કર્મ કહેવાય છે. નિયતિ હોય કાલ હોય તો પણ પુણ્યકર્મનો ઉદય થયા વિના ઈષ્ટકાર્યની સિદ્ધિ થતી નથી. માટે તેમાં પુણ્યકર્મની જરૂર છે. જેણે પુણ્યનો પુંજ એકઠો કરેલો છે. જેનો આશય મોટો કલ્યાણકારી છે. જેનામાં પ્રધાનજ્ઞાન છે. અને પ્રરૂપેલા અર્થને જાણવામાં જે કુશલ છે. તે પુરૂષ કહેવાય છે. અર્થાત્ તથાભવ્યત્વ-કાલ-નિયતિ-કર્મ-પુરૂષ-આદિના પરીપાકથી વરબોધિરૂપ શ્રેષ્ટ સમ્યક્ત્વનો લાભ થાય છે. (ધ. બિ. ટી. પૃ. ૨૭.)

વિલક્ષણ-અનોખું ભવ્યત્વ જ) તથાભવ્યત્વ સમજવું.

અહીં આદિ શબ્દથી કાલ-નિયતિ-કર્મ-પુરૂષ વિગેરે રૂપસહકારિ કારણો (સાથે રહીને જ' કાર્ય ઉત્પન્ન કરે તે સહકારિ કારણ કહેવાય છે.) લેવાં, તથાચ તથાભવ્યત્વ વિગેરે રૂપ સામગ્રી (સંહતિ-સમુદાય-દૃઢસંયોગ-મિલન)ના પરીપાકથી (અહીં દંડચક્ર આદિ ન્યાયથી મિલિત-તથા ભવ્યત્વાદિની પ્રથમ સંબોધ આદિના પ્રત્યે કારણતા સમજવી.) અર્થાત્ સમુદિત તથાભવ્યત્વ વિગેરે રૂપ સહકારિ કારણોના પરીપાકથી-અવ્યાહત (વ્યાઘાત-હરકત-વિઘ્ન-પ્રતિબંધ સિવાય) પોતાનું કાર્ય (ફલ) કરવાની (આપવાની) શક્તિથી પ્રથમ સંબોધમાં પણ-પ્રથમસમકિત-વરબોધિ વિગેરેની પ્રાપ્તિના વિષયમાં પણ (અહીં અપિશબ્દથી તીર્થંકરભવની પ્રાપ્તિ થયે છતે પારકાના ઉપદેશ વગર અન્તિમ સંબોધમાં તો પૂછવું જ શું ? એ અર્થ સમજવો.) પોતાની મેળે સમ્યક્ પ્રકારે બોધ પામેલા-સ્વયંસંબુદ્ધ તીર્થંકર ભગવંતો હોય છે.

'વરબોધિ પ્રાપ્તિ આદિ વિષયમાં સ્વયંબોધિની સિદ્ધિના મજબૂત મુદ્દાઓ યાને દ્રઢદલીલો-'

**स्वयोग्यताप्राधान्यात्, त्रैलोक्याधिपत्यकारणाचिन्त्यप्रभावतीर्थकरनामकर्म्मयोगे चापरोपदेशेन स्वयं-आत्मनैव सम्यग्वरबोधिप्राप्त्या बुद्धा मिथ्यात्वनिद्रापगमसम्बोधेन स्वयंसम्बुद्धाः, न वै कर्म्मणो योग्यताऽभावे तत्र क्रिया क्रिया, स्वफलाप्रसाधकत्वात्, अश्वमाषादौ शिक्षापंक्त्याद्यपेक्षया । सकललोकसिद्धमेतदिति नाभव्ये सदाशिवानुग्रहः, सर्वत्र तत्पसङ्गाद्, अभव्यत्वाविशेषादिति भावनीयम्,**

ભાવાર્થ-[1]પ્રથમસંબોધ, (વરબોધિ) પોતાની યોગ્યતાની પ્રધાનતાની થાય છે.

અર્થાત્ પ્રથમસંબોધના પ્રત્યે ભગવંતોની પોતાની પ્રકૃષ્ટ (પરાકાષ્ઠાએ પહોંચેલી) યોગ્યતા જ પ્રધાન (મૌલિક-મુખ્ય-અસાધારણ) કારણ છે.

('**लूयते केदारः स्वयमेव** કેદાર-ચારે તરફ સેતુબંધવાળું ક્ષેત્ર-ખેતર-, પોત-પોતાની મેળે લણાય છે' ઈત્યાદિ કર્મકર્તૃ પ્રયોગમાં-જેમ કોઈ કહે કે, દેવદત્ત ખેતરને લણે છે. ત્યારે દેવદત્ત જવાબ આપે છે કે 'હું ખેતરને લણતો નથી કિન્તુ (મહેનત વિના ખૂબ સહેલાઈથી લણી શકાતું હોવાથી લણવાની ક્રિયારૂપ પુરૂષ પ્રયત્નની વિવક્ષા નહીં કરીને કહે છે કે) 'ખેતર પોતે-પોતાની મેળે લણાય છે' તેમ અહીં પોતાની યોગ્યતાની પ્રધાનત.,-મહેનત વિના-સહેલાઈથી તત્ત્વદર્શિ થવાપણું હોઈ બોધદાતા (ઉપદેશક-પર-કર્તા) નો બોધ (પરોપદેશ) રૂપવ્યાપાર અત્યંત અલ્પ હોઈ તેની (કર્તાના વ્યાપારની) વિવક્ષા નહીં કરીને સ્વયં=બીજાના ઉપદેશરૂપ વ્યાપાર વિના પોતે=પોતાની મેળે જ સમ્યક્ પ્રકારે સંબોધ-બોધને પામેલા-સ્વયંસંબુદ્ધ કહેવાય છે.)

~~તથાચ પોતાની યોગ્યતાની પ્રધાનતાથી (પ્રથમસંબોધવિષયે) અન્યોપદેશના આધિપત્યના કારણરૂપ-~~

---

**૧. અહીં પણ પોતાની ઉત્કૃષ્ટ કોટીની યોગ્યતાના વશથી જ તેઓને તથાવિધ સર્વોત્કૃષ્ટ બોધિલાભ થાય છે. અ.થી પ્રથમસંબોધ પણ પોતાના કારણે જ પેદા થયેલ, સર્વથી પ્રથમ, ઉત્તમ સંબોધ (વરબોધ) જાણવો.**

**અહીં એ વાત પણ યાદ રાખવી કે-શ્રી તીર્થંકરદેવના આત્માઓનો બોધિલાભ અન્યના ઉપદેશયોગે થયો હોય તો તેમાં તે તારકના આત્માઓની યોગ્યતાની જ પ્રધાનતા ગણાય છે.**

અચિંત્ય પ્રભાવ સંપન્ન તીર્થંકરનામ કર્મનોયોગ-સંબંધ થવાથી (અપ્રથમ સંબોધ વિષયે) પારકાના ઉપદેશ રૂપવ્યાપાર વગર-સ્વયં-પોતે પોતાની મેળે જ, સમ્યગ્-વરબોધિ (તીર્થંકરપદરૂપ ફલ કારણ પ્રથમબોધિ)ની પ્રાપ્તિ દ્વારા, બુદ્ધિ-મિથ્યાત્વરૂપભાવનિદ્રાના ક્ષયરૂપ સંબોધ (પરમજાગૃતિ)થી સ્વયંસંબુદ્ધો કહેવાય છે. (પ્રધાનભૂતસ્વયોગ્યતાજન્યપ્રથમસંબોધાભિન્ન-પ્રધાનભૂત સ્વયોગ્યતાજન્યત્રૈલોક્યાધિપત્યકારણ અચિંત્યપ્રભાવસંપન્ન તીર્થંકરનામકર્મયોગસંબંધોત્તરકાલીન-સ્વયં સમ્યગ્ વરબોધિપ્રાપ્તિ કરણક મિથ્યાત્વનિદ્રાના ક્ષયરૂપ સંબોધાભિન્ન સ્વયંસંબોધિશાલી સ્વયંસંબુદ્ધો હોય છે.)

અર્થાત્ મહેશકૃત અનુગ્રહનિરપેક્ષ સ્વતંત્ર વિશિષ્ટ સંબોધવંતો સ્વયંસંબુદ્ધો ભગવંતો હોય છે.

સ્વતઃ સ્વતંત્ર ઝગમગતી જાગતી ઉજાગરદશારૂપ પરમ જ્યોતી સંપન્નો સ્વયં સંબુદ્ધો સદા જયવંતા વર્તો.'

ક્રિયા વિષયરૂપ કર્મની યોગ્યતાના અભાવમાં મહેશકૃત ક્રિયા, એ ક્રિયા કહેવાતી નથી પરંતુ ક્રિયાભાસ જ છે.-

'महेशो जीवाननुगृह्णाति बोधयति च' जीवकर्मकानुग्रहवान् महेशः, जीवकर्मकबोधवान् महेशः' મહેશ, જીવો ઉપર અનુગ્રહ-કૃપા કરે છે અને અનુગ્રહ કરીને જીવોને બોધવાળા બનાવે છે' અહીં અનુગ્રહાદિરૂપ ક્રિયાવિષય જીવરૂપ કર્મકારકમાં અનુગ્રહ આદિ ક્રિયાના પ્રત્યે વિષયપણાએ પરિણમવાના સ્વભાવનો અભાવ હોયે છતે, તે જીવરૂપ કર્મકારકમાં સદાશિવ કર્તૃક અનુગ્રહ આદિક્રિયા થાય છે. પરંતુ તે ક્રિયા, ક્રિયાના આભાસરૂપજ ક્રિયાની માફક દેખાય છે. વાસ્તવિક કોટીની ક્રિયા ગણાતી નથી. કારણ કે, અનુગ્રહ આદિક્રિયા પ્રત્યે વિષયપણાએ પરિણમવાની યોગ્યતા વગરના જીવોમાં સદાશિવકર્તૃક અનુગ્રહ આદિક્રિયા, ઈષ્ટબોધ આદિરૂપફલને સાધી શકતી નથી.

અર્થાત્-પ્રવૃત્તિમાં ઉદ્દેશ્યભૂત બોધ આદિરૂપ ફલને નહીં પેદા કરનારી હોઈ નિષ્ફળ છે. યોગ્યતાના અભાવમાં સદાશિવે કરેલી બોધજનક ક્રિયા, પ્રયાસ માત્ર-ક્લેશરૂપ જ હોઈ નિષ્ફલ છે.

યોગ્યતાના સદ્ભાવમાં ક્રિયા સફલ અને યોગ્યતાના અભાવમાં કરેલ ક્રિયા નિષ્ફલ છે એ વિષયના ઉદાહરણો.

દાખલા તરીકે-જેમકે 'अश्वान् शिक्षयति' ઘોડાઓને તાલીમ આપે છે' આ પ્રતીતિના બલે-સ્વયોગ્યતાની પ્રધાનતાએ શિક્ષારૂપ ક્રિયાના વિષય તરીકે અશ્વો-ઘોડાઓ બની શકે છે. એવી જ રીતે 'माषान् पचति' અડધો રાંધે છે' એ પ્રતીતિના બલે, પાક (રાંધવા) રૂપ ક્રિયાના વિષય તરીકે માષો (અડદો) બની શકે છે. કેમકે, તથા ક્રિયાના પ્રત્યે વિષયપણાએ પરિણમવાનો અશ્વાદિમાં સ્વભાવ-યોગ્યતા છે. નહીંતર-અન્યથા પાક ક્રિયાનો વિષય અડદ જ કેમ ? અને ઘોડો કેમ નહીં ? અથવા શિક્ષણરૂપ ક્રિયા ક્રિયાનો વિષય ઘોડો જ કેમ ? અને માષાદિ કેમ નહીં ? એટલે એનો એક જ અને એજ જવાબ આપવો

---

१. क्रियमाणं तु यत्कर्म स्वयमेव प्रसिद्धयति । सुकरैः स्वैर्गुणैर्यस्मात्कर्मकर्त्तेति तद्विदुः' (व्या. का.) यत्कर्माऽपि गुणयोगात्-तस्तुमध्यस्थितसुकरादिमार्दवादिगुणस्य संयोगात्कर्तृत्वेन विवक्ष्यते स कर्मकर्त्तेत्युच्यते, 'कर्मवत्कर्मणा तुल्यक्रियः,' कर्मस्था या क्रिया तया क्रियया तुल्यक्रियः कर्त्ता कर्मवद् भवति-कर्म्मणः कर्तृत्वेन विवक्षायां कर्त्ता कर्मवत्स्यादिति यावत्, 'अत्र कर्त्तुरभिहितत्वात्प्रथमा । 'यदा सौकर्यातिशयं द्योतयितुं कर्तृव्यापारो न विवक्ष्यते तदा कारकान्तराण्यपि कर्तृसंज्ञां लभन्ते, स्वव्यापारे स्वतंत्रत्वात्' यदा सौकर्यातिशयविवक्षया कर्तुः पुरूषस्य व्यापारः प्रायत्नो न विवक्ष्यते, किन्तु कर्म्मादिगत एव व्यापारो विक्लित्त्यादिफलानुकूलत्वेन विवक्ष्यते तदा कर्मादिकारकाण्यपि कर्तृसंज्ञां लभन्ते इत्यर्थः ।

પડે કે, પાકની યોગ્યતા માષમાં અને શિક્ષણની યોગ્યતા ઘોડામાં જ છે માટે જ પાક ક્રિયાના પ્રત્યે અડદની અને શિક્ષા ક્રિયા પ્રત્યે અશ્વની વિષયપણાએ પરિણમવાની શક્તિ-યોગ્યતા છે. અહીં પ્રથમ આદિ શબ્દથી લાક્ષારાગ (લાખનો રંગ) નું ગ્રહણ કરવું અર્થાત્ લાક્ષારાગ પ્રત્યે વિષયપણાએ પરિણમવાની યોગ્યતા કપાસ આદિમાં છે. તથાચ તથાક્રિયાનો વિષય તથાયોગ્યતાવાળો પદાર્થ જ બની શકતો નથી. તે કારણથી જ અયોગ્ય પદાર્થમાં કરેલી ક્રિયા નિષ્ફલ છે. પ્રયાસ-ક્લેશરૂપ હોઈ નિષ્ફળ છે. આ બાબત સકલ (આબાલગોપાલ) લોકસિદ્ધ-પ્રસિદ્ધ છે. વાસ્તે અભવ્ય, (અયોગ્ય,) સદાશિવ કર્તૃક અનુગ્રહરૂપ ક્રિયાનો વિષય બની શકતો નથી. એ વાત સારી રીતે સિદ્ધ થઈ ગઈ.

શંકા-અયોગ્યરૂપ વિષયમાં કરેલી ક્રિયા નિષ્ફલ હોઈ માત્ર પ્રયાસરૂપ છે. એથી એ ક્રિયા, ક્રિયાભાસરૂપ છે. એ બધું જે કહ્યું તે બરાબર છે. પણ સદાશિવના માટે યોગ્યાયોગ્યની જરૂર નથી. કારણ કે; સદાશિવમાં-મહેશમાં તો અચિંત્ય-અલૌકિક શક્તિ-સામર્થ્ય-તાકાત છે.

એવંચ સદાશિવ ભિન્ન પુરૂષકર્તૃક ક્રિયાનું અયોગ્ય પ્રત્યે પ્રયાસ માત્રરૂપ હોઈ અક્રિયાપણું ભલે હો! પરંતુ સદાશિવ કર્તૃક ક્રિયામાં અચિંત્ય શક્તિ હોઈ સદાશિવ કર્તૃક ક્રિયાનું અક્રિયાપણું કેવી રીતે ?

સમાધાન-જ્યારે અમોએ કર્મની યોગ્યતા હોયે છતે જ ક્રિયાનું ક્રિયાપણું, (સફલક્રિયા) ઐકાન્તિક (એકાન્તથી) સાર્વત્રિક (સર્વ દેશકાલમાં વ્યાપક) અને સકલ લોકસિદ્ધ છે. એમ સાબિત કર્યું. એટલે મોક્ષે જવામાં અયોગ્ય-અભવ્યપ્રાણિમાં સદાશિવ-કર્તૃક-અનુગ્રહરૂપ ક્રિયા ન જ થઈ શકે, જો પોતાની યોગ્યતા વિના પણ સદાશિવ કર્તૃક અનુગ્રહરૂપ ક્રિયા થાય ! તો સદાશિવ, અભવ્ય પ્રાણિ ઉપર પણ ઉપકાર કરે ! પરંતુ આ સદાશિવ, અભવ્ય ઉપર ઉપકાર કરી શકતો નથી.

કારણ કે; સર્વકાલાવચ્છેદેન (ત્રણેય કાલમાં) સકલ અભવ્યોમાં સદાશિવકર્તૃક અનુગ્રહનો પ્રસંગ[1]-આપત્તિ-દોષ આવે ! અર્થાત્ સકલ પ્રત્યેક અભવ્યોના અભવ્યત્વમાં કોઈપણ જાતના ભેદનો અભાવ હોઈ એકના ઉપર અનુગ્રહ કરે અને બીજા અભવ્ય ઉપર ઉપકાર ન કરે એમ બને જ નહિ. વાસ્તે સકલ અભવ્યો ઉપર ઉપકાર કરવારૂપ આપત્તિ આવે ! કારણ કે; સદાશિવને અનુગ્રહ માટે યોગ્યતા અયોગ્યતાની અપેક્ષા નથી. માટે તમારે સ્વીકારવું જ પડશે કે; સદાશિવ, અભવ્ય ઉપર ઉપકાર કરતો નથી, સારાંશ કે; સઘળે સ્થળે પોતાની યોગ્યતા જ પ્રધાનરૂપે ફલના કારણભૂત બની શકે છે. આ વિષયને ખૂબ વિચારો-આ વિષયનું મનન કે મંથન કરો !

'તીર્થંકર મહાવિભૂતિસ્થિત અને અતીર્થંકરવ્યક્તિ સ્થિત બોધિના ભેદનું સયુક્તિક રસવાહી મંડન.'

बोधिभेदोऽपि तीर्थकरातीर्थकरयोर्न्याय्य एव । विशिष्टेतरफलयोः परम्पराहेत्वोरपि भेदात्, एतदभावे तद्विशिष्टेतरत्वानुपपत्तेः,

---

૧ પ્રસંગ તે કહેવાય છે કે, વાદીને જે ઈષ્ટ ન હોય તે જ વાત સ્વીકારવાનો સમય આવી લાગે. તેમ અહીં પ્રસંગ એટલે-સદાશિવકર્તૃક અનુગ્રહ, ભવ્યોમાં જ થાય છે. કોઈપણ કાલે અભવ્યમાં થતો નથી. પણ મહેશ જ્યારે યોગ્યતાની દરકાર કર્યા સિવાય પણ અનુગ્રહ કરી શકે છે તો જગતમાં એકપણ જંતુ, સદાશિવના અનુગ્રહ વગરનો રહેશે નહીં અર્થાત્ સકલજીવો-ચાહે તે ભવ્ય હોય કે અભવ્ય હોય બધા પ્રાણિઓ સદાશિવકૃતાનુગ્રહવાળા થવા જોઈએ !

भगवद्बोधिलाभो हि परम्परया भगवद्भावनिर्वर्त्तनस्वभावो, न त्वन्तकृत्केवलिबोधिलाभवदतत्स्वभावः, तद्वततस्तद्भावासिद्धेरिति, तत्तत्कल्याणाक्षेपकानादितथाभव्यताभावभाज एते इति स्वयंसम्बुद्धत्वसिद्धिः ॥ ५ ॥

ભાવાર્થ-પહેલાં જે કહ્યું હતું કે; તીર્થંકરત્વરૂપ ફલકારણ વરબોધિ પ્રાપ્તિદ્વારા સ્વતંત્ર બોધવાળા સ્વયંબુદ્ધો હોય છે' તે વરબોધિની વિશિષ્ટતાની સિદ્ધિ કરતા જણાવે છે કે; તીર્થંકરરૂપ વ્યક્તિમાં (તીર્થંકર કારણરૂપ) બોધિ, અને તીર્થંકરભિન્ન વ્યક્તિમાં રહેલ બોધિ, જુદી જુદી છે. બન્નેની બોધિમાં ભેદ-તફાવત-વૈશિષ્ટ્ય-ફરક છે. બન્નેયની બોધિ-સમ્યક્ત્વ આદિ મોક્ષમાર્ગ [1]પણ જુદો જુદો છે. આ બાબત ન્યાયસંગત-વ્યાજબી-યુક્તિયુક્ત જ છે. કારણ કે; વિશિષ્ટ ફલ (તીર્થંકરત્વરૂપ ફલ) ના પ્રત્યે પરંપરા (વ્યવહિત-પ્રયોજક) કારણ, વરબોધિ છે. સામાન્ય ફલ (તીર્થંકરત્વરૂપ ફલ-ભિન્ન અંતકૃત્કેવલિભાવ આદિરૂપ ફલ) ના પ્રત્યે સામાન્ય (તીર્થંકરત્વરૂપ ફલને નહિ પેદા કરનાર) બોધિ, પરંપરા (વ્યવહિત) કારણ છે. આ પ્રમાણે પરંપરારૂપ બન્ને હેતુઓમાં જ્યારે ફરક છે. તો અહીં અપિશબ્દથી સૂચિત (સાક્ષાત્-અવ્યવહિત-અનંતર) હેતુમાં ભેદ હોય તેમાં પૂછવું જ શું ? આ પ્રકારે પરંપરાહેતુમાં ભેદ-વિશેષતા-તફાવત હોવાથી સુતરાં તીર્થંકરાશ્રિતબોધિ (વરબોધિ) અને તીર્થંકરાશ્રિતબોધિ, ભિન્નભિન્ન છે એ વાત સિદ્ધ થાય છે. જો વિશિષ્ટફલ અને સામાન્યફલના જે બે પરંપરા હેતુઓ છે તેમાં પરસ્પરભેદ-વિશેષ-તફાવત ન માનો તો અન્તકૃત્કેવલિની જેમ તીર્થંકરમાં તીર્થંકરભાવની અસિદ્ધિ થશે ! અર્થાત્ બન્ને પરંપરા હેતુઓ એકરૂપ છે, એમ માનો તો તીર્થંકરરૂપ વિશિષ્ટફલમાં વરબોધિજન્યતીર્થંકરત્વરૂપ વિશિષ્ટતાનો અને અંતકૃત્ કેવલિભાવ આદિરૂપ સામાન્યફલમાં અતીર્થંકરત્વરૂપ અવિશિષ્ટતાનો-સામાન્યનો અભાવ થઈ જાય ! મતલબ કે; વરબોધિથી વિશિષ્ટફલ કેમ ? સામાન્ય ફલ કેમ નહીં ? અને સામાન્યબોધિથી સામાન્ય ફલ કેમ ? વિશિષ્ટફલ કેમ નહીં ? એટલે બોધિમાં ભેદ માનો તો જ આ પ્રશ્નનો નિકાલ આવે ! અન્યથા નહિ. અર્થાત્ ફલભેદથી કારણભૂત બોધિમાં અવશ્યભેદ માનવો જોઈએ.

વળી ભગવંતનો બોધિલાભ (વરબોધિલાભ) પરંપરાથી (અનેક ભવોના વ્યવધાનથી-અનેક ભવોનું આંતરૂં પડવા છતાંય) તીર્થંકરપણું કરવાના સ્વભાવવાળો છે.

તથાચ વરબોધિનો એવો સ્વભાવ છે કે; અનેક ભવો બાદ પણ અવશ્યમેવ તીર્થંકરપણાનું સર્જન કરે ને કરે જ. પરંતુ અંતકૃત્કેવલિની ([1]મરૂદેવા આદિ કેવલિની) બોધિલાભની માફક (પરંપરાથી) તીર્થંકરપણું નહીં કરવાના સ્વભાવવાળો આ વરબોધિલાભ નથી. જો વિશિષ્ટફલ અને સામાન્યફલના પરંપરાકારણમાં પરસ્પર કાંઈ ભેદ ન હોય તો જેમ અંતકૃત્કેવલિવૃત્તિબોધિરૂપ પરંપરાકારણથી તીર્થંકરપણાની સિદ્ધિ-નિષ્પત્તિ થતી નથી, તેમ વરબોધિલાભથી તીર્થંકરરૂપ ફલની સિદ્ધિ ન થાય ! એમ બન્નેના પરંપરાકારણને અભિન્ન-એક માનવામાં આપત્તિ આવે ! વાસ્તે તીર્થંકરરૂપ ફલના કારણરૂપ વરબોધિ (તીર્થંકરવૃત્તિબોધિ) જુદી

---

૧. અહીં અપિ (પણ) શબ્દથી તીર્થંકર-અતીર્થંકરની વિભૂતિ-સંપદા વિગેરેમાં ભેદ હોય તેમાં પૂછવું શું ?

૧ જેને મુક્તિએ જવાના થોડા સમય પહેલાં જ કેવલજ્ઞાન થાય છે, તે અંતકૃત્ કેવલિ કહેવાય છે. જેમ મરૂદેવામાતાને મુક્ત થતાં પહેલાં જ્યારે આયુષ્ય અન્તમુર્હૂર્ત બાકી રહ્યું હતું ત્યારે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. અને તે અન્તર્મુહૂર્ત આયુષ્ય પૂર્ણ કરી મોક્ષે ગયા.

છે. અને અતીર્થંકરવૃત્તિ (અન્તકૃત્-કેવલિઆદિવૃત્તિબોધિ) જુદી છે. એટલે જ વિશિષ્ટફલ અને સામાન્યફલની ઉપપત્તિઘટના બરાબર ઘટી શકે છે. એમ વિચારો !

-પૂર્વકથિત વિષયનો ઉપસંહાર-

તે તે કલ્યાણ-તીર્થંકરરૂપ ફલકારણ વરબોધિલાભરૂપ વિશિષ્ટ કલ્યાણના, અથવા વરબોધિ પ્રયોજ્ય તીર્થંકરત્વ (પરાકાષ્ઠાપ્રાપ્ત પુણ્યાનુબંધિપુણ્યફલરૂપ તીર્થંકરત્વ) રૂપ કલ્યાણના આક્ષેપક (આકર્ષનાર-ખેંચી લાવનાર અનુમાપક-વ્યંજક-દીપક-લક્ષક-જ્ઞાપક) અનાદિકાલિન તથાભવ્યત્વરૂપ પારિણામિકભાવવિશેષને- વિશિષ્ટકોટીના અનાદિ તથાભવ્યત્વરૂપ પારિણામિકભાવને ભજનારા તથાચ વિશિષ્ટકલ્યાણજનક અનાદિ તથાભવ્યત્વરૂપ ભ.વવંતો આ અરિહંત ભગવંતો જ છે.

આ પ્રમાણે સ્વયંસંબુદ્ધપણાની સિદ્ધિ સમજવી.

આ પ્રમાણે શક્રસ્તવનું પાંચમુ પદ પુરૂ થાય છે.-બીજી સંપદાનું ત્રીજું પદ પુરૂં થાય છે. તેની સાથે બીજી સંપદાનું વ્યાખ્યાન પણ સમાપ્ત થાય છે.

-બીજી સંપદાનો સાન્વર્થસમન્વય-

एवमादिकर्तृणां तीर्थकरत्वेनान्यासाधारणस्वयंसम्बोधेनेति स्तोतव्यसम्पद एव प्रधाना साधारणासाधारणरूपा हेतुसम्पदिति २

ભાવાર્થ-આ પ્રમાણે આદિકરોમાં (મોક્ષ અવસ્થાથી પહેલાની સંસારઅવસ્થામાં જન્માદિ પ્રપંચને કરવાના સ્વભાવવાળાઓમાં) તીર્થંકરપણાએ કરી (તીર્થંકર વ્યક્તિ ભિન્ન સકલ વ્યક્તિમાં નહિ વર્તતો હોવાથી અન્ય અસાધારણ-તીર્થંકર વ્યક્તિ ભિન્ન વ્યક્તિ નિષ્ઠ બોધિથી તીર્થંકરપદ પ્રાપક વિશિષ્ટ વરબોધિ હોઈ) અન્ય અસાધારણ-પરોપદેશ નિરપેક્ષ-સ્વતંત્ર-યથાર્થ હેય ઉપાદેય ઉપેક્ષણીય સકલ વસ્તુ વિષયક તત્ત્વજ્ઞાનરૂપ સ્વયંસંબોધથી વિશિષ્ટ અરિહંતો ભગવંતો હોય છે. એટલે જ 'आइगराणं तित्थयराणं सयंसंबुद्धाणं' આ ત્રણ પદની બીજી સંપદા, સ્તોતવ્યસંપદાની જ (પ્રથમ સંપદાનીજ) પ્રધાન, સાધારણ અસાધારણરૂપ હેતુ સંપદા નામની સમજવી.

(સ્તોતવ્ય અરિહંત ભગવંતની સ્તુતિના કારણો પૈકી 'આદિકરત્વ (સર્વજીવાત્મવૃત્તિ જન્માદિપ્રપંચ કર્તૃત્વરૂપ આદિકરત્વ) એ પ્રધાનરૂપ સાધારણ હેતુ છે. જ્યારે તીર્થંકરપણું છે એટલે જ અનન્યવૃત્તિ સ્વયંસંબોધ છે. માટે તીર્થંકર નામ કર્મ, કારણ અને અનન્યવૃત્તિ સ્વયંસંબોધ કાર્ય છે. એમ કાર્યકારણ ભાવ માની તીર્થંકરત્વજન્યાનન્યવૃત્તિ સ્વયંસંબોધ, એ પ્રધાન અસાધારણ હેતુ છે. અથવા પૃથગ્ પૃથગ્રૂપે તીર્થંકરત્વ અને તીર્થંકરભિન્ન વ્યક્તિ અવૃત્તિ સ્વયંસંબોધ, એ બંને સ્વતંત્ર પ્રધાન અસાધારણહેતુ પ્રતિપાદકપદ, 'તીર્થંકર' સ્વયંસંબુદ્ધ' એ બે પદો-પ્રધાન અસાધારણ હેતુ સૂચક પદો હોઈ આખી બીજી સંપદા 'પ્રધાન-સાધારણ અસાધારણ હેતુ સંપદા' તરીકે નવાજાય છે.) અહીં 'અરિહંત ભગવંતને જ શા માટે નમસ્કાર કરવો તેનો, પહેલી સંપદા (સ્તોતવ્યસંપદા)ને અંગે ઓઘહેતુ એટલે સામાન્ય હેતુ છે' એમ પણ કહેલ છે.

ઈતિ દ્વિતીયસંપદાવ્યાખ્યાન.

---

૧ અહીં આદિકરત્વ, સાધારણ ધર્મ સમજવો. साधारणधर्मो हि तदितरवृत्तित्वे सति तद्वर्त्तिधर्मः, स्वाभाविकधर्मो वा.

-બીજી સંપદાના નિપુણ નિરુપણ બાદ કેટલાક બુદ્ધમતાનુયાયીઓ, 'સર્વ જીવો એક સરખી યોગ્યતાવાળા છે. કોઈપણ જીવ, કોઈપણ જીવ કરતાં વિશિષ્ટ યોગ્યતા ધરાવનાર નથી' એમ પ્રતિપાદન કરે છે. તેનું ત્રીજી સંપદાના 'પુરૂષોત્તમેભ્યઃ' રૂપ પ્રથમપદ દ્વારા નિરાકરણ-

एते च सर्वसत्त्वैवंभाववादिभिर्बौद्धविशेषैः सामान्यगुणत्वेन न प्रधानतयाऽङ्गीक्रियन्ते, 'नास्तीह कश्चिदभाजनं सत्त्वः' इति वचनात्, तदेतन्निराचिकीर्षयाऽऽह-'पुरूषोत्तमेभ्यः' इति,

ભાવાર્થ-'તમામ જીવો, વિવક્ષિત એક પ્રકારવાળા છે-એક સરખા છે.' એમ બોલવાના સ્વભાવવાળા, બૌદ્ધ વિશેષો (બૌદ્ધના પેટાભેદમાં વર્તનાર વૈભાષિક નામના ભેદવાળા બૌદ્ધો લેવા, એમ કલ્પના-સંભાવના કરાય છે. કારણ કે; તે વૈભાષિક બૌદ્ધો 'ભેદભાવ વગરના બધા જીવો છે' એમ માને છે. અર્થાત્ તમામ એક સરખા છે. કોઈમાં કોઈ જાતનો ભેદ નથી એમ માને છે.) આ અર્હંત ભગવંતોને સામાન્ય (સાધારણ-સર્વ પુરૂષોના સરખા) ગુણ પરોપકાર વિગેરે ગુણવાળા તરીકે માને છે. પણ પ્રધાન-મોટા-વિશિષ્ટ-વિલક્ષણ (જુદી જાતના-વિશિષ્ટકોટીના) માનતા નથી. અર્થાત્ તે વૈભાષિક બૌદ્ધ વિશેષો, તમામ જીવોથી અરિહંત ભગવંતોને પ્રધાનપણે-શ્રેષ્ઠપણે-અતિશયવંત તરીકે સ્વીકારતા નથી. પરંતુ સઘળા જીવો સરખા છે. એમ માને છે. આ વિષયમાં તેઓના વચન આગમની સાક્ષી આપે છે કે; 'આ લોકમાં કોઈપણ નરનારક વિગેરે પ્રાણી અભાજન અપાત્ર-અયોગ્ય નથી' અર્થાત્ સર્વ જીવો એક સરખા યોગ્યતા-સ્વભાવવાળા છે. બૌદ્ધવિશેષના મતનું ખંડન કરવાની ઈચ્છાથી કહે છે કે 'પુરૂષોમાં ઉત્તમ-શ્રેષ્ઠ અરિહંતભગવંતોને નમસ્કાર હો !' ઈતિ.

-વ્યુત્પત્તિપૂર્વક, 'પુરૂષોત્તમ' પદનું વિવરણ-

पुरि शयनात् पुरूषाः-सत्त्वा एव, तेषां उत्तमाः-सहजतथाभव्यत्वादिभावतः प्रधानाः पुरूषोत्तमाः,

ભાવાર્થ-શરીરનો આશ્રય કરનાર હોઈ (શરીરરૂપ અવચ્છેદકાવચ્છિન્ન) પુરૂષો-સત્ત્વો (પ્રાણીઓ જીવાત્માઓ જ) કહેવાય છે. (पुर् अग्रगमने, कुषन्, पुरि देहे शेते, शी. ड. पृषो. पुरूषः) તે પુરૂષોના મધ્યમાં ઉત્તમ (વડના બીજમાં જેમ વડનો અંગીકાર કરાય છે તેમ) સહજ (સ્વાભાવિક) તથાભવ્યત્વ વિગેરેના ભાવથી-સદ્ભાવથી-હૈયાતીથી પ્રધાન વિશિષ્ટ છે. મહાન્ છે. સંસારી જીવોના મધ્યમાં સહજ તથાભવ્યત્વાદિને લઈને સદાકાળ પરોપકારપરાયણતા આદિ ગુણ ગ્રામના સંબંધથી ઉત્તમ-પ્રધાન-શ્રેષ્ઠ-ચડીયાતા અરિહંત પરમાત્માના આત્માઓ છે.

-અનાદિકાલથી[1] પરમેશ્વરના આત્માઓની ઉત્તમતાની નિશાનીઓનું દિગ્દર્શન-

---

૧ સ્વરૂપયોગ્યતા રૂપે પણ ફલોપધાયકતા રૂપે નહિ. સ્વરૂપયોગ્યતા એટલે કારણસત્તા અને ફલોપધાયકતા એટલે કાર્યસત્તા. કારણરૂપે અસ્તિત્વ અનાદિ કાળથી હોય છે, અને કાર્યરૂપે અસ્તિત્વ જ્યારે સહકારિસામગ્રી મળે ત્યારે આવે છે. 'स्वरूपयोग्यत्वं-तदवच्छेदकधर्मवत्त्वं जनकत्वादिकम् यथा अरण्यस्थस्यापि दण्डस्य घटं प्रति जनकत्वं स्वरूपयोग्यत्वम्, फलोपधायकत्वं फलनिष्पादकत्वम्.'

तथाहि-[२]आकालमेते [३]परार्थव्यसनिन उपसर्ज्जनीकृतस्वार्था उचितक्रियावन्तः, अदीनभावाः, सफलारम्भिणः, अदृढानुशयाः, कृतज्ञतापतयः, अनुपहतचित्ताः, देवगुरूबहुमानिनस्तथा गम्भीराशया इति,

ભાવાર્થ-તીર્થંકરદેવના આત્માઓ અનાદિકાલથી આ સંસારમાં

(૧) પરાર્થવ્યસની=પરાર્થ (પરપ્રયોજન-પરોપકાર-પરહિત-પરમાર્થ) કરવાના વ્યસન-શોખ-આસક્તિ-રસવાળા પ્રભુના આત્માઓ હોય છે.

(૨) ઉપસર્જનીકૃત સ્વાર્થ=પરકલ્યાણને પ્રધાન-મહાન્ ગણી સ્વાર્થને (સ્વપ્રયોજન-સ્વકાર્યને) ગૌણ-અપ્રધાન (ઉતરતું) તરીકે માનનારા અરિહંત જીવો હોય છે.

(૩) ઉચિત ક્રિયાવન્ત=સઘળે ઠેકાણે ઉચિત (ઘટિતયોગ્ય) ક્રિયા-આચારને આચરનારા અરિહંતના જીવો હોય છે. અર્થાત્ લોકોની સ્તુતિ નિંદાની પરવા રાખ્યા સિવાય ન્યાયભર્યા માર્ગથી ખસી અન્યાય-ઉન્માર્ગમાં એક પગલું પણ ભરનારા પ્રભુના જીવો હોતા નથી. કહ્યું છે કે 'न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः'

(૪) અદીનભાવ=દીનતા (રંકતા=પામરતા-ગરીબી-દીનપણું-લાચારી-કંઈ બની શકે નહિ એવી હાલત-નિરૂપાયતા-નિરાશતા) વગરના જિનેશ્વરના જીવો હોય છે. સારાંશ કે; વિકટ સંકટ વેલામાં પણ માનમહંતોમાં અગ્રેસર કેસરીસિંહ જેવા માન-ગૌરવ-સ્વત્વ-શૌર્ય-સત્ત્વશાલી, તેજસ્વી, મહાપ્રતાપી પ્રભુના જીવો હોય છે.

(૫) સફલારંભી=સફલ કાર્યનો જ આરંભ-પ્રથમ પ્રયત્નરૂપ ક્રિયા કરનારા પુરૂષોત્તમો હોય છે. અર્થાત્ નિષ્ફલ પ્રવૃત્તિ કરનારાઓ તેઓ હોતા નથી. અથવા નિશ્ચિત અર્થ-પ્રતિજ્ઞાત અર્થથી (જે કાર્યનો નિશ્ચય, ધારણા-પ્રતિજ્ઞા કરી હોય તે કાર્યથી) વિરામને પામતા નથી-ફલસિદ્ધિ સુધી પ્રયત્નશીલ હોય છે. મતલબ કે; ઉત્તમ ગુણવાળા-પુરૂષોત્તમો તો ઉપરા-ઉપરી વારંવાર વિઘ્નોની ઝડીઓ વરસવા છતાંય પ્રારંભેલ-નિર્ધારિલ કાર્યને અચૂક-અવશ્ય સફલ બનાવે ને બનાવે જ 'न निश्चितार्थाद्विरमन्ति धीराः' विघ्नैर्मुहुर्मुहुरपि प्रतिहन्यमानाः प्रारब्धमुत्तमगुणा न परित्यजन्ति')

(૬) અદૃઢાનુશય=અપકાર (બુરૂં-ભૂંડું) કરનાર જન ઉપર પણ દૃઢ-અત્યંત અનુશય-અપકાર બુદ્ધિને ધારણ કરનારા પ્રભુના જીવો હોતા નથી. અર્થાત્ અપકારીઓ ઉપર ઉપકાર કરવા રૂપ સાધુતાના વિશિષ્ટ ગુણની દિવ્ય સૌરભથી મઘમઘતા ભગવંતના જીવો હોય છે. (કહ્યું છે કે, 'अपकारिषु यः साधुः स साधुः सद्भिरूच्यते, उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः')

(૭) કૃતજ્ઞતાપતિ=કૃતજ્ઞતા (કરેલા ઉપકારને જાણવાપણું-ભક્તિ-વફાદારી-નિમકહલાલી) નામના મહાન ગુણના પતિ-સ્વામી-ધણી-માલીક અરિહંતના જીવો હોય છે.

---

૨ आकालमपि, यावदपि, यावदपि कालस्तावदित्यर्थः. अनेकान्तजयपताकाख्य प्रकरणे, विवरणे पृ. १०० आकालमिति-'आङ·ावधौ' (सि. २-२-७०) इति पञ्चिमी, आकालात्, ततः 'पर्यपाङ्बहिरचूपञ्चभ्यो ॥ (सि. ३-१-३२) अनेन समासः (अव्ययीभावः) आकालमिति कालमभिव्याप्य एते-अर्हन्तो भगवन्तः परार्थव्यसनिन इत्यादि बोध्यम् ।

३ 'सन्तः स्वयं परहिते विहिताभियोगाः' 'एते सत्पुरूषाःपरार्थघटकाः स्वार्थान् परित्यज्य ये' इत्यादि भर्तृहरिवाक्यमपि न विस्मरणीयम् ।

(૮) અનુપહતચિત્ત=દુર્ધ્યાનોથી-દુષ્ટ વૃત્તિઓથી કે દુર્વિકલ્પ સંકલ્પ-કલ્પના જાલથી નહીં હણાયેલા ચિત્તવાલા અરિહંતના આત્માઓ હોય છે.

(૯) દેવગુરૂબહુમાની=દેવ અને ગુરૂ પ્રત્યે બહુમાન (મનની પ્રીતિ-અસ્થિમજ્જાવત્ અંતરંગ રંગથી ભક્તિ સેવા) ને કરનારા ભગવંતના આત્માઓ હોય છે.

(કહ્યું છે કે 'यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ । तस्यैते निखिलाह्यर्थाः प्रकाशन्ते महात्मनः')

(૧૦) તથા-જેમ ઉપર્યુક્ત વિશિષ્ટ નવ ગુણવાળા છે. તેમ ગંભીરાશય=ગંભીર (ઉંડા-મોટા-વિશાલ-ઠરેલ) આશયને (હેતુને-ઉદ્દેશ-અભિપ્રાય-ચિત્તના ભાવને) ધારણ કરનારા ભગવંતના આત્માઓ હોય છે.

એમ જિનેશ્વરદેવના આત્માઓ, ઉપર્યુક્ત વિશિષ્ટ યોગ્યતાને અનાદિકાળથી ધારણ કરે છે. જો કે ભવ્યત્વ તમામ આત્માઓનું સમાન હોય છે. કિન્તુ પ્રત્યેક ભવ્ય આત્માઓની મુક્તિ સમાનકાળે અને સરખી સામગ્રીઓથી થતી નથી. તેથી પ્રત્યેકનું 'તથાભવ્યત્વ' જુદી જુદી જાતનું માનવું પડે છે. વળી શ્રી જિનેશ્વરદેવના આત્માઓનું 'સહજતથાભવ્યત્વ' સર્વ કરતાં ઉત્તમ કોટીનું છે. જેમ જેમ તેઓશ્રીનું 'સહજતથાભવ્યત્વ' તે તે સામગ્રીના યોગે પરિપાક પામતું જાય છે તેમ તેમ તેમની ઉત્તમતા બહાર આવતી જાય છે. વરબોધિલાભની પછીતો શ્રી જિનેશ્વરદેવના આત્માઓ સર્વથા પરાર્થોદ્યમીઉચિત ક્રિયાવાળા અને જગત્ જંતુઓના ઉદ્ધાર કરવાના વિશાલ આશયવાળા હોય છે. અને તેથી તેમની સઘળી ક્રિયા-પ્રવૃત્તિ, સફલ આરંભવાળી તથા સર્વોત્કૃષ્ટ પરોપકારને સાધનારી હોય છે. વળી આ સંસારમાં તો તીર્થંકરદેવના આત્માઓ, અને બીજા ભવ્યાત્માઓ વચ્ચે ભેદ-અસમાનતા-વિષમતા રહેવાની જ. કારણ કે; ભેદનું કારણ સહજતથાભવ્યત્વ આદિ છે. શ્રી પરમાત્માનું 'સહજતથાભવ્યત્વ' સઘળા બીજા ભવ્યોના તથાભવ્યત્વથી જુદી જાતનું છે. આથી જ શ્રી તીર્થંકરદેવના આત્માઓ સદાકાલ, બીજા તમામ ભવ્યાત્માઓ કરતાં ઉત્તમ જ-ચડીયાતા હોય છે. તેઓશ્રી પોતાના સહજતથાભવ્યત્વ આદિભાવથી પુરૂષોમાં પ્રધાન હોવાના હેતુથી 'પુરૂષોત્તમ' તરીકે સ્તવાય છે. નરક અને નિગોદ આદિમાં રહેલા પણ તેઓ, પોતાના સહજતથાભવ્યત્વ આદિના બળે સર્વદા ઉત્તમ જ ગણાય છે.

---

૧ "તીર્થંકર નામકર્મનો વિપાક ભોગવનાર, ત્રણલોકના નાથ, ત્રણલોકમાં પૂજનીય, સ્તુતિ કરવા લાયક-ધ્યેય-નિર્દોષ-સર્વગુણસંપૂર્ણ મહાત્મા તીર્થંકરો "ઉત્તમોત્તમ" રૂપ પુરૂષના વિભાગમાં આવે છે. એવા તીર્થંકરના આત્માઓ જ્યારે અવ્યવહારરાશિમાં હોય છે ત્યારે પણ ગુણોમાં અન્યજીવો કરતાં વધારે હોય છે. પણ તેઓનું રત્નત્વ ઢંકાયેલું રહે છે. વ્યવહાર રાશિમાં આવે ત્યારે જો પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તો ચિંતામણિરત્ન થાય છે. અપ્કાયમાં જાય તો તીર્થજળમાં ઉત્પન્ન થાય છે. અગ્નિકાયમાં જાય તો યજ્ઞ કે મંગલદીપકની અગ્નિ થાય છે, વાયુકાયમાં જાય તો વસંતકાળનો શીત-મૃદુ-મધુર-સુગંધી પવન થાય છે. વનસ્પતિકાયમાં જાય તો કલ્પવૃક્ષ-આંબા કે પ્રતાપી ઔષધી થાય છે. અને એવી જ રીતે બેઈન્દ્રિયમાં દક્ષિણાવર્ત્ત શંખ થાય છે. તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્તમ ગજ કે અશ્વ થાય છે. અને એવી જ રીતે સર્વગતિમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરે છે. છેવટે જ્યારે તીર્થંકર થવાના હોય છે. ત્યારે તેમની માતા ચૌદમહાસ્વપ્ન જુવે છે. વિગેરે યાવત્ તીર્થંકર મહારાજની અષ્ટમહાપ્રાતિહાર્યાદિ સાહ્યબી પ્રસિદ્ધ જ છે. એમ જાણવું. (વિશેષ જિજ્ઞાસુએ ક્ષેમંકરગણિરચિતષટ્પુરૂષચરિત્ર જોવું.)

એવી યોગ્યતા વિશિષ્ટ આત્માઓ જ્યારે જ્યારે તથાવિધ સામગ્રીના પરીપાકને પામે છે ત્યારે ત્યારે તેઓની ઉત્તમતા કાર્યરૂપે પરિણમ્યા વિના રહેતી નથી. કાર્યરૂપે પરીણામ પામેલી એ યોગ્યતાથી તે આત્માઓ પરાર્થવ્યસની આદિ બને છે. આવી વિશિષ્ટદશાને પમાડનારૂં કારણ, અનાદિકાલીન હોવાથી શ્રી તીર્થંકરદેવના આત્માઓને 'આ અર્હંતભગવંતો અનાદિકાળથી પરાર્થવ્યસની આદિ હોય છે' એમ વર્ણવવામાં કશોય બાધ નથી.

-સદાકાળ તીર્થંકરના આત્માઓ અને બીજા આત્માઓ ભિન્નભિન્ન છે. એ વિષયનું સવિશેષ-સયુક્તિક સ્પષ્ટીકરણ-

न सर्व एव एवंविधाः, खुड्डुकानां व्यत्ययोपलब्धेः, अन्यथा खुड्डुकाभाव इति ।

ભાવાર્થ-જેઓને ભવિષ્યમાં તીર્થંકરપણું પ્રાપ્ત થવાનું છે એવા આત્માઓની બરોબરીમાં-સરખામણીમાં (હરોળમાં) તમામ બીજા ભવ્યાત્માઓ પણ આવી શકે નહીં અર્થાત્ અનાદિકાળથી તીર્થંકરના આત્માના સરખા તમામ બીજા ભવ્યાત્માઓ હોતા નથી. કારણ કે; ખુડ્ડુકોમાં-સારી શિક્ષાને માટે અયોગ્ય આત્માઓમાં (સ્વાર્થપરાયણાદિમાં) ઉપર્યુક્ત જે ગુણો બતાવવામાં આવ્યા તેનાથી ઉલ્ટા ગુણો દેખાય છે.

અર્થાત્ સ્વાર્થાન્ધતા ક્ષુદ્રતા વિગેરે અવગુણો-દોષો દેખાય છે. જો ઉપર્યુક્ત ગુણોથી વિરુદ્ધ ગુણો-અવગુણો, સ્વાર્થપરાયણ વિગેરે ખુડ્ડુકોમાં ન માનો તો સ્વાર્થપરાયણતા આદિરૂપ પ્રકૃતિવાળા ખુડ્ડુકોનો અભાવ થાય ! કારણ કે; પોતાની સારી શિક્ષાના અયોગ્યત્વરૂપ લક્ષણનો અભાવ છે.

વળી મજકૂર લક્ષણવાળા [1]ખુડ્ડુકોનો અસ્વીકાર કે ઈન્કાર કરી શકશો જ નહીં. કારણ કે; બધાયે સર્વવાદિઓએ ખુડ્ડુકોનો સ્વીકાર કરેલ છે. સર્વવાદિસમ્મત ખુડ્ડુકો છે. આ વિષયમાં કોઈપણ વાદીનો વિરોધ-વાંધો નથી.

શંકા-તીર્થંકરપદવીરૂપ ફલના હેતુરૂપ વરબોધિનો લાભ થયા પછી તીર્થંકર ભગવંતોના આત્માઓમાં બીજા બધાં ભવ્યાત્માઓ કરતાં વિશિષ્ટતા-ભેદ ભલે રહો ! કારણ કે; ભેદ કરનાર વરબોધિ છે. પરંતુ વરબોધિની પ્રાપ્તિ થયા પહેલાંની અવસ્થામાં તીર્થંકરના આત્માઓ અને બીજા બધા ભવ્યાત્માઓ એક સરખા માનીએ તો શો વાંધો ? અને વરબોધિ લાભથી પહેલાં બીજા બધા ભવ્યાત્માઓ અને તીર્થંકરના આત્માઓ જુદા છે. એક સરખા નથી. એમ ભેદ પાડનાર કોણ છે ? અને કેવી રીતે તે કૃપા કરીને સમજાવો ?

ઉપર્યુકત શંકાના સમાધાન ગર્ભિત, [2]પ્રતિવસ્તુ ઉપમાદ્વારા ચાલતા વિષયની સચોટ સિદ્ધિ-

---

૧ પ્રકૃતગુણ વિરુદ્ધ સ્વાર્થપરાયણતા આદિ દોષોનો સાક્ષાત્કાર છે. એટલે જ સમ્યક્ શિક્ષાને અયોગ્યરૂપ ખુડ્ડુક છે તથાચ પુરૂષોત્તમત્વ સૂચક પરાર્થવ્યસનિતા આદિ વિરુદ્ધ સ્વાર્થપરાયણતા આદિ દોષશાલી જે, તે ખુડ્ડુક તરીકે નવાજાય છે. અત એવ ખુડ્ડુકો સમ્યક્ શિક્ષાની લાયકાત વગરના છે. એમ કહેવાય છે.

૨ પ્રતિરૂપં વસ્તુ પ્રતિવસ્તુ-સરખા રૂપ-ધર્મ-ગુણવાળી વસ્તુ, તેની ઉપમાથી તેની સાથે સરખાવવાથી પ્રકૃતવસ્તુ સિદ્ધ

નાશુદ્ધમપિ જાત્યરત્નં સમાનમજાત્યરત્નેન, ન ચેતરેદિતરેણ, તથાસંસ્કારયોગે સત્યુત્તરકાલમપિ તદ્‌ભેદોપપત્તેઃ, નહિ કાચઃ પદ્મરાગીભવતિ,

ભાવાર્થ-અશુદ્ધ (મેલથી વ્યાપ્ત-મેલથી મેલું-મલિન) જાત્યરત્ન-શ્રેષ્ઠરત્ન-પદ્મરાગ વિગેરે, (લાલરંગનો એક જાતનો મણિ માણેક વિગેરે) અજાત્યરત્ન-કાચ વિગેરેની (રેતીને ઓગાળીને બનાવેલો ચળકતો અને લીસો પદાર્થ બિલોર વિગેરે રૂપ કાચ આદિની) સાથે તુલનામાં સરખામણીમાં-બરોબરીમાં આવી શકે જ નહીં અર્થાત્ અશુદ્ધ[1] મલિન પણ જાત્યરત્ન, (પદ્મરાગાદિ) કાચના સરખા-જેવા હોય જ નહીં. અહીં અપિ શબ્દનો અર્થ એવકાર (જકાર) સમજવો.

'અજાત્યરત્ન-કાચઆદિ, જાત્યરત્ન-પદ્મરાગ આદિના જેવા સરખા છે' એમ કહેવાય નહીં અર્થાત્ અજાત્યરત્ન-કાચઆદિ, જાત્યરત્ન સરખા નથી. કારણ કે, જ્યારે અશુદ્ધ અવસ્થામાં કાચ વિગેરે, પદ્મરાગ આદિના સરખા નથી.. એટલે અવસ્થામાં કાચ વિગેરે, પદ્મરાગ આદિના સરખા નથી. એટલે શુદ્ધિના ઉપાય (સાધન) ભૂતખાર ખારીમાટી, ખારીધૂળ, પુટપાક (પુટ-ઔષધ વિગેરે પકાવવા માટે માટી વિગેરેના બે કોડીયા વિગેરે ઉપર નીચે મૂકી તેને ભૂતડો વિગેરે ચોપડી બનાવેલ એક જાતનું પાત્ર તે પુટપાત્ર કહેવાય છે. તે પુટપાત્ર વડે પાક-ઔષધ વિગેરે પકાવવી તે પુટપાક) વિગેરે રૂપ સંસ્કારનો સંયોગ, અજાત્યરત્ન-જાત્યરત્નની સાથે થયે છતે, ઉત્તર કાળમાં-શુદ્ધવાળી દશામાં પણ (પૂર્વકાળમાં તો પૂછવું જ શું ? એમ અપિ-પણ શબ્દનો અર્થ સમજવો) તે બેમાં-જાત્યરત્નમાં (પદ્મરાગઆદિમાં) અને અજાત્યરત્નમાં (કાચઆદિમાં) સરખા પણું નથી. વાસ્તે ઉભય દશામાં (શુદ્ધ અશુદ્ધ દશામાં) ઉભયમાં (જાત્ય-અજાત્યરત્નમાં) ભેદ (જુદાઈ-વિશેષતા-અધિકતા-મહત્તા) માનવો વ્યાજબી જ છે. તથાચ જાત્યરત્ન-અજાત્યરત્નની અશુદ્ધ અવસ્થાગત અસમાનતા છે. તોજ ઉત્તરકાલમાં શુદ્ધદશામાં અસમાનતા છે. જો અશુદ્ધ અવસ્થામાં સમાનતા માનવામાં આવે તો શુદ્ધઅવસ્થામાં દેખાતી અસમાનતા કેવી રીતે ? એટલે કબૂલવું જ પડશે કે, શુદ્ધઅવસ્થામાં અસમાનતારૂપકાર્ય, પ્રત્યક્ષ ગોચર હોઈ અશુદ્ધ અવસ્થાગત અસમાનતા અનુમતિ થાય છે. કેમકે, કાર્ય જોઈને કારણ અનુમતિ થાય છે. જો સંસ્કારયોગજન્ય ઉત્તરકાલીન શુદ્ધઅવસ્થાગત અસમાનતા છે તો પૂર્વકાલીન દશામાં અસમાનતાનું તો પૂછવું જ શું ?

---

થાય છે. અથવા 'પ્રતિવસ્તૂપમા સા સ્યાદ્વાક્યયોર્ગમ્યસામ્યયોઃ ॥ ૪૯ ॥ એકોઽપિ ધર્મઃ સામાન્યો યત્ર નિર્દિશ્યતે પૃથક્ । સા. દ. પ. વાક્યયોર્વાક્યાર્થયોર્ગમ્યસામ્યયોઃ પ્રતીયમાનોપમાનોપમેયભાવયોઃ એકોઽપિ ધર્મઃ સામાન્યો યત્ર પૃથગ્નિર્દિશ્યતે સા પ્રતિવસ્તૂપમા પ્રતિવસ્તુપ્રત્યર્થમુપમા યસ્યામિતિ પ્રતિવસ્તૂપમા.

દા.ત.-ત્વન્મુખ એવાહ્લાદં જ્યામિ ચન્દ્ર એવ ચકોરો રજ્યતે ઇતિ પ્રતિવસ્તૂપમા તથાપ્રકૃતેઽપિ 'અશુદ્ધ જાત્યરત્નં અજાત્યરત્નેન સમાનં ન ભવતિ એવ'

'અવ્યવહારવ્યવહારરાશિસ્થિતસ્તીર્થંકરાત્મા, સર્વાન્યભવ્યજીવેભ્યઃસમાનો ન ભવત્યેવ'

૧ 'ન ખમ્બસમારચિતમપિ જાત્યં રત્નં સમાનમિતરેણ । ન ચ સમારચિતોઽપિ કાચાદિર્જાત્યરત્નીભવતિ''-અસમારચિત-અસંસ્કારિત પણ જાત્યરત્ન કદી ઈતર એટલે એથી વિપરીત કાચ આદિ સમાન બનતું નથી. તથા કાચાદિ, સારી રીતે સંસ્કારિત કરેલ હોય તો પણ જાત્યરત્ન સમાન બનતા નથી.

ભેદમાં યુક્તિની ઘટના-

जात्यनुच्छेदेन गुणप्रकर्षाभावाद्, इत्थं चैतदेवं प्रत्येकबुद्धादिवचनप्रामाण्यात्, तद्भेदानुपपत्तेः, न तुल्यभाजनतायां तद्भेदो न्याय्य इति,

ભાવાર્થ-કાચ આદિ સ્વભાવરૂપ જાતિને (કાચ આદિપણાને) નહીં ઓળંઘવાથી-છોડવાથી કાન્તિ આદિરૂપ ગુણોની વૃદ્ધિરૂપ ગુણપ્રકર્ષનો કાચ આદિમાં અભાવ છે. એટલે કાચ આદિ, પદ્મરાગ આદિ સરખા બની શકતા નથી. અહીં એમ સમજવું કે; સંસ્કારસંયોગમાં પણ સ્વસ્વભાવ જાતિના અનુચ્છેદ-અનુલ્લંઘન કૃત ગુણવૃદ્ધિનો અભાવ અને સદ્ભાવ છે.

'नहि काचः पद्मरागी[૨] भवति' કાચને ગમે તેટલો પુટપાક આદિ સંયોગ રૂપ સંસ્કાર આપો, છતાંય તે કાચ, કાચ મટી પદ્મરાગ બનતો નથી. અર્થાત્ કાચ, કાચપણાને છોડી પદ્મરાગને પામતો નથી. કાચ પદ્મરાગ જેવો નથી. છતાં તે પદ્મરાગ જેવો છે એમ પણ કદી વદી કે કથી શકાય નહીં.'

જાત્યરત્ન અજાત્યરત્નની ભેદસિદ્ધિમાં વિશિષ્ટનિરૂપણ-તથાચ અજાત્યરત્નરૂપ કાચ આદિગત, સંસ્કાર સંયોગમાં પણ (કાંતિ આદિ ગુણોની વૃદ્ધિના અભાવના હેતુ, કાચ આદિનિષ્ઠ સ્વસ્વભાવ-જાતિનું અનુલ્લંઘન છે-કાચઆદિનો અનુલ્લંઘિત-અનુચ્છિન્ન સ્વસ્વભાવ જાતિ છે. એવં જાત્યરત્નગત કાંતિ આદિ ગુણોની વૃદ્ધિના સદ્ભાવમાં હેતુ, જાત્યરત્ન-પદ્મરાગ આદિ નિષ્ઠ સ્વસ્વભાવ-જાતિનું અનુલ્લંઘન છે કે પદ્મરાગ આદિનો અનુચ્છિન્ન સ્વસ્વભાવ જાતિ છે.

અત એવ અશુદ્ધ-અસંસ્કારિત જાત્યરત્નપદ્મરાગાદિમાં સંસ્કાર સંયોગ થયે છતે કાન્તિ આદિ ગુણવૃદ્ધિની ઉત્પત્તિમાં અનુચ્છિન્ન સ્વજાતિ-સ્વભાવ એજ હેતુ છે. સ્વજાતિ-સ્વભાવ-યોગ્યતાકૃત જાત્યરત્ન-અજાત્યરત્નમાં ભેદ સમજવો.

એવં અનુચ્છિન્ન જાતિભેદેન (સ્વસ્વભાવ-યોગ્યતા ભેદેન) શુદ્ધ અશુદ્ધ જાત્યરત્ન-અજાત્યરત્નમાં ભેદ (અસમાનતા) જાણવો.

-આગમ (શબ્દ) પ્રમાણથી જાત્યરત્નના ભેદની સિદ્ધિ-

ભિન્નભિન્ન સ્વરૂપવાળા-[૧]પ્રત્યેકબુદ્ધ, [૨]બુદ્ધબોધિત, [૩]સ્વયંબુદ્ધ આદિના નિરૂપક-પ્રતિપાદક વચન-શબ્દોનું

---

૨ 'अपद्मरागः पद्मराग सम्पद्यमानस्तथा भवति' જ્યારે એક વસ્તુ બીજા જેવી નથી છતાં તે બીજા જેવી છે, એમ જણાવવું હોય ત્યાં 'च्वि' પ્રત્યય લગાડાય છે. સં. વ્યા. ગુ. પૃ. ૩૧૫

'अभूततद्भावे कृभ्वस्ति योगेनाम्न्यिः'

૧ સંધ્યા સમયના વાદળાના રંગો બદલવાથી સંસારમાં તેવા તેવા પ્રકારની ચીજોનાં તેવા તેવાં સ્વરૂપ દેખીને-ઈત્યાદિ નિમિત્ત પામીને વૈરાગ્યભાવના પ્રગટતાં કેવલજ્ઞાન પામી મોક્ષે જાય તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધ કહેવાય છે.

૨ બુદ્ધ-ગુરૂ વિગેરેથી, બોધિત-બોધ પામેલા અર્થાત્ જેઓને ગુરૂ આદિકના ઉપદેશથી સંસારનું સ્વરૂપ અસાર લાગતાં વૈરાગ્યભાવના પ્રગટ થવાથી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયા હોય તેઓ બુદ્ધબોધિત કહેવાય છે.

(વીતરાગરૂપ આપ્તકથિત વચનોનું) પ્રામાણ્ય-સાચો પુરાવો-નગદ હકીકત છે. અર્થાત્ તીર્થંકરવ્યક્તિ અને તીર્થંકરભિન્ન પ્રત્યેકબુદ્ધ આદિ ભિન્ન ભિન્ન છે એમ શાસ્ત્રસિદ્ધ વસ્તુ છે એટલે જાત્યરત્ન સમાન પુરૂષોત્તમ અરિહંત ભગવંતો છે અને અજાત્યરત્ન સમાન પ્રત્યેક બુદ્ધ આદિ, તીર્થંકર ભિન્ન વ્યક્તિઓ છે. એમ અનુચ્છિન્નજાતિ-સ્વભાવ-યોગ્યતાકૃતભેદ (વૈષમ્ય-અસમાનતા) શાસ્ત્રસિદ્ધ છે એમ જાણવું.

અહીં અન્યથા શબ્દનો અધ્યારોપ (આક્ષેપ-અધ્યાહાર) હોઈ અન્યથા-જાત્યરત્ન અને અજાત્યરત્નમાં ભેદ ન માનો તો અર્થાત્ જાત્યરત્ન અને અજાત્યરત્નની સરખી યોગ્યતા; (સ્વભાવજાતિ) માનો તો પ્રત્યેક બુદ્ધ આદિનો જે ભેદ શાસ્ત્ર-યુક્તિથી સંગત છે તે ન્યાયયુક્ત ન બની શકે ! વાસ્તે પુરૂષોત્તમ-અરિહંત ભગવંતો (જાત્યરત્ન) સમાન અને પ્રત્યેકબુદ્ધ આદિ (અજાત્યરત્ન સમાન) માં ભેદ (વિષમતા-અસમાનતા) અવશ્યમેવ સ્વીકારવો જ પડશે.

અર્થાત્ જાતિ-યોગ્યતા-સ્વભાવના ભેદથી જીવો જુદા જુદા છે એમ માનવું જોઈએ.

શંકા-જો અહીં સંસારમાં પુરૂષોત્તમ, પ્રત્યેકબુદ્ધ, બુદ્ધબોધિત, સ્વયંબુદ્ધ વિગેરે જ્યારે પરસ્પર જુદા છે. તો મુક્તિમાં પણ તેઓમાં ભેદ પ્રસંગ કેમ નહીં આવે ?

ઉપર્યુક્ત શંકાનું સમાધાન-

न चात एव मुक्तावपि विशेषः, कृत्स्नकर्म्मक्षयका 'र्यत्वात्, तस्य चाविशिष्टत्वात्,

ભાવાર્થ-(સમાધાન) અહીં-સંસારમાં પ્રાણીઓની પરસ્પરની ભેદની સિદ્ધિ હોઈ જેમ પ્રાણીઓમાં ભેદ છે. તેમ મોક્ષમાં પણ સત્ત્વમાત્ર (સકલપ્રાણી) હોઈ કેમ ભેદ નહીં ? આ પ્રમાણે જે વાદીએ શંકા ઉઠાવી છે તે ઠીક નથી. કારણ કે; જ્ઞાનાવરણ આદિ સકલકર્મના ક્ષય થયા પછી ઉત્તરકાલમાં-ઉત્તરક્ષણમાં થવાવાળી મુક્તિ છે. અર્થાત્ મુક્તિ એ સકલકર્મના ક્ષય બાદ તરત જ થનારૂં કાર્ય છે. અને તે સકલકર્મનો ક્ષય સઘળા સિદ્ધજીવોમાં એકસરખો છે. માટે ભેદ હોઈ શકે નહીં. કારણ કે; હેતુમાં વિશેષતા ન હોય તો કાર્યમાં વિશેષતા ન આવે. જો સકલકર્મના ક્ષયરૂપ કારણમાં કંઈપણ વિશેષતા ભેદ હોત તો કૃત્સ્નકર્મક્ષયજનકમુક્તિરૂપ કાર્યમાં ભેદ આવત ! એમ તો છે જ નહિ માટે ભેદ નથી. જેમ કે; દરિદ્ર (કંગાલ) અને ઈશ્વર (માલદાર) માં પહેલાં ભેદ હોવા છતાંય ભેદ વગરના આયુષ્યક્ષયરૂપકારણજન્ય-મરણરૂપ કાર્યમાં ભેદ નથી. એમ સમજવું. આજ દ્રષ્ટાંતને આગળ પર સચોટ દર્શાવે છે.

કારણભેદ હોય તો જ કાર્યભેદ છે. કારણભેદના અભાવમાં કાર્યભેદનો અભાવ છે. આ વિષય ઉપર દ્રષ્ટાંત-

---

૩ ગુરૂના ઉપદેશ વિના તથા પ્રકારે કર્મ પાતળાં પડવાથી કંઈપણ નિમિત્ત વિના પોતાને જ સંસાર સ્વરૂપ અસાર લાગવાથી વૈરાગ્યભાવના પ્રગટતાં કેવલજ્ઞાન પામી મોક્ષે જાય તે સ્વયંબુદ્ધસિદ્ધ કહેવાય છે.

૧ 'तज्जातीयादेव हेतोस्तज्जातीयं कार्यमुत्पद्यते इति परमार्थः' शा. स. टी. पृ. ૩૨૭

दृष्टश्च दरिद्रेश्वरयोरप्यविशिष्टो मृत्युः, आयुःक्षयाविशेषात्, न चैतावता तयोः प्रागप्यविशेषः, तदन्यहेतुविशेषात्, निदर्शनमात्रमेतदिति पुरुषोत्तमाः ॥ ६ ॥

ભાવાર્થ-વળી વિશિષ્ટ પુરૂષરૂપ (દરિદ્રત્વ વિશેષણ વિશિષ્ટ) ગરીબ અને (ઈશ્વરત્વ વિશેષણ વિશિષ્ટ) તવંગરમાં પણ (જે વિશિષ્ટ નથી અર્થાત્ એકસરખા હોય તેમાં તો પૂછવું જ શું ? એમ અપિ શબ્દનો અર્થ સમજવો.) સ્વસ્વયાવત્પ્રાણવિયોગરૂપ મરણ એકસરખું છે. એમ દેખેલ છે-અનુભવેલ છે-પ્રસિદ્ધ છે કારણ કે; સ્વસ્વયાવત્પ્રાણવિયોગરૂપમરણના કારણભૂત આયુષ્યક્ષયમાં કોઈ ભેદ નથી. સબબ કે; કાર્યવિશેષના પ્રત્યે કારણવિશેષ કારણ છે. કાર્યભેદના અભાવપ્રત્યે કારણભેદનો અભાવહેતુ છે. વાસ્તે અહીં કારણભેદ નહીં હોવાથી કાર્યભેદ નથી એમ જાણવું.

શંકા-જો આમ છે તો ગરીબ અને તવંગર, મરણ અવસ્થા પહેલાંની અવસ્થામાં એકસરખા કેમ નહીં ? ભેદ શાથી ?

સમાધાન-ગરીબ અને તવંગરમાં મરણ અવસ્થા પહેલાંની અવસ્થામાં આયુષ્યક્ષયને છોડીને બીજા કારણો ભેદ પાડનાર મોજુદ છે. સાંભળો ! આ ગરીબ તેથી કહેવાય છે કે; એની પાસે ધનનો-વૈભવનો અભાવ છે. તો સમજો કે ધનનો અભાવ ગરીબ થવામાં કારણ છે. એટલે તવંગરથી જુદો પડે છે. હવે પૈસાદાર એટલે વૈભવશાલી. વૈભવ-માલમત્તા-પૈસાની હાજરી હોઈ ગરીબથી જુદો પડે છે. આ ગરીબ છે. એમ ભેદ પાડનાર કોણ ? એનો જવાબ એજ કે; પૈસાનો અભાવ-ગેરહાજરી આ પૈસાદાર છે એમ ગરીબથી ભેદ પાડનાર કોણ ? એનો જવાબ એજ કે; પૈસાની હાજરી. વાસ્તે પહેલાંની અવસ્થામાં ભેદ છે-વિશેષતા છે જુદાઈ છે હવે બંને જણમાં જ્યારે આયુષ્યક્ષયરૂપ એકસરખું કારણ વિદ્યમાન છે, ત્યારે મરણઅવસ્થામાં બંને એકસરખા જ ગણાય. કારણ કે; કારણમાં વિશેષતા નથી. સઘળા કર્મોનો ક્ષય-ધ્વંસ જેઓને થયેલો છે એવા મુક્તઆત્માઓની, જેઓને કેવળ આયુષ્યકર્માંશવિશેષનો ક્ષય થયેલો છે એવા ગરીબ અને તવંગરની સાથે સરખામણી જરાય પરમાર્થથી-વસ્તુતઃ-તત્ત્વતઃ નથી. પરંતુ અહીં અંશથી ઉદાહરણ માત્ર જ સમજવાનું છે. કારણ કે; કારણમાં અભેદ હોઈ કાર્યના અભેદ માત્રના દર્શનમાં પર્યાપ્ત છે. ઈતિ-

'પુરૂષોત્તમ-અર્હંત-ભગવંતોને નમસ્કાર હો !' આ પ્રમાણે શક્રસ્તવના 'પુરૂષોત્તમ' રૂપ છઠ્ઠાપદની વ્યાખ્યા પૂરી થાય છે.

-શક્રસ્તવના સપ્તમપદનું વ્યાખ્યાન-

-સાંકૃત્યમતવ્યવચ્છેદ સમર્થ 'પુરૂષસિંહ' રૂપ વિશેષણ પદનું વિશિષ્ટ સમર્થન-

एते च बाह्यार्थसंवादिसत्यवादिभिः साङ्कृत्यैरूपमावैतथ्येन निरूपमस्तवार्हा एवेष्यन्ते 'हीनाधिकाभ्यामुपमा मृषेति' वचनाद्, एतद्व्यवच्छेदार्थमाह 'पुरूषसिंहेभ्यः' इति,

ભાવાર્થ-સમ્યગ્ભાવ-શુભ ભાવના પ્રવર્ત્તક અને અશુભ ભાવથી અટકાવનાર વચન-વાક્ય, ભલે સત્ય હોય કે અસત્ય, તમામ વાક્ય નિશ્ચયથી-વાસ્તવથી સત્ય છે. સબબ કે; નિશ્ચયનય, સત્ય વાક્ય તેને

જ સ્વીકારે છે કે જે વાક્ય-વચન, સમ્યક્ શુભભાવ પ્રવર્ત્તક અને અશુભ ભાવથી નિવર્ત્તક હોય ! આવી નિશ્ચય સંમત સત્ય વાક્ય વિષયક માન્યતાના પ્રતિષેધપૂર્વક, બાહ્ય અર્થ સંવાદિ-અભિધેય-વાચ્ય પદાર્થની સાથે જે સંવાદી અવ્યભિચારી-અવિરુદ્ધ-સંમત (વાચ્યાર્થ પ્રતિપાદક) વ્યવહારરૂપ વચન-વાક્ય તે જ સત્ય છે. એમ બેધડક પડકાર કરનારા સાંકૃત્યો-સાંકૃત નામના પ્રવાદીના શિષ્યો, [1]ઉપમાને (સિંહપુંડરીક આદિ સાદૃશ્યને-સરખામણીને) અસત્ય-અકિંચિત્કરજુઠ્ઠી માનતા હોઈ આ અરિહંત ભગવંતો-પુરૂષોત્તમો, કોઈની પણ સાથે સરખાવ્યા સિવાય સ્તુતિને યોગ્ય છે. કોઈની પણ સાથે સરખાવીને સ્તુતિને યોગ્ય જ નથી. એમ વ્યવહારસંમત પોતાના અભિપ્રાયને જગત્ના ચોકમાં જાહેર કરે છે. વળી પોતાના અભિપ્રાયને મજબૂત કરવા શાસ્ત્રીય વચનરૂપ પૂરાવો રજુ કરે છે કે 'ઉપમેયભૂત પદાર્થથી હીન (અલ્પગુણવાળા) ઉપમાનવાચક પદાર્થની સાથે ઉપમેયભૂત પદાર્થની સરખામણી કરવી જુઠ્ઠી છે. તેમજ ઉપમેયભૂત પદાર્થથી અધિક (ઉત્કૃષ્ટ ગુણવાળી) ઉપમાનવાચક પદાર્થની સાથે ઉપમેયભૂત પદાર્થની સરખામણી કરવી જુઠ્ઠી છે.'

તથાચ સાંકૃત્યમતસંમત પૂર્વોક્ત અભિપ્રાયનું સચોટ ખંડન કરવા કહે છે કે; 'પુરૂષોમાં સિંહ જેવા અતએવ પુરૂષશ્રેષ્ઠરૂપ અરિહંત ભગવંતોને નમસ્કાર હો !' ઈતિ- આમ 'પુરૂષસિંહ' રૂપ વિશેષણપદ ઈતરવ્યવચ્છેદક સમજવું.

-'પુરૂષસિંહ' રૂપ પદની વ્યુત્પત્તિ સહિત, ખૂબ ખૂબીથી વિશિષ્ટ ગુણધર્મો દ્વારા અરિહંત ભગવંતના સિંહની સાથે સાદૃશ્યની ઘટના-

'पुरूषाः प्राग्व्यावर्णितनिरूक्तास्ते सिंहा इव प्रधानशौर्यादिगुणभावेन ख्याताः पुरूषसिंह ख्याताश्च कर्म्मशत्रून् प्रति शूरतया, तदुच्छेदनं प्रति क्रौर्येण, क्रोधादीन् प्रति असहनतया, रागादीन् प्रति वीर्ययोगेन, तपःकर्म प्रति वीरतया, अवज्ञैषां [2]परीषहेषु, न भयमुपसर्गेषु', न चिन्ताऽपीन्द्रियवर्गे, न खेदः, संयमाध्वनि निष्प्रकम्पता सद्ध्यान इति.

ભાવાર્થ-પૂર્વે કહેલ પરાર્થવ્યસની આદિ વિશેષણ (ગુણ વાચક વિશેષણ) વિશિષ્ટ પ્રધાન પુરૂષો-અરિહંત ભગવંતો, પ્રધાનભૂતશૌર્ય આદિ ગુણ-ધર્મોના ભાવથી-સત્તાથી વિદ્યમાનતાથી પ્રખ્યાતિને પામેલા, સિંહો જેવા હોઈ પુરૂષસિંહો કહેવાય છે. (उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ' સિ. ૩-૧-૧૦૨) એ સૂત્રથી ઉપમેય વાચક પદનો ઉપમાનવાચકપદ-વ્યાઘ્ર આદિની સાથે કર્મધારયસમાસ થાય છે. જો સાધારણ (ઉપમાન ઉપમેય ઉભયગત) ધર્મમેયવાચકપદશૂર આદિનો પ્રયોગ કે ઉલ્લેખ ન હોય તો અહીં ઉપમેયવાચકપદ (જે વસ્તુ સરખાવાય છે તે ઉપમેય કહેવાય છે. જેમ અહીં પુરૂષો-અરિહંત ભગવંતો રૂપ પ્રધાન પુરૂષો ઉપમેય છે.) પૂર્વપદ

---

૧ બે પદાર્થ વચ્ચે ચમત્કારી સાદૃશ્ય વર્ણવ્યું હોય તે ઉપમા અલંકાર થાય છે. 'અરિહંતો, પુરૂષોમાં સિંહ પુંડરિક આદિ જેવા છે' આમાં અરિહંતો વર્ણ્ય-પદાર્થ ઉપમેય કહેવાય છે. કેમ કે; એમને સિંહ આદિની સાથે સરખાવ્યા છે. જેની સાથે વર્ણ્ય-પદાર્થને સરખાવવામાં આવે છે, તે ઉપમાન કહેવાય છે. જેમ કે; સિંહ પુંડરીક આદિ ઉપમાન છે. 'પુરૂષસિંહ' આ વાક્યમાં ઉપમારૂપ અર્થાલંકાર સમજવો. અને ઉપમાના પૂર્ણોપમા અને લુપ્તોપમાના ભેદ પૈકી અહીં લુપ્તોપમા જાણવી. કેમકે; ઉપમેય-ઉપમાન-સમાનધર્મ-ઉપમાવાચક આદિ ચારમાથી એકાદ ન આવ્યું હોય તે લુપ્તોપમા કહેવાય છે.

૧ ''बीहंति न चेव जओ उवसग्गपरीसहणघोराणं वियरंति असंकमणा भन्नंति ततो पुरूषसीहा'' ।

તરીકે હોય અને ઉપમાનવાચકપદ (જેની સાથે સરખાવાય છે તે ઉપમાન કહેવાય છે જેમ કે; અહીં સિંહ આદિ ઉપમાન છે.) ઉત્તરપદ તરીકે હોય તો બંનેનો સમાસ થાય છે. અને તેને કર્મધારય તરીકે ઓળખવામાં આવે છે. सिंहा इव सिंहाः पुरूषाः, पुरूषाश्च ते सिंहाश्च पुरूषसिंहा इति विग्रह समजवो)

તથાચ આ પ્રધાન પુરૂષો-ઉત્તમ પુરૂષો, પ્રધાનભૂત શૌર્ય આદિ ગુણોની સત્તાથી વિખ્યાત-જગમશહૂર થયેલા છે કે; જેથી સિંહ જેવા ગણાય છે. તો તેઓશ્રીના પ્રખ્યાતિકારક ગુણ-ધર્મો દર્શાવવા જોઈએ એટલે ગુણ ધર્મો દર્શાવે છે કે,

(૧) કર્મરૂપી અંતરના-ભીતરના શત્રુઓના-દુશ્મનોના પ્રત્યે શૂરપણાએ આ પુરૂષો મશહૂર છે. શૌર્ય-શૂરાતન વગર, ઘર કરીને-અડ્ડો જમાવીને બેઠેલો-પેંધેલા કર્મશત્રુઓને હરાવી કે હંફાવી ન શકાય માટે [1]શૌરશાલી આ પુરૂષો હોઈ સિંહ જેવા છે.

(૨) કર્મરૂપ ભાવ દુશ્મનોના ધ્વંસ-આત્યંતિક વિનાશના પ્રત્યે [2]ક્રૂરપણાએ પ્રખ્યાત થયેલા આ પુરૂષો છે. ક્રૂરતા વગર ભીમતા સિવાય-લાલચોળ આંખ કર્યા વગર ભાઈબાપા કરવાથી આ રાગ આદિ આન્તર રિપુઓ ગચ્છંતી કરી જાય એવા નથી. વાસ્તે ભીતરના દુશ્મનોને હાંકી કાઢવા ક્રૂરપણાએ વિશિષ્ટ હોઈ આ પુરૂષો સિંહ સરખા છે.

(૩) ક્રોધ આદિના પ્રત્યે અસહનતાવડે-ક્ષમા-માફી નહીં બક્ષનારા તરીકે આ પુરૂષો પ્રસિદ્ધ થયેલા છે. અર્થાત્ ક્રોધ આદિને સહન કરી શકે નહિ એવા-નહીં ખમનારા-નહીં સાંખી રહેનારા, અનાદિના આત્માના ગુનેગાર-દંડનીય ક્રોધ આદિને શોધી શોધીને જેર-મ્હાત કરનારા હોઈ અસહનતા વિશિષ્ટ આ પુરૂષો સિંહવત્ લેખાય છે.

(૪) રાગ આદિના તરફ, વીર્ય (વીર્યાન્તરાય કર્મના નાશથી ઉત્પન્ન થયેલી શક્તિરૂપ, પરાક્રમ, બળ-તેજ-પુરૂષાર્થ)ના યોગ વ્યાપાર-ઉપયોગથી પ્રસિદ્ધ થયેલા આ પુરૂષો, સિંહસદૃશ કહેવાય છે. તથાચ વીર્યનો ઉપયોગ કર્યા સિવાય ભવબીજાંકુર જનક રાગ આદિનો ક્ષય અસંભવિત છે. એટલે રાગ આદિના પ્રત્યે વીર્યયોગવિશિષ્ટ પુરૂષો-પુરૂષસિંહો ગણાય છે.

(૫) તપઃકર્મ-પતઃકર્મ-તપશ્ચર્યારૂપ કાર્ય તરફ, વીરપણાએ મશહૂર થયેલા આ પુરૂષો સિંહ સમાન લેખાય છે. તથાચ વીરતાની હાજરી હોય તો જ તપઃકર્મ શક્ય છે. અને વીરતાની ગેરહાજરીમાં તપઃકર્મ અશક્ય છે. એટલે વીરો જ તપઃકર્મમાં સમર્થ હોઈ તપઃકર્મના પ્રત્યે વીરતારૂપ મહાગુણવિશિષ્ટપુરૂષો-પુરૂષસિંહો ગણાય એમાં નવાઈ શી ?

(૬) [1]પરિષહો એ વળી શી ચીજ છે ? એનું શું ગજુ છે ? એમ પરીષહોના તરફ અવજ્ઞા

---

૨ अचण्डवीरवृत्तिना शमिना शमवर्तिना । त्वया काममकुट्यन्त कुटिलाः कर्मकण्टकाः ॥ वी. स्तो.

૧ रागादिषु नृशंसेन सर्वात्मसुकृपालुना । भीमकान्तगुणेनोच्चैः साम्राज्यं साधितं त्वया ॥ वी. स्तो.

૨ परि-संमतात् सर्व बाजुथी अथवा सर्व प्रकारे सह-सहन करवुं पण सदोष आचरण न करवुं ते परिषह कहेवाय

અનાદર-તિરસ્કાર કરનાર તરીકે વિખ્યાતિને પામેલા આ પુરૂષો, સિંહ તુલ્ય જ મનાય છે. તથાચ અવજ્ઞા છે તો પરીષહો ઉપર સહન દ્વારા જય મેળવી શકાય છે. અને અવજ્ઞાના અભાવમાં પરીષહો જય પામી જાય છે. એટલે પરિષહો ઉપર વિજય મેળવવામાં અવજ્ઞા એ એક મહત્વનું અમોઘ શસ્ત્ર છે. એટલે પરિષહો પ્રત્યે અવજ્ઞા વિશિષ્ટ પુરૂષો, પુરૂષસિંહો જ છે. એમાં શો સંદેહ ?

(૭) [૧]ઉપસર્ગોના પ્રત્યે નીડર-કોઈથી બીએ નહિ એવા-છાતીવાળા-બહાદૂર-મર્દ-હિંમતવાન તરીકે મશહૂર બનેલા આ પુરૂષો સિંહ જેવા છે. તથાચ ભય-પરિણામની ચંચલતા કે ડરના અભાવમાં ઉપસર્ગોનું ક્ષમાપૂર્વક સહન શક્ય છે. ભયની સત્તામાં ઉપસર્ગોનું સમતાપૂર્વક સહન અશક્ય છે. એટલે ઉપસર્ગો પ્રત્યે નિર્ભયતાનામક અપૂર્વગુણ વિશિષ્ટ પુરૂષો, નિર્વિવાદ પુરૂષસિંહો જ છે.

(૮) ઈન્દ્રિયવર્ગનું શું થશે ? એવી સ્વપ્ને ય પણ ચિંતા (વિચાર-મનનો ગભરાટ-ફીકર-વ્યગ્રતા-

---

છે. તેના બાવીશ ભેદ છે. (૧) ભુખને સહન કરવી પણ દોષવાળો આહાર નહીં લેવો તે ક્ષુધાપ. (૨) તરસને સારી રીતે સહન કરવી પણ સદોષ પાણી ન વાપરવું. તે તૃષા પ. (૩) ઠંડીને સહન કરવી પણ અગ્નિ વિગેરે સદોષ આચરણથી નિવારવી નહીં તે શીત પ. (૪) ગરમીને સહવી પણ સદોષ આચરણથી શીતલતા ન સેવવી તે ઉષ્ણ પ. (૫) ડાંસ મચ્છર વિગેરે ક્ષુદ્ર જંતુએ કરેલી પીડા સહવી પણ તે જીવોનું બુરૂ નહિ ચિંતવવું તે દંશ પ. (૬) વસ્ત્રનો અભાવ-જીર્ણપ્રાય કે થોડાં લુગડાં હોય તો પણ વસ્ત્ર લાભનું દીન ચિંત્વન ન કરવું. તે અચેલક પ. (૭) ચારિત્ર માર્ગમાં વિચરતાં જે અધીરાઈ કે અરૂચિ થાય તેને નિવારવી અર્થાત્ સંયમમાં ધૈર્ય રાખવું તે અરતિ પ. (૮) સ્ત્રીએ વિષયેચ્છા પૂર્ણ કરવા કરેલા ઉપસર્ગને સહન કરવો, લેશમાત્ર વિકાર થવા દેવો નહીં અને સ્ત્રીને આધીન થવું નહિ તે સ્ત્રી પ. (૯) ગ્રામાનુગ્રામ વિચરવું, એક ઠેકાણે નિયતવાસ કરીને નહીં રહેવું તે ચર્યા પ. (૧૦) સ્મશાન, શૂન્યગૃહ આદિ સ્થાને દુષ્ટચેષ્ટા વગર બેસે છતાં પોતે ડરે નહીં, તેમ બીજાને ડરાવે તે નૈષેધિકી પ. (૧૧) ઊંચી-નીચી-પ્રતિકૂલ શય્યા મળતાં ઉદ્વેગ ન કરવો તે શય્યા પ. (૧૨) વચન કે કાયાથી કરેલ તાડનાતર્જનાને સહવી. અશુભ વિચારવું નહીં તે આક્રોશ પ. (૧૩) પોતાનો વધ કરે તો પણ સહન કરવો અશુભ ચિંતવવું નહીં તે વધ પ. (૧૪) ગૃહસ્થની આગળ ભિક્ષા માગતાં-

૧ પીડા પામવી અગર જે વડે પીડા પમાય તે ઉપસર્ગ. ઉપસર્ગ ચાર પ્રકારના છે એક દેવથી થનારા, બીજા મનુષ્યથી થનારા, ત્રીજા તિર્યંચથી થનારા, અને ચોથા આત્મસંવેદનીય, તેમાં રાગનિમિત્તે દ્વેષનિમિત્તે, પરીક્ષાનિમિત્તે અથવા એ ત્રણે નિમિત્તે દેવો તરફથી ઉપસર્ગ થાય છે. મનુષ્યો તરફથી પણ એ ત્રણે નિમિત્તો ઉપરાંત કુશીલપ્રતિસેવનનિમિત્તે પણ ઉપસર્ગો થાય છે. તિર્યંચો તરફથી ભયનિમિત્તે, દ્વેષનિમિત્તે, આહારનિમિત્તે તથા સંરક્ષણનિમિત્તે ઉપસર્ગો થાય. આત્મસંવેદનીય ઉપસર્ગ ચાર પ્રકારના છે. ૧ નેત્રમાં પડેલા કણાદિ ખૂંચવા. ૨ અંગોનું સ્તબ્ધ થવું. ૩ ખાડા વિગેરેમાં પડી જવું. ૪ બાહુ વિગેરે અંગોનું પરસ્પર અથડાવું એ ઉપસર્ગોથી નહીં ડરીને ઉપસર્ગોને નમાવે છે-વશ કરે છે.

-લાજ ન પામવી તે યાચના પ. (૧૫) માગેલી વસ્તુ ન મળે તો ઉદ્વેગ ન કરવો તે અલાભ પ. (૧૬) રોગને સહન કરવો તે રોગ પ. (૧૭) દર્ભ આદિ-ઘાસ આદિના સંથારા પર શયન કરનાર મુનિને ઘાસની અણીઓ વાગે તેને સહવી તે તૃણસ્પર્શ પ. (૧૮) શરીરે મલ વિગેરે ઉત્પન્ન થયેલ હોય તો તેની દુગંછા ન કરતાં સહેવો તે મલ પ. (૧૯) બીજો માણસ મુનિને સત્કાર આપે તો પણ ગર્વ ન કરવો તે સત્કાર પ. (૨૦) અતિશય જ્ઞાનનો ગર્વ ન કરવો તે પ્રજ્ઞા પ. (૨૧) અજ્ઞાનતાનો ખેદ ન કરવો પણ જ્ઞાનમાં ઉદ્યમ કરવો તે અજ્ઞાન પ. (૨૨) અનેક કષ્ટ પ્રાપ્ત થયાં છતાં પણ સર્વજ્ઞકથિત ધર્મ ઉપરની શ્રદ્ધા ન ફેરવવી અને મિથ્યા આચરણ ન આચરવું તે સમકીત પ.

બેચેની) નહીં કરનાર અર્થાત્ ઈન્દ્રિયવર્ગના પ્રત્યે બેફિકર-નચિંત-સ્વસ્થ-અવ્યગ્ર તરીકે જાણીતા આ પુરૂષો સિંહપ્રતીક જ ગણાય.

(૯) સંયમમાર્ગમાં-આત્મીય સાચી પ્રગતિના-આગેકૂચના પંથમાં ખેદ (થાક-સુસ્તી-કંટાળો-શોક-નાસીપાસી-નાઉમેદી) ના તદા અભાવવાળા તરીકે વિખ્યાત બનેલા આ પુરૂષો, સિંહ પ્રતિનિધિ જ છે. અર્થાત્ સંયમમાર્ગના પ્રત્યે જરાપણ શિથિલ નહીં થનાર-નહીં કંટાળનાર-નહીં થાકનારા આ મહારથી પુરૂષો સિંહની કોટીમાં મૂકાય એમાં શી નવાઈ ?

(૧૦) ધર્મ શુકલ આદિરૂપ સદ્-સમ્યગ્ ધ્યાનમાં અથવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યાત્મકસત્, પદાર્થ, દ્રવ્ય વિષયક ધ્યાનમાં નિષ્પ્રકંપતા, અડગતા, મેરૂચૂલા સમાનનિશ્ચલતા નામના ગુણથી પ્રખ્યાત થયેલા આ પુરૂષો સિંહશા જ છે. તથાચ સદ્ધ્યાનના પ્રત્યે અડોલ, અડગ, અચલ, સ્થિર, મક્કમ, ધીર, દ્રઢ આ પુરૂષો, સાચે જ પુરૂષસિંહો જ છે.

-સિંહ આદિ સાદશ્યરૂપ ઉપમા, ઔપચારિક, અસત્ય કે અકિંચિત્કર નથી પરંતુ વાસ્તવિક, સત્ય કે કિંચિત્કર છે. એ વિષયની વિગતવાર સિદ્ધિ-

न चैवमुपमा मृषा, तद्वारेण तत्त्वतः तदसाधारणगुणाभिधानात्, विनयविशेषानुग्रहार्थमेतत्, विनयविशेषानुग्रहार्थमेतत्, इत्थमेव केषाञ्चिदुक्तगुणप्रतिपत्तिदर्शनात्, चित्रो हि सत्त्वानां क्षयोपशमः, ततः कस्यचित्कथञ्चिदाशयशुद्धिभावात् ।

ભાવાર્થ-દર્શાવેલ ગુણધર્મરૂપ પ્રકારથી, સિંહ સાદૃશ્યરૂપ ઉપમા, અસત્ય, નથી. તથાચ પૂર્વકથિત ગુણધર્મરૂપ સમાન ધર્મોથી કરેલી સિંહની સાથે ભગવંતની સરખામણી, ભગવંતને જે સિંહ સાથે સરખાવ્યા છે તે વિષય અર્થાત્ ઉપમા, અયથાર્થ નથી. કેમકે સિંહરૂપ ઉપમા દ્વારા-મારફતે-માર્ગે, સિંહની સાથે ભગવંતને સરખાવવાથી તત્ત્વથી, વાસ્તવરૂપે (પરમાર્થને અપેક્ષીને, પરમાર્થિક, વાસ્તવિકરૂપે પરંતુ શાબ્દિક વ્યવહાર, શબ્દપ્રયોગરૂપ વ્યવહારમાત્રથી, શબ્દ અલંકાર, શાબ્દિક શોભામાત્રથી નહીં) ભગવંતોમાં રહેલ શૌર્ય આદિરૂપ અસાધારણ ગુણોની પ્રતીતિ (બોધ, નિર્ણય, ખાત્રી) થાય છે. સબબકે અરિહંત ભગવંતમાં રહેલ શૌર્ય, ક્રૌર્ય, વીર્યવત્તા, નિર્ભયતા, નિશ્ચિંતતા, અસહનતા, વીરતા, અવજ્ઞા, અખિન્નતા, નિષ્પ્રકંપતારૂપ ગુણધર્મોની વિશેષ પ્રતીતિમાં-વિશિષ્ટબોધના પ્રત્યે સિંહ સાદૃશ્યરૂપ ઉપમા કારણ છે. એટલે તત્ત્વતઃ-વસ્તુતઃ વિશિષ્ટગુણ પ્રતીતિજનકતયા ઉપમા સત્ય, યથાર્થ, કિંચિત્કર છે.

શંકા-અરિહંત ભગવંતના જે અસાધારણ ગુણો છે. તેઓને બતાવનાર-નિર્ણય કે ખાત્રી કરી આપનાર, સિંહરૂપ ઉપમા સિવાય બીજા ઘણા ઉપાયો છે. તો શા માટે સિંહરૂપ ઉપમાનો આશ્રય લેવો જોઈએ?

સમાધાન-જેઓને બીજા ઉપાયોથી તે ગુણોની ખાત્રી નથી અને કેવળ ઉપમાથી જ ખાત્રી થાય છે, એવા કેટલાક શિષ્યો ઉપર અનુગ્રહ (આવા શિષ્યોને પણ પ્રભુના વિશિષ્ટ ગુણોનો બોધ થાઓ ! એ રૂપ અનુગ્રહ)-ઉપકાર કરવારૂપ ઉદ્દેશને અનુલક્ષીને આ ઉપમાનો ઉપન્યાસ (વાક્ય પ્રયોગ) કરેલ છે. સિંહની સાથે અરિહંતોને સરખાવ્યા છે. કારણ કે, આ પ્રમાણે જ પ્રકૃત (સિંહરૂપ) ઉપમાના ઉપન્યાસ દ્વારા કેટલાક વિશિષ્ટ શિષ્યોમાં ભગવંતના અસાધારણ શૌર્ય આદિ ગુણોનો નિર્ણય દેખાય છે.

તથાચ ઉપમા, અરિહંત પરમાત્માના અસાધારણ ગુણોની ખાત્રી કરાવવા દ્વારા કેટલાક શિષ્યો ઉપર ઉપકાર કરનાર છે. એ સંદેહ વગરનો વિષય છે.

શંકા-આ ઉપમા, કેટલાકને ભગવંતના અસાધારણ ગુણોનો નિર્ણય કરાવી ઉપકાર કરે છે. અને કેટલાકને ઉપમા વગર તે ગુણોની ખાત્રી થાય છે. એમાં શું કારણ છે ?

સમાધાન-સાંભળો ! વસ્તુ સ્થિતિ એવી છે કે, 'જ્ઞાનઆવરણ આદિ કર્મોનો ક્ષયવિશેષલક્ષણવાળો ક્ષયોપશમ, જુદા જુદા પ્રકારનો પ્રાણીઓમાં હયાતી ધરાવે છે. એટલે ક્ષયોપશમની વિચિત્રતાથી જ કેટલાક શિષ્યોને પ્રકૃત (સિંહ આદિરૂપ) ઉપમાના ઉપન્યાસ આદિ પ્રકારથી આશય (ચિત્ત-મન-અધ્યવસાય-ભાવ)ની શુદ્ધિ (પ્રસાદ-પ્રસન્નતા-નિર્મલતા-સ્વચ્છપણું-ચોખ્ખાઈ) થાય છે.

તથાચ જ્ઞાન આવરણ આદિના વિશિષ્ટ ક્ષયરૂપ ક્ષયોપશમ દ્વારા, કેટલાક શિષ્યોને પ્રકૃત ઉપમાના ઉપન્યાસ આદિ પ્રકારથી ચિત્તની પ્રસન્નતા-વિશુદ્ધિ થાય છે. અને પછી નિર્મલ ચિત્તરૂપ આદર્શમાં ભગવંતના ઉપર્યુક્ત અસાધારણ શૌર્ય આદિ ગુણની પ્રતીતિ પ્રતિબિંબિત થાય છે. અર્થાત્ કેટલાકનો ક્ષયોપશમ જ તાદૃશ છે કે પ્રકૃત ઉપમાના ઉપન્યાસથી જ ચિત્તની વિશુદ્ધિ થાય છે. અને ચિત્ત, વિશુદ્ધ પણ તાદૃશ જ થાય છે કે, વિશુદ્ધ થયેલ ચિત્તમાં પ્રભુના અસાધારણ ગુણો, પ્રતીત કે પ્રતિબિંબિત થાય છે.

અતએવ ઉપમા, અસત્ય-અકિંચિત્કર કે અફળ નથી. પરંતુ સત્ય-કિંચિત્કર-સફલ છે.

શંકા-જો કે સિંહ આદિરૂપ હીન ઉપમાથી પણ કેટલાક શિષ્યોને ભગવંતના ગુણોની પ્રતીતિ થાય છે. એ સત્ય છે. તો પણ પુરૂષોત્તમ પરમાત્માને સિંહ (પશુરૂપસિંહ) ની સાથે સરખાવવા એ સુંદર-યુક્ત નથી.

-ઉપર્યુક્ત શંકાનું સરસ સંતોષકારક સમાધાન-

यथाभव्यं व्यापकश्चानुग्रहविधिः, उपकार्यात्प्रत्युपकारलिप्साऽभावेन महतां प्रवर्त्तनात्, महापुरूषप्रणीतश्चाधिकृतदण्डकः, आदिमुनिभिरर्हच्छिष्यैर्गणधरैः प्रणीतत्वाद् अत एवैष महागम्भीरः, सकलन्यायाकरः, भव्यप्रमोदहेतुः परमार्षरूपो निदर्शनमन्येषामिति, न्याय्यमेतद्यदुत 'पुरूषसिंहा' इति ।

ભાવાર્થ-(સમાધાન)

'જે, જે પ્રકારે ઉપકારને યોગ્ય હોય, તેના ઉપર તે પ્રકારે ઉપકાર કરવો એ ઉપકારવિધિની વ્યાપકતાનો પરમ આદર્શ છે.'

તથાચ અનુગ્રાહ્ય-કૃપાપાત્રની યોગ્યતા-લાયકાત-પાત્રતાને અનુસારે વ્યાપક-સર્વજગજનઅનુગત, અનુગ્રહવિધિ-ઉપકારનું કરવું હોય છે. આ એક અનુપમ નિયમના અનુસારે પરોપકાર પરાયણ પરમપુરૂષો, ભિન્નભિન્ન પાત્રતાવાળા સર્વઉપકાર્ય-અનુગ્રાહ્ય ઉપર એક પદ્ધતિથી ઉપકાર કરતા નથી. પરંતુ પાત્રની પાત્રતા અનુસારે વ્યાપકરૂપે-સર્વ પાત્ર ઉપર અનુગ્રહ કરે છે. જો પાત્રતાની પરવા કર્યા સિવાય અનુગ્રહ થઈ શકતો નથી ! કેટલીક-યત્કિંચિદ્ વ્યક્તિઓ ઉપર જ અનુગ્રહ થાય ! એટલે અવ્યાપક ગણાય. સબબ કે; જેણે વ્યાપક-સકલજગજીવવ્યાપી ઉપકાર કરવો હોય તેણે અવશ્યમેવ યોગ્યતા પારખી તે અનુસારે-પ્રકારે-પદ્ધતિએ ઉપકાર

કરવો જોઈએ. આવા નિયમને અનુસરી વ્યાપક અનુગ્રહ કરનારા મહાપુરૂષો-પુરૂષોત્તમો જ હોય છે. કેમકે; મહાપુરૂષોની પ્રવૃત્તિ જ એવી હોય છે કે; જે પ્રવૃત્તિમાં ઉપકારપાત્ર-ઉપકારનેલાયક-ઉપકાર કરવા જેવા પાસેથી બદલો-પ્રત્યુપકાર-પ્રતિફલ-ઉપકારની સામે ઉપકાર મેળવવાની ઈચ્છા સિવાય બદલાની બિલ્કુલ ઈચ્છા વગર કાર્ય-ભલું કરી આપવારૂપ ઉપકાર તરવરતો હોય છે.

તથાચ-યોગ્યતા અનુસારે વ્યાપકભૂત અનુગ્રહ કરવારૂપ કાર્યના પ્રત્યે ઉપકાર્ય પાસે પ્રત્યુપકારની અભિલાષા, પ્રતિબંધક છે. ઉપકાર્ય પાસે બદલાની ઈચ્છા રહે તો યોગ્યતા મુજબ થતો વ્યાપક અનુગ્રહવિધિ અટકી જાય છે. માટે યોગ્યતા પ્રમાણે વ્યાપક અનુગ્રહવિધિરૂપ કાર્યના પ્રત્યે ઉપકાર્ય પાસેથી પ્રત્યુપકાર પ્રાપ્તિની ઈચ્છાનો અભાવ, પ્રતિબંધક અભાવરૂપે કારણ સમજવું. અને એજ રીતે જ મહાપુરૂષો, પાત્રતા પ્રમાણે વ્યાપક અનુગ્રહવિધિવાળા હોઈ પરમવંદનીય-સ્તોતવ્ય છે. એટલે ઉપમા પ્રવૃત્તિ, અદુષ્ટ, સત્ય, સફલ છે.

વળી આ અધિકૃત દંડકનું (શક્રસ્તવ-નમોત્થુણં સૂત્રનું) પ્રણયન, રચના, કૃતિ, મહાપુરૂષે કરેલ છે. અર્થાત્ યથાભવ્ય વ્યાપક અનુગ્રહવિધિવિશિષ્ટ પ્રત્યુપકાર નિરપેક્ષ મહાપુરૂષની પ્રવૃત્તિ વિશેષરૂપ આ પ્રણિપાત દંડકનું પ્રણયન છે. કેમકે; આ શક્રસ્તવરૂપ સૂત્રના પ્રણેતા-રચયિતા-કર્તા, પ્રથમ મુનિરૂપ, અરિહંત ભગવંતના શિષ્યો ગણધરોજ હોય છે.

અરિહંતના શિષ્ય-પ્રથમ મુનિરૂપ ગણધર ભગવંત પ્રણીત હોઈ આ પ્રકૃત સ્તોત્રરૂપ સૂત્ર, મહાગંભીર છે, (અર્થથી અને શબ્દથી મોટી ગંભીરતાવાળુ-મોટું અને ગંભીર છે.) સકલ [1]ન્યાયોના (યુક્તિઓના-નયોના) આકર-ખાણરૂપ છે, ભવ્યોને (યોગ્ય-અધિકારી-સુપાત્ર જનગણને) પ્રમોદ=અત્યંત-અમંદ પરમ આનંદના એક કારણરૂપ છે, પ્રમાણભૂત-મહર્ષિની રચનાકૃતિ-વચનરચનારૂપ છે, તેમજ બીજાઓને શ્રુતધરોને નિદર્શન દ્રષ્ટાંત-આદેશરૂપ છે. એટલે જ શક્રસ્તવના અન્તર્ગત 'પુરૂષસિંહેભ્યઃ' આ અર્હંત પરમાત્મારૂપ પુરૂષો સિંહ જેવા છે' આ પદનું સ્થાપન ઉપન્યાસ અને નિરૂપણ ન્યાય યુક્ત છે, સત્ય છે, સમર્થ કે સફળ છે.

-શક્રસ્તવના આઠમાં પદનું વિવરણ-

જ્યારે એક બાજુ સાંકૃત નામના વાદીના શિષ્યો સર્વથા ઉપમાનો નિષેધ કરે છે. જ્યારે બીજી બાજુ સુચારૂ નામના વાદીના શિષ્યો ભિન્નજાતીય ઉપમાના નિષેધપૂર્વક અભિન્નજાતીય ઉપમાનું સ્થાપન કરે છે. ત્યારે 'પુરૂષસિંહ' એ પદના ઉપન્યાસનિરૂપણથી સર્વથા ઉપમાનિષેધક સાંકૃત્યમતનું ખંડન પૂર્વે કર્યું અને હવે 'પુરૂષવરપુંડરિક' એ પદના ઉપન્યાસ-નિરૂપણદ્વારા, ભિન્નજાતીય-ઉપમાનિષેધક સુચારૂ શિષ્ય સંમત મતનું સચોટ ખંડન-પૂર્વપક્ષ ખંડનપૂર્વક સ્વપક્ષ મંડન કરતા કહે છે કે-

---

१ लोकशास्त्रप्रसिद्धः द्रष्टान्तविशेषः । तत्र लोकप्रसिद्धो यथा अर्के चेन्मधु विन्देत किमर्थं पर्वत व्रजेत् । इष्टस्यार्थस्य संसिद्धौ को विद्वान् यत्नमाचरेत् ॥ (सांख्य. कौ. श्लो. १ टी.) इति । कदम्बमुकुलन्यायः सूचीकटाहन्यायः इत्यादिश्च । शास्त्रप्रसिद्धस्तु यथा सविशेषणे हि वर्तमानौ विधिनिषेधौ विशेषणमुपसंक्रामतः सति विशेष्ये बाधे इति न्यायः अध्यारोपन्यायः मानाधीना मेयसिद्धिः इति न्याय इत्यादि । प्रमाणैरर्थपरीक्षणम् । किमुक्तं भवति । समस्तप्रमाणव्यापारादर्थाधिगतिर्न्यायः इति (न्या. वा. १पृ. १४) अत्र व्युत्पत्तिः । नीयते प्राप्यते विविक्षितार्थसिद्धिरनेनेति न्यायः इति । साधनीयस्यार्थस्य यावति शब्दसमूहे सिद्धिः परिसमाप्यते स पञ्चावयवोपेतवाक्यात्मको न्यायः ।

एते चाविरूद्धधर्म्माध्यासितवस्तुवादिभिः सुचारूशिष्यैः, विरूद्धोपमाऽयोगेनाभिन्नजातीयोपमार्हा। एवाभ्युपगम्यन्ते, 'विरूद्धोपमायोगे तद्धर्मापत्त्या तद स्तुत्व' मिति वचनाद् एतद्व्यपोहायाह-'पुरूषवरपुण्डरीकेभ्यः' इति, पुरूषाः पूर्ववत् ते 'वरपुण्डरीकाणीव

ભાવાર્થ-અવિરૂદ્ધ (એકજાતીય-એકજાતના-સજાતીય એકજાતિવાળા-એકજાતિવૃત્તિ) ધર્મો-સ્વભાવોથી વિશિષ્ટ એકજાતીયધર્માવચ્છિન્ન ઉપમેય વિગેરે વસ્તુ છે. આવો સુચારૂ નામના વાદીના શિષ્યોનો સિદ્ધાન્ત હોઈ અર્થાત્ અવિરૂદ્ધધર્માવિચ્છન્નવસ્તુવાદીઓ સુચારૂ શિષ્યો, વિરૂદ્ધ (ઉપમેય અરિહંત ભગવંતરૂપ પુરૂષોત્તમ ઉપમેયની અપેક્ષાએ વિજાતીય-ભિન્નજાતિની-જુદી જાતીની) પુંડરીક વિગેરે રૂપ વિરૂદ્ધ ઉપમાનો અયોગ (અભાવ-અઘટમાન-અયુક્ત અન્યાય્ય અસંભવ) હોઈ વિજાતીય ઉપમા, અસત્-અવસ્તુ છે. એટલે આ પુરૂષોત્તમો, અભિન્ન જાતીય-એક જાતીય પદાર્થરૂપ ઉપમાને યોગ્ય છે-સજાતીય પદાર્થરૂપ ઉપમાની સાથે સરખાવવા યોગ્ય છે એમ માને છે. અર્થાત્ ભગવંતની સરખામણી જુદી જાતિવાળા પુંડરીક વિગેરે સાથે કરવી એ વ્યાજબી જ નથી. અને સરખામણી કરવી જ હોય તો એક જાતિય-પુરૂષની સાથે જ કરવી વ્યાજબી છે. અન્યથા નહીં, એમ માને છે.

આ વિષયમાં તે વાદીઓનો વચનરૂપે પુરાવો-

'પુંડરીક આદિરૂપ વિરૂદ્ધ-વિજાતીય ઉપમાનો સંબંધ થયે છતે, વિજાતીય-વિરૂદ્ધ ધર્મવાળા ઉપમાગત ધર્મોની અરિહંત આદિરૂપ ઉપમેયમાં આપત્તિ-પ્રાપ્તિ થતી હોઈ અરિહંત આદિરૂપ ઉપમેય, અવસ્તુ-અસત્ થાય ! કેમકે; વિરૂદ્ધધર્માવચ્છિન્ન વસ્તુનો અસંભવ છે. જે અવિરૂદ્ધ ધર્માવચ્છિન્ન છે તે જ વસ્તુ છે. જે વિરૂદ્ધ ધર્માવચ્છિન્ન તે અવસ્તુ છે' ઈતિ સુચારૂ શિષ્યમતમ્ । મજકૂર સુચારૂ શિષ્ય મતના વ્યવચ્છેદ સારૂં કહે છે કે; 'ઉત્તમ પુંડરીક[1]-શ્વેત કમલ સમાન પુરૂષોત્તમ અરિહંત ભગવંતોને નમસ્કાર હો !'

(વળી અહીં એમ પણ શંકા નહીં કરવી કે; પૂર્વ સૂત્રથી 'પુરૂષ સિંહેભ્યઃ' એ સૂત્રથી વિજાતીય સિંહરૂપ ઉપમાનું કથન થાય છે. એટલે આ પ્રકૃતમતનું ખંડન થઈ જાય છે તો આ પ્રકૃતસૂત્રનું કથન પુનરૂક્ત હોઈ નિષ્ફળ કેમ નહીં ? કારણ કે; 'પુરૂષસિંહેભ્યઃ' એ વાક્યથી 'નિરૂપમસ્તવ' 'સર્વથા ઉપમા વગર' એટલા અંશનું-સર્વથી ઉપમા અસત્ છે એ વિષયનું ખંડન કરેલ છે. જ્યારે આ પ્રસ્તુત સૂત્ર 'વિરૂદ્ધ-વિજાતીય ધર્માવચ્છિન્ન ઉપમા અસત્ છે' એ વિષયના ખંડનમાં પર્યાપ્ત-પર્યવસન્ન છે.')

-જે ધર્મોથી વરપુંડરીકની સાથે પુરૂષોત્તમોને સરખાવવામાં આવ્યા છે તે સમાન ધર્મોનું વિશિષ્ટ રીતિએ નિપુણનિરૂપણ-

---

૧ क्वचिद्ग्रन्थे ''अथवा पुरूषाणां तत्सेवकादीनां वरपुण्डरीकमिव वरच्छत्रमिव ये सन्तापातपनिवारणसमर्थत्वात् छायाकारणत्वाच्च । આ અરિહંત ભગવંતરૂપ મહાપુરૂષો, ઉત્તમ છત્ર જેવા છે કેમકે; આરાધકોના સેવકપુરૂષોના સંતાપરૂપ આતપ (તડકા) ને દૂર કરવામાં સમર્થ છે. છાયા-શીતલતા-શાંતિ કરનાર છે. શ્રી. દે. ચત્ય. ધર્મ. સંધા. વિ. પૃ. ૨૯૧.

૧ 'पुण्डरीकं सिताम्भोजं पुणति पुण्डते वा पुण्डरीकं ''सृणीक-'' ॥ उणा-४०) ॥ इतीके निपात्यते ॥ १ ॥ सितं श्वेतमम्भोजं सिताम्भोजम् ॥ २ ॥ अ. चि. ४ भू. का. श्लो. २२८

संसारजलासङ्गादिना धर्म्मकलापेन पुरूषवरपुण्डरीकाणि,[૨] यथा पुण्डरीकाणि पङ्के जातानि जले वर्द्धितानि तदुभयं विहाय वर्त्तन्ते प्रकृतिसुन्दराणि च भवन्ति, निवासो भुवनलक्ष्म्या, आयतनं चक्षुराद्यानन्दस्य, प्रवरगुणयोगतो विशिष्टतिर्यगूनरागैः सेव्यन्ते, सुखहेतूनि भवन्ति च, तथैतेऽपि भगवन्तः कर्म्मपङ्के जाताः दिव्यभोगजलेन वर्द्धिताः उभयं विहाय वर्त्तन्ते, सुन्दराश्चातिशययोगेन, निवासो गुणसम्पदः, हेतवो दर्शनाद्यानन्दस्य, केवलादिगुणभवेन भव्यसत्त्वैः सेव्यन्ते, निर्वाणनिबन्धनं च जायन्ते इति नैव भिन्नजातीयोपमायोगेऽप्यर्थतो विरोधाभावेन यथोदितदोषसम्भव इति,

ભાવાર્થ-સંસારરૂપ (રાગ-દ્વેષ-મોહરૂપ[૧] કલેશ વાસિત મનરૂપ સંસાર-વિષય કષાય આદિરૂપ સંસાર) જલના અસંગઅસંબંધ-નિર્લેપતા વિગેરે રૂપ ધર્મ કલાપ-સમુદાયથી પુરૂષોત્તમો, અરિહંત ભગવંતો, ઉત્તમ પુંડરીક-શ્વેત કમલ જેવા છે. તથાહિઃ-

(૧) જેમ પુંડરીક-કમળો, પંકમાં-કાદવમાં પેદા થાય છે. જલથી વૃદ્ધિ પામે છે. છતાં એ બંનેને છોડી નિરનિરાળા રહે છે. જુદા-અલગ-નિર્લેપ રહે છે.

(૨) આ પુંડરીક-કમળો, પ્રકૃતિ સુંદર (સહજ મનોહરમૂલ સ્વભાવથી રૂપાળાં જાતિ-સ્વભાવથી શોભાવાળાં-ફુદરતી મોહક-આકર્ષક-અકૃત્રિમ-નૈસર્ગિક સૌન્દર્યવર્ય) હોય છે.

(૩) આ પુંડરીક-કમળો, ભુવન લક્ષ્મી (ભવન અધિપતિરૂપ કે [૨]ભવનથી ઉપલક્ષિત-ભવનનિવાસિની લક્ષ્મીદેવી) ના મનોહર નિવાસ સ્થાનરૂપ હોય છે.

---

૨ ''पुरिसा वि जिणा एवं पत्ता वरपुंडरीय उवमाणं । सासाई सुरभिगंधे वहंति वरपुंडरीयत्ता ॥ १ ॥ वट्टंति य उवयारे नरतिरिआणं निरही परिणामा । धारिज्जं सिरसा नरामरेहिं नमिरेहिं ॥ २ ॥

૧ 'ક્લેશ વાસિત મન સંસાર' રાગ-દ્વેષ મોહ આદિભાવ બંધનરૂપ ક્લેશથી વાસિત-બદ્ધ, મન-જીવ તે અહીં સંસાર સમજવો.

૨ 'સો યોજન ઉંચો, એક હજાર બાવન યોજન અને બાર કલા પહોળો એક સુવર્ણમય (લઘુ) હિમવત પર્વત છે. તે પર્વત ઉપર દશ યોજન ઉંડું, પાંચસો યોજન પહોળું અને હજાર જોજન લાંબુ, વજના તળીયાવાળુ પદ્મહ્રદ નામનું એક હ્રદ છે. તેના મધ્ય ભાગમાં પાણીથી બે કોસ ઉંચું, એક યોજન પહોળું અને એક યોજન લાંબુ એક કમળ છે. નીલ રત્નમય નાળચુ દશ યોજનનું છે. તેનું મૂળ વજમય છે, તેનું કંદ, રિષ્ટરત્નમય છે, તેના બહારનાં અને અંદરના પાંદડાં લાલ તથા સુવર્ણમય છે. તે કમળની અંદર બે કોસ પહોળી, બે કોસ લાંબી કોસ ઉંચી, લાલ સુવર્ણમય કર્ણિકા-ડોડો છે. તેની મધ્ય ભાગમાં અર્ધો કોસ પહોળું, એક કોસ લાંબુ અને એક કોસમાં કંઈક ન્યૂન ઉંચું લક્ષ્મીદેવીનું ભુવન છે. તે ભુવનને પાંચસો ધનુષ્ય ઉંચા, અઢીસો ધનુષ્ય પહોળા, પૂર્વ-દક્ષિણ ઉત્તર દિશામાં ત્રણ દરવાજા છે. ભુવનની વચ્ચોવચ અઢીસો ધનુષ્ય પ્રમાણ મણિમય વેદિકા છે. તે વેદિકા ઉપર લક્ષ્મીદેવીને છાજે તેવી શય્યા છે. હવે તે મુખ્ય કમળની ચોતરફ ફરતા ગોળ આકારવાળા (વલયાકાર) લક્ષ્મીદેવીના આભૂષણોથી ભરેલા તથા મુખ્ય કમળના પ્રમાણથી અર્ધા ઉંચા અને પહોળા એકસો આઠ કમળો છે. એવી રીતે સઘળા ગોળાકારોમાં અનુક્રમે અર્ધું અર્ધું પ્રમાણ સમજવું. બીજા વલયમાં વાયવ્ય ઈશાન અને ઉત્તર દિશામાં ચાર હજાર સામાનિક દેવોને વસવાનાં ચાર હજાર કમળ છે. પૂર્વ દિશામાં ચાર મહાર્ધિકદેવીઓના ચાર કમળ છે. આગ્નેયી દિશામાં અભ્યંતર પર્ષદાના ગુરૂસ્થાનીય દેવોના આઠ હજાર કમળ છે. દક્ષિણ દિશામાં મધ્ય પર્ષદાના મિત્રસ્થાનીય દેવોના દશ હજાર કમળ છે. નૈઋત દિશામાં મધ્ય પર્ષદાના નોકર તરીકે રહેલા

(૪) આ પુંડરીક-કમળો, ચક્ષુ-નયન, મન વગેરેને (સુગંધ કે રસ મુગ્ધ ભમરા-ભમરીઓ વગેરેને) અત્યંત આનંદ-હર્ષ-પ્રમોદ આપે છે.

(૫) આ પુંડરીક-કમળો, ઉત્તમ-પ્રવર-ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠ ગુણ (અપૂર્વ સ્વાભાવિક ખાસિયત-ધર્મ-લક્ષણ-શક્તિ-લાભ-પ્રકૃતિ તંતુ-દાન) સંપન્ન હોઈ, વિશિષ્ટ-ઉત્તમ કોટીના તિર્યંચોથી (કલહંસ-રાજહંસ-સારસ વિગેરે તિર્યંચોથી) સેવાય છે. આસ્વાદન કરાય છે અથવા વિશિષ્ટ તિર્યંચો આ કમળોનું શરણું સ્વીકારી તેમાં નિવાસ કરે છે. તેમજ વિશિષ્ટ મનુષ્યોથી (વિદ્યાધર-સત્તાધીશ-વૈભવશાલી પુરૂષોથી) મસ્તક વડે આ કમળો ધારણ કરાય છે. અર્થાત્ વિશિષ્ટનરો, મુકુટ આદિમાં કમળને શોભા તરીકે ધારણ કરે છે. તથા વિશિષ્ટ દેવોથી આ કમળો મુકુટ આદિમાં ધારણ કરાય છે. અથવા આ કમળો ક્રીડા ખાતર દેવોથી સેવિત કે શોભિત કેમ ન હોઈ શકે ?

(૬) આ પુંડરીક-કમળો, સુખ (શરીર અને મન બેઉને અનુકૂળ દશાનો અનુભવ મળવારૂપ સુખ-સંતોષ-તૃપ્તિ-આરામ શાંતિ-વિસામો) કરનાર-મંગલ કુશલ કરનારા હોય છે.

-ઉપમાનગત છ સમાન ધર્મોનું નિરૂપણ કર્યાબાદ ઉપમેયગત છ સમાન ધર્મોનું બ્યાન-

જેમ આ પુંડરીકો છ ધર્મવાળા છે તેમ આ પુરૂષોત્તમ અરિહંત ભગવંતો પણ છે.

તથાહિ (૧) કર્મરૂપી કે [1]કામરૂપી કાદવમાં પેદા થયેલા અને દિવ્ય (દેવતાઈ-અદ્‌ભૂત) ભોગી જલથી વધેલા, કર્મ કે કામરૂપ પંકને અને દિવ્ય ભોગરૂપ જલને છોડીને તુચ્છત્વ ભાવનાથી કામભોગનો ત્યાગ કરીને અલિપ્ત-નિરાળા આ ભગવંતો વર્તે છે.

(૨) આ અરિહંત ભગવંતો, [1]અતિશય (સહજ ચાર અતિશય) ના યોગથી જન્મથી માંડી સર્વશ્રેષ્ઠ-

---

દેવોના બાર હજાર કમળ છે. અને પશ્ચિમ દિશામાં હાથી, ઘોડા, રથ, પાળા, પાડા, ગંધર્વ અને નાટકરૂપ સાત સેનાઓના નાયકોના સાત કમળ છે. ત્યાર પછી ત્રીજા વલયમાં સોળ હજાર અંગ રક્ષક દેવોને વસવાના સોળ હજાર કમળ છે. ચોથા વલયમાં બત્રીસ લાખ અભ્યંતર આભિયોગિક દેવોને વસવાનાં બત્રીસ લાખ કમળ છે. પાંચમાં વલયોમાં ચાલીસ લાખ મધ્યમ આભિયોગિક દેવોને વસવાનાં ચાલીસ લાખ કમળ છે. છઠ્ઠા વલયમાં અડતાલીસ લાખ બાહ્ય આભિયોગિક દેવોને વસવાનાં અડતાલીસ લાખ કમળ છે. એવી રીતે મુખ્ય કમલની સાથે ગુણતાં સઘળાં મળીને એક કરોડ વીશ લાખ પચાસ હજાર એકસો વીસ કમળ થયાં આવા પ્રકારના કમળો વડે પરિવરેલા મૂળ કમળરૂપી મનોહર સ્થાન ઉપર લક્ષ્મીદેવી વિરાજે છે.

१ 'कामपङ्के जाताः' क्वचिद्ग्रन्थे दृश्यते.

१ प्रियङ्गुस्फटिकस्वर्णपद्मरागाञ्जनप्रभः । प्रभो ? तवाधौतशुचिः कायः कमिव नाक्षिपेत् ॥ १ ॥
मन्दारदामवन्नित्यमवासितसुगन्धिनि । तवाङ्गे भृङ्गता यान्ति नेत्राणि सुरयोषिताम् ॥ २ ॥
दिव्यामृतरसास्वादपोषप्रतिहता इव । समाविशन्ति ते नाथ ! नाङ्गे रोगोरगव्रजाः ॥ ३ ॥
त्वय्यादर्शतलालीनप्रतिमाप्रतिरूपके । क्षरत्स्वेदविलीनत्वकथाऽपि वपुषः कुतः ॥ ४ ॥ (वी० स्तो०)

સહજ સૌન્દર્યની જંગમમૂર્તિ-સ્વાભાવિક સુંદર-અકૃત્રિમરૂપ લાવણ્યમયપરમ રમણીય-નયન મનોહર હોય છે.

(૩) આ અરિહંત ભગવંતો, અર્હત્ત્વ આદિ સકલ ગુણ સંપદા-લક્ષ્મીના એક-અપૂર્વ-નિવાસ સ્થાન આધારભૂત સ્થાન હોય છે.

(૪) આ અરિહંત ભગવંતો, દર્શન-નેત્ર આદિ (મનસુભવ્ય ભ્રમર આદિ) ને આનંદ આપે છે. અથવા ભવ્યોને દર્શન-સમ્યગ્‌દર્શન આદિ આત્મસ્વરૂપ લાભ આપી અદ્‌ભૂત-અભૂતપૂર્વ આનંદનું સમર્પણ કરે છે. અથવા સુભવ્યોને દર્શનતત્ત્વજ્ઞાન સાધનભૂત શાસ્ત્ર આદિ (અર્થની અપેક્ષાએ) ની પ્રરૂપણાદ્વારા આનંદ કરનાર હોય છે.

(૫) આ અરિહંત ભગવંતો, કેવલજ્ઞાન-કેવલદર્શન-અનંતચારિત્ર-અનંતવીર્ય-તીર્થંકરત્વ-લોકનાથત્વ આદિ ગુણોની સત્તાથી-વિદ્યમાનતા હોઈ, ભવ્ય (સુપાત્ર) પ્રાણીઓ વડે સેવાય છે, ભવ્ય પ્રાણિરૂપ સુરનર તિર્યંચ આદિ જીવગણથી ધ્યેય કે શરણ તરીકે સ્વીકારાય છે. આ અરિહંતોની ઉપાસના કરાય છે, ભક્તિસેવા પૂજા કરાય છે.

(૬) આ અરિહંત ભગવંતો, અખંડ-નિરતિશય આનંદ પ્રાપ્તિરૂપ-પરમ-પૂર્ણ-અનંત નિત્ય સુખમય નિર્વાણ-મોક્ષપદનું પરમકારણ-પુષ્ટ આલંબન હોય છે.

અર્થાત્ ઉપાસક વર્ગને પરમાનન્દરૂપ મહાસુખ-નિર્વાણસુખનું દાન કરે છે. એવંચ વિશિષ્ટ વિનેયજનને પ્રભુના લોકોત્તર ગુણગણવિષયક જ્ઞાન સંપાદનરૂપ ઉપકારકારક વિજાતીય ઉપમા છે. આ પ્રમાણેના નિપુણ નિરૂપણથી એ વસ્તુનું તારણ થાય છે કે; વિરૂદ્ધ-વિજાતીય-જુદી જાતની-ઉપમેયગતજાતિભિન્ન જાતિવાળી ઉપમા-વરપુંડરીકરૂપ ઉપમા (ઉપમાન) નો યોગ-સંબંધ થયે છતે પણ અર્થથી (અર્થની અપેક્ષાએ વસ્તુતઃ-તત્ત્વતઃ-પારમાર્થિક દ્રષ્ટયા) વિરોધનો અભાવ હોઈ અથવા વિજાતીય ઉપમાનો યોગ-સંબંધ થવા છતાંય અર્થમાં-વસ્તુમાં (ઉપમેય આદિવસ્તુમાં) વસ્તુત્વરૂપ અર્થના વિરોધનો અભાવ હોઈ અર્થાત્ વસ્તુત્વાવચ્છિન્ન ઉપમેય આદિરૂપ વસ્તુ, અવિરૂદ્ધ-અવ્યભિચરિત-સંવાદિત-સંગત-અનુપચરિત હોઈ વાદીએ જે પહેલાં દોષ બતલાવ્યો હતો તેનો અસંભવ છે-બિલ્કુલ સંભવ નથી. (પુંડરીક આદિરૂપ વિજાતીય ઉપમાનો યોગ થવાથી જુદી જાતના ઉપમેયમાં વિજાતીય ઉપમાગત ધર્મોની પ્રાપ્તિ-સંગતિ થશે અને ઉપમેયભૂત જે અરિહંત વિગેરે વસ્તુ છે તે અવસ્તુ થશે ! કારણ કે; વિરૂદ્ધ ધર્મોથી યુક્ત વસ્તુનો અભાવ છે. વિગેરે જે દોષ આપેલ તે અહીં ઉપરના નિરૂપણથી લાગુ પડતો નથી.)

---

न केवलं रागमुक्तं वीतराग ! मनस्तव । वपुः स्थितं रक्तमपि क्षीरधारासहोदरम् ॥ ५ ॥
जगद्विलक्षणं किं वा तवान्यद्वक्तुमीश्महे । यदविस्रमबीभत्सं शुभ्रं मांसमपि प्रभो ! ॥ ६ ॥
जलस्थलसमुद्‌भूताः सन्त्यज्य सुमनःस्रजः । तवनिःश्वाससौरभ्यमनुयान्ति मधुव्रताः ॥ ७ ॥
लोकोत्तरचमत्कारकरी तव भवस्थितिः । यतो नाहारनीहारौ गोचरश्चर्मचक्षुषाम् ॥ ८ ॥

वी. स्तो.

-વસ્તુ સ્વરૂપ વિષયક સત્ય મંથન કે સમર્થન-

**एकानेकस्वभावं च वस्तु, अन्यथा तत्तत्त्वासिद्धेः**

ભાવાર્થ-પરમાર્થભૂત વસ્તુનું સ્વરૂપ, એક (દ્રવ્ય સામાન્ય) અને અનેક (પર્યાય વિશેષ) ઉભયરૂપ અનંત ધર્મો છે. તથાહિ; એક અનેક સ્વભાવવાળી (અનંત-ધર્માત્મક) વસ્તુ છે. કેમકે; વસ્તુમાં એક અનેક સ્વભાવવત્ત્વ અનંત ધર્માત્મક પણું-અનંત ધર્મો-સ્વભાવો માનવામાં ન આવે તો, વસ્તુત્વ-વસ્તુતત્ત્વનો સદંતર અભાવ થઈ જાય ! (અનુમાન પ્રયોગ આ પ્રમાણે અહીં સમજવો. જીવ અજીવરૂપ વસ્તુ (ધર્મીપક્ષ) એક અનેક સ્વભાવવત્-અનંત ધર્માત્મક છે. અહીં એક અનેક સ્વભાવવત્ત્વ-એક અનેક સ્વભાવો-અનંત ધર્મોઅનંતધર્માત્મકત્વ સાધ્ય ધર્મ સમજવો. વસ્તુત્વ અન્યથાનુપપત્તિરૂપ હેતુ સમજવો. કેમકે; હેતુનું લક્ષણ જ અન્યથાનુપપત્તિ છે. વસ્તુત્વપ્રકાર સિવાય બીજા પ્રકારની વસ્તુરૂપ તત્ત્વની સિદ્ધિ થતી નથી. અહીં [1]અન્તર્વ્યાપ્તિથી સાધ્યની સિદ્ધિ થાય છે. માટે ઉપરોક્ત હેતુમાં દ્રષ્ટાંતની આવશ્યકતા નથી. જ્યાં દ્રષ્ટાંત સિવાય સાધ્ય હેતુમાં વ્યાપ્તિનું જ્ઞાન થઈ જાય છે. તેને અન્તર્વ્યાપ્તિ કહે છે. જ્યારે પ્રતિવાદીને વ્યાપ્તિ

---

હે પ્રભુ ! પ્રિયંગુવત્ (નીલ) સ્ફટિકવત્ (ઉજ્જવલ) સ્વર્ણવત્ (પીત) પદ્મરાગવત્ (રક્ત) અને અંજનવત્ (શ્યામ) વર્ણવાળો ધોયા વગર જ સદાય પવિત્ર એવો આપનો દેહ, મનુષ્ય આદિક કોને ચકિત નથી કરતો ? સર્વને કરે છે જ. (૧) કલ્પવૃક્ષની માળાની જેમ સ્વભાવે જ સુગંધી એવા આપના અંગ ઉપરદેવાંગનાના નેત્રો, ભ્રમરની જેમ લપટાય છે. (૨) હે નાથ ! દિવ્ય અમૃતરસનું આસ્વાદન કરવાથી થયેલી પુષ્ટિથી પરાભવ પામેલાં હોય તેમ કાસશ્વાસાદિક રોગોરૂપી સર્પનો સમૂહ આપના દેહમાં વ્યાપી શકતા નથી, આપ સદા રોગ રહિત જ છો. (૩) દર્પણની અંદર પ્રતિબિંબિત થયેલા રૂપની જેમ આપનામાં બીજા મળ તો દૂર રહો-પરંતુ પરિશ્રમ આદિકથી આપનું શરીર, ટપકતા પસીનાથી આર્દ્ર (ભીનું) પણ થતું નથી. આપની કાયા પ્રસ્વેદ (પસીનો) વગરની નિર્મળ જ છે. (૪) હે વીતરાગ ! કેવળ આપના શરીરમાં રહેલું રક્ત (રૂધીર) પણ દૂધની ધારા જેવું ધોળું છે એટલે આપના રૂધિરમાંથી પણ સ્વાભાવિક રાગ-રંગ-રતાશ જતી રહી છે. (૫) વળી જગત્થી વિલક્ષણ એવી આપની બીજી અદ્‌ભૂત વાતનું અમે શું વર્ણન કરી શકીએ ? કારણ કે હે પ્રભુ ! આપનું માંસ પણ દુર્ગંધ રહિત (પરમ સુગંધિ) દુગંછા ન ઉદ્‌ભવે એવું ગાયના દૂધ જેવું ધોળું છે. (૬) હે વીતરાગ ! ભમરાઓ, જળ સ્થળના (સુગંધિ) પુષ્પોની માળાઓ તજી આપના નિઃશ્વાસની ખુશ્બો લેવા આપના વદન-કમળ પાસે આવે છે. (૭) હે પ્રભુ ! આપની જન્મ-મર્યાદા લોકોત્તર (અપૂર્વ) ચમત્કારને કરવાવાળી છે. કેમકે આપના આહાર અને નીહાર ચર્મચક્ષુવાળા મનુષ્યો જોઈ શકતા જ નથી. (૮)

१ अन्त पक्षमध्ये व्याप्तिः-साधनस्य साध्याक्रान्तत्वमन्तर्व्याप्तिः ।
तयैव साध्यस्य गम्यस्य सिद्धेः प्रतीतेः ।
अयमर्थः अन्तर्व्याप्तेः साध्यसंसिद्धिशक्तौ बाह्यव्याप्तेर्वर्णनं वन्ध्यमेव ।
साध्यंससिद्धयशक्तौ बाह्यव्याप्तेर्वर्णनं व्यर्थमेव ।

સંબંધનું જ્ઞાન કરતી વખતે વ્યાપ્તિસંબંધનું સ્મરણ થાય છે. અને સાથો સાથ અન્તર્વ્યાપ્તિજ્ઞાનથી પ્રતિવાદીને આ પણ જ્ઞાન થાય છે કે; પ્રસ્તુત પક્ષમાં વર્તમાન હેતુ પણ સાધ્યથી યુક્ત છે. દ્રષ્ટાંત સિવાય પક્ષની અંદર જ હેતુથી સાધ્યની સિદ્ધિ થઈ જાય છે. માટે અહીં પક્ષથી અતિરિક્ત દ્રષ્ટાંતથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. જે વસ્તુ એક અનેક સ્વભાવવાળી-અનંત ધર્માત્મક નથી, તે વસ્તુ એક અનેક સ્વભાવવાળી-અનંત ધર્માત્મક નથી. તે વસ્તુ પણ નથી. જેમ કે; આકાશફૂલ. આકાશફૂલમાં એક અનેક સ્વભાવ અનંત ધર્મો નથી રહેતા માટે તે વસ્તુ પણ નથી. આ હેતુ કેવલવ્યતિરેકી છે. જ્યાં જ્યાં સાધ્ય નથી રહેતું ત્યાં ત્યાં એક અનેક સ્વભાવ અનંત ધર્મો છે. આ અન્વયવ્યાપ્તિમાં અપાતા પ્રત્યેક દ્રષ્ટાંતો સાધર્મ્ય દ્રષ્ટાંતો, પક્ષમાં જ ગર્ભિત થઈ જાય છે. અતએવ અહીં અન્વયવ્યાપ્તિ નહીં બતાવી પરંતુ વ્યતિરેકવ્યાપ્તિ બતાવી છે. એમ સમજવું.)

–વસ્તુ સ્વરૂપ નિર્ણયના વિષયની નિપુણન્યાયમુદ્રાપૂર્વક મીમાંસા–

**सत्त्वामूर्त्तत्वचेतनत्वादिधर्म्मरहितस्य जीवत्वाद्ययोग इति न्यायमुद्रा, न सत्त्वमेवामूर्त्तत्वादि, सर्वत्र तत्प्रसङ्गात्, एवं च मूर्त्तत्वाद्ययोगः.**

ભાવાર્થ-સત્ત્વ (આ સત્ છે, આ સત્ છે, આવા પ્રકારની જે અનુગત પ્રતીતિ, તેને કરાવનાર ધર્મ-સત્ત્વ સમજવો તેમજ સત્ શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તરૂપ ધર્મ-સત્ત્વ જાણવો) અમૂર્ત્તત્વ=રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહિતપણું-રૂપ આદિ ચારનો અભાવ તે અમૂર્ત્તત્વરૂપ ધર્મ જાણવો. ચેતનત્વ=ચૈતન્ય-ચેતનાજ્ઞાન દર્શન અન્યતર આત્મક ઉપયોગ સમજવો. આદિ શબ્દથી પ્રમેયત્વ, પ્રદેશવત્ત્વ વિગેરે અનેક ધર્મોનું ગ્રહણ કરવું. તથાચ સત્ત્વ, અમૂર્ત્તત્વ, ચેતનત્વ વિગેરે ચિત્ર-નાના-અનેક ધર્મ-પ્રકાર વિશેષણ રહિત (સત્ત્વ આદિરૂપ અનેક ધર્મરૂપ પ્રકાર વગરની) જીવ આદિ વસ્તુમાં, પરસ્પર ભિન્ન=અજીવત્વ ભિન્ન જીવત્વ, મૂર્ત્તત્વ વિરુદ્ધ અમૂર્ત્તત્વ વિગેરે અનેક વસ્તુતત્ત્વ-સ્વરૂપનો અભાવ, (વિપરીત સ્વરૂપની આપત્તિ વિગેરે) થાય છે. આવી ન્યાય મુદ્રા-યુક્તિ મર્યાદા-અન્વય વ્યતિરેક [1]વ્યાપ્તિરૂપ યુક્તિ મર્યાદા જાણવી. આ સુંદર ન્યાયમુદ્રાને પ્રતિભાશાળી બીજાઓ પણ ઓળંઘી શકવા સમર્થ થતા નથી.

તથાચ સત્ત્વ આદિ નાનાધર્મવિશિષ્ટજીવ આદિ વસ્તુમાં જીવત્વ આદિ રૂપ વસ્તુ તત્ત્વસંભવિત છે. દા.ત.

---

**૧ આપણે અનુભવ ઉપરથી સમજી શકીએ છીએ કે જે જન્મે છે તે મરે છે. એવો કોઈપણ દેશ નથી કે જ્યાં અમુક પ્રાણી જન્મ્યો હોય છતાં તે મર્યો ન હોય. આથી આપણે બેધડક સ્વીકારીએ છીએ કે જે જે જન્મે તે તે મરે. આ પ્રમાણેનો જન્મ અને મરણનો સંબંધ તે 'સહચાર' કહેવાય છે. આના સમર્થનાર્થે ધૂમ અને અગ્નિનું સુપ્રસિદ્ધ દ્રષ્ટાંત વિચારીએ છીએ જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે. એવો કોઈપણ ધૂમવાન્ પ્રદેશ નથી કે જ્યાં અગ્નિ ન હોય, આવો તે ધૂમ અને અગ્નિનો પરસ્પર સંબંધ અથવા જન્મ અને મરણનો સંબંધ તે 'સહચાર' કહેવાય છે. જન્મ્યાં છતાં મરે નહિ એમ જો માનવામાં આવે તો જન્મ મરણનો કારણ-કાર્યરૂપ સંબંધ ઊડી જાય છે. આ 'વ્યભિચાર' કહેવાય છે. ઉપર્યુક્ત દ્રષ્ટાંતમાં સહચાર (અન્વય વ્યાપ્તિ) ઉપરાંત વ્યભિચારનો અભાવ (વ્યતિરેક વ્યાપ્તિ) હોવાની પ્રતીતિ થતાં જે સિદ્ધાંત ફલિત થાય છે જે નિયમ સૂરે છે તેને વ્યાપ્તિ કહેવામાં આવે છે. જેમકે જ્યાં જ્યાં ધૂમ છે ('જ્યાં જ્યાં'ને બદલે 'જે જે' અને એવી રીતે ત્યાં ત્યાં ને બદલે 'તે તે' મૂકી શકાય. 'જ્યાં જ્યાં' એ પ્રસંગ દર્શાવવા માટે યોજેલ સ્થલવાચક અવ્યવ છે જ્યારે 'જે જે' એ વ્યક્તિવાચક વિશેષણ છે) ત્યાં ત્યાં અગ્નિ છે જ એ સહચાર અને જ્યાં અગ્નિ નથી ત્યાં ધૂમ નથી જ એ વ્યભિચારનો અભાવ એ**

સત્ત્વ, અમૂર્ત્તત્વ, ચેતનત્વ આદિ અનેક ધર્મ વિશિષ્ટ જીવ પદાર્થમાં જીવત્વ આદિ રૂપ વસ્તુતત્ત્વ ઘટિત છે. જે સ્વગત નાના ધર્મો જીવ પદાર્થમાં જીવત્વ આદિ સાબીત કરી અજીવ પદાર્થગત અજીવત્વ આદિથી ભેદ સાધે છે. સ્વગતભેદક ધર્મો માનવામાં આવે તો જ અમુક પદાર્થ અમુકથી જુદો છે એમ સિદ્ધ થાય. અન્યથા પદાર્થૈક્યની આપત્તિ આવે ! જો નાના ધર્મ વિશિષ્ટ જીવ આદિ પદાર્થ ન માનો અર્થાત્ કેવલ-શુદ્ધ જીવ આદિ પદાર્થમાં જીવત્વ આદિ પદાર્થ સ્વરૂપનો અસંભવ છે. દા.ત. સત્ત્વ ચેતનત્ત્વ આદિ ધર્મશૂન્ય-કેવલ જીવ પદાર્થમાં, અજીવત્વ ભિન્ન જીવત્વ સાધક ધર્મોની શૂન્યતા હોઈ-જીવત્વરૂપ પદાર્થ સ્વરૂપનો અભાવ થાય છે. એટલું જ નહિ પરંતુ જે પોતાનું સ્વરૂપ નથી અને જે બીજાનું સ્વરૂપ છે તેની પણ આપત્તિ કેમ નહિ થાય? અર્થાત્ ભેદકનો અભાવ હોઈ થશે જ એટલે પ્રૌઢ મીમાંસા બાદ તારણ એ આવે છે કે, નાના ધર્મ વિશિષ્ટ જીવ આદિ વસ્તુમાં જીવત્વ આદિરૂપ જે નાના સ્વરૂપ છે તે ઘટમાન થઈ શકે છે. નાના ધર્મશૂન્ય વસ્તુની માન્યતામાં જીવત્વ આદિરૂપ નાના વસ્તુતત્ત્વ બાધિત થાય છે.

શંકા-વસ્તુનું સ્વરૂપ સત્ત્વ-સત્તારૂપ મહા સામાન્ય, સત્ત્વને નહીં ઓળંઘનાર સત્ત્વથી અભિન્ન અને સત્ત્વની મહાકુક્ષિમાં રહેનાર હોઈ સત્ત્વનેજ અમૂર્ત્તત્વ ચેતનત્વ વિગેરે રૂપે અને જીવ આદિ વસ્તુમાં તાદૃશસત્ત્વ વિદ્યમાન છે. એમ માનવામાં આવે તો અમૂર્ત્તત્વ ચેતનત્વાદિ રહિત કેવલ જીવ આદિ વસ્તુમાં જીવત્વ આદિરૂપ વસ્તુ સ્વરૂપનો અભાવ કેવી રીતે ?

સમાધાન-શુદ્ધ [1]સંગ્રહનય અભિમત સત્તારૂપ માત્રને જ (કેવલ સત્તાને જ) જીવ આદિગત અમૂર્ત્તત્વ ચેતનત્વ આદિ તરીકે ન માની શકાય.

---

બે સિદ્ધ થવાથી જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે (આમાં ધૂમ કાર્ય છે અને અગ્નિ એનું કારણ છે.) આવા કાર્ય કારણરૂપ સંબંધોમાં જેનો પ્રદેશ મોટો હોય જેનું ક્ષેત્ર વિશાળ હોય તે 'વ્યાપક' કહેવાય છે, જ્યારે જેનો પ્રદેશ નાનો હોય જેનું ક્ષેત્ર સંકુચિત હોય તે 'વ્યાપ્ય' કહેવાય છે. કાર્ય વ્યાપ્ય ગણાય છે. જ્યારે કારણ વ્યાપક ગણાય છે. જો કે કેટલીક વાર કાર્ય અને કારણના પ્રદેશ સમાન પણ હોય. પ્રસ્તુતમાં ધૂમરૂપ કાર્યનું ક્ષેત્ર અગ્નિરૂપ કારણ જેટલું વિશાળ નથી, કેમ કે જ્યાં જ્યાં અગ્નિ હોય ત્યાં ત્યાં ધૂમ હોવો જોઈએ એવો નિયમ નથી. જેમકે લોખંડનો તપાવેલો ગોળો-આ ગોળામાં અગ્નિ છે. પરંતુ ધૂમ નથી. અર્થાત્ તપાવેલા ગોળારૂપ પ્રદેશમાં અગ્નિ છે. પરંતુ ત્યાં ધૂમનું અસ્તિત્વ નથી. જ્યાં વ્યાપ્ય અને વ્યાપકના પ્રદેશ સરખા ન હોય ત્યાં વ્યતિરેક-વ્યાપ્તિ ઉલટાવીને કરવી પડે છે. જેમકે જ્યાં જ્યાં ધૂમ નથી ત્યાં ત્યાં અગ્નિ નથી એવી વ્યાપ્તિ ન કરતા જ્યાં જ્યાં અગ્નિ નથી ત્યાં ત્યાં ધૂમ નથી એવી વ્યાપ્તિ સંગત ગણાય છે. પરંતુ જ્યાં વ્યાપ્ય અને વ્યાપકના ક્ષેત્રો સરખા હોય, ત્યાં આમ ઉલટાવવાની જરૂર નથી. જેમકે જ્યાં જ્યાં જ્ઞાન થવાપણું જ્ઞેયત્વ છે ત્યાં ત્યાં નામ હોવાપણું છે એ અન્વય વ્યાપ્તિ ઉપરથી જ્યાં જ્યાં જ્ઞેયત્વ નથી ત્યાં ત્યાં નામ હોવાપણું નથી એવી વ્યતિરેક વ્યાપ્તિ કરવામાં કોઈ જાતનો બાધ નથી. એવી રીતે જ્યાં જ્યાં પ્રાણ વિગેરે છે ત્યાં ત્યાં ચેતનપણું છે એ અન્વય વ્યાપ્તિનું ઉદાહરણ છે. જ્યારે જ્યાં જ્યાં પ્રાણ વિગેરે નથી ત્યાં ત્યાં ચેતનપણું નથી એ વ્યતિરેક વ્યાપ્તિનું ઉદાહરણ છે. તેવી જ રીતે પ્રકૃતમાં જ્યાં જ્યાં નાના ધર્મ વૈશિષ્ટ્ય છે-જે જે નાના ધર્મ વિશિષ્ટ છે ત્યાં ત્યાં વસ્તુત્વ-તે તે વસ્તુ છે એ અન્વય વ્યાપ્તિનું ઉદાહરણ છે. જ્યાં જ્યાં નાના ધર્મ વૈશિષ્ટ્ય નથી-જે જે નાના ધર્મ વિશિષ્ટ નથી, ત્યાં ત્યાં વસ્તુત્વ નથી-તે તે વસ્તુ નથી એ વ્યતિરેક વ્યાપ્તિનું ઉદાહરણ જાણવું.

૧ સામાન્ય રૂપ જે વસ્તુની સત્તા છે તેને ગ્રહણ કરવામાં તત્પર એવા અધ્યવસાય વિશેષને 'સંગ્રહ' કહેવામાં આવે છે. અથવા તો નૈગમાદિક નયોદ્વારા જાણેલા અર્થનો સંગ્રહ કરવામાં કુશલ એવો અધ્યવસાય પણ 'સંગ્રહ' કહેવાય

જો કેવલ સત્તાને જ જીવ આદિગત અમૂર્ત્તત્વ આદિ ધર્મો તરીકે માનવામાં આવે તો મહાસામાન્યને વિશેષ ધર્મો તરીકે અથવા વિશેષ ધર્મો તરીકે અથવા વિશેષધર્મો અને સામાન્યધર્મને પરસ્પર સર્વથા અભિન્ન માનવામાં આવે તો સર્વત્ર-ઘટ આદિ સમસ્ત વસ્તુમાં અમૂર્ત્તત્વ ચેતનત્વ આદિની પ્રાપ્તિ-આપત્તિ થાય. તથાહિ=ઘટાદિમૂર્ત્ત પદાર્થમાં સત્તારૂપ મહાસામાન્ય વિદ્યમાન હોઈ અમૂર્ત્તત્વ=ચેતનત્વ આદિ ધર્મની પ્રાપ્તિ-આપત્તિ થાય. કેમકે; અમૂર્ત્તત્વ ચેતનત્વાદિથી સર્વથા અભિન્ન સત્ત્વરૂપ, વસ્તુનું એક સ્વરૂપ કાયમ છે.

તેમજ અમૂર્ત જીવ આદિમાં મૂર્ત્તત્વ-અચેતનત્વ આદિ ધર્મની આપત્તિ આવે ! કેમકે; ત્યાં પણ મૂર્ત્તત્વ આદિથી સર્વથા અભિન્ન સત્ત્વરૂપ એક વસ્તુનું સ્વરૂપ હૈયાત છે. વળી સર્વ પદાર્થોમાં દ્રશ્યમાન મૂર્ત્તત્વ-અચેતનત્વ આદિ ધર્મોનો અભાવ થી જાય અને અમૂર્ત્ત આદિનો અભાવ થઈ જાય અર્થાત્ સર્વત્ર સર્વથા વિશેષ ધર્મમાત્રના અભાવનો પ્રસંગ આવીને ઉભો રહે ! ઉપર્યુક્ત મોટામાં મોટી દુસ્તર આપત્તિ નદી કેવી રીતે પાર કરી શકાશે ! તેમજ લોક પ્રતીતિની પૂરેપૂરી બાધા-હાનિ હોવાથી ઈષ્ટાપત્તિ પણ કેમ થઈ શકશે ? અર્થાત્ નહીં થઈ શકે.

-અવિશિષ્ટ કેવલસત્ત્વ, પૂર્વકથિત યુક્તિથી અમૂર્ત્તત્વ આદિરૂપ થતું નથી. એમ સાબીત કર્યું. હવે વિશિષ્ટ (સ્વપર પક્ષવ્યાવૃત્ત[1]) સત્ત્વ કે જે બૌદ્ધ અભિમત છે તે વિશિષ્ટ સત્ત્વ પણ (સત્ત્વ વિશેષ પણ) અમૂર્ત્તત્વ આદિ રૂપ બની શકતું નથી એમ સાબીત કરતાં કહે છે કે;

**सत्त्वविशिष्टताऽपि न, विशेषणमन्तरेणातिप्रसङ्गाद्, एवं नाभिन्ननिमित्तत्वाद्ऋते विरोध इति पुरूषवरपुण्डरीकाणि ।**

---

છે. તથાચ અશેષ વિશેષોને વિષે ઉદાસીનતા રાખનાર અને સત્તા માત્રને શુદ્ધ દ્રવ્ય માનનાર 'પરસંગ્રહ' કહેવાય છે. આનું ઉદાહરણ 'સમગ્ર બ્રહ્માણ્ડ એક છે' એ છે સમસ્ત સંસારમાં સત્પણું એક જ છે. એમાં કાંઈ વિશેષતા નથી એટલે સદ્રૂપતાની અપેક્ષાએ અખિલ વિશ્વ એક છે એમ કહેવું ખોટું નથી. એવંચ સત્તાદ્વૈતનો સ્વીકાર કરનાર અને સમગ્ર વિશેષોનો નિરાસ કરનાર 'પરસંગ્રહાભાસ' કહેવાય છે. 'સત્તા એ જ તત્ત્વ છે, એનાથી પૃથગ્ભૂત વિશેષોનું દર્શન નહિ થતું હોવાથી, એ આનું ઉદાહરણ છે.

દ્રવ્યત્વાદિ અવાન્તર સામાન્યોને માનનાર પરંતુ તેના ભેદોને વિષે ગજનિમીલિકાનો આધાર લેનાર અર્થાત્ આંખમીચામણા કરનાર 'અપર સંગ્રહ' છે. ધર્માસ્તિકાય આદિ છએ દ્રવ્યો એક છે. દ્રવ્યત્વમાં અભેદ હોવાથી' એ આનું ઉદાહરણ છે. અહીં દ્રવ્યત્વરૂપ સામાન્ય જ્ઞાનથી અભેદરૂપ છએ દ્રવ્યોની એકતાનું સંગ્રહણ થયેલું છે. જ્યારે ધર્માસ્તિકાય આદિની વિશેષતાઓ તરફ આંખમીચામણાં કરવામાં આવ્યા છે.

દ્રવ્યત્વાદિની પ્રતિજ્ઞા કરનાર પરંતુ તેના વિશેષોનો અપલાપ કરનાર જેમ કે 'દ્રવ્યત્વજ તત્ત્વ છે' ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય નથી એવી નિહ્નવતાને સેવનાર 'અપરસંગ્રહાભાસ' કહેવાય છે.

૧ અ જેનાથી બીજાની વ્યાવૃત્તિ-ભેદ કરાય છે. તેને અપોહ કહે છે. બૌદ્ધલોક, અત્યન્ત વ્યાવૃત્ત પરસ્પર વિલક્ષણ સ્વલક્ષણોમાં અનુવૃત્તિ પ્રત્યયકારક સામાન્યને માનતા નથી. બૌદ્ધોની માન્યતા છે કે; જે સમય અમને કોઈ શબ્દનું જ્ઞાન થાય છે તે સમય તે શબ્દથી પદાર્થોનું અસ્તિ અને નાસ્તિ એમ બે રૂપે જ્ઞાન થાય છે દા.ત. જે સમય અમને ગોશબ્દનું જ્ઞાન થાય છે તે સમય એકી સાથે ગોનું અસ્તિત્વ અને ગોથી ભિન્ન અન્ય સર્વ પદાર્થોનું નાસ્તિત્વ રૂપનું જ્ઞાન થાય છે માટે બૌદ્ધોના મતમાં અતદ્વ્યાવૃત્તિ (અપોહ) જ શબ્દાર્થ મનાય છે.

ભાવાર્થ-વિશિષ્ટસત્ત્વ (અતદ્વ્યાવૃત્તિરૂપ-અપારમાર્થિક સત્ત્વ-વિશેષ-વ્યક્તિ અભિન્ન સત્ત્વ) પણ અમૂર્ત્તત્વ-ચેતનત્વ આદિ રૂપ બની શકતું નથી. અર્થાત્ અમૂર્ત્તત્વ-ચેતનત્વ આદિ રહિત-ભેદકાન્તરશૂન્ય-સર્વથા વ્યક્તિ અભિન્નરૂપ વિશિષ્ટ સત્ત્વ પણ જીવાદિરૂપ વસ્તુનું વસ્તુસ્વરૂપ નથી. કેમકે; વિશેષણ[1]-ભેદક (ભેદ પાડનાર) સિવાય અતિ પ્રસંગ-અતિ વ્યાપ્તિનો પ્રસંગ આવે ! તથાહિ-જો વિશેષ-વિશિષ્ટતાને જ સત્ત્વૈકરૂપ માનવામાં આવે તો વ્યક્તિરૂપ જીવ વિશેષમાં કોઈ પણ ભેદકરૂપ વિશેષણનો (સ્વરૂપ કે પ્રકારનો) અભાવ હોઈ ચેતનાદિ વિશિષ્ટ રૂપ જેમ કલ્પના માન્યતા છે. તેમ અજીવરૂપ વિશેષમાં પણ ચેતનાદિ વિશિષ્ટરૂપ કલ્પના-માન્યતાની આપત્તિ-પ્રાપ્તિ થશે ને થશે જ. આમ મોટો અતિ પ્રસંગ આવે ! જે અનિષ્ટરૂપ છે. અર્થાત્ 'ચેતનાદિ વિશિષ્ટ જીવ છે' એમ જેવી રીતે માનવામાં આવે છે તેમ ભેદકના અભાવમાં 'ચેતનાદિ વિશિષ્ટ અજીવ છે' એમ માનવારૂપ આપત્તિ શીલા ગળે વળગશે કે જે અનિષ્ટરૂપ છે. મતલબ કે; એકાંતે-સર્વથા વસ્તુનું સ્વરૂપ સામાન્ય-જાતિ કે સત્ત્વ નથી તેમ વિશેષ-વ્યક્તિ કે વિશિષ્ટતા પણ નથી. અર્થાત્ વસ્તુના એક સ્વભાવની કલ્પનામાં અનેક દોષોનો સંભવ છે. વાસ્તે વસ્તુ માત્રમાં અનેક સ્વભાવ-અનંત ધર્મની કલ્પના-માન્યતા નિર્દોષ-સુસંગત કે અવિસંવાદી છે.

આ પ્રમાણે-પૂર્વકથિત યુક્તિથી વસ્તુમાં નાનાધર્મો-એક અનેક સ્વભાવો સિદ્ધ થવાથી જ પૂર્વ ઉદ્ભાવિત જે વિરોધ-'વિજાતીય-પુંડરીકરૂપ વિરૂદ્ધ જાતીય ઉપમાનથી અર્પિત-સૂચિત-લક્ષિત-સંક્રાન્ત-પ્રાપ્તધર્મોનું પરસ્પર નિરાકરણ અરસપરસ પલ્ટો પામી અભાવરૂપ થઈ જશે અર્થાત્ પુંડરીક ઉપમાન અને ઉપમેય અરિહંત એ બંનેના ધર્મોનું સાટું-અદલો-બદલો-પરસ્પર પ્રાપ્તિ થવાથી એકબીજાના નિયત ધર્મોનો લોપ-અભાવ થઈ જાશે જ, એ રૂપ જે સર્વથા વિરોધ દર્શાવ્યો હતો તે નથી. કેમકે; અભિન્ન નિમિત્તપણાનો અભાવ છે-નિમિત્ત એક નથી. પરંતુ અનેક છે. તથાહિ-જો ઉપમેયવસ્તુગત, ધર્મરૂપ નિમિત્ત એક હોય તો જ સદૃશ (સજાતીય) અને વિસદૃશ (વિજાતીય) ઉપમાનો પ્રયોગ થયે છતે ઉપર્યુક્ત વિરોધ આવે ! પરંતુ વિસદૃશ (ઉપમેયગત એક સરખા નહીં એવા) અનેક ધર્મો જેમાં નિમિત્તભૂત છે એવી અનેક ઉપમાઓ (સજાતીય વિજાતીય આદિ) હોયે છતે પણ, પરસ્પર ધર્મના અભાવરૂપ વિરોધનો લેશ નથી.

સારાંશ કે પુરૂષવરપુંડરીકરૂપ સૂત્ર દ્વારા સદૃશ (સજાતીય) અને વિસદશ (વિજાતીય) ઉપમાની સિદ્ધિ કરેલી સમજવી. ૮

---

**अतद्व्यावृत्तिः-अपोहः । यथा विज्ञानवादिबौद्धमते नीलत्वादिधर्मः अनीलव्यावृत्तिरूपः (दि. १) तन्मतेऽयं धर्मोऽपारमार्थिक एवेति सर्वस्यापि विज्ञानरूपत्वं क्षणिकत्वं चेति च ज्ञेयम् । सत्त्वादिधर्मः असद्व्यावृत्तिरूपः ।**

**બ બૌદ્ધની માન્યતા એવી છે કે, વિશેષને છોડીને સામાન્ય કોઈ ભિન્ન વસ્તુ નથી. સંપૂર્ણ ક્ષણિક પદાર્થોનું જ્ઞાન તે પદાર્થોના અસાધારણ રૂપથી જ થાય છે, માટે સંપૂર્ણ પદાર્થ સ્વલક્ષણ છે. અર્થાત્ પદાર્થોનું સામાન્ય રૂપથી જ્ઞાન થતું નથી. જે સમયે અમે પાંચ અંગુલીઓનું જ્ઞાન કરીએ છીએ તે સમયે પાંચ આંગલીઓરૂપ વિશેષને છોડી અંગુલિત્વ કોઈ ભિન્ન જાતિ માલુમ પડતી નથી આ પ્રમાણે ગૌને જાણતી વખતે ગૌના વર્ણ-આકાર આદિ વિશેષ જ્ઞાનને છોડી ગોત્વરૂપ સામાન્યનું ભિન્ન જ્ઞાન થતું નથી. અત એવ વિશેષ જ્ઞાનને છોડી સામાન્યને જુદી વસ્તુ નહીં માનવી જોઈએ. કારણ કે; વિશેષમાં જ વસ્તુનું અર્થક્રિયાકારિત્વ લક્ષણ ઠીક ઠીક ઘટે છે.**

**૧ 'अत्र व्युत्पत्तिः विशिष्यते भिद्यते अनेन (ल्युट्) इति विशेषणं भेदकम् । व्यावर्त्तकं प्रकारो वा विशेषणं भवति ।**

આ પ્રમાણે શક્રસ્તવના આઠમા પદની વ્યાખ્યાની સમાપ્તિ જાણવી.

–શક્રસ્તવના 'પુરૂષવરગંધહસ્તિ' રૂપ નવમા પદનું વિવરણ–

**एते च यथोत्तरं गुणक्रमाभिधानवादिभिः सुरगुरुविनेयैर्हीनगुणोपमायोग एवाधिकगुणोपमार्हा इष्यन्ते, अभिधानक्रमाभावेऽभिधेयमपि तथा, "अक्रमवदसदिति वचनात्, एतन्निरासायाह "पुरूषवरगन्धहस्तिभ्य" इति पुरूषाः पूर्ववदेव, ते वरगन्धहस्तिन इव गजेन्द्रा इव क्षुद्रगजनिराकरणादिना धर्मसाम्येन पुरूषवरगन्धहस्तिनः,**

ભાવાર્થ-યથોત્તર (ઉત્તરના-આગલાના પ્રમાણે ક્રમાનુસાર) પુરૂષાર્થ ઉપયોગી જીવ અજીવ ધર્મરૂપ ગુણોનું ઉત્તરોત્તર-આગળ આગળના પ્રકર્ષ-વૃદ્ધિરૂપ ક્રમથી નિરૂપણ કરવું જોઈએ. જેમ કે; ગુણસ્થાનકોનું [1]નિરૂપણ ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ ક્રમથી છે. સારાંશ કે, ગુણોનો ક્રમસર વૃદ્ધિનો નિયમ છે. તો નિરૂપણનો પણ તેવો નિયમ હોવો જોઈએ એમ વાદ કરનારા બૃહસ્પતિ શિષ્યો માને છે કે; ગુણના વિષયમાં હીનગુણવાળી ઉપમાની સાથે પહેલાં ઉપમેયગતધર્મને સરખાવી પછીથી જ અધિકગુણવાળી ઉપમાના ઉપન્યાસદ્વારા ઉપમેયગત અધિકગુણ સરખાવવો વ્યાજબી જ છે. હીનગુણવતી ઉપમાના ઉપન્યાસદ્વારા પહેલાં ઉપમેયગતહીનગુણ સરખાવી-ઘટાવી પછીથી જ અધિકગુણવતી ઉપમાના ઉપન્યાસદ્વારા પહેલાં ઉપમેયગત અધિકગુણ સરખાવવો જોઈએ-ઘટાવવો જોઈએ આવો ક્રમનિયમ છે. તથાહિ=ગંધહાથીરૂપ ઉપમાથી (હીનગુણવાળી ઉપમાથી) મહાપ્રભાવવંત શક્ર આદિ પુરૂષ માત્રથી સાધ્ય-શક્ય મારી-ઈતિ-દુકાળ વિગેરે ઉપદ્રવોની શાંતિ, ભગવંતના વિહારમાં બરોબર સાધિત-સિદ્ધ કર્યે છતે અર્થાત્ ભગવંતના વિહારથી મારી આદિ ઉપદ્રવોની શાંતિ-સિદ્ધ કર્યા પછી જ, પુંડરીક ઉપમાદ્વારા ભુવનમાં અદ્‌ભૂતભૂત અતિશયોની સંપદા-કેવલજ્ઞાન લક્ષ્મી આદિથી માંડી નિર્વાણપ્રાપ્તિ પર્યંતના ગુણો સરખાવવા-ઘટાવવા સાધવા યુક્તિયુક્ત છે.

એટલે આ સુરગુરૂ-બૃહસ્પતિના શિષ્યો, અરિહંત ભગવંતોને પહેલાં હીનગુણ ઉપમાંથી (ગંધ હાથીની ઉપમાથી) સ્તવીને પછીથી અધિક ગુણવાળી ઉપમાથી (પુંડરીકરૂપ ઉપમાથી) સ્તવના જોઈએ એમ માને છે. કારણ કે; વાચકરૂપ શબ્દના ક્રમનો વ્યત્યય (ક્રમનો ઉલ્ટો પલ્ટો) થયે છતે, અભિધેય વાચ્યરૂપ અર્થ પણ, અભિધાન-વાચક શબ્દની માફક પરીપાટી-ક્રમ વગરનો થઈ જાય, અને જે ક્રમ વગરનો હોય તે અસત્-અવસ્તુ કહેવાય છે. તથાચ પૂર્વાનુપૂર્વી વિશિષ્ટ વાચ્ય વાચકક્રમયુક્ત વસ્તુ સત્ છે. અને પૂર્વાનુપૂર્વીવિશિષ્ટ વાચ્યવાચક ક્રમ વગરની વસ્તુ અસત્ છે.

આ વિષયમાં તેઓનું સાક્ષીરૂપે વચન છે કે; 'ક્રમથી થયેલી છે ઉત્પત્તિ જેની એવા અભિધેયની (અર્થની) અક્રમથી ઉક્તિ (કથન-નિરૂપણ) કરવામાં આવે તો ક્રમરૂપે અભિધેયની સ્થિતિ નહીં રહેવાથી અભિધેયપણાએ અભિધેયની સ્થિતિ અસંભવિત છે. અર્થાત્ અભિધેયપણાએ અભિધેયનો અભાવ થઈ જાય!' આ પ્રમાણેના ઉપર્યુક્ત સુરગુરૂ શિષ્યોના મતનું નિરસન કરવા સારૂ કહે છે કે,

---

**૧ અપકૃષ્ટ-હીનગુણવાળાનું સ્થાન પાછળ અને એનાથી ઉત્કૃષ્ટ ગુણવાળાનું સ્થાન કે સ્થાપન આગળ આવા પૂર્વાનુપૂર્વીક્રમની જેમ અહીં નિરૂપણ છે. - (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) અવિરતિ (૫) દેશવિરતિ (૬) પ્રમત્ત (૭) અપ્રમત્ત (૮) નિવૃત્તિ (૯) અનિવૃત્તિ (૧૦) સૂક્ષ્મસંપરાય (૧૧) ઉપશાંત (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગકેવલી (૧૪) અયોગીકેવલી.**

'પુરૂષવરગંધહસ્તિભ્યઃ' અર્થાત્ 'ક્ષુદ્રગજ (સામાન્ય હાથી) ના નિરાકરણ આદિરૂપ ધર્મની સમાનતાથી ગજેન્દ્ર-ગંધહસ્તિ જેવા અરિહંત ભગવંતરૂપ પુરૂષોત્તમોને ભૂરિભૂરિ નમન હો.'

–ઉપમાન ઉપમેયગત સમાન ધર્મનો સમન્વય–

**यथा गन्धहस्तिनां गन्धेनैव तद्देशविहारिणः क्षुद्रशेषगजा भज्यन्ते, तद्वदेतेऽपि, परचक्रदुर्भिक्षमारिप्र [1]भृतयः सर्वएवोपद्रवगजा अचिन्त्यपुण्यानुभावतो भगवद्विहारपवनगन्धादेव भज्यन्त इति**

ભાવાર્થ-ગંધહસ્તિ એ એક પ્રકારનો ઉત્તમ હાથી છે જેના કુંભસ્થળમાંથી સુગંધીદાર મદ ટપકે છે. હજારો હાથીઓમાંથી આવો હાથી કોઈક જ મળી આવે છે. એ જ્યાં વિચરે છે, ત્યાં એના મદની તીવ્રવાસને લીધે એ ઓળખાઈ જાય છે અને એથી ક્ષુદ્ર-સામાન્ય હાથીઓ એના આગમન માત્રથી પલાયન-પોબારા ગણી જાય છે તેમ આ તીર્થંકરરૂપી પુરૂષોત્તમો પણ [1]વરગંધહસ્તિ જેવો છે. તેમજ પરચક્ર, દુકાળ, મારી-મરકી વિગેરે (અતિશયવૃષ્ટિ, વરસાદ ન થવો, ઉંદરોની વૃદ્ધિ, તીડોનું ફાટી નીકળવું, પોપટની બહુલતા, પોતાના જ રાજમંડલમાં બળવો, શત્રુસૈન્યની ચડાઈ વિગેરે) સર્વ-સઘળા ઉપદ્રવરૂપી ક્ષુદ્ર હાથીઓ, અચિન્ત્ય પુણ્યના પ્રભાવથી-ભગવંતના વિહારના પવનની ગંધમાત્રથી ભાગી જાય છે.

(અચિન્ત્ય પુણ્યાનુભાવજન્યભગવદ્વિહારપવનગંધમાત્રજન્યોપદ્રવરૂપ ગજભંગ અથવા અચિન્ત્યપુણ્યાનુભાવ કરણકભગવદ્વિહારગંધમાત્રજન્યોપદ્રવરૂપ ગજભંગ અચિન્ત્યપુણ્યાનુભાવાભિન્નભગવદ્વિહારગંધમાત્રજન્યોપદ્રવરૂપ ગજભંગ.)

–વાચ્ય વાચક ક્રમ નિયમની અખંડિતતાનું નિરૂપણ–

**न चैकानेकस्वभावत्वे वस्तुन एवमप्यभिधानक्रमाभावः, सर्वगुणानामन्योऽन्यसंवलितत्वात्, पूर्वानुपूर्व्याद्यभिधेयस्वभावत्वात्,**

---

**१ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા વીતરાગ સ્તોત્રમાં આ વિષયને ખૂબ ખૂબી ભરી રીતે ચમકાવે છે તે જરા જોઈએઃ-**

**साग्रेऽपि योजनशते पूर्वोत्पन्ना गदाम्बुदाः, यदज्ञसा विलीयन्ते त्वद्विहारनिलोर्मिभिः ॥ ४ ॥**
**नाविर्भवन्ति यद्भूमौ मूषकाः शलभाः शुकाः । क्षणेन क्षितिपक्षिप्ता, अनीतय इवेतयः ॥ ५ ॥**
**स्त्रीक्षेत्रद्रड·गादिभवो यद्वैराग्निः प्रशाम्यति । त्वत्कृपापुष्करावर्त्तवर्षादिव भुवस्तले ॥ ६ ॥**
**त्वत्प्रभावे भुवि भ्राम्यत्यशिवोच्छेददिण्डिमे । सम्भवन्ति न यत्राथ ! मारयो भुवनारयः ॥ ७ ॥**
**कामवर्षिणि लोकानां त्वयि विश्वैकवत्सले । अतिवृष्टिरवृष्टिर्वा भवेद्यत्नोपतापकृत् ॥ ८ ॥**
**स्वराष्ट्रपरराष्ट्रेभ्यो यत् क्षुद्रोपद्रवा द्रुतम् । विद्रवन्ति त्वत्प्रभावात् सिंहनादादिव द्विपाः ॥ ९ ॥**
**यत् क्षीयते च दुर्भिक्षं क्षितौ विहरति त्वयि । सर्वाद्भूतप्रभावाढ्ये, जङ्गमे कल्पपादपे ॥ १० ॥**

**(वि.तृ.प्र.)**

**અર્થઃ-આપના વિહારજનિત વાયરાની લહેરીઓ સવાસો (૧૨૫) જોજન (ચારકોશનો એક જોજન) માં પૂર્વે ઉત્પન્ન થયેલો રોગ જોત જોતામાં અલોપ-અદ્રશ્ય થઈ જાય છે. ૪. રાજાએ દૂર કરી દીધેલી અનીતિની જેમ ભૂમિ ઉપર ઉંદર-તીડ અને સૂડા એ ત્રણે ધાન્યને નુકશાન કરનારા ઉપદ્રવો, જ્યાં આપ વિચરો છો ત્યાં તત્કાળ દૂર થઈ જાય છે. ૫. આપની કૃપારૂપી પુષ્કરાવર્ત્તમેઘની વૃષ્ટિથી જ હોય, તેમ જ્યાં આપ ચરણ ધરો છો ત્યાં સ્ત્રીક્ષેત્ર કે નગર આદિકથી પેદા થયેલા વિરોધરૂપી તમામ અગ્નિ શમી જાય છે. ૬. ઉપદ્રવોનો ઉચ્છેદ કરવા ઢોલ વગાડવા જેવો આપનો પ્રભાવ**

**अन्यथा तथाभिधानाप्रवृत्तेः, नैवमभिधेयमपि तथाऽक्रमवदसदित्युक्त वदु, अक्रमवत्त्वासिद्धेः, क्रमाक्रमव्यवस्थाभ्युपगमाच्च, अन्यथा न वस्तुनिबन्धना शब्दप्रवृत्तिरिति स्तववैयर्थ्यमेव, ततश्चान्धकारनृत्तानुकारी प्रयास इति, पुरूषवरगन्धहस्तिन इति ९**

ભાવાર્થ-દ્રવ્યરૂપે એકરૂપ અને પર્યાયરૂપે અનેકરૂપ વસ્તુ હોવાથી અર્થાત્ એકાનેક સ્વભાવવાળી પદાર્થસ્થિતિ હોવાથી જ, અધિકગુણવાળી ઉપમાનો ઉપન્યાસ પહેલાં કરી પછીથી હીનગુણવાળી ઉપમાના ઉપન્યાસમાં (વાક્યપ્રયોગમાં) પણ વાચકરૂપ શબ્દના ક્રમનો વ્યત્યય-વિપર્યાસ કે ભંગ થતો નથી. કારણ કે; સ્વસ્વપદાર્થવૃત્તિ, સર્વ સ્વસ્વપર્યાયો-ગુણો સ્વસ્વપદાર્થમાં સંસર્ગરૂપેણ પરસ્પર ભેગા મળેલા છે. અર્થાત્ જીવગત તમામ સ્વગુણો-પર્યાયો જીવરૂપ એક આશ્રયમાં સંસર્ગરૂપે પરસ્પર ભેગા મળેલા છે. એટલે સ્વપદાર્થરૂપ અધિકરણમાં પરસ્પર સંસર્ગરૂપ સંબંધવાળા તમામ સ્વપર્યાયો છે. અને વળી તે સર્વ ગુણો-પર્યાયોનો સ્વભાવ, વ્યવહારનયે માનેલ પૂર્વાનુપૂર્વી-અનાનુપૂર્વીરૂપ ક્રમથી (ઢબપદ્ધતિ કે પ્રણાલિકાથી) અભિધેય નામક અર્થાત્ અભિધાનસંકેત, કથન કે શબ્દના વિષયભાવે-વિષયપણાએ પરિણમન પામનારો અભિધેયનામનો સ્વભાવ છે. જ્યારે સર્વ ગુણો-પર્યાયો પરસ્પર સંવલિત (સંબંધિત-અભિન્ન) છે. ત્યારે નિશ્ચિતક્રમાદિમાંથી-પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી-અનાનુપૂર્વીમાંથી કોઈ એક-પૂર્વાનુપૂર્વીરૂપ એક જ નિશ્ચયરૂપથી છે. એમ નહીં પરંતુ યથાયોગ્ય ત્રણેય ઘટી શકે છે. જો પૂર્વાનુપૂર્વી આદિત્રયીથી ગુણો-પર્યાયો વાચ્ય નથી એમ માનો તો અર્થાત્ પૂર્વાનુપૂર્વી આદિ અન્યતમથી ગુણોમાં અભિધેય નામક સ્વભાવનો અભાવ માનવામાં આવે તો પૂર્વાનુપૂર્વી આદિત્રયીના ક્રમથી અભિધાયક-વાચક-શબ્દોની પ્રવૃત્તિનો અભાવ થઈ જાય ! વાસ્તે પૂર્વાનુપૂર્વી આદિત્રયીરૂપ પ્રણાલિકા માનવાથી અભિધાનના ક્રમનો અભાવ થશે નહીં પરંતુ અભિધાન (વાચ્યવાચક) ક્રમ, બરોબર જળવાઈ રહેશે જ. કારણ કે; અભિધાન વ્યવહાર, (શબ્દપ્રયોગ) અભિધેયપણાએ પરિણતિની અપેક્ષા રાખનાર છે. જેવી જેવી અભિધેયપણાએ (અભિધાન, કથન કે શબ્દના વિષયપણાએ) અભિધેયની (ગુણપર્યાયરૂપ વાચ્ય-અર્થની) પરિણતિ, (પરિણમન-પરિણમવું) તેવી તેવી તદ્વાચક શબ્દની પ્રવૃત્તિ છે. એમ નિયમ છે.

જે વાદીએ પહેલાં અભિધાન (શબ્દક્રમ) ના ન્યાયથી અભિધેય (વાચ્ય-અર્થ) પણ અક્રમવાળો હોઈ અવસ્તુ-અસત્ છે. એમ ઉપન્યાસ કર્યો હતો તે પણ ઉપર કહેલ નીતિરીતિથી તપાસતાં બરોબર નથી. તથાહિ-પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી-અનાનુપૂર્વીરૂપ પ્રણાલિકારૂપ અભિધાન-ક્રમના વિષયભૂત, ક્રમવાળા અભિધેયની ક્રમ કે ઉત્ક્રમ વિગેરે રૂપ પ્રકારે અભિધાનને યોગ્ય સ્વભાવમાં પરિણતિ હોવાથી અભિધેયમાં સર્વથા ક્રમરહિતપણું

---

**પ્રતાપ, ભૂમિ પર પ્રસરતે છતે, દુષ્ટ વ્યંતર શાકિની પ્રમુખથી ઉત્પન્ન થતા મારી (પ્લેગ) વિગેરે જગત્ના કાલ જેવા રોગ ઉપદ્રવ પેદા થતા જ નથી. ૭. વિશ્વના એક વત્સલ આપ લોકોના મનોવાંછિતદાયક વિદ્યમાન હોતે, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ લોકોને સંતાપકારી થતી જ નથી. ૮. સ્વચક્ર અને પરચક્ર (સ્વરાજ્ય કે પરરાજ્ય) થી થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો સિંહનાદથી જેમ હાથીઓ નાશી જાય છે. તેમ આપના પ્રભાવથી તત્કાળ નાશી જાય છે. ૯. સર્વ કરતાં અદ્ભૂત પ્રભાવશાલી આપ જંગમ કલ્પવૃક્ષ પૃથ્વી પર વિચરતે છતે દુકાળ દૂર થઈ જાય છે. ૧૦.**

**૧. કુંજરને સૂંઢને સંસ્કૃત ભાષામાં હસ્ત કહે છે. તે હસ્તવાળો 'હસ્તી' કહેવાય છે. તેના ભદ્ર, મંદ્ર મૃગ આદિ ભેદો પ્રસિદ્ધ છે. તેમાં જે હાથીની ગંધમાત્રથી સામાન્ય હાથીઓ દૂર ભાગી જાય તે ગજેન્દ્ર 'ગંધહસ્તી' કહેવાય છે.**

અસિદ્ધ છે. અર્થાત્ અભિધેય જ ક્રમ-ઉત્ક્રમ આદિ પ્રકારે અભિધાન-કથન કે શબ્દ) ને યોગ્ય સ્વભાવમાં પરિણત થાય છે એટલે એકાંતે ક્રમરહિતપણાનો અભાવ છે. તથાચ અભિધેયની પરિણતિની અપેક્ષા રાખીને અભિધાન (કથન કે શબ્દ) દ્વારા ગુણોનો ક્રમ અને અક્રમ કહેલો છે.

–વસ્તુ સ્વભાવનું નિરૂપણ–

સ્યાદ્વાદીઓએ-અનેકાન્તવાદીઓએ ક્રમથી-અક્રમથી-કે ક્રમાક્રમ ઉભય સાધારણપણાથી હીન-અધિક આદિ ગુણોની (અભિધેયરૂપ પર્યાયોની) જીવ આદિરૂપ ગુણવાનોમાં વ્યવસ્થાનો (સ્વરૂપપ્રાપ્તિરૂપ વિશિષ્ટ અવસ્થાનો) સ્વીકાર કરેલો છે. અત એવ અભિધેય પણ અક્રમવાળો હોવાથી અસત્ નથી પરંતુ સત્ છે. (પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી-અનાનુપૂર્વી અન્યતમ વાચ્યવાચક ક્રમયુક્ત વસ્તુ સત્ છે.)

અર્થાત્-પુંડરીકરૂપ ઉપમાથી ઉપનીત (જાણેલ કે જણાવેલ, લક્ષિત, અર્પિત) અત્યંત અતિશાયી-સર્વશ્રેષ્ઠ ગુણરૂપ અભિધેયની સિદ્ધિ થયે છતે, ગંધગજ (ગંધહાથી) રૂપ ઉપમાદ્વારા વિહારગુણ (અભિધેય) નું અર્પણ, (બોધ-જાણવું કે જણાવવું) પરવાદીએ માનેલ હીનઆદિ ગુણના ક્રમની અપેક્ષાથી અક્રમવાળું પણ અસત્ નથી પરંતુ સત્ છે.

જો ગુણની ક્રમ અક્રમ વ્યવસ્થા અને ગુણોનો પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી-અનાનુપૂર્વીથી અભિધેયસ્વભાવ ન માનો તો, જેમાં વાચ્ય-અભિધેય ગુણ નિમિત્ત છે એવી પ્રસ્તુત ઉપમા (પુંડરીક ઉપમા) ના ઉપન્યાસરૂપ શબ્દ પ્રવૃત્તિ ન થાય ! કારણ કે હીન આદિ ક્રમથી જ ગુણોની ઉત્પત્તિનો નિયમ માન્યે છતે, અને પૂર્વાનુપૂર્વીથી જ (ન કે પશ્ચાનુપૂર્વી કે અનાનુપૂર્વીથી) ગુણોનો અભિધેય સ્વીકાર્યે છતે, પૂર્વાનુપૂર્વી રૂપ ક્રમ વિશિષ્ટ અભિધેય રૂપ ગુણ નિમિત્તવાળો શબ્દનો વ્યવહાર પ્રયોગપ્રણાલિકા કલ્પે છતે, 'પુરુષવરપુંડરીક' ઈતિ સૂત્રના કથન પછી 'પુરૂષવરગંધહસ્તિ' ઈતિ સૂત્રરૂપ શબ્દ પ્રવૃત્તિ કેવી રીતે યુક્તિયુક્ત થાય ? અર્થાત્ ન જ થાય. મતલબ કે વસ્તુનિબંધન (પૂર્વાનુપૂર્વી-પશ્ચાનુપૂર્વી-અનાનુપૂર્વી અન્યતમક્રમ-અક્રમ-ઉત્ક્રમ વિશિષ્ટ વાચ્ય ગુણના નિમિત્તવાળી) શબ્દ પ્રવૃત્તિનો અભાવ થઈ જાય ! વળી વસ્તુ નિબંધન શબ્દ પ્રવૃત્તિનો અભાવ થતાં (માનતાં) અધિકૃત સ્તવની (શક્રસ્તવ રૂપસ્તવની કે નમોત્થુણં સૂત્રગત પુરૂષવર પુંડરીક પુરૂષવર ગંધહસ્તિરૂપ ઉપમા ગર્ભિત સ્તુતિ પ્રતિપાદક વાક્યની) વ્યર્થતા-નિષ્ફળતા થાય ! કારણ કે; અસદ્ભૂત અર્થના કથન દ્વારા સ્તવ ધર્મને ઓળંઘી સ્તવરૂપ કાર્યનું કરવું થતું નથી.

એવંચ અંધારામાં કરેલ નાચના સરખો સ્તવરૂપ પ્રયાસ નિરર્થક જશે ને ? નહિ નહિ, નિરર્થક નહિ પરંતુ સાર્થક છે. જરા ઉંડા ઉતરીને વિચારો કે આ સ્તવરૂપ પ્રયાસ નિષ્ફળ નથી પરંતુ સફલ છે. કારણ કે; સફલ આરંભવાળા મહાપુરૂષોએ આ સ્તવની રચના કરેલ છે. આ સ્તવના પ્રણેતા (કર્તા-રચયિતા) ગણધર મહાપુરૂષો છે. તેથી જ પુંડરીકરૂપ ઉપમાથી ઉપમેય (સરખાવવા-ઘટાવવા-સાધવા યોગ્ય) કેવલજ્ઞાન આદિની સિદ્ધિ થયે છતે, ગંધગજ (ઉત્તમ ગંધ હાથી) રૂપ ઉપમાથી ઉપમેય વિહાર ગુણની સિદ્ધિ, અદુષ્ટ-નિરવદ્ય-યુક્તિ-યુક્ત-સત્ય સંગત જ છે.

–અરિહંત ભગવંતની સ્તુતિના અસાધારણ કારણને જણાવનાર-'પુરૂષોત્તમ આદિ ચાર પદવાળી અસાધારણરૂપ હેતુ સંપદાની વ્યાખ્યાનો-

-ઉપસંહાર-

**एवं पुरूषोत्तमसिंहपुण्डरीकगन्धहस्तिधर्म्मातिशययोगत एव एकान्तेनादिमध्यावसानेषु स्तोतव्यसम्पत्सिद्धिरिति स्तोतव्यसम्पद एवासाधारणरूपा हेतु [1]सम्पदिति ३ ।**

ભાવાર્થ-આ પ્રમાણે, અરિહંત ભગવંતરૂપ સ્તોતવ્ય મહાપુરૂષોમાં પુરૂષોત્તમ સિંહ-પુંડરીક-ગંધહસ્તિના વિશિષ્ટ ધર્મોનો યોગ-સંબંધ હોવાથી જ, એકાંતથી (અવ્યભિચારથી-અબાધિતરીતિએ-નિયમા-વ્યાપકપણાથી) આદિમાં (મોક્ષ અવસ્થાથી પહેલાંની સંસારરૂપ અવસ્થામાં) [2]અનાદિકાળથી સંસારમાં પરોપકાર આદિ ગુણો વડે પુરૂષોત્તમપણું પ્રાપ્ત હોઈ, આદિરૂપ અવસ્થામાં રહેલ અરિહંત ભગવંતના આત્માઓ સ્તોતવ્ય-સ્તુતિને યોગ્ય છે. (૧) મધ્યરૂપ અવસ્થામાં-વ્રતવિધિના વિષયમાં (શૌર્ય આદિ ગુણોવડે) સિંહ અને (ઉપદ્રવ ક્ષુદ્ર ગજ નિવારણ આદિ ગુણો વડે) ગંધ હાથીના ધર્મોને ભજનારા હોઈ સિંહ સમાન અને ગંધહસ્તિ સમાન પુરૂષોત્તમ-અરિહંત ભગવંતના આત્માઓ સ્તોતવ્ય છે. (૨) અવસાન-અન્તિમ અવસ્થામાં-(નિર્લેપતા આદિ ગુણો વડે તેરમા, ચૌદમા ગુણસ્થાનકરૂપ મોક્ષ અવસ્થામાં પુંડરીકના ધર્મોને ભજનારા હોઈ, વરપુંડરીક કમલ સમાન પુરૂષોત્તમ-અરિહંત ભગવંતના આત્માઓ સ્તુતિને યોગ્ય છે. આ પ્રમાણે ત્રણેય અવસ્થામાં સ્તોતવ્ય સંપદાની સિદ્ધિ સમજવી. એટલે ઉપર્યુક્ત ચાર પદવાળી, સ્તોતવ્ય સંપદાની જ અસાધારણ રૂપ આ હેતુ સંપદા[1] જાણવી. આ પ્રમાણે તૃતીય (ત્રીજી) સંપદાની વ્યાખ્યાની સમાપ્તિ થાય છે.

-'લોકોત્તમથી લોક પ્રદ્યોતકર' સુધીના પાંચ પદવાળી ચોથી '[2]ઉપયોગ સંપદા'નું વ્યાખ્યાન-

---

**१ एषा च स्तोतव्यसम्पद एवासाधारणगुणारूपा हेतुसम्पत्कथिता, पुरूषोत्तमानामेव सिंहपुण्डरीकगन्धहस्तिधर्मभाक्त्वेन स्तोतव्यतोपपत्तेः ॥**

**આ સંપદા, સ્તોતવ્ય સંપદાની જ અસાધારણ ગુણ રૂપ હેતુસંપદા કહેવાય છે. કારણ કે; પુરૂષોત્તમો જ સિંહપુંડરીક ગંધહસ્તિના ધર્મોને ભજનારા હોઈ સ્તોતવ્ય છે.**

**२ शक्ति-तिरोभाव-प्रच्छन्नभावની અપેક્ષાએ સમજવું.**

**१ અરિહંત ભગવંતને જ નમસ્કાર શા માટે કરવો તેનો-સ્તોતવ્ય સંપદા સંબંધી વિશેષ હેતુ દર્શાવનારી 'पुरिसुत्तमाणंથી पुरिसवरगंधहत्थीण' સુધીની ચાર પદવાળી ત્રીજી 'વિશેષ હેતુ' સંપદા, તે પણ પહેલી સંપદાના વિશેષ હેતુરૂપ છે. એમ પણ કોઈ સ્થાને કહેલ છે.**

**૨. હવે તેઓનું આદિકરપણું, તીર્થંકરપણું, સ્વયંસંબુદ્ધપણું કે પુરૂષોત્તમાદિપણું મુમુક્ષુઓને કઈ રીતિએ ઉપયોગી છે, તે જણાવવા માટે ઉપયોગ સંપદાને રજૂ કરવામાં આવી છે. જેઓ સ્વયં ઉત્તમ હોય તેઓ જ બીજાને ઉત્તમ બનાવી શકે છે, ઉત્તમ બનાવવાનો રાહ દર્શાવી શકે છે. એટલે પ્રથમ તેમનું સહજ તથાભવ્યત્વ આદિ ગુણો વડે લોકોત્તમપણું દર્શાવવામાં આવ્યું છે. આવા લોકોત્તમ અરિહંતો રાગ આદિ દોષોથી રક્ષણીય સમસ્ત પ્રાણીઓના યોગ અને ક્ષેમ કરવા વડે તેમના નાથ બને છે. સમ્યક્પ્રરૂપણા વડે વ્યવહાર રાશિમાં આવેલા સર્વજીવોનું હિત કરે છે, સકલસંજ્ઞી પ્રાણીઓના હૃદયમાંથી મોહનો ગાઢ અંધકાર દૂર કરીને તેમને સમ્યક્ત્વ પમાડે છે. અને વિશિષ્ટ ચૌદ પૂર્વધરો જેવા ઉત્તમ કોટીના શ્રુતધરોના પણ સૂક્ષ્મતમ સંદેહો દૂર કરી તથા તેમને વિશેષ બોધ પમાડી તેમનામાં જ્ઞાનનો પ્રદ્યોત કરે છે, એટલે જુદી જુદી કક્ષામાં રહેલા સકલ ભવ્યજીવોને તેઓ એક યા બીજા પ્રકારે ઉપયોગી થાય છે, અને તે જ એમની સ્તોતવ્યતાનું મૌલિક મૂલ છે.**

साम्प्रतं 'समुदायेष्वपि प्रवृत्ताः शब्दा अनेकधाऽवयवेष्वपि प्रवर्त्तन्ते, ' स्तवेष्वप्येवमेव वाचकप्रवृत्तिरिति न्यायसन्दर्शनार्थमाह- 'लोकोत्तमेभ्य इत्यादिसूत्रपञ्चकम्' इह यद्यपि लोकशब्देन तत्त्वतः पञ्चास्तिकाया उच्यन्ते, धर्म्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र ततूक्षेत्रम् । तैर्द्रव्यैःसह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥ १ ॥ इति वचनात् । तथाप्यत्र लोकध्वनिना सामान्येन भव्यसत्त्वलोक एव गृह्यते,

ભાવાર્થઃ– સાંપ્રતમાં (અધુના હમણાં વર્તમાનકાલે આ વખતે હાલ) 'સમુદાયોમાં પણ પ્રવર્તેલા શબ્દો (વ્યવહૃત બનેલાશબ્દો) અનેક પ્રકારના અવયવોમાં પણ પ્રવર્તે છે. અર્થાત્ સમુદાયવાચક શબ્દનો પણ સમુદાયાન્તર્ગત અવયવોમાં પણ વ્યવહારપ્રસિદ્ધ છે. જેમ કે, સપ્તર્ષિ શબ્દ સાત ઋષિઓના સમુદાયને બતાવનારો છે છતાંય એક સપ્તર્ષિ ઉગ્યો. બે સપ્તર્ષિ ઉગ્યા, ત્રણ સપ્તર્ષિ ઉગ્યા' આ પ્રમાણેના શબ્દોમાં. સાત ઋષિઓના સમુદાય પૈકી નાના પ્રકારના અવયવોમાં (એક દેશ -અંગ-ભાગમાં) પણ પ્રવર્તે છે. આ 'વ્યવહાર જગમશહૂર છે. તથાચ સરોવરનો એક ભાગ પણ જેમ સરોવર જ કહેવાય છે. તેમ (તાત્ત્વિક ગુણકથનપ્રસંગ હોઈ) સ્તવોમાં -સ્તોત્રોમાં પણ આ પ્રમાણે જ પૂર્વોક્ત પ્રકારે જ વાચક-શબ્દની પ્રવૃત્તિ થાય છે, એમ સમજવું. આ પ્રમાણેના ન્યાય (યુક્તિ) બતલાવવા સારુ કહે છે કે; 'લોકોત્તમ-લોકનાથ-લોકહિત-લોકપ્રદીપ-લોકપ્રદ્યોતકર એવા અરિહંત ભગવંતને નમસ્કાર હો'

તથાચ 'લોકોત્તમ' ઇત્યાદિ પાંચ સૂત્રોનું નિર્માણ ઉપર્યુક્ત ન્યાય દર્શાવવા સારૂ કરેલ છે, એમ જાણવું.

જો કે અહીં- 'લોકોત્તમેભ્યઃ' ઇતિસૂત્રઘટક લોકશબ્દથી તત્ત્વથી (વ્યુત્પત્તિ અને પરિભાષાવડે-તત્ત્વની અપેક્ષાએ) વસ્તુતઃ પાંચ અસ્તિકાયો કહેવાય છે. કારણ કે; 'જે ક્ષેત્રમાં આકાશમાં જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય-પુદ્ગલાસ્તિકાયરૂપ પાંચ અસ્તિકાયો રહેલા હોય, તે ક્ષેત્રને 'લોક' એવી સંજ્ઞા આપવામાં આવે છે- લોક કહેવાય છે. અને જે ક્ષેત્રમાં પાંચ અસ્તિકાયોની સત્તા નથી તે ક્ષેત્રને 'અલોક' તરીકે ઓળખાવાય છે.' આમ શાસ્ત્રીય વચન સાક્ષીરૂપે છે. તો પણ અહીં 'લોકોત્તમેભ્યઃ' એ પદઘટક લોકશબ્દથી, સામાન્યથી (ભવ્યત્વરૂપ સમાનતાએ સમસ્ત) અર્થાત પંચાસ્તિકાયરૂપ લોકના એક દેશભૂત સકલ ભવ્ય (મુક્તિ-યોગ્ય) પ્રાણિરૂપ લોકનું ગ્રહણ કરાય છે.

---

१ 'मरीचिप्रमुखाः सप्तर्षयश्चित्रशिखण्डिनः' अ.चि.द्वि.का. श्लो ३८

'मरीचिरत्र्यङ्गिरसौ पुलस्त्यः पुलहः क्रतुः । वसिष्ठश्च महातेजाः सप्तमः परिकीर्तितः' ॥

'बृहस्पतिः सुराचार्यो जीवश्चित्रशिखण्डिजः' अ.चि.द्वि.का. श्लो. ३२

'गीर्बृहत्योः पतिरूतथ्यानुजाऽऽङ्गिरसौ गुरूः' अ.चि.द्वि. का. श्लो. ३३

સપ્તર્ષિ પૈકી અંગિરસ્ નામના સપ્તર્ષિના પુત્રનો જેમ આંગિરસ તરીકે વચનવ્યવહાર થાય છે. તેમ "ચિત્રશિખંડિજ" સપ્તર્ષિનંદન તરીકે વચનવ્યવહાર થાય છે. કારણ કે; સમુદાયમાં પ્રવૃત્ત શબ્દનો વ્યવહાર, અવયવભૂત એક દેશમાં પણ થાય છે. એ નિયમ અહીં બરોબર ઘટે છે.

– અહીં લોકશબ્દથી 'ભવ્ય પ્રાણિલોક' શા માટે લેવાય છે. તેના મુદ્દાની ન્યાયસરની રજુઆત–

सजातीयोत्कर्ष एवोत्तमत्वोपपत्तेः, अन्यथा प्रसङ्गोऽभव्यापेक्षया सर्वभव्यानामेवोत्तमत्वात्, एवं च नैषामतिशय उक्तः स्यादिति परिभावनीयोऽयं न्यायः

ભાવાર્થઃ– અહીં લોકશબ્દથી 'ભવ્ય પ્રાણિલોક' લેવાનું કારણ એ છે કે; સજાતીય (એક સરખી જાતિના) ઉત્કર્ષમાં જ ઉત્તમત્વ બરોબર ઘટી શકે છે.

જો સજાતીય (સરખી જાતિના) ઉત્કર્ષમાં ઉત્તમત્વ ન માનીએ અને વિજાતીય (ભિન્નજાતિના) ઉત્કર્ષમાં ઉત્તમત્વ માનીએ તો, વિજાતીય (ભવ્યત્વભિન્ન અભવ્યત્વ જાતિસંપન્ન) અભવ્યની અપેક્ષાએ સકલ ભવ્યોમાં ઉત્તમત્વની પ્રાપ્તિ રૂપ અતિપ્રસંગ-અતિવ્યાપ્તિ આવે! એવંચ અભવ્યની અપેક્ષાએ સકલભવ્યોમાં ઉત્તમત્વ છે જ તેથી ભગવંતનો અતિશય (ઉત્તમતા-ઉત્કર્ષ-ગૌરવ-મહત્ત્વ-વિશિષ્ટતા) સાબીત થાય નહીં. સજાતીય-ઉત્કર્ષમાં જ ઉત્તમત્વ ઘટમાન થાય છે. ન્યાયને ખૂબ વિચારો! તેનું પ્રૌઢ પરિશીલન કે મહત્ત્વપૂર્ણ મનન કરો!

– સજાતીય ઉત્તમતાના હેતુનું નિરૂપણ –

ततश्च भव्यसत्त्वलोकस्य सकलकल्याणैकनिबन्धनतथाभव्यत्व भावेनोत्तमाः,

ભાવાર્થ– વળી તેથી જ સજાતીય ઉત્કર્ષમાં જ ઉત્તમત્વ ઘટમાન થાય છે. આ ન્યાયની સંગતિથી જ, સકલ કલ્યાણના અસાધારણ-અનન્ય કારણભૂત (તીર્થકરત્વ આદિના કારણરૂપ) અત એવ વિશિષ્ટ-કોટીના તથા ભવ્યત્વના ભાવથી-સત્તાથી જ સકલ ભવ્યજીવ-સમાજમાં અરિહંત ભગવંતો ઉત્તમ છે ઉત્કૃષ્ટ છે ગુરૂ-મહાન- વિશિષ્ટ-શ્રેષ્ઠ છે અતિશાયી-ચડીયાતા છે.

– ભવ્યત્વનો તેમ જ તથા ભવ્યત્વનો સુચારૂ પરિષ્કાર–

भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वम्, [1]अनादिपारिणामिको भावः, तथाभव्यत्वमिति च विचित्रमेतत्, कालादिभेदेनात्मनां बीजादिसिद्धिभावात्, सर्वथा योग्यताऽभेदे तदभवात्, तत्सहकारिणामपि तुल्यत्वप्राप्तेः, अन्यथा योग्यताऽभेदायोगात्, तदुपनिपाताक्षेपस्यापि तन्निबन्धनत्वात्, निश्चयनयमतमेतदतिसूक्ष्म-बुद्धिगम्यमिति लोकोत्तमाः १० ।

ભાવાર્થ– ભવ્યત્વ નામનો જીવપર્યાય એટલે સકલકર્મક્ષયરૂપ જીવ અવસ્થારૂપ સિદ્ધિમાં ગમન (સિદ્ધિભાવે પરિણમવારૂપગમન)ની યોગ્યતા (સામગ્રીના સદ્ભાવમાં સ્વસાધ્યની સાથે જે જોડાશે તે યોગ્ય કહેવાય તેનો ભાવપણું તે યોગ્યતા સમજીવી) રૂપ જે ભવ્યત્વ તે અનાદિપારિણામિકજીવ-સ્વભાવવિશેષરૂપ કહેવાય છે. (અનાદિ-આદિવગરના કાળથી સર્વાત્મના-સકલઆત્મપ્રદેશોની સાથે વ્યાપીને રહેલો જીવ-સ્વભાવ તે અનાદિપારિણામિકભાવ અહીં સમજવો.

---

१ जीवादीनां स्वरूपानुभवं प्रति प्रहवीभावरूपत्वं पारिणामिकस्य लक्षणम् ॥

અર્થાત્ જીવાદિ પદાર્થોના સ્વરૂપનો અનુભવ કરાવવામાં જે ભાવ અભિમુખ હોય તેને "પારિણામિક" ભાવ જાણવો.

'परिणमनं-तेन तेन रूपेण वस्तूनां भवनं परिणामः, स एव तेन वा निर्वृत्तः पारिणामिकः'

આ પ્રમાણે સામાન્યથી ભવ્યત્વનો પરિષ્કાર કરી તે જ ભવ્યત્વ, વિશિષ્ટ થતું તથાભવ્યત્વ બને છે. તેનો અર્થાત્ વિશિષ્ટભવ્યત્વરૂપ તથાભવ્યત્વનો પરિષ્કાર કરે છે કે; તથાભવ્યત્વ એટલે તથા - તે અનિયત પ્રકારની અર્થાત્ તે તે અનિયત-નાના પ્રકારના વિશિષ્ટ સિદ્ધિગમનયોગ્યત્વરૂપ ભવ્યત્વ 'તથાભવ્યત્વ' સમજવું.

તથાચ આ તથાભવ્યત્વ, વિચિત્ર છે. -નાનાભેદ-રૂપવાળું અર્થાત્ આજ ભવ્યત્વ, નાનારૂપ-અનેકભેદ-પ્રકારવાળું થતું તથાભવ્યત્વ કહેવાય છે. કારણ કે; સહકારિ (સાથે રહી કાર્ય કરનાર) કાલ, ક્ષેત્ર, ગુરૂ વિગેરે રૂપ દ્રવ્ય (નિમિત્ત-કારણ)ની વિચિત્રતાથી-અનેકભેદથી, જીવોને ધર્મપ્રશંસા આદિરૂપ બીજની તથા આદિશબ્દથી ધર્મચિંતન-ધર્મશ્રવણાદિની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે.

તથાચ તથાભવ્યત્વાદિનો, દરેક જીવદીઠ ભેદ હોવાથી 'કોઇ જીવ અમુક વખતે અને કોઇ ભવ્યજીવ અમુક વખતે સિદ્ધ થાય એવો ભેદ કેમ હોય ?' આવી શંકાને અવકાશ નથી રહેતો. કારણ કે, તથાભવ્યત્વાદિક, જુદેજુદે કાળે જુદુજુદુ ફળ આપનાર હોઇ વિચિત્ર-નાના પ્રકારનું છે. જો સર્વથા-એકાંતથી, યોગ્યતાને એક આકારવાળી-એકરૂપ-અભિન્ન માનવામાં આવે તો, કાલવિગેરેના ભેદથી બીજ વિગેરેની સિદ્ધિપ્રાપ્તિનો અભાવ થઇ જાય!

વળી કાર્યના ભેદમાં કારણનો ભેદ કારણ છે, એટલે કારણના ભેદપૂર્વક જ કાર્યનો ભેદ થાય છે. એ ન્યાયનો અહીં બરાબર પરામર્શ કરવો.

શંકા-સર્વ ભવ્યજીવોમાં પારિણામિક હેતુરૂપ ભવ્યત્વ, અભિન્નરૂપ-એકસરખું છે, પણ સહકારી કારણોના ભેદથી ફળમાં ભેદ દેખાય છે. એમ માનવામાં શો વાંધો? શો દોષ આવે?

સમાધાન-તથાભવ્યત્વાદિક, જો વિચિત્ર-નાના પ્રકારનું ન હોય તો સહકારીનો ભેદ હોઇ શકે નહીં. એટલે કે તથાભવ્યત્વાદિક, જુદા જુદા પ્રકારનું છે. તેથી જ સહકારી કારણો પણ જુદાં જુદાં જુદે જુદે વખતે મળી શકે છે. કેમ કે સહકારીના ભેદને તથાભવ્યત્વાદિક ભેદની અપેક્ષા છે. અર્થાત્ ભવ્યત્વાદિકનો તેવો સ્વભાવ ન હોય તો સહકારીની તેવી પ્રવૃત્તિ ન હોય. આનું નામ જ અનેકાંતવાદ (સ્યાદ્વાદ) છે અને તે જ તાત્ત્વિક છે. તે અનેકાંતવાદ, તથાભવ્યત્વાદિક જુદા જુદા માનવાથી ઘટે છે. અન્યથા એટલે સર્વથા ભવ્યત્વાદિક તુલ્યતા માનીએ તો તે એકાંતવાદ કહેવાય. આ એકાંતવાદ માનવાથી કાંઇ પણ વ્યવસ્થા થઇ શકે નહીં. કેમ કે; તથાભવ્યત્વાદિકનો ભેદ ન માનવાથી સહકારીનો પણ ભેદ થઇ શકે નહીં. એવંચ ભવ્યત્વના સહકારી (અતિશય કરનાર) વિશિષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર વિગેરે પણ તુલ્ય-એકસરખા થઇ જાય! (અપિ શબ્દથી ફક્ત ભવ્યત્વજ એક સરખું થાય એમ નહીં પણ સહકારી દ્રવ્ય આદિ પણ એકસરખા થાય એ અર્થ સમજવો) જો સહકારી દ્રવ્ય ક્ષેત્ર વિગેરે પણ એકસરખાં ન માનો તો ભવ્યત્વ એકરૂપ-એકસરખું ઘટી શકે નહીં, વાસ્તે ભવ્યત્વને એકસરખું માનવામાં સહકારી દ્રવ્ય ક્ષેત્ર વિગેરેને એકસરખા માનવા પડશે જ ને? મતલબ કે; યોગ્યતાના ભવ્યત્વના અભેદમાં અર્થાત્ જો ભવ્યત્વ, વિચિત્ર-વિશિષ્ટ પ્રકારનું ન માનવામાં આવે તો એકી સાથે એક સમયમાં, તેના સહકારી દ્રવ્યક્ષેત્ર વિગેરેના નિયમા-

એકાંતે અભેદની પ્રાપ્તિ થઈ જાય! અને તેથી તમામ ભવ્યોની એકીસાથે મુક્તિનો પ્રસંગ થાય! માટે જ નિશ્ચયનયનો-પરમાર્થનયનો અભિપ્રાય એવો છે કે 'ભવ્યત્વ, વિચિત્ર=નાના પ્રકાર-રૂપનું છે' સારાંશ કે; ભવ્યત્વભેદથી સહકારી દ્રવ્યાદિનો ભેદ, અને સહકારી દ્રવ્યાદિના ભેદથી એકીસાથે તમામ ભવ્યોની મુક્તિનો પ્રસંગ નહીં આવે વિગેરે નિશ્ચિત થાય છે.

(વ્યવહારનયના અભિપ્રાયે તો ભવ્યત્વની તુલ્યતા થાય પણ ખરી. કારણ કે; સાદૃશ્યમાત્રનો આશ્રય કરીને જ, વ્યવહારનય પ્રવૃત્તિ કરે છે.)

સારાંશ કે; લોકોત્તમ એટલે લોકને વિષે ઉત્તમ. અહીં લોકશબ્દથી ભવ્ય પ્રાણીરૂપ લોક લેવાનો છે. અન્યથા અભવ્યની અપેક્ષાએ સર્વ ભવ્યો ઉત્તમ જ છે. તેથી ભગવાનની કાંઇ ઉત્તમતા સાબીત થાય નહીં, સકલ કલ્યાણના એક કારણભૂત તથાભવ્યત્વભાવને ધારણ કરનારા હોવાથી ભગવાન સર્વ ભવ્ય-લોકને વિષે ઉત્તમ છે. ઇતિ-આ પ્રમાણે 'લોકોત્તમ' પદની વ્યાખ્યાની સમાપ્તિ જાણવી.

– શક્રસ્તવના ૧૧ મા પદરૂપ 'લોકનાથ' એ પદનું વ્યાખ્યાન –

तथा 'लोकनाथेभ्यः' इति, इह तु लोकशब्देन तथेतरभेदाद्विशिष्ट एव तथा रागाद्युपद्रवरक्षणीयतया बीजाधानादिसंविभक्तो भव्यलोकः परिगृह्यते,

ભાવાર્થઃ– તથા પૂર્વોક્ત પ્રકારની એટલે (સમુદાયમાં પ્રવર્તેલ શબ્દો અવયવોમાં પ્રવર્તે છે.' એ ન્યાય દર્શાવવા કહે છે કે 'લોકનથા એવા અરિહંત ભગવંતને સવિનય વંદન હો'

અહીં– 'લોકનાથ' એ પદ ઘટક લોકશબ્દથી, ભવ્યતાનો પરીપાક નહીં થયેલો હોવાથી બીજાધાનાદિના અવિષયભૂત ભવ્યત્વ પ્રકાર યુક્ત સકલ ભવ્યરૂપ ઇતરભેદ (અપર પ્રકાર)થી વિશિષ્ટ-પૃથગ્-વિશિષ્ટ કક્ષાવાળો જ, તે તે પ્રકારે રાગાદિરૂપ કે રાગાદિજન્ય ઉપદ્રવથી રક્ષણીય હોઇ, ભગવત્-પ્રસાદિલભ્ય બીજાધાનાદિસંવિભક્ત-સંપન્ન ('ધર્મબીજ વપન- ધર્મચિંતન-ધર્મ શ્રવણ વિગેરેના વિષયભૂત- બીજાધાનાદિની યોગ્યતા વિશિષ્ટ) ભવ્યલોક ગ્રહણ કરાય છે. કારણ કે; બીજાધાનાદિ (બીજવપન વિગેરે રૂપક્રિયા)ના અવિષયભૂત-ભવ્યસમાજમાં ભગવંતોનું નાથપણું ઘટી શકતું નથી. પરંતુ બીજાધાનાદિના વિષયભૂત-વિશિષ્ટ ભવ્યસમાજનાં ભગવંતોનું

---

૧ बीजं चेह जनान् दृष्ट्वा शुद्धानुष्ठानकारिणः । बहुमानप्रशंसाभ्यां चिकीर्षा शुद्धगोचरा ॥ ७७ ॥

અર્થઃ-આ જિનશાસનને વિષે શુદ્ધ અનુષ્ઠાન કરનારા મનુષ્યોને જોઈ તેના બહુમાન-આભ્યંતરપ્રાપ્તિ, અને પ્રશંસા-શુદ્ધ ક્રિયાની સ્તુતિવડે શુદ્ધ વિષયવાળી, ક્રિયા કરવાની જે ઈચ્છા ઉત્પન્ન થાય છે તે જ બીજરૂપ છે, એટલે ધર્મરૂપી વૃક્ષનું બીજારોપણ કરવામાં કારણભૂત છે. એ સત્યપ્રશંસારૂપ બીજ કહ્યું. અર્થાત્ ધર્મને વિષે' રહેતા સત્પુરૂષોની પ્રશંસા વિગેરે કરવી તે ધર્મરૂપી બીજનું વાવવું છે. અને પછી તે ધર્મનું ચિંતવન વિગેરે કરવું તે અંકુરાદિક છે, અને તેથી થયેલી મુક્તિ, એ ફલની સિદ્ધિ છે. તથાચ ધર્મનું ચિંતન એ અંકુર છે, સત્ શાસ્ત્રનું શ્રવણ એ કાંડરૂપ છે, શાસ્ત્રમાં કહેલ વિધિપૂર્વક ક્રિયા કરવી એ નાળ છે. અને તેથી દેવ તથા મનુષ્યની સંપદાઓ પ્રાપ્ત થાય એ તેના પુષ્પ સમાન છે, મોક્ષ એ ફલ છે.

નાથપણું ઘટી શકે છે. વળી 'યોગક્ષેમકૃન્નાથઃ' આ સૂત્ર-ન્યાયના અનુસારે બીજાધાન, બીજોદ્‌ભેદ, તથા બીજ પોષણાદિ વડે યોગ અને ઉપદ્રવોથી રક્ષણ કરવા વડે ભગવાન ક્ષેમ કરનારા છે. તથાચ બીજ એટલે સમ્યક્ત્વ, સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપયોગ અને તેના રક્ષણરૂપ ક્ષેમ, સકલ ભવ્યપ્રાણી વિષયક, કોઇ ભગવાનને પણ હોતો નથી. જો હોય તો સર્વની મુક્તિ થઇ જવાનો પ્રસંગ આવે, જે આત્માનું ભવ્યત્વ પાક્યું હોય, તે આત્માના જ પ્રત્યે શ્રી જિનેશ્વર દેવો બીજાધાનાદિ વડે ઉપકાર કરે છે. પરંતુ બીજાઓના પ્રત્યે નહીં. વિગેરે વિષયનું સવિસ્તર સ્પષ્ટીકરણ કરતા શાસ્ત્રકાર કહે છે કે;–

અનીદૃશિ નાથત્વાનુપપત્તેઃ, 'યોગક્ષેમકૃદયમિતિ વિદ્વત્પ્રવાદઃ, ન તદુભયત્યાગાદ્ આશ્રયણીયોઽપિ પરમાર્થેન તલ્લક્ષણાયોગાત્,

ભાવાર્થ– અહીં લોકશબ્દથી બીજાધાનાદિ સંવિભક્તરૂપ વિશિષ્ટ ભવ્યલોકના ગ્રહણનું બીજ એ છે કે; જે ધર્મબીજવપન આદિક્રિયાના યોગ્ય-વિષયભૂત ભવ્યલોક ન હોય તેમાં ભગવંતોનું નાથત્વ ઘટી શકતું નથી. નાથ તેને જ કહેવામાં આવે છે કે; જે યોગ અને ક્ષેમ એમ બંનેને કરનાર હોય. આ વિષયમાં આવો વિદ્વાનોનો પ્રવાદ (ઉદ્‌ઘોષણા કે જાહેરાત) છે.

શંકા-યોગ અને ક્ષેમ એ બંનેને સર્વથા છોડવાથી કે બેમાંથી એકનો આશ્રય કરવાથી નાથ કહેવાય કે નહીં?

સમાધાન- યોગ અને ક્ષેમનો સર્વથા ત્યાગ કરવાથી કે બેમાંથી એકનો આશ્રય કરવાથી, ગ્રાહ્ય=યોગ ક્ષેમની યાચના કરનાર-યોગ ક્ષેમ ગ્રહણ યોગ્ય અર્થાત્ જેને આશ્રી યોગક્ષેમ પ્રવર્તે છે, તે પણ નાથ ગણાવો જોઇએ! પરંતુ તે નાથરક્ષણ ગણાતો નથી. પણ રક્ષણીય છે. કારણ કે; તેમાં નિશ્ચય પ્રવૃત્તિથી-સર્વથા નાથના લક્ષણનો અભાવ છે. (અથવા ગોશાલા આદિની માફક જે નાથ નથી છતાં પોતાની જાતને નાથ તરીકે કહે છે કે યોગક્ષેમ કરનાર નહીં હોવાથી પરમાર્થથી નાથ નથી.) અર્થાત્ જે યોગક્ષેમ ઉભયને કરે તે જ નાથ કહેવાય છે. એમ નાથનું લક્ષણ જાણવું.

ઇત્થમપિ તદભ્યુપગમેઽતિપ્રસઙ્ગાત્, મહત્ત્વમાત્રસ્યેહાપ્રયોજકત્વાત્, વિશિષ્ટોપકારકૃત એવ તત્ત્વતો નાથત્વાત્, ઔપચારિક-વાગ્વૃત્તેશ્ચ પારમાર્થિકસ્તવત્વાસિદ્ધિઃ,

ભાવાર્થ- જો જેમાં નાથનું લક્ષણ ન હોય અને તેમાં નાથપણું માનવામાં આવે તો અકિંચિત્કર (કાંઇ પણ કરી શકે નહીં એવા) ભીંત વિગેરે પદાર્થોમાં પણ નાથપણાની પ્રાપ્તિરૂપ અતિપ્રસંગ-અતિવ્યાપ્તિ આવે! વાસ્તે પૂર્વપ્રતિપાદિત, નાથનું લક્ષણ જેમાં ઘટે તે જ નાથ કહેવાય.

શંકા– ગુણો અને ઐશ્વર્ય (સત્તા સાહ્યબી-વિભૂતિ-પ્રભુતા)થી જે મોટો ગણાય છે તેને નાથ કહીશું તો તમોએ આપેલો અતિપ્રસંગરૂપ દોષ નહીં આવે; હવે કાંઇ વાંધો છે?

સમાધાન– યોગક્ષેમ ઉભયરહિત કેવલ મહત્ત્વ (મોટાઇ) જ નાથપણાની સાબીતી કે સિદ્ધિમાં હેતુ-

---

૧ વેદાન્તિનસ્તુ અલભ્યલાભસહિતં લબ્ધપરિરક્ષણં યોગક્ષેમઃ, યથા 'અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે । તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥ ગીતા૦ અ૦ ૯ શ્લો૦ ૨૨) ઇત્યાદૌ ઇત્યાહુઃ ! અત્રાર્થે યોગશ્ચ ક્ષેમં ચ ઇતિ સમાહારદ્વન્દ્વો જ્ઞેયઃ ।

પ્રયોજક કે નિયામક નથી. અત એવ ગુણસંપન્નો કે વિભૂતિસંપન્નો-મોટાઓ 'નાથ' કહેવાતા નથી. પરંતુ યોગક્ષેમરૂપ વિશિષ્ટ ઉપકારના કરનારમાં જ નાથપણું તત્ત્વથી-વસ્તુતઃ ઘટતું હોઈ યોગક્ષેમરૂપ વિશિષ્ટ ઉપકાર કરનારાઓ જ નાથ કહેવાય. બીજાઓ નહીં.

શંકા- તમારું કહેવું ઠીક છે. પણ ઉપચારથી-આરોપ કરીને જે ગુણોથી કે વિભૂતિથી મહાન-મોટો છે તેને નાથ કહીએ તો શો વાંધો?

સમાધાન– તમો ખરા જબરા લાગો છો હોં! કે જેમ તેમ કરીને જે વસ્તુતઃ નાથ નથી તેમાં નાથપણાનો પગદંડો જમાવવા માગો છો! પરંતુ યાદ રાખો કે; ઔપચારિક વચન વ્યાપારરૂપ વાગ્વૃત્તિથી (વસ્તુતઃ નાથ નથી તેમાં મહત્ત્વના સાધર્મ્યથી નાથત્વ ધર્મનો આરોપ કરી અનાથ-મહાનોની સ્તુતિરૂપ વચન વ્યાપારરૂપ ઔપચારિક વાગ્વૃત્તિથી) પારમાર્થિક-સત્યાર્થ- તત્ત્વાર્થરૂપ સ્તવ-સ્તુતિનો અભાવ થઈ જાય! કે જે અનિષ્ટરૂપ છે. વાસ્તે બીજવપનાદિરૂપ ક્રિયાના અવિષયભૂત ભવ્યોમાં ભગવંતોનું નાથપણું-યોગક્ષેમકર્તૃત્વ નથી. પરંતુ બીજવપનાદિસંવિભક્ત-વિષયભૂત- વિશિષ્ટ ભવ્ય લોકમાં ભગવંતોનું અવશ્ય નાથપણું-યોગક્ષેમકર્તૃત્વ ઘટે છે એમ ઘટના સમજવી.

–વિવક્ષિત ભવ્યોના જ પ્રત્યે ભગવત્ કૃત્ યોગક્ષેમરૂપ ઉપકારનો સમન્વય–

तदिह येषामेव बीजाधानोद्भेदपोषणैर्योगः, क्षेमं च तत्तदुपद्रवाद्यभावेन, त एवेह भव्याःपरिगृह्यन्ते,

ભાવાર્થ– પૂર્વપ્રતિપાદિત કારણસર, અહીં-'લોકનાથ' રૂપ સૂત્રઘટક લોકશબ્દથી, આગળ પર કહેવાતી બીજવપનાદિ જે ક્રિયા તે ક્રિયાના વિષયભૂત- જે ભવ્યોના જ પ્રત્યે ધર્મ પ્રશંસા વિગેરે રૂપ ધર્મ બીજના વપનરૂપ ક્રિયાદ્વારા, ધર્મચિંતન આદિ રૂપ અંકુર કરવારૂપ ઉદ્ભેદ વડે, ધર્મશાસ્ત્ર શ્રવણરૂપ સત્શ્રવણરૂપ ડાળ, તથા ધર્માનુષ્ઠાનરૂપ નાલ,અને દેવતા મનુષ્યની સંપત્તિ વગેરેરૂપ ફુલ, તથા મોક્ષરૂપ ફલ આદિના સંપાદનરૂપ પોષણ દ્વારા, યોગરૂપ ઉપકાર, (જે નથી મળેલ તે બીજાધાનાદિની પ્રાપ્તિરૂપ યોગરૂપ ઉપકાર) તે તે ઉપદ્રવોનો વિધવિધ-નાના પ્રકારના નરક વિગેરે દુઃખોરૂપ અને આદિ શબ્દથી તે તે દુઃખોના કારણભૂત રાગ આદિરૂપ ઉપદ્રવોનો અભાવ-અત્યંત ઉચ્છેદ-ધ્વંસ કરવા દ્વારા ક્ષેમરૂપ ઉપકાર (લબ્ધ-પ્રાપ્ત કરેલ બીજાંકુરાદિનું પાલન-રક્ષણ રૂપક્ષેમ રૂપ ઉપકાર) થાય છે. તેઓ જ વિવક્ષિત-ભવ્યો જ લેવા. બીજાઓ લેવા નહીં.

શંકા– અચિંત્ય શક્તિસંપન્નો ભગવંતો તમામ ભવ્યોને તારવાના સામર્થ્યવાળાઓ છે. એમ મ્હારું માનવું છે. તો બીજાધાનાદિસંવિભક્ત-વિશિષ્ટ ભવ્યસમાજમાં ભગવંતોનું નાથત્વ-યોગક્ષેમકર્તૃત્વ છે. બીજા ભવ્યોમાં નહીં. આવો ભેદ વિશેષ કેમ?

– ઉપર્યુક્ત શંકાના સમાધાનપૂર્વક 'લોકનાથ' એ પદની વ્યાખ્યાનો ઉપસંહાર–

नचैते कस्यचित्सकलभव्यविषये, ततस्तत्प्राप्त्या सर्वेषामेव मुक्ति प्रसङ्गात्, तुल्यगुणा ह्येते प्रायेण, ततश्च विरतरकालातीतादन्यतरस्माद्भगवतो बीजाधानादिसिद्धेरल्पेनैव कालेन सकलभव्यमुक्तिः स्यात्, बीजाधानमपि ह्यपुनर्बन्धकस्य नचास्यापि, पुद्गलपरावर्त्तः संसार इति कृत्वा, तदेवं लोकनाथाः ॥ ११ ॥

ભાવાર્થ– (સમાધાન) કોઇપણ તીર્થંકરના યોગ અને ક્ષેમ, એ બન્ને સકલ-તમામ ભવ્યોને વિષય કરીને -આશ્રીને પ્રવર્ત્તતા નથી. પરંતુ ઉપર કહેલ વિશિષ્ટ ભવ્યોને અપેક્ષીને યોગક્ષેમ ઉભય પ્રવર્ત્તે છે.

જો કોઇ એક વિશિષ્ટ-વિવક્ષિત તીર્થંકરરૂપ વ્યક્તિનો યોગક્ષેમ ઉભય, સકલ ભવ્યોને વિષય કરીને પ્રવર્ત્તે છે. એમ માનો તો, સઘળા ભવ્યોમાં યોગક્ષેમની પ્રાપ્તિ હોઈ સકલ ભવ્યોની મુક્તિનો પ્રસંગ આવી જાય ! મોક્ષની પ્રાપ્તિ, યોગક્ષેમ સાધ્ય છે.

–આ વિષયની ચાલુ પ્રૌઢ મીમાંસા –

આ તીર્થંકરો પ્રાયે -બહુધા-મોટેભોગે (શરીરની ઊંચાઇ, જીવિતસ્થિતિ-કાલમર્યાદા વગેરેની અપેક્ષાએ જુદા પણ-એક સરખા ન પણ હોય એટલે પ્રાયઃ શબ્દ મૂકેલ છે.) તુલ્ય ગુણવાળાઓ એક સરખી જ્ઞાન આદિ શક્તિશાલીઓ હોય છે.

તેથી જ તીર્થંકરો એક સરખા ગુણવંતો હોવાથી જ, ચિરતરકાલાતીત-પુદ્ગલપરાવર્ત્તરૂપ પર-દૂર કાળમાં થયેલા, ભરત વિગેરે (પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ વિગેરે) રૂપ પંદર કર્મભૂમિમાંથી કોઇ એક ભૂમિમાં થનારા; તીર્થંકરની બીજાધાનાદિની (ઉપર કહેલ ધર્મબીજ વપન, અંકુર કરણરૂપ ઉદ્ભેદ, સત્ શ્રુતિ આદિ પોષણાદિની) સિદ્ધિ થવાથી થોડા કાળમાં પુદ્ગલપરાવર્ત્ત મધ્યગત કાળમાં જ તમામ ભવ્યો સિદ્ધ થઇ જાય!

(પુદ્ગુલ પરાવર્ત્તરૂપ સંસાર કાળ દરમ્યાન સકલભવ્યોની મુક્તિનો પ્રસંગ એવી રીતે આવે છે કે; પુદ્ગલપરાવર્ત્તકાળ દરમ્યાન પ્રથમ તીર્થંકરથી માંડી અંતિમ તીર્થંકરદ્વારા અર્થાત્ પ્રથમ થયેલ કે પછી થનાર તીર્થંકરથી -ગમે તે તીર્થંકરથી સકલભવ્યવ્યાપક બીજાધાનાદિ વિષયકયોગ ક્ષેમ થવાથી પુદ્ગલપરાવર્ત દરમ્યાન સકલભવ્યોની મુક્તિ થઇ જાય (એ રૂપ અનિષ્ટ-સકલભવ્યમુક્તિપ્રસંગ આવે છે.)

શંકા– અનાદિકાલથી પણ બીજાધાનાદિની કલ્પના કરીએ તો કેવી રીતે થોડા કાળમાં સકલભવ્યોની મુક્તિનો પ્રસંગ આવે?

સમાધાન– તમારી કલ્પના કેવલ કલ્પના માત્રજ છે. કારણ કે; વસ્તુત એવી છે કે; જે તીવ્ર પરિણામવડે પાપકર્મ નથી બાંધતો' 'વિગેરે- લક્ષણવાળા, ચરમ પુદ્ગલપરાવર્ત્તાન્તઃ સંસાર કાલવર્તી અપુનર્બંધકનેજ (માર્ગાનુસારીને જ) ધર્મપ્રશંસા આદિરૂપ બીજાધાન પણ હોય છે. ('સમકીત આદિની વાત તો દૂર હો પણ' એ અપિ શબ્દનો અર્થ સમજવો.) વળી આ અપુનર્બંધકનો પણ ('સમ્યગ્દ્રષ્ટિ-સમકીતી વિગેરેની વાત તો દૂર રહો પણ' એ અપિ શબ્દનો અર્થ સમજવો.)સમયસિદ્ધ (શાસ્ત્રમાં પ્રસિદ્ધ-પરિભાષિત) સંપૂર્ણ પુદ્ગલપરાવર્ત્તરૂપ સંસારકાળ નથી જ હોતો. આ પ્રકારના મુદ્દાથી જ કહ્યું કે; થોડા જ કાળમાં- પુદ્ગલ-પરાવર્ત્ત સંસારકાળ દરમ્યાન (ભગવંતોનું સકલભવ્યવ્યાપકનાથત્વ-યોગક્ષેમકારિત્વ માનો તો) સર્વ ભવ્યોની

---

૧ "જે પ્રાણી તીવ્ર પરીણામ ન કરે, ઘોરસંસારને બહુ ન માને અર્થાત્ સંસારનું દીલથી બહુમાન ન કરે, સર્વત્ર ઉચિત સ્થિતિનું સેવન કરે તે અપુનર્બંધક કહેવાય છે."

મુક્તિ-સિદ્ધિ થઈ જાય! વાસ્તે બીજાધાનાદિ સંવિભક્ત-વિશિષ્ટ ભવ્યલોકમાં વસ્તુતાએ નાથપણું ઘટમાન થાય છે. અતએવ [૨]વિશિષ્ટ ભવ્યલોકના નાથ એવા અરિહંત ભગવતને કોટીશઃ નમન હો' એ 'લોકનાથ'પદનો અર્થ સમજવો.

આ પ્રમાણે 'લોકનાથ' એ સૂત્રની વ્યાખ્યા પૂરી થાય છે.

– ઉપયોગસંપદાન્તર્ગત 'લોકહિત' એ પદનું વિવિધતાભર્યું વિવેચન –

तथा 'लोकहितेभ्यः' इह लोकशब्देन सकलसांव्यवहारिकादिभेदभिन्नः प्राणिलोको गृह्यते, पञ्चास्तिकायात्मको वा सकल एव, एवं चालोकस्यापि लोग एवान्तर्भावः, आकाशास्तिकायस्योभयात्मकत्वात्, लोकादिव्यवस्थानिबन्धनं तूक्तमेव, तदेवंविधाय [१]लोकाय हिताः,

ભાવાર્થ– तथा='સમુદાયોમાં પ્રવર્ત્તેલ શબ્દોમાં અવયવોમાં પ્રવર્તે છે' એ ન્યાય બતાવવા સારૂ કહે છે કે 'લોકના હિત એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો' અહીં લોક શબ્દનો શ્યો અર્થ લેવો? વળી લોકના પ્રત્યે હિત કેવી રીતે કરે છે? વિગેરે પ્રશ્નોને ઉકેલતા કહે છે કે; અહીં- 'लोकहित' એ પદ ઘટક લોકશબ્દનો પ્રથમ અર્થઃ (૧) [૨]सकलसांव्यवहारिकनरनारक વિગેરે, લોકપ્રસિદ્ધ (જગ જાહેર) જે વ્યવહાર તે સંવ્યવહાર, તે સંવ્યવહારે થયેલા સાંવ્યવહારિક જીવો તથા આદિ શબ્દથી સાંવ્યવહારિકથી વિપરીત તે [૩]असंव्यवहारिक જીવો=નિત્યનિગોદરૂપ અવસ્થાવાળા જીવો, તથાચ સમસ્ત-સાંવ્યવહારિક, અસાંવ્યવહારિક આદિ ભેદ-પ્રકારવાળો પ્રાણિ (પ્રાણધારી) લોક, જાણવો, અર્થાત્ લોકશબ્દનો પ્રાણિલોકરૂપ અર્થ પહેલો સમજવો હવે લોક શબ્દનો 'વા' કહી બીજો અર્થ જણાવે છે. 'लोकहित' એ પદઘટક લોકશબ્દનો બીજો અર્થઃ (૨)-

સઘળોય [૪]પંચ અસ્તિકાયરૂપ લોક ગણવો. આવું નિરૂપણ કરવાથી અલોકનો પણ લોકમાં જ અંતર્ભાવ-

---

૨ વિશિષ્ટ એટલે અપુનર્બંધક-માર્ગાનુસારી ભવ્યલોક સમજવો અથવા બીજાધાનાદિયોગ્યતાવિશિષ્ટચરમપુદ્ગલપરાવર્ત્તવર્ત્તી ભવ્યલોક જાણવો.

૧ "हितादिभिः" (૭-૩-૩૧) સિદ્ધહૈમે 'चतुर्थ्यन्तं हितादिभिः समस्यते'

૨ જે જીવો સૂક્ષ્મનિગોદમાંથી નીકળી બાદર નિગોદ અથવા પૃથ્વીકાય વિગેરેમાં આવ્યા હોય તે વ્યવહારરાશિના જીવ કહેવાય. એકવાર વ્યવહાર રાશિમાં આવ્યા પછી ફરીથી સૂક્ષ્મનિગોદમાં જાય તે વ્યવહારરાશિના જીવો કહેવાય. જેટલા જીવો વ્યવહાર રાશિમાંથી મોક્ષમાં જાય એટલા જીવો અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે એવી કુદરત છે.

૩ અનંતા જીવો વચ્ચે એક શરીર એવા અસંખ્યાતા શરીર ભેગા થવા છતા પણ જે ચર્મચક્ષુઓથી જોઈ શકાય નહીં. તે સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય અથવા સૂક્ષ્મ નિગોદ કહેવાય. એ સૂક્ષ્મ નિગોદના જીવો ચૌદ રાજલોકમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા છે. સૂક્ષ્મ હોવાથી જગતના વ્યવહારમાં આવતા નથી. કોઈના માર્યા મરતા નથી. બાળ્યા બળતા નથી, છેદ્યા છેદાતા નથી, પરંતુ તેમનુ આયુષ્ય ટુંકું હોવાથી ઘણા જન્મ-મરણ કરે છે. અનાદિકાળથી નિગોદમાં જીવના જન્મ-મરણ ચાલુ હોય છે. જે જીવો નિગોદમાંથી કોઈ કાળે નીકળ્યા નથી, અને જગતના વ્યવહારમાં આવ્યા જ નથી, તે અવ્યવહાર રાશિના જીવ કહેવાય છે.

૪ ધર્મ-અધર્મ-આકાશ-જીવ-પુદ્ગલ એ પાંચ, પ્રદેશોના સમૂહરૂપ હોવાથી 'અસ્તિકાય' કહેવાય છે. અસ્તિ-સર્વ પ્રદેશોનો, કાર્ય-સમૂહ, એમ અહીં વ્યુત્પત્તિ સમજવી.

સમાવેશ જાણવો કારણ કે; આકાશ અસ્તિકાય, ઉભય-લોક અલોક આત્મક છે. એટલે આકાશ અસ્તિકાયના ગ્રહણથી અલોકનું પણ ગ્રહણ સુતરાં થાય એમાં કહેવું જ શું? વળી લોક અલોકનું મૂળ પહેલાં-અગાઉ દર્શાવ્યું છે. એટલે અહીં કહેવાની જરૂર નથી. અર્થાત્ વ્યાખ્યાનકાર અહીં લોકશબ્દનો બીજો અર્થ સકલ પાંચ અસ્તિકાયરૂપ લોક જણાવે છે. અતએવ સકલ પ્રાણિલોકરૂપ લોક અથવા સકલ પંચ અસ્તિકાયરૂપ લોકના પ્રત્યે હિત-ભલું (કલ્યાણ-સારું-શુભ-ઠીક-સાચું-શ્રેય-ઉદ્ધાર-ઉપકાર-લાભ-ફાયદો-ગુણ) કરનારા અરિહંત-ભગવંતોને શતશઃ સવિધિ વંદન હો' એ અહીં સારાંશ સમજવો.

હિત શબ્દનો ગંભીરતાભર્યો પરમાર્થ-

यथावस्थितदर्शनपूर्वकं सम्यक्प्ररूपणाचेष्टया तदायत्यबाधनेनेति च, इह यो यं याथात्म्येन पश्यति तदनुरूपं च चेष्टते भाव्यपायपरिहारसारं, स तस्मै तत्त्वतो हित इति हितार्थः,

ભાવાર્થ= જે જે પ્રકારે પદાર્થની સ્થિતિ છે તે પ્રકારની સ્થિતિવાળા પદાર્થની તે તે પ્રકારે જે જ્ઞાન તે યથાર્થજ્ઞાન કહેવાય છે. પહેલાં, પદાર્થવિષયક યથાર્થજ્ઞાન સંપાદન કરીને પછીથી પદાર્થવિષયક યથાર્થ પ્રરૂપણા (ઉપદેશ-દેશના) રૂપ વ્યાપાર કરનારા અને જે પદાર્થનો ઉપદેશવિધિ થયેલ હોય તે ઉપદેશાયેલ-

---

અ. ધર્માસ્તિકાય-જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાય કરનાર જે દ્રવ્ય તે ધર્માસ્તિકાય. આ દ્રવ્યના નિર્વિભાજ્ય (જેના બે ભાગ ન કલ્પી શકાય) વિભાગરૂપ પ્રદેશો, અસંખ્યાત છે. તમામ ગતિ-ચલન ક્રિયામાં સર્વત્ર ધર્માસ્તિકાય ઉપકારી છે.

આ. અધર્માસ્તિકાય-જીવ અને પુદ્ગલને સ્થિર થવામાં જે સહાય કરનાર દ્રવ્ય તે, આના પણ પ્રદેશો અસંખ્યાત છે. સઘળા સ્થિર કાર્યોમાં આ કારણ છે.

ઇ આકાશાસ્તિકાય-ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યોને રહેવાને અવકાશ (જગ્યા) આપનાર જે દ્રવ્ય તે આના પ્રદેશો અનંત છે. વળી આ દ્રવ્ય, લોક અને અલોક એમ બે પ્રકારે છે. ત્યાં જેટલા આકાશમાં ધર્માદિ રહેલ છે તેટલા આકાશનું નામ લોકાકાશ અને તે સીવાયનું સર્વ અલોકાકાશ છે. એટલે કે વાસ્તવિક રીતે આકાશદ્રવ્ય, દ્રવ્યથી એક અને સર્વ વ્યાપી છે. પરંતુ ધર્માસ્તિકાયાદિકની સાથે રહેવારૂપ ઉપાધિવડે (ઉપચારથી) લોક અને અલોક એમ બે પ્રકારે છે.

ઈ પુદ્ગલાસ્તિકાય=રૂપ-રસ-ગંધ-સ્પર્શવાળું દ્રવ્ય તથા પૂરણ (પુરાવું-મળવું) અને ગલન (ગળવું-ઝરવું-વિખરવું-છૂટા પડવું) રૂપ ધર્મયુક્ત જે પદાર્થ તે પુદ્ગલ દ્રવ્ય કહેવાય. અહીં પરમાણુ એ જ પુદ્ગલ દ્રવ્ય છે, એ પરમાણુનો સ્કંધરૂપે મળવા યોગ્ય અને સ્કંધથી વિખરવા-છૂટા પડવારૂપ ધર્મ હોવાથી પરમાણુ તે પુદ્ગલ કહેવાય છે. પરમાણુઓ જ્યારે પરસ્પર મળે છે, ત્યારે સ્કંધ બને છે. અને છૂટા પડે છે ત્યારે પુનઃ પરમાણુ જ રહે છે. એ પ્રમાણે પરમાણુઓ વારંવાર દ્વિપ્રદેશી-ત્રિપદેશી યાવત્ અનંત પ્રદેશી સ્કંધરૂપે પરિણમે છે અને તે સ્કંધોથી છૂટા પણ પડે છે, ત્યાં કોઈપણ એક પરમાણુ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટ અસંખ્ય સમય સુધી પરમાણુરૂપે છૂટો રહે છે. તદનંતર અવશ્ય સ્કંધપણે પરિણમે છે. પુનઃ એ પરમાણુ જ્યારે સ્કંધમાં લાગે છે ત્યારે "પ્રદેશ" એવા સંકેતથી ઓળખાય છે. પુનઃ પરમાણુઓથી બનેલા સ્કંધ-દેશ-પ્રદેશરૂપ વિકારો પણ પુદ્ગલ જ કહેવાય છે. પુદ્ગલમાં શબ્દાંધકાર આદિ દશ પ્રકારના પરિણામ ધર્મ રહ્યા છે.

ઉ. જીવાસ્તિકાય=જ્ઞાનદર્શનરૂપ ઉપયોગ-ચેતનારૂપ લક્ષણવાળો જીવ કહેવાય છે. આના પ્રદેશો અસંખ્યાત છે. જે કર્મભેદોને કરનાર, કર્મફલને ભોગવનાર, કર્મને અનુસારે એક ગતિમાંથી બીજી ગતિમાં જનાર અને કર્મનો અંત કરનાર છે તેજ આત્મા, બીજા લક્ષણોવાળો નહીં.

પ્રરૂપિત પદાર્થના પ્રત્યે આગામિ-ભવિષ્યકાળમાં [૧]બાધા-[૨]પીડા-[૩]અપાયના પરિહારપૂર્વક હિત કરનારા વીતરાગો હોય છે. તથાહિ-અરિહંત ભગવંતો, પહેલાં કેવલ-જ્ઞાનદર્શન સંપાદનદ્વારા, ઉપરોક્ત સકલલોકને યથાર્થ જાણી-જોઇ (સમવસરણ આદિ સ્થલે) સકલલોક વિષયક સમ્યક્ પ્રરૂપણાદ્વારા સકલલોકનું આગામિકાલમાં બાધાના પરિહારપૂર્વક હિત-ભલું-કલ્યાણ-શ્રેયઃ સંપાદનદ્વારા સકલલોકના પ્રત્યે હિત કરનારા છે.

વળી સામાન્ય નિયમ છે કે; જે, (કર્તા) જેને, (કર્મરૂપ વસ્તુને) બરોબર-યથાસ્વરૂપ-યથાર્થ જુવે છે=દેખે છે. અને પછીથી જેવી વસ્તુ જોઇ હતી તે જ પ્રમાણે ભાવિ (ભવિષ્યમાં થનાર) અપાય-બાધાને પરિહરતો (તજતો-દૂર કરતો) વસ્તુવિષયક વ્યવહાર-શબ્દપ્રયોગ કરે છે, પ્રરૂપણા કે દેશના કરે છે. (ન કે સત્યવાદી-લૌકિક કૌશિકમુનિની માફક આગામિ કાળમાં થનાર અપાય-બાધાના કારણરૂપ વસ્તુ નિરૂપણ, અહીં સમજવું.) [૪]તે-યથાર્થદ્રષ્ટા-જ્ઞાતા, (બરોબર જોનારો અને તે પ્રમાણે ભાવિહાનિને પરિહરતો પ્રરૂપણા કરનારો) તે વસ્તુ (બરોબર જોવાયેલા અને ભાવિ નુકસાનીના પરિહારપૂર્વક કહેવાયેલ વસ્તુ)ના પ્રત્યે હિત-અનુગ્રહ-ઉપકાર-ભલું-ગુણ કરનાર છે. આવો અહીં હિતશબ્દનો પરમાર્થ પરખવો.

– હિતશબ્દના ઉપર્યુક્ત પરમાર્થનું દલીલ દ્રષ્ટાંત સાથે સમર્થ સમર્થન –

इत्थमेव तदिष्टोपपत्तेः, इष्टं च सपरिणामं हितं, स्वादुपथ्यान्न वदतिरोगिणः,

ભાવાર્થ– આ પ્રમાણે જ યથાર્થ વિષયકદર્શન તથા ભાવિ અપાય પરિહારપૂર્વક પ્રરૂપણાદિ પ્રકારથી જ, તે યથાર્થદર્શન- પ્રરૂપણાદિક્રિયા-વ્યાપાર કર્તામાં, ઇષ્ટ-ક્રિયાફલ ઘટી શકે છે. (ચેતન કે અચેતન પદાર્થને વિષય કરીને દર્શનાદિક્રિયા થયે છતે ક્રિયાફલ રૂપ ઇષ્ટ, સ્વગત-ક્રિયાકર્તૃગત ઘટે છે. અથવા વિશિષ્ટ ચેતનને વિષય કરીને દર્શનાદિક્રિયા થયે છતે ક્રિયાફલ રૂપ ઇષ્ટ, સ્વપરગત=ક્રિયાકર્તૃરૂપ સ્વચેતનગત અને ક્રિયાવિષય ચેતનગત ઘટે છે) અર્થાત્ આ મુદ્દો ધ્યાનમાં રાખીને જ હિતશબ્દનો ઉપર્યુક્ત અર્થ કરેલ છે.

– ઇષ્ટપદાર્થનું વિવેચન –

ઇષ્ટ એટલે સપરિણામ -ઉત્તરોત્તર (ક્રમાનુસાર, એક એકની પછી વધતાં વધતાં, આગળ આગળ) શુભફલના અનુબંધવાળું (એકબીજાની સાથે બંધાયેલું હોય તે સંબંધ - અવિચ્છિન્ન પ્રવાહ તે અનુબંધનો અર્થ સમજવો) અને હિત-સુખકારી જે હોય તે ઇષ્ટ કહેવાય છે. ચાલુ પ્રકરણમાં યથાસ્થિત સ્વરૂપદર્શનપૂર્વક પ્રરૂપણારૂપ હિતયોગસાધ્ય અનુગ્રહ-ઉપકાર એ ઇષ્ટ સમજવું.

---

૧ બાધા=અડચણ, હરકત, પાપ, દોષ, ઉપદ્રવ, વાંધો વિગેરે

૨ પીડા=વેદના, આપદા, ક્લેશ, વ્યથા વિગેરે

૩ અપાય=નરક દુઃખાદિ દુઃખોનું સાધન, દુઃખ, હાનિ, નાશ, અનિષ્ટનું કારણ વિગેરે

૪ 'પરાહિતરૂપે હેતૌ સ્વહિતસ્યાસંભવાત્' પરના અહિતરૂપહેતુ વિદ્યમાન હોય તો સ્વહિત અસંભવિત છે એ વાત અહીં બરોબર વિચારો.

– દ્રષ્ટાંતપૂર્વક ઇષ્ટાર્થનું સ્પષ્ટીકરણ –

જેમ કે; સ્વાદુ-લહેજતદાર, રસાળ (તત્કાળ જીભને આનંદ-સંતોષ-પ્રીતિ-તૃપ્તિ આપનાર) અને પથ્ય-પસંદ પડતું. રૂચતું (ભવિષ્યમાં સારું) અન્ન (ખોરાક-ખાવાની વસ્તુ-રાંધેલું અનાજ) જેમ તદ્દન રોગ વગરનાને ઇષ્ટ મનાય છે. કારણ કે; નવા રોગવાળાને તો પથ્ય પણ ખોરાક, -પસંદ પડતો ખોરાક, અહિત-નુકસાન કરનાર હોઈ પથ્ય ખોરાકનો અધિકાર નથી. (અન્ન, અપથ્ય છતાં સ્વાદુ એકાંત અનિષ્ટ છે તેવી રીતે અસ્વાદુ છતાં પથ્ય એકાંતે ઇષ્ટ નથી. એકાંતે ઇષ્ટ તે જ લેખાય છે કે; જે સ્વાદુ અને પથ્ય અન્ન હોય.) એવંચ સ્વાદુ અને પથ્ય અન્ન જ એકાંતે ઇષ્ટ છે. વળી સ્વાદુ પથ્ય અન્નથી થતો ઉપકાર-લાભ-ફાયદો-ગુણ તે જ વસ્તુતઃ ઇષ્ટ છે. કહ્યુ છે કે; 'કાર્યની ઇચ્છાવાળાએ, જેનાથી તરત જ કાર્ય થતું હોય એવું કારણ, ચાહવું જોઇએ. જેમ આહારથી થતી તૃપ્તિ (કાર્ય)ની ઇચ્છાવાળાએ ખોરાકની ઇચ્છા જરૂર કરવી જોઇએ' તેમ અહીં વ્યવહારથી-કારણ હોવાથી સ્વાદુ પથ્ય અન્નની ઇષ્ટતા છે. પરંતુ સ્વાદુ પથ્ય અન્ન જન્ય અનુગ્રહ (તૃપ્તિરૂપ કાર્યલાભ)ની વસ્તુતઃ મુખ્યત્વે ઇષ્ટતા છે. હવે ચાલુ વિષયમાં શાસ્ત્રકાર ઘટાવે છે કે; વસ્તુતઃ યથાસ્થિત-સ્વરૂપ દર્શનપૂર્વક, ભાવિ અપાયપરિહારપૂર્વક પ્રરૂપણા જન્ય ઉપકાર (કાર્ય-ગુણ) જ ઇષ્ટ છે, તો પણ અનંતર (અવ્યવહિત) કારણ હોઇ આ યથાસ્થિતસ્વરૂપ દર્શનપૂર્વક ભાવિ અપાય પરિહારપૂર્વક પ્રરૂપણારૂપ હિતયોગલક્ષણક્રિયા પણ ઇષ્ટ છે એમ સ્વતઃસિદ્ધ થાય છે. (વિશિષ્ટાનુંગ્રહરુપેષ્ટં પ્રતિ યથાસ્થિતસ્વરૂપદર્શનાદિપૂર્વકપ્રરૂપણારૂપહિતયોગ-લક્ષણ ક્રિયા કારણં ઇતિ કાર્યકારણભાવઃ)

અન્વયનો અભિનય– જે જે વસ્તુને બરોબર જેવી જુવે છે, આવતી કાળની હાનિને પરિહરતો તદનુરૂપ (તેવી જ) પ્રરૂપણારૂપ ચેષ્ટા હોય તો તે ક્રિયા ઇષ્ટસુખકારી મનાયેલ છે.

– 'ઉલ્ટી ચેષ્ટા અનિષ્ટ-દુઃખકારી છે' એ રૂપ વ્યતિરેક વિષયનું વિગતવાર વર્ણન –

अतोऽन्यथा तदनिष्टत्वसिद्धिः, तत्कर्त्तुरनिष्टाप्तिहेतुत्वेन.

ભાવાર્થ= જે વસ્તુ જેવી છે તેવી નહીં જોતાં ઊલટી રીતે-વિપરીત પ્રકારે જોઇ, વિપરીત પ્રરૂપણા કરે છે. તેની તાદૃશ વિપરીત પ્રરૂપણારૂપ ચેષ્ટા, અનિષ્ટ-દુઃખકારી, મોટી નુકસાની કે ગેરફાયદો કરનારી છે, કેમ કે, પહેલાં ઉલટું જ્ઞાન-દર્શન પછીથી ભાવિમાં આપદા આપનારી વિપરીત પ્રરૂપણા આદિ વિરુદ્ધ વર્તન છે. અત. એવ ચેતનપદાર્થ તરફ કે અચેતનપદાર્થ તરફ અનુરૂપ-યથાયોગ્ય (સરખે સરખું જેમ ઘટતું હોય તેમ-વ્યાજબી-બરોબર-ખરી રીતે) નહીં પ્રવર્ત્તતો અર્થાત્ વિપરીત રીતે વર્તનાર (ઉચિત ચેષ્ટા કરવા છતાં પણ આગામિ-ભવિષ્યમાં થનારી બાધા-હાનિને નહીં પરિહરનાર પણ) નિયમથી-અવશ્ય-એકાંતે અશુભ-પાપકર્મથી બંધાય છે, લેપાય છે. આમ કહેવાથી વિપરીત ચેષ્ટા કર્તામાં (અસમ્યક્-પ્રરૂપકઆદિમાં) અનિષ્ટ-અશુભ કર્મબંધ દર્શાવ્યો.

પરંતુ વિપરીતદર્શનપ્રરૂપણાદિ ક્રિયાના વિષયભૂત ચેતન કે અચેતનમાં, અનિષ્ટપ્રાપ્તિના હેતુ તરીકે વિપરીતબોધ, થાયે ખરો અને ન પણ થાય એમ અનેકાંત છે. અર્થાત્ અચેતન પદાર્થ પ્રત્યે વિપરીતબોધ, અનિષ્ટપ્રાપ્તિમાં હેતુ ન થાય અને ચેતનપદાર્થ પ્રત્યે વિપરીતબોધ, અશુભકર્મના બંધમાં કારણભૂત થાય પણ ખરો એમ અહીં અનેકાંતનું રહસ્ય સમજવું.

શંકા- વિપરીતબોધવિષયભૂત ચેતન અચેતન પદાર્થમાં અહિતયોગ-અશુભ કર્મબંધ જ્યારે અનૈકાન્તિક-અનિયત છે અર્થાત્ ચોક્કસ કે નક્કીરૂપે નથી (ચેતનમાં થાયે ખરો અને અચેતનમાં ન થાય એ રૂપ અહીં અનેકાન્તિકતા લેવી) તો કેવી રીતે વિપરીતપ્રરૂપણાઆદિક્રિયા કરનારની વિપરીત ક્રિયા, અહિત યોગના (અનિષ્ટપ્રાપ્તિના-અશુભ કર્મબંધના) પ્રત્યે એકાંતે ચોક્કસ-નક્કી કે નિયતરૂપે હેતુ-જનક-જનેતા છે? વિપરીતબોધવિષય-પદાર્થગત અનિષ્ટપ્રાપ્તિ જ્યારે નિયત નથી તો તાદૃશપદાર્થ વિષયક વિપરીતબોધાદિક્રિયા, વિપરીતક્રિયાકારકમાં કેમ કરી અનિષ્ટપ્રાપ્તિમાં જનકરૂપે નિયત થાય ? – ઉપર્યુક્ત શંકામાં સમાધાનપૂર્વક હિતયોગની સૂચારૂચર્ચા –

अनागमं पापहेतोरपि पापभावात्, इतरेतरापेक्षः कर्त्तृकर्म्मप्रकारः, नाचेतनाहितयोग उपचरितः.

ભાવાર્થ– આગમના આદેશ સિવાય (જિનવચનરૂપ આગમના આદેશની પરવા રાખ્યા વગર, આગમ આદેશ અહીં અપવાદરૂપ છે.)

અશુભ કર્મબંધરૂપ કાર્ય પ્રત્યે વિપરીતદર્શન આદિ ક્રિયાદિરૂપ પાપકર્મ કારણ છે. એટલે વિપરીત-દર્શનાદિક્રિયારૂપ પાપ કર્મરૂપ કારણ હોયે છતે (કારણસત્ત્વે) અશુભ કર્મબંધ નિયત છે. (કાર્યસત્ત્વમ્) (પર-વિષયમાં તો પાપહેતુકૃતઅપાય-હાનિ હોવાથી પાપભાવ જ છે. એમ અહીં અપિશબ્દનો અર્થ સમજવો.)

તથાચ મૂલનિયમ=આગમના આદેશ વગર (યથાર્થ બોધરૂપ આગમ આદેશ સિવાય) પાપહેતુથી પણ (અશુભ કર્મના કારણથી પણ) અશુભ કર્મરૂપ પાપ થાય છે-બંધાય છે. તત્ત્વાંશ-આશય એવો છે કે; આગમના આદેશથી ક્વચિત્ અપવાદરૂપ (કારણિક) પાપહેતુભૂત જીવવધાદિમાં પણ પ્રવૃત્તિ કરનાર, અશુભ કર્મ-પાપ કર્મરૂપ લેપથી લેપાતો નથી. પરંતુ વિપરીતદર્શનપ્રરૂપણાદિરૂપ કારવાઇ હોયે છતે પરરૂપ વિષયમાં પ્રત્યપાય (બાધા-હાનિ-દુઃખ-અહિત-નુકશાની) નહીં હોવા છતાંય, સ્વપ્રમાદ દોષરૂપ, પાપહેતુ હોવાથી નિયમા પાપ બંધાય છે. વાસ્તે વિપરીતક્રિયા, અનિષ્ટપ્રાપ્તિમાં, અશુભકર્મબંધમાં કારણ, એકાંતે-અવશ્ય-ચોક્કસ થાય છે.

શંકા= આગમના આદેશ સિવાય પાપહેતુથી પણ અવશ્ય પાપ બંધાય છે. આવા ઘડતરના ચણતરનો કયો પાયો છે તે જણાવો ?

સમાધાન=કારકના[1] ભેદરૂપ કર્તા[2] અને કર્મનો[3] પ્રકાર, (ભેદ કે રીત-બાબત-ઘાટ) પરસ્પર (આપસ આપસમાં-માંહે માંહે) આશ્રિત-અપેક્ષાસંબધવાળો છે. અર્થાત્ કર્ત્તા, કર્મની અપેક્ષા રાખીને વ્યાપારવાળો

---

૧ નામના ક્રિયાપદ સાથેના સંબંધને કારક કહે છે. કારક એટલે ક્રિયાની સાથે અન્વયી થવું તે. છઠ્ઠા સિવાયની બધી વિભક્તિઓ ક્રિયાપદ સાથે સંબંધ ધરાવે છે માટે કારક વિભક્તિ કહેવાય છે. કારક ક્રિયાનું વિશેષણ છે અને તેના ૭ પ્રકાર છે. કર્ત્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ.

૨ ક્રિયાને વિષે સ્વતંત્ર તરીકે જે અર્થ વિવક્ષિત છે તે કર્ત્તા.

૩ કર્ત્તા પોતાની ક્રિયા વડે પ્રાપ્ત કરવા જેને અતિશય ઈચ્છે તે કર્મ.

થાય છે. અને કર્મ, કર્ત્તાની અપેક્ષા રાખીને વ્યાપાર-ક્રિયાવિષય થાય છે. જેમ કે; પ્રકાશ્ય (પ્રકાશ-ક્રિયાવિષય) ઘટ આદિની અપેક્ષા રાખીને-આશ્રીને પ્રદીપ આદિ, (દીવા વિગેરે) પ્રકાશક-પ્રકાશકર્તા થાય છે. અને તે દીવાવગેરે પ્રકાશ કર્ત્તા હોયે છતે ઘટ આદિ (કર્મ) પ્રકાશ્ય-પ્રકાશક્રિયાવિષય થાય છે. તેમ અહીં પણ, તથાવિધ કાર્યરૂપ પાપ બંધ થાય છે. તો જ વિપરીત જ્ઞાન આદિરૂપ પાપ કારણવાળો પુરુષ, પાપકર્ત્તા અવશ્ય હોઈ શકે. તે પાપકર્તા છે તો જ તથાવિધ કાર્યરૂપ પાપ બંધ પણ હોઈ શકે.

તથાચ બીજા-જુદા પ્રકારની ચેષ્ટા-વિપરીત ચેષ્ટા, અનિષ્ટરૂપ છે. કારણ કે; હિતયોગ (ઉત્તરોત્તર શુભ ફળદાયક તથા સુખકારી યોગ-સંબંધ)થી વિપરીત-ભિન્ન-ઉલ્ટી જુદી છે. અર્થાત્ ઉત્તરોત્તર અશુભ ફલની જનેતા બની દુઃખકારી છે. વળી વિપરીતક્રિયાવિષયના તરફ વિપરીત ચેષ્ટાનું અહિત યોગપણું પણ અખંડિત છે.

શંકા=વિપરીતચેષ્ટાના વિષયભૂત અચેતન (જડ) પદાર્થોમાં વિપરીતચેષ્ટાનું અહિતયોગપણું કેવી રીતે? કારણ કે; અહિતયોગસાધ્ય, ક્રિયા ફલરૂપ અપાય-બાધાહાનિ-નુકશાનીનો જડપદાર્થોમાં અસંભવ છે. વળી જો અચેતનપદાર્થગત અહિતયોગ, ઉપચરિત કહેશો તો અચેતનપદાર્થ-ગતિહિતયોગ, ઉપચરિતપણાનો પ્રસંગ, દોષ, આપત્તિ આવશે! વળી આ સ્તવમાં, ભગવંતની પ્રસ્તુત સ્તુતિમાં ઉપચરિત હિતયોગનો પ્રયોગ-વાક્યરચના થઈ શકે નહીં કારણ કે; સ્તવ, સ્તુતિ, સદ્‌ભૂતાર્થ, અનુપચરિત, સત્ય અર્થને વિષય કરીને પ્રવર્ત્તે છે. તો અહીં પ્રશ્ન ઉપજે છે કે; અચેતન પદાર્થગત હિતયોગનો અસંભવ હોઈ ભગવંતો પંચ અસ્તિકાયાત્મક સકલલોકનું હિત કરનારા કેવી રીતે ?

સમાધાન= અચેતન (અજીવ) પદાર્થરૂપ ધર્માસ્તિકાય વિગેરેમાં =, અહિતયોગ-અપાય-હાનિના, કારણભૂત મિથ્યા (વિપરીત) દર્શન આદિવ્યાપાર, (ક્રિયા, ચેષ્ટા) ઉપચરિત-આરોપિત નથી. (જેમ 'અગ્નિર્માણવકઃ[1]' ઈતિઆદિ પ્રયોગમાં માણવકમાં (વિદુષકમાં) અગ્નિપણું ઊપચરિત-આરોપિત છે. તેમ અહીં ઉપચરિત અહિતયોગ નથી.) અર્થાત્ અપાયજનકમિથ્યાદર્શનાદિવ્યાપારરૂપ અહિતયોગ, અચેતનગત, આરોપિત નથી પરંતુ સત્ય છે.

– ચાલુ વિષયનું હેતુપૂર્વક પ્રતિપાદન –

પુનરાગમકર્મ્મકત્વેન સચેતનસ્યાપિ એવંવિધસ્યૈવ નાયમિતિ દર્શનાર્થઃ,

ભાવાર્થ= પાછો ફરીને (વક્રી બનીને, ફરીથી બીજી વાર એની એ ક્રિયા કરીને) કર્તાને ક્રિયા

---

૧ 'અગ્નિર્માણવકઃ' ઇત્યત્રાગ્નિપદશક્યાર્થસ્યાગ્નિનિષ્ઠશુચિત્વકાન્ત્યાદિસજાતીયશુચિત્વકાન્ત્યાદિવિશિષ્ટે લક્ષણા ।
(શક્યાર્થત્યાગેન લક્ષણયાઽન્યાર્થબોધનમુપચારઃ, યથા મઞ્ચાઃ ક્રોશન્તિ, અગ્નિર્માણવક ઇત્યાદૌ અત્ર તુ અન્વયાનુપપત્તિરેવોપચારબીજમ્ ॥)
અર્થાત્-'અગ્નિર્માણવક' એ પ્રયોગસ્થળમાં પવિત્રતા કાંતિ વિગેરે સરખા ધર્મ લઈ માણવકમાં જેમ અગ્નિનો આરોપ કરાય છે.

ફલભૂત અપાય-હાનિનું ભાજન (પાત્ર-આશ્રય)બનાવનાર અર્થાત્ કર્ત્તાને કર્મ બનાવીને કર્ત્તારૂપ કર્મવાળો, અચેતનગત અહિતયોગ(અપાય-હેતુમિથ્યાદર્શનાદિરૂપ ક્રિયારૂપ અહિતયોગ) વાસ્તવિક, સફલ સત્ય છ. વળી માણવકમાં ઉપચરિત અગ્નિત્વ જેમ મુખ્યપણે કાર્ય કરનાર થતું નથી તેમ આ નથી પરંતુ મુખ્યભાવે કાર્ય કરનાર આ અહિતયોગ છે. તથાચ અચેતનગત અહિતયોગ પાછો ફરીને પોતાના કર્ત્તામાં ક્રિયા ફલરૂપ અપાયને કરતો, (મુખ્યભાવે કાર્ય કરનાર હોઈ) જેમ પારકાને મારવા સારૂ કરેલ દુઃશિક્ષિતનો શસ્ત્રપ્રયોગ પાછો ફરીને તેને (પોતાને દુઃશિક્ષિતને) હણતો કેવી રીતે ઉપચરિત કહેવાય ? અર્થાત્ ન જ કહેવાય, સફલ કહેવાય.

શંકા= જો આમ જ છે તો સચેતનપદાર્થગત અહિતયોગ પણ પુનરાગમકર્મ (પ્રત્યાવૃત્ત્યકર્તૃરૂપકર્મ)વાળો જ પ્રાપ્ત થશેને ?

સમાધાન= ક્રિયાફલભૂત અપાયસહિત સચેતનગત અહિતયોગમાં પુનરાગમકર્મકપણું નથી. તથાચ અચેતનગત-અહિતયોગનું અને ક્રિયાફલભૂત-અપાયરહિત અચેતન સરખા સચેતનગત-અહિતયોગનું પુનરાગમકર્મકપણું હોઈ અચેતનગત અહિતયોગ ઉપચરિત નથી પણ સત્ય-સફલ-મુખ્યભાવકાર્યકારી છે એમ સમજવું. ઈતિ-પૂર્વે કહેલ આ અર્થને દેખાડવા કે અર્થની ખ્યાતિ સારૂ પૂર્વોક્ત 'હિતાર્થ' હોઈ સાર્થક છે.

શંકા= કોઈ એક સચેતન પદાર્થમાં, અહિતયોગ-અપાય-હેતુ મિથ્યાદર્શનાદિવ્યાપારથી, ક્રિયાફલભૂત અપાયનો સંભવ હોઈ ક્રિયા ફલાશ્રયત્વરૂપ કર્મતા ઘટી શકે; પરંતુ અચેતન પદાર્થોમાં ક્રિયાફલ-અપાય નથી તો મિથ્યાદર્શનાદિ આશ્રીપ્રવર્ત્તેલ અહિતયોગથી આક્ષિપ્ત-સંપ્રાપ્ત કર્મકારકપણું કેવી રીતે ઘટે ?

– પૂર્વોક્ત શંકાના સમાધાનપૂર્વક પ્રકૃતસ્તવના ૧૨ મા પદનો ઉપસંહાર –

**कर्त्तृव्यापारापेक्षमेव तत्र कर्म्मत्वं, न पुनः स्वविकारापेक्षं, कडकुटुकपक्तावित्थमपि दर्शनादिति लोकहिताः १२ ॥**

ભાવાર્થ= અચેતનપદાર્થગત (વિષયતાનામક) [૧]કર્મત્વ, કર્ત્તૃવ્યાપારારૂપ મિથ્યાદર્શનાદિક્રિયા (ની અપેક્ષાવાળું) કૃતજ સમજવું. અચેતનગતઅપાયરૂપ ફલવિશેષને અપેક્ષી કર્મત્વ નથી.

---

૧ ઈપ્સિત કર્મના ત્રણ પ્રકાર છેઃ- ૧. નિર્વર્ત્ય ૨. વિકાર્ય અને ૩. પ્રાપ્ય. જે અવિદ્યમાન પદાર્થ કર્ત્તાની ક્રિયાથી જન્મ પામે અથવા જે વિદ્યમાન પદાર્થ જન્મવડે પ્રકાશ પામે તેને નિર્વર્ત્ય કર્મ કહે છે. તે સાદડી બનાવે છે. તે પુત્ર પ્રસવે છે "સાદડી" અને "પુત્ર" એ નિર્વર્ત્ય કર્મ છે. વિકાર્ય કર્મના બે પ્રકાર છેઃ- એક પ્રકૃતિના વિનાશથી ઉત્પન્ન થાય તે અને બીજું પ્રકૃતિમાં સહેજ ફેરફાર થઈ, અન્ય ગુણોની ઉત્પત્તિ થવાથી થાય તે. "લાકડાને (લાકડાની) ભસ્મ કરે છે" એમાં "ભસ્મ" એ લાકડારૂપી પ્રકૃતિના ઉચ્છેદથી થયેલું કર્મ છે. "સોનાનું કુંડળ બનાવે છે" એમાં "સોનું" એ પ્રકૃતિમાં ફેરફાર કરી અન્યગુણ લાવી "કુંડળ" એવો વિકાર ઉત્પન્ન કરે છે; માટે એ બીજા પ્રકારનું વિકાર્ય કર્મ છે.

પ્રાપ્યકર્મ-કર્ત્તા પોતાની ક્રિયાથી જે કર્મ ઉત્પન્ન કરતો નથી કે જેમાં વિકાર કરતો નથી. માત્ર પોતાની ક્રિયા વડે જેને પ્રાપ્ત કરવા ઈચ્છે છે તે પ્રાપ્યકર્મ છે. "તે ઘડો જુએ છે" એમાં ઘડો પ્રાપ્યકર્મ છે. ભર્તૃહરિ કહે છે, કે જે કર્મમાં ક્રિયાને કરેલા ફેરફાર પ્રત્યક્ષ જણાતા નથી કે તેનું અનુમાન થઈ શકતું નથી, તે પ્રાપ્ય કર્મ છે. "તે ઘડો બનાવે છે." એમાં નિર્વાર્ય કર્મ "ઘડા"માં કુંભારની ક્રિયાથી થયેલા ફેરફાર પ્રત્યક્ષ છે. કેમકે ઘડો પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે. એમ સ્વરૂપલાભ એ

શંકા= આવું કર્મકારકપણું કેવી રીતે સંભવે ? કોઇ વ્યવહાર[1] કે પ્રતીતિરૂપે પુરાવો છે ?

સમાધાન= 'કંકટુકાન્ પચતિ' 'કોરડુ-ગાંગડાને પકાવે છે-ચડાવે છે- રાંધે છે.' પાક-રાંધવાને અયોગ્ય (ચડી શકે નહીં એવા મગ વિગેરે કંકટુક-ગાંગડું-કોરડું કહેવાય છે.)

કંકટુકોને ચડાવવામાં-પાક ક્રિયા હોયે છતે કંકટુકોમાં ક્રિયા ફલભૂત વિક્લિત્તિ (ચડવા) રૂપ વિકારનો અભાવ છતાંય કંકટુકાન્ પચતિ એ પ્રતીતિ કે વ્યવહાર હોવાથી કંકટુકોમાં કેવલ કર્ત્તાના વ્યાપારની અપેક્ષા રાખીને કર્મકારકપણું છે તેમ અહીં-ચાલુ વિષયમાં સમજી લેવું.

તથાચ અચેતનોમાં હિતયોગ, કર્તૃવ્યાપારની અપેક્ષાએ મુખ્ય છે. ગૌણ કે ઉપચરિત નથી. ('भगवन्तोऽर्हन्तः पञ्चास्तिकायात्मकं सकल लोकं याथात्म्येन पश्यन्ति तदनुरूपं च चेष्टन्ते भाव्यापायपरिहारसारं तस्मात्ते सकललोकाय हिताः-हितकारिणः' યથાર્થ દર્શનપૂર્વક, ભાવિ અપાય પરિહારપૂર્વક સમ્યક્ પ્રરૂપણારૂપ ક્રિયા હિતયોગથી મુખ્ય વૃત્તિથી પંચઅસ્તિકાય આત્મક સકલ લોકના પ્રત્યે હિત-ભલું કરનારા અરિહંત ભગવંતો છે) અત એવ મુખ્ય હિતયોગ હોઇ સત્યાર્થવિષયક પ્રસ્તુત સ્તવમાં કોઇપણ જાતનો વિસંવાદ કે વિરોધ નથી.

"સકલલોકના પ્રત્યે હિત કરનાર એવા અરિહંત ભગવંતોને ભાવભીનું પૂજન-નમન હો" આ પ્રમાણે શક્રસ્તવના બારમા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

—સ્તોતવ્ય સંપદાની સામાન્ય ઉપયોગ સંપદાન્તર્ગત—

'तथा लोकप्रदीपेभ्यः' अत्र लोकशब्देन विशिष्ट एव तद्देशनाद्यंशुभिर्मिथ्यात्वतमोऽपनयनेन यथार्हं प्रकाशितज्ञेयभावः संज्ञिलोकः गृह्यते.

ભાવાર્થ=તથા સમુદાયોમાં પ્રવર્ત્તેલ શબ્દો અવયવોમાં પણ અનેક પ્રકારે પ્રવર્ત્તે છે એ ન્યાય બતાવવા સારૂ કહે છે કે; "લોકપ્રદીપ એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો." અહીં-"લોકપ્રદીપ" એ વિશેષણપદઘટક લોક શબ્દથી વિશિષ્ટ જ-તે તીર્થંકરોના દેશના કિરણો મારફતે મિથ્યાત્વ નામક ઘોર તિમિરનું વિલીનીકરણ થવાથી જ યથાયોગ્ય જ્ઞેયભાવ-પદાર્થ વિષયક જ્ઞાન પ્રકાશ સંપન્ન અર્થાત્ સમ્યગ્દર્શન-નયનસંપન્ન વિશિષ્ટ સંજ્ઞિ (વિશિષ્ટ[2] મનોવિજ્ઞાનસંપન્ન કે ધર્મસંજ્ઞાસંપન્ન) લોક જ લેવો.

---

ક્રિયાએ કરેલો વિશેષ છે. "સુવર્ણનું કુંડળ બનાવે છે" એમાં વિકાર્ય કર્મ "કુંડળ"માં સોનીની ક્રિયાથી કંઈક ફેરફાર થયેલો અને સુવર્ણને બદલે અન્યગુણવાળી વસ્તુ બનેલી પ્રત્યક્ષ છે. "તે પુત્ર સુખ અનુભવે છે" એમાં તેના મુખ ઉપર પ્રસાદના ચિહ્નથી સુખનું અનુમાન થાય છે. પ્રાપ્ય કર્મમાં કર્ત્તાએ કરેલી ક્રિયાનો વિશેષ, પ્રત્યક્ષ કે અનુમાનથી ઉપલબ્ધ થતો નથી.

न्यायसिद्धान्तदीपिकायां तु करणव्यापारविषयकारणत्वं कर्म्मत्वम् । यथा व्रीहीन् प्रोक्षतीत्यादौ व्रीहेः कर्मत्वम् । तेन व्रीहेः प्रोक्षणफलीभूतातिशयानाश्रयत्वेऽपि न कर्मत्वानुपपत्तिः (न्या सि० दी० पृ० १९ ।) एवमात्मनात्मानं जानातीत्यादावप्यूह्यम् ।

१ प्रतीतिव्यवहाराभ्यामर्थसिद्धिः । પ્રતીતિ અને વ્યવહારથી અર્થની સિદ્ધિ થાય છે એમ નિયમ છે.

२ 'सुदीर्घातीतार्थस्मरणशीलत्वे सति 'कथं नु नाम कर्त्तव्यम्' इत्यागाम्यर्थचिन्तनप्रयोजकत्वं संज्ञिनोलक्षणम्' અર્થાત્ (દીર્ઘકાલિકી

–અહીં લોકશબ્દથી વિશિષ્ટ સંજ્ઞિ લોક જ કેમ ? તદ્ભિન્ન બીજો સંજ્ઞી લોક કેમ નહીં ? - વિગેરે વિષયની મૂલ્યવંતી મીમાંસા–

यस्तु नैवंभूतः तत्र तत्त्वतः प्रदीपत्वायोगाद्, अन्धप्रदीपदृष्टान्तेन, यथाह्यन्धस्य प्रदीपस्तत्त्वतः अप्रदीप एव, तं प्रति स्वकार्याकरणात्, तत्कार्यकृत एव च प्रदीपत्वोपपत्तेः, अन्यथाऽतिप्रसङ्गात्, अन्धकल्पश्च यथोदितलोकव्यतिरिक्तस्तदन्यलोकः तद्देशनाद्यंशुभ्योऽपि तत्त्वोपलम्भाभावात्, समवसरणेऽपि सर्वेषां प्रबोधाश्रवणात्, इदानीमपि तद्वचनतः प्रबोधादर्शनात्, तदभ्युपगमवतामपि तथाविधलोकदृष्टयनुसारप्राधान्याद्, अनपेक्षितगुरूलाघवं तत्त्वोपलम्भशून्यप्रवृत्तिसिद्धेरिति ।

ભાવાર્થ=એવંચ જે આવો વિશિષ્ટસંજ્ઞીલોક નથી. તેના પ્રત્યે તત્ત્વથી-વસ્તુતઃ-નિશ્ચયનયથી ભગવંતોના પ્રદીપપણાનો અયોગ-અસંભવ-અભાવ છે. કારણ કે; જેમ ચક્ષુ વગરના-આંધળાના પ્રત્યે દીવો, પોતાનું પ્રકારનું પ્રકાશરૂપ કાર્ય કરી શકતો નહીં હોવાથી, તત્ત્વરીતે તે દીવો તે અંધ તરફ 'અપ્રદીપજ કહેવાય તેમ અહીં પણ સમજવું. તથાચ જેના તરફ દીવો પોતાનું કાર્ય કરે છે તેના તરફ તે દીપક પોતાનું કાર્ય (પ્રકાશ-ઉજેશ) કરી શકે છે તેના તરફ જ તત્ત્વથી તે દીવો કહેવાય, બીજા તરફ અદીવો જ કહેવાય છે અને જો, જેના તરફ પોતાનું કાર્ય નહીં કરનારને જ દીવો માનો તો અતિપ્રસંગ આવે ! અર્થાત્ જે જે કાર્ય (પ્રકાશકાર્ય) નથી કરતા તે તમામ દીવા જ કહેવાય !

અહીં અંધ જેવા કોણ છે તેનું વર્ણન કરતાં કહે છે કે; પૂર્વે કહેલ વિશિષ્ટ સંજ્ઞીલોકથી જે જુદો લોક છે તે અહીં અંધતુલ્ય ગણવો. કારણ કે; વિશિષ્ટ સંજ્ઞીલોકભિન્ન-અન્ય-લોકમાં તીર્થંકરના દેશનાકિરણો તત્ત્વજ્ઞાનપ્રાપ્તિરૂપ પ્રકાશ પાથરતા નથી. અર્થાત્ તે લોકમાં તત્ત્વજ્ઞાનનો ઉજાશ થતો નહીં હોવાથી તે લોક, અંધતુલ્ય છે. વળી સમવસરણમાં પણ પ્રબોધ-તત્ત્વપ્રકાશ, તમામનો સાંભળેલો નથી, હમણાં પણ બધાનો તીર્થંકરપ્રવચનકિરણથી તત્ત્વજ્ઞાન પ્રકાશ, જોવાયેલો નથી, ગુરૂલાઘવની અપેક્ષા રાખ્યા સિવાય તથાવિધલોકદૃષ્ટિનું પ્રાધાન્ય રાખી ''સર્વના પ્રત્યે દીવાસમાન અરિહંત ભગવંતો છે'' એમ સ્વીકાર કરનારાઓમાં પણ તત્ત્વાનુભવશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ છે. આ બધા હેતુઓ લક્ષ્યમાં રાખીને જણાવે છે કે; ''વિશિષ્ટસંજ્ઞીલોકભિન્નલોકમાં તીર્થંકરના દેશનાકિરણો તત્ત્વજ્ઞાનપ્રાપ્તિરૂપ પ્રકાશ નહીં પાથરતા હોવાથી તે, વિશિષ્ટ સંજ્ઞીલોકભિન્નલોક, અંધતુલ્ય ગણવો''=તથાહિ=વ્યવહારનયવાદી='सर्वप्रदीपा भगवंतः' સર્વ લોક તરફ (કેવલ વિશિષ્ટસંજ્ઞીલોક તરફ નહીં પરંતુ સંજ્ઞીલોક વિગેરે સર્વલોક તરફ) ભગવંતો દીવા જેવા છે. અર્થાત્ વિશિષ્ટ સંજ્ઞીલોક અને વિશિષ્ટસંજ્ઞીલોકભિન્નસંજ્ઞીલોક તરફ ભગવંતો દીપરૂપ છે. તથાચ-'ભગવંતો સર્વલોક તરફ દીવા જેવા છે' એમ કહેવામાં વ્યવહારની મુખ્યતા-પ્રધાનતાનો સ્વીકાર કરેલો થાય, ન કે વસ્તુતત્ત્વનો સ્વીકાર. કારણ કે; જેમ પ્રદીપ એજ દીપક છે. અપ્રદીપ પણ નથી. પ્રદીપ, બની શકતો નથી. કટ (ચટાઈ) કુટી

---

સંજ્ઞાદ્વારા) ઘણા લાંબા સમય ઉપર બનેલી વાતને યાદ કરી રાખવાની શક્તિ તેમજ હવે શું કરવું એ પ્રકારની ભવિષ્યના અર્થ સંબંધી વિચાર કરવાની શક્તિ જે જીવને હોય તે "સંજ્ઞી" કહેવાય છે આનું બીજું નામ સમનસ્ક-મનવાળા છે.

१ 'लोचनाभ्यां विहीनस्य प्रदीपः किं करिष्यति' इति वाक्यमत्र न विस्मरणीयम्.

(ઝુંપડી-પર્ણશીલા) વિગેરે, અપ્રદીપપણામાં રૂઢ જ છે. કટકુટી વિગેરે, અપ્રદીપ કહેવાય અને પ્રદીપ તે પ્રદીપ જ કહેવાય એમ વ્યવહારનય વદે છે. તથાચ ભગવંતો પણ સર્વ લોક તરફ દીવા જેવા છે. કેટલાક લોક તરફ દીપકરૂપ ભગવંતો સ્વકાર્ય (તત્ત્વજ્ઞાનરૂપ પ્રકાશ કાર્ય) ન કરી શકે તેટલા માત્રથી અપ્રદીપ ન કહેવાય પરંતુ પ્રદીપ જ કહેવાય. નિશ્ચયનયવાદી=ઋજુસૂત્ર વિગેરે રૂપ નિશ્ચયનયથી તો, જે, જેમાં (જેના પ્રત્યે) ઉપયોગી નથી (ઉપયોગનો-કામનો-લાભકારક નથી) તે, તેની અપેક્ષાએ કાંઈ નથી. (અકિંચિત્કર-અન્યથા સિદ્ધ છે.) આ નિશ્ચયનયના સિદ્ધાંતના અનુસારે, ભગવંતો પણ વિશિષ્ટસંજ્ઞીલોકભિન્ન લોકમાં (લોક તરફ) ઉપયોગી નહીં થતા હોવાથી અર્થાત્ પોતાનું તત્ત્વજ્ઞાનરૂપપ્રકાશકાર્ય નહીં કરનારા હોવાથી, વિશિષ્ટસંજ્ઞિલોકભિન્નલોકરૂપ અંધ પ્રત્યે અપ્રદીપ જ કહેવાય. કારણ કે; ગુરૂલાઘવ=ગુરૂ-નિશ્ચયનય અને તેનાથી જુદો તે લઘુ-વ્યવહાર, તેનો ભાવ-પણું તે 'ગુરૂલાઘવ' આ બંને પક્ષમાં સત્ય અર્થ વિષયવાળો અને સમ્યગ્ભાવ ગ્રાહક હોઈ ગુરૂપક્ષ જ આશ્રય કરવા લાયક છે. લઘુપક્ષ નહીં. આ પ્રમાણેના 'તત્ત્વપક્ષની' ઉપેક્ષા કરવારૂપ-ગુરૂ લાઘવની અપેક્ષાનો અભાવ હોઈ તત્ત્વાનુભવપ્રાપ્તિશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ હોવાથી (અથવા ગુણદોષ વિષયક ગુરૂ લાઘવને આશ્રી બુદ્ધિશાલીની પણ ક્વચિત્ વ્યવહારથી પણ તત્ત્વોપલંભશૂન્ય પ્રવૃત્તિ થાય, આ ન્યાય અહીં નથી, એથી જ તેના નિષેધ સારૂ કહે છે કે 'અનપેક્ષિત ગુરૂ લાઘવ'-ગુરૂ લાઘવની અપેક્ષા વગર તત્ત્વોપલંભશૂન્ય પ્રવૃત્તિની સિદ્ધિ હોવાથી) અર્થાત્ ગુરૂ લાઘવની અપેક્ષા સિવાય માત્ર વ્યવહાર પક્ષનો જ આશ્રય કરો તો સ્તવનીય (સ્તવવા યોગ્ય-સ્તોતવ્ય અરિહંત ભગવંતો)ના સ્વભાવ-સ્વરૂપ વિષયક સંવિત્તિ (સંવેદન-જ્ઞાન) વાળી પ્રસ્તુત સ્તવરૂપ (લોકપ્રદીપરૂપ સ્તુતિરૂપ) પ્રવૃત્તિના અભાવની સિદ્ધિ હોય, તીર્થંકરના દેશનાકિરણોથી પણ તત્ત્વજ્ઞાનપ્રકાશના અભાવવાળા, વિશિષ્ટસંજ્ઞિલોકભિન્નલોક, અંધતુલ્ય છે. તે અંધ પ્રત્યે અરિહંત ભગવંતો અપ્રદીપ છે.

—ચાલુ વિષયનો ઉપસંહાર—

तदेवंभूतं लोकं प्रति भगवन्तोऽपि अप्रदीपा एव, तत्कार्याकरणादित्युक्तमेतत्, न चैवमपि भगवतां भगवत्त्वायोगः, वस्तुस्वभावविषयत्वादस्य,

ભાવાર્થઃ-તેથી ઉપરોક્ત ચર્ચાથી વિશિષ્ટસંજ્ઞિલોકભિન્નલોકના પ્રત્યે ભગવંતો પણ અપ્રદીપ જ છે. કારણ કે; તેના તરફ સ્વ-પોતાનું કાર્ય નહીં કરવાથી વિગેરે યુક્તિઓ-દલીલો દ્રષ્ટાંતથી પૂરવાર-સાબિત કરી દીધેલ છે.

શંકા-જ્યારે ભગવંતો વિશિષ્ટ સંજ્ઞીલોક પ્રત્યે જ પ્રદીપ જેવા છે અને તદ્ભિન્ન લોકરૂપ અંધ પ્રત્યે અપ્રદીપ જ છે. છતાં ભગવંતોમાં ભગવત્તાની જરાપણ ક્ષતિ-ત્રુટિ-ઉણપ નથી એમ કહેવાય ?

સમાધાન-ભગવંતો વિશિષ્ટ સંજ્ઞિલોક પ્રત્યે પ્રદીપ જ છે. તદ્ભિન્નલોકરૂપ અંધ પ્રત્યે અપ્રદીપ છે. આ નિરૂપણથી ભગવંતોમાં ભગવત્તાનો અભાવ થતો નથી. કારણ કે; આ પ્રકૃતસ્તવનો (ભગવંતોની "લોકપ્રદીપ"રૂપ સ્તુતિનો) વિષય વસ્તુસ્વભાવ છે અને વળી વસ્તુનિષ્ઠ સ્વભાવ વિષયક પ્રકૃતસ્તુતિની પ્રવૃત્તિ છે. એટલે ક્ષતિનો સર્વથા અભાવ છે. આવી સ્તુતિથી તો ભગવંતોની ભગવત્તા, શાશ્વતી સ્થાપિત થાય છે.

-ભગવંતોની ભગવત્તા વસ્તુસ્વભાવને વિપરીત કરવામાં નથી એ વિષય પર પ્રકાશ–

तदन्यथाकरणे तत्तत्त्वायोगात्, स्वो भावः स्वभावः, आत्मीयासत्ता, स चान्यथा चेत्ति व्याहतमेतत्, किंच-एवमचेतनानामपि, चेतनाऽकरणे समानमेतदित्येवमेव भगवत्त्वायोगः, इतरेतरकरणेऽपि स्वात्मन्यपि तदन्यविधानात्, यत्किञ्चिदेतदिति, यथोदितलोकापेक्षया लोकप्रदीपाः १३ ।

ભાવાર્થ-જીવ આદિ વસ્તુસ્વભાવને પલટાવી દે તો વસ્તુસ્વભાવનું સ્વભાવપણું ઉડી જાય-અસ્ત થાય ! (અમુકના પ્રત્યે પ્રદીપરૂપ અને અમુકના પ્રત્યે અપ્રદીપરૂપ એ પણ એક વસ્તુસ્વભાવ છે. જેના પ્રત્યે અપ્રદીપરૂપ છે. તેના પ્રત્યે પ્રદીપત્વ ધારણારૂપ અન્યથા કરણ-પલ્ટો કરવામાં ભગવંતોમાં તાદૃશ ભગવત્તા નથી. અર્થાત્ ભગવંતોની તેવી ભગવત્તા નથી કે પદાર્થો જે સ્વભાવમાં હોય તેને સ્વભાવથી હટાવી પરભાવમાં પલટાવી શકે ! અને જૈનદ્રષ્ટિએ તેવી ભગવત્તા છે જ નહીં કે 'પદાર્થોને સ્વભાવથી અન્યથા કરે')

-સ્વભાવનું મંથન-

સ્વ-ભાવ-પોતાની સત્તા (સ્વરૂપ-સ્વગત અનંત ધર્મોની વિદ્યમાનતા) આત્મીય સત્તા તે સ્વભાવ. (સ્વાત્મવૃત્તિયાવત્ ધર્મોની અસ્તિતા) સ્વકીય સત્તાનો ત્યાગ કરી (સ્વભાગ) પરકીય-પારકી સત્તારૂપ બને છે અર્થાત્ સ્વભાવ, પરભાવરૂપ છે એમ બોલવું 'મે માત વંધ્યાવત્' વ્યાહત-પરસ્પર વિરૂદ્ધ છે. અતએવ સ્વભાવ એટલે આત્મીયસત્તા, પરકીય સત્તારૂપ કદી થતી જ નથી એ નિર્વિવાદ-અવિસંવાદ-નિરપવાદ છે.

-ઉભગવત્તાપ્રસંગનું ખૂબીભર્યું નિરાકરણ-

વળી-એ પ્રમાણે અવિષય (તથાવિધઅયોગ્ય) ગત અસામર્થ્યપ્રયુક્ત-અભગવત્તારૂપ પ્રસંગ આવતો હોય તો એમ કહીએ છીએ કે; અચેતનરૂપ ધર્માસ્તિકાય વિગેરેને પણ ચેતન નહીં બનાવવામાં, પૂર્વે કહેલ અભગવત્તાના પ્રસંગ (આપત્તિ-દોષ) ના સરખો જ આ ભગવત્તાનો પ્રસંગ છે.

તથાહિ-વિશિષ્ટ સંજ્ઞિલોકભિન્ન લોકપ્રત્યે ભગવંતો અપ્રદીપ છે. જ્યારે આમ કહેવામાં આવ્યું ત્યારે વાદી કહે છે કે 'તો પછી તે ભગવાન્-પ્રભુ-ઈશ્વર-સમર્થ શાના ?' આમ કહી વાદીએ 'અભગવત્તાનો પ્રસંગ' આપ્યો હતો હવે એના જવાબમાં કહીએ કે; 'અચેતનને ચેતન નહીં કરવામાં અભગવત્તાનો પ્રસંગ અને પૂર્વપ્રસંગ એક સરખો છે. કારણ કે; ઉભયત્ર અવિષય (તથાવિધઅયોગ્ય) ગત સામર્થ્યનો અભાવ છે. અતએવ અવિષય (અયોગ્ય) ગત અસામર્થ્ય પ્રયુક્ત અભગવત્તા, એ કોઈ પ્રસંગ (આપત્તિ-દોષ) માનતો નથી. કારણ કે; એવો જ વસ્તુસ્વભાવ છે. કદાચ ભગવંતોમાં ચેતનઆદિને અચેતનઆદિ કરવાનું (અન્યથા કરવાનું) સામર્થ્ય હોવું જોઈએ એમ માનવામાં આવે તો, પોતામાં (પોતાના આત્મામાં) પણ ચેતનત્વ આદિ ભિન્ન અચેતનત્વ આદિ કરવું. (અથવા સમ્યગ્દર્શન આદિ ભિન્ન મહામિથ્યાદ્રષ્ટિ આદિ

---

१ પૂર્વકથિત વિશિષ્ટ સંજ્ઞીલોક ભિન્નલોક તરફ અપ્રદીપપણાની તો વાતજ શી કરવી પણ એ 'અપિ' શબ્દનો અર્થ સમજવો.

કરવું) થાય ! આ કદી બનતું નથી. અર્થાત્ ચેતન, અચેતનરૂપ અને અચેતન, ચેતનરૂપ એમ બની શકતું નથી. ત્રણેય કાલમાં જીવ એ જીવ. અને અજીવ એ અજીવ. નહિતર જગતમાં જડચેતનના ભેદ અનાદિકાળથી છે તે રહે નહીં પદાર્થસ્થિતિની વ્યવસ્થાનો અભાવ કે અનવસ્થા થઈ જાય ! વળી અભગવત્તાપ્રસંગ, (આપત્તિ-દોષ) એ કોઈ આપત્તિ નથી, અસાર-અતત્ત્વ-કે અપ્રમાણરૂપ છે.

એવંચ વિશિષ્ટસંજ્ઞીલોક (યોગ્યલોક)ની અપેક્ષા રાખીને જ "લોકપ્રદીપ" રૂપ ભગવંતો સમજવા ઈતિ-આ. પ્રમાણે શક્રસ્તના "लोकप्रदीप"રૂપ ૧૩ મા પદનું વ્યાખ્યાન સમાપ્ત જાણવું.

-શક્રસ્તવના "लोकप्रद्योतकर'રૂપ ૧૪ મા પદનું વિશદવિવરણ-

तथा 'लोकप्रद्योतकरेभ्यः' इह यद्यपि लोकशब्देन 'प्रक्रमाद्भव्यलोक उच्यते,

भव्यानामालोको वचनांशुभ्योऽपि दर्शनं यस्यात् ॥

एतेषां भवति तथा तदभावे व्यर्थ आलोकः ॥ १ ॥

इति वचनात्, तथाप्यत्र लोकध्वनिनोत्कृष्टमतिः भव्यसत्त्वलोक एव गृह्यते, तत्रैव तत्त्वतः प्रद्योतकरणशीलत्वोपपत्तेः,

ભાવાર્થ-તથા='સમુદાયોમાં પ્રવર્ત્તેલ શબ્દો અવયવોમાં પણ અનેક પ્રકારે પ્રવર્તે છે' એ પૂર્વોક્તન્યાય દર્શાવવા સારૂ કહે છે કે; 'લોકને વિષે પ્રદ્યોત કરનારા એવા અરિહંત ભગવંતોને ભક્તિપૂર્વક વંદન હો.'

જો કે અહીં-'લોકપ્રદ્યોતકર' એ પદઘટકલોકશબ્દથી, પ્રકમથી (આલોકશબ્દના અર્થરૂપ પ્રદ્યોત ઉપન્યાસાન્યથાનુપપત્તિ-અવિનાભાવ-વ્યાપ્તિ-હેતુથી) ભવ્યલોક કહેવાય છે. મતલબ કે; ભવ્યલોકનું ગ્રહણ ન કરો તો આ લોકશબ્દવાચ્યપ્રદ્યોતના ઉપન્યાસની ઉપપત્તિ (ઘટવાપણું) ન થઈ શકે. અત એવ આલોકશબ્દ વાચ્યપ્રદ્યોતનો ઉપન્યાસ હોઈ (અર્થાપત્તિથી) ભવ્યલોકની ઉપસ્થિતિનો સ્વીકાર કરાય છે.

(પ્રદ્યોતરૂપપ્રક્રમ-ઉપક્રમ, તાત્પર્યગ્રાહક કોઈ પ્રકમથી ભવ્યલોકરૂપ તાત્પર્યનું ગ્રહણ કરાય છે.)

-ભવ્યોને જ સમ્યગ્દર્શનના હેતુભૂત શ્રુતાવરણક્ષયોપશમરૂપ પ્રકાશ-આલોક થાય છે. આ વિષયની અન્વયવ્યતિરેકથી વિચારણા-

અન્વય=પ્રકાશના પ્રધાનકારણરૂપ વચનકિરણોથી પણ (આનાથી જુદા હેતુઓનું તો પૂછવું જ શું પણ-એ અપિશબ્દનો અર્થ લેવો) દર્શન (પ્રકાશ્ય-પ્રકાશ વિષય પદાર્થ વિષય અવલોકન-દેખવું જાણવું વિગેરે) ભવ્યોને વર્તે છે.-તથા દર્શન-જેવી દૃશ્યવસ્તુ છે તેવું જ દેખવું વર્તે છે. અર્થાત્ વચનજ્યોત્સનારૂપ હેતુ હોયે છતે ભવ્યોને પ્રકાશ્ય-દૃશ્ય વિષયક યથાર્થદર્શન-જ્ઞાન વર્ત્તે છે.

---

१ 'आलोकशब्दवाच्यप्रद्योतोपन्यासान्यथानुपपत्तेः' ભવ્યલોક શબ્દની ઉપસ્થિતિનો અભાવ હોયે છતે, આલોકશબ્દવાચ્યપ્રદ્યોતનો ઉપન્યાસ ન હોય અર્થાત્ ભવ્યલોકશબ્દની ઉપસ્થિતિ હોય તો જ આલોકશબ્દવાચ્યપ્રદ્યોતનો ઉપન્યાસ હોય છે. કારણ કે; હેતુપ્રયોગ બે પ્રકારનો છે. -'सत्येव साध्ये हेतोरूपपत्तिस्तथोपपत्तिः, असति साध्ये हेतोरनुपपत्तिरेवान्यथानुपपत्तिः'

प्रक्रमः-उपक्रम=तात्पर्यनिर्णायको हेतुविशेषः । यथा वेदान्तिनां मते 'उपक्रमोपसंहारावभ्यासोऽपूर्वता फलम् । अर्थवादोपपत्ती च हेतुस्तात्पर्यनिर्णये ॥ इत्यादौ (वाच०) तथाचेति श्लोकोक्तानुपक्रमादीनि ग्रन्थतात्पर्यग्राहकाणि ॥

વ્યતિરેક-પ્રકાશના પ્રધાન કારણરૂપ પ્રવચન કિરણોથી, તથા દર્શન, અભવ્યોને વર્ત્તતું જ નથી.

શંકા=ભવ્યમાત્રને પણ વચનકિરણોથી આલોકમાત્રનો અભાવ હોઈ આ નિયમ કેમ ઘટે ?

સમાધાન=જે ભવ્યોમાં તથાદર્શનરૂપ કાર્યનો અભાવ છે તે ભવ્યોના પ્રત્યે આલોકરૂપ કારણ, અકિંચિત્કર-અનુપયોગી-નકામો છે." અર્થાત્ તે આલોક જ કહેવાતો નથી. કારણ કે; જે સ્વ (પોતાનું) કાર્યકારી હોય તે જ વસ્તુ કહેવાય છે. (સ્વકાર્યકારિત્વ વસ્તુનઃ લક્ષણમ્) અને આવું એવંભૂત[1] શ્રુતનય-વચનનું પ્રમાણપણું છે.

અર્થાત્ પૂર્વોક્ત અનુમાન પ્રમાણ અને શબ્દ પ્રમાણદ્વારા અહીં લોકશબ્દથી ભવ્યલોક લેવો જોઈએ તો પણ આ સૂત્રમાં ('લોકપ્રદ્યોતકર' સૂત્રમાં) રહેલ લોકશબ્દથી, ઉત્કૃષ્ટ પ્રતિભા સંપન્ન (૨ઔત્પાતિકીવિગેરે વિશિષ્ટબુદ્ધિવૈભવ સંપન્ન-ગણધરપદપ્રયોગ્ય-પ્રતિષ્ઠાપ્ય) ભવ્ય સત્ત્વ-પ્રાણિ લોક જ લેવાય છે. બીજા ભવ્યો નહીં. તથાચ સર્વશ્રેષ્ઠ પ્રખર પ્રતિભાના સ્વામી ગણધરરૂપ ભવ્યલોકનું જ લોકશબ્દથી અહીં ગ્રહણ કરાય છે. કારણ કે; સર્વાતિશાયિબુદ્ધિલક્ષ્મીપતિગણધર પદની યોગ્યતા વિશિષ્ટ ભવ્યલોક પ્રત્યે ભગવંતો તત્ત્વથી-નિશ્ચયવૃત્તિથી પ્રદ્યોત-પૂર્વોક્ત પ્રકાશ પાથરવાના સ્વભાવવાળા છે. તથાહિ-જે પ્રથમ (પ્રારંભિક-પહેલવહેલા-શરૂઆતના) સમવસરણમાં જ અરિહંતે આપેલી ત્રિપદી (૧માતૃકારૂપ પદયત્રી) ને સાંભળવાથી પ્રદ્યોત (પ્રકાશ-પ્રકાશ્યવિષયકતથાદર્શન) ની પ્રવૃત્તિ થયે છતે, સકલ અભિલાપ્ય રૂપ પ્રદ્યોત્ય-પ્રકાશ્ય જીવાદિ સાત (નવ) તત્વોના આરપાર દ્રષ્ટા, સકલશ્રુત-ગ્રંથના પ્રણેતા તત્કાળ-તરત જ થાય છે. તે અહીં સર્વશ્રેષ્ઠ પ્રતિભા સંપન્ન ભવ્યલોક લેવો. કારણ કે; ઉપ્પન્નેઈ વા (૧) વિગમેઈ વા (૨) ધુવેઈ વા (૩) આ ત્રણ પદના સમૂહરૂપ ત્રિપદીના[2] ઉપન્યાસદ્વારા, સર્વોત્તમ મતિમાલીક ભવ્ય લોકમાં જ તત્ત્વથી પ્રદ્યોતને કરવાનો-સ્વભાવ ભગવંતનો છે.

---

૧ શબ્દના અર્થ વિશેષને શોધવામાં તત્પર અધ્યવસાય 'એવંભૂત' કહેવાય છે. ખાસ કરીને શબ્દથી ઉદ્ભવતા અર્થ પ્રમાણે ક્રિયા થતી હોય ત્યારે જ તે વસ્તુનો ને શબ્દથી વ્યવહાર થઈ શકે એમ સ્વીકારનારા અધ્યવસાયને 'એવંભૂતનય' કહેવામાં આવે છે. જેમકે ગોશબ્દથી જે ગાય, ગમનક્રિયા કરતી હોય તે જ ગાયનો વ્યવહાર થઈ શકે, નહિ કે બીજી સૂતેલી કે બેઠેલી ગાયનો, એમ આ માને છે,

૨ અશ્રુતનિશ્રિત મતિના ચાર ભેદોઃ-(૧) ઔતપાતિકી="રોહા"ની જેમ જાણ્યું કે જોયું ન હોય અને પ્રસંગે (અવસરે) જે સ્ફૂરે તે. (૨) વૈનયકીબુદ્ધિ=વિનય કરતાં પ્રાપ્ત થયેલી બુદ્ધિ જેનાથી પગલું માત્ર જોવાથી હાથણી વિગેરેને જાણનાર વિદ્યાર્થીની જેમ જાણી શકાય છે. (૩) કર્મજા બુદ્ધિ=વિનય કરતાં કરતાં પેદા થાય તે. જેમકે-ખેડૂતની ખેતીસંબંધી બુદ્ધિ, આ બુદ્ધિ "કાર્મિકી' એવા નામથી ઓળખાય છે. (૪) પરિણામિકી બુદ્ધિ=વયના (ઉંમરના) પરિપાકથી થનાર સમ્યગ્દ્રષ્ટિની બુદ્ધિ (જે આર્યવજસ્વામી મહારાજ આદિને હતી.)

૧ માતૃકા=જૈનશાસનની જનેતા રૂપ, મૂળાક્ષર, આદ્યંક, બારાખડી રૂપ.

૨ ભગવાનશ્રી જીનેશ્વરદેવોના શ્રીમુખેથી ત્રિપદીનું શ્રવણ કરવા માત્રથી જ, ગણધર ભગવાનોના આત્માઓમાં રહેલું દ્વાદશાંગીની રચના કરવા જોગું અદ્‌ભુત સામર્થ્ય આવિર્ભૂત થાય છે. કોઈ કહેશે કે–ભગવાન શ્રી જિનેશ્વરદેવથી ઉચ્ચારાએલી

સબબ કે, ભગવંતોની પ્રદ્યોતક (પ્રદ્યોતકારક) શક્તિનો, સર્વશ્રેષ્ઠ પ્રતિભાશાલી-ગણધર પદયોગ્ય-ભવ્યલોકમાં જ સર્વાંશે (સર્વાત્મના-સકલપણાએ-પરિપૂર્ણરીતે) ઉપયોગ થાય છે. વાસ્તે 'લોકપ્રદ્યોતકરનો' અર્થ-'સર્વોત્કૃષ્ટ મતિવૈભવ સંપન્નગણધરપદ યોગ્ય-ભવ્ય લોક પ્રત્યે પ્રદ્યોત કરવાના સ્વભાવવાળા' જે કરેલ છે તે સુસંગત-સમંજસ-સરસ છે.

—આજ અર્થનું મુક્તિપુરસ્સર સમર્થ સમર્થન—

अस्ति च चतुर्दशपूर्वविदामपि स्वस्थाने महान् दर्शनभेदः, तेषामपि परस्परं षट्स्थानपतितत्वश्रवणात्,

ભાવાર્થ-વળી આ એક સિદ્ધ હકીકત છે કે; ચૌદ પૂર્વના જ્ઞાતા પુરૂષોમાં પણ (એમનાથી જુદા પુરૂષોનું તો પૂછવું જ શું પણ) ચતુર્દશ[1] પૂર્વલબ્ધિ (શક્તિ વિશેષ) રૂપ સ્વસ્થાનરૂપ વિષયમાં મોટો દર્શન ભેદ-દૃશ્ય પદાર્થ વિષયક પ્રતીતિ-જ્ઞાનમાં ભેદ-વિશેષ-તરતમતા-ન્યૂનાધિકભાવ-ફારફેર-અંતર-જુદાઈ-તફાવત છે-વર્તે છે. કારણ કે; ચૌદ પૂર્વના વેત્તાઓ પણ (જેઓ અપૂર્ણ-અલ્પશ્રુતગ્રંથના જાણ છે તેઓની વાત જ શી કરવી ? પણ એ અપિ શબ્દનો અર્થ લેવો.) પરસ્પર[2] (અન્યોન્યઆપસ આપસમાં-પોતપોતામાં-અંદર

---

ત્રિપદીમાં એવું તે કેવુંક સામર્થ્ય, કે જે ત્રિપદીને પામતાની સાથે જ ગણધર ભગવાનો દ્વાદશાંગીની રચના કરી શકે અને જે ત્રિપદીને પામ્યા વિના ગણધર ભગવાનોના આત્માઓથી પણ દ્વાદશાંગીની રચના થઈ શકે નહીં ? વિચારવા જેવી વાત છે ને ?

૧ ચૌદ પૂર્વની નામાવલી=૧. ઉત્પાદ પૂર્વ ૨. અગ્રાયણીય પૂર્વ ૩. વીર્યપ્રવાદ પૂર્વ ૪. અસ્તિપ્રવાદ પૂર્વ ૫. જ્ઞાનપ્રવાદ પૂર્વ ૬. સત્યપ્રવાદ પૂર્વ ૭. આત્મપ્રવાદ પૂર્વ ૮. કર્મપ્રવાદ પૂર્વ ૯. પ્રત્યાખ્યાન પૂર્વ ૧૦. વિદ્યાપ્રવાદ પૂર્વ ૧૧. કલ્યાણ પૂર્વ ૧૨. પ્રાણાવાય પૂર્વ ૧૩. ક્રિયાવિશાલ પૂર્વ ૧૪. લોકબિંદુસાર પૂર્વ.

૨ 'માંહે માંહે પૂરવધરા, અક્ષર લાભે સરિખા, છઠ્ઠાણ વડીયા ભાવથી તે શ્રુતમતિય વિશેખા"-શ્રુતજ્ઞાન ચૈત્યવંદને. પૂર્વધર ભગવંતો, પરસ્પર અક્ષર જ્ઞાને કરી સરિખા છે. પણ ભાવથી (પદાર્થના જ્ઞાનથી) છ સ્થાન (અનંત ભાગાધિક-અસંખ્ય ભાગાધિક-સંખ્યેય ભાગાધિક-સંખ્યેય ગુણાધિક-અસંખ્યેય ગુણાધિક-અનંત ગુણાધિક અથવા હાનિના છ સ્થાન લેવા) માં રહેલા છે.

ચૌદ-પૂર્વધરો પરસ્પર હાનિ-વૃદ્ધિરૂપ છ સ્થાનમાં રહેલા છે. તે ષટ્સ્થાનકનું આછું સ્વરૂપ=પરસ્પર ચતુર્દશપૂર્વધરગતપદાર્થ પ્રતીતિરૂપ દર્શનમાં ભેદ, ક્ષયોપશમની વિચિત્રતાથી ષટ્સ્થાન પતિત હોય છે તે ષટ્સ્થાનક વૃદ્ધિપ્રકારમાં તથા હાનિપ્રકારમાં એમ. બે પ્રકારે છે. -તથાહિ-અહીં વૃદ્ધિ બે પ્રકારની છે. એક ભાગવૃદ્ધિ અને બીજી ગુણવૃદ્ધિ. તેમાં પ્રથમ ભાગવૃદ્ધિ-એકસંખ્યાને અમુક સંખ્યાયે ભાગ આપવાથી જે આવે તે વધારવું તે ભાગવૃદ્ધિ કહેવાય. તેના ત્રણ ભેદો છે. (૧) અનંતભાગવૃદ્ધિ (૨) અસંખ્યભાગવૃદ્ધિ (૩) સંખ્યાતભાગવૃદ્ધિ તથા બીજી ગુણવૃદ્ધિ-એક સંખ્યાને અમુક સંખ્યાયે ગુણાકાર કરવાથી જે આવે તે વધારવું ગુણવૃદ્ધિ કહેવાય. તે પણ ત્રણ પ્રકારે છે. (૧) સંખ્યાત ગુણવૃદ્ધિ (૨) અસંખ્ય ગુણવૃદ્ધિ (૩) અનંત ગુણવૃદ્ધિ આ ત્રણ ભાગવૃદ્ધિ અને ત્રણ ગુણવૃદ્ધિ મળીને છયે વૃદ્ધિષટ્સ્થાનક કહેવાય છે. તેજ પ્રમાણે હાનિસ્વરૂપમાં પણ હાનિષટ્સ્થાનક કહેવાય છે.

(૧) અનંત ભાગવૃદ્ધિ=વિવક્ષિત સંખ્યાને સર્વ જીવની અનંત સંખ્યાયે ભાગ આપવાથી જે આવે તેટલું વિવક્ષિત સંખ્યામાં વધારવું તે. (૨) અસંખ્યેય ભાગવૃદ્ધિ=વિવક્ષિત સંખ્યાને અસંખ્ય લોકાકાશના પ્રદેશ રાશિયે ભાગ આપવાથી જે

અંદર-માંહેમાંહે) અનંત ભાગવૃદ્ધિ-અસંખ્યેય ભાગવૃદ્ધિ-સંખ્યેય ભાગવૃદ્ધિ-સંખ્યેય ગુણવૃદ્ધિ-અસંખ્ય ગુણવૃદ્ધિ-અનંત ગુણવૃદ્ધિરૂપ છ વૃદ્ધિના સ્થાનમાં તથા અનંત ભાગહાનિ-અસંખ્ય ભાગહાનિ-સંખ્યાત ભાગહાનિ-સંખ્યેય ગુણહાનિ-અનંત ગુણહાનિરૂપ છ હાનિના સ્થાનમાં રહેલા છે. એમ શાસ્ત્રવચનની પ્રાપ્તિ છે. અર્થાત્ ચૌદ પૂર્વધરોના પરસ્પર, પદાર્થ પ્રતીતિરૂપ દર્શન વિષયમાં છ વૃદ્ધિ તથા છ હાનિના સ્થાનો શાસ્ત્રકારે શાસ્ત્રમાં દર્શાવેલા છે. અતએવ ચૌદપૂર્વીઓનો સ્વસ્થાનમાં મોટો દર્શન વિષયક ભેદ સિદ્ધ થાય છે.

–ઉપરોક્ત વિષયને યુક્તિ કે દલીલોદ્વારા સાબીત કરતાં પહેલાં પદાર્થપ્રતીતિરૂપ (શ્રુતવરણાદિક્ષયોપશમરૂપ) પ્રકાશને સર્વથા અભિન્ન-એકરૂપ માનવામાં મોટો પૂર્વધરગત પારસ્પરિક દર્શનવિષયકભેદ ન ઘટી શકે એ વિષયની લંબાણપૂર્વકની ચર્ચા-

न चायं सर्वथा प्रकाशाभेदे, अभिन्नो ह्येकान्तेनैकस्वभावः, तन्नास्य दर्शनभेदहेतुतेति, स हि येन स्वभावेनैकस्य सहकारी तत्तुल्यमेव दर्शनमकुर्वन्न तेनैवापरस्य, तत्तत्त्वविरोधादिति भावनीयं, इतरेतरापेक्षो हि वस्तुस्वभावः, तदायत्ता च फलसिद्धिरिति, उत्कृष्टचतुर्दशपूर्वविल्लोकमेवाधिकृत्य प्रद्योतकरा इति [1]लोकप्रद्योतकराः १४ ।

ભાવાર્થ-શ્રુત આવરણ આદિ ક્ષયોપશમરૂપ પ્રકાશને સર્વથા એકસરખો-એક આકારરૂપે માનો તો, પૂર્વધરોનો પરસ્પર મોટા દર્શનવિષયકભેદનો અભાવ થાય ! મતલબ કે; જે અભિન્ન હોય તે એકાંતે-નિયમવૃત્તિથી એક સ્વભાવરૂપ-એકરૂપ હોય, અતએવ નાનારૂપ પણ અભિન્ન હોઈ એકાંતે એક સ્વભાવએકરૂપ કહેવાય.

તથાચ એકરૂપ પ્રકાશમાં બીજા-ત્રીજા-ચોથા આદિ સ્વભાવનો અભાવ સુતરાં થાય જ આવો ભાવ સમજવો. તેથી શ્રુતઆવરણઆદિ ક્ષયોપશમરૂપ પ્રકાશનું એકસ્વભાવપણું થવાથી દૃશ્યવસ્તુપ્રતીતિભેદના પ્રત્યે તથાપ્રકાશની કારણતાનો અભાવ થઈ જાય !

આજ વસ્તુને વ્યક્ત કરતાં કહે છે કે; તે શ્રુત આવરણ આદિ ક્ષયોપશમરૂપ પ્રકાશ જે, આત્મગત સ્વભાવથી એક દ્રષ્ટાને સાધ્યરૂપદર્શન ક્રિયામાં, સહાયક-સહકારી-મદદગાર થાય છે. પ્રથમ દૃષ્ટસગવેત દ્રશ્યદર્શનરૂપબોધસદૃશવસ્તુ બોધરૂપ દર્શનને નહીં કરતો, પ્રથમ દૃષ્ટસહકારિ સ્વભાવથી બીજા દ્રષ્ટાને. તે

---

આવે તેટલું વિવક્ષિતસંખ્યામાં વધારવું તે. (૩) સંખ્યાત ભાગવૃદ્ધિ=વિવક્ષિત સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાતાએ ભાગ આપવાથી જે આવે તેટલું વિવક્ષિત સંખ્યામાં વધારવું. (૪) સંખ્યાત ગુણવૃદ્ધિ=વિવક્ષિત સંખ્યાને ઉત્કૃષ્ટ સંખ્યાતાએ ગુણાકાર કરવાથી જે આવે તેટલું વિવક્ષિત સંખ્યામાં વધારવું તે, (૫) અસંખ્યાત-ગુણવૃદ્ધિ=વિવક્ષિત સંખ્યાને અસંખ્ય લોકાકાશ પ્રદેશ રાશિએ ગુણતાં જે આવે તેટલું વિવક્ષિત સંખ્યામાં વધારવું તે. (૬) અનંત ગુણવૃદ્ધિ=વિવક્ષિત સંખ્યાને સર્વ જીવની અનંત સંખ્યાએ ગુણાકાર કરવાથી જે આવે તેટલું વિવક્ષિત સંખ્યામાં વધારવું તે. વૃદ્ધિના સ્વરૂપ પ્રમાણે હાનિનું સ્વરૂપ પણ જાણવું માત્ર તેમાં હાનિ કરવાનું જાણવું.

[1] इय गणहरलोयस्स व सुहुमपयत्थप्पयासणेण जिणा ॥
लोगप्पज्जोयगरा जे हुंति रविच्च तेसि नमो ॥ ५५ ॥ श्री दे. चै. श्रीधर्म. संघाचारविधौ, पृ. ૩૦૦

પ્રકાશ, સાધ્યરૂપ દર્શનક્રિયામાં સહકારી થતો નથી. કારણ કે; ભિન્નભિન્ન દર્શનક્રિયામાં, અપર (બીજા) દ્રષ્ટાના સહકારિભૂત એક સ્વભાવવાળા પ્રકાશમાં વાદીએ (પરે) માનેલ અપરદ્રષ્ટાના સહકારિપણાની અપેક્ષાએ પ્રથમ દૃષ્ટ સહકારિત્વનો અભાવ છે. અર્થાત્ અપરદૃષ્ટ સહકારિત્વ, પ્રતિબંધક હોઈ અપરદૃષ્ટ સહકારિભૂત એક સ્વભાવવાળા પ્રકાશમાં પ્રથમ દૃષ્ટ સહકારિત્વનો અભાવ છે. (તે પ્રકાશ, જે સ્વભાવથી કોઈ એક પૂર્વવેત્તાને સહકારી છે. તેના સરખું દર્શનને નહીં કરતો બીજા પૂર્વધરનો તેજ સ્વભાવથી સહકારી થતો નથી. કારણ કે; અભિન્ન-એક પ્રકાશપણાનો અભાવ છે.)

તથાચ એક સરખો પ્રકાશ માનો તો તમામ દ્રષ્ટાઓમાં એકસરખું દર્શન ઘટી શકે ! પરંતુ કાર્યદ્વારા આપણે નિર્ણય કરી શકીએ છીએ કે; તમામ દ્રષ્ટાઓમાં દર્શન જુદું જુદું છે. વળી દર્શનભેદના કારણભૂત પ્રકાશ, એક સ્વભાવવાળો માનો તો દર્શન પણ એકસરખું જ થાય. વાસ્તે પ્રથમ દ્રષ્ટાનો દ્રશ્યદર્શન સહકારી કારણ પ્રકાશ, જુદા સ્વભાવનો અને બીજા દ્રષ્ટાનો દૃશ્યદર્શન સહકારી, જુદા પ્રકારનો એમ માનો તોજ તમામ વ્યવસ્થા સંગીન જળવાય એટલે જ શાસ્ત્રકાર કહે છે કે; આ વિષયની ખૂબી વિચારણા કરો !

તથાહિ:-'કારણ ભેદપૂર્વક જ નિશ્ચયથી કાર્યનો ભેદ છે.' અવિશિષ્ટ (સામાન્ય-સાધારણ) કારણથી વિશિષ્ટ વિવિધ કાર્યની ઉત્પત્તિના સ્વીકારમાં જગત્પ્રસિદ્ધ-જગજાહેર કારણની વિચિત્રતા, (વિવિધતા-અનેકતા) વ્યર્થ-નિરર્થક થાય ! વળી કાર્ય કારણની વ્યવસ્થામાં ભંગાણ પડે ! કહ્યું છે કે; 'કારણ વગર કાર્યની ઉત્પત્તિ ન થાય.' અન્યકાર્યનું કારણ, સ્વકાર્યનું કારણ ન થાય (પટકારણતંતુ, ઘટનું કારણ ન થાય) જો આ વિગત વિપરીતરીતે એટલે કારણ વિના કાર્ય અને અન્યનું કારણ, સ્વકાર્યનું કારણ માનવામાં આવે તો, અનાદિકાલીન વ્યવસ્થાનો-કાર્યકારણની વ્યવસ્થાનો સદંતર પ્રલય કે ધ્વંસ થાય !

–ઉપરોક્ત વિષયમાં વસ્તુસ્વભાવનું દિગ્દર્શન–

'કાર્ય કારણરૂપ પદાર્થનું પોતાનું સ્વરૂપ, પરસ્પર આશ્રિત-અપેક્ષિત છે' તથાહિ-(૧) કારણરૂપ વસ્તુસ્વભાવ, કાર્યરૂપ વસ્તુસ્વભાવની, અપેક્ષા રાખે છે, તેની આધીનતા સ્વીકારે છે. (૨) કાર્યરૂપ વસ્તુસ્વભાવની અપેક્ષા રાખે છે પરતંત્રતા સ્વીકારે છે. એટલે એ વસ્તુ ફલિત થાય છે કે; કાર્ય સ્વભાવની અપેક્ષાવાળા કારણ સ્વભાવને આધીનપરતંત્ર કાર્યની સિદ્ધિ-ઉત્પત્તિ છે. તથાચ જે પ્રકારનો-જેવો પ્રકાશરૂપ કારણ સ્વભાવ છે. તે પ્રકારનું-તેવું જ દર્શનરૂપ કાર્ય પેદા થાય છે. અતએવ જેવો પ્રકાશ તેવું જ દર્શન થાય છે. અર્થાત્ પ્રકાશભેદરૂપ કાર્યભેદ હોવાથી જ; [1]ઉત્કૃષ્ટ (વૃદ્ધિ પ્રકારના છ સ્થાનવર્તી અથવા અનંતગુણ વૃદ્ધિરૂપ ઉત્કૃષ્ટ વૃદ્ધિસ્થાનગત-સર્વ વિશિષ્ટદર્શન સંપન્ન) અનંતગુણ વૃદ્ધિરૂપ ઉત્કૃષ્ટ વૃદ્ધિસ્થાનગત ચતુર્દશપૂર્વ લબ્ધિદ્વારા ઉત્કૃષ્ટ

---

૧ પ્રજ્ઞાપનીય (અભિલાપ્ય) ભાવો અનભિલાપ્યભાવોના અનંતમા ભાગે છે અને તેમાં વળી પ્રજ્ઞાપનીય ભાવોનો અનંતમો ભાગ જ શ્રુતમાં યોજાયેલો છે. જેટલા પ્રરૂપણીયભાવો છે. એ બધા શ્રુતમાં યોજી શકાતા હોત, તો તેને જાણનારાઓનું જ્ઞાન સમાન કહેવાત. કહેવાનો મતલબ એ છે કે જો કે બધાએ ચૌદ પૂર્વધરો ચૌદ પૂર્વગત અક્ષર

ચતુર્દશપૂર્વના વેત્તારૂપ લોકને જ અધિકારી રાખીને-વિષય કરીને-ઉદ્દેશીને જ (નહીં કે બીજા-છ સ્થાન હીનશ્રુતલબ્ધિવાળા પુરૂષોની અપેક્ષા રાખીને કારણ કે; હીનશ્રુતલબ્ધિવાળા પ્રત્યે ભગવંતોનું પ્રદીપત્વ સમજવું પ્રદ્યોતકરત્વ નહીં.) પ્રદ્યોત કરનારા અરિહંત ભગવંતો છે. સારાંશ કે; ભગવંતની પ્રજ્ઞાપના (દેશના) જન્ય ઉત્કૃષ્ટ પ્રકાશરૂપ ત્રિપદીરૂપ પ્રદ્યોતને પામી જેમણે જાણ્યા છે-સમસ્ત અભિલાપ્ય પદાર્થ સમૂહો એવા ગણધરો જ ઉત્કૃષ્ટ ચતુર્દશ પૂર્વવેત્તાઓ કહેવાય છે. કારણ કે; ગણધરરૂપ અધિકારીઓમાં જ ભગવંતની પ્રજ્ઞાપનાનું, ઉત્કૃષ્ટ પ્રકાશરૂપ પ્રદ્યોત સંપાદનનું સંપૂર્ણ રીતે સામર્થ્ય છે.

અર્થાત્ ભગવંતો ત્રિપદીની પ્રજ્ઞાપનાદ્વારા સકલ અભિલાપ્ય પદાર્થ વિષયક શ્રુતાવરણાદિ ક્ષયોપશમરૂપ ઉત્કૃષ્ટ પ્રકાશરૂપ પ્રદ્યોત, ગણધરોમાં વિનિહિત-સ્થાપિત કરે છે. કારણ કે; ભગવંતની તાદૃશ પ્રજ્ઞાપનમાં એવું જ અપૂર્વ સામર્થ્ય છે.

શંકા-જો આવી જ હકીકત છે તો ગણધર વ્યક્તિભિન્ન વ્યક્તિઓમાં તો ભગવંતના વચનથી પ્રકાશનો અભાવ જ પ્રાપ્ત થશે જ ને ?

સમાધાન-આમ ન બોલો ! કારણ કે; ત્રિપદીરૂપ ભગવંતના વચનથી સાધ્ય-સકલઅભિલાપ્યપદાર્થવિષયક બોધ-દર્શનરૂપ પ્રદ્યોતના એક દેશનો (સર્વાંશે નહીં પરંતુ એક ભાગનો-એક અંશનો) ગણધર ભિન્ન અન્ય વ્યક્તિઓમાં ભગવંતના વચનથી સદ્ભાવ છે. દા.ત. દિગ્દર્શક પ્રકાશનો (દિક્પ્રકાશક સૂર્યના પ્રકાશનો) પૃથગ્ પૃથગ્ પૂર્વવિગેરેદિશાઓમાં જેમ સદ્ભાવ છે. તેમ અહીં સમજવું.

—સામર્થ્યગમ્ય, પ્રદ્યોત્ય-પ્રદ્યોતવિષયપદાર્થનું નિર્ધારણ—

प्रद्योत्यं तु सप्तप्रकारं जीवादितत्त्वं, सामर्थ्यगम्यमेतत्, तथाशाब्दन्यायात्, अन्यथा अचेतनेषु प्रद्योतनायोगः, प्रद्योतनं प्रद्योत इति भावसाधनस्यासम्भवात्,

ભાવાર્થ-સાત પ્રકારના જીવાદિરૂપ તત્ત્વો (જીવ[1]-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષરૂપ સાત પદાર્થો) પ્રદ્યોત્ય-ઉત્કૃષ્ટ પ્રકાશરૂપ પ્રદ્યોતક્રિયાના વિષયરૂપ છે. અહીં-"लोकप्रद्योतकर" એ સૂત્રમાં પ્રદ્યોત્યનું-પ્રદ્યોતવિષયનું

---

લાભ વડે સમાન છે. અર્થાત્ અક્ષરશ્રુતની અપેક્ષાએ બધા ચૌદ પૂર્વધરો સરખા છે, છતાં શ્રુતવિશેષથી-ક્ષયોપશમની વિચિત્રતાથી તેઓ હીનાધિક છે. આથી કરીને ચૌદ પૂર્વધરોને ષટ્સ્થાન પતિત કહ્યા છે. એટલે કે કોઈ ઉત્કૃષ્ટ પૂર્વધર, સર્વ અભિલાપ્ય વસ્તુને જાણે છે. તેમનાથી બીજાઓ ઓછું ઓછું જાણે છે; જે સૌથી ઓછા અભિલાપ્ય ભાવોને જાણે છે, તે જઘન્ય ચૌદ પૂર્વધર છે.

૧-ચૈતન્યલક્ષણવાળી જીવવસ્તુ (૧) ચૈતન્યલક્ષણ રહિત જે જડસ્વભાવી વસ્તુ તે અજીવવસ્તુ (૨) આશ્રવ વસ્તુ=જીવ જેના વડે સુખ ભોગવે તે કર્મ પુણ્ય કહેવાય અને જીવ જેના વડે દુઃખ ભોગવે તે કર્મ પાપ કહેવાય. જીવાજીવને આશ્રયી પેદા થયેલી શુભાશુભ પ્રવૃત્તિ તે આશ્રવ-જીવોમાં કર્મોનું આવવું તે. આમાં પુણ્યપાપનો સમાવેશ થાય છે. (૩) બંધવસ્તુ=જીવની સાથે કર્મોનું જે પરસ્પર મળી જવું-બંધાવું તે (૪) સંવરવસ્તુ-જીવમાં આવતાં કર્મોનું જે રોકાવું. (૫) નિર્જરાવસ્તુ=કર્મોનો જે દેશથી-અલ્પાંશે ક્ષય થવો તે. (૬) મોક્ષવસ્તુ=આત્માની સાથે લાગેલા સર્વ કર્મોનો જે સર્વાંશ-સંપૂર્ણતયા ક્ષય થવો તે. (૭)

સાક્ષાત્ ગ્રહણ નથી કર્યું એટલે જ આ પ્રદ્યોત્ય-પ્રદ્યોતક્રિયાના જીવાદિતત્ત્વરૂપ વિષય, સામર્થ્યથી (શબ્દશક્તિથી) ગમ્ય-ઉપાદેય-જ્ઞેય છે. કારણ કે તેવો શબ્દન્યાય છે. (શબ્દશાસ્ત્ર પ્રસિદ્ધ નિયમન વિશેષરૂપ શાબ્દન્યાય છે.) ક્રિયાના કર્ત્તાની (પ્રદ્યોતકરની) સિદ્ધિ થયે છતે, સકર્મક ધાતુઓમાં ('प्रद्योतयति' 'દર્શાવે છે-પ્રકાશિત કરે છે' વિગેરે સ્થલવર્તી સકર્મક ધાતુઓમાં) નિયમથી-અવશ્ય-સકર્મક ધાતુ વિશેષણરૂપ. ક્રિયાવિષય (ફલાશ્રય)

---

આ સાત તત્ત્વોમાં પ્રથમ જીવનો નિર્દેશ કર્યો છે તેનું કારણ એ છે કે સમગ્ર તત્ત્વોમાં વિચાર કરનાર, પોદ્ગલિક દ્રવ્યોના ગ્રહણાદિક ક્રિયાનો સંચાલક, સાંસારિક કે મુક્તિયોગ પ્રવૃત્તિઓનો વિધાતા જીવ સિવાય અન્ય કોઈ નથી. વળી એના વિના અજીવ તત્ત્વોનો ભાવ પણ કોણ પૂછે ? આથી એને પ્રથમ સ્થાન આપ્યું છે તે યોગ્ય છે. જીવની ગતિ-સ્થિતિ-અવગાહના, વર્તના વિગેરેમાં ઉપકારકતા અજીવપદાર્થ હોવાથી તેને બીજી પંક્તિમાં મુકવામાં આવે તે વાસ્તવિક છે. વિકારી જીવ અને અજીવરૂપ કર્મનો સંશ્લેષ તે સંસાર છે. આના આશ્રવ અને બંધ એ બે મુખ્ય હેતુઓ છે. તેમાં વળી આશ્રવ વિના બંધની હૈયાતી નથી. કેમ કે બંધ, આશ્રવપૂર્વક છે. વાસ્તે આશ્રવને ત્રીજું સ્થાન આપી બંધનો આના પછી નિર્દેશ કરવો વ્યાજબી છે. આના પછી આના પ્રતિપક્ષીરૂપ સંવર અને નિર્જરાનો ઉલ્લેખ કરવો તે સ્થાન છે. કર્મની સંપૂર્ણ નિર્જરા થતા મોક્ષ મળે છે. માટે તેનો અંતમાં નિર્દેશ કરાય તે સમુચિત છે. એટલે કે આ સમગ્ર બ્રહ્માંડના સારરૂપ છે, તે મોક્ષનો અંતમાં નિર્દેશ કર્યો છે. તે સહેતુક છે, કેમ કે ભવ્ય જીવની એ અંતિમ-અનન્ય દશા સૂચવે છે. આ સાત પદાર્થો પર્યાપ્ત છે. કારણ કે જીવ અને અજીવ એ બે મળીને વિશ્વ થયેલું છે. જો સમગ્ર જીવો અને સમસ્ત અજીવ પદાર્થો એક એકથી હંમેશા પૃથગ્ જ રહેતા હોય - કોઈપણ કાળે એ બેનો સંયોગ થતો ન જ હોય, તો તો પછી અન્ય કોઈ વસ્તુની અપેક્ષા રહેતી નથી; પણ જો તે પૈકી કેટલાક પદાર્થો સંયુક્ત હોય અને જ્યારે આ સંસારમાં તો તેમ જ છે (કેમકે સંસારી જીવ અનાદિકાળથી કર્મથી બદ્ધ છે.) ત્યારે તો તે બેના સંબંધ થવાનું કારણ (આશ્રવ) તેનો સંબંધ (બંધ), તે સંબંધનું રોકાણ (સંવર) અને તે સંબંધનો ક્રમિક અને આત્યન્તિકનાશ (નિર્જરા અને મોક્ષ) એટલાનો જ વિચાર કરવો બસ છે. અર્થાત્ આ સાત પદાર્થો ઉપરાંત અન્ય કોઈ પદાર્થની અપેક્ષા રહેતી નથી. જો કે વસ્તુતઃ જીવ અને અજીવ એમ બે જ પદાર્થો છે તો પણ અતિશય સંક્ષેપ પૂર્વકનું કથન કુશાગ્રબુદ્ધિઓને માટે સંભવે છે બાળજીવોને માટે તો જેટલે અંશે મધ્યમ કથન હિતકારી છે તેટલે અંશે અત્યંત સંક્ષિપ્ત કે અત્યંત વિસ્તૃત કથન હિતકારી નથી. વળી જીવ અને અજીવ એ બે પદાર્થોનો જ નિર્દેશ કરવામાં આવે તો બાળ જીવોને હેય અને ઉપાદેય તત્ત્વની શી રીતે સમજ પડે ? આનું તેમને યથાર્થ જ્ઞાન થાય તેટલા માટે આશ્રવ અને બંધ એ બે સંસારના મુખ્ય કારણોનો, હેયતત્ત્વોનો અને સંવર અને નિર્જરા એ બે મુક્તિના પ્રધાનહેતુઓનો-ઉપાદેયતત્ત્વોનો નિર્દેશ આવશ્યક છે. આ ઉપરથી આશ્રવાદિચતુષ્ટયનો ઉલ્લેખ તો સકારણ છે. એમ સમજી શકાય છે. પરંતુ મોક્ષનો ઉલ્લેખ કરવાનું શું કારણ છે એમ જો કોઈ પ્રશ્ન કરે તો તેનો ઉત્તર એ છે કે જે મુખ્ય સાધ્ય છે જે પ્રધાન લક્ષ્યબિંદુ છે તેનો કેમ બહિષ્કાર થઈ શકે ? આથી સાત પદાર્થનો નિર્દેશ સકારણ છે એમ જોઈ શકાય છે. તથાચ જીવોને સુખ ભોગવવામાં હેતુરૂપ અધ્યવસાય દ્વારા આવેલ શુભ કર્મ (પુદ્ગલ) તે "દ્રવ્યપુણ્ય" છે. જ્યારે તે કર્મને ઉત્પન્ન કરનારો અધ્યવસાય (પરિણામ-ભાવ) તે "ભાવપુણ્ય" છે. એવી રીતે જીવોને દુઃખદાયી અશુભ કર્મ તે "દ્રવ્યપાપ" છે, જ્યારે આ અશુભ કર્મને ઉત્પન્ન કરવામાં મૂળ કારણરૂપ અશુભ અધ્યવસાય તે "ભાવપાપ" છે. આ ઉપરથી એ પણ સમજી શકાય છે કે પાપ અને પુણ્યનો આશ્રવ અથવા બંધ તત્ત્વમાં અન્તર્ભાવ થઈ શકે છે. કેમકે કર્મનું આગમન તે આશ્રવ છે અને તેનું સંસારી જીવ સાથે મળી જવું તે બંધ છે. કહેવાનો મતલબ એ છે કે જો શુભ કર્મના ઉપાર્જનને પુણ્ય કહેવામાં આવે તો તેનો આશ્રવમાં સમાવેશ કરી શકાય અને જો શુભકર્મના જીવ સાથેના સંબંધને-બંધને પુણ્ય કહેવામાં આવે તો તેનો બંધમાં સમાવેશ કરી શકાય. આવી હકીકત પાપના સંબંધમાં પણ ઘટાવી શકાય.

भूत कर्मनो सद्भाव होवो जोईએ. तथाच प्रद्योत्यना अभावमां प्रद्योतकरत्वनो अभाव छे એटले सामर्थ्यथी (शब्दार्थ उभय शक्तिथी) प्रद्योत्यनुं गम्यमानपणुं समજवुं अर्थात् 'अर्हन्तः प्रद्योतयन्ति' 'अरिहंतो दंशावे छे ?-कोने प्रકाशित કरे छे 'कान् प्रद्योतयन्ति?' 'કોને दर्शावे छे ?-कोने प्रકाशित કरे छे ?' आ आકांक्षाने शमाववा खातर 'प्रद्योत्य' रूपકर्मपदनो[1] अध्याहार કरवो न्यायયुक्त छे.

शंका-प्रद्योत (श्रुतज्ञानावरणादिક्षयोपशमरूपप्रद्योत) धर्मवाળा पण જीवादिरूप तत्त्वो કेम नहीं ? જो જीवादितत्त्वने प्रद्योतधर्मसंपन्न मानीએ तो प्रद्योतधर्मसंपन्न-संपूर्ण लोકविषयક प्रद्योतકरत्व ભगवंतोमां सिद्ध थाय ! જीवादितत्त्वमां प्रद्योत्यत्व होय तो જ प्रद्योत संभवी शકे એम કेम ?

समाधान-જो જीवादितत्त्वमां प्रद्योत्यत्वरूप धर्म न स्वीકारो अने प्रद्योतरूप धर्म मानो तो, प्रद्योत्यत्वरहित-धर्मास्तिકायवि. अचेतनोमां प्रद्योतन-प्रद्योतरूप धर्मनो अभाव छे. કारण કे; 'प्रद्योतनं-प्रद्योतः' आवी व्युत्पत्ति होઈ भावसाधनरूप प्रद्योत नथी. अहीं भाव એटले आप्तरूप वीतराग वचनरूप साध्यश्रुतावरणक्षयोपशम समજवो अने साधन तो प्रद्योत (वीतरागवचनरूप त्रिपदी प्रકाश) समજवुं. तेनो अभाव होवाथी अचेतनोमां प्रद्योत केवी रीते घटी शકे ? अर्थात् न જ संभवी शકे.

शंका-तमारुं કहेवु બराબर छे. परंतु प्रद्योत्यत्व सहित अचेतनोमां प्रद्योत केवी रीते घटे ?

–पूर्वोक्त शंकाना समाधानपूर्वक शકस्तवना चौदमा पदनो उपसंहार–

अतो ज्ञानयोग्यतैवेह प्रद्योतनमन्यापेक्षयेति, तदेवं स्तवेष्वपि एवमेव वाचकप्रवृत्तिरिति स्थितम् । एतेन "स्तवेऽपुष्कलशब्दः प्रत्यवाय" इति प्रत्युक्तं, तत्त्वेनेदशस्यापुष्कपकलत्वायोगादिति लोकप्रद्योतकराः १४ ॥

भावार्थ-એ કारणथी-धर्मास्तिકायआदि अचेतनोमां भावसाधन प्रद्योतनो अभाव होवाथी જ, अहीं-भावसाधन प्रद्योतना अभाववाળा-अचेतन-धर्मास्तिકाय विगेरेमां, अन्यअपेक्षाએ-तत्स्वरूप (अचेतनादिस्वरूप) प्रકाशक आप्तवचननी अपेक्षा राખीने, ज्ञानयोग्यता જ-श्रुतज्ञान ज्ञाताना व्यापाररूप ज्ञानप्रत्ये विषयभावपरिणति જ प्रद्योतन-प्रકाश समજवो. श्रुतावरणक्षयोपशमरूप प्रद्योत नहीं समજवो. જेम કे; प्रदीपप्रभा विगेरेरूप प्रકाशકनी अपेक्षा राખीने, चक्षुष्मान्-द्रष्टामां, दर्शनविषय-द्रश्यरूप घटादि पदार्थनी, दर्शनકियाविषयभावपरिणतिने જ (घटादिविषयना दर्शनકियामां विषयपणाએ परिणमनने જ) प्रકाश કहेवाय छे. तेम अहीं समજवुं. तथाहि-જेम प्रदीपप्रભादिरूप प्रકाशकनी अपेक्षा राખीने चक्षुस्मान्-द्रष्टाना दर्शनरूप व्यापार प्रत्ये विषयभाव परिणित જ द्रश्यघटादिगत प्रકाश કहेवाय छे. तेम अचेतनादिस्वरूप प्रકाशक वीतरागवचननी अपेक्षा राખीने, श्रुतज्ञानज्ञाताना ज्ञानरूप व्यापार प्रत्ये, विषयभावपरिणति જ अचेतनादिगत, प्रद्योत-प्रકाश કहेवाय छे. बीजो नहीं એम समજवुं.

–शકस्तवना चौदमा पदनो उपसंहार–

उपरोक्त प्रतिपादनथी सिद्ध थाय छे કे; 'आ प्रमाणे જ स्तवोमां-स्तुतिस्तोत्रोमां पण वाचक-शब्दनी प्रवृत्ति-प्रणालिका वस्तुस्थिति छे.'

---

१-शब्दाध्याहारः- आकाङ्क्षितशब्दानुसन्धानम् (नील. ४ पृ. ३१) यथा पिधेहि इत्युक्ते द्वारमिति द्वितीयान्तपदाध्याहारः ।

જ્યારે સ્તવોમાં પણ આ પ્રમાણે જ વાચક પ્રવૃત્તિ છે. એમ પ્રમાણિત થયું ત્યારે કેટલાકનું એવું કહેવું થાય છે કે 'સ્તવમાં-મંગલકારક વિઘ્નહારક સ્તોત્રમાં, અપુષ્કલ (સંપૂર્ણરૂપ સ્વઅર્થરૂઢ એવા સંપૂર્ણરૂપ અર્થને નહીં કહેનાર-ન્યૂન-અપૂર્ણવાચક) શબ્દ, પ્રત્યવાય માટે (બાધા-દુઃખ-પાપ-અનિષ્ટજનક માટે) થાય છે.' આવું પ્રતિપાદન, ઉપરોક્ત પ્રૌઢ પ્રતિપાદનથી ખંડિત થાય છે. અર્થાત્ આ લોકોત્તમ આદિ પાંચ પદોના વ્યાખ્યાનથી "સ્તવમાં અપુષ્કલશબ્દ-સંપૂર્ણલોકમાં રૂઢ એવા પોતાના લોકશબ્દના અર્થને નહીં કહેનાર-લોકોત્તમાદિ પાંચ પદોમાં અન્તર્ગત લોકશબ્દ, પ્રત્યવાય-દુઃખ-પાપ-અનિષ્ટ-અમંગલજનક છે. એવું નિરૂપણ ખંડિત થાય છે. કારણ કે; તત્ત્વથી-વાસ્તવિક સ્તવનવૃત્તિની અપેક્ષા રાખીને, આવા વિભાગથી પ્રવર્ત્તેલ લોકશબ્દમાં, સંપૂર્ણ લોકરૂપ સ્વાર્થનું અકથન હોવા છતાં જરાય અસંપૂર્ણવાચકતા નથી-ન્યૂનવાચકતા નથી. કદાચિત્ લોકરૂઢ-સંપૂર્ણ લોકરૂપ સ્વાર્થની અપેક્ષાએ ન્યૂનતા પણ ઘટે પરંતુ તત્ત્વની અપેક્ષાએ-વાસ્તવિક રીતે ન્યૂનતા નથી. તત્ત્વદ્રષ્ટિએ અપુષ્કલવાચકતા નથી. એમ શાસ્ત્રકારનું નિરૂપણ છે.

ઈતિ-આ પ્રમાણે "लोकप्रद्योतकर" રૂપ શક્રસ્તવના ૧૪ મા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

—શક્રસ્તવની ચોથી સંપદાનો ઉપસંહાર—

एवं लोकोत्तमतया लोकनाथभावतो लोकहितत्वसिद्धेर्लोकप्रदीपभावात्, लोकप्रद्योतकरत्वेन परार्थकरणात् स्तोतव्यसम्पद एव [1]सामान्येनोपयोगसम्पदिति ४ ॥

ભાવાર્થ-તથાચ-આ પ્રમાણે લોકોત્તમો જ લોકનાથ થાય છે અને લોકનાથ થાય છે તોજ લોકહિતપણાની સિદ્ધિ છે. અને લોકહિતપણાની સિદ્ધિ છે તોજ લોકપ્રદીપ થાય છે. અને લોકપ્રદીપ છે તોજ લોકપ્રદ્યોતકર બની પરોપકાર કરે છે. (પૂર્વં પૂર્વં કારણં પરં પરં કાર્યં એ ન્યાયથી પૂર્વ પૂર્વ કારણ અને પરંપર કાર્ય માની અર્થ સંકલના કરવી.) એવંચ સમસ્ત ભવ્યલોકના પ્રત્યે ઉત્તમપણાએ, વિશિષ્ટ-બીજાધાનાદિસંવિભક્તભવ્યલોકના પ્રત્યે નાથપણાએ, સકલ પ્રાણિલોક કે સકલ પંચાસ્તિકાયાત્મક લોકપ્રત્યે હિત (કારી) પણાએ, સમ્યગ્દર્શનનયનસંપન્ન સંજ્ઞિલોક પ્રત્યે પ્રદીપપણાએ, ઉત્કૃષ્ટચતુર્દશપૂર્વધરગણધરલોકપ્રત્યે પ્રદ્યોતકરપણાએ, ભિન્નભિન્નલોકરૂપ ભિન્નભિન્નક્ષેત્રોમાં અરિહંતભગવંતો પરાર્થ-ઉપકાર કરનારા છે. અર્થાત્ અરિહંત ભગવંતો સામાન્યપણે સર્વ લોકને ઉપકારી હોવાથી તેમના લોકોત્તમાદિ પાંચ વિશેષણપદો છે. માટે એ પાંચેય પદોમાં પરાર્થપણારૂપ (પરમાર્થ કરવારૂપ) ઉપયોગ સમાયેલો હોવાથી-પાંચપદોમાં પહેલી જ સ્તોતવ્યસંપદાનો સામાન્યથી ઉપયોગ (વ્યાપકપણાએ ઉપયોગ) સર્વ લોકોને પરમાર્થ કરવારૂપ, સમાયેલો હોવાથી તે પાંચપદવાળી ચોથી સંપદા 'સામાન્યોપયોગસંપદા' કહેવાય છે.

આ પ્રમાણે ચોથી સંપદાનું વ્યાખ્યાન પૂરૂ થાય છે.-સમાપ્ત થાય છે.

—પાંચમી 'ઉપયોગસંપદા 'દાનીહેતુસંપદાનું' નિરૂપણ—

---

૧ જેટલો લોક છે - જેટલા પ્રકારનો લોક છે - તમામ લોકવ્યાપી પરમાર્થ કરવારૂપ ઉપયોગ એ અર્થ અહીં ઘટાવવો.

૧ શ્રી અરિહંતદેવોની આ ઉપયોગિતા જે હેતુઓવડે સિદ્ધ થાય છે, તેનો નિર્દેશ ઉપયોગહેતુ કે તદ્હેતુ-સંપદાદ્વારા

-अरिहंतभगवंतो, जगत्માં સ્મરણીયસમર્પણો-ભવ્યભેટો-દિવ્યદાનોની વૃષ્ટિસૃષ્ટિ દ્વારા પાત્રપ્રાણિઓનું કોટીકલ્યાણ કરનારા છે. તથાચ જે ઉપકારના આકારરૂપ વિશિષ્ટકોટીના દાનરૂપહેતુ-નિમિત્તદ્વારા પરાર્થ-લોકકલ્યાણરૂપ ઉપયોગ કરે છે. તે હેતુઓનું ક્રમસર વિધાન કરતા વ્યાખ્યાનકારની પ્રસ્તુત સૂત્રવિષયકઅવતરણિકા—

साम्प्रतं भवनिर्वेदद्वारेणार्थतो भगवद्बहुमानादेव विशिष्टकर्मक्षयोपशमभावाद्, अभयादिधर्मसिद्धिस्तद्व्यतिरेकेण नैःश्रेयसधर्मासम्भवाद्, भगवन्त एव तथा सत्त्वकल्याणहेतव इति प्रतिपादयन्नाह—

ભાવાર્થ= —સત્ત્વકલ્યાણક્રમ—

(૧) [૨]ભવનિર્વેદ=સંસારથી ઉદ્વેગ (ભય લાગવો-બ્હીવું-કંટાળવું) અર્થાત્ 'જેનાથી આધિ-વ્યાધિ-ઉપાધિ-દુઃખ-અડચણો-સહવી પડે છે, જેનો અવશ્ય નાશ છે એવી કાયા છે, સંપદાઓ તો વિપદાઓનું ઘર છે, સંયોગો તો વિયોગશીલ છે, જે જે ઉત્પત્તિના સ્વભાવવાળું તે તે તમામ ક્ષણભંગુર-નાશવંત છે.' આવું સુંદર ચિંતન-મનન કે પરિશીલન જેનું લક્ષણ છે એવા ભવનિર્વેદ દ્વારા-ભવનિર્વેદરૂપ સાધનથી ભગવંતો, તથા (તે તે પ્રકાર) પ્રાપ્તિ કલ્યાણના હેતુ-કારણરૂપ છે-પ્રાપ્તિની મંગલમાલાના વિધાતા છે. કેમકે; અર્થાપત્તિથી, ભગવંતના બહુમાનથી જ-અરિહંતના પ્રત્યે પક્ષપાતથી જ અર્થાત્ ભવનિર્વેદને જ ભગવંતના પ્રત્યેનું બહુમાન માનેલ છે. ભવનિર્વેદ કહો કે ભગવદ્ બહુમાન કહો એ એકનીએક વસ્તુ છે. શબ્દો જુદા છે અર્થ એકનોએક છે. ભવનિર્વેદ-ભગવદ્ બહુમાનરૂપ ઉપાયથી ભગવંતો તે તે પ્રકારે સત્ત્વકલ્યાણકર્તા છે. એમ સમજવું.

(૨) ભવનિર્વેદ-ભગવદ્ બહુમાનરૂપ ઉપાયથી જ, (જેનું સ્વરૂપ પૂર્વે કહેવાયેલું છે એવા) વિશિષ્ટ-મિથ્યાત્વમોહ આદિ કર્મનો ક્ષયોપશમ થાય છે.

(૩) તતઃ=વિશિષ્ટ-મિથ્યાત્વમોહાદિ કર્મક્ષયોપશમથી જ, અભય-ચક્ષુ-માર્ગશરણ-બોધિરૂપ ધર્મો સિદ્ધ થાય છે.

---

કરવામાં આવ્યો છે. સાત પ્રકારના ભયમાંથી મુક્તિ આપવી, શ્રદ્ધારૂપી નેત્રોનું દાન કરવું, કર્મનો વિશિષ્ટક્ષયોપશમ થાય તેવો માર્ગ દર્શાવવો, તત્ત્વચિંતનરૂપશરણ આપવું અને જિનધર્મની પ્રાપ્તિરૂપ બોધિનો લાભ પમાડવો, એ હેતુઓ વડે તેમની ઉપયોગિતા પ્રકટસિદ્ધ છે.

૨ 'ભવ' એટલે જન્મ અને 'નિર્વેદ' એટલે અણગમો. ફરીવાર જન્મ લેવાનો અણગમો-ફરીવાર જન્મ લેવાની અનિચ્છાએ 'ભવનિર્વેદ' જન્મ છે ત્યાં જરા અને મૃત્યુ અવશ્ય છે; એટલે જન્મના અભાવથી જરા અને મૃત્યુના અભાવ આપોઆપ થાય છે. અને તેને જ 'અજર-અમર' અવસ્થા કહેવામાં આવે છે. તેથી તત્ત્વતઃ આવી અવસ્થા પ્રાપ્ત કરવાની તાલાવેલી તેજ 'ભવનિર્વેદ' છે.

અર્થાત્ સંસારના ભોગવિલાસોને સહજનીરસ-પરિણામે કટુક સમજવા અને તેમાં ન રાચતાં આત્માભિમુખ થઈને ચારિત્ર-સુધારણા માટે જ પ્રયત્ન કરવો તેને વૈરાગ્ય-વિરક્તિ-અનાસક્તિ-ઉદાસીનતા કહે છે. આવી ઉદાસીનતા પ્રગટયા સિવાય મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે યથાર્થ પ્રયત્ન થઈ શકતો નથી. 'नहि भवादनिर्विण्णो मोक्षाय यतते' તથાચ ભવનિર્વેદને ભગવદ્ બહુમાન તરીકે માનવાનું કારણ એ છે કે; ભગવંતો ભવનિર્વેદમય છે. તેમની આરાધનાનું (પ્રાથમિક) ફલ ભવનિર્વેદ છે. એટલે ભવનિર્વેદ અને ભગવદ્ બહુમાન તાત્ત્વિક-ફલદ્રષ્ટિએ એક છે. એમ માનવામાં આવે છે.

(૪) અને અભય આદિ ધર્મથી જ સમ્યગ્દર્શન આદિ ધર્મો પ્રગટ થાય છે. તથાચ અભય આદિ ધર્મોની સિદ્ધિના અભાવમાં, મોક્ષ જેનું ફલ છે એવા સમ્યગ્દર્શન આદિ ધર્મોનો અભાવ થાય છે. વાસ્તે અરિહંતરૂપ ભગવંતો તે તે પ્રકારે-અભય આદિના દિવ્યદાન પ્રકારથી, સમ્યક્ત્વ વિગેરેરૂપ કુશલ-મંગલ-આત્મધર્મની પરંપરાની સિદ્ધિના અનન્ય-અસાધારણ કારણ છે. અત એવ અરિહંતરૂપ ભગવંતો ભવનિર્વેદ આદિ દ્વારા યોગ્ય આત્માઓમાં અભય આદિ ધર્મો સંપાદન કરી સમ્યક્ત્વ આદિ મંગલમાલા નિર્માતા છે. આવા વિષયની મંથનાત્મક મીમાંસા કરતા હમણાં શાસ્ત્રકાર કહે છે કે;

અભયદયાણમિત્યાદિસૂત્રપઞ્ચકં, ઇહ ભયં સપ્તધા-ઇહપરલોકાદાનાકસ્માદાજીવમરણાશ્લાઘાભેદેન, એતત્પ્રતિપક્ષતોઽભયમિતિ ॥

ભાવાર્થ-'અભયને આપનાર, ચક્ષુના દાતા, માર્ગદાતા, શરણદાયક, બોધિદાતા, એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો' ઉપરોક્ત ચર્ચાનો મુદ્દો લક્ષ્યમાં રાખી, આ પ્રમાણે પાંચ સૂત્રો રચેલા છે. હવે આ પાંચ સૂત્રો પૈકી પહેલાં 'અભયદ' એ સૂત્રની વ્યાખ્યા કરે છે કે;

અભય=સાત ભયોનો અભાવ તે અભય.

—સાત પ્રકારના ભયનું વર્ણન—

(૧) ઈહલોકભય=સજાતીય મનુષ્ય આદિને સજાતીય અન્ય મનુષ્ય આદિથી ભય-(બીક-ડર-ધાસ્તી-દહેસત-ધાક-ચિંતા-ફિકર-કાળજી)

(૨) પરલોકભય=વિજાતીય-તિર્યંચદેવ વિગેરે અન્ય જાતિ તરફથી મનુષ્ય આદિને ભય.

(૩) આદાનભય=ધનમાલ વિગેરેરૂપ આદાનને (સાચવવા) માટે ચોર વિગેરેથી મનુષ્યોને ભય. અર્થાત્ ચોરી લુટફાટ વિગેરેનો ભય.

(૪) અકસ્માત્ભય=બહારના નિમિત્ત વગર, ઘર વિગેરેમાં રહેલાને, રાત્રિ વિગેરેમાં જે ભય. અર્થાત્ આગ, જલ-પ્રલય આદિનો ભય.

(૫) આજીવભય=આજીવિકા-વૃત્તિ-ગુજરાન-નિર્વાહનું સાધન જ્યારે બીજા દ્વારા અટકાવાય-રોકાય ત્યારે થતો જે ભય અર્થાત્ નિર્વાહનાં સાધનો તૂટી કે ચાલ્યા જવાનો ભય.

(૬) મરણભય=પ્રાણવિયોગરૂપ મરણનો-મરવાનો ભય. જે જગજાહેર છે.

(૭) અશ્લાઘાભય=આમ કરીશ તો મોટો અપજશ થશે એવા ભયથી પ્રાણી પ્રવૃત્તિ કરતો અટકી જાય છે તે અર્થાત્ યશકીર્તિ ચાલી જવાનો-અપકીર્તિ થવાનો ભય.

તથાચ ઉપરોક્ત સાત ભેદવાળા ભયના પરિહારદ્વારા-ભયના અભાવરૂપ અભયનું લક્ષણ-સ્વરૂપ સમજવું.

—સાંખ્યની પરિભાષામાં ગોઠવી 'અભય'નો પર્યાયથી શબ્દાન્તરથી કરાવાતો સુન્દર પરિચય—

વિશિષ્ટમાત્મનઃ સ્વાસ્થ્યં, નિઃશ્રેયસધર્મ્મભૂમિકાનિબન્ધનભૂતા ધૃતિરિત્યર્થઃ, ન હ્યસ્મિન્નસતિ યથોદિતધર્મ્મસિદ્ધિઃ, સન્નિહિતભયોપપ્લવૈઃ પ્રકામં ચેતસોઽભિભવાત્,

ભાવાર્થ-વિશિષ્ટ (આગળ કહેવાતા સમ્યગ્દર્શનાદિમોક્ષમાર્ગરૂપ ગુણના કારણપણાએ નિયત-વ્યાપક)

જે આત્માનું-જીવનું સ્વરૂપમાં રહેવારૂપ સ્વાસ્થ્ય (તંદુરસ્તી-આરોગ્ય-સ્વસ્થતા) તે અભયનો મર્મ સમજવો. અર્થાત્ જેનું મોક્ષરૂપ ફલ છે એવા સમ્યગ્દર્શનાદિ ધર્મની ભૂમિકા-બીજરૂપ માર્ગ બહુમાન આદિ ગુણ (માર્ગ બહુમાન-માર્ગપ્રવેશ-માર્ગપ્રવર્ત્તન આદિમાં પ્રેમરૂપગુણ) ના કારણભૂત, આત્માના પોતાના સ્વરૂપના નિર્ણયરૂપ ધૃતિ, અભય[1] તરીકે પરિભાષિત કરાય છે. અર્થાત્ સકલ ભયપરિણામોથી પોતાનું સ્વરૂપ જુદું છે, પોતે અભયરૂપ છે એવો જે નિર્ણય તેને સાંખ્યની પરિભાષામાં 'ધૃતિ' કહે છે. અભયનું બીજું નામ ધૃતિ. અભય કહો કે ધૃતિ કહો એકની એક વાત છે. ભગવાન્ પરિવ્રાજક ગોપેન્દ્રના શબ્દોમાં 'અભય' ધૃતિ તરીકે કહેવાય છે.

–આત્મગત વિશિષ્ટ સ્વાસ્થ્યરૂપ ધૃતિ-અભયની અન્વયવ્યતિરેક પૂર્વક સુન્દર સમીક્ષા–

વિશિષ્ટ આત્મિક સ્વાસ્થ્યરૂપ અભયત્વ ધર્મની નહીં ઉત્પત્તિ થયે છતે-ગેરહાજરી હોયે છતે મોક્ષ ફલક સમ્યગ્દર્શનાદિ ધર્મોની ઉત્પત્તિ કે વિદ્યમાનતા-હાજરીનો અભાવ થાય છે. કારણ કે; મનમાં વર્તતા સાત ભેદવાળા ભયરૂપ ઉપદ્રવો (પીડા-વેદના-વ્યથાઓ) થી મનનું આત્યંતિક પીડન થાય છે,-ચિત્તવર્તી આ સાતભેદવાળા ભયરૂપ સંતાપો મનને ખૂબ વીતાડનારા છે. જ્યારે ચિત્તની ત્રસ્ત કે ભયગ્રસ્ત દશા હોય ત્યારે અભયનો અભાવ હોઈ મોક્ષફલક સમ્યક્ત્વાદિનો તો નિતાંત અભાવ હોય ! એમાં દલીલ શી ? મતલબ કે; ચિત્તની અત્રસ્ત દશાના સદ્ભાવમાં આત્મગત વિશિષ્ટ સ્વસ્થતારૂપ અભય હોય, અને અભયની સત્તામાં જ મોક્ષજનક સમ્યક્ત્વાદિની હાજરી હોય જ.

–આજ વિષય ઉપર ફેંકાતો વધુ પુષ્ટ કે સ્પષ્ટ પ્રકાશ–

चेतःस्वास्थ्यसाध्यश्चाधिकृतो धर्म्मः, तत्स्वभावत्वात्, विरुद्धश्च भयपरिणामेन, तस्य तथास्वास्थ्यकारित्वात्, अतोऽस्य गुणप्रकर्षरूपत्वात्, अचिन्त्यशक्ति[2]युक्तत्वात्, तथाभावेनावस्थितेः, सर्वथापरार्थकरणात्, भगवद्भ्य एव सिद्धिरिति । तदित्थंभूतमभयं ददतीत्यभयदाः १५ ॥

ભાવાર્થ-વળી અધિકૃતધર્મ-સમ્યગ્દર્શન આદિરૂપ મોક્ષફલકધર્મ, ચિત્તના સ્વાસ્થ્ય (સમાધિ-સમતા-શાંતિ-અચલતા-સ્થિરતા-એકતા) રૂપ સાધનથી સાધ્ય છે. અર્થાત્ સમ્યગ્દર્શન આદિરૂપ મોક્ષ ધર્મરૂપ સાધ્ય (કાર્ય-ફલ) ના પ્રત્યે ચિત્તની સ્વસ્થ દશા-અકંપતા-અચલતા એ કારણ છે. કારણ કે; સમ્યગ્દર્શનાદિ ધર્મરૂપ કાર્યનો સ્વભાવ જ છે કે; ચિત્તની સ્થિરતારૂપ સાધનથી સાધ્ય બને છે.

---

૧ 'ભય ચંચળતા હો જે પરિણામની રે દ્વેષ અરોચક ભાવ. ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીએ રે દોષ અબોધ લખાવ. સંભવ. ૨. આ. ચો. ૩ જા સ્તવનમાં-જિનેશ્વરની સેવા કરવા માટેના કારણરૂપ પહેલી ભૂમિકામાં અભય, અદ્વેષ, અખેદરૂપ એ ત્રણ ગુણ તો ખાસ જોઈએ. ભય=મનના-આત્માના સારા ભાવમાં અસ્થિરતા-વિષયારસની આસક્તિજન્ય મનની ચંચલતા. દ્વેષ=ધર્મ ઉપર અરોચકભાવ-અણગમો ખેદ-ધાર્મિક પ્રવૃત્તિ કરતા કંટાળો અને થાક લાગે. દોષ=અજ્ઞાનતા-મિથ્યાત્વ આ શબ્દોના ચાર અર્થ સમજો-ધ્યાનમાં લ્યો ભૂમિકારૂપ અભય, પ્રાથમિક અદ્વેષ, અખેદ પ્રાપ્ત થવા જોઈએ. અને પછી દોષનો મિથ્યાત્વનો નાશ થવો જોઈએ. અથવા પ્રથમની ચાર દ્રષ્ટિ સુધીમાં અનુક્રમે ભય, દ્વેષ, ખેદ, દોષ એ ચાર દોષ જવા જોઈએ, ત્યાર પછી જ મિથ્યાત્વ જાય ત્યારે સમ્યક્ત્વ થાય.

૨ 'प्रकृत्यर्थे प्रकारीभूतधर्मो भावप्रत्ययार्थ इति न्यायेन, तद्वत्त्वं, तद्विशिष्टत्वं, तद्युक्तत्वं तदेव, यथा गन्धविशिष्टत्वं, गन्धयुक्तात्वं च गन्ध एव । तथाऽत्रापि अचिन्त्यशक्तियुक्तत्वं-अचिन्त्यशक्तिरेवेति बोध्यम् ॥

શંકા-ચિત્તની ચંચલતારૂપ ભયપરિણામની હાજરી હોયે છતે પણ સમ્યગ્દર્શનાદિધર્મનો અભાવ છે. તો સમ્યક્ત્વ આદિમોક્ષ ધર્મપ્રત્યે ચિત્તની સ્થિરતા-અભયધર્મની કારણતા કેવી રીતે ? કારણાભાવપ્રયુક્ત કાર્યોત્પત્તિરૂપ વ્યતિરેક-વ્યભિચારરૂપ દોષ છે, તો અભયનિષ્ઠ કારણતાનો અભાવ ખરો કે નહીં ?

સમાધાન=આ દોષ તદ્દન બીન પાયાદાર છે. કારણ કે; મોક્ષ ધર્મનું સાધન જે ચિત્તની સ્થિરતા, તેના પ્રતિપક્ષરૂપ અસ્વસ્થતા-ચિત્ત ચાંચલ્યને કરનાર-ભય પરિણામથી મોક્ષધર્મ રોકાઈ જાય છે. મતલબ કે; મોક્ષધર્મસાધન ચિત્તસ્થિરતા-વિરૂદ્ધ ચિત્તની અસ્થિરતા પ્રત્યે ભય પરિણામ, કારણ છે. જ્યારે ચિત્તસ્થિરતાસાધ્ય મોક્ષધર્મ પ્રત્યે ચિત્તચાંચલ્યજનક ભયપરિણામ, પ્રતિબંધક છે. જ્યાં સુધી ભયપરિણામરૂપ પ્રતિબંધક કાયમ છે ત્યાં સુધી ચિત્તસ્થિરતારૂપ અભયનો અભાવ હોઈ મોક્ષધર્મ થતો નથી, રોકાઈ જાય છે. જ્યારે ભયપરિણામરૂપ પ્રતિબંધક દૂર થાય છે. ત્યારે ચિત્તસ્થિરતારૂપ અભયદ્વારા મોક્ષધર્મ સાધ્ય બને છે.-પ્રાપ્ત કરાય છે.

અત એવ વ્યતિરેક વ્યભિચારનામક દોષનો પણ અભાવ છે.

ચિત્તસ્વાસ્થ્યરૂપ અભયસત્ત્વે મોક્ષધર્મરૂપ સમ્યક્ત્વાદિ સત્ત્વમ્ અન્વયઃ,

ચિત્તસ્વાસ્થ્યરૂપ અભયાભાવે મોક્ષધર્મરૂપ સમ્યક્ત્વાદિઅભાવ-વ્યતિરેકઃ,

આ પ્રમાણે અન્વયવ્યતિરેકદ્વારા કાર્યકારણભાવનો વિનિશ્ચય થાય છે.

—અભયનામક મૌલિક ગુણની પ્રાપ્તિ ભગવંતોથી જ થાય છે. એ વિષયનું નિપુણનિરૂપણ તથા ૧૫ મા પદનો ઉપસંહાર—

મોક્ષધર્મરૂપ સમ્યગ્દર્શનઆદિની ભૂમિકા-કારણભૂત, ધૃતિ અભયની સિદ્ધિ-પ્રાપ્તિ ભગવંતોથી જ થાય છે. એ વિષયને પૂર્વપૂર્વકારણ અને પરંપર ફલભૂત-ચારહેતુપૂર્વક દર્શાવે છે કે;

(૧) ભગવંતોમાં (અનંતજ્ઞાનદર્શનાદિ) ઉત્કૃષ્ટ ગુણો છે. એટલે-

(૨) ભગવંતોમાં ઉત્કૃષ્ટ ગુણો હોવાથી જ અચિંત્યશક્તિ (અનંતવીર્ય) છે. કારણ કે; ઉત્કૃષ્ટ ગુણોના અભાવમાં અચિંત્યશક્તિનો અભાવ છે. ઉત્કૃષ્ટ ગુણો, અચિંત્યશક્તિના પ્રત્યે કારણ છે. અને ઉત્કૃષ્ટ ગુણોનું કાર્ય અચિંત્ય શક્તિ છે એટલે-

(૩) ભગવંતોમાં અચિંત્યશક્તિ છે. તો જ ભગવંતોનું અભયભાવથી (આત્મનિષ્ઠ વિશિષ્ટ સ્વસ્થતાએ-સ્વરૂપાવસ્થાનરૂપે) રહેવું છે. કારણ કે; અચિંત્યશક્તિ વગર અભયભાવથી (સ્થિરતારૂપ અનંતચારિત્રમાં) રહેવું અશક્ય છે. અભયભાવથી અવસ્થિતિના પ્રત્યે અચિંત્યશક્તિ કારણ છે. અને અચિંત્યશક્તિનું કાર્ય-ફલ. અભયભાવથી અવસ્થિતિ છે, એટલે.

(૪) જ્યારે ભગવંતો અચિંત્યશક્તિથી-અભયભાવથી વર્તે છે. ત્યારે સર્વથા-બીજઆધાન (ભવ્યભૂમિમાં સમ્યક્ત્વ આદિ બીજનું વાવવું) વિગેરે વિગેરે સર્વ પ્રકારે પરાર્થ-પરહિત-લોકકલ્યાણ કરે છે. કારણ કે; જો પોતે તથારૂપ (અભવભાવથી રહેવા વિગેરે રૂપ) ગુણોથી શૂન્ય-રહિત હોય તો બીજાઓમાં ગુણાધાન-

ગુણસંપાદન અશકય છે. અર્થાત્ ઉત્કૃષ્ટ ગુણપૂર્વક જ અચિંત્ય શકિતવાળા છે. અટલે જ અભયભાવથી રહેનારા છે. એટલે જ સર્વથા પરાર્થ-પરહિત કરનારા છે એટલે.

અરિહંત ભગવંતોથી જ (ઉત્કૃષ્ટ ગુણસંપન્ન-અચિંત્યશકિતસંપન્ન-અભય ભાવસંપન્ન-સર્વથા પરાર્થકરણ-સંપન્ન હોઈ અરિહંત ભગવંતોથી જ-સ્વતઃ પોતાથી કે જે અરિહંત ભગવંતો નથી એવા બીજા પુરૂષોથી નહીં જ-પરંતુ અરિહંત ભગવંતોથીજ) આત્મનિષ્ઠવિશિષ્ટસ્વાસ્થ્યરૂપ ધૃતિ-અભયની સિદ્ધિ-પ્રાપ્તિ થાય છે. અથવા (૧) સ્વાસ્થ્યરૂપ હોવાથી અભય, ઉત્કૃષ્ટ ગુણરૂપ છે. (૨) મોક્ષહેતુ હોવાથી અચિંત્ય શકિતસંપન્ન અભય છે. (૩) ધર્મ હેતુ હોઈ નિર્ભયત્વથી અવસ્થિત-અભયત્વાવચ્છિન્ન અભય છે. (૪) ભગવત્સ્વભાવરૂપ હોઈ સર્વથા પરાર્થકરણરૂપ અભય છે. ઉપરોકૃત ચાર સ્વરૂપરૂપ અભય નામનો ગુણ ભગવંતોથી પ્રાપ્ત થાય છે.) એ હેતુથી જ કહેવામાં આવે છે કે; 'ઉપરોકૃત સાત પ્રકારના ભયોના અભાવરૂપ-આત્મનિષ્ઠ વિશિષ્ટ સ્વાસ્થ્યરૂપ ધૃતિ પર્યાયવાળા અભયને આપનારા 'અભયદ' અરિહંત ભગવંતો છે.'

આ પ્રમાણે શકસ્તવના પંદરમા પદરૂપ 'અભયદ' પદની વ્યાખ્યા પૂરી થાય છે.

–ભગવંતમાં અભયદપણું સિદ્ધ કરી આવ્યા. જગત્માં સાચે જ અભયદાતા તીર્થંકર છે. એ જેમ ભવ્યલોકને ભયરહિત કરનાર છે તેમ સાચુ દર્શન-નયનનું દાન કરનારા પણ એ આપણા ત્રિલોકીનાથ અરિહંતો જ છે. એ વિષય ગર્ભિત શકસ્તવના ૧૬ મા 'ચક્ષુર્દ' એ પદનું વિશિષ્ટ વિવરણ–

તથા ચ ચક્ખુદયાણં ઇહ ચક્ષુઃ-ચક્ષુરિન્દ્રિયં, તચ્ચ દ્વિધા, દ્રવ્યતો ભાવતશ્ચ, દ્રવ્યેન્દ્રિયં-બાહ્યનિર્વૃત્તિસાધકતમકરણરૂપં 'નિર્વૃત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયં' (તત્ત્વાર્થે અ૦ ૨ સૂ. ૨૭) મિતિ વચનાત્, ભાવેન્દ્રિયં તુ ક્ષયોપશમ ઉપયોગશ્ચ 'લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયં' (તત્ત્વાર્થે અ૦ ૨ સૂ. ૧૮) મિતિ વચનાત્, તદત્ર ચક્ષુઃ-વિશિષ્ટમેવાત્મધર્મ્મરૂપં તત્ત્વાવબોધનિબન્ધનશ્ર'દ્ધાસ્વભાવં ગૃહ્યતે, શ્રદ્ધાવિહીનસ્યાચક્ષુષ્મત ઇવ રૂપમિવ તત્ત્વદર્શનાયોગાત્,

ભાવાર્થ–જેમ અભયદાતા છે. તથા-તેમ 'ચક્ષુનું દાન કરનારા એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો' અહીં–'ચક્ષુર્દ' એ પદમા રહેલા ચક્ષુશબ્દનો વિવક્ષિત કે વિશિષ્ટ અર્થનું વિવરણ કરતાં પહેલા સામાન્ય-સાધારણ અર્થ કહે છે કે; અહીં ચક્ષુ એટલે સામાન્યથી ચક્ષુઈન્દ્રિય કહેવાય છે. અને તેના (૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય એમ બે ભેદ છે. (૧) બાહ્ય અને અભ્યંતર ભેદવાળી દ્રવ્યેન્દ્રિય, નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદવાળી છે. કારણ કે; 'નિર્વૃત્ત્યુપકરણે દ્રવ્યેન્દ્રિયં' એમ તત્ત્વાર્થસૂત્રવચનનો પુરાવો છે. (૨) ભાવેન્દ્રિય પણ ક્ષયોપશમ અને ઉપયોગ એમ બે પ્રકારે છે. કારણ કે; 'લબ્ધ્યુપયોગૌ ભાવેન્દ્રિયં' એમ તત્ત્વાર્થસૂત્રવચનનું પ્રામાણ્ય છે.

---

૧ ભગવદ્બહુમાનકૃત કર્મ-ક્ષયોપશમ-જન્ય હોવાથી કહેવાય છે–કે 'અરિહંત ભગવંતોથી જ અભય નામ ગુણ પ્રગટ થાય છે.'

૧ ભગવાન્ પરિવ્રાજક ગોપેન્દ્રના શબ્દોમાં 'ચક્ષુ' શ્રદ્ધા તરીકે કહેવાય છે.

–ઉપરોકત તત્ત્વાર્થના બે સૂત્રનો અભિપ્રાય–

તથાહિ–ઈન્દ્રિયશબ્દ-'ઈદુ' ધાતુ પરથી બનેલો છે. જે લોકોત્તર સમૃદ્ધિમાન્ હોય તે 'ઈન્દ્ર' અર્થાત્ 'જીવ' કહેવાય છે. આથી ઈન્દ્રનું લિંગ તે 'ઈન્દ્રિય' છે એટલે કે આત્માનું ઈન્દ્રિય લિંગ છે એવો અર્થ સિદ્ધ થયો. કહેવાનો મતલબ એ છે કે આવરણનો અભાવ થતાં જીવ સર્વ વસ્તુને જાણે છે. અર્થાત્ તેને સર્વ વિષયની ઉપલબ્ધિ (જ્ઞાન-સ્મૃતિ-પ્રાપ્તિ) રૂપ ઐશ્વર્યનો યોગ છે. વળી વિવિધ ભાવોમાં ભમતા તેને સર્વ વિષયનો ભોગ-ઉપયોગ થાય છે. આથી સમજાય છે કે સર્વવિષયોપલબ્ધિ અને સર્વવિષયભોગના પરમૈશ્વર્યવાળો જીવ–'ઈન્દ્ર' કહેવાય છે. આથી એ ઈન્દ્રનું લિંગ તે 'ઈન્દ્રિય' કહેવાય. અર્થાત્ આત્મા જે દ્વારા વિષય જાણી શકે છે, તે ઈન્દ્રિયો-જ્ઞાનેન્દ્રિયો, શ્રોત-ચક્ષુ-ઘ્રાણ-રસના-સ્પર્શના એમ પાંચ ભેદે છે. તે પ્રત્યેક ઈન્દ્રિયના ચાર ભેદ છે. (૧) નામઈન્દ્રિય (૨) સ્થાપનાઈન્દ્રિય (૩) દ્રવ્યેન્દ્રિય (૪) ભાવેન્દ્રિય. એમાં નામેન્દ્રિય અને સ્થાપનેન્દ્રિય સુગમ છે. (૩) દ્રવ્યેન્દ્રિય, નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદવાળી છે. તેમાં નિર્વૃત્તિ એટલે આકાર. તેના પણ બે ભેદ છે. અ બાહ્યનિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયશરીરના ઉપરના સ્પષ્ટપણે દેખાતી પુદ્ગલસ્કંધોની વિશિષ્ટ રચના-ઈન્દ્રિયોની બાહ્યઆકૃતિ તે બાહ્યઆકૃતિઓ દરેક જીવને જુદી જુદી જાતની હોય છે. નિયત કે સરખી નથી. જેમ કે કાનની બહારની આકૃતિ, માનવોને, બે ચક્ષુઓને પડખે, લંબગોળ અને ઉંચા નીચા ભાગથી યુકત છીપ સરખી છે. અને ઘોડાના બહારના કાનનો દેખાવ, નીચેથી પહોળી અને ઉપરથી ઘટતી જતી, છેડે અણીદાર અને વળી ગયેલા પડવાળી ચક્ષુઓની પડખે ઉપર હોય છે. અને હાથીની તો તદ્દન સૂપડા જેવી બાહ્ય કાનની આકૃતિ છે. એ પ્રમાણે બહારના દેખાવો દરેક જાતિના જીવને તરહતરેહના હોવાથી આકારની નિયતતા નથી. આ અભ્યંતર નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય-નેત્ર વિગેરે ચોક્કસ સંસ્થાનમાં રહેલા શુદ્ધ આત્માના પ્રદેશોના આકારવિશેષને "આભ્યંતરનિર્વૃત્તિઈન્દ્રિય" કહે છે. આ ઈન્દ્રિય તો પ્રતિનિયત આકારરૂપ હોવાથી સર્વ જીવોની તે સમાન છે.– તેમાં વિવિધતા નથી. (૧) શ્રોત્રેન્દ્રિયનો અંદરનો આકાર, કદંબ (એક જાતનું મોટું ફુલ-ઝાડ) વૃક્ષના પુષ્પ જેવો એટલે એવા ફુલ જેવી માંસની એક ગોળી સમાન છે. (૨) ચક્ષુઈન્દ્રિયનો અંદરનો આકાર-મસુર નામના ધાન્ય સરખો કે ચંદ્રસરખો છે. (૩) ઘ્રાણેન્દ્રિયનો અંદરનો આકાર-અતિમુકતક (એક જાતનો વેલો-મધુમાધવી નામની વેળ-એ નામનું ઝાડ) ના પુષ્પને મળતો આવે છે. અથવા કાહલ-પડઘમ નામના વાજિંત્ર વિશેષને મળતો આવે છે. (૪) રસનેન્દ્રિયનો અંદરનો આકાર-ખરપડા, અસ્ત્રો જેવો છે. (૫) સ્પર્શનેન્દ્રિયનો અંદરનો આકાર-જીવનું જેવું શરીર હોય તેવો છે. અર્થાત્ સ્પર્શેનન્દ્રિય (ચામડી) નો આકાર જુદા જુદા જીવ આશ્રીને વિવિધપ્રકારનો છે. કેમ કે જે જીવનું જેવું શરીર હોય તેવા આકારની તે છે.

(૨) ઉપકરણ દ્રવ્યેન્દ્રિય-ઈન્દ્રિયની અભ્યંતર આકૃતિમાં રહેલી જ વિષયગ્રહણ કરવાની શકિત તે. (અહીં ઉપકરણ એટલે ઈન્દ્રિયને વિષયગ્રહણ કરવામાં ઉપકાર કરનાર શકિતવિશેષ તે ઉપકરણ કહેવાય.) જેમ કે; શ્રોત્રેન્દ્રિયની શ્રવણશકિત, રસનેન્દ્રિયની આસ્વાદનશકિત અર્થાત્ વિષયગ્રહણમાં સમર્થ (શકિતસંપન્ન) ઈન્દ્રિય, ઉપકરણેન્દ્રિય સમજવી. જેમ છેદવા યોગ્યવૃક્ષ આદિને છેદવામાં તલવાર-ખડ્ગ વિગેરેની ધારા-ધાર (કાપે એવી પાતરી-તીણીકોર) સમર્થ છે. તેમ વિષયગ્રહણમાં જે સમર્થ હોય તે ઈન્દ્રિય, ઉપકરણેન્દ્રિય

કહેવાય. આ ઉપકરણેન્દ્રિય, હણાયે-ઘવાયે કે નષ્ટ થયે છતે નિર્વૃત્તિઈન્દ્રિય કાયમ હોય છતાંય વિષયગ્રહણ થઈ શકતું જ નથી.

૪ ભાવેન્દ્રિયના બે ભેદો :-

(૧) લબ્ધિઈન્દ્રિય=કર્ણ આદિ ઈન્દ્રિયોનો જે શબ્દ આદિ વિષય છે. તે સંબંધીના જ્ઞાનના આવરણનો ક્ષયોપશમ વિશેષ તે 'લબ્ધિઈન્દ્રિય' કહેવાય છે. અથવા જે સાધન દ્વારા આત્મા દ્રવ્યેન્દ્રિયને રચવાનો વ્યાપાર કરે છે તે સાધનને 'લબ્ધિઈન્દ્રિય' કહેવામાં આવે છે.

(૨) ઉપયોગઈન્દ્રિય=પોત પોતાની ક્ષયોપશમરૂપ લબ્ધિ અનુસાર એટલે કે જે ઈન્દ્રિયની જે લબ્ધિ હોય તે પ્રમાણે વિષયોને વિષે થતો આત્માનો વ્યાપાર તે "ઉપયોગઈન્દ્રિય" કહેવાય છે. અર્થાત્ સ્વવિષયમાં (ઈન્દ્રિયવિષયમાં) જે જ્ઞાનરૂપ વ્યાપાર તે ઉપયોગરૂપ ભાવેન્દ્રિય કહેવાય છે. જીવ, જે ઈન્દ્રિયના ઉપયોગમાં-વિષય ગ્રહણમાં વર્તતો હોય તે ઈન્દ્રિય ઉપયોગરૂપ ભાવેન્દ્રિય કહેવાય છે. એવંચ ઈન્દ્રિયપણાએ પ્રસિદ્ધ જે ચક્ષુ તે સામાન્યચક્ષુ સમજવી.

અતએવ 'चक्खुदयाणं' એ સૂત્ર ઘટિતચક્ષુ કોઈ વિશિષ્ટ જ ચક્ષુ લેવી સામાન્ય ચક્ષુ નહીં.

–વિશિષ્ટ કે વિવક્ષિત ચક્ષુનો પરિચય–

આત્મધર્મરૂપ, (વિશિષ્ટ ઉપયોગરૂપ હોવાથી જીવસ્વભાવભૂત) તત્ત્વઅવબોધ નિબંધનં શ્રદ્ધાનામક સ્વભાવરૂપ ચક્ષુ (જીવ આદિ પદાર્થવિષયક પ્રતીતિ-નિર્ણયઆત્મકબોધની હેતુભૂત જે શ્રદ્ધા-રૂચિ-ધર્મપ્રશંસા આદિરૂપ રૂચિનામકસ્વભાવ ચક્ષુ) વિશિષ્ટ કે વિવક્ષિત-ચક્ષુ તરીકે લેવાય છે. અર્થાત્ 'તત્ત્વજ્ઞાન-દર્શનકારણ શ્રદ્ધા–રૂચિ' એ વિશિષ્ટચક્ષુનું લક્ષણ જાણવું. જે ઉપયોગવિશેષ હોઈ આત્મધર્મજીવ સ્વભાવરૂપ છે. તે જ 'चक्खुद' એ સૂત્રઘટિત ચક્ષુપદથી વિશિષ્ટ ચક્ષુ લેવી.

શંકા=પદાર્થપ્રતીતિરૂપ દર્શનનું કારણ, જ્ઞાન આવરણ આદિ ક્ષયોપશમ હોઈ જ્ઞાનઆવરણ આદિ ક્ષયોપશમને જ વિશિષ્ટ ચક્ષુ તરીકે કહેવું વ્યાજબી છે, નહીં કે મિથ્યાત્વમોહ ક્ષયોપશમસાધ્યતત્ત્વરૂચિરૂપ શ્રદ્ધા. અર્થાત્ દર્શનકારણ જ્ઞાનાવરણ આદિ ક્ષયોપશમને છોડી મિથ્યાત્વમોહ ક્ષયોપશમસાધ્યતત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાને વિશિષ્ટ-દિવ્યચક્ષુ તરીકે કેમ દર્શાવી ?

સમાધાન=નિરૂક્ત-ઉપરોક્ત તત્ત્વરૂચિ-શ્રદ્ધારૂપ લોકોત્તર દ્રષ્ટિ વગરનાને (ભાવ આંધળાને) જીવ આદિરૂપ તત્ત્વવિષયક દર્શન-બોધનો સદંતર અભાવ છે. જેમ દુનિયામાં આંખ વગરના-આંધળાને, કાળા-ધોળા-લાલ-લીલા વિગેરેરૂપ-વર્ણ-રંગનું જોવું અસંભવિત છે તેમ અહીં શ્રદ્ધાનયનશૂન્યને તત્ત્વદર્શન, અસંભવિત છે. માટે શ્રદ્ધાને 'અભ્યર્હિત-પૂજ્ય તરીકે લોકમાં પણ માનેલ છે. તથાચ તત્ત્વદર્શનના પ્રત્યે તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધા

---

१ 'लघ्वक्षराऽसखीदुत्स्वराद्यदल्पस्वरार्च्चमेकम्' (सि. ३-१-१६०) इत्यत्र सूत्रे 'श्रद्धामेधे' इति अर्थग्राहिणी श्रद्धा, शब्दग्राहिणी मेधेति श्रद्धायाः पूज्यत्वम्-क्रम=द्वन्द्वसमासमां पदोने क्या क्रममां गोठववा माटे केटलाक नियम छे. ते पैकी अभ्यर्हित-अर्च्य-पूजय नामनो प्रथम प्रयोग थाय छे. दा.त. 'श्रद्धामेधा' 'मा-बाप' 'पार्वतीपरमेश्वर' विगेरे 'श्रद्धामेधा' रूप द्वन्द्व समासमां 'अर्थने

કારણ છે. તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાની હાજરી હોય તો જ તત્ત્વવિષયકબોધ થાય છે. તત્ત્વરૂચિરૂપશ્રદ્ધાની ગેરહાજરીમાં તત્ત્વદર્શન થતું નથી.

શંકા=તત્ત્વવિષયકદર્શનકારણ, તત્ત્વરૂચિરૂપ-આત્મધર્મરૂપ શ્રદ્ધાચક્ષુ ભલે હો ! પરંતુ આ તત્ત્વરૂચિ-શ્રદ્ધાનેત્ર, અન્ય હેતુઓથી સાધ્ય હો ! ભગવત્પ્રસાદથી સાધ્ય ન હો ! અર્થાત્ આ વિશિષ્ટનેત્રને પરમાત્માની પરમ અમી નજરરૂપ પરમ પ્રસાદરૂપ સાધનથી સાધ્ય ન માનીએ અને બીજા હેતુઓથી સાધ્ય માનીએ તો શો વાંધો ?

–પૂર્વોક્ત શંકાના સમાધાનપૂર્વક શક્રસ્તવના 'ચક્ષુર્દ' રૂપ ૧૬ મા પદનો ઉપસંહાર–

न चेयं मार्गानुसारिणी सुखमवाप्यते सत्यां चास्यां भवत्येतन्नियोगतः कल्याणचक्षुषीव सद्रूपदर्शनं नह्यत्र प्रतिबन्धो नियमेन ऋते कालादिति निपुणसमयविदः अयं चाप्रतिबन्ध एव, तथा तद्भवनोपयोगित्वात्, तमन्तरेण तत् सिद्धयसिद्धेः, विशिष्टस्योपादानहेतोरेव तथापरिणतिस्वभावत्वात्, तदेषाऽवन्ध्यबीजभूता धर्म्मकल्पद्रुमस्येति परिभावनीयं । इयं चेह चक्षुरिन्द्रियं चोक्त्वद्भगवद्भ्य इति चक्षुर्ददतीति चक्षुर्दाः १६ ॥

ભાવાર્થ=(સમાધાન) આ-તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધા, સમ્યગ્દર્શન આદિરૂપ મોક્ષમાર્ગને અનુસરનારી (મોક્ષમાર્ગ પ્રત્યે અનુકુલપણાએ ચાલનારી)-મોક્ષરૂપ ફલાનુકૂલ-હેતુરૂપ, સુખપૂર્વક-સ્હેજે-મહેનત વિના જેમ તેમ-બીજા કારણોથી અર્થાત્ ભગવંતે કરેલ અનુગ્રહ-પ્રસાદ-મીઠી નજરરૂપ કારણ સિવાય બીજા કારણોથી સાંપડતી નથી.-મેળવતી નથી-લભ્ય કે સાધ્ય નથી બનતી.

શંકા=તાદૃશ શ્રદ્ધારૂપ નવલું નયન પરમાત્માના પરમ પ્રસાદથી સાધ્ય ભલે હો ! પરંતુ પદાર્થપ્રતીતિરૂપ સ્વાધ્યાયના પ્રત્યે તાદૃશ શ્રદ્ધારૂપ અદ્ભુત નેત્રનું નિયત કારણપણું ન હો ! આ શ્રદ્ધારૂપ લોકોત્તર લોચનથી અચૂક-ચોક્કસ નિયમા તત્ત્વદર્શન થાય જ એમ કેમ મનાય ?

સમાધાન-તત્ત્વરૂચિ-શ્રદ્ધારૂપ ચમત્કારી ચક્ષુની હાજરી હોય તો સમ્યગ્ પદાર્થ વિષયક જ્ઞાનરૂપ તત્ત્વદર્શનરૂપ સાધ્યકાર્ય, અવશ્ય થાય જ એમાં બીલકુલ દલીલને પ્રવેશ મળતો જ નથી. દા.ત. જેમ કલ્યાણ (રોગ આદિ દોષ વગરની નિર્મલ અત એવ મંગલરૂપ) દ્રષ્ટિ-નયન-આંખ હોયે છતે યથાર્થ-વિદ્યમાન નીલાદિરૂપ વિષયક દર્શન, અવશ્ય-નિયત-ચોક્કસ છે. (કાચ કામલ વિગેરે રોગરૂપ દોષથી અર્થાત્ કાચ=આંખમાં પડદો આવી જાય છે. તે. કામળ=પિત્તના વિકારથી ઉત્પન્ન થતો એક કામલ નામનો નેત્રરોગ વિશેષ વિગેરે રૂપ દોષથી હણાયેલ કે ઘેરાયેલ આંખથી પદાર્થના સાચા રૂપનું બરોબર ચોખ્ખું દેખવું અસંભવિત છે. વાસ્તે અહીં કલ્યાણ-નિર્મલ-નિર્દોષ-નીરોગ આંખ બતલાવી છે.) તેમ તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાનયન હોયે છતે પદાર્થવિષયક તત્ત્વજ્ઞાન, અવશ્ય થાય જ છે. તથાચ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રગતિ કરનારી-આગેકૂચ કે આગેકદમ

---

ગ્રહણ કરનારી શ્રદ્ધા' અને 'શબ્દને ગ્રહણ કરનારી મેધા' એમ એ બંનેનો વિવેકરૂપ અર્થ સમજવો. તથાચ મેધા (બુદ્ધિ) કરતાં શ્રદ્ધાનો કેમ પ્રથમ પ્રયોગ થયો છે ? એ પ્રશ્નનો એક જ જવાબ છે કે; મેધા કરતા શ્રદ્ધા, પૂજ્ય-અર્ચ્ય છે. કેમ કે; તે અર્થનું ગ્રહણ કરે છે.

ભરનારી તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાજન્ય તત્ત્વદર્શનનો નિયમથી અવશ્યભાવથી કોઈપણ પ્રતિબંધક-રોકનાર છે જ નહીં.

શંકા-માર્ગાનુસારિશ્રદ્ધા જન્ય દર્શનના પ્રત્યે શું કોઈ પણ સર્વથા-એકાંતે પ્રતિબંધક છે જ નહીં ?

સમાધાન-નિપુણ સમય વેત્તાઓ નિશ્ચયનયવ્યવહારીઓ-પરમાર્થ-નિશ્ચયનયપૂર્વક વ્યવહાર-શબ્દપ્રયોગ આદિ વ્યવહાર કરનારાઓ) આ વિષયમાં વદે છે કે; માર્ગાનુસારિશ્રદ્ધાજન્ય દર્શનના પ્રત્યે કાલ સિવાય બીજો કોઈ પ્રતિબંધક છે જ નહીં.

શંકા-જ્યારે એક બાજુ કહો છો કે; 'શ્રદ્ધાસાધ્યતત્ત્વ દર્શનનો કોઈ પ્રતિબંધક જ નથી' અને બીજી બાજુ કહો છો કે, 'કાલ સિવાય કોઈ પ્રતિબંધક નથી.' કાલરૂપ પ્રતિબંધકની સિદ્ધિ છે તો 'નિયમથી કોઈ રોકનાર જ નથી' એમ કેમ કહેવાય ?

સમાધાન-'તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધા સાધ્યતત્ત્વદર્શનમાં કોઈનો પ્રતિબંધ (અટકાવ-આડ-મના-અવરોધ) નિયમથી છે જ નહીં' એ બરોબર છે. વળી કાલનો પ્રતિબંધ તે અહીં અપ્રતિબંધરૂપ છે. અર્થાત્ માર્ગાનુસારિશ્રદ્ધાસાધ્યદર્શનરૂપ કાર્યના પ્રત્યે કાલ, પ્રતિબંધક પણ અપ્રતિબંધક-ઉત્તેજકરૂપમાં ભાગ ભજવે છે. (જ્યાં સુધી તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધાના અભાવ દરમ્યાન દર્શનના પ્રત્યે કાલની પ્રતિબંધકતા-અનનુકૂલતા માનવી પણ તત્ત્વરૂચિશ્રદ્ધાના સદ્ભાવ દરમ્યાન, શ્રદ્ધાજન્ય દર્શનના પ્રત્યે કાલની પ્રતિબંધકતા નથી પરંતુ અનુકૂલતા છે એમ સમજવું.[1])

કારણ કે; કાલ, તત્ત્વરૂચિરૂપશ્રદ્ધાને તત્ત્વદર્શનરૂપપણાએ પરિણમવામાં (તદ્રૂપ થવામાં) ઉપયોગી-તદનુકૂલ વ્યાપારવાળો, ઉત્તેજક, લાભકારક થાય છે. અર્થાત્ શ્રદ્ધાસાધ્યદર્શનમાં કાલ, મહત્ત્વનો ભાગ ભજવે છે. કાલરૂપ કારણ સિવાય શ્રદ્ધા, તત્ત્વદર્શનમાં પરિણમતી જ નથી. કાલરૂપ કારણ સહકૃતતત્ત્વરૂચિરૂપ શ્રદ્ધા, તત્ત્વદર્શનરૂપ કાર્યના પ્રત્યે કારણ છે. તથાચ કાલ સિવાય તે દર્શનને સ્વરૂપલાભ (સ્વરૂપલાભાવચ્છિન્નદર્શનરૂપ કાર્યદર્શનત્વવિશિષ્ટદર્શનરૂપકાર્ય-ફલ) અસિદ્ધ-અનુત્પન્ન છે.

કારણ કે; વિશિષ્ટ-જેના સ્વભાવમાં વિવિધ સહકારિ કારણોદ્વારા કરાયો છે અતિશય (વિશેષતા-મહત્ત્વ) એવા [2]ઉપાદાનહેતુ-પરિણામિ કારણનો (શ્રદ્ધારૂપઉપાદાનનો) કાર્યરૂપે (દર્શનરૂપે) પરિણમવાનો-થવાનો સ્વભાવ છે. (અહીં એમ સમજવું છે કે; કારણના બે પ્રકારો છે. (૧) આપેક્ષિક (૨) ઉપાદાન. દા.ત.

---

૧ અથવા જેમ દાહરૂપ કાર્યના મણિવિશેષની પ્રતિબંધકતા લોકસિદ્ધ છે. પરંતુ મણિવિશેષાંતરની હાજરીમાં દાહની ઉત્પત્તિ હોઈ મણિવિશેષાંતર અભાવ વિશિષ્ટ મણિવિશિષ્ટની પ્રતિબંધકતા અવશ્યવક્તવ્ય હોઈ મણિવિશેષાંતરની ઉત્તેજકતા ઉપપન્ન-યુક્ત છે. તેમ દર્શનરૂપ કાર્યના પ્રત્યે કાલવિશેષની પ્રતિબંધકતા સિદ્ધ છે. પરંતુ કાલવિશેષાંતરની અથવા તત્ત્વરૂચિનામક શ્રદ્ધાકારણની હાજરીમાં દર્શનરૂપ કાર્યની ઉત્પત્તિ હોઈ, કાલવિશેષાંતરના અથવા શ્રદ્ધાના અભાવવિશિષ્ટ કાલવિશેષની પ્રતિબંધકતા અવશ્યવક્તવ્ય હોઈ કાલવિશેષાંતરની અથવા શ્રદ્ધાની ઉત્તેજકતા-કાર્યજનકતા અર્થાત્ પ્રતિબંધકશક્તિને દાબી દઈ કાર્યજનકતારૂપ ઉત્તેજકતા માનવી વ્યાજબી લાગે છે.

૨ समवायिकारणमुपादानकारणमिति सांख्यमायावादिवेदान्तिप्रभृतय आहुः । अस्मिन्मते उपादानत्वं च परिणामित्वमिति ज्ञेयम् । उपादानं निमित्तं च द्विविधं कारणमिति च ज्ञेयम् (प्र० च० पृ० १३)

વસ્તુની ઉત્પત્તિનો આધાર બે કારણો ઉપર છે. જેમકે, ઘટ ઉત્પન્ન કરવો હોય તો તેનાં ચક્ર-દંડ-કુંભાર વિગેરે બાહ્ય કારણોની જરૂર પડે છે. તેમજ માટી, તેની સ્નિગ્ધતા ઈત્યાદિ તેનાં અભ્યંતર કારણોની અપેક્ષા રહે છે.) એવંચ કાલ પણ દ્રવ્યના [1]પર્યાયરૂપ હોવાથી આત્મદ્રવ્યના પર્યાયરૂપ શ્રદ્ધા તત્ત્વદર્શનરૂપ કાર્યમાં પરિણમે છે કેમકે; શ્રદ્ધારૂપ વિશિષ્ટ ઉપાદાનકારણ-પરિણામિકરણનો તેવો સ્વભાવ છે.

અંતતો ગત્વા એ ફલિત થાય છે કે; આત્મદ્રવ્ય પર્યાય વિશેષરૂપ કાલાભિન્ન શ્રદ્ધારૂપ ઉપાદાન કારણ, દર્શન આકારે પરિણમતું હોઈ શ્રદ્ધાસાધ્યતત્ત્વદર્શનના પ્રત્યે કોઈ પ્રતિબંધક-બાધક છે જ નહીં. હવે આ વિષયને ઉપસંહારતા શાસ્ત્રકાર કહે છે કે, તેથી જ-ઉપરોક્ત વિવેચનથી આ તત્ત્વરૂચિરૂપ-માર્ગાનુસારિ શ્રદ્ધા, સમ્યગ્દર્શનાદિ ધર્મરૂપ કલ્પવૃક્ષના પ્રત્યે અવંધ્ય[2] બીજભૂત (નિયતફલજનકરૂપ) છે. આ પ્રમાણે પ્રૌઢપરામર્શ કે પરિશીલન કરો !

વળી આ વિરાટવિશ્વમાં આ માર્ગાનુસારિ-તત્ત્વરૂચિ-[3]શ્રદ્ધારૂપ વિશિષ્ટ-લોકોત્તર ચક્ષુઈન્દ્રિય, અરિહંત ભગવંતોના પ્રસાદથી લભ્ય કે સાધ્ય બને છે. તથાચ જેમ અભયરૂપ અદ્‌ભુતધર્મ ભગવંતોથી સાધ્ય છે. તેમ આ શ્રદ્ધારૂપ શ્રેષ્ઠચક્ષુ ભગવંતોથી જ પ્રાપ્ય છે. ભગવંતથી ભિન્ન બીજાઓથી કે સ્વતઃ-પોતાથી સાધ્ય નથી.

એવચં 'માર્ગાનુસારિ-તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધારૂપ ભાવચક્ષુને આપનારા એવા અરિહંતભગવંતોને નમસ્કાર હો !' આ પ્રમાણે શક્રવસ્તવના 'ચક્ષુર્દ' એ રૂપ ૧૬ મા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

–શક્રસ્તવના 'માર્ગદ' એ રૂપ ૧૭ મા પદનું વ્યાખ્યાન–

तथा 'मग्गदयाणं' इह मार्गः-चेतसोऽवक्रगमनं, भुजङ्गमनलिकायामतुल्यो विशिष्टगुणास्थानावाप्तिप्रगुणः स्वरसवाही क्षयोपशमविशेषः, हेतुस्वरूपफलशुद्धा सुखेत्यर्थः,

---

१ કાલના બે પ્રકારો છે. (૧) પર્યાયરૂપ (૨) દ્રવ્યરૂપ. તેમાં, (નૈશ્ચયિકકાલરૂપ) પ્રથમ પ્રકાર, પાંચ અસ્તિકાયોનો વર્ત્તનારૂપ પરિણામ જ છે. અર્થાત્ વસ્તુના પર્યાયરૂપકાલ સમજવો. કિંતુ તે અન્ય દ્રવ્ય નથી. (૩) બીજા પ્રકારનો અર્થાત્ દ્રવ્યરૂપકાલ, અઢીદ્વીપ અને બે સમુદ્ર આશ્રીને છે. વળી તે અનંતસમયરૂપ છે. સૂર્યની ક્રિયાથી તે વ્યક્ત થાય છે. અને વર્તનાદિ અન્ય દ્રવ્યના પરિણામની અપેક્ષાથી રહિત છે અર્થાત્ સમયક્ષેત્રમાં વ્યવહારિક દ્રવ્યકાલ સમજવો. અથવા દ્રવ્યસમય, ઉત્પાદ અને વિનાશથી મુક્ત છે. જ્યારે પર્યાયસમય, બેથી યુક્ત છે. તથાચ બીજા દ્રવ્યોમાં વર્તનાહેતુતારૂપ ગુણદ્વારા ધારાપ્રવાહી ગુણપર્યાયવત્તાનો કાલમાં સ્વીકાર થઈ શકે તેમ છે. કારણ કે; અન્યાન્ય સમયાદિ પર્યાયોવડે તેનો સ્વભાવ છે. એ ધ્યાનમાં રાખવું કે સમયાદિપર્યાય, મુખ્યદ્રવ્ય સમયરૂપ કાલદ્રવ્યથી જુદો પણ નથી તેમ એકરૂપ પણ નથી, પરંતુ તે ભેદાભેદ સ્વરૂપી છે. જે સમય, નવનવા પર્યાયરૂપ છે. તેજ સમય તેના ઉત્તરવર્તી પુદ્‌ગલ આદિ દ્રવ્યોમાં વર્તના કારણરૂપે જે સમય છે તેની અપેક્ષાએ દ્રવ્યરૂપ છે. અને તે પણ ઉત્તર સમય ત્રીજા સમયની અપેક્ષાએ દ્રવ્યરૂપ છે. આ પ્રમાણે દ્રવ્ય અને પર્યાયમાં સમાનાધિકરણતા હોવાથી એનું ભેદાભેદસ્વરૂપ સિદ્ધ થાય છે.

२ फलाव्यवच्छिन्नकारणभूता, साक्षात्फलजनकरूपबीजभूता श्रद्धेत्यर्थः ।

૩ "દરિસણ દુર્લભ, સુલભ કૃપાથકી, આનંદઘન મહારાજ" આ. ચો. ૪ થા સ્તવને-૬-"જો કે આપનું દર્શન દુર્લભ છે. પણ જો આપની કૃપા થાય તો તે ઘણું સરસ-સુલભ છે. માટે આપ એ કૃપા કરો.

ભાવાર્થ-જેમ અરિહંત ભગવંતો અભય, (ધૃતિ) ચક્ષુ (શ્રદ્ધા) આપનારા છે. તેમ માર્ગનું દાન કરનારા છે. અર્થાત્ 'માર્ગદાતા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !'

–અહીં– 'માર્ગદ' એ સૂત્રઘટિતમાર્ગપદાર્થનું મનનીય મંથન–

માર્ગ-મનનું અવક્રગમન. અર્થાત્ મનની સરલ પ્રવૃત્તિ તેનું નામ માર્ગ. હવે આ વિષયને ઉદાહરણ આપી પુષ્ટ કરે છે કે જે નળીદ્વારા સાપ અંદર દાખલ થઈ શકે છે એવી જે સાપને જવાની નલિકા (છિદ્રવાળા વાંસ વિગેરે રૂપ નળી-ભુંગળી) ના આયામ-લંબાઈ સરખા, વળી આગળ કહેવાતા વિશિષ્ટ ગુણોના લાભનું કારણ, સ્વરસવાહી-પોતાની અભિલાષારૂચિથી પ્રવર્ત્તેલ, એવા ક્ષયોપશમ વિશેષને (દુઃખકારણ જે દર્શનમોહ વિગેરે છે તેનો વિશિષ્ટક્ષય તે અહીં ક્ષયોપશમ વિશેષ સમજવો. તેને) માર્ગ કહે છે. તથાહિ જેમ ભુંગળી નળીમાં પેસવાને આતુર એવા સાપને પેસવામાં (જવામાં) એટલી સીધી ગતી કરવામાં સીધી નળીની લંબાઈ (વિસ્તાર) ઈષ્ટસ્થાન મેળવવામાં હેતુ છે. કારણ કે; વાંકી ગતિ કરે તો સીધી નળીમાં પેસી ઈષ્ટસ્થાનમાં જઈ શકે નહીં (અથવા વાંકી નળીનો વિસતાર હોય તો પણ જઈ શકે નહીં) તેમ મનની સીધી પ્રવૃત્તિમાં જ, સ્વાભાવિક મિથ્યાત્વમોહનીય આદિ ક્ષયોપશમ, સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનના લાભમાં કારણ છે. મનની કુટિલ પ્રવૃત્તિમાં નલિકાનાઆમતુલ્ય-સ્વાભાવિકક્ષયોપશમ વિશેષ ગુણસ્થાનની પ્રાપ્તિમાં કારણ નથી.

(ઉદ્વેગ આદિનો ત્યાગ કરીને ચિત્તને સ્વસ્થ કરવું તે ધૃતિ. (અભય) ચિત્ત, સ્વસ્થ થવાથી માર્ગાનુસારિણી રૂચિ ઉત્પન્ન થાય તે શ્રદ્ધા (ચક્ષુ) તથા માર્ગાનુસારિણી શ્રદ્ધા થવાથી ક્ષયોપશમ વિશેષરૂપ ભાવ, ઉત્પન્ન થાય, જેમ સર્પ બહાર વાંકો ચાલે પણ રાફડામાં પેસતા સીધો થઈ જાય છે તેમ શ્રવણ આદિમાં બુદ્ધિ-મનની સરલતા થવી તે સુખા (માર્ગ) કહેવાય છે. સાંખ્ય દર્શનમાં-ભગવાન્ પરિવ્રાજક ગોપેન્દ્રના શબ્દોમાં 'માર્ગ' સુખાતરીકે કહેવાય છે.)

–માર્ગસ્વરૂપ નિશ્ચય–

(૧) હેતુ શુદ્ધ માર્ગ=પૂર્વકથિત-માર્ગાનુસારિ-તત્ત્વરૂચિરૂપ શ્રદ્ધારૂપ હેતુથી શુદ્ધ-નિર્દોષ છે અત એવ તૃષ્ણાક્ષયજન્યઅખંડ ઉપશમ-શાંતરસજન્ય સમતા સુખરૂપ પ્રકૃત માર્ગ છે.

(૨) સ્વરૂપ શુદ્ધ માર્ગ=સ્વગત, વિમલ-વિમલતર-વિમલતમરૂપ સ્વરૂપથી શુદ્ધ નિર્દોષ છે. અત એવ ઉપશમ-સમતાસુખરૂપ પ્રકૃત માર્ગ છે.

(૩) ફલ શુદ્ધ માર્ગ=વિવિદિષા આદિ ફલથી શુદ્ધ-નિર્દોષ છે અત એવ નિરંતર શાંતિ-સમતા સુખરૂપ પ્રકૃત માર્ગ છે. અત એવ હેતુ-સ્વરૂપ-ફલશુદ્ધ આ પ્રકૃત માર્ગને, ઉપશમ સુખરૂપ હોઈ સાંખ્ય દર્શનમાં 'સુખા' 'સુખાસિકા' તરીકે નવાજવામાં આવે છે.

---

૧ ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ક્ષય અને નહીં ઉદયમાં આવેલ મિથ્યાત્વનો ઉપશમ તે અહીં ક્ષયોપશમ સમજવો.

અન્વય=મિથ્યાત્વ મોહનીય આદિ ક્ષયોપશમરૂપ માર્ગરૂપ કારણ સત્ત્વે સમ્યગ્દર્શન આદિરૂપ ગુણ-સ્થાનોની પ્રાપ્તિરૂપ કાર્ય થાય છે. વ્યતિરેક=મિથ્યાત્વ મોહનીય આદિ ક્ષયોપશમ રૂપ માર્ગના અભાવમાં સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનોની પ્રાપ્તિનો અભાવ થાય છે.

–અન્વય વ્યતિરેકપૂર્વક માર્ગપદાર્થની મનોરમ મીમાંસા–

नास्मिन्नान्तरेऽसति यथोदितगुणस्थानावाप्तिर्मार्गविषमतया चेतः- स्खलनेन प्रतिबन्धोपपत्तेः, सानुबन्धक्षयोपशमतो यथोदितगुणस्थानावाप्तिः, अन्यथा तदयोगात्, क्लिष्टदुःखस्य तत्र तत्त्वतो बाधकत्वात्, सानुबन्धं क्लिष्टमेतदिति तन्त्रगर्भः, तद्बाधितस्यास्य तथागमनाभावात्, भूयस्तदनुभवोपपत्तेः,

ભાવાર્થ-અંતરંગ હેતુભૂત ક્ષયોપશમરૂપ માર્ગના અભાવમાં (બહિરંગ ભૂત ગુરૂ વિગેરે સહકારિ કારણો હોવા છતાંય) સમ્યગ્દર્શનાદિ ગુણોના લાભનો અભાવ છે. સબબ કે; ક્ષયોપશમ માર્ગ, વિષમ (ઉંચોનીચો-અસમ-ઉલ્ટો વિરૂદ્ધ કે ન્યૂન) વિસંસ્થુલ-ચલાચલ-સ્ખલિત થવાથી મનોવ્યાઘાત, (મનમાં એકાએક વધુ અથડામણ-ફટકો-ઝટકો-કંપન) સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનની પ્રાપ્તિરૂપ કાર્યને રોકે છે. અર્થાત્ સમ્યગ્દર્શન આદિ ગુણસ્થાનની પ્રાપ્તિરૂપ કાર્યના પ્રત્યે માર્ગ વિષમતાજન્ય મનોવ્યાઘાત, પ્રતિબોધક છે-અવરોધક છે.

–કેવા ક્ષયોપશમથી સમ્યગ્દર્શન આદિ ગુણોનો લાભ થાય છે. તેનું દિગ્દર્શન–

तथा च सानुबंध (ઉત્તરોત્તર અનુબંધ-સંબંધવાળા-મુખ્યાનુયાયી-પ્રભૂતતમ-અવિચ્છિન્ન પ્રવાહવાળા) ક્ષયોપશમથી-મિથ્યાત્વમોહનીય આદિના ક્ષયોપશમથી સમ્યગ્દર્શન ગુણસ્થાનોની પ્રાપ્તિ થાય છે.

અર્થાત્ સમ્યગ્દર્શનઆદિગુણલાભરૂપ કાર્યના પ્રત્યે સાનુબંધક્ષયોપશમ હેતુ છે.

અન્વયઃ=સાનુબંધ ક્ષયોપશમ હોય તો જ સમ્યગ્દર્શન આદિ ગુણોની પ્રાપ્તિ થાય છે.

વ્યતિરેક=સાનુબંધ ક્ષયોપશમના અભાવમાં સમ્યગ્દર્શનાદિ ગુણ લાભરૂપ કાર્યનો અભાવ થાય છે. આવા અન્વય વ્યતિરેકથી પ્રકૃતકાર્યકારણભાવનો નિશ્ચય જાણવો.

–નિરનુબંધ ક્ષયોપશમ હોયે છતે ક્લિષ્ટકર્મથી સમ્યગ્દર્શન આદિ ગુણલાભ રોકાય છે એ વિષયની ચર્ચા-

એવંચ નિરનુબંધ (ઉત્તરોત્તર અનુબંધ-સંબંધ વગરનો મુખ્યને નહીં અનુસરનારો અત્યંત અલ્પ-વિચ્છિન્ન પ્રવાહવાળો) ક્ષયોપશમ હોયે છતે તત્ત્વથી-અંતરંગવૃત્તિથી સમ્યગ્દર્શન આદિ ગુણ પ્રાપ્તિના પ્રત્યે ક્લિષ્ટકર્મ, પ્રતિબંધક-અવરોધક છે.

–ક્લિષ્ટકર્મનું સ્વરૂપવર્ણન–

ક્લિષ્ટકર્મ=સાનુબંધ, (પરંપરા-ઉત્તરોત્તર અનુબંધવાળું-અવિચ્છિન્ન પ્રવાહવાળું) ક્લેશકારી-દુઃખ-પીડાકારી જે કર્મ તે 'ક્લિષ્ટકર્મ' તરીકે ઓળખાય છે. (પરંતુ તત્કાલ-તરત જ પરમકલેશ-દુઃખકારી પણ, સ્કંદક આચાર્યના શિષ્યના કર્મની માફક કે મહાવીરપ્રભુના કર્મની માફક કર્મ તે 'ક્લિષ્ટકર્મ' કહેવાતું નથી.) આ પ્રવચન (શાસ્ત્ર સિદ્ધાંત) નો પરમ-સર્વોત્તમ, ગર્ભ-રહસ્ય-સાર સમજવો.

તથાચ ક્લિષ્ટકર્મ (અખંડધારાએ સદંતર દુઃખ કરનારૂં કર્મ) વડે હાર-પરાજય પામેલ-ઘેરાયેલ ચિત્ત, સરસપણાએ સમ્યગ્દર્શન આદિરૂપ વિશિષ્ટ ગુણસ્થાનને પામી શકતું નથી–વિશિષ્ટ ગુણસ્થાનમાં જતું કે પેસતું નથી. કારણ કે જ્યારે ક્લિષ્ટકર્મજન્ય દુઃખનો અનુભવ-વિપાકોદય વર્તમાન હોય તો તે વખતે કેવી રીતે ચિત્તની-મનની સીધી પ્રવૃત્તિ કે વૃત્તિ સંભવે ? અર્થાત્ ન જ સંભવે.

તથાચ પુનઃ પુનઃ ક્લિષ્ટકર્મજન્ય દુઃખનો અનુભવ ચાલુ હોય તે વખતે વિશિષ્ટ ગુણસ્થાનમાં ચિત્તનું સીધું દાખલ થવું અસંભવિત છે.

શંકા–સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવા છતાંય જ્યારે કોઈ જીવ મિથ્યાત્વમાં જાય છે ત્યારે ક્લિષ્ટકર્મનો અભાવ કેવી રીતે સંગત થાય ?

–આ શંકાનું સંતોષપ્રદ સમાધાન અને તે સમાધાન વિષય પર માર્મિક મંથન-

न चासौ [1]तथाऽतिसङ्क्लिष्टस्तत्प्राप्ताविति प्रवचनपरमगुह्यं, [2]न खलु भिन्नग्रन्थेर्भूयस्तद्बन्ध इति तन्त्रयुक्त्युपपत्तेः, एवमनिवृत्तिगमनेनाऽस्य भेदः,

ભાવાર્થ-અપૂર્વકરણરૂપ ધારદાર હથીયારથી, (પૂર્વે જીવે નહિ અનુભવેલ એવા અધ્યવસાય વિશેષથી) કઠોર, નક્કર, સુકાઈ ગયેલી આડાઅવળા સંબંધવાળી-ઉકેલી ન શકાય એવી વાંસની ગાંઠ સરખી, અતિ દુઃખે ભેદી શકાય એવી, જીવના કર્મથી પેદા થયેલ, અતિનિબિડ-ગાઢ-રાગ-દ્વેષ પરિણામરૂપ (મિથ્યાત્વ મોહનીયના તીવ્રતમ રસરૂપ) ગ્રંથિનો ભેદ જેને થઈ ગયો છે એવો-સમ્યક્ત્વવાળો આ પ્રકૃત જીવ, મિથ્યાત્વે જાય છતાંય પૂર્વની માફક (ગ્રંથિભેદના પહેલાંની જેમ) અત્યંત સાનુબંધ (ઉત્તરોત્તર સંબંધવાળો) ક્લેશદુઃખવાળો (સમ્યગ્દર્શન આદિરૂપ માર્ગની પ્રાપ્તિ થયા બાદ) ક્લિષ્ટકર્મબંધ થતો નથી. આ જૈનશાસનની પરમગુહ્ય-ગુપ્ત-ખાનગી ખજાનારૂપ બાબત જાણવી. કારણ કે; ગ્રંથિ (ગાંઠ) ના ભેદવાળા-સમ્યક્ત્વવાળા જીવને (મિથ્યાત્વે જાય છતાં) ફરીથી, દુર્ભેદ્ય રાગદ્વેષ પરીણામ-મિથ્યાત્વ મોહનીયના તીવ્રતમ રસરૂપ (ચાર અનંતાનુબંધી કષાયોની ચોકડીરૂપ) ગ્રંથિનો [2]બંધ થતો નથી. ગ્રંથિભેદી આત્મામાં જો ફરી ફરી ગ્રંથિનો બંધ માનો

---

૧ જેમ વીંધેલુ મોતી, તેના છિદ્રમાં મળ ભરાયો હોય તો પણ પૂર્વ અવસ્થાને પામી શકતું નથી; તેમ તત્ત્વોની શુદ્ધ શ્રદ્ધારૂપ સોયથી રાગ-દ્વેષના પરિણામને ભેદી નાખવામાં-ગ્રંથિને ભેદી નાખવામાં આવે તો તે પરિણામ અતિનિબિડ થતા નથી. જે મણિ, છિદ્રરહિત ફરીથી થતું નથી. તેમ પરિણામ પણ ફરીથી દ્રઢ થતા નથી. એકવાર જેને આત્મતત્ત્વની ઝાંખી થઈ હોય છે. તેનો આચાર વિચાર જ ફરી જાય છે. ભલેને તે સંસાર વ્યવહારમાં જોડાય છતાં રાગ-દ્વેષની ચીકાશ પ્રથમ જેવી માલૂમ નહીં પડે. કારણ કે; તેને આત્મા સિવાયની અન્ય વસ્તુઓ તરફ વૈરાગ્ય સહજ જાગૃત થાય છે.

૨ એકવાર ગ્રંથિભેદ થયા પછી, એટલે રાગ-દ્વેષના પરિણામની ગાંઠ તૂટ્યા પછી ફરી ફરીથી તે બંધાતી નથી. એટલે જે સમયે ગ્રંથિભેદ થાય છે તે વખતે-ગ્રંથિભેદી મિથ્યાદ્રષ્ટિને પ્રગટ રીતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બંધાતી નથી. એવો સિદ્ધાન્તનો મત છે. કર્મ ગ્રંથકારના અભિપ્રાયે તો (જેણે ગ્રંથિભેદ કર્યો છે. તેવા મિથ્યાત્વે આવેલા જીવો પણ ગ્રંથિભેદી કહેવાય અને એકવાર ગ્રંથિ ભેદાયા બાદ પુનઃ ગ્રંથિભેદવાનું હોતું નથી. એવો નિયમ છે.) સમ્યક્ત્વને ત્યાગ કરેલા એવા ગ્રંથિભેદી જીવો કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે. પણ તેવા પ્રકારનો ઉત્કૃષ્ટ અનુભાગ-રસ બાંધતા નથી.

તો કોઈ કાલે તે ગ્રંથિનો ભેદજ સર્વથા ન થાય અર્થાત્ અનવસ્થા દોષની આપત્તિથી ગ્રસ્ત ગ્રંથિભેદ પછી મનાતો-કલ્પિત ગ્રંથિબંધ થાય. આ પ્રમાણેની શાસ્ત્રીયયુક્તિ-દલીલ પણ ઘટતી છે.

—આ તમામ ચર્ચાથી જે સાબિત થયું તેનો નિષ્કર્ષ—

એવંચ અપૂર્વકરણથી ગ્રંથિભેદ કર્યા બાદ અનિવૃત્તિકરણે આવેલો જીવ અવશ્ય આગળ વધી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. પણ પાછો વળતો નથી. માટે અનિવૃત્તિકરણના અધ્યવસાય, નિવૃત્તિ એટલે વ્યાવૃત્તિ તેનાથી રહિત છે. અર્થાત્ આ કરણ, પોતાનું કાર્ય કર્યા વિના-સમ્યક્ત્વ સંપાદિત કરાવ્યા વિના નિવૃત્ત થતું નથી. નિરાંતે બેસતું નથી. પાછું હઠતું નથી. અત એવ અચૂક અનિવૃત્તિકરણરૂપ-ફલ પ્રાપ્તિ હોઈ અર્થાત્ માર્ગરૂપ ક્ષયોપશમમાં સાનુબંધતા (માર્ગની અખંડિતતા-સળંગ અનુવૃત્તિ-અનુસ્યૂતતા) છે. એટલે અનિવૃત્તિકરણરૂપ ફલની પ્રાપ્તિ છે. અત એવ સાનુબંધક્ષયોપશમથી ભિન્ન બીજા નિરનુબંધ-અનનુવૃત્ત-અનનુસ્યૂત-ખંડિતક્ષયોપશમો કરતાં સાનુબંધ (સદાઅનુવૃત્ત-અખંડધારાવાહી) ક્ષયોપશમમાં ભેદ-વિશેષતા-અધિકતા-તરતમતા-તફાવત છે.

—પરતંત્ર શાસન-દર્શન સિદ્ધ ઉપરોક્તવસ્તુ-

—પતંજલિ વિગેરે યોગાચાર્યો, સાનુબંધક્ષયોપશમવાળાની ગ્રંથિભેદ-આદિરૂપ વસ્તુને નામાંતરથી-બીજા શબ્દોવતી સ્વીકારે છે. આ વિગતની શાસ્ત્રકારે કરેલ સુંદર સંકલનાબદ્ધ સમજાવટ-

सिद्धं चैतत्प्रवृत्त्यादिशब्दवाच्यतया योगाचार्याणां, प्रवृत्तिपराक्रमजयानन्दऋतम्भरभेदः कर्म्मयोग इत्यादिविचित्रवचनश्रवणादिति,

ભાવાર્થ=બીજાઓના શાસ્ત્રથી પણ આ ઉપરોક્ત, વસ્તુ સાધતા શાસ્ત્રકાર કહે છે કે 'પતંજલિ વિગેરે યોગાચાર્યો, સાનુબંધક્ષયોપશમવાળાની આ ગ્રંથિભેદાદિરૂપ વસ્તુને નામાંતરથી માને છે. એ સિદ્ધ-પ્રતીત છે. હવે કેવી રીતે પ્રતીત છે તે વિષયની ઘટના કરે છે કે;

| યોગાચાર્યો | જૈન |
|---|---|
| (૧) પ્રવૃત્તિ | [૨]ચરમયથાપ્રવૃત્તિકરણશુદ્ધિરૂપ પ્રકૃત માર્ગ |
| (૨) પરાક્રમવડે | વીર્ય વિશેષની વૃદ્ધિરૂપ [૩]અપૂર્વકરણવડે |
| પ્રાપ્ત | પ્રાપ્ત |

---

૧ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણથી અધિકસ્થિતિનો બંધ.

૨ ચરમ (છેલ્લું) યથાપ્રવૃત્તિકરણ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે અલ્પ મલ હોવાથી ગ્રંથિ તોડવાની નજીક આવવાથી તમામ યોગના બીજો પ્રાપ્ત થાય છે. જે યથાપ્રવૃત્તિકરણ પછી અનંતર સમયે-તરત જ અપૂર્વકરણ પ્રાપ્ત થાય તેને ચરમ યથાપ્રવૃત્તિકરણ કહે છે. યથાપ્રવૃત્તકરણ=જે અધ્યવસાયો વડે આયુષ્ય કર્મ સિવાય ૭ કર્મોની સ્થિતિને કંઈક ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમ-અંતઃ કોડાકોડી સાગરોપમ પ્રમાણે કરતો ગ્રંથિના સ્થાન સુધી આવે તે અધ્યવસાયનું નામ.

૩ પૂર્વે કદી પણ નહીં પ્રાપ્ત થયેલ એવા અધ્યવસાયો વડે અતિનિબિડ રાગદ્વેષના પરિણામરૂપ તે પૂર્વોક્ત ગ્રંથિને ભેદવાનો પ્રારંભ કરે તે" અપૂર્વકરણ કહેવાય.

(૩) જય (પ્રતિબંધકને આપેલો પરાભવ) વિઘ્નવિજય — 'અનિવૃત્તિકરણ

(૪) આનંદ (તમો ગ્રંથિભેદજન્ય આનંદ) — સમ્યગ્દર્શનની પ્રાપ્તિ

(૫) ઋતંભર (ઋત-સત્યની પુષ્ટિભરતી રૂપ હોઈ) — સમ્યગ્દર્શનપૂર્વક દેવતાપૂજનાદિ વ્યાપાર

તથાચ 'પ્રવૃત્તિ-પરાક્રમ-જય-આનંદ-ઋતંભર રૂપ પાંચ પ્રકારનો કર્મયોગ (ક્રિયારૂપયોગ જાણવો. ઈચ્છારૂપ પ્રણિધાન યોગ નહીં. એમ યોગની સાથે રહેલ 'કર્મ' સૂચન કરે છે. સબબ કે-સામાન્યથી અન્યત્ર પ્રણિધાન.-પ્રવૃત્તિ વિઘ્નજય-સિદ્ધિ-વિનિયોગ રૂપ પાંચ પ્રકારનો શુભાશયરૂપ યોગ જણાવેલ છે.) ઈત્યાદિ (આદિ શબ્દથી ઈચ્છાયોગ આદિ વચનનો સંગ્રહ સમજવો) વિચિત્ર-નાનાવિધ વચનનો પૂરાવો હોવાથી કહેવાય છે કે 'ગ્રંથિભેદ આદિરૂપ વસ્તુને યોગાચાર્યો નામાંતરથી માને છે.'

—માર્ગપદાર્થનો ઉપસંહાર—

न चेदं यथोदितमार्गाभावे, स चोक्तवद्भगवद्भ्य इति मार्गं ददतीति मार्गदाः १७ ॥

ભાવાર્થ-તથાચ મિથ્યાત્વમોહનીય આદિ ક્ષયોપશમ રૂપમાર્ગ કે જેનું બીજું નામ 'સુખા' છે તે યથોદિત-પૂર્વોક્ત સ્વરૂપવાળા માર્ગના અભાવમાં, આ સમ્યગ્દર્શન આદિગુણોનો લાભ નજ થઈ શકે. વળી તે મિથ્યાત્વમોહનીયઆદિક્ષયોપશમરૂપ માર્ગના સદ્ભાવમાં જ આ-સમ્યગ્દર્શન આદિ ગુણોનો લાભ થઈ શકે છે. અને તે મિથ્યાત્વમોહનીય આદિ ક્ષયોપશમરૂપ માર્ગ, અભય-ચક્ષુની માફક ભગવંતોથી જ ભગવંતોને નવાજવામાં કે સંબોધવામાં આવે છે કે 'માર્ગદાતા અરિહંત ભગવંતોને પુનઃ પુનઃ પ્રણામપંક્તિ હો'

આ પ્રમાણે 'માર્ગદ' નામક, શક્રસ્તવના ૧૭મા પદની વ્યાખ્યા પુરી થાય છે.

'શરણદ' નામક, શક્રસ્તવના ૧૮મા પદનું અનોખું વ્યાખ્યાન.

तथा 'सरणदयाणं' इह शरणं-भयार्त्तत्राणं, तच्च संसारकान्तारगतानां अतिप्रबल रागादिपीडितानां दुःखपरम्परासङ्क्लेशविक्षोभतः समास्वा(श्वा)सनस्थानकल्पं, तत्त्वचिन्तारूपमध्यवसानं विवि-'दिषेत्यर्थः,

ભાવાર્થ- તથા જેમ અરિહંત ભગવંતો 'અભયદ' 'ચક્ષુર્દ' 'માર્ગદ' છે. તેમ શરણના આપનાર છે. અર્થાત્ શરણદાતા એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો અહીં 'શરણદ' એ સૂત્રઘટિત શરણ શબ્દનો અર્થ કરે છે કે, શરણ-ભયથી (બીક-ડર-ધાસ્તીથી) આર્ત્ત-પીડિત (ગભરાયેલ-અકળાયેલ) જનોનું ત્રાણ (રક્ષણ-આશ્રય) અર્થાત્ રક્ષણ કરવું આશ્રય આપવો તેનું નામ શરણદાન કહેવાય. વળી તે શરણ-ભય પીડિતજનરક્ષણ, દુર્ગમસારજંગલમાં ગયેલા (સંસારના દુર્ગમ માર્ગે ચડેલા -ભૂલા પડેલા) રમેલા અને અતિપ્રબળ (આત્યંતિક) રાગ આદિ દોષોથી પીડિત-હેરાન પરેશાન થયેલ પ્રાણીઓને, નરકઆદિ ભવરૂપ દુઃખપરંપરાને તથા ક્લેશ

---

૧ વ્યાવૃત્તિ-નિવૃત્તિ-ફેરફાર વિનાના જે અધ્યવસાયો વડે અતિ પરમ આનંદજનક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તે અધ્યવસાયનું નામ "અનિવૃત્તિકરણ" કહેવાય.

૨ ભગવાન્ પરિવ્રાજક ગોપેન્દ્રના શબ્દોમાં શરણ "વિવિદિષા" તરીકે કહેવાય છે.

આદિરૂપ સંક્લેશને સ્વરૂપથી સર્વથા ચલિત-દૂર-વિનાશ કરવા દ્વારા અર્થાત્ પુનઃ નરક આદિભવરૂપ દુઃખ પરંપરાને ક્રોધ આદિ સંક્લેશનો જન્મ ન થાય એવી રીતે નર આદિ ભવરૂપ દુઃખપરંપરાને તથા ક્રોધ આદિ સંક્લેશને મૂળથી હચમચાવી જડમૂળથી નિર્મૂળ કરનાર હોઈ આશ્વાસન (શાંતિ નિવૃત્તિ-નિર્ભયતા-સાંત્વન-ધીરજ)ના સ્થાન-નિકેતન સરખું છે.

-સાંખ્ય દર્શન પ્રસિદ્ધ વિવિદિષા સાથે શરણની તુલના-

તથાચ તત્ત્વચિંતનરૂપ અધ્યવસાન-અધ્યવસાય[1]-નિર્ણયાત્મક પરિણામ તે જ વિવિદિષા કહેવાય છે. અને તત્ત્વવિષયક ચિંતા (ચિંતન-મનન-પરિશીલન-નિદિધ્યાસન) રૂપ અધ્યવસાય આત્મધર્મરૂપ વિવિદિષા એજ શરણનો તાત્પર્યાર્થ, મૌલિક અર્થ છે.

-આ વિષયમાં સમયવૃદ્ધ બહુશ્રુતોનો દર્શાવાતો પ્રવાદ-

सत्यां चास्यां तत्त्वगोचराः शुश्रुशाश्रवणग्रहणधारणाविज्ञानोहापोहतत्त्वाभिनिवेशाः [2]प्रज्ञागुणाः, प्रतिगुणमनन्तपापपरमाण्वपगमेनेति समयवृद्धा ।

ભાવાર્થ- વળી તત્ત્વવિષયક ચિંતન સ્વરૂપ વિવિદિષારૂપ શરણ હોય તોજ, શુશ્રુષા આદિ બુદ્ધિ [3]ગુણને તત્ત્વગોચર અર્થાત્ એક એક દર એક એક પછી એક શુશ્રૂષા આદિ ગુણની અપેક્ષા રાખીને (સમ્યગ્દૃષ્ટિ ઈત્યાદિની માફક) ઉત્તરોત્તર આગલા આગલા અનંતજ્ઞાન આવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ પાપ પરમાણુઓના ક્ષયથી આ શુશ્રૂષાદિક બુદ્ધિના આઠ ગુણો (તત્ત્વગોચરતત્ત્વ જેનો વિષય છે, અર્થાત્ તત્ત્વરૂપ વિષય વિષયક) થાય છે.

તથાહિ તત્ત્વગોચર બુદ્ધિના આઠગુણોનું ટૂંકમાં સ્વરૂપ-

(૧) શુશ્રૂષા= જ્ઞાનાવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુક્ષયજન્ય-તત્ત્વવિષયક શ્રવણેચ્છા, તત્ત્વરૂપ વિષયને સાંભળવાની ઇચ્છા.

(૨) શ્રવણ=શુશ્રૂષાની અપેક્ષા રાખીને પૂર્વ કરતાં વિશેષ જ્ઞાનાવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુંક્ષયજન્ય તત્ત્વ વિષયક શ્રવણ-શ્રોત્રેન્દ્રિયનો ઉપયોગ -ઉપયોગપૂર્વક ધ્યાન દઈને સાંભળવું.

(૩) ગ્રહણ=શ્રવણની અપેક્ષા રાખીને પૂર્વ કરતાં વિશેષ જ્ઞાનાવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુક્ષય-જન્ય તત્ત્વ વિષયક શાસ્ત્રાર્થ માત્રનું ગ્રહણ કરવું.

(૪) ધારણા=ગ્રહણની અપેક્ષા રાખીને પૂર્વ કરતાં વિશેષ જ્ઞાનાવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુક્ષય-જન્ય સાંભળેલા અને ગ્રહણ કરેલા તત્ત્વને ભૂલી નહીં જવું. ધારી રાખવું-યાદ રાખવું (અપાયરૂપે નિશ્ચિત

---

૧ अध्यवसायः इदमेवमेव-इति विषयपरिच्छेदो निश्चयः ।

૨ शुश्रुषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
ऊहोऽपोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः अ. चि. द्वि. का. श्लो. ॥ २४ ॥

૩ બુદ્ધિને ઉપકારકગુણો છે. તે કેવા છે ? તે હવે પછીથી બતલાવેલ છે.

કરેલ તત્ત્વરૂપ અર્થને મનદ્વારા ધારી રાખવો તે 'ધારણા' સમજવી. ધારણાના (૧) અવિચ્યુતિ-તત્ત્વરૂપ એક અર્થ વિષયક ઉપયોગમાં તેના કાળની અવધિ સુધી મચ્યા રહેવું અર્થાત્ તત્ત્વરૂપ એક વસ્તુ પરત્વે યથાયોગ્ય કાળ પર્યંત ઉપયોગ રાખવો. (૨) વાસના-અવિચ્યુતિદ્વારા ગ્રહણ થયેલો અને સ્મૃતિ ઉત્પન્ન કરવામાં જે કારણરૂપ સંસ્કાર તે વાસના કહેવાય છે. (૩) સ્મૃતિ જે તત્ત્વરૂપ પદાર્થ સંબંધી પ્રથમ અનુભવ થયો હોય તે તત્ત્વરૂપ પદાર્થનું કાલાંતરે 'તેજ' એવા ઉલ્લેખરૂપે યાદ આવવું તે સ્મૃતિ એમ ત્રણ પ્રકારો છે.

(૫) વિજ્ઞાન= ધારણાની અપેક્ષા રાખીને પૂર્વ કરતાં વિશેષ-જ્ઞાનાવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપ-પરમાણુક્ષયજન્ય-મોહ-(અજ્ઞાન, સંદેહ, (સંશય) વિપર્યાસ-મિથ્યાજ્ઞાન)ના ધ્વંસપૂર્વક તત્ત્વવિષયકજ્ઞાન તે 'વિજ્ઞાન'

(૬) તત્ત્વગોચરઊહ=વિજ્ઞાનની અપેક્ષા રાખીને પર્વ કરતાં વિશેષ-જ્ઞાનઆવરણ આદિ ક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુક્ષયજન્ય-વિજ્ઞાન વિષયભૂત પદાર્થને આશ્રીને સરખા પ્રકારના બીજા પદાર્થો વિષે વ્યાપ્તિ થવાથી અર્થાત્ સદૃશપદાર્થ દેખવાથી કે સાંભળવાથી તે પદાર્થમાં વિતર્ક કરવો જેમકે દૂરથી ધૂમાડાને દેખીને તર્ક કરવો કે; ધૂમાડો છે માટે અગ્નિ હોવો જ જોઈએ અથવા ભોજનના સમયમાં ભોજન કરનાર માણસે કહ્યું કે; 'સૈન્ધવને લાવો' ત્યારે વિચાર કરવો, જે સૈન્ધવનો અર્થ ઘોડો અને નીમક-લવણ થઈ શકે પણ અશ્વ નહીં માટે લુણ લાવવું. એવી રીતે અન્ય તત્ત્વગોચર પદાર્થોમાં વ્યાપ્તિપૂર્વક વિજ્ઞાતતત્ત્વ વિષયકવિતર્ક તે તત્ત્વગોચર 'ઊહ' અથવા તત્ત્વવિષયક સામાન્યજ્ઞાન તે 'ઊહ'.

(૭) તત્ત્વગોચરઅપોહ=ઊહની અપેક્ષા રાખીને પૂર્વ કરતાં વિશેષ જ્ઞાનાવરણઆદિ ક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુક્ષયજન્ય-યુક્તિ (ન્યાય) અને આગમથી વિરુદ્ધ એવા જીવહિંસા-અસત્ય ચોરી તથા પરસ્ત્રીગમન આદિ, આ લોકમાં તાડન, તર્જન અપકીર્તિ આદિ દુઃખના તથા પરલોકમાં નરક આદિ દુર્ગતિના સાધનભૂત જાણીને અનિષ્ટ અનુબંધી જાણી. તેવા પ્રકારના દુર્ગુણોથી દૂર થવું-બચવું તે અપોહ કહેવાય છે. અથવા તત્ત્વવિષયક વિશેષ જ્ઞાન તે અપોહ (અસત્ પક્ષનું ખંડન પણ અપોહ કહેવાય છે.)

(૮) તત્ત્વાભિનિવેશ=અપોહ આદિની અપેક્ષા રાખીને પૂર્વ કરતાં વિશેષ જ્ઞાનાવરણઆદિક્લિષ્ટકર્માંશરૂપ અનંતપાપપરમાણુક્ષયજન્ય, વિજ્ઞાન-ઊહ-અપોહરૂપ ત્રણના અનુગમ (વ્યાપ્તિ-અનુગમન)થી વિશુદ્ધ-નિર્દોષ-વિજ્ઞાન, ઊહ, અપોહ એ ત્રણરૂપ કસોટીએ કસી નિર્મલ-વિશુદ્ધ કરેલ 'આ વસ્તુનું સ્વરૂપ આવું છે' એવો નિશ્ચય કરવો તે. અર્થાત્ તત્ત્વવિષયકતાત્પર્યજ્ઞાનરૂપ નિશ્ચય તે 'તત્ત્વાભિનિવેશ' જાણવો.[૨] તથાય તત્ત્વવિષયકચિંતારૂપ વિવિદિષારૂપ શરણકારણની હાજરી હોય તો જ ઉપરોક્ત સ્વરૂપવાળા બુદ્ધિના આઠ

---

૧ ઉપલંભ કે અનુપલંભદ્વારા ઉત્પન્ન થતું અર્થાત્ અનુભવ કરાયેલી કે નહિ કરાયેલી એવી વસ્તુઓનું સમીક્ષણ કરવાથી ઉદ્ભવતું ત્રણે કાળના સાધ્ય અને સાધનના સંબંધ-અવિનાભાવ-વ્યાપ્તિ વિગેરેનો આશ્રય લેનારું અને આ હોય ત્યારે જ હોય એવા સ્વરૂપવાળું જ્ઞાન તે 'તર્ક' છે. આનું બીજું નામ 'ઊહ' છે.

૨ અહીં આઠ બુદ્ધિના ગુણોના વર્ણનમાં તત્ત્વના ઠેકાણે પદાર્થ ગોઠવી, તત્ત્વગોચર શબ્દ અને તત્ત્વગોચરતા સાધક હેતુ છોડી વાંચતા કેવલ શુશ્રુષાદિનું સ્વરૂપ સમજાશે.

ગુણો તત્ત્વગોચર-તત્ત્વરૂપ વિષય વિષયક બને છે. એવંચ તત્ત્વગોચર શુશ્રૂષા આદિરૂપ પ્રજ્ઞાગુણાષ્ટકના પ્રત્યે તત્ત્વચિંતાત્મક વિવિદિષારૂપ શરણ, કારણ છે.

તત્ત્વચિંતાત્મક વિવિદિષાના સદ્‌ભાવમાં જ તત્ત્વગોચર પ્રજ્ઞાગુણાષ્કનો સદ્‌ભાવ છે એમ અન્વય અને તત્ત્વચિંતાત્મક વિવિદિષાના અભાવમાં તત્ત્વગોચર પ્રજ્ઞાગુણાષ્ટકનો અભાવ છે એમ વ્યતિરેક હોઈ તત્ત્વગોચર પ્રજ્ઞાગુણાષ્ટક, તત્ત્વચિંતાત્મક વિવિદિષા રૂપ કાર્ય કારણ ભાવનો નિશ્ચય જાણવો. આ પ્રમાણે સમયવૃદ્ધો-બહુશ્રુતો કહે છે.

—ચાલુ વિષયનું હેતુપુરસ્સર સ્પષ્ટ વિવેચન—

तदन्येभ्यस्तत्त्वज्ञानायोगात्, तदाभासतयैतेषां भिन्नजातीयत्वात्, बाह्याकृतिसाम्येऽपि फलभेदोपपत्तेः,

ભાવાર્થઃ – વિવિદિષાવિશિષ્ટપ્રતિગુણ અનંતપાપપરમાણુ ક્ષયરૂપ કારણ ભિન્ન-અન્ય કારણોથી પેદા થયેલ શુશ્રૂષા વિગેરેથી તત્ત્વજ્ઞાન (ભવનિર્ગુણતા 'આદિ પરમાર્થ જ્ઞાન)નો અસંભવ છે. અત એવ વિવિદિષાવિશિષ્ટ પ્રતિગુણ અનંત પાપપરમાણુ ક્ષયરૂપ કારણજન્યતત્ત્વજ્ઞાનિશુશ્રૂષા વિગેરેથી, તત્ત્વજ્ઞાન (ભવ નિર્ગુણતા આદિ પરમાર્થજ્ઞાન) થાય છે. માટે જ, વિવિદિષાવિશિષ્ટ પ્રતિગુણઅનંતપાપપરમાણુક્ષયજન્ય તત્ત્વજ્ઞાનિશુશ્રૂષા આદિ તત્ત્વગોચર કહેવાય છે.

તથાચ વિવિદિષાવિશિષ્ટપ્રતિગુણઅનંતપાપપરમાણુ ક્ષયરૂપ કારણભિન્ન કારણજન્ય શુશ્રૂષા આદિ, તત્ત્વજ્ઞાનરૂપ ફલનીપજાવી શકતા નથી. કારણ કે વિવિદિષા વિશિષ્ટ પ્રતિગુણ અનંતપાપપરમાણુક્ષયરૂપ કારણ સિવાય અન્ય કારણોથી પેદા થયેલ શુશ્રૂષા આદિ, તત્ત્વજ્ઞાનસ્વભાવવાળા હોઈ બાહ્ય દેખાવથી-અક્ષર-દેહથી તત્ત્વગોચર શુશ્રૂષા આદિ સમાન શુશ્રૂષા આદિ-આભાસ તરીકે ઓળખાય છે.

શંકા- શબ્દરૂપ બાહ્ય આકાર તો એક સરખો છે. તો (૧) એક તત્ત્વચગોચર શુશ્રૂષા આદિ (૨) બીજા શુશ્રૂષા આદિ આભાસ, એમ બે વિભાગ કે ભેદમાં શું કારણ છે ?

સમાધાન– આ બે વિભાગમાં ફલભેદ એ જ મુખ્ય કારણ છે તથાહિ (૧) ભવઅનુરાગ (ભવ પ્રત્યેના રાગ) રૂપ ફલના પ્રત્યે તત્ત્વગોચર ભિન્ન અન્ય શુશ્રૂષા આદિ કારણ છે. એટલે તત્ત્વગોચર શુશ્રૂષાદિ ભિન્ન શુશ્રૂષા આદિ આભાસ તરીકે કહેવાય છે.

(૨) ભવવિરાગ (વૈરાગ્ય) આદિરૂપ ફલના પ્રત્યે તત્ત્વગોચર શુશ્રૂષા આદિ કારણ છે. વાસ્તે આ શુશ્રૂષા આદિને તત્ત્વજ્ઞાનિ શુશ્રૂષા આદિ તરીકે કહેવાય છે.

---

૧ 'भवस्वरूपविज्ञानाद् द्वेषान्नैर्गुण्यदृष्टिजात् । तदिच्छोच्छेदरूपं द्राग् वैराग्यमुपजायते ।' श्री अध्यात्मसारे.

સંસારના સ્વરૂપનો વિશેષ બોધ થવાથી તથા નૈર્ગુણ્ય એટલે સંસારમાં વસતા જીવોને પોતાના આત્મપક્ષે કાંઈ અણુમાત્ર પણ જેમાં ગુણ દેખાતો નથી. અને સોજાથી થયેલી શરીરની પુષ્ટતાની જેમ વ્યર્થ આડંબરને ધારણ કરનાર છે એવા પ્રકારની દ્રષ્ટિ=દર્શનથી ઉત્પન્ન થયેલા દ્વેષથી એટલે સંસારના સુખની અરૂચિ થવાથી તે સંસારસંબંધી સુખના અભિલાષની નિવૃત્તિ-ઉદાસીનતા વૈરાગ્ય શીઘ્રતાથી પ્રાપ્ત થાય છે.

અર્થાત્ આભાસભૂત શુશ્રૂષા આદિરૂપ કારણજન્ય ફલ 'ભવરાગ' છે. જ્યારે તત્ત્વભૂત શુશ્રૂષા આદિરૂપકારણ જન્ય ફલ 'ભવ વૈરાગ્ય છે. એમ બંને શુશ્રૂષા આદિનું ફલ (કાર્ય) જુદું થતું હોઈ એક શુશ્રૂષા આદિ 'શુશ્રૂષા આદિ આભાસ' ઠરે છે. જ્યારે બીજા શુશ્રૂષા આદિ, 'તત્ત્વગોચર શુશ્રૂષા આદિ'રૂપે પંકાય છે.

શંકા– શુશ્રૂષાત્વાદિરૂપ એક સ્વભાવવાળા બંને (તત્ત્વગોચર-તત્ત્વાગોચર) શુશ્રૂષા આદિમાં બહારનો આકાર એકસરખો છે. તો આ પ્રમાણેનો ફલભેદ, કેવી રીતે વ્યાજબી મનાય ? વળી બહારનો આકાર વિગેરે એકસરખું છે. વાસ્તે તત્ત્વગોચરરૂપ શુશ્રૂષા આદિજ સંભવે છે ! અને આભાસરૂપ શુશ્રૂષા આદિ ન સંભવે ! કહો કે આ વિષયમાં શ્યો જવાબ છે ?

– આ શંકાનું સમાધાન તથા આ ચર્ચા પર વધુ પ્રકાશ–

सम्भवन्ति तु वस्त्वन्तरोपायतया तद्विविदिषामन्तरेण न पुनः स्वार्थसाधकत्वेन भावसाराः अन्येषां प्रबोधविप्रकर्षेण प्रबलमोहनिद्रोपेतत्वाद्,

ભાવાર્થ– (સમાધાન) તત્ત્વગોચર ભિન્ન તત્ત્વાગોચર-આભાસરૂપ શુશ્રૂષા આદિ સંભવશે જ નહીં એમ નહીં પરંતુ તે તત્ત્વગોચર-આભાસરૂપ શુશ્રૂષા આદિ સંભવે છે. કારણ કે, તત્ત્વવિવિદિષા (તત્ત્વને જાણવાની ઇચ્છા) સિવાય એટલે બીજી વસ્તુ (પૂજા અભિલાષા આદિ પૂજાની ઇચ્છા વિગેરે)ને ફલરૂપ-ધ્યેયરૂપ-કેન્દ્ર કે ઉદ્દેશરૂપ માની તેના પૂજા વિષયક ઇચ્છા આદિના કારણ સાધનરૂપ જે શુશ્રૂષા આદિ, તે તત્ત્વાગોચર-આભાસરૂપ શુશ્રૂષા આદિ સંભવે જ છે. અતએવ કહે છે કે તત્ત્વવિષયક વિવિદિષા (તત્ત્વને જાણવાની ઇચ્છા-જિજ્ઞાસા) સિવાય, ભવ નિર્ગુણતાદિ પરમાર્થ જ્ઞાન સ્વાર્થ (અથવા પ્રતિગુણ અનંત પાપપરમાણુ ક્ષયરૂપ સ્વફલ)ના સાધક નહીં હોવાથી તત્ત્વાગોચર શુશ્રૂષા આદિ, પરમાર્થરૂપ-તત્ત્વરૂપ નથી. અર્થાત્ એ શુશ્રૂષા આદિ આભાસરૂપ છે. (જે સ્વાર્થ-સ્વફલ સાધક છે તે જ પરમાર્થરૂપ મનાય છે)એવો નિયમ અહીં નિર્ધારવો.)

શંકા– તે તત્ત્વાગોચર-આભાસરૂપ શુશ્રૂષા આદિ, સ્વાર્થ (ભવનિર્ગુણતા આદિ પરમાર્થજ્ઞાનરૂપ સ્વફલ અથવા વિશિષ્ટ પાપપરમાણુ ક્ષયરૂપ સ્વફલ)ના સાધક કેમ નથી ?

સમાધાન– અતિપ્રબલ (બલવત્તર) મિથ્યાત્વમોહરૂપી નિદ્રાનો ઘેરો વિદ્યમાન હોઈ આભાસરૂપ શુશ્રૂષા આદિથી તત્ત્વજ્ઞાન-પરમ જાગૃતિરૂપ ફલ દૂર-સુદૂર છે. વાસ્તે પૂજા અભિલાષા આદિરૂપ વસ્તુને (બીજાફલને) કેન્દ્રિત કરી ઉદ્દેશીને પ્રવર્તેલ વિવિદિષારહિત શુશ્રૂષા આદિ, ભવનિર્ગુણતા આદિ પરમાર્થજ્ઞાનરૂપ સ્વાર્થ (અથવા વિશિષ્ટ પાપપરમાણુ ક્ષયરૂપ સ્વફલ)ના સાધક નથી.

– પરમતથી પણ દર્શાવાતું આ વિષયનું સમર્થન –

– તથા આ વિષયમાં યોગિમાર્ગપ્રણાયક અવધૂતાચાર્યના વચનોનો અવતાર –

उक्तं चैतदन्यैरप्यध्यात्मचिन्तकैः यदाहावधूताचार्यः– 'नाप्रत्ययानुग्रहमनतरेण तत्त्वशुश्रूषादयः 'उदकपयोऽमृतकल्पज्ञानाजनकत्वात लोकसिद्धाप्तु सुप्तनृपाख्यानकगोचरा इवान्यार्था एवति'

ભાવાર્થ– અધ્યાત્મચિંતક-આત્મતત્ત્વગવેષક અમારી અપેક્ષાથી અન્ય બીજા ભિન્નજાતીય-દર્શનાંતરીય પુરુષોએ મુમુક્ષુપુરુષોએ પણ (અમારું તો આ વિષયમાં પૂછવું જ શું પણ- બીજાઓએ પણ એ અપિશબ્દનો અર્થ લેવો) આ પ્રકૃત વસ્તુ (પૂજાઅભિલાષા આદિરૂપ બીજી વસ્તુને ઉદ્દેશી પ્રવર્તેલ શુશ્રૂષા આદિ, તત્ત્વજ્ઞાનરૂપ ફલજનક નથી આ રૂપ વિષય)નું નિરૂપણ કરેલ છે.

તથાચ યોગિમાર્ગપ્રણાયક (પ્રણેતા કે પ્રકૃષ્ટનાયક) અવધૂતાચાર્ય કહે છે કે; સદાશિવે-મહેશે કરેલ અનુગ્રહ (ઉપકાર-મ્હેરબાની-કૃપા-પ્રસાદ) સિવાય, પૂર્વે કહેલ તત્ત્વ શુશ્રૂષા આદિ થતા નથી કારણ કે વિષયની (કામભોગની) તૃષ્ણા (આશા-તરસ) ને દૂર કરનાર છીપાવનાર-શમાવનાર એવા, જલસરખા શ્રુતજ્ઞાન, ક્ષીરસરખા ચિંતાજ્ઞાન અને અમૃતસરખા ભાવનાજ્ઞાનરૂપ તત્ત્વજ્ઞાનસમ્યગ્જ્ઞાનરૂપ ફલના સાધક નહીં હોવાથી તે શુશ્રૂષા આદિ, તત્ત્વરૂપ શુશ્રૂષાઆદિ, કહેવાતા નથી. (જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ અવસ્થાવાળા તત્ત્વગોચર શુશ્રૂષા આદિ, જલસદૃશશ્રુતજ્ઞાન ક્ષીરસદૃશ ચિંતાજ્ઞાન, અમૃતસદૃશ ભાવનાજ્ઞાનરૂપ તત્ત્વજ્ઞાનરૂપ ફલના સાધક છે)

તથાચ સામાન્યથી લોકપ્રતિષ્ઠિત-લોકસિદ્ધ શુશ્રૂષા આદિ તો સુતેલા શય્યામાં પોઢેલા રાજાને, નિદ્રાની પ્રાપ્તિ માટે પ્રવર્તેલ આખ્યાન-કથાના વિષયવાળા શુશ્રૂષાઆદિ, બીજાફલને આપનાર થાય છે. પરંતુ આખ્યાનના પરિજ્ઞાનરૂપ સ્વફલને આપનાર નથી. અર્થાત્ જેમ રાજા શય્યામાં સુતો થકો યાચકોના ગીત કથા શ્રવણ કરે, પણ વિષય કષાયમાં ગ્રસ્ત કે મસ્ત હોવાથી-તે ગીતમાં ધ્યાન નહીં રહેવાથી, આ શુશ્રૂષા આદિ, સ્વફલજનક નથી કહેવાતા, તેમ વિવિદિષા વગર શુશ્રૂષા આદિ તત્ત્વજ્ઞાનફલ સ્વફલ થતાં નથી. એટલે તે તત્ત્વરૂપ શુશ્રૂષા આદિ કહેવાતાં જ નથી. પરંતુ આભાસરૂપ શુશ્રૂષા આદિ કહેવાય છે.

ઇતિ શબ્દ-અવધૂતાચાર્યના વચનની સમાપ્તિનું સૂચન કરે છે.

– શરણપદાર્થનો સ્વાંગીણતાત્પર્યાર્થ તથા 'શરણદ' પદનો ઉપસંહાર –

विषयतृडपहार्येव हि ज्ञानं विशिष्टकर्म्मक्षयोपशमजं, [2]नाऽन्यद्, अभक्ष्यास्पर्शनीयन्यायेनाज्ञानत्वात् न चेदं यथोदितशरणाभावे, तच्च पूर्ववद्भगवद्भ्य इति शरणं ददतीति शरणदाः ॥१८॥

---

१ 'उदकपयोऽमृतकल्पं पुसां सज्ज्ञानमेवमाख्यातम्, विधियत्नवत्तुगुरूभिर्विषयतृडपहारि नियमेन' ॥ १३ ॥ षोडशकप्रकरणे पृ. २६

'सम्यग्ज्ञानरूप त्रण ज्ञानना रसभेदने दृष्टांतद्वारा दर्शवे छे के; 'श्रुतज्ञान=स्वच्छ-स्वादुपथ्यजलना आस्वाद सरखुं छे. चिंताज्ञान=क्षीर (खीर-दूध) रसना आस्वाद-सरखुं छे. भावनाज्ञान=अमृतरसना तुल्य छे. विधिपूर्वक यत्नवाळुं-सम्यग्ज्ञान अचूक, विषयतृष्णारूप मृगतृष्णाने दूर करे छे. एम गुरुवरो वदे छे.' विशेषार्थीओ षोडशक प्रकरण जोवुं.

२ तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ १ ॥

ભાવાર્થ– ખરેખર, વિશિષ્ટકર્મ ક્ષયોપશમજન્ય (મિથ્યાત્વ મોહરૂપ વિશિષ્ટકર્મના ક્ષયોપશમથી પેદા થયેલ) તત્ત્વબોધ રૂપજ્ઞાન, વિષયતૃષ્ણા (કામભોગ વિષયક અભિલાષ-તરસ)ને દૂર કરનાર ઉપશમાવનાર નાશ કરનાર જ હોય છે. જે જ્ઞાન, વિષયતૃષ્ણાને નાબૂદ કરતું નથી. તે જ્ઞાનની પંક્તિ કતાર કે હરોળમાં આવી શકે જ નહીં. કારણ કે 'અભક્ષ્યઅસ્પર્શનીય' ન્યાયથી (જેમ ગોમાંસ ગાયનું માંસ વિગેરે ભક્ષણરૂપ નામના ક્રિયાનો વિષય હોવા છતાંય ઉત્તરકાળ-ભાવિમાં પાપ દુર્ગતિ વિગેરે બલવાન અનિષ્ટ પરીણામ નીપજાવનાર હોઈ તે અભક્ષ્ય નહીં ખાવા જોગ મનાય છે. તથા અંત્યજ ઋતુવંતી સ્ત્રી વિગેરે સ્પર્શન (અડકવાની) ક્રિયાનો વિષય હોવા છતાં ય. ઉત્તરકાળમાં બલવાન અનિવાર્ય અનિષ્ટ પરિણામ સર્જક હોઈ 'અસ્પર્શનીય' છે. (અછૂત છે-નહીં અડકવા યોગ્ય છે.) આ રૂપ ન્યાયથી) અહીં પણ, વિષય-કામભોગવિષયકતૃષ્ણા (આશા-તરંગ-તરસ) નો નાશ નહીં કરનારૂં જ્ઞાન, જ્ઞાન (જાણવારૂપ ક્રિયા માત્ર) હોવા છતાંય, દુર્ગતિ વિગેરે રૂપ-બલવાન્ અનિષ્ટ પરીણામ-અંજામ સર્જક હોઈ-બલવત્તર અનિષ્ટઅનુબંધી હોઈ અજ્ઞાન જ છે. વળી આ વિષયવિષયકતૃષ્ણા નાશકજ્ઞાન-પારમાર્થિક-તાત્ત્વિકજ્ઞાન, ભયાર્ત્ત-લક્ષણ-તત્ત્વચિંતારૂપ અધ્યવસાયરૂપ આત્મધર્મ વિશેષ વિવિદિષાપર્યાયવાળા શરણના અભાવમાં અસંભવિત છે, એવંચ પૂર્વોક્તસ્વરૂપ શરણ હોય તો જ વિષયવિષતૃષ્ણાભંજક તત્ત્વજ્ઞાન થાય છે.

તથાચ-ભયાર્ત્તત્રાણલક્ષણ - તત્ત્વચિંતારૂપ - વિષયતૃષ્ણાનાશક - તત્ત્વજ્ઞાનજનકતત્ત્વગોચરશુશ્રૂષા આદિપ્રજ્ઞાગુણાષ્ટકજનક - વિવિદિષાપર્યાયવાળું શરણ, અભય-ચક્ષુ-માર્ગની માફક અરિહંત ભગવંતોથી જ લભ્ય કે સાધ્ય બને છે. પરંતુ અરિહંત ભગવંત ભિન્ન-અન્ય વ્યક્તિઓથી કે પોતાથી સાધ્ય બનતું નથી એટલે જ કહેવાય છે કે; 'શરણ આપનાર અરિહંત ભગવંતોને સભક્તિ-નમસ્કાર હો !'

આ પ્રમાણે શક્રસ્તવના "शरणद" રૂપ ૧૮ મા પદની વ્યાખ્યાની સમાપ્તિ થાય છે.

–શક્રસ્તવના 'बोधिद'રૂપ ૧૯ મા પદનું ખૂબીભર્યું વ્યાખ્યાન–

तथा 'बोहिदयाणं,' इह बोधिः-जिनप्रणीतधर्म्मप्राप्तिः, इयं [1]पुनर्यथाप्रवृत्तापूर्वानिवृत्तिकरणत्रयव्यापाराभिव्यङ्ग्यमभिन्नपूर्वग्रन्थिभेदतः [2]पश्चानुपूर्व्या प्रशमसंवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं, विज्ञप्तिरित्यर्थः,

---

અર્થ-ગમે તેવા ગાઢ અંધકારનો સમૂહ હોય, પરંતુ સહસ્રકિરણને ધારણ કરતો એવો ઝળહળતો સૂર્ય જ્યારે ઉગે ત્યારે તે અંધકાર રહેવા સમર્થ નથી. કારણ કે; અંધકારમાં એ શક્તિ જ ક્યાં છે કે જેથી, સૂર્યના કિરણોની આગળ ટકી શકે ? રાગગણ-રાગદ્વેષ, ક્રોધ માન, માયા, લોભ આદિ શત્રુઓ, જેમ જ્ઞાનરૂપી સૂર્યના અભાવમાં, અજ્ઞાનરૂપી અંધકારમાં પોતાની મરજી મૂજબ આત્માને વીતાડતા હતા. તેમજ સંસાર સાગરમાં ડૂબાડતા હતા, તેવી જ રીતે જો આત્મામાં જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી, રખડાવે તો પછી તેનું નામ જ્ઞાનજ ન કહી શકાય, કિંતુ અજ્ઞાનજ કહેવાય, માટે દરઅસલમાં તત્ત્વજ્ઞાન તેને જ કહેવાય કે, જે દ્વારા આ રાગ આદિરૂપ દુષ્ટ દુશ્મનોની હાર પર હાર થાય.

૧ આ ત્રણેય કરણોનું પૂર્વે સ્વરૂપ બતલાવેલ છે, ત્યાંથી જોવું.

૨ पच्छाणुपुव्विओ पुणगुणाणमेएसिं होइ लाहकमो, पाहन्नओउ एवं विन्नेओ सिं उवन्नासो ॥ इति ॥

(पश्चानुपूर्व्या पुनर्गुणानामेतेषां भवति लाभक्रमः । प्राधान्यतस्त्वेवं विज्ञेय एषामुपन्यासः ॥ १८ ॥ )

ભાવાર્થ- જેમ અરિહંત ભગવંતો 'અભયદ-ચક્ષુર્દ માર્ગદ-શરણદ' તથા-તેમ બોધિ આપનાર એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !"

અહીં 'બોધિદ'રૂપ સૂત્રઘટિત બોધિ એટલે જિનેશ્વરે રચેલ-પ્રરૂપેલ ધર્મની પ્રાપ્તિ. વળી આ તીર્થંકરપ્રણીતધર્મ પ્રાપ્તિરૂપ બોધિ, યથાપ્રવૃત્ત-અપૂર્વકરણ-અનિવૃત્તિ કરણરૂપ વ્યાપાર (પુરૂષાર્થ-વીર્યવિશેષરૂપ પ્રયત્ન-અધ્યવસાય વિશેષ) શ્રી અભિવ્યંગ્ય-પ્રકાશ્ય-(સાધ્ય-જન્ય-કાર્ય અર્થાત્ સમ્યગ્દર્શન બોધિરૂપ સાધ્યના પ્રત્યે યથાપ્રવૃત્ત-આદિકરણત્રયરૂપ વ્યાપાર અસાધરણ સાધન છે અત એવ યથાપ્રવૃત્તાદિ કરણત્રયરૂપ વ્યાપારરૂપ પરમસાધનનું સાધ્ય-ફલ-કાર્ય પ્રકૃતિબોધિ છે.) સાધ્ય, અતએવ પૂર્વે કદી નહીં ભેદાયેલ એવી અત્યંત નિબિડ રાગદ્વેષરૂપ ગ્રંથિ-મિથ્યાત્વ મોહનીયના તીવ્રતમ રસરૂપ (અનંતાનુબંધી કષાયની ચોકડીરૂપ) ગ્રંથિના ભેદ-વિદારણથી, પશ્ચાનુપૂર્વીથી (પશ્ચાનુપૂર્વી ક્રમથી ગુણોની ઉત્પત્તિ-ક્રમ છે. અને પ્રાધાન્યની અપેક્ષાએ ઉપન્યાસ છે. એમ અહીં

---

તથાહિ-પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય આ પાંચ લક્ષણથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. આપણામાં સમકીત છે કે નહીં તેની ખાત્રી થાય છે. તેને તત્ત્વાર્થશ્રદ્ધાન સ્વરૂપ કહે છે. આ સમ્યક્ત્વના પાંચ લક્ષણોનો અનુક્રમ પ્રધાનતાને અનુસારે છે. પાંચ લક્ષણોનો લાભક્રમ તો આ પ્રમાણે છે.

(૧) પ્રથમ આસ્તિક્યભાવ પ્રાપ્ત થાય છે. (૨) ત્યારબાદ અનુકંપા થાય છે; (૩) ત્યારબાદ નિર્વેદ પમાય છે. (૪) ત્યારબાદ સંવેગ મેળવાય છે. (૫) ત્યારપછી પ્રશમનો લાભ થાય છે. એવંચ પાંચેયનો લાભક્રમ પશ્ચાનુપૂર્વી (છેલ્લે)થી થાય છે. અહીં પૂર્વાનુપૂર્વી સુંદર નથી. તથાચ પ્રથમ 'પ્રશમ' હોય તો સંવેગ, સંવેગ હોય તો નિર્વેદ, નિર્વેદ હોય તો અનુકંપા અને અનુકંપા હોય તો આસ્તિક્ય એ રૂપ પૂર્વાનુપૂર્વી લાભક્રમમાં અસુંદર છે. પણ પશ્ચાનુપૂર્વીથી ગુણોનો લાભ થાય છે. અર્થાત્ લાભક્રમમાં પશ્ચાનુપૂર્વી શુભ છે.

–પ્રશમાદિ પંચકનું ટુંકમાં સ્વરૂપ–

(૧) પ્રશમ-અપરાધ કરનાર પુરૂષ ઉપર પણ મનથી બિલકુલ સર્વકાળ-સદા માઠું ન થાઓ એવી વિચારણારૂપ તથા ક્રોધ આદિ કષાયોના દબાવવારૂપ, ક્રોધની ખુજલી અને વિષયતૃષ્ણાનો ઉપશમ તે શમ, 'સારી રીતે જેની પરીક્ષા કરવામાં આવી છે એવા પ્રવક્તાના પ્રવાદ કરવા યોગ્ય પ્રવચનના તત્ત્વ ઉપર અભિનિવેશ–આગ્રહ હોવાથી મિથ્યાત્વના અભિનિવેશ-આગ્રહનો ઉપશમ તે શમ' એમ ધર્મસંગ્રહમાં નિરૂપણ છે.

(૨) સંવેગ-દેવ અને માનવના દુન્યવી સુખને દુઃખરૂપે જાણે, કારણ કે, તે પૌદ્ગલિક-ક્ષણિક-અસાર છે, પરંતુ એક મોક્ષનું જ સુખ, અક્ષય્ય હોવાથી ઈચ્છવું-ચાહવું તે

(૩) નિર્વેદ-સ્ત્રી કુટુંબ આદિ સર્વ પરીવાર સ્વાર્થી-મતલબી ગરજુ છે. તેઓ સુખ-દુઃખમાં ભાગ લેનાર નથી. તેથી તેઓમાં કિંચિન્માત્ર પણ સુખદાન શક્તિ નથી. એમ જાણી, સંસારને જન્મ જરા મરણ આદિ અનેક વેદનાથી ભરપૂર અત એવ અસાર-નિર્ગુણ સમજી, સંસારરૂપ જેલથી છૂટવાની જે તીવ્રતમન્ના-ઉત્કંઠા તે.

(૪) અનુકંપા-(૧) દ્રવ્યદયા-દુઃખીયા-રોગી-દીન-હીન પર દયા તે. (૨) ભાવદયા-ધર્મરહિત ઉપરની એટલે આ ધર્મરહિત પ્રાણી ધર્મ નહીં સાધવાથી દુર્ગતિમાં જશે એવું ચિંતવી ધર્મરહિત ધર્મમાં સ્થિર કરવારૂપ.

(૫) આસ્તિક્ય-જે જિનેશ્વર ભગવંતે ભાખ્યું છે તે અન્યથા-જૂઠું નથી. અર્થાત્ સાચું જ છે. એવો દ્રઢ રંગ રાખવો-નિઃશક માનવું તે.

समजवું.) પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યરૂપ ગુણોની અભિવ્યક્તિ (પ્રકટીકરણ-પ્રકટલાભરૂપ પ્રાપ્તિ) રૂપલક્ષણવાળું-તત્ત્વાર્થ [1]શ્રદ્ધાનસ્વરૂપ જે સમ્યગ્દર્શન તે બોધિ સમજવી. જેનો બીજો પર્યાય-જેનું બીજું નામ વિજ્ઞપ્તિ છે.

અર્થાત્ યથાપ્રવૃત્ત આદિકરણમય વ્યાપારરૂપ કારણ જન્ય, પૂર્વોક્ત સ્વરૂપ ગ્રંથિભેદ જન્ય-પશ્ચાનુપૂર્વીક્રમથી અભિવ્યક્ત-ઉત્પન્ન-પ્રાધાન્યથી ન્યસ્ત પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યરૂપ ગુણપંચકરૂપ લક્ષણવંત, તત્ત્વાર્થશ્રદ્ધાન-સમ્યગ્દર્શનરૂપ, [2]વિજ્ઞપ્તિરૂપ પર્યાય-નામાન્તરવાળી 'બોધિ' છે. એમ તાત્પર્ય જાણવું.

–અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિ એ પાંચેય ધર્મોના અધિકારી-હક્કદારનું વર્ણન–

पञ्चकमप्येतदपुनर्बन्धकस्य यथोदितस्य, अस्य पुनर्बन्धके स्वरूपेणाभावात् ।

ભાવાર્થ=આ આત્મધર્મવિશેષરૂપ અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિરૂપ પાંચેયનો સમુદાય પણ (આ એક પ્રસ્તુત બોધિની વાત દૂર રહો પરંતુ અભયાદિ પાંચનો સમુદાય પણ એ 'અપિ'નો અર્થ સમજવો) પૂર્વે કહેલ સ્વરૂપવાળા [3]અપુનર્બંધકરૂપ અધિકારી (જે તીવ્રભાવથી પાપ કરતો નથી, તથા એક પુદ્ગલ પરાવર્ત્તથી વધુ સંસાર જેનો હોતો નથી, વળી ક્ષુદ્રતા વિગેરે ભવાભિનંદીના દોષોનો ક્ષય થવાથી શુક્લ-શુદીપક્ષના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામતા ગુણવાળો-અપુનર્બંધક કહેવાય છે.) ને જ પ્રાપ્ત થાય છે. અને અપુનર્બંધકથી ભિન્ન-અન્ય [4]પુનર્બંધક (અચરમ-એકથી વધારે પુદ્ગલપરાવર્ત્તવર્ત્તી-જે તીવ્ર ભાવથી પાપ કરે છે. ક્ષુદ્રતા આદિ ભવાભિનંદીના દોષોવાળો-કૃષ્ણપાક્ષિક) નો પ્રાપ્ત થતા નથી. કારણ કે; પુનર્બંધકમાં સ્વરૂપે કરી સ્વસ્વભાવથી અભયાદિપંચકનો અભાવ છે. અર્થાત્ સ્વરૂપાવચ્છેદેન-સ્વસ્વભાવા-(અભયાદિભાવા-) વચ્છેદેન અભયાદિપંચકનો અભાવ છે. ભાવરૂપ અભયાદિ પંચકનો એવો સ્વભાવ છે કે, તે અપુનર્બંધકમાં ઉત્પન્ન થાય છે. પુનર્બંધકમાં ઉત્પન્ન નથી થતા.

અર્થાત્-તાત્ત્વિક-ભાવરૂપ અભય આદિનો પુનર્બંધકમાં અભાવ છે અને તાત્વિકભાવરૂપ અભય આદિનો અપુનર્બંધક સદ્ભાવ છે.

–હેતુપૂર્વક, ભાવરૂપ અભય આદિની ચર્ચા-

---

૧ તત્ત્વાર્થશ્રદ્ધાન-તત્ત્વ-અર્થોનુ શ્રદ્ધાન અથવા તત્ત્વે કરી અર્થોનું શ્રદ્ધાન, તત્ત્વે કરીને એટલે ભાવથી નક્કી કરેલું એમ અર્થ સમજવો. જીવાદિતત્ત્વો તે જ અર્થો, તેઓનું શ્રદ્ધાન એટલે તેઓ વિષેનું ચોક્કસ જ્ઞાન કરવું. (૧) તત્ત્વે કરીને તત્ત્વરૂપ અર્થોનું શ્રદ્ધાન એવો અર્થ કરવાથી સમ્યગ્દર્શન શબ્દનો અર્થ બરોબર સંપૂર્ણ થાય છે. તત્ત્વે કરીને એટલે હૃદયના ભાવપૂર્વક અર્થાત્ તથાવિધ આત્મપરિણતિપૂર્વક તત્ત્વરૂપ અર્થો એટલે સદ્ભૂત અર્થો, તેનું શ્રદ્ધાન.

૨ ભગવાન્ ગોપેન્દ્ર નામક પરિવ્રાજકના શબ્દોમાં 'બોધિ' વિજ્ઞપ્તિ તરીકે કહેવાય છે.

૩ છેલ્લા પુદ્ગલ પરાવર્ત્તમાં આવેલો ભવ્ય જીવ 'અપુનર્બંધક' થાય છે. એટલે હવે પછી કોઈપણ વખત મિથ્યાત્વમોહનીય કર્મ વિગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ કે ઉત્કૃષ્ટ રસ બંધાશે જ નહીં તેવી આત્મશુદ્ધિવાળો જીવ.

૪ એકથી વધારે પુદ્ગલપરાવર્ત્તમાં રહેલા જીવ 'પુનર્બંધક' કહેવાય છે. કેમકે; મિથ્યાત્વમોહનીય કર્મ વિગેરેની ઉત્કૃષ્ટ સ્થિતિ કે ઉત્કૃષ્ટ રસ બાંધે છે. આવી આત્માની અશુદ્ધિવાળો જીવ છે.

इतरेतरफलमेतदिति नियमः, [1]अनीदृशस्य तत्त्वायोगात्, न ह्य चक्षुष्फलमभयं चक्षुर्वाऽमार्गफलमित्यादि, एवं चोत्कृष्टस्थितेराग्रन्थिप्राप्तिमेते भवन्तोऽप्यसकृन्न तद्रुपतामासादयन्ति, विवक्षितफलयोग्यतावैकल्यात् ॥

ભાવાર્થ=તથાચ 'આ અભયઆદિગુણપંચક, પૂર્વ પૂર્વગુણનો ઉત્તરોત્તર-આગલો આગલો ગુણ, ફલ-કાર્યરૂપ છે, આવો નિયમ-વ્યવસ્થા છે. અર્થાત્ અભયનું ફલ ચક્ષુ. ચક્ષુનું ફલ માર્ગ. માર્ગનું ફલ શરણ. શરણનું ફલ બોધિ છે. આવો નિયમ-વ્યવસ્થા છે. જો આ અભય આદિ પંચકમાં 'પૂર્વ પૂર્વના ઉત્તરોત્તરરૂપ ફલરૂપ નિયમ'-વ્યવસ્થા, ન માનો તો, અભયઆદિપંચકમાં અભય આદિ ભાવનો (તાત્ત્વિક ભાવરૂપ અભય આદિપણા)નો અભાવ છે. તથાચ પૂર્વપૂર્વનો ઉત્તરોત્તર કાર્ય-ફલરૂપ થવાનો તાત્ત્વિક-અભય-આદિનો સ્વભાવ જ છે એટલે જ આ નિયમ છે કે; 'પૂર્વ પૂર્વના ઉત્તરોત્તર ફલરૂપ આ અભય આદિ પંચક છે.'

તથાહિ=જેનું ચક્ષુરૂપ ફલ નથી તે તત્ત્વરૂપ અભય નથી, જેનું માર્ગરૂપ ફલ નથી તે તત્ત્વરૂપ ચક્ષુ નથી. શરણરૂપ ફલ વગરનો તત્ત્વરૂપ માર્ગ નથી. બોધિરૂપ ફલ વગરનું તત્ત્વરૂપ શરણ કહેવાતું નથી. અર્થાત્ બોધિફલવાળું (બોધિફલજનક) જ તત્ત્વભૂત શરણ કહેવાય છે. શરણરૂપ ફળવાળો (શરણરૂપ ફલજનક) જ તત્ત્વરૂપ માર્ગ કહેવાય છે. માર્ગફળવાળું જ (માર્ગફલજનક જ) તત્ત્વરૂપ ચક્ષુ મનાય છે. ચક્ષુરૂપ ફળવાળો જ (ચક્ષુરૂપ ફલજનક જ) તત્ત્વરૂપ અભયગુણ કહેવાય છે. એવંચ પૂર્વપૂર્વનો ઉત્તરોત્તર ફલરૂપ સ્વભાવ, તત્ત્વભૂત અભય આદિ પંચકનો છે. તો જ, મિથ્યાત્વ આદિગત [2]ઉત્કૃષ્ટ સ્થિતિથી માંડી ઠેઠ શાસ્ત્રપ્રસિદ્ધ ગ્રંથિસ્થાન પર્યંત, જે જે અનેક વાર થતા (થનાર) અતત્ત્વભૂત-દ્રવ્યરૂપ અભય આદિ, ભાવરૂપ અભય આદિપણાને પામી શકતા જ નથી. કારણ કે; [3]વિવક્ષિતફલની યોગ્યતાનો અભાવ છે. અર્થાત્ અભયનું ફલ ચક્ષુ, ચક્ષુનું ફલ માર્ગ, માર્ગનું ફલ શરણ. શરણનું ફલ બોધિ એ રૂપ વિવક્ષિતફલને પેદા કરવાનો સ્વભાવયોગ્યતાનો સદંતર અતત્ત્વભૂત-દ્રવ્યરૂપ અભયઆદિપંચકમાં અભાવ છે.

–ભાવરૂપ અભયઆદિ પંચકમાં રહેલ-ચક્ષુઆદિ વિવક્ષિત ફલજનનસ્વભાવરૂપ યોગ્યતાના સ્વરૂપનું વર્ણન–

योग्यता चाफलप्राप्तेस्तथा क्षयोपशमवृद्धिः लोकोत्तरभावामृतास्वादरूपा वैमुख्यकारिणी विषयविषाभिलाषस्य न चेयमपुनर्बन्धकमन्तरेणेति भावनीयं,

ભાવાર્થ-વળી ચક્ષુઆદિ વિવક્ષિતફલજનનસ્વભાવરૂપ યોગ્યતા એટલે વિષસદૃશ [4]વિષયની વાંચ્છાથી વિમુખતા (અવળાઈ-જુદાઈ-વિરૂદ્ધતા-પ્રતિકૂળતા) કરનારી, લોકોત્તર [5]ભાવરૂપ અમૃતાના આસ્વાદ (ચાખવા-

---

૧ પુનર્બંધકમાં યથાર્થરૂપ અભયઆદિ પંચકનો અભાવ છે.

૨ સીત્તેર (૭૦) કોડાકોડી સાગરોપમરૂપ ઉત્કૃષ્ટસ્થિતિથી માંડી ગ્રંથિસ્થાન લગી-અંતઃકોટાકોટી સ્થિતિ દરમ્યાન.

૩ ગ્રંથિ ભેદરૂપ ફલ.

૪ ગમ્યગમન અને અગમ્યનાં અગમનરૂપ વિવેકને જલાંજલિ આપી, જે વિષયરસપાનના ઈરાદાથી શબ્દ-સ્પર્શ-રસ-રૂપ-ગંધરૂપ વિષયોમાં અત્યંત આસક્તિ રાખી પ્રવૃત્તિ કરવી તે 'વિષયતૃષ્ણા' કહેવાય છે.

૫ વિહિત ઔદાર્ય દાક્ષિણ્ય આદિરૂપ લોકોત્તરભાવોનું સ્વરૂપ-

રસ લેવા) રૂપ, પૂર્વ પૂર્વભૂત અભય આદિ કારણરૂપગત, ચક્ષુઆદિ ફલની પ્રાપ્તિ સુધી (સ્થાયી) તથા (ચક્ષુઆદિફલાનુકૂલ-જનક) ક્ષયોપશમવૃદ્ધિ જ (સ્વફલઆવારક-ચક્ષુઆદિરૂપ સ્વફલને આવરણ કરનાર-ઢાંકનારરૂપ કર્મના ક્ષયવિશેષ-વિશિષ્ટ ક્ષયની વૃદ્ધિ જ) વિવક્ષિત ફલયોગ્યતા કહેવાય છે. વળી આ યોગ્યતા (આ અધિકાર-લાયકાત) અપુનર્બંધકરૂપ અધિકારી સિવાય બીજાને પુનર્બંધક-ભવાભિનંદી આદિરૂપ બીજાને પ્રાપ્ત થતી નથી. આ બાબતને ખૂબ વિચારો !

–આ ચાલુ વિષયનું પરમતદ્વારા પુષ્ટ કે સ્પષ્ટ વર્ણન–

इष्यते चैतदपरैरपि मुमुक्षुभिः, यथोक्तं भगवद्गोपेन्द्रेण- ''निवृत्ताधिकारायां प्रकृतौ धृतिः श्रद्धा सुखा विविदिषाविज्ञप्तिरिति तत्त्वधर्म्मयोनयः, नानिवृत्ताधिकारायां, भवन्तीनामपि तद्रूपताऽयोगादिति'' विज्ञप्तिश्च बोधिः,

ભાવાર્થ-જૈનેતરોએ અર્થાત્ જૈનથી જુદા એવા મુમુક્ષુઓએ (મુક્તિ-આત્મસ્વાતંત્ર્ય-આજ્ઞાદીના ઉમેદવારોએ) પણ આ અભયઆદિક માનેલ છે. તથાહિ-દા.ત. ભગવાન્ (ઐશ્વર્યવાળા) ગોપેન્દ્રનામક પરિવ્રાજકનું વચન છે કે; "નિવૃત્ત 'અધિકારવાળી પ્રકૃતિ, પુરુષ-ચેતનમાં હોયે છતે (પુરુષના અભિભવ-પરાભવરૂપ જે પ્રકૃતિનો વ્યાપાર તે અહીં અધિકાર, પ્રકૃતિ-મોહની જબ્બર સત્તા કે વર્ચસ્વ સમજવું. ચેતન ઉપર, મોહની સતત કે સખ્ત સત્તારૂપ-પુરુષઅભિભવ-પરાભવલક્ષણ પ્રકૃતિના વ્યાપારરૂપ અધિકારથી રહિત-જ્યારે સત્ત્વરજસ્ તમો

---

(૧) ઉદારતા-દાન વિગેરે પરીણામમાં સંકોચરૂપ જે કંજુસાઈ તેને તરછોડી, જે ચિત્તની વિશાલતા-માતા, પિતા, કલાચાર્ય, જ્ઞાતિ, વૃદ્ધ, ધર્મોપદેશક, દીન, નિરાધાર વિગેરેમાં તથા દાનાદિ વિષયરૂપ કર્ત્તવ્યમાં ઉચિત પ્રવૃત્તિ કરવામાં ચિત્તની વિશાલતા-દિલની દીલાવરતા.

(૨) દાક્ષિણ્ય-બીજાઓના કર્ત્તવ્યરૂપ કાર્યોને કરવામાં ઉત્સાહભર્યો શુભ આશય, ગંભીરતા અને ધીરજની સહાયવાળો, બીજાની તારીફ નહીં સહન કરવારૂપ જે મત્સરતા, તેના વિનાશ કરનાર ઉત્તમોત્તમ આ પરીણામ છે.

(૩) પાપજુગુપ્સા-પાપને નિષેધનાર મુખ,-હાથ વિગેરેના અભિનયથી માલૂમ-પડનારી યથાર્થ અને નિર્મલ મનવડે હંમેશા ભૂતકાલીન પાપની નિંદારૂપ, વર્ત્તમાનકાલીન પાપ નહીં કરવારૂપ, ભવિષ્યકાલીન પાપના ચિંતનના અભાવરૂપ અથવા કાયાની પ્રવૃત્તિથી પાપના પરીહારરૂપ, વચનથી પાપના નહીં કરવારૂપ, મનથી પાપના ચિંતનના અભાવરૂપ, પાપજુગુપ્સા-ઘૃણા જાણવી.

(૪) નિર્મલબોધ-શુશ્રૂષાભાવથી પેદા થએલ, શાંતરસ પ્રધાનશાસ્ત્રના અભ્યાસ આદિ પરિચયથી શ્રુતમય-ચિંતામય-ભાવનામય જે બોધ તે 'નિર્મલબોધ' તથાચ ઉદારતા-દક્ષિણતા-પાપજુગુપ્સા-નિર્મલબોધ વિગેરે લોકોત્તરભાવ-અલૌકિક અદ્ભુત આત્મજાગૃતિરૂપ આશયવિશેષ કહેવાય છે.

૧ જે આત્માનો સંસારપ્રવાહ ચરમ (છેલ્લા) પુદ્ગલપરાવર્ત્ત પરિણામ બાકી રહે છે. તે આત્માને જૈન પરિભાષામાં 'અપુનર્બંધક' અને સાંખ્યપરિભાષામાં 'નિવૃત્તાધિકારપ્રકૃતિ' કહે છે. અપુનર્બંધક યા નિવૃત્તાધિકારપ્રકૃતિક પુરુષની અંતરંગ ઓળખાણ એટલી જ છે કે; તે આત્મા પર મોહનું દબાણ ઓછું થાય છે. અને ઉલ્ટું મોહના ઉપર કાબૂ શરૂ થાય છે. આજ આધ્યાત્મિક વિકાસનું બીજારોપણ છે. અહીંથી યોગમાર્ગની શરૂઆત થતી હોવાથી તે આત્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં પલ્ટો દેખાય છે. જેમ કે દરેકક્રિયામાં સરળતા-નમ્રતા લઘુતા, ઉદારતા, પરોપકારપરાયણતા વિગેરે સદાચાર, દર અસલ સ્વરૂપમાં પ્રત્યક્ષ દેખાય છે કે જે આ વિકાસસંમુખ આત્માનો બાહ્ય પરિચય છે.

લક્ષણ 'પ્રકૃતિ-જ્ઞાનઆવરણઆદિ કર્મ હોયે છતે (અતિવ્યામોહકારી ક્લિષ્ટકર્મરસ, વિનષ્ટ થયે છતે) પૂર્વ કહેલ 'ધૃતિ' 'શ્રદ્ધા' 'સુખા' 'વિવિદિષા' 'વિજ્ઞપ્તિ' જે છે તે, (જેના અનુક્રમથી અભય વિગેરે બીજા નામો છે તે ધૃત્યાદિ) તત્ત્વરૂપ ધર્મનું બીજ-ઉત્પત્તિ સ્થાન છે. અર્થાત્ પારમાર્થિક કુશલ-મંગલ-ગંગાનું હિમાલય સમાન ઉત્પત્તિ સ્થાન છે.

વળી જે-ચેતનરૂપ પુરૂષ ઉપર, પ્રકૃતિરૂપ મોહ આદિનું સતત-સદા સામ્રાજ્ય કે અખંડ વર્ચસ્વ ચાલુ કે જારી છે તેવા અનિવૃત્તાધિકાર પ્રકૃત્તિક પુરૂષની થતી ધૃતિ આદિ ધર્મયોનિઓમાં તત્ત્વરૂપ-તાત્ત્વિક-પરમાર્થિક-ધૃતિઆદિ સ્વભાવનો અભાવ છે.' ઈતિ-પરમતવચનની સમાપ્તિનું સૂચન કરે છે.

| સાંખ્ય પરિભાષા | જૈન પરિભાષા |
|---|---|
| સાંખ્યદર્શનાનુગત ભગવાન્ પરિવ્રાજક ગોપેન્દ્ર | જૈનો |
| (૧) અનિવૃત્તાધિકાર પ્રકૃતિક પુરૂષ | અચરમ પુદ્ગલપરાવર્ત્તવર્ત્તીપુનર્બંધકાદિ જીવો |
| (૨) નિવૃત્તાધિકાર પ્રકૃતિક પુરૂષ | ચરમ પુદ્ગલપરાવર્ત્તવર્ત્તી અપુનર્બંધક આદિ આત્માઓ |
| (૩) ધૃતિ | અભય |
| (૪) શ્રદ્ધા | ચક્ષુ |
| (૫) સુખા | માર્ગ |
| (૬) વિવિદિષા | શરણ |
| (૭) વિજ્ઞપ્તિ | બોધિ |
| (૮) પુરૂષ | ચેતન-જીવ |
| (૯) પ્રકૃતિ | જ્ઞાન-આવરણ આદિ કર્મો |

તથાચ તત્ત્વધર્મના પંચમી ધર્મયોનિરૂપ વિજ્ઞપ્તિ એટલે ભગવાન્ જિનેશ્વરપ્રણીત ધર્મ પ્રાપ્તિરૂપ બોધિ.

વિજ્ઞપ્તિ એટલે બોધિ કેમ ? તેની સિદ્ધિના મુદ્દાની રજુઆતપૂર્વક 'બોધિદ' રૂપ ૧૯ મા પદનો ઉપસંહાર–

प्रशमादिलक्षणाभेदात्, एतत्प्राप्तिश्च [2]यथोक्तप्रपञ्चतो भगवद्भ्यएवेति बोधिं ददतीति बोधिदाः ११ ॥

---

૧ પ્રકૃત્તિ-સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોની સામ્ય અવસ્થાને 'પ્રકૃતિ' યાને પ્રધાન કહેવામાં આવે છે. આ પ્રકૃતિ જડ છે. સત્ત્વ=પ્રકાશ આદિના સાધનરૂપ, પ્રકૃતિના અવયવભૂત પદાર્થ, પ્રકૃતિનો સત્ત્વનામકગુણ કહેવાય છે.

રજસ્=જગત્ના કારણોમાં જે દુઃખઆત્મતા તે રજસ્ કહેવાય છે. પ્રકૃતિના ગુણ વિશેષરૂપ છે.

તમસ્=જે મોહઆત્મકતા તે તમસ્ કહેવાય છે. પ્રકૃતિના ગુણ વિશેષરૂપ છે.

૨ 'અભયદે તિ વ્યાખ્યાસ્થલે 'अतोऽस्य गुणप्रकर्षरूपत्वात्, अचिन्त्यशक्तियुक्तत्वात्, तथाभावेनावस्थितेः सर्वथापरार्थकरणात्, भगवद्भ्य एवसिद्धिरिति एतद्वचनरचनाविस्तारतः

(૧) પરમાર્થ સંપદાનરૂપ ઉપયોગ, જે હેતુઓ વડે પ્રગટ સિદ્ધ થાય છે. તે હેતુઓનું નામ અભયદાન આદિ છે.

ભાવાર્થ= પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યરૂપ લક્ષણનો અભેદભાવ-તાદાત્મ્યભાવ હોવાથી અર્થાત્ પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્યરૂપ ગુણ પંચકરૂપ લક્ષણ-અભિન્ન હોઈ વિજ્ઞપ્તિ એટલે બોધિ કહેવાય છે. વળી વિજ્ઞપ્તિરૂપ બોધિની પ્રાપ્તિ, પૂર્વકથિત વચનરચનાના વિસ્તારથી અર્થાત્ ભગવંતોમાં ગુણોનો ઉત્કર્ષ, અચિંત્ય શક્તિ, અભયાદિ પંચકભાવથી અવસ્થિતિ, સર્વથા પરોપકરણ-પારકા ઉપર ભલાઈ કરવાનો દિવ્યગુણ હોઈ ભગવંતોથી જ-અરિહંત ભગવંતોના પરમપ્રસાદથી જ લભ્ય કે સાધ્ય બને છે. બીજાથી કે પોતાથી સાધ્ય બનતી નથી. એટલે જ કહેવાય છે કે 'બોધિને આપનાર અરિહંત ભગવંતોને વારંવાર વંદન હો !'

આ પ્રમાણે શક્રસ્તવના 'બોધિદ' રૂપ ૧૯ મા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

–'ઉપયોગ સંપદાની હેતુ સંપદાનો (तद्धेतुसंपदानो) ઉપસંહાર–

एवमभयदानचक्षुर्दानमार्गदानशरणदानबोधिदानेभ्य एव यथोदितोपयोगसिद्धेरूपयोगसम्पद एव हेतुसम्पदिति १२ ॥

ભાવાર્થ=અરિહંત ભગવંતો સામાન્યપણે-વ્યાપક રીતે સર્વ લોકને ઉપકારી-ઉપયોગી હોવાથી 'लोकोत्तम-लोकनाथ-लोकहित-लोकप्रदीप-लोकप्रद्योतकर' રૂપ પાંચ વિશેષણ પદોવતી તેઓશ્રીની સ્તુતિ કરેલ છે. તે અરિહંતદેવોના આ પ્રમાણેના અભયદાન, ચક્ષુદાન, માર્ગદાન, શરણદાન, બોધિદાનરૂપ પ્રકારથી (તે રૂપ હેતુથી) પૂર્વકથિત પરમાર્થ કરવારૂપ ઉપયોગની સિદ્ધિ હોવાથી ઉપયોગ સંપદાની જ ('लोगुत्तमाणंथी लोगपज्जोयगराणं' સુધીના પાંચ પદવાળી ઉપયોગ સંપદાની જ) હેતુ સંપદા-ઉપયોગ સંપદાનો હેતુ એટલે કારણ 'अभयदयाणंथी बोहिदयाणं' સુધીના પાંચ પદોમાં દર્શાવેલ હોવાથી આ પાંચ પદવાળી પાંચમી 'सामान्योपयोग-संपदानो हेतुसंपदा' જાણવી.

ઈતિ=પંચમી સંપદાની સમાપ્તિનું સૂચન કરે છે.

–છઠ્ઠી 'स्तोतव्यसंपदानी सविशेष उपयोग[2]संपदा'ना प्रौढ प्ररूपणमां प्राथमिक अवतरणिका–

---

એટલે પ્રથમ અભયદાનાદિ કરનારા છે. તો જ જુદી જુદી કક્ષામાં રહેલા સકલ ભવ્યજીવ આદિને એક યા બીજી રીતે ઉપયોગી-ઉપકારી થાય છે. અર્થાત્ અભય આદિદાનદ્વારાજ લોકોત્તમત્વ આદિરૂપ ઉપયોગ-પરમાર્થ કરણરૂપ ઉપયોગ છે. તથાચ અભય આદિદાન કર્ત્તા છે. તો જ લોકોત્તમ-લોકનાથ-લોકહિત-લોકપ્રદીપ-લોકપ્રદ્યોતકર અરિહંતો થાય છે. લોકોત્તમત્વાદિરૂપ ઉપયોગ પરમોપકાર કર્તા થાય છે; અત એવ સ્તોતવ્ય છે.

૧ પરમાર્થ સંપાદનરૂપ ઉપયોગ, જે હેતુઓ વડે પ્રગટ સિદ્ધ થાય છે. તે હેતુઓનું નામ અભયદાન આદિ છે.

૨ વળી શ્રી અરિહંત દેવોની ઉપયોગિતા જે વિશિષ્ટ કારણોને લઈને માનવામાં આવેલ છે, તેનું દર્શન સવિશેષોપયોગ સંપદાદ્વારા કરાવવામાં આવ્યું છે, તેઓ સર્વવિરતિ અને દેશવિરતિરૂપ ચારિત્રધર્મના દાતા છે, ધર્મના સાચા અર્થમાં સ્વામી છે, ધર્મનું કુશલરીતે સંચાલન કરવા વડે ધર્મરથના સારથી છે. અને ચારે ગતિનો નાશ કરનાર અનુપમ ધર્મચક્રનું પ્રવર્તન કરવાવડે શ્રેષ્ઠ ધર્મચક્રવર્તી છે. તેમની આ વિશિષ્ટ પ્રકારની ઉપયોગિતા, સકલમુમુક્ષુ જીવોનું આત્યંતિક કલ્યાણ કરનારી હોઈને સહુની સ્તુતિને પાત્ર છે.

सद्देशनायोग्यताविधाय्यनुग्रहसम्पादनादिना तात्त्विकधर्म्मदातृत्वादिप्रकारेण परमशास्तृत्वसम्पत्समन्विता भगवन्त इति न्यायतः प्रतिपादयन्नाह-

ભાવાર્થ- (અવતરણિકા) સદ્ (સમ્યગ્-યથાર્થ) રૂપ દેશનાની (પ્રજ્ઞાપના-બોધની) યોગ્યતા (લાયકાત-અધિકાર) કરનાર એવા સ્વ (ભગવદ્) વિષયક બહુમાનરૂપ અનુગ્રહ-ઉપકાર, પહેલાં સંપાદિત કરી (બનાવી-રચી કે સર્જી) ત્યારબાદ સદ્દેશનાનું (સદ્દેશનાદ્વારા) જે તાત્ત્વિક ધર્મનું દાતૃત્વ-દાન આદિ (આદિ શબ્દથી તાત્ત્વિક ધર્મ પરિપાલન વિગેરે) પ્રકારથી (પ્રકારાભિન્નપ્રકારાવચ્છિન્ન) પરમ-ભાવરૂપ, ધર્મચક્રવર્તિત્વરૂપશાસ્તૃત્વસંપદાથી-ઐશ્વર્યથી સમન્વિત-સંગત-યુક્ત, ભગવંત હોય છે. અર્થાત્ સ્વવિષયક બહુમાનરૂપ કારણજન્ય સદ્દેશનાની યોગ્યતા કહેવાય છે, જે ભગવદ્વિષયક બહુમાની હોતા નથી. તે સદ્દેશનાની યોગ્યતાવાળા ગણાતા નથી. એટલે પરમકૃપાળુ પરમાત્મા, ભવ્યોમાં પહેલાં સ્વવિષયકબહુમાન (ભવનિર્વેદ) રૂપ કારણનું સંપાદન કરી ભવ્યોને સદ્દેશનાની યોગ્યતાવાળા બનાવે છે. ત્યારબાદ સદ્દેશનાયોગ્યતાવિશિષ્ટ ભવ્યોમાં, સદ્દેશનાદ્વારા તાત્ત્વિકધર્મના દાન આદિના નિર્માતા હોઈ પરમશાસ્તા-ભાવધર્મચક્રવર્તી અરિહંત ભગવંતો કહેવાય એમાં નવાઈ કે બાધા જેવું કશુંય નથી, આ પ્રમાણેના વિષયને ન્યાયથી-યુક્તિપૂર્વક પ્રતિપાદન સૂત્રધાર-શાસ્ત્રકાર કરે છે કે,

'धम्मदयाणमित्यादिसूत्रपञ्चकं' इह धर्म्मः चारित्रधर्म्मः परिगृह्यते, स च श्रावकसाधुधर्म्मभेदेन द्विधा, श्रावकधर्म्मोऽणुव्रताद्युपासकप्रतिमागतक्रियासाध्यः साधुधर्म्माभिलाषाशयरूपः आत्मपरिणामः, साधुधर्म्मः पुनः सामायिकादिगतविशुद्धक्रियाभिव्यङ्ग्यः सकलसत्त्वहिताशयाऽमृतलक्षणः स्वपरिणाम एव, क्षायोपशमिकादिभावस्वरूपत्वाद्धर्म्मस्य,

ભાવાર્થ-'ધર્મદ-ધર્મદેશક-ધર્મનાયક-ધર્મસારથિ-ધર્મવરચાતુરંતચક્રવર્તી અરિહંત ભગવંતોને નમસ્કાર હો !' એ રૂપ પાંચ સૂત્રોનું ક્રમસર વ્યાખ્યાન કરતા કહે છે કે અહીં 'ધર્મદ' ઈત્યાદિ સૂત્રપંચકઘટિત ધર્મ એટલે ચારિત્રધર્મ સમજવો. વળી તે ચારિત્ર ધર્મ, શ્રાવકધર્મ અને સાધુધર્મના ભેદથી બે પ્રકાર છે. (૧) શ્રાવકધર્મ=અણુવ્રત[1]

---

૧ મહાવ્રતની અપેક્ષાએ નહાના માટે અણુવ્રત. એ અણુવ્રતપંચક, મૂલગુણરૂપ છે. આદિ શબ્દથી મૂલગુણોને વિશેષ ગુણ કરવાવાળા હોવાથી ગુણવ્રત, તે ત્રણ છે. તથા શિષ્યને વિદ્યાગ્રહણની જેમ વારંવાર સેવન કરવા યોગ્ય હોવાથી ચાર (૪) શિક્ષાવ્રત છે. બારવ્રત માંહેલા પહેલા આઠવ્રતો યાવત્કથિત (કાયમના) અને ચાર શિક્ષાવ્રતો ઈત્વરકાલિક (થોડા કાલ માટેના) છે. બારવ્રતો=(૫) મૂલગુણો (૧) નિરપરાધી ત્રસ જીવને સંકલ્પપૂર્વક-મારવાની બુદ્ધિને નહીં મારવારૂપ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત (૨) કન્યા-પશુ-ભૂમિ-થાપણ કે કુડી શાખ સંબંધી પાંચ મોટા જુઠાં ન બોલવારૂપ સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત (૩) દંડ યોગ્ય ચોરીના ત્યાગરૂપ સ્થૂલ અદત્તાદાનવિરમણવ્રત (૪) સ્વસ્ત્રી સંતોષ પરસ્ત્રીગમનના ત્યાગરૂપ પરદાર વિરતિવ્રત (૫) પરિગ્રહપરિણામ રૂપ વ્રત. ગુણ વ્રતો=(૩)-(૬) ચાર દિશિ-વિદિશિ તથા ઊર્ધ્વ અને અધો મળી દશ દિશામાં જવાના નિયમરૂપ દિશિ પરિમાણવ્રત (૭) એકવાર જે ચીજ ભોગવાય તે ભોગ. અનેકવાર જે ભોગવાય તે ઉપભોગ. તથાચ ભોગોપભોગ વસ્તુ પરિણામરૂપ ભોગોપભોગ વિરમણ વ્રત. (૮) નિષ્ફલ કાર્યના પ્રતિબંધકરૂપ અનર્થ દંડ વિરમણ વ્રત. શિક્ષાવ્રતો=(૪)-(૯) સામાયિકવ્રત (૧૦) આઠ સામાયિક અને બે પ્રતિક્રમણ એકાસણું-નીવી-આયંબીલ કે ઉપવાસમાંથી કોઈ એકનું પચ્ચક્ખાણ કરવારૂપ દેશાવગાસિક વ્રત. (૧૧) પોષધ વ્રત (૧૨) અતિથિ સંવિભાગ વ્રત.

વિગેરે બાર વ્રતો અને શ્રાવકની અગ્યાર પ્રતિમા[1] ગત ક્રિયાથી સાધ્ય, સાધુ ધર્મની અભિલાષાના આશય રૂપ, આત્મપરીણામ તે શ્રાવક ધર્મ કહેવાય છે.

(૨) સાધુધર્મ=[2]સામાયિકચારિત્ર વિગેરેમાં રહેલી વિશુદ્ધ ક્રિયાથી સાધ્ય, સકલપ્રાણિના હિતના આશયરૂપ અમૃતરૂપ લક્ષણવાળો, આત્મપરીણામ. તે જ સાધુધર્મ કહેવાય છે. કારણ કે, ધર્મનું સ્વરૂપ, [3]ક્ષાયોપશમિક વિગેરે ભાવો, જ છે. તથાચ આત્મપરિણામ વિશેષ-ક્ષાયોપશમિક-ઔપશમિક-ક્ષાયિક આદિ ભાવસ્વરૂપ-ચારિત્રવિશેષ ધર્મને અહીં પ્રકૃતધર્મ તરીકે વિવક્ષિત ધર્મ તરીકે સમજવો.

—ચારિત્રરૂપ ધર્મના પ્રત્યે પ્રધાનકારણ, ભગવંતોનો અનુગ્રહ જ છે. એ વિષયનું નિપુણનિરૂપણ—

नायं भगवदनुग्रहमन्तरेण, विचित्रहेतुप्रभवत्वेऽपि महानुभावतयाऽस्यैव प्राधान्यात्

ભાવાર્થ-આ-ક્ષાયોપશમિક આદિ ભાવરૂપ ચારિત્રધર્મ, સહકારિભૂત—

(सहकारित्वम्=सहकर्मकरणरूपं अथवा 'स्वभिन्नत्वे सति स्वकार्यकारित्वम्' यथा दण्डस्य मृत्तिकाकार्यघटकारित्वम्' तथा भगवदनुग्रहस्य सद्देशनायोग्यताकार्यचारित्रधर्मकारित्वात् सहकारित्वं बोध्यम्—

અર્થાત્ જેમ મૃત્તિકાના કાર્યરૂપઘટનું કારણ દંડ, સહકારી તરીકે મનાય છે. કેમકે; તે, મૃત્તિકાથી ભિન્ન હોવા છતાં મૃત્તિકાના કાર્યરૂપઘટને કરે છે. તેવી જ રીતે સદ્દેશનાયોગ્યતાના કાર્યરૂપ ચારિત્રધર્મનું કારણ, ભગવદ્ અનુગ્રહ, સહકારીરૂપે મનાય છે. કેમકે, તે (સદ્દેશનાયોગ્યતાથી ભિન્ન હોવા છતાં સદ્દેશનાના કાર્યરૂપ ચારિત્રને

---

૧ પ્રતિમા-મુદત સુધી ધાર્મિક નિયમ-અભિગ્રહ વિશેષ. તે દર્શન પ્રતિમા વિ. અગીયાર છે.

'दसणवयसामाइयपोसहपडिमा अबंभसचित्तआरंभपेसउद्दिट्ठवज्जए समणभूए अ'

૧ સમ્યગ્દર્શન ૨ વ્રત ૩ સામાયિક ૪ પોષધ ૫ પ્રતિમા ૬ અબ્રહ્મવર્જક ૭ સચ્ચિત્તાહારવર્જક ૮ આરંભસ્વયંવર્જક ૯ પ્રેષ્યૈરપ્યારંભવર્જક ૧૦ ઉદ્દિષ્ટકૃતાહારવર્જક ૧૧ શ્રમણભૂત એ નામક શ્રાવકની અગીયાર પ્રતિમા જાણવી.

૨ (૧) સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગરૂપ સર્વવિરતિ ચારિત્રરૂપ સામાયિક ચારિત્ર (૨) વડીદીક્ષારૂપ છેદોપસ્થાપનારૂપ ચારિત્ર (૩) તપ વિશેષવડે ચારિત્ર વિશુદ્ધ કરવારૂપ પરિહાર-વિશુદ્ધિક ચારિત્ર (૪) સૂક્ષ્મ કષાયવાળું ચારિત્ર-સૂક્ષ્મ સંપરાયચારિ. (૫) કષાય વગરનું ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર.

૩ (૧) ક્ષાયોપશમિક ભાવ=કર્મના ક્ષયોપશમથી (ઉદિતના ક્ષયથી અને અનુદિતના ઉપશમથી) ઉત્પન્ન થયેલો જે ભાવ તે. (દાન-લાભ ભોગ-ઉપભોગ-વીર્ય-ક્ષયોપ. સમ્યક્ત્વ-દેશવિરતિ-સર્વવિરતિ-મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-ચક્ષુર્દર્શન-અચક્ષુર્દર્શન-અવધિદર્શન-મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન એમ ૧૮ પ્રકારનો છે.) (૨) ઔપશમિકભાવ=મોહનીય કર્મના ઉપશમથી ઉત્પન્ન થયેલો જે ભાવ તે. (ઉપશમ સમ્યક્ત્વ અને ઉપશમ ચારિત્ર એમ બે ભેદ છે.) (૩) ક્ષાયિકભાવ=કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો જે ભાવ તે. (કેવળજ્ઞાન-કેવલદર્શન-દાન આદિ પાંચ લબ્ધિ-યથાખ્યાતચારિત્ર-ક્ષાયિકસમ્યક્ત્વ એમ ૯ ભેદે છે.) (૪) ઔદયિકભાવ=કર્મના ઉદયથી નિપજતો ભાવ તે. (અજ્ઞાન-અસિદ્ધત્વ-અવિરતિ-૬ લેશ્યા-૪ કષાય-૪ ગતિ-૩ વેદ- મિથ્યાત્વ એમ ૨૧ પ્રકારનો છે. (૫) પારિણામિકભાવ=જીવ અને અજીવનો અનાદિ સ્વભાવ. પરિણમનરૂપ જે ભાવ તે. (જીવને ભવ્યત્વ, અભવ્યત્વ-જીવત્વ એમ ત્રણ પ્રકારનો અને અજીવને પોતાના સ્વભાવરૂપ અનેક પ્રકારનો છે.)

કરે છે.) ભગવંતના અનુગ્રહ સિવાય, પ્રાપ્ત થતો નથી. કારણ કે; વિચિત્ર-(તત્તદ્દ્રવ્ય આદિ-સ્વયોગ્યતારૂપ સ્વસ્વભાવ, ગુરૂસંયોગ વિગેરે નાનાવિધ) હેતુઓથી નિપજવા છતાંય-સમગ્ર કારણ સામગ્રીથી જન્ય હોવા છતાંય, ભગવંતના અનુગ્રહની અચિંત્યશક્તિ-કલ્પનામાં આવી શકે નહીં એવું સામર્થ્ય હોવાથી (તાદૃશસામર્થ્ય, કારણભૂત-આત્મામાં યોજવાથી) સમગ્ર કારણરૂપ હેતુઓમાં પ્રધાન-જ્યેષ્ઠ-સર્વશ્રેષ્ઠ કારણ, ભગવંતોનો અનુગ્રહ જ છે. તથાચ આ બંને પ્રકારનો-શ્રાવકધર્મ કે સાધુધર્મરૂપ ધર્મ, ભગવંતના અનુગ્રહના [1]પ્રભાવથી જ પ્રાપ્ત થાય છે. ધર્મપ્રાપ્તિના બીજા પણ કારણો છે. કિંતુ પ્રધાન-પરમ કારણ તો અરિહંતોની અમીનજર જ છે. ભગવંતની કરૂણાભીનીનજર-નેહનજરના અભાવમાં બીજા બધા કારણો, સ્વકાર્ય (ચારિત્રધર્મરૂપ સ્વકાર્ય) સાધવા માટે સમર્થ નથી.

—આજ વિષયની ચાલુ મનનીય મીમાંસા—

भवत्येवैतदासन्नस्य भगवति बहुमानः ततो हि सद्देशनायोग्यता, ततः पुनरयं नियोगतः इत्युभयतत्स्वभावतया तदाधिपत्यसिद्धेः,

ભાવાર્થ=આ-ધર્મપ્રાપ્તિની નિકટ-પાસે વર્તનાર ભવ્યજીવને, પરમગુરૂ ભગવંત પ્રત્યે બહુમાન અર્થાત્ ભવનિર્વેદ થાય છે. પછી-ભગવંતના બહુમાનથી, આગળ પર કહેવાતા સ્વરૂપવાળી-સદ્દેશનાની યોગ્યતા-લાયકાત, અધિકાર ખરેખર પ્રાપ્ત થાય છે. ત્યારબાદ સદ્દેશનાની યોગ્યતાથી આ પ્રકૃતચારિત્રરૂપ ધર્મ, જરૂરથી-અવશ્ય-નિયમા-એકાંતે પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે-[2]પરંપરાથી કારણરૂપ ભગવદ્ બહુમાન અને કાર્યરૂપ ચારિત્રધર્મ, એમ બંનેમાં કાર્યકારણસ્વભાવપણું હોવાથી, અધિકૃતચારિત્રરૂપધર્મકાર્યના પ્રત્યે સમગ્રહેતુઓમાં અચિંત્યશક્તિસંપન્ન હોવાથી ભગવદ્બહુમાન (ભગવદ્અનુગ્રહ) રૂપ કારણ, પ્રધાન ગણાય છે. સમગ્ર કારણરૂપ સૈનિકોના સરસેનાપતિ જેવું સવોત્કૃષ્ટ છે.

---

૧ 'નિજધર્મ તો સહજ સ્વભાવ જી. ધ. તો હિ તુજ નિમિત્ત પ્રભાવ જી' ઢા. ૪ ઉપા. માનવિજયજીકૃત ધર્મજિ. સ્ત.

અર્થઃ=જો કે શુદ્ધ સ્વભાવ જ પોતાનો ધર્મ છે. (વસ્તુ સહાવો ધમ્મો) તો પણ તે પામવામાં તારા નિમિત્તપણાનો પ્રભાવ છે. એટલે તારાથી તે મૂલ ધર્મ-આત્મસ્વભાવ મેળવી શકાય છે. જેમકે; વનની વૃક્ષ શ્રેણીઓમાં ફુલવાની શક્તિ છે. પણ ઋતુરાજ વસંતનું નિમિત્ત મળ્યે વ્યકત-પ્રગટ થાય છે. સરોવરમાં કમલ, પોતાનામાં સુગંધીરૂપ સંપત્તિનો વાસ હોય છે. પણ તે સૂર્યના કિરણો જુએ છે. ત્યારે એટલે સૂર્યનું નિમિત્ત મળ્યે વિકસે છે. અને ખુશબો આપે છે. તેવી જ રીતે તું ધર્મનો દેનાર (દેવામાં નિમિત્ત છે.) તે નિમિત્ત મળ્યે ધર્મ જે આત્માનો સહજ સ્વભાવ તે પ્રગટે છે.

'અવિસંવાદ નિમિત્ત છો રે, જગતજંતુ સુખકાજ, હેતુ સત્ય બહુમાનથી રે, જિમ સેવ્યાં શિવરાજ. ૨ ઉપાદાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ, ઉપાદાન કારણપણે, પ્રગટ કરે પ્રભુ સેવ.' દે. કૃ. સં. સ્ત. 'તુજ કરૂણા સહુ ઉપરે રે સરખી છે. મહારાય, પણ અવિરાધક જીવને રે કારણ સફલું થાય' ૧૦ દે. કૃ. ચંદ્રાનનસ્તવને.

અર્થઃ-હે મહારાજ ! આપની કરૂણા-કૃપા સૌ ઉપર (નિંદક કે ગાયક, મિત્ર કે શત્રુ વિગેરેમાં) સરખી છે. (છતાં પણ કોઈ ન તરે તો તે જીવનો જ દોષ છે તેથી કહ્યું છે. કે) આપની આજ્ઞાના અવિરાધક જીવને આપણું નિમિત્ત સફળ થાય એટલે તરી શકે, જ્યારે વિરાધક જીવ ન તરી શકે.

૨ 'कारणस्य यत् कारणम् तस्य प्रयोजकत्वमिति' અર્થાત્ કારણનું જે કારણ હોય તે પરંપરા કારણ-વ્યવહિત કારણ કે પ્રયોજક કારણ ગણાય છે. અત એવ ચારિત્રધર્મનું કારણ, સદ્દેશના યોગ્યતા છે. અને સદ્દેશનાના યોગ્યતાનું કારણ, ભગવદ્બહુમાન હોઈ ભગવદ્બહુમાન, ચારિત્રધર્મના પ્રત્યે પરંપરાકારણ, પ્રયોજક કે વ્યવહિત કારણ તરીકે મનાય છે.

શંકા=ભગવંતના બહુમાનરૂપ કારણથી જન્ય ગુણ તો સદ્દેશના યોગ્યતારૂપ કાર્ય છે તો ભગવંતના અનુગ્રહથી નિપજતા કાર્યને અર્થાત્ 'સદ્દેશના-યોગ્યતારૂપ કાર્યને આપનાર ભગવંતો છે.' એ વાક્ય બરોબર બંધબેસતું આવે પરંતુ 'ચારિત્રરૂપધર્મને આપનાર ભગવંતો છે' એ વાક્ય કેવી રીતે ઘટમાન થાય ?

–ઉપરોક્ત શંકાના સમાધાનપૂર્વક શક્રસ્તવના 'ધર્મદ' રૂપ ૨૦ મા પદનો ઉપસંહાર–

कारणे कार्योपचाराद्धर्मं' ददतीति धर्म्मदाः २० ॥

ભાવાર્થ=(સમાધાન) ચારિત્રરૂપ ધર્મ-કાર્યના કારણભૂત સદ્દેશનાયોગ્યતામાં ચારિત્રધર્મરૂપ કાર્યનો ઉપચાર 'સદ્દેશનાયોગ્યતા, ચારિત્ર રૂપ ધર્મ છે' એ રૂપ આરોપએકતાની બુદ્ધિ કરી કહેવાય છે; 'ધર્મના દાતા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !'

આ પ્રમાણે 'ધર્મદ' નામક, શક્રસ્તવના ૨૦ મા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

–શક્રસ્તવના 'ધર્મદેશક' નામના ૨૧ મા પદની વ્યાખ્યાનો પ્રારંભ–

तथा 'धम्मदेसयाणं,' तत्र धर्मः-प्रस्तुत एवं तं यथाभव्यमभिदधति, तद्यथा-प्रदीप्तगृहोदरकल्पोऽयं भवो, निवासः शरीरादि-दुःखानां, न युक्त इह विदुषः प्रमादः, यतः अतिदुर्लभेयं मानुष्यावस्था, प्रधानं परलोकसाधनं, परिणामकटवो विषयाः, विप्रयोगान्तानि सत्सङ्गतानि, पातभयातुरमविज्ञातपातमायुः, तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य यतितव्यं, एतच्च सिद्धान्तवासनासारो धर्म्ममेघो यदि परं विध्यापयति, अतः स्वीकर्त्तव्यः सिद्धान्तः, सम्यक् सेवितव्यास्तदभिज्ञाः,

ભાવાર્થ=જેમ અરિહંતો ધર્મદાતા છે તેમ ધર્મદેશક છે. અર્થાત્ 'ધર્મદેશક-અરિહંત ભગવંતોને નમસ્કાર હો' ત્યાં 'ધર્મદેશક' રૂપસૂત્રઘટિતધર્મપદથી, પ્રસ્તુત-ક્ષાયોપશમિક આદિ ભાવરૂપ ચારિત્રધર્મ જ લેવો. તે ચારિત્રરૂપ ધર્મને, અધિકારી (યોગ્ય-લાયક-પાત્ર) ગત યોગ્યતા (લાયકાત-અધિકાર)-મુજબ ઉપદેશે છે-કહે-છે પ્રરૂપે છે. તે આ પ્રમાણે-

-દેશનાનો આકાર-

આ સંસાર આગથી સળગતા (બળતા) ઘરના અંદરના (મધ્યના-વચલા) ભાગ જેવો ખતરનાક-મહા ભયંકર છે. (૧)

---

૧ 'भिन्नत्वेन प्रतीयमानयोरैक्यारोपणमुपचारः' कारणत्वेन कार्यत्वेन रूपेण भिन्नत्वेन प्रतीयमानयोः सद्देशनायोग्यताधर्मरूपकारणकार्ययोरैक्यारोपणमत्रोपचारो ज्ञेयः, चारित्ररूपधर्मकारणत्वात् सद्देशनायोग्यतायां चारित्ररूपधर्मत्वारोपोऽत्र बोध्यः, यथा प्राणसाधनत्वादन्ने प्राणत्वारोपः

કારણમાં કાર્યનો ઉપચાર=આને માટે આપણે માટી અને ઘડાનું ઉદાહરણ વિચારશું. જે વખતે માટી, માટીની પિંડ અવસ્થામાં હોય. મૃત્તિકારૂપે જ હોય-ઘટરૂપે પરિણત ન થઈ હોય ત્યારે પણ સત્કાર્યવાદની અપેક્ષાએ અથવા તિરોભાવની વિવક્ષાપૂર્વક મૃત્તિકાને ઘટ રૂપ માનવી તે આ ઉપચારનું દૃષ્ટાંત છે. વિશેષમાં આવી સ્થિતિમાં પણ આ મૃત્તિકા ઘટ છે એમ કહેવું તે ખોટું નથી; કેમ કે-જો કે આમાં ઘટના જલધારણાદિકધર્મો નથી, તો પણ ભવિષ્યમાં તે ઘટ બની શકનાર હોવાથી તેમ કહેવું ન્યાય્ય છે. જેમ 'શબ્દપ્રયોગ જ્ઞાન છે' જેમ 'હેતુપ્રયોગને અનુમાન' કહેવાય છે, જેમ અન્નને પ્રાણ કહેવાય છે. તેમ ચારિત્રધર્મના કારણભૂત સદ્દેશનાયોગ્યતામાં ચારિત્રધર્મનો આરોપ 'સદ્દેશનાયોગ્યતા, ચારિત્ર ધર્મ છે' એ રૂપ ઉપચાર-એકત્વબુદ્ધિ-સદ્દેશનાયોગ્યતા અને ચારિત્ર્ય ધર્મ એક જ છે. એવી બુદ્ધિરૂપ આરોપ અહીં સમજવો.

વળી ચતુર્ગતિરૂપ સંસાર, શારીરિક દુઃખ, માનસિક વ્યથા, તથા કૌટુંબિકઆદિજન્યપીડારૂપ આધિ-વ્યાધિ-ઉપાધિરૂપ તાપત્રિપુટી-ગર્ભાવાસ-જન્મ-જરા-મરણ આદિ વિધવિધ વેદના-યાતનાઓનું નિવાસ સ્થાન છે. ઘર છે. (૨)

આ ભવ મહોદધિમાં શાણા-ડાહ્યા કે વિચારક-વિદ્વાન્ માણસોએ એક પળ પણ પ્રમાદ (મોહમદમસ્તી-વિષયરસમસ્તી-ધર્મસુસ્તી-ધર્મ પ્રગતિથી અટકવું કે મંદ પડી જવું એ રૂપ પ્રમાદ) કરવો વ્યાજબી-ન્યાય્ય નથી. કારણ કે; લવલેશ-નાની ભૂલ-પ્રમાદના પરીણામો ઘણાં માઠા-ભૂંડા આવે છે. વળી આ દેવદુર્લભ માનવભવનું ભવ્ય જીવન, ફરી ફરીને મળવું મહામુશ્કેલ છે. (૩)

વળી આ મોંઘી-મહામૂલી માનવજીંદગાનીમાં મુખ્યત્વે પરલોકનું-સદ્ગતિ આદિનું સાધન સાધી લેવું-ભાતું બાંધી લેવું એ મહત્વનું કે અગત્યનું કલ્યાણકારી કર્તવ્ય છે. (૪)

આ રંગરંગીલી દુનિયામાં જે જે મોહક કામભોગો ભોગવવામાં આવે છે તે ભોગવતી વેળાએ મીઠા-મધુરા-સ્વાદિષ્ટ કે પ્યારા લાગે છે. પરંતુ તે તમામ આકર્ષક-લોભાવનારા-વિષય વિલાસો, પરીણામે ઘણા કડવા-દારૂણ અર્થાત્ અંજામ સર્જક થઈ પડે છે. (૫)

સત્ વિદ્યમાન કે સારા ઈષ્ટ-મનોવલ્લભ-રળિયામણા અત્યંત પ્રિય સંયોગો-સમાગમો જે જે છે તે તે અખિલનો આખરે અવશ્ય વિયોગ-વિરહ કે વિનાશ, નિયત છે-ધ્રુવ છે-નિત્ય છે. (૬)

આ વિરાટ વિનાશી વિશ્વમાં, આયુષ્યનો, ખતમ-પૂરૂં કે સમાપ્ત થઈ જવાનો ખતરો-ભય-ધાસ્તી નિરંતર અંતરમાં રહે છે. પણ તે જીવન ક્યારે અસ્ત થશે ? પ્રાણપંખેરૂં ક્યારે પરલોકમાં પધારશે ? તે જાણી શકાતું નથી. (મનુષ્યનું આયુષ્ય કયા સમયે ખતમ કે આ ભવનો ખેલ ક્યારે ખલાસ થશે ! તે ચોક્કસ રીતે જણાતું નથી પણ શરીર જરૂર પડવાનું છે-કાયા પ્રકૃતિ, પતનશીલ છે તે તો ચોક્કસ જ છે. આથી આ મરણભય માથે ઝઝૂમતો ઊભો છે) આવી પરિસ્થિતિ (હાલત-દશા) હોવાથી આ સંસાર દાવાનલને ઓલવવા-શમાવવા માટે ભગીરથ કે મહાભારે પુરૂષાર્થ-પ્રયત્ન કરવો નિતાંત આવશ્યક છે. અને તેને માટે જરૂરી સઘળી તજવીજ-વ્યવસ્થા કરવી. (૭) (૮)

વળી કારમી ભવની આગને ઓલવવામાં સિદ્ધાંત (આગમ-શાસ્ત્રીય તત્ત્વજ્ઞાન) ની વિશિષ્ટ કોટીની વાસના (દ્રઢસંસ્કાર)-પ્રધાન-સારગર્ભિત (મુશલધાર) ધર્મરૂપી મેઘ-વરસાદ વરસાવવો એ મુખ્ય સાધન-મૌલિક હેતુ-પરમ કારણ છે. (૯)

એટલા માટે-સિદ્ધાંતની વાસનાની વેગવંતી જરૂર હોવાથી સિદ્ધાન્તનો સ્વીકાર કરો ! (૧૦)

અને તે સિદ્ધાંતના જ્ઞાતાની (ગીતાર્થ મહાપુરૂષોની) રૂડી રીતે સેવા-ઉપાસના-વૈયાવૃત્ય કરો !

—આગળ આગળ વધુ વધતો વેગીલો બોધધોધ-

भावनीयं मुण्डमालालुकाज्ञातं, त्यक्तव्या खल्वसदपेक्षा, भवितव्यमाज्ञाप्रधानेन, उपादेयं प्रणीधानं, पोषणीयं साधुसेवया धर्म्मशरीरं, रक्षणीयं प्रवचनमालिन्यम्,

ભાવાર્થ=તથાચ મુંડમાલા અને આલુકાના દ્રષ્ટાંતનો વિચાર કરો !

તથાહિ=મુંડમાલાઆલુકા=મુંડમાલા-મસ્તક-માથામાં રહેલ માલા-કુલહાર અને [1]આલુકા-માટીની પાણીની ઘડી ઝારી વિગેરે ચીજ વિશેષરૂપ આ બંનેના [2]દ્રષ્ટાંતનો પૂરતો પરામર્શ કરો ! જેમ કે; તમામ પદાર્થને, નયનથી દેખાતા ઉત્પન્ન થયેલા દ્રશ્ય પદાર્થને નશ્વર-ક્ષણભંગુર માનનાર પુરૂષનું, પુષ્પ વિગેરેની માલા કરમાય છતાંય મન કરમાતું કે કચવાતું નથી. એટલે તેનો તે, શોક-દીલગીરી કે આર્ત્તધ્યાન કરતો નથી, પરંતુ જે શખ્સ, દેખાતી રંગીન સૃષ્ટિને નિત્ય-શાશ્વત કે કાયમની માને છે, તે માણસનું એક માટીનું નજીવું-નાનું ભાજન-ભાણ્ડ-પાત્ર કે માટીનો ચૈડવો ભાગી જાય તો મન ભાંગી જાય છે. એટલે તે શોક-દીલગીરી-આર્તધ્યાન-કલ્પાંત કરે છે-દુઃખી થાય છે. (૧૨)

(અથવા સંસારને મુંડમાલા સાથે (કાચી માટીનું વાસણ 'કાયા કાચો કુંભ છે' એ હકીકત શરીરને કાચા કુંભની ઉપમા શાસ્ત્રમાં ઘણી જગ્યાએ આપી છે. કાચા કુંભને પાણી લાગે કે ટકોરો લાગે કે બીજા કોઈપણ પ્રકારનો આઘાત લાગે તો તે સ્હેજે તૂટી જાય છે.) સરખાવ્યો છે. અર્થાત્ તેની જેવો અસાર કહ્યો છે. તે ભાવના વારંવાર ભાવ્યા કરવી.) જે વસ્તુ સર્વદા રહેવાની નથી, જે વસ્તુતઃ અસત્ (નહીં જેવી) છે. તેની કોઈપણ પ્રકારની અપેક્ષા રાખવી નહીં અથવા નિશ્ચયની અસત્ની (જુઠ્ઠા-ખોટની, અધર્મી-અન્યાયીની, અફળ કે મિથ્યા, પરમાત્માથી જુદી વસ્તુની) અપેક્ષા (આશા-ગરજ કે આલંબન) છોડી દો ! (૧૩)

જે જે આજ્ઞા-હૂકમ કે ફરમાન, સિદ્ધાંતમાં કરેલ હોય તેને પ્રધાનપણે અનુસરવામાં-વળગી રહેવામાં તૈયાર-સજ્જ-વફાદાર રહો ! અર્થાત્ જિનશાસન પ્રધાન જીવને જીવો ! (૧૪)

જિનેશ્વરના જયવંતા-જગજયજશકારી શાસનમાં બરોબર એકાગ્રતા-તન્મયતા રાખો ! (૧૫)

સાધુઓની સેવાવડે (પ્રાસુકઆહાર-વસ્ત્રપાત્ર વિગેરેના દાન આદિથી) દાન-શીયલ-તપ-ભાવ આદિરૂપ ધર્મના શરીર-કલેવરને દ્રઢ-પુષ્ટ-મજબૂત બનાવો ! (૧૬)

પ્રવચન-જૈનશાસનને કોઈપણ પ્રકારની અજાણતાં પણ મલિનતા (અવહેલના-અપભ્રાજના) ન લાગે-તેની નિંદા આદિ ન થાય તે માટે ખાસ-સતત કે સખ્ત સંભાળ રાખો ! ચાંપતી તકેદારી રાખો ! (૧૭)

---

૧ 'तण्डुलादिप्रक्षालनोपयोगिभाजनमालुका' 'પ્રવાહી ગળવાનું ઝીણાં કાણાવાળું પાત્ર ગળણી, અથવા નાળચાવાળો લોટો, કાણાં કાંણાવાળો તબેથો-ઝારી અથવા 'मृन्मयी वार्घटिका'-માટીની બનાવેલી પાણીની ઘડી, ચૈડવો, માટીનો લોટો, ચરડવો, કલશીયો.

૨ સુખી-શ્રીમંતદશામાં મત મલકાઓ કે છલકાઓ ! તથા દુઃખી દશામાં મત દીલગીર કે દીન બનો ! એમ આ ઉદાહરણમાંથી ઉંડેથી અવાજ ઊઠે છે. કેમકે; કર્મમય સંસારનું સામર્થ્ય છે કે; ઘડીક જીવ, માટીની પાણીની ઘડીની જેમ, હીન-કીંમતવગરનો-મામુલીકક્ષાનો-હલકાફૂલનો-ગરીબ-દીન-નીચ બને છે. જ્યારે ઘડીક આત્મા, મુંડમાલાની જેમ સર્વજનશિરશ્છત્ર-છત્રપતિ-ચક્રવર્તી-ઊંચકુલનો-મહામૂલીકક્ષાનો સર્વશિરોધાર્ય-મહાન્-ઉચ્ચ-શ્રીમાન્-ભગવાન્ બને છે.

-હજુ પણ વધતો જતો જોરદાર પાવનકારી પ્રવચન ગંગપ્રવાહ તથા 'ધર્મદેશક'-રૂપ ૨૧ મા પદનો ઉપસંહાર–

एतच्च विधिप्रवृत्तः सम्पादयति, अतः सर्वत्र विधिना प्रवर्त्तितव्यं, सूत्रात्, ज्ञातव्य आत्मभावः, प्रवृत्तावप्रेक्षितव्यानि निमित्तानि, यतितव्यमसम्पन्नयोगेषु, लक्षयितव्या विस्रोतसिका, प्रतिविधेयमनागतमस्याः 'भयशरणाद्युदाहरणेन, भवत्येवं सोपक्रमकर्म्मनाशः निरुपक्रमानुबन्धव्यवच्छित्तिरित्येवं धर्म्मं देशयन्तीति धर्म्मदेशकाः ॥ २१ ॥

ભાવાર્થ=શાસ્ત્રે બતાવેલી વિધિપ્રમાણે જે પ્રાણી પ્રવૃત્તિ કરે છે તે સર્વ ઉપર જણાવેલી બાબતો મેળવી શકે છે. અથવા યોગ્ય ગુરૂની પાસે વિધિથી દીક્ષિત થયેલ 'વિધિપ્રવૃત્ત' કહેવાય છે. આને-પ્રકૃત ચારિત્રધર્મને કે ઉપરની બાબતોને 'વિધિપ્રવૃત્ત' આત્મા સંપાદન-પ્રાપ્ત કરી શકે છે. તેથી સર્વ બાબતોમાં શાસ્ત્રવિહિત વિધિ અનુસારે પ્રવૃત્તિ-ક્રિયા કરો ! (૧૮)

સૂત્રથી-આગમથી આત્મભાવને-સ્વસ્વરૂપને-પોતાના ગુણ-પર્યાયોને જાણો-પીછાણો-ઓળખો-પરખો ! અથવા 'અરાગી-અદ્વેષી આદિલક્ષણનિરૂપક આગમબળથી રાગ આદિરૂપ આત્મ પરિણામને અર્થાત્ આગમ મારફતે વિભાવભાવ અને સ્વભાવ ભાવને જાણી હંસવત્ વિવેક વાપરી સ્વભાવભાવના પ્રાદુર્ભાવમાં સદ્ભાવ-દ્રઢતા-આગ્રહ ખંતપૂર્વક પૂર્ણ પ્રયત્ન કરો ! (૧૯)

પ્રવૃત્તિમાં-ક્રિયામાં ઈષ્ટ અનિષ્ટસૂચક શકુન આદિ નિમિત્તોની અથવા નિમિત્ત કારણો-સહકારિ કારણોની નિઃશંક અપેક્ષા-દરકાર રાખો !

નહીં મેળવેલ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગરૂપયોગને[૨] મેળવવા પ્રયત્નશીલ-ઉજમાળ બનો ! (૨૦)

પ્રમાદના માટે ખાસ સંભાળ રાખવી, એ થવાનો પ્રસંગ આવે તે પહેલાં બહુ સંભાળ રાખીને તેની સામેના ઉપાયો પ્રથમથી યોજી રાખવા ! પોતાની સ્ખલના-ભૂલ પ્રત્યે ખૂબ ખ્યાલ-લક્ષ્ય-ઉપયોગ અવશ્ય રાખો ! (૨૧)

કાદવમાં પડીને પગ ધોવા કરતાં કાદવથી દૂર રહેવું-કાદવને નહીં અડકવું એ જેમ શ્રેયસ્કર છે તેમ પાપ કરીને પાપ ધોવા કરતાં ભૂલ ન થાય તેમ ધ્યાન આપો ! તથાચ જેમ ભય નથી આવ્યો તે પહેલા શરણ આદિ શોધાય છે-સ્વીકારાય છે તેમ ભૂલ-સ્ખલના-પાપ-અતિચાર-દોષો નથી થયાં તે પહેલાં ભૂલ-સ્ખલના-પાપ-દોષ આદિના કારણો શોધો ! એ કારણોનો યથાશક્તિ પ્રતિકાર કરો ! (૨૨)

આવી રીતે જે પ્રાણીઓ પ્રવૃત્તિ કે વર્ત્તન કરે છે. તેના તે આત્માના, [૩]સોપક્રમ-(જેમ ફાનસમાં

---

૧ 'सरणं भए उवायो रोगे किरिया विसंमि मंतोत्ति' इत्युदाहरणेन. જેમ ભયમાં શરણ, રોગમાં ઉપાય, વિષમાં મંત્ર ક્રિયા વગેરે ઉદાહરણથી એમ આદિનો અર્થ જાણવો.

૨ 'मोक्षपायो योगो ज्ञानश्रद्धानचरणात्मकः' અ. ચિ. પ્ર. કા. શ્લો. ૭૭

૩ 'સોપક્રમ' આ શબ્દ અન્ય સાથે બહુધા વપરાતો નથી. પણ આયુષ્ય સાથે વપરાય છે. સોપક્રમ કર્મ નિકાચિત નહીં એવા કર્મો, પ્રદેશોદયથી ભોગવી ખેરવી શકાય છે.

રાખવામાં આવેલો દીપક, પવનનો ઝપાટો હોવા છતાંય તેલની હયાતી સુધીમાં બુઝાતો નથી. પરંતુ તેલ પુરૂં થયા પછી જ બુઝાય છે અને બહાર ઉઘાડો રાખવામાં આવેલો દીપક, પવનનો ઝપાટો લાગતા બુઝાઈ જાય છે. તેમ જે કર્મો બહારની અસરથી ખસી જાય છે. તેને સોપક્રમ કહેવામાં આવે છે. અને તેથી ઉલ્ટાને 'નિરૂપક્રમ' કહેવામાં આવે છે.) કર્મનો ક્ષય-નાશ-ધ્વંસ થાય છે. અને નિરૂપક્રમ (નિરૂપક્રમ કર્મ એટલે નિકાચિત કર્મ, આવાં કર્મ ઉદયમાં ભોગવવાં જ પડે છે. પણ શુદ્ધ માર્ગે વર્ત્તન કરવાથી એવાં કર્મનો નવીન બંધ થતો નથી. અને નિકાચિત કર્મનો અનુબંધ, બંધ પડે છે એટલે નિકાચિતનો નવીન બંધ કે અનુબંધ અટકે તો પણ ઘણું છે.) કર્મના અનુબંધનો (અવિચ્છિન્ન પ્રવાહનો-એક બીજા સાથે બંધાવવાનો-સંબંધ-પરંપરાનો) વિચ્છેદ-નાશ-ક્ષય થાય છે.

આ પ્રમાણેના વિશિષ્ટ ફલજનક ધર્મની દેશના કરે છે. તે 'ધર્મદેશક' કહેવાય છે. અર્થાત્ 'ધર્મદેશક એવા અરિહંત ભગવંતોને લાખલાખવાર વંદન હો !'

શક્રસ્તવના 'ધર્મદેશક'રૂપ ૨૧ મા પદની વ્યાખ્યા સમાપ્ત થાય છે.

–શક્રસ્તવના 'ધર્મનાયક'રૂપ ૨૨ મા પદનું પ્રૌઢ પ્રવચન–

तथा 'धम्मनायगाणं' इह धर्म्मः-अधिकृत एव, तस्य स्वामिनः, तल्लक्षणयोगेन,

ભાવાર્થ-જેમ 'ધર્મ્મદ-ધમ્મદિશક' છે તેમ ધર્મના નાયક છે. અર્થાત્ 'ધર્મ્મનાયક એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !'

અહીં 'ધર્મનાયક' ઈતિ સૂત્રઘટિત ધર્મ એટલે પૂર્વકથિત અધિકૃત-વિવક્ષિત-ક્ષાયોપશમિક આદિ ભાવરૂપ ચારિત્રધર્મ જ ગણવો. તે ચારિત્રરૂપ ધર્મના સ્વામી (ધણી-પતિ-માલીક-રાજા) અરિહંત ભગવંતો છે. કારણ કે; સ્વામીના લક્ષણોનો (સ્વરૂપ વિગેરેનો) સંબંધ-યોગ, અરિહંત ભગવંતોમાં છે.

–સ્વામીના લક્ષણરૂપ-ધર્મનાયકત્વસાધક ચાર મૂલ હેતુઓ–

तद्यथा-तद्वशीकरणभावात् तदुत्तमावाप्तेस्तत्फलपरिभोगात्तद्विघातानुपपत्तेः

ભાવાર્થ=તે આ પ્રમાણે-તથાહિ-અરિહંત ભગવંતો (પક્ષ) ધર્મનાયક છે. (ધર્મનાયકત્વ સાધ્ય છે ) જ્યારે તેના-ધર્મનાયકત્વરૂપ સાધ્યના સાધક તરીકે (૧) તદ્ (ધર્મનો) વશીકરણભાવ (૨) તદ્ (ધર્મનો) ઉત્તમ અવાપ્તિ-પ્રાપ્તિ (૩) તદ્ (ધર્મના) ફલનો પરિભોગ (૪) તદ્ (ધર્મના) વિઘાત-વિધ્વંસની અનુપપત્તિ (અયોગ-અભાવ-આત્યંતિક અવિદ્યમાનતા) આ ચાર મૂલ હેતુઓ જાણવા.

વળી પ્રત્યેક ચાર મૂલહેતુના પ્રતિહેતુ-પ્રભેદ-અવાંતર-ઉત્તરભેદરૂપ સભાવનિક ચાર ચાર હેતુઓ છે. તે નીચે દર્શાવેલ કોષ્ઠકથી જાણો !

| ધર્મનાયકત્વરૂપ સાધ્યના સાધક (૪) મૂલહેતુઓ | સભાવનિક-મૂલહેતુના સ્વરૂપની સ્પષ્ટતા દર્શક સ્વભાવ વાળા, મૂલહેતુના સાધકહેતુરૂપ પ્રતિહેતુઓ-અવાંતર-ભેદો-પ્રભેદો-પેટાભેદો કે ઉત્તરભેદો (૧૬) |
|---|---|

| | |
|---|---|
| (१) ધર્મવશીકરણભાવ | (१) વિધિસમાસાદન. |
| | (२) નિરતિચારપાલન. |
| | (૩) યથોચિતદાન. |
| | (૪) તત્ર (દાનમાં) વચનરૂપ અપેક્ષાનો અભાવ. |
| (२) ધર્મોત્તમ અવાપ્તિ | (૫) પ્રધાનક્ષાયિકધર્મ અવાપ્તિ. |
| | (६) પરાર્થ સંપાદન. |
| | (૭) હીનમાં પણ પ્રવૃત્તિ. |
| | (૮) તથાભવ્યત્વયોગ. |
| (૩) ધર્મફલભોગ | (૯) સકલ સૌંદર્ય. |
| | (૧૦) પ્રાતિહાર્યયોગ. |
| | (૧૧) ઉદાર ઋદ્ધિનો અનુભવ. |
| | (૧૨) તદ્-ઉદાર ઋદ્ધિનો આધિપત્યભાવ. |
| (૪) ધર્મવિઘાતાની અનુપપત્તિ | (૧૩) અવન્ધ્ય (અમોઘ) પુણ્યબીજત્વ. |
| | (૧૪) અધિકની અનુપપત્તિ. |
| | (૧૫) પાપક્ષયભાવ. |
| | (૧૬) અહેતુકવિઘાતની અસિદ્ધિ. |

–પ્રતિહેતુઓદ્વારા મૂલહેતુઓને સાબીત કરવા, મૂલહેતુઓને સાધ્ય કરી ભગવંતો મૂલહેતુઓના આશ્રય છે તે વિગતનું ક્રમસર વર્ણન–

–(१) પ્રતિહેતુપૂર્વક 'ધર્મવશીકરણભાવ' નામક પ્રથમ મૂલહેતુનું વિવેચન–

तथाहि एतद्वशिनो भगवन्तः, विधिसमासादनेन १ विधिनाऽयमाप्तो भगवद्भिः, तथानिरतिचारपरिपालनतया २ पालितश्चातिचारविरहेण, एवं यथोचितदानतो ३ दत्तश्च यथाभव्यं, तथा तत्रापेक्षाऽभावेन ४ नामीषां दाने वचनापेक्षा १,

ભાવાર્થ-તથાહિ-જેઓને વશ્ય (આધીન-તાબેદાર-વશઆશ્રિત) આ ધર્મ છે એવા ભગવંતો (પક્ષ) છે. ભગવંતોએ ચારિત્રરૂપ પ્રકૃત ધર્મને પોતાને આધીન-વશ-તાબે-શરણે કર્યો છે. ધર્મનો વશીકરણભાવ તે સાધ્ય સમજવું. કારણ કે;

(१) વિધિસમાસાદનથી-વિધિ વડે આ ધર્મ મેળવ્યો છે. તથાચ વિધિથી મેળવેલ અર્થ (વસ્તુ) સ્વવશ્ય થાય છે. જેમ ન્યાયથી કમાયેલ ધન, સ્વવશ્ય છે તેમ ભગવંતે વિધિથી સંપાદિત કરેલ હોઈ અવશ્ય આ ધર્મ સ્વાધીન થાય છે. ધર્મને પોતાને વશ કરવામાં પહેલું કારણ વિધિસમાસાદન છે. અર્થાત્ ધર્મના વશીકરણભાવરૂપ સાધ્યની સિદ્ધિમાં પ્રથમ હેતુ છે.

(૨) જેમ પહેલું સાધન, ધર્મને સ્વવશ કરવામાં 'વિધિસમાસાદન' છે તેમ ધર્મને સ્વાધીન બનાવવામાં બીજું કારણ નિરતિચારપણે ધર્મનું પાલન છે. તથાહિ-ભગવંતે અતિચાર (અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર આદિરૂપ દોષ) લગાડ્યા વગર ધર્મ પાળેલ-આચરેલ કે અપનાવેલ છે. એટલે આ ધર્મ સ્વવશ થયેલ છે. ધર્મને પોતાને આધીન કરવામાં બીજું કારણ સર્વથા અતિચાર વગરનું ધર્મનું પાલન છે. અર્થાત્ ધર્મના વશીકરણભાવરૂપ સાધ્યની સિદ્ધિનો આ બીજો હેતુ છે.

(૩) જેમ ધર્મને વશ કરવામાં 'વિધિસમાસાદન અને નિરતિચારપણે પરિપાલન,' બે કારણ છે તેમ ધર્મને સ્વવશ કરવામાં ત્રીજું કારણ, 'ધર્મનું યથોચિતદાન' છે. તથાહિ-ભગવંત યોગ્યતાના પ્રમાણમાં ભવ્યોને ધર્મનું દાન આપેલ છે. અર્થાત્ જે પોતાની માલીકીની વસ્તુ હોય તેનું જ દાન, સુપ્રસિદ્ધ છે. એટલે ધર્મના યથોચિત દાનથી 'ધર્મ, સ્વવશ થયેલ છે.' એમ સાબીત થાય છે.

અર્થાત્ પ્રકૃતધર્મના વશીકરણભાવરૂપ સાધ્યની સિદ્ધિમાં 'ધર્મનું યથોચિતદાન' એ ત્રીજો હેતુ છે.

(૪) જેમ 'વિધિસમાસાદન, નિરતિચારપણે પાલન, યથોચિતદાન, ધર્મને સ્વવશ કરવામાં ત્રણ કારણો છે તેમ ધર્મને આત્મસાત્ કરવામાં ચોથુ કારણ, ધર્મના દાનવિષયમાં ભગવંતને બીજાના વચનની અપેક્ષાનો (પરવા-ગરજ-આલંબન-દરકારનો) અભાવ છે. તથાહિ- જેમ બીજા મુનિઓ ધર્મદાનમાં ગુરૂ આદિરૂપ બીજાઓની વચનરૂપ આજ્ઞાની અપેક્ષા રાખતા નથી. અર્થાત્ બીજાઓ જેમ '[1]ક્ષમાશ્રમણોના હસ્તે સમ્યકત્વ-સામાયિક આરોવાવું છું' આ પ્રમાણે બોલે છે તેમ બોલતા નથી. તથાચ ધર્મદાનમાં બીજાના વચનની અપેક્ષા-આજ્ઞા લેવા-માગવાની નહીં હોવાથી ભગવાન્ ધર્મદાનમાં સ્વતંત્ર છે. અને તે સ્વતંત્ર ધર્મદાનથી જ 'ધર્મ, સ્વવશ થયેલ છે' એમ સિદ્ધ થાય છે. અર્થાત્ પ્રકૃતધર્મના વશીકરણભાવરૂપ સાધ્યની સિદ્ધિમાં 'યથોચિતધર્મદાન વિષયમાં વચનરૂપ આજ્ઞાની અપેક્ષાનો અભાવ-સ્વાતંત્ર્ય છે.' એ ચોથો હેતુ સમજવો.

–પ્રતિહેતુઓના પ્રતિપાદનપૂર્વક 'ધર્મોત્તમઅવાપ્તિ' રૂપ બીજા મૂલહેતુની મીમાંસા–

एवं च तदुत्तमावाप्तयश्च भगवन्तः, प्रधानक्षायिकधर्म्मावाप्त्या, १ तीर्थकरत्वात्प्रधानोऽयं भगवतां, तथापरार्थसम्पादनेन २ सत्त्वार्थकरणशीलतया, एवं हीनेऽपि प्रवृत्तेः ३ अश्ववोधाय गमनाकर्णनात् । तथाभव्यत्वयोगात् ४ अत्युदारमेतदेतेषाम् २ ।

ભાવાર્થ-જેમ ભગવાન્ ધર્મને સ્વવશ કરનાર હોઈ ધર્મનાયક છે. તેમ ધર્મોત્તમ-ઉત્તમધર્મના (ધર્મના ઉત્કર્ષના) લાભવાળા હોઈ 'ધર્મનાયક' છે તથાહિ ભગવંતો (પક્ષ) ધર્મોત્તમ-ઉત્કૃષ્ટ ધર્મની પ્રાપ્તિવાળાઓ છે. (ધર્મોત્તમ-ધર્મના ઉત્કર્ષની પ્રાપ્તિ અહીં સાધ્ય છે.) કારણ કે, (૧) પ્રધાન વિશિષ્ટ-લોકોત્તરરૂપ-ક્ષાયિક (કર્મના ક્ષયથી થતા) ધર્મની પ્રાપ્તિ છે. અર્થાત્ ભગવંતો તીર્થંકર હોવાથી (ઉત્કૃષ્ટકોટીના પુણ્યરૂપ તીર્થંકરનામકર્મના વિપાકોદયવાળા હોવાથી) ભગવંતોનો આ ક્ષાયિકધર્મ 'પ્રધાન ક્ષાયિકધર્મ' તરીકે કહેવાય છે. અત એવ

---

१ ७, 'खमा. ईच्छाकारि भगवन् ! तुम्हे अम्हं सम्यक्त्व सामायिक-श्रुत सामायिक-देशविरति सामायिक-सर्वविरति सामायिक आरोवीयं, ईच्छामो अणुसट्ठीं गु. आरोवीयं आरोवीयं खमासमणाणं हत्थेणं सुत्तेणं अत्थेणं तदुभयेणं सम्मंधारिज्जाहि, अन्नेसिंच पवज्जाहि, गुरुगुणेहिं वुड्ढिज्जाहि, निथ्थारपारगाहोह,' ईत्यादि.

સાબીત થાય છે કે; પ્રધાન ક્ષાયિકધર્મની પ્રાપ્તિ રૂપ હેતુ દ્વારા, ભગવંતો, ધર્મોત્તમ-શ્રેષ્ઠધર્મના લાભરૂપ સાધ્યના આશ્રય-આધારરૂપ છે.

(૨) જેમ ભગવંતોના ધર્મોત્તમ-ઉત્કૃષ્ટ ધર્મલાભરૂપ સાધ્યના પ્રત્યે 'પ્રધાનક્ષાયિક ધર્મ પ્રાપ્તિ' હેતુ છે તેમ 'પરાર્થ સંપાદન'રૂપ હેતુ છે. તથાહિ-ભગવંતો પરોપકાર વ્યસની હોઈ-પ્રાણીમાત્રનું ભલું-પરહિત કરવાના સ્વભાવ-પ્રકૃતિવાળા હોઈ પરાર્થ સંપાદિત કરે છે. અર્થાત્ પરાર્થ-પરોપકાર સંપાદનરૂપ હેતુથી, ધર્મોત્તમ-ઉત્કૃષ્ટ ધર્મની પ્રાપ્તિ રૂપ સાધ્યના આશ્રયભૂત ભગવંતો છે એમ સિદ્ધ થાય છે. 'ઉત્તમધર્મસંપન્નો જે હોય તે પરાર્થ સંપાદકો હોય જ' એટલે પરાર્થસંપાદનમુદ્રાથી ઉત્તમધર્મસંપન્નતા નિશ્ચિત કરાય છે.

(૩) જેમ ભગવંતોની ધર્મોત્તમ-ઉત્કૃષ્ટધર્મની પ્રાપ્તિરૂપ સાધ્યના પ્રત્યે પ્રધાન ક્ષાયિકધર્મ પ્રાપ્તિ અને પરાર્થસંપાદનરૂપ હેતુ છે તેમ હીનના વિષે પણ (મનુષ્ય આદિભિન્ન અન્ય તિર્યંચ આદિમાં પણ) ભગવંતોની પરાર્થસંપાદનરૂપ પ્રવૃત્તિ હોઈ હીનના પ્રત્યે પણ પરાર્થસંપાદન પ્રવૃત્તિરૂપ હેતુથી ધર્મોત્તમ સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિરૂપ સાધ્યના આશ્રયભૂત ભગવંતો છે એમ પૂરવાર થાય છે જેમ કે, શાસ્ત્રનું વચન સંભળાય છે કે, 'ઘોડાને પ્રતિબોધ આપવા માટે શ્રીમાન્ ભગવાન્ મુનિસુવ્રતસ્વામીજી ભૃગુકચ્છમાં (ભરૂચનગરમાં) પધાર્યા[૧] હતા.

---

૧ ભગવાન્ પંજિકાકાર શ્રીમાન્ મુનિચંદ્રસૂરીશ્વર મહર્ષિ પ્રણીત મુનિસુવ્રતસ્વામી ચરિત્રનો ભાવાર્થ-ત્રિભુવન જનગણમનરંજન જનક, શત્રુજનને દુઃસહ એવા પ્રતાપથી સમસ્ત શત્રુવિજેતા-સુમિત્ર નામક રાજવીના કુલરૂપી કમલવનમાં નિર્મલ રાજહંસ સમાન, ત્રિભુવન માન્ય લક્ષ્મીનિવાસરૂપ કે પરમ શોભાસ્પદ પદ્માવતી મહારાણીના દિવ્ય ઉદરરૂપી છીપમાં મોતી સરખા, ભગવાન્ શ્રી મુનિસુવ્રતસ્વામી, મગધદેશ ભૂષણ રાજગૃહ નગરના વિશાલ રાજ્યને પાલે છે. જેમની પાસે આવીને સારસ્વત આદિ લોકાંતિક દેવવૃન્દે, દીક્ષાના અવસરનું કે તીર્થપ્રવર્ત્તકનું વિજ્ઞાપન કર્યું છે એવા, તથા સાંવત્સરિકદાનવૃષ્ટિસર્જન પછી તરત જ ભેગા થયેલ સમસ્ત ઈન્દ્રસમુદાયે કરી છે, પૂજા-સેવા જેમની એવા, વીશમા વિભુ, દુન્યવી સઘળા સંગને હેય સમજી, કેદખાના જેવા નિઃસાર સંસારમાં બસ એક સંગ કરવા જોગ દીક્ષા જ છે એમ માની દીક્ષાને સ્વીકારે છે ત્યારબાદ પવનની માફક અપ્રતિબદ્ધપણે નિજચરણારવિન્દની રજથી પૃથ્વીતલને પવિત્ર બનાવતા, કેટલાક કાલ સુધી છદ્મસ્થપણે વિચરી, તીક્ષ્ણ શુક્લધ્યાનરૂપ કુઠારની ધારના પ્રયોગ-અજમાયેશથી દુરંતમોહરૂપી વૃક્ષના મૂલજાતને છેદનાર સ્વામી, સકલ કાલભાવિ (વર્તી) ભાવના સ્વભાવના પ્રકાશનમાં અત્યંત સમર્થ-કેવલજ્ઞાનરૂપી પરમજ્યોતિને પામે છે. આસનકંપન પછી ભગવંતને કેવલ જ્યોતિસંપન્ન જાણી, ભક્તિરસભરપૂર અત એવ કરી છે, સમવસરણ આદિ રમણીય સેવા જેમણે એવા સમસ્ત સુરપતિઓ, અનુક્રમે સ્થાન પ્રમાણે બેસીને ભગવંતની ઉપાસના કરે છે. ત્યારબાદ ભગવાન્, જલભર્યા અષાઢી મેઘરાજની જેમ ભવ્યજનગણરૂપી મયૂર મંડલને હર્ષ-ઉલ્લાસ આપવાના સ્વભાવવાળા, દેદીપ્યમાન નવીન અંજન (કાજલ) પુંજવત્ શ્યામવર્ણી કાયાવાળા, કષાયરૂપી ઉન્હાળાના સમયથી સંતપ્ત ભવ્યજનના સંતાપ હર્તા, અંધકારને ભગાડનાર ભામંડલરૂપી વિદ્યુત લતાથી અલંકૃત ગગનમંડનકારી ઈન્દ્ર ધનુષ્યના આડંબર-શોભા કારક (ઈન્દ્રધનુષ્યની ભ્રાંતિ ઉપજાવનાર) તેજ પુંજથી વિરાજિત-ચમકદાર ધર્મચક્રસંપન્ન, પૃથ્વીતલ પર આવી બેઠેલ બલાકા (બગલી) પંક્તિજન્ય શોભાકારણ ધોળા ચામરોને બે હાથે સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર જે પ્રભુની બે બાજુએ ઢાળે છે એવા-સજલ જલધર જેવા મુનિસુવ્રતસ્વામી સકલપ્રાણિગણ સાધારણ-સદ્દેશનારૂપી જલધાર વડે સમગ્ર પ્રાણીઓના હૃદયરૂપી ભૂપ્રદેશોને સ્વસ્થ (ભીના-લીલા-આર્દ્ર-પાણીવાળા-રસકસ ભરેલા-તાજા) કરે છે. એવચં તીર્થપ્રવર્ત્તન પછીથી સાનુવત્ ભગવાન્, ભવ્યરૂપી કમલ સમૂહને પ્રતિબોધતા, દક્ષિણ દેશના મુખમંડનરૂપ ભૃગુકચ્છ-ભરૂચનગરમાં પધાર્યા અને ઈશાન ખૂણામાં રહેલ કોરિંટક નામક ઉદ્યાનમાં સમોસર્યા. આ સમયે, પોતાના પરિજન મારફતે ભગવંતનું આગમન સાંભળી,

(૪) જેમ ભગવંતોના ઉત્તમ ધર્મપ્રાપ્તિરૂપ સાધ્યના પ્રત્યે (૧) પ્રધાનભૂત ક્ષાયિક ધર્મપ્રાપ્તિ (૨) પરાર્થસંપાદન (૩) હીનમાં પણ પરાર્થસંપાદનાર્થક પ્રવૃત્તિરૂપ સાધન છે. તેમ (૪) 'તથાભવ્યત્વનો યોગ'

---

આનંદભર્યા હૈયે જાતિમાન્ તુરંગ પર સ્વાર થઈ, આ ભરૂચ નગરનો નાયક, જિતશત્રુ નામનો નરપતિ, પરિવારથી પરિવરેલો, જગદ્‌ગુરૂના ચરણારવિંદમાં વંદન કાજે આવ્યો, અને સકલ કમલા (લક્ષ્મી) નિકેતનરૂપ જિનપતિપદ કમલને નમીને હાથ જોડી ભગવંતના ચરણમૂલે બેઠો. જિતશત્રુ રાજાએ શ્રવણસુધા સમાણી ભાગવતી વાણી સાંભળી. ત્યારબાદ જાણતા છતાં જનને જાગૃતિ થાય એ સારૂ, સવિનય નમન કરી પરમગુરૂગણધર ભગવંતે પૂછ્યું કે; ભગવન્ ! આ-મનુષ્ય અમર તિર્યંચ સમુદાયમય-પર્ષદામાં કેટલા નવા ભવ્યજનોએ સમ્યક્‌ત્વ પ્રાપ્ત કર્યું ? સંસારસાગર પરિમિત બનાવ્યો ? મોક્ષ સુખના પાત્રભૂત આત્મા કર્યો ?

ત્યારબાદ દૂધમોગરાની કળીઓ જેવી શ્વેતવર્ણી દંતદીપ્તિઓથી ગગનના આંગણાને અજવાળતા જગન્નાથે જવાબ વાળ્યો કે; 'હે સૌમ્ય ! આ સમવસરણમાં જિતશત્રુ રાજાના જાતિવંત અશ્વ વગર બીજું કોઈ ધર્મને પામ્યું નથી.'

ત્યારબાદ-સર્વજ્ઞ વચન સાંભળી જિતશત્રુ રાજાએ કહ્યું કે; 'હે ભગવાન ! કુતૂહલી ચિત્તવાળો હું તરંગના વૃત્તાંતને જાણવા ચાહું છું. વળી બીજું એ નિવેદન કરવાનું કે હે ભગવાન્ આ અશ્વરત્ન પર ચઢી હું આપના ચરણકમલના વંદન કાજે ચાલ્યો, ત્રૈલોક્યમાં તિલકતુલ્ય સમવસરણ નીરખી ઘોડા પરથી ઉતર્યો અને જેટલામાં અહીં પગપાળા ચાલીને આવું છું તેટલામાં સકલ જંતુમાત્રના ચિત્તમાં હર્ષહેલી રેલાવનારી, સજલજલધરગંભીર, ગંભીર સંસારસાગરતારક સ્ટીમર સરખી આપશ્રીની વાણી શ્રવણ કરતાં વેંત જ આનંદના અશ્રુબીના નેત્રરૂપી પાત્રવાળો કર્ણયુગલને નિશ્ચલ કરી, ગાત્રમાં રોમાંચનો અનુભવ કરી, આંખો મીંચીને ક્ષણવાર આ ઘોડો થંભી ગયો, એટલું જ નહીં પરંતુ ફરીથી ધર્મશ્રવણમાં દત્તચિત્ત-ઉપયોગવાળો સમવસરણના તોરણ (બાહ્યદ્વાર) નજીક આવ્યો. ત્યાં તો અપૂર્વ-નવીન આનંદરસમાં તરબતોર થતો જાનુ (ઢીંચણ) યુગલને બરોબર પૃથ્વીતલ પર સ્થાપી, નિખિલ અનાદિના અશુદ્ધ-ક્લિષ્ટકર્મ મેલને ધોઈ નાખતો, નિજમનની નિર્મલ ભાવનાને જાણે કહેતો હોય તેમ મસ્તકથી આપશ્રીને નમીને વાણી શ્રમણમાં તન્મય બની બેઠો. ત્યારબાદ-આવા પ્રકારની અશ્વરત્નની કરણીશુભકરણી જોઈ હું તાજુબ બન્યો, અતએવ કદાચિત્ નહીં દેખેલ અપૂર્વ આશ્ચર્યથી ભરપૂર મનવાળો થઈ આપશ્રીની નિકટ આવ્યો છું માટે મિથ્યાત્વ મથનાર ભગવાન્ આપશ્રી કહો કે; "આ બધું શું છે ? આમાં કયું રહસ્ય છુપાએલ છે ?'

ત્યારબાદ-મુનિસુવ્રતસ્વામીજીએ કહ્યું કે; હે સૌમ્ય ? સાંભળો ! સકલ મેદિનીના શણગાર સ્વરૂપ પદ્મિનીખેટ (પદ્મિનીખંડ) નામનું નગર છે. ત્યાં જૈનધર્મનો અચ્છો અભ્યાસી શ્રીમંત-શ્રેષ્ઠશ્રેષ્ઠી જિનધર્મ નામનો વસે છે. તેમજ તે જ નગરમાં કુબેરભંડારી જેવો સમસ્ત જનતામાં મુખ્ય-અગ્રેસર, જિનધર્મનામક શ્રાવકનો દીલોજાન દોસ્ત, દીન અનાથ આદિના દયાદાન પરાયણ, બીજો શેઠ સાગરદત્ત નામનો વસે છે તે સાગરદત્ત શેઠ, હંમેશા જિનધર્મ નામક શ્રાવકની સાથે જિનાલયમાં આવે છે. તથા પંચપ્રકારના આચારના પાલક શ્રમણોની સેવા કરે છે. એક વખત, સદ્‌ગુરૂચરણની પાસેથી ધર્મશ્રવણ કરતાં એક ગાથા સાંભળી કે; "રાગદ્વેષ-મોહને જીતનાર વીતરાગ જિનેશ્વરભગવંતોની પ્રતિમાને જે શખ્સ બનાવે છે-કરાવે છે તે જન્માંતરમાં ભવનાશક-ધર્મવરરત્નને પામે છે" બરોબર સાગરદત્ત શેઠે આ ગાથાનો ભાવાર્થ જાણી લીધો, ભવિતવ્યતાના નિયોગ-પ્રેરણા કે હુકમથી ચિત્તમાં યથાર્થ ઠસાવ્યો, પરમાર્થબુદ્ધિથી તાત્પર્યાર્થ ગ્રહણ કર્યો એટલું જ નહીં પરંતુ પોતાના મિત્રરૂપ શ્રાવકને પોતાનો વિશિષ્ટ અભિપ્રાય જણાવ્યો અને શ્રાવકમિત્રે તેના અભિપ્રાયને પુષ્ટિ-ટેકો આપ્યો. ત્યારબાદ સાગરદત્તે સકલ-કલ્યાણ કારિણી-સોનાની જિનપતિ પ્રતિમા ભરાવી-બનાવડાવી અને શાનદાર મહોત્સવપૂર્વક સાધુઓની પાસે તેની પ્રતિષ્ઠા કરાવી. સાગરદત્ત, પ્રથમ મિથ્યાત્વી હતો તેથી તેણે નગરની બહાર પૂર્વે એક શિવાલય કરાવ્યું હતું. એક વખતે તે શિવાલય કરાવ્યું હતું. એક વખતે તે શિવાલયમાં "પવિત્રકારોપણ દિન" પવિત્ર કલશારોપણ દિન–(ઉત્તરાયણનું પર્વ) આવતાં જટાધારી-

એ પણ સાધન છે. તથાહિ આ અરિહંત ભગવંતોને અત્યંત ઉદાર (પ્રાણી માત્ર પ્રતિ હિતબુદ્ધિવાળું-દાન, પરોપકાર ગર્ભિત-વિશાલ આશયવાળું મોટું-વિશિષ્ટ) તથા ભવ્યત્વ હોય છે. અત એવ આ અત્યંત ઉદાર. તથાભવ્યત્વ-(ભવ્યત્વ તમામ આત્માઓનું સમાન હોય છે. પરંતુ પ્રત્યેક ભવ્ય આત્માઓની મુક્તિ, સમાન સામગ્રીઓથી થતી નથી. તેથી પ્રત્યેકનું 'તથાભવ્યત્વ' ભિન્ન ભિન્ન પ્રકારનું માનવું ઘટે છે. શ્રી જીને-શ્વરદેવના આત્માઓનું સહજ તથાભવ્યત્વ સર્વ કરતા ઉત્તમ અત્યંત ઉદાર હોય છે.) ના યોગ (સંબંધ) રૂપ હેતુથી ધર્મોત્તમ (શ્રેષ્ઠ-અપૂર્વ-અદ્‌ભુત ધર્મ) ના પ્રાપ્તિરૂપ સાધ્યના આશ્રયભૂત ભગવંતો છે. એમ સાબિત થાય છે.

–પ્રતિહેતુઓના નિરૂપણપૂર્વક 'ધર્મફલ પરિભોગ' રૂપ (૩) જા મૂલહેતુની ભવ્ય મીમાંસા–

एवं तत्फलपरिभोगयुक्ताः, सकलसौन्दर्येण, 'निरूपमं रूपादि भगवतां, तथाप्रातिहार्ययोगात्,[२] नान्येषामेतत्, एवं उदारःदर्यनुभूतेः[३] समग्रपुण्यसम्भारजेयं, तथा तदाधिपत्यतो भावात्[४] न देवानां स्वातन्त्र्येण, (३)

ભાવાર્થ-જેમ ભગવાન્ ધર્મને સ્વવશ કરનાર હોઈ ધર્મનાયક છે. અને જેમ ધર્મોત્તમ-પ્રાપ્તિવાળા હોઈ ભગવાન્ ધર્મનાયક છે તેમ ધર્મનું સર્વોત્કૃષ્ટ ફળ જે તીર્થંકરપદ આદિ, તેને ભોગવનાર હોવાથી ભગવાન્ ધર્મનાયક છે. તથાહિ ભગવંતો (પક્ષ) ધર્મફલ પરિભોગથી યુક્ત છે. (ધર્મફલ પરિભોગ એ

---

સંન્યાસીઓ-શઠપ્રકૃતિવાળા-શિવપૂજકો, શિવજીના લિંગની ઘૃતપૂજાને માટે (શિવજીના લિંગને પૂરવા માટે) પ્રથમ સંચય કરી રાખેલા ઠરેલ ઘીના ઘડાઓ મઠોમાંથી ત્વરાથી ખેંચતા હતા-કાઢતા હતા. ઘણા દિવસ થયા પડી રહેલા તે ઘડાઓની નીચે પિંડાકાર થઈને ઘણી ઉધઈઓ ચોંટેલી હતી. તે ઘડાઓ લઈ જવાથી માર્ગમાં પણ પડી હતી. આમતેમ ચાલતા પૂજકોથી તે ઉધેઈઓ ચગદાતી જોઈ સાગરદત્ત, દયા લાવી તેને વસ્ત્રના છેડાથી દૂર કરવા લાગ્યો. તે વખતે "અરે શું તને ધોળીયા યતિઓએ આ નવી શિક્ષા આપી છે ? અથવા તેમના જેવો દયાલુ તું થયો છે ?" એમ હસી બોલતા જટાધારી-ધર્મદ્વેષી પૂજારીએ જોરથી પગનો ઘા કરી તે સર્વ ઉધઈ વિશેષ ચગદી નાંખી. સાગરદત્ત શેઠે વિલખા થઈ તેને શિક્ષા થાય એવું ધારી પૂજારીઓના મુખ્ય આચાર્યના મુખસંમુખ જોયું. આચાર્યે પણ તે પાપની ઉપેક્ષા કરી એટલે સાગરદત્તે ચતુર-ચિત્તે ચિંતવ્યું કે; "આ મૂર્ખચક્રવર્તીઓના-નિરક્ષર-ભટ્ટાચાર્યોના મનમાં નથી જીવદયા, અરે નથી શુભ માનસિકવૃત્તિ કે નથી સુંદર ધર્મનું અનુષ્ઠાન" માટે આ નિર્દય પાપીઓને ધિક્કાર છે કે "જે આ દારૂણ હૃદયવાળા પુરૂષો, પોતાના આત્માને અને યજમાનને દુર્ગતિમાં પાડે છે તેને ગુરૂબુદ્ધિએ શા માટે પૂજવા ?" આવો વિચાર કર્યો છતાં પણ તે આચાર્યના આગ્રહથી તેણે શિવપૂજન કર્યું. પરિણામે સાગરદત્ત શેઠ, વિશિષ્ટવીર્યના અભાવે કરી સમ્યક્ત્વરત્નને નહીં પ્રાપ્ત કરવાથી, મોટા આરંભ કરીને ઉપાર્જન કરેલા ધનની રક્ષાને માટે જ એક નિષ્ઠા ધરી રહેવાથી, ઘર-પુત્ર-સ્ત્રી આદિમાં મમતાધારી હોવાથી, એવંચ સ્વભાવથી જ દાનરૂચિવાળો પુષ્કલ ધનની ઈચ્છાથી ચિંતવે છે કે "ક્યારે સાર્થ ઉપડશે ? ક્યાં ક્યાં કરીયાણાની ખરીદી લોકો કરશે ? કયા દેશમાં કેટલી જમીન છે ? ખરીદવા-વેચવાનો કાલ ક્યો છે ? કઈ વસ્તુ ઘણી ઉપયોગી છે ? ઈત્યાદિ નિરંતર ચિંતા જાલમાં પડી, તિર્યંચગતિ યોગ્ય કર્મ ઉપાર્જી, મરીને, તારા ઘોડાપણાએ ઉત્પન્ન થયેલ છે. તે પોતાના વાહનપણાએ સ્થાપેલ છે. આજે તો મારા વચનને સાંભળી, પૂર્વજન્મમાં બનાવડાવેલ જિનપ્રતિમાના પ્રભાવથી પ્રાપ્ત-અવંધ્ય (અમોઘ) બોધિબીજના ઉદ્‌ભેદથી-ફૂટી નીકળવાથી તે અશ્વરત્ને સમ્યક્ત્વરત્ન મેળવ્યું છે. પોતાનો આત્મા શિવસુખોના પાત્રભૂત બનાવ્યો છે. આ અશ્વરત્નના પ્રતિબોધકાજે મારૂં આગમન થયું છે' એવો ભગવંતે જવાબ વાળ્યો. ત્યારથી માંડી ભરૂચ શહેર "અશ્વાવબોધ" નામે-પવિત્ર તીર્થ તરીકે પ્રખ્યાત થયેલું છે.

અહીં સાધ્ય છે.) કારણ કે; (૧) સકલ સૌન્દર્ય એ પ્રથમ સાધન છે. કારણ કે; ભગવંતોમાં રૂપ આદિ (આદિપદથી યશલક્ષ્મી-ધર્મ-પ્રયત્ન આદિ) અનુપમ-અજોડ-બીનહરીફ-અતુલ છે. વાસ્તે સકલ (બાહ્ય આભ્યંતરરૂપ સકલ અથવા સંપૂર્ણ) સૌન્દર્ય-(સુંદરતા-રૂપ-ખુબસુરતી-કાંતિ-આંખને ગમે એવો દેખાવ-શોભા)રૂપ સાધનથી ભગવંતો, ધર્મફલના પરિભોગરૂપ સાધ્ય વિશિષ્ટ છે. એમ સાબીત થાય છે.

(૨) જેમ ભગવંતના ધર્મફલ પરિભોગરૂપ સાધ્ય પ્રત્યે સકલ સૌન્દર્યરૂપ સાધન છે. તેમ પ્રાતિ-હાર્યનો યોગ સાધન છે. તથાહિ-તીર્થંકરભગવંતભિન્ન અન્યવ્યક્તિઓમાં પ્રાતિહાર્યના યોગરૂપ સાધનથી ભગવંતો, ધર્મફલપરિભોગરૂપ સાધ્યના આશ્રયભૂત છે. એમ સિદ્ધ થાય છે.

(૩) જેમ ભગવંતના ધર્મફલ પરિભોગરૂપ સાધ્યના પ્રત્યે (૧) સકલ સૌન્દર્ય (૨) પ્રાતિહાર્ય યોગ સાધન છે. તેમ (૩) જું ઉદાર (સર્વશ્રેષ્ઠ-ઉચ્ચતમ-વિશાલ-મોટામાં મોટી) ઋદ્ધિ (સાહ્યબી-વૈભવ-ઠકુરાઈ-સંપત્તિ-લક્ષ્મી)નો અનુભવ, એ સાધન છે, તથાહિ-સમગ્ર-સંપૂર્ણ પુણ્યસંભાર-(પુંજ-સમુદાય)થી, આ તીર્થંકર પદની ઉદાર ઋદ્ધિનો અનુભવ થાય છે. એટલે ઉદાર ઋદ્ધિના અનુભવરૂપ સાધ્યના આશ્રયભૂત છે. એમ સિદ્ધ થાય છે.

(૪) જેમ ભગવંતના ધર્મફલપરિભોગરૂપ સાધ્યના પ્રત્યે (૧) સકલ સૌન્દર્ય (૨) પ્રાતિહાર્યયોગ

---

૧ પ્રાતિહાર્ય–(૧) અશોકવૃક્ષ-જ્યાં જ્યાં પ્રભુ સ્થિરતા કરે છે. તે તે સ્થલે જિનેશ્વરની ઉપર દેવતાઓ અશોકતરૂ રચે છે. તે અશોકવૃક્ષ, ઋષભસ્વામીથી આરંભીને શ્રી પાર્શ્વનાથસ્વામી સુધી ત્રેવીશ તીર્થંકરો ઉપર તેમના પોતાના શરીરના માનથી બાર ગણો ઉંચો રચવામાં આવે છે. અને મહાવીરસ્વામી ઉપર બત્રીશ ધનુષ્ય ઉંચો રચવામાં આવે છે.

(૨) સુરપુષ્પવૃષ્ટિ-સમવસરણની ભૂમિમાં નીચાંડીંટવાળા-સુગંધવાળાં-જલસ્થલજ સચિત્ત ચંપક વિગેરે પાંચ રંગના પુષ્પોની જાનુ પ્રમાણ વૃષ્ટિ થાય છે. તથાચ જેમ એક જોજન જેટલી સમવસરણની ભૂમિમાં અપરિમિત સુર-અસુર-નર-તિર્યંચોનું પરસ્પર મર્દન થતાં પણ તેઓને કાંઈપણ બાધા થતી નથી, તેમ જાનુ પ્રમાણ પુષ્પોના સમૂહ ઉપર મુનિગણ તથા વિવિધજન સમૂહના ચાલવાથી પણ તે પુષ્પોને કાંઈપણ બાધા થતી નથી. કેમકે; અનુપમ એવા તીર્થંકરોનો પ્રભાવ અચિંત્ય છે.

(૩) દિવ્યધ્વનિ-ભગવાનની માલકોશ રાગ યુક્ત વાણીને વીણા, વાંસળી વિગેરે સ્વરના જેવા સ્વરવડે સુરો પૂરે છે,

(૪) ચામર-ચેતવર્ણી ચામરો બને બાજુએ વીંઝાય છે,

(૫) આસન-નિર્મળ સ્ફટિક મણિનું રચેલું સપાદપીઠ સિંહાસન

(૬) ભામંડલ-ભગવાનના મસ્તકની પાછળ બાર સૂર્ય બિંબની કાંતિથી પણ અધિક તેજસ્વી અને મનુષ્યોને મનોહર લાગે તેવું ભામંડલ-કાંતિના સમૂહનો ઉદ્યોત પ્રસરેલો હોય છે, ભગવંતનું રૂપ જોનારને, તેનું અતિશય તેજસ્વિપણું હોવાથી સામું જોવું અત્યંત દુર્લભ થઈ પડે છે. તેમ ન થવા માટે તે સર્વ તેજનો એકત્ર પિંડ થઈને મસ્તકની પાછળ રહે છે. જેથી ભગવંતનું રૂપ જોનારાઓ સુખે સુખે ભગવંતની સામું જોઈ શકે છે.

(૭) દુંદુભિ–ભગવાન્ લીલા સહિત જે સ્થલે વિચરે છે ત્યાં આકાશમાં દુંદુભિ વાગ્યા કરે છે.

(૮) આતપત્ર–ભગવાનના મસ્તક પર ત્રણ છત્ર રહે છે.

(૩) ઉદારઋદ્ધિનો અનુભવ સાધન છે. તેમ (૪) થું તદ્ (ઉદાર ઋદ્ધિનો) આધિપત્યભાવ (સત્તા-વિદ્યમાનતા) એ સાધન છે. તથાહિ ભગવંતોજ, ઉદારઋદ્ધિજનક સંપૂર્ણ પુણ્યરૂપ ધર્મના કે ઉદારઋદ્ધિના અધિપતિ (રાજા-ઉપરી-માલિક-પાલક-રક્ષક-જનક) હોય છે તે જ આ ઉદાર (અદ્‌ભુત-અનુપમ-અલૌકીક) ઋદ્ધિ ઉત્પન્ન થાય છે. ઉદાર ઋદ્ધિજનક પુણ્યપતિ કે ઉદારઋદ્ધિ અધિપતિ તીર્થપતિના અભાવ દરમ્યાન (સ્વતંત્રતાએ) કર્ત્તારૂપ દેવતાઓ હોયે છતે પણ થતી નથી. તથાચ તીર્થંકરોમાં જ ઉદારઋદ્ધિનું આધિપત્ય (અધિપતિપણું-ધણીપણું-ઐશ્વર્ય) હોવાથી જ ઉદારઋદ્ધિના આધિપત્યરૂપ સાધનથી, અરિહંત ભગવંતો, ધર્મફલ પરિભોગરૂપ સાધ્ય વિશિષ્ટ છે. એમ નિર્ણીત થાય છે. નક્કી મનાય છે.

–પ્રતિહેતુઓની પ્રરૂપણાપૂર્વક 'ધર્મવિઘાતરહિતત્વ' રૂપ (૪) થા મૂલહેતુથી 'ધર્મનાયકત્વ'રૂપ મૌલિક સાધ્ય સિદ્ધ કરાય છે–

–તથા 'ધર્મનાયક'રૂપ ૨૨ મા પદનો ઉપસંહાર–

एवं तद्विघातरहितः अवन्ध्यपुण्य [1]बीजत्वात् एतेषां स्वाश्रयपुष्टमेतत्, तथा अधिकानुपपत्तेः[2] नातो अधिकं पुण्यं, एवं पापक्षयभावात्[3] निर्दग्धमेतत्, तथाऽहेतुकविधातासिद्धेः सदासत्त्वादिभावेन ४ ॥ एवं धर्म्मस्य नायका धर्म्मनायका इति २२ ॥

ભાવાર્થ=જેમ ભગવાન્ ધર્મને સ્વાધીન કરનાર હોઈ ધર્મનાયક છે. અનેક ધર્મોત્તમ પ્રાપ્તિવાળા હોઈ 'ધર્મનાયક' છે. યથા ધર્મફલ પરિભોગી હોઈ ધર્મનાયક છે. તેમ 'ધર્મવિઘાત' હોઈ 'ધર્મનાયક' છે.

તથાહિ-(૧) ભગવંતો (પક્ષ) ધર્મવિઘાત રહિત છે. (ધર્મના વિઘાતનો-પ્રતિબંધકતત્ત્વનો-વિરોધિતત્ત્વનો અત્યંત અભાવ એ અહીં સાધ્ય છે.) કારણ કે; આ તીર્થંકરો, અવંધ્ય, (અમોઘ-સફલ-અવશ્ય ફલજનક) પુણ્યના બીજમૂલકારણ-આદિકારણ-ઉત્પત્તિ સ્થાન છે. તથાચ તીર્થંકરોરૂપ પોતાના આશ્રયે-આધારે-આશરે પુષ્ટ-વધેલ આ પુણ્ય છે. અર્થાત્ પુણ્યની પુષ્ટિ (વધવું-મોટું થવું-ઊગવું-પોષણ-વધારો-પુષ્ટતા-ટેકો-વૃદ્ધિ-વિસ્તાર)ના આશ્રય-આલંબન-(પુષ્ટ આલંબન-મૌલિકકારણ) પ્રભુ છે. અત એવ અવંધ્ય પુણ્ય બીજત્વરૂપ હેતુથી ધર્મના વિઘાતના-વિઘાતકતત્ત્વના આત્યંતિક અભાવરૂપ સાધ્ય વિશિષ્ટ વીતરાગો છે. એમ ચોક્કસ થાય છે.

(૨) જેમ ધર્મવિઘાતના અત્યંત અભાવરૂપ સાધ્યનું સાધક અવંધ્ય પુણ્ય બીજત્વ છે. તેમ અધિકની અનુપપત્તિ (અધિકપુણ્યનો અભાવ-અયોગ-અઘટમાનતા) છે. તથાહિ તીર્થંકરગત પુણ્યલક્ષણ ધર્મ, ત્યારે જ હણાય-પરાજિત થાય કે જ્યારે તીર્થંકરગત પુણ્યથી અધિકપુણ્ય, બીજી વ્યક્તિમાં હોય, પરંતુ બીજી બધી વ્યક્તિઓમાં તીર્થંકરસ્થ પુણ્યથી અધિક-ચડીયાતું પુણ્ય છે જ નહીં એટલે તીર્થંકરગત પુણ્યલક્ષણ ધર્મ, કોઈથી હણી શકાતો નથી. માટે જ અધિકપુણ્યના અભાવરૂપ સાધનથી ધર્મવિઘાતના અભાવરૂપ સાધ્ય સિદ્ધ થાય છે. તથાચ તીર્થંકર નામ કર્મરૂપી મહાપુણ્યથી અધિકપુણ્યનો બીજે ઠેકાણે અભાવ હોઈ, તીર્થંકરમાં સદ્‌ભાવ હોઈ, ધર્મવિઘાતના અભાવવાળા ભગવંતો છે એમ પૂરવાર થાય છે.

(૩) જેમ ધર્મવિઘાતના અત્યંત અભાવરૂપ સાધ્યના પ્રત્યે (૧) અવંધ્ય પુણ્યબીજત્વ. (૨) અધિકની અનુપપત્તિ સાધન છે. તેમ પાપના ક્ષયનો ભાવ (વિદ્યમાનતા) સાધન છે. તથાહિ-ધર્મવિઘાતક પાપપુંજગંજને સર્વથા-આત્યંતિક રીતે બાળી નાંખેલ છે. અત એવ પાપક્ષયભાવરૂપ સાધનથી, ભગવંતો, ધર્મવિઘાતશૂન્યતાવિશિષ્ટ છે. એમ પક્કું પ્રમાણિત થાય છે.

(૪) જેમ ધર્મવિઘાતના અભાવરૂપ સાધ્યના પ્રત્યે (૧) અવંધ્ય પુણ્યબીજત્વ (૨) અધિકની અનુપપત્તિ (૩) પાપક્ષયભાવ સાધન છે. તેમ અહેતુક (હેતુરહિત) વિઘાતની અસિદ્ધિ, ચોથો હેતુ છે. તથાહિ-ધર્મવિઘાતક (ધર્મને તોડી પાડનાર-નાશ કરનાર) હેતુઓનો સર્વથા અભાવ હોવાથી અર્થાત્ ધર્મના વિઘાતને કરનાર કારણ-હેતુની આત્યંતિક અસિદ્ધિ (અભાવ કે અસંભવ) હોઈ [1]નિત્ય-સદા (સતત-સનાતન-નિરંતર) સત્ત્વ (સત્તા-અસ્તિત્વ-હોવાપણું) આદિ ભાવથી (નિત્ય સત્ત્વ આદિભાવ વિશિષ્ટ) ધર્મ સ્થિત-નિશ્ચિત છે. એટલે હેતુશૂન્ય વિઘાતની અસિદ્ધિરૂપ હેતુથી ધર્મવિઘાતનો અભાવ સિદ્ધ થાય છે. તથા ચ નિર્હેતુક વિઘાતની અસિદ્ધિરૂપ સાધનથી ભગવંતો, ધર્મવિઘાતરહિત છે. એમ નક્કી મનાય છે. એવંચ ધર્મને સ્વવશ કરનાર હોઈ, ધર્મોત્તમ પ્રાપ્તિવાળા હોઈ, ધર્મફલપરિભોગયુક્ત હોઈ, ધર્મવિઘાતરહિત હોઈ અરિહંતભગવંતો, ધર્મનાયક-ધર્મના સ્વામીઓ છે.

આ પ્રમાણે શક્રસ્તવના 'ધર્મનાયક'રૂપ ૨૨ મા પદની વ્યાખ્યા સમાપ્ત થાય છે.

–શક્રસ્તવના 'ધર્મ્મસારથિ'રૂપ ૨૩ મા પદનું વિશિષ્ટ વ્યાખ્યાન–

तथा-"[2]धम्मसारहीणं' इहापि धर्म्मोऽधिकृत एव, तस्य स्वपरापेक्षया सम्यक्प्रवर्त्तन-पालनदमनयोगतः सारथित्वं ।

---

१ 'नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् ।

अपेक्षातो हि भावानां, कादाचित्कत्वसंभवः ॥ १ ॥

અર્થાત્–જે "વસ્તુનું કાંઈપણ કારણ ન હોય, તેની બે સ્થિતિ છે. યા તો તેનું સદાકાળ અસ્તિત્ત્વ રહેવાનું જેમકે; આપણો આ જીવ. એ જીવ, અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેવાનો. અથવા એ વસ્તુનો (નિર્હેતુક વસ્તુનો) સર્વથા સદાકાળને માટે અભાવ જ રહેવાનો જેમકે; આકાશનું ફૂલ કે સસલાનું શીંગડું. આ વસ્તુ માટે કોઈપણ કારણ નથી. એટલે જગત્માં એવી વસ્તુ ક્યાંય પણ નથી મળતી એવંચ જે વસ્તુ કોઈ વખત થતી હોય, કોઈ વખત ન થતી હોય તે વસ્તુ, કારણજન્ય ગણાય છે. ઘડો કોઈ વખત થાય છે ને કોઈ વખત નથી થતો માટે કારણજન્ય છે અને જે કારણ વગર થતું હોય તે તો સદાકાળ થયા જ કરવાનું, કારણ કે; એને પોતાના અસ્તિત્ત્વમાં બીજી કોઈ વસ્તુની જરૂર નથી હોતી કે જેના અભાવમાં એ વસ્તુ અટકી જાય. અથવા તો એ નિષ્કારણનું કદાપિ પણ અસ્તિત્ત્વ નહિ રહેવાનું મતલબ કે; જે તીર્થંકરગત ધર્મના પ્રત્યે કોઈપણ વિઘાતક હેતુ નથી, એટલે વિઘાતકકારણમાત્રશૂન્ય, અત એવ વિઘાતકકારણમાત્રશૂન્ય જિનેશ્વરગતધર્મ, સદા અસ્તિત્ત્વવાળો, નિત્ય સત્ત્વવાળો માનવામાં કોઈપણ જાતનો બાધ-વિરોધ નથી. અથવા હેતુશૂન્યવિઘાત, સર્વથા અસિદ્ધ-નિત્ય અસત્ત્વવાળો-સદાકાળ અસત્ છે.

२ 'जह सारही सुकुसलो रहं तुरंगे तहा पयट्टेइ ।

जह नवि अवाओ तुरंगमाणं रहस्सावि ॥ ५६ ॥

ભાવાર્થ-જેમ ભગવંતો 'ધર્મદ, ધર્મદેશક, ધર્મનાયક છે તેમ 'ધર્મસારથિ' છે.

અર્થાત્-'ધર્મસારથિ એવા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !'

અહીં-'ધર્મસારથિ' ઈતિ સૂત્રઘટિત ધર્મપદનો અર્થ, અધિકૃત-વિવક્ષિત શ્રાવકસાધુધર્મનામક બે પ્રકારવાળો ચારિત્રરૂપ ધર્મ જ ગણવો.

તથા ચ ચારિત્રરૂપધર્મરથનું સ્વપરની અપેક્ષાએ (પોતાનામાં અને બીજા શ્રોતાઓમાં) સમ્યક્ (સારું-પૂરેપૂરું-સુઘટિત) પ્રવર્ત્તન (પ્રવર્ત્તાવું, પ્રવર્ત્તવું) સમ્યક્પાલન (પાળવું-પળાવવું) સમ્યગ્દમન (વશ કરવું-ધર્મરથને કબજે રાખવો) રૂપ આ ત્રણ હેતુઓના યોગથી ભગવંતોમાં ધર્મસારથિપણું (રથપ્રવર્ત્તકપણું-રથ હાંકનારપણું) સાધ્ય તરીકે સિદ્ધ કરાય છે.

–ક્રમસર ભગવંતોમાં ધર્મરૂપી રથના સારથિપણાની હેતુત્રયપૂર્વક સિદ્ધિ–

–પહેલાં (૧) સમ્યક્પ્રવર્ત્તન યોગરૂપ હેતુથી 'ધર્મસારથિત્વ'રૂપ સાધ્યની સિદ્ધિ–

तद्यथा 'सम्यक्प्रवर्त्तनयोगेन परिपाकापेक्षणात् प्रवर्त्तकज्ञानसिद्धेः १ । अपुनर्बन्धकत्वात् प्रकृत्याभिमुख्योपपत्तेः,

ભાવાર્થ-તે આ પ્રમાણે-

(૧) તથાભવ્યત્વપરિપાક અભિન્ન-સ્વભાવભૂત-પ્રકૃતિજન્ય, ધર્મવિષયક પ્રશંસા આદિરૂપ ધર્મબીજરૂપ કારણની સત્તા હોઈ અપુનર્બંધકોમાં અપુનર્બંધકત્વની સત્તા ઘટે છે. પુનર્બંધકોમાં તો તથાભવ્યત્વપરિપાકનો અભાવ હોઈ ધર્મ પ્રશંસા આદિરૂપ ધર્મબીજની સત્તા ઘટતી નથી.

(૨) અત એવ અપુનર્બંધકોમાં અપુનર્બંધકત્વ છે એટલે જ (અપુનર્બંધકનું સ્વરૂપ કહેવાઈ ગયું છે.)

---

एवं जिणुत्तमेहिं वि उस्सग्गववायपमुहजुत्तीहिं ।
एगंतहिओ धम्मो उवइट्ठो धम्मधम्मीणं ॥ ५७ ॥
इह धम्मो होइ रहो तुरंगमा तस्स धारगा पुरिसा ।
उभयहियमुवइसंता जिणनाहा धम्मसारहिणो ॥ ५८ ॥

(૩૩૭-૩૩૮-૩૩૯) શ્રી દે. ચૈત્ય. શ્રી ધર્મ. સંઘાચારવિધૌ પૃ. ૩૦૧.

અર્થાત્-સુકુશલસારથિ, રથને તથા તુરંગોને એવી રીતે પ્રવર્ત્તાવે છે કે જેના પ્રવર્ત્તનમાં રથ કે રથવાહક ઘોડાઓને બીજ સલામતી-અપાય-વિઘ્ન આદિ નડતાં નથી. તેવી જ રીતે જિનોત્તમોએ ઉત્સર્ગ અપવાદ પ્રમુખયુક્તિપૂર્વક, ધર્મ અને ધર્મવાહકોને એકાંત હિતકારી ધર્મ દર્શાવ્યો છે–ધર્મપ્રવર્ત્તન કર્યું છે. અહીં ધર્મના સ્થાને રથની અને તુરંગના સ્થાને ધર્મધારક પુરૂષોની કલ્પના કરવી, અને ઉભયને હિતકારી ઉપદેશ આપતા જિનનાથોની સારથિના સ્થાનમાં કલ્પના કરવી.

१ 'प्रवृत्त्युत्पत्तावयं क्रमः । प्रथमतः फलज्ञानं । ततःफलेच्छा । ततइष्टसाधनताज्ञानं । तत उपायेच्छा । ततः प्रवृत्तिरूत्पद्यते इति'–प्रवर्त्तनं=प्रवृत्तिहेतुत्वम्, प्रवृत्त्यनुकूलव्यापारविशेषः प्रर्वतयितुः, यद्विषयकत्वेन ज्ञानस्य प्रवृतिजनकत्वं तत् । अत्र यत्पदार्थ इष्टसाधनत्वम्। तथा च इष्टसाधनत्वस्य ज्ञानं प्रवृत्तिं जनयतीतीष्टसाधनत्वं प्रवर्तनं भवतीति ज्ञेयम् ।

અપુનર્બંધક આદિ સુપાત્ર-ભવ્યોના પ્રત્યે (ધર્મ પ્રવર્ત્તન યોગ્યહેતુભૂત) ધર્મ-પ્રવર્ત્તક જ્ઞાનની સિદ્ધિ (ઉત્પત્તિ કે સંપ્રાપ્તિ) થાય છે. અર્થાત્ ધર્મપ્રવૃત્તિ વિષયક ઈચ્છાપૂર્વક-દ્વારક, ધર્મપ્રવર્ત્તન ફલજનકજ્ઞાનની સિદ્ધિ થાય છે. કારણ કે; (પ્રદર્શનહેતુભૂત) પ્રદર્શક આદિ અન્યજ્ઞાનથી તાદૃશપ્રવૃત્તિનો અભાવ છે.

(૩) તાદૃશપ્રવર્ત્તક-પ્રવૃત્તિકારક જ્ઞાનની સિદ્ધિ હોયે છતેજ, (બાહુબલી આદિ શ્રોતાઓની માફક) ધર્મપ્રકર્ષપર્યન્ત લક્ષણ પરિપાકની સાધ્યરૂપે અપેક્ષા (આશ્રિતતા-સ્વીકૃતિ સિદ્ધ થાય છે. અર્થાત્ પ્રકૃષ્ટ-પરિપક્વધર્મ અહીં યથાખ્યાતચારિત્ર (સર્વસંવરરૂપ યથાખ્યાતચારિત્ર) સમજવો. તથાચ યથાખ્યાતચારિત્ર ધર્મરૂપ પ્રકૃષ્ટ ધર્મપર્યન્તરૂપ પરિપાકને સાધ્ય-પ્રવર્ત્તન સિદ્ધિના ધ્યેય તરીકે અપેક્ષિત કરવામાં આવે છે.

(૪) યથાખ્યાતચારિત્ર ધર્મરૂપ પ્રકૃષ્ટ ધર્મપર્યન્ત લક્ષણ પરિપાકરૂપ (સાધ્યનો આશ્રય) સાધ્ય વિષયક અપેક્ષા-ઈચ્છા હોયે છતેજ સમ્યક્ પ્રવર્ત્તનયોગ સિદ્ધ થાય છે. અર્થાત્ જિનેશ્વર ભગવંતો, અપુનર્બંધક આદિ પાત્રોના પ્રત્યે પહેલેથી માંડી ઉત્કૃષ્ટ-સંપૂર્ણ-પરિપકવ ધર્મફલ પ્રાપ્તિપર્યંત, ધર્મપ્રવર્ત્તનરૂપ સમ્યક્પ્રવર્ત્તન કરે છે. ભવ્યોને ઠેઠ ધર્મની સીમારૂપ સર્વોત્કૃષ્ટ ધર્મ સુધી પહોંચાડે છે. અતએવ અવંધ્યમૂલ આરંભ વ્યાપારવંત-સફલ પ્રથમ ઉદ્યમ ઉત્પાદનરૂપ ક્રિયાવંત ભગવંતો હોઈ ભગવંતોમાં 'ધર્મસારથિપણું યથાર્થ ઘટમાન થાય છે.

ધર્મસારથિત્વરૂપસાધ્યસાધક પ્રથમ હેતુરૂપ 'સમ્યક્ પ્રવર્ત્તન યોગ'ની જ સિદ્ધિ માટે પરસ્પર અપેક્ષાવાળા બીજા ચારહેતુઓનું પ્રતિપાદન—

तथा गाम्भीर्ययोगात् साधुसहकारिप्राप्तेरनुबन्धप्रधानत्वात् अतीचारभीरूत्वोपपत्तेः २ ।

ભાવાર્થ-(૧) અતિચાર (દોષ-મલિનતા)થી હણાયેલ કે ઘવાયેલ પુરૂષમાં ચારિત્રધર્મના અનુબંધનો (અવિચ્છિન્ન-ધારાવાહી પ્રવાહનો) અભાવ છે અને અતિચારભીરૂ-નિરતિચાર ચારિત્રસંપન્ન આત્મામાં સાનુબંધ ચારિત્ર ધર્મ છે.

(૨) અતએવ-ચારિત્રના અનુબંધ વગરના-નિરનુબંધ ચારિત્રવાળા આત્માને નિયત-ફલજનક સુગુરૂ વિગેરે સહકારી કારણોનો લાભ સાંપડતો નથી.

(૩) તથાચ સાનુબંધ ચારિત્ર ધર્મવાળા આત્માને અવશ્ય-ફલજનક સુગુરૂ વિગેરે સહકારી કારણોનો લાભ થાય છે.

(૪) ફલ અવિસંવાદી-નિયતફલ જનક સુગુરૂ વિગેરે સહકારી કારણોના લાભરૂપ કારણ હોયે છતે

---

૧ એવંચ તથાભવ્યત્વપરિપાકરૂપ પ્રકૃતિજન્ય-ધર્મપ્રશંસા આદિ ધર્મબીજરૂપ કારણની સત્તા છે, એટલે જ અપુનર્બંધકત્વ છે. એટલે પ્રવર્ત્તક-પ્રવૃત્તિકારક જ્ઞાનની સિદ્ધિ છે. પ્રવર્તકજ્ઞાનની સિદ્ધિ છે. એટલે જ ઉત્કૃષ્ટધર્મ-યથાખ્યાતચારિત્રરૂપ ધર્મસાધ્યની અપેક્ષા-ઈચ્છા છે. એટલે જ ચારિત્રરૂપધર્મમાં પોતે પ્રવર્તે છે અને બીજાઓને-શ્રોતાઓને પ્રવર્ત્તાવે છે અર્થાત્ તેઓના સમ્યક્પ્રવર્ત્તનમાં-અમોઘઆદ્ય આરંભ વ્યાપારમાં પુષ્ટઆલંબનભૂત ભગવંતો બને છે. અતએવ ભગવંતો 'ધર્મસારથિ' કહેવાય છે.

જ, અચિંત્ય (અકલ્પનીય) ત્રિભુવનમાં અતિશયવંત ત્રણેય જગત્માં સર્વ શ્રેષ્ઠ-કલ્યાણકારણ શક્તિ સંપન્નતારૂપ ગાંભીર્ય સત્તા છે. એવંચ અચિંત્ય-ત્રિભુવન અતિશાયિ-કલ્યાણ કારણ શક્તિ સંપ્રાપ્તિરૂપ ગાંભીર્યનો યોગ-સંબંધ હોય તો જ સમ્યક્પ્રવર્ત્તન (સ્વપર અપેક્ષિત-ચારિત્રધર્મવિષયક-સફલ આદ્ય આરંભરૂપ વ્યાપાર પ્રવર્ત્તન)નો યોગ છે અને આ સમ્યક્પ્રવર્ત્તન યોગરૂપ પ્રથમહેતુથી ધર્મસારથિપણારૂપ સાધ્યનો નિશ્ચય થાય છે.

ધર્મસારથિત્વરૂપ સાધ્યને સાધનાર 'સમ્યક્પાલન' રૂપ (૨) જા હેતુનું નિરૂપણ

एतेन पालनायोगः प्रत्युक्तः, सम्यक्प्रवर्त्तनस्य निर्वहणफलत्वात्, नान्यथा सम्यक्त्वमिति समयविदः ।

ભાવાર્થ-આ-સમ્યક્ પ્રવર્ત્તનયોગરૂપ સાધનના નિરૂપણદ્વારા પાલનના અયોગનું (નહીં ઘટવા પણાનું-અસંભવનું) નિરાકરણ-પરમ પ્રકર્ષભાવથી ખંડન થઈ જાય છે. કારણ કે; સમ્યક્પ્રવર્ત્તન (સફલઆદ્યઆરંભરૂપ વ્યાપાર)નું ઐકાન્તિક ફલ, પાલન છે. તથાચ સમ્યક્પાલનરૂપ ફલના પ્રત્યે સમ્યક્પ્રવર્ત્તન, ફલોપધાયક-સાક્ષાત્ કારણ છે.

શંકા-પાલનરૂપ ફલવાળું જ (અવશ્ય-પાલનરૂપ ફલજનક જ) સમ્યક્ પ્રવર્ત્તન છે. એવો નિયમ કે વ્યવસ્થા કેવી રીતે ?

સમાધાન-જો પાલનરૂપ ફલ વગરનું (અવશ્ય પાલનરૂપ ફલ અજનક) સમ્યક્પ્રવર્ત્તન માનો તો-પાલનરૂપ ફલનો અભાવ થયે છતે પ્રવર્ત્તનનિષ્ઠ સમ્યક્પણાનો અર્થાત્ પ્રવર્ત્તનમાં રહેલ અવન્ધ્યત્વ-અવશ્ય ફલજનકત્વરૂપ સમ્યગ્ભાવનો અભાવ થઈ જાય ! અર્થાત્ પાલનફલશૂન્ય તે પ્રવર્ત્તન, 'સમ્યક્પ્રવર્ત્તન' તરીકે ન કહેવાય એમ સમયવિદો-પ્રવચનવદીઓ-સિદ્ધાન્તજ્ઞાતાઓ કહે છે.

અથ ચ સ્વપર અપેક્ષિત-ચારિત્રધર્મ વિષયક-સમ્યક્પ્રવર્ત્તનજન્ય સમ્યક્-પાલનરૂપ સાધનથી ભગવંતોમાં ધર્મસારથિત્વરૂપ સાધ્ય, પ્રમાણિત થાય છે.

—દમનયોગરૂપ (૩) જા સાધનથી ભગવંતોમાં ધર્મસારથિપણારૂપ સાધ્યની સિદ્ધિ—

एवं दमनयोगेन, दान्तो ह्येवं धर्म्मः कर्मवशितया कृतोऽव्यभिचारी अनिवर्त्तकभावेन नियुक्तः, स्वकार्ये स्वाङ्गोपचयकारितया नीतः स्वात्मीभावं, तत्प्रकर्षस्यात्मरूपत्वेन ।

ભાવાર્થ-જેમ ધર્મસારથિત્વરૂપ સાધ્યના પ્રત્યે (૧) સમ્યક્પ્રવર્ત્તન (૨) સમ્યક્પાલન, હેતુ છે તે જ પ્રમાણે (૩) જો હેતુ, સર્વથાસ્વવશીકરણરૂપ દમનયોગ છે.

ખરેખર-સાચે જ વશીકરણ વિષયભૂત ધર્મ, (પોતાને વશ-આધીન કે તાબે કરેલો ધર્મ) (૧) અવ્યભિચારીકરણ (ફલનું ચોક્કસ-નક્કી કરવું તે) (૨) સ્વકાર્યનિયોગ (સકલકર્મક્ષયલક્ષણ સ્વકાર્યમાં યોજના-યોજવું (જોડવું-ગોઠવવું-સાંધવું-મેળવવું-મૂકવું-બેસતું કરવું-સામેલ કરવું, મેળાપ-સંગમ-પ્રેરણા કરવી તે) (૩) સ્વાત્મીભાવનયન (સ્વ સ્વભાવમાં લઈ જવું તે) આ ત્રણ પ્રકારથી અવચ્છિન્ન-યુક્ત-વિશિષ્ટ થાય છે.

તથાહિ-ચારિત્રમોહ આદિકર્મ, અબાધક હોઈ જેઓને વશ્ય-આધીન છે, એવા ભગવંતો છે. અર્થાત્ ચારિત્રમોહ આદિ કર્મ ઉપર ભગવંતોનો કાબૂ-અંકુશ-લગામ કે સત્તા છે. ભગવંત ઉપર ચારિત્રમોહઆદિ

કર્મસત્તાનું કાંઈ ચાલતું નથી. અર્થાત્ તેનું તેમના આગળ બળ-જોર-સત્તા તદ્દન નાબૂદ થઈ ગઈ છે. જ્યારે ચારિત્રમોહ આદિકર્મ, અબાધકત્વરૂપથી ભગવંતને આધીન છે. એટલે જ (૧) કૃતિ-પ્રવૃત્તિ કે વિધાન વિષયભૂત (કરેલ-આચરેલ) ધર્મ, ચોક્કસ નિયતફલને કરે છે. એની અંદર બિલકુલ વિસંવાદ નથી. (૨) કારણકે, કૃત્સ્ન કર્મક્ષય લક્ષણ સ્વકાર્યરૂપ ફલ પ્રાપ્તિ સુધી, નહીં અટકવાના સ્વભાવરૂપ અનિવર્ત્તક ભાવપૂર્વક, કૃત્સ્ન કર્મક્ષય લક્ષણ સ્વકાર્યમાં, સ્વાંગ-ચારિત્ર ધર્મરૂપ અધિકૃત ધર્મપ્રાપ્તિના હેતુભૂત-મનુષ્યત્વ આર્યદેશમાં જન્મ વિગેરે સ્વઅંગોના ઉત્કર્ષ-પ્રકર્ષ-વૃદ્ધિના કારકપણાએ યોજેલો જોડેલો-વ્યાપાર વિષય કરેલો થાય છે.

અર્થાત્ સ્વઅંગ ઉત્કર્ષકર્તાપણાએ, સંપૂર્ણ કર્મક્ષયરૂપ કાર્યના પ્રત્યે ફલ પ્રાપ્તિ લગી, અવિરત-સતત ધર્મની પ્રવૃત્તિરૂપ નિયોગ-યોજના કરેલી કાયમની છે. અતએવ જ્યાંસુધી ધર્મનું ફલ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્વઅંગ ઉત્કર્ષકારક ધર્મ પ્રવૃત્તિ-કૃતિ-વિધાન-આચરણ અવિરત નિયત હોઈ તે ધર્મ પ્રવૃત્તિ, ચારિત્રાચાર, અવશ્ય-નિયમથી કૃત્સ્નકર્મક્ષય-મોક્ષરૂપ ફલ પેદા કરે જ એમાં પૂછવું જ શું ?

(૩) તથા ચ નિજ (સ્વ) સ્વભાવરૂપ સ્વાત્મીભાવમાં લઈ જવાયેલો ધર્મ છે. કારણ કે, યથાખ્યાતચારિત્રરૂપ ઉત્કૃષ્ટધર્મ, એજ જીવ-આત્મ સ્વભાવ-સ્વસ્વરૂપ કહેવાય છે.

શંકા-આ પ્રમાણે ધર્મસારથિપણાની ઉત્પત્તિમાં અર્થાત્ ધર્મસારથિ બનવામાં શું કારણ છે ।

--પૂર્વોક્તશંકાનું સમાધાન--

भावधर्मापत्तौ हि भवत्येवैतदेवं, तदाद्यस्थानस्याप्येवं प्रवृत्तेरवन्ध्यबीजत्वात्,

ભાવાર્થ--(સમાધાન) 'સર્વથા કારણમાં અવિદ્યમાન કાર્ય પેદા થાય છે.' એવી વસ્તુવ્યવસ્થા-પદાર્થનો નિયમ નથી. અર્થાત્ ' [1]કારણમાં શક્તિરૂપે કાર્ય હયાત છે' એમ માનીને કહેવાય છે કે 'ધર્મસારથિત્વરૂપ સાધ્યના પ્રત્યેની અનુપહત (કોઈથી નહીં હણાયેલ-પ્રતિબંધક વગરની-અપ્રતિબદ્ધ-અપ્રતિહત)શક્તિશાલિ કારણના, ધર્મબીજરૂપ ધર્મપ્રશંસા આદિ કાલવર્તી ધર્મવિશેષરૂપ ધર્મના પ્રથમસ્થાનમાં છે. તેથી જ ભગવંતોના ધર્મના આદ્યસ્થાનની પણ ધર્મસારથિત્વ કરવા દ્વારા (ધર્મસારથિત્વ કર્તારૂપે) પ્રવૃત્તિ છે.'

(વરબોધિની પ્રાપ્તિ પછી તો પૂછવું જ શું ? પણ એ 'અપિ' શબ્દનો અર્થ સમજવો.)

અત એવ ભગવંતોના ધર્મપ્રશંસા આદિ કાલવર્તી ધર્મવિશેષરૂપ ધર્મના આદ્યસ્થાનની પ્રવૃત્તિમાં પણ

---

૧ નિશ્ચયનયના અભિપ્રાયે-'कारणे सदेव कार्यमुत्पद्यते' અર્થાત્ કારણમાં શક્તિરૂપે-સત્તારૂપે-તિરોભાવરૂપે કાર્ય સત્-વિદ્યમાન હોતું જ પેદા થાય છે.

અત એવ સર્વથા-એકાંતે એવો નિયમ કે વસ્તુવ્યવસ્થા નથી કે, 'સર્વથા અસત્-કારણમાં કાર્ય અવિદ્યમાન-નહીં હોતું જ પેદા થાય !' તથાચ ધર્મસારથિત્વરૂપફલોપધાયક કારણ (અનુપહતશક્તિકકારણ) રૂપ ધર્મપ્રશંસા આદિ કાલવર્તી ધર્મવિશેષરૂપ ધર્મના આદ્યસ્થાનમાં, નિશ્ચયનયે, ધર્મસારથિત્વ માનવામાં કશોય બાધ નથી.

ધર્મસારથિ કરવાની (બનાવવાની) અજબ-અદ્‌ભુત-અલૌકિકશક્તિ કે સામર્થ્ય છે. એટલે જ ક્ષાયોપશમિક આદિ ધર્મલાભરૂપ ભાવધર્મની પ્રાપ્તિ થયે છતે, પ્રગટ રીતે, સમ્યક્ (સફલ) પ્રવર્ત્તનયોગ-પાલનદમનયોગરૂપ ત્રણ પ્રકારથી આ-ધર્મસારથિપણું અવશ્ય પ્રાપ્ત કે ઉત્પન્ન થાય છે જ. નથી થતું એમ નહી પરંતુ અચૂક-થાય-થાય ને થાય.

–પરમતની સાક્ષીપૂર્વક કરાતું ઉપરોક્ત વિષયનું સમર્થન તથા શક્રસ્તવના 'ધર્મસારથિ' રૂપ ૨૩ મા પદનો ઉપસંહાર–

सुसंवृतकाञ्चनरत्नकरण्डकप्राप्तितुल्या हि प्रथमधर्मस्थानप्राप्तिरित्यन्यैरप्यभ्युपगमात्, तदेवं धर्म्मस्य सारथयो धर्म्मसारथयः २३ ॥

ભાવાર્થ– તથા ચ 'સુસંવૃત (બિલ્કુલ નહી ઉઘાડાયેલ, પ્રગટ કે ખુલ્લો નહી કરેલ-સારી રીતે ઢાંકેલ) સોનાના અને રત્નોના કરંડીયા-(ઘાસ અથવા વાંસનો બનાવેલો ડબો, ઘાસ અથવા વાંસની ચીપોને ગુંથીને બનાવેલી પેટી, કંડીઓ) ડાબડાની પ્રાપ્તિ સરખી, ધર્મપ્રશંસા આદિરૂપ પ્રથમ ધર્મસ્થાનની પ્રાપ્તિ છે.' એમ બીજાઓ-જૈનેતરો-બૌદ્ધો પણ સ્વીકાર કરે છે.

તથાહિ–જેમ કોઇ પુરૂષ, કોઇ સ્થાનમાં, નહી ઉઘાડેલ-ઢાંકેલ (બંધ કરેલ-વાસેલ-સંતાડેલ-છુપાવેલ-છાનો રાખેલ-નહી ઉઘાડો પાડેલ) સોનાના-રત્નોના કરંડીયાને મેળવનાર, કરંડીયામાં રહેલ સોના વિગેરે કીંમતી વસ્તુને વિશેષથી નહી જાણતો પણ મેળવે છે. તેમ ભગવંતો પણ પ્રથમ ધર્મસ્થાનની પ્રાપ્તિ થયે છતે-તે વખતે નહી જાણવા છતાંય ધર્મસારથિત્વ આદિ સુફલ ગર્ભિત મોક્ષ સુધીની કલ્યાણ સંપદાને વરે છે-પામે છે કે મેળવે છે જ કારણ કે; પ્રથમ સ્થાનની પ્રાપ્ત, નિયત-અવંધ્ય-અમોઘબીજ-હેતુરૂપ છે. અર્થાત્ મોક્ષપર્યન્ત કલ્યાણ સંપદાની પ્રાપ્તિરૂપ કાર્ય પ્રત્યે અવશ્યફલ સંપાદન સમર્થ; આદ્યસ્થાનની પ્રાપ્તિ, હેતુ છે.

એવંચ પૂર્વકથિત-ધર્મસારથિત્વ સાધક-સાધનનું સમર્થ સમર્થન કે નિપુણ નિરૂપણની સમાપ્તિ સાથે 'ધર્મના સારથિ ધર્મરથના પ્રવર્ત્તક અરિહંત-ભગવંતોને નમસ્કાર હો !' એ રૂપ શક્રસ્તવના (૨૩)મા પદની સમર્થ વ્યાખ્યા સમાપ્ત થાય છે.

–શક્રસ્તવના 'ધર્મવરચતુરન્ત ચક્રવર્તી' રૂપ (૨૪)મા પદનું વિશાલ વ્યાખ્યાન–

तथा'धम्मवरचाउरंतचक्कवट्टीणं' धर्म्मोऽधिकृत एव, 'स एव वरं-प्रधानं चतुरन्तहेतुत्वात् चतुरन्तं, चक्रमिव चक्रं तेन वर्त्तितुं शीलं येषां ते तथाविधाः,

---

१ 'ધર્મવરચતુરન્તચક્ર' આ સમસ્ત વાક્યમાં, પૂર્વપદ ઉપમેય અને ઉત્તરપદ ઉપમાન હોઈ ઉપમાનોત્તરપદકર્મધારય સમાસ જાણવો, વળી અવધારણપૂર્વપદકર્મધારય પણ સમજવો 'વરચતુરંતચક્ર જેવું ચક્ર તે અહીં ધર્મરૂપી વરચતુરંતચક્ર' એવો અર્થ સમજવો.

ભાવાર્થ – જેમ ધર્મ્મદ, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથિ છે તેમ ધર્મવરચતુરન્તચક્રવર્તી છે. અર્થાત્ 'ધર્મવરચતુરન્ત ચક્રવર્તી એવા અરિહંત-ભગવંતોને નમસ્કાર હો !' અહી 'ધર્મવરચતુરંતચક્રવર્તી' રૂપ સૂત્ર ઘટક ધર્મપદથી અધિકૃત ચારિત્રરૂપ ધર્મ જ લેવો.

તથા ચ વ્યુત્પત્તિલભ્ય એ અર્થ થાય છે કે; તે-વિશિષ્ટ ચારિત્ર ધર્મરૂપી, વર=પ્રધાન, ચતુરન્ત-ચાર ગતિના અંતનો-ઉચ્છેદનો હેતુ હોઈ ચતુરંત, ચક્ર જેવા ચક્રરૂપ, (ગોળ ધારદાર હથિયારરૂપ ચક્રની ઉપમા ચારગતિનો ઉચ્છેદ કરનાર ધર્મચક્રને આપવામાં આવી છે.) તેના વડે અર્થાત્ ધર્મરૂપી વર (પ્રધાન) ચતુરંત (ચારગતિના ઉચ્છેદક) ચક્ર (ચક્ર જેવા ચક્ર) વડે વર્તવાનો-રહેવાનો જેઓનો સ્વભાવ-તાસીર છે તેઓ ધર્મવરચતુરંતચક્રવર્તીઓ કહેવાય છે.

–'ધર્મવર ચતુરંત ચક્રવર્તી' રૂપ પદના અર્થના વિષયની નિષ્કર્ષ-વિસ્તાર-પૂર્વક માર્મિક મીમાંસા–

इदमत्र हृदयम्-यथोदितधर्म्म एव वरं-प्रधानं [1]चक्रवर्त्तिचक्रापेक्षया लोकद्वयोपकारित्वेन कपिलादिप्रणीतधर्म्मचक्रापेक्षया वा त्रिकोटिपरिशुद्धतया चत्वारो-गतिविशेषाः नारकतिर्यग्नरामरलक्षणाः तदुच्छेदेन तदन्तहेतुत्वाच्चतुरन्तं, चतुर्भिर्वाऽन्तो यस्मिंस्तच्चतुरन्तं, कैश्चतुर्भिः ? दानशीलतपोभावनाख्यैर्द्धर्म्मैः, अन्तः प्रक्रमाद्भवान्तोऽभिगृह्यते, चक्रमिव चक्रमतिरौद्रमहा-मिथ्यात्वादिलक्षणभावशत्रुलवनात्, तथा च लूयन्त एवानेन भावशत्रवो मिथ्यात्वादय इति प्रतीतं, दानाद्यभ्यासादाग्रहनिवृत्त्यादिसिद्धेः महात्मनां स्वानुभवसिद्धमेतत् । एतेन च वर्त्तन्ते भगवन्तः तथाभव्यत्वनियोगतो वरबोधिलाभादारभ्य तथातथौचित्येन आसिद्धिप्राप्तेः, एवमेव वर्त्तनादिति ।

–પ્રકૃતપદનું દર્શાવતું હૃદય કે રહસ્ય–

ભાવાર્થ–પૂર્વકથિતચારિત્રરૂપધર્મ જ વર-પ્રધાન છે. કારણ કે; ચક્રવર્તીનું ચક્રરત્ન, આ લોકમાં બાહ્યશત્રુઓના વિજયસંપાદનદ્વારા ઉપકારી છે. જ્યારે આ ધર્મચક્ર, ઉભયલોકમાં-આ લોક તથા પરલોકમાં ભાવશત્રુઓ ઉપર વિજયસંપાદનદ્વારા પરમોપકારી છે. એટલે ચક્રવર્તીના ચક્રરત્ન કરતાં આ ધર્મચક્ર, પ્રધાન-સર્વશ્રેષ્ઠરત્નરૂપ છે.

---

૧ ચક્રવર્તી ચક્રરત્ન-ચક્રવર્તીના રાજગાદી ઉપર આવ્યા બાદ યથાયોગ્ય કાલે જ્યારે પોતાને મહાન્ ઉદયારંભ થવાનો યોગ્ય સમય થતાં પ્રથમ ચક્રાકારે વર્તતું-ઝળહળતું, મહાન, નાના પ્રકારના મણિ મોતીની માળાથી તથા ઘંટડીઓથી અને પુષ્પમાળાથી અલંકૃત,ચક્રી પાસે આવનારું, સૂર્ય જેવા દિવ્ય તેજથી દિશાઓને પ્રકાશમય કરતું હજાર યક્ષોથી અધિષ્ઠિત ચક્રરત્ન, શસ્ત્રરૂપ હોવાથી પોતાના પૂર્વજોની આયુધશાળામાં ઉત્પન્ન થાય છે. ચૌદરત્નોમાં શ્રેષ્ઠ અને ચક્રવર્તીના પ્રાથમિકદિગ્વિજયને કરાવનારું હોવાથી પ્રથમ ઉત્પન્ન થાય છે. સર્વ આયુધોમાં મુખ્ય, અતિશયવાળું અને દુર્જેય, મહારિપુઓનો સદા વિજય કરવામાં અમોઘશક્તિવાળું, ચક્રીથી શત્રુ ઉપર મૂકતાં સેંકડો વર્ષે પણ તેને હણીનેજ (ચક્રીના સ્વગોત્રીયને વર્જી) ચક્રીપાસે આવનારું હોય છે. દેવાધિષ્ઠિત આ ચક્રરત્ન છ ખંડને જીતવા જતા ચક્રીને પ્રથમથીજ સ્વયં માર્ગદર્શક અને વિજેતા તરીકે ચક્રીની આગળજ ચાલે છે. અને ચક્રી તેની પછવાડે ચાલે છે. આકાશમાં ચાલતું શત્રુ વિજયકારી છે.

અથવા કપિલાદિપ્રણીત અન્ય ધર્મચક્રોની અપેક્ષાએ અર્થાત્ કપિલ વિગેરે સ્વસ્વદર્શનરૂપ ધર્મચક્ર (ધર્મસમુદાય) ના કરતાં આ ધર્મચક્ર, વિશિષ્ટતમ-પ્રધાન છે. કારણ કે; આ ધર્મવરચક્રમાં 'ત્રણકોટીની શુદ્ધિ-સર્વતઃ સ્વચ્છતા-પૂર્ણપવિત્રતા સમાવિષ્ટ-સમાયેલી છે.

તથાચ પ્રકૃતચારિત્રરૂપ ધર્મચક્ર, ચક્રવર્તીના ચક્ર કરતાં અથવા કપિલ આદિ કથિતદર્શન સમુદાયરૂપ ધર્મચક્રના કરતાં વર-પ્રધાન છે. કારણ કે; આ ધર્મચક્ર, બન્ને લોકમાં ઉપકારી છે. ત્રણ કોટીથી શુદ્ધ છે. હવે ચતુરંતનો મર્મ સમજાવે છે કે; નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ ચાર ગતિઓના અંત-ઉચ્છેદનો હેતુ હોવાથી આ ધર્મચક્ર, 'ચતુરંત' કહેવાય છે. અર્થાત્ શ્રી તીર્થંકરદેવ, આ ધર્મરૂપી શ્રેષ્ઠચક્રવડે જ ચારેય ગતિનો ઉચ્છેદ કરી 'ધર્મચક્રવર્તી' નું બિરૂદ ધારણ કરે છે. અથવા શ્રોતૃગણની અપેક્ષાએ-

---

૧ આદિ (શરૂમાં) સંવાદ, મધ્ય (વચમાં) સંવાદ, અંત (છેવટના) સંવાદ એ રૂપ સંવાદસ્વરૂપત્રિકોટી જાણવી સંવાદ એટલે પૂર્વાપરવિરોધિ સત્ય સંભાષણ, અવિરૂદ્ધ અર્થજ્ઞાન, નિયત ફલપ્રાપ્તિ જનકત્વ સમજવું.

અથવા કષ-છેદ-તાપરૂપ ત્રણકોટીની કસોટીથી ઉત્તીર્ણ આ વીતરાગશાસનરૂપ ધર્મચક્ર છે. તથાહિ (૧) કષ=પ્રાણિવધાદિપાપસ્થાનોના ત્યાગરૂપનિષેધ, અને ધ્યાન-અધ્યયનાદિ ધર્મસ્થાનોના વિધાનરૂપવિધિ જે ધર્મમાં હોય તે ધર્મ, કષશુદ્ધ કહેવાય છે. (૨) છેદ=વિધિમાર્ગ અને પ્રતિષેધમાર્ગને અનુકૂળ જે બાહ્યક્રિયા તે છેદ છે. તે બાહ્યશુદ્ધક્રિયાથી અતિચાર અને અનાચાર રહિતપણે વિધિ અને પ્રતિષેધમાર્ગને ઉત્તેજન મળે છે. માટે જે ધર્મમાં ઉપર જણાવેલ વિધિપ્રતિષેધમાર્ગને સહાયકારી શુદ્ધ ધાર્મિકક્રિયાનું વર્ણન યથાર્થ રીતે કરેલું હોય તે ધર્મ, છેદશુદ્ધ જાણવો. (૩) તાપ=કષ અને છેદનો આધાર તાપ ઉપર રહેલો છે. જો સોનાનો રંગ તાપ આપવાથી બદલાઈ ગયો તો તે સોનું નકામું છે. તેમ ધર્મની તાપથી પરીક્ષા કરી અને તેમાં જો તે ન ટકી શકે તો કષ અને છેદશુદ્ધિ નકામી છે. વસ્તુઓમાં ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે, જે સોનાનું કુંડલ બનાવવામાં આવે છે તે જ સોનાની થોડા સમય પછી કંઠી બનાવવામાં આવે છે. આ પ્રમાણે તેનો આકાર-પર્યાય પલ્ટાય છે. પણ સોનું તો તેનું તે જ રહે છે. તેમ જે શાસ્ત્રમાં દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નિત્ય અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય એવા જીવાદિપદાર્થોનું વર્ણન કરેલું હોય તે ધર્મ, તાપશુદ્ધ કહેવાય છે. અને તેવા ધર્મમાં વિધિપ્રતિષેધમાર્ગને સહાયકારી ધાર્મિકક્રિયાઓ ઘટી શકે છે.

અથવા ક્રયણ (ખરીદવું) હનન (મારવું) પચન (પકાવવું-રાંધવું) આ રૂપ ત્રણકોટીથી આ ધર્મચક્ર વિશુદ્ધ છે.

આહારસંજ્ઞા-ભયસંજ્ઞા-મૈથુનસંજ્ઞા-પરિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞા જીવને અનાદિકાળથી સાથે લાગેલ છે. જીવ, તેમાં એક થઈ ગયો છે. તે જાણે આત્માના સ્વાભાવિક ગુણ હોય એમ તેમાં પ્રવૃત્તિ કરે છે. એ ચારમાં જે જે પ્રવૃત્તિ કરવી તે બહિરાત્મભાવ છે. એમ જીવને પોતાને લાગતું નથી. ઔદયિકભાવે વર્તતી, જીવની આ અનાદિની અશુદ્ધ પ્રવૃત્તિને, ક્ષાયોપશમિક આદિ ભાવરૂપે બદલાવીને શુદ્ધ આચાર શીખવનાર ચારપ્રકારનો ધર્મ જિનેશ્વરોએ કહ્યો છે. દાન-શીલ-તપ અને ભાવ, એ ચારપ્રકારના ધર્મના આરાધનથી આત્મધર્મ પ્રગટ થાય છે. એટલું જ નહીં પણ ચારનું આરાધન, પરંપરાએ મોક્ષ જ છે. પરિગ્રહસંજ્ઞામાં મૂર્ચ્છિત આત્માને દાન, એ અદ્વિતીય સાધનરૂપ છે. અનાદિકાળથી જીવને લેવાનો-સંઘરવાનો સ્વભાવ પડી ગયો છે. શીલ એ મૈથુનસંજ્ઞાનો પ્રતિસ્પર્ધી ગુણ છે, જેમ જેમ જીવ શીલગુણમાં વધતો જાય છે તેમ તેમ તેનામાં રહેલી મૈથુન કામના કમી થતી જાય છે. આહારસંજ્ઞાનો પ્રતિસ્પર્ધી ગુણ તપોગુણ છે. મૈત્રી આદિ ચાર ભાવના-અનિત્યાદિ બાર ભાવની તથા ક્ષાયિક આદિ ભાવરૂપ જે ભાવધર્મ, તે અનાદિની જીવની ભયસંજ્ઞાને તોડનાર છે.

જે ધર્મવરચક્ર, દાન-શીલ-તપ અને ભાવના નામના ચાર પ્રકારના ધર્મદ્વારાએ આરાધકગણરૂપ શ્રોતૃગણનો, અંત એટલે પ્રક્રમથી (અધિકાર-પ્રસ્તાવ કે પ્રકરણવશાત્) ભવાંત-સંસારનો અંત કરે છે. તે ધર્મવરચક્ર, 'ચતુરંત' તરીકે પંકાય છે કે ગવાય છે. હવે ચક્રની ચર્ચા કરતાં કહે છે. કે; જેમ ચક્રવર્તીનું ચક્ર, ભયંકર બાહ્ય શત્રુઓનો ઉચ્છેદ કરનારૂં છે તેમ આ ધર્મવરચક્ર, અત્યંત ભયંકર મહામિથ્યાત્વઆદિરૂપ ભાવશત્રુઓને જડમૂળથી ઉખાડી નાખનારૂં છે. તથા ચ શાસ્ત્રપ્રસિદ્ધ આ બીના છે કે; 'આ ધર્મચક્રવડે મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-પ્રમાદ આદિ ભાવશત્રુઓ જડમૂળથી ઉખાડી નખાય છે.' અર્થાત્ ભગવંતો કે ભક્તશ્રોતાઓ, ધર્મચક્રવડે મિથ્યાત્વ આદિ આન્તર અરિઓનું ઉન્મૂલન કરે છે. કારણ કે; દાન વિગેરેના અભ્યાસથી આગ્રહ-પરિગ્રહ-મૂર્ચ્છા-લોભ વિગેરે દોષો અટકી જાય છે-તૂટી જાય છે. અર્થાત્ [1]શાસ્ત્રવિહિતદાન-શીલ-તપ કે શુભ અધ્યવસાય માત્ર રૂપ ભાવનાના અભ્યાસમાં (એકના એક કામ પાછળ તે સિદ્ધ થાય ત્યાં સુધી ખંતથી મચ્યા રહેવું તે, ટેવ કે મહાવરો પાડવામાં) પરાયણ-એક નિષ્ઠ પુરૂષને, અનુક્રમે મૂર્ચ્છા (પરિગ્રહસંજ્ઞા)ની નિવૃત્તિ-મૈથુનસંજ્ઞાની નિવૃત્તિ-આહારસંજ્ઞાની નિવૃત્તિ અને ભયસંજ્ઞાની નિવૃત્તિની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી આ બીના મહાત્માઓને પોતાના અંગત અનુભવથી સિદ્ધ જ છે. આ પ્રમાણે અહી આ પદનું ગૂઢ રહસ્ય કે હૃદય જાણવું.

-ભગવંતો, ધર્મવરચતુરન્તચક્રસંપન્ન કયા કારણે કયારથી થાય છે અને કયાં સુધી રહે છે એ વિષયના વિમર્શનું દિગ્દર્શન-

एतेन च वर्त्तन्ते भगवन्तः; 'तथाभव्यत्वनियोगतो वरबोधिलाभादारभ्य तथा तथौचित्येन असिद्धिप्राप्तेः, एवमेव वर्त्तनादिति ।

અર્થ– આ ધર્મરૂપી પ્રધાન ચતુરન્ત ચક્રવડે, (અથવા દાન આદિ ચારરૂપ ધર્મવડે) ભગવંતો, તથા (તીર્થંકરપણાના હેતુરૂપ) ભવ્યત્વના નિયોગથી (નિયોગ-પ્રેરણા-આજ્ઞાપ્રવર્ત્તનજન્ય) વરબોધિના લાભથી માંડી, સિદ્ધિપ્રાપ્તિસુધી તથા તથા ઔચિત્યપૂર્વક વર્ત્તનારા હોઇ ભગવંતો 'ધર્મવર ચાતુરન્ત ચક્રવર્ત્તી' કહેવાય છે. તથાચ જોકે ભવ્યત્વ તમામ આત્માઓનું સરખું છે. કિંતુ પ્રત્યેકભવ્ય આત્માઓનો મોક્ષ, સમાનકાળે અને સમાનસામગ્રીઓથી થતો નથી. એટલે પ્રત્યેકનું 'તથાભવ્યત્વ' જુદી જુદી જાતનું છે. શ્રી જિનેશ્વર દેવના આત્માઓનું સહજતથાભવ્યત્વ, સર્વકરતાં વિશિષ્ટ કોટીનું છે. જેમ જેમ તેઓશ્રીનું 'સહજતથાભવ્યત્વ' તે તે સામગ્રીના યોગે પરિપક્વ થતું જાય છે તેમ તેમ તેમની વિશિષ્ટતા બહાર આવતી જાય છે. તીર્થંકરપદવીના

---

१ योग्यता चेह विज्ञेया, बीजसिद्धयाद्यपेक्षया । आत्मनः सहजा चित्रा, तथाभव्यत्वमित्यतः ॥ २७८ ॥ योगबिन्दौ. 'भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपारिणामिको भावः, तथाभव्यत्वं चैतदेव कालनैयत्यादिना प्रकारेण वैचित्र्यमापन्नं' અર્થ–બીજરૂપ ધર્મપ્રશંસા આદિ (આદિશબ્દથી ધર્મચિંતા શ્રવણ અનુષ્ઠાન વિગેરે લેવાં)-ની અપેક્ષા રાખી, (બીજ સિદ્ધિ આદિ અવચ્છેદેન) આત્માની, જીવસમાનકાલભાવિ વૈવિધ્યવાળી (કાલ-સ્વભાવ-નિયતિ આદિ પ્રકારજન્ય વૈચિત્ર્યાવચ્છિન્ન) યોગ્યતા-ભવ્યતા 'તથાભવ્યત્વ' કહેવાય છે.

કારણરૂપ વરબોધિ-વિશિષ્ટસમ્યક્ત્વના લાભ પછી તો, જિનેશ્વરદેવના આત્માઓ, સર્વથા પરાર્થઉદ્યમી-ઉચિતક્રિયાવાળા-જગજંતુઓનો ઉદ્ધાર કરવાના વિશાલ આશયવાળા હોય છે. તેથી તેમની સઘળી, પ્રવૃત્તિ, સફળ આરંભવાળી અને સર્વોત્કૃષ્ટ પરોપકારને કરનારી હોય છે. શ્રીજિનેશ્વરદેવ, ત્રીજાભવમાં 'સવિજીવકરું શાસનરસી ઐસીભાવદયા મન ઉલ્લસી' એવી ઉદાત્તભાવનાપૂર્વક જે જે પ્રકારે બીજાઓપર ઉપકાર થાય તે તે પ્રકારે ઉદ્યમ-પુરૂષાર્થ કરતા તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે. એવંચ તથાતથા ઔચિત્ય-ઉચિત આચારવર્તી હોઈ સિદ્ધિની પ્રાપ્તિસુધી ભગવંતો 'ધર્મવરચતુરંતચક્રવર્તીઓ' કહેવાય છે. સારાંશકે, તીર્થંકરના આત્માઓને, તૃતીયભવમાં તીર્થંકરનામકર્મની નિકાચના પછી યાને વરબોધિ લાભથી માંડી સિદ્ધિ પ્રાપ્તિપર્યંત 'ધર્મવરચાતુરન્તચક્રવર્તી' એવા બિરૂદથી નવાજવામાં આવે છે. એવંચ તથાભવ્યત્વ નિયોગજન્ય વરબોધિ લાભથી માંડી, સિદ્ધિપ્રાપ્તિ પર્યંત, તથાતથા ઔચિત્યકારી ભગવંતો, ધર્મવરચાતુરન્ત ચક્રવડે વર્તનારા-'ધર્મવરચાતુરન્ત ચક્રવર્તી' કહેવાય છે. કારણ કે; આ પ્રમાણે જ ભગવંતોનું ધર્મવરચતુરન્તચક્રવડે વર્ત્તવું છે. ઈતિ

—ચાલુ ચોવીશમા પદનો ઉપસંહાર—

तदेवमेतेन वर्त्तितुं शीला 'धर्मवरचतुरन्तचक्रवर्त्तिनः ॥ २४ ॥

અર્થ=તેથી જ આ પ્રમાણે આ-ધર્મવરચતુરંતચક્રવડે વર્તવાના સ્વભાવવાળા હોવાથી ભગવંતો, 'ધર્મવરચતુરંતચક્રવર્તી' રૂપ વિશેષણ-પદવી-બિરૂદથી નવાજાય છે, વધાવાય છે.

—શક્રસ્તવની (૬)ઠ્ઠી સવિશેષોપયોગ નામક સંપદાનો ઉપસંહાર—

एवं धर्म्मदत्व - धर्म्मदेशकत्व - धर्म्मनायकत्व - धर्म्मसारथित्व - धर्म्मवरचतुरन्तचक्रवर्त्तित्वैर्विशेसोपयोगसिद्धेः स्तोतव्यसम्पद एव विशेषेणोपयोगसम्पदिति ६ ॥

અર્થ=જેમ સ્તોતવ્ય સંપદાની, હેતુરૂપ બીજી સંપદા છે, વિશેષ હેતુરૂપ ત્રીજી સંપદા છે, સામાન્ય

---

१ 'त्रयः समुद्राश्चतुर्थो हिमवानिति चत्वारोऽन्तास्तेषु प्रभुतया भवाश्चातुरन्ताः-चतुरन्तस्वामितः एवंविध ये चक्रवर्तिनस्ते चातुरन्तचक्रवर्तिनः, धर्मस्य वराः-श्रेष्ठाः चतुरन्तचक्रवर्त्तिनो धर्मवरचतुरन्तचक्रवर्तिनः, धर्मनायका इत्यर्थः, तेभ्यः' इति कल्पसूत्रसुबोधिकायाम् ।

અર્થ– ધર્મને વિષે શ્રેષ્ઠચક્રવર્તી સમાન, ચક્રવર્તી જેવી રીતે ત્રણ સમુદ્ર અને ચોથા હિમવંતપર્વત પર્યંત પૃથ્વી ઉપર પોતાનો વિજય વર્તાવે, તેવી રીતે અરિહંત ભગવંતો, બીજા ધર્મ પ્રવર્ત્તકોને વિષે અતિશયવાળા હોવાથી ચક્રવર્તી સમાન છે. તથા–

'धम्मवरचाउरंतचक्कवट्टीणं धर्मएव वरं-प्रधानं चतसृणां गतीनामंतकरणाच्च चक्रमिव चक्रं मिथ्यात्वादिभावशत्रुलवनाद्धर्मचक्रं तेन वर्त्तन्त इत्येवंशीला धर्मवरचतुरन्तचक्रवर्तिनस्तेभ्यः ४ 'अतः समुद्धयादावा' इति (हेम. ८-१-पा.) प्राकृतसूत्रवशादात्वं. यथा 'उत्तरओ हिमवंतो, पुव्वावरदाहिणा तओ अंता । लवणसमुद्दं पत्ता, तो भरहं चउरंतमिणं ॥ ५९॥ (३४१) एयस्स सामिणो जह भरहाइ चक्कवट्टिसमा ॥ ६० ॥' (३४२) अहवा चउदिसिधारं चउरंतं चक्कमुच्चइ तहेव । दाणतवशीलभावणचउधारं धम्मचक्कमिणं ॥६१॥ (३४३) श्री. दे. चैत्य. श्री धर्म संधाचारविधौ पृ. ३०१

ઉપયોગરૂપ ચોથી સંપદા છે, તેમ આ વિશેષ ઉપયોગરૂપ છઠ્ઠી સંપદા છે. તથાચ પહેલી સ્તોતવ્ય સંપદાનો જ વિશેષ ઉપયોગ-પ્રયોજનરૂપ અર્થ (કાર્ય) 'ધમ્મદયાણં'થી માંડી 'ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં' સુધીના પાંચ પદોમાં હોવાથી એ પાંચ પદવાળી છઠ્ઠી 'વિશેષોપયોગસંપદા' છે. અર્થાત્ અરિહંતોનો, ધર્મદત્વ, (ધર્મદાન) ધર્મદેશકત્વ (ધર્મદેશના) ધર્મનાયકત્વ (ધર્મની નેતાગીરી-દોરવણી-આગેવાની-પ્રમુખપણું-સરદારી) ધર્મસારથિત્વ (ધર્મરથનું પ્રવર્તન-હાંકવું-ચલાવવું-પ્રવર્ત્તાવવું) ધર્મવરચતુરંતચક્રવર્તિત્વ (ધર્મરૂપી શ્રેષ્ઠચતુરંત-ચતુર્ગતિચૂરક ચક્રવડે વર્ત્તન-વર્ત્તવું) એ રૂપ પ્રકારોથી વિશેષતઃ (ખસુસ કરીને કે વિશિષ્ટ કોટીનો) ઉપયોગ (પ્રયોજન-કાર્યપ્રવૃત્તિ) હોઇ આ સંપદા 'વિશેષેણ ઉપયોગ સંપદા' તરીકે કહેવાય છે, દર્શાવાય છે. શ્રી તીર્થંકરદેવો, ધર્મનાક્ષેત્રમાં શું શું કાર્ય કરે છે તે દર્શાવવા આ સંપદાનાં પાંચ પદથી એમનું વર્ણન કરેલ છે. સબબ કે; શ્રી અરિહંતદેવોની ઉપયોગિતા જે વિશિષ્ટ કારણોને લઈને માનવામાં આવે છે, તેનું દર્શન સવિશેષોપયોગ-સંપદાદ્વારા કરાવવામાં આવ્યું છે. તેઓ સર્વવિરતિ અને દેશવિરતિરૂપ ચારિત્ર ધર્મના દાતા છે, ધર્મના અતિસમર્થ ઉપદેશક છે, ધર્મના સાચા અર્થનાં સ્વામી છે, ધર્મનું કુશલ રીતે સંચાલન-કરવાવડે ધર્મરથના સારથિ છે. અને ચારે ગતિનો નાશ કરનાર અનુપમ ધર્મચક્રનું પ્રવર્ત્તન કરવાવડે શ્રેષ્ઠધર્મ ચક્રવર્તી છે. તેમની આ વિશિષ્ટ પ્રકારની ઉપયોગિતા સકલ મુમુક્ષુ જીવોનું આત્યંતિક કલ્યાણ કરનારી હોઈને સહુની સ્તુતિને પાત્ર છે.

—શક્રસ્તવના ૨૫ મા પદનું વિવરણ—

અથ અવતરણિકા-જૈનો જેમ તીર્થંકરોને ધર્મદેશક આદિરૂપે માને છે તેમ કેટલાક બૌદ્ધો પણ પોતાના ઈષ્ટદેવને માને છે. પરંતુ સર્વપદાર્થવિષયક જ્ઞાતા માનતા નથી. આ વાતનું પ્રમાણપૂર્વક સ્પષ્ટીકરણ આપતા કહે છે કે—

एते च कैश्चिदिष्टतत्त्वदर्शनवादिभिर्बौद्धभेदैरन्यत्र प्रतिहतवरज्ञानदर्शनधरा एवेष्यन्ते '' 'तत्त्वमिष्टं तु पश्यतु'' इति वचनाद्

---

१ सर्वं पश्यतु वा मावा, तत्त्वमिष्टं तु पश्यतु । प्रमाणं दूरदर्शी चेदेते गृध्रानुपास्महे ॥ १ ॥ इति संपूर्ण-श्लोकपाठः, तथा च स्याद्वादमञ्जरीनिर्दिष्टं बौद्धभेदवचनतुल्यं वैशेषिकवचनमप्यत्र भाव्यम्, तथाहि''सर्वंपश्यतु वा मा वा, तत्त्वमिष्टं तु पश्यतु । कीटसङ्ख्यापरिज्ञानं तस्य नः क्वोपयुज्यते'' ॥ तथा—''तस्मादनुष्ठानगतं ज्ञानमस्य विचार्यताम् । प्रमाणं दूरदर्शी चेदेते गृध्रानुपास्महे'' ।

અર્થ—"ઈશ્વર તમામ પદાર્થોને જાણે કે ન જાણે, તે ઈષ્ટપદાર્થોને જાણે એટલું જ બસ છે. જો ઈશ્વર, કીડાઓની ગણત્રી કરવા બેસે, તે, અમારે શા કામનો ?" તથા "અતએવ ઈશ્વરને ઉપયોગી જ્ઞાનની જ પ્રધાનતા છે. કારણકે, જો દૂરસુધી જોનારને જ પ્રમાણભૂત માનવામાં આવે તો પછી અમારે ગીધપક્ષીઓની જ ઉપાસના કરવી જોઈએ" કહેવાનું તાત્પર્ય એવું છે કે, વૈશેષિકલોક ઈશ્વરને અતીત દોષ માને છે. પરંતુ સકલપદાર્થજ્ઞાતા માનતા નથી. વળી મોક્ષપ્રાપ્તિ પછી સર્વજ્ઞયોગીઓના આત્મામાં પણ પૂર્ણજ્ઞાન અવશિષ્ટ રહેતું નથી. કારણ કે, તે જ્ઞાન, ઈશ્વરની માફક નિત્ય નથી. પણ યોગજન્ય હોવાથી અનિત્ય છે. એ અપેક્ષાએ વૈશેષિકવચન સંગત કરી શકાય એમ વિચારણા કરવી.

ભાવાર્થ–(પૂર્વપક્ષ) ઈષ્ટ (ઈશ્વરને ઉપયોગી) તત્ત્વ વિષયકદર્શનવાદી કેટલાક[૧] બૌદ્ધો 'આ ઈશ્વર અથવા અરિહંત ભગવંત તીર્થંકરો, ઈષ્ટતત્ત્વભિન્ન-અન્યતત્ત્વમાં પ્રતિહત-સ્ખલિત જ્ઞાનદર્શનને ધારણ કરનારા જ છે. ઈષ્ટતત્ત્વભિન્ન-અન્યતત્ત્વ-વિષયક અજ્ઞાતા-અદ્રષ્ટા જ છે' એમ માને છે. વળી તે બૌદ્ધોનું શાહેદીરૂપ વચન છે. કે 'ઈશ્વર, સમસ્તપદાર્થોને દેખે કે ન દેખે, પણ ઈષ્ટતત્ત્વને દેખે એટલું જ પર્યાપ્ત છે. જો દૂર સુધી દેખનારો જ પ્રમાણભૂત મનાય તો, પછી અમારે ગીધ પક્ષીઓની ઉપાસના કરવી જોઈએ' કહેવાનું રહસ્ય એવું છે કે, કેટલાક બૌદ્ધો, ઈશ્વરને ધર્મનાયક-તીર્થંકર આદિરૂપે માને છે. પરંતુ સકલદ્રવ્યપર્યાયવિષયક જ્ઞાતાદ્રષ્ટારૂપે માનતા નથી.

–ઈશ્વર, ઈષ્ટતત્ત્વવિષયકજ્ઞાનદર્શનવાન્ છે, સર્વપદાર્થ વિષયકજ્ઞાનદર્શનવાન્ નથી' આવા બૌદ્ધ વિશેષના મતનું ખંડન કરવાના ઈરાદાથી કરાતું પ્રકૃતપદનું પ્રતિષ્ઠાપન અને સવિગ્રહ, સમાસવાળા પ્રકૃત પદના અર્થનું નિરૂપણ-

एतन्निराचिकीर्षयाऽऽह-''अप्रतिहतवरज्ञानदर्शनधरेभ्यः'' अप्रतिहते-सर्वत्राप्रतिस्खलिते क्षायिकत्वाद्वरे-प्रधाने ज्ञानदर्शने-विशेष सामान्याववोधरूपे धारयन्तीति समासः.

ભાવાર્થ=પૂર્વોક્તપૂર્વપક્ષના ખંડનની ઈચ્છાથી સૂત્રકાર મહર્ષિ કહે છે કે 'અપ્રતિહત-વર-જ્ઞાન અને દર્શનને ધારણ કરનાર અરિહંત ભગવંતને નમસ્કાર હો !'

સવિગ્રહ પ્રકૃત સમસ્ત પદાર્થનિરૂપણ=અપ્રતિહત-સર્વત્ર અપ્રતિસ્ખલિત (જેટલા સપર્યાય પદાર્થો છે. તેટલા તમામ સપર્યાય પદાર્થોમાં-લોક અલોકમાં સઘળે ઠેકાણે કોઈથી પણ વ્યાઘાત - સ્ખલના -પરાભવને નહીં પામનારૂં) વર-ક્ષાયિકભાવરૂપ હોઈ પ્રધાન (સમસ્ત જ્ઞેયપદાર્થોને ગ્રહણ કરનાર તેમજ સકલ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા ભાવને 'ક્ષાયિકજ્ઞાન' કહેવામાં આવે છે. આનું બીજું નામ 'કેવલજ્ઞાન છે.' તથા સકલ દર્શનાવરણીય કર્મનો ક્ષય થતાં જે ભાવ ઉત્પન્ન થાય છે, તે 'ક્ષાયિકદર્શન' છે. આનું બીજું નામ 'કેવલદર્શન' છે.) અર્થાત્ અપ્રતિહત અને વર

---

૧ બૌદ્ધભેદોની ટુંકી રૂપરેખા–(૧) વૈભાષિક-ઘટપટ વિગેરે બાહ્યરૂપ અને જ્ઞાન આદિ આંતરરૂપ વસ્તુતત્ત્વને સત્ય તરીકે માને છે. (૨) સૌત્રાન્તિક-જોકે આ બાહ્ય અને આંતરરૂપ એમ બે પ્રકારે તત્ત્વ માને છે. તો પણ બાહ્ય પદાર્થોનું પ્રત્યક્ષ (પ્રત્યક્ષાત્મકજ્ઞાન) માનતો નથી. અનુમાનથી બાહ્ય પદાર્થોનું જ્ઞાન છે એમ બોલે છે. (ઘટપટઆદિ નાના આકારવાળું જ્ઞાન છે અને આ જ્ઞાનથી 'બાહ્ય પદાર્થો છે' એમ અનુમાન કરી માને છે) (૩) યોગાચાર-બાહ્યપદાર્થોનો સર્વથા અપલાપ કરે છે. અર્થાત્ બાહ્ય પદાર્થ જ નથી એમ માને છે. ફકત આંતરરૂપજ્ઞાન નામનું જ તત્ત્વ છે એમ માને છે. ગ્રાહ્યગ્રાહકરૂપ જ્ઞાન જ પ્રતિભાસે છે-માલુમ પડે છે. વસ્તુતઃ-દર અસલમાં બાહ્ય પદાર્થો નથી એમ સિદ્ધાન્ત કરે છે. (૪) માધ્યમિક=સર્વ, શૂન્ય છે એમ બોલે છે. સર્વ શૂન્યવાદનો સ્વીકાર કરે છે. સર્વથા પ્રમાણનો અભાવ હોઈ પ્રમેયનો અભાવ છે. વાસ્તે સર્વ-સઘળુંય શૂન્ય છે, અભાવરૂપ છે.

એવા [1]જ્ઞાન અને [2]દર્શનને ધારણ કરનારા-અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરો કહેવાય છે. સારાંશ કે વસ્તુનો વિશેષ અવબોધ તે જ્ઞાન, અને વસ્તુનો સામાન્ય અવબોધ તે દર્શન. ક્ષાયિકભાવના હોવાથી તે 'વર' કહેવાય છે. અને સર્વત્ર અસ્ખલિત હોવાથી તે 'અપ્રતિહત' કહેવાય છે. આવા અપ્રતિહત વરજ્ઞાન અને દર્શનને ધારણ કરનારા અરિહંત ભગવંતો-પરમેશ્વર હોય છે.

–અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વની લક્ષણ આદિપૂર્વક સિદ્ધિ–

[3]સર્વજ્ઞાનદર્શનસ્વભાવત્વે નિરાવરણત્વેન, અન્યથા તત્ત્વાયોગાત્,

ભાવાર્થ=સર્વજ્ઞાન અને સર્વદર્શન એ આત્માનો સ્વભાવ છે. તેથી નયાંતરના અભિપ્રાયથી જીવમાત્ર, સદાકાળ સર્વજ્ઞ અને સર્વદર્શી છે છતાં નિરાવરણત્વરૂપ વિશેષણ દેવાથી-અપ્રતિહતવરજ્ઞાન દર્શનધર કહેવાથી ભગવાનનો જ બોધ થાય છે તેથી 'સર્વજ્ઞાન સર્વદર્શનસ્વભાવત્વે સતિ નિરાવરણત્વં' આ અપ્રતિહતવર-જ્ઞાનદર્શનધરનું [4]લક્ષણ થયું.

---

૧ 'प्रधानविशेषमुपसर्जनीकृतसामान्यमर्थग्रहणं ज्ञानम्' અર્થ=સામાન્યને ગૌણ કરી વિશેષની પ્રધાનતાપૂર્વકનો વસ્તુ વિષયકબોધ તે 'જ્ઞાન' કહેવાય છે.

તથાચ સામાન્યરૂપે અને વિશેષરૂપે એમ બે સ્વરૂપે વસ્તુ છે. વસ્તુમાં રહેલા વિશેષ-સ્વરૂપનો મુખ્યતયા બોધ તે 'જ્ઞાન' કહેવાય છે.

૨ 'सामान्यप्रधानमुपसर्जनीकृतविशेषमर्थग्रहणं दर्शनम् ' અર્થ– વિશેષ સ્વરૂપને ગૌણ કરી સામાન્ય સ્વરૂપની પ્રધાનતા-પૂર્વકનો વસ્તુ બોધ તે 'દર્શન' કહેવાય છે. તથાચ વસ્તુમાં રહેલા સામાન્ય સ્વરૂપનો પ્રધાનતયા જે બોધ તે 'દર્શન' કહેવાય છે.

૩ सर्वं जानातीति सर्वज्ञानं केवलज्ञानमिति (विशेषावश्यकबृहद्वृत्तौ पृ. ६११)

૪ लक्षणस्य लक्षणं तु लक्ष्यतावच्छेदकसमनियतत्वम् । यथा गोर्लक्षणस्य सास्नादिमतत्त्वस्य लक्ष्यतावच्छेदकीभूतगोत्वसमनियतत्वं लक्षणं भवतीति विज्ञेयम् (त.दी.) । दूषणत्रयरहितोधर्मः (त. भा.) दूषणत्रयंच अव्याप्तिः, असंभवश्चेति । एते त्रयो दोषा लक्षणदोषा इत्युच्यन्ते। एतेषां दूषकतावीजं तु लक्षणेनेतरभेदसाधने अतिव्याप्तौ व्यभिचारः । अव्याप्तौभागासिद्धिः । असंभवे स्वरूपसिद्धिश्चेति (नैल. १ पृ.४) एतद्दूषणत्रयरहितो धर्म एवासाधारणधर्म इत्युच्यते ।

લક્ષણનું લક્ષણ=જે વસ્તુનો જે અસાધારણ ધર્મ હોય તે તે વસ્તુનું લક્ષણ સમજવું. જે લક્ષણમાં અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ-અસંભવ એ ત્રણે દોષોમાંનો એકપણ દોષ ન હોય તેને શુદ્ધ 'લક્ષણ' જાણવું. અતિવ્યાપ્તિ-જે લક્ષણ, લક્ષ્ય અને અલક્ષ્ય બંનેને લાગુ પડે અર્થાત્ જે વસ્તુનું લક્ષણ બનાવ્યું હોય તે લક્ષ્યમાં તેમજ અન્ય વસ્તુઓમાં (અલક્ષ્યમાં) પણ રહે તો તે લક્ષણમાં 'અતિવ્યાપ્તિ' નામનો દોષ આવે છે. દા. ત. 'જેને શીંગડાં હોય તે ગાય જાણવી' એમ જો ગાયનું લક્ષણ બાંધવામાં આવે, તો ગાય સિવાયના બકરી વિ. જનાવરોમાં પણ તે લક્ષણ અતિવ્યાપ્ત થાય છે. આથી અહિંયા 'અતિવ્યાપ્તિ' દોષ છે. અવ્યાપ્તિ-જે લક્ષણ, સંપૂર્ણ રીતે લક્ષ્યમાં ન રહેતાં તેના એક અંશમાં જ પ્રાપ્ત થાય છે. તો તે લક્ષણને 'અવ્યાપ્તિ' દોષથી ગ્રસ્ત જાણવું. જેમકે-જો ગાયનું લક્ષણ રાતારંગવાળી ગોત્વયુક્ત હોય તે ગાય જાણવી એમ કરીએ, તો બાકીના વર્ણવાળી ગાયોમાં તે લક્ષણ રહેતું નથી આથી આ લક્ષણમાં 'અવ્યાપ્તિ' નામનો દોષ છે.

લક્ષણમીમાંસા=જો એમ કહીએ કે, 'જે જે આવરણ વગરના છે, તે તે અપ્રતિહતવરજ્ઞાનદર્શનના ધારક છે' તો ધર્માસ્તિકાય વિગેરે, આવરણ શૂન્ય હોઈ, અપ્રતિહતવરજ્ઞાનદર્શનના ધારક થઈ જાય ! આ મહાઅનિષ્ટ છે અર્થાત્ લક્ષ્યભિન્નધર્માસ્તિકાય આદિમાં લક્ષણની અતિવ્યાપ્તિ આવે ! તે અતિવ્યાપ્તિદોષને વારવા સારૂ 'સર્વવિષયકજ્ઞાનદર્શનસ્વભાવ' રૂપ વિશેષણનું ગ્રહણ કરેલ છે.

હવે જો એમ કહીએ કે 'જે જે સર્વવિષયક જ્ઞાનદર્શનરૂપ સ્વભાવવાળાઓ છે તે તે અપ્રતિહતવરજ્ઞાનદર્શનના ધારક છે' તો શુદ્ધ સંગ્રહનયના અભિપ્રાયથી સાર્વદિક સર્વવિષયક જ્ઞાનદર્શનરૂપ સ્વભાવવાળા તો એકેન્દ્રિય આદિ જીવો પણ છે તે લક્ષ્યભિન્ન એકેન્દ્રિય આદિ જીવો, અપ્રતિહતવરજ્ઞાનદર્શનના ધારક થાય ! તે ઈષ્ટ કે સર્વનયસંમત નથી. અર્થાત્ અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વના અભાવવાળા-લક્ષ્યભિન્ન એકેન્દ્રિય આદિ જીવોમાં અન્યનયાભિપ્રાયથી સર્વવિષયક જ્ઞાનદર્શનસ્વભાવત્વરૂપ લક્ષણની અતિવ્યાપ્તિ છે અત એવ આ દોષ દૂર કરવા સારૂ-

'નિરાવરણત્વ'રૂપ વિશેષ્ય પદનું ગ્રહણ કરેલ છે. એટલે અન્યનયના અભિપ્રાયથી એકેન્દ્રિય આદિમાં સર્વવિષયકજ્ઞાનદર્શનસ્વભાવત્વ હોવા છતાંય આવરણરહિતપણું નથી. અતએવ લક્ષણ, અતિવ્યાપ્તિદોષશૂન્ય છે. એવંચ અપ્રતિહતવરજ્ઞાનદર્શનધર, ભગવંતો, ઈતરોથી જુદા છે.

કેમકે; ભગવંતોમાં કેવલજ્ઞાનદર્શનસ્વભાવત્વવિશિષ્ટ આવરણરહિતપણું છે. એમ અહીં આ લક્ષણ, ઈતરભેદ સાધવામાં ઉપયોગી બને છે. આ પ્રમાણે લક્ષણ, સુવ્યવસ્થિત કરી હવે લક્ષણને હેતુ બનાવી, અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વરૂપ સાધ્યની સિદ્ધિ કરે છે કે 'ભગવંતો (પક્ષ) અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરો છે (અપ્રતહિતવરજ્ઞાનદર્શનધરત્વરૂપ અહીં સાધ્ય છે) નયાંતરના અભિપ્રાયથી સાર્વદિક સર્વજ્ઞ સર્વદર્શિત્વરૂપ હોયે છતે આવરણરહિતપણું હોવાથી (અહી નયાંતરાભિપ્રેત સાર્વદિક સર્વજ્ઞાનદર્શન વિશિષ્ટ આવરણરહિતપણું અહીં હેતુ છે.) પ્રકૃત અનુમાનગત અવયવ મીમાંસા=

**'सत्येव साध्ये हेतोरुपपत्तिस्तथोपपत्तिः, असति साध्ये हेतोरनुपपत्तिरेवान्यथानुपपत्तिः'** -(૧) હેતુપ્રયોગ બે પ્રકારનો છે. **અ** સાધ્ય હોય તો હેતનું હોવું તે તથોપપત્તિરૂપ પહેલો પ્રકાર જાણવો. યથાઽત્ર અપ્રતિહતવરજ્ઞાનદર્શનધારત્વરૂપ સાધ્ય હોયે છતેજ સર્વજ્ઞસર્વદર્શિત્વ વિશિષ્ટ આવરણના અભાવરૂપ હેતુ છે તે તથોપપત્તિ. **આ** સાધ્ય ન હોય તો હેતુનું ન હોવું તે અન્યથાનુપપત્તિરૂપ બીજો પ્રકાર જાણવો. જેમકે અહીં અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વરૂપ સાધ્ય ન હોય તો સર્વજ્ઞસર્વદર્શિત્વ વિશિષ્ટ આવરણના અભાવરૂપ હેતુ ન હોય.

(૨) **'पक्षीकृत एव विषये साधनस्य साध्येन व्याप्तिः' तथा च प्रकृते अर्हद्भगवन्मात्रस्य पक्षत्वाद् दृष्टान्ताभावात्**

---

**અસંભવ-જે વસ્તુનું લક્ષણ બનાવ્યું હોય તે વસ્તુના એકપણ ભાગમાં જો તે લક્ષણ પ્રાપ્ત ન હોય, સર્વથા અપ્રાપ્ત જ હોય, તો તે લક્ષણમાં 'અસંભવ' નામનો દોષ જાણવો. દા. ત. જો ગાયનું લક્ષણ એમ કરીએ કે 'જેને પાંચ પગ હોય તે ગાય જાણવી' તો આવું લક્ષણ કોઈપણ ગાયમાં પ્રાપ્ત થતું નહિ હોવાથી, આ લક્ષણ 'અસંભવ' નામના દોષથી દૂષિત ઠરે છે.**

(२) 'पक्षीकृत एव, विषये साधनस्य साध्येन व्याप्तिरन्तर्व्याप्तिः' तथा च प्रकृते अर्हद्भगवन्मात्रस्य पक्षत्वाद् दृष्टान्ताभावात् पक्षीकृत एव, भगवद्विषये, नयान्तराभिप्रेतसार्वदिकसर्वज्ञसर्वदर्शित्वविशिष्टनिरावरणत्वरूपसाधनस्य, अप्रतिहतवरज्ञानदर्शनधरत्वरूपसाध्येन सह व्याप्तिर्वर्तते, अत इयमन्तर्व्याप्तिशब्देनोच्यते.

અર્થાત્ પક્ષરૂપ કરેલા પદાર્થમાં રહેલા સાધ્યની સાથે સાધનની વ્યાપ્તિ તે અન્તર્વ્યાપ્તિ. સારાંશ કે જેને સાધ્ય અને સાધનના સંબંધનું સ્મરણ હોય તેવો પુરુષ, સાધ્યથી જુદા ન રહેનાર હેતુને પક્ષમાં જોઈને સાધ્ય સિદ્ધ કરે છે. તેને માટે દ્રષ્ટાન્તમાં સાધન જોઈને સાધ્ય સિદ્ધ કરવારૂપ બહિર્વ્યાપ્તિ નકામી છે, અહીં ચાલુ પ્રકરણમાં સાધ્યની સિદ્ધિમાં અન્તર્વ્યાપ્તિદ્વારા હેતુ સમર્થ થાય છે. અથવા સામાન્ય કેવલીરૂપ દ્રષ્ટાંત સ્વીકારી બહિર્વ્યાપ્તિ પણ સ્વીકારવી અર્થાત્ જ્યાં જ્યાં નિરૂક્ત સર્વજ્ઞ સર્વદર્શિત્વ વિશિષ્ટ આવરણ રહિતપણું છે. ત્યાં ત્યાં અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વરૂપ સાધ્ય છે. યથા સામાન્ય જિન આદિ (અન્વયવ્યાપ્તિ સ્મરણનું સ્થાન-સાધર્મ્ય-દ્રષ્ટાંત) જ્યાં જ્યાં અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વનો અભાવ છે. ત્યાં ત્યાં નિરૂક્ત સર્વજ્ઞસર્વદર્શિત્વવિશિષ્ટ નિરાવરણત્વ નથી. યથા છદ્મસ્થજીવો (વ્યતિરેક વ્યાપ્તિ સ્મરણનું સ્થાન-વૈધર્મ્યદ્રષ્ટાંત) તથાચ નિરૂક્ત સર્વજ્ઞ સર્વદર્શિત્વ નિરાવરણત્વરૂપ હેતુ, [1]અન્વયવ્યતિરેકી જાણવો. વળી અપ્રતિહતવર-જ્ઞાનદર્શનધરત્વરૂપ કાર્યના પ્રત્યે સર્વજ્ઞાન-દર્શનસ્વભાવત્વ વિશિષ્ટ આવરણક્ષય, એ કારણ છે. તથાચ સર્વજ્ઞાનદર્શન સ્વભાવત્વવિશિષ્ટ-આવરણક્ષયરૂપ કારણ સત્ત્વે અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વરૂપ કાર્યનું સત્ત્વ છે. ઈતિ અન્વય; સર્વજ્ઞાનદર્શનસ્વભાવત્વવિશિષ્ટ આવરણક્ષયરૂપ કારણના અભાવમાં અપ્રતિહતવર-જ્ઞાનદર્શનધરત્વરૂપ કાર્યનો અભાવ છે. એમ વ્યતિરેક સમજવો. તથાચ ઉપરોક્ત અન્વય વ્યતિરેકના સહકારથી ઉપરોક્ત કાર્ય કારણ ભાવનો નિશ્ચય થાય છે.

-સર્વજ્ઞાનદર્શનસ્વભાવત્વવિશિષ્ટનિરાવરણત્વરૂપ હેતુ (લક્ષણ કે કારણ) ઘટક-વૃત્તિ સર્વ જ્ઞાનદર્શન સ્વભાવત્વરૂપ નયાન્તરાભિપ્રેતસાર્વદિકસર્વદર્શિત્વરૂપ વિશેષણની કરાતી સચોટસિદ્ધિ-

---

१ अन्वयेन व्यतिरेकेण च व्याप्तिमत् (त. सं.) लिङ्गमन्वयव्यतिरेकि ।

२ ધર્માસ્તિકાય–માછલાઓને ગતિ કરવામાં જેમ પાણી મદદ કરે છે તેમ સ્વાભાવિક રીતે ગતિ કરનાર જીવો અને પુદ્ગલોની ગમન આગમન વિગેરે ચેષ્ટામાં તેમજ ભાષા-મન-વચન અને કાયાના વ્યાપાર વિગેરેમાં મદદ કરનારા અપેક્ષા કારણરૂપ પદાર્થને 'ધર્માસ્તિકાય' તરીકે ઓળખાવવામાં આવે છે.

અધર્માસ્તિકાય–સ્વાભાવિક રીતે સ્થિતિ કરનારા જીવ અને પુદ્ગલોને સૂવા-બેસવા-સ્થિર રહેવા [illegible] આલંબનાદિ કાર્યોમાં, મુસાફરોને વિશ્રામ લેવામાં જેમ છાયા મદદ કરે છે તેમ મદદ કરનારા સાધારણ કારણરૂપ પદાર્થને [illegible]ર્માસ્તિકાય' કહેવામાં આવે છે.

આકાશાસ્તિકાય–જેમાં દૂધ સાકરને અને લોખંડનો ગોળો અગ્નિને અવકાશ આપે છે, તેમ અવગાહનાની અપેક્ષા રાખનારા પદાર્થોને અવકાશ આપવામાં કારણભૂત પદાર્થ 'આકાશાસ્તિકાય' કહેવાય છે.

પુદ્ગલાસ્તિકાય–ગ્રહણ-ધારણ ઈત્યાદિ પરિણામથી યુક્ત [illegible] રૂપી એવો પદાર્થ 'પુદ્ગલાસ્તિકાય' જાણવો.

કાલ–જેમ બગલાના પ્રસવમાં મેઘગર્જના અપેક્ષા કારણ છે, તેમ વિશિષ્ટ મર્યાદાથી યુક્ત અઢી દ્વીપમાં વસનારા તેમજ પોતાની મેળે જ પરિણત થનારા જીવાદિક દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્તરૂપ પદાર્થ તે 'કાલ' કહેવાય છે.

જીવ–ઉપયોગવાળા પદાર્થને 'જીવ' કહેવામાં આવે છે.

**सर्वज्ञस्वभावत्वं च सामान्येन सर्वावबोधसिद्धेः, विशेषाणामपि ज्ञेयत्वेन ज्ञानगम्यत्वात्, न चैते साक्षात्कारमन्तरेण गम्यन्ते, सामान्यरूपानतिक्रमात्,**

ભાવાર્થ= ઉપરોક્તહેતુના વિશેષણરૂપ ઉપરોક્ત સાર્વદિકસર્વજ્ઞસર્વદર્શિત્વરૂપ સર્વજ્ઞસ્વભાવપણું સિદ્ધ છે. કારણ કે; મહાસામાન્ય જેનું નામ છે એવા સત્તારૂપ સામાન્યથી [૧]ધર્માસ્તિકાયઆદિસર્વજ્ઞેયવિષયક બોધનો સદ્ભાવ છે. (સામાન્યહેતુક સર્વજ્ઞેય વિષયક બોધની સિદ્ધિ-સામાન્યજ્ઞાન જ્ઞાપ્યસર્વજ્ઞેયવિષયક બોધની સિદ્ધિ છે.)

સામાન્યવિષયક અવબોધમાં-એક પણ ઘટ વિગેરે, સદ્રૂપથી, જ્ઞાનનો વિષય હોયે છતે-'અયંસન્-આ સત્ છે.-સત્ત્વરૂપ ધર્મવાળો છે' એમ જ્ઞાન થવાથી, સદ્રૂપના અભેદદ્વારા શુદ્ધ [૧]સંગ્રહનયના અભિપ્રાયથી સર્વ પદાર્થોનું સદ્રૂપથી જ્ઞાન થાય છે. અર્થાત્ **'सर्व भावाः सन्तः'**-બધાય પદાર્થો સત્ત્વ ધર્મવાળા છે-સદ્રૂપ છે. એમ [૨]અવબોધ થાય છે.

શંકા=ઉપરોક્ત વિવેચનથી કેવલ સત્તાનો જ બોધ સિદ્ધ થાય છે. પણ વિશેષોનો અવબોધ અપૂર્ણ રહી જાય છે. તો સર્વ અવબોધની સિદ્ધિ કેવી રીતે સંગત થાય ?

સમાધાન-**'तस्य विषयः सामान्यविशेषाद्यनेकान्तं वस्तु'** જ્ઞાનરૂપ પ્રમાણનો વિષય સામાન્ય (એકાકાર અને એક શબ્દથી વાચ્ય એવી પ્રતીતિ કરાવનારને 'સામાન્ય' કહેવામાં આવે છે) અને વિશેષ (વિજાતીય પદાર્થથી સર્વથા ભિન્નપણાનું ભાન કરાવનારને 'વિશેષ' કહેવામાં આવે છે) એમ ઉભયાત્મક વસ્તુ છે એવું વચન હોઈ, અવબોધ-ઉપયોગનો વિષય કેવલ સામાન્ય નથી પરંતુ વિશેષો પણ છે.

---

**૧ વિશેષને ગૌણ કરી ફકત સામાન્યને જ પ્રધાન માની, સામાન્ય ધર્મવડે જે નય, સઘળી વસ્તુઓનો એકમાં સંગ્રહ-સમાવેશ કરે તે સંગ્રહનય. જેમ કે; કોઈ સદ્ગૃહસ્થ જમવા બેઠો હોઈને રસોઈયાને કહે કે 'ભોજન લાવો' એટલે રસોઈઓ ભોજનમાં દૂધપાક, પૂરી રોટલી, દાળ-ભાત, શાક, પાપડ, ચટણી, અથાણું વિગેરે વસ્તુઓ પીરસે એટલે ત્યાં ભોજનમાં ખાવાની સર્વ વસ્તુઓનો જે સંગ્રહ થાય છે તે સંગ્રહનયને આશ્રી છે. તેમ સત્ત્વરૂપ ધર્મવડે સઘળી વસ્તુઓને સદ્રૂપમાં સંગ્રહનય સમાવેશ કરે છે.**

**૨ सामान्यं जातिः तज्ज्ञानं वा लक्षणं स्वरूपं विषयो वा यस्या इति व्युत्पत्तिमती सामान्यलक्षणा, सत्त्वादिरूपा वा सज्ज्ञानरूपा वा । सा चाश्रयाणां सत्त्वविशिष्टसकलपदार्थानामलौकिकप्रत्यक्षे उपयुज्यते । अर्थात्–**

**સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિથી-ઘટમાં સત્ત્વરૂપ સંનિકર્ષપ્રત્યાસત્તિસંબંધથી 'सर्वे भावा सन्तः' આવા આકારવાળું સકલ સદ્વિષયક જ્ઞાન પેદા થાય છે. આનું આજ ફલ છે કે 'એક પદાર્થમાં સત્ત્વનું જ્ઞાન થવાથી સત્ત્વરૂપેણ સકલ પદાર્થોનું જ્ઞાન થાય છે.**

**१ "निर्विशेषं हि सामान्यं भवेत्खरविषाणवत् । सामान्यरहितत्वेन विशेषास्तद्वदेव हि" ॥**

**મીમાંસાશ્લોકવાર્તિકપ. આકૃતિવાદે ૧૦ અર્થઃ–જેમ વિશેષ રહિત સામાન્ય ગર્દભશૃંગવત્ અસત્ છે. તેમ સામાન્ય રહિત વિશેષ પણ અસંભવિત છે.**

तथाच साक्षात्कारરૂપ દર્શન ઉપયોગના વિષયભૂત વિશેષો, જ્ઞાનરૂપ ઉપયોગના વિષયભૂત થાય છે. સાક્ષાત્કારરૂપ દર્શન ઉપયોગના અવિષયભૂત વિશેષો, જ્ઞાનરૂપ ઉપયોગના અવિષયભૂત થાય છે. કારણ કે, સામાન્ય અને વિશેષો અભેદરૂપે એક અધિકરણ વર્તી છે. [૧]સામાન્યને છોડી વિશેષો રહી શકતા નથી. કદાચ સત્ત્વરૂપ સામાન્યને છોડી જો વિશેષો માનવામાં આવે તો તે વિશેષો ગર્દભશૃંગ (ગધેડાનાં શીંગડાં)ની માફક અસદ્રૂપ થઈ જાય ! પદાર્થકુસૃષ્ટિ નામનો દોષ આવે !

સારાંશ - સાક્ષાત્કારરૂપ દર્શન ઉપયોગથી, સામાન્યમાત્રવિષયક-બોધ હોવા છતાં પણ, સામાન્યમાત્રવિષયક-બોધ હોવા છતાં પણ, સામાન્યસ્વરૂપથી અભિન્ન હોઈ, શુદ્ધ-સંગ્રહનયના અભિપ્રાયથી વિશેષોનું પણ ગ્રહણ (બોધ-જ્ઞાન) થાય છે. એટલે છદ્મસ્થ પણ (એકનયાશ્રિત-ઔપચારિકરૂપે) સર્વદા સર્વજ્ઞસ્વભાવવાળો ભલે થાય, સઘળા નયોની સંમતિ-સંવાદિતાથી તો જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અંતરાયરૂપ કર્મચતુષ્ટયીરૂપ ઘાતિકર્મનો ઘાત-ક્ષય જ્યારે થાય ત્યારેજ ઉપચાર-આરોપ વગરની-અવ્યાવહારિક પારમાર્થિક-સત્ય-યથાર્થ સર્વજ્ઞસ્વભાવતા સિદ્ધ થાય છે. કારણ કે, જ્ઞાન અને ક્રિયાનું યૌગ[૧]પદ્ય-એકકાલમાં વૃત્તિ કે ઉત્પત્તિ (ઘાતીકર્મક્ષયરૂપ ક્રિયા અને સર્વજ્ઞાન-કેવલજ્ઞાન રૂપજ્ઞાનની એક જ સમયમાં વૃત્તિ કે ઉત્પત્તિ) તેજ મોક્ષનો મહાન્ માર્ગ છે. વળી સામાન્ય-વિષયક-અવબોધથી જ, સર્વવિષયક દર્શન કેવલદર્શન સ્વભાવતા એટલે સર્વદર્શન સ્વભાવતા-સર્વદર્શિત્વની સિદ્ધિ માટે પ્રયત્ન કરેલ નથી.

-ઉપરોક્તહેતુગત સર્વજ્ઞાનદર્શનસ્વભાવતારૂપ વિશેષણની સિદ્ધિ દર્શાવ્યા બાદ હવે દર્શાવતી 'નિરાવરણત્વ' રૂપ વિશેષ્યની સિદ્ધિ–

**निरावरणत्वं [२]चावरणक्षयात्, क्षयी च प्रतिपक्षसेवनया,**

ભાવાર્થ– વળી પૂર્વોક્તહેતુરૂપ નિરાવરણપણું, જ્ઞાનાવરણીય આદિ ઘાતિકર્મચતુષ્ટયના ક્ષયથી (નિર્મૂલ-મૂળ પણ ન રહે અર્થાત્ સત્તામાં પણ ન રહેતી તેવી રીતના આત્યંતિકધ્વંસથી) વિકસિત થાય છે. **(आवरणक्षयजन्यं निरावरणत्वमित्यर्थः, अथवा आवरणक्षयज्ञानज्ञाप्यनिरावरणत्वमित्यपि बोध्यम्)**

શંકા=જીવના પ્રદેશોની સાથે નિર્વિભાગપણાએ (અવિભક્ત-સુસંયુક્તરૂપે-એકમેકરીતે) બંધાયેલ-અગમ્ય એવા કર્મપુદ્ગલરૂપ આવરણનો ક્ષય, યુક્તિથી કેવી રીતે સમજી શકાય ? તે સમજાવો ?

સમાધાન=પ્રતિપક્ષની સેવના એટલે અભ્યાસથી આવરણનો ક્ષય, ગમ્ય કે યુક્તિસંગત, સાધ્ય થાય છે.

---

૧ અ–**एककालवृत्तित्वं यौगपद्यम्** (ग. सत्प्र.) **अनेकेषामेकक्षणसम्बन्ध इत्यर्थः । यथा घटपटयोर्यौगपद्यम् । आ–एककालोत्पत्तिकत्वम्** (तु.) **। यथा अयौगपद्याज्ज्ञानानां तस्याणुत्वमिहोच्यते** (भा. प. श्लो. ८६) **इत्यादौ यौगपद्यम्**

૨ **આ નિરાવરણત્વ, સ્વાભાવિક કે ઈશ્વરાદિજનિત નથી પરંતુ આવરણ ક્ષયથી નિરાવરણત્વ પ્રગટ થાય છે એમ આ વાક્ય જણાવે છે.**

તથાહિ=કર્મના [1]સામાન્યબંધહેતુરૂપ મિથ્યાદર્શનઆદિના પ્રતિપક્ષ-વિરોધી-વિનાશક સમ્યગ્દર્શનઆદિની સેવના-અભ્યાસથી અને [2]વિશેષહેતુરૂપ પ્રત્યનીક આદિના પ્રતિપક્ષ-વિરોધી-વિધ્વંસક જ્ઞાન બહુમાન આદિની સેવના-અભ્યાસથી આવરણનો ક્ષય, રમ્યરીતે ગમ્ય કે સાધ્ય બને છે.

-સામાન્યબંધહેતુઓ અને તેના વિરોધીઓનું કોષ્ઠક-

| સામાન્યબંધહેતુઓ- (અંતરંગ કર્મહેતુઓ) | તેના-વિરોધીહેતુઓ અને આવરણક્ષયના હેતુઓ | |
|---|---|---|
| (૧) અતત્ત્વ શ્રદ્ધારૂપ મિથ્યાત્વ (સર્વજ્ઞપ્રણીતતત્ત્વ વિષે શ્રદ્ધાનો અભાવ) | -તત્ત્વશ્રદ્ધારૂપ સમ્યક્ત્વ. | સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રરૂપ રત્નત્રયી |
| (૨) અસદાચાર પ્રવૃત્તિરૂપ અવિરતિ | -સાવદ્ય પ્રવૃત્તિ નિરોધરૂપ વિરતિ. | |
| (૩) સંસાર પ્રાપ્તિ નિમિત્તરૂપ કષાય (ક્રોધાદિકકષાય) | -શમભાવક્ષમામાર્દવાર્જવાદિ. | |
| (૪) મન વચન કાયાના વ્યાપારરૂપ યોગ | -યોગનિરોધરૂપ અયોગ | |
| (૫) વિસ્મરણરૂપ અને પુણ્યાનુબંધી પુણ્યના કાર્યોમાં અનાદરરૂપ એવા ત્રણે યોગના અનિષ્ટવ્યાપાર-રૂપ પ્રમાદ | -સ્મરણરૂપ, પુણ્યાનુબંધી પુણ્ય કર્મોમાં આદરરૂપ, યોગના- -સુપ્રણિધાનરૂપ અપ્રમાદ | |

વિશેષહેતુઓ (બાહ્યહેતુઓ)

(૧) જ્ઞાનાવરણીયકર્મબંધહેતુઓ (૨) દર્શનાવરણીયકર્મબંધહેતુઓ

ક-જ્ઞાન, જ્ઞાની, જ્ઞાનના ઉપકરણોની દર્શન-દર્શની કે દર્શનના સાધનોની પ્રત્યનીકતા=અનિષ્ટ આચરણ કે ચિંતન.

---

**૧ જે હેતુઓ દ્વારા, આત્મા સમયે સમયે આયુકર્મ સિવાયના સાત કર્મનો બંધ કરે છે. તે હેતુઓ સામાન્ય બંધના હેતુઓ કહેવાય છે. જેમકે; મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ-પ્રમાદ આદિ. આયુષ્ય એક ભવમાં ફકત એક જ વાર બંધાય છે અને આયુ બંધકાળે આઠે કર્મનો બંધ થાય છે.**

**૨ ઉપરોક્ત સામાન્ય હેતુઓની સાથે વિશેષ હેતુઓ મળવાથી, તે તે કર્મનો તીવ્ર અનુભાગરસબંધ અને દીર્ઘસ્થિતિબંધ થતો હોવાથી વિશિષ્ટબંધ થાય છે. અર્થાત્ વિશિષ્ટબંધના કારણો હોય તે વિશેષહેતુઓ અને સામાન્યસંબંધના કારણો હોય તે સામાન્યહેતુઓ કહેવાય છે. કર્મબંધના સામાન્યહેતુઓ કે વિશેષહેતુઓ, તે આશ્રવ કહેવાય છે. કારણ કે; તે દ્વારા કર્મો આવે છે.**

का- લાજ અને ગર્વથી ગુરૂને ઓળવે, જ્ઞાનને ઓળવે તેરૂપ નિહ્નવતા.

कि-જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનસાધનોનો તથા દર્શન-દર્શની કે દર્શનના સાધનોનો મૂળથી નાશ કરવો તે ઉપઘાત.

की-જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનસાધનો ઉપર હાર્દિક અરૂચિ-દ્વેષ.

દર્શન-દર્શની-દર્શન સાધનો ઉપર હાર્દિક અરૂચિ-દ્વેષ.

कु-વિદ્યાર્થી કે દર્શનાર્થીને ભણવા આદિમાં અંતરાય કરવો -વિઘ્ન ખડું કરવું તે.

कू-આશાતના=જ્ઞાની કે દર્શની પુરૂષોની પેટ ભરીને નિંદા આદિ કરવું તે.

જે જ્ઞાનાવરણીયકર્મના વિશેષબંધહેતુઓ છે તે જ દર્શનાવરણીયકર્મના છે.

(૩) મોહનીયકર્મના વિશેષહેતુઓ.

अ દર્શનમોહનીયકર્મના વિશેષહેતુઓ.

च-ઉન્માર્ગદેશના=સંસારના કારણોને મોક્ષમાર્ગના કારણો બતાવી ઉપદેશ કરવો. શાસ્ત્ર વિરૂદ્ધ પાપમાર્ગનો ઉપદેશ. चा-માર્ગનાશના=સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો નાશ કરવો તે. चि-દેવદ્રવ્યહરણ=દેવદ્રવ્યનું ભક્ષણ કે ઉપેક્ષા કરવી તે. ची-તીર્થંકર આદિ નિંદા=જેમકે દુનિયામાં સર્વજ્ઞ તો કોઇ થઇ શકતું જ નથી, તીર્થંકરો સર્વજ્ઞ હતા યા છે, તે વાત તદ્દન ખોટી છે. સમવસરણમાં છત્ર, ચામર, સિંહાસન આદિના ઉપભોગ કરતા હોવાથી તેઓ વીતરાગ કેમ કહેવાય ? ઇત્યાદિ મિથ્યા પ્રલાપદ્વારા આશાતના આદિ અનિષ્ટ કાર્ય કરવું તે.चु-મુનિવરોની નિંદા કરવી કે સાધુઓના પ્રત્યે આચરણ કરી શત્રુતા રાખવી. चू-જિનબિંબ=જિનપ્રતિમાની નિંદા કરવી, તેને હાનિ પહોંચાડવી, આશાતના કરવી કે અપલાપ કરવો. चे-સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘની નિંદા કરવી, સિદ્ધ, ગુરૂ, શ્રુત-આગમ સંબંધી નિંદા કરવી કે પ્રતિકૂલ વર્ત્તવું.

તેના વિરોધીહેતુઓ કે આવરણ
ક્ષયના હેતુઓ–

अ કાલે ભણવું. आ જ્ઞાનીના વિનયવંદન પ્રમુખ સાચવવાં તે વિનયઆચાર. इ જ્ઞાની ઉપર અંતરંગપ્રેમ તે બહુમાન. ई સૂત્રો ભણવા તપપૂર્વક જાપ વિશેષ કરવો તે યોગઉપધાન. उ અધ્યાપક ગુરૂને નહીં ઓળવવા. ऊ સૂત્ર અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરવો તે વ્યંજન. સાચો અર્થ કરવો તે અર્થ. ऋ તથા સૂત્ર અર્થ એ બંનેને શુદ્ધ ભણવા તે. તથા દર્શન-દર્શનીઓની આરાધના. આ બધા હેતુઓથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મનો ક્ષય થતો જાય છે.

તેના વિરોધીહેતુઓ કે આવરણક્ષયના હેતુઓ. –દર્શનાચાર–

છ-વીતરાગના વચનમાં શંકા ન કરવી.

છા-જિનમત વિના અન્યમતની ઇચ્છા નહી કરવી.

છિ-સાધુ-સાધ્વીના મલિન વસ્ત્રાદિ દેખી દુગંછા ન કરવી અથવા ધર્મના ફલમાં સંદેહ ન આણવો.

છી-મિથ્યાત્વીના કષ્ટ - મંત્ર - ચમત્કાર દેખી, તેનાથી વ્યામોહિત ન થવું.

છુ-સમકીતધારીના અલ્પગુણની પણ શુદ્ધ મનથી પ્રશંસા કરવી.

છૂ-જૈનધર્મમાં જોડવા તથા તે પામેલાને સ્થિર કરવા.

છે-સાધર્મીબંધુનું અનેક પ્રકારે હિતચિંતન વાત્સલ્ય.

છૈ-અન્યદર્શની પણ જૈનશાસનની અનુમોદના કરે તેવાં કાર્ય કરવાં તે પ્રભાવના.

આ ચારિત્રમોહનીય કર્મબંધના વિશેષ હેતુઓઃ-

(૪) અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભરૂપ કષાયને વશ પડેલો, કષાયરૂપ ચારિત્ર મોહનીયને (૪) અનંતાનુબંધી ૪ અપ્રત્યાખ્યાનાવરણ ૪ સંજવલનને) બાંધે છે. (૮) અપ્રત્યાખ્યાન કષાયાધીન આત્મા, અનંતાનુબંધી સિવાયના અપ્રત્યાખ્યાન વિગેરે ૧૨ પ્રકારના કષાયોને બાંધે છે. (૧૨) પ્રત્યાખ્યાનાવરણ કષાયના પરતંત્રઆત્મા, ૪ અનંતાનુંબંધી ૪ અપ્રત્યાખ્યાનાવરણ સિવાયના, પ્રત્યાખ્યાનાવરણ સિવાયના, પ્રત્યાખ્યાનાવરણ વિગેરે ૮ કષાયોને બાંધે છે. (૧૬) સંજ્વલન કષાયવાળો આત્મા ફક્ત ચાર પ્રકારના સંજ્વલનને બાંધે છે. બાકીના બારને નહીં. નોકષાયબંધ હેતુઓ (૧૭) ઠઠ્ઠા-મશ્કરી કરવી, ભાંડકે વિદૂષક જેવી ચેષ્ટાઓ કરીને પોતે હસવું ને બીજાઓને હસાવવાથી હાસ્યમોહનીય કર્મ બંધ થાય છે. (૧૮) વિચિત્ર કામક્રીડા કરનાર, ખેલનાર, બીજાના મનનું વશીકરણ કરનાર રતિમોહનીય કર્મ બાંધે છે. (૧૯) અદેખો, પાપી, બુરાકાર્યોમાં ઉત્તેજન આપનાર અરતિમોહનીયકર્મ બાંધે છે. (૨૦) શોક, ખેદ, કરૂણરૂદન આદિ પ્રસંગ ઉપસ્થિત કરનાર, રોનાર આત્મા, શોકમોહનીય કર્મ બાંધે છે. (૨૧) સ્વયં ભયભીત, બીજાને ડરાવનાર, ત્રાસવર્તાવનાર, નિર્દય, ક્રૂર, ભયમોહનીયકર્મ બાંધે છે. (૨૨) ચતુર્વિધ સંઘની નિંદાકરનાર, ઘૃણા કરનાર, તેમજ સદાચારની નિંદા કરનાર આત્મા જુગુપ્સા મોહનીય કર્મ બાંધે છે. (૨૩) શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ રૂપ પાંચ વિષયોમાં આસક્ત ભોગાનંદી આત્મા, પુરૂષ વેદાદિ ત્રણ વેદરૂપ નો-કષાય મોહનીયને બાંધે છે. તે ત્રણ પૈકી અદેખો, શોકકર્તા, ભોગમાં એકલીન, લોભી, ખૂબવાંકો, પરસ્ત્રીલંપટ, મોહી આત્મા સ્ત્રીવેદને બાંધે છે. (૨૪) સ્વસ્ત્રીસંતોષી, ઈર્ષ્યા વગરનો, થોડા કષાયવાળો, સરલવર્તન ને નિખાલસ સ્વભાવવાળો જીવ પુરૂષવેદને બાંધે છે. (૨૫) સ્ત્રી-પુરૂષ સંબંધી કામ સેવન કરનાર, તીવ્ર કષાયી, તીવ્રકામી, અત્યંતકામભોગવાસનાવંત સતીસ્ત્રીના વ્રતનો ભંજક, નપુસંકવેદ બાંધે છે.

(૪) અંતરાયકર્મબંધના વિશેષ હેતુઓ

''જિનપૂજામાં પાણી અને ફુલ વિગેરે જીવોની હિંસા થતી હોવાથી તે કરણી સાવદ્ય-સપાપ છે માટે ગૃહસ્થોને પણ કરવા લાયક નથી'' ઈત્યાદિ કહી જિનપૂજાનો સદંતર નિષેધ કરનાર, જીવહિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ, રાત્રિભોજનમાં તત્પર, સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં ખોટાં દૂષણો બતાવી, ભવ્યજીવોને વિઘ્નકરનાર માર્ગથી ચ્યુત કરનાર, છેદન ભેદન આદિથી બીજાની ઈન્દ્રિયોની શક્તિનો નાશક જીવ, અંતરાય કર્મ બાંધે છે.

તેના વિરોધી હેતુઓ આવરણ ક્ષયના હેતુઓ. –ચારિત્રાચાર–

(૧) પ્રણિધાન યોગ અર્થાત્ એકાગ્ર સાવધાન પણે કરી મન-વચન કાયાના સર્વયોગ, જે ચારિત્ર પાળવાને વિષે ઉપયુક્ત એવો ચારિત્રાચાર તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરી આઠ પ્રકારનો છે.

**ઇ.** ઈર્યાસમિતિ-રસ્તામાં ચાલતા કોઈ જીવનો વિઘાત ન થાય તે હેતુથી યતના પૂર્વક ધુંસરી જેટલી દ્રષ્ટિથી ચાલવું.

**ઇા.** કોઈપણ જીવના દ્રવ્ય કે ભાવ પ્રાણોનો આપણા વચનથી વિઘાત ન થાય તેવી રીતે સત્ય વચન બોલવું તે ભાષા સમિતિ.

**ઇિ.** એષણા સમિતિ-બેંતાલીસ (૪૨) દોષ રહિત આહારઆદિકની શોધ કરવી તે.

**ઇી.** આદાન ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિપાત્રાં આદિલેતાં મૂકતાં, પૂંજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો.

**ઇુ.** પારિષ્ઠાપનિકાસમિતિ-મળ મૂત્ર આદિ પરઠવતાં શુદ્ધ-નિર્જીવભૂમિ જોવાનો ઉપયોગ રાખવો તે.

**ઇૂ.** મનોગુપ્તિ - મનમાં પેદા થતા વિચાર તરંગોને રોકવા, મનને શાંત કરવું, સંયમમાં લાવવું તે.

**ઇે.** વચનગુપ્તિ-વચન ઉપર કાબૂ રાખવો તે.

**ઇૈ.** કાયગુપ્તિ - શરીરને અશુભ - પાપ વ્યાપારમાં જતાં રોકવું, અને ઈન્દ્રિયોને કાબૂમાં રાખવી.

તેના વિરોધી હેતુઓ આવરણ ક્ષયના હેતુઓ. –વીર્યાચાર–

બલ અને વીર્યને ગોપાવ્યા કે છૂપાવ્યા વગરે જે જેમ શ્રી તીર્થંકરદેવે કહ્યું છે તે પ્રમાણે પરાક્રમવીર્ય-બલ કરે છે. ફોરવે છે. અર્થાત્ સર્વપ્રકારથી ધર્મકાર્યને વિષે ઉદ્યમ કરે છે. વળી સાવધાન પણે પોતાની શક્તિને અનુસારે ધર્મકાર્યને વિષે પ્રવર્તે તે વીર્યાચાર.

તથાચ ચાર ઘાતિકર્મક્ષય-વિષયમાં [૧]બારપ્રકારનો તપ આચાર પણ ખૂબ ઉપયોગી છે. તેનું સ્વરૂપ બીજા ગ્રંથોથી જાણી લેવું. એવંચ જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચાર-તપાચાર વીર્યાચાર અને [૨]બારભાવનાઆદિ, જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય મોહનીય-અંતરાય કર્મબંધના વિશેષ હેતુઓના વિરોધીઓ પ્રતિપક્ષરૂપ છે. માટે તેનો અભ્યાસ અવિરત કરવો જોઈએ. જેથી આવરણક્ષયરૂપ અતિ અદ્‌ભુત-ઈષ્ટતમફલ સંપાદિત થાય છે. ઈતિ પ્રતિપક્ષસેવનાપ્રકાર.

આવરણ ક્ષયસાધક અનુમાન પ્રયોગ=

આ આત્મામાં, આવરણ નથી, સમ્યગ્ દર્શનઆદિ ગુણગણ હોવાને લીધે. (અહિં સમ્યગ્‌દર્શન આદિ ગુણગણની ઉપલબ્ધિ એ હેતુ છે) આ અનુમાનમાં આવરણ, પ્રતિષેધ્ય છે, અને તેનું કારણ મિથ્યાદર્શન આદિ છે. અને તેના વિરોધીપ્રતિપક્ષરૂપ સમ્યગ્‌દર્શન આદિ ગુણકલાપ છે. અને તે સમ્યગ્‌દર્શન આદિ ગુણકલાપની ઉપલબ્ધિરૂપ હેતુ હોવાથી આ પ્રકૃતહેતુ, 'કારણ[૧] વિરુદ્ધોપલબ્ધિ' તરીકે પંકાય છે એટલે આવરણનો નિષેધ પ્રતીત થાય છે.

અર્થાત્ જે કારણ, જે કાર્યના કારણ સાથે વિરુદ્ધ-વિરોધી હોય છે તે કાર્ય, તે કાર્યના કારણના વિરોધીરૂપ કારણના સેવનથી-અભ્યાસથી ક્ષય પામે છે. આવી અહીં 'વ્યાપ્તિ' સમજવી દ્રષ્ટાંતપૂર્વક દાર્ષ્ટાન્તિકમાં પ્રકૃતવ્યાપ્તિનો સમન્વય–

જેમ કે; અગ્નિરૂપ કારણ, રોમાંચ-રૂવાં ઉભાં થવારૂપ-વિકારરૂપ કાર્યના કારણભૂત શીતની સાથે વિરોધી થાય છે. અતએવ રોમાંચરૂપ કાર્યના કારણભૂત શીતના વિરોધી એવા અગ્નિરૂપ કારણના સેવનથી રૂવાં ઉભાં થવાં વિગેરે વિકારરૂપ કાર્ય, નાશ પામે છે. તેમ આ સમ્યગ્‌દર્શન આદિગુણ કલાપરૂપ કારણ, આવરણરૂપ કાર્યના કારણભૂત-મિથ્યાદર્શન આદિના વિરોધી-પ્રતિપક્ષરૂપ છે. એટલે આવરણ કારણભૂત મિથ્યાદર્શન આદિ પ્રતિપક્ષરૂપ સમ્યગ્‌દર્શન આદિ ગુણકલાપરૂપ કારણના સેવનથી-અભ્યાસથી આવરણરૂપ ઉપાધિ-કાર્ય વિલીન કે વિનષ્ટ થાય છે. અતએવ પ્રતિપક્ષ-સેવનથી આવરણનો ક્ષય, સૂપપાદસુબોધ અર્થાત્ સુગમ કે હૃદયંગમ છે. એમ પૂરવાર થાય છે.

---

**૧ અનશન, ઊનોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, સંલીનતા એ છ, બાહ્યતપ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ એ છ, અભ્યંતર તપ છે.**

**૨ અનિત્યત્વભાવના, અશરણભાવના, સંસારભાવના, એકત્વભાવના, અન્યત્વભાવના, અશુચિત્વભાવના, આશ્રવભાવના, નિર્જરાભાવના, ધર્મસુવચનભાવના, લોકસ્વરૂપભાવના, બોધીદુર્લભભાવના.**

**૧ દા. ત. આ વ્યક્તિનું વચન, અસત્ય નથી, તેનું જ્ઞાન રાગદ્વેષ આદિ કલંકથી રહિત હોવાને લીધે અસત્યનુંકારણ રાગદ્વેષ આદિ કલંક છે એટલે આ કારણ-હેતુ છે.**

શંકા-આવરણક્ષયજન્ય અતીન્દ્રિય હોઈ પ્રત્યક્ષરૂપ નથી (ઈન્દ્રયના ગોચરરૂપ નથી) તો આવરણક્ષયરૂપ સાધ્યની સાથે પ્રતિપક્ષ સેવનારૂપ હેતુનિષ્ઠ અવિનાભાવ સંબંધ[૩]-વ્યાપ્તિરૂપ પ્રતિબંધની અર્થાત્ હેતુસંબંધ જ્ઞાનની સિદ્ધિ કેવી રીતે જાણવી ?

–હવે કરાતું ઉપરોક્ત શંકાનું સચોટ સમાધાન–

तत्तानवोपलब्धेः, तत्क्षये च सर्वज्ञानं, तत्स्वभावत्वेन, दृश्यते चावरणहानि-समुत्थो ज्ञानातिशयः.

ભાવાર્થ=આવરણરૂપ કર્મોનો જે દેશથી (અલ્પાંશે) ક્ષય થવો તે 'નિર્જરા' કહેવાય છે. તે નિર્જરાના કારણરૂપ પ્રતિપક્ષસેવના છે અને તે પ્રતિપક્ષસેવનાથી આવરણરૂપ કર્મોની તનુતા-તુચ્છતા (અલ્પતા-લઘુત.-પાતળાપણા-આછાપણા) ની ઉપલબ્ધિ-પ્રાપ્ત હોવાથી આવરણક્ષય-વિશેષ, પ્રત્યક્ષ ગોચર છે. અતએવ પ્રતિપક્ષસેવનારૂપ હેતુનિષ્ઠ વ્યાપ્તિરૂપ પ્રતિબંધની સિદ્ધિ છે. (સ્વાનુભવ આદિથી સિદ્ધજ્ઞાન આદિની વૃદ્ધિની અન્યથા-અનુપપત્તિ હોઈ પ્રતિબંધરૂપ વ્યાપ્તિની સિદ્ધિ છે. તથાચ પ્રતિપક્ષસેવના હોયે છતે (આવરણક્ષય-જનનદ્વારા) સ્વાનુભવઆદિ સિદ્ધજ્ઞાનઆદિની વૃદ્ધિ-ઉત્કર્ષ છે.

પ્રતિપક્ષસેવનાનો અભાવ હોયે છતે સ્વાનુભવ-આદિ-સિદ્ધજ્ઞાન-આદિની વૃદ્ધિ-ઉત્કર્ષનો અભાવ છે. આમ અન્વયવ્યતિરેકથી સ્વાનુભવ આદિ સિદ્ધજ્ઞાન આદિની વૃદ્ધિ-ઉત્કર્ષમાં (આવરણક્ષય-જનનદ્વારા) પ્રતિપક્ષસેવના કારણ છે.

શંકા=પ્રતિપક્ષસેવનાથી તો કેવલ આવરણભૂત કર્મોની તનુતા-તુચ્છતા-અલ્પતાની ઉપલબ્ધિ થાય છે. તો સર્વાંશે આવરણના ક્ષયનો નિશ્ચય કેવી રીતે ?

સમાધાન=જે હેતુઓથી અલ્પાંશે ક્ષયના વિષયરૂપ જે આવરણ કર્મો થાય છે. તે આવરણ કર્મો, પ્રકૃષ્ટ-ઉત્કૃષ્ટ અવસ્થાવાળા તે હેતુઓથી સર્વાંશે ક્ષયના વિષયભૂત થાય છે. આવી વિશિષ્ટ વ્યાપ્તિ અહીં સમજવી.

---

૨ अतीन्द्रियत्वम्-इन्द्रियजन्यलौकिकप्रत्यक्षाविषयत्वम् । यथा कालस्यातीन्द्रियत्वम् । (स्व.)

૩ અન્વયવ્યતિરેકને 'વ્યાપ્તિ' કહે છે. અને વ્યાપ્તિ જ્ઞાનને 'તર્ક' કહે છે. સાધન હોયે છતે સાધ્યનું હોવું તે 'અન્વય' છે. અને સાધ્ય ન હોયે છતે સાધનનું ન હોવું તે 'વ્યતિરેક' છે. ધૂમાડાને જોઈ અગ્નિનું જ્ઞાન કરાય છે. માટે ધૂમ એ સાધન છે. અને અગ્નિ એ સાધ્ય છે.આ બંનેમાં અન્વયવ્યતિરેક ઘટે છે. કારણકે જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ અવશ્ય છે. (અન્વય) જ્યાં અગ્નિ નથી ત્યાં ધૂમ નથી (વ્યતિરેક) તથાચ આ તર્કરૂપ વ્યાપ્તિજ્ઞાનદ્વારા નિશ્ચિત કરેલ ત્રિકાલવર્તી સાધ્ય સાધન સંબંધરૂપ-વ્યાપ્તિ નિયમના આધારે અનુમાનની ઉત્પત્તિ થાય છે.

સાધનથી સાધ્યના જ્ઞાનને 'અનુમાન' કહે છે. જેમ કે; ધૂમને જોઈ અગ્નિનું જ્ઞાન કરવું. અર્થાત્ વનમાં ગયેલ કોઈ પુરૂષ, પહેલાં પર્વતવર્તી ધૂમની શ્રેણીને જુવે છે. ત્યારબાદ જ્યાં જ્યાં ધૂમ છે. ત્યાં ત્યાં અગ્નિ છે. આવા આકારવાળી વ્યાપ્તિને યાદ કરે છે. ત્યારબાદ આ (પર્વત) અગ્નિવાળો છે. આવું જ્ઞાન થાય છે. આ જ્ઞાનને 'સ્વાર્થાનુમાન' કહે છે. એવંચ પૂર્વે, જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં વહ્નિનું દર્શન (પ્રત્યક્ષ) તે રૂપ 'સહચારદર્શન' થાય છે. પછીથી ધૂમ અને અગ્નિના સંબંધરૂપ અવિનાભાવરૂપ વ્યાપ્તિનું સ્મરણ થાય છે. પછીથી વ્યાપ્તિજ્ઞાનરૂપ તર્ક પેદા થાય છે. પછીથી અનુમાન થાય છે. આવો અહીં ક્રમ સમજવો.

દ્રષ્ટાંતપૂર્વક દ્રાર્ષ્ટાંતિકમાં ચાલુ વ્યાપ્તિની સંકલના–

દા. ત. જેમ કે જે રોગનો જે ચિકિત્સાથી દવા કરવાથી થોડો નાશ થાય છે. જેમ, વાદળો જે પવનથી થોડાં ખસી જાય છે. તે વાદળો ઉત્કૃષ્ટ-જોરદાર-વેગીલા પવનથી સર્વથા ખસી જાય છે. તેમ જીવના આત્મપ્રદેશો સાથે એકમેક થયેલ કર્મ આવરણરૂપી રોગ કે વાદળોનો સર્વ ઉત્કૃષ્ટ-સંપૂર્ણ વિશિષ્ટ પ્રતિપક્ષસેવનારૂપી ચિકિત્સા કે પવનથી સર્વાંશે ક્ષય અદુષ્ટ - યુક્તિયુક્ત - સત્ય છે એટલે જ આવરણક્ષય, સૂપપાદસુબોધ્ય-સારી રીતે પ્રતીત થાય કે સમજી શકાય એવો છે. શ્રદ્ધેય માત્ર નથી પરંતુ યુક્તિગમ્ય છે.

–પ્રકૃતવસ્તુની સિદ્ધિ–

જીવનો-આત્માનો આ સ્વભાવ છે કે 'જ્યારે આવરણનો (સર્વજ્ઞાનઆદિપ્રતિબંધક 'આવરણનો) ક્ષય થાય ત્યારે સર્વજ્ઞાન-સકલજ્ઞેય વિષયક અવબોધરૂપ કેવલજ્ઞાન થાય છે' એ દીવા જેવી ખુલ્લી વાત છે.

–પ્રસ્તુતવસ્તુની સ્પષ્ટતા–

---

૨ આંખે પાટો બાંધવાથી જેમ કોઈપણ ચીજ દેખી કે જાણી શકાતી નથી. તેમ આત્માના જ્ઞાનરૂપ નેત્રને જ્ઞાનાવરણ કર્મરૂપ પાટો આવી જતાં-પડદો આવી જવાથી આત્મા કાંઈપણ જાણી શકાતો નથી. તથાચ કેવલજ્ઞાનાવરણના ક્ષયથી ઉત્પન્ન થનાર અને આત્માના પ્રકાશરૂપ જ્ઞાનને 'કેવલજ્ઞાન' અને એ જ્ઞાનના આવરણને 'કેવલજ્ઞાનાવરણ' કહેવામાં આવે છે. આ આવરણ તો સર્વઘાતિ છે.

૧ જેમ કેવલજ્ઞાન પ્રત્યે કેવલજ્ઞાનાવરણ ક્ષય, કારણભૂત છે તેમ અહીં કેવલદર્શન પ્રત્યે ઉપલક્ષણથી કેવલદર્શનાવરણ ક્ષય, કારણભૂત છે એમ જાણવું. તથાહિ-કેવલદર્શનાવરણના ક્ષયથી ઉત્પન્ન થનારો આત્માનો સાક્ષાત્કાર સ્વરૂપી સામાન્ય માત્ર બોધ 'કેવલદર્શન' કહેવાય છે અને કેવલદર્શનના આવરણને 'કેવલદર્શનાવરણ' એમ ઓળખવમાં આવે છે. આ સર્વઘાતી છે તથાચ આત્માએ સ્વભાવિક રીતે પ્રાપ્ત કરેલ દર્શનલબ્ધિના વિનાશમાં નિદ્રાદિકની પ્રવૃત્તિ થાય છે એથી એ 'સર્વઘાતિ' ગણાય છે. ચક્ષુર્દર્શનાવરણ ચતુષ્ટય પૈકી પ્રાથમિક ત્રણ પ્રકૃતિ દેશઘાતિ છે જ્યારે 'કેવલદર્શનાવરણ' સર્વઘાતી છે.

ઉપરોક્ત નિદ્રાદિનું ટુંકું વર્ણન=(૧) નિદ્રા-સુખેથી જાગી શકાય એવી સ્વાપઅવસ્થા વિશેષને 'નિદ્રા' કહેવામાં આવે છે. (૨) નિદ્રાનિદ્રા-જે સ્વાપઅવસ્થાવિશેષમાંથી કષ્ટે કરીને જાગૃત થવાય ઘણીવાર બોલાવે ત્યારે જગાય તે 'નિદ્રાનિદ્રા' કહેવાય છે. (૩) પ્રચલા-ઉભા ઉભા અથવા બેઠા બેઠા જે ઊંઘ આવે તે 'પ્રચલા) કહેવાય છે. (૪) પ્રચલાપ્રચલા-ચાલતાં ચાલતાં જે ઉંઘ આવી જાય તે 'પ્રચલાપ્રચલા' કહેવાય છે. (૫) રત્યાનર્દ્ધિ-દિવસના ચિંતવેલ પદાર્થને લગતી તીવ્ર આકાંક્ષારૂપ વિષયવાળી સ્વાપઅવસ્થાને 'રત્યાનર્દ્ધિ' કહેવામાં આવે છે. આ નિદ્રાવાળી વ્યક્તિ, ઊંઘમાં ને ઊંઘમાં જાગતા માણસની પેઠે હરે ફરે, બજારમાં જઈ વસ્તુઓનું તોલ વિગેરે કરે, વનમાં જઈ પશુઓ સાથે યુદ્ધ કરે, અને હાથીના દંતશુળ પણ કાઢી લાવે. જો આ પ્રથમ સંહનનવાળી વ્યક્તિ હોય તો ચક્રવર્તીના ચોથા ભાગે એનું બળ હોય, નહિ તો જાગૃત અવસ્થા કરતાં સાત-આઠ ગણું ઉત્કૃષ્ટ બલ હોય.

'આવરણક્ષયજન્ય (નિદ્રાવિગેરે[1] રૂપ આવરણક્ષય વિશેષ રૂપકારણજન્ય) જ્ઞાનનો અતિશય - સર્વોત્કૃષ્ટજ્ઞાન હોય છે.' આ વિષય, સ્વાનુભવરૂપ પ્રત્યક્ષ-અનુમાન વિગેરે પ્રમાણોથી પ્રગટ રીતે પ્રતીત થાય છે.

–ઉપરોક્ત ચર્ચાચર્વણથી જે ફલિત થાય છે તેનું કરાવાતું દિગ્દર્શન તથા ૨૫ મા પદનો ઉપસંહાર–

न चास्य कश्चिदविषय इति स्वार्थानतिलङ्घनमेव, इत्थं चैतदु, अन्यथा अविकलपरार्थसम्पादनासम्भवः, तदन्याशयाद्यपरिच्छेदादिति सूक्ष्मधिया भावनीयं, ज्ञानग्रहणं चादौ सर्वा लब्धयः साकारोपयोगोपयुक्तस्येति ज्ञापनार्थमिति अप्रतिहतवरज्ञानदर्शनधराः २५ ॥

ભાવાર્થઃ–પ્રકૃષ્ટજ્ઞાનરૂપ કેવલજ્ઞાનને કોઈપણ, જ્ઞેયવિશેષ (જ્ઞેયવ્યક્તિ) વિષય-ગોચર નથી એમ નથી પરંતુ સર્વજ્ઞેયો-જ્ઞેયમાત્ર વિષય છે. કારણ કે; સર્વે સત્પદાર્થો જ્ઞેયસ્વભાવરૂપ સ્વાર્થનું ઉલ્લંઘન કરતા નથી. અર્થાત્ સર્વે ઉત્પાદવ્યયધ્રૌવ્યાત્મક સત્પદાર્થો, જ્ઞાનવિષયતા - જ્ઞેયત્વરૂપજ્ઞેયસ્વભાવાભિન્ન છે. એટલે જ કેવલજ્ઞાનપ્રતિબંધક તમામ આવરણો દૂર થવાથી કેવલજ્ઞાન, અપ્રતિસ્ખલિત-નિર્વ્યાઘાત-લોકઅલોકમાં સઘળે ઠેકાણે વ્યાઘાતને નહીં પામનારું, વિભુ-સર્વવ્યાપી-સર્વ વિષય વિષયક છે..

આ પ્રમાણે ઉપરોક્ત યુક્તિ કે ન્યાયથી, પ્રકૃત સૂત્રના અપ્રતિહતવર-જ્ઞાનદર્શનધરત્વરૂપ સ્વાર્થના અતિલંઘન-અતિક્રમણનો (ઓળંઘવારૂપ ઉલ્લંઘનનો - હદ બહાર જવાનો) સદંતર અભાવ સિદ્ધ થાય છે. અર્થાત્ અરિહંત ભગવંતોમાં અપ્રતિહતજ્ઞાનદર્શનધરત્વરૂપ પ્રકૃત સૂત્રનો અર્થ-સ્વાર્થ, સંપૂર્ણાંશે વ્યાપ્ત છે વાસ્તે પ્રકૃતસૂત્ર, સત્ય અર્થવાળું છે. જો ભગવંતોમાં પ્રતિહતજ્ઞાનદર્શનધરત્વ માનો તો, અસત્ય અર્થવાળું સૂત્ર થવાથી પ્રકૃત સૂત્રમાં, અપ્રતિહતવર જ્ઞાનદર્શનધરત્વરૂપ સ્વાર્થરૂપ સત્યાર્થનું અતિલંઘન-અતિક્રમણ-હદ બહાર જવાનો પ્રસંગ-આપત્તિ આવે ! જે સર્વથા અનિષ્ટરૂપ છે.

વળી આ પ્રકારે જ-અપ્રતિહતવરજ્ઞાનદર્શનરૂપપ્રકાર વિશિષ્ટ જ આ અરિહંતરૂપ વસ્તુ છે. જો અરિહંતભગવંતોમાં અપ્રતિહતવરજ્ઞાનદર્શનરૂપ પ્રકાર કે વૈશિષ્ટ્ય ન માનવામાં આવે તો અવિકલ-પરિપૂર્ણ પરોપકારરૂપ પરાર્થ સંપાદનનો અસંભવ થઈ જાય ! અર્થાત્ ભગવંતો પરિપૂર્ણ પરાર્થસંપાદકો છે એમ ઘટી શકે નહીં કારણ કે; પુરૂષાર્થ-ઉપયોગી ઈષ્ટતત્ત્વથી ભિન્ન-જુદા જે અભિપ્રાય-દ્રવ્ય-

---

૧ જ્ઞાન અને દર્શન એ બેમાં જ્ઞાન, પ્રધાનપદ ભોગવે છે, કેમકે જ્ઞાન દ્વારા જ સકળશાસ્ત્રાદિના વિષયો પરત્વે વિચાર થઈ શકે છે. વળી જ્ઞાનરૂપ ઉપયોગમાં જ વર્તતો જીવ સર્વલબ્ધિઓ મેળવી શકે છે. આ વાત દર્શનરૂપ ઉપયોગમાં વર્તનારા જીવના સંબંધમાં ઘટી શકતી નથી. કહ્યું પણ છે કે "सव्वाओ लद्धिओ सागारोवओगोवउत्तस्स, नो अणागारोवओगोवउत्तस्स" વળી, જે સમયે આત્મા સમસ્તકર્મથી મુક્ત થાય છે તે સમયે તેને જ્ઞાનરૂપ જ ઉપયોગ હોય છે, દર્શનરૂપ ઉપયોગ તો બીજા સમયે થાય છે. વિશેષમાં કેવલજ્ઞાનીઓને અર્થાત્ સર્વજ્ઞોને પ્રથમ જ્ઞાન અને પછી દર્શન થાય છે, જ્યારે અન્ય છદ્મસ્થ પ્રાણીઓના સંબંધમાં એથી ઉલ્ટી હકીકત છે, અર્થાત્ તેમને તો પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે.

ક્ષેત્ર-કાલ-ભાવરૂપ વિષય-વિષયકજ્ઞાન-બોધનો અસંભવ કે અભાવ વિદ્યમાન છે. વળી સકલહેય વિષયક પરિજ્ઞાન હોયે છતે પરિપૂર્ણ ઉપાદેય વિષયકબોધ, શક્ય છે. કારણ કે; હ્રસ્વદીર્ઘની માફક, પિતા પુત્રની તરેહ હેય અને ઉપાદેય, પરસ્પર-આસપાસ આપસમાં સંબંધી-અપેક્ષિત છે. આ તમામને નહીં જાણનાર, સર્વાંશતઃ પરોપકારરૂપ પરાર્થનું સંપાદન કેવી રીતે કરી શકે ? હરગીજ ન કરી શકે. એટલે જ કહેવાય છે કે પુરૂષાર્થ-ઉપયોગી ઈષ્ટતત્ત્વથી ભિન્ન અભિપ્રાય-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ તથા સમસ્ત હેય-ઉપાદેયરૂપસકલ વિષય-વિષયકજ્ઞાન-પ્રકર્ષશાલી હોઈ ભગવંતો અવિકલ--સર્વાંશતઃ પરાર્થસંપાદન કરવા સમર્થપ્રભુ થાય છે. આમ સૂક્ષ્મબુદ્ધિ-કુશાગ્રબુદ્ધિથી વિચારો !

વળી 'અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરાઃ' આ વિશેષણપદમાં પ્રથમજ્ઞાન[1] અને પછી દર્શનનું ગ્રહણ કરવાનું કારણ એ છે કે; કેવલજ્ઞાન આદિસર્વલબ્ધિઓ, સાકારોપયોગ-જ્ઞાનરૂપ ઉપયોગથી યુક્ત આત્માને જ પ્રગટ થાય છે. કિન્તુ દર્શનરૂપ ઉપયોગથી યુક્ત આત્માને થતી નથી એમ જણાવવા સારૂ જ્ઞાનપદનું અહિં આદિમાં (પહેલું) ગ્રહણ કરેલ છે. ઈતિ એવું આ અવ્યયપદ, અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરરૂપ સૂત્રની વ્યાખ્યા કે વિવરણની સમાપ્તિનું સૂચન કરે છે ૨૫

--'નમોત્થુણં'રૂપ સૂત્ર-સ્તોત્રના ૨૬મા પદની વ્યાખ્યાની અવતરણિકા--

एतेऽप्याजीविकनयमतानुसारिभिर्गोशालशिष्यैस्तत्त्वतः खल्वव्यावृत्तच्छद्मान एवेष्यन्ते, ''तीर्थनिकारदर्शनादागच्छन्तीति'' 'वचनाद्, एतन्निवृत्त्यर्थमाह--

ભાવાર્થ--આજીવિકનયમતના અનુયાયી, ગોશાલાના શિષ્યો, આ તીર્થંકર ભગવંતોને અપ્રતિહતવર-જ્ઞાનદર્શનધરો તરીકે માને છે પરંતુ તત્ત્વતઃ દોષશૂન્ય કે ઘાતિકર્મના ક્ષયવાળા માનતા નથી અર્થાત્ તીર્થનાયકો, દોષવાળા કે ઘાતિકર્મવાળા છે એમ તેઓ માને છે કારણ કે; 'જ્ઞાની એવા તીર્થપ્રવર્ત્તકો પરમપદરૂપ મોક્ષમાં જઈને થતો ધર્મ તીર્થનો તિરસ્કાર જોઈ ફરીથી સંસારમાં આવે છે' આવું તેઓનું વચન, આ વિષયમાં સાક્ષી પૂરે છે.

આજીવિકનયમતાનુયાયિકલ્પિત, તીર્થતિરસ્કાર જોઈ સંસારમાં મુક્ત-ઈશ્વરના આગમનરૂપ માન્યતાનું ખંડન કરવા સારૂ કહે છે કે;

---

૧ तथा चाहुराजीविकनयानुसारिणः--''ज्ञानिनो धर्मतीर्थस्य कर्त्तारः परमं पदम् । गत्वाऽऽगच्छन्ति भूयोऽपि भवं तीर्थनिकारतः'' ॥ सा. मं. अन्य. यो. व्य. श्लो. १

વળી કેટલાક બીજાઓનું પણ કહેવું છે કે 'સજ્જનોના રક્ષણ કાજે, દુષ્ટોના સંહાર કાજે ઈશ્વર-ભગવંત જુગે જુગે જન્મ લે છે.' ''परित्राणाय साधूनां, विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे'' ॥

વળી કેટલાક એમ માને છે કે ધર્મની ગ્લાનિ થતી જોઈને, ધર્મનો વિનાશ થતો જોઈને પરમપદ પામેલા એવા જ્ઞાનીઓ તે સ્થિતિ દૂર કરવાને માટે ફરીવાર જન્મ ધારણ કરે છે.

''वियट्टच्छउमाणं'' व्यावृत्तच्छद्मभ्यः, छादयतीति छद्मघातिकर्म्माभिधीयते ज्ञानावरणादि, तद्बन्धयोग्यतालक्षणश्च भवाधिकार इति, असत्यस्मिन्कर्म्मयोगाभावात्,

ભાવાર્થ– 'જેઓની વ્યાવૃત્ત-નિવૃત્ત-ક્ષીણ થઈ ગઈ છે છદ્મ-અવસ્થા-આત્મ સ્વરૂપને આવરનાર જ્ઞાનઆવરણ આદિ ઘાતિકર્મ અને તે કર્મના બંધનની યોગ્યતા એવા (વ્યાવૃત્તછદ્મા) અરિહંતભગવંતોને નમસ્કાર હો.'

–છદ્મશબ્દની ચર્ચા–

છદ્મ-આત્માના જ્ઞાનદર્શન આદિગુણોને આચ્છાદે - આવરે - ઢાંકે કે દાબીદે તે છદ્મ -[૧]ઘાતિકર્મ (જ્ઞાનાવરણીય - દર્શનાવરણીય - મોહનીય - અંતરાયરૂપ ચારકર્મોને ઘાતિકર્મ કહેવામાં આવે છે.) અર્થાત્ જ્ઞાનઆવરણઆદિચાર કર્મરૂપ ઘાતિકર્મ, છદ્મતરીકે કહેવાય છે અને જ્ઞાનઆવરણ આદિઘાતિકર્મની કષાયયોગપ્રવૃત્તિ (પરિણતિ) રૂપ[૨] બંધ[૩] યોગ્યતારૂપ સ્વભાવવાળો [૪]ભવાધિકાર પણ છદ્મ તરીકે કહેવાય છે. કારણ કે; ઘાતિકર્મનું કારણ ભવાધિકાર છે. તથાચ ઘાતિકર્મરૂપ કાર્યને અને તેના કારણરૂપ ભવાધિકારને-બંનેને 'છદ્મ' કહેવામાં આવે છે. એવંચ ઘાતિકર્મરૂપકાર્યના પ્રતિ ઘાતિકર્મબંધ યોગ્યતારૂપ [૫]ભવાધિકાર,

---

૧ આત્માસાથે ચોંટેલી કાર્મણ વર્ગણા તે 'કર્મ' કહેવાય છે.

૨ કાર્મણવર્ગણાનું આત્મા સાથે મિશ્રણ થવું તે 'બંધ'

૩ આત્મા કર્મસ્કંધો સાથે વીંટાઈ શકે, અને કર્મસ્કંધો આત્મામાં ગુંથાઈ શકે, તેવી બન્નેયની અનાદિકાલીન કુદરતી લાયકાત છે અને આકાશ આદિમાં તેવી લાયકાત ન હોવાથી તેમ બની શકતું નથી. એટલે એ બે દ્રવ્યોમાં બીજી અનંત અનંત લાયકાતો સાથે પરસ્પર ગુંથાવાની લાયકાત પણ છે. જેને પરિણામે આપણે જોઈએ છીએ તેવી આ વિવિધજીવ અને જડની સૃષ્ટિ જોવામાં આવે છે.

૪ सहजं तु मतं विद्यात्, कर्मसम्बन्धयोग्यताम् । आत्मनोऽनादिमत्त्वेऽपि, नायमेनां विना यतः ॥ यो. वि. श्लो. १६४ ॥ આત્માની કર્મસંબંધ યોગ્યતાને 'સહજમલ' કહે છે. આત્મા અનાદિમાન હોવા છતાં આ યોગ્યતા સિવાય બંધ ઘટી શકે નહીં.

૫ 'दिदृक्षाभवबीजादिशब्दवाच्या तथा तथा । इष्टा चान्यैरपिद्योषा, मुक्तिमार्गावलम्बिभिः ॥ यो वि. श्लो. १६९ पुरुषस्य प्रकृतिविकारान्द्रष्टुमिच्छा दिदृक्षा सांख्यानां, भवबीजं शैवानां, भ्रान्तिरूपाऽविद्या वेदान्तिकानां, अनादिक्लेशरूपा वासना सौगतानां, ततो दिदृक्षाभवबीजादिभिः शब्दैरुच्यते या सा। तथा तथा तेन तेन दर्शनभेदप्रकारेण । इष्टा चाभिमतैव । अन्यैरप्यस्मद्विलक्षणैः किं पुनरस्माभिरित्यपिशब्दार्थः । एषा कर्मबन्ध योग्यता । मुक्तिमार्गावलम्बिभिर्निर्वृतिपुरपथप्रस्थितैरिति ।

–ભિન્ન ભિન્ન-મતાભિમત એકાર્થક શબ્દપરિભાષા–

| સાંખ્ય | શૈવ | વેદાન્તિક | બૌદ્ધ | જૈન |
|---|---|---|---|---|
| દિદૃક્ષા | ભવબીજ | ભ્રાન્તિરૂપ | અનાદિક્લેશ- | ઘાતિકર્મજનક- |
| પુરૂષની પ્રકૃતિ | | અવિદ્યા | રૂપવાસના | કર્મબંધયોગ્યતા- |
| વિકારો જોવાની ઈચ્છા | | | | રૂપ ભવાધિકાર |

કારણ છે, ઘાતિકર્મબંધ-યોગ્યતારૂપ ભવાધિકાર હોય તો જ ઘાતિકર્મની હયાતી છે, ઘાતિકર્મબંધ યોગ્યતારૂપ ભવાધિકારનો અભાવ હોયે છતે ઘાતિકર્મરૂપ છદ્મનો ક્ષય થાય છે.

માટે અન્વયવ્યતિરેકશાલીમાં કાર્યકારણપણું ઘટતું હોવાથી ઘાતિકર્મ પ્રત્યે તદ્બંધયોગ્યતારૂપ ભવાધિકાર એ કારણ છે. !

–આ વિષયમાં અન્ય મતાનુયાયીઓના સંવાદકથનપૂર્વક પ્રકૃત સમાસના વિગ્રહનું નિરૂપણ–

**अत एवाहुरपरे-''असहजाऽविद्ये''ति, व्यावृत्तं छद्म येषां ते तथाविधा इति [3]विग्रहः,**

ભાવાર્થ-એથી જ-ભવાધિકારના અભાવમાં કર્મયોગનો અભાવ હોવાથી જ અન્ય મતાનુયાયીઓ કહે છે કે 'અસહજ અવિદ્યા'=જે ચેતનસ્વભાવરૂપ નથી એવી [2]અવિદ્યા-અનિત્યમાં નિત્યત્વબુદ્ધિરૂપ, અપવિત્રમાં પવિત્રપણાની બુદ્ધિરૂપ, દુઃખમાં સુખની બુદ્ધિરૂપ, દેહ વિગેરે અનાત્મપદાર્થમાં આત્મત્વબુદ્ધિરૂપ અવિદ્યા-બુદ્ધિવિપર્યાસ, કર્મજનિત છે. અર્થાત્ અવિદ્યાનું કારણ કર્મ છે. જ્યારે અવિદ્યાનું કારણ કર્મ ચાલ્યું જાય છે. ત્યારે અવિદ્યા પણ ચાલી જાય છે' તથાચ ઘાતિકર્મરૂપ છદ્મ અને ઘાતિકર્મબંધયોગ્યતારૂપ ભવાધિકારરૂપ છદ્મ અર્થાત્ કાર્યરૂપ અને તેના કારણરૂપ છદ્મ એમ બંને પ્રકારના છદ્મ જેમના ચાલ્યાં ગયાં છે તે વ્યાવૃત્તછદ્મવાળા અરિહંત ભગવંતો કહેવાય છે. એમ [3]વિગ્રહ સમજવો.

–પ્રકૃત છદ્મવ્યાવૃત્તિની ચાલુ ચર્ચા–

**नाक्षीणे संसारेऽपवर्गः, क्षीणे च न जन्मपरिग्रह इत्यसत्, हेत्वभावेन तद्भावेन सदा तदापत्तेः, न तीर्थनिकारो हेतुः, अविद्याऽभावेन तत्संभवाभावात्, तद्भावे च छद्मस्थास्ते, कुतस्तेषां केवलमपवर्गोविति ? भावनीयमेतत्,**

ભાવાર્થ– તથાચ જ્યાં સુધી કર્મરૂપ સંસારનો ક્ષય ન થાય, ત્યાં સુધી કર્મક્ષયરૂપ અપવર્ગ-મોક્ષ ન થાય અને કર્મરૂપ સંસારનો ક્ષય થાય ત્યારેજ જન્મનો પરિગ્રહ (ધારણ) ન થાય. આ વ્યાપ્તિ છે માટે તમારી બાબત, અસત્-ખોટી છે, છતાં જન્મ માનો તો, અપવર્ગના હેતુ-કારણનો અભાવ હોઈ સદાકાળ જન્મને ધારણ કરનાર ઈશ્વર થશે !

---

[1] समासप्रागभाविनो वाक्यस्य लक्षणं संज्ञां चाह-'समर्थः पदसमुदायो विग्रहो वाक्यमिति च' । अयं भावः 'समासैकशेषकृतद्धितक्यनाद्यन्ताधातुरूपाः पञ्च वृत्तयः । परार्थाभिधानं वृत्तिः (परार्थाभिधानमित्यस्यार्थस्तु परस्य शब्दस्योपसर्जनार्थकस्य यत्र शब्दान्तरेण प्रधानार्थकपदेनार्थाभिधानं विशेषणत्वेन ग्रहणं सा वृत्तिः) वृत्त्यर्थावबोधकं वाक्यं विग्रहः । स द्विधा लौकिकोऽलौकिकश्च । परिनिष्ठतत्वात्साधुर्लौकिकः, प्रयोगानर्होऽलौकिकः । यथा राज्ञः पुरुषः-राजन् अस् पुरुषस् इति । है. ल. प्र. वृ. है. प्र. पृ. २५४

[2] अविद्या-ज्ञानाभावः । अत्र मतभेदेन बहुप्रकाराः सन्ति । विस्तरभयान्नोच्यन्ते । अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या (पात. यो. सू. २-५) । अनात्मनि च देहादावात्मबुद्धिस्तु देहिनाम् । अविद्या (सर्व. सं. पृ. ३६२ पातञ्ज.) यदेव पररूपादर्शनं सैवाविद्या (सर्व. सं. पृ. ४५८शांकर.) । असत्प्रकाशनशक्तिरविद्या (सर्व. सं. पृ. ४३९ शांकर.) अविद्या च (वैशेषिकमते) दूरत्वपित्तदोषेत्यादीन्द्रियदोषजन्यो बुद्धिविशेषः (अयथार्थबुद्धिः) (प्रशस्त. गु. पृ. २३) ।

[3] વિગ્રહ- સમાસનો અર્થ, શબ્દો છૂટા વાપરી દર્શાવવો તેને સમાસનો વિગ્રહ કરવો કહે છે. વિગ્રહ-છૂટું કરવું તે.

વળી ધર્મધ્વંસ જોઇ ધર્મતીર્થની પુનઃ સ્થાપના કરૂં કે જેથી પ્રાણીઓનો સંસારસાગરથી નિસ્તાર થાય એવી કરૂણાબુદ્ધિથી જન્મ-અવતાર લે છે અર્થાત્ જન્મ-ધારણમાં ધર્મ તીર્થનો તિરસ્કાર એ હેતુ છે એમ કહેવું ગેરવ્યાજબી છે. કેમકે; કર્મકૃત બુદ્ધિવિપર્યાસરૂપ અવિદ્યાકે ભવાધિકારરૂપ હેતુનો અભાવ હોવાથી જન્મનો-અવતરવાનો સંભવમાત્રપણ નથી. જો ઇશ્વરમાં ભવાધિકાર કે અવિદ્યા માનો તો, ઇશ્વર, ભવાધિકાર અને ઘાતિકર્મરૂપ છદ્મવાળા-છદ્મસ્થ થઇ જાય તો છદ્મસ્થરૂપ તેઓમાં સર્વ પદાર્થ વિષયક કેવલજ્ઞાન પણ કયાંથી સંભવે ? અથવા સકલકર્મક્ષયરૂપ અપવર્ગ-મોક્ષનો સંભવ પણ કેવી રીતે ? આ વિષયને ખૂબ વિચારો !

–મુક્તઆત્માઓ સંસારમાં ફરીથી ફેરો મારે છે એવા મતનું નિરાકરણ-અને ભવ્યોની મુક્તિ સતત હોવાથી સંસાર, શૂન્યમાં ફેરવાઇ જશે એવી માન્યતાનું સખ્ત કે પુખ્ત ખંડન–

न चान्यथा भव्योच्छेदेन संसारशून्यतेत्यसदालम्बनं ग्राह्यं आनन्त्येन भव्योच्छेदासिद्धेः, अनन्तानन्तकस्यानुच्छेदरूपत्वात् ।

ભાવાર્થ-(શંકા) જો તમે મોક્ષમાં ગયેલ મુક્ત આત્માઓ સંસારમાં ફરીથી આવતા નથી એમ માનશો તો, ભવ્યોનો (મોક્ષગમનયોગ્યોનો) ઉચ્છેદ-ધ્વંસ થવાથી સંસાર-સૃષ્ટિ, શૂન્ય-ભવ્યજીવવગરની થઈ જ જશે ને ?

સમાધાન–આવા કુતર્કનું તમારે આલંબન લેવું ઠીક નથી. કારણ કે, ભવ્યોનું અનંતપણું હોવાથી અર્થાત્ ભવ્યો 'મધ્યમ'[1] અનન્તાનંત પ્રમાણવાળી સંખ્યામાં વર્તતા હોવાથી ભવ્યોના ઉચ્છેદની અસિદ્ધિ કે અસંભવિતતા છે. કારણ કે; અનંતાનંતક-અનંતાનંત સંખ્યાવાળી વસ્તુ, અનુચ્છેદરૂપ- [2]અક્ષય-અનંત-નિત્યરૂપ છે.

---

૧-અનંત આત્મક સંખ્યાનું ભેદોપૂર્વક સ્વરૂપ–

(૧) જઘન્ય પ્રત્યેક અનંત (૨) મધ્યમ પ્રત્યેક અનંત (૩) ઉત્કૃષ્ટ પ્રત્યેક અનંત (૪) જઘન્યયુક્ત અનંત-આ ચોથ. અનંતે અભવ્ય જીવો છે. જઘન્યયુક્ત અનંત પ્રમાણ હોવાથી (૫) મધ્યમયુક્ત અનંત, આ અનંતે સિદ્ધો છે. અભવ્યોથી. અનંતગુણા જીવો સિદ્ધ થયેલા છે. (સમ્યક્ત્વપતિતો પણ આ અનંત છે) (૬) ઉત્કૃષ્ટયુક્ત અનંત (૭) જઘન્ય અનંતાનંત (૮) મધ્યમઅનંતાનંત-આ અનંતાનંત રૂપ અનંત નામક સંખ્યામાં બાવીસ વસ્તુઓ છે. જે અનુક્રમે અધિકાધિક છે. તથાહિ (૧) પર્યાપ્ત બાદર વનસ્પતિકાય (સિદ્ધો કરતાં એક નિગોદમાં પણ અનંતા જીવો છે) (૨) બાદરપર્યાપ્તા જીવ (૩) અપર્યાપ્ત બાદર વનસ્પતિકાય (૪) બાદર અપર્યાપ્ત જીવ (૫) સર્વ બાદર જીવ (૬) સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ (૭) સૂક્ષ્મ અપર્યાપ્ત (૮) સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ (૯) પર્યાપ્ત સૂક્ષ્મ જીવો (૧૦) સર્વ સૂક્ષ્મ જીવો (૧૧) ભવ્ય જીવો. ચોથા અનંત જેટલા અભવ્યો સિવાય સર્વે ભવ્ય હોવાથી (૧૨) નિગોદ જીવો (૧૩) વનસ્પતિ જીવો (૧૪) એકેન્દ્રિય જીવો (૧૫) તિર્યંચ જીવો (૧૬) મિથ્યાદૃષ્ટિ જીવો (૧૭) અવિરત જીવો (૧૮) સકષાય જીવો (૧૯) છદ્મસ્થ જીવો (૨૦) સયોગી જીવ (૨૧) સંસારી જીવ (૨૨) સર્વ જીવો.

તથાચ જેટલા જીવ, વ્યવહારરાશિથી નીકળી મોક્ષે જાય છે. તેટલા જીવ, અનાદિ નિગોદમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવે છે. માટે આ સંસાર કદી ભવ્ય જીવોથી ખાલી થશે નહીં. જેવી રીતે નિગોદરાશિ અક્ષય-અનંત છે, તેવી રીતે ભવ્યજીવરાશિ પણ અક્ષય-અનંત છે.

૨ यथाचोक्तं वार्तिककारेण 'अत एव च विद्वत्सु मुच्यमानेषु सन्ततम्, ब्रह्माण्डलोकजीवानामनन्तत्वादशून्यता ॥१॥ अत्यन्यूनातिरिक्तैर्वुज्यते परिमाणवत् । वस्तुन्यपरिमेये तु नूनं तेषामसम्भवः ॥२॥

–प्रकृतविषयनी चालु चर्चा–

अन्यथा सकलमुक्तिभावेनेष्टसंसारिवदुपचरितसंसारभाजः सर्वसंसारिण इति बलादापद्यते, अनिष्टं चैतदिति, व्यावृत्तच्छद्मान इति २६ ॥

भावार्थ-जो भव्योना अनंतानंतने उच्छेदरूप मानो तो, तमाम भव्योनी मुक्ति होई-सर्वजीवोनी मुक्ति होई, तमारा मते तीर्थनिकारने जोई संसारमां पाछा फरेल ईष्ट (मुक्तभगवान् गोशाल-विवक्षितगोशालक आदि) संसारीनी माफक, समस्त संसारीओ उपचरित (आरोपित-असत्य) संसारने भजवावाळाओ छे अर्थात् सर्वसंसारीओ, औपचारिक-असत्य-कल्पित-मिथ्या संसारीओ कहेवाय ! एम बलात्कारथी-अनिच्छाए आपत्ति आवी पडे छे. आ आपत्तिने ईष्टापत्तिरूप बनावी शको एम नथी. कारण के; कोण श्रोता (उपदेश्य) ? के कोण वक्ता ? (उपदेशक) तेनो अभाव छे. अर्थात् उपदेश्यउपदेशकपणानो अभाव होई आ आपत्ति अनिष्टरूप छे.

एटले ज अमो कहीए छीए के 'जेओना घातिकर्मरूप छद्म अने तेना कारणरूप घातिकर्मबंधयोग्यतारूप भवाधिकाररूप छद्म,एम उभयनो क्षय करनार एवा अरिहंत परमात्माने नमस्कार हो !' इति-आ प्रमाणेनुं अव्ययपद, २६ मा पदनी व्याख्यानी समाप्तिनी सूचना करे छे.

–शक्रस्तवनी (७) मी संपदानो करातो उपसंहार–

एवमप्रतिहतवरज्ञानदर्शनधरत्वेन, व्यावृत्तच्छद्मतया चैतद्रूपत्वात्, स्तोतव्यसम्पद एव सकारणा स्वरूपसम्पदिति, ।

भावार्थ-अरिहंतभगवंतनुं एवुं कयुं स्वरूप छे के जेथी ते सतत स्तुति करवा योग्य नियत बने छे ? आवा प्रश्नना समाधानरूप, अरिहंत भगवंतो, अनंतज्ञान अनंतदर्शन अने उपरोक्त कर्मरूप छद्मक्षयमय होई तेमनुं अप्रतिहतवरज्ञानदर्शनधरत्व, व्यावृत्तछद्मत्व (क्षीणकर्मत्व-सकल-कर्मक्षय) रूपस्वरूप, ''अप्पडिहयवरनाणदंसणधराणं वियट्टछउमाणं'' सुधीना बे पदोमां दर्शाव्युं छे. माटे आ बे पदवाळी (७) मी स्वरूप संपदा, ते पहेली स्तोतव्यसंपदाना ज कारणवाळी छे-कारण गर्भित स्वरूप संपदा छे.

–हवे चार पदोवडे आत्मतुल्यपरफलकर्तृत्व अथवा निजसमफलद नामनी (८)मी संपदानुं विवरण करतां पहेलां प्रथम पदनी व्याख्यानी आदिमां शास्त्रकारवडे करातो रोचक अवतरणिका–

---

अर्थ-वार्तिककारे पण कह्युं छे के "आ ब्रह्मांडमां अनंत जीवो छे, माटे संसारमांथी ज्ञानी जीवो मुक्तिमां जता रहे छतां आ संसार, जीवोथी खाली थतो नथी. जे वस्तुनुं परिमाण होय छे तेनो अंत थाय छे, ते घटे छे अने समाप्त पण थाय छे. अपरिमित-अनंतानंतात्मक वस्तुनो कदी अंत थतो नथी, ते घटती नथी, अने समाप्त पण थती नथी.

१ जीवोने परिमित मानवामां मुक्तजीवो संसारमां पाछा फरवा जोईअे ए एक आपत्ति, अथवा आ संसार कोई दिवस संसारीजीवोथी शून्य थई जाय ए बीजी आपत्ति छे. ए बे महा आपत्तिओनी पण संगति करवी.

२ जे जीवोना कर्म नष्ट थई गया छे ते फरीथी संसारमां आवता नथी, कह्युं छे के जेम जेम बीज बळीने खाख थया पछी अंकुर पेदा करी शकतुं नथी. तेम कर्मरूपी छद्मबीज, बळीने खाख थया पछी संसाररूपी अंकुर पेदा करी शकतुं नथी.

एतेऽपि कल्पिताविद्यावादिभिस्तत्त्वान्तवादिभिः परमार्थेनाजिनादय एवेष्यन्ते "भ्रान्तिमात्रमसदविद्ये" ति वचनाद्, एतद्व्यपोहायाऽऽह-

ભાવાર્થ=કલ્પિત અવિદ્યાવાદીઓ (વેદાંતપક્ષે પ્રપંચકારણરૂપ માયા (અવિદ્યા) નું અનિર્વાચ્યપણું હોવા છતાં અસદ્ અવિદ્યા (માયા) વાદીઓ-અદ્વૈતવાદુઓ) એવા [1]કલ્પિત (કલ્પેલી-કૃત્રિમ) અવિદ્યા છે એમ બોલનારાઓ, તત્વાંતવાદીઓ (સ્વસ્વરૂપાવચ્છિન્નપૂર્ણાવસ્થાજ્ઞાનમાત્ર-તત્ત્વનિષ્ઠારૂપ તત્ત્વાંત એટલે વસ્તુતઃ નિરાકારસ્વચ્છસંવેદનરૂપ જ્ઞાન જ, વસ્તુ છે. એમ બોલવાના સ્વભાવવાળા-તત્ત્વાંત વાદીઓ) બુદ્ધશિષ્યો પૈકી ચોથા [2]પ્રસ્થાનવર્તી માધ્યમિકો છે. એમ સંભાવના કરાય છે.

---

૧ "नाऽन्योऽनुभाव्यो बुद्धयास्ति, तस्या नाऽनुभवोऽपरः । ग्राह्यग्राहकवैधुर्यात्, स्वयं सैव प्रकाशते ॥ बाह्यो न विद्यते ह्यर्थो, यथा बालैर्विकल्प्यते, वासनालुठितं चित्तमर्थाभासे प्रवर्त्तते" इति कस्मिंश्चिद् बौद्धग्रन्थे ॥

અર્થ-બુદ્ધિમાં પ્રતિભાસિત થનાર પદાર્થ, (અનુભાવ્ય) બુદ્ધિથી જુદી કોઈ વસ્તુ નથી, તેમ અનુભવ પણ બુદ્ધિથી જુદો કોઈ પદાર્થ નથી. ગ્રાહ્ય (અનુભાવ્ય) અને ગ્રાહક (અનુભવ) બે અભિન્ન હોવાથી સ્વયં બુદ્ધિ જ ગ્રાહ્ય-ગ્રાહકરૂપથી પ્રતિભાસિત થાય છે મૂર્ખ લોકોએ કલ્પેલ-માનેલ બાહ્ય પદાર્થ કોઈ વસ્તુ નથી પરંતુ અનાદિકાલની અસદ્ અવિદ્યાની વાસનાના કારણથી બુદ્ધિમાં નાનારૂપ પ્રતિભાસિત થાય છે.

૨ બૌદ્ધોના ચાર પ્રસ્થાનોનું આછું સ્વરૂપ–

"अर्थो ज्ञानसमन्वितो मतिमता वैभाषिकेणोच्यते, प्रत्यक्षो नहि बाह्यवस्तुविसर, सूत्रान्तिकैराश्रितः । योगाचारमतानुगैरभिहिता साकारबुद्धिः परा, मन्यन्ते बत मध्यमाः कृतधियः स्वच्छां परां संविदम् ॥"

અર્થ–(૧) વૈભાષિક-વૈભાષિક બૌદ્ધો, પ્રત્યક્ષ પ્રમાણથી બાહ્ય પદાર્થોનું અસ્તિત્વ માને છે. જ્ઞાન, નિરાકાર હોય છે. અને આ જ્ઞાન પદાર્થની સાથે એક જ સામગ્રીથી પેદા થાય છે. બાહ્ય ઘટપટાદિ અને આંતરજ્ઞાનાદિ વસ્તુતત્ત્વને સત્યપણાએ સ્વીકારે છે, જ્ઞાનયુક્ત અર્થને માને છે.

(૨) સૌત્રાન્તિક–આ લોકોના મતમાં પદાર્થોનું જ્ઞાન, પ્રત્યક્ષથી થતું નથી આ બાહ્ય પદાર્થ સમુદાય, આલંબનનું નિમિત્તપણું હોઈ બાહ્ય પદાર્થોના આલંબનથી થતા પ્રત્યક્ષજ્ઞાનના કાલમાં ક્ષણિકપણું હોવાથી નષ્ટ થયેલ હોઈ, પ્રત્યક્ષ જ્ઞાનગતનીલ વિગેરે આકાર, અન્યથા ન ઘટી શકે તે રૂપ હેતુથી, પાછળથી અનુમાનનો વિષય થાય છે.

–પ્રત્યક્ષ તો તે જ્ઞાનનું સ્વસ્વરૂપ છે, કારણ કે, સ્વસંવેદનરૂપ છે. જો કે આ બાહ્ય અને આંતર બે પ્રકારના તત્ત્વને માને છે. પરંતુ બાહ્ય પદાર્થોનું પ્રત્યક્ષ માનતો નથી. ઘટપટ વિગેરે નાના આકારવાળું જ્ઞાન છે, તે જ્ઞાનથી બાહ્યપદાર્થો છે, એમ અનુમાન કરાય છે. અર્થાત્ ઉક્ત અનુમાનથી બાહ્ય પદાર્થોના જ્ઞાનને કબૂલે છે.

(૩) યોગાચાર=આ વિજ્ઞાનવાદીલોક, શૂન્યવાદીઓની માફક તમામ ધર્મોને નિઃસ્વભાવ-શૂન્ય માને છે, વિજ્ઞાનવાદીઓના મતમાં વિજ્ઞાનને છોડી બાહ્ય પદાર્થ કોઈ નથી, કુદ્રષ્ટિવાળા મૂર્ખલોકોને અનાદિ વાસનાના કારણે પદાર્થોમાં એકત્વ, અન્યત્વ, ઉભયત્વ અનુભયત્વરૂપ જ્ઞાન પેદા થાય છે. વાસ્તવમાં સમસ્તભાવ, સ્વપ્નજ્ઞાન-માયા-અને ગન્ધર્વનગરની માફક અસદ્-અવિદ્યમાનરૂપ છે. વાસ્તે પરમાર્થ સત્યથી સ્વયંપ્રકાશક જ્ઞાન જ સત્ય છે. આ તમામ દેખાતું જગત્ વિજ્ઞાનનું પરીણામજ છે અને આ સંવૃતિસત્યથી દ્રષ્ટિગોચર થાય છે. અર્થાત્ આ બાહ્ય પદાર્થોનો સર્વથા અપલાપજ કરે છે. ફક્ત આન્તરજ્ઞાનનામના તત્ત્વનેજ સ્વીકારે છે. ગ્રાહ્યગ્રાહકરૂપથી જ્ઞાનજ પ્રતિભાસે છે, વસ્તુથી બાહ્યપદાર્થો છે જ નહીં એમ માને છે. આકારવાળી બુદ્ધિને જ પરરૂપ-સાર કે તત્ત્વરૂપ માને છે.

(૪) માધ્યમિક=જેમ અસત્ માયાગજ, સદ્રૂપથી પ્રતીત થાય છે. જેમ અપરમાર્થિક માયા, પરમાર્થરૂપથી માલુમ પડે છે તેમ.

કારણ કે; નિરાકારસ્વચ્છસંવેદનરૂપ જ્ઞાન સિવાય બીજા બધા જ્ઞાનોને ભ્રાંતિમાત્રરૂપ છે, એમ માની એકાંતે અસદ્-અવિદ્યમાન તરીકે વદે છે. આનું ખંડન કરવા કહે છે કે;

–ઉપરોક્ત બૌદ્ધમતનું કરાતું સુચારૂખંડન–

''जिणाणं जावयाणं''-जिनेभ्यो जापकेभ्यः, तत्र 'रागद्वेषकषायेन्द्रियपरीषहोपसर्गघातिकर्मजेतृत्वाज्जिनाः, न खल्वेषामसतां जयः, असत्त्वादेव हि सकलव्यवहारगोचरातीतत्वेन जयविषयताऽयोगात्,

ભાવાર્થ–'જિનોને-રાગ આદિ દોષોને સ્વયં જિતનારાઓને, તથા જાપકોને-સદુપદેશ આદિ વડે અન્યને, રાગ આદિ દોષોને જિતાડનારાઓને નમસ્કાર હો !'

–ઉપરોક્ત પદોનું સવિસતર વર્ણન–

ત્યાં-જિનજાપકરૂપ સૂત્રઘટક જિનશબ્દનો અર્થ-રાગ, (પ્રીતિ-પ્રેમ-ઇચ્છા-અભિલાષ) દ્વેષ (વૈર-ઈર્ષ્યા-ખાર-કીન્નો) [૨]કષાય, [૩]ઇન્દ્રિય, [૪]પરીષહ, [૫]ઉપસર્ગ, [૬]ઘાતિકર્મરૂપ ભીતરના-ભાવદુશ્મનોને સ્વયં જિતનારા તે 'જિન' કહેવાય છે.

---

૧ रागेति 'रागदोसकसाये' त्यादिनिरुक्तेः ।

સંપૂર્ણ અતાત્ત્વિકધર્મ, અવિદ્યાના કારણથી તત્ત્વરૂપથી દ્રષ્ટિગોચર થાય છે. વાસ્તવમાં કોઇ પદાર્થ ઉત્પન્ન થતો નથી, નષ્ટ થતો નથી, કયાંક લાભ કે હાનિ નથી, સત્કારે કે તિરસ્કાર નથી, દુઃખ કે સુખ નથી, પ્રિય કે અપ્રિય નથી, તૃષ્ણા નથી, કોઇ જીવલોક નથી, કોઇ મરતો કે જન્મતો નથી, કોઇ ઉત્પન્ન થવું કે થશે નહિં, કોઇકોઇનો મિત્ર કે બંધુ નથી, જે પદાર્થ અમોને ભાવરૂપ કે અભાવરૂપ પ્રતીત થાય છે તે કેવળ સંવૃતિ અથવા લોક સત્યની દ્રષ્ટિથી જ પ્રતીત થાય છે પરમાર્થ સત્યની અપેક્ષાથી એક નિર્વાણજ સત્ય છે. બાકીનો બધો સંસ્કાર અસત્ય છે માટે તમામ ધર્મોને નિઃસ્વભાવ-શૂન્યજ માનવા જોઇએ, કેમકે શૂન્યતાથી જ પદાર્થોનું રહેવું કે થવું છે તથાચ સ્વચ્છ (નિરાકાર) તત્ત્વનિષ્ઠારૂપ પરસંવેદન-જ્ઞાનને માને છે. આ ચાર બૌદ્ધોએ જિનપણે સ્વીકાર્યો છે.

૨ ક્રોધ-માન-માયા-લોભ એ ચાર કષાય છે. ક્રોધ એટલે ગુસ્સો-ખેદ,ઈર્ષ્યા, માન એટલે મદ-અહંકાર-અભિમાન, માયા એટલે કપટ, લોભ એટલે તૃષ્ણા એ અધિકની ઇચ્છા અર્થાત્ કષાયરૂપ આશ્રવના વિજેતા 'જિન' કહેવાય છે.

૩ ઇન્દ્રિય આશ્રવના વિજેતા તથાહિ (૧) સ્પર્શેન્દ્રિયના અનુકૂળ પ્રતિકૂળ વિષયોમાં રાગદ્વેષના અભાવરૂપ જય વિધાતા. (૨) અનુકૂલ રસવાળા પદાર્થો પર રાગનો તેમ જ પ્રતિકૂલ રસવાળા પદાર્થો પર દ્વેષનો અભાવ હોઇ રસનેન્દ્રિય વિજેતા છે. (૩) સુગંધી પદાર્થો પામીને રાગનો, દુર્ગંધવાળા પદાર્થ પામી દ્વેષનો અભાવ હોઇ ઘ્રાણેન્દ્રિયના વિજેતા છે. (૪) મનોહર શબ્દો પર રાગનો અને અમનોહર પદાર્થો પર દ્વેષનો અભાવ હોઇ શ્રોત્રેન્દ્રિય વિજેતા છે. (૫) મનોહર રંગ, રૂપ ને આકારવાળા પદાર્થો પર રાગભાવનો અને અમનોહર રંગરૂપ ને આકારવાળા પદાર્થો પર દ્વેષભાવનો અભાવ હોવાથી ચક્ષુરિન્દ્રિય વિજેતા છે.

૪ ક્ષુધાપરિ. તૃષાપરિ. શીતપરિ. ઉષ્ણપરિ. દંશપરિ. અચેલકપરિ. અરતિપરિ. સ્ત્રીપરિ, ચર્યાપરિ. નૈષેધિકીપરિ. શય્યાપરિ. આક્રોશપરિ. વધપરિ. યાચનાપરિ. અલાભપરિ. રોગપરિ. તૃણસ્પર્શપરિ. મલપરિ. સત્કારપરિ. પ્રજ્ઞાપરિ. અજ્ઞાનપરિ. સમ્યક્ત્વપરિ. યથાયોગ્ય આ પરિસહોને ક્ષમાપૂર્વક સહીને જિતનારા જિનભગવંતો છે.

જો આ રાગ વિગેરે, અસત્-અવિદ્યમાન છે. (શશશૃંગ કે આકાશકુસુમની માફક અસત્ છે) તો રાગ વિગેરેરૂપ અંતર અરિઓનો [૧]જય-નિગ્રહ (જીત મેળવવી તે-જીત-કબ્જો-કાબૂમાં રાખવું તે) સંભવી શકે જ નહીં. કારણ કે; રાગ વિગેરે ભાવશત્રુઓની સત્તાનો (અસ્તિત્વનો-હોવાપણાનો) અભાવ હોવાથી જ તે રાગાદિમાં સકલ વ્યવહારની વિષયતારૂપ યોગ્યતાનો અભાવ છે. અર્થાત્ અનુગ્રહ-કૃપા કરવી તે અને નિગ્રહ-કાબૂમાં રાખવું તે વિગેરેરૂપ સકલ લોકવ્યવહારની યોગ્યતારહિતપણું હોવાથી જેમ વાંઝણીનો છોકરો એવો વ્યવહાર થતો નથી તેમ અસત્ હોવાથી રાગાદિ, લોકના સકલ વ્યવહારની બહાર છે-લાયકી વગરના છે.

એટલે જય રૂપ ક્રિયાના (જીતવાની ક્રિયાના) પ્રત્યે રાગ વિગેરેમાં વિષયભાવ (વિષયતા) નો અભાવ છે. રાગાદિને અસત્ માનવાથી રાગાદિનો જય (વશીકરણ) અસત્-મિથ્યા ઠરે છે.

—રાગાદિ, ભ્રાંતિરૂપ છે આ કલ્પના (સિદ્ધાંત-મંતવ્ય) જ ભ્રાંતિથી જન્મેલી છે એ વિગતની વિસ્તારપૂર્વક સમજુતી- भ्रान्तिमात्रकल्पनाऽप्येषामसङ्गतैव, निमित्तमन्तरेण भ्रान्तेरयोगात्,

ભાવાર્થ—''ભ્રાન્તિમાત્ર, અસદ્-અવિદ્યમાન છે'' આવા વચનોથી રાગાદિ, [૨]ભ્રાંતિમાત્ર રૂપ છે કલ્પના (મંતવ્ય-માન્યતા) પણ (રાગાદિના કેવલજયની વાત તો દૂર રહી પણ તે ભ્રાન્તિની કલ્પના પણ એ 'અપિ' શબ્દનો અર્થ સમજવો) અસંગત જ-અઘટતી જ છે-બરોબર બંધબેસતી નથી જ. અર્થાત્ રાગાદિમાં (અસત્તાના કારણરૂપે) ભ્રાંતિની કલ્પના, યુક્તિ કે વજૂદ વગરની છે. કારણ કે; જીવથી ભિન્ન-જુદા કર્મરૂપ નિમિત્ત સિવાય ભ્રાંતિનો અભાવ છે.

---

૫ દેવકૃત-મનુષ્યકૃત-તિર્યંચકૃત, અનુકૂલ કે પ્રતિકૂલ ઉપસર્ગ-ઉપદ્રવોને અણનમ રહી જિતનારા તે 'જિન'. તથાચ 'ઋષભાદિ જિનેશ્વરોએ પ્રરૂપેલા જ્ઞાન દર્શન ચારિત્રરૂપ સરલ માર્ગ વડે પરિષહોની સેનાને હણી (જીતી) પરમપદરૂપી મોક્ષસ્થાનને પ્રાપ્ત કરો, હે ક્ષત્રિયોને વિષે ઉત્તમ વૃષભસમાન ! તમે જય પામો ! ઘણા દિવસો સુધી, ઘણાં પખવાડીયાં સુધી, ઘણાં મહીના સુધી, બબ્બે માસ પ્રમાણ હેમંતાદિ ઘણી ઋતુઓ સુધી, છ છ માસ પ્રમાણ દક્ષિણાયન અને ઉત્તરાયન લક્ષણવાળાં ઘણાં અયનો સુધીતથા ઘણાં વર્ષો સુધી પરિષહો અને ઉપસર્ગોથી નિર્ભય રહીને વિજળી, સિંહ વિગેરેના ભય અને ભૈરવોને ક્ષમાપૂર્વક સહન કરીને તમે વિજય પ્રવર્ત્તાવો' વિગેરે વચનો કલ્પસૂત્રમાં મહાવીર ચરિત્રમાં છે તે જોવાથી આ વાત બંધબેસતી આવશે કે 'પરિષહજેતા-ઉપસર્ગ વિજેતા એ 'જિન' કહેવાય છે.'

૬ જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અંતરાયરૂપ ચાર ઘાતિકર્મનાં જે જેતા તે 'જિન' કહેવાય છે.

૧ જય શબ્દ, ક્રિયાવાચક શબ્દ છે, જીતવા માત્રને જય કહે છે. અભિભવરૂપ જયક્રિયાનું કર્મ અવશ્ય હોવું જોઈએ. અભિભવ રૂપ જય ક્રિયા, વિષય વગરની નથી હોતી.

૨ भ्रान्तिर्हि मुख्येऽर्थे क्वचिद् दृष्टे सति करणापाटवादिनाऽन्यत्र विपर्यस्तग्रहणे प्रसिद्धा यथा शुक्तौ रजतभ्रान्तिः ।

અર્થઃ—કોઈ જગ્યાએ મુખ્ય અર્થ યથાર્થ જોયે છતે ઇન્દ્રિયોમાં રોગ આદિ થઈ જવાથી મુખ્ય અર્થભિન્ન પદાર્થમાં, વિપર્યસ્ત બુદ્ધિ, ભ્રાંતિ તરીકે પ્રસિદ્ધ છે. જેમકે, ચાંદીમાં છીપનું જ્ઞાન.

('સ્ફટિક, લાલ છે' આ ભ્રમાત્મક જ્ઞાનમાં જપા-કુસુમાદિના (જાસૂદના ફુલ વિગેરેના) સાન્નિધ્ય-સામીપ્ય આદિ ઉપાધિરૂપ દોષ, નિમિત્ત છે, તેમ જીવથી જુદા કર્મરૂપ ઉપાધિ દોષરૂપ નિમિત્ત સિવાય, રાગાદિમાં ભ્રાંતિ કલ્પના અસત્-મિથ્યા છે.)

–ભ્રાંતિમાં અસત્ કે ચિતિમાત્રના નિમિત્તપણાનું કરાતું સચોટ ખંડન–

न चासदेव निमित्तम्, अतिप्रसङ्गात्, चितिमात्रादेव तु तदभ्युपगमेऽनुपरम इत्यनिर्मोक्षप्रसङ्गः,

ભાવાર્થ-રાગાદિપરૂપ પ્રકૃતભ્રાંતિના પ્રત્યે અસદ્રૂપ (કાંઇ જ નથી-અભાવ-શૂન્ય-અવિદ્યમાનરૂપ) નિમિત્ત ન માની શકાય. કારણ કે, અસદ્-અભાવરૂપ નિમિત્ત-જન્યભ્રાંતિ, કાયમની-નિત્ય સદ્રૂપ થાય કાં તો નિત્ય અસદ્રૂપ થાય ! કારણ કે; આકસ્મિક-હેતુ વગરનું કાર્ય, નિત્યસત્ કે નિત્ય અસદ્રૂપ હોય છે એવો નિયમ છે. માટે ઉપરોક્ત અતિ પ્રસંગ નામનો દોષ આવે છે.

વળી જીવથી જુદા કર્મરૂપ સહકારીથી રહિત કેવલ ચિતિમાત્ર - ચૈતન્ય (બુદ્ધિ-જ્ઞાન) રૂપ નિમિત્તથી ભ્રાન્તિરૂપ કાર્ય થાય છે અર્થાત્ રાગાદિરૂપ પ્રકૃતભ્રાંતિરૂપ કાર્યના પ્રત્યે કેવલ ચિતિ - ચૈતન્ય - ચેતના જ નિમિત્ત છે.

જો ચિતિત્વેન ભ્રાંતિત્વેન કાર્યકારણભાવ માનવામાં આવે તો અર્થાત્ ભ્રાંતિના પ્રત્યે ચિતિ, કારણ છે એમ સ્વીકારવામાં ઉપરોક્ત અતિપ્રસંગ તો નહી આવે પરંતુ ભ્રાંતિમાત્રનો કદી ઉચ્છેદ-નાશ નહીં થાય. અર્થાત્ ભ્રાંતિ, અવિનાશી (શાશ્વત, નિત્ય) થશે. કારણ કે; અભ્રાંત-યથાર્થ-સત્યજ્ઞાનોમાં પણ ભ્રાંતિના નિમિત્તપણાએ કલ્પેલ ચિતિમાત્રની સત્તા છે.

તથાચ ચિતિમાત્રરૂપ કારણસત્ત્વે ભ્રાંતિરૂપ કાર્યની સત્તા છે ('નિમિત્ત રહે તો નૈમિત્તિક-કાર્યને અવશ્ય રહેવું જ જોઈએ' એવો નિયમ છે. જો આ નિયમ માનવામાં ન આવે તો તે કાર્યનું તે નિમિત્ત પણ ન રહે. જેમ અંકુરોત્પત્તિના પ્રત્યે અગ્નિ. અત એવ ચિતિના સદ્ભાવમાં ભ્રાંતિના ઉચ્છેદનો અભાવ અર્થાત્ ભ્રાંતિ શાશ્વત ઠરે !) એટલે મોક્ષમાં પણ ચિતિમાત્રનો સદ્ભાવ હોઈ ભ્રાંતિ કાયમની થવાથી સંસારોચ્છેદ (મોક્ષ)ના અભાવનો (જિનત્વાભાવનો) પ્રસંગ આવશે અર્થાત્ મોક્ષ કોઈનો થવાનો નહીં અને સંસાર નિત્યશાશ્વત-કાયમનો રહેવાનો એ રૂપ આપત્તિ આવશે !

–ભ્રાંતિમાત્રના પ્રત્યે ચિતિમાત્ર, કારણ છે એવા નિયમના સ્વીકારમાં કરાવાતું દોષદર્શન–

तथापि तदसत्त्वेऽनुभवबाधा, नहि मृगतृष्णिकादावपि जलाद्यनुभावोऽनुभवाऽऽत्मनाऽप्यसत्रेव,

ભાવાર્થ-માનો કે, ભ્રાંતિમાત્રનું નિમિત્ત ચિતિમાત્ર છે. તો પણ 'ભ્રાંતિમાત્રનું અસત્ છે-કાંઇ નથી' એમ માનવામાં અનુભવની બાધારૂપ આપત્તિ આવે છે.

ભ્રાંતિમાત્ર, સંવેદનરૂપ અનુભવનો વિષય થતો નથી. કેમકે અસત્ છે. જે જે અસત્ છે તે તે અનુભવગમ્ય નથી થતું એવો નિયમ છે. જેમ અસત્ હોઈ શશૃંગ આદિ અનુભવમાં નથી તેમ ભ્રાંતિમાત્ર અસત્ હોવાથી અનુભવમાં શી રીતે આવે ? અર્થાત્ ન જ આવે. આ ઉપરોક્ત અનુભવબાધા રૂપ આપત્તિને ઈષ્ટાપત્તિ રૂપે માની શકો એમ નથી. કારણકે, ભ્રાંતિરૂપજ્ઞાન, અનુભવગમ્ય-સ્વસંવેદ્ય છે. જે જે જ્ઞાનાદિ, સ્વસંવેદ્ય છે તે તે સત્ છે આમ નિયમ હોઈ ('હું ભ્રાંતિમાન્ છું' આવા જ્ઞાન આકારથી જ્ઞાનમાં-અનુભવમાં-સંવેદનમાં ભ્રાંતિરૂપજ્ઞાન વિષય તરીકે વિદ્યમાન હોઈ ભ્રાંતિરૂપજ્ઞાન, સંવેદનરૂપે સત્ છે.)

આ અનુભવબાધાનો વ્યતિરેક (ઉલટ) શૈલીથી પ્રતિવસ્તુ (તાદૃશ અન્ય વસ્તુ) ના ઉપન્યાસથી કરાતો વિચાર–

એવંચ મિથ્યારૂપમરૂમરીચિકા (રેતાળ જમીન ઉપર ઊભાં સૂર્યકિરણ પડતાં દૂરથી પાણી જેવો ભાસ થાય છે તે મૃગજળ-ઝાંઝવાં) રૂપવિષયવિષયકજ્ઞાનરૂપઅનુભવવૃત્તિ મિથ્યા. રૂપ મૃગજળ આદિ વિષયમાં પણ (સત્ય જળની વાત તો દૂર રહો પણ એ અપિ શબ્દનો અર્થ સમજવો) જલ આદિ જ્ઞાનનો અનુભવ, અનુભવાત્મના-જ્ઞાનરૂપે પણ (વિષય રૂપે અસત્ પણ હોઈ શકે પણ એ અપિ શબ્દનો અર્થ લેવો) અસત્ છે જ નહીં અર્થાત્ જ્ઞાનરૂપે જ્ઞાન સત્ જ છે.

સારાંશ-મિથ્યારૂપ વિષય-મરૂમરીચિકા, ચન્દ્રદ્વય આદિ રૂપ વિષયવિષયકજ્ઞાનનિષ્ઠ અનુભવ, અનુભવરૂપે-જ્ઞાનરૂપે સત્ છે. એવંચ જ્ઞાનોનો અનુભવ કે જ્ઞાનરૂપ અનુભવ, જ્ઞાન રૂપે સત્ છે. પછી ભલેને તે વિષયો મિથ્યા હોય કે સત્ય હોય એ જોવાનું નથી. પરંતુ જ્ઞાનોનો અનુભવ કે જ્ઞાનરૂપ અનુભવ જ્ઞાનરૂપે સત્ છે અસત્ નથી જ એ અહીં વિચારવાનું છે, અત એવ ભ્રાંતિરૂપજ્ઞાન, અનુભવનો વિષય હોઈ અથવા અનુભવરૂપ હોઈ સત્ છે. અસત્ નથી. અન્યથા ભ્રાંતિરૂપજ્ઞાન અનુભવમાં-સ્વસંવેદનમાં આવે જ નહીં અથવા અનુભવરૂપે અનુભવરૂપ થાય જ નહી.

–આ પ્રસ્તુત વિષય, સર્વજનને અનુભવ સિદ્ધ છે એમ જાહેર કરી કરાવાતું મૂલમુદ્દાનું સ્પષ્ટીકરણ–

**आविद्वदङ्गनादिसिद्धमेतत्, न चायं पुरुषमात्रनिमित्तः, सर्वत्र सदाऽभावानुपपत्तेः, नैवं चितिमात्रनिबन्धना रागादय इति भावनीयम् एवं च तथाभव्यत्वादिसामग्रीसमुद्भूतचरणपरिणामतो रागादिजेतृत्वादिना तात्त्विकजिनादिसिद्धिः** ૨૭ ॥

ભાવાર્થ–મૃગજળ આદિમાં જલાદિનું જ્ઞાન, જ્ઞાનરૂપે સત્ છે. આ વિષય, વિદ્વાનથી માંડી ઠેઠ અંગના (સ્ત્રી) સુધી પ્રસિદ્ધ-સિદ્ધ છે અર્થાત્ સર્વજનોને પ્રતીત છે. આ મૃગજલ આદિના અનુભવમાં ચૈતન્યથી (પુરૂષથી) જુદા સૂર્યકિરણાદિની અપેક્ષા વગરનો કેવળ પુરૂષ જ (મૃગજલાદિ જ્ઞાનવાળો પુરૂષજ) નિમિત્ત નથી. જો મૃગજલઆદિ જ્ઞાનમાં કેવળ પુરૂષને જ નિમિત્ત માનવામાં આવે તો સર્વત્ર (બધા ક્ષેત્રમાં કે સર્વદ્રષ્ટાપુરૂષમાં) સદા-સદાકાળ-હંમેશાં મૃગજલ આદિમાં જલજ્ઞાનનો સર્વથા અભાવ થશે જ નહીં એટલું જ નહીં પરંતુ ઉલ્ટુ, પુરૂષરૂપ નિમિત્ત નિત્ય હોઈ, તજ્જન્ય, મૃગજળમાં જળજ્ઞાન નિત્ય ઠરશે !

તથાચ જેમ મૃગજળ આદિમાં જલાદિનો અનુભવ, ચિતિ (ચૈતન્ય-પુરૂષ) માત્ર નિમિત્તવાળો નથી. તેમ રાગ આદિ ચિતિ (ચૈતન્ય-પુરૂષ) માત્ર નિમિત્તવાળો નથી. જેમ મૃગજળ આદિમાં જલાદિના અનુભવના પ્રત્યે પુરૂષભિન્ન રેતાળ જમીન ઉપર ઉભાં પડતાં સૂર્યકિરણો જવાબદાર છે. તેમ અહીં રાગ આદિના પ્રત્યે પુરૂષભિન્ન પૌદ્ગલિક કર્મ જવાબદાર છે. આ ઉપરોક્ત ચર્ચા પરથી જે ફલિત થાય છે તે નિમ્ન લિખિત કોષ્ઠક પરથી સ્પષ્ટ સમજાશે.

| પ્રતિવસ્તુ | વસ્તુ |
|---|---|
| (૧) મૃગજળઆદિ અનુભવ – | રાગ આદિ |
| (૨) પુરૂષભિન્નસૂર્ય કિરણાદિસહકારિ જન્ય છે | -પુરૂષ ભિન્ન પૌદ્ગગલિક કર્મરૂપ સહકારિકારણ જન્ય છે |
| (૩) અનુભવરૂપે સત્ છે | – અનુભવરૂપે સત્ છે |

એવંચ પૌદ્ગલિકકર્મરૂપ ઉપાધિજન્ય રાગાદિ, વિદ્યમાનસત્ હોઈ તેનો જય પણ વસ્તુતઃ-તત્ત્વરૂપે-સદ્રૂપે સિદ્ધ થયો. એમ સમજવું.

તથાચ–તથાભવ્યત્વ 'આદિ સામગ્રીજન્યચરણ (ચારિત્રવિરતિ-સ્વસ્વરૂપમાં વિહરમાનદશા) રૂપ પરીણામથી રાગ આદિનું જેતૃપણું- જય આદિથી (આદિ પદથી દેશનાદિ દ્વારા ભવ્યજનજાપકત્વથી) તાત્ત્વિક (સત્ય-યથાર્થ) જિન આદિ (આદિથી જાપક) ની સિદ્ધિ સમજવી.

આ પ્રમાણે શક્રસ્તવના ૨૭મા પદની વ્યાખ્યા સમાપ્ત થાય છે. –શક્રસ્તવના ૨૮માં પદનો વ્યાખ્યારંભ કરતાં અગાઉ તે પદની સુચારૂરીત્યા અવતરણિકાનો કરાતો અવતાર–

एते चावर्त्तकालकारणवादिभिरनन्तशिष्यैर्भावतोऽतीर्णादय एवेष्यन्ते "काल एव कृत्स्नं जगदावर्तयती" ति वचनात्, एतन्निरासायाह–

ભાવાર્થ-નરનારક વિગેરે રૂપપર્યાયો (રૂપાંતરો) ના પરિવર્ત્ત (આવર્ત્તન-ફરીને ફરવારૂપ પરાવર્ત્ત-ભ્રમણ કે એક પર્યાયને છોડી બીજા પર્યાયોની પ્રાપ્તિરૂપ) રૂપ આવર્ત્ત (કૂંડાળા-ચકરાવા-આંટારૂપ જગત્) નું કાલ જ કારણ છે. એમ બોલવાના સ્વભાવવાળા અનંતના શિષ્યો, ભાવથી (તત્ત્વથી-નિશ્ચયથી-વસ્તુતઃ) આ પૂર્વકથિત વિશેષણ વિશિષ્ટ અરિહંતભગવંતોને અતીર્ણ આદિ (સ્વયં નહીં તરનારા કે બીજાઓને નહીં

---

૧ 'तथाविशुद्धेश्चारित्रमिति, भावनातो रागादिक्षयः' અર્થ– સમ્યક્ત્વની તથાવિશુદ્ધિથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ભાવનાથી રાગ આદિનો ક્ષય થાય છે. તો અહીં આદિપદથી સમ્યક્ત્વ વિશુદ્ધિ, ભાવના, શુભ-શુદ્ધ ધ્યાન, ચારિત્ર-મોહનીય ક્ષય આદિ લેવાં.

तारनारा) तरीके माने छे. कारण के; तेओनुं वचन छे के 'आखा-सकल संसार-जगत्ने आवर्त्तनार (फेरवनार-बदलनार-बदलावनार-पलटावनार-उलटावनार-घेरीलेनार-ढांकनार के तेमां फरी वळनार-फेरफार करनार) काल ज छे.'

तथाच–भवावर्त्तवाळा अरिहंतो छे कारण के; काल, ए भवावर्त्तनुं कारण मोजूद छे तीर्ण त्यारे ज बने के ज्यारे भवावर्त्तनुं कारण काल ज न होय ! काल छे एटले भवावर्त्त छे अने भवावर्त्त छे एटले ज तेओ अतीर्णादि छे. आवा आवर्त्तकालकारणवादी अनंतना शिष्योना मतनुं निरसन करवा कहे छे के–

''तीर्णेभ्यस्तारकेभ्यः'' ज्ञानदर्शनचारित्रपोतेन भवार्णवं तीर्णवन्तस्तीर्णाः, नैतेषां जीवितावर्त्तवद्भवावर्त्तो, निबन्धनाभावात्,

भावार्थः= ''ज्ञान-दर्शन-चारित्ररूपी जहाज (स्टीमर) के नौकावडे संसार सागरने तरनारा अने बीजाओने तारनार एवा अरिहंत भगवंतोने नमस्कार हो !''

(अर्थात् उपरोक्त विशिष्ट के विलक्षण नाववडे पोते संसार सागरथी अरिहंत भगवंतो तरी गयेल छे-पार पामी गयेल छे अने बीजाओने-पोताना अनुयायीओने तारे छे.) तथाच आ विश्वमंडलमां उपरोक्त रत्नत्रयीरूप योगपोतथी संसार सागरने स्वयं तरनार अने अन्योने तारनार एटले त्रिभुवन-तरण-तारणहार, जगद्उद्धारक, विश्व पावनकारी, विश्वेश्वर, परमेश्वर, देवाधिदेव श्री अरिहंत भगवंतो ज छे.

(१) एवंच संसारसागरथी पार पामेला-सत्यस्वतंत्र-मुक्त-तीर्ण आत्माओमां जेम पहेलां अनुभवेल प्राणधारणरूप जीवननुं फरी थवुं असंभवित छे. तेम क्षीण थयेल-क्षयभावने पामेल आठ कर्मोना उदयरूप भवनुं फरी थवुं असंभवित छे. अर्थात् जेम तीर्णो, जीवनधारी नथी थता. तेम भवावतारी नथी बनता कारण के; आगळ कहेवाता भवावर्त्तना कारणकूटनो अभाव छे.

–पुनर्जीवन के पुनर्भवावतारना कारणो दर्शावी कारणोनो अभाव होई कार्यनो अभाव छे. ए विषयनी करातो पुष्ट के स्पष्ट चर्चा–

न ह्यस्यायुष्कान्तरवद्भवाधिकारान्तरं, तद्भावेऽत्यन्तमरणवन्मुक्त्यसिद्धेः, तत्सिद्धौ च तद्भावेन भवनाभावः, हेत्वभावात्,

भावार्थ= अर्थात् जीवितावर्त्तरूप कार्य (पूर्वानुभूतजीवननी पुनः प्राप्ति)ना प्रत्ये आयुष्कांतर (नारक विगेरे आयुष्य विशेष) कारण छे. भवावर्त्त (पुनर्भवावतार) रूप कार्य प्रत्ये भवाधिकारांतर कारण छे. जेम आयुष्कांतररूप कारणनो अभाव होवाथी जीवितावर्त्तरूप कार्यनो अभाव छे. तेम भवाधिकारांतररूप कारणना अभावमां भवावर्त्तरूप कार्यनो अभाव छे. जेम नारक विगेरे रूप आयुष्य विशेष होय तो पहेलांनी माफक जीवनधारी बने ? तेम क्षीण बनेल (क्षयभावने पामेल) भवावर्त्त कारणरूप (कषाययोग परिणतिरूप कर्मबंध योग्यतारूप) भवाधिकारथी जुदो बीजो भवाधिकार होय

તો જ ભવાધિકારાંતરથી આ સંસારમાં તીર્ણો-મુક્તો-સિદ્ધો, ફરીથી આવૃત્તિ કરે-આવે-ફરીથી ચક્કર લગાવે ! તેમ તે બનતું જ નથી.

તથાચ તમામ પ્રકારના આયુષ્યવિશેષોનો અભાવકૂટ હોવાથી જીવિતાવર્ત્તનો પુનર્જીવનસામાન્યનો અભાવ જેમ છે તેમ જ્ઞાનાવરણીય દર્શનાવરણીય આદિ અષ્ટકર્મના ઉદયરૂપ ભવજનક કષાયયોગ-પરિણતિરૂપ કર્મબંધયોગ્યતારૂપભવાધિકાર વિશેષનો સર્વથા અભાવ હોવાથી ભવાવર્ત્તનો-સંસારમાં પુનઃ આવૃત્તિનો (ફરીથી પાછા ફરવાનો) સામાન્યભાવ છે. જો નારકઆદિઆયુષ્ય વિશેષરૂપઆયુષ્કાંતરની સત્તા હોય ત્યારે સર્વ પ્રકારના જીવન વિશેષોના ક્ષય જન્ય જીવન સામાન્યાભાવરૂપ અત્યંતમરણની જેમ અસિદ્ધિ થાય ! તેમ ભવાધિકારાંતરની સત્તા માનો તો, સકલ કર્મ વિશેષોના ક્ષય જન્ય મુક્તિ-તીર્ણતાની અસિદ્ધિ થાય ! પરંતુ આ તીર્ણ આત્માઓમાં સર્વપ્રકારોના જીવનવિશેષોના ક્ષયજન્ય અત્યંત મરણની સિદ્ધિ છે એટલે આયુષ્કાંતર-સાધ્યભાવરૂપે (જીવન-ભાવે) જીવન પરીણામ-અવસ્થા-દશાનો અભાવ છે. તથા સકલકર્મવિશેષોના ક્ષયજન્ય મુક્તિની સિદ્ધિ છે. એટલે ભવાધિકારાંતર-સાધ્યભાવરૂપે (સંસારીભાવે) સંસાર-ભવપરિણતિ દશા-અવસ્થાનો અભાવ છે. કારણ કે, પ્રથમમાં આયુષ્કાંતર રૂપ કારણનો અભાવ છે, બીજામાં ભવાધિકારાંતરરૂપ કારણનો અભાવ છે.

આ જ બીના પ્રતિવસ્તુ (તાદૃશ અન્ય વસ્તુ)ની ઉપમાદ્વારા વિચારાય છે.

નહિ મૃતઃ તદ્ભાવેન ભવતિ, મરણભાવવિરોધાત્ ।

ભાવાર્થ–અર્થાત્ પ્રાણપંખેરૂં જેનું ઊડી ગયું છે એવો મરેલો, પહેલાંના વીતી ગયેલા અમૃત-જીવનભાવથી જીવવાવાળો થતો નથી એવો નિયમ છે. કારણ કે મરણ અને અમરણ (જીવન) પરસ્પર અત્યંત વિરોધી છે. જ્યાં મરણ છે, ત્યાં પૂર્વકાલીન જીવનરૂપ અમરણ નથી. પૂર્વકાલીન જીવન અને મરણ એ બંને વિરોધી તત્ત્વો છે.

–મરેલો અગાઉના અમૃત-જીવનભાવે કરી, ફરીથી જીવવાવાળો નથી થતો એવા નિયમરૂપ, પ્રતિવસ્તૂપમાના ઉપન્યાસથી જે ફલિત થાય છે તે દર્શાવાય છે–

એતેન ઋત્વાવર્ત્તનિદર્શનં પ્રત્યુક્તં ન્યાયાનુપપત્તેઃ, તદાવૃત્તૌ તદવસ્થાભાવેન પરિણામાન્તરાયોગાત્, અન્યથા તસ્યાવૃત્તિરિત્યયુક્તં તસ્ય તદવસ્થાનિબન્ધનત્વાત્ ॥ અન્યથા તદહેતુકત્વોપપત્તેઃ,

ભાવાર્થ–'જેમ મરેલા અગાઉના અમૃત-જીવનભાવથી ફરીથી જીવવાવાળો નથી થતો' એવા નિરૂપણથી 'વીતી ગયેલી વસન્ત આદિ ઋતુ, એની એ પાછી ફરે છે-ફરીથી ચક્કર કે આંટો લગાવે છે' વિગેરે રૂપ દ્રષ્ટાંતનું પણ સાથે ખંડન થઈ જાય છે. કારણ કે; ન્યાય-યુક્તિ, અહીયાં સંગત થતી નથી.

–ઋત્વાવર્ત્તદ્રષ્ટાંતમાં દર્શાવાતી ન્યાયની અસંગતિ–

'વ્યતીત (વીતી ગયેલ) વસન્ત આદિ છ ઋતુઓ એની એ ફરીથી આવે છે-ફરી ચક્કર લગાવે

છે' એવી માન્યતાને સ્વીકારવામાં અતીત વસંત આદિ ઋતુરૂપ કારણજન્ય, સહકાર આદિ (આંબા આદિ) વૃક્ષોની અંકુર આદિરૂપ અવસ્થાભાવથી (અવસ્થાની પ્રાપ્તિથી) અને પુરૂષની બાલકુમાર આદિરૂપ અવસ્થાભાવથી (તે તે અવસ્થાની પ્રાપ્તિથી) તે અવસ્થાથી ભિન્ન-બીજા પરીણામોનો (દશાઓ કે અવસ્થાઓનો) અભાવ છે એટલે તેનો તે જ-પૂર્વનો પરીણામ પ્રાપ્ત થાય છે બીજો પરીણામ નહીં (અતીત-વર્તમાન કે ભવિષ્યકાલીન ઋતુઓમાં જ્યારે ભેદ નથી તો વૃક્ષાદિમાં, પુરૂષમાં દેખાતી ભિન્ન અવસ્થાઓ કે અનુભવાતા પરીણામો માલુમ ન પડવા જોઈએ ! ભૂતકાલીન ઋતુએ સર્જેલ વૃક્ષાદિમાં અંકુરાદિક અવસ્થા તેમજ પુરૂષમાં બાલકુમાર અવસ્થા હતી તેની તે જ અવસ્થા, વર્તમાનકાલીન કે ભવિષ્યત્કાલીન ઋતુ દ્વારા પ્રાપ્ત હોય કે થશે ! કારણ કે, ઋતુઓમાં એટલે કારણમાં ભેદ નથી તો ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં એટલે કે કાર્યમાં ભેદ કેવી રીતે ? એવંચ એક ઋતુ કે એની એ જ ઋતુની કલ્પનામાં ઋતુ, વૃક્ષ આદિ કે પુરૂષમાં એક દશા-એની એ જ દશા સર્જી શકે ! ભિન્ન દશાઓ અનુભવાય છે માટે ભિન્ન ભિન્ન સઘળી ઋતુઓ છે-ભૂતકાલીન-વર્તમાનકાલીન કે ભવિષ્યત્કાલીન ઋતુઓ ભિન્ન હતી, છે અને રહેશે. એની એ નથી એમ માનવું ન્યાય પ્રાપ્ત થાય છે) 'જો ભિન્ન ભિન્ન પરીણામો થાય છે' એમ તમે માનો તો, 'વ્યતીત ઋતુઓ એની એ ફરી આવે છે' એમ વદવું વજૂદ વગરનું થાય છે કારણ કે: તે ઋતુ, આંબા આદિ વૃક્ષોની અંકુરાદિક અવસ્થાના (પરીણામ) તે પેદા કરવાના સ્વભાવવાળી આ ઋતુ છે તો આ ઋતુની સંનિધિ (સમીપપણું) હોયે છતે આ આંબા આદિની અંકુરાદિક અવસ્થા કેમ ન થાય ? અર્થાત્ થાય જ. જો ઋતુની સંનિધિમાં પણ આંબા આદિની અંકુરઆદિ અવસ્થા નથી થતી એમ માનો તો, આંબા આદિની અંકુરાદિ અવસ્થાના પ્રત્યે અતીત ઋતુલક્ષણ ઋતુ, અકારણ-અહેતુ થાય ! અર્થાત્ અતીત ઋતુલક્ષણ ઋતુરૂપ હેતુ જન્ય, આ આંબા આદિની અંકુરાદિક અવસ્થા છે એમ સાબિત ન થાય ! આ બધું વિચારતાં એ નક્કી થાય છે કે એકને એક કે એની એ દશા નિત્ય નહીં રહેતી હોવાથી ભિન્ન ભિન્ન ઋતુઓ છે અને તે, ભિન્ન ભિન્ન દશાઓના સર્જનમાં નિમિત્તરૂપે ભાગ ભજવે છે એ માનવું ઉચિત છે.

(ભૂતકાળમાં આંબા આદિ વૃક્ષોની અંકુરાદિક અવસ્થાની જનિકા (હેતુ) વસંતઆદિ ઋતુ હતી, વર્તમાન કાળમાં તે અવસ્થાનું કારણ, વસંત આદિ ઋતુ છે, ભવિષ્યકાળમાં તે અવસ્થાનું કારણ, તે ઋતુ થશે એટલે કાલત્રય નિયત આંબા આદિ વૃક્ષોની અંકુરાદિક અવસ્થાના જનકત્વરૂપ સાજાત્યસાદૃશ્યનું અવલંબન કરી આ દ્રષ્ટાંત પ્રસિદ્ધ છે કે 'તેની તે જ ઋતુ પાછી આવી' આ પ્રતીતિ, સાદૃશ્યાવલંબનકારી-પ્રત્યભિજ્ઞારૂપ છે એટલે-તેથી 'તેની તે જ ઋતુ પાછી આવી' એમ સાબિત થતું નથી પરંતુ કેવળ સદૃશતાનું જ ભાન થાય છે)

–ઉપરોક્ત પ્રતિવસ્તૂપમારૂપ દ્રષ્ટાંતની સાથે દ્રાષ્ટાંતિકની યોજના–

एवं न मुक्तः पुनर्भवे भवति, मुक्तत्वविरोधात्, सर्वथा भवाधिकारनिवृत्तिरेव मुक्तिरिति, तद्भावेन भावतस्तीर्णादिसिद्धिः २८॥

ભાવાર્થ– જેમ મરેલો, અમૃતભાવસંપન્ન મનાતો નથી-જીવનભાવસંપન્ન કહેવાતો નથી, કેમકે મરણભાવની સાથે અમૃતભાવનો વિરોધ છે. તેમ મુક્તો (સર્વથા કર્મરહિત આત્માઓ) ફરીથી સંસારમાં અવતરતા નથી. કારણ કે; મુક્તત્વની સાથે પુનર્ભવાવતારનો વિરોધ છે. જ્યાં મુક્તત્વ (મુક્તિ) છે. ત્યાં પુનર્ભવાવતાર નથી. મુક્તત્વ અને અમુક્તત્વ બંને પરસ્પર અત્યંત વિરોધી તત્ત્વો છે. વળી મુક્તિ તેજ કહેવાય છે કે; સર્વથા (સર્વપ્રકારાવચ્છેદેન) કષાયયોગ પરિણતિરૂપકર્મબંધયોગ્યતા રૂપભવાધિકારની નિવૃત્તિ, (આત્યંતિકધ્વંસ) આજ સાચી મુક્તિ છે. મુક્તો આ મુક્તિભાવથી યુક્ત હોવાથી ભાવથી (તત્ત્વતઃ, વસ્તુતઃ) અરિહંત ભગવંતો તીર્ણતારક-તરણતારણહાર છે એમ સિદ્ધ-સાબિત છે. આ પ્રમાણે શક્રસ્તવના (૨૮)મા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

–શક્રસ્તવના (૨૯)મા પદની વ્યાખ્યા શરૂ કરતાં પહેલાં રજૂ કરાતો તેની અવતરણિકાનો અવતાર–

एतेऽपि परोक्षज्ञानवादिभि[1]र्मीमांसकभेदै र्नीत्या अबुद्धादय एवेष्यन्ते, 'अप्रत्यक्षा च नो बुद्धिः, प्रत्यक्षोऽर्थः' इति वचनाद्, एतद्व्यवच्छेदार्थमाह–

ભાવાર્થ= જ્ઞાન, પરોક્ષ (અતીન્દ્રિય) છે. (જ્ઞાન, પ્રત્યક્ષ-સ્વસંવિદિત નથી) એમ બોલવાના સ્વભાવવાળા મીમાંસકવિશેષો-કેટલાક મીમાંસકો-કુમારિલભટ્ટાનુયાયીઓ (જ્ઞાન, પોતે, પોતાને જાણતું નથી સ્વસંવિદિત નથી) કારણ કે, જ્ઞાનમાં ક્રિયા થઈ શકતી નથી. જેમ હોંશીયારમાં નટ પણ પોતે પોતાના ખભા ઉપર ચડી શકતો નથી, જેમ અણીદાર તલવારની ધાર પણ પોતે પોતાને કાપી શકતી નથી, તેમ જ્ઞાનમાં ક્રિયા થઈ શકતી નહીં હોવાથી જ્ઞાન અતીન્દ્રિય (પરોક્ષ-અનુમાનગમ્ય-અનુમેય) છે. વળી (૧) પદાર્થોની સાથે ઇન્દ્રિય જ્ઞાન પેદા થાય છે પછીથી (૨) પદાર્થોનું પ્રાકટ્ય (અર્થપ્રાકટ્ય) પેદા થાય છે. તેના પછીથી (૩) એવું જ્ઞાન થાય છે કે, 'મને પદાર્થોનું જ્ઞાન થયું છે' જેમ ઘટની સાથે ઇન્દ્રિય અને બુદ્ધિનો સંબંધ થવાથી ઘટનું જ્ઞાન થયા પછી એવું જ્ઞાન થાય છે કે, 'મેં ઘટ જાણ્યો છે' ત્યારબાદ ઘટજ્ઞાન થયે છતે ઘટનું પ્રાકટ્ય (જ્ઞાતતા) પેદા થાય છે. આ ઘટપ્રાકટ્ય, જ્ઞાનના પહેલાં નથી થતું, જ્ઞાન પેદા થયા પછીથી જ થાય છે એથી જ આ 'ઘટપ્રાકટ્ય' જ્ઞાનથી પેદા થયેલું છે એમ કહેવાય છે. આ અર્થપ્રાકટ્ય, જ્ઞાનથી પેદા થાય છે. અતએવ અમે અર્થપ્રાકટ્યનુ અન્યથાઅનુપપત્તિરૂપ હેતુથી જ્ઞાનને જાણીએ છીએ. જ્ઞાનનું જ્ઞાન (સંવેદન) કરીએ છીએ આમ બોલનારા કુમારિલભટ્ટના અનુયાયીઓ નીતિથી ન્યાય-યુક્તિથી અરિહંતભગવંતોને અબુદ્ધ (સ્વસંવિદિતજ્ઞાન વગરના) આદિથી અબોધક તરીકે માને છે.

---

१ 'भाट्टानां मते ज्ञानमतीन्द्रियम्, ज्ञानजन्या ज्ञातता प्रत्यक्षता, तया च ज्ञानमनुमीयते' न्यायसिद्धान्तमुक्तावल्यां । कुमारिलभट्टानां मते ज्ञानजन्यया ज्ञानविषयत्वातिरिक्तया, प्रत्यक्षविषयीभूतया, घटादिविषयनिष्ठया प्राकट्यापरपर्यायया ज्ञाततया ज्ञानप्रामाण्यमनुमेयम् । ज्ञानस्यातीन्द्रियतया ज्ञाततालिङ्गकानुमितेरेव प्रामाण्यं गृह्यते । अनुमानप्रयोगास्तु घट, घटत्ववद्विशेष्यक घटत्वप्रकारज्ञानविषयः घटत्वप्रकारज्ञाततावत्त्वात्, यत्रैवं तत्रैवं यथा पट इति अथवा ज्ञाततां पक्षीकृत्य इयं ज्ञातता, घटत्ववद्विशेष्यकघटत्वप्रकारकज्ञानजन्या, घटवृत्तिघटत्वप्रकारकज्ञाततात्वात्, या यद्वृत्तिः यताकारिकाज्ञातता सा तद्विशेष्यक तत्प्रकारज्ञानजन्या यथा पटे पटत्वप्रकारिका ज्ञाततेति

કેટલાક મીમાંસકોનું વચન છે કે 'અમારી બુદ્ધિ - જ્ઞાન, અપ્રત્યક્ષ - અતીન્દ્રિય - પરોક્ષ છે અને અર્થ પ્રત્યક્ષ છે'

આવું પ્રતિપાદન કરનાર મીમાંસકવિશેષરૂપ કુમારિલભટ્ટના મતનું ખંડન કરવા સારૂ કહે છે કે—

''बुद्धेभ्यः बोधकेभ्यः'' अज्ञाननिद्राप्रसुप्ते जगत्यपरोपदेशेन जीवाजीवादिरूपं तत्त्वं बुद्धवन्तो बुद्धाः, स्वसंविदितेन ज्ञानेन, अन्यथा बोधायोगात् ।

ભાવાર્થ-'જાણનાર અને અન્યને જણાવનાર એવા અરિહંત ભગવંતને નમસ્કાર હો !' અર્થાત્ અરિહંતપરમાત્મા અજ્ઞાન (મિથ્યાત્વસહિતજ્ઞાન) રૂપ-મોહનિદ્રારૂપભાવનિદ્રામાં સુતેલા જગત્-વિશ્વમાં, બીજાના ઉપદેશ સિવાય (સ્વયં) સ્વસંવિદિત (સ્વપ્રકાશક-જ્ઞાનવિષયકજ્ઞાનરૂપ) જ્ઞાનદ્વારા જીવઅજીવઆદિતત્ત્વને જાણનારા હોઈ 'બુદ્ધ' કહેવાય છે.

—સ્વપરપ્રકાશકજ્ઞાનની ચર્ચા—

જેમ દીવો, પોતે પોતાને તથા બીજા ઘટાદિપદાર્થોને પ્રકાશિત કરે છે. તેમ જ્ઞાન, પોતે પોતાને (જ્ઞાનને-સ્વસ્વરૂપને) તથા પરપદાર્થોને જાણે છે. તથાચ સ્વસંવિદિત (સ્વપ્રકાશક-જ્ઞાનવિષયકજ્ઞાનરૂપ) જ્ઞાન હોયે છતેજ જીવઅજીવઆદિતત્ત્વવિષયક જ્ઞાનની સત્તા છે. સ્વસંવિદિત (સ્વપ્રકાશક) જ્ઞાનનો અભાવ હોયે છતે જીવઅજીવઆદિતત્ત્વવિષયક બોધરૂપ જ્ઞાનનો અભાવ છે. આવા અન્વયવ્યતિરેકરૂપ સહચારજ્ઞાનથી એ સિદ્ધ થાય છે કે, સ્વસંવિદિત (સ્વપ્રકાશક) જ્ઞાન કારણ છે જ્યારે જીવઅજીવઆદિતત્ત્વવિષયકબોધરૂપજ્ઞાન કાર્ય છે. જો જ્ઞાનને સ્વસંવિદિત (સ્વપ્રકાશક) ન માનો તો, પોતાનું જ્ઞાન કરવા માટે બીજા જ્ઞાનની અપેક્ષા, બીજા જ્ઞાનને જાણવા ત્રીજા જ્ઞાનની આવશ્યકતા થવાથી [1]અનવસ્થા દોષ આવી પડે !

—ચાલુ ચર્ચાનું કરાતું વિશેષતઃ વિશ્લેષણ—

नास्वसंविदिताया बुद्धेरवगमे कश्चिदुपायः, अनुमानादिबुद्धेरविषयत्वात्,

ભાવાર્થ-(શંકા) બુદ્ધિના સંવેદનમાં-જ્ઞાનવિષયક જ્ઞાનના પ્રત્યે બીજી બુદ્ધિ-બીજું જ્ઞાન કારણ માની, પ્રકૃતસિદ્ધિ-જીવઅજીવ-આદિતત્ત્વવિષયકબોધની સિદ્ધિ માનીએ તો કાર્યનિર્વાહ થઈ જાય છે તો જ્ઞાનને સ્વસંવિદિત માનવાની શી જરૂર છે ?

સમાધાન=જે જ્ઞાન સ્વસંવિદિત (સ્વપ્રકાશક) નથી તે અસ્વસંવિદિત બુદ્ધિ સમજવી. કેવલ પરપ્રકાશક

---

1 'अप्रमाणिकानन्तपदार्थपरिकल्पनाया विश्रान्त्यभावोऽनवस्था'

અર્થ-જ્યાં ઉત્તરોત્તર-એક પછી એક નવી નવી જૂઠી કલ્પનાઓ કરવી પડે અને કલ્પનાઓનો પૂર્ણવિરામ કદી ન થાય એવા દોષને 'અનવસ્થા' દોષ કહે છે.

પ્રત્યક્ષાદિરૂપ બુદ્ધિના જ્ઞાનપ્રત્યે કોઈ બીજું જ્ઞાન, સાધન રૂપે નથી અર્થાત્ પ્રત્યક્ષાદિરૂપબુદ્ધિવિષયકજ્ઞાનગ્રાહક કોઈ બીજું જ્ઞાન નથી. કારણ કે; અનુમાન-આગમ આદિ બીજા બધા જ્ઞાનનો વિષય, પ્રત્યક્ષાદિરૂપ બુદ્ધિ નથી.

જો અનુમાન-આગમ આદિ બીજા બધા જ્ઞાનનો વિષય, પ્રત્યક્ષઆદિરૂપબુદ્ધિ વિષયક (ગ્રાહક) અનુમાન આદિ જ્ઞાનાંતરની કલ્પના કરવાથી અનવસ્થા-થાય ! કેમકે; અજ્ઞાત સ્વ-સ્વરૂપવાળું જ્ઞાન, બીજાને કેવી રીતે પ્રકાશિત કરે ? તેમ તો છે જ નહીં કારણ કે; સહુસહુના વિષય જુદા જુદા છે. તથાહિ–

સામે રહેલો પદાર્થ, પ્રત્યક્ષનો વિષય છે, તે વખતે અનુપલભ્યમાન પદાર્થ, અનુમાનનો વિષય છે, પ્રત્યક્ષ-અનુમાનથી અસિદ્ધ-પરલોક આદિ પદાર્થ, આગમનો વિષય છે, આ પ્રમાણે પ્રત્યક્ષ આદિ પ્રમાણોનો વિષય, નિયત છે.

સારાંશ કે; સ્વભિન્ન કોઈ બીજું જ્ઞાન, પ્રત્યક્ષઆદિરૂપ જ્ઞાનને વિષય તરીકે પકડી શકતું નથી કારણ કે; સહુસહુ જ્ઞાનના વિષયો ભિન્ન ભિન્ન છે. ત્યારે પોતે જ (પ્રત્યક્ષઆદિરૂપ જ્ઞાન) પોતાને વિષય તરીકે પકડવા સમર્થ છે. કારણ કે; એ પોતાનો વિષય છે.

–ઉપરોક્ત વિષયની મંથનપૂર્વક ચાલુ ચર્ચા–

न ज्ञानव्यक्तिर्विषयः, तदा तदसत्त्वात्, न तत्सामान्यं, तदात्मकत्वात्, न च व्यक्त्यग्रहे तद्ग्रह इत्यपि चिन्त्यं,

ભાવાર્થ–સ્વનિયત (પોતપોતાના ચોક્કસરૂપ) બાહ્ય પદાર્થ-પરપદાર્થરૂપ વિષયગ્રાહક પ્રત્યક્ષઆદિરૂપ જ્ઞાનવ્યક્તિ અનુમાનઆદિજ્ઞાનમાં વિષય તરીકે પ્રતિબિંબિત કે ભાસિત થતી નથી અર્થાત્ અનુમાન આદિ જ્ઞાન, સ્વનિયત પરપદાર્થ ગ્રાહક પ્રત્યક્ષ આદિ જ્ઞાનને વિષય તરીકે પકડવા સમર્થ નથી. કારણ કે; તે વખતે-અનુમાનઆદિ બુદ્ધિના કાળમાં ગ્રાહ્યરૂપ-વિષયરૂપ-પ્રત્યક્ષઆદિરૂપ જ્ઞાનવ્યક્તિ (વિશેષ)નું અસત્ત્વ (અભાવ) છે. કેમકે; એકી સાથે-એક સમયમાં બે જ્ઞાનનો અસ્વીકાર છે.

શંકા–અનુમાનઆદિ બુદ્ધિનો વિષય, ભલે પ્રત્યક્ષ જ્ઞાન રૂપ જ્ઞાનવ્યક્તિ (વિશેષ) ન હો ! પરંતુ અનુમાનઆદિ બુદ્ધિનો વિષય, પ્રત્યક્ષઆદિ જ્ઞાનસામાન્ય, માનીએ તો શો વાંધો ?

સમાધાન–અનુમાનઆદિ બુદ્ધિનો પ્રત્યક્ષઆદિવસ્તુ-સામાન્ય, વિષય નથી. કારણ કે; પ્રત્યક્ષઆદિરૂપજ્ઞાનવ્યક્તિની સાથે પ્રત્યક્ષઆદિજ્ઞાનસામાન્ય, તદાત્મક-અભિન્ન છે. જ્ઞાનવ્યક્તિ (વિશેષ) સત્ત્વે જ્ઞાન સામાન્યની સત્તા છે, જ્ઞાનવ્યક્તિના અભાવમાં જ્ઞાનસામાન્યનો અભાવ છે.

કેટલીક વ્યક્તિઓથી-યત્કિંચિદ્ વિશેષોથી, સામાન્ય ભિન્ન છે એવો સ્વીકાર કરો તો, સામાન્યજ્ઞાનના આધારરૂપ પ્રત્યક્ષઆદિજ્ઞાનવ્યક્તિનું ગ્રહણ (જ્ઞાન) જ્યારે નથી ત્યારે આધેયભૂત જ્ઞાનસામાન્યનું ગ્રહણ કયાંથી જ સંભવે ? અર્થાત્ ન જ સંભવે (જ્યારે પ્રત્યક્ષઆદિજ્ઞાનવિશેષોનો કૂટ, અનુમાનઆદિ બુદ્ધિનો વિષય નથી ત્યારે જ્ઞાનસામાન્ય પણ વિષયતરીકે કયાંથી સંભવે ?) કેવળ વ્યક્તિના અભાવમાં સામાન્યનો અભાવમાત્ર

દોષ નથી પરંતુ જ્ઞાનરૂપ વ્યક્તિના અગ્રહણમાં જ્ઞાન સામાન્યનું ગ્રહણ પણ ચિંત્ય-અસંભવિત બને છે. જેમ કે; વૃક્ષ આદિ વ્યક્તિના અભાવમાં વૃક્ષ આદિ સામાન્યનો અભાવ છે. તથા વૃક્ષ આદિ વ્યક્તિના અગ્રહણમાં વૃક્ષ આદિ સામાન્યનું અગ્રહણ છે.

—અથ ભાટ્ટસિદ્ધાન્ત—

પદાર્થના પ્રાકટ્યથી (જ્ઞાતતા-અર્થપ્રત્યક્ષતાથી) જ્ઞાનનું સંવેદન (હું જ્ઞાનને જાણું છું એવું જ્ઞાન) થાય છે. અર્થાત્ ઘટનું જ્ઞાન થયા પછી (અર્થવિષયક પ્રત્યક્ષજ્ઞાન થયા પછી) ઘટનું (અર્થનું) પ્રાકટ્ય (અર્થપ્રત્યક્ષતા-જ્ઞાતતા) પેદા થાય છે. આ ઘટનું પ્રાકટ્ય, ઘટના જ્ઞાન પહેલાં ઉત્પન્ન થયેલું નથી હોતું, ઘટના જ્ઞાન થયા પછી પેદા થયેલું હોય છે. અતએવ આ ઘટપ્રાકટ્ય, ઘટજ્ઞાનથી પેદા થાય છે. આ ઘટ (અર્થ)ના પ્રાકટ્યથી જ્ઞાનનું સ્વસંવેદન (જ્ઞાનવિષયકજ્ઞાન) થાય છે. અર્થપ્રાકટ્યરૂપ કાર્યને જોઈ અર્થજ્ઞાનરૂપ કારણનું જ્ઞાન-અનુમાન થાય છે. જેમ ધૂમરૂપ કાર્ય જોઈ અગ્નિનું જ્ઞાન-અનુમાન થાય છે તેમ અર્થપાકટ્યરૂપ કાર્યથી અર્થજ્ઞાનરૂપ કારણનું જ્ઞાન થાય છે. અથવા 'દેવદત્ત, ઋષ્ટપુષ્ટ છે અને તે દિવસમાં ખાતો નથી' આવા વાક્યમાં પુષ્ટત્વની અન્યથા અનુપપત્તિથી જેમ રાત્રિભોજનનું જ્ઞાન-અનુમાન થાય છે તેમ અહીં ઘટજ્ઞાન સિવાય ઘટપ્રાકટ્યનુ ઉપલબ્ધિ-પ્રાપ્તિ નથી થતી એટલે ઘટપ્રાકટ્યની અન્યથા અનુપપત્તિથી ઘટજ્ઞાનનું જ્ઞાન મનાય છે-જણાય છે-કલ્પાય છે. સાધ્યની સાથે અવિનાભાવ સંબંધવાળા (સાધ્યનિરૂપિતવ્યાપ્તિવિશિષ્ટ) અને નિશ્ચિત (અસંદિગ્ધ) લિંગ-હેતુ-સાધન દ્વારા, જે જ્ઞાન, સાધ્યનો નિર્ણય કરે તે જ્ઞાન 'અનુમાન' કહેવાય છે.

તથાચ 'પ્રત્યક્ષાદિબુદ્ધિ ર્ગૃહ્યતે, અર્થપ્રત્યક્ષતાત્વાત્,' (આ અનુમાનપ્રયોગમાં જ્ઞાનવિષયત્વ, સાધ્ય છે અને અર્થપ્રત્યક્ષતા હેતુ છે).

અર્થાત્ પ્રત્યક્ષઆદિબુદ્ધિવિષયક ગ્રહણ (જ્ઞાન)રૂપ સાધ્યના પ્રત્યે અર્થપ્રત્યક્ષતા, હેતુ છે. અર્થપ્રત્યક્ષતારૂપ હેતુથી પ્રત્યક્ષઆદિબુદ્ધિવિષયક ગ્રહણ (જ્ઞાન) સિદ્ધ-સાબિત કરાય છે. અથવા પ્રત્યક્ષઆદિ બુદ્ધિમાં જ્ઞાનવિષયત્વરૂપ સાધ્ય, અર્થપ્રત્યક્ષતારૂપ હેતુથી સધાય છે.

પરંતુ વ્યાખ્યાનકાર, ઉપરોક્ત ભાટ્ટસિદ્ધાંતને પડકારે છે કે 'અર્થપ્રત્યક્ષતારૂપ લિંગ હેતુ વાસ્તવિક પોતાના સ્વરૂપવાળો-નિશ્ચિત નથી' તથાહિ-

नार्थप्रत्यक्षता लिङ्गं, यत्प्रत्यक्षपरिच्छेद्योऽर्थ एवार्थप्रत्यक्षता, प्रत्यक्षकर्मरूपतामापन्नेऽर्थ एव, न चायमस्य विशिष्टावस्था विशेषणाप्रतीतौ प्रतीयत इति परिभावनीयम् ॥

ભાવાર્થ=બીજા બધા લિંગો-હેતુઓનો અસંભવ હોઈ વાદીએ લિંગપણાએ કલ્પેલ-રજૂ કરેલ (જેનું સ્વરૂપ આગળ કહેવામાં આવનાર છે.) અર્થપ્રત્યક્ષતા (જ્ઞાતતા) રૂપ લિંગ, બુદ્ધિગ્રાહક અનુમાન (બુદ્ધિવિષયકજ્ઞાનસાધ્યકાનુમાન)નું નિશ્ચાયક-સાધક નથી. કારણ કે; પ્રત્યક્ષજ્ઞાનજ્ઞેયભૂત અર્થ જ અર્થપ્રત્યક્ષતા છે. (અર્થવિષયકપ્રત્યક્ષજ્ઞાન પણ નહીં) અર્થાત્ 'અર્થં પ્રત્યક્ષીકરોતિ' આવી પ્રતીતિથી સિદ્ધ, ઇન્દ્રિયજ્ઞાનરૂપપ્રત્યક્ષની

કર્મરૂપતા-વિષયતાને પામેલ અર્થ જ-ઇન્દ્રિયજ્ઞાનરૂપપ્રત્યક્ષજ્ઞાનવિષયીભૂત અર્થ જ, અર્થપ્રત્યક્ષતાનું સ્વરૂપ છે. તેનાથી કોઇ બીજું જુદું સ્વરૂપ નથી. (ઇન્દ્રિયજ્ઞાનરૂપ પ્રત્યક્ષજ્ઞાનનિરૂપિતવિષયતાવિશિષ્ટ અર્થ જ અર્થપ્રત્યક્ષતા છે.)

તથાચ પ્રત્યક્ષજ્ઞાનરૂપ વિશેષણનું જ્ઞાન નહીં હોયે છતે, અર્થની (અર્થનિષ્ઠ) આ વિશિષ્ટ અવસ્થા-પ્રત્યક્ષજ્ઞાનવિષયભાવપરિણતિરૂપ પ્રત્યક્ષતારૂપ વિશિષ્ટ અવસ્થાનો નિશ્ચય (પ્રતીતિ-જ્ઞાન) કેવી રીતે થાય? અર્થાત્ ન જ થાય ! ('વિશિષ્ટબુદ્ધિં પ્રતિ વિશેષણજ્ઞાનસ્ય કારણત્વાત્' અર્થાત્ 'વિશિષ્ટબુદ્ધિના પ્રત્યે વિશેષણજ્ઞાન, કારણ છે.' આવો નિયમ પણ અહીં વિચારવો.)

તથાચ જેમ પ્રદીપઆદિનો પ્રકાશ, સ્વયં અપ્રકાશિત હોયે છતે, પ્રદીપપ્રકાશિત ઘટાદિનો નિશ્ચય થતો નથી તેમ પ્રત્યક્ષજ્ઞાનરૂપ વિશેષણનું અજ્ઞાન હોયે છતે અર્થની પ્રત્યક્ષજ્ઞાન વિષયભાવ પરિણતિરૂપ પ્રત્યક્ષતારૂપ વિશિષ્ટ અવસ્થાનો નિશ્ચય થતો નથી.

અતએવ અન્વયવ્યતિરેકથી અનિશ્ચિત-અર્થપ્રત્યક્ષતારૂપલિંગથી, બુદ્ધિવિષયકજ્ઞાનરૂપ સાધ્યનો નિશ્ચય થતો નથી.

શંકા-જેમ ઇન્દ્રિયો, સ્વયં અજ્ઞાત-અપ્રતીત (પોતેપોતાને નહીં જાણતી થકી સ્વપ્રકાશક નહીં હોતી) પણ પ્રત્યક્ષજ્ઞાનને પેદા કરે છે. તેમ ઇન્દ્રિયજન્યબુદ્ધિ (પ્રત્યક્ષઆદિ બુદ્ધિ) પણ સ્વયં અજ્ઞાત (પોતે પોતાને નહીં જાણતી) જીવ અજીવ આદિ તત્ત્વનો નિર્ણય કરશે એમાં શો વાંધો છે ?

આવી શંકાનો પરીહાર કરતા કહે છે કે;

एवं चेन्द्रियवदज्ञातस्वरूपैवेयं स्वकार्यकारिणीत्यप्ययुक्तमेव, तत्कार्यप्रत्यक्षत्वेन वैधर्म्यात्, अतोऽर्थप्रत्यक्षताऽर्थपरिच्छेद एवेति नीत्या बुद्धादिसिद्धिः ॥ २९ ॥

ભાવાર્થ=(સમાધાન) આ પ્રકારથી-ઉપરની કરેલી ચર્ચાથી જ્યારે પ્રત્યક્ષઆદિ બુદ્ધિમાં અનુમાનઆદિરૂપજ્ઞાનવિષયકતાની અસિદ્ધિ થાય છે. ત્યારે વાદી કહે છે કે; ઇન્દ્રિયની માફક સ્વયં અજ્ઞાત (પોતેપોતાને નહીં જાણતી) જ પ્રત્યક્ષબુદ્ધિ, પોતાનાકાર્યને (અર્થરૂપવિષયવિષયકજ્ઞાનરૂપ સ્વકાર્યને) કરે છે. આ પણ કથન, જેમ પ્રત્યક્ષ બુદ્ધિમાં અનુમાનઆદિજ્ઞાનવિષયતાની પ્રરૂપણા (નિરૂપણ) યુક્તિની બહાર છે. તેમ (આ પણ કથન ) યુક્તિ યુક્ત નથી. કારણ કે; ઇન્દ્રિયજન્યજ્ઞાનનિષ્ઠ (નિરૂપિત) પ્રત્યક્ષતાની સાથે બુદ્ધિકૃત (જન્ય) અર્થ પ્રત્યક્ષતાનું વૈધર્મ્ય છે. (સરખાપણું નથી-મળતાપણું કે તુલ્યતા નથી-વિષમતા છે.) અર્થાત્ ઇન્દ્રિયપ્રત્યક્ષ, જુદી જાતનું છે. અને બુદ્ધિકૃત અર્થપ્રત્યક્ષ જુદી જાતનું છે. વિષમ છે, એક સરખું નથી. એટલે ઇન્દ્રિયની માફક સ્વયં અજ્ઞાત (પોતેપોતાના સ્વરૂપને નહીં જાણનારી) પ્રત્યક્ષબુદ્ધિ, અર્થજ્ઞાન કરાવશે એવું વર્ણન અયુક્ત છે કેમકે; દ્રષ્ટાંત વિષમ છે.

(૧) બુદ્ધિજન્ય અર્થપ્રત્યક્ષતા=અર્થવિષયકજ્ઞાન જ પોતાનામાંજ અર્થના સ્ફુરાયમાનસ્વભાવવાળી વિષયની પ્રતીતિ જ ! અહીં બુદ્ધિજન્ય અર્થપ્રત્યક્ષતા કહેવાય છે.

(૨) ઇન્દ્રિયજન્ય અર્થપ્રત્યક્ષતા=ઇન્દ્રિયની સાથે અર્થનો સંનિકર્ષ (સંયોગઆદિ સંબંધ) થયે છતે અર્થ વિષયક પ્રતીતિ (જ્ઞાન) રૂપ પ્રત્યક્ષતા, એ અહીં ઇન્દ્રિયજન્ય અર્થપ્રત્યક્ષતા સમજવી.

આ પ્રમાણે અર્થઘટના કરવાથી આ બંનેમાં અર્થપરિચ્છેદમાં વૈધર્મ્ય હોવાથી સાધર્મ્યની સિદ્ધિ ન હોવાથી દ્રષ્ટાંતની અસિદ્ધિ જાણવી. સાધર્મ્યની સિદ્ધિ થાય તો જ દ્રષ્ટાંત, દ્રષ્ટાંતરૂપ બની શકે !

આવી નીતિથી ન્યાયયુક્તિથી બુદ્ધબોધકની સિદ્ધિ સમજવી.

આ પ્રમાણે નમોત્થુણં સૂત્રના ૨૯ મા પદની વ્યાખ્યા સમાપ્ત થયેલ જાણવી.

નમોત્થુણં સૂત્રની ૩૦ મા પદની વ્યાખ્યા કરતાં અગાઉ રજૂ કરાતો તેની અવતરણિકાનો અવતાર–

एतेऽपि जगत्कर्तृलीनमुक्तवादिमिः सन्तपनविनेयैस्तत्त्वतोऽमुक्तादय एवेष्यन्ते, ''ब्रह्मवद्ब्रह्मसङ्गतानां स्थिति'' रिति वचनाद्, एतन्निराविकीर्षयाऽऽह–

ભાવાર્થ=જગતના કર્તા (ઉપાદાન કે નિમિત્ત કારણભૂત) ઈશ્વર-પરમપુરૂષબ્રહ્મમાં લીન થઈ જવું (અભેદ ભાવથી એક થઈ જવું) તેનું નામ મુક્તિ છે અને તે મુક્તિથી યુક્ત હોય તે મુક્ત છે. એમ બોલવાના સ્વભાવવાળા સંતપનના શિષ્યો, તત્ત્વથી અરિહંત ભગવંતોને અમુક્ત-અમોચક માને છે.

તેઓનું વચન છે કે 'બ્રહ્મની માફક બ્રહ્મસંગત-બ્રહ્મમાં લીન-એકમેક થનારા મુક્તોની સ્થિતિ છે'

આવા, સંતપનશિષ્યોના મતનું નિરાકરણ કરવાના ઇરાદાથી કહે છે કે–

''मुत्ताणं मोयगाणं'' मुक्तेभ्यो मोचकेभ्यः, चतुर्गतिविपाकचित्रकर्मबन्धमुक्तत्वान्मुक्ताः कृतकृत्या निष्ठितार्था इति योऽर्थः, न जगत्कर्तरि लये निष्ठितार्थत्वं, तत्करणेन कृतकृत्यत्वायोगात् हीनादिकरणे चेच्छाद्वेषादिप्रसङ्गः, तद्व्यतिरेकेण तथाप्रवृत्त्यसिद्धेः, एवं सामान्यसंसारिणोऽविशिष्टतरं मुक्तत्वमिति चिन्तनीयम्,

ભાવાર્થ=''ભવબંધનથી મુક્ત અને અન્યને ભવબંધનથી મુકાવનાર અરિહંત ભગવંતને નમસ્કાર હો''

મુક્તસ્વરૂપ=ચારગતિના અનુભવરૂપ ચતુર્ગતિ વિપાક (દ્રવ્યસંસારરૂપ બંધન) અને તેના કારણભૂત નાનાવિધજ્ઞાનાવરણીય આદિ અષ્ટવિધ કર્મના (ભાવસંસારના) બંધથી-બંધનથી છૂટા થયેલા હોવાથી તે આત્માઓ મુક્ત કહેવાય છે. અર્થાત્ મુક્તો એટલે કૃતકૃત્ય (જેણે પોતાનું કાર્ય પૂરું કરેલ છે-કૃતાર્થ તીર્ણ-પારંગત-જેણે કરવાનું કાંઇ બાકી જ નથી રહેતું તે કૃતકૃત્ય કહેવાય છે.)

અને નિષ્ઠિતાર્થ (અંશતઃ ભવસ્થજિનઆદિની માફક કૃતકૃત્યતા નથી માટે નિષ્ઠિતાર્થ=સર્વાંશતઃ-સંપૂર્ણતયા સિદ્ધપાર પડેલ છે, કાર્ય જેના તે નિષ્ઠિતાર્થ કહેવાય છે) એમ વિવરણદ્વારા મુક્ત શબ્દનો પરમાર્થ સમજવો..

શંકા=આધાર સ્વરૂપ બ્રહ્મરૂપજગત્કર્તામાં અભિન્નરૂપે-એકરૂપે રહેવારૂપ લય (એકીભાવ) હોયે છતેજ મુક્તોની સર્વાંશતઃ અર્થસિદ્ધિ કેમ ન ઘટી શકે ?

સમાધાન=જગત્ને રચવાનું (બનાવવાનું-સર્જવાનું) કાર્ય કામ અધૂરું હોવાથી આધારસ્વરૂપબ્રહ્મરૂપજગત્કર્તામાં અભિન્ન રૂપે રહેનાર તે મુક્તો તમારા મતે કૃતકૃત્ય-નિષ્ઠિતાર્થ થઈ શકતા નથી.

વળી હીન (નારક વિગેરે) મધ્યમ (મનુષ્ય, તિર્યંચ) ઉત્કૃષ્ટ (દેવઆદિ)રૂપ જગત્ કે સૃષ્ટિનું સર્જન-રચવાનું હોવાથી અપરિમિત ઈચ્છા, દ્વેષ વિગેરે દોષોનો પ્રસંગ-આપત્તિ તમારા મતે બ્રહ્મ કે તદભિન્ન મુક્તોમાં આવે ! કારણ કે; અપરિમિત ઈચ્છાદ્વેષ આદિ દોષો વગર, જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટ સૃષ્ટિરૂપ વિચિત્ર રચના કદી સંભવી શકે જ નહીં. આવી જ સ્થિતિ જ્યારે વિચિત્ર સૃષ્ટિ સર્જવામાં છે ત્યારે સામાન્ય સંસારી-મનુષ્ય કે તિર્યંચ આદિની કક્ષા કરતાં ઘણી હલકી કોટીમાં મુક્તો આવી પડેજને ? હીનાતિહીન જે આની સ્થિતિ છે તો તેઓમાં મુક્તત્વની વાત પણ કેમ થાય ? ઈત્યાદિ આ વિષયની ગંભીર આલોચના કરો ! અર્થાત્ તમારા મતે પરિમિત ઈચ્છાદ્વેષ આદિ દોષવાળા બીજા આત્માઓ, સૃષ્ટિ સર્જનમાં સમર્થ નથી. અને સૃષ્ટિકર્તારૂપે બ્રહ્મા કે તદભિન્ન મુક્ત આત્માઓ માનેલ છે. પરંતુ એમ માનવા જતાં બ્રહ્મ કે તદભિન્ન મુક્તોને અપરિમિત ઈચ્છાદ્વેષ આદિ દોષ સંપન્ન માનવા પડશે અને એમ માનતાં, સામાન્ય સંસારી કરતાં પણ હીન અતિહીન કક્ષાસંપન્ન માનવાનો મહાદોષ આવી પડશે ! ઈત્યાદિ આ વિષયને બુદ્ધિથી ખૂબ ચકાશો એમ વ્યાખ્યાનકાર ભલામણ કરે છે.

શંકા= આ નજરે ચડતી જગતની વિચિત્ર લીલા, કર્મ વિગેરેએ કરેલી છે. એમ માનવા છતાંય તે વિચિત્રસૃષ્ટિના સંચાલક, બ્રહ્મ કે તદભિન્ન મુક્તો નિમિત્ત કારણરૂપે છે. એમ કબૂલવામાં શો બાધ આવે ? ઉપાદાનકર્તૃપક્ષમાં ભલે બાધ રહો !

આવી શંકાનું સચોટ સમાધાન કરતા વ્યાખ્યાનકાર કહે છે કે--

निमित्तकर्तृत्वाभ्युपगमे तु तत्त्वतोऽकर्तृत्वं, स्वातन्त्र्यासिद्धेः,

ભાવાર્થ=(સમાધાન) ઈચ્છા આદિ દોષ દૂર કરવાના ઈરાદાથી જે વાદીએ કહ્યું કે; 'નિમિત્ત કારણરૂપે આ પુરૂષ જગતનો કર્તા છે' આ વિષયનું ખંડન કરે છે કે; નિમિત્ત કારણરૂપે સ્વીકારેલું પુરૂષમાં કર્તૃપણું, તે તત્ત્વકોટીથી વિચારીએ તો-વાસ્તવમાં અકર્તૃપણું જ છે. કેમકે; નિમિત્તકારણરૂપ કર્તાપુરૂષમાં 'સ્વતંત્ર 'કર્તા'

---

१ 'स्वतन्त्र कर्ता' सि. २/२/४७. क्रियासिद्धौ प्रकृष्टो यः स कर्ता स्यात्=અર્થ–ક્રિયાનો હેતુ છતાં ક્રિયાની સિદ્ધિમાં જે મુખ્યકારક તે 'કર્તા' સંજ્ઞાવાળો થાય છે.

यस्या गुणभावेन धातुना व्यापार उच्यते स स्वतन्त्र इति तात्पर्यम् । 'स्वतन्त्रः कर्ता' (पा. सू. १-४-५४) स्वातन्त्र्यं च धात्वर्थव्यापाराश्रयत्वम्, वैयाकरणभूषणसारे-सुबर्थनिर्णये । इतरव्यापारानधीनव्यापारवत्त्वं स्वातन्त्र्यम् । 'एवं च स्वेच्छाधीनप्रवृत्तिनिवृत्तिकत्वमपि' इति कलाटीकासहितलघुमंजूषायां सुबर्थविचारे पृ. १३४५ पं. ५

આવું જે કર્તાનું લક્ષણ છે તે નથી ઘટતું. તથાહિ-બીજાની અપેક્ષા રાખી જે પ્રવૃત્તિ કે નિવૃત્તિ નથી કરતો પરંતુ પોતાની ઇચ્છાનુસારે-સ્વતંત્ર રીતે જે પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે છે તે જ દરઅસલમાં સ્વતંત્રતાનામક સ્વલક્ષણ વિશિષ્ટ કર્તા છે. બીજાની અપેક્ષા રાખી પરતંત્ર રીતે પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરે છે તે સ્વતંત્રતાનામક સ્વલક્ષણ વિશિષ્ટ કર્તા નથી કહેવાતો અર્થાત્ અકર્તા કહેવાય છે.

–એકબીજામાં મળી કે ભળી જવારૂપલય, બ્રહ્મભિન્ન મુક્તોમાં ઘટી શકતો નથી એ વિષયનું વિશદીકરણ–

नच द्वयोरेकीभावोऽन्यतराभावप्रसङ्गात्, न सत्तायाः सत्तान्तर प्रवेशेऽनुपचयः, उपचये च सैव सेत्ययुक्तं, तदन्तरमासन्नः स इति नीतिः।

ભાવાર્થ=બંનેમાં=મુક્ત (જીવ) અને પરમપુરૂષરૂપબ્રહ્મમાં લયરૂપ એકીભાવ (એક થવારૂપલય રૂપમુક્તિ) બરોબર યુક્તિયુક્ત નથી. કારણ કે; બંને એક થવાથી, બંનેમાંથી કોઈ એક સત્તાનો અભાવ છે-તથાહિ-બંને મટીને એકરૂપ થવાથી બેમાંથી એકના-મુક્ત કે કાંતો પરમપુરૂષના અભાવનો પ્રસંગ (આપત્તિ) આવે! કારણકે; ત્યાંજ લીનતા-લય કે એકીભાવ ઘટી શકે છે કે; જે બેમાંથી એક બીજાના સ્વરૂપમાં પરિણમી જાય અર્થાત્ બેમાંથી કોઈ એકનું બીજાના સ્વરૂપમાં પરિણમવું (તદ્રુપ બનવું) તે જ લય કહેવાય છે.

જો મુક્ત કે પરમપુરૂષની સત્તાના અભાવનો સ્વીકાર ન કરો તો જે બીજું દૂષણ આવે છે તે બતાવે છે. -તથાહિ- પરમપુરૂષરૂપસત્તામાં મુક્તરૂપ બીજી સત્તાનો પ્રવેશ (એકરૂપ બનવારૂપ પ્રવેશ) થયે છતે, પરમપુરૂષરૂપસત્તાનો અનુપચય નથી અર્થાત્ સ્કંધાન્તરમાં પ્રવિષ્ટ સ્કન્ધની માફક અવશ્ય ઉપચય (વૃદ્ધિ-વધારે-ઉમેરો) છે.

તથાચ વૃદ્ધિરૂપ ઉપચય હોયે છતે પરમપુરૂષની કે મુક્તની સત્તા, પ્રાકૃતની (પૂર્વકાલીન-પહેલાંની) હતી તેની તે જ છે એમ કહેવું અયુક્ત છે. કારણ કે; પરમપુરૂષરૂપતત્સત્તાથી અપેક્ષાથીઅર્થાત્ પૂર્વની સત્તાની અપેક્ષાથી વૃદ્ધિ થયે, તે સત્તા,જુદી-બીજી સત્તા છે એમ મનાય છે.

એવંચ વૃદ્ધિ પહેલાંની સત્તા-પરમપુરૂષસત્તા, વૃદ્ધિ વગરની હોઈ જુદી જાતની છે. જ્યારે વૃદ્ધિ થયા બાદની પરમપુરૂષસત્તા, વૃદ્ધિવાળી હોઈ તેની તેજ છે એમ કહી શકાય નહિં અર્થાત્ વિલક્ષણસત્તા-સત્તાંતર થાય છે એમ આપત્તિ સમજવી. અહીં આવી નીતિ-ન્યાયમુદ્રા છે એમ જાણવું.

---

૧ ઈશ્વર, સ્વતંત્ર નથી. જો ઈશ્વર સ્વાધીન થઈ જગત્ને રચે છે અને તે પરમ દયાલુ છે તો તે સર્વથા સુખસંપદાથી ભરપૂર સૃષ્ટિને નહીં બનાવી સુખદુઃખથી મિશ્ર-વિચિત્ર જગત્ને કેમ બનાવે ? જો તેમ કહો કે જીવોના જન્માંતરમાં ભેગા કરેલ શુભ-અશુભ કર્મોથી પ્રેરણાવાળો બનેલો ઈશ્વર જગત્ને રચે છે તો ઈશ્વરની સ્વતંત્રતાનો સદંતર લોપ થઈ જાય છે. જો ઈશ્વર જગત્ને રચવામાં જીવોના કર્મોની અપેક્ષા રાખે છે, તો જગત્ની વિચિત્ર સૃષ્ટિના કારણમાં કર્મો જ સમર્થ છે. કર્મોને રચનાર ઈશ્વર નહીં હોવાથી ઈશ્વર અસમર્થ છે. કર્મજન્ય જ જગત્ની વિચિત્રતાના સ્વીકારમાં બુદ્ધિની સમર્થતા છે.

–ઉપરોક્ત વિષયનો ઉપસંહાર–

नैवमन्यस्यान्यत्र लय इति मोहविषप्रसरकटकबन्धः,

ભાવાર્થ=એવંચ પરમપુરુષરૂપબ્રહ્મ અને મુક્તને એકરૂપ થવામાં, બેમાંથી એકના અભાવરૂપ આપત્તિ અથવા વૃદ્ધિરૂપ ઉપચય થયે છતે વિલક્ષણ-જુદી સત્તારૂપ સત્તાંતરના સ્વીકારરૂપ આપત્તિ આવવાથી, સામાન્યતઃ મુક્ત આદિરૂપ અન્યનો, બીજામાં-પુરુષ આકાશ વગેરેમાં લય-એકીભાવ-પ્રવેશરૂપ જે મુક્તિ માનેલ છે તેનો અહીં નિષેધ કરવામાં આવેલ છે. આ લયરૂપ મુક્તિનો નિષેધ, મોહ-અજ્ઞાનરૂપી ભાવવિષ (ઝેર)ના વિસ્તારને (ફેલાવાને) દૂર કરવામાં કટકબંધ જેવો છે. (મંતરેલા દોરા-રક્ષાસૂત્રના બંધ જેવો છે.) અર્થાત્ જેમ કટકબંધ, બાહ્યઝેરનો ફેલાવો થવા દેતો નથી તેમ આ લયનો નિષેધ, મોહરૂપી ભાવઝેરના ફેલાવાને રોકી દે છે.

–શક્રસ્તવના ૩૦ મા પદનો ઉપસંહાર–

तदेवं निमित्तकर्त्तृत्वपरभावनिवृत्तिभ्यां तत्त्वतो मुक्तादिसिद्धिः ॥ ३० ॥

ભાવાર્થ-આ પ્રમાણે-ઉપરોક્તનીતિ-ન્યાયમુદ્રાથી એ ફલિત થાય છે કે, (સાક્ષાત્કર્તા-ઉપાદાનકર્તા માનવામાં રાગ આદિની આપત્તિ આવતી હોઈ) મુખ્ય-સ્વતંત્ર કર્તાપણાનો અભાવ છે એટલે-જેમાં ભાવના-ચિત્તનો આશય વિશુદ્ધ છે, જેમાં મન તેના અર્થને વિષે અર્પિત છે તથા જેમાં ક્રિયા શક્તિથી હીન પણ નથી તેમજ અધિક પણ નથી, આવા સ્વરૂપવાળા-પરિશુદ્ધ પ્રણિધાન આદિ પ્રવૃત્તિ-ક્રિયામાં ભવ્યોને અરિહંત ભગવંતો આલંબન (આશ્રય-સહાય-આધાર-ધ્યેયરૂપ) હોઈ તેઓમાં નિમિત્તકર્તૃપણું ઘટી શકે છે. અને પરમપુરુષમાં એક થવારૂપ લયના અભાવરૂપ પરભાવનિવૃત્તિ (પરમપુરુષમાં એક થવારૂપ લયને અહીં પરભાવ સમજવો તેની નિવૃત્તિ અભાવ તે પરભાવ નિવૃત્તિ, અથવા કેવલ સમ્યક્ત્વઆદિ આત્મભાવોનું નિત્યત્વ-અનંતત્વ-અનિવૃત્તિ તથા દ્રવ્યકર્મભાવ કર્મરૂપપરભાવ, તેની નિવૃત્તિ) ઘટી શકે છે. એવંચ નિમિત્ત કર્તાપણાથી 'મોચક' (અન્યને સંસાર બંધનથી મુકાવનાર) અને પરભાવ નિવૃત્તિથી 'મુક્ત' (પરભાવનિવૃત્ત-સ્વયાવત્ સ્વરૂપસ્થિત) તત્ત્વથી-મુખ્યવૃત્તિથી અરિહંત ભગવંતો હોય છે એમ સિદ્ધિ-સાબિતી જાણી લેવી.

–શક્રસ્તવની 'આત્મતુલ્યપરફલકર્તૃત્વરૂપ' ૮મી સંપદાનો ઉપસંહાર–

एवं जिनजापकतीर्णतारकबुद्धबोधकमुक्तमोचकभावेन स्वपरहितसिद्धेरात्मतुल्यपरफलकर्त्तृत्वसम्पदिति ॥ ८ ॥

---

૧ જેમ કોઈ શેઠ કરોડો રૂપીયા કમાય પણ એની વફાદારીથી સેવા કરનાર જો એ કાંઈજ લાભ ન આપી શકતો હોય બલ્કે એને પણ પોતાના જેવી ધનિક સ્થિતિમાં ન મૂકતો હોય તો એની શેઠાઈ નિરર્થક ગણાય છે. અને એવાની નોકરી કરવાની કોઈ બુદ્ધિશાળીને ઇચ્છા થતી નથી. એ જ રીતે ઈશ્વરની ઉપાસના સંબંધી છે. જે ભગવાનની સેવા કરવાથી પરીણામે એના જેવું પદ પ્રાપ્ત ન થતું હોય તો એ સેવા, એ ભક્તિ, પરિશ્રમરૂપ જ લેખાય પરંતુ અરિહંત ભગવંતરૂપ દેવાધિદેવ તો પોતાના ભજનારને પોતાના જેવા જ બનાવે છે-કરે છે.

ભાવાર્થ – જિનજાપક ભાવથી, તીર્ણતારક ભાવથી, બુદ્ધબોધકપણાએ, તથા મુક્તમોચક ભાવથી સ્વપરહિત (કલ્યાણ લાભ-ગુણ) ની સિદ્ધિ (પરિપૂર્ણતા-જય-ફત્તેહ-પ્રકર્ષ) થવાથી 'જિણાણંથી મુત્તાણં મોયગાણં' સુધીની જ (૪) ચાર પદવાળી સંપદાને 'स्वतुल्यपरफलकर्तृत्व' સંપદા કહે છે, કારણ કે; આ (૪) ચારપદોમાં અરિહંતોનું પોતાનું જેવું સ્વરૂપ છે, તેવું સ્વરૂપ-ફળ, અન્ય-યોગ્ય ભવ્યજીવોને અરિહંત ભગવંતો આપે છે. (કરે છે) આ સંપદાનું 'નિજ સમફલદ' એવું બીજું નામ પણ છે.

–અથ ત્રણ પદોવડે અનુક્રમે ભગવાનના પ્રધાનગુણ, અક્ષયસ્થિતિ અને ઉત્કૃષ્ટ ફલને બતાવનાર પ્રધાનગુણાપરીક્ષય-પ્રધાન ફલાવાપ્ત્યભય અથવા 'મોક્ષ' નામની (૯) નવમી સંપદાનું વિવેચન કરતાં પહેલાં, પ્રથમપદની વ્યાખ્યા કરતાં પહેલાં તેની અવતરણિકાનો રજૂ કરાતો અવતાર–

एतेऽपि बुद्धियोगज्ञानवादिमिः कापिलैरसर्वज्ञा असर्वदर्शिनश्चेष्यन्ते, ''बुद्धयध्यवसितमर्थं पुरुषश्चेतयते'' इति वचनाद्, एतन्निराकरणायाह–

ભાવાર્થ–બુદ્ધિ (મહત્-તત્ત્વ જેનું નામ છે એવી બુદ્ધિ)નો યોગ-સંબંધ થયે છતે, આત્મામાં જ્ઞાન પેદા થાય છે. અર્થાત્ બુદ્ધિના સંબંધથી પેદા થતું જ્ઞાન છે, આમ બોલવના સ્વભાવવાળા [1]કપિલના અનુયાયીઓ 'આ અરિહંત ભગવંતોને' અસર્વજ્ઞ અને અસર્વદર્શીમાને છે. કારણકે;

–અથ સાંખ્યપ્રક્રિયા–

(૧) પરસ્પર ઉપકાર કરનાર સત્ત્વ, સજસ્, તમસ્ આ ત્રણ ગુણોની જે સરખી અવસ્થા તે 'પ્રકૃતિ' કહેવાય છે.

अ सत्त्वगुण=જેનું લક્ષણ સુખ છે. એનાથી પ્રસાદપ્રસન્નતા થાય છે. એના ચિહ્નો પ્રસાદ, બુદ્ધિપાટવ, અલઘુતા-ગૌરવ, અદ્વેષ-પ્રીતિ છે.

ब रजोगुण=જેનું લક્ષણ દુઃખ છે. એનાથી તાપ થાય છે. તાપ, શોષ, ભેદ, ચિત્તની ચંચલતા જડતા, ઉદ્વેગ એ એનાં ચિહ્નો કે કાર્યો છે.

क तमोगुण=જેનું સ્વરૂપ મોહ છે. આનાથી દીનતા થાય છે. દૈન્ય, મોહ, મરણ, લઘુતા, અજ્ઞાન વિગેરે તમોગુણના ચિહ્નો કે કાર્યો છે.

અર્થાત્ આવી ત્રણેય ગુણો તુલ્યપ્રમાણથી જેમાં રહેલાં હોય તેવી અવસ્થા 'પ્રકૃતિ' કહેવાય છે. પ્રધાન, અવ્યક્ત પણ નામ જેનાં છે.

(૨) આ પ્રકૃતિથી 'બુદ્ધિ' પેદા થાય છે જેનું બીજું નામ મહત્ છે. જેમકે; આ ગાય છે. ઘોડો નથી. અથવા આ ઠુંઠું છે. પુરુષ નથી. આવા નિશ્ચયરૂપ જ્ઞાનને 'બુદ્ધિ ' કહે છે. બુદ્ધિના, ધર્મ, જ્ઞાન,

---

१ સાંખ્યદર્શનના આદ્યપ્રણેતા 'કપિલ' પરમર્ષિ કહેવાય છે.

વૈરાગ્ય, ઐશ્વર્ય (સાત્ત્વિક) અને અધર્મ અજ્ઞાન, સંસારરાગ (આસક્તિ) ગરીબી (તામસિક) આ (૮) આઠ ગુણો છે.

(૩) બુદ્ધિથી 'અહંકાર' પેદા થાય છે. હું સુંદર છું, હું નસીબદાર છું આવો અભિમાનરૂપ અહંકાર પેદા થાય છે.

(૧૯) આ અહંકારમાંથી (૧૬) સોળ તત્ત્વો પેદા થાય છે. તે આ પ્રમાણેઃ–

(૫) બુદ્ધીન્દ્રિયો=ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય આ ઇન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહે છે માટે આ 'જ્ઞાનેન્દ્રિય' કહેવાય છે.

(૫) કર્મેન્દ્રિયો=વચન, હાથ, પગ, ગુદા, લિંગ, એમનાથી ક્રમશઃ બોલવું, આદાન, ચલન, મલોત્સર્ગ, સંભોગરૂપકર્મ ક્રિયા સિદ્ધ થવાથી 'કર્મેન્દ્રિય' કહેવાય છે.

ઇચ્છારૂપમન=જ્યારે આ જ્ઞાનેન્દ્રિય સાથે મળે છે ત્યારે જ્ઞાનરૂપ છે. જ્યારે કર્મેન્દ્રિય સાથે મળે છે ત્યારે કર્મરૂપ બને છે. આનો સ્વભાવ મુદ્દાવગર પણ સંકલ્પ કરવાનો છે.

(૨૪) ગન્ધતન્માત્ર, રસતન્માત્ર, રૂપતન્માત્ર, સ્પર્શતન્માત્ર, શબ્દતન્માત્ર, આ પાંચ તન્માત્રથી મહાભૂત પેદા થાય છે. ગન્ધતન્માત્રથી પૃથ્વીભૂત, રસતન્માત્રથી જલભૂત, રૂપતન્માત્રથી અગ્નિભૂત, સ્પર્શતન્માત્રથી વાયુભૂત, શબ્દતન્માત્રથી આકાશભૂત થાય છે.

(૨૫) પુરૂષ=ઉપરોક્ત ચોવીશ તત્ત્વો છે તેથી અન્ય-જુદો પુરૂષ-આત્મા એ ૨૫ મું તત્ત્વ છે.

તથાચ તત્ત્વોનું મૂલ કારણ પ્રકૃતિ-અવ્યક્ત છે. પોતે કોઇના વિકારરૂપ નથી એટલે 'અવિકૃતિ' કહેવાય છે. મહત્ (બુદ્ધિ) અહંકાર અને શબ્દઆદિ પંચતન્માત્રો એ સાત (૭) પ્રકૃતિરૂપ વિકૃતિરૂપ છે. મહત્ (બુદ્ધિ) અહંકારની પ્રકૃતિ અને મૂલ પ્રકૃતિની વિકૃતિ છે. અહંકાર, ઇન્દ્રિયોની પ્રકૃતિ અને બુદ્ધિની વિકૃતિ છે. પાંચ-તન્માત્રાઓ, પાંચભૂતોની પ્રકૃતિ અને અહંકારની વિકૃતિ છે. (૧૧) ઇન્દ્રિયો (૫) પંચમહાભૂતો એ (૧૬) સોળ તત્ત્વો કેવલ વિકૃતિરૂપ છે. પુરૂષ (આત્મા) તો વિકૃતિરૂપ નથી અને પ્રકૃતિરૂપ નથી. ચિદ્રૂપ છે.

મૂલ પ્રકૃતિના વિકારરૂપ હોઈ બુદ્ધિ (મહત્તત્ત્વ-અંતઃકરણ) સ્વયં ચેતનાવગરની-અચેતન છે. છતાં, ચૈતન્યરૂપ સ્વતત્ત્વ (સ્વભાવ) વાળા પુરૂષના સંનિધાનથી (સંયોગથી) જાણે ચેતનાવાળી હોય તેવી ભાસે છે. જેમ જુદા જુદા રંગોના સંયોગથી નિર્મલસ્ફટિકમણિ, કાળા પીળા વિગેરે રૂપવાળો થાય છે. તેમ અવિકારી નિત્ય પુરૂષ આત્મા, બુદ્ધિના સંનિધાન (સામીપ્ય-નિકટણાના-સંયોગ) વશથી અચેતન મનને સ્વસમાન ચેતન બનાવે છે. ત્યારે એમાં-પુરૂષમાં ભોક્તૃત્વનું અભિમાન થાય છે. વાસ્તવમાં વિકારી હોવાથી મન, ચેતન કહેવાતું નથી.

-ટૂંકમાં પુરૂષતત્ત્વનું સ્વરૂપ-

(૧) અકર્ત્તા=તે વિષયસુખઆદિનો અને તેના કારણભૂત પુણ્યઆદિનો કરવાવાળો નથી માટે અકર્તા. આત્મા તણખલા માત્રને ભાંગવાને સમર્થ નથી. અતઃ અકર્તા છે. પ્રકૃતિ, કર્તા છે કારણકે; પ્રકૃતિ જ પ્રવૃત્તિસ્વભાવવાળી છે.

(૨) વિગુણ=સત્ત્વ આદિ ગુણ રહિત પુરૂષ છે. કારણ કે; સત્ત્વાદિધર્મો, પ્રકૃતિના છે. પુરૂષના નહીં.

(૩) ભોક્તા=પુરૂષ, ભોગ કરનાર છે. ભોક્તા પણ સાક્ષાત્ નહીં પરંતુ પ્રકૃતિના વિકારભૂત ઉભયમુખ દર્પણ આકાર જે બુદ્ધિ છે તેમાં સંક્રાન્ત થયેલ સુખ દુઃખ આદિનો, પોતાના નિર્મલ સ્વરૂપમાં પ્રતિબિંબિત થવાથી તે ભોક્તા છે. જેમ જાસુદ આદિ ફુલોના સંનિધાનવશથી સ્ફટિકમણિમાં રક્તતા (લાલાશ) આદિનો વ્યવહાર થાય છે. અર્થાત્ સ્ફટિક, લાલ છે એમ કહેવાય છે. તેમજ પ્રકૃતિનિકટવર્તી હોવાથી પુરૂષ પણ સુખ દુઃખ આદિનો ભોક્તા છે એમ કહેવાય છે (બુદ્ધિરૂપી દર્પણમાં પડનારાં પદાર્થોનાં પ્રતિબિંબનું, બીજા દર્પણ સરખા પુરૂષમાં પ્રતિબિંબિત થવું તેજ પુરૂષનો ભોગ છે. માટે તેને ભોક્તા કહે છે. આત્મામાં એથી કોઈપણ જાતનો વિકાર થતો નથી. 'જે પ્રકારે નિર્મલજલમાં પડનારું ચંદ્રમાનું પ્રતિબિંબ જલનોજ વિકાર છે. ચંદ્રમાનો નહીં' આજ પ્રકારે આત્મામાં બુદ્ધિનું પ્રતિબિંબ પડવાથી તેમાં જે ભોક્તૃત્વ છે તે માત્ર બુદ્ધિનો વિકાર છે પુરૂષ-આત્માનો નહીં. આત્મા તો વસ્તુતઃ નિર્વિકાર છે.

(૪) નિત્યચિદ્અભ્યુપેતઃ=નિત્યચૈતન્યસ્વરૂપ આત્મા (પુરૂષ) છે. પુરૂષ, ચૈતન્ય સ્વરૂપ જ છે. જ્ઞાનસ્વરૂપ નહીં. કારણકે, જ્ઞાન એ બુદ્ધિનો ગુણધર્મ છે.

(૫) પુમાન્=આત્મા, પુરૂષ તરીકે ઓળખાય છે.

આત્મા=અમૂર્ત, ચેતન, ભોક્તા, નિત્ય, સર્વગત, ક્રિયારહિત, અકર્તા, નિર્ગુણ, સૂક્ષ્મ 'આત્મા' કહેવાય છે.

-ઈતિ સાંખ્યપ્રક્રિયા-

સાંખ્યલોકોનું વચન છે કે, 'મૂલપ્રકૃતિના વિકારભૂત ઉભયમુખ દર્પણ આકારવાળી જે બુદ્ધિ છે તેમાં પ્રતિબિંબિત સંક્રાંત થયેલ શબ્દ વિગેરે વિષયોને-પદાર્થોને, પોતાના સ્વચ્છ સ્વરૂપમાં પ્રતિબિંબિત થવાથી પુરૂષ=આત્મા, જાણે છે.'અર્થાત્ શબ્દાદિ અર્થ-વિષયવિષયક જ્ઞાનના પ્રત્યે 'બુદ્ધિ અંતરંગ (ઉપાદાન કે સમવાયિ) કારણ અસાધારણ-કારણ છે.

---

૧ ચિત્શક્તિ (પુરૂષની-ચેતનની શક્તિ)થી પદાર્થવિષયકજ્ઞાન થતું નથી. પરંતુ અચેતનબુદ્ધિથી જ પદાર્થવિષયકજ્ઞાન થાય છે. આ બુદ્ધિ, પુરૂષનો ધર્મ નથી. કેવલ પ્રકૃતિનો વિકાર છે. આ અચેતન બુદ્ધિમાં ચિત્ શક્તિનું પ્રતિબિંબ પડવાથી

ઉપરોક્ત સાંખ્યમતનું નિરાકરણ કરવા સારૂ કહે છે કે;

''सर्वज्ञेभ्यः[1] सर्वदर्शिभ्यः'' सर्वजानन्तीति सर्वज्ञाः, सर्वं पश्यन्तीति सर्वदर्शिनः, तत्स्वभावत्वे सति निरावरणत्वात्,

ભાવાર્થ=''સર્વજ્ઞ, સર્વદર્શી અરિહંત ભગવંતોને નમસ્કાર હો''

સર્વજ્ઞપદનો અર્થ=દ્રવ્યથી રૂપી અને અરૂપી સર્વદ્રવ્યને જાણે, ક્ષેત્રથી સર્વક્ષેત્રને, કાળથી સર્વકાળને, અને ભાવથી પ્રત્યેકદ્રવ્યના ભૂત-ભાવિ-વર્તમાન સર્વ અનંતપર્યાયોને સમ્યક્ પ્રકારે જાણે તે 'સર્વજ્ઞ'.

સર્વદર્શીપદનો અર્થ= દ્રવ્યથી રૂપી અને અરૂપી સર્વદ્રવ્યને દેખે, ક્ષેત્રથી સર્વક્ષેત્રને, કાળથી સર્વકાળને, અને ભાવથી પ્રત્યેક દ્રવ્યના ભૂત-ભાવિ-વર્તમાન સર્વ અનંત પર્યાયોને સમ્યક્પ્રકારે દેખે તે 'સર્વદર્શી.'

–સર્વજ્ઞત્વ સર્વદર્શિત્વ સિદ્ધિ–

અરિહંતભગવંતો, સર્વજ્ઞ-સર્વદર્શી છે. (સર્વજ્ઞત્વ-સર્વદર્શિત્વ અહીં સાધ્ય છે.) કેમકે, આત્માનો (કેવલ)જ્ઞાન અને (કેવલ) દર્શન, એ સ્વભાવ છે અને કેવલજ્ઞાન કેવલદર્શન પ્રતિબંધક (આવારક) આવરણનો ક્ષય છે અર્થાત્ 'તત્સ્વભાવત્વવિશિષ્ટ નિરાવરણત્વ' અહીં હેતુ સમજવો.

જો (નિરાવરણત્વરૂપ વિશેષ્યદલ છોડી) 'તત્સ્વભાવત્વ' રૂપ વિશેષણદલને હેતુ તરીકે રાખવામાં આવે તો, સર્વજ્ઞત્વ-સર્વદર્શિત્વરૂપ સાધ્ય જ્યાં નથી એવા છદ્મસ્થ આદિ આત્મામાં, જ્ઞાનદર્શનરૂપ આત્મસ્વભાવ છે અતો વ્યભિચાર નામનો દોષ આવે વાસ્તે 'નિરાવરણત્વ' રૂપ વિશેષ્યદલનો નિવેશ કરવો અતએવ છદ્મસ્થ આદિમાં તત્સ્વભાવત્વ (આત્મસ્વભાવ જ્ઞાનદર્શન) હોવા છતાં આવરણ (કેવલજ્ઞાનાવરણ-કેવલદર્શનાવરણ) સહિત છે. અર્થાત્ છદ્મસ્થ જ્ઞાનદર્શન રૂપ આત્મસ્વભાવ, સાવરણ છે, માટે છદ્મસ્થ આત્માઓ, સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય નહીં.

જો (તત્સ્વભાવત્વરૂપ વિશેષણ દલ છોડી) 'નિરાવરણત્વ' રૂપ વિશેષ્યદલને હેતુ તરીકે રાખવામાં આવે તો, જ્યાં સર્વજ્ઞત્વ-સર્વદર્શિત્વરૂપ સાધ્ય નથી તેવા ધર્માસ્તિકાય વગેરેમાં આવરણરહિતપણું છે માટે વ્યભિચાર નામક દોષ આવે અતએવ 'તત્સ્વભાવત્વ' રૂપ વિશેષણદલની અતિ અગત્ય છે કારણ કે, (કેવલ) જ્ઞાન (કેવલ) દર્શનરૂપ સ્વભાવ, આત્માનો જ છે. ધર્માસ્તિકાય આદિનો છે જ નહીં. એટલે વ્યભિચાર નામનો દોષ નહીં આવે.

---

પોતે (ચિત્ શક્તિ) પોતાને બુદ્ધિથી અભિન્ન-એક જાણે છે માટે જ પુરૂષમાં 'હું સુખી છું-દુઃખી છું' એવું જ્ઞાન થાય છે. ચિત્શક્તિનું પ્રતિબિંબ પડવાથી આ અચેતન બુદ્ધિ ચેતનની માફક ભાસે છે.

૧ સર્વજ્ઞ સિવાયના-છદ્મસ્થજીવોને પ્રથમ દર્શન ઉત્પન્ન થાય, અને ત્યારબાદ (અન્તર્મુ. બાદ) જ્ઞાન પેદા થાય છે. જ્યારે સર્વજ્ઞોને પ્રથમ સમયે જ્ઞાન અને ત્યારબાદ (બીજે-ચોથે-છઠે ઈત્યાદિ બેકી સમયે) દર્શન પેદા થાય છે. આ હેતુથી (શ્રી ભગવતીજી આદિ સૂત્રમાં પણ) 'सव्वन्नूणं सव्वदरिसीणं' એવો અનુક્રમ છે.

તથાચ તત્સ્વભાવત્વવિશિષ્ટ નિરાવરણત્વરૂપ નિર્દુષ્ટ હેતુથી અરિહંત ભગવંતોમાં સર્વજ્ઞત્વ-સર્વદર્શિત્વરૂપ સાધ્યની સિદ્ધિ સમજવી.

પ્રકૃતહેતુઆદિની ઘટના=અરિહંતભગવંત પરમાત્માનો કેવલજ્ઞાન કેવલદર્શન સ્વભાવ છે, અને કેવલજ્ઞાન કેવલદર્શનરૂપ સ્વભાવમાં સ્વભાવત્વ છે, તથા કેવલજ્ઞાન દર્શનમાં કેવલજ્ઞાન આદિ આવરણરૂપ તત્પ્રતિબંધકનું સર્વથા રહિતપણું છે માટે તત્કેવલજ્ઞાનદર્શનરૂપ સ્વભાવવાળા અરિહંતભગવંતો સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય છે.

–પ્રકૃતહેતુનિષ્ઠ 'તત્સ્વભાવત્વ' રૂપ વિશેષણની સિદ્ધિ–

કેવલજ્ઞાન કેવલદર્શનમાં, આત્મદ્રવ્યની સ્વભાવતા છે. એ વિષયની લંબાણથી કરાતી મીમાંસા–

मत्तोऽन्ये मदर्थाश्च गुणा इत्यतस्तत्स्वभावत्वसिद्धिः, उक्तं च– "स्थितः शीतांशुवज्जीवः, प्रकृत्या भावशुद्धया । चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवद् ॥ १॥" इत्यादि,

ભાવાર્થ= આ આર્યાવર્ત્તમાં એક વખતે સ્યાદ્વાદી અરિહંત ભગવંતે, દ્રવ્ય અને પર્યાયો, ભિન્ન અને અભિન્ન છે એમ વ્યાખ્યાન-પ્રવચન કરવાના ઈરાદે પોતાના શિષ્યોની આગળ, અત્યંતસમીપવર્તી હોઈ પોતે પોતાને (સ્વઆત્મદ્રવ્યને) ઉદ્દેશીને પ્રરૂપ્યું કે, 'લક્ષણ, સંખ્યા, પ્રયોજન, સંજ્ઞાના ભેદે કરીને મારાથી (સ્વઆત્મદ્રવ્યથી) ગુણો, જ્ઞાન, દર્શન ઉપયોગ વગેરે ગુણો ભિન્ન છે. જેમકે; (૧) લક્ષણભેદે કરીને દ્રવ્યપર્યાય (ગુણ) ભેદ= 'गुणपर्यायवद् द्रव्यम्' (તત્ત્વા. અ. ૫, સૂ. ૩૭) 'ગુણપર્યાયવાળું દ્રવ્ય કહેવાય છે.' આવા લક્ષણસૂત્ર પ્રમાણે હું ગુણપર્યાયવત્ત્વરૂપ લક્ષણવાળો છું એટલે હું આત્મદ્રવ્ય છું કારણ કે, દ્રવ્ય તે જ કહેવાય કે જેમાં ગુણપર્યાયો હોય, મારામાં ગુણપર્યાયો છે એટલે હું દ્રવ્ય છું. દ્રવ્યનું જેવું લક્ષણ ભિન્ન છે તેવું ગુણનું લક્ષણ પણ ભિન્ન છે-તથાહિ-"द्रव्याश्रया[૨] निर्गुणा गुणाः" (તત્ત્વા. અ. ૫, સૂ. ૪૦) 'દ્રવ્યાશ્રિત, ગુણશૂન્ય ધર્મો ગુણો કહેવાય છે'

---

૧ પદાર્થોમાં બે પ્રકારના ધર્મો છે. એક સહભાવી ધર્મ અને બીજો ક્રમભાવી ધર્મ. સહભાવી ધર્મોને 'ગુણ' કહે છે અને ક્રમભાવી ધર્મોને 'પર્યાય' કહે છે. એટલે એકજ દ્રવ્યમાં બે ત્રણ આદિ ધર્મો જે સાથે રહી શકે તે 'ગુણ' જેમકે, આત્મામાં, યત્કિંચિત્જ્ઞાનરૂપ વિજ્ઞાન વ્યક્તિ, ઉત્તરજ્ઞાનાકાર પરિણામ યોગ્યતારૂપ વિજ્ઞાનશક્તિ સુખ, યૌવન, જ્ઞાન, યોગ્યતા વગેરે ધર્મો એકીસાથે-સમાન વખતે રહી શકે છે તે 'ગુણ' અને આત્મામાં જેમ સુખ વખતે દુઃખ ન હોય યૌવન વખતે વૃદ્ધાવસ્થા ન હોય, હર્ષ વખતે શોક ન હોય, અર્થાત્ આત્મામાં એકીસાથે (યુગપત્) જે ન રહી શકે તે ધર્મો ક્રમભાવી હોઈ (ક્રમથી થનારા હોઈ) 'પર્યાય' કહેવાય છે, જેમ કે, નારક, મનુષ્ય, સુખ, દુઃખ, હર્ષ, શોક, વૃદ્ધત્વ, યૌવન વગેરે પર્યાયો કહેવાય છે.

આત્મગુણ-જે ધર્મો આત્મામાં યુગપત્ (એકીસાથે-સમકાલે) રહેવા સમર્થ હોય તે 'ગુણ.'

આત્મપર્યાય=જે ધર્મો આત્મામાં યુગપત્ (સમકાલે) રહેતા ન હોય અને ક્રમથી રહેનારા કે થનારા હોય તે 'પર્યાય.'

૨ જો કે પર્યાય પણ દ્રવ્યને આશ્રિત છે અને નિર્ગુણ છે. તથાપિ તે ઉત્પાદવિનાશશાલી હોવાથી દ્રવ્યમાં સદા

અર્થાત્ ઉપરોક્ત ગુણલક્ષણસૂત્રાનુસારે, જે દ્રવ્યને આશ્રીને રહે-આધારે રહે અને પોતે ગુણ વગરના હોય તે 'ગુણો' કહેવાય છે. આવા લક્ષણવાળા મારા ગુણો 'જ્ઞાનઆદિ' છે.

તથાચ બંનેનું લક્ષણ ભિન્ન ભિન્ન હોવાથી હું અને મારા ગુણો ભિન્ન ભિન્ન છીએ.

(૨) સંખ્યાભેદે કરીને દ્રવ્યપર્યાય (ગુણ)નો ભેદ=હું (આત્મદ્રવ્ય) એક (એકત્વસંખ્યાવિશિષ્ટ) છું અને મારા ગુણો અનેક છે. (અનેકત્વ-બહુત્વ-અનંતરૂપ સંખ્યાવિશિષ્ટ છે.) આમ બંનેની સંખ્યા ભિન્ન ભિન્ન હોવ.થી અમે બંને હું અને મારા ગુણો ભિન્ન ભિન્ન છીએ.

(૩) પ્રયોજન-ફલભેદે કરીને દ્રવ્યપર્યાય (ગુણ) નો ભેદ=

હું, (આત્મદ્રવ્ય) બંધ મોક્ષ આદિ ક્રિયાફળવાળો છું ('या या क्रिया सा सा फलवती' આ નિયમાનુસારે બંધજનક ક્રિયાથી સંસારફળ અને મોક્ષજનક ક્રિયાથી મોક્ષફલ થાય છે. અન્યથા નહીં અર્થાત્ સંસારમોક્ષરૂપ વિભાવ સ્વભાવરૂપ આત્મિક અવસ્થાઓ, સંસારમોક્ષજનકક્રિયાઓને આભારી છે અતએવ ભગવાન બોલે છે કે; બંધજનક ક્રિયાજન્યભવોપગ્રાહિ (અઘાતી) કર્મરૂપ સંસારફલ તથા મોક્ષજનકક્રિયાજન્ય ઘાતિકર્મમુક્તિરૂપ મુક્તિફલ આદિ ફલવાળો હું છું.) અને મારા જ્ઞાનાદિ ગુણો, વિષય (પદાર્થ) વિષયક અવગમ-ગ્રહણ-જાણવું વગેરે ફળવાળા છે. અતએવ અમે બંને હું અનેમારા ગુણો, ભિન્ન ભિન્ન ફળવાળા હોઈ ભિન્ન ભિન્ન છીએ.

(૪) સંજ્ઞાભેદે કરીને દ્રવ્યપર્યાય (ગુણ)નો ભેદ=હું અર્હન્-તીર્થંકર-જિન-પારગત [૧] આદિ સંજ્ઞાશબ્દથી વાચ્ય છું અર્થાત્ મને અર્હન્ આદિ નામોથી બોલાવે છે-સંબોધે છે. અને મારા ગુણો, ધર્મ, પર્યાય આદિ [૨]સંજ્ઞા-શબ્દથી વાચ્ય છે.

તથાચ મારી સંજ્ઞા જુદી છે અને મારા ગુણોની સંજ્ઞા (સંકેતશબ્દ) જુદી છે એટલે હું અને મારા ગુણો ભિન્ન ભિન્ન છીએ.

---

રહેતા નથી. પરંતુ ગુણ તો નિત્ય હોવાથી સદાયે દ્રવ્યને આશ્રિત છે. ગુણ અને પર્યાય વચ્ચે આજ તફાવત છે. દ્રવ્યમાં સદા વર્તમાન શક્તિઓ કે જે પર્યાયની જનકરૂપે માનવામાં આવે છે તેમનું નામ જ 'ગુણ'. આ ગુણોમાં વળી બીજા ગુણો માનવાથી 'અનવસ્થા' દોષ આવે છે. માટે દ્રવ્યનિષ્ઠ શક્તિરૂપ ગુણને નિર્ગુણ માન્યા છે. આત્માના ગુણ=ચેતના, સમ્યક્ત્વ, ચારિત્ર, આનંદ, વીર્ય છે.

૧ અર્હન્, જિન, પારગત, ત્રિકાલવિત્, ક્ષીણાષ્ટકર્મા પરમેષ્ઠી, અધીશ્વર, શંભુ, સ્વયંભૂ, ભગવાન, જગતપ્રભુ, તીર્થંકર, તીર્થકર, જિનેશ્વર, સ્યાદ્વાદી, અભય, સાર્વ, સર્વજ્ઞ, પુરૂષોત્તમ, સર્વદર્શી, કેવલી, દેવાધિદેવ, બોધિદ, વીતરાગ, આપ્ત વગેરે નામો જાણવાં.

૨ સ્વરૂપ, સ્વલક્ષણ, સ્વભાવ, આત્મા, પ્રકૃતિ, રીતિ, સહજ, રૂપતત્ત્વ, ધર્મ, સર્ગ, નિસર્ગ, શીલ, સત્તાત્ત્વ, સંસિદ્ધિ વગેરે નામો જાણવાં.

અહીં દ્રવ્યાર્થિકનયની ગૌણતાથી અને પર્યાયાર્થિકનયની પ્રધાનતાથી 'ભેદ' સમજવો. દ્રવ્ય અને ગુણ (પર્યાય) ના અભેદનું નિરૂપણ=[1]''मदर्थाश्च गुणाः '=હું આધાર છું જેઓનો તે મારા 'ગુણો' કહેવાય છે. અર્થાત્ મારા ગુણો મારા આધારે રહેનાર છે.

(अहमित्यात्मद्रव्यनिष्ठाधिकरणतानिरूपकाधेयताविशिष्टा गुणाः अथवा गुणनिष्ठाधेयतानिरूपिताधिकरणतावदात्मद्रव्यमहमिति शाब्दबोधः)

તથાચ પર્યાયાર્થિકનયની ગૌણતાપૂર્વક દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાએ કરી દ્રવ્યની સાથે-આધારની સાથે એકાધારવૃત્તિત્વરૂપથી સકલધર્મોની અભેદ સ્થિતિ છે.

એવંચ જેઓનો હું સાધ્ય (આધાર-પ્રયોજન-લક્ષ્ય-ઉપયોગ) છું. તે મારા ગુણો છે. (અથવા મારા અર્થરૂપ=સ્વઉપયોગ-કાર્યરૂપ-સમૃદ્ધિરૂપ-રમણતાસ્થાનરૂપ ગુણો છે.) કેમકે; ગુણોમાં વૃત્તિ (વર્ત્તના-વર્ત્તવું-રમણતા) થી જુદી કોઈ, ઐકાન્તિક મારી પણ પ્રવૃત્તિ (વ્યવસાય-વ્યાપાર) નથી. અર્થાત્ હું પણ ગુણોમાં રમું છું-મારી વૃત્તિરૂપ પ્રવૃત્તિ ગુણોમાં જ છે. (શ્રી ભગવાન કહે છે કે; હું અને મારા ગુણો-અમે બંને ભિન્ન નથી, હું એટલે ગુણો અને ગુણો એટલે હું એમ અમે અભિન્ન છીએ કેમ કે; જેમ મારામાં ગુણો છે તેમ હું ગુણોમાં રમું છું. અમારામાં ભેદ નથી. અમે બંને અભિન્નરૂપે છીએ. મારી સાચી સનાતન સમૃદ્ધિ-મારું અતિ રમણીય ક્રીડાનું સ્થાન ગુણો છે. હું ગુણો સિવાય કયાંય જતો નથી, રહેતો નથી, રમતો નથી. મારું રહેવાનું ભવ્યભવન કહો કે મારું રમવાનું રમ્ય ઉપવન કહો કે મારું સ્થિરતાનું સ્થાન કહો કે મારી સનાતન વિશ્રામભૂમિ કહો તો આ મારા ગુણો જ છે.)

દ્રવ્યથી કથંચિદ્ભિન્ન-કથંચિદ્અભિન્ન સ્વરૂપવાળા ગુણો હોય છે. આવા નિરૂપણથી ગુણોમાં-જ્ઞાનાદિગુણોમાં આત્મદ્રવ્ય સ્વભાવતાની સિદ્ધિ સમજવી.

કહ્યું છે કે 'જેમ ચંદ્રમા, અનાદિકાળથી નિર્મળ અને શુદ્ધ છે, તેવી રીતે આ જીવ પણ અનાદિકાળથી પોતાના શુદ્ધ સ્વભાવને લઈ ચંદ્રની માફક પ્રકૃત્યા-સ્વાભાવિક નિર્મળ અને (તત્ત્વ) ભાવશુદ્ધિથી શુદ્ધ રહેલ છે (સ્થાપનીય નથી) તેમ જ ચંદ્રમાની જેમ ચંદ્રિકા-જ્યોત્સ્ના (ચાંદની) સ્વભાવસિદ્ધ અનાદિકાળથી સ્થિત

---

१ 'य एव चाधारोऽर्थो द्रव्याख्योऽस्तित्वस्य स एवान्यपर्यायाणामित्यर्थेनाभेदवृत्तिः'

જેમ અસ્તિત્વનો આધાર દ્રવ્ય છે તેમ તમામ ધર્મોનો આધાર પણ એ જ છે. આથી જ-આધારની અપેક્ષાએ અસ્તિત્વ આદિ ધર્મ અભિન્ન છે તેમ અહીં પણ આધારથી-દ્રવ્યથી ગુણો અભિન્ન છે.

'कालष्टांतर्गतार्थेन, धर्मधर्मिणोरभेदस्य प्राधान्यमङ्गीक्रियते तदा तेनाऽर्थेन समस्तधर्माणां तादात्म्येनावस्थितत्वात्, य एव च घटद्रव्यरूपोऽर्थोऽस्तित्वस्याधारः स एवान्यधर्माणामप्याधारः इत्येकाधारवृत्तित्वमर्थेनाभेदवृत्तिः'

જે ઘટરૂપ દ્રવ્યપદાર્થ, અસ્તિત્વધર્મનો આધાર છે તે ઘટદ્રવ્ય, અન્ય ધર્મોનો પણ આધાર છે. આવી રીતે એક આધારવૃત્તિતારૂપથી અર્થની સાથે સકલધર્મોની અભેદથી વૃત્તિ છે.

છે. (સ્થાપનીય નથી) તે પ્રમાણે જીવની સાથે વિજ્ઞાન અનાદિકાળથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ રહેલ છે. તેમજ જેમ ચંદ્રમાની ઉપર વાદળી-વાદળાં આવવાથી ચંદ્રમાનો શુદ્ધ સ્વરૂપ પ્રકાશરૂપ ધર્મ, જેમ આચ્છાદિત થાય છે તેવી રીતે આત્માના શુદ્ધ સ્વરૂપ કેવલજ્ઞાનરૂપ ધર્મને, વાદળાં જેવા જ્ઞાનાવરણીયાદિ આવરણો દાબી દે છે. આત્માનું શુદ્ધસ્વરૂપ સદ્‌ચિદાનંદરૂપ અનાદિકાળથી આત્મામાં રહેલું છે-સ્થિત છે (સ્થાપનીય નથી) તે ઉપરનું આવરણ ખસી જતાં તે જ બહાર આવે છે. બાકી આત્મામાં જે ન હોય તે કદાપિ બહારપ્રાદુર્ભૂત થાય જ નહીં આથી એ જણાવ્યું કે કેવલજ્ઞાનશ્રી આત્મામાં જ છે તે જ આવરણ ઊડી કે ખસી જતાં બહાર આવે છે.

તથાચ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરૂપ ઘાતિકર્મરૂપી વાદળાંને ક્ષપકશ્રેણીમાં આરૂઢ થયેલા આત્મા શ્રેણી પૂરી થતાં વિખેરી નાંખે છે કે દૂર કરે છે એટલે શ્રીમાન આ આત્મા આત્મિક પુરૂષાર્થના યોગથી જ્ઞાનકેવલી-સર્વજ્ઞ-સર્વદર્શી બને છે.

શંકા=પુરૂષને પદાર્થવિષયકજ્ઞાનમાં પ્રકૃતિજન્યબુદ્ધિ, કારણઅસાધારણકારણ છે. અને મુક્ત અવસ્થામાં પ્રકૃતિનો ધ્વંસ કે વિયોગ થયેલ હોઈ બુદ્ધિરૂપ કરણનો અભાવ છે. અતએવ (કારણના અભાવમાં કાર્યનો અભાવ થતો હોઈ) મુક્તોમાં સર્વપદાર્થવિષયક વિશેષાવબોધરૂપ કેવલજ્ઞાનનો-સર્વપદાર્થ (દ્રવ્યપર્યાયરૂપ) વિષયક સામાન્યવબોધરૂપ કેવલદર્શનનો સંભવ કેવી રીતે ? કરણ વગર કર્ત્તા, કરણસાધ્યફલનો સાધક કેવી રીતે થાય ?

ઉપરોક્ત શંકાનું સમાધાન કરતા વ્યાખ્યાકાર કહે છે કે;

न करणाभावे कर्त्ता तत्फलसाधक 'इत्यनैकान्तिकं, परिनिष्ठितप्लवकस्य तरण्डकाभावे प्लवनसन्दर्शनादिति,

ભાવાર્થ (સમાધાન)=છાદ્મસ્થિક (ક્ષાયોપશમિક) જ્ઞાનના પ્રત્યે સ્પર્શનઆદિકરણો હોય તે બરોબર છે. અર્થાત્ સ્પર્શન આદિકરણજન્ય છાદ્મસ્થિકજ્ઞાન છે. જ્યારે સ્વભાવ (કેવલક્ષાયિક) જ્ઞાનના પ્રત્યે સ્વની જ કરણતા છે. અર્થાત્ સ્વ (આત્મ) રૂપ કરણજન્ય સ્વભાવજ્ઞાન છે. અહીં સ્વને છોડી પર સ્પર્શનઆદિ કરણથી આવી વસ્તુસ્થિતિ હોવાથી કહેવાય છે; કે આ કંઈ એકાંતે નિયમ નથી કે; 'કરણના અભાવમાં કર્ત્તા, કરણસાધ્યફલને સાધનાર ન બની શકે' કારણ કે; સુનિપુણ નિર્યામક (તરણકલાપારંગત-તરણકલાની પરાકાષ્ઠાને પામેલ ખલાસી-સુકાની-ખારવો) નૌકા (નાવ, હોડી) વગર, સાગર આદિને તરી જાય છે

---

१ एवं च ज्ञानात्मनोरभेदे, यथा सर्प आत्मानमात्मना वेष्टयतीत्यत्राभेदे कर्तृकरणभावस्तथाऽत्रापि-साप, પોતે, પોતાને પોતાનાથી વીંટે છે. અહીં કર્તા અને કરણનો અભેદ હોવાથી પણ કર્તૃકરણભાવ ઘટે છે. તેમ આત્મા અને જ્ઞાન અભિન્ન હોવાથી પણ કર્તા અને કરણભાવમાં કોઈ બાધા નથી આવતી. જેમ વૃક્ષથી વૃક્ષસ્વરૂપ ભિન્ન નથી તેમ આત્માનું ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ભિન્ન નથી એ સ્વતઃ સિદ્ધ છે. વળી છદ્મસ્થિક-ક્ષાયોપશમિક જ્ઞાનના પ્રત્યે સ્પર્શનઆદિ કરણ છે. અને સ્વભાવજ્ઞાનમાં-ક્ષાયિકજ્ઞાનમાં સ્વની જ કરણતા છે. પોતે જ કરણરૂપ છે.

એમ દેખાય છે-અનુભવાય છે અર્થાત્ નૌકારૂપકરણ વગર પણ સુકુશલસુકાની નૌકારૂપકરણસાધ્ય જે તરણ (ઊતરવું-પાર તરવું) તે હકીકત પ્રત્યક્ષ સિદ્ધ છે.

શંકા=જેમ નીલ, પીત વિગેરે ધર્મો બાહ્યપદાર્થના છે, પ્રકૃતિના છે તેમ દુઃખ, દ્વેષ, શોક, વૈષયિકસુખ વિગેરે ધર્મો, બાહ્યપદાર્થના છે, પ્રકૃતિના છે. અને જો મુક્ત અવસ્થામાં સર્વવિષયવિષયકજ્ઞાનરૂપ સર્વજ્ઞતા, સર્વદ્રવ્યપર્યાય વિષયક સાક્ષાત્કારરૂપ સર્વદર્શિતા, માનવામાં આવે તો, બાહ્યપદાર્થના વેદનસમયે (અનુભવકાલે-જ્ઞાનકાલે) સર્વ દુઃખ, દ્વેષ, શોક, વૈષયિકસુખ વિગેરેનો અનુભવ (ભોગ-વેદન) મુક્તોને પ્રાપ્ત થાય ! આવી આપત્તિ કેમ ન આવે ?

-ઉપરોક્ત શંકાનું સમાધાન-

**न चौदयिकक्रियाभावरहितस्य ज्ञानमात्राद् दुःखादयः, तथानुभवतस्तत्स्वभावत्वोपपत्तेः ।**

ભાવાર્થ= (સમાધાન) દુઃખ વિગેરેના અનુભવ (વિપાકભોગ) રૂપ કાર્યના પ્રત્યે અસાતાવેદનીય આદિકર્મ, કારણ છે. અને અસાતાવેદનીય આદિકર્મ પુદ્ગલરૂપ દ્રવ્ય કર્મના પ્રત્યે આત્માના ઔદયિક (કર્મોદયજન્ય) વૈભાવિક-રાગદ્વેષ મોહ આદિ સ્વપરિણામ, કારણ છે. એટલે રાગદ્વેષ મોહ આદિરૂપ ઔદયિકભાવના અભાવે અસાતાવેદનીય આદિ દ્રવ્યકર્મ નથી. જ્યારે અસાતાવેદનીય આદિ દ્રવ્ય કર્મરૂપ કારણનો સર્વથા અભાવ છે ત્યારે અસાતાવેદનીય આદિ જન્ય દુઃખ આદિનો અનુભવ કયાંથી હોય ?

એવંચ દુઃખ આદિના અનુભવપ્રત્યે દુઃખઆદિ [1]વિષયકજ્ઞાન, કારણ નથી. પરંતુ અસાતાવેદનીય આદિ કર્મ, કારણ છે. અને અસાતાવેદનીય આદિકર્મનું કારણ, રાગ, દ્વેષ, મોહ આદિરૂપ સ્વપરિણામરૂપ ઔદયિકભાવ છે. અને તે ઔદયિકક્રિયાભાવરહિત આત્મામાં (અસાતાવેદનીય આદિ કર્મવિપાકજન્ય સ્વપરિણામરૂપ ઔદયિક ક્રિયાભાવ શૂન્ય આત્મામાં) જ્ઞાન માત્રથી દુઃખ આદિના અનુભવનો સર્વથા અભાવ છે. કારણ કે; જ્ઞાનમાત્રથી-કેવલ જ્ઞાનથી જ દુઃખ આદિનો અનુભવ માનવાથી, દુઃખ આદિનાં ઔદયિકક્રિયાભાવની સ્વભાવતા માનવી પડે. પરંતુ દુઃખ આદિ તો અસાતાવેદનીય આદિ કર્મનું ફલ છે. ઔદયિકક્રિયા ભાવની સ્વભાવતા તો સંસારવર્તી આત્મામાં છે, ઔદયિકક્રિયાભાવશૂન્ય મુક્ત આત્માનાં નથી.

---

**१ અમે-જૈન લોકો, જ્ઞાનને અપ્રાપ્યકારી માનીએ છીએ, અર્થાત્ જ્ઞાન આત્મામાં (સ્થિત) રહીને જ પદાર્થોને જાણે છે. જ્ઞેયપદાર્થોની પાસે જઈને નહીં વાસ્તે નરકઆદિ દુઃખોના સ્વરૂપજ્ઞાનથી દુઃખનો અનુભવ થતો નથી, જો જ્ઞાનમાત્રથી દુઃખ-સુખનો અનુભવ માનો તો, કુલહાર, ચંદન, સ્ત્રી, જલેબી, સોલાપુરી ચેવડો, ચ્હા વિગેરે પદાર્થોના ચિંતનમાત્રથી (જ્ઞાનમાત્રથી) જ તૃપ્તિ થવી જોઈએ ! જો એમ તૃપ્તિ થતી હોયતો માલાઆદિની પ્રાપ્તિ માટે પ્રયત્નની નિષ્ફળતાની પ્રાપ્તિરૂપ આપત્તિ આવે !**

અથવા સુખદુઃખ આદિનું કારણ ઉપેક્ષાબુદ્ધિ નથી, અને સર્વજ્ઞભગવંતો, પરમ ઉપેક્ષાવાળા છે. (પરમમધ્યસ્થ-ઉદાસીન-નિર્વિકાર-પરમશાંત છે) અતએવ સર્વજ્ઞમાં પરમઉપેક્ષાનો અનુભવ હોવાથી અને તે (પરમઉપેક્ષા) આત્મસ્વભાવ હોઈ, સુખદુઃખ આદિનો અનુભવ, જ્ઞાનમાત્રથી સર્વજ્ઞમાં નથી.

એવંચ સર્વજ્ઞતા-સર્વદર્શિતા, એ આત્માનો સ્વભાવ છે એમ સિદ્ધ કર્યું.

–અથ પ્રતિપક્ષના ખંડનપૂર્વક, કેવલજ્ઞાન, એ સર્વ વિષયોને જાણે છે, કેવલદર્શન એ સર્વ વિષયોને દેખે છે. આ વિષયની પ્રારંભાતી ગંભીર આલોચના–

अन्यस्त्वाह-ज्ञानस्य विशेषविषयत्वाद्दर्शनस्य च सामान्यविषयत्वात्तयोः सर्वार्थविषयत्वमयुक्तं तदुभयस्य सर्वार्थविषयत्वादिति।

ભાવાર્થ–પૂર્વપક્ષઃ= (વાદીએ ઉઠાવેલ શંકા) જ્ઞાનનો વિષય, વિશેષ છે સામાન્ય નથી. (ज्ञानं विशेषरूपविषयविषयकं न तु सामान्यरूपविषयविषयकं) અને દર્શનનો વિષય, સામાન્ય છે પરંતુ વિશેષ નથી. (दर्शनं सामान्यरूपविषयविषयकं न तु विशेषरूपविषयविषयकं) તો કેવલજ્ઞાનનો વિષય, સામાન્ય અને વિશેષરૂપ સર્વ અર્થ કેવી રીતે ? અને કેવલદર્શનનો વિષય, સામાન્ય અને વિશેષરૂપ સર્વ અર્થ કેવી રીતે ? અર્થાત્ કેવલજ્ઞાન અને કેવલદર્શનનું સામાન્ય વિશેષોભયરૂપ સર્વાર્થવિષયકપણું અયુક્ત-ગેરવ્યાજબી છે. કારણ કે; કેવલજ્ઞાનકેવલદર્શનોભય (કેવલજ્ઞાન અને કેવલદર્શન એ બંને) સામાન્ય વિશેષોભયરૂપ વિષયક છે. વળી કેવલજ્ઞાનકેવલદર્શનોભય, એ એકલા કેવલજ્ઞાનરૂપ[1] નથી, તેમજ એકલા કેવલદર્શનરૂપ નથી (કારણ કે; 'उभयं नैकं' બેને બે જ કહેવાય એક ન જ કહેવાય આવો ન્યાય છે.) પરંતુ કેવલજ્ઞાનકેવલદર્શનોભયનિષ્ઠ ઉભયત્વવિશિષ્ટ કેવલજ્ઞાનકેવલદર્શનોભય છે. તે ઉભયનો-બંનેનો વિષય, વિશેષ અને સામાન્યરૂપ સર્વ અર્થ છે. તથાચ કેવલજ્ઞાનકેવલદર્શનથી ભિન્ન વિલક્ષણ, કેવલજ્ઞાન-કેવલદર્શનોભયરૂપ જ્ઞાનાંતર, તમોએ માન્યું નથી કે જેથી સર્વઅર્થવિષયકજ્ઞાન થાય ?

અતઃ મુક્ત-અવસ્થામાં, કેવલજ્ઞાનકેવલદર્શનોભયરૂપ, સર્વાર્થવિષયકજ્ઞાનાંતરનો અભાવ હોઈ સર્વજ્ઞતા કે સર્વદર્શિતાનો અભાવ છે.

–ઉપરોક્ત પૂર્વપક્ષનું કરાતું ખંડન–

उच्यते, नहि सामान्यविशेषयोर्भेद एव, किन्तु त एव पदार्थाः समविषमतया सम्प्रज्ञायमानाः सामान्यविशेषशब्दाभिधेयतां प्रतिपद्यन्ते, ततश्च त एव ज्ञायन्ते त एव द्रश्यन्ते इति युक्तं ज्ञानदर्शनयोः सर्वार्थविषयत्वमिति,

ભાવાર્થ=(ઉત્તરપક્ષઃ) સામાન્ય અને વિશેષનો ભેદ (આશ્રયભેદ) નહીં હોવાથી, કેવલજ્ઞાનનો વિષય, (પ્રધાનરૂપથી) વિશેષ છે. અને (ગૌણરૂપથી) સામાન્ય છે. કેવલદર્શનનો વિષય, (પ્રધાનરૂપથી) સામાન્ય

---

१ केवलज्ञानं, केवलज्ञानकेवलदर्शनोभयं न, केवलज्ञानकेवलदर्शनोभयगतमुभयत्वं, केवलज्ञानकेवलदर्शनात्मकोभयत्र, पर्याप्तिसम्बन्धेन वर्त्तमानं, न तु प्रत्येकं केवलज्ञाने वा केवलदर्शने ।

છે અને (ગૌણરૂપથી) વિશેષ છે. એટલે કેવલજ્ઞાનનો વિષય, સામાન્ય અને વિશેષ એમ બંને હોવાથી વિશેષસામાન્યોભયરૂપ સર્વઅર્થ વિષયવિષયકતા કેવલજ્ઞાનમાં છે. અને કેવલદર્શનનો વિષય, સામાન્ય અને વિશેષ એમ બંને હોવાથી સામાન્યવિશેષઉભયરૂપ સર્વઅર્થવિષયવિષયકતા, કેવલદર્શનમાં છે. તથાચ બંને સ્વતંત્ર રીતે, ઉભયરૂપ-સામાન્ય વિશેષ અવગાહી હોવાથી કેવલજ્ઞાનકેવલદર્શનોભયરૂપ જ્ઞાનાંતર માનવાની જરૂર નથી. એકલું કેવલજ્ઞાન, વિશેષસામાન્યઉભયઅવગાહી છે. અને એકલું કેવલદર્શન, વિશેષસામાન્યઉભયઅવગાહી છે.

–પારિભાષિક સામાન્ય-વિશેષની વ્યાખ્યા–

જ્યારે સામાન્ય-વિશેષમાં ભેદ નથી તો સામાન્ય વિશેષ એવા સંજ્ઞાશબ્દભેદમાં શો ગર્ભિતાર્થ છે? આવી સ્વાભાવિક શંકા પેદા થાય જ. તેનો ખુલાસો કરે છે કે પદાર્થોને જ સામાન્ય અને વિશેષ તરીકે પરિભાષિત કરવામાં આવેલ છે. તથાહિ-એના એ જ પદાર્થો-સમત્વેન (સમત્વધર્માવચ્છેદેન) વિષમત્વેન (વિષમત્વધર્માવચ્છેદેન) સામાન્યધર્માવચ્છિન્ન વિષમતાધર્માવચ્છિન્ન પદાર્થો, જ્યારે સંપ્રજ્ઞાન-અવબોધ-ઉપયોગના વિષયભૂત થાય છે ત્યારે-બોધરૂપ ઉપયોગ વિષયભૂત-સામાન્યધર્મવિશિષ્ટ પદાર્થો, સામાન્ય શબ્દથી વાચ્ય બને છે. અને બોધરૂપ ઉપયોગ વિષયભૂત-વિષમતાધર્મવિશિષ્ટ પદાર્થો, વિશેષશબ્દથી વાચ્ય બને છે. અતએવ એના એ જ પદાર્થો, જણાય છે, તેના તે જ પદાર્થો દેખાય છે. વાસ્તે ઠીક જ કહ્યું છે કે; કેવલજ્ઞાન અને કેવલદર્શન, બંને સ્વતંત્ર રીતે સામાન્યવિશેષરૂપસર્વપદાર્થવિષયવિષયક છે.

ફરીથી આ વિષય ઉપર વાદીદ્વારા ઊઠાવાતી શંકા–

आह-एवमपि ज्ञानेन विषमताधर्म्मविशिष्टा एव गम्यन्ते, नतु समताधर्म्मविशिष्टा अपि, तथा दर्शनेन च समताधर्म्मविशिष्टा एव गम्यन्ते, न विषमताधर्म्मविशिष्टा अपि, ततश्च ज्ञानेन समताख्यधर्म्माग्रहणाद्दर्शनेन विषमताख्यधर्माग्रहणाद् धर्म्माणामपि चार्थत्वादयुक्तमेव तयोः सर्वार्थविषयत्वमिति,

ભાવાર્થ= (પૂર્વપક્ષ:) ભલે પદાર્થોને સામાન્ય વિશેષ તરીકે માનો, તો પણ જ્ઞાનદ્વારા વિશેષધર્મવિશિષ્ટ પદાર્થોનું જ ગ્રહણ કરાય છે. (જણાય છે.) સામાન્ય ધર્મવિશિષ્ટ પદાર્થોનું ગ્રહણ કરાતું નથી. તેમજ દર્શનદ્વારા સામાન્યધર્મવિશિષ્ટ પદાર્થોનું ગ્રહણ થાય છે. વિશેષધર્મવિશિષ્ટ-પદાર્થોનું ગ્રહણ થતું નથી.

તથાચ જ્ઞાનનો વિષય, સામન્ય નામનો ધર્મ થતો નથી અને દર્શનનો વિષય, વિશેષ નામનો ધર્મ થતો નથી. અતએવ કેવલજ્ઞાન, વિશેષધર્મવિશિષ્ટ પદાર્થોને વિષય કરે છે. પરંતુ સામાન્ય નામના ધર્મને (કે સામાન્યવિશિષ્ટ પદાર્થને) વિષય તરીકે ગ્રહણ કરતું નહીં હોવાથી સર્વ અર્થ વિષયવિષયક કેવી રીતે? તથા કેવલદર્શન સામાન્યધર્મવિશિષ્ટ-પદાર્થોને દેખે છે. પરંતુ વિશેષ નામના ધર્મને (કે વિશેષવિશિષ્ટ પદાર્થોને) વિષય તરીકે ગ્રહણ કરતું નહીં હોવાથી સર્વ-અર્થ-વિષયવિષયક કેવી રીતે ?

વળી ધર્મો પણ અર્થ-વિષય છે. અતએવ કેવલજ્ઞાનમાં સામાન્યધર્મરૂપ વિષયનો અને કેવલદર્શનમાં વિશેષધર્મરૂપ વિષયનો ગ્રહણરૂપે અભાવ હોઈ કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં સર્વ-અર્થરૂપ-વિષયવિષયકતા, અયુક્ત-ગેરવ્યાજબી છે.

–અથ ઉપરોક્ત પૂર્વપક્ષનું સચોટ ખંડન અને સ્વમતનું કરાતું સજ્જડ મંડન–

**न, धर्म्मधर्म्मिणोः सर्वथा [1]भेदानभ्युपगमात्, ततश्चाभ्यन्तरीकृतसमताख्यधर्माण एव विषमताधर्म्मविशिष्टा ज्ञानेन गम्यन्ते, तथा अभ्यन्तरीकृतविषमताख्यधर्म्माण एव च समताधर्म्मविशिष्टा दर्शनेन गम्यन्ते इत्यतो न दोषः,**

ભાવાર્થ– (ઉત્તરપક્ષઃ) હે વાદિન્ ! પદાર્થ-ધર્મીના ગ્રહણમાં ધર્મોનું ગ્રહણ થતું નથી એમ મત બોલ ! કારણ કે; જ્ઞાનદ્વારા, વિષમતાવિશિષ્ટ પદાર્થોના ગ્રહણની સાથે જ વિષમતારૂપ ધર્મનું ગ્રહણ અને સમતાવિશિષ્ટ પદાર્થોના ગ્રહણ સાથે જ સમતા નામક ધર્મનું અને વિષમતા નામક ધર્મનું ગ્રહણ થાય છે. કારણ કે; જૈન મતમાં ધર્મીઓથી ધર્મનો સર્વથા ભેદ માનવામાં નથી આવ્યો. આ ઉપરથી આટલા મુદ્દાઓ ફલિત થાય છે કે;

(૧) જેઓએ સમતા (સામાન્ય) નામનો ધર્મ ગૌણ કરેલ છે. (પોતાની કુક્ષિમાં લીધેલ છે) એવા વિષમતા (વિશેષ) ધર્મવિશિષ્ટ પદાર્થો જ, જ્ઞાનદ્વારા ગ્રહણ કરાય છે. (જણાય છે.)

(૨) તેમજ જેઓએ વિષમતા (વિશેષ) નામનો ધર્મ ગૌણ કરેલ છે. (પોતાની બગલમાં લીધેલ છે.) એવા સમતાધર્મવિશિષ્ટ પદાર્થો, દર્શનદ્વારા ગૃહીત થાય છે. (દેખાય છે).

અતએવ કોઈપણ જાતનો દોષ નથી. કારણ કે; જ્ઞનદર્શનરૂપ ગ્રહણના ભેદનું બીજક ગૌણમુખ્યભાવ છે. એટલે કે; વિશેષને પ્રધાન કરી અને સામાન્યને ગૌણ કરી પદાર્થોનું જે બોધરૂપ ગ્રહણ તે જ્ઞાન, તથા સામાન્યને પ્રધાન કરી અને વિશેષને ગૌણ કરી પદાર્થોનું જે બોધરૂપ ગ્રહણ તે દર્શન. એવંચ ભિન્નભિન્નશૈલીથી બોધરૂપ ગ્રહણ તેનું નામ જ જ્ઞાન દર્શન, અને શૈલીના ભેદમાં ગૌણમુખ્યભાવ, મહત્ત્વનો ભાગ ભજવે છે. અર્થાત્ ધર્મીઓના ગ્રહણ સાથે ધર્મોનું ગ્રહણ થતું હોઈ કેવલજ્ઞાન, સર્વઅર્થરૂપ ધર્મધર્મીરૂપ વિષયવિષયક છે તથા કેવલદર્શન, સર્વઅર્થરૂપ-ધર્મધર્મીરૂપ વિષયવિષયક છે. એટલે અરિહંત ભગવંતોમાં (મુક્તોમાં) સર્વજ્ઞતા-સર્વદર્શિતા પ્રમાણસિદ્ધ છે.

–ઉપરોક્ત ચર્ચિત વિષયનો દર્શાવાતો નિષ્કર્ષ-અર્ક-સાર–

---

**૧ ધર્મ અને ધર્મીને સર્વથાભિન્ન માનવાથી, વિશેષણ વિશેષ્ય સંબંધ બની શકતો નથી. જેમ કે; ઊંટ અને ગધેડો સર્વથાભિન્ન છે, માટે એમાં ધર્મ-ધર્મી સંબંધ થઈ શકતો નથી. જો ધર્મીથી ધર્મને જુદા પદાર્થ તરીકે કબૂલવામાં આવે તો એક જ વસ્તુમાં અનંત પદાર્થોનો પ્રસંગ આવશે ! કારણ કે; વસ્તુ, અનંત ધર્માત્મક છે. વળી સામાન્ય અને વિશેષની પ્રતીતિ, પદાર્થના ધર્મ (ગુણ) રૂપથી જ થાય છે. પદાર્થોમાં સામાન્ય અને વિશેષ, અવિષ્વગ્‌ભાવ (અભેદભાવ)થી વર્તમાન છે. સામાન્ય અને વિશેષને સર્વથાભિન્ન માનવામાં, એક વસ્તુમાં સામાન્ય અને વિશેષ સંબંધ બની શકતો નથી. કારણ કે; પદાર્થો, સામાન્ય અને વિશેષથી એકાંતે ભિન્ન હોવાથી પદાર્થ અને સામાન્ય-વિશેષનો સંબંધ જ નથી બની શકતો.**

**एतदुक्तंभवति-जीवस्वाभाव्यात् सामान्यप्रधानं उपसर्जनीकृतविशेषमर्थग्रहणं दर्शनमुच्यते, तथा प्रधानविशेषमुपसर्जनीकृतसामान्यं च ज्ञानमिति कृतं विस्तरेण ।**

ભાવાર્થ–(નિષ્કર્ષ:) જ્ઞાનદર્શન એ જીવનો સ્વભાવ છે અતએવ જ્ઞાનદર્શનરૂપ જીવના સ્વભાવનો પારમાર્થિક પરિચય આપે છે કે–

(૧) દર્શનરૂપ જીવસ્વભાવ=સ્વસ્વભાવતઃ સામાન્યની મુખ્યતાપૂર્વક, વિશેષને ગૌણ કરી પદાર્થોનું જે બોધરૂપ ગ્રહણ તે દર્શનરૂપ જીવસ્વભાવ કહેવાય છે.

(૨) જ્ઞાનરૂપ જીવસ્વભાવ=સ્વસ્વભાવતઃ સામાન્યને ગૌણ કરી વિશેષની મુખ્યતાપૂર્વક પદાર્થોનું જે બોધરૂપ ગ્રહણ તે જ્ઞાનરૂપ જીવસ્વભાવ કહેવાય છે.

(અહીં દર્શનનું પ્રથમ ગ્રહણ કરવામાં મુદ્દો એ છે કે; છદ્મસ્થ-અસર્વજ્ઞ જીવોને આદિમાં [1]નિર્વિકલ્પજ્ઞાન ઉત્પન્ન થતું હોવાથી આદિમાં દર્શનનું ગ્રહણ કરેલ છે. અને પછીથી વિશેષગ્રાહક જ્ઞાન થાય છે. એટલે પછીથી જ્ઞાનનું ગ્રહણ કરેલ છે. પરંતુ કેવલીઓને તે પ્રમાણે નથી હોતું કારણ કે, તથા સ્વભાવે કરી પ્રથમસમયે કેવલજ્ઞાન અને દ્વિતીયસમયે કેવલદર્શન હોય છે કારણ કે; તથા સ્વભાવે તેવો જ ક્રમ છે.)

તથાચ જેમાં પ્રધાનરૂપે સકલ વિશેષ છે અને ગૌણરૂપે સકલ સામાન્ય છે એવું જે પ્રધાનસકલવિશેષક, ગુણભૂત સકલસામાન્યક જ્ઞાન તે અનંતજ્ઞાન-કેવલજ્ઞાન છે. અત એવ સર્વ - અર્થ વિષયક કેવલજ્ઞાન હોઈ તદ્વાન 'સર્વજ્ઞ' કહેવાય છે. જેમાં પ્રધાનરૂપે સકલ સામાન્ય છે અને ગૌણરૂપે સકલ વિશેષ છે એવું જે ગ્રહણ પ્રધાન સકલ-સામાન્યક, ગુણભૂત સકલ વિશેષક તે અનંતદર્શન-કેવલદર્શન કહેવાય છે અત એવ સર્વઅર્થવિષયક કેવલદર્શન હોઈ તદ્વાન 'સર્વદર્શી' કહેવાય છે.

– સાંખ્યવાદી દ્વારા ફરીથી પણ ચાલુ સર્વજ્ઞતાસિદ્ધિ નામક વિષય ઉપર ઉઠાવાતી શંકા –

**अपर आह - मुक्तात्मनोऽमूर्त्तत्वात् ज्ञानस्यापि तद्धर्म्मत्वेन तत्त्वात् विषयाकारताऽयोगतस्तत्त्वतो ज्ञानाभावः; निष्तरङ्गमहोदधिकल्पो ह्यसौ तत्तरङ्गतुल्याश्च महदादिपवनयोगतो वृत्तय इति तदभावात्तदभावः, एवं सर्वज्ञत्वानुपपत्तिरेवेति,**

---

१ विशेषणविशेष्यसम्बन्धानवगाहि ज्ञानं (निर्विकल्पकं) (त. दी.) तथाच ज्ञानत्वघटितं विशेष्यताशून्यत्वम्, विशेषणताशून्यत्वम्, संसर्गताशून्यत्वं च लक्षणत्रयपर्यवसितमिति भावः (नील. १ पृ. १७) तच्च वस्तुस्वरूपमात्रग्रहणम् । यदाहुः सांख्यवृद्धाः 'संमुग्धं वस्तुमात्रं तु प्राग्गृहणात्यविकल्पितम् । तत्सामान्यविशेषाभ्यां कल्पयन्ति मनीषिणः ॥ इति (सांख्य. कौ. श्लो. २७ टी. पृ. ३६) । यथा किंचिदिदमिति ज्ञानम् (त. सं.) यथा वा दूरात् किंचिदस्ति इति प्रत्यक्षम् त. कौ. १ पृ. ८) तच्च ज्ञानमतीन्द्रियमनित्यं निराकारं चेति ज्ञेयम् (भा. प. श्लो. ५९) (न्या. मं.) । अत्र बौद्धैः वैभाषिकैः अभिधीयते निर्विकल्पज्ञानमेव प्रमाणम् । कल्पनापोढत्वात् । तद्भिन्नं सर्वमप्रमाणम् । कल्पनाज्ञानत्वात् इति (सर्व. पृ. ४४ बौद्ध.) । अलौकिक आलोचनात्मको ज्ञानविशेषः (निर्विकल्पकम्) इति केचित् सांख्यवृद्धाः, मायावादिनस्तु ज्ञातृज्ञेयादिविभागशून्यं ब्रह्मैकात्मविषयमखण्डाकारकं विशेष्यविशेषणसम्बन्धरहितं ज्ञानं (निर्विकल्पकं) इत्याहुः (वाच.) । मध्वमतानुयायिवेदान्तिनस्तु निर्विकल्पयं नाङ्गीकुर्वन्ति (प्र. प. पृ. ११)

ભાવાર્થ–(પૂર્વપક્ષઃ) જેઓના કર્મો ક્ષીણ થયા છે. એવા મુકત આત્માઓ, અમૂર્ત્ત-અરૂપી છે (રૂપ, રસ, ગંધ, સ્પર્શના સમુદાયને રૂપ કહેવાય છે, તે જેમાં હોય તે મૂર્ત્તરૂપી કહેવાય છે. તે રૂપ, જેમાં નથી તે અરૂપી-અમૂર્ત્ત પદાર્થ, કહેવાય છે.) એથી મુકત આત્માઓનો જ્ઞાનરૂપ ધર્મ પણ અમૂર્ત્ત છે કારણ કે, અમૂર્ત્તનો ધર્મ અમૂર્ત્ત હોય છે. જેમકે, આકાશનો ધર્મ આકાશત્વ. એટલે વિષયના જેવા આકાર (સ્વભાવ, આકૃતિ. ઘાટ, છબી, પ્રતિબિંબ) પણાનો અભાવ હોઈ, તત્ત્વથી-વાસ્તવિક રીતે જ્ઞાનનો અભાવ છે. કારણ કે; જ્ઞાન વિષયના જેવા આકાર-સ્વભાવવાળું હોઈ સાકાર-મૂર્ત્ત છે. અત એવ અમૂર્ત્ત-મુકૃત આત્માનો ધર્મ હોઈ શકે નહીં.

તથાહિ–આ મુક્તઆત્મા, તરંગ (મોજા) વગરના મહોદધિ-પ્રશાંતસાગર સરખો છે, સ્થિરસમુદ્ર સરખો છે. અને જ્યારે પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિ અહંકાર આદિરૂપી વાવાઝોડા પવનના સંબંધથી (ઝપાટાથી) વિષયજ્ઞાનઆદિક (વિષય વિષયકજ્ઞાન, વિષયના જેવું સાકારજ્ઞાન વિગેરે) વૃત્તિઓ-પ્રવૃત્તિઓ, ઉછળતા સાગરના મોજા સરખી છે. મુક્તઆત્મામાં પ્રકૃતિ વિકારરૂપબુદ્ધિ અહંકારઆદિરૂપ પવનનો અભાવ હોઈ તરંગતુલ્ય વિષયજ્ઞાન-આદિકવૃત્તિ -પ્રવૃત્તિઓનો અભાવ છે.

તથાચ પ્રકૃતિવિકારરૂપ બુદ્ધિ વિગેરે રૂપ કારણના અભાવમાં વિષયજ્ઞાન આદિકવૃત્તિ-પ્રવૃત્તિરૂપ કાર્યનો અભાવ છે. અતએવ મુક્તઆત્મામાં સાકારરૂપ જ્ઞાનનો અભાવ હોઈ સર્વ - અર્થવિષયકજ્ઞાનનો અભાવ છે. આ મુદ્દાથી તેઓમાં સર્વજ્ઞતા અસિદ્ધ થાય છે. એટલે મુક્તઆત્માઓ, અસર્વજ્ઞ છે એમ પૂરવાર થાય છે. મુક્તિરૂપ અવસ્થામાં નિરાકાર (આકાર-વિષયના જેવા આકાર વગરનું) વિજ્ઞાન, પદાર્થોનું ગ્રહણ કરે છે એમ માનવામાં વિષયોનો પ્રતિનિયમ (નિયતપણું, નિશ્ચિતપણું) ઘટી શકે નહીં. અત એવ નિરાકાર-વિજ્ઞાનરૂપદર્શનનો અભાવ હોઈ સર્વ-અર્થ-વિષયકદર્શન નથી. અતઃ મુક્તઆત્મા, અસર્વદર્શી છે. એમ સિદ્ધ થાય છે. ઇતિશબ્દ, અહીં પૂર્વપક્ષની વક્તવ્યતાની સમાપ્તિનું સૂચન કરે છે.

–અથ પૂર્વપક્ષનું પુષ્ટખંડન અને સ્વપક્ષનું સ્પષ્ટમંડન–

**एतदप्यसत्, विषयग्रहणपरिणामस्याऽऽकारत्वात्, तस्य चामूर्त्तेऽप्यविरोधात्, अनेकविषयस्यापि चास्य सम्भवात्, चित्राऽऽस्तरणादौ तथोपलब्धेरिति ॥**

ભાવાર્થ-(ઉત્તરપક્ષઃ= સમાધાન=)=સાંખ્યે કહેલ (પૂર્વપક્ષગત) આ વચન, યુકૃતિયુકૃત નથી. કારણ કે; વિષયને ગ્રહણ કરનાર જીવપરિણતિ છે. એટલે વિષય-ગ્રહણકારક હોઈ જીવપરિણામજ આકાર તરીકે પરિભાષિત (સંકેતિત-સંજ્ઞિત-રૂઢ) કરાય છે.

આકાર એટલે વિષય-ગ્રહણ કરનાર જીવપરિણતિ, એમ સમજવું. વિષયગ્રહણશીલપરીણામરૂપ જીવપરિણતિરૂપઆકાર, અમૂર્ત્ત (અરૂપી) હોવાથી, અમૂર્ત્ત એવો મુક્તઆત્મામાં પણ (ન કેવલ મૂર્ત્તમાં પણ એ અપિશબ્દનો અર્થ સમજવો) કોઈથી પણ બાધિત નહીં થતો (કોઈપણ જાતના વિરોધ કે બાધા વગર) બરોબર રીતે ઘટી શકે છે.

વળી વિષયવિષયકગ્રહણ (જ્ઞાનદર્શનરૂપ) જીવપરિણતિરૂપ આકાર, એકી સાથે-એકી વખતે અનેક વિષયોનું

પણ ગ્રહણ કરનાર (એક વિષયનું ગ્રહણ કરે એમાં તો પૂછવું જ શું ? એ અપિ શબ્દનો અર્થ સમજવો) છે. આ હકીકત-મુદ્દો બરાબર-યુક્તિયુક્ત છે. કારણ કે; વ્યવહાર કે પ્રતીતિથી આ વસ્તુ વિદિત છે. કે; 'ચિત્રમાં (કલમ અથવા પીંછીથી કોઈ પણ સપાટી ઉપર પાડેલો કોઈપણ વસ્તુનો આકાર, ચીતરામણ, છબી કે તસવીરમાં, આજના વિજ્ઞાનના જમાનામાં તો સિનેમાના રૂપેરી પડદા પર આવતી સીનસીનેરીમાં) અને રંગબેરંગી-કાબર ચિતરી કંબલ-ઘાબડીમાં તેમજ બહુ વર્ણવાળા પદાર્થોમાં એકી સાથે-સમકાળે ઘણા વિષયના આકારો (રૂપો, દ્રશ્યો, રંગો) પોતાના અનુભવ (જ્ઞાનદર્શન - અન્યતર અનુભવ) દ્વારા, જણાય છે. દેખાય છે.'

–વિષયવિષયકગ્રહણરૂપ (જ્ઞાનરૂપ) જીવપરીણામને જ આકારનું રૂપ આપવાથી જે અર્થ ફલિત થાય છે તેનું નિદર્શન–

**एतेन विषयाकारप्रतिसङ्क्रमादिना 'ज्ञानस्य प्रतिबिम्बाकारताप्रतिक्षेपः प्रत्युक्तः, विषयग्रहणपरिणमस्यैव प्रतिबिम्बत्वेनाभ्युपगमात्, एवं साकारं ज्ञानमनाकारं च दर्शनमित्यपि सिद्धं भवति, ततश्च सर्वज्ञाः सर्वदर्शिनस्तेभ्यो नम इति क्रिया योगः ॥ ३१**

ભાવાર્થ=દર્પણસમાન બુદ્ધિમાં પદાર્થોના પ્રતિબિંબ આકાર જ્યારે પડે છે ત્યારે તદ્‌વિષયક જ્ઞાનવાન્ આત્મા થાય છે. પરંતુ મુક્ત આત્મામાં દર્પણ સરખી બુદ્ધિનો અભાવ હોઈ પદાર્થોના પ્રતિબિંબરૂપ કેવલજ્ઞાનવાન્ (સર્વજ્ઞ) મુક્ત આત્મા નથી. અર્થાત્ વિષયના આકારના પ્રતિસંક્રમ-પ્રતિબિંબના અભાવરૂપ 'પ્રતિબિંબાકારતાપ્રતિક્ષેપ' કહ્યો હતો તે ઉપરના નિપુણતર-નિરૂપણથી ખંડિત થાય છે. તથાહિ-અહીં ઘટઆદિ વિષયના આકારને આકાર તરીકે ઓળખાવતા નથી. પરંતુ વિષયવિષયકગ્રહણરૂપ પરીણામ (સ્વભાવ) રૂપ જીવપરિણતિને આકાર તરીકે ઓળખાવવામાં આવે છે. આવા વિશિષ્ટ આકારના નિરૂપણથી, ઘટઆદિરૂપ વિષયરૂપ ગ્રાહ્યના આકારનો (આકૃતિ-રચના વિશેષનો) વિષયગ્રાહકજ્ઞાનમાં પ્રતિસંક્રમ (પ્રતિબિંબ) પડતો નથી. અતએવ 'જ્ઞાનમાં વિષયના આકારનું પ્રતિબિંબ પડે ત્યારે જ તદ્‌વિષયકજ્ઞાનવાન્ આત્મા બને, મુક્ત અવસ્થામાં અરૂપીજ્ઞાનમાં વિષયના આકારનું પ્રતિબિંબ પડતું નથી એટલે સર્વાર્થવિષયકજ્ઞાનવાન્ મુક્ત આત્મા નથી' આ વર્ણન ગલત છે, ખંડિત થાય છે.

જો વિષયના આકારનું પ્રતિસંક્રમ-પ્રતિબિંબ, જ્ઞાનમાં માનવામાં આવે તો, જ્ઞાન અને જ્ઞેય, બંને એકરૂપ-એકાકાર-અભિન્ન-તદ્‌રૂપ થઈ જાય ! કાંતો વિષય, આકાર વગરનો બની જાય ! કારણ કે; વિષયનો આકાર જ્ઞાનમાં દાખલ થઈ ગયો છે.

–પ્રતિબિંબરૂપ આકારની પરિભાષાનો સ્ફોટ–

જૈનદર્શનમાં વિષયગ્રહણપરિણામને (વિષયવિષયકજ્ઞાનરૂપ ગ્રહણરૂપ જીવપરિણતિને) જ પ્રતિબિંબ કે આકાર તરીકે પરિભાષિત-સંકેતિત-સંજ્ઞિત કરાય છે.

અર્થાત્ પ્રતિબિંબ-આકાર એટલે વિષયગ્રહણજીવપરીણામ.

---

૧ **बुद्धिसत्त्वे इन्द्रियद्वारा बहिर्निर्गताया बुद्धेर्घटादिदेशप्राप्तौ घटाद्याकारेण परिणतिर्जायते सैव ज्ञानमित्युच्यते साङ्ख्यैः ।**

તથાચ-વિષયગ્રહણપરિણામનું આકારપણું હોઈ સામયિક [૧]વિવક્ષાથી (સમયાંતરની અપેક્ષાથી) સાકાર-વિશેષગ્રહણ-પરીણામવાળું જ્ઞાન. અર્થાત્ ઉપયોગવિશેષરૂપ, વિશેષગ્રહણ-પરીણામવાળા જ્ઞાનને 'સાકાર' કહે છે. અને ઉપયોગ વિશેષરૂપ, સામાન્યગ્રહણ પરિણામવાળા દર્શનને 'અનાકાર' કહે છે. આ પણ સિદ્ધ થાય છે.

અતએવ 'સકલવિશેષગ્રહણપરીણામવાળા-સાકાર ઉપયોગ વિશેષરૂપ કેવલજ્ઞાનવાળા - સર્વજ્ઞ ભગવંતોને નમસ્કાર હો તથા સકલસામાન્યગ્રહણપરીણામવાળા અનાકારદર્શનરૂપ ઉપયોગ વિશેષરૂપ કેવલદર્શનવાળા-સર્વદર્શી અરિહંતભગવંતોને નમસ્કાર હો' આ પ્રમાણે શક્રસ્તવની ૩૧ મા પદની વ્યાખ્યા પૂરી થાય છે.

–શક્રસ્તવની ૩૨ મા પદની વ્યાખ્યાની શરૂઆત કરતાં પહેલાં વ્યાખ્યાકારે કરેલ અવતરણિકાનું વિધાન–

**एते च सर्वेऽपि [૨]सर्वगतात्मवादिभिर्द्रव्यादिवादिभिस्तत्त्वेन सदा लोकान्तशिवादिस्थानस्था एवेष्यन्ते "विभुर्नित्यआत्मे" ति वचनाद्, एतदपोहायाह–**

ભાવાર્થ=આત્મા, સર્વગત (વિભુ-સર્વઆકાશવ્યાપી-સર્વમૂર્તદ્રવ્ય-સંયોગી) છે. એમ બોલનારા

[૩]દ્રવ્ય, [૪]ગુણ, [૫]કર્મ, [૬]સામાન્ય, [૭]વિશેષ, [૮]સમવાયરૂપ છ (૬) પદાર્થો છે એમ બોલવાના સ્વભાવવાળા વૈશેષિક (ષડ્લૂક) લોકો, સર્વજ્ઞ-સર્વદર્શી આત્માઓને, સદા લોકાંત (લોકના અગ્ર-ભાગરૂપ) અને શિવાદિ સ્થાનમાં રહેનાર માને છે. એ વૈશેષિકલોકોનું વચન છે કે 'આત્મા, નિત્ય છે. વિભુ (સર્વગત, સર્વમૂર્ત્ત-દ્રવ્યસંયોગી) છે.

---

૧ **एकस्मिन् समये ज्ञानं, दर्शनं चापरक्षणे । सर्वज्ञस्योपयोगौ द्वौ समयान्तरितौ सदा ॥ ९७४ ॥**

**"नाणंमि दंसणंमि य, एतो एक्कतरयंमि उवउत्ता । सव्वस्स केवलिस्सवि जुगवं दो नत्थि उवयोगा ॥ ९७६ ॥ (सा. २१०) इदं सैद्धान्तिकमतम् ।**

**અર્થ=સર્વપર્યાય અને સર્વદ્રવ્યને જાણવાવાળા સર્વજ્ઞને પણ જ્ઞાન અને દર્શનનો ઉપયોગ અનુક્રમે જ હોય છે. પ્રથમ સમયે જ્ઞાન, અને બીજે સમયે દર્શન, એ પ્રમાણે સર્વજ્ઞને સદાકાળ એકેક સમયને આંતરે બંને ઉપયોગ હોય છે. કહ્યું છે કે 'જ્ઞાનને વિષે અને દર્શનને વિષે એ બંનેમાંથી કોઈપણ એકને વિષે જીવો ઉપયોગવાળા હોય છે. કારણ કે; સર્વજીવોને અને કેવલીને પણ સમકાળે બે ઉપયોગ હોતા નથી આવી સૈદ્ધાંતિકમતની વિવક્ષાથી.**

૨ **'जीवस्तु प्रतिशरीरं भिन्नो विभुर्नित्यश्चे'ति तर्कसङ्ग्रहे ।**

**'कालखात्मदिशां सर्वगतत्वं परमं महत्' ॥२६॥ कारिकावल्यां ॥**

૩ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા, મન–એમ નવ ૯ દ્રવ્યો છે.

૪ રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરૂત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, સંસ્કાર એમ (૨૪) ગુણો છે.

૫ ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ગમન એમ પાંચ (૫) કર્મો છે.

૬ પર (સત્તા) અપર (દ્રવ્યાત્વાદિ) રૂપે બે પ્રકારે સામાન્ય છે.

૭ નિત્ય દ્રવ્યમાં રહેનાર, અત્યંતવ્યાવૃત્તિરૂપ જ્ઞાનનું કારણ છે.

૮ નિત્ય સંબંધરૂપ સમવાય છે. અવયવ અને અવયવિનો, ગુણ અને ગુણીનો, ક્રિયા અને ક્રિયાવાનનો, જાતિ અને વ્યક્તિનો, વિશેષ અને નિત્ય દ્રવ્યનો સંબંધ 'સમવાય' કહેવાય છે.

આ વૈશેષિકે માનેલ સકલ આત્માના સદાના શિવવાસીપણાનું ખંડન કરવા સારૂ કહે છે કે--

**"शिवमचलमरूजमनन्तमक्षयमव्याबाधमपुनरावृत्तिसिद्धिगतिनामधेयं स्थानं सम्प्राप्तेभ्यः "** इह तिष्ठन्त्यस्मिन्नति स्थानं, व्यवहारतः सिद्धिक्षेत्रं, 'इह बोंदिं चइताणं, तत्थ गंतूणं सिज्झइ" ति वचनात्, निश्चयतस्तु तत्स्वरूपमेव, सर्वे भावा आत्मभावे तिष्ठन्तीति वचनात्, एतदेव विशेष्यते, तत्र "शिवम्" इति सर्वोपद्रवरहितत्वाच्छिवं, तथा स्वाभाविक-प्रायोगिक-चलन- क्रियाऽपोहान्न चलमचलं, तथा रूजाशब्देन व्याधिवेदनाभिधानं ततश्चाविद्यमानरूजमरूजं तन्निबन्धनयोः शरीरमनसोरभावात् तथा नास्यान्तो विद्यत, इत्यनन्तं केवलात्मनोऽनन्तत्वात्, तथा नास्य क्षयो विद्यत इत्यक्षयं, विनाशकारणाभावात्, सततमनश्वरमित्यर्थः, तथा अविद्यमानव्याबाधमव्याबाधं, अमूर्त्तत्वात्, तत्स्वभावत्वादिति भावना,

तथा न पुनरावृत्तिः-आवर्तनमावृत्तिर्भवाणवि तथातथावर्तनमित्यर्थः, तथा सिध्यन्ति-निष्ठतार्था भवन्त्यस्यां प्राणिन इति सिद्धिः-लोकान्तक्षेत्रलक्षणा सैव गम्यमानत्वाद्गतिः, सिद्धिगतिरेव नामधेयं यस्य तत्तथाविधमिति, स्थानं प्रागुक्तमेव इह च स्थानस्थानिनोरभेदोपचारादेवमाहेति, 'सम्प्राप्ता' इति सम्यग्-अशेषकर्म्मविच्युत्या स्वरूपगमनेन परिणामान्तरापत्त्या प्राप्ताः ।

ભાવાર્થ – "શિવ, અચલ, અરૂજ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવૃત્તિવિશિષ્ટ, સિદ્ધગતિનામક સ્થાનને પામેલા સર્વજ્ઞસર્વદર્શી અરિહંત ભગવંતોને નમસ્કાર હો."

– આ સૂત્રઘટક સ્થાનનો વ્યુત્પત્તિલભ્ય અર્થ –

(૧) સ્થાન-જેમાં ગતિનિવૃત્તિરૂપ સ્થિતિથી રહે છે તે સ્થાન. (આશ્રય)

વ્યવહારનયથી તે સ્થાનનો પરિચય=વ્યવહારથી અહીં સિદ્ધિક્ષેત્ર (લોકાન્ત-આકાશક્ષેત્રરૂપલોકાગ્રભાગ) સમજવું. તથાહિ-વૈમાનિક નિકાયના અંતિમ અનુત્તરના મધ્યવર્ત્તી સર્વાર્થ સિદ્ધનામના મહાવિમાનથી ઉપર બારજોજન જઈએ ત્યાં ૪૫ લાખ જોજનના વિષ્કંભે (વૃત્ત હોવાથી આયામ પણ તેટલોજ) સ્ફટિક સરખી નિર્મલ, ઈષત્પ્રાગ્ભારા નામની સિદ્ધશિલા આવેલી છે. એ શિલાથી ઉપર ઉત્સેધાંગુલ પ્રમાણે એક યોજનાંતે લોકનો અંત-અગ્રભાગ આવે છે, આકાશક્ષેત્રરૂપ તે સિદ્ધક્ષેત્રરૂપ લોકાંતને સ્પર્શીને સિદ્ધાત્માઓ રહેલા છે (તથાચ અનુત્તર વિ. ની ધ્વજાથી ૧૨ યો. દૂર ૪૫ લાખ યો. લાંબી પહોળી સિદ્ધશિલા છે, તે મધ્યભાગે આયામ વિષ્કંભથી ૮યો. પ્રમાણ ઘેરાવાવાળા પ્રદેશમાં નીચેથી ઉપર સુધીના કોઈપણ ભાગમાં માપો તો ૮ યો. જાડાઈ મળી આવશે ત્યારબાદ અનુક્રમે અંતે અત્યંત તનુ-પતળી છે તે સિદ્ધશિલાની ઉપર (૧) જોજન દૂર લોકનો અંતભાગ છે, તે એક જોજનનો ચોથો ભાગ જે (૧) ગાઉ છે તેના છઠ્ઠા ભાગમાં શ્રી સિદ્ધોની અવગાહના છે અર્થાત્ જોજનના (૨૩) ભાગ ખાલી છે ને એક ચોવીશમાભાગમાં સિદ્ધોની અવગાહના-સ્થિતિ છે. $\frac{1}{3}$ ગાઉ જેટલા આકાશક્ષેત્રમાં અનંત સિદ્ધઆત્માઓ છે ઉપરથી સર્વે લોકાંતને સ્પર્શીને રહ્યા છે) તે સ્થાન તરીકે કહેવાય છે, કારણ કે; 'અહીં સંસારમાં શરીર છોડી જઈને સિદ્ધ થાય છે' એમ શાસ્ત્રીય વચન છે (ઋજુસૂત્રને વ્યવહારનય તરીકે ગણીને આ કથન સમજવું.)

(૨) નિશ્ચયનયથી (સમભિરૂઢનયના અભિપ્રાયથી) સિદ્ધઆત્માનું સ્વરૂપ જ (કેવલજ્ઞાન આદિસિદ્ધસ્વરૂપ જ) સ્થાન તરીકે કહેવાય છે કારણ કે, 'સર્વપદાર્થો સ્વસ્વરૂપમાં રહે છે' આવું શાસ્ત્રીય વચન છે.

–વ્યવહારનયથી માનેલ સિદ્ધિક્ષેત્રરૂપસ્થાન, નિશ્ચયનયથી માનેલ સિદ્ધઆત્મસ્વરૂપ રૂપસ્થાનને વિશેષ્ય કરીને શિવઆદિવિશેષણોનું કરાતું બ્યાન–

(૧) શિવરૂપ તે સ્થાન છે=તે સ્થાન, શિવરૂપ છે (મંગલ-નિરૂપદ્રવ રૂપ છે)કારણકે, આ સ્થાનમાંથી સર્વ ઉપદ્રવો (આધ્યાત્મિક-શારીરિક માનસિક વિપદા, આધિભૌતિક પંચ મહાભૂતોથી અથાત્ મનુષ્ય, પશુ, પંખી અને સ્થાવરાદિથી ઉત્પન્ન થયેલું દુઃખ,-આધિદૈવિક=દેવકૃત-ભૂત-પિશાચ આદિકૃત દુઃખરૂપ ઉપદ્રવો) સદાના વિદાય લઈ ચાલ્યા ગયા હોય છે.

(૨) આ સ્થાન અચલ (ચાલે કે ખસે તેવું નથી, સ્થિર, અડગ, નિશ્ચલ કે કાયમનું) છે કારણકે, સ્વભાવિક (સ્વભાવથી) કે પ્રાયોગિક (પ્રયોગથી) ચલન (એક જગાએથી બીજી જગાપર જવારૂપ) ક્રિયાનો સદંતર અભાવ છે.

(૩) જેમ ઉપરોક્ત સ્થાન, શિવ-અચલરૂપ છે તેમ અરૂજ છે- રૂજા (વ્યાધિ) અને વેદના (આધિ -માનસિક પીડા) વગરનું સ્થાન છે. અર્થાત્ મજકૂર સ્થાનમાં રૂજાની એટલે વ્યાધિ અને વેદનાની શૂન્યતા છે. કારણ કે; શરીરમાં વ્યાધિ થાય છે અને મનમાં વેદના થાય છે. એટલે શરીર અને મન, વ્યાધિવેદનાનું કારણ છે. શરીર અને મનનો અભાવ હોઈ તત્કાર્યભૂત વ્યાધિવેદનાનો અભાવ છે.

(૪) જેમ આ સ્થાન, શિવ-અચલ-અરૂજ છે. તેમ અનંતઅંતશૂન્ય છે, કારણ કે; કેવલ (કેવલજ્ઞાન, શુદ્ધઆત્મા) કેવલજ્ઞાન અને શુદ્ધ-સિદ્ધ આત્માનું અનંતપણું છે. અર્થાત્ નિશ્ચયનયસંમત સ્વસ્વરૂપરૂપસ્થાન, અનંત છે. કેમકે; કેવલજ્ઞાનાદિરૂપ કેવલસ્વભાવનું અનંતપણું છે.

વ્યવહારનય સંમત [૧]સિદ્ધિક્ષેત્રરૂપ સ્થાન અનંત છે, કારણ કે; કેવલ એટલે શુદ્ધ-સિદ્ધ આત્માઓનું અનંતપણું છે. (અહીં સ્થાનસ્થાનીનો અભેદ ઉપચાર જાણવો.)

(૫) જેમ આ સ્થાન, શિવ-અચલ-અરૂજ-અનંત છે. તેમ [૨]અક્ષય છે. ક્ષય (નાશ, ઘસાઈ જવું તે, ઓછું થઈ જવું તે, ઘટાડા) ના અભાવવાળું છે. કેમકે; વિનાશના કારણનો સમૂળગો અભાવ છે. (કેવલજ્ઞાન આદિરૂપ સ્વસ્વરૂપ વિનાશ કારણરૂપ જ્ઞાનાવરણીય આદિ કર્માષ્ટકનો સર્વથા અભાવ છે.)

સિદ્ધાત્મસ્વરૂપ રૂપસ્થાન, અક્ષય છે-સતત (સદૈવ-નિરંતર હંમેશનું) શાશ્વત-અવિનશ્વર છે, તેમજ સિદ્ધિક્ષેત્રરૂપ

---

૧ જે સ્થાને એક જીવ મોક્ષે ગયો હોય તે જ સ્થાને બીજા પણ ઘણા જીવો મોક્ષે ગયા હોય છે, અને તે સર્વ અનંતસિદ્ધ, નિશ્ચયથી લોકના ઉર્ધ્વાંતને જ સ્પર્શનારા હોય છે. અર્થાત્ સંપૂર્ણ એક સિદ્ધના અવગાઢક્ષેત્રમાં બીજા અનંત સિદ્ધો (તેટલી જ અવગાહનાએ) અવગાહેલા છે, વળી તેઓના (સંપૂર્ણાવગાહી સિદ્ધોના) એકેક પ્રદેશને આક્રમીને-દાબીને પ્રત્યેક પ્રદેશે પણ જે સિદ્ધો અવગાહી રહેલ છે તે પણ અનંત અનંત છે. એ પ્રમાણે બે ત્રણ ચાર પાંચ ઇત્યાદિ પ્રદેશવૃદ્ધિએ આક્રમી રહેલા સિદ્ધો પણ પ્રત્યેકે અનંત અનંત છે. તથા તે સિદ્ધના અવગાહક્ષેત્રના એકએક પ્રદેશ છોડીને રહેલા જે સિદ્ધો તે પણ પ્રત્યેક અનંત અનંત છે. એ પ્રમાણે બે ત્રણ ઇત્યાદિ પ્રદેશો છોડીને રહેલા સિદ્ધો પણ અનંત અનંત છે. એ પ્રમાણે પ્રદેશની હાનિવૃદ્ધિએ અવગાહેલા સિદ્ધો સંપૂર્ણક્ષેત્રાવગાહી સિદ્ધોથી અસંખ્યગુણ જેટલા અધિક છે. અને તેથી એક સિદ્ધ પોતાના અતિનિર્મલ અને પરસ્પર અવગાહેલા સર્વ આત્મપ્રદેશોવડે અનંત સિદ્ધને સ્પર્શે છે. એક સિદ્ધના અવગાહેલા આકાશપ્રદેશ અસંખ્ય છે, ને પ્રત્યેક આકાશપ્રદેશને આક્રમીને અનંત અનંત સિદ્ધ અવગાહેલા છે. તો પ્રદેશ હાનિવૃદ્ધિએ રહેલા સિદ્ધ, સંપૂર્ણાવગાહી અનંતસિદ્ધથી અસંખ્યગુણ અનંત થઈ શકે છે. અતઃ અને પૂર્વે દર્શાવેલ ભિન્નભિન્ન ક્ષેત્રાવગાહનાના ભેદોરૂપ દેશ પ્રદેશોવડે નિશ્ચયથી, તેથી પણ અસંખ્યગુણ સિદ્ધોને સ્પર્શે છે.

૨ આયુષ્ય કર્મનો સર્વથા ક્ષય થવાથી સિદ્ધ પરમાત્માઓ અક્ષયસ્થિતિક કહેવાય છે.

સ્થાન, સતત્-શાશ્વત-અવિનાશી છે. (એક વ્યક્તિની અપેક્ષાએ સાદિ અનંતરૂપ છે. અને સમષ્ટિની અપેક્ષાએ અનાદિ અનંતરૂપ છે.)

(૬) જેમ આ સ્થાન અક્ષય છે તેમ વ્યાબાધા-પીડાનો સર્વથા અભાવ હોઈ 'અવ્યાબાધ' છે. (સ્વાભાવિક અનંત સુખમય છે.) કારણ કે; સ્વસ્વરૂપ, આત્મસ્વભાવ હોઈ અમૂર્ત્ત-અરૂપી- રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહિત છે. અમૂર્ત્તને વ્યાબાધ હોય જ નહીં (દુઃખ, અસાતાવેદનીય કર્મજન્ય છે, સાંસારિક સુખ, સાતવેદનીય કર્મ જન્ય છે. એટલે જન્ય હોઈ સાન્ત-વિનાશી-દુઃખરૂપ-દુઃખજનક-પરરૂપ છે તથાચ આત્મિક અનંતસુખ પ્રતિબંધકવેદનીય કર્મનો સમૂળગો નાશ હોવાથી સ્વાભાવિક અનંતસુખમય અવ્યાબાધરૂપ સ્થાન છે)

(૭) અપુનરાવૃત્તિ=જેમ આ સ્થાન, અવ્યાબાધ આદિરૂપ છે, તેમ, જ્યાંથી ફરી અવતાર લેવાનો હોતો નથી. એવું (પુનઃઆવર્ત્તન-પુનઃઆગમનરહિત) હોઈ 'અપુનઃઆવૃત્તિ' છે. અર્થાત્ તે તે પ્રકારે (સંસારી અવસ્થાની જેમ) સંસારસાગરમાં ફરીથી ફેરો (આંટો-ચક્કર) લગાવવો તે પુનરાવૃત્તિ કહેવાય છે. જે સ્થાનથી સ્વશાસન-સ્વતીર્થનો ધ્વંસ થવા છતાં સર્વથા સંસારબીજકર્મલેપરહિત સિદ્ધ પરમાત્માઓને, સંસારસાગરમાં ફરીથી અવતાર-જન્મ લેવાનો-પાછા ફરવાનું હોતું નથી એટલે તે અપુનરાવૃત્તિ છે.

(૮) જેમ સ્થાન, શિવાદિરૂપ છે તેમ સિદ્ધિગતિ નામવાળું છે તથાહિ.

સિદ્ધિ=જેમાં પ્રાણીઓ, (કેવલજ્ઞાનાદિરૂપ ભાવ પ્રાણ વિશિષ્ટ પ્રાણીઓ) નિષ્ઠિતાર્થ (કૃતકૃત્ય-સિદ્ધ અર્થ પ્રયોજનવાળા) થાય છે. આવી વ્યુત્પત્તિથી લોકાંતક્ષેત્રંલક્ષણવાળી સિદ્ધિ સમજવી. વળી જવાનો (એક સ્થળેથી કોઈપણ રીતે ગતિ કરીને બીજે સ્થળે-પહોંચવાનો-પ્રાપ્તિનો) વિષય-મેળવવાને યોગ્ય હોઈ તે સિદ્ધિ [૧]ગતિરૂપ કહેવાય છે. જે સ્થાનનું નામ (સંકેતસંજ્ઞા) 'સિદ્ધિગતિ' છે તે, પૂર્વકથિત શિવઆદિ વિશેષણ વિશિષ્ટ છે. વળી તે સ્થાન, વ્યવહારથી સિદ્ધિક્ષેત્ર અને નિશ્ચયથી સિદ્ધાત્મસ્વરૂપ જ સમજવું. એવંચ અહીં શિવઆદિ જે સ્થાનના વિશેષણો કહ્યાં તે મુક્તઆત્માના સમજવાં કારણ કે; સ્થાન (સિદ્ધિક્ષેત્ર કે સ્વસ્વરૂપ) અને સ્થાની જે મુક્તઆત્મા, તેનો અભેદ ઉપચાર (વિવક્ષા-અપેક્ષા) છે. એટલે જ આ પ્રમાણે કહે છે કે 'સિદ્ધિગતિનામક સ્થાનને સમ્યગ્-સારી રીતે પામેલા' અર્થાત્ [૨]સમ્યગ્-સકલકર્મના ક્ષયપૂર્વક સ્વસ્વરૂપાવસ્થાનદ્વારા, સિદ્ધત્વરૂપ [૩]પરીણામાંતરને (બીજા પર્યાયને) પ્રાપ્ત થયેલા-પામેલા 'સંપ્રાપ્ત' કહેવાય છે.

---

**૧ તે અયોગી ભગવાન, નિશ્ચયથી અંત્યસમયે કોઈપણ એક વેદનીયકર્મ, આદેયનામકર્મ, પર્યાપ્તનામકર્મ, મનુષ્યગતિનામકર્મ, મનુષ્યાનુપૂર્વીનામકર્મ, સૌભાગ્યનામકર્મ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિયનામકર્મ, તીર્થંકરનામકર્મ એ (૧૩) પ્રકૃતિનો ક્ષય કરીને તેજ સમયે સિદ્ધત્વપર્યાય પ્રાપ્ત કરીને સનાતન એવા પરમેશ્વર પરમાત્મા થાય. ત્યારબાદ તે શાશ્વત એવા યોગી ભગવાનવડે ચૌદ રજ્જુલોકના પર્યંત ભાગમાં જવાય છે. અતએવ ગમ્યમાન હોવાથી સિદ્ધિ ગતિ કહેવાય છે.**

**૨ સમસ્ત લોકવ્યાપ્ત સૂક્ષ્મનિગોદ આદિનો વ્યવચ્છેદ કરવા સારું 'સમ્યગ્'નો ઉપયોગ છે. કારણ કે; સકલ લોકવ્યાપક હોઈ સૂક્ષ્મનિગોદ આદિ વિવક્ષિતક્ષેત્રમાં પણ પ્રાપ્ત છે માટે તદ્વ્યવચ્છેદ સારૂ 'સં-પ્રાપ્ત' છે.**

**૩ પરીણામ એટલે અર્થાંતર-ધર્માંતરની પ્રાપ્તિ, પરંતુ એકાંતે એક જ ધર્મમાં અવસ્થાન અથવા તે ધર્મનો સર્વથા વિનાશ નહીં તેને જ બુદ્ધિમંતોએ પરીણામ કહેલા છે. જેમ જીવનો પરીણામ દેવ મટીને મનુષ્ય થવું, અને અજીવનો પરીણામ સ્થિરત્વાદિ ધર્મમાંથી ગત્યાદિ ધર્મમાં જવું તે અર્થાત્ એક અવસ્થા છોડીને બીજી અવસ્થામાં જવું તે પરીણામ.**

–જો આત્માઓને વિભુ (સર્વત્રવ્યાપક) અને નિત્ય માનવામાં આવે તો, સિદ્ધિગતિનામકસ્થાનની સંપ્રાપ્તિ (સકલકર્મક્ષયપૂર્વક સ્વસ્વરૂપાવસ્થાનરૂપ સિદ્ધત્વ પર્યાયાન્તર પ્રાપ્તિરૂપ સંપ્રાપ્તિ) નો અસંભવ છે. આ વિષયની શાસ્ત્રકારે કરેલ વિગતવાર છણાવટ–

**न विभूनां नित्यानां चैवं प्राप्तिसम्भवः, सर्वगतत्वे सति सदैकस्वभावत्वात्, विभूनां सदा सर्वत्र भावः, नित्यानां चैकरूपतयाऽवस्थानं, तद्भावाऽव्ययस्य नित्यत्वात् अतः क्षेत्रासर्वगतपरिणामिनामेवैवं प्राप्तिसम्भव इति भावनीयं, तत्तेभ्यो नम इति क्रियायोग इति ॥३२॥**

ભાવાર્થ=વૈશેષિકો અને નૈયાયિકો, પ્રત્યેક આત્માને વિભુ (સર્વ આકાશવ્યાપી-જ્યાં જ્યાં આકાશ છે ત્યાં ત્યાં સઘળે સ્થાને પ્રત્યેક આત્મા છે) અને નિત્ય (અપ્રચ્યુત-અનુત્પન્ન-સદાસ્થિરત્વ-સ્થિર એક સ્વભાવરૂપ) છે એમ પ્રતિપાદન કરે છે.

જૈનો=જે દેશમાં સ્થાનમાં (યદ્દેશાવચ્છેદેન) જેના ગુણોનો કે ધર્મોનો પ્રત્યક્ષ-આદિ પ્રમાણથી અનુભવ થયો હોય, તે જ વિવક્ષિત દેશમાં (તદ્દેશાવચ્છેદેન) તે પદાર્થની ઉપલબ્ધિ-પ્રાપ્તિ થાય છે, બીજા અવિવક્ષિત દેશમાં નહીં. આવો અબાધિત સિદ્ધાન્ત (વ્યાપ્તિ) હોવાથી દેહ-શરીરમાં (શરીરરૂપ-દેશાવચ્છેદેન) જ આત્માના (આત્મદ્રવ્યના) ચૈતન્યઆદિ ગુણો દેખાય છે, શરીરના બહારના દેશમાં નહીં અતએવ શરીરપરિમાણ (બરોબર) આત્મા છે. (વિવક્ષિત શરીરરૂપ-દેશાવચ્છિન્ન આત્મા પ્રતીત થાય છે.) વળી જે નષ્ટ અને ઉત્પન્ન ન થાય અને એકરૂપથી સદા સ્થિર કાયમ રહે તેને 'નિત્ય' કહે છે. આવી નિત્યવિષયની જે નૈયાયિક-વૈશેષિકની માન્યતા છે, તે યુક્તિયુક્ત નથી. કારણ કે; એવો કોઈ પદાર્થ નથી કે જે ઉત્પત્તિ અને નાશથી રહિત હોય અને સદા એકરૂપ હોય, અતઃ પદાર્થના સ્વરૂપનો નાશ નહીં થવો એજ નિત્યત્વ- [1]નિત્યનું લક્ષણ છે, આ માન્યતા વ્યાજબી છે. કારણ કે; ઉત્પાદ અને વિનાશનું રહેવું હોવા છતા જે પોતાના સ્વરૂપને નથી છોડતો તે પદાર્થ 'નિત્ય' છે. આવી જૈન દર્શનની માન્યતા હોઈ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ, વૈશેષિક-નૈયાયિકને પડકારતાં કહે છે કે; 'વિભુ અને નિત્ય આત્માઓને સિદ્ધિગતિનામકસ્થાનપ્રાપ્તિનો (સકલ કર્મક્ષયપૂર્વક સ્વસ્વરૂપાવસ્થાનરૂપ સિદ્ધત્વપર્યાયાન્તર-પ્રાપ્તિરૂપ સંપ્રાપ્ત) નો સંભવ નથી. કારણ કે; તે આત્માઓ સર્વગત (સકલ આકાશવ્યાપી) હોવાની સાથે સદા એકરૂપ છે. એવંચ વિભુ-આત્માઓનું સઘળા સ્થાનમાં (આકાશમાં) વિદ્યમાનપણું છે અને નિત્ય આત્માઓનું એકરૂપપણે (એક રીતિએ) રહેવું છે.

તથાચ ઉત્પાદવ્યય હોવા છતાં સ્વસ્વરૂપના નહીં છોડવારૂપ નિત્યત્વનું જૈનશાસનમાં વિધાન હોઈ સંસારિત્વપર્યાયના ત્યાગરૂપ વ્યય, અને સિદ્ધત્વપર્યાયાન્તરપ્રાપ્તિરૂપ ઉત્પાદ હોવા છતાં આત્મામાં કેવલજ્ઞાન-આદિરૂપ ચૈતન્યસ્વસ્વરૂપ કાયમ-નિત્ય છે. અતએવ-એજ વસ્તુની ઘટના કરતા કહે છે કે; આત્મા, (આધારભૂત) ક્ષેત્રરૂપ આકાશના સર્વભાગમાં નહીં વર્તનાર હોઈ (ક્ષેત્રથી)ક્ષેત્રા-સર્વગત છે અને એક અવસ્થાને છોડી બીજી અવસ્થામાં જનાર હોઈ પરીણામી છે. એટલે જ શિવઅચલ આદિ વિશેષણ વિશિષ્ટ લોકાંતક્ષેત્રલક્ષણ

---

१ 'तद्भावाऽव्ययं नित्यं' तत्त्वार्थसूत्र अ. ५. सू. ३०

સિદ્ધિગતિ નામક સ્થાનની સંપ્રાપ્તિ (સકલકર્મક્ષયપૂર્વક સ્વસ્વરૂપાવસ્થાનરૂપ સિદ્ધત્વ-પરીણામાંતરપ્રાપ્તિ) નો વિશિષ્ટ આત્માઓને સંભવ છે. એમ પ્રૌઢપણે પરિશીલન કરો !

અતએવ 'શિવ-અચલ-અરૂજ-અનંત-અક્ષય-અવ્યાબાધ-અપુનરાવૃત્તિરૂપ સિદ્ધિગતિનામક સ્થાનને પામેલા અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ'

આ પ્રમાણે ૩૨ પદોનું વિવરણ કર્યા બાદ આવા જ મહાન પુરૂષો નમસ્કાર-યોગ્ય છે એમ દર્શાવી ઉપરોક્ત વિશેષણ વિશિષ્ટ અરિહંત ભગવંતો જ 'ભયવિજેતાઓ' છે. એ બાબતનું વિશદવિવરણ–

**एवम्भूता एव प्रेक्षावतां नमस्कारार्हाः, आद्यन्तसङ्गतश्च नमस्कारो मध्यव्यापीति भावना, जितभया अप्येत एव नान्ये इति प्रतिपादयन्नाह 'नमो जिनेभ्यः जितभयेभ्यः' नम इति पूर्ववत्, जिना इति च, जितभयाः भवप्रपञ्चनिवृत्तेः क्षपितभया इत्युक्तं भवति अनेनाऽद्वैतमुक्तव्यवच्छेदः,**

ભાવાર્થ–પૂર્વકથિતસકલવિશેષણવિશિષ્ટ-પરમ મહત્ત્વશાલી અરિહંત ભગવંતો જ બુદ્ધિમંતોનેનમસ્કાર-યોગ્ય છે.

વળી 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં' રૂપ આદિમાં (શરૂમાં) કરેલ નમસ્કાર, અને 'સંપત્તાણં નમો' રૂપ અન્તમાં કરેલ નમસ્કાર અર્થાત્ આદ્યંત-સંગત, નમસ્કાર, મધ્યવ્યાપી-'સયંસંબુદ્ધાણંથી માંડી સવ્વદરિસીણં' સુધીના તમામ મધ્ય (મધ્યવર્તી) સંપદા સાથે [૧]વ્યાપક (અનુસરનારો) જાણવો એવી ભાવના (સંસ્કાર - વિચારણા) કરવી જોઈએ. ભયવિજેતાઓ પણ પૂર્વ વિવેચિત વિશેષણ વિશિષ્ટ જિનેશ્વરો જ છે. બીજી કોઈ જિન ભિન્ન વ્યક્તિ નહીં આ બાબતને દર્શાવતા કહે છે કે;

'ભય વિજેતા જિનોને નમસ્કાર થાઓ.' નમઃ પદનું અને જિનપદનું વિવરણ પૂર્વવત્ અહીં સમજી લેવું.

એવચં જિનો, (જિનત્વવિશિષ્ટ આત્માઓ) [૨]ભવપ્રપંચની (સંસાર અધિકારની નિવૃત્તિ હોઈ ભયના [૩]ક્ષયવાળા હોય છે. એવું કથનનું મંથન સમજવું.)

તથાચ પૂર્વકથનના આશયથી-ભવપ્રપંચક્ષયરૂપ ભયવિજયના (ભાવથી જિતભયત્વના) નિર્દેશથી અદ્વૈતમુક્તવ્યવચ્છેદ=પરમ બ્રહ્મલક્ષણ અદ્વૈત હોયે છતે (વેદાન્તમતે અભિમત એક જ પરમબ્રહ્મ છે એટલે) ભવના ક્ષયવાળા મુક્તો ઊડી જાય છે અર્થાત્ મુક્તોનું આપોઆપ ખંડન-નિરસન થઈ જાય છે.

અથવા અદ્વૈતમતાભિમત મુક્તોનો વ્યવચ્છેદ જાણવો, કારણ કે; ભય જેવી બીજી વસ્તુ માનેલ હોય

---

**૧ નમઃ પદની, નમઃ પદરહિત સર્વ પદોમાં અનુવૃત્તિ જાણવી કેમકે; આદ્યંતસંગત નમસ્કાર, મધ્યવ્યાપી-મધ્યપદોમાં અનુવૃત્તિ કરનારો થાય છે.**

**૨ જિનોમાં સર્વભયપ્રધાનરૂપ મરણભયનો આત્યંતિકધ્વંસ હોઈ તત્ત્વથી સર્વથા ઈહલોક આદિ ભયસપ્તકનો નાશ છે. કેમકે; જિનો પરમસ્વાસ્થ્યસંપન્ન છે.**

**૩ ઉપશમ રૂપજયની અપેક્ષાએ સત્તામાં ભય હોવા છતાં ઉપશાંતભય 'જિતભય' કહેવાય માટે અહિં ક્ષાયિક (ક્ષયરૂપ) જયની અપેક્ષાએ સત્તારૂપે પણ ભયનો અભાવ હોઈ 'ક્ષપિતમોહ' એ જ અહીં 'જિતભય' સમજવા.**

તો ભયના અભાવરૂપ જિતભયત્વની વાત થાય ! પણ ભય જેવી બીજી વસ્તુ માનેલ નથી તો તેમાં જિતભયત્વ પણ ક્યાંથી ઘટી શકે ? એક માત્ર પરમબ્રહ્મ માનેલ હોઈ જિતભયત્વ-વિશિષ્ટ કોઈ અપર જિન-મુક્ત નથી.

–વેદાન્તી મતે સંસારી આત્માનું સ્વરૂપ દર્શાવી, તેઓની માન્યતા પ્રમાણે સર્વથા જિતભયત્વની અનુપપત્તિ અને જૈન માન્યતા પ્રમાણે સર્વથા જિતભયત્વની ઉપપત્તિ–

**तत्र हि 'क्षेत्रज्ञाः 'परमब्रह्मविस्फुलिङ्गकल्पाः, तेषां च ततः पृथग्भावेन ब्रह्मसत्तात एव कश्चिदपरो हेतुरिति, सा तल्लयेऽपि तथाविधैव, तद्वदेव भूयः पृथक्त्वापत्तिः, एवं हि भूयो भवभावेन न सर्वथा जितभयत्वं, सहजभवभावव्यवच्छित्तौ तु तत्तत्स्वभावतया भवत्युक्तवत् शक्तिरूपेणापि सर्वथा भवपरिक्षय इति निरुपचरितमेतत्.**

ભાવાર્થ=અદ્વૈતમતમાં સંસારી-જીવાત્માઓ, પરમબ્રહ્મ (પરમાત્મા)ના અંશો-અવયવો તરીકે માનેલ છે. જો આવી સ્થિતિ છે તો સંસારી-જીવાત્માઓને બ્રહ્મમાંથી નીકળવામાં (છુટ્ટા પડવામાં અલગ થવમાં) બ્રહ્મસત્તાથી ભિન્ન કાલ વિગેરે, નિમિત્ત કારણ છે.

(આમ કહેવાથી અહીં બ્રહ્મ અને કાલઆદિ એમ દ્વૈત-બે પદાર્થની સિદ્ધિ સમજવી. જો જીવાત્માઓને બ્રહ્મમાંથી નીકળવામાં બ્રહ્મસત્તાથી ભિન્ન-બીજા કાલ આદિરૂપ નિમિત્ત કારણ ન માનો અને માત્ર બ્રહ્મસત્તા જ કારણ માનો તો, તે બ્રહ્મસત્તા તો, તે પરબ્રહ્મમાં મુક્તઆત્માઓનો લય (એકીભાવ-મળીજવું તે) થયે છતે પણ પૂર્વવત્ તથાવિધ બ્રહ્મમાંથી નીકળવાના કારણરૂપે કાયમ જ છે એટલે એકવારની માફક બીજીવાર પણ મુક્તઆત્માને બ્રહ્મસત્તામાંથી નીકળી સંસારસત્તા વળગવાથી ફરીથી સંસાર (ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણની પ્રાપ્તિનો પ્રસંગ સાંપડે ! એટલે સર્વથા અચલત્વરૂપ અભયત્વરૂપ જિતભયત્વ કેવી રીતે ઘટે ! મુક્તઆત્માને સંસારનો અધિકાર અક્ષીણ-કાયમ છે તો સંસાર-અધિકાર ક્ષયરૂપ જિતભયત્વ પેદા કે પ્રગટ ન થાય, કારણ કે, પૂર્વની માફક વિચટનના (નીકળવાના) હેતુભૂત બ્રહ્મસત્તા વિદ્યમાન છે.

---

૧ क्षेत्रज्ञः=क्षेत्रं देहमात्रं जानाति चेतयते शरीरप्रमाणत्वात् क्षेत्रज्ञः । जीवात्मा । शरीरसम्बन्धेन ज्ञानवान् । यथा अहं त्वमित्यादि। क्षेत्रं शरीरं आत्मत्वेन जानातीति क्षेत्रज्ञ इति व्युत्पत्तिः । 'इदं शरीरं कौन्तेय । क्षेत्रमित्यभिधीयते । एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः' ॥ (गीता १३/१

૨ 'यथाऽग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युचरन्त्येवमेवास्मादात्मनः सर्वेप्राणा सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि सर्वे एवात्मानो व्युचरंति ॥श्रुतिः॥ (बृह. उप. २-१-२०)

**અર્થ = જેમ એક અને અદ્વિતીય એવા અગ્નિમાંથી નાના-નાના તણખાઓ નીકળે છે તેમ પરમાત્મામાંથી સર્વ પ્રાણો, સર્વ લોકો, સર્વ દેવો, સર્વ ભૂતો, અને સર્વ જીવો નીકળે છે.**

'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः' गीता अ. १५

**'આ સંસારમાં જે સનાતન જીવરૂપ અંશ છે તે મારો જ અંશ છે.'**

**(વેદાન્ત દર્શનની શાખારૂપ વલ્લભ વેદાન્તાચાર્ય કે જેઓ શુદ્ધ અદ્વૈતના મુખ્ય પ્રવર્ત્તક ગણાય છે. તેઓના મતમાં જગત્ પરમબ્રહ્મનું જ અવિકારી પરિણામરૂપ છે. પરમબ્રહ્મ અંશી છે. તથા જીવ અને જડ-અજીવ, બ્રહ્મના અંશરૂપ-અવયવરૂપ છે. જીવ ભક્તિના સહારે પરમબ્રહ્મને પ્રાપ્ત કરે છે. વલ્લભનો સમય ઈસાની ૧૫ મી શતાબ્દીનો મનાય છે.)**

હવે તાત્વિક ભયવિજય-જિતભયત્વ જેવું હોય તેવું દર્શાવે છે કે, સહજ-અનારોપિત (બ્રહ્મથી નીકળવા દ્વારા જે સંસારપર્યાય તે સહજ ભવભાવ નથી પરંતુ આરોપિત છે) એટલે જીવસમાન-કાલભાવી સંસારરૂપ પર્યાયનો ક્ષય થયે છતે જ સહજ સંસાર પર્યાયક્ષય જ, જિતભયત્વ સ્વભાવરૂપ હોઈ, તાત્ત્વિક-નિરૂપચરિત-અનારોપિત જિતભયત્વ તરીકે કહેવાય છે. (બ્રહ્મલયરૂપ જિતભયત્વ આરોપિત કહેવાય છે, કારણ કે; પાછો બ્રહ્મસત્તામાંથી જિતભયત્વ-મુક્તત્વના અભાવનો ભય ઊભો છે.)

અર્થાત્ પૂર્વ કહેલ શિવ-અચલ આદિસ્થાન પ્રાપ્તિના ન્યાયપૂર્વક, ભવયોગ્યતારૂપ શક્તિરૂપે પણ (ભવયોગ્યતા માત્રનો ક્ષય હોય તો સાક્ષાત્ ભયભાવનો ક્ષય હોય જ એમાં પૂછવું જ શું ?) સર્વથા ભયનો પરિક્ષય કે ભયની નિવૃત્તિ એનું નામ તાત્ત્વિક જિતભયત્વ છે.

'જો એકવાર આત્માઓનો બ્રહ્મમાંથી વિભાગ માનીએ તો મુક્ત આત્માઓમાં જિતભયત્વ ઘટે કે નહીં ?' વિગેરે શંકાનો પરિહાર કરી ખૂબીભરી શૈલીથી કરાતું અદ્વૈતમતનું ખંડન–

**न सकृद्विचटनस्वभावत्वकल्पनाऽद्वैतेऽप्येवमेवादोष इति न्याय्यंवचः, अनेकदोषोपपत्तेः, तथाहि–तद्विचटनं शुद्धादशुद्धाद्वा ब्रह्मण इति निरूपणीयमेतत्, शुद्धविचटने कुतस्तेषामिहाशुद्धिः, अशुद्धविचटने तु तत्र लयोऽपार्थकः, न चैवमेकमविभागं च तदिति, अनेकत्वे च परमताङ्गीकरणमेव, तद्विभागानामेव नीत्या आत्मत्वादिति,**

ભાવાર્થ=(પૂર્વપક્ષઃ) બ્રહ્મસત્તામાં એકવાર આત્માઓને સ્વમાંથી છૂટા પાડવાનો સ્વભાવ છે, બીજીવાર છૂટા પાડવાનો સ્વભાવ નથી. એવી કલ્પના-માન્યતા અમારી છે તો તમોએ જે 'બીજીવાર પણ મુક્તઆત્માને બ્રહ્મસત્તાથી નીકળી સંસારપર્યાયનો પ્રસંગ સાંપડશે ! એટલે પૂર્વકથિતતાત્ત્વિક જિતભયત્વ કેવી રીતે ?' વગેરે જે દોષ આપેલ હતો તે હવે નથી અને તાત્ત્વિકજિતભયત્વ અમારા મતમાં બરાબર ઘટી શકશે, બોલો હવે કંઈ વાંધો છે ?

(ઉત્તરપક્ષઃ) આ તમારું વચન ન્યાયસંગત નથી કારણકે; અનેક દોષોના ડુંગરાઓ ઊભા છે. તે આ પ્રમાણેઃ– (૧)શું તમો શુદ્ધ-સકલલદોષરહિત પરમપુરૂષરૂપ બ્રહ્મમાંથી જીવાત્માઓનો એકવાર છૂટા પડવારૂપવિભાગ માનો છો ? કે (૨) અશુદ્ધ-સકલદોષસહિત બ્રહ્મમાંથી આત્માઓનો એકવાર છુટા થવારૂપવિભાગ માનો છો ? જો શુદ્ધ બ્રહ્મમાંથી આત્માઓનો એકવાર વિભાગરૂપ પ્રથમ પક્ષ માનો તો, અમે પૂછીએ છીએ કે; એ શુદ્ધરૂપ અંશમાં કે જેને ટાળવા આ સંસારમાં યોગીઓનો યમનિયમ આદિનો અઠંગ અભ્યાસ છે. એવી કર્મલેપરૂપ અશુદ્ધિ-જન્મમરણાન્યતરરૂપ સંસાર પર્યાયનું વળગણ કયાંથી લાગ્યું કે વળગ્યું ?

કારણ વગર તો કાર્ય, હોય જ નહી ને ! અને જો અશુદ્ધ બ્રહ્મમાંથી એકવાર આત્માઓના વિભાગરૂપ બીજો પક્ષ માનો તો, પરમબ્રહ્મમાં-આત્માઓની અભેદ-લક્ષણલયરૂપ મુક્તિ, નિરર્થક (ફોગટ-વ્યર્થ-નકામી) થાય, કારણકે, અશુદ્ધબ્રહ્મની અશુદ્ધિથી જન્યક્લેશ અભેદલયથી લીનમુક્તોને લાગેવળગે કે પ્રાપ્ત થાય ! સમજ્યાને !

એવં ~~ચ શુદ્ધ-બ્રહ્મમાંથી~~ એકવાર સંસારમાં આત્માઓનું આગમન માનો તો, અહીં-સંસારમાં શુદ્ધ અંશરૂપ આત્માઓમાં અશુદ્ધિ કયાંથી દાખલ થઈ ? એ પહેલો દોષ (૧) અશુદ્ધબ્રહ્મમાંથી એકવાર સંસારને અખત્યાર કરવાથી ક્ષયરૂપ મુક્તિની નિરર્થકતારૂપ બીજોદોષ (૨) આમ આ બે દોષોની ઈષ્ટાપત્તિનો સ્વીકાર કરવા

છતાં પણ 'બ્રહ્મ, એક અને અવિભાગરૂપ છે. એમ સાબીત થતું નથી એમ દર્શાવે છે-પરમબ્રહ્મમાંથી આત્માઓને છુટા થવામાં અને પરમબ્રહ્મમાં આત્માઓને પુનઃ મળી જવામાં પરમબ્રહ્મ એક છે, અવિભાગ-નિરવયવ નિરંશ છે' એ વસ્તુ આકાશમાં ઊડી જાય છે એટલું જ નહી પણ ઊલટું વિપરીત સિદ્ધ થાય છે કે 'પરમબ્રહ્મ, અનેક અને સાવયવ છે.' વળી આત્માઓ બ્રહ્મમાં મળી જાય છે.

એટલે આત્માઓની અપેક્ષા રાખીને જીવબ્રહ્મ (જીવશિવ) એક માની, પર બ્રહ્મમાં અનેકત્વ માનવામાં આવે તો પરમતનો સ્વીકાર કર્યો કહેવાય ! કારણ કે; આત્મસામાન્યરૂપ પરમબ્રહ્મના વ્યક્તિરૂપ વિભાગોનું યુક્તિથી આત્મપણું-ક્ષેત્રજ્ઞપણું છે.

–ઉપરોકત નિપુણનિરૂપણથી અદ્વૈત બ્રહ્મનિરાકરણની સાથે સાથે જે બીજું પણ ખંડિત થાય છે તેનું દિગ્દર્શન-

**एतेन यदाह- ''परमब्रह्मण एते क्षेत्रविदोऽशा व्यवस्थिता वचनात्। वह्निस्फुलिङ्गकल्पाः समुद्रलवणोपमास्त्वन्ये ॥१॥ आदि पृथक्त्वममीषामनादि वाऽहेतुकादि वा चिन्त्यम्। युक्त्या ह्यतीन्द्रियत्वाद्व्ययोजनाभावतश्चैव ॥२॥ कूपे पतितोत्तारणकर्त्तुस्तदुपायमार्ग्गणं न्याय्यम्। ननु पतितः कथमयमिति हन्त तथादर्शनादेव ॥३॥ भवकूपपतितसत्त्वोत्तारणकर्त्तुरपि युज्यते ह्येवम्। तदुपायमार्ग्गणमलं वचनाच्छेषव्युदासेन ॥४॥ एवं चाद्वैते सति वर्णविलोपाद्यसङ्गतं नीत्या। ब्रह्मणि वर्णाभावात्, क्षेत्रविदांद्वैतभावाच्च ॥५॥'' इत्यादि, एतदपि प्रतिक्षिप्तं, श्रद्धामात्रगम्यत्वात्,**

ભાવાર્થ-ઉપરોક્ત નિપુણ નિરૂપણથી, કોઇ એક વેદાંતીએ કહેલ તે પણ ખંડિત થાય છે. તે આ પ્રમાણે– ''વચનરૂપ આગમ પ્રમાણથી પુરૂષ અદ્વૈત લક્ષણ પરમબ્રહ્મના આ (શાસ્ત્ર અને લોકપ્રસિદ્ધ) ક્ષેત્રવિદો-જીવાત્માઓ, અંશો વિભાગો છે એમ વ્યવસ્થિત-પ્રતિષ્ઠિત છે. જીવો બે પ્રકારના છે (૧) બ્રહ્મમાંથી છૂટા પડવાથી સંસારીઓ (અગ્નિમાંથી જેમ તણખાઓ નીકળે છે તેમ) અગ્નિના તણખા જેવા છે. (૨) બીજા જીવાત્માઓ કે જે પહેલાં બ્રહ્મમાંથી છૂટા થઈ સંસારી થયા હતા અને ભક્તિથી બ્રહ્મમાં લયલીન-એકમેક થયેલા મુક્ત આત્માઓ છે, જેમ સમુદ્રમાં લવણ (નીમક-મીઠું) અભિન્ન છે તેમ તે બ્રહ્મમાં લીનપણે રહેલા મુક્ત જીવો છે. વળી જે જીવોની જુદાઈ, (પૃથક્ત્વ-છુટા થવું તે) સાદિ (શરૂઆતવાળું) કે અનાદિ (શરૂઆત વગરનું) છે ? સકારણ છે કે નિષ્કારણ ? વિગેરે ચર્ચા કે વિચાર, યુક્તિ-ન્યાયથી ચિંત્ય છે (મુલતવી કે મોકૂફ રાખવા યોગ્ય છે) કારણ કે; તે અતીન્દ્રિય છે. (ઇન્દ્રિયગમ્ય નથી) અને પ્રયોજનનો અભાવ છે અર્થાત્ કોઇ પ્રયોજન-માલ કે ફલ નથી. એ વાતે ય બરોબર છે કે; કૂવામાં પડેલાને ઉગારવાની ભાવનાવાળો હિતૈષી મનીષી, કૂવામાં પડેલો બહાર કેવી રીતે આવે તેના ઉપાયની શોધ કરે એ ન્યાયયુક્ત છે, પરંતુ આ કૂવામાં કેમ પડયો ? કોણ પડયો ? કેવી રીતે પડયો ? કયારે પડયો? વગેરે નિરર્થક વિચારણા કે ચર્ચાને તિલાંજલી આપવી જોઈએ, ફક્ત કૂવામાંથી આ કેમ ઉગરે ! તેના ઉપાયની તમન્ના કે ધૂન હોવી જોઈએ તેમ સંસારરૂપી કુવામાં પડેલા પ્રાણીઓને તારવાની-ઉગારવાની ઉમ્મેદવાળાઓએ, તેઓના ઉગારવાના ઉપાયોની શોધ-ગવેષણા કરવી જોઈએ. બસ એક જ શાસ્ત્રીય-વચનને જ પ્રમાણ કરી બીજા બધા પ્રમાણોને છોડવા જોઈએ. અથવા આ પૃથક્ત્વ (જુદાઇ સાદિ છે કે અનાદિ ? વિગેરે વિચાર કે ચર્ચા છોડવી જોઈએ. વળી વચનરૂપ પ્રમાણથી, અદ્વૈત-બ્રહ્મમાં આત્માઓ લીન કે એકમેક થવાથી, વર્ણવિલોપ વગેરે (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્રરૂપ વર્ણોનો વિલોપ નિયત થયેલ પોતાના આચારને છોડી

પરવર્ણના આચારનું કરવું, આદિથી પોતાના આચાર અને પર આચારની અનુવૃત્તિરૂપ સંસ્કાર આદિ) ન્યાયથી અયુક્ત-અઘટમાન છે. કારણ કે; પરમ પુરૂષ લક્ષણ બ્રહ્મમાં બ્રાહ્મણ વગેરે વર્ણોના વિભાગનો અભાવ છે.

શંકા=બ્રહ્મમાં ભલે વર્ણવિભાગ ન હો ! પરંતુ બ્રહ્મના અંશભૂત આત્માઓમાં વર્ણવિભાગ કેમ નહીં થાય?

સમાધાન= મુક્ત અને અમુક્ત બે ભેદે જીવાત્માઓ છે. એથી તેઓમાં પણ વર્ણ વિભાગ નથી'' તો જ્યાં વર્ણવ્યવસ્થા નથી ત્યાં પૂર્વકથિત સ્વરૂપવાળા વર્ણવિલોપ આદિ, તાત્ત્વિક કઈ રીતે ?

'ઇત્યાદિ'-આ પ્રમાણેનું બીજું પણ વચન લેવું, આ ઉપર કહેલ વચન પણ (પરંપરાકથિત પ્રાચીન વચન તો શું પણ એ અપિનો અર્થ સમજવો) ખંડિત થાય છે. કેમકે; કેવલ આ વચન, શ્રદ્ધા માત્રથી ગમ્ય (રુચિ-ઇચ્છા માત્રનો વિષય) છે યુક્તિથી ગમ્ય કે બોધ્ય નથી. અર્થાત્ જો તમારી ઇચ્છા-શ્રદ્ધા-રુચિ હોય તો માનો ! અહીં યુક્તિ-તર્કનું બલ નથી.

'વચનાત્' આ પ્રમાણે જે ઉપર કહ્યું તે વચન કઈ ચીજ છે ? અર્થાત્ વચનનું નિર્વચન કરો? વગેરે શંકાનું કરાતું સમાધાન–

**દૃષ્ટેષ્ટાવિરુદ્ધસ્ય[1] વચનસ્ય[2] વચનત્વાત્, અન્યથા તતઃ પ્રવૃત્ત્યસિદ્ધેઃ, વચનાનાં બહુત્વાત્ મિથો વિરુદ્ધોપપત્તેઃ, વિશેષસ્ય દુર્લ્લક્ષત્વાત્, એકપ્રવૃત્તેરપરબાધિતત્વાત્, તત્ત્યાગાદિતરપ્રવૃત્તૌ યદૃચ્છા, વચનસ્યાપ્રયોજકત્વાત્, તદન્તરનિરાકરણાદિતિ, નહ્યદુષ્ટં બ્રાહ્મણં પ્રવ્રજિતં વા અવમન્યમાનો દુષ્ટં વા મન્યમાનઃ તદ્વક્ત ઇત્યુચ્યતે, ન ચ દુષ્ટેતરાવગમો વિચારમન્તરેણ, વિચારશ્ચ યુક્તિગર્ભ ઇત્યાલોચનીયમેતત્, કૂપપતિતોદાહરણમપ્યુદાહરણમાત્રં, ન્યાયાનુપપત્તેઃ,**

ભાવાર્થ= (દૃષ્ટાબાધિતત્વે સતિ ઇષ્ટાબાધિતત્વં વચનસ્ય વચનત્વં-વચનનું લક્ષણ જાણવું) દૃષ્ટ-જે વસ્તુ સકલ પ્રમાણથી (પ્રત્યક્ષ-અનુમાન આદિ પ્રમાણથી) ઉપલબ્ધ-પ્રાપ્ત હોય તે. ઇષ્ટ-જે વસ્તુ વચનથી (આપ્ત-વચનથી) પ્રતિપાદિત હોય તે. દૃષ્ટ અને ઇષ્ટ કહેવાય છે. જે વચન, ઇષ્ટ વિરોધી ન હોય તે વચન-વાક્યમાં વચનત્વ (આગમત્વ-વચનપ્રામાણ્ય-શબ્દપ્રમાણત્વ) રહેલું છે.

જે વચનમાં મજકૂર વચનનું લક્ષણ-સ્વરૂપ ઘટતું નથી તે બાધિતવચનદ્વારા, હેય (ત્યાજ્ય-છોડવા લાયક)નું હાન (ત્યાગ-છોડવું) તથા ઉપાદેય (ગ્રાહ્ય-સ્વીકારવા લાયક)નું ઉપાદાન (ગ્રહણ-સ્વીકાર) રૂપ પ્રવૃત્તિ અસિદ્ધ થાય છે- અવરુદ્ધ-બંધ પડી જાય છે.

---

૧ પ્રત્યક્ષેણાનુમાનેન યદુક્તોઽર્થો ન બાધ્યતે ॥દૃષ્ટેઽદૃષ્ટેઽપિ યુક્તાસ્યાત્પ્રવૃત્તિસ્તત એવ તુ ॥૨૫॥ પ્રત્યક્ષેણ-ચાતુષાદિના, અનુમાનેન-લિઙ્ગલિઙ્ગિસમ્બન્ધગ્રહણોદ્ભવેન, યદુક્તો-યત્ર ભણિતોઽર્થ આપ્તાદિઃ, ન-બાધ્યતે-ન વિરોધમાનીયતે, દૃષ્ટે-સ્વસંવેદનાદિસિદ્ધે । અદૃષ્ટેઽપિ-સ્વર્ગાપવર્ગાદાવર્થે । કિં પુન દૃષ્ટ ઇત્યપિશબ્દાર્થઃ । યુક્તા-ઘટમાના, સ્યાત્પ્રવૃત્તિ-હાનોપાદાનરૂપા । તતએવ તુ-તસ્માદેવ વચનાદ્, ન પુનરન્યતોઽપિ, વ્યંસકવચનસ્ય મહાનર્થહેતુત્વાદિતિ ॥૨૫॥ યોગબિન્દુઃ-સટીકઃ- ॥

૨ દૃષ્ટશાસ્ત્રાવિરોધાર્થં, સર્વસત્ત્વસુખાવહં । મિતં ગમ્ભીરમાહ્લાદિ, વાક્યં યસ્ય સ સર્વવિત્ ॥

પ્રત્યક્ષ અને આગમથી અવિરુદ્ધ અર્થને કહેનારું, સર્વ પ્રાણીઓને સુખ કરનારું, મિતગંભીર આહ્લાદક એવું વાક્ય જેનું હોય તે સર્વજ્ઞ છે.

(અહીં હેયહાન, ઉપાદેય-ઉપાદાનરૂપ પ્રવૃત્તિના પ્રત્યે દૃષ્ટ ઈષ્ટ અવિરોધી વચન કારણ છે. હેયહાન ઉપાદેય ઉપાદાનરૂપ પ્રવૃત્તિના પ્રત્યે દૃષ્ટ ઈષ્ટ વિરોધી વચન, પ્રતિબંધક છે. આ પ્રમાણે કાર્યકારણભાવ અને પ્રતિબધ્યપ્રતિબંધકાભાવ સમજવો.) કારણ કે; શિવ-સુગત-સુરગુરૂ વિગેરે પુરૂષ પ્રણીત-રચિત વચનો, વ્યક્તિના ભેદથી બહુ-નાના-ઘણાં છે. વચનના પ્રણેતા રૂપ વ્યક્તિઓ નાના-અનેક હોઈ, વચનો પણ નાના-અનેક છે. એટલે પરસ્પર (અરસપરસ) નિત્યવિરૂદ્ધ અનિત્ય, અનિત્યવિરૂદ્ધ નિત્યરૂપ અર્થ-પદાર્થના વાચકવચનો, પરસ્પર વિરોધી-બાધક ગણાય છે. અને તે પરસ્પર વિરોધી નાનાવચનો પ્રવર્ત્તક બનતા નથી. પરંતુ વિશિષ્ટ વચન, પ્રવર્ત્તક છે એ બાબતને બતલાવે છે કે; વિશેષ-દૃષ્ટ અને ઈષ્ટના વિરોધબાધના અભાવરૂપ જે વિશેષ તે, વિચાર વગર દુર્લક્ષ્ય છે. (પુષ્ટવિચાર-મીમાંસા-ચર્ચા કર્યા સિવાય મજકૂર વિશેષનું જ્ઞાન-પરિચય કે ભાન અશક્ય છે.) વળી સર્વ વચનોથી એકી સાથે પ્રવૃત્તિનો અસંભવ છે એટલે કોઈ એકના વચનથી કરાતી પ્રવૃત્તિ, કોઈએક બાધક બીજા વચનથી બાધિત થાય છે. સર્વ વચનગત વિરોધી એક વચનથી પ્રવૃત્તિ કરવામાં સ્વેચ્છા-સ્વચ્છંદતાની જાહેરાત થાય છે. અંતઃ કોઈપણ વચન, પ્રયોજક-પ્રવર્ત્તક (પ્રવૃત્તિનું કારણ) નથી, કારણ કે; વચનાંતરથી (બીજા બીજા વચનથી) સર્વ વચનોનું નિરાકરણ-બાધ થાય છે-સર્વવચનો બાધિત બને છે. (પ્રવૃત્તિમાં કારણતાના અભાવવાળા સર્વવચનો બને છે.)

શંકા=વચનોમાં પરસ્પર વિરોધ કે બાધ ભલે હોય પરંતુ વચનના બહુમાનથી (ભક્તિથી) પ્રવૃત્તિ કરનારને ગમે તે કોઈ એક વચનથી ઈષ્ટની સિદ્ધિ તો થશે ને ?

સમાધાન=જેમ દોષ વગરના (નિર્મલ કે બીનગૂન્હેગાર) બ્રાહ્મણને અથવા ભાગવત આદિ પ્રવ્રજિતને (પ્રવજ્યા પ્રાપ્ત સાધુને) અવગણતો-અનાદર કે તિરસ્કાર કરતો અને દોષવાળા (અધર્મી-વાંકવાળા) ને માનતો, પડતો બોલ ઝીલતો, આવકારતો જે હોય તે બ્રાહ્મણભક્ત કે પ્રવ્રજિતભક્ત છે એમ કહેવાતું નથી પરંતુ તે ઉપરથી બ્રાહ્મણાદિભક્ત, દુષ્ટભક્ત તરીકે પંકાય છે તેમ નિર્દોષશાસ્ત્રને (આગમરૂપ વીતરાગ વચનને) અવગણતો-નહીં માનતો-તરછોડતો અને દોષવાળા વચનને માનતો શાસ્ત્રારાધક (શાસ્ત્રનો ભક્ત-વફાદાર-નીમક- હલાલ-કૃતજ્ઞ) કેવી રીતે મનાય ? અર્થાત્ નજ મનાય, વિરાધક જ મનાયને ?

શંકા=દોષ વગરના વચનથી તો પ્રવૃત્તિ થશે જ ને ? વિચારની જરૂર શી છે ?

સમાધાન=દુષ્ટવચન કે અદુષ્ટવચનનું જ્ઞાન, (આ દોષવાળું છે કે આ દોષવગરનું વચન છે ? આનો નિર્ણય) વિચાર-મીમાંસા-ચર્ચા વગર અસંભવિત છે. વાસ્તે વિચાર-મનન-પરિશીલન-નિદિધ્યાસન એ મહત્ત્વની કે અગત્યની ચીજ છે વળી વિચાર એટલે યુક્તિઓનો જેમાં ગર્ભ છે.

અર્થાત્ જેમાં ગર્ભિત રીતિએ યુક્તિઓ ભરેલી છે તેનું નામ વિચાર કહેવાય છે.

અતઃ 'યુક્તિ, પ્રમાણ નથી, કારણ કે; પરમતમાં ફક્ત વચનનું જ પ્રમાણપણું માનેલ છે વાસ્તે વેદકથિતવચનમાત્રથી પ્રવૃત્તિ છે' એ વિષયની પૂર્વકથિત બ્રાહ્મણાદિ ન્યાયથી આલોચના-સમગ્રતઃ સમ્યગ્ મીમાંસા કરો !

વળી કૂપપતિતનું ઉદાહરણ, તે પણ કહેવારૂપ છે, અર્થસાધક નથી. કારણ કે; ત્યાં તદ્દન ન્યાયની ઘટના નથી.

–આજ વસ્તુસ્થિતિને સમજાવતા શાસ્ત્રકાર–

**तदुद्भूतादेरपि तथादर्शनाभावात्, तत्र चोत्तारणे दोषसम्भवात् तथाकर्तुमशक्यत्वात्, प्रयासनैष्फल्यात्, न चोपायमार्गणमपि न विचाररूपं तदिहापि विचारोऽनाश्रयणीय एव, दैवायत्तं च तद्, अतीन्द्रियं च दैवमति युक्तेरविषयः, शकुनाद्यागमयुक्तिविषयतायां तु समान एव प्रसङ्ग इतरत्रापीति, तस्माद्यथाविषयं त्रिकोटिपरिशुद्धविचारशुद्धितः प्रवर्त्तितव्यमिति.**

ભાવાર્થ= તે કુવામાં પેદા થયેલ માછલાં, દેડકાં વિગેરેને (આદિ શબ્દથી કુવામાં નહીં પેદા થયેલા પણ કારણવશાત્ કુવામાં રહેનારા બીજાઓને પણ) પતનના કારણની વિચારણા કર્યા સિવાય બહાર કાઢવાના-નીકાળવાના ઉપાયની શોધ-ગવેષણા જોઈ નથી, અનુભવી નથી. (એવંચ પૂર્વકથિત'तथा दर्शनात्' 'કૂપપતનકારણની વિચારણાવગર, ઉતારવાના ઉપાયની શોધનું દર્શન હોવાથી' આ હેતુરૂપ પ્રતિજ્ઞાના એક દેશની અસિદ્ધિ છે.)

શંકા= તે કુવામાં પેદા થયેલા માંછલાં વિગેરને બહાર કાઢવામાં શો વાંધો છે ? બહાર કાઢવાથી પ્રતિજ્ઞાની એક દેશની અસિદ્ધિ પણ નહિં થાય ને ?

સમાધાન=જો ત્યાં પેદા થયેલા માંછલાં વિગેરેને બહાર નીકાળવામાં આવે તો, બીચારા બીનગૂન્હેગાર, તે માછલાં વિગેરેને, મરણને શરણ થઈ જવારૂપ વિગેરે મહાન અનર્થોનો સંભવ છે. તેમજ તમામને બહાર કાઢવા એ અશક્ય-શક્તિ બહારનો વિષય છે કેમકે; બહાર કાઢવાના પ્રયાસો નિષ્ફલ છે. (જેઓને બહાર કાઢવાના છે તેઓને બહાર કાઢવારૂપ ફલનો અભાવ છે એટલે એ વિષયનો પ્રયાસ, નિષ્ફલ છે.) વળી 'બહાર કાઢવાના ઉપાયની ગવેષણા' પણ જે પરવાદીએ કહેલ છે તે પણ વિચારરૂપ નથી એમ નહીં અર્થાત્ વિચારરૂપ જ છે. તો ઉત્તારણના (બહાર કાઢવાના) ઉપાયની ગવેષણારૂપ વિચાર પણ (પ્રકૃતવચનાર્થ વિષયકવિચાર તો દૂર રહો પણ એ અપિનો અર્થ અહીં સમજવો) અનાદેય-હેય હોઈ છોડવો જોઈએ (પરમતમાં પણ ઉપરોક્ત ગવેષણારૂપ વિચાર, અકરણીય છે.)

શંકા= હવે વચનગમ્યઅર્થ, અતીન્દ્રિય હોઈ યુક્તિનો અવિષય ભલે હો ! પરંતુ આ કૂપપતિતોતારણ, યુક્તિનો અવિષય નહિં થાય ! અર્થાત્ યુક્તિનો વિષય તો થશે જ ને ?

સમાધાન–આ કૂપપતિતોત્તારણ, દૈવ-કર્મને આધીન-તાબેદાર છે, અને કૂપપતિતોત્તારણહેતુભૂતકર્મ, (દૈવ) અતીન્દ્રિય છે, (ઇન્દ્રિયના વિષયથી અતીત-પર છે) એટલે વિચારરૂપ યુક્તિનો અવિષય છે, (તમારા મતે વચન માત્રનો વિષય અર્થ છે. અર્થનો વિષય કરનાર વચન છે.) તો તે અતીન્દ્રિયકર્મને સારી રીતે જાણ્યા વગર કર્માધીન ઉત્તારણ-ઉગારવાને-કુવામાંથી બહાર કાઢવાને પ્રવૃત્તિ કેવી રીતે થાય ? અર્થાત્ ન જ થાય.

વળી શકુન આદિ (આદિ શબ્દથી જ્યોતિષ્ક આદિ) આગમનો તથા યુક્તિનો વિચારનો, અનુકૂલ, પ્રતિકૂલ (શુભ અશુભ ફલદાયક) દૈવ-કર્મ, વિષય બને છે એમ જો માનો તો, અતીન્દ્રિય-વચનગમ્યઅર્થભૂત-

પરમબ્રહ્મઆદિમાં સરખો પ્રસંગ છે. અર્થાત્ અતીન્દ્રિય-વચનગમ્ય અર્થરૂપ પરમબ્રહ્મ, પણ યુક્તિ-વિચારનો વિષય બને એમ માનવું જ પડશે ! માટે તમે જે પહેલાં કહેલ કે 'સાદિ પૃથક્ત્વમમીષામનાદિ ચે' ત્યાદિ, તે ગેરવ્યાજબી-અયુક્ત સમજી લેવું 'ઇતિ' ફક્ત વચનમાત્ર જ પ્રમાણ છે એમ નથી એટલે વિષય પ્રમાણે (જેવો વિષય હોય તેવી રીતે), કષ, તાપ છેદ વિગેરે સર્વ વિષયને નહીં ઓળંઘવાથી, કષ[1]

---

૧ જ્યારે માણસને સોનું ખરીદવું હોય ત્યારે આ સોનું સાચું છે કે તેમાં કાંઇ ભેદ છે તે જાણવાને અર્થે કષ-છેદ-તાપથી પ્રથમ તેની પરીક્ષા કરે છે. અને પરીક્ષામાં શુદ્ધ નીકળે છે તો ખરીદ કરે છે, તેમ શ્રુતધર્મરૂપ વચનને પણ કષ-છેદ-તાપથી પરખી લેવું જોઇએ.

(૧) કષ-દાન, શીલ, તપ, ભાવ, ધ્યાન, પાંચસમિતિ, ત્રણ ગુપ્તિ સહિત ક્રિયા કરવારૂપ, અવિરુદ્ધ-અનુકૂલ કર્ત્તવ્ય બતાવનારૂં વાક્ય તે વિધિવાક્ય, અર્થાત્ કોઇ પણ પ્રકારનું શું કર્ત્તવ્ય કરવાની આજ્ઞા તે 'વિધિમાર્ગ'. અમુક કાર્ય ન કરવું એવો જે માર્ગ તે 'પ્રતિષેધ માર્ગ'=જીવહિંસા ન કરવી, અસત્ય ન બોલવું ચોરી ન કરવી વિગેરે. એવં વિધિ અને નિષેધ તે 'કષ' કહેવાય છે જેમ સોનાની પરીક્ષા કરવાને કસોટી ઉપર સોનાનો આંકો કરીએ છીએ તેમ ધર્મની પરીક્ષા કરવામાં વિધિનિષેધ વાક્યો કસોટીની ગરજ સારે છે.

(૨) છેદ=જેમ માણસ સોનાની વધુ પરીક્ષા ખાતર સોનાને કાપીને જુવે છે કે રખેને અંદરના ભાગમાં કોઇપણ પ્રકારનો ભેદ હોય તેમ વચનરૂપ શ્રુતધર્મમાં પણ કષ શુદ્ધિ કર્યા પછીથી છેદશુદ્ધિ કરવી છે છેદ-વિશુદ્ધ બાહ્ય ક્રિયારૂપ છે. વિધિ અને પ્રતિષેધ માર્ગને અનુકૂલ જે બાહ્ય ક્રિયા તે 'છેદ' છે. અતિચાર અને અનાચાર રહિત તે બાહ્ય શુદ્ધ ક્રિયાથી વિધિ અને પ્રતિષેધ માર્ગને ઉત્તેજન મળે છે એટલે જળવાઇ રહે છે. વિધિમાર્ગ જન્ય સુક્રિયાના કરવારૂપ અને પ્રતિષેધમાર્ગજન્ય અસત્ક્રિયાથી અટકવા રૂપનિવૃત્તિ, એવં પ્રવૃત્તિ-નિવૃત્તિ વિધાયક વચન તે'છેદ' કહેવાય છે.

(૩) તાપ=જેમ સોની સોનાની કષ અને છેદથી પરીક્ષા કરીને અને તેમાં શુદ્ધ નીકળ્યું, તો પણ તેની બરાબર પરીક્ષા કરવાને અગ્નિમાં નાંખી તેની પરીક્ષા કરે છે અને જ્યારે અગ્નિમાં પણ તેનો રંગ બદલાતો નથી, ત્યારે તે શુદ્ધ-કેવળ શુદ્ધ માનવામાં આવે છે, તેમ વચનરૂપ શ્રુતધર્મની તાપમાં પરીક્ષા કરવી વિધિપ્રતિષેધરૂપ કષ અને વિધિનિષેધ માર્ગજન્ય સત્ક્રિયા પાલન, અસત્ક્રિયા વિરામ રૂપ ક્રિયા વિશેષરૂપ છેદનો આધાર કે મૂલ કારણ તાપ (જીવાદિ તત્ત્વરૂપ ભાવપ્રરૂપણારૂપવાદ) છે. જો સોનાનો રંગ તાપ આપવાથી બદલાઇ ગયો તો તે સોનું નિરર્થક છે. તેમ વચનરૂપ ધર્મની તાપથી પરીક્ષા કરી તેમાં જો તે ન ટકી શકે તો કષ અને છેદની શુદ્ધિ નિરૂપયોગી છે. જે શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ નિત્ય પર્યાયાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય એવી રીતે જીવાદિ પદાર્થોનું વર્ણન કરેલું હોય તે વચન 'તાપશુદ્ધ' કહેવાય છે.

તથા ચ 'પાણવહાઈઆણં પાવટ્ઠાણાણ જો ઉ પડિસેહો । ઝાણજ્ઝાયણાઈણં જો ય વિહી એસ ધમ્મકસો ॥૧॥
બજ્ઝાણુટ્ઠાણેણં જેણ ણ બાહિજ્જએ તયં ણિયમા । સંભવઇ ય પરિશુદ્ધં સો પુણ ધમ્મમ્મિ છેઉત્તિ ॥૨॥
જીવાઇભાવવાઓ, બંધાઇપસાહગો ઇહં તાવો । એહિં પરિશુદ્ધો ધમ્મો ધમ્મત્તણમુવેઇ ॥૩॥

(હરિભદ્રસૂરિકૃત પંચવસ્તુક ચતુર્થ દ્વારે)

છાયા=પ્રાણવધાદીનાં પાપસ્થાનાનાં યસ્તુ પ્રતિષેધઃ । ધ્યાનાધ્યયનાદીનાં યશ્ચ વિધિરેષ ધર્મકષઃ ॥૧॥
બાહ્યાનુષ્ઠાનેન યેન ન બાધ્યતે તન્નિયમાત્ । સંભવતિ ચ પરિશુદ્ધં સ પુનર્ધર્મે છેદ ઇતિ ॥૨॥
જીવાદિભાવવાદો બન્ધાદિપ્રસાધક ઇહ તાપઃ । એભિઃ પરિશુદ્ધો ધર્મો ધર્મત્વમુપૈતિ ॥ ૩ ॥

છેદ તાપ લક્ષણ અથવા આદિ, મધ્યે અંતે [૧]અવિસંવાદરૂપ ત્રણ કોટીથી પરિશુદ્ધ (નિર્દોષ, નિર્મલ) વિચાર-મીમાંસાપૂર્વક સૂક્ષ્મસમીક્ષણ-પરીક્ષણથી વચનની શુદ્ધિ (નિર્દોષતા-સચ્ચાઈ) દ્વારા તાદૃશ વચન, પ્રવર્ત્તક=હેયહાન-ઉપાદેય ઉપાદાનરૂપ પ્રવૃત્તિમાં કારણ બને છે.

–ઉપરોક્ત વિષયમાં પતંજલિ વગેરે ઋષિઓની સંવાદિતા–

**उक्तं च 'आगमेनानुमानेन, ध्यानाभ्यासरसेन च ।**
**त्रिधा प्रकल्पयन्प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥ १ ॥**
**आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् ।**
**अतीन्द्रियाणामर्थानां सद्भावप्रतिपत्तये ॥ २ ॥**
**[२]आगमो ह्याप्तवचनमाप्तं[३] दोषक्षयाद्विदुः ।**
**वीतरागोऽनृतं वाक्यं ब्रूयाद्धेत्वसम्भवात् ॥ ३ ॥**
**तच्चैतदुपपत्त्यैव, गम्यते प्रायशो बुधैः ।**
**[४]वाक्यलिङ्ग हि वक्तारः, सद्वाक्यं चोपपत्तिमत् ॥ ४ ॥**
**अन्यथाऽतिप्रसङ्गः स्यात् तत्तया रहितं यदि ।**
**सर्वस्यैव हि तत्प्राप्तेरित्यनर्थो महानयम् ॥ ५ ॥**
**इत्यलं प्रसङ्गेन,**

ભાવાર્થ=આગમથી=શ્રદ્ધાનુસારી બાલજીવો, પ્રામાણિક પુરૂષોના વચનરૂપ આગમથી, અનુમાનથી=યુક્તિ અનુસારી મધ્યમ પુરૂષો, હેતુથી થતા સાત્યના જ્ઞાનરૂપ અનુમાનથી, યોગ અભ્યાસથી=અતીન્દ્રિય દર્શીપુરૂષો,

---

૧ વ્યભિચાર, બાધ, વિરોધરૂપ ત્રણ દોષરૂપ વિસંવાદના સર્વથા અભાવરૂપ અથવા સમય (શાસ્ત્ર) વિરૂદ્ધ વાદના અભાવરૂપ, યથાસ્થિતવસ્તુના અન્યથા કથનના અભાવરૂપ, પ્રમાણાનુસરણ રૂપ કે વંચનાભાવરૂપ અવિસંવાદ સમજવો.

૨ आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः ॥१॥ उपचारादाप्तवचनं च ॥२॥

પ્રમાણનય. (૫-૪) આપ્તના વચનથી ઉત્પન્ન થયેલો અર્થનો બોધ તે 'આગમ' છે. (કાર્યમાં કારણનો) ઉપચાર કરવાથી આપ્ત વચનને પણ 'આગમ'કહેવામાં આવે છે.

૩ आप्तिर्हि रागद्वेषमोहानामैकान्तिक आत्यन्तिकश्च क्षयः, सा येषामस्ति ते खल्वाप्ताः, अभ्रादित्वाद् मत्वर्थीयोऽञ्प्रत्ययः ।
(સ્યાદ્વાદમંજરી અન્ય. યો. વ્ય. શ્લોક ૧) રાગદ્વેષ મોહના સર્વથા ક્ષયવાળા 'આપ્ત' કહેવાય છે.

૪ वाक्यलिङ्गा हि वक्तारो गुणदोषविनिश्चये, क्रियालिङ्गा हि कर्त्तारः, शिल्पमार्गे यथैव हि ॥
જેમ શિલ્પમાં-શિલ્પ માર્ગમાં ક્રિયા એ જ કર્ત્તાનું લિંગ છે, તેમ ગુણદોષના નિશ્ચય માટે તત્ત્વમાર્ગમાં વાક્ય એ વક્તાનું લિંગ છે.

યોગ-ધ્યાનના અભ્યાસથી, એમ ત્રણ પ્રકારે પોતાની બુદ્ધિને સંસ્કારવાળી બનાવીને ઉત્તમ તત્ત્વને મેળવે છે. જાણે છે, પાપરૂપ સંમોહની નિવૃત્તિ થવાથી બીજી રીતે જાણી શકતા નથી, શ્રુતઆદિ ભેદ-શ્રુત-ચિંતા -ભાવના- તર્ક-સ્વપરરહિત આ વિગેરેથી ઉત્તમતત્ત્વ જાણી શકાય છે. એમ પતંજલિ ઋષિ કહે છે. ૧. આગમ અને યુક્તિ-ન્યાય, એ બે, અતીન્દ્રિય પદાર્થોની સચ્ચાઈ કે સત્તાના સ્વીકાર માટે (તત્ત્વજ્ઞાન માટે) દ્રષ્ટિનું (દર્શન-જ્ઞાન-અવલોકન પરીક્ષાનું) સંપૂર્ણ-પૂરેપૂરું લક્ષણ છે. ૨. આગમ (શબ્દાગમનું લક્ષણ) એટલે આપ્તનું વચન, અને આપ્ત એટલે રાગ-દ્વેષ મોહના નિર્મૂલ ક્ષયવાળા. એટલે દોષરૂપ કારણનો અસંભવ હોઈ વીતરાગ વિરચિત વચનમાં અસત્યના અંશનો સર્વથા અભાવ છે. ૩. વળી ઉપરોક્ત યુક્તિ-ન્યાય, દલીલ અન્વય વ્યતિરેકથી જ પંડિતપુરૂષોને પ્રાયે આપ્તવચન (દૃષ્ટ ઈષ્ટ અવિરોધી વચન)ની ખાત્રી થાય છે કારણ કે; આ વક્તા કેવો છે ? એની ખાત્રી એનું ઉચ્ચરિત વાક્ય જ કરી આપે છે. વક્તાને ઓળખાવનાર તેનું અવિરૂદ્ધ વાક્ય છે. વળી સદ્વાક્ય એ જ કહેવાય છે કે; જે યુક્તિયુક્ત છે. યુક્તિશૂન્ય આગમ ન કહેવાય અને યુક્તિયુક્ત આગમમાં વિરોધ કે વિસંવાદને અવકાશ ન હોય ૪.

જો યુક્તિ રહિત વાક્યને-જેતે વાક્યને, સદ્વાક્ય માનવામાં આવે તો, અતિપ્રસંગ-આપ્તવાક્યપરિચાયક સદ્વાક્ય ભિન્ન સર્વ વાક્ય, આગમ શાસ્ત્ર તરીકે મનાઈ જાય ! અથવા યુક્તિ રહિત, વિરોધ-વિસંવાદવાળા, સઘળાય, અલ્પજ્ઞ કથિતવચનો, સદ્વાક્યરૂપે બની જાય ! જેથી મોટામાં મોટો અનર્થ ઉભો થાય છે, જે સર્વથા અનિષ્ટ કે અનુચિત છે. વાસ્તે યુક્તિયુક્ત વચન, સદ્વાક્ય છે અને સદ્વાક્યના પ્રરૂપકો 'સર્વજ્ઞો' છે.

આ પ્રમાણે પ્રસંગોપાત્ત કરેલ ચર્ચા-વિચારણાથી સરો !

–નવમી સંપદાનો કરતો ઉપસંહાર–

**तदेवमर्हतां बहुत्वसिद्धिः विषयबहुत्वेन च नमस्कर्तुः फलातिशयः, सदाशयस्फातिसिद्धेः । आह-एकया क्रियया अनेकविषयीकरणे कैवाशयस्फातिः, ? नन्वियमेव-यदेकया अनेकविषयीकरणं, विवेकफलमेतत्, आह-एवं ह्येककियया ऽनेकसन्मानं बहुब्राह्मणैकरूपकदानतुल्यं, तत् कथं नाल्पत्वम् ? उच्यते, क्रियाभेदभावात्, सा हि रत्नावलीदर्शनक्रियेवैकरत्नदर्शनक्रियातो भिद्यते, हेतुफलभेदात्, सर्वार्हदालम्बनेयमिति हेतुभेदः, प्रमोदातिशयजनिकेति च फलभेदः, कथमित्थमल्पत्वं ? ब्राह्मणैकरूपरदानोदाहरणं त्वनुपन्यसनीयमेव, रूपकादिव नमस्कारात्, ब्राह्मणानामिवार्हतामुपकारायोगात्, कथं तर्हि तत्फलमिति ? उच्यते, तदालम्बनचित्तवृत्तेः, तदाधिपत्यतः तत एण तद्भावात्, चिन्तामणिरत्नादौ तथा दर्शनादिति वक्ष्यामः, कथमेकपूजया सर्वपूजाभिधानं ? तथा चागमः "एगम्मि पूइयंमि सव्वे ते पूइया होंति" । अस्ति एतद्, विशेषविषयं तु तुल्यगुणत्वज्ञापनेनेषामनुदारचित्तप्रवर्त्तनार्थं तदन्येषां सर्वसम्पत्परिग्रहार्थं सङ्घपूजादावाशयव्याप्तिप्रदर्शनार्थं च ॥ एवम्भूतश्चायमाशय इति, तदाऽपरागत हर्षादिलिङ्गसिद्धेर्भावश्रावकस्य विज्ञेय इति, एवमात्मनि गुरुषु च बहुवचनमित्यपि सफलं वेदितव्यं तत्तुल्यानां परमार्थेन तत्त्वात्, कुशलप्रवृत्तेश्च सूक्ष्माभोगपूर्वकत्वात्, अतिनिपुणबुद्धिगम्यमेतदिति पर्याप्तं प्रसङ्गेन । नमो जिनेभ्यो जितभयेभ्य इति । सर्वज्ञसर्वदर्शिनामेव शिवाचलादिस्थानसम्प्राप्तेर्जितभयत्वाभिधानेन प्रधानगुणाऽपरिक्षयप्रधान-फलाप्त्यभयसम्पदुक्तेति ९ ॥**

ભાવાર્થ–ઉપરોક્ત સપ્રમાણ પુષ્ટ નિરૂપણથી 'અદ્વૈત-એક, મુક્ત-ઈશ્વર' છે આ માન્યતા કે મતના ખંડનદ્વારા અરિહંતો (મુક્ત-પરમેશ્વરો) બહુ-અનેક નાના યાવત્ અનંત છે એમ સિદ્ધ થયું. વળી નમસ્કાર કરનારમાં, નમસ્કારરૂપ ક્રિયાના વિષય (જાતિરૂપ નહીં પણ જિનેશ્વર વ્યક્તિરૂપ વિષય) નાના-બહુ હોઈ ફલાતિશય (અતિશયિતફલ-પુષ્કલફલ-ફલનો ઉત્કર્ષ-ફલનું વધી જવું) થાય છે કારણ કે; 'નમસ્કાર ક્રિયામાં વિષયભૂત ગુણવંત વ્યક્તિઓ બહુઘણી છે.' આવા પ્રબલ જ્ઞાનથી સદ્ (શુભ) આશય-ભાવોલ્લાસની વૃદ્ધિ (વધારો-ઉમેરો-ચઢતી-ભરતી) ની સિદ્ધિ છે.

શંકા–એક જ નમસ્કારરૂપ ક્રિયાના વિષયો અનેકજિનો છે તોઆશયની વૃદ્ધિ એ શું છે ? એનું સ્પષ્ટીકરણ કે ખુલાસો કરો ?

સમાધાન–જે એક નમસ્કારરૂપ ક્રિયાથી અનેક જિનોનું વિષયીકરણ (ઉકતક્રિયામાં અનેક જિનોનું વિષયરૂપે પરિણમવું) તે આ, સમાન-એક સરખા ગુણયુકૃત (ગુણવાળા) જિનોને ધારવા-ગ્રહણ કરવા રૂપ વિવેકફલવાળું છે. એટલે જ ખરેખર આ-શુભ આશયની વૃદ્ધિ જ છે.

શંકા–જો આમ જ છે તો, એક ક્રિયાથી અનેકોને સન્માનવા-આવકારવા- સત્કારવા એ અનેક બ્રાહ્મણોને એક રૂપીયાનું દાન આપવા બરોબર છે, એવંચ જેમ દાનપાત્ર- અનેક બ્રાહ્મણોને એક રૂપિયાનું દાન, અલ્પ-થોડું છે તેમ સન્માન પાત્ર અનેક જિનોને એક જ ફક્ત નમસ્કાર ક્રિયા વડે સત્કારવારૂપ સન્માન, અલ્પ-ન્યૂન-ઓછું-થોડું કેમ નહીં ? જ્યારે સન્માન ન્યૂન છે તો ફલ પણ કેમ ન્યૂન નહીં ?

સમાધાન–ક્રિયામાં ભેદભાવ હોઈ અનેકોને સન્માનવામાં અલ્પતા કે ન્યૂનતા નથી. જેમકે; એક રત્નવિષયકદર્શન (દેખવા-જોવા રૂપ) ક્રિયાથી, રત્નાવલી (રત્નરાશિ) વિષયકદર્શન ક્રિયા, ભિન્ન-જુદી-અલગ છે. કારણ કે; હેતુનો અને ફલનો ભેદ છે તેમ અહીં પણ હેતુમાં અને ફલમાં ભેદ હોઈ ક્રિયામાં ભેદ જાણવો. જ્યાં જ્યાં હેતુમાં અને ફલમાં ભેદ છે ત્યાં ત્યાં ક્રિયામાં ભેદ છે (હેતુફલભેદસત્ત્વે ક્રિયાભેદસત્ત્વં ક્રિયાભેદનો કર્તા-વિધાયક હેતુફલભેદ છે.)

–હેતુભેદ અને ફલભેદની ઘટના–

(૧) જેમ એક અર્હદ્વિષયક નમસ્કારક્રિયા, સર્વ અર્હદ્ વિષયક નમસ્કાર ક્રિયાથી ભિન્ન છે. કેમકે; એક અર્હદ્વિષયક નમસ્કાર ક્રિયામાં એક અરિહંતરૂપ વ્યક્તિ, આલંબન-નિમિત્ત હોઈ હેતુનો ભેદ છે. તેમ સર્વ અર્હદ્વિષયક નમસ્કારક્રિયા, એક અર્હદ્વિષયક નમસ્કારક્રિયાથી ભિન્ન છે. કેમકે; સર્વ અર્હદ્વિષયક નમસ્કારક્રિયામાં સર્વ-અનંત અર્હંતો, વિષયભૂત-આલંબન-નિમિત્ત હોઈ હેતુભેદ છે એટલે ક્રિયાભેદ જાણવો.

દાખલા તરીકે-જેમ એક રત્ન વિષયક દર્શનક્રિયા, રત્નાવલી (રત્નરાશિ) વિષયક દર્શનક્રિયાથી ભિન્ન છે કેમ કે; તે દર્શનક્રિયામાં વિષય-આલંબન-નિમિત્ત, એક રત્ન છે એટલે હેતુભેદથી ક્રિયાભેદ છે તેમ રત્નાવલીવિષયક દર્શનક્રિયા, એક રત્ન વિષયક દર્શનક્રિયાથી ભિન્ન છે કેમ કે; રત્નાવલી દર્શનક્રિયામાં આલંબન વિષય નિમિત્ત, રત્નાવલી-રત્નરાશિ છે એટલે અહીં ક્રિયાભેદ જાણવો.

(૨) જેમ એક રત્નને જોવામાં જે હર્ષરૂપ ફલ છે. તેના કરતાં રત્નાવલી જોતાં અત્યંત આનંદ, હર્ષ પરાકાષ્ઠાએ પહોંચે છે તેમ એક અર્હદ્ વિષયક નમસ્કારજન્ય આનંદ કરતાં, અનંત અર્હદ્વિષયકનમસ્કારક્રિયા, અત્યંત-અનંત આનંદજનક છે એમ ફલભેદ હોઈ ક્રિયાભેદ જાણવો. તથાચ અત્યંત આનંદજનક હોઈ એક નમસ્કારક્રિયાથી અનેક જિનોને સન્માનવામાં અલ્પતાનો અત્યંત અભાવ છે.

વળી બહુબ્રાહ્મણોને એક રૂપિયાનું દાન આપવાનું ઉદાહરણ પ્રણ અહીં મૂકવું ગેરવ્યાજબી છે. કારણ કે, (વચનની માફક તેના ઉપભોગનો અભાવ છે.) રૂપિયાથી જેમ બ્રાહ્મણોમાં ઉપકાર થાય છે તેમ નમસ્કારથી અરિહંતોમાં બિલકુલ ઉપકારનો અસંભવ છે. (ઉપરોક્ત દ્રષ્ટાન્ત વિષમ છે)

શંકા=નમસ્કારક્રિયાથી વિષયભૂત અરિહંતોમાં કોઈપણ જાતના ઉપકારરૂપ ફલ થતું નથી તો પ્રમોદાતિશયરૂપ ફલ કેવી રીતે ઘટમાન થાય ?

સમાધાન=અનંત અરિહંતોનું આલંબન કરનારી, નમસ્કારરૂપ ચિત્તવૃત્તિથી હર્ષોત્કર્ષરૂપ ફલ, નમસ્કારકર્તામાં થાય છે. જેમ અનેક પ્રકાશવાળી વસ્તુઓનું આલંબન કરનારી આંખથી સ્પષ્ટ દર્શન-દેખવું થાય છે તેમ આ ફલાતિશય જાણવો.

શંકા=જો તાદૃશ નમસ્કારરૂપ ચિત્તવૃત્તિથી તાદૃશ ફલ છે તો ભગવંતોથી આ ફલ છે એમ કેમ કહેવાય ?

સમાધાન= અનેક ભગવંતોને આધીન, તાદૃશ નમસ્કારરૂપ ચિત્તવૃત્તિ છે અને તાદૃશનમસ્કાર રૂપ ચિત્તવૃત્તિઆધીન તાદૃશ ફલ છે. એટલે અનેક ભગવંતોનુંતાદૃશનમસ્કાર-ચિત્તવૃત્તિ ઉપર આધિપત્ય-સરમુખત્યારશાહી (અસાધારણ-મુખ્યપ્રધાન કારણપણું) હોઈ (ભગવંતો જ નમસ્કારરૂપ ચિત્તવૃત્તિના,તાદૃશ પ્રમોદાતિશયજનક હેતુઓમાં પ્રધાન હોઈ) તેઓ અધિપતિ-અગ્રેસર-પરમ આલંબન છે.

અરિહંત ભગવંતોથી જ ચિત્તવૃત્તિવિશેષરૂપ નમસ્કારક્રિયાજન્ય પ્રમોદાતિશય-હર્ષોત્કર્ષ અનંતપ્રસન્નતા-અમંદ આનંદરૂપ ફલ થાય છે, અર્થાત્ તાદૃશ વિશિષ્ટ ચિત્તવૃત્તિદ્વારા, નમસ્કાર ક્રિયાજન્ય પ્રમોદાતિશય રૂપ-ફલના પ્રત્યે અરિહંત-ભગવંતો, પુષ્ટ (પરમ-પ્રબલ) આલંબનરૂપ કારણ છે. એટલે તે ફલ, ભગવંતોથી જ થાય છે એમ કહેવામાં કશોય વાંધો નથી. દાખલા તરીકે-જેમ ચિંતામણી (રૂપ) રત્ન વિગેરેમાં મનની એકાગ્રતા-વિધિ-સાધનાપ્રવૃત્ત, એકસ્થિતચિત્તવૃત્તિરૂપ પ્રણિધાન આદિથી નીપજતું ફલ, તે ચિંતામણિ રત્ન આદિથી થાય છે એક લોકમાં [1]પ્રતીતિ-અનુભવ દેખાય છે તેમ અહીં સમજવું આ વિષયને આગળ વિસ્તારથી કહીશું તથાચ આલંબનીયમાં (પ્રકૃત ક્રિયાના આલંબનયોગ્ય-વિષય, ચિંતામણિ-રત્ન આદિ કે અરિહંત ભગવંતોમાં) ઉપકારનો અભાવ હોવા છતાંય, તેના આલંબક (નમસ્કર્તા-આરાધક-પૂજક-ઉપાસક) ને ઇષ્ટસિદ્ધિ અવશ્ય સિદ્ધ જ છે.

---

૧ 'प्रतीतिव्यवहाराभ्यामर्थसिद्धिः' इति नियमः-પદાર્થોનીપરીક્ષા કસોટી કરવામાં પ્રતીતિ અને વ્યવહાર, પ્રબલ પ્રયોજક મનાય છે.

શંકા=જો સર્વઅરિહંતવિષયક નમસ્કારરૂપ પૂજાથી જ પ્રમોદાતિશયરૂપ ફલ છે તો, એક અરિહંતની પૂજા (નમસ્કારરૂપ) કરતાં સર્વ અરિહંતોની પૂજાનો સમાવેશ થઈ જાય છે. એવું જે શાસ્ત્રીય વચન, જેવું કે **'एगम्मि पूइयम्मि सव्वे ते पूइया होंति'** (અધિકૃત એક અરિહંત આદિની પૂજા-સેવા-વૈયાવૃત્ત્ય કરવાથી સકલજગતના અરિહંત આદિની પૂજાના ફલનો સમાવેશ થાય છે.) તે વચનની સંગતિ ઘટના કેવી રીતે કરવી ?

સમાધાન= આ શાસ્ત્રીયવચન બરોબર છે કે, અરિહંતના ગુણદ્વારાએ એકપણ અરિહંતનું આરાધન, સકલ ક્ષેત્રમાં, સકલ કાલમાં રહેલા સકલ અરિહંતના આરાધનરૂપ છે અને એક પણ તીર્થંકરની અવજ્ઞા કે અબહુમાન આદિ કરવાં તે, સકલ-જગતના અરિહંતોની અવજ્ઞા અને અબહુમાન આદિ કરવા જેવાં નુકસાનકારક છે. અને તેથી જ અરિહંતના વંદના-બહુમાન આદિદ્વારા સાક્ષાત્ સર્વ તીર્થંકરોના ભક્તિબહુમાન આદિનું ફલ (જેવું ફલ) પ્રાપ્ત કરી શકાય છે. આ શાસ્ત્રીય વાક્યની વૈયાવૃત્ત્ય આદિમાં પણ યોજના કરવી. વળી એક વ્યક્તિરૂપ વિશેષ વિષયક 'એકની પૂજાથી સર્વની પૂજા થાય છે.'

આ કથનનો ઉદ્દેશ એ છે કે, 'જેમ આ એક વ્યક્તિરૂપ તીર્થંકરવિશેષ, જેવા અને જેટલા ગુણવાળા છે તેટલા અને તેવા ગુણવાળા સઘળા તીર્થંકરો છે' એમ જણાવવા પૂર્વક, જેઓ ઉદાર નથી એવા પુરૂષોના ચિત્તને (અથવા દિલની ઉદારતા વગરના પુરૂષોને) પૂજાના વિષયમાં પ્રવૃત્તિની પ્રેરણા કરતું આ પ્રેરક વાક્ય છે.

(વ્યક્તિને ગૌણ કરી ગુણોને પ્રધાન કરી તે દ્વારા તે ગુણવાળા સઘળાઓ પૂજ્ય છે એવો ભાવ હોઈ ચિત્તની ઉદારતાનો સંભવ છે પણ જો આ શાસ્ત્રીય વચન ન હોય તો કૃપણમાણસ, કૃપણતાથી સર્વવિષયક પૂજાને કરવા અસમર્થ થતો એકને પણ ન પૂજે તથાચ કૃપણને પણ પૂજાના વિષયમાં પાનો ચઢાવતું આ વાક્ય છે કે; ભાઈઓ ! તમો બધાને પૂજી શકતા ન હો તો એકને પણ પૂજો ! કારણ કે, ગુણપૂજાને મુખ્ય રાખીને એકની પૂજા કરવાથી સર્વેની પૂજાનો લ્હાવો મલી શકે છે.)

આ વાક્યનું પહેલું ફલ બતલાવ્યું હવે બીજું ફલ એ છે કે; પૂજાના વિષયભૂત એક વ્યક્તિરૂપ અરિહંતભગવંતથી જે બીજા (નહીં પૂજાતા) સઘળા અરિહંતભગવંતોમાં સર્વ (સ્તોતવ્ય, ઓઘહેતુ, સ્તોતવ્યઉપયોગ, ઉપયોગહેતુ, સ્તોતવ્યવિશેષઉપયોગ, સ્તોતવ્યસ્વરૂપ, નિજસમફલદ, મોક્ષરૂપ) જે પૂર્વે કહેલ સ્વરૂપવાળી નવસંપદા સદા વિદ્યમાન છે. એનો સંગ્રહ-સમાવેશ-ગ્રહણ કરવા સારુ આ શાસ્ત્રીયવાક્ય સાર્થક કે સમર્થ થાય છે. અર્થાત્ પૂજાતી પૂજનીય એક જિનેશ્વર વ્યક્તિથી ભિન્ન સર્વ જિનેશ્વરો પણ સંપૂર્ણ સકલ સંપદાઓથી પરિપૂર્ણ છે એમ આ વાક્ય ઉદ્ઘોષણા કરે છે.

વળી આ શાસ્ત્રીયવાક્ય, જે ત્રીજા ફલને લઈ પ્રવૃત્ત થયેલ છે તે જણાવે છે કે; સંઘ, ચૈત્ય, (જિનમંદિર-જિનપ્રતિમા) સાધુપુજા આદિમાં (સર્વક્ષેત્રીય, સર્વકાલીન સંઘ આદિના પ્રત્યે પૂજાના ભાવ હોઈ) તદ્વિષયક આશય-ભાવોલ્લાસની વ્યાપ્તિ (વ્યાપકતા) ને દર્શાવનાર હોઈ આ શાસ્ત્રીયવાક્ય સફલ છે.

આ સંઘઆદિપૂજાવિષયક આશય-ભાવોલ્લાસ, (તે તે ક્ષેત્રઆદિગતસંઘઆદિપૂજા કરનારનો આશય-ભાવ) વ્યાપક છે. (સર્વક્ષેત્ર-સર્વકાલીન સર્વપૂજનીયરૂપવિષયગત છે.)કારણ કે; એક પૂજનીયવ્યક્તિરૂપ વિષયની પૂજાના કાલેસમયે જેની આ સમયે સાક્ષાત્ પૂજા થઈ રહી નથી એવા જે બીજા, તત્કાલ (બુદ્ધિમાં કે સાક્ષાત્) ઉપસ્થિત થયેલ સાધુસંઘાદિ પૂજનીય પદાર્થો છે, તેના પ્રત્યે હર્ષ (ચિત્તની પ્રસન્નતા) પૂજા વિષયક અભિલાષ (મનોરથ) વગેરે લિંગ ચિહ્ન-લક્ષણોની સિદ્ધિ-સદ્ભાવ-સત્તા છે.

અતએવ આ વિશિષ્ટ વ્યાપક સંઘાદિપૂજાવિષયક શુભ આશય, ભાવશ્રાવકમાં જ સંભવી શકે છે એમ જાણવું. બીજામાં (દ્રવ્યશ્રાવકઆદિમાં) નહીં. કારણ કે; તથા પ્રકારના-વિશિષ્ટ વિવેકનો અભાવ હોઈ, પૂજાતી એક પૂજ્યવ્યક્તિભિન્ન બીજી બધી પૂજ્ય વ્યક્તિઓના પ્રત્યે પૂજાના આશયના દ્યોતક હર્ષ, પૂજામનોરથ વગેરે લક્ષણોનો દ્રવ્યશ્રાવકઆદિમાં અભાવ છે.

ઇતિ-નમસ્કાર ક્રિયાના વિષયભૂત અરિહંતો, બહુ-અનેક-નાના હોઈ, નમસ્કાર કરનારમાં શુભ આશયની વૃદ્ધિ છે. અતએવ ફલનો અતિશય, વિશિષ્ટ-ઉત્કૃષ્ટ ફલની સિદ્ધિ, સુતરાં સિદ્ધ છે.

આ પ્રમાણે (જેમ સ્તોતવ્ય અરિહંતોમાં બહુવચન સફલ છે તેમ) આત્મામાં (સ્તોત્ર કર્તા સ્તોતારૂપ આત્મામાં) અને ગુરુઓમાં (તેના સરખા ગુણોને-તેના સરખા ગુણવંતોને લઈ) બહુત્વવાચક બહુવચનની સફલતા-સાર્થકતા સમજવી. કારણ કે; તેના સરખા બીજા ગુણોના સમાવેશથી (સંગ્રહથી) તેના સરખા ગુણવાળાઓમાં (સ્તોતા સદૃશ ગુણવાળા સર્વ આત્મામાં, ગુરુસદૃશ ગુણવાળા સર્વગુરુઓમાં) પરમાર્થથી સ્તોત્રકર્તૃત્વરૂપ આત્મપણું તથા ગુરુપણું છે.

વળી મોક્ષને અનુકૂલ અનુષ્ઠાન કરનારા-કુશલ-કાબેલ-જ્ઞાનવંત પુરૂષોની (એક ગુણવંતની પૂજાથી સર્વ ગુણવંતની પૂજા થાય છે સબબ કે ગુણીના ગૌણ ભાવપૂર્વક, ગુણના પ્રધાન ભાવપૂર્વકની પ્રવૃત્તિરૂપ) પ્રવૃત્તિ, ગુણ અને ગુણાધાર (ગુણી)ની ચિંતા-વિચારણારૂપ સૂક્ષ્મ આભોગ-ઉપયોગ-જ્ઞાનપૂર્વકની જ હોય છે. એટલે જ આ એક ગુણવંતગુણપૂજાના પ્રધાન ભાવથી એક ગુણીરૂપ વ્યક્તિની પૂજા કરવાથી સકલ ગુણવંતની પૂજા કરેલ ગણાય છે. આ વિષય-વસ્તુ, અત્યંત નિપુણ-સમર્થ, બુદ્ધિ-પ્રતિભાથી ગમ્ય છે.

અર્થાત્ આ વિષય, ત્યારે જ માલુમ પડે કે જ્યારે અતિનિપુણ બુદ્ધિનો પ્રયોગ થાય !

હવે વ્યાખ્યાકાર કહે છે કે, 'આ પ્રસંગથી સરો !' અર્થાત્ આ વિષય-પ્રસંગને ચર્ચાના મોરચેથી ખસેડે છે.

'ભયોને જીતનાર જિનોને નમસ્કાર થાઓ' આ પદથી એ નિરૂપણ કરે છે કે; શિવ-અચલ આદિસ્થાનની સંપ્રાપ્તિ હોઈ સર્વજ્ઞ-સર્વદર્શીઓ જ જિતભય-ભયવિજેતા છે. અર્થાત્ સર્વજ્ઞ-સર્વદર્શીઓમાં જ સર્વથાભયક્ષયસ્વરૂપ જિતભયત્વરૂપ અભયત્વના પ્રતિપાદનથી, પ્રધાન (સર્વજ્ઞપણું આદિ હોવાથી) ગુણ અપરિક્ષય-પ્રધાન (શિવ આદિસ્થાનની પ્રાપ્તિ હોવાથી) ફલઆપ્તિઅભય નામક સંપદા પ્રતિપાદિત-નિરૂપિત થાય છે.

(કેટલાક સ્થળમાં 'સવ્વન્નૂણંથી જિઅભયાણં' સુધીના ૩ પદોમાં પ્રભુની મોક્ષ અવસ્થા દર્શાવેલી હોવાથી એ ત્રણ પદવાળી નવમી સંપદા મોક્ષસંપદા કહેલ છે.)

પ્રેક્ષાપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓની જિજ્ઞાસાને જાણી-લક્ષ્યમાં રાખી, તેના પ્રત્યુત્તરરૂપે નવે ય સંપદાઓનોક્રમસર ખૂબીપૂર્વકનો ઉપન્યાસ કે વિન્યાસ કરેલ છે એ વિષયને ઝીણવટથી છણતા વિવરણકાર–

**इह चादौ प्रेक्षापूर्वकारिणां प्रवृत्त्यङ्गत्वात्, अन्यथा तेषां प्रवृत्त्यसिद्धेः, प्रेक्षापूर्वकारित्वविरोधात् स्तोतव्यसम्पदुपन्यासः, तदुपलब्धावस्या एव, प्रधानां साधरणासाधरणरूपां हेतुसम्पदं प्रति भवति विदुषां 'जिज्ञासा तद्भाजनमेते इति तदुपन्यासः, तदवगमेऽप्यस्या एवासाधारणरूपां हेतुसम्पदं प्रति परम्परया मूलशुद्धयन्वेषणपरा एते इति तदुपन्यासः, तत्परिज्ञानेऽपि तस्या एव सामान्येनोपयोगसम्पदं प्रति परम्परया फलप्रधानारम्भप्रवृत्तिशीला एते इति तदुपन्यासः,तत्परिच्छेदेऽपि उपयोगसम्पद एव हेतुसम्पदं प्रति विशुद्धिनिपुणारम्भाज एते इति तदुपन्यासः, एतद्बाधेऽपि स्तोतव्यसम्पद एव विशेषेणोपयोगसम्पदं प्रतीति सामान्यविशेषरूपफलदर्शिन एत इति तदुपन्यासः, एतद्विज्ञानेऽपि स्तोतव्यसम्पद एव सकारणां स्वरूपसम्पदं प्रति विशेषनिश्चयप्रिया एते इति तदुपन्यासः, एतत्संवेदनेऽप्यात्म-तुल्यपरफलकर्तृत्वसम्पदं प्रतीति अतिगम्भीरोदारा एते इति तदुपन्यासः, एतत्प्रतीतावपि प्रधानगुणापरिक्षय-प्रधानफलाप्त्यभयसम्पदं प्रति भवति विदुषां जिज्ञासा, दीर्घदर्शिन इति तदुपन्यासः, अनेनैव क्रमेण प्रेक्षापूर्वकारिणां जिज्ञासाप्रवृत्तिरित्येवं सम्पदामुपन्यासः, एतावत्समन्विताश्च निःश्रेयनिबन्धनमेते एतद्गुणबहुमानसारं,**

(૧) ભાવાર્થ=પ્રેક્ષાપૂર્વકારી પ્રશ્ન–તમો પ્રેક્ષાવંતની પ્રવૃત્તિના અંગભૂત (પ્રયોજક-ઉપકારક) કયા વિષયને લઈ પ્રવૃત્તિ કરો છો ?

સમાધાન= પ્રેક્ષાપૂર્વક કાર્ય કરનારાઓ-જિજ્ઞાસુઓ પહેલાં એ જાણવા ઇચ્છે છે કે; કયા વિષયને અવલંબીને શકસ્તવની પાઠાદિની પ્રવૃત્તિ પ્રેક્ષાવંતની કેવી રીતે થાય ? એટલે જ શાસ્ત્રકારે, પહેલાં 'નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં' - 'અરિહંત ભગવંતને નમસ્કાર હો !' એ પદવાળી પહેલી સ્તોતવ્ય સંપદાનો ઉપન્યાસ કરેલ છે. પ્રેક્ષાવંતની પ્રવૃત્તિ આ શકસ્તવમાં થાય એટલા સારુ શરૂઆતમાં આ સંપદામાં પ્રવૃત્તિના અંગભૂત વિષયનું ઉદ્‌ઘોષણ કરવામાં આવેલ છે. જો પ્રેક્ષાવંતની પ્રવૃત્તિના અંગરૂપ સ્તુતિવિષય-અરિહંત ભગવંતનું નિરૂપણ કરવામાં ન આવે તો, પ્રેક્ષાપૂર્વકારીપણાનો વિરોધ આવતો હોઈ પ્રેક્ષાપૂર્વકારીઓની પ્રવૃત્તિની અસિદ્ધિ છે કારણ કે; પ્રેક્ષાવંતોની પ્રવૃત્તિ ત્યારે જ થાય કે જ્યારે એના અંગો જ્ઞાત હોય !

સારાંશ કે; આ પ્રકૃત સ્તવમાં બુદ્ધિપૂર્વક કાર્ય કરનારાઓની પ્રવૃત્તિ થાય એટલા સારૂ પ્રવૃત્તિના અંગરૂપ સ્તોતવ્ય-સ્તુતિપાત્ર-અરિહંત ભગવંતોરૂપ વિષયપ્રતિપાદક-સ્તોતવ્ય સંપદાનો પ્રથમતઃ ઉપન્યાસ કરેલ છે.

(૨) જિજ્ઞાસુ પ્રશ્ન–સ્તોતવ્યસંપદાનો પહેલાં શા સારૂ નિર્દેશ કરેલ છે ? એનો ખુલાસો ખુલ્લો થયો,

---

૧ **प्रश्नः, अवान्तरधर्मप्रकारकज्ञानेच्छा, विशेषज्ञानगोचरेच्छा, विचार इति जिज्ञासायाश्चत्वारोऽर्था ॥**

છતાં પ્રેક્ષાપૂર્વકારીને જિજ્ઞાસા જાગૃત થાય છે કે કયા પ્રધાન (શ્રેષ્ઠ વડા-મુખ્ય) અન્યસામાન્ય-સર્વસંસારી વ્યાપક અતએવ સાધારણ અને અનન્યસાધારણ-અરિહંત ભગવંતરૂપ વિવક્ષિત વ્યક્તિગત-અસાધારણ હેતુ-કારણ લઈને સ્તોતવ્ય-અરિહંત ભગવંતોની સ્તુતિ કરી રહ્યા છો ?

પ્રત્યુત્તર–જ્યારે આમ જિજ્ઞાસા જણાઈ ત્યારે સૂત્રકારે **'आइगराणं तित्थयराणं संयंसंबुद्धाणं'** 'આદિકર, તીર્થંકર સ્વયંસંબુદ્ધ અરિહંત ભગવંતને નમસ્કાર હો' એ રૂપ ત્રણ પદવાળી બીજી પ્રધાન, સાધારણાસાધારણરૂપ હેતુ સંપદાની રચના કરેલ છે. સાધારણ હેતુરૂપ આદિકરત્વનું અને અસાધારણ હેતુરૂપ તીર્થંકરત્વ અને સ્વયંસંબોધિનું સ્વરૂપ, પૂર્વે કરી ગયા છે ત્યાંથી જાણી લેવું.

તથાચ આદિ-મોક્ષની અપેક્ષાએ આદિમાં-ભવમાં જન્માદિ પ્રપંચ સંસારને કરવાના સ્વભાવવાળા છે એટલે જ, તીર્થંકરત્વના સંબંધથી, સ્વયંસંબોધિરૂપ ગુણના સંસર્ગથી, આદિકર તીર્થંકર, સ્વયંસંબુદ્ધ હોઈ અરિહંત ભગવંતો સ્તોતવ્ય છે.

(૩) જિજ્ઞાસુ પ્રશ્ન– પ્રેક્ષાપૂર્વકારીને બીજી સંપદાનો બોધ થયો છતાં, પરંપરાથી (અવિચ્છિન્ન ધારથી-અનુક્રમથી દૂર-સુદૂર-અંતપર્યંત પહોંચી) મૂલથી-અસલથી-સદાકાળથી અથવા મૂલરૂપ તીર્થંકરરૂપ આત્મદ્રવ્યની શુદ્ધિ-સ્વચ્છતાનું અન્વેષણ (શોધ, તપાસ, પડપૂછ, અનુસંધાન) કરવામાં સદા પરાયણ પ્રેક્ષાપૂર્વકારીને જિજ્ઞાસાનું ઉત્થાન થાય છે કે, આ તીર્થંકરપદવી વિભૂષિત આત્મદ્રવ્યો, પરંપરાથી મૂલથી-પહેલેથી-આકાલથી- અનાદિકાલથી શુદ્ધ-ઉત્તમ કોટીના છે કે નહીં ?

સમાધાન– આ જિજ્ઞાસાના જવાબરૂપે **'पुरिसुत्तमाणं, पुरिससिंहाणं, पुरिसवरपुंडरीयाणं पुरिसवरगंधहत्थीणं'** 'પુરૂષસિંહ, પુરૂષવરપુંડરીક, પુરૂષવરગંધહસ્તી જેવા પુરૂષોત્તમ અરિહંત ભગવંતોને નમસ્કાર હો' એ રૂપ ચાર પદવાળી ત્રીજી સ્તોતવ્ય સંપદાની અસાધારણરૂપ હેતુસંપદાની ગૂંથણી કરેલ છે. (તીર્થંકરના આત્માઓ, પુરૂષોત્તમ-ઉત્તમોત્તમ કોટીના ગણાય છે.)

આ વિષયમાં ક્ષેમંકરગણી, ષટ્પુરૂષ ચરિત્રમાં આ ઉત્તમોત્તમ પ્રાણીની અંગે તીર્થંકર મહારાજની વાત કરે છે કે, 'તીર્થંકર નામકર્મનો વિપાક ભોગવનાર ત્રિલોકીનાથ ઈશ્વર સર્વગુણ સંપન્ન પરમાત્મા-તીર્થંકરના આત્માઓ ઉત્તમોત્તમ વિભાગમાં આવે છે, એવા વિશુદ્ધ આત્માઓ, અવ્યવહાર રશિમાં હોય છે ત્યારે પણ ગુણોમાં અન્ય જીવો કરતાં વધારે હોય છે. ત્યાં પણ તેઓનું રત્નત્વ ઢંકાયેલું રહે છે. વ્યવહારરાશિમાં આવે ત્યારે જો પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તો ચિંતામણિરત્ન થાય છે, અપ્કાયમાં જાય તો તીર્થજળમાં પેદા થાય છે, અગ્નિકાયમાં જાય તો યજ્ઞ કે મંગલદીપકની અગ્નિ થાય છે, વાયુકાયમાં જાય તો વસંતકાળનો મૃદુમધુર મ્હેકદાર પવન થાય છે, વનસ્પતિકાયમાં જાય તો કલ્પવૃક્ષ-આંકા કે પ્રતાપી ઔષધી થાય છે, અને એવી જ રીતે બેઈન્દ્રિયમાં દક્ષિણાવર્ત્તશંખ થાય છે, તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્તમગજ કે અશ્વ થાય છે, અને એવી રીતે સર્વગતિમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરે છે, છેવટે જ્યારે તીર્થંકર થવાના હોય ત્યારે તેમની માતા ચ્યવનકાલે ચૌદ મોટાં સ્વપ્નો દેખે છે, તેઓ ગર્ભકાળથી ત્રણજ્ઞાન સહિત હોય છે, ગર્ભકાળમાં દેવો, તેમના પિતાનાં ઘરમાં ધનધાન્યની વૃદ્ધિ-વૃષ્ટિ કરે છે, વગેરે પ્રસિદ્ધ છે) આ તીર્થંકરના

આત્માઓ સદાકાળ-અનાદિકાળથી સર્વદા સર્વત્ર-સર્વગતિઓમાં સર્વ પ્રાણીઓ કરતાં ઉત્તમ-ચઢિયાતાસ્થાનસંપન્ન હોય છે. અરિહંત ભગવંતની કયા વિશિષ્ટ કારણથી સ્તુતિ કરવી ?

આના જવાબમાં વિશેષહેતુ જણાવે છે કે; પુરૂષસિંહ, પુરૂષવરપુંડરીક, પુરૂષવરગંધહસ્તી હોઈ પુરૂષોત્તમ છે. અત એવ અરિહંત ભગવંતો વિશેષતઃ સ્તોતવ્ય છે. વીતરાગની સ્તુતિના હેતભૂત જે ચાર હેતુઓ દર્શાવ્યા છે તે અસાધારણ-તીર્થંકર આત્મદ્રવ્ય ભિન્ન અન્ય આત્મદ્રવ્યોમાં વર્તમાન કે વિદ્યમાન નહીં હોવાથી અસાધારણરૂપ છે. એટલે આ સંપદાનું નામ 'અસાધારણરૂપ હેતુસંપદા' છે.

(૪) જિજ્ઞાસુ પ્રશ્ન–અસાધારણરૂપ હેતુસંપદાનો સમ્યગ્બોધ થયો છતાં, **'फलप्रधान आरम्भ इति सल्लोकनीतितः'** 'ફલની મુખ્યતાવાળો આરંભ કરવો' નિષ્ફલ કર્મ નહીં કરવું' વગેરે પ્રકારની સત્ પુરૂષોની નીતિ-રીત-પદ્ધતિ છે અર્થાત્ શિષ્ટજનનો એવો આચાર છે કે 'કાર્યના ફલનો નિશ્ચય કરી કાર્ય આરંભવું' (વળી પ્રાણીઓ કે પ્રેક્ષાવંતો પ્રવૃત્તિના અંગભૂત ફલને જાણી પ્રવૃત્તિ કરે છે.) તથાચ પરંપરાએ પ્રધાન ફલવાળા આરંભ (પ્રવૃત્તિ) ને કરવાના સ્વભાવવાળા પ્રેક્ષાપૂર્વકારીઓ હોય છે એટલે તેઓને જાણવાની આતુરતા થાય છે કે; સામાન્યપણે સર્વલોકમાં પરાર્થ-પરમાર્થ સંપદાનરૂપ ઉપયોગફલસંપાદન કરનારા આ અરિહંતભગવંતો છે કે નહીં ?

સમાધાન=આ સવાલના જવાબરૂપે **''लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहियाणं, लोगपइवाणं, लोगपज्जोयगराणं''** લોકોત્તમ, લોકનાથ, લોકહિત, લોકપ્રદીપ, લોકપ્રદ્યોતકર અરિહંત-ભગવંતને નમસ્કાર હો' આ રૂપ, સ્તોતવ્યસંપદાની જ સામાન્યથી ઉપયોગસંપદાનો સંદર્ભ કરેલ છે. આ સંપદાના પાંચ પદોમાં પરાર્થસંપાદનરૂપ ઉપયોગ ફલ સમાયેલ હોઈ, આ 'સામાન્યોપયોગસંપદા' કહેવાય છે અર્થાત્ સર્વલોકમાં પરમાર્થ સંપાદનરૂપ ઉપયોગ ફલના સંપાદકો હોઈ-સર્વલોકના ઉપકારકો હોઈ સદાકાળ અરિહંત-ભગવંતો સ્તોતવ્ય છે.

(૫) જિજ્ઞાસુપ્રશ્ન=સ્તોતવ્યસંપદાની સામાન્યથી ઉપયોગ સંપદારૂપ ચોથી સંપદાનું જ્ઞાન થયું છતાં, વિશુદ્ધિથી નિપુણ આરંભ કરનાર (પવિત્રતાપૂર્વક પાવરધા આરંભ કરનારા-વિશેષ પ્રકારની શુદ્ધિ-શોધ-તપાસ કર્યા પછી કુશલ-સમર્થ-આરંભ-પ્રવૃત્તિ કરનારા) ચોખ્ખાઈપૂર્વક, ચતુરાઈ કે ચોકસાઈ ભર્યા આરંભ-પ્રવૃત્તિ કરનારા પ્રેક્ષા પૂર્વકારીઓ છે પૂછે કે; જે અરિહંત-ભગવંતો, સર્વલોકમાં સામાન્યથી પરમાર્થ સંપાદન કરે છે તે કોના દ્વારાએ ? અર્થાત્ લોકોને કયું કયું દાન આપવા દ્વારાએ ઉપકાર કરે છે ? ઉપયોગસંપદાનો હેતુ-ઉપાય-સાધન હોય તે જણાવો ?

સમાધાન=આ પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે, સૂત્રકારે **'अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, बोहिदयाणं,'** 'અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, બોધિદાતા, અરિહંત-ભગવંતોને નમસ્કાર હો' આ રૂપ, ઉપયોગસંપદાની હેતુસંપદાની વ્યવસ્થા કરેલ છે. આ અરિહંત-ભગવંતો, અભયને આપી, ચક્ષુને સમર્પી, માર્ગને અર્પી, શરણનું વિતરણ કરી, બોધિનું દાન કરી, સકલલોકમાં સામાન્યથી પરમાર્થ-પરોપકાર સંપાદનરૂપ ઉપયોગરૂપ ફલ કરનાર હોઈ પરમ દાનવીર-મહા મહોદાર-સમર્થ સખાવતી સદા સ્તોતવ્ય છે.

(૬) જિજ્ઞાસુપ્રશ્ન=પાંચમી સંપદાનું સારી રીતે જ્ઞાન થયું છતાં, સામાન્યરૂપ અને વિશેષરૂપ એમ બંને ફલને દેખનારા-જોનારા, પ્રેક્ષાપૂર્વકકારીઓને જિજ્ઞાસા થાય છે કે; આ અરિહંત-ભગવંતોનું હેતુસર સર્વલોક સંબંધી-સામાન્યથી (સમષ્ટિરૂપથી-વ્યાપકરૂપે) પરાર્થ સંપાદનરૂપ ઉપયોગ ફલનું જ્ઞાન થયું પણ અરિહંત-ભગવંતોનો વિશેષથી (વ્યષ્ટિરૂપે) પરમાર્થ સંપાદનરૂપ ઉપયોગ ફલ કયું છે ?

સમાધાન= આ જિજ્ઞાસાની પૂર્તિરૂપે **'धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरन्तचक्कवट्टीणं'** 'ધર્મદાયક, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથિ, ધર્મવરચાતુરન્તચક્રવર્તી અરિહંત-ભગવંતોને નમસ્કાર હો' આ રૂપ, પાંચ પદવાળી છઠ્ઠી, સ્તોતવ્યસંપદાની વિશેષથી (વ્યષ્ટિ-વ્યક્તિરૂપે) ઉપયોગ સંપદાની યોજના કરેલ છે.

આ અરિહંત ભગવંતો, વિવક્ષિત કે વિશિષ્ટ અધિકારી ભવ્યોમાં, ધર્મના દાનદ્વારાએ, ધર્મની દેશના દ્વારાએ, ધર્મના આધિપત્ય (સરમુખત્યારી) દ્વારાએ, ધર્મસારથિત્વ દ્વારાએ (ધર્મરૂપીરથના હાંકવા-ઈષ્ટમાર્ગે ચલાવી લઈ જવા-પ્રવર્ત્તાવવા દ્વારાએ) ધર્મની સાર્વભૌમ-સર્વતંત્ર સ્વતંત્ર નેતાગીરી દ્વારાએ, વિશેષથી પરમાર્થ સંપાદનરૂપ ઉપયોગરૂપ ફલવિધાતાઓ હોઈ ભવ્યોથી ભાવભીનાભીતરથી સતત સ્તોતવ્ય છે.

(૭) જિજ્ઞાસુપ્રશ્ન=છઠ્ઠી સંપદાનું રૂડી રીતે જ્ઞાન થવા છતાં, વિશેષના (વૈશિષ્ટ્યવિશિષ્ટ સ્વરૂપના) અથવા વિશેષથી-વધારે નિશ્ચયના (નિર્ણય-ખાતરીના) પ્રત્યે પ્રેમ ધરાવનારા પ્રેક્ષાપૂર્વકારીઓને જિજ્ઞાસા જાગે છે કે 'આ અરિહંત-ભગવંતોનું એવું કેવું અને કયું અદ્‌ભૂત-અલૌકિક-દિવ્યસ્વરૂપ છે કે જેથી સ્તોતવ્ય બને છે ?

સમાધાન=આવી જિજ્ઞાસુની તૃપ્તિ ખાતર, **'अप्पडिहय वरनाणदंसणधराणं वियट्टछउमाणं'** 'અપ્રતિહતવરજ્ઞાનદર્શનધર, વ્યાવૃત્તછદ્મવાળા અરિહંત-ભગવંતોને નમસ્કાર હો !' આ રૂપ, બે પદવાળી સ્તોતવ્ય સંપદાની સાતમી, સકારણ (હેતુ-ગર્ભિત) સ્વરૂપ સંપદાનું મંડાણ કરેલ છે.

અપ્રતિહતવરજ્ઞાનદર્શનધરત્વ, (સર્વજ્ઞત્વસર્વદર્શિત્વ) વ્યાવૃત્તછદ્મત્વ (ક્ષીણમોહત્વ) એ રૂપ, અરિહંત-ભગવંતનું અખંડ-અનંત-સ્વચ્છસ્વરૂપ છે એટલે આ રૂપ હેતુથી અરિહંત-ભગવંતો નિરંતર નિયમથી સ્તોતવ્ય છે.

(૮) જિજ્ઞાસુપ્રશ્ન= આ પ્રમાણે સાતમી સંપદાનું જ્ઞાન બરોબર થવા છતાં, અત્યંત ગંભીર, ઉદારપ્રેક્ષાપૂર્વકારીઓને સ્વરસતાથી જિજ્ઞાસા થાય છે કે, આ અરિહંત-ભગવંત, પોતે પ્રરૂપેલ-આજ્ઞાને અનુસારે કે અણસારે ચાલનારાને પોતાના બરોબર-તુલ્ય કરવામાં પરમ ઉદાર મહાશય છે કે નહીં ? અરિહંતો પોતાની આજ્ઞાને વફાદાર બહાદુર સેવકોને ભક્તિના બદલામાં પોતાના જેવા બનાવવા સમર્થ-ગંભીર છે કે નહીં ?

સમાધાન=જ્યારે આવી જિજ્ઞાસા પ્રગટી ત્યારે તે પૂરવા કાજે, સૂત્રકારે **'जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं, बुद्धाणं बोहयाणं, मुत्ताणं मोयगाणं'** 'જિનજાપક, તીર્ણતારક, બુદ્ધબોધક, મુક્તમોચક અરિહંત-ભગવંતોને

નમસ્કાર હો ! આ રૂપ, ચાર પદવાળી, આઠમી આત્મ-તુલ્યપરફલકર્તુત્વસંપદાની સ્થાપના કરેલ છે. આ સંપદામાં, અરિહંત-ભગવંતો, પોતાના જેટલું જ, જેવું જ પોતે દર્શાવેલ શાસનપંથે ચાલનાર બીજાને ફલ કરનારા (આપનારા) છે એમ દર્શાવેલ છે. એટલે ભગવાન, મહાન-ઉદાર-અત્યંત ગંભીર-કારુણિક મહાશય છે માટે એમની સ્તુતિ પરમ આદરણીય-કરણીય છે.

જિજ્ઞાસુ પ્રશ્ન= આ પ્રમાણે આઠમી સંપદાનું સુંદર-સમ્યગ્ અને સ્વચ્છજ્ઞાન થવા છતાં, દીર્ઘદર્શી-(લાંબી નજરે-અગમચેતી કે દૂરંદેશીથી જોઈ વિચારી શકે એવો, પ્રેક્ષા પૂર્વકારીને જિજ્ઞાસા ઊઠે છે કે; સર્વજ્ઞતા સર્વદર્શિતારૂપ પ્રધાનગુણની અક્ષયસ્થિતિના સંપાદનથી શિવ અચલ આદિરૂપ સિદ્ધિગતિ સ્થાનરૂપ પ્રધાન ફલના પરમલાભવાળા તે અરિહંત ભગવંતો છે કે નહીં ? અને તે આ અત્યંત સુદુર્લભ લાભ થવાથી સદા ભયવિજેતા (ઐકાન્તિક અને આત્યન્તિક ભયના ક્ષયવાળાઓ) છે કે નહીં ?

સમાધાન= આવી જિજ્ઞાસાને શાંત કરવા, સૂત્રકારે, **''सव्वन्नूणं सव्वदरिसिणं, सिवमयलमरुअमनंतमरक्खयमव्वाबाहमपुनरावित्तिसिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं''** 'સર્વજ્ઞ સર્વદર્શી, શિવ અચલ અરુજ અનંત અક્ષય અવ્યાબાધ અપુનરાવૃત્તિ સિદ્ધિગતિ નામકસ્થાનને પામેલા અરિહંત ભગવંતોને નમસ્કાર હો !' આ રૂપ, ત્રણ પદવાળી નવમી પ્રધાનગુણઅપરિક્ષય-પ્રધાનફલઆપ્તિરૂપ અભય સંપદાનો વિશિષ્ટ વિન્યાસ કરેલ છે.

અર્થાત્ આ અરિહંત ભગવંતો, સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું એ ગુણ, સદાસર્વદા, સર્વથા અખંડિત-અક્ષીણ હોઈ, શિવ અચલ અરુજ અનંત અક્ષય અવ્યાબાધ અપુનરાવૃત્તિરૂપ સિદ્ધિગતિ નામકસ્થાનરૂપ પ્રધાન ફલનો પ્રબલ લાભ થવાથી જિતભયત્વ (ભયક્ષયરૂપ ભયવિજય)રૂપ અભયને પામેલા છે એટલે જ સદાસર્વથા સર્વત્ર અરિહંત ભગવંતો સ્તોતવ્ય છે.

આજ ક્રમથી પ્રેક્ષાપૂર્વકારીઓની જિજ્ઞાસાની પ્રવૃત્તિ છે. એટલે જ જિજ્ઞાસા પ્રમાણે સંપદાઓનો ઉપન્યાસ છે. આ સંપદાઓના ચતુરજનચિત્તચમત્કારકારક, સુંદર ખૂબી ભરેલા વિન્યાસની શૈલી-પદ્ધતિ-યોજના, મંથનીય, મનનીય, મધુર માર્મિક એવં મહાન છે.

વળી આટલી (નવ સંખ્યાવાળી) નવ સંપદાઓથી સમન્વિત-મંડિત-ભૂષિત અરિહંત ભગવંતો, નિઃશ્રેયસ-મહોદય-મોક્ષ-બ્રહ્માના પરમ બીજ-અસાધારણ-મુખ્ય-કારણ-હેતુ-બીજ છે. આ સ્તોતવ્ય સંપદા વિગેરે નવ સંખ્યાવાળી સંપદાઓના ગુણોના બહુમાન (આંતરિક પ્રીતિ-ભક્તિ) ના સાર (તાત્પર્ય-ઉદ્દેશ-લાભ-પ્રધાનતા)વાળું અનુષ્ઠાન ક્રિયા, સમ્યગ્રૂપ બને છે. અથવા બહુસંપદાઓના બહુ ગુણોના બહુમાનની મુખ્યતા-પ્રધાનતાવાળું અનુષ્ઠાન, સદ્અનુષ્ઠાન ગણાય છે.

–ચિત્રા–નાનાવિધ સંપદાઓના ઉપન્યાસરૂપ પ્રપંચનું પ્રયોજન દર્શાવી, સ્યાદ્વાદ-અનેકાન્તવાદની દ્રષ્ટાન્તસહિત પ્રબલપુષ્ટિ કે સિદ્ધિ કરતા વિવરણકાર–

[1]**'विशेषप्रणिधाननीतितस्तत्तन्बीजाक्षेपसौहित्येन सम्यगनुष्ठानमिति च ज्ञापनार्थं, एकानेकस्वभावप्रतिबद्धश्चायं प्रज्ञ इति**

---

१ विशुद्धभावनासारं, तदर्थार्पितमानसम् । यथाशक्तिक्रियालिङ्गं प्रणिधानं मुनिर्जगौ ॥

**सम्यगालोचनीयं, अन्यथा कल्पनामात्रमेता इति फलाभावः, एकानेकस्वभावत्वं तु वस्तुनो वस्त्वन्तरसम्बन्धाविर्भूतानेकसम्बन्धिरूपत्वेन पितृपुत्रभागिनेयादिविशिष्टैकपुरुषवत्, पूर्वापरान्तरितानन्तरितदूरासन्न-वपुराणसमर्थासमर्थदेवदत्तकृतचैत्रस्वामिकलब्धक्रीतहतादिरूपघटवद्वा,**

ભાવાર્થ=વિશેષ-વિભાગ કરીને (પૃથક્કરણપૂર્વક-જુદાજુદા પાડી-અલગ અલગ રીતે) સ્તોતવ્ય-સંપદા આદિ સકલ સંપદાગત સકલ ગુણોમાં (સકલગુણવિષયક) પ્રણિધાન, (ચિત્તનું સ્થાપન, મનનું પરોવવું, અંતઃકરણની એકાગ્રતા) એ, પ્રણિધાનવિષયભૂત ગુણરૂપ સ્વકાર્યની પ્રાપ્તિના પ્રત્યે કારણ છે. અર્થાત્ પ્રણિધાનવિષય નવસંપદાનિષ્ઠ અર્હત્ત્વ-ભગવત્ત્વાદિ ગુણરૂપ સ્વેષ્ટકાર્યની પ્રાપ્તિના પ્રત્યે વિભાગપૂર્વકનું સકલસ્તોતવ્યસંપદાદિતગુણ-વિષયકપ્રણિધાન કારણ છે. અતએવ, અર્હત્ત્વ-ભગવત્ત્વ વગેરે ગુણના બીજો-કારણો–

(૧) અર્હત્ત્વ-ભગવત્ત્વ આદિગુણને આવરનાર (પ્રતિબંધક) કર્મરૂપ આવરણનો ક્ષય.

(૨) અર્હત્ત્વ-ભગવત્ત્વ આદિ ગુણજનક (અનુકૂલ-પ્રયોજક-ઉત્તેજક) શુભકર્મ-સર્વોત્કુષ્ટ પુણ્યાનુબંધીપુણ્યરૂપ [૧]તીર્થંકર નામકર્મનો બંધ. એ બે મુખ્ય બીજો છે.

આ વિશિષ્ટ બીજોનું, ફલમાં વિસંવાદ ન આવે તેવી રીતે, સમ્યગ્રીત્યા વિધાન હોઈ આ વિધાન-અનુષ્ઠાન, સમ્યગ્ અનુષ્ઠાન (ભાવઅનુષ્ઠાન-મોક્ષના હેતુરૂપક્રિયા) થાય છે કે કહેવાય છે આ વિષયનો સ્ફોટ કરવા સારુ, નાનાવિધ-ચિત્રસંપદાઓના ઉપન્યાસરૂપ પ્રપંચ છે.

વળી સ્તોતવ્યસંપદા આદિ, નાના પ્રકારની સંપદાઓ, [૨]સ્યાદ્વાદ (નિત્યત્વ અનિત્યત્વાદિઅનેકધર્માવચ્છિન્ન એક વસ્તુના સ્વીકારરૂપ અનેકાંતવાદ) રૂપ સિદ્ધાન્ત વગર સંગતિ-ઘટમાનતાને પામતી નથી-યુક્તિયુક્ત પૂરવાર ઠરતી નથી એટલે આ સિદ્ધાંતની સિદ્ધિ સારુ જણાવે છે કે ; દ્રવ્ય પર્યાયરૂપ સ્વભાવાવચ્છિન્ન (અર્હદ્રૂપ) વસ્તુને છોડી (વસ્તુ વિના) ચિત્રનાનાવિધ સંપદાઓના ઉપન્યાસરૂપ પ્રપંચ કહી શકતો નથી. જે જે એક અનેક સ્વભાવરૂપ દ્રવ્ય પર્યાય સ્વભાવ વિશિષ્ટ અર્હદ્રૂપ વસ્તુ છે. તે તે ચિત્ર-નાનાવિધ સંપદા સંપન્ન છે. અથવા જ્યાં જ્યાં (અર્હદ્રૂપ વસ્તુ-અધિકરણમાં) દ્રવ્યપર્યાય સ્વભાવરૂપ વસ્તુતત્વ છે, ત્યાં ત્યાં ચિત્ર-

---

**અર્થ=જેમાં પ્રધાનતયા ચિત્તનો આશય વિશુદ્ધ છે, જેમાં મન તેના અર્થને વિષે અર્પિત-ઓતપ્રોત છે તથા જેમાં ક્રિયા, શક્તિથી હીન પણ નથી તેમ અધિક પણ નથી, તેને જિનેશ્વર દેવ 'પ્રણિધાન' કહે છે. પ્રણિધાન-ચિત્તની એકાગ્રતાપૂર્વક કરેલું કર્મ (ક્રિયા) તીવ્ર વિપાક-ફલને આપનારું છે, શુભ અંશવાળું હોઈ પરંપરાએ અધિકાધિક શુભકર્મની પ્રાપ્તિ કરાવનારું અને પુણ્યાનુબંધીપુણ્યનો બંધ કરાવનારું હોય છે.**

**૧ જે કર્મનો ઉદય થતાં જીવ ત્રિભુવનવડે પૂજાય છે તે કર્મ 'તીર્થંકર નામકર્મ' કહેવાય છે. આ કર્મદ્વારા ધર્મતીર્થ પ્રવર્ત્તાવવાની શક્તિ પ્રાપ્ત થાય છે, આ કર્મનો વિપાક, સર્વજ્ઞદશામાં થાય છે.**

**૨ 'નહ્યેકત્ર નાનાવિરુદ્ધધર્મપ્રતિપાદકઃ સ્યાદ્વાદઃ, કિન્તુ અપેક્ષાભેદેન તદવિરોધદ્યોતકસ્યાત્પદસમભિવ્યાહૃત વાક્યવિશેષ ઇતિ'**

**અર્થાત્–વિવિધ વિરુદ્ધ ધર્મોનું એક સ્થાનમાં પ્રતિપાદન કરનારા સ્યાદ્વાદ નથી પરંતુ અપેક્ષાના ભેદથી વિરુદ્ધ ધર્મોના અવિરોધ દ્યોતક 'સ્યાત્' પદથી વ્યવહારભૂત થતો વાક્ય વિશેષ છે. ઈતિ ન્યાયખંડખાદ્ય (શ્લો. ૪૨ ન્યાયાચાર્ય મહોપધ્યાય શ્રી યશોવિજયજીકૃત ટીકા.)**

विधिसंपदाओ छे अने ज्यां ज्यां द्रव्यपर्यायस्वभावरूप-वस्तुत्व नथी त्यां त्यां चित्रसंपदाओ नथी कारण के; अहीं व्याप्तव्यापकना क्षेत्रे सरखां छे जेमके; ज्यां ज्यां ज्ञेयत्व छे त्यां त्यां नाम होवापणुं छे अथवा ज्यां ज्यां प्राण वगेरे छे, त्यां त्यां चेतनपणुं छे. ज्यां ज्यां ज्ञेयत्व नथी, त्यां त्यां नाम होवापणुं नथी. अथवा ज्यां ज्यां प्राण वगेरे नथी त्यां त्यां चेतनपणुं नथी. एवं अन्वय व्याप्ति, व्यतिरेक व्याप्ति जाणवी. अहीं सहभाविभूत, द्रव्यपर्यायस्वभावावच्छिन्न अर्हद्रूप वस्तुनिष्ठ वस्तुत्वनो अने चित्रसंपदानो सहभावनियमरूप अविनाभावव्याप्ति समजवी.

जेमके; प्रमाणमीमांसा (१-२-२०) **'सहक्रमभाविनोः सहक्रमभावनियमोऽविनाभावः'**

अर्थात् सहभाविनो एटले के एकवस्तुरूपसामग्रीने आधीन एवा रूप अने रसनो व्याप्य अने व्यापकनो तथा शिंशपात्व अने वृक्षत्वनो जे सहभावनियम तेमज क्रमभाविनो एटले के कृत्तिकाना अने शकटना उदयनो तथा कार्य अने कारणनो (धूम अने अग्निनो) जे क्रमभावनियम ते, अविनाभाव-नान्तरीयकत्व-प्रतिबंध-व्याप्ति जाणवी. वस्तुनो स्वभाव (स्वरूप) द्रव्य (ध्रौव्ययुक्त-एक) अने पर्याय (उत्पादव्ययुक्त-अनेक) रूप छे. अतः एकअनेक स्वभावावच्छिन्न अर्हद्रूप वस्तु छे. अने आ द्रव्यपर्याययुक्त अर्हद्रूप वस्तुमां अविनाभाव-व्याप्तिरूप संबंधथी चित्र-नानाविध संपदाओना उपन्यासरूप प्रपंच, वर्तमान के विद्यमान छे.

सारांश के; प्रत्येक वस्तु (परमार्थ-तत्त्वरूप वस्तु) अनंत धर्मरूपस्वरूपावच्छिन्न छे. पदार्थोमां अनंतधर्मो मान्या सिवाय पदार्थोनी सिद्धि नथी. तत्त्वरूप वस्तुने पक्ष (धर्मी) करी अनंतधर्मात्मकत्व साध्य मानो, सत्त्व होवाथी, ए हेतु कल्पो, सत्त्वरूपप्रकारने छोडी बीजा प्रकारथी वस्तुतत्त्वनी सिद्धि नथी. अहीं अन्तर्व्याप्तिथी साध्यनी सिद्धि समजवी. आ हेतुमां दृष्टांतनी आवश्यकता नथी. ज्यां दृष्टांत (सपक्ष) वगर, साध्य अने हेतुमां व्याप्तिनुं ज्ञान थाय छे तेने अन्तर्व्याप्ति कहे छे. दृष्टांत वगर पक्षनी अंदर ज हेतुथी साध्यनी सिद्धि थाय छे, अतएव अहीं पक्षनी बहार दृष्टांतद्वारा कोई प्रयोजन सिद्ध नथी थतुं. जे अनंतधर्मात्मक नथी ते सत् पण नथी जेमके आकाशनुं फुल, आकाशना फुलमां अनंतधर्मो नथी रहेता माटे ते सत् पण नथी. आ हेतु (सत्त्वरूप हेतु) केवलव्यतिरेकी छे. ज्यां ज्यां साध्य नथी रहेतुं त्यां त्यां साधन नथी रहेतुं जेमके; ज्यां ज्यां सत्त्व छे त्यां त्यां अनंतधर्मो छे. आ अन्वयव्याप्तिमां आपवाना प्रत्येक दृष्टांत पक्षमां ज गर्भित थई जाय छे. अतएव अहीं अन्वयव्याप्ति न समजो, केवलव्यतिरेकव्याप्ति समजो !

जो अरिहंतरूप वस्तुमां एक (द्रव्य) अनेक (पर्याय) रूप स्वभावनो अभाव मानवामां आवे तो, आ नानाविध संपदाओ, कल्पना मात्र कपोलकल्पित ज थाय ! ज्यारे चित्रसंपदाओ, मनोघडंत-बनावटी-कल्पित-मिथ्या-असत्-प्रमाण वगरनी थवाथी मिथ्यास्तव-स्तुतिरूप थाय ! एटले सम्यग् (सत्य) स्तव-स्तुतिथी साध्य (लभ्य) जे अर्थ-फल-प्रयोजननो निरंतर निर्मूल अभाव थाय !

एवंच आ नानाप्रकारनी संपदाओ, कपोलकल्पित के मिथ्यारूप नथी परंतु सत्य-सद्रूप छे. केमके

આ સંપદાઓનું પ્રણયન-રચના-ઉપન્યાસ-ગુંથણી, જેઓનો આરંભ (પ્રવૃત્તિ) સદા સફલ છે એવા મહાપુરૂષોએ કરેલ છે.

તથાચ આ અરિહંતરૂપ વસ્તુ હોય તો જ ચિત્રસંપદાઓના ઉપન્યાસરૂપ પ્રપંચ હોય, અરિહંતરૂપ વસ્તુ ન હોય તો ચિત્ર સંપદાઓના ઉપન્યાસરૂપ પ્રપંચ ન હો, એમ તથોપપત્તિ અને અન્યથાનુપપત્તિદ્વારા હેતુનું સ્વરૂપ સમજવું.

જેમકે આ અગ્નિવાળું રસોડું છે કારણ કે; તે અગ્નિવાળું હોય તો ધૂમાડાવાળું હોઈ શકે અથવા તો અગ્નિવાળું ન હોય તો ધૂમાડાવાળું ન હોય જે કોઈ જગતભરમાં ચિત્રસંપદાઓનો ઉપન્યાસરૂપ પ્રપંચ છે, તે સર્વ તાદૃશ પ્રપંચ અરિહંતરૂપ વસ્તુ હોય તો જ હોય છે. અને અરિહંતરૂપ વસ્તુ ન હોય તો ચિત્રસંપદાઓના ઉપન્યાસરૂપ પ્રપંચ પણ નથી જ હોતો.

હવે સામાન્યથી ચિત્રરૂપ વસ્તુની સાબિતી કરવા સારૂ અનુમાન પ્રયોગ કહે છે કે; અહીં વસ્તુનું એકાનેકસ્વભાવપણું વસ્તુનિષ્ઠ એક અનેક સ્વભાવ, સાધ્ય છે. (પદાર્થના વ્યાપ્તિજ્ઞાન વખતે સાધ્ય તરીકે 'ધર્મ' હોય છે. અને અનુમાનજ્ઞાન વખતે વ્યાપ્તિજ્ઞાનના સાધ્યધર્મનો આધાર 'ધર્મી' સાધ્ય તરીકે હોય છે. એટલા માટે અનુમાનજ્ઞાનમાં સાધ્યના બે ભાગ પડે છે. એક ધર્મ અને બીજો ધર્મી. પરંતુ અનુમાનમાં જે ધર્મી હોય છે તે ધર્મયુક્ત ધર્મી હોય છે. કેવળ ધર્મી કે કેવળ ધર્મ, સ્વતંત્ર સાધ્ય નથી હોતા. એ બેમાં ધર્મી પ્રમાણ પ્રસિદ્ધ હોવો જોઈએ. કારણ કે; ધર્મીને પ્રમાણ સિદ્ધ ન માનીએ તો ધર્મની સિદ્ધિ કઇ જગ્યાએ કરવામાં આવે ?)

અહીં હેતુ-સાધ્યધર્મી (પક્ષ)થી ભિન્ન-અન્ય વસ્તુઓની સાથેનો જે દ્રવ્યપર્યાયરૂપ-વસ્તુસ્વભાવના અપેક્ષાલક્ષણ સંબંધથી (ઉપાધિભેદથી - ભિન્ન ભિન્ન અપેક્ષાઓથી - અવચ્છેદકભેદથી) પ્રગટ થયેલા અનેક સંબંધવાળી વસ્તુ હોવાથી આ હેતુ સમજવો.

જેમકે, દ્રવ્યરૂપથી (દ્રવ્યની અપેક્ષાએ) વિશિષ્ટ એક પુરૂષ, પર્યાયની અપેક્ષાએ (ભિન્ન ભિન્ન સંબંધોની અપેક્ષાએ) પિતા, પુત્ર, ભાઈ, મામો, ભાણેજ, કાકો, દાદો, પૌત્ર (પુત્રનો-પુત્ર) દૌહિત્ર (દીકરીનો દીકરો) વિગેરે, પરસ્પર વિરૂદ્ધ વિશેષણોથી વિશિષ્ટ કહેવાય છે. કારણ કે; બીજી વસ્તુઓની (પુત્ર આદિની) સાથે પૂર્વકથિત અપેક્ષા લક્ષણ સંબંધથી પ્રગટેલ અનેક સંબંધવાળો-વિશિષ્ટ આ પુરૂષ છે.

ચાલુ વિષયની સજ્જડ મજબૂતાઈના સારૂ બીજું પ્રચલિત કે પ્રસિદ્ધ દૃષ્ટાંત રજૂ થાય છે.

એક જ ઘડો, તે તે અપેક્ષાએ- ભિન્ન ભિન્ન અપેક્ષાએ (એક ઘડો, અન્ય ઘડાઓથી વિશિષ્ટ, વાચ્યત્વરૂપે જુદી જુદી અપેક્ષાથી ભિન્ન થાય છે.) પંચદશઆદિરૂપ છે. તેનું વર્ણન–

---

**૧ અહીં સુવર્ણઘટનું એક દૃષ્ટાંત દેવામાં આવે છે. સદરહુ, ઘટ, સ્વદ્રવ્યક્ષેત્રકાલભાવથી વિદ્યમાન છે અને પરદ્રવ્યક્ષેત્રકાલભાવથી અવિદ્યમાન છે. જ્યારે એક ઘટનું સત્ત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વ એ આદિ ધર્મથકી ચિંતવન થાય છે ત્યારે તેનાં જે સત્ત્વાદિ એ સ્વપર્યાય છે કોઈપણ પરપર્યાય નથી. કેમકે; વસ્તુ માત્ર, સત્ત્વાદિ ધર્મને લઈને સજાતીય છે. અને અભાવ તો વિજાતીયનો**

(૧) પૂર્વનો-પહેલાંનો ઘડો. (૨) અપર-પછીનો ઘડો. (અથવા પ્રશંસાકૃત પૌવાપર્ય-પરત્વાપરત્વની અપેક્ષાએ આ પર ઉત્તમ-મંગલ કુંભ છે, અધમ-અપર-અમંગલ કુંભ છે.) (૩) અંતરિત-વ્યવહિત-બે વસ્તુઓ વચ્ચેના અંતર-આંતરા-ગાળાવાળો ઘડો છે. (૪) અનંતરિત-આંતરા વગરનો ઘડો છે. (૫) દૂર-ઘડો દૂર-આઘે છે. (૬) અસન્ન-ઘડો પાસે છે.

---

જ કહી શકાય છે એટલે કોઈથી પણ વ્યાવૃત્તિ સંભવતી નથી, જ્યારે દ્રવ્યતઃ ઘટની વિવક્ષા પૌદ્ગલિક એમ થાય ત્યારે તો તે જે પૌદ્ગલિકત્વ તે દ્રવ્યત્વરૂપે વિદ્યમાન છે પણ ધર્મ, અધર્મ, આકાશ એ આદિ દ્રવ્યત્વરૂપે નથી. અત્ર 'પૌદ્ગલિકત્વ' સ્વપર્યાય છે અને ધર્માદિ અનેકથી વ્યાવૃત્તિ હોવાથી ધર્માદિદ્રવ્યત્વ પરપર્યાય છે ને તે અનંત છે. કેમકે જીવ દ્રવ્ય અનંત છે. ઘટ, પૌદ્ગલિક છતાં વળી પાર્થિવત્વરૂપે વિદ્યમાન છે. જલત્વાદિરૂપે અવિદ્યમાન છે. ત્યાં પાર્થિવત્વ એ સ્વપર્યાય છે અને તેની આ જલત્વાદિબહુદ્રવ્યથકી વ્યાવૃત્તિ છે એ પરપર્યાય અનંત છે એ જ પ્રમાણે આગળપણ સ્વપર્યાયવ્યક્તિ વિચારી લેવી. પાર્થિવ છતાં તે 'ધાતુત્વ' રૂપે છે મૃત્ત્વરૂપે નથી. ધાતુત્વરૂપ છતાં સુવર્ણત્વ થકી છે, રૌપ્યઆદિરૂપથકી નથી. સુવર્ણ પણ ઘટિત વસ્તુરૂપે છે, અઘટિત વસ્તુરૂપે નથી. ઘટિત સુવર્ણરૂપ છતાં પણ દેવદત્તઘટિત વસ્તુ સ્વરૂપે છે, દેવદત્તઆદિઘટિત છતાં પણ પૃથુબુધ્ન-આદિ (મોટા-નાના) આકાર થકી છે. મુકુટાદિ આકારે નથી. પૃથુબુધ્નોદરાદિ આકારવાળો પણ ગોળરૂપે છે. ગોળ નહીં એવે રૂપે નથી. ગોળ પણ સ્વાકાર થકી છે. અન્ય ઘટાદિ આકારરૂપે નથી. સ્વાકાર પણ સ્વકપાલ થકી છે પરકપાલ થકી નથી. એ રીતે જે જે પર્યાય થકી એની વિવક્ષા થાય તે તે પર્યાય તે તેના સ્વપર્યાય અને તેનાથી જૂદા તે બધા પરપર્યાય એ રીતે દ્રવ્યતઃ સ્વપર્યાય થોડા થાય અને વ્યાવૃત્તિરૂપ પરપર્યાય અનંત પર્યાય થાય, કેમકે અનંત થકી તે વ્યાવૃત્ત છે.

ક્ષેત્રથી સદરહુ ઘટ, ત્રિલોકવર્તિત્વરૂપે વિવક્ષિત છે, કહીથી પણ વ્યાવૃત્ત નથી; માટે એ સ્વપર્યાય છે, પરપર્યાય નથી. ત્રિલોકવર્તી પણ તિર્યગ્લોકવર્ત્તિત્વરૂપે છે, ઊર્ધ્વઅધોલોકવૃત્તિત્વરૂપે નથી. તિર્યગ્લોકવર્ત્તી છતાં જંબુદ્વીપવર્ત્તિત્વરૂપે છે, અન્યદ્વીપવર્ત્તિત્વરૂપે નથી, તેવો પણ ભરતવર્ત્તિત્વરૂપે છે, અન્યત્ર વર્ત્તિત્વરૂપે નથી. ઘરમાં પણ અમુક પ્રદેશવર્ત્તિત્વરૂપે છે, અપરપ્રદેશવર્ત્તિત્વરૂપે નથી. એમ ક્ષેત્રતઃ સ્વપર્યાય થોડા છે, પરપર્યાય અસંખ્ય છે. કાલથી આ યુગસ્થરૂપે વિવક્ષિત થાય ત્યારે તે રૂપે છે, તે ભૂત ભવિષ્યાદિ યુગવર્ત્તિત્વરૂપે નથી. આ યુગમાં પણ આવર્ષ સંબંધે તે છે. અતીત અનાગતાદિ સંબંધે નથી. તેમાં પણ નવત્વરૂપે છે, પુરાણત્વરૂપે નથી. તેમાં પણ અદ્યતનત્વરૂપે છે અનદ્યતનત્વરૂપે નથી. છતાં પણ વર્તમાનક્ષણરૂપે છે, અન્યક્ષણરૂપે નથી. એમ કાલથી સ્વપર્યાય અસંખ્ય છે. (અનંત પણ થાય) અને પરપર્યાય તો અનંત છે.

હવે ભાવથી તે પીળા વર્ણ થકી છે, નીલ આદિ વર્ણ થકી નથી. પીત છતાં પણ બીજા પીત દ્રવ્ય કરતાં એક ગુણો પીત છે, તે તેના કરતાં બીજાથી બમણો પીત છે ને ત્રીજા કરતાં તમણો (ત્રણ ઘણો) પીત છે અર્થાત્ એમ માનવું કે હરેક પીત દ્રવ્યની અપેક્ષાથી અનંત ગુણ પીત છે. બીજી અપેક્ષાએ એક ગુણ હીન, તે કરતાં બીજાથી દ્વિગુણ હીન ઈત્યાદિ છે તેથી એમ માનવું કે હરકોઈની અપેક્ષાથી અનંત ગુણહીન પીતત્વવાળો તે થાય છે. આ પ્રમાણે પીતત્વ થકી અનંત સ્વપર્યાય થયા; અપીતવર્ણવાળા એવા દ્રવ્યના ન્યૂનાધિકત્વને લઈ અનંત ભેદવાળા એવા એવા નીલ વિગેરે વર્ણથકી વ્યાવૃત્તિરૂપ પરપર્યાય પણ અનંત છે. એ પ્રમાણે રસપક્ષે પણ સ્વમધુરાદિરસની અપેક્ષાથી પીતત્વની પેઠે સ્વપર્યાય અનંત જાણવા. સુરભિગંધરૂપે પણ એ જ પ્રમાણે સ્વપર્યાય અનંત જાણવા, એ જ પ્રમાણે ગુરુ, લઘુ, મૃદુ, ખર, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, એ આઠ સ્પર્શની અપેક્ષાથી અધિક ન્યૂનત્વયોગ વડે પ્રત્યેકના એમજ અનંત સ્વપરપર્યાય જાણવા, કેમકે એવા અનંત દેશવાળા સ્કંધમાં આઠે સ્પર્શની પ્રાપ્તિ થાય છે એવો સિદ્ધાંત છે અથવા સુવર્ણ દ્રવ્યમાં પણ અનંતકાળથી

(એક જ દિશામાં રહેલા બે પદાર્થો આશ્રીને જે દૂર હોય તેને પર કહેવો અને પાસે હોય તેને અપર કહેવો એટલે અહીં દૈશિક-ક્ષેત્રકૃત પરત્વાપરત્વ સમજવું.)

---

પાંચે વર્ણ, બંને ગંધ, છએ રસ, આઠે સ્પર્શ, તે સર્વન્યૂનાધિકત્વને લઈને અનંતશઃ સંભવે છે અને તેની તેની તેના તેના પરવર્ણાદિથી વ્યાવૃત્તિ બને છે, એ એ અપેક્ષાથી સ્વપર પર્યાય અનંતા જાણવા. શબ્દતઃ પણ નાના દેશની અપેક્ષાએ ઘટને ઘટાદિ અનેક શબ્દવાચકત્વ છે. તેથી અનેક સ્વધર્મ થાય છે અને ઘટાદિના વાચક નહીં એવા તે તે શબ્દથી વ્યાવૃત્તિ હોવાથી પરધર્મ પણ અનંત થાય છે. અથવા ઘટના જે જે સ્વધર્મ કહ્યા અથવા કહેવાશે તેના વાચક જે જે ધ્વનિ (શબ્દ) છે તે બધા ઘટના સ્વધર્મ છે અને તે વિના જે બીજી બાબતના વાચક ધ્વનિ છે તે પરધર્મ છે. સંખ્યાથી પણ તે તે અપર અપર દ્રવ્યાપેક્ષાએ ઘટનું પ્રથમત્વ-દ્વિતીયત્વ-તૃતીયત્વ એમ યાવતા અનંતતમત્વ સુધી થાય એટલે તે રીતે સ્વધર્મ અનંત થયા, તે તે સંખ્યાના અવાચક એવાથી વ્યાવૃત્તિરૂપે પરધર્મ અનંતા થયા. પરિણામ (પરિમાણ) થકી પણ નાના પ્રકારના દ્રવ્યની અપેક્ષાએ તેનું અણુત્વ-મહત્ત્વ-હ્રસ્વત્વ-દીર્ઘત્વ એ આદિ-અનંત સ્વધર્મ થાય હવે એ ઘટને સ્વદ્રવ્યથી વ્યાવૃત્તિ હોવાને લીધે જે પરપર્યાય થાય તે જુદા જાણવા જોઈએ.

પરત્વઅપરત્વથી અન્યોઅન્ય અનંતદ્રવ્યની અપેક્ષાએ તે ઘટની સમીપતા, અધિકસમીપતા, બહુસમીપતા, દૂરતા, બહુદૂરતા, એક બે કે અસંખ્યપર્યંત તે જોજન જેટલી સમીપતા, દૂરતા થાય એટલે સ્વપર્યાય અનંત થાય, અથવા પરવસ્તુની અપેક્ષાએ તે પૂર્વે, તેનાથી બીજાની અપેક્ષાએ પશ્ચિમે, એમ દિશાવિદિશાનો આશ્રય કરી દૂરસમીપ આદિ માનતાં સ્વપર્યાય અનંતા થાય, આવી જે રીતે જ્ઞાનથી પણ ઘટનું અનંત ધર્માત્મકત્વ સિદ્ધ થાય. કર્મથી જોઈએ તો પણ ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, ભ્રમણ, સ્પંદન, રેચન, પૂરણ, ચલન, કંપન, અન્યસ્થાન, પ્રાપણ, જલાહરણ, જલાદિપ્રાપણ ઇત્યાદિક્રિયાના કાળભેદથી કે તેના અધિકન્યૂનત્વ થકી અનંતક્રિયાના હેતુરૂપે ઘટના ક્રિયારૂપ સ્વપર્યાય થાય છે. તેને વિષે રહેલા એક બે ત્રણ આદિ અનંતપર્યંત ધર્મથકી સદૃશ એવા અનંત ભેદવાળા ઘડાના અનંતભેદ સાદૃશ્યના અભાવ થકી સ્વધર્મ અનંત થાય છે અને વિશેષતઃ વિચારતાં અનંતદ્રવ્યમાં અપરાપર અપેક્ષા થકી એક બે ત્રણ કે અનંત એવા જેટલા ધર્મ થકી ઘટ વિલક્ષણ હોય તેટલા અનંત વૈલક્ષણ્ય હેતુ એવા ધર્મથકી અનંત સ્વધર્મવાળો મનાય. અનંતદ્રવ્યની અપેક્ષાએ ઘટ, સ્થૂલ, કૃશ, સમ, વિષમ, સૂક્ષ્મ, બાદર, તીવ્ર ચકચકિત, સૌમ્ય, પૃથુ, સંકીર્ણ, નીચો, ઉંચો, વિશાલમુખવાળો, એમ પ્રત્યેકપ્રતિ અનંત પ્રકારનો હોય માટે તે તે પ્રકારે પણ તેના સ્વધર્મ અનંત છે. હવે સંબંધ થકી જોઈએ. અનંતકાળને વિષે અનંત પરવસ્તુની સાથે પ્રસ્તુતઘટને આધાર આધેયભાવ રૂપ સંબંધ અનંત પ્રકારનો બને માટે તેની અપેક્ષાથી સ્વધર્મ અનંત થાય, એજ પ્રમાણે સ્વસ્વામિત્વ, જન્યજનકત્વ, નૈમિત્તિકત્વ, ધોઠાકારત્વ, પ્રકાશ પ્રકાશકત્વ, ભોજ્યભોજકત્વ, વાહ્યવાહકત્વ, આશ્રયઆશ્રયિત્વ, વધ્ય વધકત્વ, વિરોધ્યવિરોધકત્વ, જ્ઞેયજ્ઞાયકત્વ ઇત્યાદિ અસંખ્ય સંબંધો થકી પણ પ્રત્યેક પ્રત્યેક અનંત સ્વધર્મ સિદ્ધ થાય. વળી અત્ર ઘડાના સ્વપરપર્યાય જે અનંતાનંત કહ્યા તેમના પણ ઉત્પત્તિ-વિનાશ-સ્થિતિ પુનઃપુનઃ અનંતકાળમાં અનંતવાર થયાં થાય છે અને થશે માટે તેની અપેક્ષાથી પણ ધર્મ અનંત છે. આ પ્રમાણે પીતવર્ણથી આરંભી આટલે સુધી જોતાં ભાવતઃ અનંત ધર્મો સિદ્ધ થયા. અહીં જે દ્રવ્યક્ષેત્ર વિગેરે આશ્રયીને ધર્મો કહ્યા તેનાથી ઘટતો અવક્તવ્ય રહે, કેમકે એવો કોઈ શબ્દ નથી કે જેનાથી ઘટના સ્વધર્મ અને પરધર્મ કહેવાતાં યુગપત્ (એકીસાથે) કહેવાઈ શકાય. શબ્દથી જે કહેવાય તે તો ક્રમથી જ કહી શકાય છે, એટલે દ્રવ્યક્ષેત્રાદિ પ્રત્યેક પ્રકારે અવક્તવ્ય ધર્મ અને અન્ય દ્રવ્ય થકી વ્યાવૃત્ત હોવાથી અવક્તવ્ય એવા પરધર્મ પણ અનંત છે. એ પ્રકારે જેમ એક ઘટનું અનંતધર્મત્વ બતાવ્યું તેમ આત્મા આદિ સર્વ વસ્તુમાં પણ ઘટાવવું. ધર્મો ઉત્પન્ન થાય છે, પાછા વ્યય પામે છે પણ જે ધર્મી છે તે દ્રવ્યરૂપે નિત્ય રહે છે. ધર્મ અને ધર્મીનું કાંઈ અનન્યત્વ હોવાથી ધર્મી સદા સત્ત્વરૂપે છે, કાલત્રયવર્તી જે ધર્મો તે પણ શક્તિરૂપે સદા સત્ છે.

(૭) નવ=નવો ઘડો છે- તાજેતરમાં તૈયાર કરેલો ઘડો છે. (૮) પુરાણ=જૂના વખતનો ઘડો છે. (અહીં કાલકૃત પરત્વાપરત્વની વિવક્ષા સમજવી.)

(૯) અસમર્થ=જલાનયનાદિ અર્થ ક્રિયામાં અશક્ત ઘડો છે-અદૃઢ ઘડો છે. (૧૦) સમર્થ=જલઆનયન આદિ અર્થ ક્રિયાકારી ઘડો છે-દૃઢ ઘડો છે. (૧૧) દેવદત્તે બનાવેલો ઘડો છે. (૧૨) ચૈત્રની માલિકીવાળો ઘડો છે.

(૧૩) મળેલો-પ્રાપ્ત થયેલો-ભેટ તરીકે કે દાનદક્ષિણામાં મળેલો ઘડો છે. (ફોગટ મળેલો ઘડો છે.) (૧૪) ક્રીત=પૈસા આપીને ખરીદેલો ઘડો છે. (૧૫) હત=છિદ્રો-કાણાંવાળો ઘડો છે.

આદિ શબ્દથી અણુ-મહત્ (નાનો-મોટો) ઊંચો-નીચો વિગેરે અનેકરૂપ ધર્મવાળો છે. યાવત્ અનંત-ધર્મવાળો છે. સારાંશ કે; સંબંધની અપેક્ષાથી કોઈએક પુરૂષ સંબંધીનો જુદી જુદી દ્રષ્ટિએ વિચાર કરતાં તેને પિતા, પુત્ર, મામો, ભાણેજ, કાકો ભત્રીજો ઇત્યાદિ વિવિધરૂપે માનવો તે 'નય' છે. તે પુરૂષ, પોતાના પુત્રનીઅપેક્ષાએ પિતા છે, પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર છે. અને પોતાના ભાણેજ અને ભત્રીજાની અપેક્ષાએ મામો તથા કાકો છે. એ પ્રમાણે બાકીના સગપણો પણ ઘટાવી શકાય છે, આ દ્રષ્ટાંત ઉપરથી સમજી શકાય છે કે એકના એક પુરૂષમાં પિતૃત્વ-પુત્રત્વ ઇત્યાદિ અનેક ધર્મો રહેલા છે. અર્થાત્ દરેક વસ્તુ અનંતધર્માત્મક છે.

–પિતા આદિવ્યવહાર, સકલલોકસિદ્ધ છે તેમજ પિતા આદિવ્યવહાર, પરસ્પર ભિન્ન છે અને તેનું કારણ તથા પિતા આદિવ્યવહારનું મૂલબીજ એ રૂપ વિષયને છણતા શાસ્ત્રકાર–

**सकललोकसिद्धश्चेह पित्रादिव्यवहारः, भिन्नश्च मिथः, तथाप्रतीतेः, तत्तत्त्वनिबन्धनश्च अत एव हेतोः,**

ભાવાર્થ=આ જગતમાં એક જ પુરૂષને આશ્રી પિતા, પુત્ર, કાકા વિગેરેનો વ્યવહાર, (શબ્દપ્રયોગ) વિરોધવગર પ્રવર્ત્તતો હોઈ અવિરૂદ્ધ, અબાધિત, દૃષ્ટ (પ્રત્યક્ષ) અને ઇષ્ટ (અનુમાન આદિ) પ્રમાણથી સિદ્ધ-પ્રસિદ્ધ છે અને તે પિતા, પુત્ર વિગેરેનો વ્યવહાર, પરસ્પર ભિન્ન-ભેદવાળો-જુદો છે. જે અપેક્ષાએ પિતા છે તેજ અપેક્ષાએ પુત્ર નથી એટલે અપેક્ષાઓ ભિન્ન ભિન્ન હોવાથી, પિતા આદિવ્યવહાર, ભિન્ન-પરસ્પર ભેદવાળો છે. પિતૃવ્યવહાર જુદો છે (જુદી અપેક્ષાવાળો છે) તેમજ પુત્રાદિવ્યવહાર, જુદો જુદો છે (જુદી જુદી અપેક્ષાવાળો છે) કારણ કે; તેવી જ-પરસ્પર ભેદવાળી પિતા આદિવ્યવહારની પ્રતીતિ (બુદ્ધિ) જ પ્રમાણરૂપ છે-સઘળે સ્થળે સદા સર્વલોકોને તે પ્રકારની તથા પ્રતીતિ થાય છે.

વળી તે પિતા આદિવ્યવહારનું, પિતા-પુત્ર આદિપણાએ કરી વ્યવહાર (શબ્દપ્રયોગ) ના વિષય-નિમિત્તરૂપ પુરૂષનિષ્ઠ (રહેલ) પિતા આદિરૂપપણું (પિતા આદિનિષ્ઠરૂપ સ્વભાવ) મૂલબીજ છે.

અર્થાત્ પિતા-પુત્ર આદિવ્યવહારના પ્રત્યે પિતા આદિપણાએ કરી વ્યવહાર યોગ્ય પુરૂષનિષ્ઠ પિતા આદિરૂપત્વરૂપ સ્વરૂપ સ્વભાવ, કારણ છે.

(એવંચ વ્યવહાર્યપુરૂષ, પિતૃત્વપુત્રત્વ આદિ નાના ધર્મોથી યુક્ત છે એટલે પિતા આદિવ્યવહારના

પ્રત્યે પિતૃત્વપુત્રત્વ આદિ નાના ધર્મ વિશિષ્ટજ્ઞાન કારણ છે. **'व्यवहारं प्रति व्यवहर्त्तव्यतावच्छेदकप्रकारकं ज्ञानं कारणं'** આ ન્યાય પણ અહીં વિચારવો જોઈએ') સબબ કે; તેવા કાર્યકારણભાવમાં અથવા મજકૂર વિષયમાં તે તે પ્રકારની પ્રતીતિ (ઉપલબ્ધિ-ખ્યાતિબુદ્ધિ) જ પ્રમાણરૂપ છે. જો સમ્યગ્-સાચી પ્રતીતિને પ્રમાણરૂપ કરવામાં ન આવે તો સઘળે ઠેકાણે અવિશ્વાસ-અશ્રદ્ધાનું સામ્રાજ્ય ફરી વળે ! વાસ્તે સાચી પ્રતીતિને પ્રમાણરૂપ કરીને જેમ પુરૂષ વ્યક્તિમાં અનેક ધર્મો રહેલા છે તેમ પ્રત્યેક વસ્તુમાં અનેક ધર્મો રહેલા છે એમ માનવું જ જોઈએ.

–ચાલતા વિષય પરત્વે બૌદ્ધમતનું નિરસન અને સ્વમતનું સ્થાપન કરતા શાસ્ત્રકાર–

**[1]वासनाभेदादेवायमित्ययुक्तं तासामपि तन्निबन्धनत्वात्, नैकस्वभावादेव ततस्ता इति रूपाद् रसादिवासनापत्तेः, जातिभेदतो नैतदित्यप्ययुक्तं नीलात्पीतादिवासनाप्रसङ्गात्, तत्तत्स्वभावत्वान्नैतदित्यप्यसत्, वाङ्मात्रत्वेन युक्त्यनुपपत्तेः,**

ભાવાર્થ–પૂર્વપક્ષ (બૌદ્ધ) જે પહેલાં વસ્તુના અનેક સ્વભાવ (ધર્મ)ની સિદ્ધિના ખાતર, પિતા આદિ વ્યવહારનું દ્રષ્ટાંત કહેલું હતું. તે પિતા આદિ વ્યવહારરૂપ દ્રષ્ટાંતની પ્રવૃત્તિ અર્થાત્ એક પુરૂષમાં પિતા-પુત્ર વિગેરેના વ્યવહારની પ્રવૃત્તિ, વાસનાના ભેદને આધીન છે. પદાર્થનિષ્ઠ અનેક સ્વભાવ ધર્મને આધીન-પરતંત્ર નથી.

મતલબ કે; પિતા આદિરૂપ વિચિત્ર-નાનાવિધ વ્યવહારના પ્રત્યે પિતા આદિ વ્યવહાર (શબ્દ પ્રયોગ) કર્તા-વ્યવહર્ત્તામાં રહેલ-વાસનાની[2] વિચિત્રતા (વાસનાનો ભેદ) જવાબદાર-કારણ છે પરંતુ અનંત ધર્મરૂપ એક સ્વભાવવાળી વસ્તુ જવાબદાર નથી.

---

૧ सा शाक्यपरिकल्पिता त्रुटितमुक्तावलीकल्पानां परस्परविशकलितानां क्षणानामन्योऽन्यानुस्यूतप्रत्ययजनिका एकसूत्रस्थानीया सन्तानापरपर्याया वासना । वासनेति पूर्वज्ञानजनितामुत्तरज्ञाने शक्तिमाहुः । स्याद्वादमंजरी श्लो. १९ ।

અર્થ-તૂટેલ મોતીઓની માલાની માફક પરસ્પર ભિન્નક્ષણોને જોડવાવાળી વાસના બૌદ્ધે માનેલી છે. આ વાસના મોતીઓની માલામાં દોરાની માફક સંપૂર્ણ જ્ઞાન ક્ષણોમાં પેસેલી રહે છે. વાસનાનું બીજું નામ 'સંતાન' પણ છે. ઉત્તરજ્ઞાનક્ષણમાં પૂર્વ જ્ઞાનક્ષણે ઉત્પન્ન કરેલી શક્તિને 'વાસના' કહે છે.

૨ બૌદ્ધમત-પૂર્વચિત્તથી પેદા થયેલી ચેતનાની શક્તિથી યુક્ત બીજું ચિત્ત ઉત્પન્ન થાય છે. આ ચેતના શક્તિ વિશિષ્ટ ચિત્તનું ઉત્પન્ન થવું તે વાસના છે. આ વાસનાથી, વાસક (પૂર્વ ક્ષણ) અને વાસ્ય (ઉત્તરક્ષણ) માં સંબંધ થાય છે. આલય વિજ્ઞાન પણ આ વાસનાનું નામ છે. જેમ પવનથી સમુદ્રમાં મોજાઓ ઊઠે છે તેમ અહંકારયુક્ત ચેતના (આલય વિજ્ઞાન) માં આલંબન, સમનંતર, સહકારી અને અધિપતિ પ્રત્યયોદ્વારા પ્રવૃત્તિ વિજ્ઞાનરૂપ ધર્મ , પેદા થાય છે શબ્દ વિગેરેને ગ્રહણ કરનાર પૂર્વ ચિત્તને 'પ્રવૃત્તિ વિજ્ઞાન' કહે છે. આ પ્રવૃત્તિ વિજ્ઞાન, શબ્દ, સ્પર્શ, રૂપ રસ ગંધ અને વિકલ્પ વિજ્ઞાનના ભેદથી છ પ્રકારનું છે. શબ્દ, સ્પર્શ આદિને ગ્રહણ કરનાર પાંચ વિજ્ઞાનોને નિર્વિકલ્પક (જે જ્ઞાનમાં વિશેષાકારરૂપ નાના પ્રકારના ભિન્ન ભિન્ન પદાર્થ પ્રતિભાસિત હોય) અને વિકલ્પ જ્ઞાનને સવિકલ્પક (જે જ્ઞાનમાં તમામ પદાર્થ વિજ્ઞાનરૂપ પ્રતિભાસિત હોય) કહેલ છે. આ જ્ઞાનોને બૌદ્ધલોક 'ચિત્ત' કહે છે. વિજ્ઞાનને ચિત્ત અથવા ચૈતિક અને બાકીના રૂપ-વેદના-સંજ્ઞા-સંસ્કાર સ્કંધોને 'ચૈત' કહે છે. પ્રવૃત્તિ વિજ્ઞાનની સાથે એકકાલમાં પેદા થનાર અહંકાર યુક્ત ચેતનાને 'આલય વિજ્ઞાન' કહે છે. આ આલય-વિજ્ઞાનથી-પૂર્વક્ષણથી પેદા થયેલ ચેતનાની શક્તિ વિશિષ્ટ ઉત્તરચિત્ત પેદા થાય છે. આ આલયવિજ્ઞાનને વાસના તરીકે કહેલ છે.

વાસ્તે પિતા આદિ વ્યવહારરૂપ દૃષ્ટાંતથી વસ્તુના અનેક ધર્મની સિદ્ધિ થઈ શકે નહી.

ઉત્તરપક્ષ–બૌદ્ધે કરેલ મજકૂર વિવેચન બરોબર બંધબેસતું નથી, કારણ કે, બૌદ્ધ લોકો, નિરંશ (નિરવયવ) રૂપ એક સ્વભાવવાળી અને ક્ષણસ્થાયી-ક્ષણપછી ક્ષય પામનારી વસ્તુ છે એવો સિદ્ધાંત ધરાવે છે.

જો નિરંશ એક સ્વભાવવાળી અને ક્ષણવિનશ્વર સ્વભાવવાળી વસ્તુને અવલંબી પ્રવૃત્તિ-વ્યવહાર (પિતા આદિ વ્યવહાર) માનવામાં આવે તો, એક પુરૂષરૂપ વ્યક્તિવિશેષમાં પણ સ્થિર અને અનેક સ્વભાવનું સમર્પણ (સ્થાપન-આરોપણ) કરનાર, પિતા-પુત્ર વિગેરેનો વ્યવહાર પ્રવર્તી શકે નહી પરંતુ નિયત વ્યવહારના અર્થી કુશલ પુરૂષે કલ્પનાથી કરેલ સંકેતો દ્વારા બરાબર જામી ગયેલ વિચિત્ર-તરેહતરેહની વાસનાના પરિપાકથી કલ્પિત-કપોલ કલ્પિત કથા (નોવેલ-નવલિકા) ના વ્યવહારની માફક અવિદ્યમાન વિષયવાળો-વિષયશૂન્ય, પિતા આદિ વ્યવહાર બને ! અર્થાત્ વિદ્યમાન વિષય વગરનો પિતા આદિ વ્યવહાર હોઈ તે પિતા આદિ વ્યવહાર, તમારા મતે અસંગત કે અસત્ છે.

હળવે હળવે બૌદ્ધે માનેલ નિરંશ એક સ્વભાવવાળી વસ્તુમાં પિતા આદિ વ્યવહારની અસંગતિ કેવી રીતે આવે છે તેનું કરાવાતું સચોટ દિગ્દર્શન–

સૈદ્ધાન્તિકમત–વ્યવહાર વિષયભૂત વસ્તુ, ફક્ત વ્યવહારનું જ મૂલબીજ નથી પણ વાસનાઓના પ્રત્યે મૂલ કારણ છે.

જો, જેનો વ્યવહાર થાય છે તે વસ્તુરૂપ મૂલ કારણ ન માનો અને વાસનાઓ પેદા થાય છે અર્થાત્ કારણ વગર-આકસ્મિક વાસનાઓ થાય છે એમ માનો તો, વાસનાઓ, હંમેશાં વિદ્યમાન રહેશે કે સદા અવિદ્યમાન રહેશે વિગેરેરૂપ આપત્તિ-પ્રસંગ આવશે. આ વિષયનો નિષ્કર્ષ એ છે કે, એકાંતે એકરૂપ વ્યવહારવિષયવસ્તુથી અનેકરૂપ પિતા આદિ વાસનાઓની ઉત્પત્તિ નથી. તો નિરંશ એક સ્વભાવવાળી વસ્તુમાં પિતા આદિ વ્યવહારની અસંગતિ ઊભીને ઊભી છે.

જો, એકાંત એકરૂપ વ્યવહાર વિષયભૂત વસ્તુથી અનેકરૂપ પિતા આદિ વાસનાઓની ઉત્પત્તિ માનો તો કૃષ્ણ (કાળો) નીલો વિગેરે વર્ણરૂપ રૂપથી રસ-સ્પર્શ વિગેરે વિષયક વિચિત્રવાસનાઓની ઉત્પત્તિ માનવારૂપ આપત્તિ-દોષ-પ્રસંગ આવશે જ.

(જો આમ બને તો, આંખથી પણ રસ વિગેરેનું જ્ઞાન ઉત્પન્ન થાય ! સઘળી ઇન્દ્રિયોથી સઘળા વિષયોનું જ્ઞાન ઉત્પન્ન સહેલાઈથી થઈ જાય ! આવું કદી બનતું જ નથી.)

પૂર્વપક્ષ=રૂપજાતિ-રસજાતિ-સ્પર્શજાતિ વિગેરે જાતિભેદ હોવાથી, રૂપથી રસ વિગેરે વિષયક વાસનાઓની ઉત્પત્તિરૂપ આપત્તિ-દોષ આવતો નથી. કારણ કે; રૂપજાતિથી રસાદિજાતિ,અત્યંતભિન્ન-સાવ જુદીજ છે. તો કેવી રીતે રૂપથી રસાદિ વિષયક વાસનાઓની ઉત્પત્તિનો દોષ લાગુ પડે ? અર્થાત્ ન જ પડે.

ઉત્તરપક્ષ=આ પણ તમારૂં કહેવું વ્યાજબી નથી. કેમકે; રૂપત્વજાતિની સાથે અભિન્ન જાતિવાળા રૂપવિશેષનીલરૂપથી

દેખનારને (દ્રષ્ટાને) પીતરક્તવિગેરે વિષયક સજાતીય (સરખી જાતની) વાસનાઓની ઉત્પત્તિની આપત્તિ-પ્રસંગ તો નક્કર આવશેજને !

પૂર્વપક્ષ=તમોએ આપેલી આપત્તિ અમોને ચોંટશે જ નહીં કારણ કે; નીલ વિગેરેનો એવો સ્વભાવ છે કે; રૂપત્વે કરી સજાતીય પીત આદિ વાસનાઓને પણ પેદા કરી શકતો નથી. અને નીલ વિગેરે વાસનાઓને પેદા કરી શકે છે.મતલબ કે; નીલરૂપનો એવો સ્વભાવ છે કે નીલ વાસનાને જ જન્મ આપે, રૂપત્વે કરી સજાતીય પીત આદિ વાસનાઓને જન્મ ન આપે એમાં મહત્ત્વ સ્વભાવનું જ સમજવું. અને જ્યાં સ્વભાવનો પુરસ્કાર કરવામાં આવે એટલે ખેલ ખલાસ ! કોઈ ત્યાં પ્રશ્ન પૂછી શકે જ નહીં વળી ન્યાય છે કે 'અગ્નિનો સ્વભાવ બાળવાનો છે. આકાશનો સ્વભાવ બાળવાનો નથી' ત્યાં, કેમ? એવો પ્રશ્ન-દલીલ ચાલી શકે જ નહીં. સ્વભાવ, સહુથી બલવાન છે. એવંચ નીલરૂપથી પીતાદિ વિષયક વાસનાઓની ઉત્પત્તિરૂપ આપત્તિ પ્રસંગ આવશે જ નહીં.

ઉત્તરપક્ષ=આ તમારો પરીહાર અમને સુંદર લાગતો નથી. કારણ કે; આ યુક્તિવગરનું વિવેચન છે. એટલે આ તમારું વચન અમને વાણીવિલાસમાત્ર જ ભાસે છે.

–તમારું કથન યુક્તિ વગરનું જ છે. એ વાતનો સ્ફોટ કરતું વિવેચન–

**नहि नीलवासनायाः पीतादिवत् पित्रादिवासनाया न भिन्ना पुत्रादिवासनेति, निरूपणीयं, नोपादानभेदोऽप्यत्र परिहारः, एकस्यानेकनिमित्तत्वायोगात् न दर्शनादेवाविरोध इति, अभ्युपगमे विचारोपपत्तेः, न च सोऽप्येवं न विरुध्यत एव तदेकस्वभावत्वेन विरोधात्, न चैकानेकस्वभावेऽप्ययमिति तथादर्शनोपपत्तेरिति, नहि पितृवासनानिमित्तस्वभावत्वमेव पुत्रवासनानिमित्तस्वभावत्वं, नीलपीतादावपि तद्भावापत्तेरिति परिभावनीयमेतत्, एवं उभयथाऽपि उपादाननिमित्तभेदेन न सर्वथैकस्वभावदेकतोऽनेकफलोदयः, केषाञ्चिदहेतुकत्वोपपत्तेः, एकस्यैकत्रोपयोगेनापरत्राभावात्, अनेककार्यकरणैक-स्वभावत्वकल्पना तु शब्दान्तरेणैतदभ्युपगमानुपातिन्येव,**

ભાવાર્થ-(ઉત્તરપક્ષઃ) જેમ નીલવિષયક વાસનાથી પીત, રક્ત, આદિ વિષયક વાસના, જુદી નથી એમ નહીં પરંતુ જુદી જ છે. તેમ પિતૃઆદિવાસનાથી પુત્રાદિવાસના, સાવ જુદી જ છે. આ વિષયનું ખૂબ ઊંડા ઉતરી નિપુણનિરૂપણ પ્રૌઢ આલોચન કરો ! તથાચ જેમ દેખેલ નીલ આદિ (નીલ વિગેરે વસ્તુ) નીલ આદિ સ્વવાસનાને જ અર્થાત્ નીલાદિવાસનાને જ કરે છે, બનાવે છે, તેનાથી સાવ જુદી-ભિન્ન પીતાદિવાસનાને પણ કરતા નથી તેમ એક સ્વભાવવાળી વસ્તુ, પિતા વિગેરે (પિતા આદિરૂપ વસ્તુ) પિતા આદિરૂપ એક વાસનાને જ કરે ! બિલ્કુલ જુદી પુત્રાદિવાસનાને ન જ કરે, ન પેદા કરે ! તો પુરૂષરૂપ એકવસ્તુથી વિચિત્ર વાસનાઓનો સર્વથા અભાવ થયે છતે પુરૂષમાં પિતા આદિ વ્યવહારનો પણ અસંભવ જ થાય ! વાસ્તે જ અમે કહીએ છીએ કે; તમારા મતે પિતા આદિ વ્યવહાર, સકલલોકસિદ્ધ-પ્રસિદ્ધ જે છે તે યુક્તિથી ઘટી શકતો જ નથી.

પૂર્વપક્ષ=વાસનાભેદના પ્રત્યે વ્યવહારવિષય પિતા વગેરે જ કેવલ નિમિત્ત નથી. પરંતુ વાસનાભેદના પ્રત્યે વ્યવહારકર્ત્તા (આત્મા) રૂપ ઉપાદાનરૂપકારણવિશેષ, હેતુ છે. એટલે એકસ્વભાવવાળી વસ્તુમાં અનેક

વ્યવહારની અસંગતિરૂપ દોષનો પરિહાર થાય છે. તથાહિ-વાસનાભેદના પ્રત્યે પુત્રઆદિના નિમિત્તપણાનું ખંડન થયે છતે પર-વાદી કદાચ આ ઉત્તર આપે કે 'એક વ્યક્તિરૂપ દેવદત્ત (દેવદત્ત આદિ)નો વિષય કરીને તે દેવદત્તના પ્રત્યે પિતા-પુત્ર આદિરૂપપણાએ વ્યવસ્થિત થયેલ અનેકોની જે એ પુત્ર આદિ વાસનાપ્રવૃત્તિ છે, તે-પુત્ર આદિ વાસના પ્રત્યે તે અનેકોના પોતાના સંતાન (વાસના)ગત મનસ્કારરૂપ ઉપાદાન કારણભેદ (ભિન્નભિન્ન ઉપાદાન કારણ) મૂલબીજ છે.

પરંતુ વ્યવહાર વિષય વસ્તુસ્વભાવભેદ, કારણ નથી (અહીં મનસ્કાર એટલે પૂર્વના જ્ઞાનક્ષણરૂપ મનસ્કાર સમજવો.)

ઉત્તરપક્ષ=આ તમારો ઉત્તમ, સાચો ઉત્તર નહીં હોવાથી અનુત્તરરૂપ છે. કારણ કે; એક વ્યક્તિરૂપ દેવદત્તમાં, પિતા-પુત્ર વિગેરે રૂપવ્યવહારના કરનારા અનેકોના નિમિત્તપણા-સહકારિપણાનો અભાવ છે. (સ્વભિન્નત્વેસતિ સ્વકાર્યકારિત્વમ્-સહકારિત્વમ્, યથા દણ્ડસ્ય મૃત્તિકાકાર્ય-ઘટકારિત્વમ્) મતલબ કે; તે વ્યવહાર કરનારા અનેકો, તે, એક સહકારીરૂપ પુરૂષવિશેષ-દેવદત્તને પામીને ઉપાદાનનો ભેદ હોવા છતાં પણ તથાવિધસર્વવાસનાવાળાઓ (પિતા આદિ સર્વવાસનાવાળાઓ) થાય છે. આ તેમનું કથન યુક્તિયુક્ત નથી. કારણ કે; તે સહકારીવિશેષ દેવદત્તવ્યક્તિમાં અનેક વ્યવહારકારકપુત્રાદિને અનુકૂલ-યોગ્ય-અનુરૂપ-પ્રયોજક જેટલી વાસનાઓ કે જેટલા વ્યવહારકર્ત્તાઓ છે તેટલા સ્વભાવની શૂન્યતા (મીંડું) છે. એટલે તે અનેકોનું સહકારિત્વ ઘટી શકતું જ નથી.

પૂર્વપક્ષ=અરે ! આતો, નિરંશ-અવિભાગ (નિરવયવ) એક દેવદત્તરૂપ સહકારિવ્યક્તિમાં વ્યવહારકર્તા અનેકોના સ્વસંતાનગત મનસ્કારરૂપ ઉપાદાન ભેદથી અનેક (પુત્રાદિ) વાસના પ્રવૃત્તિ, પ્રત્યક્ષથી દેખાય છે તો એકમાં અનેકોનું સહકારિત્વ સિદ્ધ યુક્ત જ છે.

ઉત્તરપક્ષ=ભાઈસાહેબ ! વ્યવહારઘટનાનો ક્રમ એવો છે કે, જે પ્રકારે વસ્તુનો અભ્યુપગમ (નિશ્ચય વિશેષ કે સ્વીકાર) થાય છે. તે જ પ્રકારે વસ્તુનું દર્શન-પ્રત્યક્ષજ્ઞાન, થાય તો જ તથાદર્શનથી જ વ્યવહારની ઘટના બરોબર થઇ શકે છે.

એ જ વાતને સુંદર રીતે દર્શાવે છે કે;

પ્રસ્તુત વાસનાભેદના પ્રત્યે પ્રત્યક્ષજ્ઞાનરૂપ દર્શનનો વિરોધ છે. કારણ કે, અભ્યુપગમમાં વિચારની યોજના-સામર્થ્યશક્તિ છે

વિચારવાને સારૂ અભ્યુપગમ જ યુક્તિયુક્ત, ઉપયોગી છે. દર્શન નહીં. આનો નિષ્કર્ષ એ પ્રાપ્ત થાય છે કે; અભ્યુપગમનો પણ (દર્શનનો પણ)એકમાં અનેકસહકારિતાના સ્વીકાર પ્રત્યે વિરોધ છે. અર્થાત્ એકમાં અનેક સહકારિતાના સ્વીકાર પ્રત્યે અભ્યુપગમ અને દર્શન વિરોધી છે.

—વિરોધની ઘટના—

વ્યવહારયોગ્ય (દેવદત્તરૂપ એક વ્યક્તિ-પુરૂષ) રૂપ વસ્તુમાં નિરંશ એક સ્વભાવતાની સાથે અનેક

સ્વભાવની અપેક્ષા રાખનાર અનેક સહકારિતાના સ્વીકારનો વિરોધ છે. જો વ્યવહાર વિષયભૂત વસ્તુમાં નિરંશ એક સ્વભાવતા માનો તો, અનેક સ્વભાવની અપેક્ષા રાખનારી અનેક સહકારિતા ઊડી જાય ! અને અનેક સ્વભાવની અપેક્ષા રાખનાર અનેક સહકારિતા સ્વીકારો તો નિરંશ એક સ્વભાવતા રહી શકે નહીં અત એવ વ્યવહારયોગ્યવસ્તુનિષ્ઠ નિરંશ એક સ્વભાવતાના પ્રત્યે અનેક સ્વભાવની અપેક્ષા રાખનાર અનેક સહકારિતાનો (સ્વીકાર) પ્રતિબંધક છે.

હવે અનેકાંતમાં એકાંતપક્ષદૂષણના પ્રસંગનો પરીહાર કરવા સારૂ શાસ્ત્રકાર જણાવે છે કે; અનેકાંતરૂપ એકાનેક સ્વભાવમાં પ્રકૃત વ્યવહારનો વિરોધ (અસંગતિ) આવતો જ નથી. કારણ કે; જે પ્રકારે વસ્તુનો અભ્યુપગમ છે તે પ્રકારે જ વસ્તુના પ્રત્યક્ષજ્ઞાનરૂપ દર્શનથી વ્યવહાર ઘટમાન થાય છે. એ જ બાબતને વધુ સ્પષ્ટ કરે છે કે;

નિયમ=એક અનેક સ્વભાવવાળી વસ્તુમાં પિતૃવાસના નિમિત્ત સ્વભાવતા છે, તે જ પુત્રવાસના નિમિત્ત સ્વભાવતા નથી, પિતૃવાસના નિમિત્ત સ્વભાવતા ભિન્ન છે, અને પુત્રવાસના નિમિત્ત સ્વભાવતા ભિન્ન છે. જો સ્વભાવ ભેદને બિલ્કુલ નહીં માની, પિતૃવાસના નિમિત્ત સ્વભાવતા જ, વસ્તુમાં પુત્રવાસના નિમિત્ત સ્વભાવતારૂપ જ છે. અર્થાત્ સર્વથા વાસનાનિમિત્ત સ્વભાવતાને એક જ રૂપ માનવામાં આવે તો, નીલરૂપ વસ્તુમાં રહેલ નીલવાસનાનિમિત્તસ્વભાવતા જ પીત આદિવાસના નિમિત્ત સ્વભાવતારૂપ થઈ જશે ! અને એ આપત્તિ તમોને ઈષ્ટ નથી. માટે ખૂબ ખૂબ ઉંડા ઉતરી ઝીણવટથી છણાવટ કરી તારવો કે; 'એક જ વસ્તુ વિચિત્ર (નાનાવિધ) વાસનાઓને આધીન બની, વિચિત્ર વ્યવહાર, પ્રવૃત્તિમાં હેતુ છે.' આ વાત કદી તદ્દન સંભવી શકતી નથી એ સાર છે.

અન્યથા-વિચિત્રવાસનાઓને આધીન બનેલ એક જ વસ્તુથી વિચિત્ર વ્યવહારની પ્રવૃત્તિ માનો તો, એક વસ્તુથી જ સર્વ વ્યવહારની સિદ્ધિ થઈ જશે તો 'જગત વિચિત્ર છે' આવી માન્યતા સિદ્ધાંત પણ કેવી રીતે કાયમ રહેશે !

જગત એકરૂપ ભાસે તે તો ઈષ્ટ નથી જ માટે પ્રૌઢ પર્યાલોચન કરો !

પૂર્વપક્ષ=ઉપાદાનકારણના ભેદથી નિમિત્તકારણના ભેદથી સર્વથા એક સ્વભાવવાળી એક વસ્તુથી અનેક કાર્યની ઉત્પત્તિના સ્વીકારમાં કશોય બાધ-વિરોધ નહીં આવે. કારણ કે; અમારો માનેલો કારણવિભાગક્રમ આવો છે તે સાંભળો !

(૧) રૂપવિષયક જ્ઞાનજનક સામગ્રી આ પ્રમાણેની છે. अ રૂપ. आ આલોક-પ્રકાશ इ મનસ્કાર (**कृ+घञ् मनसः कारो व्यापारभेदः**—મનની સુખ તત્પરતા એ અર્થ નહીં લેતાં પરિભાષિત પૂર્વના જ્ઞાનક્ષણરૂપવાસના-મનસ્કાર એ અર્થ લેવો) ई ચક્ષુરિન્દ્રિય એ ચાર, રૂપ વિષયકજ્ઞાનમાં કારણો છે. તે ચાર કારણો પૈકી (૧) પૂર્વના જ્ઞાનક્ષણરૂપ મનસ્કાર એ રૂપવિજ્ઞાનને પેદા કરવામાં ઉપાદાન કારણ છે. અને બાકી રૂપવિગેરે ત્રણ (૩) નિમિત્ત કારણો છે. એવી જ રીતે રૂપ, આલોક, ચક્ષુઓના પણ સ્વસ્વપૂર્વના ક્ષણો (પોતપોતાના રૂપ, આલોક, ચક્ષુના પૂર્વના ક્ષણો) પોતપોતાના કાર્યને પેદા કરવામાં ઉપાદાન કારણ છે. અને બાકીના

ત્રણ (૩) નિમિત્ત કારણો છે. આ પ્રમાણે એક સ્વભાવવાળી એક વસ્તુથી, જુદા જુદા ઉપાદાનહેતુથી અને જુદા જુદા સહકારિકારણરૂપ નિમિત્ત કારણોની સહાયથી અનેક કાર્યનો ઉદય (ઉત્પત્તિ) સર્વ સામગ્રીઓમાં જોડવો-યોજવો-ઘટાવવો એ વાસ્તવિક છે. જેથી એક સ્વભાવવાળી એક વસ્તુથી અનેક વિચિત્ર કાર્ય-વ્યવહારની ઉત્પત્તિ, બરોબર ઘટી શકે છે. માટે આપે આપેલ આપત્તિ અમોને લાગુ પડશે જ નહિ.

ઉત્તરપક્ષ=ઉપાદાનભેદથી અને નિમિત્તભેદથી સર્વથા (એકાંતે) એક સ્વભાવવાળી એક વસ્તુથી ઐહિક (આલોકના) અને પારલૌકિક (પરલોકના) અનેક ફલ-કાર્યની ઉત્પત્તિ થતી જ નથી. આ નિયત-નિશ્ચલ નિયમ છે જો આ મુદ્દો નહીં સ્વીકારવામાં આવે તો અર્થાત્ એક વસ્તુથી અનેક કાર્યનો ઉદય (ઉત્પત્તિ) માનવામાં આવે તો, કારણ વગર જ કાર્યો પેદા થાય ! અર્થાત્ આકસ્મિક કાર્યની ઉત્પત્તિની આપત્તિ આવશે ! મતલબકે એક કાર્ય સિવાયના તમામ બીજા કાર્યો, કારણ વગર જ પેદા થવા લાગશે. કારણ કે; એક હેતુ સ્વભાવનો એક ફલ કાર્યમાં જ ઉપયોગ (વપરાશ, ખર્ચ ભોગવટો) જ થઈ જતો હોવાથી બીજા કાર્યમાં ઉપયોગ-વ્યાપારનો અભાવ છે.

પૂર્વપક્ષ= અમારી આવી માન્યતા છે કે;

'એક એવો પણ વસ્તુસ્વભાવ, અનેક કાર્ય કરવાના સ્વભાવવાળો છે' આવી વિશિષ્ટ કલ્પના હોઈ 'કેટલાએક કાર્યો, કારણ વગરના થશે' એવી આપત્તિ અમને આવશે જ નહીં સબબકે એક વસ્તુસ્વભાવ જ એવો છે કે અનેક કાર્ય કરવામાં વ્યાપાર-ઉપયોગ કરનાર થાય છે જ.

ઉત્તરપક્ષ=અરે ભાઈ ! આ માન્યતા તો અમારા મતને અનુસરનારી જ છે કાંઇ ફરક કે તફાવત દેખાતો જ નથી. જરી તુલના કરો ! જેમકે;

(૧) અમારી માન્યતા-**'एकमनेकस्वभावं'** (એક વસ્તુ, અનેક સ્વભાવવાળી છે.)

(૨) તમારી માન્યતા–**'एकोऽपि वस्तुस्वभावोऽनेककार्यकरणस्वभावः'** (એક પણ વસ્તુનો સ્વભાવ, અનેક કાર્ય કરવાના સ્વભાવવાળો છે.)

અહીં કેવલ ઉપલકદ્રષ્ટિથી શબ્દભેદ છે, તો પણ અર્થનો અભેદ હોવાથી અમારી માન્યતાને અનુસરનારી જ તમારી માન્યતા છે. તત્વચિંતનમાં શબ્દની મારામારી યોગ્ય લેખાતી નથી. પરંતુ અર્થ-રહસ્ય-તાત્પર્યભેદમાં જ સત્યભેદ મનાય છે.

સ્વતંત્ર અને સ્વચ્છ સિદ્ધાંત છે કે; એક વસ્તુથી કોઈ પણ રીતે સ્વભાવભેદ (માન્યા) સિવાય, અનેક કાર્યનો ઉદય ઉત્પત્તિ છે જ નહીં. આ સિદ્ધાંતની ચર્ચા ઝીણવટ રીતે પહેલાં કરી ચૂકેલ છે. હવે જે ગ્રંથમાં આ વિષયનું નિપુણ નિરૂપણ કરેલ છે ત્યાંનો નાનો નમૂનો ચખાડી, વિસ્તરાર્થીને ત્યાંથી જોઈલેવાની ભલામણ કરી, આ વિષયની પૂર્ણાહૂતિ કરવાની ઇચ્છાથી કહે છે કે,–

**निरूपितमेतदन्यत्र, 'यतः स्वभावतो जातमेकं नान्यत्ततो भवेत् ! कृत्स्नं प्रतीत्य तं भूतिभावत्वात्तत्स्वरूपवत् ॥१॥ अन्यच्चैवंविधं चेति, यदि स्यात्किं विरुध्यते ? । तत्स्वभावस्य कात्स्न्येन, हेतुत्वं प्रथमं प्रति' ॥२॥ इत्यादिना ग्रन्थेनेति नेह प्रतन्यते ।**

ભાવાર્થ= પહેલાં જે વિષયની ચર્ચા કરી તે વિષયનું નિરૂપણ જે પ્રકારે અનેકાંતજયપતાકામાં કરેલ છે. તેજ પ્રકારે નિરૂપણ કરતા કહે છે કે 'જે ઉપાદાનભૂત-વસ્તુગતરૂપરસાદિરૂપ સ્વભાવથી એક-વસ્ત્રરાગ આદિ (લુગડાના રંગ વિગેરે) રૂપકાર્ય પેદા થયેલ છે. તે જ વસ્તુસ્વભાવથી (એકસ્વભાવભૂતું હોયે છતે) સહકારીભાવથી-સહકારીપણાથી સ્વગ્રાહક પ્રત્યક્ષ આદિ (રૂપરસ આદિ ગ્રાહક પ્રત્યક્ષ આદિ) રૂપ બીજું કાર્ય પેદા ન થાય. કારણ કે, સમસ્તવસ્તુસ્વભાવને આશ્રિત થઈને (વ્યાપારીને-આલંબન-નિમિત્ત લઈને) પેદા થવાનો સ્વભાવ છે. આ વિષયમાં પહેલા જ કાર્યનું દ્રષ્ટાંત કહે છે કે; જેમકે-

હેતુભૂતવસ્તુગતરૂપઆદિરૂપસ્વભાવનું અથવા અધિકૃત (વસ્ત્રરાગઆદિ) એક કાર્યમાં રહેલ સ્વભાવનું સ્વરૂપ, જેમ સંપૂર્ણપણાએ-સમસ્તભાવથી હેતુભૂતસ્વભાવ કે કાર્યગતસ્વભાવને આશ્રિત થઈ, નિમિત્ત કરી અપેક્ષા રાખી પેદા થાય છે. તેવીજ રીતે પહેલું વસ્ત્રરાગઆદિરૂપ સ્વભાવને અપેક્ષી-નિમિત્ત કરી, આલંબન કરી પેદા થાય છે.

પૂર્વપક્ષ=જે પ્રકારે પોતાના હેતુથી વસ્તુગતરૂપરસઆદિરૂપસ્વભાવથી પહેલું કાર્ય-વસ્ત્રરાગઆદિ થાય છે. તેજ પ્રકારે તેજ વસ્તુગતરૂપરસઆદિસ્વભાવભૂત પોતાના હેતુથી જ બીજું કાર્ય (સ્વગ્રાહકપ્રત્યક્ષ આદિ) પેદા થવામાં શો વિરોધ આવે ! અર્થાત્ કશોય વિરોધ કે વાંધો નથી આવતો માટે બીજું કાર્ય પેદા થાઓ !

ઉત્તરપક્ષ=જો જે સ્વભાવથી પહેલું કાર્ય પેદા થાય છે, તેજ સ્વભાવથી બીજું કાર્ય પેદા થાય તો, વસ્ત્રરાગઆદિ પ્રથમ કાર્ય પ્રત્યે સામસ્ત્યેન (સર્વાત્મના-અશેષપણાએ-સમગ્રપણારૂપે) વસ્તુગતરૂપરસઆદિરૂપસ્વભાવના હેતુપણા-નિમિત્તપણાનો વિરોધ આવે છે.

વસ્તુતઃ આ પરમાર્થ ફલિત કે કથિત થાય છે કે, પહેલાકાર્ય (વસ્ત્રરાગઆદિ) માં જ સર્વાત્મના હેતુરૂપસ્વભાવ, ઉપયોગી (વ્યાપારવાળો) થઈ જતો હોઈ કેવી રીતે તે હેતુથી બીજા કાર્યનો સંભવ (ઉત્પત્તિ-ઉદય) થાય ?

જો તેજ હેતુથી બીજા કાર્યની ઉત્પત્તિ માનો તો, પહેલા કાર્ય (વસ્ત્રરાગઆદિ) માં જ, તે સ્વભાવરૂપહેતુનો સર્વાત્મના ઉપયોગ-વ્યાપારનો અસંભવ-અભાવ થઈ જાય ? વાસ્તે બલાત્કારથી પરાણે અનેક રૂપવસ્તુની સિદ્ધિ કબૂલવી પડશે જ.

આદિશબ્દથી બીજી કારિકાઓનો ગ્રંથ, અનેકાંતજયપતાકાથી જોઈ લેવો. અહીં તેનો વિસ્તાર કરવામાં આવતો નથી.

--આ વિષયનો કરાતો ઉપસંહાર--

**तदेवं निरुपचरितयथोदितसम्पत्तिद्धौ सर्वसिद्धिरिति व्याख्यातं [1]प्रणिपातदण्डकसूत्रम् ।**

---

**૧ નમોત્થુણંની પહેલાં અને પર્યંતે 'નમોત્થુણં' 'અને વંદામિ' પદ બોલતી વખતે જે નમસ્કાર થાય છે, તે નમસ્કાર (આ પંચાગ પ્રણિપાત તે ખમાસમણરૂપ કહેવાય છે તે નહીં) પણ પ્રતિપાતસૂત્ર (નમોત્થુણં) સંબંધી હોવાથી "પ્રણિપાત"**

ભાવાર્થ=સદ્રહુ વિશિષ્ટ વિવેચન-ઝીણવટભરી છણાવટથી નિરૂપચરિત (સત્ય-પ્રધાન-પવિત્ર) પૂર્વકથિતસંપદાઓની સિદ્ધિમાં સર્વસિદ્ધિ છે એટલે જ પ્રણિપાતદંડકસૂત્ર-નમોત્થુણં સૂત્રની વ્યાખ્યા વૃત્તિને સમાપ્તિ થાય છે એમ જાણવું.

સ્તોત્રના અધિકારી, પાઠવિધિ, સ્તોત્રરૂપકૃતિના સ્વરૂપના પ્રતિપાદનપૂર્વક પ્રસ્તુત પ્રણિપાતસૂત્રની વ્યાખ્યાની સમાપ્તી.

**तदेतदसौ साधुः श्राव्को वा यथोदितं पठन् पञ्चाङ्गप्रणिपातं करोति, भूयश्च पादपुञ्छनादिनिषण्णो यथाभावं स्थानवर्णार्थालम्बनगतचित्तः, सर्वसाराणि यथाभूतान्यसाधारणसङ्गतानि भगवतां दुष्टालङ्कारविरहेण, प्रकृष्टशब्दानि भववृद्धयेऽपरयोगव्याघातवर्जनेन परिशुद्धामापादयन्, योगवृद्धिमन्येषां सन्निधानतः सर्वज्ञप्रणीतप्रवचनोन्नतिकराणि भावसारं, परिशुद्धगम्भीरेण ध्वनिना सुनिभृताङ्गः सम्यगनभिभवन् गुरुध्वनि, तत्रोवेशात्, अगणयन् दंशमशकादीन् देहे योगमुद्रया रागादिविषपरममन्त्ररूपाणि महास्तोत्राणि पठति, एतानि च तुल्यान्येव प्रायशः, अन्यथा योगव्याघातः, तदज्ञस्य तदपरश्रवणं, एवमेव शुभचित्तलाभः, तदव्याघातोऽन्ययेति योगाचार्याः, योगसिद्धिरेव अत्र ज्ञापकं, द्विविधमुक्तंशब्दोत्तमर्थोक्तं च, तदेतदर्थोक्तं वर्त्तते, शुभचित्तलाभार्थत्वाद्वन्दनाया इति एवं च सति तत्र किञ्चिद् यदुच्यते परैरुपहासबुद्धया प्रस्तुतस्यासारताऽऽपादनाय, तद्यथा "अलमनेन क्षपणकवन्दनाकोलहलकल्पेन अभावताभिधानेन" उक्तवदभावताभिधानाऽयोगात्, स्थानादिगर्भतया भावसारत्वात्, तदपरस्याऽऽगमबाह्यत्वात्, पुरुषप्रवृत्त्या तु तद्बाधाऽयोगात्, अन्यथाऽतिप्रसङ्गादिति न किञ्चिदेव । एवंभूतैःस्तोत्रैर्वक्ष्यमाणप्रतिज्ञोचितं चेतोभावमापाद्य पञ्चाङ्गप्रणिपातपूर्वकं प्रमोदवृद्धिजनकानभिवन्द्याचार्यादीन् गृहीतभावः सहृदयनटवत् अधिकृतभूमिकासम्पादनार्थं चेष्टते वन्दनासम्पादनाय ॥ (इति प्रणिपातसूत्रव्याख्या)**

ભાવાર્થ=યથોક્ત-ઉપરોક્ત-સૂત્રની પ્રસ્તાવનામાં કથિતવિધિપૂર્વક, તે આ પ્રણિપાતદંડકસૂત્ર (નમોત્થુણંસૂત્ર) ને આ સાધુ અથવા શ્રાવક, (અધિકારી) ભણતો-પાઠ કરતો પંચાંગ પ્રણિપાતને (બે હાથ, બે ઢીંચણ,અને એક મસ્તક એ પાંચ અંગો વડે ભૂમિ સ્પર્શ કરવાપૂર્વક જે પ્રણામ કરવો તે પંચાંગી પ્રણામ કહેવાય છે.) કરે છે. અર્થાત્ પંચાંગીમુદ્રાએ (પાંચઅંગોવડે) પ્રણિપાત-નમસ્કાર કરે છે. અથવા [1]ખમાસમણ દે છે.

કારણ કે; આ ખમાસમણ, પંચાંગીપ્રણામથી દેવાય છે. તેવી પ્રસિદ્ધિ છે. અને વળી ફરીથી (પછી) (૧) પાદપુંછન-આસનવિશેષ વિગેરે (આદિ શબ્દથી પોષધધારી શ્રાવકના આસનનું ગ્રહણ કરવું) ઉપર બેઠેલો સાધુ કે શ્રાવકે સ્થાન આદિ ચારમાં, ભાવપૂર્વક-પરમ કુશલ આશયપૂર્વક (યથાયોગ્ય) ઉપયોગવાળા-દત્તચિત્તવાળા થવું જોઈએ.

---

**કહેવાય છે અને પ્રણિપાત પ્રતિપાદકસૂત્ર પ્રણિપાતદંડકસૂત્ર કહેવાય છે. વળી 'નમોત્થુણં, અરિહંત ચેઈયાણં, લોગસ્સ, પુખ્ખરવરદી, સિદ્ધાણંબુદ્ધાણં' આ ચૈત્યવંદનમાં પાંચ મુખ્ય સુત્રો હોવાથી એ ૪/સૂત્રોને જ 'દંડક' સંજ્ઞા આપી છે તે પૂર્વાચાર્યોની પરિભાષા જ જાણવી અથવા दण्डा इव दण्डाः सरलाः यथोक्तमुद्राभिरस्खलितभण्यमानत्वादिति अवचूरिः; દંડની જેમ સરલ અતએવ કથિતમુદ્રાઓદ્વારા અસ્ખલિતરીત્યા ભણાતા હોવાથી પાંચ સૂત્રો 'દંડક' કહેવાય છે.**

**૧ 'इह प्रणिपातशब्देन क्षमाश्रमणमुच्यते' इति श्री. चैत्य. श्री धर्म. संघाचारविधौ पृ. २४७ અહીં પ્રણિપાત શબ્દનો અર્થ 'ક્ષમાશ્રમણ' કહેવાય છે.**

અ સ્થાનયોગમાં-યોગમુદ્રા વિગેરે ચાર મુદ્રાઓમાં એકાગ્રચિત્તવાળા બનવું જોઈએ.

આ વર્ણયોગમાં (સૂત્રયોગમાં)-સૂત્રોના અક્ષરો અત્યંત સ્પષ્ટ, શુદ્ધ, સ્વર તથા વ્યંજનના ભેદસહિત, (ભેદ સમજાય તેમ) પદચ્છેદ જુદા પડે (શબ્દો છૂટા છૂટા સમજાય) તેવી રીતે, તથા ~~સંપ્રદાનો~~ (વિસામા) પણ સમજી શકાય તેમ અને ઉચિતધ્વનિપૂર્વક (બહુ મોટા સ્વરે નહીં તેમ બહુ મંદ સ્વરે નહીં તેવી રીતે) બોલવારૂપ વર્ણયોગમાં એકતાર ચિત્તવાળા થવું જોઈએ.

ઇ અર્થયોગ=સ્તોત્ર બોલતી વેળાએ પોતાના જ્ઞાનના અનુસારે શક્રસ્તવઆદિ સ્તોત્રોના અર્થની વિચારણા (ઉપયોગ) રૂપ અર્થયોગમાં એક ચિત્તવાળા થવું જોઈએ.

ઈ આલંબનયોગ=ચૈત્યવંદનના સૂત્રોના અર્થમાં આવતા (વિચારાતા) ભાવ અરિહંત આદિનું સ્મરણ કરવું તેમજ જેમની આગળ વંદન કરવાનો પ્રારંભ કર્યો છે તે પ્રતિમા આદિ પણ સ્મૃતિ બહાર ન થવા જોઈએ. અર્થાત્ આલંબનભૂત ભાવઅરિહંત આદિ અને સ્થાપના અરિહંતમાં પણ ઉપયોગ રાખવારૂપ આલંબનયોગમાં એકતાન મનવાળા બનવું જોઈએ.

શંકા=સ્થાનમાં, વર્ણમાં, અર્થમાં, આલંબનમાં સર્વત્ર એકસાથે અનેક ઉપયોગ કેવી રીતે ઘટે ? કારણ કે; એક સમયમાં કેવલી ભગવંતોને પણ બે ઉપયોગ હોતા નથી.

સમાધાન=ચિત્તની શીઘ્રગતિ હોવાથી, વર્ણથી અર્થમાં, અર્થથી આલંબનમાં ઇત્યાદિ રીતે ભિન્નભિન્ન વખતે ભિન્નભિન્ન ઉપયોગ હોવા છતાં પણ જેમ બળતું ઉંબાડીયું ગોળ ચકાવાથી શીઘ્ર ફેરવતાં જ્વાલાછેદ દેખાતો નથી તેમ ઉપયોગભેદ રાખવો પણ ભિન્નસ્થાને ઉપયોગ ન રાખવો એ તાત્પર્ય છે.

(૨) સર્વસારભૂત-સર્વશ્રેષ્ઠ-તમામ સ્તોત્રોથી ચડીયાતા તેમજ યથાભૂત=યથાર્થ-વાસ્તવિક સત્યાર્થથી ભરચક સ્તોત્રો, સાધુ કે શ્રાવકે ભણવા જોઈએ. કારણ કે; સ્તોત્રો વડે વિદ્યમાન કે સત્યગુણોનું સંકીર્તન થવાથી મોક્ષનો અભિલાષ પ્રગટે છે અને તેથી સમરસની-સમતાની પ્રાપ્તિ થાય છે. અન્યથા અસત્યભૂત ગુણોનું કીર્તન, ભયંકર છે-ભવવર્ધક છે.

(૩) ભગવંતોના અસાધારણગુણસંગત, સ્તોત્રો, સાધુ કે શ્રાવકે ભણવા જોઈએ. જે સ્તોત્રોનો આપણે પાઠ કરીએ તેમાં ભગવંતોના અસાધારણગુણો (અબાધ્યસિદ્ધાન્તત્વ અનંત જ્ઞાનાદિગુણો) તરવરતા હોવા જોઈએ. કારણ કે; સ્તોતવ્ય અરિહંત ભગવંત નિષ્ઠ અસાધારણગુણોનું સંકીર્તન, શુભભાવનોહેતુ છે. (સ્તોત્ર પણ અસ્ખલિત, અમીલિત, અવ્યત્યામ્રેડિત, આદિગુણોથી યુક્ત હોવું જોઈએ અથવા અસાધારણ માધુર્ય, પ્રસાદ આદિગુણ સંપન્ન હોવું જોઈએ એમ પણ ધ્વનિત કરી શકાય.)

(૪) [1]દોષવાળા-અલંકારના અભાવપૂર્વક, શુભભાવની વૃદ્ધિને ખાતર. પ્રકૃષ્ટ (ઉત્તમ-સર્વશ્રેષ્ઠ) શબ્દવાળા સ્તોત્રો, સાધુ કે શ્રાવકે ભણવા જોઈએ.

---

૧ દોષોનું સ્વરૂપ અને તેના પ્રકારોનું વર્ણન=મુખ્ય અર્થનો એટલે રસ કે ભાવનો જેથી અપકર્ષ કે ક્ષતિ થાય

–સાહિત્યશાસ્ત્રપ્રસિદ્ધ સંક્ષિપ્ત અલંકારદોષોનું વિવેચન–

રસના અપકર્ષ (હાનિ) ને કરનારા દોષો કહેવાય છે તે દોષોના પાંચ (૫) પ્રકાર છે.
(૧) પદદોષો. (૨) પદાંશદોષ. (૩) વાક્યદોષ. (૪) અર્થદોષ. (૫) રસદોષ.

---

તેને 'દોષ' કહે છે. કેટલાક દોષ નિત્ય છે. અર્થાત્ સર્વ સ્થળે દોષ જ ગણાય છે. કેટલાક દોષ, અનિત્ય છે એટલે અમુક પ્રસંગમાં જ દોષરૂપ ગણાય, કેટલાક શબ્દદોષ છે, કેટલાક અર્થદોષ છે, અને કેટલાક રસદોષ છે આવા દોષના પ્રકારો છે. કાનને પ્રિય લાગે એવાં પદો જ કાવ્યમાં વાપરવાં જોઈએ. શબ્દશાસ્ત્રના નિયમોનો અનાદર કરવાથી 'ચ્યુતસંસ્કૃતિ' નામકદોષ થાય છે.

વ્યાકરણના દોષોનો એમાં સમાવેશ થાય છે, કર્ણને કઠોર લાગે એવા પદોના પ્રયોગથી 'શ્રુતિકટુત્વ' નામકદોષ બને છે. અશ્લીલ, ગ્રામ્ય, અપ્રસિદ્ધ, કે સંદિગ્ધપદ વાપરવાથી કે એવો અર્થ થવાથી સહૃદયના મનને ઉદ્વેગ થાય છે ને રસની ક્ષતિ થાય છે, માટે એવાં પદ અને અર્થ પણ દૂષિત જ છે.અશ્લીલતા, ગ્રામ્યતા, અપ્રસિદ્ધતા અનેસંદિગ્ધતા એ દોષ છે. જે રચનાથી વર્ણનનો આરંભ કર્યો હોય તે રચનાનો ભંગ કરી અન્ય રચનાનો આશ્રય કરવાથી 'ભગ્નપ્રક્રમ' દોષ થાય છે. ગૂંચવણ ભરેલી રચના ક્લિષ્ટ કહેવાય છે ને તેથી 'ક્લિષ્ટતા' દોષ બને છે. એકનું એક પદ, પ્રયોજન વિના પુનઃ પ્રયોજવાથી 'કથિતપદત્વ કે પુનરુક્તિ' દોષ થાય છે. આ દોષ, અનિત્ય છે, કેમકે, કેટલેક સ્થળે પુનરૂક્તિ આવશ્યક છે.

'उदेति सविता ताम्रस्ताम्र एवास्तमेति च, सम्पत्तौ च विपत्तौ च, महतामेकरूपता ।

ઉગે છે સવિતા તામ્ર તામ્રરૂપ જ આથમે. સંપદમાં ને વિપદમાં એ, મહાન્તો એકરૂપ છે. ભાષાંતર, આમાં ઉદારપુરૂષોની એકરૂપતા સૂર્યના દ્રષ્ટાંતથી દર્શાવી છે. સૂર્ય ઉગે છે ત્યારે તામ્ર-રક્ત હોય છે, ને આથમે છે ત્યારે પણ તામ્ર જ હોય છે, એકજ સ્વરૂપ હોય છે એમ દ્રષ્ટાંત આપ્યું.

આ દ્રષ્ટાંતમાં તામ્ર શબ્દ બીજીવાર વાપરવાથી દોષ થતો નથી. એટલું જ નહિ પણ ગુણ થાય છે. અહિં એકરૂપતાનું સમર્થન કરવા પુનરૂક્તિ આવશ્યક અને ગુણરૂપ છે.

અર્થની પુષ્ટિ ન થાય એવાં નકામાં વિશેષણોથી અપુષ્ટ (ત્વ) દોષ થાય છે. એ અર્થદોષ છે, છંદોભંગ કે યતિભંગથી હતવૃત્તત્વ દોષ થાય છે, છંદના કરતાં યતિમાં વિશેષ દોષ, જોવામાં આવે છે. જે વૃત્તમાં જે જે સ્થળે વિદ્વાનોએ વિશ્રામસ્થાન નક્કી કર્યા છે, તે તે વૃત્તમાં તે તે સ્થળે વિશ્રામ લેતા પદને ભાંગી નાખવું પડે ત્યાં એવો દોષ, થાય છે રસદોષ પણ ત્રણ પ્રકારના છે પણ તે સર્વમાં અનૌચિત્ય એટલે રસની યોગ્યતાનો નાશ એ રસભંગનું મુખ્ય કારણ છે.

આ દોષોમાંના ઘણાખરા ગદ્યમાં પણ જોવામાં આવે છે. ક્લિષ્ટરચના, વ્યાકરણ દ્રષ્ટિએ અશુદ્ધ શબ્દો, અપ્રયુક્ત, સંદિગ્ધને ગ્રામ્ય શબ્દો તેમજ કર્ણકટુપદને યતિભંગ જેવા દોષ, આપણી (ગુજરાતી) ભાષામાં ગદ્યને પદ્યમાં-બંનેમાં સ્થળે સ્થળે દ્રષ્ટિગોચર થાય છે.

એ તો ખરૂં છે કે કેટલાંક ઉત્તમ કાવ્યમાં પણ ક્વચિત્ દોષ જોવામાં આવે છે. પરંતુ કાવ્ય, જેમ બને તેમ દોષ રહિત હોવુંજોઈએ. સંસ્કૃત આલંકારિકોએ કહ્યું છે કે કોઢના એક ડાઘાથી પણ ઉત્તમ કાંતિવાળું પણ શરીર કદરૂપું બની જાય છે. તેમ એક પણ દોષથી ગમે તેવું ઉત્તમ કાવ્ય પણ કર્ણકઠોર થઈ જાય છે. તાત્પર્ય એ છે કે અન્યની પેઠે કવિનો આદર્શ ઉચ્ચતમ હોવો જોઈએ દોષનું સ્વરૂપ જાણી તેમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો એ સર્વ કોઈનો ધર્મ છે. દોષના વિવેચનથી એટલું સ્પષ્ટ છે કે કવિની ભાષા, શુદ્ધ, ગુંચવણ વગરની,ને પ્રાસાદિક હોવી જોઈએ. તેમજ તેનો

પદાદિદોષની નામાવલી=(૧) 'દુઃશ્રવત્વ. (૨) અશ્લીલત્વ. (૩) અનુચિતાર્થત્વ. (૪) અપ્રયુક્તત્વ. (૫) ગ્રામ્યત્વ. (૬) અપ્રતીતત્વ. (૭)સંદિગ્ધત્વ (૮) નેયાર્થત્વ. (૯) નિહતાર્થત્વ. (૧૦) અવાચકત્વ. (૧૧) ક્લિષ્ટત્વ. (૧૨) વિરૂદ્ધમતિકારિત્વ. (૧૩) અવિમૃષ્ટવિધેયત્વ. (૧૪) નિરર્થકત્વ (૧૫) અસમર્થત્વ. (૧૬) ચ્યુતસંસ્કારત્વ.' અહીં દુઃશ્રવત્વ વિગેરે. (૧૩) તેર, પદદોષો અને વાક્યદોષો ગણાય છે. ક્લિષ્ટત્વ આદિ (૩) ત્રણ, સમાસગતજ પદદોષ ગણાય છે. નિરર્થકત્વ આદિ (૩) ત્રણ, પદગતજ દોષ ગણાય છે. આ પ્રમાણે દુઃશ્રવત્વ આદિ દોષો, પદાંશગત પણ જાણી લેવા.

કેવલ વાક્યગત જ દોષોની નામાવલી ÷ (૧) પ્રતિકૂલવર્ણત્વ (૨) લુપ્તવિસર્ગત્વ (૩) આહતવિસર્ગત્વ (૪) અધિકપદત્વ (૫) ન્યૂનપદત્વ (૬) કથિતપદત્વ (૭) હતવૃત્તત્વ (૮) પતત્પ્રકર્ષત્વ (૯) સંધિવિશ્લેષત્વ (૧૦) સંધિ-અશ્લીલત્વ (૧૧) સંધિકષ્ટત્વ (૧૨) અર્ધાંતરૈકપદત્વ (૧૩) સમાપ્તપુનરાત્તત્વ (૧૪) અભવન્મતસંબંધત્વ (૧૫) અક્રમત્વ (૧૬) અમતપરાર્થત્વ (૧૭) અનભિહિતવાચ્યત્વ (૧૮) ભગ્નપ્રક્રમત્વ (૧૯) પ્રસિદ્ધિત્યાગત્વ (૨૦) અસ્થાનસ્થપદત્વ (૨૧) અસ્થાનસ્થસમાસત્વ (૨૨) સંકીર્ણત્વ (૨૩) ગર્ભિતત્વ, આ પ્રતિકૂલવર્ણત્વાદિ (૨૩) દોષો, કેવલ, વાક્યગત જ સમજવા.

અર્થદોષોની નામાવલી= (૧) અપુષ્ટત્વ (૨) દુષ્ક્રમત્વ (૩) ગ્રામ્યત્વ (૪) વ્યાહતત્વ (૫) અશ્લીલત્વ (૬) કષ્ટત્વ (૭) અનવીકૃતત્વ (૮) નિર્હેતુત્વ (૯) પ્રકાશિતવિરૂદ્ધત્વ (૧૦) સંદિગ્ધત્વ (૧૧) પુનરૂક્તત્વ (૧૨) પ્રસિદ્ધવિરૂદ્ધત્વ (૧૩) વિદ્યાવિરૂદ્ધત્વ (૧૪) સાકાંક્ષત્વ (૧૫) સહચરભિન્નત્વ (૧૬) અસ્થાનયુક્તત્વ (૧૭) અવિશેષવિશેષત્વ (૧૮) અનિયમનિયમત્વ (૧૯) વિશેષાવિશેષત્વ (૨૦) નિયમાનિયમત્વ (૨૧) વિધિઅયુક્તત્વ (૨૨) અનુવાદયુક્તત્વ (૨૩) નિર્મુક્તપુનરૂક્તત્વ' આ અપુષ્ટત્વ વિગેરે ત્રેવીસ દોષો, અર્થગત દોષો છે.

---

અર્થ પણ ક્લિષ્ટ કે અનુચિત ન જોઈએ તેમાં રસની પરિપૂર્તિ જોઈએ ને સહૃદયને માન્ય ન થાય એવી ક્લિષ્ટ કલ્પના તેમાં ન જોઈએ.

ગુણ=માત્ર દોષ રહિતશબ્દ અને અર્થ હોય એટલે કાવ્ય થાય એમ નથી. તે શબ્દને અર્થ, ગુણયુક્ત હોવા જોઈએ. જેમ શૌર્યાદિ, આત્માના ધર્મ છે. તેમ કાવ્યનો આત્મા રસ છે તેના ગુણો ધર્મ છે. શૌર્યાદિ, આત્માનો ઉત્કર્ષ કરે છે તેમ ગુણો પણ રસનો ઉત્કર્ષ કરે છે. અને શૌર્યાદિ ગુણ, આત્માથી પૃથગ્ રહી શકતા નથી. તેમ કાવ્યમાં ગુણ રસથી પૃથગ્ રહી શકતા નથી. આ પ્રમાણે કાવ્યમાં ગુણો રસની જમાવટ કરવામાં ઉપયોગી છે. માધુર્ય ઓજસ, ને પ્રસાદ એ ત્રણ ગુણ છે. જેથી ચિત્તને આહ્લાદ થાય અને દ્વેષ આદિથી તેમાં જે કઠોરપણું આવ્યું હોય તે જતું રહી તે પાણી પાણી થઈ જાય તે ગુણને વિદ્વાનોએ 'મધુરગુણ' કહ્યો છે. એ ગુણ, સંભોગશૃંગાર રસમાં માલુમ પડે છે. પણ કરૂણ રસ, વિપ્રલંભ શૃંગારને શાંત રસમાં તે ઉત્તરોત્તર વિશેષ જોવામાં આવે છે. જેથી મનની અંદર જુસ્સો ઉત્પન્ન થાય છે, જાણે અગ્નિ, પ્રદીપ્ત થયો હોય, ને જવલિત થયું હોય એમ લાગે છે તે 'ઓજો' ગુણ છે, આત્માના વિસ્તારનો હેતુ છે ને વીરરસમાં રહેલો છે. વીરથી અધિક બીભત્સમાં ને તેથી અધિક રૌદ્રરસમાં તે હોય છે. સૂકાલાકડામાં જેમ અગ્નિ તરત સર્વત્ર વ્યાપે છે ને જેમ સ્વચ્છજલ સર્વત્ર પ્રસરે છે, તેમ જે મનમાં એકદમ ફેલાઈ જાય છે તે 'પ્રસાદ' ગુણ છે. અને તે સર્વત્રરસમાં રહેલો છે.

રસદોષોની નામાવલી–(૧) રસશબ્દોક્તિ (૨) સ્થાયિશબ્દોક્તિ (૩) વ્યભિચારીશબ્દોક્તિ (૪) પ્રતિકૂલવિભાવાદિગ્રહ (૫) અનુભાવકષ્ટાક્ષેપ (૬) વિભાગકષ્ટાક્ષેપ (૭) અકાંડપ્રથનં (૮) અકાંડચ્છેદ (૯) પુનઃપુનર્દીપ્તિ (૧૦) અંગિઅનનુસંધાન (૧૧) અનંગાભિધાન (૧૨) અંગાતિવિસ્તૃતિઃ (૧૩) પ્રકૃતિવિપર્યય (૧૪) અર્થાનૌચિત્ય' આ ચૌદ રસદોષો છે.

આ પેટાભેદપૂર્વક બતાવેલ પદાદિગત પાંચ પ્રકારના દોષોથી જુદા-બીજા અલંકાર દોષોનો સંભવ નથી. પેટાભેદપૂર્વકના આ પાંચ દોષમાં અલંકાર દોષોનો સમાવેશ થાય છે. કેટલાક દોષો, રસભેદાદિ વિષય પ્રસંગમાં ગુણો પણ થાય છે. (આ વિષયનું સવિસ્તર વર્ણન, સાહિત્ય દર્પણ નામના સાહિત્ય વિષયના ગ્રંથના સાતમાં પરિચ્છેદમાં કરેલું છે. ત્યાંથી જાણી લેવું )

તથાચ દોષ વગરના, (પુનરુક્તવદાભાસ (૧) છેકાનુપ્રાસવૃત્ત્યનુપ્રાસ-શ્રુત્યનુપ્રાસ-અંત્યાનુપ્રાસરૂપ પાંચ પ્રકારના અનુપ્રાસ (૨) યમક (૩) વક્રોક્તિ (૪) ભાષાસમ (૫) વર્ણ, પ્રત્યય, લિંગ, પ્રકૃતિ, પદ વિભક્તિ, વચન, ભાષારૂપ આઠ પ્રકારનો તેમજ સભંગ-અભંગ-સભંગાભંગરૂપ ત્રણ પ્રકારનો શ્લેષ (૬) પદ્મબંધ આદિ ભેદભિન્ન ચિત્ર અલંકારરૂપ) શબ્દાલંકાર તેમજ અર્થાલંકાર (ઉપમા આદિરૂપ) થી દીપતા-ઓપતા-શોભતા સ્તોત્રો, સાધુ કે શ્રાવકે ભણવા જોઈએ.

(૫) ભાવની વૃદ્ધિને ખાતર, બીજા યોગને (સ્તોત્રપાઠ ભિન્ન-બીજા મોક્ષ ઉપાય ભૂતયોગને) વ્યાઘાત (અંતરાયબાધ-ધક્કો) ન પહોંચે તેવી રીતે અથવા બીજાઓને (શ્રોતાઓને) પરિશુદ્ધ-પરમપવિત્ર યોગ (મન-વચન-કાય વ્યાપાર-રૂપયોગ અથવા સ્થાનાદિયોગ) ની વૃદ્ધિપ્રકર્ષને પમાડતા-કરતા સાધુ કે શ્રાવકે, સદ્વિધાનથી (યથાયોગ્ય-સારી રચનાથી શબ્દાર્થ શરીરવાળા કાવ્યના આત્મારૂપ રસ વિ. ને ઉપકાર કરનાર, વિશિષ્ટપદ રચનારૂપ વૈદર્ભી-ગૌડી-પાંચાલી-લાટિકા (લાટી) રૂપ ચાર પ્રકારની રીતિપૂર્વક સુંદર ગુંથણી હોઈ અથવા વિદ્યમાન કે સત્યપદાર્થના વિધાન-નિરૂપણથી) સર્વજ્ઞે રચેલ (અર્થરૂપે) પ્રવચન (નિર્ગ્રંથ પ્રવચન-જૈનશાસન)ની ઉન્નતિ (પ્રભાવના-જાહોજલાલી-ચડતી) કરનારા સ્તોત્રો ભણવા જોઈએ.

(૬) શુભભાવની પ્રધાનતાપૂર્વક, સંગીતશાસ્ત્ર પ્રસિદ્ધતાલ-રાગના નિયમની જાળવણીપૂર્વક ઢબસરના ગંભીર અવાજે, ગુરૂતરઅવાજ નહીં કરવા દ્વારા મૃદંગ વિ. નો ગુરૂઅવાજ અને ગાનારનો અવાજ એકરૂપ થાય-સારી લયઆદિ થાય તેવી રીતે અતિ નિશ્ચલ-કે વિનમ્ર શરીરવાળા બની સાધુ કે શ્રાવકે સ્તોત્રો ભણવા જોઈએ.

(૭) ભગવંતોના પ્રત્યે જ એકમાત્ર ચિત્ત હોવાથી દેહકાયામાં ચટકા દેનાર, દાંશ-મચ્છર વિગેરેના ઉપસર્ગો-ઉપદ્રવોને નહીં ગણકારતા સાધુ કે શ્રાવકે સ્તોત્રો ભણવા જોઈએ.

(૮) સ્તવપાઠ (નમોત્થુણં બેસીને કહેવાનું હોવાથી નમોત્થુણં આદિ સ્તવપાઠ) યોગમુદ્રારૂપ એક જ હસ્તમુદ્રાવડે કહેવાય છે. યોગમુદ્રા એટલે આંગળીઓને પરસ્પર અંતરિત (બે આંગળી વચ્ચે એક આંગળી આવે એવી રીતે) કરવાથી કમળના ડોડાના આકારે જોડેલા એવા બે હાથની (કાંડાથી કોણી સુધી બંને હાથ ભેગા કરીને) બંને કોણીને પેટ ઉપર સ્થાપવાવડે યોગમુદ્રા થાય છે. આવી યોગમુદ્રાપૂર્વક રાગદ્વેષમોહ

આદિ વિષને દૂર કરવામાં પરમ (ઉત્કૃષ્ટ) મંત્રરૂપ મહાસ્તોત્રો, સાધુ કે શ્રાવકે (સર્વવિરતિધરે કે દેશવિરતિધરે) જાણવા જોઈએ.

સારાંશ કે મજકૂર વિધિમુજબ સાધુ કે શ્રાવક, રાગઆદિ વિષના પ્રત્યે પરમમંત્રરૂપ-અને પૂર્વકથિત સર્વગુણસંપન્નસ્તોત્રો (જાવંતિ છે. અને જાવંતિકેવિસાહુ પછી જે સ્તવનો કહેવામાં આવે છે તે સ્તવનો-સ્તોત્રો) ભણે છે, સ્તોત્રો લલકારે છે. વળી સાધુ કે શ્રાવક, જે ઉપરોક્ત ગુણ-સ્વરૂપસંપન્ન મહાસ્તોત્રોને ભણે છે તે આ મહાસ્તોત્રો, પ્રાયે કરીને-મોટેભાગે-બહુધા, ઉપસર્ગ આદિસ્તોત્રતુલ્ય છે તેમાં કાંઈ ફરક નથી.

જો ઉપસર્ગહરઆદિમહાસ્તોત્રતુલ્ય, આ મહાસ્તોત્રોસ્તવનો ન માનવામાં આવે તો, શુભભાવરૂપયોગનો અભાવ પ્રાપ્ત થાય ! એ રૂપ મોટી આપત્તિ પ્રાપ્ત થાય વાસ્તે ઉપસર્ગહરઆદિસ્તોત્રતુલ્યમહાસ્તોત્રો માનવા જોઈએ. આ વિષયને દલીલસર સાબિત કરે છે કે પઠયમાન (જે મહાસ્તોત્રનો પાઠ થઇ રહ્યો છે. અર્થાત્ ભણાતા-બોલાતા) મહાસ્તોત્રને નહીં જાણનાર (તેના પદપદાર્થને નહીં જાણનાર) વ્યક્તિને, સ્તોત્રપાઠ વખતે, સ્વસ્તોત્રથી-પોતાના સ્તોત્રથી બીજાપઠ્યમાનસ્તોત્રનું શ્રવણ-સાંભળવું થાય છે. પછી પોતાના સ્તોત્રના શ્રવણથી જેવો શુભચિત્તલાભ થાય છે, તેવો જ પોતાના સ્તોત્રથી ભિન્ન પઠયમાન સ્તોત્રના શ્રવણથી શુભચિત્ત (શુભઆશય-ભાવ) નો લાભ થાય છે.જો શુભચિત્તલાભરૂપ ફલજનક હોઈ સર્વ મહાસ્તોત્રો એકસરખા માનવામાં ન આવે તો શુભચિત્તલાભરૂપયોગ (અપ્રાપ્તપ્રાપણરૂપયોગ) નો અભાવ થઈ જાય એમ યોગાચાર્યો લલકારે છે.

અહીં–સ્થાનયોગઆદિચારયોગમાં રહેલ ચિત્તવડે સ્તોત્રના પાઠમાં-ભણવામાં શુભચિત્તલાભરૂપયોગની સિદ્ધિ જ મુખ્ય (કાર્યરૂપહેતુ) જ્ઞાપક-જણાવનાર છે. શુભચિત્તલાભરૂપયોગની સિદ્ધિદ્વારા, સ્થાન આદિ ચારયોગનિષ્ઠચિત્તવડે, સ્તોત્રપાઠનું જ્ઞાન થાય છે. અતએવ સ્તોત્રપાઠના જ્ઞાનપ્રત્યે શુભચિત્તલાભરૂપયોગની સિદ્ધિ, હેતુ (જ્ઞાયકરૂપે) છે. અથવા ઉપસર્ગહરઆદિસ્તોત્રતુલ્ય સર્વમહાસ્તોત્રો છે. એ વિષયમાં જ્ઞાપકરૂપે કોઈ પ્રમાણ હોય તો કેવળ-મુખ્ય યોગસિદ્ધિ જ-શુભચિત્તલાભરૂપયોગની પ્રાપ્તિરૂપ સિદ્ધિ જ જ્ઞાપકરૂપે પ્રમાણ છે. યોગસિદ્ધિરૂપહેતુથી આ મહાસ્તોત્રો, ઉપસર્ગહરસ્તોત્રતુલ્ય છે એમ સિદ્ધ-સાબિત કરાય છે. કેમકે, ઉક્ત (પ્રવચનરૂપ આગમ અને સર્વજ્ઞવચનના અર્થનો વિભાગ) બે પ્રકારે છે.

––આગમ-સર્વજ્ઞવચનના અર્થવિભાગનો પહેલો પ્રકાર-તથા બીજો પ્રકાર––

(૧) શબ્દોક્ત=સૂત્રદિષ્ટ-સૂત્રરૂપઅપેક્ષાકૃત જે આગમ એટલે સૂત્રરૂપ આગમ તે શબ્દોક્તરૂપ-આગમરૂપ ઉક્તનો અથવા સૂત્રમાં સાક્ષાત્ શબ્દો મૂકી અર્થ બતલાવેલો હોય તે શબ્દોક્તરૂપ, પ્રવચનાર્થ વિભાગરૂપ ઉક્તનો પહેલો પ્રકાર થાય છે.

(૨) અર્થોક્ત=અર્થરૂપ અપેક્ષાકૃત જે આગમ એટલે અર્થરૂપ આગમ તે અર્થોક્તરૂપયુક્ત-આગમ કહેવાય અથવા સૂત્રાર્થની યુક્તિના (ન્યાયના) સામર્થ્ય ગમ્ય જે અર્થ હોય તે અર્થોક્તરૂપ, પ્રવચનાર્થ વિભાગરૂપ ઉક્તનો બીજો પ્રકાર જાણવો. અર્થાત્ સૂત્રમાં સાક્ષાત્ શબ્દો મૂકી અર્થ નહીં બતલાવ્યો હોય પરંતુ સૂત્રાર્થની

યુક્તિ-ન્યાયના સામર્થ્યથી જે આગમ-પ્રવચનનો અર્થ લબ્ધ થાય છે તે અર્થોક્તરૂપ ઉક્તનું સ્વરૂપ જાણવું.

તેથી આ યોગ સિદ્ધિરૂપ જ્ઞાપક પ્રમાણ (જ્ઞાનજનક પ્રમાણ) ઉક્તના બીજા પ્રકારરૂપ અર્થોક્ત (સૂત્રાર્થ યુક્તિ સામાર્થ્ય જે અર્થ હોય તે) રૂપ, પ્રવચનાર્થ વિભાગરૂપ ઉક્ત તરીકે જાણવું. કારણ કે; સ્તુતિ-પ્રણામરૂપ વંદનાનો અર્થ **यदाकाङ्क्षया यत्प्रवर्त्तते सकलं तस्यार्थः** પ્રયોજન-ફળ-પરિણામ **'वृत्त्या पदप्रतिपाद्योऽर्थ उच्यते' वृत्तिथी** બોધન કરાય તે અર્થ શુભચિત્તલાભરૂપ યોગ જ છે.

સારાંશ કે; એક સરખું ફલ પેદા કરનાર હોઈ સ્તોત્રગુણ સંપન્ન મહાસ્તોત્રો, ઉપસર્ગહરાદિ-સ્તોત્રો સરખા છે. અને સ્તુતિ પ્રમાણરૂપ વંદનાનું ફળ, શુભચિત્તલાભરૂપ યોગની સિદ્ધિ-પ્રાપ્તિ જ છે. એટલે શુભચિત્ત લાભરૂપ યોગની સિદ્ધિરૂપ જ્ઞાપકથી જ્ઞાપ્ય (બોધ્ય અનુમેય) સ્તુતિ પ્રણામરૂપ વંદના છે. અર્થાત્ શુભચિત્તલાભરૂપ યોગજ્ઞાન જ્ઞાપ્ય વન્દનાવાળા મહાસ્તોત્રો છે. એટલે સઘળા મહાસ્તોત્રો એક સરખા છે.

જો આ પ્રમાણે વસ્તુસ્થિતિ નિર્ણીત છે. તો બીજા લોકો પરીહાસ-મશ્કરી-ઠઠ્ઠાબાજીની બુદ્ધિ ઈરાદાથી 'પ્રસ્તુત વિષય, અસાર-અસત્ય છે. અને તેની સિદ્ધિ માટે જે કાંઈ કહે છે તે અકિંચિત્કર, વજૂદ વગરનું છે. તે આ પ્રમાણે:—ક્ષપણક (સાધુ-નિર્ગ્રંથ-બૌદ્ધ-સંન્યાસી)ની વંદનાના કોલાહલ (બહુ દૂર સુધી પહોંચનારો એક પ્રકારનો શબ્દ-ગરબડ) સરખા, અભાવિત (નિષ્ફળ-અસત્-અવિદ્યમાન-મિથ્યાભૂત પદાર્થવાળા) નું અભિધાન કે અભાવિતરૂપ અભિધાન (પ્રકૃત સ્તોત્રને નહીં જાણનારને સ્તોત્ર પાઠનું ફળ નહીં મળતું હોઈ નિષ્ફળ અભિધાન) કથન-નિરૂપણથી સરો' આમ બોલી જે બીજાઓ પ્રસ્તુત વિષયને સાર વગરનો બનાવવા ખાતર મશ્કરી કરે છે તે તદ્દન અયુક્ત-ગેરવ્યાજબી જ છે. કારણ કે; સ્તોત્ર પાઠ કરતી વખતે, સ્તોત્ર પાઠ કર્તામાં, તેણે સ્થાનાદિ ચાર યોગમાં ચિત્ત, ચોંટાડેલ હોઈ શુભ આશયરૂપ ભાવ, મુખ્યત્વે વિદ્યમાન છે.

અર્થાત્—ઉક્ત-આગમવાળામાં (આગમનું પ્રામાણ્ય સ્વીકારનાર કે આગમ વિહિત કર્તવ્ય કરનાર પુરૂષમાં) સ્થાન આદિદ્વારા શુભ આશય રૂપભાવ ફલ વિદ્યમાન હોઈ, ભાવિતરૂપ અભિધાન, છાજતું-ઘટિત-વ્યાજબી જ છે.

'જે જે આગમવાળા છે તે તે ભાવિત અને જે જે આગમવાળા નથી તે તે અભાવિત. અર્થાત્ જ્યાં જ્યાં ઉક્તવત્ત્વ છે ત્યાં ત્યાં ભાવિતત્વ છે. કેમકે; ત્યાં સ્થાન આદિદ્વારા ભાવરૂપ ફલની હયાતી છે. જ્યાં જ્યાં ઉક્તવત્ત્વ નથી અર્થાત્ જે ઉક્તવત્થી આગમવાળાથી અપર-ભિન્ન છે. અન્ય છે. ત્યાં ત્યાં ભાવિતત્વ નથી. કેમકે સ્થાન આદિદ્વારા ભાવનો અભાવ છે. અત એવ સ્વસ્તોત્ર તુલ્ય પઠ્યમાન સ્તોત્ર શ્રવણદ્વારા શુભચિત્ત લાભરૂપ એક સમાન ફલની પ્રાપ્તિ હોઈ, પઠ્યમાન સ્તોત્રને નહીં જાણનાર પુરૂષની સ્તોત્ર પાઠમાં પ્રવૃત્તિ થામ છે. કેમકે; પઠ્યમાન સ્તોત્રને નહીં જાણનારમાં આગમના બાધનો અભાવ છે. અર્થાત્ તે પુરૂષ, અબાધિત રીતે આગમવાળો જ ગણાય છે.

એથી જ તે સ્થાન આદિદ્વારા ભાવરૂપ ફળવાળો હોઈ ભાવિત જ કહેવાય. અભાવિત ન કહેવાય. જો ઉક્તવાનને આગમવાળાને (સ્થાન આદિદ્વારા-આગમવાળાને) ભાવિત ન માનવામાં આવે તો, જે સ્થાન આદિદ્વારા ભાવ વગરના અનુક્તવત્-(આગમબાહ્ય-) સર્વ દર્શનોમાં ભાવિતત્વના અભિધાનરૂપ અતિવ્યાપ્તિ-

દોષ આવે ! વાસ્તે પૂર્વપક્ષીય નિવેદન યુક્તિયુક્ત નથી. આ વિષયનો મુખ્ય ધ્વનિ એ નીકળે છે કે; શુભ ચિત્ત લાભ રૂપ એક ફલજનક હોઈ આ મહાસ્તોત્રો, ઉપસર્ગહર આદિ સ્તોત્રો સરખા જ છે એમ માનવું-કબૂલવું.

આ પ્રકારે કે આ પ્રમાણે (સ્તોત્રગુણસંપન્ન) સ્તોત્રોદ્વારા, આગળ ઉપર કહેવામાં આવનારી કાયોત્સર્ગરૂપ પ્રતિજ્ઞાને ઉચિત-યોગ્ય મનના ભાવને (શુભ મનના અધ્યવસાયને) મેળવીને પામીને ખમાસમણું (પંચાંગપ્રણિપાત) દેવાપૂર્વક, પ્રમોદ-હર્ષ-આનંદની વૃદ્ધિ (વધારા-ઉત્કર્ષ-ભરતી)ને કરનારા-પેદા કરનાર 'જાવંત કેવિસાહૂ' ઇત્યાદિ પદ બોલવાપૂર્વક (શ્રુતસ્તવમાં જિનનમસ્કારની માફક) આચાર્ય આદિને સારી રીતે નમસ્કાર કરીને ભાવને[1] ગ્રહણ કરનાર સહૃદયનટ[2] (નાંદીપાઠકનંદી)[3] જેમ અધિકૃત ભૂમિકા (તે તે વેષ) સંપાદન માટે સ્તુતિરૂપ પ્રયત્ન વિશેષ કરે છે તેમ અધિકૃત ભૂમિકા (સ્વવિશિષ્ટ સ્થાન)-સંપાદન હેતુભૂત (પ્રયોજકીભૂત) વંદના સંપાદન કાજે સ્તોત્રોદ્વારા સાધુ કે શ્રાવક ચેષ્ટા-પ્રવૃત્તિ-ક્રિયા વિશેષ કરે છે.

આ પ્રમાણે પ્રણિપાતસૂત્ર-ખમાસમણ સૂત્રની (અથવા પંજિકાની અપેક્ષાએ પ્રણિપાત-દંડકસૂત્ર-નમોત્થુણં સૂત્રની વ્યાખ્યાની સમાપ્તિ સમજી લેવી.)

---

૧ 'भावो भक्तिरपीत्यर्थः' સાધુ શ્રાવકપક્ષે ભાવનો અર્થ ભક્તિ કરવો. અથવા આસ્થા-પ્રેમ-સારાંશભૂત અર્થ-અભિપ્રાય એમ અર્થ કરવો, નટપક્ષમાં ભાવ એટલે હૃદયની અવસ્થા જણાવનારો અને માનસિક વિકારને જણાવી દેનાર વ્યભિચારભાવ, રતિ વિ. સ્થાયીભાવ (એક કોઈ અભિનય, ચાળા, ચેષ્ટા, વેશ, હાવભાવ, લટકાં, નખરાં તે.)

'हृदतावस्थावेदको मानसविकारो भावः स च निर्वेदादिर्व्यभिचारिभाव-स्त्रयस्त्रिंशद्विधः, इत्यादिः, स्थायिभावश्च नवविधः इति रसिका आहुः । सङ्गीतसङ्गातपदार्थद्योतकहस्तचेष्टाविशेषो भाव इत्यभिनयकलाज्ञा नर्तकाश्च संगिरन्ते अभिप्रायोऽपीति काव्यज्ञाः संजगदिरे ।

૨ સહૃદયઃ-સારા અંતઃકરણવાળો, કાવ્યની અર્થભાવના સમજવામાં જેની પક્વબુદ્ધિ છે, પંડિત.

૩ નાન્દી=નાટકના આરંભમાં મંગલાર્થે કરાતી સ્તુતિ, નાટકની પ્રારંભિક કવિતા કે જેમાં જોનારને આશીર્વાદ અને નાટકની વસ્તુનું સૂચન હોય તે.

'नान्दीपदेन आशीर्मङ्गल्यं वस्तु वोच्यते, तदन्तरयोगाद्देवादीनां स्तुतिरपि नान्दीति भावः ।' 'नान्दीति-नान्दोपदव्युत्पत्तिरूक्ता नाट्यप्रदीपे 'नन्दन्ति काव्यानि कवीन्द्रवर्गाः, कुशीलवाः पारिषदश्च सन्त । यस्मादलं सज्जनतिन्वुहंसी तस्मादियं सा कथितेह नान्दी' ॥ इति । तत्र भरतः प्रथमाध्याये 'पूर्व कृता मया नान्दी आशीर्वचनसंयुता । अष्टांगपदसंयुक्ता प्रशस्ता वेदतम्मता ॥ इति । पञ्चमाध्याये च 'सूत्रधारः पठेन्नान्दीं मध्यमं स्वरमाश्रितः, नान्दीं पदैर्द्वादशभिरष्टाभिर्वाऽप्यलङ्कृताम्' इति नान्दीस्वरूपं 'आशीर्वचनसंयुक्ता स्तुतिर्यस्मात्प्रजायते, देवद्विजनृपादीनां तस्मान्नान्दीति संज्ञिता ॥२४॥ सा. द. ष. परिच्छेद.

मङ्गल्यशङ्खचन्द्राब्जकोककैरवशंसिनी,

पदैर्युक्ता द्वादशभिरष्टाभिर्वा पदैरुत ॥ २५ ॥

નાન્દીકર=નાટક-(અમુક પ્રસંગની કથાવાર્તાના વિષય-વસ્તુને લઈ નટલોક તેવે વેષ અને વાણીએ તેના જેવું જ અનુકરણ કરી બતાવે તે) ના આરંભમાં મંગલાર્થો સ્તુતિ કરનાર, સૂત્રધાર.

# ॐ प्रशस्तिः ॐ

દેવાધિદેવ શ્રી પરમકૃપાળુ શંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુની અચિંત્ય કૃપાએ...

શ્રમણ પ્રભુ શ્રી મહાવીરસ્વામીના શાસનમાં શ્રી ગણધર સુધર્માસ્વામીની પાટપરંપરાએ ૭૩ મી પાટે બિરાજેલા પંજાબ દેશોદ્ધારક ન્યાયાંભોનિધિ **પૂ. આત્મારામજી મ.સા.** (વિજયાનંદસૂરીશ્વરજી) ના પટ્ટાલંકાર પૂ. નિસ્પૃહચૂડામણિ આચાર્ય ભગવંત **શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટપ્રદ્યોતક પૂ. જૈનરત્ન-વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ **પૂ. આચાર્યદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટધર પૂ. ધર્મદિવાકર વિઘ્નહરપાર્શ્વતીર્થસ્થાપક (અંતરીક્ષ) આચાર્યદેવ **શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર પૂ. સંસ્કૃતવિશારદ કર્ણાટક કેશરી શ્રાવસ્તીતીર્થોદ્ધારક સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક આચાર્યદેવ **શ્રીમદ્‌વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સાહેબે, પૂ. આ. હરિભદ્રસૂરિ** વિરચિત "ललित विस्तरा" ગ્રંથનો તથા **આચાર્ય મુનિચંદ્રસૂરીશ્વરજી** રચિત પંજિકાનો ગુજરાતી અનુવાદ પ્રણિપાત સૂત્રનો (શક્રસ્તવનો) ૩૫ વર્ષ પૂર્વે કરેલ તે પૂર્ણ થયો...

ऐं नमः

# -: चैत्यस्तव :-

હવે શાસ્ત્રકાર, અરિહંત ચેઈયાણં (અન્નત્થ) ચૈત્યસ્તવ કે કાયોત્સર્ગદંડક સૂત્રની વ્યાખ્યાની રચના કરતાં પૂર્વભૂમિકા કહે છે.

**स चोत्तिष्ठति जिनमुद्रया पठति चैतत्सूत्रम्- 'अरिहंतचेइयाणं करेमि काउसग्गं' वंदणवत्तियाए पूअणवत्तिआए सक्कारवत्तिआए सम्माणवत्तिआए बोहिलाभवत्तिआए, निरूवसग्गवत्तिआए सद्धाए मेहाए धिइए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं' । अनेन विधिनाऽऽराधयति स महात्मा वन्दनाभूमिकां, आराध्य चैनां परम्परया नियोगतो निवृत्तिमेति, इतरथा तु कूटनटनृत्तवत् अभावितानुष्ठानप्रायं न विदुषामास्थानिबन्धनम्, अतो यतितव्यमत्रेति ।**

ભાવાર્થ–વળી વંદનાભૂમિકાસંપાદનપ્રયોજકીભૂતવંદનાસંપાદન કાજે નમોત્થુણંનામક સ્તુતિરૂપ પ્રયત્નવિશેષવાળો તે સાધુ કે શ્રાવક ઉઠે છે-ઉભો થાય છે અને જિનમુદ્રાથી (કાઉસગ્ગ વિગેરેમાં ઉભા રહેતી વખતે ભૂમિ પર બે પગ એવી રીતે સ્થાપવા-રાખવા કે જેથી અંગુલીઓ તરફના બે આગલા ભાગ એકબીજાથી પરસ્પર (૪) ચાર અંગુલ દૂર રહે, અને પાછળનો ભાગ એટલે બે એડીઓ પરસ્પર ચાર આંગલીથી કાંઈક ન્યૂન દૂર રહે, એવા પ્રકારનો પદવિન્યાસ (બે પગનું સ્થાપન) તે જિનમુદ્રા કહેવાય.

અહીં જિન-કાઉસગ્ગ કરતા એવા જિનેશ્વરોની જે મુદ્રા તે જિનમુદ્રા અથવા એટલે વિઘ્નોને જીતનારી જે મુદ્રા તે જિનમુદ્રા એવો શબ્દાર્થ છે. આવી જિનમુદ્રાથી આ (તરતજ કહેવામાં આવતું) 'અરિહંત ચેઈયાણં' ચૈત્યસ્તવરૂપ સૂત્રને ભણે છે. (ચૈત્યસ્તવમાં આઠ સંપદા છે તેના નામ તથા ટુકમાં તેનું સ્વરૂપ-

અહીં અરિહંત ચે. સૂત્ર, અન્નત્થસહિત ગણાય છે, માટે અરિહંત ચે. ની ૩, સંપદા છે અને શેષ ૫, સંપદા અન્નત્થની છે તે બન્ને મળી ચૈત્યસ્તવની એટલે કાર્યોત્સર્ગદંડકની આઠ સંપદા સમજવી.

(૧) અભ્યુપગમસંપદા="અરિહંત ચેઈયાણં, કરેમિ કાઉસગ્ગં" એ બે પદમાં, કોઈ એક જ ચૈત્યમાં રહેલી પ્રતિમાઓ સંબંધી કાઉસગ્ગ કરવાનું અંગીકાર કરેલું હોવાથી એ બે પદની ૧ લી "અભ્યુપગમસંપદા."

(૨) નિમિત્તસંપદા=ત્યારબાદ તે કાઉસગ્ગ કરવાનું નિમિત્ત એટલે કાર્ય-પ્રયોજન "વંદણવત્તિયાએથી નિરૂવસગ્ગવત્તિયાએ" સુધીના ૬ પદમાં દર્શાવ્યું છે, માટે તે પદ ૬ પદની ૨ જી "નિમિત્ત સંપદા" છે.

(૩) હેતુસંપદા=શ્રદ્ધાદિ વિના કરેલો કાઉસગ્ગ ઈષ્ટસિદ્ધિવાળો થતો નથી તે કારણથી "સદ્ધાએથી ઠામિ કાઉસગ્ગં" સુધીનાં ૭ પદમાં કાઉસગ્ગનો હેતુ (સાધન કે જેથી કાર્યસિદ્ધિ થાય તે) દર્શાવેલ હોવાથી એ ૭ પદવાળી ૩ જી હેતુસંપદા છે.

(४) એકવચન આગાર સંપદા=કરેલો કાઉસગ્ગ પણ આગાર (આકાર એટલે કાઉસગ્ગમાં રાખવા યોગ્ય કે રહેવા યોગ્ય છૂટ) વિના નિર્દોષ રહી શકતો નથી, માટે "અન્નત્થથી હુજ્જ મે કાઉસગ્ગો" સુધીમાં કાઉસગ્ગના ૬ પ્રકારના આગાર દર્શાવેલા છે, તેમાં અન્નત્થથી પિત્તમુચ્છાએ સુધીનાં ૯ પદ એકવચનવાળાં હોવાથી એ ૯ પદોની ૪ થી "એકવચન આગારસંપદા" છે.

(૫) બહુવચન આગારસંપદા=ત્યારબાદ "સુહુમેહિંથી દિટ્ઠિસંચાલેહિં" સુધીના ૩ પદ બહુવચનના પ્રયોગવાળાં હોવાથી એ ત્રણ પદોની ૫ મી "બહુવચન આગારસંપદા" છે.

(૬) આગંતુક આગાર સંપદા=ત્યારબાદ અન્નત્થ સૂત્ર (માં કહેલા આગારો)થી બહારના પણ કેટલાક આગારો "એવમાઈ એહિં" એ પદવડે સૂચવીને તે સર્વ આગારોવડે પણ કાઉસગ્ગનો ભંગ ન થવા માટે હુજ્જ મે કાઉસગ્ગો" સુધીનાં ૬ પદ કહ્યા છે તે ૬ પદવાળી ૬ ઠ્ઠી "આંગતુક આગારસંપદા."

(૭) કાર્યોત્સર્ગાવધિ=ત્યારબાદ "જાવ અરિહંતાણંથી ન પારેમિ" સુધીના ૪ પદમાં કાઉસગ્ગમાં કેટલીવાર સુધી રહેવું તેનો કાળ નિયમ દર્શાવેલો હોવાથી એ ચાર પદવાળી ૭ મી 'કાર્યોત્સર્ગઅવધિ સંપદા' છે.

(૮) કાર્યોત્સર્ગસ્વરૂપ=ત્યારબાદ "તાવકાયંથી વોસિરામિ" સુધીનાં ૬ પદોમાં કાઉસગ્ગ કેવી રીતે કરવો? તેનું સ્વરૂપ દર્શાવ્યું છે માટે તે ચાર પદની ૮ મી "કાર્યોત્સર્ગ સ્વરૂપ" સંપદા જાણવી.

અહીં આપેલ સૂત્રનો શબ્દાર્થ એવો છે કે "શ્રી અરિહંતો-અરિહંત ભગવંતોના ચૈત્યોને, મન વચન કાયાથી વંદન કરવાના લાભ નિમિત્તે, દ્રવ્યોપકરણથી પૂજા કરવાના લાભ નિમિત્તે, વસ્ત્રાભરણાદિથી સત્કાર કરવાના લાભ નિમિત્તે, સ્તુતિ વિગેરેથી સન્માન કરવાના લાભ નિમિત્તે, એમ કરીને મને સમ્યક્ત્વ મળવાના લાભ નિમિત્તે, ઉપદ્રવ રહિત થવાના લાભ નિમિત્તે, હું કાર્યોત્સર્ગ કરૂં છું. વધતી જતી શ્રદ્ધા-બલાત્કાર વિના મનની રૂચિથી, તેથી વધતી જતી મેધા-દેખાદેખી વિના જ્ઞાન અને મર્યાદાથી, તેથી વધતી જતી ધીરજ-રાગાદિથી દોરાયા વિના શાંતિથી, તેથી વધતી જતી ધારણા-મનની શૂન્યતા વિના અર્હંતના ગુણોના સ્મરણથી, તેથી વધતી જતી અનુપ્રેક્ષા-તાત્ત્વિક વિચારણાથી, હવે "ઉંચો શ્વાસ" વિગેરે સિવાય હું કાર્યોત્સર્ગકાયાના ત્યાગમાં સ્થાન-મૌન-ધ્યાનવડે સ્થિર થાઉં છું."

આ મજકૂર વિધિથી તે સાધુ કે શ્રાવકરૂપ મહાત્મા, વન્દના-ભૂમિકાનો આરાધક (આરાધના-સેવા કરનાર કે તે ભૂમિને પામનાર-મેળવનાર) થાય છે. અર્થાત્ વંદનમાં જ પરિણત (પરિણામ પામેલ, એકમેક, તદ્રુપ) જ્યારે આત્મા, થાય છે. ત્યારે વંદનાભૂમિકા (વંદના અને આત્માનું તાદ્રુપ્ય-ઐક્ય-તાદાત્મ્ય એનું નામ વંદનાભૂમિકા જાણવી) થાય છે કે કહેવાય છે. તે વંદનાભૂમિકાનો તે મહાત્મા, આરાધક થાય છે. વંદનાભૂમિકા પર કાબૂ કે કબ્જો-સત્તા મેળવે છે. વળી આ વંદનાભૂમિકાની આરાધના કરીને પરંપરાએ (ઉત્તરોત્તર ક્રમે કરીને) નિયમા-ચોક્કસ-એકાંતે તે સાધુ-શ્રાવકરૂપ મહાત્મા, મોક્ષને પામે છે-મોક્ષમાં જાય છે-પરમાત્મા બને છે.

અન્યથા-'અરિહંત ચેઈયાણં' રૂપ સૂત્રના પાઠ (બોલવા) રૂપ વિગેરે મજકૂર વિધિ સિવાય કાયોત્સર્ગ

કરવામાં આવે તો, કૂટ (ખોટા-કપટી-મિથ્યા અથવા માયા-કપટ-દગા પૂર્વકની) નટની-નાટકીયાની નૃત્તરૂપ ક્રિયા (તાલ સાથે હાવભાવ યુક્ત નાચવારૂપ ક્રિયા) જેમ નિષ્ફલ છે. તેમ આ પ્રકૃત સૂત્રપાઠ-વગરનું કાયોત્સર્ગરૂપ અનુષ્ઠાન, નિષ્ફલપ્રાય નહીંવત્ હોઈ, તે નિષ્ફલરૂપ અનૂષ્ઠાન, પંડિતોને-પ્રેક્ષાવંતોને કર્તવ્યતાવિષયકબુદ્ધિ (આ કરવા લાયક છે. એવી બુદ્ધિ) રૂપ આસ્થા (નિશ્ચય) ના હેતુરૂપ થતું નથી. વાસ્તે જ સૂત્રપાઠપૂર્વકની સકલ કાયોત્સર્ગ રૂપ ક્રિયા-સમ્યગ્ અનુષ્ઠાનમાં જ ઉદ્યમ-પ્રયત્ન કરવો એ જ ધુરંધર ઉપદેશ ધ્વનિત થાય છે.

હવે શાસ્ત્રકાર, વિશાલ કે વ્યાપકરૂપે આક્ષેપપરીહારપૂર્વક ચૈત્યસ્તવસૂત્રના અર્થની ગંભીર ગૂઢ વિવેચના-આલેચના કરે છે.

**सूत्रार्थस्त्वयम्- [1]अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तः-तीर्थंकराः तेषां चैत्यानि-प्रतिमालक्षणानि अर्हच्चैत्यानि;**

---

१ 'तत्र प्रतिहारा इव सदा पुरोऽवस्थानात् प्रतिहाराः सुरपतिनियुक्ता देवास्तेषां कर्माणि-कार्याणि प्रातिहार्याणि' (દ્વારપાલની માફક હંમેશા આગળ રહેનાર હોઈ ઈન્દ્રે જોડેલા-નીમેલા દેવોને પ્રતિહાર તરીકે પરિભાષવામાં આવે છે. તેઓના જે કર્મ-કાર્યને પ્રાતિહાર્ય તરીકે ઓળખાવવામાં આવે છે અને તે પ્રાતિહાર્ય આઠ છે.

(૧) અશોકવૃક્ષઃ-વીર ભગવાનનો અશોકવૃક્ષ, સમધિક જોજનની પહોળાઈ વાળો અને બત્રીશ ધનુષ્ય ઉંચો હતો તેથી વીર ભગવાનના સિવાય બાકીના ૨૩ જિનેશ્વરોના પોતાના દેહથી બાર ગુણો અશોકવૃક્ષ રચવામાં આવે છે. તેની નીચે બેસી ભગવાન્ દેશના આપે છે. તેનું બીજું નામ ચૈત્યવૃક્ષ પણ છે.

(૨) સુરપુષ્પવૃષ્ટિ-એક જોજન પ્રમાણે સમવસરણની ભૂમિમાં જળમાં તથા સ્થળમાં ઉત્પન્ન થયેલા સુગંધી દીંટાવાળા-વિકસ્વર-પાંચ વર્ણોવાળા તથા નિરૂપમ અચિંત્ય પરમેશ્વરના પ્રભાવથી (સંઘટ્ટો થવા છતાંય) જે જીવોને બાધા પીડા થતી નથી. એવા વિવિધ પુષ્પોની ઢીંચણ પ્રમાણ વૃષ્ટિ દેવતાઓ કરે છે.

(૩) દિવ્યધ્વનિઃ-જો કે આ અનુપમ ધ્વનિ ભગવંતનો છે. તો પણ ભગવંતની દેશના વખતે પુષ્કલ બહુમાનના ઉત્કર્ષથી પ્રેરાયેલા બન્ને બાજુએ રહેલા સુરો, ભગવાનની માલકોશ રાગ યુક્ત વાણીને વીણા વાંસળી વિગેરેના સુમધુર સ્વરથી પૂરે છે.

(૪) ચામરઃ-રત્નજડિત સુવર્ણની દાંડીવાળા ચાર જોડી શ્વેતચામરો સમવસરણમાં દેવતાઓ ભગવાનને વીંઝે છે.

(૫) સિંહાસનઃ-દેવતાઓ ભગવાનને બેસવા સારૂ પાદપીઠ સહિત, ઉજ્જવલ (ચંદ્રકાંત અને સૂર્યકાંત મણિરૂપ આકાશ સ્ફટિકમય-જડિત હોવાથી) નિર્મલ, સુવર્ણનું સિંહાસન રચે છે.

(૬) ભામંડલ-(ભાનાં-પ્રભાણાં મંડલં) ભગવાનના મસ્તકની પાછળ શરદ ઋતુના સૂર્ય જેવું ઉગ્રતેજસ્વી ભામંડલ દેવતાઓ રચે છે. તેમાં સ્વભાવથી દેદીપ્યમાન તીર્થંકરના શરીરમાંનો તેજપુંજ સંક્રમે છે. તેમ કરે તો જ ભગવાનનું રૂપ કે મુખ સુખે જોઈ શકાય રાત્રિમાં પણ અંધકારનો નાશ થાય.

(૭) દુંદભિ-ભગવાનની આગળ હંમેશા દેવતાઓ દુંદભિ (એક જાતનું નગારૂં-ભેરી-પખાજ-મહા ઢક્કા) વગાડે છે.

(૮) છત્રત્રયી-સમવસરણમાં દેવતાઓ ભગવાનના મસ્તક ઉપર શરદચંદ્ર જેવા ઉજ્જવલ અને મોતીના હારોથી સુશોભિત

ભાવાર્થ- અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દુંદભિ, છત્રરૂપ આઠ મહાપ્રતિહાર્ય આદિ (આદિથી ચોત્રીશ અતિશય, વાણીના પાંત્રીશ અતીશય વિગેરે) રૂપ [૧]પૂજાને જે યોગ્ય હોય છે. તે તીર્થંકરોના [૨]પ્રતિમાલક્ષણ (પ્રતિમાસ્વરૂપ) ચૈત્યોને 'અર્હચ્ચૈત્ય' તરીકે પરિભાષવામાં આવે છે.ચૈત્યશબ્દના વ્યુત્પત્તિગમ્ય અર્થને દર્શાવી, અર્હચ્ચૈત્યોના વન્દના આદિ લાભ નિમિત્તે હું કાઉસગ્ગ કરૂં છું એ વિષયની ક્રમવાર સચોટ સુંદર શૈલીમાં કરાતી રજૂઆત–

**चित्तम्-अन्तःकरणं तस्य भाव कर्म्म वा वर्णदृढादिलक्षणे ष्यञि (वर्णदृढादिभ्यः ष्यञ्च पा० ५-१-१२३) कृते चैत्यं भवति, तत्रार्हतां प्रतिमाः प्रशस्तसमाधिचित्तोत्पादकत्वादर्हच्चैत्यानि भण्यन्ते तेषां, किम् ? - 'करोमि' इत्युत्तमपुरूषैकवचननिर्देशानात्माभ्युपगमं दर्शयति, किमित्याह-कायः शरीरं, तस्योत्सर्गः-कृताकारस्य स्थानमौनध्यानक्रियाव्यतिकेरेण क्रियान्तराध्यासमधिकृत्य परित्याग इत्यर्थः तं कायोत्सर्गम् ।**

ભાવાર્થ-ચિત્ત[૩] એટલે અન્તઃકરણ, તેનો ભાવ કે કર્મ એ અર્થમાં પાણિની વ્યાકરણના ૫-૧-૧૨૩ નંબરના સૂત્રથી 'ષ્યઞ્' પ્રત્યય, ચિત્તને લાગુ કરવાથી ચૈત્ય શબ્દની સિદ્ધિ થાય છે. વળી અર્હંત પ્રતિમાને

---

ઉપરાઉપર ત્રણ-ત્રણ છત્રો રચે છે. ભગવાન પોતે સમવસરણમાં પૂર્વાભિમુખ બેસે છે અને બીજી ત્રણ દિશામાં દેવતાઓ ભગવંતના જ પ્રભાવથી પ્રતિબિંબો રચીને સ્થાપે છે તેથી કુલ બાર છત્રો તે વખતે હોય છે. અન્ય વખતે છત્રત્રયી હોય છે. સમવસરણ ન હોય ત્યારે પણ આ આઠ પ્રાતિહાર્યો તો હોય જ છે.

૧ શાસ્ત્રાંતરમાં કહ્યું છે કે 'વંદન-નમસ્કારાદિને જેઓ પૂજા અને સત્કારને યોગ્ય છે, તથા જેઓ સિદ્ધિ ગમનને યોગ્ય છે, તેઓ અરહંત (અર્હત્) કહેવાય છે.' "જેઓ સ્તુતિ અને વંદનાને યોગ્ય છે. અમરેન્દ્રો અને નરેન્દ્રોની પૂજાને યોગ્ય છે, તે શ્રી અરહંત ભગવંતો મને શરણ આપનારા થાઓ."

૨ 'ठवणजिणा पुण जिणंदपडिमाओ' જિનેન્દ્ર ભગવંતની પ્રતિમા તે સ્થાપનાજિન કહેવાય છે. અહીં ચૈત્યશબ્દજિનપ્રતિમા વિગેરેમાં રૂઢ છે. તે વિષે કોષકાર લખે છે કે–'चैत्यं जिनौकस्तद् बिम्बं, चैत्यो जिनसभातरूः' અર્થ-ચૈત્ય શબ્દ જિનગૃહ અને જિનબિંબમાં નપુસક લિંગે પ્રવર્તે છે અને જિનસભાના વૃક્ષ-અશોકવૃક્ષ અર્થમાં પુલિંગ પ્રવર્તે છે. તેથી એમ સિદ્ધ થયું છે કે વિપરીત વ્યુત્પત્તિવડે નામ, ભેદ અને પ્રત્યયના યોગનો અર્થ પણ ઉડી ગયો, કારણ કે યોગથી રૂઢી બલવાન છે, જો તેમ ન હોય તો પંકજ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કાદવમાં થયેલું એવો છે તેથી પંકજ શબ્દવડે શેવાલ વિગેરેનો બોધ થવાનો પ્રસંગ આવે.

૩ **'चितं मणो पसत्थं तब्भावो चेइयंति तज्जणगं ।**

**जिणपडिमाओ तासिं वंदणमभिवायणं तिविहं ॥ १ ॥'**

**यद्वा चित्तेः-लेप्यादिचयनस्य भावःकर्म वा चैत्यं, तच्च संज्ञादिशब्दत्वात् देवताप्रतिबिम्बे प्रसिद्धं, चूर्णौतु 'चितीसंज्ञाने' काष्ठकर्म्मादिषु प्रतिकृतिं दृष्ट्वा संज्ञानमुत्पद्यते यथाऽर्हदादिप्रतिमैषेत्युक्तम् ।**

ચૈત્ય શબ્દમાં ચિતીસંજ્ઞાને ધાતુ છે તેને કર્મણિમાં ણ્ય પ્રત્યય આવ્યો, તે ઉપરથી તેનો અર્થ અર્હત્ પ્રતિમા થાય છે. 'ચિતીસંજ્ઞાને' એટલે જે કાષ્ઠ વિગેરેના કાર્યમાં પ્રતિકૃતિ જોઈ સમ્યગ્ પ્રકારે જ્ઞાન (ખોળવું) થાય તે જેમકે "આ અર્હંતની પ્રતિમા છે."

પણ, પ્રશસ્ત સમાધિ-(ધ્યાન કરવા લાયક વસ્તુમાં એકાગ્રપણે મનને સ્થાપવારૂપ એક ધ્યાન, શુદ્ધિ, સ્વસ્થતા, આત્મિક તંદુરસ્તી, વિષયાદિકમાંથી મન વાળી લેવું.) વાળા ચિત્તની અથવા પ્રશસ્ત સમાધિરૂપ ચિત્તની ઉત્પત્તિમાં અસાધારણ કારણ (પ્રતિમા) હોવાથી કારણમાં કાર્યનો ઉપચાર[૧] કરી "અર્હચ્ચૈત્ય" તરીકે નવાજવામાં આવે છે.

"અર્હચ્ચૈત્યોના, કાયોત્સર્ગને હું કરૂં છું" આ મહાવાક્યાન્તર્ગત "હું કરૂં છું." એ વાક્યમાં ઉત્તમ પુરૂષ (પુરૂષ ત્રણ છે, પહેલો, બીજો ને ત્રીજો સંસ્કૃત વ્યાકરણમાં એ પુરૂષને અનુક્રમે ઉત્તમ, મધ્યમ, અને પ્રથમ પુરૂષ કહે છે. સંસ્કૃતમાં ત્રીજા પુરૂષથી રૂપાખ્યાન આપવાનો પ્રચાર છે. તેમાં ત્રીજો, બીજો ને પહેલો એવો ક્રમ છે, આ કારણથી ત્રીજો પુરૂષ, પ્રથમ પુરૂષ કહેવાય છે, બીજો મધ્યે હોવાથી મધ્યમ, અને પહેલો બોલનારને લગતો છેલ્લો હોવાથી ઉત્તમ કહેવાય છે.) નો નિર્દેશ પ્રતિપાદન-નિરૂપણ હોવાથી 'હું' સર્વનામથી આત્માનો સ્વીકાર દર્શાવે છે. ('મેં કર્યું, હું કરીશ, હું કરૂં છું' ઈત્યાદિ પ્રકારે ત્રણે કાળના વ્યવહારમાં 'હું' એવી પ્રતીતિ થાય છે. તે પ્રતીતિથી પણ આત્મા પ્રત્યક્ષ સિદ્ધ છે, જો આત્માને ન માનવામાં આવે તો 'હું' શબ્દથી કોનું ગ્રહણ થાય ? કદાચ 'હું' શબ્દથી શરીરનું ગ્રહણ કરો તો અર્થાત્ 'મેં કર્યું' ઈત્યાદિ પ્રતીતિ શરીરને થાય છે. એમ કહો તો મુડદાને પણ એવી પ્રતીતિ થવી જોઈએ. કારણ કે, એ સ્થિતિમાં પણ શરીર તો છે જ. પણ મુડદાને તેવી પ્રતીતિ નથી થતી તેથી માનવું જોઈએ કે 'મેં કર્યું, હું કરૂં છું' ઈત્યાદિ પ્રતીતિ, શરીરથી જુદા એવા શરીરી આત્માને થાય છે. અને તેજ આત્મા.)

હવે કાયોત્સર્ગપદના મર્મનું ઉદ્‌ઘાટન કરે છે કે; કાયોત્સર્ગઃ-કાય એટલે શરીર, તેનો ઉત્સર્ગ એટલે ત્યાગ,-મતલબ કે-કાયોત્સર્ગ યોગ્ય શરીરની આકૃતિ-રચના-જિનમુદ્રાથી યુક્ત, અથવા કાઉસગ્ગમાં અપવાદરૂપ શરીરની સ્વભાવિક ક્રિયારૂપ શ્વાસોશ્વાસ, છીંક, ઉધરસ, બગાસુ, ઓડકાર, વાછુટ, પિત્તનો ઉછાળો, ચક્કર અથવા તો ફેર ચડવા, સૂક્ષ્મ રીતે શરીરનું હાલવું, સૂક્ષ્મ રીતે દ્રષ્ટિ હલીજવી, અને સૂક્ષ્મ રીતે બળખો કે કફ હાલવો વિગેરે-અથવા તો કોઈ અકસ્માત્ બને અને શરીરનું સંરક્ષણ

---

૧ ''उपचारोऽत्यन्तं विशकलितयोः शब्दयोः सादृश्यातिशयमहिम्ना भेदप्रतीतिस्थगनमात्रम्'

**અત્યંત ભિન્ન શબ્દને વિષે અમુક પ્રકારની સમાનતા જોવાથી તેમાં રહેલી ભિન્નતાનો ખ્યાલ છોડી દઈ તેમને એક ગણવા તે "ઉપચાર" છે. કારણમાં કાર્યનો ઉપચાર-આને માટે માટી અને ઘડાનું ઉદાહરણ વિચારો જેમકે જે વખતે માટી, માટીની અવસ્થામાં હોય માટીરૂપે જ હોય ઘટરૂપે પરિણત ન થઈ હોય ત્યારે પણ સત્ કાર્યવાદની અપેક્ષાએ અથવા તિરોભાવની વિવક્ષાપૂર્વક માટીને ઘટરૂપ માનવી તે આ ઉપચારનું દ્રષ્ટાંત છે. વિશેષમાં આવી સ્થિતિમાં પણ "આ માટી ઘડો છે" એમ કહેવું તે ખોટું નથી, કેમકે જો કે આમાં ઘટના જલધારણાદિ ધર્મો નથી, અર્થાત્ આ મૃત્તિકાથી કંઈ ઘટનું કાર્ય થઈ શકતું નથી તો પણ રૂપ, રસ, ગંધ વિગેરે કેટલાક સમાન ધર્મો બંનેમાં રહેતા હોવાથી તેમજ ભવિષ્યમાં તે ઘટ બની શકનાર હોવાથી એમ કહેવું ન્યાય્ય છે. પારિભાષિક શબ્દોમાં કહીએ તો અત્ર દ્રવ્યઘટમાં ભાવઘટનો આરોપ કરવામાં આવ્યો છે.**

કરવું પડે એવા અપવાદ-આગાર-છુટ પ્રતિપાદક સૂત્ર "અન્નત્થ ઉસસિએણં" રૂપ સૂત્રનું ઉચ્ચારણ કરનાર પુરૂષનો, સ્થાન-મૌન-ધ્યાનરૂપ ક્રિયા સિવાય બીજી બધી ક્રિયાનો (ક્રિયા વિષયક) અધ્યાસ-મિથ્યાજ્ઞાન-અયથાર્થજ્ઞાનને ઉદ્દેશીને અર્થાત્ કાયાનો આશ્રય કરીને આકાર (આગાર કે જિનમુદ્રા) કરનાર પુરૂષનો સ્થાન, મૌન, ધ્યાનરૂપ ક્રિયાથી જુદી બીજી ક્રિયાના અધ્યાસ (તાદાત્મ્ય) નો સર્વથા ત્યાગ તેને કાયોત્સર્ગ તરીકે સંબોધવામાં આવે છે. એવા તે કાયોત્સર્ગને હું કરું છું (કાયા, વાળી અને મન એ ત્રણેયને સંયમમાં રાખીને ખરો કાયાનો ઉત્સર્ગ થઈ શકે છે. જેમકે, કાયાને એક સ્થાન પર સ્થિર રાખી વાણીને મૌન કરી, મનને ધ્યાનમાં જોડી આત્મામાં દેહ બુદ્ધિનો નાશ કરવો એજ ખરો કાયાનો ઉત્સર્ગ છે.)

હવે આક્ષેપપરીહારપૂર્વક પદાન્વયની યોજના દર્શાવે છે કે–

**आह-कायस्योत्सर्ग इति षष्ठ्या समासःकृतः, अर्हच्चैत्यानामिति च प्रागावेदितं, तत्किमर्हच्चैत्यानां कार्योत्सर्गं करोमीति, नेत्युच्यते, पष्ठीनिर्दिष्टं तत्पदं पदद्वयमतिक्रम्य [1]मण्डूकप्लुत्या वन्दनप्रत्ययमित्यादिभिरभिसम्बध्यते, ततश्चार्हच्चैत्यानां वन्दनप्रत्ययं करोमि कार्योत्सर्गमिति द्रष्टव्यं,**

ભાવાર્થ-વાદી-(શંકા) "કાયોત્સર્ગ"માં કાયાનો ઉત્સર્ગ આમ વિગ્રહ હોવાથી ષષ્ઠી વિભક્તિ સમાસ કરેલ છે. (જે સમાસમાં પૂર્વપદ, ઉત્તરપદ સાથે વિભક્તિના સંબંધથી જોડાયું હોય તે તત્પુરૂષ સમાસ કહેવાય છે. એમાં ઉત્તરપદ પ્રધાન છે અને પૂર્વપદ ગૌણ છે.) અહીં પૂર્વપદ કાયનો ઉત્સર્ગરૂપ ઉત્તરપદ સાથે ષષ્ઠી વિભક્તિથી સંબંધ છે. માટે "કાર્યોત્સર્ગ" તે ષષ્ઠી તત્પુરૂષ સમાસ છે અને વળી "અર્હન્તોના ચૈત્યોનો" એમ પૂર્વે આવેદન-નિવેદન-પ્રતિપાદન થઈ ગયું છે. તો શું "અર્હન્ત ચૈત્યોના કાઉસગ્ગને હું કરૂં છું." એમ કથન કરો છો ? જે રીતનો અન્વય હોય તે રીતનો દર્શાવો ?

સમાધાનઃ- છઠ્ઠી વિભક્તિથી બતાવેલ જે "અર્હચ્ચૈત્યોનાં" નામનું પદ છે. તેનો અન્વય-સંબંધ, આગળના બે પદોને ઓળંગી-કૂદકો મારી; મંડૂકપ્લુતિ ન્યાયથી (દેડકાઓ, જેમ કૂદી ૨ કૂદકા મારી ૨ જાય છે, ચાલે છે, તેવી રીતે) "કરેમિ" "કાઉસગ્ગ" એમ પદોને પાછળ કરી-ઉલ્લંઘી-છોડી દઈ "વન્દનપ્રત્યયં" ઈત્યાદિપદોની સાથે કરવો. અર્થાત્ "અર્હચ્ચૈત્યાનાં વન્દનપ્રત્યયં કરેમિ કાર્યોત્સર્ગમ્" અરિહંતોની પ્રતિમાઓની વંદના કાજે કાર્યોત્સર્ગને હું કરૂં છું એમ પદાન્વયની યોજના કરવી.

હવે શાસ્ત્રકાર, કાઉસગ્ગ કરવાનું [2]નિમિત્ત એટલે ફલ-કાર્ય પ્રયોજન "વંદણવત્તિયાએથી નિરૂવસગ્ગવત્તિયાએ" સુધીના ૬ પદમાં દર્શાવ્યું છે. માટે તે પદની "નિમિત્ત સંપદા"નું નિરુપણ કરે છે કે;

---

૧ 'मण्डूकप्लुतिन्यायः' यथा मण्डूका उत्प्लुत्योत्प्लुत्य गच्छन्ति, तद्वत्प्रकृतेऽपि

૨ उद्देश्यम् यथा तस्यागमनकारणमित्यादौ कारणमुद्देश्यम् । प्रयोजनं फलं वेत्यर्थः ।

**तत्र वन्दनम्-अभिवादनं[1] प्रशस्तकायवाङ्मनःप्रवृत्तिरित्यर्थः, तत्प्रत्ययं-तन्निमित्तं, तत्फलं मे कथं नाम कार्योत्सर्गादिव स्यादित्यतोऽर्थमित्येवं सर्वत्र भावना कार्या, तथा 'पुयणवत्तियाएत्ति' पूजनप्रत्ययं-पूजननिमित्तं, पूजन-गन्धमाल्यादिभिः समभ्यर्चनं। तथा "सक्कारवत्तियाएत्ति" सत्कारप्रत्ययं-सत्कारनिमित्तं, प्रवरवस्त्राभरणादिभिरभ्यर्चनं सत्कारः ।**

ભાવાર્થ-(૧) 'ત્યાં અર્હંતચૈત્યોના વંદન[2] નિમિત્તક ફલ કાજે કાર્યોત્સર્ગને હું કરું છું.' આ વાક્યમાં વંદન એટલે અભિવાદન, પ્રશસ્તકાય, પ્રશસ્તવચન, પ્રશસ્તમનની પ્રવૃત્તિ અથવા નમન સ્તવન-અનુચિંતનાદિરૂપ કાય-વચન-મનરૂપ યોગની પ્રશસ્ત પ્રવૃત્તિ એ રહસ્ય જાણવું, અર્હચ્ચૈત્યવંદન[3] નિમિત્તવાળા કર્મક્ષયાદિરૂપ ફલ કાજે-અર્થાત્ અર્હત્પ્રતિમાના વંદનથી જેવું કર્મક્ષયાદિરૂપ ફલ થાય, તેવું કાર્યોત્સર્ગથી જ કોઈપણ રીતે 'મને કર્મક્ષયાદિરૂપ ફલ થાઓ' એટલા ખાતર હું કઉસગ્ગ કરું છું.

(૨) 'તેમજ અર્હંચૈત્યોના પૂજન નિમિત્તક ફલ કાજે હું કાઉસ્સગ્ગ કરું છું.' આ વાક્યમાં 'અર્હંચૈત્યોના પૂજનથી એટલે ગંધપૂજા (ચંદનાદિ પૂજા) માલ્યપૂજા (પુષ્પાદિપૂજા) આદિથી વાસક્ષેપપૂજા, ધૂપપૂજા, દીપપૂજા વિગેરે ૩ પ્રકારની પાંચપ્રકારની આઠ પ્રકારની ૧૯ ભેદી, ૨૧ ભેદીથી' જેવું કર્મક્ષયાદિરૂપ ફલ થાય તેવું કાર્યોત્સર્ગથી જ મને થાઓ એટલા ખાતર હું કાઉસ્સગ્ગ કરૂ છું.

(૩) તેમજ 'અર્હંતચૈત્યોના સત્કારનિમિત્તક ફલ કાજે હું કાઉસ્સગ્ગ કરું છું.' આ વાક્યમાં અર્હંત પ્રતિમાનો સત્કાર એટલે ઉત્તમોત્તમ વસ્ત્ર પહેરાવવા, આભરણ-અલંકાર-ઘરેણાં પહેરાવવાં આદિથી કસ્તૂરી વિગેરેથી પ્રભુના શરીરે પત્ર વિગેરેની રચના-આંગી વિગેરેરૂપ જે અભ્યર્ચના-પૂજન તેનું નામ સત્કાર. અર્થાત્ 'અર્હંતચૈત્યના સત્કારથી જેવું કર્મક્ષયાદિરૂપ ફલ થાય તેવું કર્મક્ષયાદિરૂપ ફલ કાયોત્સર્ગથી જ મને થાઓ' આવી મક્કમ પ્રાર્થનાપૂર્વક તે ફલ કાજે હું કાઉસ્સગ્ગ કરૂ છું.[4]

---

**૧ 'अभिमुखीकरणाय वादनम् वदनम् वदत्युट्, वा अभिमुखं वाद्यते आशीरनेन वदणिचूत्युट्' નામ બોલીને નમવું, વંદન કરવું તે, પગે પડીને અથવા વાણીવડે નમવું તે, પ્રણામ.**

**૨ આ સૂત્રનો એવો અર્થ છે કે; અર્હંત અર્થાત્ ભાવઅર્હંતના જે ચૈત્ય એટલે ચિત્તસમાધિ ઉત્પન્ન કરનાર પ્રતિમા લક્ષણરૂપ, તેમને વંદનાદિકની પ્રતીતિરૂપ હું કાઉસગ્ગ કરૂં છું. કાયોત્સર્ગ એટલે સ્થાન-મૌન અને ધ્યાન વિના બીજી ક્રિયાનો ત્યાગ, તેને હું આચરૂં છું. 'વંદણવત્તિયાએ' વંદન અર્થાત્ શ્રેષ્ઠ મન, વચન, કાયાની પ્રવૃત્તિ, તે નિમિત્તે અર્થાત્ વંદનથી જેવું પુણ્ય થાય તેવું કાયોત્સર્ગથી પણ મને પુણ્ય થાઓ. 'વત્તિયાએ' ત્તિ આર્ષ પ્રયોગ છે.**

**(ઈતિ પ્રતિમાશતકે ટીકાયાં.)**

**૩ સાધુ અને શ્રાવક શ્રી જિનેશ્વરોના ચૈત્યોને યથાયોગ્ય વંદના નિરંતર કરે જ છે. તો પણ અધિક અધિક કરવાનો ભાવ પ્રદર્શિત કરવા માટે કાયોત્સર્ગ દ્વારા પ્રાર્થના કરવી, તે પણ વ્યાજબી છે. એ રીતે ભક્તિનો અતિશય પ્રગટ થવા દ્વારા અધિક કર્મનિર્જરા થાય છે.**

**૪ અહીં મુખ્યત્વે દ્રવ્યપૂજાથી અને દ્રવ્યસત્કારથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ ચૈત્યવંદનાન્તર્ગત કાઉસગ્ગથી પણ થાઓ, એ ભાવાર્થ છે, તો પણ ભાવપૂજાના અધિકારી મુનિમહાત્માને માટે એ પદ સંબંધી (દ્રવ્યપૂજાના ફળ સંબંધી)**

હવે શાસ્ત્રકાર, પૂજન સત્કારના અધિકારીનો નિર્ણય, સચોટ શૈલીમાં આક્ષેપપરીહારપૂર્વક જણાવે છે.

**आह-साधुः श्रावको वा ?, तत्र साधोस्तावत्पूजनसत्कारवनुचितावेव, द्रव्यस्तवत्वात्, तस्य च तत्प्रतिषेधात् ''तो[२] कसिणसञ्जमविऊ पुप्फाईयं न इच्छन्ति'' इति वचनात्, श्रावकस्तु सम्पादयत्येवैतौ यथाविभवं, तस्य तत्प्रधानत्वात्, तत्र तत्त्वदर्शित्वात्, 'जिणपूया विभवबुद्धि' ति वचनात्, तत्कोऽनयो विषय इति, ऊच्यते सामान्येन द्वावपि साधुश्रावकौ, साधोः स्वकरणमधिकृत्य द्रव्यस्तवप्रतिषेधः, न पुनः सामान्येन, तदनुमतिभावात्,**

ભાવાર્થ--શંકા-પૂજા અને સત્કારના અધિકારી (વિષય) સાધુ છે કે શ્રાવક ? ત્યાં પૂજા અને સત્કાર સાધુને તો અનુચિત-ગેરવ્યાજબી છે. કારણ કે; પૂજા અને સત્કાર, દ્રવ્યસ્તવરૂપ છે અને 'તોકસિણ' એ આ. નિ. શાસ્ત્રે સાધુઓને દ્રવ્યસ્તવનો નિષેધ કરેલ છે અને શ્રાવક તો વૈભવ પ્રમાણે-યથાશક્તિ પૂજા અને સત્કાર કરે જ છે. કારણ કે; 'જિનપૂયા' એ શાસ્ત્રનું વચન હોઈ, દ્રવ્યસ્તવમાં (જ્ઞાયમાન-જણાતા ઘોરબંધનો અભાવ છે એટલે દ્રવ્યસ્તવમાં ધનદ્રવ્ય દ્વારા મહાદોષનો અભાવ દેખેલો છે વાસ્તે) તત્ત્વદર્શન-પરમાર્થબુદ્ધિ હોઈ, શ્રાવકમાં દ્રવ્યસ્તવની પ્રધાનતા મુખ્યતા છે. તો સાધુશ્રાવક પૈકી કોણ દ્રવ્યસ્તવ-પૂજાસત્કારનો અધિકારી છે ?

સમાધાન-સામાન્યરીતે (પૂજકત્વ, કરણ-કારણાનુમોદનાન્યતમત્વરૂપ સામાન્યની અપેક્ષાએ, કરણ કારણાનુમોદનરૂપ સર્વને કુક્ષિમાં રાખી અર્થાત્ કરણાદિરૂપ સર્વની અપેક્ષાએ) પૂજા અને સત્કારના અધિકારી સાધુ અને શ્રાવક ઉભય છે. શાસ્ત્રમાં સાધુને સ્વયં કરવાની (પોતાની મેળે-પોતે-જાતે કરવાની) અપેક્ષાએ પૂજા સત્કારરૂપ

---

વિસંવાદ નથી (એટલે દ્રવ્યપૂજાનું ફળ માંગવું અયોગ્ય નથી.) કારણ કે મુનિ મહારાજને અનુમતિથી દ્રવ્યપૂજા હોય છે (એટલે દ્રવ્યપૂજાને પ્રશંસનીય ગણે છે, એટલું જ નહિ, પરન્તુ દ્રવ્યપૂજા ન કરનારને કરવાની પ્રેરણા પણ કરે છે) તથા પૂજન અને સત્કારની પ્રાર્થના સાધુ માટે અનુચિત છે, એમ ન કહેવું. સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ કેવળ "કરવા" માટે છે. કિન્તુ "કરાવવા" અને "અનુમોદવા" માટે નથી. જિનપૂજા કરવી જોઈએ લક્ષ્મીનો સદ્વ્યય કરવાનું એથી શુભતર કોઈ સ્થાન નથી, ઈત્યાદિ ઉપદેશ આપવા વડે ભગવાનની પૂજા અને સત્કાર કરાવવો તથા પૂજા અને સત્કાર થતો જોઈને અનુમોદન કરવું, એ સાધુ માટે કર્તવ્ય છે.

સરખાવો-

૨ 'अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।
जे कसिए संजमाण विऊ पुप्फादीएण कप्पए ॥' (મહાનિશીથસૂત્રે તૃતીય અધ્યયનમાં.)

અર્થ-સંયમ માર્ગમાં સંપૂર્ણ રીતે નહિ પ્રવૃત્તિ કરનાર એવા વિરતા વિરતોને એટલે દેશવિરતિવાળા શ્રાવકોને જ આ દ્રવ્યસ્તવ અથવા દ્રવ્યાર્ચન યોગ્ય છે. જે સંપૂર્ણ સંયમ અર્થાત્ સર્વ વિરતિ-મહાવ્રતધારી છે, તેમને પુષ્પાદિક લેવાં કે તેનો સ્પર્શ કરવો વિગેરે કલ્પી શકતું નથી.

દ્રવ્યસ્તવનો પ્રતિષેધ કરેલ છે. એટલે "પોતે જાતે સાધુ, દ્રવ્યપૂજારૂપ દ્રવ્યસ્તવને ન કરે" એમ પ્રતિષેધ કરેલ છે. પરંતુ કરણકારણાનુમોદનરૂપ સર્વરૂપ સામાન્યની અપેક્ષાએ નિષેધ કરેલ નથી. કારણ કે; પૂજનસત્કારરૂપ દ્રવ્યસ્તવમાં સાધુને અનુમોદના-પ્રશંસાનો હક્ક-અધિકાર (સત્તા) સોંપેલ છે. એ પ્રમાણવ્યવહારથી સિદ્ધ પ્રસિદ્ધ છે. તથાચ પૂજનસત્કારવિષયક અનુમોદનાપ્રશંસા સાધુઓમાં વ્યવસ્થિત હોઈ સાધુને અનુમતિરૂપ અપેક્ષાથી દ્રવ્યપૂજારૂપ દ્રવ્યસ્તવ છે. તેથી જે ફલ થાય છે તે ફલની કામના-આશંસા, કાયોત્સર્ગથી રાખવી એ બરોબર-પ્રમાણરૂપ-વ્યાજબી જ છે.

હવે શાસ્ત્રકાર, સાધુનો પૂજનસત્કારરૂપદ્રવ્યવિષયક પ્રશંસાનો અભિનય-આકાર ચિતરી ઉપદેશદાન મારફતે દ્રવ્યસ્તવનું કરાવવું કેવી રીતે સાધુઓમાં ઘટમાન થાય છે તે વિષયને પ્રૌઢતાભરી ઢબથી સરલ રીતે છણે છે કે–

**भवति च भगवतां पूजासत्कारावुपलभ्य साधोः प्रमोदः, साधु शोभनमिदमेतावज्जन्मफलमविरतानामिति वचनलिङ्गगम्यः, [1]तदनुमतिरियं, उपदेशदानतः [2]कारणापत्तेश्च, ददाति च भगवतां पूजासत्कारविषयं सदुपदेशं-कर्त्तव्या जिनपूजा, न खलु वित्तस्यान्यच्छुभतरं स्थानमिति वचनसन्दर्भेण, तत्कारणमेतत्, अनवद्यं च तद्, दोषान्तरनिवृत्तिद्वारेण, अयमत्र प्रयोजकोंऽशः, तथाभावतः प्रवृत्तेः, उपयान्तराभावात्,**

ભાવાર્થ-વળી "આ આટલું અવિરતોને જે જન્મનું ફલ પ્રાપ્ત થયેલ છે. તે બહુ જ પ્રશસ્ત-સુંદર-શોભનરૂપ-સારૂં છે." આવા વચનરચનારૂપ હેતુથી માલુમ પડે-ઓળખી-પીછાની શકાય એવો, ભગવંતોના પૂજા અને સત્કાર મેળવીને-જોઈને સાધુજનને પ્રમોદ (આનંદ ઉદધિ) થાય છે-ઉછળે છે. આવા આકારથી આ દ્રવ્યસ્તવની અનુમતિ-અનુમોદના-[1]પ્રશંસાની સિદ્ધિ થાય છે.

વળી બીજાઓને પૂજાસત્કારવિષયક ઉપદેશદાન મારફતે સાધુ-નિર્ગ્રંથજનને પૂજાસત્કારકારણ (કરાવવા) ની પ્રાપ્તિ છે-સિદ્ધિ છે.

પૂજાસત્કારવિષયક ઉપદેશદાનનો આકાર

"ભો ભવ્યો ! જિનેશ્વરની પૂજા કરો ! ધનના (લક્ષ્મીના) સદ્વ્યય-સદુપયોગનું જિનેશ્વરપૂજાસત્કાર

---

**૧ "पूयाफलपरिकहणा पमोयणा चोयणा उ कारवणं ।**
**अणुमोयणावि जायइ पमोयउववूहणाईहिं ॥ (४११ भू.)**
**૨ सुच्चइय वइररिसिणो कारवणंपिय अणुट्ठियमिमस्स ।**
**वायगगंथेसु तहा एयगया देसणा चेव ॥ १ ॥ (४१२ भू.)**

**૧ જેમ દાનધર્મની પ્રશંસાથી આરંભ પરિગ્રહની પ્રશંસા ગણી શકાતી નથી. કારણ કે ત્યાં ત્યાગાંશની પ્રશંસા છે. તેવી જ રીતે અહીં પૂજાસત્કારરૂપ દ્રવ્યસ્તવની પ્રશંસાથી આરંભ પરિગ્રહની પ્રશંસા ગણી શકાતી નથી. કારણ કે; અહીં ભક્તિ અંશની પ્રશંસા છે.**

સિવાય બીજું કોઈ તેવું ઉમદા-ઉત્તમ-પ્રશસ્તતમ સ્થાન-ક્ષેત્ર-સત્પાત્ર નથી" આવી મનહર વચનરચનાવલીથી ભગવંતોના પૂજાસત્કારવિષયનો સદ્ર-સુંદર-સત્ય ઉપદેશ, ધર્મોપદેશક સાધુજન આપે છે.

અર્થાત્ પૂજાસત્કારવિષયક ઉપદેશના દ્વારા પૂજાસત્કારવિષયક કારણ (કરાવવા) ની સિદ્ધિ થાય છે. પૂજન-સત્કારાદિવિષયક ઉપદેશદાન સાધુઓમાં છે. એટલે સાધુઓને કારણ (પૂજાસત્કાર કરાવવા) ની અપેક્ષાએ દ્રવ્યસ્તવ છે. એટલે તેથી જે ફલ થાય છે તે ફલની આશંસા-પ્રાર્થના, કાયોત્સર્ગથી રાખવી એ ગેરવ્યાજબી નથી.

શંકા=જીંદગી સુધી, સર્વથા સર્વપાપવ્યાપારનો ત્યાગ કરનાર સાધુનિર્ગ્રંથને સાવદ્યસ્વભાવવાળા દ્રવ્યસ્તવનું ઉપદેશદાન દ્વારા કરાવવું કેવી રીતે ઘટી શકે ?

સમાધાન=આ દ્રવ્યસ્તવનું ઉપદેશદ્વારા કરાવવું એ નિર્દોષ-દોષ વગરનું છે. કારણ કે તેમાં દ્રવ્યસ્તવની અપેક્ષાએ જે બીજા-મોટા ઈન્દ્રિયાર્થ-વિષયહેતુભૂત કૃષિ-ખેતી વગેરે આરંભ વિશેષથી જે અટકવું અથવા તે મોટા-વિષયહેતુ કૃષ્યાદિ આરંભ વિશેષની નિવૃત્તિરૂપ મહાગુણરૂપી ઉપાય-હેતુ-દ્વાર છે. અર્થાત્ મહાદોષાંતરનિવૃત્તિરૂપ મહાગુણદ્વારા દ્રવ્યસ્તવનું કરાવવું તે નિરવદ્ય-નિર્દોષ-નિષ્પાપ છે.

શંકા-બીજા અલ્પપણ અવદ્ય-પાપમાં પ્રવૃત્તિ કરનાર હોઈ દ્રવ્યસ્તવનું કરાવવું એ નિરવદ્ય-નિર્દોષ કેવી રીતે ?

સમાધાન=દ્રવ્યસ્તવની ઉપદેશપ્રવૃત્તિના પ્રત્યે નિવૃત્તિરૂપ દ્રવ્યસ્તવકર્તૃ (કરનાર) નિષ્ક્રિયાના વિભાગ-અંશભૂત મહાદોષાંતર નિવૃત્તિ, હેતુ છે. કારણ કે, દ્રવ્યસ્તવના ઉપદેશ સિવાય દ્રવ્યસ્તવની પ્રાપ્તિ બીજાને ન થાય એને દ્રવ્યસ્તવ સિવાય મહાદોષાંતરનિવૃત્તિ બીજાને થઈ શકતી નથી. દ્રવ્યસ્તવ હોય તો જ મહાદોષાંતરની નિવૃત્તિ થઈ શકે છે. એટલે બીજાઓને મહાદોષાંતરથી નિવૃત્તિ કરાવવા ખાતર સાધુઓને મહાદોષાંતરનિવૃત્તિહેતુભૂત દ્રવ્યસ્તવનો ઉપદેશ અનિવાર્ય આવશ્યક થાય છે. એટલે દ્રવ્યસ્તવના ઉપદેશમાં પ્રવૃત્તિ કરાવનાર તરીકે મહાદોષાંતરનિવૃત્તિનો ઉદ્દેશ જ મુખ્ય ભાગ ભજવે છે. કારણ, દ્રવ્યસ્તવનો ઉપદેશ ન હોય તો દ્રવ્યસ્તવ ન થાય, અને દ્રવ્યસ્તવ ન થાય એટલે મહાદોષાંતરનિવૃત્તિ ન થાય. માટે દ્રવ્યસ્તવના ઉપદેશદાનદ્વારા સાધુઓને દ્રવ્યસ્તવનું કરાવવું નિરવદ્ય-નિર્દોષ-મહાગુણકારક-યુક્તિયુક્ત-શાસ્ત્રસિદ્ધ જ છે.

હવે શાસ્ત્રકાર, દ્રષ્ટાંતકાર સાબીત કરે છે કે; દ્રવ્યસ્તવવિષયક ઉપદેશદાનદ્વારા સાધુઓને દ્રવ્યસ્તવનું કરાવવું નિર્દોષ-નિરવદ્ય છે.

**૧ નાગભયસુતગર્ત્તાકર્ષણજ્ઞાતેન ભાવનીયમેતત્, તદેવં સાધુરિત્થમેતત્સમ્પાદનાય કુર્વાણો નાવિષયઃ, વચનપ્રામાણ્યાત્, ઇત્થમેવેષ્ટસિદ્ધેઃ, અન્યથાઽયોગાદિતિ,**

---

૧ જહ સપ્પભએ માયા સુયસ્સ ગત્તાઉ કઢણોવાયં ।
લહુ અન્નં અલહંતી ખિસંતી વિ હુ ન દોસિલ્લા ॥ ૨ ॥

ભાવાર્થ="સર્પના ભયથી પુત્રને ખાડામાંથી ખેંચવારૂપ દ્રષ્ટાંતથી ચાલતા વિષયનું પુખ્ત પરિશીલન કરો."

તથાહિ-દ્રષ્ટાંત-"સાચે જ કોઈ એક સ્ત્રીએ પોતીકા વ્હાલસોયા પુત્રને સુંદર રૂપવાળો કુટડો કરી કે બરોબર ઠીકસર શણગારી, રમવા-ખેલવા ખાતર ઘરની બહાર મોકલ્યો.

તે છોકરો ઘણો ચપલ-ચંચલ અને વિવેક વગરનો હોવાથી અહીંતહીં રમતો ભમતો ભમતો અત્યંત વિષમ (ઘણા ઉંચા નીચા) કિનારાવાળા ખાડામાં પેઠો. તેવામાં-તે દરમિયાન બે ઘડીની અંદર, અનિષ્ટ-વિઘ્ન-અમંગલની સંભાવના-શંકા થવાથી આભી બનેલી માતા, તે પુત્રને લાવવા સારૂં શોધતી તે ખાડાના દેશ-ભાગ આગળ આવી. તેણીએ ખાડામાં રહેલ પોતાના પુત્રને જોયો અને પોતાના પુત્રની પાછળ-પછવાડે પડેલો (ચાલતો) કાજળના ઢગલા સરખી કાળી શ્યામ કાયાવાળો અને જેની કોપની શાંતિ બિલ્કુલ કળી શકાય એમ નથી એવો અને જેણે ખુલ્લો કર્યો છે વિશાલ ફણાનો આડંબર એવો સાપ જોયો. ત્યારબાદ ગુરૂ લાઘવ-લાભ-હાનિ-ગુણદોષની આલોચનામાં ચતુર એવી તે સ્ત્રીએ "નક્કી આ સાપથી આ મારા પુત્રને અનિષ્ટ-નુકશાન-હાનિ થશે" એવો વિચાર-ઠરાવ-નિર્ણય કરી તર્તજ ઝડપથી હાથ પસારી-લાંબો કરી, હિંમત કરી કષ્ટ-તકલીફ પીડાને અવગણી ખાડામાંથી પુત્રને ખેંચી બહાર કાઢ્યો.

જો કે ચામડી થોડી છોલાવાથી પીડાવાળો છોકરો થયો છતાંય એની માતા દોષવાળી બનતી નથી. કારણ કે; પુત્રને બચાવવારુપ હિતનો આશય માતાના હૈયામાં ભરચક છે.

ઉપનય-તેવી જ રીતે દ્રવ્યસ્તવથી ભિન્ન-જુદા બીજા કોઈ પણ ઉપાયથી મહાસાવદ્યાંતર (વિષયહેતુભૂતકૃષ્યાદિ આરંભ વિશેષરૂપ મહાદોષાંતર) થી નિવૃત્તિને નહિ જોનાર-દેખનાર, ગૃહસ્થીઓને દ્રવ્યસ્તવનો ઉપદેશ આપનાર, સર્વથા સર્વ સાવદ્યયોગનું પચ્ચક્ખાણ કરનાર સાધુ પણ દોષવાળો-સાવદ્ય થતો નથી. કારણ કે; દ્રવ્યસ્તવવિષયક ઉપદેશદ્વારા મહાદોષાંતરનિવૃત્તિનો જ વિશુદ્ધતમ ભાવ હૃદયપટ પર સદાકાળ રમતો હોય છે. તેથી જ આ પ્રમાણે જ અનુમતિકારણરૂપે દ્રવ્યસ્તવની સિદ્ધિ છે. એટલે દ્રવ્યસ્તવના ફલસંપાદન કાજે અનુમતિકારણને કરતા સાધુ, પૂજાસત્કારરૂપ દ્રવ્યસ્તવના અધિકારી નથી એમ નહિ પરંતુ અધિકારી છે જ. કારણ કે; સ્વયંકારણની અપેક્ષાએ સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ છે અનુમતિકારણની અપેક્ષાએ દ્રવ્યસ્તવનો નિષેધ નથી પરંતુ વિધાન છે" એવું વચન-આગમ વચનનું પ્રામાણ્ય છે. વળી જો વચનરૂપ આગમનું પ્રામાણ્ય માનવામાં આવે તો જ પૂજા-સત્કારરૂપ દ્રવ્યસ્તવથી જે કર્મક્ષયાદિરૂપ ફલ થાય તે કાયોત્સર્ગથી થાઓ" આવી આશંસા

---

तह दोसवज्ज साहू गिहिणो दव्वत्थयं उवइसंतो ।
बहुपावइंदियत्थाइदोसनियरं निवारिंतो ॥ ३ ॥
जं पुण सुत्ते भणियं दव्वत्थए सो विरुज्झई कसिणो ।
तव्विसयारंभपसंगदोसविणिवारणत्थंतं ॥ ३ ॥ (४१४ भू.)

કે પ્રાર્થનાથી કર્મક્ષયાદિ રૂપ ઈષ્ટફલની સિદ્ધિ છે. નહિતર-વચનનું પ્રામાણ્ય ન સ્વીકારવામાં આવે તો, ઉપર્યુક્ત ઈષ્ટફલનો અભાવ છે. ઈતિ સાધુના દ્રવ્યસ્તવના અધિકારની સિદ્ધિ.

હવે શાસ્ત્રકાર, શ્રાવકને પૂજા અને સત્કારમાં સંપૂર્ણ સર્વથા પ્રધાન-અધિકાર-સત્તા છે એ વિષયને વિગતવાર ચર્ચા-છણાવટ-અચ્છી આલોચના કરે છે.

**श्रावकस्तु सम्पादयन्नप्येतौ भावातिशयात् अधिकसम्पादनार्थमाह, न तस्यैतयोः सन्तोषः, तद्धर्म्मस्य तथास्वभावत्वात्, जिनपूजनसत्कारयोः करणलालसः खल्वाद्यो देशविरतिपरिणामः, औचित्यप्रवृत्तिसारत्वेन, उचितौ चारम्भिण एतौ, सदारम्भरूपत्वात्,**

ભાવાર્થ-શ્રાવક તો સ્વયં-જાતે નિરંતર અર્હંતચૈત્યોના પૂજા અને સત્કાર કરે જ છે. તો પણ ભાવના અતિશય-ઉત્કર્ષથી પૂજા અને સત્કારને અધિક અધિક કરવાને સારૂ બોલે છે. ("અર્હત્ચૈત્યોના પૂજા અને સત્કારથી જે કર્મક્ષયાદિ ફલ થાય તે કાયોત્સર્ગથી મને થાઓ" આવી આશંસા-પ્રાર્થના-ઈરાદાવાળો શ્રાવક, "પૂયણવત્તિયાએ" "સક્કારવત્તિયાએ" એ પદોને બોલે છે એ વ્યાજબી જ છે) કારણ કે; શ્રાવકને પૂજા અને સત્કારમાં સંતોષ (તૃપ્તિ-) હોતો નથી. સબબ કે; શ્રાવકધર્મનો એવો જ સ્વભાવ છે કે; જિનપૂજા અને સત્કાર વિષયમાં ભાવનો અત્યંત ઉત્કર્ષ-અતિરેક હોઈ અસંતોષ જ રહે. આજ વસ્તુને વધુ સ્પષ્ટ કરતા કહે છે કે; જેનું સ્વરૂપ પૂર્વે કહી દીધેલ છે એવા જિનપૂજા અને સત્કાર કરવામાં લાલસા (તીવ્ર લાલચવાળો,) "સૂચિત્ત આરંભ વર્જન" નામની આઠમી પ્રતિમાના[1] અભ્યાસથી પૂર્વકાલમાં થનારો દેશવિરતિ પરિણામ શ્રાવકનો અધ્યવસાય હોય છે. કારણ કે; ઔચિત્ય (પોતાની અવસ્થા-દરજ્જાની યોગ્યતા પૂર્વકની) પ્રવૃત્તિની પ્રધાનતા-મુખ્યતા છે. ઔચિત્ય-પોતાની અવસ્થાની યોગ્યતાનો વિચાર કરે છે કે–

---

૧ શ્રાવકની અગ્યાર પ્રતિમા તે આ પ્રમાણે (૧) 'સમકિત પ્રતિમા'-તેમાં એક માસ સુધી અતિચારરહિત સમકિત પાળે. (૨) "વ્રત પ્રતિમા"-તેમાં બે માસ, પહેલી પ્રતિમામાં કહ્યા ઉપરાંત અતિચાર રહિત બાર વ્રતોનું પાલન કરે. (૩) "સામાયિક પ્રતિમા"- તેમાં પૂર્વે કહેલી ક્રિયા સહિત ત્રણ માસ સુધી બન્ને કાળ નિરતિચાર સામાયિક સહિત પ્રતિક્રમણ કરે. (૪) "પૌષધ પ્રતિમા" તેમાં સર્વની ક્રિયા સહિત ચાર માસ સુધી ચાર પર્વોને વિષે એટલે બે આઠમ અને બે ચૌદશે નિરતિચાર પૌષધ કરે. (૫) "પ્રતિમા" નામની પ્રતિમા-તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત પાંચ માસ સુધી પૌષધને દિવસે રાત્રે દોષરહિત કાયોત્સર્ગ કરે, પાંચ માસ સુધી સ્નાન ન કરે, રાત્રે ચતુર્વિધ આહારનો ત્યાગ કરે, દિવસે બ્રહ્મચર્ય પાળે અને રાત્રિએ પણ સર્વથા બ્રહ્મચર્ય પાળે ને કાયોત્સર્ગ કરે (૬) છઠ્ઠી "બ્રહ્મચર્યપ્રતિમા" તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત છ માસ સુધી રાત્રિ-દિવસ નિરતિચાર બ્રહ્મચર્ય પાળે અને કચ્છ ધારણ કરે (૭) "સચિત્ત વર્જન પ્રતિમા" તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત સાત માસ સુધી સચિત્ત આહારનો ત્યાગ કરે (૮) આઠમી "આરંભવર્જન પ્રતિમા" તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત આઠ માસ સુધી પોતે કાંઈ પણ આરંભ-સમારંભ કરે નહિ. (૯) નવમી "પ્રેષ્યવર્જન પ્રતિમા" તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત નવ માસ સુધી બીજા પાસે પણ આરંભ કરવો નહિ. (૧૦) દશમી "ઉદ્દિષ્ટવર્જન પ્રતિમા" તેમાં પૂર્વની ક્રિયા સહિત દશ માસ સુધી પોતાને ઉદ્દેશીને કરેલો આહારાદિક ગ્રહણ ન કરે. (૧૧) અગ્યારમી "સાધુ ભૂત" સાધુ જેવી પ્રતિમા-તેમાં પૂર્વોક્ત ક્રિયા સહિત અગ્યાર માસ સુધી મસ્તકે મુંડિત થઈ અથવા લોચ કરી શ્રમણની જેમ વિચરે; રજોહરણ અને પાત્રાં રાખે અને પોતાની જાતિમાં વિચરી ભિક્ષા માગીને ખાય. (આ બધી શ્રાવકપણાની ઉત્કૃષ્ટ કરણી છે અને તેમાં આગળની પ્રતિમામાં પાછળની બધી તો સાથે રાખવાની જ છે.)

અને વળી આરંભીને (પૃથ્વી આદિ આરંભવાળાને) આ પૂજા અને સત્કાર, યોગ્ય-ઉચિત ઘટિત છે. કારણ કે, પૂજા અને સત્કાર [1]સદારંભરૂપ છે. અર્થાત્ સત્-સુંદર (જિનવિષયકહોવાથી) આરંભ (પૃથિવી આદિ ઉપમર્દ) રૂપ પૂજા અને સત્કાર છે.

હવે શાસ્ત્રકાર, શંકાસમાધાન અને દ્રષ્ટાંત પૂર્વક શ્રાવકને પૂજા અને સત્કારનો અધિકાર સદાસર્વથા નિયત છે. એ વિષયને વધુ સ્પષ્ટ કરતા કહે છે.

---

૧ મુનિને આશયની વિશુદ્ધિપૂર્વક નદી ઉતરતાં હિંસા કહી નથી. જો કે નદી ઉતરતાં જીવોની વિરાધના થાય છે. પણ વિધિપૂર્વક જયણાથી આશયની નિર્મલતાએ નદી ઉતરતાં મુનિને હિંસા કહી નથી. તેમજ વિધિયોગે શુભભાવથી જયણાપૂર્વક જિનેન્દ્રની પૂજા પણ મોક્ષનું કારણ છે. જિનપૂજા એ ઉપયોગપૂર્વક અને શુભભાવથી થાય છે. તેથી તેમાં અપાર આરંભ માનનારા ભવજલમાં ડૂબનારા અને અન્યને ડૂબાડનારા છે. જે ક્રિયામાં વિષયારંભનો ત્યાગ છે. તે ક્રિયા હંમેશા ભવજલનો છેડો લાવે છે કારણ કે; સંસારના કારણભૂત વિષયોનો આરંભ, પાપની વૃદ્ધિ કરનારો છે. પણ જે શુભ (સદ્) આરંભ છે. તેથી અશુભભાવની નિવૃત્તિ થાય છે અને પાપનો ક્ષય થાય છે. જિનેન્દ્રપૂજાથી વીતરાગદેવના ગુણનું ધ્યાન થાય છે. અને વીતરાગપ્રભુના ગુણના ધ્યાનરૂપી શુભભાવથી વિષયારંભનો ભય નથી. માટે જિનપૂજાદિક એ શુભ (સદ્) આરંભ છે. અને તેમાં અશુભ ભાવની નિવૃત્તિરૂપી મોટો ગુણ છે.

વળી પ્રતિમાપૂજનથી વિનય થાય છે અને જે વિનય છે તે અંતરંગ તપ છે. જેથી પ્રભુની પ્રતિમાનો વિનય કરવાથી શુભભાવ થાય છે. અને શુભભાવથી પ્રાણી મોક્ષગતિ મેળવવા ભાગ્યશાલી થાય છે. જે પ્રતિમાની પૂજામાં આરંભમાની જિનેન્દ્રપૂજા કરતો નથી. એ વ્યાજબી નથી કારણ કે; જિનેન્દ્રપ્રભુની પ્રતિમા પૂજનમાં આરંભ માનનાર શું દાન, વંદન આદેશ આદિ ક્રિયા કરતો નથી ? અને દાન આપવું, વંદન કરવું વિગેરે ક્રિયા કરતાં શું વાયુકાય આદિની વિરાધના થતી નથી ? અને આ દાનાદિની પ્રવૃત્તિનો તેને ઘડીપણ સ્વીકાર કર્યા વિના ચાલે તેમ છે ? કદાચ તે કહે કે દાનાદિની પ્રવૃત્તિ કરતા વાયુકાય આદિની વિરાધના કરવાનો આશય નથી પણ શુભ આશય છે. તો તેના ઉત્તરમાં જણાવવાનું કે પૂજા કરતા પણ જીવોની વિરાધનાનો આશય નથી, પણ શુભ આશય છે, પુષ્પાદિ જીવોના આરંભથી પૂજા સાવદ્ય-સપાપ છે. એમ પણ ન બોલો. કારણ કે, પુષ્પાદિ જીવોના આરંભથી પૂજા સાવદ્ય દેખાય છે. પણ અનુબંધથી ઉત્તરોત્તર ભાવવૃદ્ધિથી પૂજા નિરવદ્ય-નિષ્પાપ છે. કારણ કે; પૂજા સમયે જિનેન્દ્રના ગુણનું બહુમાન થાય છે. તેથી શુભધ્યાન વર્તે છે, અને જેનાથી પાપકર્મ બંધાય એવા મિલન (અસદ્) આરંભ થાય છે. તેની નિવૃત્તિ થાય છે અને વીતરાગપ્રભુનું બહુમાન કરવાથી ભાવ નિર્મળ થાય છે, અને તેથી ચિત્ત વિશુદ્ધિ થાય છે.

બીજો એ લાભ થાય છે કે; શ્રી જિનેન્દ્રની પૂજા-અર્ચા-સેવા દેખી ભવ્ય પ્રાણીને શુભભાવ ઉલ્લસે છે અને તે શુભભાવથી છકાયના રક્ષક બની ભવજલ તરે છે. જેમ મુનિને નદી ઉતરતાં દયાના પરિણામ ફોગટ નથી; તેમ શ્રાવકને પુષ્પપૂજાદિ પ્રસંગે પણ પુષ્પાદિ જીવ ઉપર દયાના પરિણામ ફોગટ નથી.

વળી જિનપૂજા, રોગીને ઔષધ સમાન છે, ગૃહસ્થ શ્રાવક મલિન (અસદ્) આરંભરૂપ રોગવંત છે. તે મલિન આરંભરૂપ રોગને ઉપશમાવવાને શુભ (સદ્) આરંભરૂપી ઔષધ સમાન જિનપૂજા છે પણ મુનિવર તો સર્વ સાવદ્ય ક્રિયાથી નિવૃત્ત થયા છે. તેઓને કોઈપણ પ્રકારનો અશુભ આરંભરૂપી રોગ જ નથી તો પછી રોગનું ઔષધ શા માટે કરે ?

શંકા=જિનપૂજામાં મન, વચન, કાયાના શુભયોગથી દ્રવ્યઆશ્રવ થાય છે. તેથી નિજ પરિણામરૂપ ધર્મ શું હણાય છે ?

**औचित्याज्ञाऽमृतयोगात्, असदारम्भनिवृत्तेः, अन्यथा तदयोगादतिप्रसङ्गादिति, तथाहि-द्रव्यस्तव एवैतौ, स च भावस्तवाङ्गमिष्टः, तदन्यस्याप्रधानत्वात्, तस्याभव्येष्वपि भावात्, अतः आज्ञयाऽसदारम्भनिवृत्तिरूप एवायं स्यात्, औचित्यप्रवृत्तिरूपत्वेऽप्यल्पभावत्वाद् द्रव्यस्तवः, गुणाय चायं कूपोदाहरणेन, न चैतदप्यनीदृशं इष्टफलसिद्धये, किंत्वाज्ञामृतयुक्तमेव, स्थाने विधिप्रवृत्तेरिति सम्यगालोचनीयमेतत् ॥**

**तदेवमनयोः साधुश्रावकावेव विषय इत्यलं प्रसङ्गेन ।**

ભાવાર્થ=શંકા=જો પૂજા અને સત્કાર, આરંભ વિશેષરૂપ છે. તો બન્નેમાં સદારંભપણું કેવી રીતે ઘટમાન થાય ?

સમાધાન=આરંભી શ્રાવકને પૂજા અને સત્કારરૂપ દ્રવ્યસ્તવ કર્ત્તવ્ય છે. કારણ કે; ઔચિત્ય (નિજ અવસ્થાની યોગ્યતા) ને અનુલક્ષીને કરેલ આપ્ત-સર્વજ્ઞની આજ્ઞા-વચનરૂપી (**जिणभवनं जिनबिम्बं** ઈત્યાદિ પ્રશમરતિ ગ્રંથમાં તથા **'जिणभवन बिम्ब ठावणाजिणपुआईसुत्तओ विहिणा, दव्वत्थओत्ति नेयं भावत्थयकारणत्तेण'** ઈત્યાદિ, સૂત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે દહેરાસર કરાવવાં, બિંબ ભરાવવાં, પ્રતિષ્ઠા-સ્થાપના કરાવવી, તીર્થયાત્રા કરવી એ દ્રવ્યસ્તવ છે. એમ જાણવું. કેમ કે એ સર્વ, ભાવ સ્તવના કારણ છે' ઈત્યાદિ સર્વજ્ઞની આજ્ઞા-વચનરૂપી) અમૃતનો (અજરામરપણું કરનાર હોઈ આજ્ઞા એજ અમૃત છે તેનો) યોગસત્તા-વિદ્યમાનતા છે.

---

**સમાધાન=ના, તેથી નિજ પરિણામરૂપ ધર્મ હણાતો નથી. જ્યાં સુધી આત્માની યોગક્રિયા અટકી નથી ત્યાં સુધી આત્મા યોગારંભી છે અલબત્ત જે ક્રિયા કરવાથી નિજસ્વભાવપરિણતિરૂપ આત્મિકધર્મ નષ્ટ થતો હોય તે ક્રિયા તો ન જ કરવી જોઈએ પણ વીતરાગની પૂજાથી તો તે આત્મિકધર્મને હાનિ પહોંચવાને બદલે પુષ્ટિ મળે છે તો પછી તેનો આદર કેમ ન કરવો ?**

**અર્થાત્ જિનપૂજા કરવાથી દ્રવ્યાશ્રવ થાય છે તો પણ તે આત્મિક ધર્મને પુષ્ટિ કરનાર હોવાથી જિનપૂજા અવશ્ય આદરણીય છે. જ્યાં સુધી મન, વચન, કાયારૂપ યોગની ક્રિયા અટકી નથી ત્યાં સુધી તેઓ શુભ કે અશુભ માર્ગે અવશ્ય પ્રવર્ત્તવાના, તો પછી તે ત્રણેય યોગને જિનપૂજારૂપ શુભ માર્ગમાં શ્રાવકને પ્રવર્ત્તવાને કોણ બુદ્ધિમાન મનાઈ કરે ? શ્રાવક, મલિનારંભી-અસદારંભી છે એટલે જેનાથી પાપ બંધાય તેવા આરંભ કરે છે. માટે સંસાર સમુદ્ર તરવાને માટે શ્રાવકે જિનપૂજા અવશ્ય કરવી જોઈએ.**

**શંકા=કોઈ કહે છે કે દ્રવ્યસ્તવથી પુણ્ય બંધાય છે અને તેથી તે સ્વર્ગનું કારણ છે, પણ મોક્ષનું કારણ નથી તો તે કેમ કરવો ?**

**સમાધાન=તે અવશ્ય કરવો, કારણ કે; દ્રવ્યસ્તવ એ ભાવસ્તવનું કારણ છે. માટે અને આત્મિક ધર્મ પ્રગટાવનાર હોવાથી તેનો અવશ્ય આદર કરવો જોઈએ. સરાગ સંયમ એ સ્વર્ગનું કારણ છે છતાં સરાગ સંયમ કેમ લ્યો છો ?**

**શંકા-દ્રવ્યસ્તવ એ અપ્રધાનસ્તવ છે તો તે છોડી ભાવસ્તવ કેવલ કેમ ન કરવો ?**

**સમાધાન-દ્રવ્યસ્તવ-પૂજાદિથી ભાવસ્તવ-ચારિત્રની પ્રાપ્તિ થાય છે. માટે દ્રવ્યસ્તવની અંદર રહેલો દ્રવ્ય શબ્દ અપ્રધાનવાચી નહિ પણ કારણવાચી સમજવો. માટે દ્રવ્યસ્તવ, ભાવસ્તવનું કારણ હોવાથી તે અવશ્ય કરવો જોઈએ.**

વળી આ આજ્ઞાનું બીજ=અસત્ (ઈન્દ્રિયાર્થ-વિષય વિષયક હોઈ આ અસુંદર) આરંભ કે આરંભથી નિવૃત્તિ (અટકી જવું) એજ પ્રભુ આજ્ઞાનું અમોઘ-અજોડ બીજ છે.

અર્થાત્ આજ્ઞારૂપી અમૃતયુક્ત પૂજાસત્કારરૂપ દ્રવ્યસ્તવ (સદારંભ રૂપ) હોય તો જ અસદ્ (અશુભ) આરંભની નિવૃત્તિ માનો તો, જુગાર રમવામાં હીંડોળા હીંચવામાં (હીંચકા-ઝોલા ખાવા) વિગેરેમાં પણ અસદ્ આરંભની નિવૃત્તિની પ્રાપ્તિ હોઈ અતિ[1]પ્રસંગ કાયમ રહેશે.

હવે ફરી ઔચિત્યની વિશેષ પ્રકારે વિચારણા કરતા કહે છે કે "તથાહીતિ" તથાહિ-આ બે પૂજા અને સત્કાર, દ્રવ્યસ્તવ છે. એટલે જ શુદ્ધ સાધુભાવ (નિર્મલ-સમ્યક્ ચારિત્ર) રૂપ ભાવસ્તવનું મૂલ બીજ માનેલ છે. અર્થાત્ ભાવસ્તવના પ્રત્યે દ્રવ્યસ્તવ, મુખ્ય-ફલોપધાયક કારણ છે. દ્રવ્યસ્તવની હાજરી હોય તો જ ભાવસ્તવ થાય છે. દ્રવ્યસ્તવની ગેરહાજરીમાં ભાવસ્તવનો અભાવ છે. જે ભાવસ્તવનું મુખ્ય-ફલોપધાયક કારણ નથી તે દ્રવ્યસ્તવ, અપ્રધાન-ગૌણ-ફલાજનક હોઈ આદરણીય, આવકારવાં કે આરાધવા યોગ્ય નથી. કારણ કે; અપ્રધાન-દ્રવ્યસ્તવનો, અભવ્યોમાં પણ (બીજાઓમાં હોય તો પૂછવું જ શું ?) વિદ્યમાન છે. તેથી કાંઈ શુદ્ધનિર્ગ્રંથતા રૂપ ભાવસ્તવરૂપ પ્રકૃત ફલની સિદ્ધિ થતી નથી. ભાવસ્તવરૂપફલજનકદ્રવ્યસ્તવભિન્ન દ્રવ્યસ્તવનું અપ્રધાનપણું-ભાવસ્તવરૂપ ફલનું કારણપણું નહીં હોવાથી જ અને ભાવસ્તવરૂપ ફલજનક-પ્રધાન દ્રવ્યસ્તવનું ભાવસ્તવરૂપ ફલનું જનકપણું હોવાથી જ, સર્વજ્ઞવચનરૂપ આજ્ઞારૂપ અમૃતથી જ અસદ્ આરંભનિવૃત્તિરૂપ જ (જેનું સ્વરૂપ કહેલ છે. એવા અસદ્ આરંભથી નિવૃત્તિ-અટકવારૂપ જ અહીં એવકારથી-જકારથી બહુ લોકપ્રસિદ્ધ અન્ય-અપ્રધાન દ્રવ્યસ્તવનો નિષેધ સમજવો) આ-પૂજાસત્કારરૂપ શાસ્ત્રવિહિત દ્રવ્યસ્તવ જ ભાવસ્તવનું ફલોપધાયકરૂપ [2]કારણ થાય.

શંકા-આ-અસદારંભનિવૃત્તિરૂપ શાસ્ત્રવિહિત દ્રવ્યસ્તવ, ઔચિત્ય પ્રવૃત્તિરૂપ હોઈ સાધુધર્મની માફક ભાવસ્તવ, કેમ ન મનાય ?

સમાધાન-અસદારંભ નિવૃત્તિરૂપરૂપ દ્રવ્યસ્તવને ભાવસ્તવ ન મનાય કારણ કે; અસદારંભ નિવૃત્તિરૂપ દ્રવ્યસ્તવનું ઔચિત્યપ્રવૃત્તિરૂપપણું (શ્રાવક અવસ્થા યોગ્ય વ્યાપાર સ્વભાવપણું) હોવા છતાંય (ઔચિત્ય પ્રવૃત્તિરૂપપણું જ્યાં ન હોય તો પૂછવું જ શું ?) છે. એટલે જ પૂજા સત્કારરૂપ દ્રવ્યસ્તવને દ્રવ્યસ્તવ તરીકે જ માની શકાય, ભાવસ્તવ તરીકે નહિ.

શંકા-જો દ્રવ્યસ્તવનું અલ્પભાવપણું છે. તો ગૃહસ્થીઓને આ દ્રવ્યસ્તવ, અકિંચિત્કર-કંઈપણ ન કરી શકે એવું-ક્રિયાશૂન્ય-અસમર્થ-નિર્માલ્ય જ છે. એમ કેમ ન મનાય ?

---

૧ अतिप्रसङ्गो नाम अतिव्याप्तिः, प्रकृतादन्यत्र प्रसजनं च आपादनम् । यथा अत्र घटः स्यात्तर्ह्युपलभ्येत इति, आहार्यारोपः । यथा यदि पर्वतो निर्वह्निरस्यात्तर्हि निर्धूमः स्यात् ॥

૨ कारण हि तद्भवति यस्मिन् सति यद्भवति यस्मिंश्चासति यन्न भवति (न्या. वा. १ पृ. २४) कार्योत्पादकं, कारणं तावत् द्विविधम् । मुख्यं अमुख्यं च । तत्र घटादिकं प्रति मृदादिकं कपालादिकं वा मुख्यम् । मुख्याभिन्नं त्वमुख्यं कारणम् ! तच्चसहकारिकारणमुच्यते । फलोपधायकत्वंफलनिष्पादकत्वम् ।

સમાધાન-ઔચિત્યપ્રવૃત્તિરૂપ-અસદારંભનિવૃત્તિરૂપ-અલ્પશુભપરીણામજનકરૂપ આ દ્રવ્યસ્તવ, કૂપદ્રષ્ટાંતથી ગૃહસ્થીઓને ગુણ-લાભ-ફાયદા માટે જ થાય છે.

તથાહિ-જેમ કોઈ એક નવા વસેલા ગામમાં સ્નાન-પાનને માટે કુવો ખોદતાં તરસ-થાક-અંગનું મલિન થવું વિગેરે વિગેરે થાય, પણ કુવામાંથી પાણી નીકળ્યા પછી તેમને કે બીજા લોકોને તે કુવો, સ્નાન-પાન-શરીરશુચિ-તરસ-થાક-અંગની મલિનતા ઉપશમાવી સર્વકાળ (હંમેશાં) સર્વપ્રકારના સુખને આપનાર થઈ પડે છે.

અર્થાત્ [1]અધિકારીને, (આરંભ ગૃહસ્થી શ્રાવકરૂપ અધિકારીને) કિંચિત્ દોષવાળો હોવા છતાંય પૂજાદિ દ્રવ્યસ્તવ, ગુણલાભકારક છે. કારણ કે; તે પૂજાદિ દ્રવ્યસ્તવ, વિશિષ્ટ શુભભાવરૂપ ફલનો ઉત્પાદક છે. જે જે વિશિષ્ટ શુભભાવના હેતુરૂપ હોય, તે તે ગુણકર-ફાયદાકારક દેખેલ છે. જેમકે દા.ત. કૂપખનન (કુવાનું ખોદવું) સમજો અને વળી યતનાપૂર્વક જયણા-ઉપયોગ વિવેકપૂર્વક કરેલ પૂજાદિ દ્રવ્યસ્તવ, વિશિષ્ટ શુભભાવનો હેતુ છે. તેથી તે દ્રવ્યસ્તવ, ગુણકર-ફાયદાકારક છે.

કૂપખનન પક્ષમાં તો, તૃષ્ણા (તરસ) આદિનું નિવારણ કરવા પૂર્વક આનંદ વિગેરેની પ્રાપ્તિરૂપ શુભ ફલ સમજવું.

જેમ કૂવાનું ખોદવું જો કે થાક, તરસ, કાદવથી ખરડાવવા વિગેરે રૂપ દોષથી દુષ્ટ છે. તો પણ જલની-પાણીની ઉત્પત્તિ થયાબાદ પૂર્વકથિત દોષોને દૂર કરી પોતાના ઉપર ઉપકાર-ગુણ માટે કે પારકાના લાભ ખાતર સર્વકાળ થાય છે. તેવી રીતે પૂજાદિક, [2]દ્રવ્યસ્તવ પણ આરંભજનિતદોષને દૂર કરી શુભ અધ્યવસાયની ઉત્પત્તિ થયાબાદ અશુભ કર્મની નિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્યબંધરૂપ ફલનું કારણ થાય છે.

---

**૧ દેશવિરતિ સંયમમાં પ્રવૃત્તિ કરનારા શ્રાવકોને સંસારને અલ્પ કરનાર દ્રવ્યસ્તવ, કૂપના દ્રષ્ટાંતે યુક્ત છે. જેમ કૂવો ખોદતાં તૃષ્ણા અને થાક લાગે તથા શરીર અને કપડાં મેલા થાય, પરંતુ પાણી નીકળતાં તેનાથી તૃષ્ણા દૂર થાય, શરીર અને કપડાં શુદ્ધ થાય તેમ દ્રવ્યસ્તવમાં સ્વરૂપ હિંસા (સર્વજ્ઞે પ્રતિપાદન કરેલી ધાર્મિકક્રિયા કરતાં સ્વભાવિક રીતે થઈ જતી હિંસા તે "સ્વરૂપહિંસા") પ્રયુક્ત કર્મબંધ થાય પણ ભાવની વિશુદ્ધિથી તે કર્મનો નાશ થાય.**

**'अकसिणपवत्तयाणं विरयाविरयाण एस खलु जुत्तो, संसारपयनुकरणो दव्वत्थए कूवदिट्ठंतो !' (પંચવસ્તુ ગા. ૧૨૨૪)**

**૨ 'हिंसाया ज्ञानयोगेन, सम्यग्दृष्टेर्महात्मनः । तप्तलोहपदन्यासतुल्याया नानुबन्धनम् ॥ ४७ ॥**

**सतामस्याश्च कस्याश्चिद् यतनाभक्तिशालिनां, अनुबन्धो ह्यहिंसाया जिनपूजादिकर्मण ॥ ४८ ॥ અધ્યાત્મસારે સમ્યક્ત્વાધિકારે.**

**અર્થ-મોટા પ્રાણી જે સમ્યગ્દ્રષ્ટિ, તે જ્ઞાનયોગે કરી વર્તે છે. તેને પણ અવિરતિથી હિંસા લાગે છે, તે કેવી રીતે? જેમ તપાવ્યું એવું લોહું તે ઉપર પગ મૂકી કોઈ ચાલે, પણ બળવાને ભયે નિઃશંકપણે પગ ઠરાવે નહિં તેમ સમકીતી પણ નિઃશંકપણે હિંસા ન કરે, અને તે માટે જ નરકનો બંધ પણ કરે નહીં ॥ ૪૭ ॥ તેમ રૂડા જયણાવંત-ભક્તિવંત જીવને જ્ઞાનયોગે કરી જિનપૂજા કરતા અહિંસા જે દયા તેનો અનુબંધ (ફલ) છે કેમકે એ પૂજા તે પરંપરાએ મુક્તિ ફલને આપનારી છે. ॥ ૪૮ ॥**

**'स्येयो वायुचलेन निवृतिकरं निर्वाणनिर्घातिना । स्वायत्तं बहुनायकेन सुबहु स्वल्पेन सारं परम् । निःसारेण धनेन पुण्यमपलं कृत्वा जिनाऽभ्यर्चनं यो गृह्णाति वणिक् स एव निपुणो, वाणिज्यकर्मण्यलम् ॥**

હવે દ્રષ્ટાંતશુદ્ધિ ખાતર કહે છે કે; "આ કૂપનું ઉદાહરણ પણ, ઈષ્ટફળ-આરંભીઓનો દ્રવ્યસ્તવ બહુ ગુણવાળો છે. તે જણાવવારૂપ ઈષ્ટફલની સિદ્ધિ માટે, કોઈ પણ રીતે-કોઈ પણ પ્રકારે ખનનપ્રવૃત્તિથી દાર્ષ્ટાન્તિક બહુગુણવાળા દ્રવ્યસ્તવની સાથે સમાન-સરખું નથી એમ નથી પરંતુ સરખું જ થાય છે.

---

અર્થ-વાયુના જેવા ચપલ, મોક્ષપદનો ઘાત કરનાર, ઘણા છે સ્વામી જેના એવા, સારવગરના થોડા ધનથી જિનેશ્વર ભગવંતની પૂજા કરીને જે વાણીયો સારમાં સાર મોક્ષપદને આપનાર, નિર્મળ પુણ્યને ગ્રહણ કરે છે, તેજ વાણીયો વ્યાપારમાં નિપુણ ગણાય છે.

'परिणामविशेषोऽपि स एव शुभफलो, यत्रानन्योपायत्वेन यतनया प्रकृष्टप्रतनुचैतन्यानां पृथिव्यादिजीवानां वधेऽपि स्वल्पपुण्यव्ययेनापरिमितसुकृतसंप्राप्तिः'

'न च जिनायतनविधापनादौ पृथिव्यादिजीववधेऽपि न गुणः । तथाहि तद्दर्शनाद् गुणानुरागितया भव्यानां बोधिलाभः, पूजातिशयविलोकनादिना च मनःप्रसादः, ततः समाधिः, ततश्च क्रमेण निःश्रेयसाप्तिरिति' स्याद्वादमञ्जरी ।

અર્થ-જિનમંદિરોનું નિર્માણ કરવામાં જયણા જાળવવા છતાંય અત્યંત અલ્પજ્ઞાનને ધારણ કરનાર પૃથિવી આદિ જીવોનો વધ અનિવાર્ય છે, તથા જો કે પૃથિવી આદિનો વધ કરવાથી અલ્પપુણ્યનો નાશ થાય છે તો પણ અપરિમિત પુણ્યની પ્રાપ્તિ થાય છે' 'તથા પૃથિવી આદિ જીવોનો વધ હોવા છતાંય જિનમંદિર આદિ નિર્માણમાં ઘણું-પુણ્ય થાય છે કેમકે; મંદિરમાં જિનપ્રતિમાને જોવાથી ભવ્ય પુરૂષોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. ભગવાનનો પૂજાનો અતિશય-ઉત્કર્ષ જોવા વિગેરેથી મનની પ્રસન્નતાથી સમાધિ-સમતાભાવ જાગૃત થાય છે અને ક્રમથી સમતા ભાવથી મોક્ષની પ્રાપ્તિ થાય છે ! શ્રી જિન પૂજામાં આરંભ કરતાં લાભ ઘણા–

જિનેશ્વરભક્ત આત્માઓને ભવ્ય એવું શ્રી જિનમંદિર બંધાવવાનો, વિધિપૂર્વક શ્રી જિનપ્રતિમા ભરાવીને તેની વિધિપૂર્વક અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ કરાવવાનો તથા દરરોજ ત્રિકાળ શ્રી જિનપૂજન ઉત્તમોત્તમ દ્રવ્યોથી કરવાનો મનોરથ હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ છે જ નહિ. ગૃહસ્થપણું એ પાપનું કારણ હોવા છતાં પણ શ્રી જિનભક્તિ-આદિદ્વારા પુણ્યવાનો પોતાના ગૃહસ્થપણાને પણ સાર્થક બનાવે છે. શ્રી જિનમંદિર આદિમાં અને શ્રી જિનપ્રતિમાની સ્નાન-વિલેપન, સુગન્ધિ પુષ્પો અને બીજા પણ મનોહર સુગંધી દ્રવ્યોથી પૂજા કરનાર ગૃહસ્થને આરંભ તો કરવો જ પડે છે, પણ તે આરંભો પરિણામે ઘણા ગુણને કરનાર હોવાથી પાપરૂપ નથી. નિર્મલ બુદ્ધિવાળા પુણ્યવાન ગૃહસ્થોને આ આરંભવાળી પણ શ્રી જિનપૂજા વિશિષ્ટ કોટિના પુણ્યલાભરૂપ ફલને દેનાર છે, અને ભવવિરહના કારણ સ્વરૂપ સદનુષ્ઠાનને પણ પમાડનારી છે. વિવેકી તે કહેવાય, કે જે હાનિ લાભનો વિચાર કરીને, જેમાં વિશેષલાભ હોય તેનો આચરે અને જેમાં વિશેષ હાનિ હોય તેને તજે. જેમાં અલ્પહાનિ હોય તેને તજે. જેમાં અલ્પહાનિ અને ઘણા લાભ હોય, તે કાર્ય, લોકમાં પણ લાભનું કાર્ય જ ગણાય છે. ઘણો લાભ થતો હોય, તે કાર્ય, લોકમાં પણ લાભ થતું હોય તો તેમાં થોડી હાનિ, એ વસ્તુતઃ હાનિ જ ગણાતી નથી. દશરૂપીયા ખર્ચીને હજાર રૂપીયા કમાનારો જેમ પોતાને એમ નથી કહેતો કે– "મને દશ રૂપીયાની હાનિ થઈ" પણ એમ જ કહે છે કે–"મને હજાર રૂપીયાનો લાભ થયો." તેમ બીજાઓ પણ એને માટે એમ જ કહે છે કે "એ હજાર રૂપીયા રળ્યો" એજ રીતિએ, શ્રી જિનની દ્રવ્યપૂજામાં થતા આરંભને આગળ કરવો, એ ડાહ્યામાણસનું કામ નથી. શ્રી જિનની આરંભવાળી પણ યથાવિધિ પૂજાનું ફળ એટલું બધું મોટું છે કે–આરંભના નામે એવી શ્રી જિનપૂજાથી વંચિત રહેનારા ગૃહસ્થો, એકતો મિથ્યા કલ્પનાની ઉપાસના પાપને વહોરે છે અને બીજું પોતાને સ્વપરના હિતની ઉત્તમ તક મળી છે તેને પણ ગુમાવી દે છે.

શ્રી જિનપૂજાને માટે પણ આરંભ કરવો એ સાધુઓને માટે સામાન્ય સંયોગોમાં વિહિત નથી; ઉત્સર્ગ માર્ગે તો

**(दार्ष्टान्तिकत्वम्-दष्टान्तप्रयुक्तोपमेयत्वम् । यथा चन्द्रवन्मुखमित्यादौ मुखस्य दार्ष्टान्तिकत्वम्, तथात्रापि कूपखननवद्द्रव्यस्तवः इति अत्र द्रव्यस्तवस्य दार्ष्टान्तिकत्वम्-बोध्यम्)**

દાર્ષ્ટાન્તિક-આરંભીઓનો બહુગુણસંપન્ન દ્રવ્યસ્તવની સાથે જે પ્રકારે સરખામણી થતી નથી એ વિષયને એટલે વૈધમ્યને દર્શાવે છે કે; "પરમ આત્મિક-સ્વાસ્થ્ય-તંદુરસ્તી કરનાર હોય જિનેશ્વર વચનરૂપ આજ્ઞાઅમૃતની સાથે સંબંધવાળો બહુગુણસંપન્ન દ્રવ્યસ્તવ છે. એટલે આ આજ્ઞામૃત સંબંધની અપેક્ષાએ કૂપરૂપ ઉદાહરણની સાથે દ્રવ્યસ્તવનું વૈધર્મ્ય છે.

તથાહિ-તરસ વિગેરેના સંકટ સમયે કુવાને ખોદવા કરતા અત્યંત સુખરૂપ બીજા ઉપાયથી નિર્મલ

---

સાધુઓ શ્રી જિનપૂજાને માટે પણ જો આરંભાદિ કરે, તો તેથી પણ તેઓ પોતાના વ્રતને છેહ દેનારા બની જાય છે; જ્યારે ગૃહસ્થોને માટે તો એ વિહિત છે, જેને પાપક્રિયાઓને માટે અનેક વિધ આરંભો કરવા પડે છે, તે અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોની પૂજાની વાત આવતાં, આરંભનો ડર બતાવે તો એ એના જિનની ભક્તિના ઉલ્લાસની ખામીને સૂચવે છે. એટલું જ નહિ, પણ એવો આત્મા પોતા ઉપરના મોહના પ્રભુત્વને સૂચવે છે. એને તો એમ જ થવું જોઈએ કે–"અસદ્ આરંભોમાં ખૂંચેલો હું, આ સદ્આરંભ અવશ્ય કરું કે જેથી અનારંભીપણાના ફલને હું પામી શકું."

શ્રી જિનપૂજાથી લક્ષ્મીની મૂર્છા ઉતરે છે કે ભગવાન શ્રી જિનેશ્વરદેવોના ઉપકારો યાદ આવે છે એટલે એ તારકો પ્રત્યેના ભક્તિભાવમાં વૃદ્ધિ થાય છે. એ તારકોએ ફરમાવેલા માર્ગને આરાધવાનો ઉલ્લાસ જાગે છે. અને ઉત્તમ કોટિના પુણ્યનો લાભ થાય છે. ઉત્તમ પ્રકારે ઉત્તમ દ્રવ્યોથી ભાવપૂર્વક શ્રી જિનપૂજા કરતાં આત્મામાં કેવો સુંદર ભાવોલ્લાસ પ્રગટે છે એ જાતનો અનુભવ વિના સમજાવવી પણ મુશ્કેલ છે. શ્રી જિનપૂજા, એ તો ગૃહસ્થોને માટે અપૂર્વ આલંબન છે. પાપમય વ્યાપારોથી નિવૃત્તિ, સદ્વ્યાપારમાં અને પોતાની પાસે જે કાંઈ હોય તેનો વધુમાં વધુ સદુપયોગ-એ વિગેરે શ્રી જિનપૂજા આદિ સિવાય બીજી કેવી રીતે ગૃહસ્થોને માટે શક્ય છે.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબના અનારંભાદિમય જીવનને પામવું હોય તો ભગવાન શ્રી જિનેશ્વરદેવો પ્રત્યે ખૂબખૂબ રાગ કેળવવો જોઈએ અને એ માટે એ તારકોના સ્વરૂપાદિની વિચારણામાં લીન બનવું જોઈએ એ માટે પણ શ્રી જિનેશ્વરદેવોની દ્રવ્યપૂજા ખૂબ જ ઉપકારક છે અને એથી તો ઉપકારીઓએ ગૃહસ્થોને માટે ત્રણેકાળ શ્રી જિનપૂજા કરવાનું વિધાન કર્યું છે. જે આત્માઓ શ્રી જિનપૂજા કરે છે, તેઓ તેનું ફળ આ લોકમાં પણ પામે છે. પરલોકમાં પણ પામે છે. શ્રી જિનપૂજાના યોગે પાપનો ક્ષય થાય છે, અને એથી શ્રી જિનપૂજક આત્માને આ લોકમાં પણ સુંદર સમાધિની પ્રાપ્તિ થાય છે.

શ્રી જિનપૂજાના યોગે પુણ્ય બંધાય છે અને તે પણ પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે એટલે શ્રી જિનપૂજક આત્માને એ પુણ્યના વશથી પરલોકમાં ગૌરવપૂર્ણ ભોગોની પ્રાપ્તિ થાય છે. ગૌરવપૂર્ણ ભોગોની પ્રાપ્તિ, એ જેમ બાહ્ય સામગ્રીની ઉત્તમતાને સૂચવે છે તેમ આંતરિક ઉત્તમતાને પણ સૂચવે છે. એ ભોગો ઉત્તમ જાતિના હોય છે અને એ કાલમાં એ ભોગોના ભોક્તા આત્માઓનો વૈરાગ્ય પણ વિશુદ્ધ કોટિનો હોય છે. એને લઈને એ આત્મા લોકમાં જેમ ગૌરવપૂર્ણ જીવનવાળો હોય છે. તેમ અન્તરમાં અનાસક્ત જીવનવાળો હોય છે. આવા જીવનના પ્રતાપે એ આત્માને સર્વત્યાગ પણ સુલભ બને છે અને મુક્તિ પણ સુલભ બને છે. આમ, શ્રી જિનપૂજાને કરનારો આત્મા નિર્વિઘ્ન પણ બને છે. અભ્યુદયશાલી પણ બને છે અને અંતે શ્રી નિર્વાણફલને પામનારો પણ બને છે.

જલ-પાણીનો અસંભવ ખડો થયે છતે જ નક્કી મીઠા-ઠંડા-ચોખ્ખા જળવાળી ભૂમિમાં-જમીનમાં કુવાના ખોદવા સિવાય બીજો ઉપાય છોડી દઈ કુવાનું ખોદવું એ ઉચિત-ઘટિત-વ્યાજબી યુક્તિયુક્ત છે. કારણ કે; તે વખતે કુવાનું ખોદવું બહુજ ફાયદાકારક છે અને વળી આવા પ્રકારની જ ખાતશાસ્ત્રકારની આજ્ઞા છે, તથાચ આરંભગૃહસ્થી શ્રાવકને પૂજાસત્કારરૂપ દ્રવ્યસ્તવ સિવાય કોઈ એક બીજા ઉપાયથી બોધિબીજ-અશુભ કર્મનિર્જરા-પુણ્યાનુબંધી પુણ્ય અને અસદ્ આરંભનિવૃત્તિરૂપ બહુગુણનો અસંભવ ઉભો થયે છતે જ, તે આત્માઓને પૂજાસત્કારરૂપ દ્રવ્યસ્તવ ઉચિત વ્યાજબી જ છે. કારણ કે; તે વખતે પૂજા અને સત્કાર બહુજ ગુણ-લાભકારક છે અને વળી તેવાજ પ્રકારની જ જિનેશ્વરની વચનરૂપ આજ્ઞા છે. એટલા અંશે સામ્ય સમજવું.

હવે આવા પ્રકારની આજ્ઞાનું મુખ્ય બીજ પ્રદર્શિત કરે છે; "સ્થાને-ઉપકારક દ્રવ્યસ્તવ વિગેરેમાં (દાર્ષ્ટાન્તિકપક્ષે) અને કૂપ ખોદવા વિગેરેમાં (દૃષ્ટાંતપક્ષે) વિધિપ્રવૃત્તિ-નિજઅવસ્થાની યોગ્યતારૂપ ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિ છે. જો સ્થાને-ઉપકારક સ્થળે (હોદ્દે-દરજ્જે) ઔચિત્યપ્રવૃત્તિરૂપ વિધિપ્રવૃત્તિ ન થાય તો (બીજા પ્રકારથી પણ-ઔચિત્યપ્રવૃત્તિરૂપ વિધિપ્રવૃત્તિરૂપ પ્રકારથી વિરૂદ્ધપ્રકારે કરવાથી પણ) અપાય-અનિષ્ટ પેદા થાય છે.

તેથી જ-આવી વસ્તુ સ્થિતિ હોવાથી જ પૂજા અને સત્કારમાં (કારણાનુમોદના અપેક્ષાએ) સાધુ અને (કરણ કારણાનુમોદનારૂપ સર્વ અપેક્ષાએ) શ્રાવક અધિકારવાળો છે. હવે આ પ્રસંગની અહીં સમાપ્તિ કરવામાં આવે છે.

**(पूजासत्कारो (विशेष्यक) हेश्यकविषयतावन्तौ साधुश्रावकौ इत्यर्थः)**

હવે શાસ્ત્રકાર, અર્હંત ચૈત્યવિષયક સન્માનજન્ય (પ્રયોજ્ય) કર્મક્ષયાદિરૂપફલોદ્દેશ્યક-પ્રાર્થનાગર્ભિત કાયોત્સર્ગનું વર્ણન કરે છે.

**'तथा 'सम्माणवत्तियाएत्ति' सन्मानप्रत्ययं-सन्माननिमित्तं, स्तुत्यादिगुणोन्नतिकरणं सन्मानः, तथा मानसप्रीतिविशेष इत्यन्ये।**

ભાવાર્થ:-તેમજ-વન્દનસત્કારની માફક "અર્હંતચૈત્યોના સન્માનથી જેવું કર્મક્ષયાદિરૂપ ફલ થાય તેવું કર્મક્ષયાદિરૂપ ફલ મને કાયોત્સર્ગથી થાઓ, આવી પ્રાર્થના-આશંસાવાળા સાધુ અને શ્રાવક હોય છે.

અહીં સન્માન એટલે સ્તુતિ (સ્તવ-પ્રશંસા-સ્તવન-રાગ-રાગિણીપૂર્વક પૂજા) વિગેરેથી ગુણોનું-સદ્ગુણોનું (સત્ય-વિદ્યમાન ગુણોનું) ઉન્નતિકરણ-ઉત્કીર્તન (દેવ વિગેરેનું નામ ઉંચેથી બોલવું-ઉંચેથી યશોગાન-ગુણગાન-સારાગુણ અને વર્તનની વાહવાહ બોલવી વિગેરેરૂપ ઉત્કીર્તન કહેવાય છે.) તેમજ કેટલાક માનસિક પ્રીતિવિશેષને અર્થાત્ મનની પ્રીતિમાં રહેલ ઉચિત વિનયપૂર્વકના ગૌરવને **(मानसिकप्रीतिपरिगतोचितविनयप्रतिपत्तिरूपः सन्मानः)** સન્માન કહે છે.

**अथ वन्दनपूजनसत्कारसन्मानाः किं निमित्तमित्यत आह 'बोहिलाभवत्तियाए' बोधिलाभप्रत्ययं-बोधिलाभ 'निमित्तं,**

---

१ निमित्तं-उद्देश्यम् । यथा तस्यागमनकारणम् इत्यादौ कारणमुद्देश्यम् । प्रयोजनं फलं वेत्यर्थः ।

**जिनप्रणीतधर्म्मप्राप्तिर्बोधिलाभोऽभिधीयते, अथ बोधिलाभ एव किं निमित्तमित्यत आह-'निरुवसग्गवत्तियाए' निरुपसर्ग्गप्रत्ययं-निरुपसर्ग्गनिमित्तं, निरुपसर्ग्गो मोक्षः जन्माद्युपसर्ग्गाभावेन, आह-साधुश्रावकयो र्बोधिलाभोऽस्त्येव, कथं तत्प्रत्ययं, सिद्धस्यासाध्यत्वात्, एवं तन्निमित्तो निरूपसर्ग्गोऽपि तथाऽनभिलषणीय एवेति किमर्थमनयोरुपन्यास इति ? उच्यते, क्लिष्टकर्म्मोदयवशेन बोधिलाभस्य प्रतिपातसम्भवाज्जन्मान्तरेऽपि तदर्थित्वसिद्धेः निरुपसर्ग्गस्यापि तदायत्तत्वात् सम्भवत्येवं भावातिशयेन रक्षणमित्येतदर्थमनयोरुपन्यासः न चाप्राप्तप्राप्तावेवेह प्रार्थना, प्राप्तभ्रष्टस्यापि प्रयत्नप्राप्यत्वात्, क्षायिकसम्यग्दृष्टयपेक्षयाऽप्यक्षेपफलसाधकबोधिलाभापेक्षयैवमुपन्यासः ॥**

ભાવાર્થ-હવે વન્દનાદિચાર શા માટે ? તો કહે છે કે; "બોધિલાભ નિમિત્તે" બોધિલાભ એટલે શ્રી અરિહંત ભગવંત કથિતધર્મની પ્રાપ્તિ. હવે બોધિલાભ શામાટે ? તો કહે છે કે; "નિરૂપસર્ગ્ગ નિમિત્તે" નિરૂપસર્ગ્ગ એટલે જન્માદિ ઉપસર્ગ રહિત સ્થાન-મોક્ષ.

મતલબ કે; વન્દનાદિચારથી ક્યા ફલની સિદ્ધિ થાય છે ? એ સવાલનો જવાબ આપતા શાસ્ત્રકાર કહે છે કે; વંદનાદિચારથી બોધિલાભરૂપ મહાફલની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ બોધિલાભરૂપ ફલના પ્રત્યે વંદનાદિ ચતુષ્ક (ચાર) કારણ છે. બોધિલાભ એટલે ભાવથી જૈનધર્મની પ્રાપ્તિ. હવે પ્રશ્ન થાય કે બોધિલાભથી ક્યા ફલની પ્રાપ્તિ થાય છે ? એ પ્રશ્નનો સુંદર પ્રત્યુત્તર આપતા જણાવે છે કે, બોધિલાભથી નિરૂપસર્ગ્ગ-મોક્ષ થાય છે. કારણ કે, ત્યાં જ જન્મજરા મરણાદિરૂપ ઉપસર્ગનો (દુઃખ-ભાવઉપાધિ-ઉપદ્રવનો) સર્વથા અભાવ છે.

શંકા-સાધુ અને શ્રાવકમાં બોધિલાભ (જૈનધર્મની પ્રાપ્તિ) નું અસ્તિત્વ છે જ તો સાધુ અને શ્રાવકને "અરિહંત પ્રતિમાના વંદનાદિથી મને બોધિલાભ થાઓ" એવી કામના-આશંસા-પ્રાર્થના નિરર્થક થાય છે. કારણ કે, જે વસ્તુ સિદ્ધ છે તે સાધ્ય બની શકતી નથી. સાધવા યોગ્ય તે જ વસ્તુ બની શકે છે. કે જે અસિદ્ધ હોય. સાધુ અને શ્રાવકમાં બોધિલાભ સિદ્ધ છે. એટલે સાધુ અને શ્રાવકને બોધિલાભની પ્રાર્થના ગર્ભિત "બોહિલાભવત્તિયાએ" એ પદ સાર્થક કેવી રીતે ? તેમજ બોધિલાભરૂપ નિમિત્તજન્ય નિરૂપસર્ગ-મોક્ષ પણ કામના અભિલાષ-પ્રાર્થનાનો વિષય બની શકે નહિ જ. કારણ કે; બોધિલાભ હોવાથી મોક્ષ પણ મળવાનો જ એટલે "બોહિલાભવત્તિયાએ નિરૂવસગ્ગવત્તિયાએ" આ રૂપ બંને પદનો ઉપન્યાસરચના શા માટે ? તેમાં ક્યો મુદ્દો કે હેતુ છે ? તેનો ખુલાસો કરો ?

સમાધાન– સાધુ અને શ્રાવકમાં ક્લિષ્ટ (સાનુબંધ) કર્મના ઉદયના વશે બોધિલાભનું પતન સુસંભવિત છે. અર્થાત્ બોધિલાભના પતનના પ્રત્યે ક્લિષ્ટ કર્મનો ઉદય કારણ છે. એટલે આ ભવમાં કે પરભવમાં પણ સાધુ અને શ્રાવકમાં ક્લિષ્ટ કર્મના ઉદયે બોધિલાભનું પતન સંભવિત હોઈ બોધિલાભ અસિધ્ધ છે. અને જે અસિધ્ધ હોય તે સાધવા જોગ-સાધ્ય બની શકે છે. એટલે બોધિલાભની અર્થિતા-પ્રાર્થના-કામના અભિલાષ, સાધુ અને શ્રાવકને સિધ્ધ થાય છે. તેમજ નિરૂપસર્ગ-મોક્ષ પણ બોધિલાભને આધીન-તાબે છે. બોધિલાભ હોય તો જ મોક્ષ છે. વાસ્તે ભાવના અતિશયથી-સર્વથા સર્વોત્કૃષ્ટ ભાવપૂર્વક બોધિલાભનું-રક્ષણ-જતન-જાળવણી સાચવણી એ અનિવાર્ય આવશ્યક બને છે. આ હેતુ-મુદ્દો લક્ષ્યમાં લઈ શાસ્ત્રકારે

આ બન્નેય પદોનો ઉપન્યાસ (રચના) કરેલ છે. એટલે આ બંને પદો સાધુ અને શ્રાવકને સાર્થક-સફલ છે.

શંકા– જો આમ છે તો, અપ્રાપ્ત (નહિ પ્રાપ્ત થયેલ) ની પ્રાપ્તિના વિષયમાં જ પ્રાર્થના હોય છે તો અહીં પ્રાર્થનાનું સ્વરૂપ કેવી રીતે ઘટી શકે ?

સમાધાન–અહીં અપ્રાપ્તની પ્રાપ્તિની ઈચ્છારૂપ જ પ્રાર્થના છે. એમ નહિ, કારણ કે, બોધિલાભ પહેલાં પ્રાપ્ત થયેલ હોય અને પછીથી ક્લિષ્ટકર્મના ઉદયથી ચાલ્યો-પડી ગયો હોય તો પણ પ્રકૃષ્ટ પ્રયત્ન-પુરૂષાર્થથી બોધિલાભની પુનઃ પ્રાપ્તિ થઈ શકે છે. વાસ્તે કેવલ અપ્રાપ્તની પ્રાપ્તિની ઈચ્છારૂપ જ પ્રાર્થના છે. એમ નહીં. પરંતુ પ્રાપ્તભ્રષ્ટની પુનઃપ્રાપ્તિની ઈચ્છાને પણ પ્રાર્થના સમજવી.

શંકા– ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિને આ બંને પદોના ઉચ્ચારની આવશ્યકતા ખરી કે નહિ ?

સમાધાન-ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિવાળા સાધુ કે શ્રાવકમાં પણ અક્ષેપ (અવ્યવહિત-અનંતર-તરત-વ્યવધાન વગર-વિલંબ વગર) ફલ (મોક્ષફલ) સાધક બોધિલાભ (યદ્‌બોધિલાભાવ્યવહિતોત્તરક્ષણજાયમાનમોક્ષો ભવતિ તદ્‌બોધિલાભ) વિષયક પ્રાર્થના હોઈ ("બોહિલાભવત્તિયાએ" "નિરૂવસગ્ગવત્તિયાએ" એ બંને બરોબર ઘટમાન થાય છે. એટલે ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિની અપેક્ષાએ પણ આ બંને પદોનો ઉપન્યાસ સાર્થક છે.

પ્રાર્થના સ્વરૂપની તારવણી :-

(૧) આપ્રાપ્તની પ્રાપ્તિની ઈચ્છારૂપ પ્રાર્થના, જેને બોધિલાભરૂપ વિશિષ્ટ ધર્મની પ્રાપ્તિ નથી થઈ તે પુરૂષની, અપ્રાપ્ત બોધિલાભની પ્રાપ્તિરૂપ યોગની ઈચ્છા તે પ્રથમ પ્રાર્થનાનો ભેદ જાણવો.

(૨) પ્રાપ્તાપતન-પ્રાપ્ત રક્ષણરૂપ ક્ષેમની ઈચ્છારૂપ, પ્રાર્થના, જેને બોધિલાભ પ્રાપ્ત થયેલ છે તે પુરૂષની, પ્રાપ્ત બોધિલાભનું પતન ન થાઓ ! આવા પ્રકારની અર્થાત્ પ્રાપ્ત બોધિલાભના સર્વથા-ભાવાતિશયપૂર્વક રક્ષણરૂપ ક્ષેમની કામના તે બીજો પ્રાર્થનાનો ભેદ જાણવો.

(૩) પ્રાપ્તભ્રષ્ટની (પ્રયત્નપૂર્વક) પ્રાપ્તિની ઈચ્છારૂપ પ્રાર્થના, જેને બોધિલાભ પ્રથમ પ્રાપ્ત થયેલ હોય પણ પાછળથી ક્લિષ્ટકર્મના ઉદયથી પડી ગયો હોય તે પુરૂષની પુનઃ બોધિલાભની પ્રાપ્તિની ઈચ્છા, તે ત્રીજો પ્રાર્થનાનો પ્રકાર જાણવો.

(૪) અક્ષેપ (શીઘ્ર-તરત-અવ્યવહિત-અનંતર) ફલસાધકની પ્રાપ્તિની ઈચ્છારૂપ પ્રાર્થના, જે ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ છે-જેને ક્ષાયિક (અપ્રતિપાતિ) સમકિત પ્રાપ્ત થયેલ છે તે પુરૂષની, અક્ષેપ-અનંતર-તરત અતિશીઘ્ર-અવિલંબરૂપે મોક્ષફલસાધક બોધિલાભરૂપ વિશિષ્ટ બોધિલાભની પ્રાપ્તિની ઈચ્છારૂપ પ્રાર્થના, તે પ્રાર્થનાનો ચોથો ભેદ સમજવો.

સારાંશ–વંદનાદિ કારણ ચતુષ્કથી જેમ પુણ્યફલ-કર્મક્ષયાદિરૂપફલો પ્રાપ્ત થાય છે તેમ કાઉસગ્ગથી મને થાઓ ! તે પુણ્યફલ તથા કર્મક્ષયાદિરૂપફલોથી બોધિલાભ મહાફલ થાઓ ! અને બોધિલાભરૂપ

મહાફલથી નિરૂપસર્ગ-મોક્ષરૂપ પરમફલ પ્રાપ્ત થાઓ ! આવી વિશિષ્ટ પ્રાર્થનાવાળા સાધુ અને શ્રાવક હોય છે. અને ઉપર કથિત વિવેચનથી યથાર્થ ઘટિત છે.

હવે શાસ્ત્રકાર, શ્રદ્ધાદિ વિના કરેલો કાઉસગ્ગ ઈષ્ટફલ સિદ્ધિવાળો થતો નથી. તે કારણથી "સદ્ધાએથી ઠામિકાઉસગ્ગં" સુધીના પદોમાં કાઉસગ્ગનો હેતુ (સાધન કે જેથી કાર્યસિદ્ધિ થાય તે) દર્શાવેલ હોવાથી એ, પદવાળી ૩ જી હેતુસંપદાનું વિવેચન કરે છે.

**अयं च कायोत्सर्गः क्रियमाणोऽपि श्रद्धादिविकलस्य नाभिलषितार्थप्रसाधनायालमित्यत आह-'सद्धाए मेहाए धीइए धारणाए अणुप्पेहाए, वड्ढमाणीए ठामि काउस्सग्गंति' श्रद्धाया-हेतु-भूतया न बलाभियोगादिना, श्रद्धा-निजोऽभिलाषः, मिथ्यात्वमोहनीय-कर्म्मक्षयोपशमादिजन्यश्चेतसः प्रसाद इत्यर्थः, अयं च जीवादितत्त्वार्थानुसारी समारोपविघातकृत् कर्म्मफलसम्बन्धास्तित्वादि-सम्प्रत्ययाकारश्चित्तकालुष्यापनायी धर्म्मः, यथोदकप्रसादको मणिः सरसि प्रक्षिप्तः पङ्कादिकालुष्य- मपनीयाच्छतामापादयति, एवं श्रद्धामणिरपि चित्तसरस्युपपन्नः सर्वं चित्तकालुष्यमपनीय भगवदर्हत्प्रणीतमार्गं सम्यग्भावयतीति,**

ભાવાર્થ-તથાચ શ્રદ્ધાદિથી રહિત આત્માને આ કાયોત્સર્ગ, કરવા છતાં ઈષ્ટફલની સિદ્ધિ માટે સમર્થ થતો નથી. માટે "સદ્ધાએ" ઈત્યાદિ પદો કહેલ છે કે, "વધતી એવી શ્રદ્ધાવડે વધતી મેધાવડે, વધતી ધારણાવડે, વધતી અનુપ્રેક્ષાવડે હું કાયોત્સર્ગ કરૂં છું."

વર્ધમાન શ્રદ્ધાદિદ્વારા કાયોત્સર્ગ, મોક્ષરૂપ ઈષ્ટફલની સિદ્ધિના પ્રત્યે પરમ કારણ છે. આ પ્રમાણે કાર્યકારણભાવ જાણવો.

હવે વર્ધમાન શ્રદ્ધાદિનું વિવેચન કરતાં પહેલાં શ્રદ્ધાનું વિવેચન-સ્વરૂપવર્ણન કરે છે.

(૧) ઈષ્ટફલહેતુભૂત વર્ધમાન શ્રદ્ધાવડે-ઈચ્છાવડે (નહિ કે કોઈના બલાત્કાર-પ્રેરણા આદિથી) હું કાયોત્સર્ગ કરૂં છું.

શ્રદ્ધા-મિથ્યાત્વમોહનીય કર્મના ક્ષયોપશમઆદિથી જન્ય (ચિત્ત-આત્માની પ્રસન્નતા પરમઆનંદનો અનુભવ એ કાર્ય છે, તેના પ્રત્યે મિથ્યાત્વ મોહનીયકર્મના ક્ષયોપશમ-ઉપશમક્ષય આદિ કારણ છે. એમ કાર્ય કારણ ભાવ સમજવો.) ચિત્તની પ્રસન્નતારૂપ નિજ અભિલાષા-આત્મિક પરિણામ વિશેષને શ્રદ્ધા કહેવામાં આવે છે. (मिथ्यात्वमोहनीयकर्मक्षयोपशमादिजन्यत्वे सति चित्तप्रसन्नत्वं श्रद्धाया लक्षणम्) આવી રીતે લક્ષણ નિરૂપણ કર્યા બાદ હવે સ્વરૂપનું નિવેદન કરે છે. કે આ વિશિષ્ટ નિજાભિલાષારૂપ શ્રદ્ધાધર્મ,-

(અ) જીવઅજીવ આદિ તત્ત્વરૂપ-સત્યરૂપ નવ પદાર્થને અનુસરનારો છે.

(આ) સમારોપ (અયથાર્થ અનુભવ-ભ્રાંતિ) નો સર્વથા નાશ કરનારો છે.

સમારોપ-અસત્ (અવિદ્યમાન કે અસત્ય) રૂપ બીજા સ્વભાવનું મિથ્યાત્વના ઉદયથી સદ્વસ્તુમાં-સાચી વસ્તુમાં અધ્યારોપ-ભ્રમ-આરોપ-જ્યાં જે નથી ત્યાં તેનું જ્ઞાન, 'જેમ કે કાચ-કામલ આદિ રોગના ઉપઘાતથી બે ચંદ્ર આદિ વિજ્ઞાનો સારાંશ કે'

**'अतस्मिंस्तदध्यवसायः समारोप इति'** (૫૦૧, સૂ. ૭) એ લક્ષણવાળા સમારોપના વિપર્યય, અનધ્યવસાય, સંશયભેદે ત્રણ પ્રકારો છે. તથાહિ–

(૧) વિપર્યય-વિપરીત એટલે જેવી વસ્તુસ્થિતિ હોય તેથી ઉલટી રીતે એક કોટિ (વસ્તુના અંશ) નો નિશ્ચય તે "વિપર્યય" છે. જેમ કે છીપનો ચળકાટ જોઈ તેનો ચાંદી તરીકે નિર્ણય કરવો તે "વિપર્યય" છે.

(૨) અનધ્યવસાય-'કંઈક' એવું કેવળ આલોચનાત્મકજ્ઞાન તે 'અનધ્યવસાય' છે. જેમકે કોઈ માર્ગે જનારાને તેનું ચિત્ત અન્યત્ર પરોવાયું હોવાથી તૃણનો સ્પર્શ થવા છતાં મને કોઈક વસ્તુનો સ્પર્શ થયો પરંતુ શેનો થયો તેનો ખ્યાલ ન હોય એવું જ જ્ઞાન તે "અનધ્યવસાય" છે.

(૩) સંશય-સાધક તેમજ બોધક પ્રમાણના અભાવને લઈને એકજ વસ્તુમાં વિરુદ્ધધર્મોના યુગલનું જ્ઞાન તે "સંશય" છે. જેમકે આ ઝાડનું ઠુંઠું (સ્થાણુ) છે કે પુરૂષ, કહેવાનો મતલબ એ છે કે પદાર્થનો વાસ્તવિક નિશ્ચય કરવા માટે સાધક બાધક પ્રમાણો આવશ્યક છે. દા.ત. દૂરથી પુરૂષના જેવો આકારવાળો પદાર્થ નજરે પડ્યો. આ ઉપરથી આ પુરૂષ છે કે સ્થાણુ એવો સંદેહ ઉદ્ભવે તો તેનું નિરસન કરવા માટે પુરૂષપણાને સિદ્ધ કરનાર સાધક પ્રમાણ કે તે તેમ નથી એમ પ્રતીતિ કરાવનાર બાધક પ્રમાણની જરૂર છે. આની ગેરહાજરીમાં કશો નિશ્ચય થઈ શકે નહિ. આ પ્રમાણે નિશ્ચયનો અભાવ હોવાથી જેને પુરૂષનું પ્રયોજન છે તે આ માટે પ્રવૃત્તિ કરે નહિ તેમજ જેને તેનું પ્રયોજન નથી તે વ્યકિત તેમાંથી નિવૃત્તિ મેળવે નહિ એટલે પ્રવૃત્તિ નિવૃત્તિ માટે સ્થાન રહે નહિ આવી પરિસ્થિતિમાંના જ્ઞાનને "સંશય" કહેવામાં આવે છે.

(૪) શુભાશુભ રૂપ કર્મ, અને શુભાશુભ કર્મનું કાર્યરૂપ ફલ પણ તથાવિધ જ શુભાશુભ પ્રકારે જ, કર્મ અને ફલનો સંબંધ-અનંતરપણાએ-અવ્યવધાન-સાક્ષાત્‌રૂપે કાર્યકારણ ભાવ રૂપ વાસ્તવિક કોટીનો સંયોગ તે સંબંધ જાણવો. (નહિ કે બૌદ્ધે કલ્પેલ સંતાન વ્યવહારના આશ્રયવાળા સંબંધની માફક આ સંબંધ, ઉપચરિત કે અવાસ્તવિક, બૌદ્ધોએ કહ્યું છે કે "જેમ કપાસના બીજમાં લાલ રંગ લગાવવાથી બીજનું ફલ પણ લાલ રંગનું થાય છે. તેવી જ રીતે સંતાનમાં કર્મવાસના રહે છે તે વાસનામાં કર્મવાસનાનું ફલ રહે છે") તે સંબંધનું [1]અસ્તિત્વ,-સત્તા-વિદ્યમાનતા તથા આદિ શબ્દથી "આત્મા છે તે પરિણામી છે,

---

**૧ 'बध्यमान आत्मा बन्धनं वस्तु सत्कर्मेति'-બંધાનાર આત્મા અને કર્મરૂપ બંધન એ સાચી વસ્તુ છે. તથાહિ-પોતાનું સામર્થ્ય ઢંકાઈ જવાથી પરવશતાને પામેલો આત્મા તે કર્મથી બંધાનાર જાણવો. જીવ કર્મ બાંધે છે. અને જગતમાં રહેલા અનેક પ્રકારના પરમાણુઓમાંથી જેવાં કર્મ કરે તેને યોગ્ય પરમાણુઓ તેના તરફ આકર્ષાઈ તેનું બંધન કરે છે. કર્મ સત્ય છે, પણ કલ્પના નથી એમ સમજવું. જેમ જ્યારે વસ્ત્રને ચીકાશ લાગેલી હોય છે. ત્યારે પરમાણુઓ તેને બહુજ ચોંટી જાય છે. તેમ જ્યારે આત્માને રાગ, દ્વેષ વિગેરે અશુદ્ધભાવની ચીકાશ લાગે છે, ત્યારે કર્મના પરમાણુઓ આત્મા તરફ આકર્ષાઈ તેને બાંધે છે. કર્મ સત્ય છે, જે લોકો એમ માનતા હોય કે કર્મ જેવી વસ્તુ નથી, અને આત્માના રાગ, દ્વેષરૂપ ભાવ જ આત્માને બાંધનારા છે. એમ કહેનારની વાત સત્ય ઠરતી નથી; પુરૂષ અને બેડી ભિન્ન છે પણ જેમ બેડી પુરૂષને બાંધે છે, તેમ કર્મ આત્માને બાંધે છે. ખરી વાત છે કે જ્યારે આત્મામાં રાગ, દ્વેષ, ક્રોધ વિગેરે કલુષિતભાવ ઉત્પન્ન થાય છે ત્યારે કર્મના પરમાણુઓ ખેંચાઈ આત્મા તરફ આવી આત્માને બાંધે છે, પણ રાગ, દ્વેષ, બાંધવાને સમર્થ થતા નથી.**

વિચિત્રસત્ (વિદ્યમાન-સત્યરૂપ) કર્મથી બંધાયેલો છે, કર્મના વિયોગથી મુક્ત છે, આત્માના બંધનું કારણ હિંસાદિ અને આત્માની મુક્તિનું કારણ અહિંસાદિ છે" ઈત્યાદિ નાનાવિધ સૈદ્ધાન્તિક વસ્તુઓનું ગ્રહણ કરવું. તથાચ કર્મફલ સંબંધની અસ્તિત્વ આદિની સંપ્રત્યય-સમ્યક્ શ્રદ્ધાયુક્ત પ્રતીતિરૂપ સ્વભાવવાળો છે.

(૩) ચિત્તની કલુષિતતા-મલિનતાને દૂર કરનારો છે.

અર્થાત્-જીવાદિ તત્ત્વાર્થને અનુસરનારો, કર્મફલ સંબંધાસ્તિત્વાદિ વિષયક સમ્યક્ શ્રદ્ધાયુક્ત પ્રતીતિરૂપ સ્વભાવવાળો અને ચિત્તની મલિનતાને દૂર કરનારો વિશિષ્ટનિજાભિલાષરૂપ શ્રદ્ધારૂપ આત્મિકધર્મ છે. ઈતિ શ્રદ્ધાસ્વરૂપમ્.

આવી વિશિષ્ટ શ્રદ્ધાને શાસ્ત્રમાં "ઉદક પ્રસાદકમણિ"ની ઉપમા આપવામાં આવી છે. સરોવરમાં નાખેલ 'ઉદકપ્રસાદકમણિ', જેમ પંકાદિ (કાદવ કિચડ આદિ) રૂપ કાલુષ્ય-મેલને દૂર કરી-સાફ કરી સ્વચ્છતાને પમાડે છે. તેમ આ શ્રદ્ધારૂપી મણિ, ચિત્તરૂપી સરોવરમાં પેદા થયેલો, મનની સઘળી મલિનતાને દૂર કરી ભગવંત અરિહંત પ્રણીત માર્ગ ઉપર સમ્યગ્ભાવ ઉત્પન્ન કરે છે.

હવે મોક્ષ મેધારૂપ આત્મધર્મનું સુંદર સ્વરૂપ વર્ણવે છે.

**एवं मेधया-च जडत्वेन, मेधा-ग्रन्थग्रहणपटुः परिणामः, ज्ञानावरणीयकर्म्मक्षयोपशमजः चित्तधर्म्म इति भावः, अयमपीह सद्ग्रन्थप्रवृत्तिसारः पापश्रुतावज्ञाकारी गुरूविनयादिविधिवल्लयो, महाँस्तदुपायेन परिणामः ।**

**आतुरौषधाप्त्युपादेयतानिदर्शनेन-यथा प्रेक्षावदातुरस्य तथातथोत्तमौषधाप्तौ विशिष्टफलभव्यतयेतरापोहेन तत्र महानुपादेयभावो ग्रहणादरश्च एवं मेधाविनो मेधासामर्थ्यात्सद्ग्रन्थ एवोपादेयभावो ग्रहणादरश्च, नान्यत्र, अस्यैव भावौषधत्वादिति,**

ભાવાર્થ-"હું વધતી મેધાવડે-સમજણપૂર્વક-ધારણા સમર્થ બુદ્ધિપૂર્વક કાઉસગ્ગ કરૂં છું. કિંતુ જડપણે નહીં. અર્થાત્ દેખાદેખી વિના, જ્ઞાન અને મર્યાદાથી, મુખ્યાઈને સદંતર જલાંજલિ આપવાપૂર્વક કાઉસગ્ગ કરૂં છું.

હવે મેધાનું લક્ષણ તથા સ્વરૂપ નિરૂપણ કરે છે કે,-

મેધા-જ્ઞાનાવરણીય (જ્ઞાનને આવરનાર) કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થતો ગ્રંથગ્રહણપટુ-સમર્થ પરિણામ-એક પ્રકારનો સદ્ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવનારો જે પરિણામ-ચિત્તધર્મ-આત્મિકધર્મ તેને મેધા તરીકે ઓળખવામાં આવે છે. (જ્ઞાનાવરણીય કર્મક્ષયોપશમજન્યત્વે સતિ ગ્રંથગ્રહણપટુત્વવિશિષ્ટ પરીણામરૂપ ચિત્તધર્મ્મવત્ત્વં મેધાયા લક્ષણમ્)

મેધાસ્વરૂપ વર્ણન–

અહીં આ મેધારૂપ આત્મિક ધર્મ,

(અ) આ મેધારૂપધર્મ, સદ્ગ્રંથમાં (પરલોકવિધિવિષયક વચન-કથનરૂપ પ્રમાણથી યુક્ત-સમ્યગ્જ્ઞાનયુક્ત-

સદ્ગ્રંથમાં) મુખ્યતા પ્રવૃત્તિ કરાવવારૂપ ફલવાળો છે. અર્થાત્ આ મેધારૂપ ધર્મથી અચૂક સદ્ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવાય છે. જે સદ્ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવે નહિ તે મતિને મેધા કહેવામાં આવતી નથી. અને જે સદ્ગ્રંથમાં પ્રવૃત્તિ કરાવે તે મેધાધર્મ સમજવો.

(આ) [1]પાપશ્રુત (ચિત્તના મેલને કરનાર ભૌમાદિ વિષયકમિથ્યાજ્ઞાનયુક્ત-મિથ્યાત્વપોષક શાસ્ત્ર) ની અવજ્ઞા-તિરસ્કાર-નિવૃત્તિ-અટકાયત કરાવનારો મેધારૂપ આત્મધર્મ છે.

(ઈ) ગુરૂવિનય આદિ વિધિવાળા પુરૂષથી મેળવવા યોગ્ય મેધારૂપ આત્મધર્મ છે. મેધારૂપ ચિત્તધર્મની પ્રાપ્તિના પ્રત્યે પુરૂષનિષ્ઠ ગુરૂ વિનયાદિ વિધિ, કારણ છે. જ્યાં સુધી જીવમાં ગુરૂવિનયાદિ વિધિની ગેરહાજરી છે. ત્યાં સુધી મેધાની પ્રાપ્તિનો અસંભવ છે.

(ઉ) આ મેધારૂપ અસાધારણકારણથી, (વિનયથી ગુણ અવિનયથી દોષ વિગેરેના વિવેકશાલિ વિશિષ્ટ બોધથી) મહાન્-મોટો પ્રશમ-શાંતિરૂપ આત્માનો વિશિષ્ટ પરીણામ થાય છે.

અથવા-**'महाँस्तदुपादेयपरिणामः'** આ પ્રમાણેના પાઠાન્તરની અપેક્ષાએ–

"સદ્ગ્રંથ જ ઉપાદેય છે. અસદ્ગ્રંથ નહિ." આવા પ્રકારનો પરીણામ-અધ્યવસાય મોટો-નક્કર મેધાના પ્રભાવથી હોય છે. દા.ત. રોગીને જેમ ઉત્તમ ઔષધની પ્રાપ્તિમાં ઉપાદેયભાવ મોટો હોય છે તેમ અહીં સમજવું. તથાહિ-

જેમ કોઈ બુદ્ધિમાન્ રોગીને ઉત્તમ ઔષધની પ્રાપ્તિ થાય અને તેના વિશિષ્ટ ફલનો અનુભવ થાય, ત્યારે અન્ય સર્વ વસ્તુને દૂર કરી તેના ઉપર જ તેને મહાન્ ઉપાદેયભાવ અને ગ્રહણ કરવાનો આદર રહે છે. તેમ અહીં મેધાવાળાનો (મેધારૂપ વિશિષ્ટબુદ્ધિવાળાનો) મેધારૂપ વિશિષ્ટ જ્ઞાનના બલથી (સામર્થ્ય) થી સદ્ગ્રંથમાં (અવિસંવાદી વચનવાળા વીતરાગ વચનરૂપ સદ્ગ્રંથમાં) જ ઉપાદેયભાવ (આ જ ગ્રહણ કરવા યોગ્ય છે અન્ય નહિ એવો પરીણામ) હોય છે અને સદ્ગ્રંથના જ ગ્રહણમાં આદર હોય છે અર્થાત્ આદરભાવે કરી સદ્ગ્રંથનો સ્વીકાર કરે છે, બીજા પાપરૂપ ગ્રંથ-શાસ્ત્રનો સ્વીકાર, મેધાવાળો કરતો નથી. સદ્ગ્રંથ જ ભાવરૂપ ઔષધ (દવા) છે. કારણ કે; કર્મરૂપ રોગને દૂર કરવામાં વીતરાગપ્રણીત ગ્રંથ જ, રામબાણ દવા છે. બીનહરીફ જડીબુટી છે.

---

૧ (૨૯) **ઓગણત્રીસ પાપશ્રુત-પાપશાસ્ત્રો છે તે આ પ્રમાણે. આઠ પ્રકારના નિમિત્તશાસ્ત્રો-(૧) દિવ્ય-વ્યંતરના અટ્ટહાસાદિકના વિષયવાળું. (૨) ઉત્પાત-રૂધિરવૃષ્ટિ વિગેરેના વિષયવાળું. (૩) અંતરિક્ષ-ગ્રહભેદ, ઉલ્કાપાત વિગેરે વિષયવાળું. (૪) ભૌમ-ભૂમિકંપ વિગેરે વિષયવાળું. (૫) અંગ-અંગ ફરકવું વિગેરે વિષયવાળું. (૬) સ્વર-પક્ષિ વિગેરેના સ્વર અથવા પોતાના કંઠનો સ્વર. કે નાસિકાનો (૭) વ્યંજન-શરીર ઉપરના મસા-તલ વિષયવાળું. (૮) લક્ષણ-લાંછન તથા રેખા વિગેરેના વિષયવાળું આ આઠ પ્રકારના નિમિત્તાંગ ઉપર સૂત્ર, વૃત્તિ અને વાર્તિક એ ત્રણ ત્રણ હોવાથી ૨૪ થાય છે. તથા ગંધર્વ (૨૫) નાટ્ય (૨૬) વાસ્તુવિદ્યા (૨૭) ધનુર્વેદ (૨૮) આયુર્વિદ્યા (૨૯)**

एवं च धृत्या-न रागाद्याकुलतया, धृतिर्मनःप्रणिधानं, विशिष्टा प्रीतिः, इयमप्यत्र मोहनीयकर्म्मक्षयोपशमादिभूता रहिता न्यौत्सुक्याभ्यां धीरगम्भीराशयरूपा अवन्ध्यकल्याणनिबन्धनवस्त्वाप्त्युपमया, यथा-दौर्गत्योपहतस्य चिन्तामण्याद्यवाप्तौ विज्ञाततद्गुणस्य तमिदानीं दौर्गत्यमिति विदिततद्विधातभावं भवति धृतिः, एवं जिनधर्म्मचिन्तारत्नप्राप्तावपि विदिततन्माहात्म्यस्य क इदानीं संसार इति तदुःखचिन्तारहिता सञ्जायत एवेयमुत्तमालम्बनत्वादिति,

ભાવાર્થ-જેમ શ્રદ્ધા વડે, મેધા વડે કાઉસ્સગ્ગ, સફલ થાય છે. તેમ ધૃતિ વડે (રાગાદિથી દોરાયા વેના, શાંતિથી રાગાદિની આકુલતાના અભાવપૂર્વક) કાઉસ્સગ્ગ, સફલ થાય છે. હવે ધૃતિનું લક્ષણ સ્વરૂપ ષ્ટાંતદ્વારા નિરૂપણ કરતા કહે છે કેઃ-

ધૃતિ=મનની પ્રણિધાનદશા અર્થાત્ ચિત્તની એકાગ્રતા, (એકતાનભાવ અનન્યવૃત્તિતા વિગેરે) બીજે કેકાણે જતા ચિત્તને રોકીને-ત્યાંથી ખેંચીને કાઉસગ્ગમાં, નમસ્કાર વિષયભૂત પદાર્થમાં જોડવું, સુસંગત કરવું, તેજ ક્રિયામાં લાગુ કરવું તેને મનઃપ્રણિધાન કહે છે.

અર્થાત્ વિશિષ્ટ પ્રીતિ-નમસ્કાર વિષયના પ્રત્યે સર્વાતિશાયી પ્રેમ-અંતરંગ સ્નેહ વિશેષ, તેને ધૃતિ તરીકે ઓળખાવવામાં આવે છે. (મોહનીયકર્મ ક્ષયોપશમાદિજન્યત્વેસતિ મનઃ પ્રણિધાનસત્ત્વેસતિ વિશિષ્ટ પ્રીતિમત્ત્વં ધૃત્યા લક્ષણમ્-જે મોહનીયકર્મના ક્ષયોપશમ આદિથી ઉત્પન્ન થતી, મનની પ્રણિધાનની સત્તા હોયે છતે, વિશિષ્ટ પ્રીતિને ધૃતિ ઓળખાવવામાં આવે છે.)

ધૃતિ સ્વરૂપ-

(અ) આ સ્થળમાં જે ધૃતિ છે તે ધૃતિ, મોહનીયકર્મના ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયથી ઉત્પન્ન થતી છે.

(આ) દીનતા (મેળવવાની ખૂબ તમન્ના થયે છતે તે હમણાં મળશે-હમણા મળશે આવી તૈયારી હોવા છતાં ન મળવાથી થતી દીનતા)-લાચારી-કંઈ બની શકે નહિ એવી હાલત, અને ઉત્સુકતા (એકદમ મેળવવાની ઉતાવળ) તે બેથી રહિત અર્થાત્ દીનતા-ઉત્સુકતા વગરની ધૃતિ હોય છે.

(ઈ) દીનતા અને ઉત્સુકતાનો અભાવ હોવાથી જ ધીર (ધીરજવાન-ઠરેલ-ધૈર્યવાળા) અને ગંભીર (મોટા-વિશાલ-ગંભીરતાવાળા) આશય-ભાવ-ચિત્તવૃત્તિરૂપ ધૃતિ હોય છે.

(ઉ) અવન્ધ્ય-સફલ, (નિયમા ફલજનક,) કલ્યાણના (અભ્યુદય-સુખશાંતિ-આબાદિ ઐશ્વર્યના) બીજરૂપ વસ્તુની પ્રાપ્તિની સાથે ધૃતિને સખવામાં આવે છે.

જેમકે કંગાલને (અત્યંત ગરીબ-નિર્ધન-દરિદ્રને) ચિંતામણિ-રત્ન વિગેરેની (જે ઈચ્છીએ તે પ્રાપ્ત થાય એવી એક અદ્ભૂત ચીજ, સ્વર્ગમણિ વિગેરેની) પ્રાપ્તિ થાય અને તેના ગુણની (શક્તિ-ફાયદો-ઉપકાર-અસરની) ઓળખાણ થાય ત્યારે "હવે ગરીબાઈ-ગઈ" એ જાતિની, અધૃતિ-અધીરાઈ-દરિદ્રતાના વિનાશભાવના વિજ્ઞાનપૂર્વકની, ચિંતામણિ પ્રાપ્ત કરનારને પૂરેપૂરી ધૃતિ (માનસિક સંતોષ-સ્વાસ્થ્ય) થાય છે.

તેમ જિનધર્મરૂપી ચિંતામણિની પ્રાપ્તિના વિષયમાં પણ, જિનધર્મરૂપી ચિંતામણિના મહિમાને (અતિશય-ચમત્કારને) જાણનાર પુરૂષને હવે સંસાર (કર્મસંબંધરૂપ અથવા વિષયકષાયરૂપ સંસાર) કોણ માત્ર છે. અર્થાત્ સંસારનો અધિકાર-સત્તા-વર્ચસ્વ કે પ્રભુત્વ, મારા ઉપર બિલકુલ ચાલી શકે એમ નથી એટલે સંસાર મારી પાસે કોઈ હિસાબ-ગણતરી કે લેખામાં નથી-કોઈ વિસાતમાં નથી. 'હવે મને સંસારની દરકાર કે તમા નથી. હવે સંસાર મારી પાસે દમ-માલ-જીવ વગરનો છે.' આવી કોટીની વિશિષ્ટ અદ્‌ભૂત, સંસારના દુઃખો અને તેની ચિંતા અથવા સંસારના દુઃખજનક ચિંતા વગરની, ઉત્તમ માનસિક ધૈયરૂપી ધૃતિ-પરમસંતોષ-સ્વાસ્થ્ય પેદા થાય છે જ. કારણ કે; પરમ ધૃતિનું જિનધર્મરૂપી ચિંતારત્ન, પરમ-પુષ્ટ-ઉત્તમ આલંબન છે. જો ચિંતારત્નસમાન જિનધર્મની પ્રાપ્તિરૂપી પરમ આલંબન-પુષ્ટ નિમિત્તરૂપી નિમિત્તની પ્રાપ્તિનો અભાવ હોય તો પરમ ધૃતિનો પણ અભાવ છે. ચિંતારત્ન સમાન જિનધર્મની પ્રાપ્તિ હોય તો જ પરમ ધૃતિ છે. એટલે પરમ ધૃતિના પ્રત્યે જિનધર્મની પ્રાપ્તિ એ અસાધારણ કારણ છે. એમ કાર્યકારણભાવ સમજવો.

સારાંશ=કર્મસંબંધ-સંસારરૂપ ભાવ ગરીબાઈથી ગરીબ આત્માને જિનધર્મરૂપી મહાદુર્લભ ચિંતામણિ પ્રાપ્ત થયા બાદ, તે જિનધર્મરૂપી ચિંતારત્નનો મહિમા જાણ્યા પછી "મારી સંસારરૂપી ભાવ નિર્ધનતા હવે નાશી ગઈ" આવી કોટીનો ઉમદા ભાવ પ્રગટ થયે છતે સંસારના દુઃખો અને તેની ચિંતાનો સદંતર અભાવ થાય છે. એટલે જ આત્માને જિનધર્મરૂપી ચિંતામણિનું આલંબન હોઈ ધૃતિ-પરમસંતોષ નામનો પરમ ગુણ પ્રગટ થાય છે.

હવે શાસ્ત્રકાર, ધારણાનું લક્ષણ સ્વરૂપ-દ્રષ્ટાંત પુરસ્સર નિરૂપણ કરે છે.

**एवं धारणया न चित्तशून्यत्वेन, धारणा अधिकृतवस्त्वविस्मृतिः, इयं चेह ज्ञानावरणीयकर्म्मक्षयोपशमसमुत्था अविच्युत्यादिभेदवती प्रस्तुतवस्त्वानुपूर्व्वीगोचरा चित्तपरिणतिः, जात्यमुक्ताफलमालाप्रोतकदृष्टान्तेन तस्य यथा तथोपयोगदाढ्यात्, अविक्षिप्तस्य सतो यथार्हं विधिवदेतत्प्रोतनेन गुणवती निष्पद्यते अधिकृतमाला, एवमेतद्बलात् स्थानादियोगप्रवृत्तस्य यथोक्तनीत्यैव निष्पद्यते योगगुणमाला, पुष्टिनिबन्धनत्वादिति.**

ભાવાર્થ-જેમ શ્રદ્ધાવડે, મેધાવડે, ધૃતિવડે, કાઉસગ્ગ સફલ થાય છે. તેમ ધારણાવડે (વિચાર-ખ્યાલપૂર્વક ન કે ચિત્તની શૂન્યતાથી-શુંઢમૂંઢચિત્તથી) કાઉસગ્ગ સફલ થાય છે.

ધારણા-અધિકૃત (નમસ્કારરૂપ ક્રિયા વિષયભૂત) વસ્તુઅરિહંત ભગવંતરૂપ પદાર્થની અવિસ્મૃતિ-પરમાત્માને નહિ ભૂલવા-વિસરવા-ચૂકી જવા કિંતુ સ્મરવા, યાદ કરવા-સંભારવા, પ્રભુને સ્મરણ-સ્મૃતિ-યાદ-હૃદયમાં ધારી રાખવા, અર્થાત્ અપાયરૂપે નિશ્ચિત કરેલ પ્રસ્તુત અરિહંતરૂપ પદાર્થને મનદ્વારા ધારી રાખવો તે "ધારણા" સમજવી (अधिकृतवस्तुअविस्मृतिमत्त्वं धारणाया लक्षणम्)

હવે દ્રષ્ટાંતદ્વારા ધારણાનું સ્વરૂપ દર્શાવે છે.

(અ) વળી અહીં આ ધારણા જ્ઞાનવરણીય કર્મના ક્ષયોપશમથી થનારી છે.

(આ) ધારણા, [1]અવિચ્યુતિ, [2]વાસના અને [3]સ્મૃતિરૂપ ત્રણ ભેદવાળી છે.

(ઈ) પ્રસ્તુત (નમસ્કારરૂપ ક્રિયા વિષયભૂત) વસ્તુ-અરિહંત આદિ વસ્તુની જે આનુપૂર્વી (પરિપાટી-અનુક્રમ-એક પછી એક આવનારો સંબંધ) તેના વિષયવાળી ચિત્ત પરિણતિ-માનસિક પરિણામરૂપ ધારણા હોય છે.

હવે પૂર્વોક્ત બે વિશેષણવાળી પ્રસ્તુત વસ્તુ આનુપૂર્વી વિષયક ચિત્ત પરિણતિ વિશેષરૂપ ધારણાના સ્વરૂપને જાત્યમોતીની માલાપ્રોતકરૂપ દ્રષ્ટાંતદ્વારા રજૂ કરે છે.

દ્રષ્ટાંત-જેવું હોય તેવા-તેના જેવા ઉપયોગ (ચિત્તની એકાગ્રતા તન્મયતા-પરિણતિ) ની દ્રઢતા-સ્થિરતા રાખવાથી જ કોઈપણ કારણથી વિક્ષેપ-ક્ષોભવાળા નહિ થનાર, જાત્ય (શ્રેષ્ઠ-સમકોણ-જાતવાન) મોતીની માલા પરોવનારને યથાયોગ્ય (યોગ્યતા પ્રમાણે-ઘટતી રીતે-લાયકી મુજબ) વિધિ પ્રમાણે આ મોતીની માલા-પંક્તિની પરોવણી કરવાથી (અનુક્રમ ઘટતી રીતે મોતીઓની શ્રેણીને પરોવવાથી) ગુણવતી (દોરીવાળી-દોરીએ બાંધેલી) જાત્ય મોતીની માલા સિદ્ધ થાય છે.

દ્રષ્ટાંતની દાર્ષ્ટાન્તિકમાં યોજનાઃ-

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જન્ય,-અવિચ્યુતિ આદિ ભેદવાળી-પ્રકૃત વસ્તુ આનુપૂર્વી વિષયક ચિત્તપરિણતિરૂપ ધારણાના બલથી અથવા યત્પ્રકારાવચ્છિન્ન વસ્તુ છે, તત્પ્રકારાવચ્છિન્ન વસ્તુ વિષયક ઉપયોગની દ્રઢતાના-પ્રબલતાના બલથી સ્થાન આદિ [1]યોગમાં પ્રવૃત્તિ કરનાર પુરૂષને પૂર્વકથિતનીતિથી જ (જેવું હોય તેવા-તેના જેવા ઉપયોગની સ્થિરતા રાખવાથી જ કોઈપણ કારણથી વિક્ષેપવાળા નહિ થવારૂપ નીતિથી-તથા યોગ્યતા પ્રમાણે અને વિધિ મુજબ અનુસરવારૂપ નીતિરીતિથી જ) યોગના [2]ગુણોની માલા-પંક્તિ-શ્રેણી સિદ્ધ થાય છે. કારણ કે, યોગ ગુણમાલા, પુણ્યના ઉપચય (વૃદ્ધિ) રૂપ પુષ્ટિનું મૂલ કારણ છે.

---

**૧ મોક્ષની સાથે યોજના કરવાથી સર્વ પ્રકારનો પણ ધર્મનો વ્યાપાર યોગ કહેવાય છે. વળી તે યોગ પાંચ પ્રકારનો છે. તથાહિ (૧) સ્થાન-જેનાથી સ્થિર રહેવાય તે સ્થાન-આસન, કાયોત્સર્ગ (કાઉસગ્ગ) પર્યંકાસન. પદ્માસન આદિ સકલ યોગ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ વિશેષ પ્રકારના આસનો.**

**(૨) ઉર્ણ-આત્માને યોગ ક્રિયામાં જોડતાં જે પ્રણવ મંત્રના શબ્દો બોલવામાં આવે છે તે "ઉર્ણ" કહેવાય છે, મંત્ર શબ્દ,-જેમકે-ૐ અર્હં સ્તોઽહં તત્ત્વં, વીરં, તથા આત્મધ્યાન, સમાધિ અને પ્રાણાયામ વિગેરેની ઉપયોગીતા જણાવનાર શાસ્ત્રોને "ઉર્ણ" કહે છે.**

**(૩) અર્થ--ધ્યાન અને સમાધિ વિગેરેના પ્રારંભમાં બોલતા મંત્ર અને તે સંબંધી શાસ્ત્રોના પરમાર્થ, ટીકા, ચૂર્ણી, અવચૂરી, નિયુક્ત, ભાષ્ય, રહસ્ય અને વિવરણ આદિમાં રહેલા ભાવને સમજી તેવા પ્રકારની ભાવના યુક્ત થવું.**

**(૪) આલંબન-બાહ્ય પ્રતિમાને અવલંબીને ધ્યાન કરવું. વીતરાગની પ્રેમથી પૂજ્યભાવે રાવણની જેમ ભક્તિ કરવી તે આલબંન કહેવાય.**

હવે શાસ્ત્રકાર, અનુપ્રેક્ષારૂપ આત્મધર્મનું લક્ષણ-સ્વરૂપ દ્રષ્ટાંતપૂર્વક સુંદર શૈલીથી નિરૂપણ કરે છે.

एवम् 'अनुप्रेक्षया' न प्रवृत्तिमात्रतया, अनुप्रेक्षा नाम तत्त्वार्थानुचिन्ता, इयमप्यत्र ज्ञानावरणीयकर्म्मक्षयोपशमसमुद्भवोऽनुभूतार्थाभ्यासभेदः [1]परमसंवेगहेतुस्तद्दार्ढ्यविधायी उत्तरोत्तरविशेषसम्प्रत्ययाकारः केवललोकोन्मुखश्चित्तधर्म्मः, यथा रत्नशोधकोऽनलः रत्नमभि सम्प्राप्तः रत्नमलं दग्ध्वा शुद्धिमापादयति तथा अनुप्रेक्षानलोऽप्यात्मरत्नमुपसम्प्राप्तः कर्ममलं दग्ध्वा कैवल्यमापादयति, तथा तत्त्वभावत्वादिति.

---

(૫) નિરાલંબન-રૂપીદ્રવ્ય-પ્રતિમા આદિના આધાર વિના ધ્યાન કરવું તે નિરાલંબન કહેવાય છે. સ્થાન અને ઉર્ણ એ બે પ્રકાર કર્મયોગના છે, અને બાકીના ત્રણ પ્રકાર જ્ઞાનયોગના છે. પ્રણિધાન આદિ શુભાશય સાથે હોવાથી સર્વધર્મવ્યાપાર અતિશય શુદ્ધ થાય છે. તેથી તેઓને યોગ કહેવામાં આવે છે. તો પણ સર્વ દર્શનકારોએ જે સંકેત વડે યોગ ઓળખાવ્યો છે તે વિશેષ પ્રકારના સ્થાનકોને પ્રાપ્ત થયેલ ધર્મનો જે વ્યાપાર તે "યોગ" કહેવાય છે.

ચૈત્યવંદન ઉપર યોગ ઘટના-સ્વર, સંપદા અને માત્રા આદિના નિયમપૂર્વક શુદ્ધ વર્ણોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરવું તે યથાવિધિ ઉચ્ચારણ વર્ણયોગ છે. વર્ણયોગ હોય તો સૂત્રોના પદોનું જ્ઞાન યથાર્થ થઈ શકે છે. જ્યારે વિધિ અનુસાર આસન જમાવી શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સૂત્ર બોલી ચૈત્યવંદન કરવામાં આવે અને સાથે જ તે સૂત્રના અર્થ (તાત્પર્ય) તથા આલંબનમાં ઉપયોગ રહે ત્યારે તે ચૈત્યવંદન ઉક્ત ચારે યોગથી સંપન્ન થાય છે. એવું ચૈત્યવંદન તે ભાવક્રિયા છે. અને તે અમૃત અનુષ્ઠાન છે. હવે યથાવિધિ આસને રહી શુદ્ધ રીતિએ સૂત્ર બોલી ચૈત્યવંદન કરાતું હોય તો તે ચૈત્યવંદન, જ્ઞાનયોગ શૂન્ય હોવાના કારણે દ્રવ્યક્રિયારૂપ છે. એવી દ્રવ્યક્રિયામાં અર્થ-આલંબન યોગનો અભાવ હોવા છતાં પણ તેની તીવ્રરૂચિ હોય તો તે દ્રવ્યક્રિયા અંતે ભાવક્રિયા દ્વારા કોઈ વખતે મોક્ષની આપનારી માનવામાં આવી છે. તેથી આવી ક્રિયાને તદ્હેતુ અનુષ્ઠાન અને ઉપાદેય કહી છે. હવે સ્થાન આદિ યોગના અભાવમાં ચૈત્યવંદન કેવળ નિષ્ફળ છે. એટલું જ નહિ પણ અનિષ્ટ ફલદાયક થાય છે એટલા માટે યોગ્ય અધિકારીઓને જ તેનું શિક્ષણ આપવું જોઈએ.

જે વ્યક્તિ અર્થ, આલંબન બંને યોગોથી શૂન્ય થઈ સ્થાન તથા વર્ણયોગથી પણ શૂન્ય હોય તેનું તે અનુષ્ઠાન કાયિકચેષ્ટા માત્ર અર્થાત્ નિષ્ફળ બને છે અથવા મૃષાવાદ હોઈને વિપરીત ફલ આપનારું છે. તેથી તે અસદ્ (અનનુષ્ઠાન-ગરાનુષ્ઠાન-વિષાનુષ્ઠાન) અનુષ્ઠાન કહેવાય. એટલા માટે યોગ્ય અધિકારીઓને ચૈત્યવંદન શીખવવું જોઈએ. ચૈત્યવંદનમાં "કાયં વોસિરામિ" એ શબ્દોથી જે કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા સાંભળવામાં આવે છે તેથી સર્વવિરતિધર ચૈ. વં. ના તાત્ત્વિક અધિકારી-દેશવિરતિ પરિણામી અધિકારી છે અને અપુનર્બંધક સમ્યગ્દ્રષ્ટિ વ્યવહાર માત્રથી અધિકારી છે, પરંતુ જે વિધિબહુમાન કરવાનું જાણતા નથી તે સર્વથા ચૈ. વં. ના અનધિકારી છે. તેથી આવા આત્માઓને ચૈત્યવંદન ન તો શીખવવું જોઈએ કે ન તો કરાવવું જોઈએ.

૨ આઠ ગુણોનું સ્વરૂપ (૧) અદ્વેષ-સત્તત્ત્વપ્રત્યે દ્વેષનો અભાવ (૨) જિજ્ઞાસા-સત્તત્ત્વને જાણવાની તમન્ના (૩) શુશ્રુષા-તત્ત્વશ્રવણની ઉત્કટ તાલાવેલી (૪) શ્રવણ-સત્ તત્ત્વને સાંભળવું (૫) બોધ-તત્ત્વનું જ્ઞાન (૬) મીમાંસા-થયેલા તત્ત્વબોધનું સૂક્ષ્મ ચિંતન ઉહાપોહ થાય, હેયોપાદેય આદિનો વિવેક પ્રગટ થાય (૭) પ્રતિપત્તિ-આદેયતત્ત્વનું ગ્રહણ (૮) પ્રવૃત્તિ-તત્ત્વરૂપ પ્રવૃત્તિ, તદુપપ્રવૃત્તિ આચરણ-અનુષ્ઠાન, ચારિત્ર રમણ થાય. આત્મામાં રમણ કરે.

૧ पुनः पुनः संशीलनम् (सर्व. पृ. १२४ रामा.) । स्थितौ यत्नोऽभ्यासः । प्रकाशप्रवृत्तिरूपवृत्तिरहितस्य चित्तस्य स्वरूपनिष्ठः परिणामविशेषः स्थितिः । तन्निमित्तिकृत्य यत्नः पुनः पुनस्तथात्वेन चेतसि निवेशनमभ्यासः (सर्व सं. पृ. ३६६ पातञ्ज.) । पौनःपुन्यम् । यथासमाधिविशेषाभ्यासात् (गौ. सू. ४-२-३६) इत्यादौ विषयान्तरानभिष्वङ्गस्याभ्यासः (गौ. वृ. ४-२-३६) । संस्कारबाहुल्यमभ्यासः । दृढतरसंस्कार इति केचित् (गौ. वृ. ३-२-४२)

ભાવાર્થ=જેવી રીતે શ્રદ્ધાવડે, મેધાવડે, ધૃતિવડે, ધારણાવડે "કાઉસગ્ગ" સફલ થાય છે. તેવી રીતે અનુપ્રેક્ષા વડે-અરિહંતના ગુણોનું જ વારંવાર-ફરી ફરી ચિંતન-વિચાર-ધ્યાન-અરિહંતના ગુણો પર ચિત્તનો તૈલધારાવત્ અખંડ પ્રવાહ ચલાવવાપૂર્વક જ (કિંતુ, કેવળ પ્રવૃત્તિ-ક્રિયામાત્રરૂપ નહિ અથવા અરિહંત ગુણોના ફરી ફરી ચિંતનના અભાવપૂર્વક જ નહિ) "કાઉસગ્ગ" સફલ-ઈષ્ટફલસિદ્ધિદાયક થાય છે.

અનુપ્રેક્ષા=તત્ત્વાર્થનું અનુચિંતન, તત્ત્વના અર્થનું કે તત્ત્વભૂત અર્થ-પદાર્થનું ફરી ફરી વારંવાર ચિંતન-મનન-પરિશીલન-નિદિધ્યાસન, તેને અનુપ્રેક્ષારૂપે સંબોધવામાં આવે છે. (તત્ત્વોના તત્ત્વભૂત અર્થોનું ફરી ફરી ચિંતનને પણ અનુપ્રેક્ષા કહેવામાં આવે છે.) **तत्त्वस्य अर्थस्य अनुचिन्तनं-पुनः पुनः विचारणं अथवा तत्त्वभूतस्यार्थस्य अनुचिन्तनं पुनः पुनः विचारणं अनुप्रेक्षाया लक्षणम्)** અનુપ્રેક્ષા સ્વરૂપ–

(અ) પ્રસ્તુત અનુપ્રેક્ષા એ ચિત્તધર્મ-આત્મધર્મ વિશેષ છે.

(આ) આ અનુપ્રેક્ષારૂપ આત્મધર્મ, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થનારો છે.

(ઈ) અનુભૂત-અનુભવ વિષયભૂત અર્થ-પદાર્થના અભ્યાસ-ફરી ફરી પ્રવૃત્તિરૂપ અભ્યાસરૂપ ભેદ-પ્રકારવાળો અનુપ્રેક્ષારૂપ આત્મધર્મ છે.

(ઉ) પરમ (અતિ ઉત્કટ-તીવ્રતમ) [1]સંવેગ (મોક્ષવિષયક અભિલાષ) ના હેતુભૂત-કારણરૂપ અનુપ્રેક્ષારૂપ આત્મધર્મ છે. અર્થાત્ પરમસંવેગરૂપ કાર્યના પ્રત્યે અનુપ્રેક્ષા પરમ કારણ છે.

(એ) પરમસંવેગનીદ્રઢતા-સ્થિરતા-મજબૂતી કરનાર અનુપ્રેક્ષારૂપ આત્મધર્મ છે.

(ઐ) ઉત્તરોત્તર (ક્રમાનુસાર, એક એકની પછી વધતાં વધતાં, આગળ આગળ) વિશેષ (વધારે, શ્રેષ્ઠ ઉત્કૃષ્ટ-બહુ) સમ્યગ્ શ્રદ્ધાયુક્ત પ્રતીતિ-જ્ઞાનના સ્વભાવવાળો અનુપ્રેક્ષારૂપ આત્મધર્મ છે.

(ઓ) કેવલજ્ઞાનની સન્મુખ લઈ જનારો અનુપ્રેક્ષારૂપ આત્મધર્મ છે. (ઈતિ સ્વરૂપ વર્ણન.)

દ્રષ્ટાંત-જેમ રત્નશોધક (રત્નની શુદ્ધિને કરનાર) અગ્નિ, રત્નની ચારે બાજુ સંબંધવાળો બનેલો, રત્નના મેલને બાળીને રત્નમાં શુદ્ધિ (સ્વચ્છતા-સ્પષ્ટતા-ઝગઝગાટ-સુંદરતા) કરે છે.

દ્રષ્ટાંતની દાર્ષ્ટાન્તિકમાં યોજના-તેમ અનુપ્રેક્ષારૂપી અગ્નિ, આત્મરૂપી રત્નની સાથે તાદાત્મ્ય સંબંધથી સંબંધવાળો બનેલો, જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપી મેલને બાળીને, કેવલજ્ઞાન અથવા મોક્ષને પેદા કરે છે. કારણ કે, તેનો-અનુપ્રેક્ષારૂપ આત્મધર્મનો તેવો-કર્મશુદ્ધિ કરવાનો સ્વભાવ છે.

---

**૧ સંવેગ-દેવ, મનુષ્ય, ચક્રવર્તીના ભોગ, આપાત-ભોગકાળે જે મધુરા છે પણ અંતે દુઃખસ્વરૂપ સંસારના બંધનરૂપ જાણીને એક મુક્તિની જ વાંછા તે સંવેગ અથવા મોક્ષમાર્ગ પ્રત્યે સમ્યગ્ સુંદર અદમ્ય પરમ ઉત્સાહ-પરમ ઉછરંગ.**

હવે શાસ્ત્રકાર, શ્રદ્ધા વિગેરે પાંચ આત્મધર્મોનું સમુદિત ફલ શું ? અને કેવી રીતે થાય છે? તેનું બારીકાઈથી જોરદાર નિરૂપણ કરે છે.

**एतानि श्रद्धादीन्यपूर्वकरणाख्यमहासमाधिबीजानि, तत्परिपाकातिशयतस्तत्सिद्धेः, परिपावना त्वेषां [1]कुतर्कप्रभवमिथ्याविकल्पव्यपोहतः श्रवणपाठप्रतिपत्तीच्छाप्रवृत्त्यादिरूपा, अतिशयस्त्वस्यास्तथा स्थैर्यसिद्धिलक्षणः प्रधानसत्त्वार्थहेतुरपूर्वकरणावह इति परिभावनीयं स्वयमित्थम्,**

ભાવાર્થ-આ શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષારૂપ પાંચ ચિત્ત-આત્મ ધર્મો, અપૂર્વ [2]કરણરૂપ મહાસમાધિના બીજ ઉપાદાન કારણ મૂલ-કારણો અર્થાત્ અપૂર્વ કરણરૂપ મહાસમાધિરૂપ ફલના પ્રત્યે શ્રદ્ધાદિ પંચક, હેતુ-બીજ-નિદાન છે. કારણ કે; શ્રદ્ધાદિરૂપ બીજ-કારણના પરિપાકના (ફલની ઉત્પત્તિના પ્રતિ અભિમુખતા-પક્વપણા-પાકવાના) અતિશયથી અપૂર્વ-કરણરૂપ મહાસમાધિફલની સિદ્ધિ થાય છે.

---

૧ बोधरोगः शमापायः श्रद्धाभङ्गोऽभिमानकृत् । कुतर्कश्चेतसो व्यक्तं भावशत्रुरनेकधा ॥ यो. स. ८७

(૧) કુતર્ક, બોધ-સમ્યગ્જ્ઞાન પ્રત્યે રોગરૂપ છે, કારણ કે, તે કુતર્ક યથાર્થ બોધનો ઉપઘાત કરે છે.

(૨) કુતર્ક, શમને-આત્મશાન્તિને અપાયરૂપ-હાનિરૂપ થાય છે. કારણ કે, તે કદાગ્રહ-ખોટા તુરંગો જન્માવે છે.

(૩) કુતર્ક, શ્રદ્ધાનો ભંગ કરે છે. કારણ કે, તેથી આગમઅર્થની અપ્રતિપત્તિ-અસ્વીકાર થાય છે.

(૪) કુતર્ક, અભિમાન કરનારે છે, મિથ્યાભિમાન ઉપજાવનાર છે. આમ તે અનેક પ્રકારે કુતર્ક ચિત્તનો ભાવશત્રુ-પરમાર્થતઃ રિપુ છે.

૨ અપૂર્વકરણ એ યથાપ્રવૃત્તિ કરણ (પૂર્વપ્રવૃત્ત) પછી અને અનિવૃત્તિ કરણપૂર્વે ઉદ્ભવતું કરણ છે. સામાન્ય રીતે વિચારતા જેમ અપૂર્વ કરણ એ પૂર્વપ્રવર્ત્તનું કાર્ય છે. તેમ એ આ અનિવૃત્તિ કરણનું કારણ છે. આ અપૂર્વકરણ, પૂર્વપ્રવૃત્ત કરતાં વધારે શુદ્ધ છે-ચડીયાતુ છે. પરન્તુ અનિવૃત્તિ કરણથી તે ઉતરતું છે એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવો આ અપૂર્વકરણના અધિકારી નથી. એના ઉપર તો પંચેન્દ્રિયની અને તેમાં પણ વળી પર્યાપ્ત સંજ્ઞીની અને તેમાં પણ વળી અર્ધપુદ્ગલપરાવર્ત્તથી કંઈક ન્યુન જેટલા કાળ સુધીમાં તો જે જીવો જરૂર જ મોક્ષે જનારા હોય તેમની હકુમત ચાલી શકે તેમ છે. તેઓ જ ગ્રંથિને ભેદવામાં આને હથિયાર તરીકે ઉપયોગ કરી શકે છે. આવા જીવો ઉપર દ્વેષ, ઈર્ષ્યા, નિંદા વિગેરે દોષો બહુજ થોડા પ્રભાવ પાડી શકે છે, કેમકે આ જીવોને આત્મ કલ્યાણ કરવાની તીવ્ર અભિલાષા હોય છે એથી કરીને તો તેઓ સંસારની ખટપટ-પ્રપંચથી દૂર રહેવા મથે છે. આમ હોઈ તેઓ નીતિને માર્ગે ચાલે, સત્પુરૂષોનો પક્ષપાત કરે તથા સુદેવ અને સુગુરૂનું બહુમાન જાળવવા અથાગ પરિશ્રમ આદરે તો તેમાં શી નવાઈ ? આ જીવોના સંબંધમાં એમ કહી શકાય છે કે, તેઓ અધ્યાત્મની પ્રથમ ભૂમિકા ઉપર છે-તેઓ "અપૂનર્બંધક" છે એટલે કે જે અવસ્થા દરમ્યાન મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અટકી જાય એવી અવસ્થાએ પહોંચ્યા છે પૂર્વે જીવે નહિ અનુભવેલો એવો અધ્યવસાય વિશેષ એ અપૂર્વકરણનો વ્યુત્પત્તિ અર્થ છે જો કે યથાપ્રવૃત્ત કરણમાં આત્માની નિર્મળતાના વિકાસનો પાયો નંખાય છે તો પણ તેની વિશેષ વિમળતા તો અપૂર્વકરણ દરમ્યાન જ થાય છે. કારણ કે, આ કરણમાં પ્રવેશ કરવાની સાથે પ્રથમ સમયથી (૧) સ્થિતિઘાત (૨) રસઘાત (૩) ગુણશ્રેણી (૪) અભિનવ સ્થિતિબંધ એમ ચાર ક્રિયાઓ શરૂ થઈ જાય છે.

આ શ્રદ્ધાદિ પંચકનો પરિપાક એટલે-

મિથ્યાત્વ વાસનાજન્ય કુતર્કથી પેદા થનાર મિથ્યા (ખોટા ફોગટ) [૧]વિકલ્પોનો (કલ્પનામય વિચાર-તર્કવિતર્કોનો) અત્યંત અભાવ થવા દ્વારા શ્રવણ-પાઠ-પ્રતિપત્તિ-ઈચ્છા-પ્રવૃત્તિ આદિ રૂપ પરિપાક છે.

શ્રદ્ધાદિ પંચકના શ્રવણાદિરૂપ પરિપાકનું ટુંકું સ્વરૂપ–

(૧) શ્રવણરૂપ પરિપાક-ધર્મશાસ્ત્રનું પ્રેમપૂર્વક સાંભળવું.

(૨) પાઠરૂપ પરિપાક-ધર્મશાસ્ત્રના સૂત્રનો સાવધાનીપૂર્વક પાઠ-સ્વાધ્યાય.

(૩) પ્રતિપત્તિરૂપ પરિપાક-ધર્મશાસ્ત્રના સૂત્રોના અર્થોની સમ્યગ્ (વિસંવાદ વગર) સારી રીતે પ્રતીતિ (જ્ઞાન કે વિશ્વાસ)

(૪) ઈચ્છારૂપ પરિપાક-શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાનનું વિધિવિધાન વિષયક ચિંતન-વિચાર.

(૫) પ્રવૃત્તિરૂપ પરિપાક-શાસ્ત્રમાં કહેલ અનુષ્ઠાનનું વિધિબહુમાનપૂર્વક આચરવું. આદિ શબ્દથી વિઘ્નજયાદિરૂપ પરિપાકનું ગ્રહણ કરવું તથાહિ.

(૬) વિઘ્નજયરૂપ પરિપાક=ધર્મમાં અંતરાય કરનારા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વિઘ્નોનું નિરાકરણ કરવું. માર્ગમાં જતાં જેમ કંટક, જ્વર અને દિશામોહ વિઘ્નભૂત થાય છે તેમ મુક્તિનું અનુષ્ઠાન કરતાં કંટક વિઘ્નસમાન શીતોષ્ણાદિ પરીષહો છે, જ્વર વિઘ્નસમાન શારીરિક રોગો છે અને દિશામોહસમાન મિથ્યાત્વાદિનો ઉદય છે તેનો અનુક્રમે આસનવડે, અશનવડે અને ગુરૂસેવાદિવડે જય થાય છે. આસન-

---

૧ अविद्यासंगताः प्रायो विकल्पाः सर्व एव यत्, तद्योजनात्मकश्चैष कुतर्कः किमनेन तत् । यो. स. ૯૦.

અર્થ-ઘણું કરીને સર્વેય વિકલ્પો અવિદ્યા-અજ્ઞાન-મિથ્યાત્વસહચરિતજ્ઞાનથી સંયુક્ત હોય છે અને તે વિકલ્પ-કલ્પનાનો યોજક-ગોઠવનારો-ઘડવૈયો આ કુતર્ક છે. તેથી કરીને આ કુતર્કથી શું ?

जातिप्रायश्च सर्वोऽयं प्रतीतिफलबाधितः । हस्ती व्यापादयत्युक्तौ प्राप्तप्राप्तविकल्पवत् ॥ यो. स. ૯૧

અર્થ-વળી આ સર્વ કુતર્ક, પ્રતીતિથી અને ફલથી બાધિત હોઈ જાતિપ્રાય-દૂષણાભાસ પ્રધાન છે. જેમકે, કોઈ એક નૈયાયિકન્યાયશાસ્ત્રનો વિદ્યાર્થી, ક્યાંકથી આવી ચડ્યો. ત્યાં રસ્તામાં નિરંકુશ ગાંડા થયેલા હાથી પર ચઢેલા મ્હાવતે બૂમ મારી-અરે અરે ! જલ્દી દૂર હઠી જા ! દૂર હઠી જા ! નહિ તો હાથી મારી નાંખશે. એટલો ભણ્યો પણ ગણ્યો નહિ એવો તે વેદીઓ, દોઢ ચતુર, દોઢ ડહાપણ કરી, પોતે ભણેલા ન્યાયશાસ્ત્રની પદ્ધતિને ન્યાયનો પ્રયોગ કરવા લાગ્યો કે-રે રે મૂર્ખ ! આમ તું યુક્તિ વગરનું શું બોલે છે ? કારણ કે, આ હાથી શું પામેલાને-પાસે આવેલાને હણે ? કે નહિ પામેલાને હણે ? પામેલાને હણે એમ કહે તો તને જ હણે, એમ જ્યાં તે પોતાનું ભાષણ આગળ ચલાવે છે ત્યાં તો હાથી પાસે આવી પહોચ્યો ને તેને પકડ્યો. પછી મહાવતે તેને માંડ માંડ છોડાવ્યો. તેમ તેવા પ્રકારે વિકલ્પ કરનારો એવો તે તે દર્શનમાં સ્થિત જીવ પણ કુતર્કહસ્તીથી ગ્રહાયેલો હોય છે. તે સદ્‌ગુરૂ મહાવતથી જ મૂકાવાય છે.

સિદ્ધાસનાદિ અને અશન-હિત-મિત આહારાદિ.

(૭) સિદ્ધિરૂપ પરિપાક=અનુષ્ઠેય-કર્તવ્ય-કરવા જોગ અર્થ (ધર્મપુરૂષાર્થ) ની સિદ્ધિ-ફતેહ. અથવા અધિકૃત અહિંસાદિ ધર્મસ્થાનની સિદ્ધિ-પ્રાપ્તિ. જેમાં અધિક ગુણી પ્રત્યે વિનય, હીનગુણી અથવા નિર્ગુણી પ્રત્યે દયા અને મધ્યગુણી પ્રત્યે ઉપકારની ભાવના પ્રધાનપણે હોય છે.

(૮) વિનિયોગરૂપ પરિપાક=કર્તવ્ય અર્થની સિદ્ધિ-પ્રાપ્તિને યથાયોગ (યોજના-જોગ-યુક્તિ-જ્ઞાન પ્રમાણે ઘટતી રીતે) વાપરવી, વાવરવી, ખરચવી, ખપમાં લેવી. અથવા સ્વપ્રાપ્ત ધર્મસ્થાન, યથાયોગ્ય ઉપાયવડે અન્યને પમાડવું. એથી અનેક જન્મજન્માંતર સુધી પ્રકૃષ્ટ ધર્મસ્થાનની પ્રાપ્તિ થયા કરે છે.

(૯) અવંચકત્રયરૂપ પરિપાક=(૧) યોગાવંચક-સાચા સાધુ સ્વરૂપ સત્પુરૂષનો-સદ્‌ગુરૂનો જોગ, તથા રૂપ ઓળખાણ તે યોગાવંચક છે, તે યોગ, કદી વંચે નહિં, અમોઘ હોય અવશ્ય અવિસંવાદી હોય. અને પછી સત્પુરૂષને તેવા સત્પુરૂષ સ્વરૂપે ઓળખી, તેના પ્રત્યે જે વંદન, નમસ્કાર, વૈયાવચ્ચ વિગેરે ક્રિયા કરવામાં આવે તે ક્રિયાવંચક કહેવાય; તે ક્રિયા કદી વંચે નહિં-ફોગટ જાય નહિં, અચૂકપણે અવશ્ય ધર્મલાભદાયી થાય જ. અને આમ સત્પુરૂષ સદ્‌ગુરૂને તથારૂપે ઓળખી, તેના પ્રત્યે જે વંદનાદિ ક્રિયા કરવામાં આવી, તેનું ફલ પણ કદી વંચે નહિં, અમોઘ હોય, અચૂકપણે પ્રાપ્ત થાય તે ફલાવંચક જાણવું. શ્રદ્ધાદિપંચકપરિપાકના અતિશયનું સ્વરૂપ નિરૂપણ-

જે શ્રદ્ધાદિપરિપાકના અતિશયનું લક્ષણ, (જેનાવડે વસ્તુ ઓળખાય-ચિહ્ન-નિશાન) સ્થૈર્ય છે. (સ્થિરતા-અભયતા-ચંચલ આત્મ પરિણતિનો અભાવ છે.)

જે શ્રદ્ધાદિ પરિપાકનો અતિશય, પ્રધાન (સર્વશ્રેષ્ઠ-ઉત્તમ કોટીના ભાવરૂપ) સત્ત્વાર્થ-પુરૂષાર્થ કે પરોપકારનો હેતુ છે.

જે શ્રદ્ધાદિ પરિપાકનો અતિશય, અપૂર્વકરણરૂપ મહાસમાધિને પમાડનાર-આપનાર છે.

આ પ્રમાણે સ્વયં-પોતે જ ખૂબ-મનનપૂર્વક ઝીણવટથી વિચારો !

હવે શ્રદ્ધાદિના ઉચ્ચારણની સાર્થકતા અને શ્રદ્ધાદિના ક્રમસર ઉપન્યાસના હેતુનું વર્ણન કરે છે.

**[1]એતદુચ્ચારણં ત્વેવમેવોપધાશુદ્ધં સદનુષ્ઠાનં ભવતીતિ, એતદ્વાનેવ ચાસ્યાધિકારીતિ જ્ઞાપનાર્થં, વર્ધમાનયા-વૃદ્ધિં ગચ્છન્ત્યા નાવસ્થિતયા પ્રતિપદોપસ્થાપ્યેત્તત્, શ્રદ્ધયા વર્ધમાનયા એવં મેધયેત્યાદિ, લાભક્રમાદુપન્યાસઃ શ્રદ્ધાદીનાં, શ્રદ્ધાયાં સત્યાં મેધા, તદ્ભાવે ધૃતિઃ તતો ધારણા તદન્વનુપ્રેક્ષા, બુદ્ધિરપ્યનેનૈવ ક્રમેણ, એવં તિષ્ઠામિ કાયોત્સર્ગમિત્યનેન પ્રતિપત્તિં દર્શયતિ,**

ભાવાર્થ=વળી આ અવસ્થારૂપ શ્રદ્ધા વિગેરેનું ઉચ્ચારણ, ઉપધાશુદ્ધ (અશ્રદ્ધારહિત-ઉપધાનથી નિર્મલ-

---

૧ કણ્ઠતાલ્વાદ્યભિઘાતેન શબ્દજનકવ્યાપારઃ શબ્દોત્પત્ત્યનુકૂલવ્યાપારઃ ।

કપટરહિત-સરલતા સહિત-પરીક્ષા શુદ્ધ) હોય તો જ સદ્અનુષ્ઠાનરૂપ થાય છે અને આ ઉપધાશુદ્ધિવાળો-શ્રદ્ધાદિવાળો જ આ કાઉસગ્ગનો અધિકારી (યોગ્ય-અધિકારી-હક્કદાર) થાય છે. એમ જણાવવા ખાતર શ્રદ્ધાવિગેરેનું ઉચ્ચારણ છે.

"વર્ધમાનયા"-વધતી-વૃદ્ધિને પ્રાપ્ત થતી-વૃદ્ધિ પામતી ન કે અવસ્થિત (બંધ પડેલી, ઉભી રહેલી, અટકેલી, સ્થિર રહેલી) આ વિશેષણ પદ, શ્રદ્ધાદિ દરેકપદની સાથે સંબંધવાળુ સમજવું. જેમ કે, વધતી શ્રદ્ધાથી, વધતી મેધાથી, વધતી ધૃતિથી, વધતી ધારણાથી, વધતી અનુપ્રેક્ષાથી હું કાઉસગ્ગ કરૂં છું એમ જાણવું.

લાભ (પ્રાપ્તિ) ના ક્રમ (ગોઠવણ-વ્યવસ્થા-રીત) થી જ શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા-અનુપ્રેક્ષાનો ઉપન્યાસ (વિન્યાસ-ક્રમવાર રચના-વ્યવસ્થા) કરેલ છે. તથાહિ અન્વયવ્યતિરેકથી પૂર્વ-પૂર્વની સત્તાથી ઉત્તર ઉત્તરની સત્તા સમજવી. તથાચ શ્રદ્ધાની હૈયાતી હોયે છતે મેધાની સત્તા, શ્રદ્ધાના અભાવમાં મેધાનો અભાવ છે. કેમ કે, શ્રદ્ધાનો લાભ, મેધાનો લાભ પ્રત્યે કારણ છે. માટે મેધાના કારણભૂત શ્રદ્ધા પહેલાં મૂકાય છે. શ્રદ્ધાના કાર્યભૂત મેધાની પછીથી મૂકવામાં આવે છે.

તેમજ મેધાનો લાભ હોયે છતે ધૃતિનો લાભ થાય છે. અતએવ ધૃતિના કારણભૂત મેધાને પહેલાં મૂકવામાં આવે છે. અને તેના કાર્યરૂપ ધૃતિને પછી મૂકવામાં આવે છે. તથા ધૃતિનો લાભ હોય છતે ધારણાનો લાભ થાય છે. એટલે ધારણાના કારણભૂત ધૃતિને પહેલાં મૂકવામાં આવે છે. અને તેના કાર્યરૂપ ધારણાને પછીથી મૂકવામાં આવે છે. અને તેના કાર્યરૂપ ધારણાને પછીથી મૂકવામાં આવે છે, તેમજ ધારણાનો લાભ થયે છતે જ અનુપ્રેક્ષાનો લાભ થાય છે. તેથી અનુપ્રેક્ષાના કારણભૂત ધારણાને પહેલાં મૂકવામાં આવે છે. અને તેના કાર્યરૂપ અનુપ્રેક્ષા પછીથી મૂકાય છે. તથા વૃદ્ધિનો ક્રમ (રીત-વ્યવસ્થા) પણ એ રીતે જ છે. શ્રદ્ધાની વૃદ્ધિથી મેધાની વૃદ્ધિ, મેધાની વૃદ્ધિથી ધૃતિની વૃદ્ધિ; ધૃતિની વૃદ્ધિથી ધારણાની વૃદ્ધિ, ધારણાની વૃદ્ધિથી અનુપ્રેક્ષાની વૃદ્ધિ થાય છે.

'વધતી શ્રદ્ધાથી, વધતી મેધાથી, વધતી ધૃતિથી, વધતી ધારણાથી, વધતી અનુપ્રેક્ષાથી' આ પ્રમાણેના હેતુઓથી હું કાઉસગ્ગને કરૂં છું. કાઉસગ્ગની અવસ્થામાં છું, સ્થિર થાઉં છું રહું છું-ઉભો રહું છું. (ઠામિ કાઉસગ્ગં) આ વાક્ય દ્વારા પ્રતિપત્તિ-અભ્યુપગમ-પ્રતિજ્ઞા-સ્વીકાર દર્શાવે છે. (કાયોત્સર્ગના આરંભ-આદ્યપ્રયત્ન-આદ્યપ્રવૃત્તિરૂપ પ્રતિપત્તિને દર્શાવે છે.)

હવે **करेमि काउसग्गं (करोमि कायोत्सर्गं)** અને **ठामि काउसग्गं (तिष्ठामि-करोमि कायोत्सर्गं)** એ રૂપ બંને વાક્યોમાં વસ્તુતઃ જે અર્થભેદ જે અપેક્ષાએ છે તે બાબતને સુંદર શૈલીમાં શાસ્ત્રકાર દર્શાવે છે.

**प्राक् 'करोमि' करिष्यामि इति क्रियाभिमुख्यमुक्तं, साम्प्रतं त्वासन्नतरत्वात्क्रियाकालनिष्ठाकालयोः कथञ्चिदभेदात्तिष्ठाम्येवाहं, अनेनाभ्युपगमपूर्वं श्रद्धादिसमन्वितं च सदनुष्ठानमिति दर्शयति ।**

ભાવાર્થ-અહીં જે પહેલાં "કરોમિ કાયોત્સર્ગ" એમ વાક્ય કહ્યું હતું. તેમાં "કરોમિ" રૂપ ક્રિયાપદનો વર્તમાનકાલનો જે પ્રયોગ તે ભવિષ્યકાલના અર્થવાળો "**सत्सामीप्ये सद्वद्वे**'ति (હે. ૫-૪-૧) સૂત્રથી સમજવો. અર્થાત્ 'કરોમિ'-હું કરું છું, એટલે 'કરિષ્યામિ' હું કરીશ એવો અર્થ થતો હોઈ કરણરૂપ ક્રિયાના પ્રત્યે અભિમુખતા-અભિમુખપણું-સમીપતા-સમ્મુખપણું-અનુકૂલતા દર્શાવેલ છે.

હમણાં તો 'તિષ્ઠામિ કાયોત્સર્ગ-' (કરોમિ કાયોત્સર્ગ) આ વાક્યાન્તર્ગત "કરોમિ" ક્રિયાપદ દ્વારા અત્યંત આસન્નપણું સમીપપણું હોઈ (કરવારૂપ) કરણનું પ્રતિપાદન થાય છે કારણ કે; અત્યંત આસન્નપણું હોઈ નિશ્ચયનય વિશેષ [૨]ઋજુસૂત્ર નયની અપેક્ષાથી ક્રિયાકાલ (ચરમ સામયિક આરંભકાલ-કારણકાલ-કરણકાલ-કાર્યનો ચરમસમયાવચ્છિન્નકરણરૂપ (ક્રિયાકાલ) અને કાર્યનો નિષ્ઠાકાલ (સમાપ્તિકાલ) નો અભેદ છે. કેમકે નિશ્ચયનયની માન્યતા છે કે, ક્રિયમાણ કાર્ય (કરાતું-કરવા માંડેલું ચરમસમયાવચ્છેદેન વર્તમાન ક્રિયાક્ષણભાવિ-થનાર કાર્ય) નિયમા-ચોક્કસ કૃત જ છે. (થઈ ગયું-સમાપ્ત થયું પુરું થયું જ છે.) અન્યથા-નહિતર અર્થાત્ જો ક્રિયમાણ કાર્યને (ચરમ સમયાવચ્છેદેન કરાતા કાર્યને) કૃત-સમાપ્ત ન માનવામાં આવે તો, ક્રિયાના ઉપરમ (બંધ થવાના) ના કાલમાં, ક્રિયાના અનારંભ કાલમાં જેમ (ક્રિયાના પ્રથમ પ્રવૃત્તિના પહેલાના સમયમાં જેમ) કાર્યની અસમાપ્તિ છે તેમ અહીં કાર્યની અસમાપ્તિનો પ્રસંગ (આપત્તિ) આવશે કારણ કે, બંને ઠેકાણે ક્રિયાભાવના વિશેષનો અભાવ છે. તેથી નિશ્ચયનયની અપેક્ષાએ [૩]વ્યુત્સૃજ્યમાનકાયા (વ્યુત્સર્ગ

---

૧ **'सत्सामाप्ये सद्वद्वा ॥ ૫-૪-૧ ॥ समीपमेव सामीप्यम् । सतो वर्तमानस्य सामीप्ये भूते भविष्यति चार्थे वर्तमानाद्धातोः सद्वद्वर्तमानवत् प्रत्यया वास्तयुः ।**

૨ **ઋજુસુત્રનય, ઘણો સીધો અને સરલ છે. ભૂતકાલ કે ભવિષ્યકાલને નહિ જોતાં વર્તમાન કાળમાં શું છે અને શું થાય છે તેની જ ચર્ચા કરે છે. તે ઋજુસુત્રનય કહે છે કે, જે વખતે કાર્ય કરો તે વખતે તપાસો કે કાર્યને ઉપયોગી સર્વ સામગ્રી છે કે નહિ ! જો કાર્યમાં કારણભૂત સર્વ સામગ્રી છે તો કાર્ય ધીરે ધીરે-દીર્ઘકાળે કેમ થાય છે ? તુરત જ ઉત્પન્ન થવું જોઈએ, 'समर्थः क्षणमपि विलम्बं न सहते' (સમર્થ પદાર્થ કાર્ય કરવામાં ક્ષણ પણ વિલંબ ને સહન કરતો નથી) સર્વ સામગ્રી મળી નથી તો કાર્યની શરૂઆત જ થઈ છે, એમ કેમ મનાય ? સામગ્રી મળ્યા પછી જ આરંભ થાય છે. જેમકે; "ઘટ"રૂપ કાર્ય કરવું છે તેને માટે સામાન્ય રીતે માટી, ચક, દંડ, દોરો, કુંભાર વિગેરે સામગ્રી જોઈએ; પરંતુ આ સર્વે સ્થૂલ સામગ્રીઓ છે. માટે જ આ તમામ હોવા છતાં કાર્ય ધીરે ધીરે થાય છે. એમ આપણને લાગે છે. તે તેથી જ આપણે કહીએ છીએ કે, ઘણે લાંબે કાલે કાર્ય થાય છે. પણ ઉપર બતાવ્યા સિવાયની તેમાં કારણભૂત બીજી સૂક્ષ્મ સામગ્રીઓ પણ છે. તે કાળ, સ્વભાવ, નિયતિ, કર્મને ઉદ્યમ વિગેરે એ સામગ્રીઓ જ્યારે મળે છે. ત્યારે તત્ક્ષણે જ કાર્ય ઉત્પન્ન થાય છે. વળી પૂર્વે બતાવેલ સામાન્ય સામગ્રીને જ જો આપણે ઘટમાં ઉપયોગી માનીએ તો તે માટીના પિંડને ચક ઉપર ચડાવ્યો અને તે માટીના પિંડની પ્રથમ એક આકૃતિ બની, તો તે આકૃતિ બતાવેલ સર્વ સામગ્રીથી બની છે. તો તેને ઘટમાં ઉપયોગી છે. એ પ્રમાણે ઘટ થવા પૂર્વે જે છેલ્લી આકૃતિ થાય છે કે જે આકૃતિ પછી તુરત જ ઘટ થવાનો છે, તે આકૃતિ ઘટમાં વાસ્તવિક કારણભૂત છે. તે આકૃતિ પછી જ ઘટ બનવાની શરૂઆત થાય છે ને એક જ સમયમાં ઘટ બની જાય છે.**

૩ **ભગવતીટીકાયાં 'कथं पुनस्तद्वर्त्तमानं सदतीतं भवति ? अत्रोच्यतेयथा पटउत्पद्यमानकाले प्रथमतन्तुप्रवेशे उत्पद्यमानएवोत्पन्नोभवतीति,**

માટે જે કાયાનો આરંભ-પ્રથમ પ્રવૃત્તિ) તે દેશ-અંશની અપેક્ષાથી વ્યુત્સૃષ્ટ જ માનવી જોઈએ.

આ નિરૂપણથી એ વસ્તુ દર્શાવવામાં આવે છે કે, પ્રતિજ્ઞા પૂર્વક અને શ્રદ્ધા વિગેરેથી યુક્ત જે અનુષ્ઠાન તે સદ્અનુષ્ઠાન રૂપ કહેવાય છે.

હવે આ વિષયને શંકાસમાધાનપૂર્વક સુંદર ચર્ચવામાં-છણવામાં આવે છે.

**आह-श्रद्धादिविकलस्यैवमभिधानं मृषावादः, को वा किमाहेति, इत्थमेवैतदिति तन्त्रज्ञाः, किन्तु न श्रद्धादिविकलः प्रेक्षावानेवमभिधत्ते, तस्यालोचितकारित्वात्, मन्दतीव्रादिभेदाश्चैते, तथादरादिलि'ङ्गा इति नातद्व्रत आदरादीति, अतस्तदादरादिभावेऽनाभोगवतोऽप्येत इति ।**

ભાવાર્થ-શંકા-શ્રદ્ધા વિગેરેના અભાવવાળાને આ પ્રમાણેનું બોલવું ('अरिहंत चेईयाणंथી ठामि काउसग्गं' સુધીનું પાઠરૂપે ઉચ્ચારણ) મૃષાવાદ (મિથ્યા-ફોગટ-બોલવા) રૂપ જ થાય જ આ વિષયમાં કોણ શું કહી શકે એમ છે ? કારણ કે, આ વસ્તુ નક્કર છે કે, જે માણસમાં શ્રદ્ધાદિરૂપ ધર્મનો અભાવ હોઈ તેનું બોલવું સર્વથા મૃષાવાદ જ ગણાય ને !

સમાધાન-તમારૂં કહેવું તદ્દન ઠીક છે કારણ કે, શ્રદ્ધાદિના અભાવવાળા માણસનું સૂત્રનું બોલવું મૃષાવાદરૂપ જ છે. એમ શાસ્ત્રના જાણનારા-ગીતાર્થો કહે છે. પરંતુ પ્રેક્ષાવાન્ (વિવેકી વિચારક-ડાહ્યો-ધીરપુરૂષ) શ્રદ્ધા વિગેરેના અભાવવાળો હોતો આ પ્રમાણે બોલતો જ નથી. કારણ કે, પ્રેક્ષાવંત-ધીમંત પુરૂષો પુરેપુરી આલોચના

---

**उत्पद्यमानत्वं च तस्य प्रथमतन्तुप्रवेशकालादारभ्य पटउत्पद्यते इत्येवं व्यपदेशदर्शनात्प्रसिद्धमेव, उत्पन्नत्वं तूपपत्त्या प्रसाध्यते, तथाहि-उत्पत्तिक्रियाकालएव प्रथमतन्तुप्रवेशेऽसावुत्पन्नः यदि पुनर्नोत्पन्नोऽभविष्यत्, तदा तस्याः क्रियाया वैयर्थ्यमभविष्यत्, निष्फलत्वात्, उत्पाद्योत्पादनार्था हि क्रिया भवन्ति, यथाच प्रथमेक्रियाक्षणे नासावुत्पन्नस्तथोत्तरेष्वपि क्षणेषु-अनुत्पन्न एवासौ प्राप्नोति, को ह्युत्तरक्षणक्रियाणामात्मनि रूपविशेषो ? येन प्रथमया नोत्पन्नस्तदुत्तरासि स्तूत्पाद्यते, अतः सर्वदैवानुत्पत्तिप्रसङ्गः, दृष्टा चोत्पत्तिः, अन्यतन्तुप्रवेशे पटस्य दर्शनात्, अतः प्रथमतन्तुप्रवेशकाल एव किञ्चिदुत्पन्नं पटस्य यावच्चोत्पन्नं न तदुत्तरक्रिययोत्पाद्यते, यदि पुनरु एव क्रियाणां कालानां च क्षयः स्यात्, यदि हि तदंशोत्पादननिरपेक्षा अन्याः क्रिया भवन्ति तदोत्तरांशानुक्रमणं युज्यते नान्यथा' तदेव यथा पट उत्पद्यमान एवोत्पन्नस्तथैव बहुसमयपरिमाणत्वा वत्कायोत्सर्गस्यादिसमयात्प्रभृति व्युत्सृज्यमानकाय एव व्युत्सृष्टः, कथं ? यतो यदि हि स कायोव्युत्सर्जनाभीमुखीभूतः कायोत्सर्गस्यादिसमय एव न व्युत्सृष्टः तस्यात्तदा तस्यायस्य व्युत्सर्जन समयस्य वैयर्थ्यं स्यात्, तत्राव्युत्सृष्टत्वात्, यथाच तस्मिन् समये न व्युत्सृष्टः तथा द्वितीयादिसमयेष्वपि न व्युत्सृजेत् को हि तेषामात्मानि स्नपविशेषो ? येन प्रथमसमये न व्युत्सृष्ट उत्तरेषु व्युत्सृजतितिं, अतः सर्वदैवाव्युत्सर्जनप्रसंगः अन्त्यसमये कायोत्सर्गस्य दर्शनात् अतः कायोत्सर्गादिसमय एव किञ्चिदव्युत्सृष्टं, यश्च तस्मिन् व्युत्सृष्टः स चोत्तरेषु समयेषु न व्युत्सृजति, यदि तु तेष्वपि तदेवायं व्युत्सर्जनं भवेत्तदा तस्मिन्नेव व्युत्सत्सर्जने सर्वेषां काय व्युत्सर्जनसमयानां क्षयःस्यात्, यदि हि तत्समयव्युत्सर्जननिरपेक्षाण्यन्यसमयव्युत्सर्जनानि भवन्ति तदोत्तरव्युत्सर्जनसमनुक्रमणं युज्येत, नान्यथा तदेवं व्युत्सृज्यमानोऽपि कायः व्युत्सृष्टो भवतीति ।**

१ लिङ्गशब्दव्युत्पत्तिस्तु व्याप्तिबलेन लीनमर्थंगमयतीतिलिङ्गम् (सि. च. २ पृ. २५ × औ. वृ.) । अथवा लिङ्ग्यते गम्यते अनेनार्थः इति लिङ्गम् (न्या. बि-टु. प. २ पृ. २१)

(વિચાર-પરામર્શ-સમીક્ષા-મીમાંસા) પૂર્વક જ કાર્ય કરવાવાળા હોય છે તેથી તેમનું સૂત્રનું બોલવું મૃષાવાદરૂપ નથી.

શંકા-કોઈ વખત પ્રેક્ષાવંત પુરૂષ (વિચારીને પ્રવૃત્તિ કરનાર) પણ શ્રદ્ધાદિના અભાવવાળો થતો સૂત્રને બોલતો દેખાય છે તેનું શું ?

સમાધાન-(૧) મન્દ (મૃદુ-જઘન્યકોટીના) (૨) તીવ્ર ઉત્કૃષ્ટકોટીના (૩) આદિ શબ્દથી મધ્યમ કોટીના એમ ત્રણ ભેદ-પ્રકારવાળા આ શ્રદ્ધા વિગેરે છે.

(૧) જઘન્યકોટીના શ્રદ્ધાદિની ઓળખ (ઓળખાણ-પરિચય-પરીક્ષા) જઘન્યકોટીના આદર વિગેરે લિંગથી થાય છે.

(૨) મધ્યમકોટીના શ્રદ્ધાદિની ઓળખ-જ્ઞાન, મધ્યમકોટીના આદર લિંગથી થાય છે.

(૩) ઉત્કૃષ્ટકોટિના શ્રદ્ધા વિગેરેની ઓળખ-સમજણ-જ્ઞાન ઉત્કૃષ્ટકોટીના આદર વિગેરે લિંગથી થાય છે. અર્થાત્-સારાંશ કે પ્રેક્ષાવંત પુરૂષ, સર્વથા શ્રદ્ધા વિગેરેના અભાવવાળો હોતો કદાચિત્ સૂત્રને બોલતો નથી પરંતુ મન્દ આદરને જોઈ એમ કદાચ કહેવામાં આવે કે, "આ શ્રદ્ધા વગરનો છે" પરંતુ ત્યાં સર્વથા શ્રદ્ધાદિનો અભાવ નથી પરંતુ મન્દ શ્રદ્ધાદિ છે એમ સમજવું.

શંકા-શ્રદ્ધાદિના પ્રત્યે આદર વિગેરેનું લિંગપણું (ગમકપણું-બોધકપણું-હેતુપણું) કેવી રીતે સિદ્ધ-સાબિત છે ?

સમાધાન-શ્રદ્ધા વિગેરેના અભાવવાળા પુરૂષમાં આદર વિગેરેનો અભાવ દેખાતો હોય છે. અર્થાત્ જ્યાં શ્રદ્ધા વિગેરેનો અભાવ છે ત્યાં આદર વિગેરેનો અભાવ છે અને આદર વિગેરેના સદ્ભાવથી શ્રદ્ધા વિગેરે છે. એમ જ્ઞાન થાય છે. તથાચ શ્રદ્ધા વિગેરેનું આદર વિગેરે, કારણ હોવાથી લિંગ કહેવાય છે. જ્યારે શ્રદ્ધા વિગેરે કાર્ય છે. ત્યારે તેનું કારણ આદર વિગેરે છે. આદર આદિની સત્તામાં જ શ્રદ્ધાદિની સત્તા છે. આદર આદિની સત્તાના અભાવમાં શ્રદ્ધાદિની સત્તાનો અભાવ છે. એટલે અન્વયવ્યતિરેકથી શ્રદ્ધાદિરૂપ કાર્ય પ્રત્યે આદર આદિ કારણ છે એમ કાર્યકારણભાવ સમજવો.

અતએવ કાયોત્સર્ગમાં શ્રદ્ધાદિરૂપ કાર્યના કારણ (લિંગ) ભૂત આદર વિગેરેની સત્તા (વિદ્યમાનતા-હાજરી - હૈયાતી) હોવાથી જ, અનાભોગવાળા પુરૂષમાં પણ ચિત્ત - પરિણામની ચંચલતા હોઈ પ્રકૃતસ્થાન વિષયક - વર્ણાદિ વિષયક ઉપયોગનો અભાવ-ગેરહાજરી હોવા છતાંય, (પ્રકૃતસ્થાનાદિ વિષયક ઉપયોગ હોય તો પૂછવું જ શું ? એ અપિ-પણ શબ્દનો અર્થ સમજવો) આ શ્રદ્ધા વિગેરેની સત્તા-હૈયાતી છે. કારણ કે, કાર્યની સાથે (કોઈ એક) કારણનું અવિનાભાવિપણું (અવિનાભાવ-વ્યાપ્તિ-સંબંધ-વ્યાપ્તપણું) હોય છે. જેમકે, પ્રદીપનું પ્રકાશ સાથે, વૃક્ષનું છાયા સાથે અવિનાભાવપણું

છે.

સારાંશ કે-મજકૂર વિવેચનથી શ્રદ્ધા વિગેરેની મન્દતા (અલ્પતા) શ્રદ્ધા વિગેરે માલુમ ન પડે છતાં આદર વિગેરેનો સદ્ભાવ હોયે છતે સૂત્રનું ઉચ્ચારણ (પાઠ-પઠન) કરનાર પુરૂષમાં પ્રેક્ષાવત્તા (બુદ્ધિમત્તા-વિચારકપણા) ની ક્ષતિ-હાનિ આવી શકતી નથી.

હવે બીજાઓના મતથી (સિદ્ધાંતથી) શ્રદ્ધા વિગેરેનું મન્દપણું-તીવ્રપણું-મધ્યપણું સાધતા બતલાવે છે.

**इक्षुरसगु खण्डशर्क्करोपमाश्चित्तधर्म्मा इत्यन्यैरप्यभिधानात्, इक्षुकल्पं च तदादरादीति भवत्यतः क्रमेणोपायवतः शर्क्करादिप्रतिमं श्रद्धादीति, कषायादिकटुकत्वनिरोधतः शममाधुर्यापादनसाम्येन चेतस एवमुपन्यास इति, एतदनुष्ठानमेव चैवमिहोपायः तथा तथा सद्भावशोधनेनेति परिभावनीयं,**

ભાવાર્થ-(૧) શેલડી (૨) શેલડીનો રસ (૩) ગોળ (૪) ખાંડ (૫) સાકર એ પાંચેના સરખા, મનના-ચિત્તના-આત્માના પરિણામો (ભાવો-આશયો) હોય છે. એમ બીજા દર્શનકારોનું પણ માનવું છે. (અમે તો માનીએ છીએ પણ બીજામતાનુયાયીઓ માને છે. એમ અપિ-પણને અર્થ સમજવો.) હવે પ્રકૃત ઉપમાન અને ઉપમેયની યોજના-ઘટના-સંકલના-સમન્વય કરતા કહે છે કે;-

તથાચ શેલડી (ઉપમાન) સરખા તે કાઉસગ્ગમાં આદર વિગેરે (ઉપમેય) છે, તે કાઉસગ્ગનો આદર-ઉપાદેયભાવ-બુદ્ધિ, અનાદિકાલીન મલિન વાસનાને લઈ આ જીવ પૌદ્ગલિક વસ્તુ તરફ એટલો બધો ટેવાઈ ગયો છે કે, તે વસ્તુને જ ઉપાદેય તરીકે ગણે છે અને તેજ વસ્તુ મેળવવાને રાત-દિવસ પ્રવૃત્તિ કર્યા કરે છે, પણ જ્યારે આ જીવને તથા ભવ્યતાના પરિપાકથી તથા કર્મના ક્ષયોપશમથી કંઈક સત્યજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે પૌદ્ગલિક સર્વ વસ્તુમાં ઉપાદેયભાવનો ત્યાગ કરી, જગત્માં સારભૂત અંગીકાર કરવા લાયક, મોક્ષમાર્ગનું બીજ આ કાયોત્સર્ગ જ છે. આવા પ્રકારની કાયોત્સર્ગ પ્રત્યે ઉપાદેય બુદ્ધિ તેજ અહીં આદર સમજવો.

આદિ શબ્દથી જે આગળ ઉપર સવિવેચન કહેવામાં આવશે તે કરવામાં પ્રીતિ વિગેરે લેવા. એવંચ ઈક્ષુકલ્પ-શેલડી સરખા આદરાદિના પ્રકર્ષના ક્રમથી અર્થાત્ ક્રમશઃ પ્રકર્ષવાળા આદરાદિરૂપ હેતુવાળા પુરૂષમાં

---

**૧ શુદ્ધ સાકરના ચોસલાની-ખડી સાકરની બનાવટમાં તેની આગલી આગલી અવસ્થાઓ પણ કામની છે. કારણ કે, તે ખડી સાકર બને છે, તે કાંઈ એમને એમ બની જતી નથી. શેરડીથી માંડીને શુદ્ધ સાકર સુધીની સઘળી પ્રક્રિયામાંથી તેને પસાર થવું પડે છે, ત્યારે જ ખડી સાકરની પ્રાપ્તિ થાય છે. તે આ પ્રકારેઃ- (૧) પ્રથમ તો શેરડી હોય (૨) પછી તેનો રસ કાઢવામાં આવે (૩) તેને ઉકાળીને કાવો બનાવાય (૪) તેમાંથી ગોળ બને (૫) ત્યાર પછી તેને શુદ્ધ કરતાં કરતાં તેમાંથી બારીક ખાંડ થાય (૬) પછી શર્કરા-ઝીણી સાકર બને (૭) અશુદ્ધ સાકરના ચક્કા-પિંડા થાય (૮) અને છેવટે શુદ્ધ સાકરના ચોસલા-ખડી સાકર બને. આમ શુદ્ધ સાકરની અવસ્થાએ પહોંચતા પહેલાં જુદી જુદી પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે.**

ક્રમશઃ પ્રકર્ષ ઈક્ષુકલ્પ આદરાદિરૂપ હેતુજન્ય શર્કરાદિ-સાકર આદિ (આદિ શબ્દથી પશ્ચાનુપૂર્વીથી ખાંડ વિગેરે) સરખા શ્રદ્ધા-મેધા વિગેરે [1]પાંચ પેદા થાય છે.

| ઉપમાન | ઉપમેય |
|---|---|
| ઈક્ષુ (શેરડી) | આદરાદિ |
| ઈક્ષુરસ કે ગુડ (ગોળ) | શ્રદ્ધા |
| ખાંડ | મેધા |
| સાકર | ધૃતિ |
| મત્સ્યંડી | ધારણા |
| વર્ષોલક | અનુપ્રેક્ષા |

(વર્ષોલક=ચુનચુના-સારામાં સારી સાકર ઉત્પન્ન કરવી હોય તો પ્રથમ શેરડીમાંથી રસ નીકળે છે, તેમાંથી ગોળની રસી થાય છે-અને તે ગોળની રસીમાંથી ગોળ થાય છે. આ ગોળમાંથી ખાંડ થાય છે, ખાંડમાંથી સાકર બને છે અને સાકરમાંથી મત્સ્યંડી શેરડીના રસની ગોળ કરતાં પાતળી બનાવટ થાય છે. અને મત્સ્યંડીમાંથી વર્ષોલક-ઉત્તમજાતિની સાકર બને છે. આદર વિગેરે શેલડી જેવા છે. અને આમાંથી જ શ્રદ્ધા વિગેરે ઉત્તમ સાકર બને છે. શમરૂપી માધુર્ય તેમાંથી પેદા થાય છે.)

શંકા=બીજા દ્રષ્ટાંતોને છોડીને ઈક્ષુ (શેરડી) વિગેરે રૂપ ઉપમાનો ઉપન્યાસ (રચના-સ્થાપના) શા માટે કર્યો છે ?

સમાધાન=ક્રોધ વિગેરે કષાય અને ઈન્દ્રિય વિકાર વિગેરે રૂપી કટુકતા (કડવાશ-કટુતા-કંઈક કડવો સ્વાદ તે) નો નિરોધ-રોકાણ-નિગ્રહ કરવા દ્વારા, ઉપશમ-શાંતરસ-પરમશાંતિ (સમતા) રૂપ મધુરતા-મિઠાશ-મીઠા સ્વાદને (જે આનંદ-તૃપ્તિ સંતોષનો હેતુ હોઈ અર્થાત્ જે આનંદનો હેતુભૂત વસ્તુ હોય તે મધુર કહેવાય છે. તે મધુરની મધુરતાને) સંપાદન-કરવારૂપ સદૃશપણું-સમાનધર્મ હોઈ, [1]ઈક્ષુ આદિ ઉપમાનની સાથે આદરાદિ ઉપમેયનો ઉપન્યાસ કરેલ છે. અર્થાત્ આ પ્રમાણે ઈક્ષુ આદિ ઉપમાનની સાથે આદરાદિ સરખાવેલ છે.

| ઉપમાન | ઉપમેય |
|---|---|
| શેરડી | આદરાદિ |
| સાકર | શ્રદ્ધાદિ |
| વિગેરે | |

સમાનધર્મ (સામ્યધર્મ - ગુણક્રિયાદિ) કટુકત્વ-નિરોધતો માધુર્યાપાદન ક્રિયારૂપ સમાનધર્મ - (કડવાશને દૂર કરી મિઠાશને કરવારૂપ ક્રિયારૂપ સામાન્યધર્મ)

અથચ ઉપાયવાનનું દિગ્દર્શન કરાયેલ હોઈ હવે ઉપાયને જ દર્શાવે છે. આ પ્રમાણે-સામાન્યથી આદરાદિયુક્ત પ્રકૃત કાયોત્સર્ગનું કરવું જ (બીજું કાંઈ નહિ ફક્ત કાઉસગ્ગનું કરવું જ) સાકર આદિ સરખા શ્રદ્ધાદિની

---

**૧ "કડવાશને રોકી માધુર્ય કરવામાં આદરાદિ, શ્રદ્ધાદિ, ઈક્ષુરસ સરખા, સાકર આદિ સરખા છે." આમાં આદરાદિ, શ્રદ્ધાદિ, એ વર્ણ્ય પદાર્થ ઉપમેય કહેવાય છે. કેમ કે આદરાદિ, શ્રદ્ધાદિને ઈક્ષુ આદિ, શર્કરાદિની સાથે સરખાવ્યા છે.**

**૨ જેની સાથે વર્ણ્ય પદાર્થને સરખાવવામાં આવે છે તે ઉપમાન કહેવાય છે. "અહીં ઈક્ષુ આદિ, શર્કરાદિ"એ ઉપમાન છે જે સાધારણ ગુણને લીધે બે પદાર્થની સરખામણી કરી હોય તે સામાન્ય ધર્મ કહેવાય છે. અહીં કડવાશને રોકી માધુર્ય કરવારૂપ ક્રિયારૂપ સામાન્ય ધર્મ છે. "સરખા" એ ઉપમાવાચક-સામ્ય બતાવનાર શબ્દ કહેવાય છે.**

ઉત્પત્તિના પ્રત્યે ઉપાય-હેતુ છે.

કારણ કે; તે તે પ્રકારે શુદ્ધ શુદ્ધ પરિણામને નિર્મલ કરે છે. તથાચ તે તે પ્રકારે [૨]શુદ્ધ પરિણામને નિર્મલ કરવા દ્વારા સામાન્યથી આદરાદિયુક્ત પ્રકૃત કાઉસગ્ગનું કરવું હોય તો જ સાકાર આદિ સરખા શ્રદ્ધાદિની ઉત્પત્તિ છે, તે તે પ્રકારે શુદ્ધ પરિણામને નિર્મલ કરવા દ્વારા સામાન્યથી આદરાદિયુક્ત પ્રકૃત કાઉસગ્ગનું કરવું ન હોય તો સાકર આદિ સરખા શ્રદ્ધાદિની ઉત્પત્તિનો અભાવ છે. અર્થાત્ સાકર આદિ સરખા શ્રદ્ધાદિની ઉત્પત્તિના પ્રત્યે તે તે પ્રકારે શુદ્ધ પરિણામને નિર્મલ કરવા દ્વારા સામાન્યથી આદરાદિ યુક્ત કાઉસગ્ગનું કરવું એ હેતુ છે. આવી રીતે અન્વયવ્યતિરેક દ્વારા કાર્યકારણભાવના નિર્ણયને વિચારો.

હવે આ બાબતમાં શાસ્ત્રકાર બીજાના સિદ્ધાંતનો પૂરાવો આપે છે.

**उक्तं च परैरपि-"आदरः करणे प्रीतिरविघ्नः सम्पदागमः । जिज्ञासा तज्ज्ञसेवा च, सदनुष्ठानलक्षणम् ॥ १ ॥ अतोऽभिलषितार्थाप्तिस्तत्तद्भावविशुद्धितः । यथेक्षोः शर्क्करादिप्तिः स्यात्क्रमात्सद्धेतुयोगतः ॥ २ ॥ इत्यादि" अप्रेक्षावतस्तु यदृच्छाप्रवृत्तेः नटादिकल्पस्य गुणद्वेषिणो मृषावाद एव, अनर्थयोगात्, तत्परितोषस्तु तदन्यजनाधःकारी मिथ्यात्वग्रहविकारः, यथोक्तमन्यैः- "दण्डी खण्डनिवसनं भस्मादिविभूषितं सतां शोच्यम् । पश्यत्यात्मानमलं, ग्रही नरेन्द्रादपि ह्यधिकम् ॥१॥**

**मोहविकारसमेतः पश्यत्यात्मानमेवमकृतार्थम् । तद्वयत्ययलिङ्गरतंकृतार्थमिति तद्ग्रहावेशात् ॥ २ ॥ इत्यादि" । तस्मात्प्रेक्षावन्तमङ्गीकृत्यैतत्सूत्रं सफलं प्रत्येतव्यमिति ।**

ભાવાર્થ=બીજા મુમુક્ષુઓએ પણ કહ્યું છે કે "આદર" (૧) ક્રિયા આદર=ઈષ્ટ આદિ કરવામાં આદર એટલે યત્નાતિશય હોય. જે ઈષ્ટ વિગેરે ક્રિયા કરવામાં આવે તે બહુમાનપૂર્વક અત્યંત આદરથી, અતિશય યત્નથી કરવામાં આવે, તે સદનુષ્ઠાનનું લક્ષણ છે. ક્રિયામાં વેઠ નહિ કાઢતાં ખૂબ જાળવીને, ઉપયોગ-જાગૃતિપૂર્વક ક્રિયા કરવી, તે સદનુષ્ઠાન સૂચવે છે. (૨) કરણે પ્રીતિઃ=તે ક્રિયા=અનુષ્ઠાન કરવા પ્રત્યે પ્રીતિ, અંતરંગ પ્રેમ સ્નેહરૂપ પ્રીતિ હોવી તે સદનુષ્ઠાનનું લક્ષણ છે. (૩) અવિઘ્ન=ક્રિયામાં અવિઘ્ન-વિઘ્નનો અત્યંત અભાવ એ સદનુષ્ઠાનનું લક્ષણ છે. અર્થાત્ સમ્યગ્ અનુષ્ઠાનથી ક્લિષ્ટ કર્મનો વિઘાત-વિનાશ થયેલ હોઈ સઘળાય કૃત્યમાં વિઘ્નનો અત્યંત અભાવ એ સદનુષ્ઠાનનું લક્ષણ છે. (૪) સંપદાગમ=સંપદાનું આવવું, સંપત્તિની પ્રાપ્તિ થવી એ સદનુષ્ઠાનનું લક્ષણ છે.

કાયોત્સર્ગ વિગેરે ધાર્મિક અનુષ્ઠાનો પ્રત્યે આ જીવને જ્યારે બહુમાન થાય છે. ત્યારે તેઓ પોતાનું સર્વસ્વ સમપર્ણ કરતા પણ પાછી પાની કરતા નથી. આ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક ધર્મ્ય અનુષ્ઠાન કરવાની ટેવ પડવાથી આ જીવને અનેક પ્રકારના લાભો થાય છે-ફળો મળે છે. સંપદાઓનો સમાગમ થાય છે. (૫) જિજ્ઞાસા-તે તે ક્રિયા સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવા તીવ્ર તમન્ના ઉપજવી, તે સદનુષ્ઠાનનું લક્ષણ છે. આ સંસારમાં એક બીજાથી ચડીયાતા થવા-મોટા થવાની હદપારની અભિલાષાઓ થાયે છે, અને તે પાર

પાડવા પોતાનાથી બનતું બધું કરે છે, પૌદ્ગલિક વસ્તુમાં આવી સ્પૃહા કે સ્પર્ધા કરવી તે ચારગતિના ફેરાને આપનાર છે. પણ આત્મકલ્યાણ માટે ધ્યાનાદિ ક્રિયા કરવામાં તથા આચાર્યાદિમાં રહેલા ધ્યાનાદિક અધિકગુણો તે પોતામાં દાખલ કરવા અતિ ઉત્કટ જિજ્ઞાસા તથા અતિ અભિલાષારૂપ સ્પર્ધા કરવી, મોક્ષ દેનાર હોઈ સદનુષ્ઠાનનું લક્ષણ છે. (૬) તજ્ઞસેવા-તત્ત્વજ્ઞાતા કે સદનુષ્ઠાન મર્મના જ્ઞાતાપુરૂષની સેવા તે પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે. તત્ત્વના જાણ ગુરૂની ભક્તિના પ્રભાવથી "સમાપત્તિ" રૂપ ધ્યાન વિશેષ અને તેના ભેદો તેમાં તલ્લીન થવાથી-અભ્યાસ કરવાથી ધ્યાનદ્વારા તીર્થંકરનું દર્શન થાય છે. વળી ગુરૂ પ્રત્યે ભક્તિ-બહુમાન-આદરસત્કાર સન્માન કરવાથી તથા તેઓશ્રીના ફરમાન મુજબ ચાલવાથી-તેઓશ્રીની આજ્ઞા મુજબ ચાલવાથી વાસ્તવિક રીતે તે જ કલ્યાણ દેનાર છે. તેમજ આલોક તથા પરલોકના હિતને દેનાર જે પુણ્યાનુબંધી પુણ્યબંધ છે તે પણ ગુરૂભક્તિથી જ સાધ્ય છે. પ્રાપ્તવ્ય છે. ગુરૂની મદદ વગર કદી પણ આગળ વધી શકાતુ નથી. આવા વિશિષ્ટ ભાવથી તત્ત્વના જાણની સેવા, સદનુષ્ઠાનનું લક્ષણ છે.

(૭) ચ શબ્દથી "તજ્ઞ અનુગ્રહ"-તેના જ્ઞાતા પુરૂષનો અનુગ્રહ-કૃપાપ્રસાદ પણ સદનુષ્ઠાનનું લક્ષણ છે. (૧) આને "સદનુષ્ઠાન" કહેવાનું કારણ એ કે તેનું અનુબંધસારપણું છે, અનુબંધપ્રધાનપણું છે તેથી ઉત્તરોત્તર શુભ અનુબંધ પરંપરા થયા કરે છે, અને ઉત્તરોત્તર પુણ્યાનુબંધી પુણ્યની માત્રા વધતી જાય છે. "સદનુષ્ઠાનના લક્ષણરૂપ આદર વિગેરેથી, તે તે ભાવ-પરિણામની નિર્મલતાદ્વારા, ઈષ્ટ અર્થની પ્રાપ્તિ થાય છે. જેમ કે; દા.ત. ક્રમે કરીને સમ્યગ્ હેતુ-સામગ્રીના યોગ-સહયોગથી ઈક્ષુ-શેરડીથી સાકરની પ્રાપ્તિ થાય છે. ॥ ૨ ॥ વિગેરે વિગેરે."

વળી સ્વચ્છંદતા-આપખુદીથી પ્રવૃત્તિ-વર્તન કરનાર હોઈ, નટ (વેષ ભજવનારા લોક) વિગેરેના સરખા હોઈ, ગુણિમાં રહેલા ગુણના પ્રત્યે દ્વેષ (વેર-ઈર્ષ્યા) વાળા હોઈ, અપ્રેક્ષાવંતને મૃષાવાદ (અસત્યવાદ) જ લાગુ થઈ શકે પ્રેક્ષાવંતને નહિ. કારણ કે; અનર્થનો યોગ (બલવત્ અનિષ્ટનો અનુબંધી-અવિચ્છિન્ન પ્રવાહવાળો યોગ)-સંબંધ છે. પરંતુ તે મિથ્યા (અસત્) કાયોત્સર્ગરૂપી મૃષાવાદથી, કૃતાર્થતારૂપ પરિતોષ તો (હું કૃતાર્થકૃતકૃત્ય થઈ ગયો છું આવા પ્રકારનો સંતોષ-તૃપ્તિ તો) તેનાથી-મિથ્યા કાયોત્સર્ગકારીથી જુદા-ભિન્ન જે સમ્યક્ કાયોત્સર્ગકારી (ગુણના અનુરાગી) ઉત્તમ લોક છે. તેનો તિરસ્કાર કરનાર, ગુણના અનુરાગી લોકોને નીચા-હલકા-અધમ-નિંદ્ય-ખરાબ ચિતરનાર, અર્થાત્ સમ્યક્ કાયોત્સર્ગકારી-ગુણાનુરાગી લોકની કુથલી-ચર્ચા-ટીકા-ઠેકડી-મજાક-મશ્કરી-વગોણું-નિંદા કરનાર, મિથ્યાત્વરૂપ ગ્રહના (જેથી ઉન્માદ પેદા થાય છે. તેવા એક પ્રકારના દોષરૂપ ગ્રહના) વિકારરૂપ જ જાણવો. (ખરાબી-સડો-વિક્રિયા-પરિણામ-વિપરીતતારૂપ વિકાર જાણવો.)

સારાંશ કે સમ્યક્ક્રિયા-કાયોત્સર્ગરૂપ ક્રિયાકારી લોકનું અપમાન આદિ કરનાર મિથ્યાત્વગ્રહનો વિકાર જ, મિથ્યા કાયોત્સર્ગરૂપ મૃષાવાદજન્ય પરિતોષનું સ્વરૂપ જાણવું જેમકે બીજાઓએ કહ્યું છે કે "દંડને રાખનાર, જીર્ણ શીર્ણ વસ્ત્રને પહેરનાર, ભસ્મ વિગેરેથી સુશોભિત, સજ્જનોને શોક કરવા લાયક, મિથ્યાત્વગ્રહવાળો

માણસ, પોતાને ચક્રવર્તીથી પણ સારી રીતે અધિક-મોટો જુએ છે." ॥ ૧ ॥

"મોહના વિકારવાળો માણસ, પોતે અકૃતાર્થ હોવા છતાંય-કૃતાર્થથી વિપરિત અકૃતાર્થના લિંગો-ઉચ્છૃંખલ-નિરંકુશ પ્રવૃત્તિ બેઅદબીભર્યું વર્તન આદિ લક્ષણોવાળો હોવા છતાંય-તે નિરંકુશ કારવાહી-પ્રવર્ત્તન-ચાલચલગત આદિ ચિહ્નોને વળગી રહેનાર હોવા છતાંય, મોહવિકાર ગ્રહના આવેશથી-વેગથી પોતાને કૃતાર્થ માને છે ॥ ૨ ॥ વિગેરે વિગેરે" તે કારણથી પ્રેક્ષાવંતને (વિચારકને, ગુણનારાગીને, સચ્ચાઈપૂર્વક બજાવનારને જિનઆજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરનારને-મોહવિકાર વગરનાને) ઉદ્દેશીને-અનુલક્ષીને-અનુસરીને જ આ સૂત્ર સફલ-ફલવાળું-વિજયવંત છે એમ દૃઢ-સુદૃઢ વિશ્વાસ કરવો જોઈએ. ઈતિ.

હવે શાસ્ત્રકાર, "ઠામિ કાઉસગ્ગં" એ પાઠ દ્વારા કાયાવ્યાપારના ત્યાગરૂપ કાયોત્સર્ગમાં રહું છું. એમ કહેવાથી કાયાનો વ્યાપાર ન કરવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞામાં શરીરનો બીજો કોઈ વ્યાપાર થઈ જાય તો તે પ્રતિજ્ઞાનો ભંગ થાય, તેને માટે તે પ્રતિજ્ઞામાં-કાઉસગ્ગમાં આગાર (અપવાદ-છૂટ-મોકળ) રાખ્યા છે. અને તે આગાર આ "અન્નત્થ ઉસસિએણં"ના પાઠમાં સમજાવ્યા છે. આ આગાર કયા છે તે જણાવવા અને તે જણાવી તેનાથી કાઉસગ્ગ, અભગ્ન-ભાંગ્યા વગરનો અખંડિત અને અવિરાધિત એટલે થોડાથી પણ વિરાધના થયા વગરનો રહો એ વિગત દર્શાવવા "અન્નત્થ ઉસસિએણં" રૂપ સૂત્રનો આરંભ કરે છે.

**'अण्णत्थ ऊससिएणं नीससिएणं खासिएणं छीएणं जंभाइएणं उड्डुएणं वायनिसग्गेणं भमलीए पित्तमुच्छाए सुहुमेहिं अंगसंचालेहिं सुहुमेहिं खेलसंचालेहिं सुहुमेहिं दिट्ठिसंचालेहि एवमाइएहिं आगारेहिं अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गो जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेणं न पारेमि तावकायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि ॥**

સૂત્રાર્થ-સંક્ષિપ્તાર્થ :="કાયાના વ્યાપારનો ઉત્સર્ગ એટલે ત્યાગ કરતાં નીચે દર્શાવતા આગારથી કાયોત્સર્ગની પ્રતિજ્ઞાનો ભંગ થાય નહિ. (૧) ઉંચો શ્વાસ લેવો પડે (૨) નીચો શ્વાસ લેવો પડે (૩) ખાંસી કે ઉધરસ આવે (૪) છીંક આવે (૫) બગાસું આવે (૬) ઓડકાર આવે (૭) વાયુનો સંચાર થાય (૮) ચકરી કે ફેર આવે (૯) પિત્તના ચડી જવાથી મૂર્ચ્છા આવે (૧૦) સૂક્ષ્મ અંગનો સંચાર થાય (૧૧) સૂક્ષ્મ શ્લેષ્મ એટલે થુંક કે કફ ગળી જતાં સંચાર થાય (૧૨) સૂક્ષ્મ દ્રષ્ટિનો સંચાર થાય એમ બાર આદિ આગારથી અન્યત્ર-બીજે સ્થળે મારી કાયાનો વ્યાપાર બંધ રહે એવો હું નિયમ કરૂં છું. અને જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવારૂપ "નમો અરિહંતાણં" એવો શબ્દ ન બોલું ત્યાં સુધી મારો કાયોત્સર્ગ પારૂં નહિ અને તેટલા વખત સુધી એક સ્થાનકે મૌનપણે, અને એક જ ધ્યાનથી મારી કાયાના દરેક વ્યાપારને હું વોસિરાવી દઉં અર્થાત્ તેનો ત્યાગ કરૂં "નમો અરિહંતાણં" કહેવા પછી મારો કાયોત્સર્ગ પૂરો થાય.

હવે કરેલો કાઉસગ્ગ પણ આગાર (આગાર અથવા આકાર એટલે કાઉસગ્ગમાં રાખવા યોગ્ય કે રહેવા યોગ્ય છૂટ) વિના નિર્દોષ થઈ શકતો નથી. માટે "અન્નત્થથી હુજ્જ મે કાઉસગ્ગો" સુધીમાં કાઉસગ્ગના

છ પ્રકારના આગાર દર્શાવેલા છે, તેમાં "અન્નત્થથી પિત્તમુચ્છાએ" સુધીનાં ૯ પદ એકવચનવાળાં હોવાથી એ ૯ પદોની ચૈત્યસ્તવની ૪ થી એકવચન આગાર સંપદા છે, (એ ૯ પદોવાળી એકવચન આગાર સંપદા પણ ૩ પ્રકારની છે, તે આ પ્રમાણે-પહેલાં ૨ પદની "સહજ આગાર સંપદા"-ત્યારબાદના ૩ પદની "અલ્પાગંતુક હેતુ સંપદા" અને ત્યારબાદ ૪ પદની બહુ આગંતુક હેતુ સંપદા જાણવી. એમાં પહેલી સ્વાભાવિક છે, બીજી વાયુ વિગેરેના અલ્પ વિકારવાળી છે, અને ત્રીજી વાયુ તથા અજીર્ણાદિકના મોટા વિકારવાળી છે.)

આ ચૈત્યસ્તવની ચોથી એકવચનાંત આગાર સંપદાનું સચોટ-સવિસ્તાર-શંકા સમાધાન અને હેતુપૂર્વક સરસ વર્ણન કરતાં શાસ્ત્રકાર કહે છે-

**किं सर्व्वथा तिष्ठति कायोत्सर्गमुत नेति, आह–"अन्नत्थ ऊससिएणमित्यादि" अन्यत्रोच्छसितेन-उच्छवसितं मुक्तवा योऽन्यो व्यापारस्तेनाव्यापारवत इत्यर्थः, एवं सर्वत्रभावनीयं तत्रोर्ध्वं प्रबलं वा श्वसितमुच्छ्वसितं तेन "निससिएणमिति" अधः श्वसितं निःश्वसितं तेन, "खासिएणंति" कासितेन कासितं प्रतीतं "छीएणंति" क्षुतेन इदमपि प्रतीतमेव "जंभाइएणंति" जृम्भितेन विवृतवदनस्य प्रबलपवननिर्गमो जृम्भितमुच्यते "उड्डुएणति" उद्गारितं प्रतीतं तेन "वायनिसग्गेणंति" अधिष्ठानेन पवननिर्गमो वातनिसर्गो भण्यते तेन 'भमलीएति' भ्रमल्या इयं चाऽऽकस्मिकी शरीरभ्रमिः प्रतीतैव "पित्तमुच्छाएत्ति" पित्तमूर्च्छया पित्तप्राबल्यान्मनाङ्मूर्च्छा भवति'** ।

ભાવાર્થ-શંકા=શું સર્વ પ્રકારે (આગારરહિત) કાઉસગ્ગમાં સ્થિર રહે છે ? અથવા સર્વથા (આગારરહિત) કાઉસગ્ગમાં સ્થિર નથી રહેતો ? અર્થાત્ આગાર સહિત કાઉસગ્ગમાં સ્થિર રહે છે ?

સમાધાન="ઉંચો શ્વાસ લેવો ઈત્યાદિ આગારો-છૂટો સિવાય સર્વથા કાયોત્સર્ગમાં રહે છે" તથાચ-(૧) ઉચ્છવસિત-મુખ અને નાસિકાથી ઉંચો શ્વાસ લેવારૂપ કાયવ્યાપારને છોડીને બીજા કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે. અર્થાત્ ઉચ્છવાસરૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવવાળો કાઉસગ્ગમાં રહે છે.

(૨) મુખ અને નાસિકાથી નીચો શ્વાસ (નિઃશ્વાસ) લેવા રૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

(આ બંને આગાર અશક્ય પરિહાર એટલે જેનો ત્યાગ કરવો અશક્ય છે, તે હોઈ મૂક્યા છે.)

(૩) કાસિત-ખાંસી-ઉધરસ આવવારૂપ કાયવ્યાપાર ભિન્ન કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

---

૧ **भ्रमली पित्तमूर्च्छयोः सत्योरूपवेष्टव्यं, मा भूतसहसापतने संयमात्मविराधनेति ।**

**અર્થ - એકદમ પડવાથી સંયમ અને આત્માની વિરાધના ન થાય એટલા સારૂ ચક્કરી કે પિત્ત પ્રકોપજન્ય ભ્રમસહિત ચૈતન્યની મૂર્ચ્છા હોયે છતે બેસી જવું જોઈએ.**

(૪) ક્ષુત-છીંક આવવારૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

(૫) જાંભિત-બગાસું આવવારૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સ્થિર રહે છે.

(જે વખતે ખાંસી, છીંક, બગાસું આવે ત્યારે જીવરક્ષણ આદિ માટે મુખે હાથ યા મુહપત્તિ રાખવી.)

(૬) ઉદ્ગારિત-ઓડકાર આવવારૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

(૭) વાતનિસર્ગ-અધિષ્ઠાનથી (ગુદા-અધોદ્વારથી) પવનના નીકળવારૂપ (અધોવાયુ-વાછૂટ-વાયુનો સંચાર થવારૂપ) કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

(૮) ભ્રમલી-આકસ્મિક (કારણ વગર) શરીરની ભ્રમિ-ફેરને ભ્રમલી કહેવાય છે. ભ્રમલી-ભમરી-ચક્કર ફેર આવવારૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

(૯) પિત્તમૂર્ચ્છા-પિત્તની પ્રબલતા-પ્રકોપથી થોડી મૂર્છા આવવારૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સર્વથા સ્થિર રહે છે.

હવે "સુહુમેહિંથી દિટ્ઠિસંચાલેહિં સુધીનાં ૩ પદ બહુવચનના પ્રયોગવાળાં હોવાથી એ ત્રણ પદોની ચૈત્યસ્તવની ૫ મી "[1]બહુવચન આગાર સંપદા"નું વર્ણન કરતા શાસ્ત્રકાર કહે છે.

**''सुहुमेहिं अङ्गसञ्चालेहिंति'' सूक्ष्मैः अङ्गसञ्चारैः लक्ष्यालक्ष्यै गात्रविचलनप्रकारै रोमोद्गमादिभिः, सुहुमेहिं खेलसञ्चालेहिंति'' सूक्ष्मैः खेलसञ्चारैः [2]यस्माद्वीर्यसयोगिसद्द्रव्यतया ते खल्वन्तर्भवन्ति, ''सुहुमेहिं दिट्ठिसंचालेहिंति'' सूक्ष्मै-र्दृष्टिसञ्चारैः निमेषादिभिः,**

ભાવાર્થ-(૧૦) સૂક્ષ્મ અંગસંચાર-અલ્પ, (થોડા) લક્ષ્ય (જોઈ કે સમજી શકાય તેવા ગોચર) અને અલક્ષ્ય (જોઈ કે સમજી ન શકાય તેવા-અગોચર) શરીરના હાલવા ચાલવાના પ્રકારરૂપ-ટાઢ આદિ વેદનાથી રૂવાડા ઉભા થવા વિગેરેથી શરીરનો સંચાર-હલન ચલન થવારૂપ (સૂક્ષ્મ કાયકંપરૂપ) કાયવ્યાપારરૂપ ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સ્થિર રહે છે.

---

**૧ એને 'नियोगजन्य संपदा' પણ કહી છે.**

**૨ ભ. ૫. શ. ૪ ઉ ''वीरियसजोगदव्वयाए'' ति वीर्यान्तरायक्षयप्रभवा शक्तिः तत्प्रधानं सयोगं मानसादिव्यापारयुक्तं यत्सद्-विद्यमानं द्रव्यं तत्तथा, वीर्यसद्भावेऽपि जीवद्रव्यस्य योगान् विना चलनं न स्यादिति सयोगशब्देन सद्द्रव्य विशेषितं, सदिति विशेषणं च तस्य सदा सत्ताऽवधारणार्थं, अथवा स्वकात्मा तद्रुपं द्रव्यं-स्वद्रव्यं ततः कर्मधारयः, अथवा वीर्यप्रधानः सयोगो-योगवान्-वीर्यसयोगः स चासौ सद्द्रव्यश्च-मनःप्रभृति-वर्गणायुक्तो वीर्यसयोगसद्द्रव्यस्तस्य भावस्तत्ता तया हेतुभूतया 'चलाइं' ति अस्थिराणि 'उवकरणाइं' ति अङ्गानि'**

**અર્થ-વીર્યાન્તરાય કર્મના નાશથી ઉત્પન્ન થયેલી શક્તિ તે "વીર્ય" કહેવાય છે. સયોગ એટલે માનસાદિ વ્યાપારથી**

(૧૧) સૂક્ષ્મ ખેલ સંચાર-સૂક્ષ્મ શ્લેષ્મ (કફ-ગળફો થુંક વિ.) ગળવાથી થતા સંચાર-હલન ચલનરૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સ્થિર રહે છે.

ખેલસંચાર આદિ પ્રત્યે કારણભૂત વિશિષ્ટ જીવ છે અને ખેલસંચાર આદિનો સમાવેશ જીવવ્યાપારવિશેષમાં થાય છે.

તથાચ વીર્યથી (વીર્યાન્તરાય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પેદા થયેલ આત્મશક્તિવિશેષરૂપ વીર્યથી) સયોગી (યોગ વ્યાપાર-ચેષ્ટા-ક્રિયા-પ્રવૃત્તિવાળા-હાલતા ચાલતા) સત્-વિદ્યમાન જે દ્રવ્યો (મન-વચન-કાયારૂપે પરિણમેલ પુદ્ગલસ્કંધો તે અહીં દ્રવ્યો સમજવા) તે દ્રવ્યોવાળો જીવ-આત્મા હોઈ ખેલ સંચાર આદિ, વીર્યસયોગિ સદ્દ્રવ્યવાળા આત્માના સ્વભાવો કુદરતી વ્યાપારો છે એટલે વીર્યસયોગિ સદ્દ્રવ્યવાળા આત્માના સ્વભાવ-વ્યાપારમાં સમાવેશ થાય છે. અથવા પૂર્વકથિત સ્વરૂપવાળા વીર્યથી સયોગી-મન વચન કાયાના વ્યાપારવાળો જીવ ખેલસંચાર આદિના પ્રત્યે હેતુ છે. જો વીર્યજન્ય મન, વચન કાયાના વ્યાપારવાળો જીવ છે તો જ ખેલસંચાર આદિ છે. જો વીર્યજન્ય મન, વચન, કાયવ્યાપારવાળો જીવ નથી તો ખેલસંચાર આદિ નથી. માટે ખેલસંચાર આદિનો સમાવેશ વીર્ય સયોગિ સદ્દ્રવ્ય જીવના વ્યાપાર વિશેષમાં થાય છે અને તાદૃશ વીર્યજન્ય મન, વચન કાયાના વ્યાપારવાળા જીવથી ખેલસંચાર આદિ કાયવ્યાપારો પ્રગટ કે પેદા થાય છે.

(૧૨) સૂક્ષ્મ દૃષ્ટિસંચાર-સૂક્ષ્મદૃષ્ટિના (આંખ ઉઘાડવા બીડવાથી) થતાં સંચાર-હલન ચલનરૂપ કાયવ્યાપાર ભિન્ન અન્ય કાયવ્યાપારના અભાવ-ત્યાગવાળો કાઉસગ્ગમાં સ્થિર રહે છે.

હવે અન્નત્થસૂત્ર (માં કહેલા આગારો)થી બહારના પણ કેટલાંક આગારો ''એવમાઈએહિં'' એ પદવડે સૂચવીને તે સર્વ આગારોવડે પણ કાઉસગ્ગનો ભંગ ન થવા માટે 'હુજ્જ મે કાઉસગ્ગો' સુધીના ૬ પદ કહયાં છે તે ૬ પદવાળી ૬ઠ્ઠી 'આગંતુક આગાર સંપદા' નું વર્ણન કરતા શાસ્ત્રકાર કહે છે.

---

**યુક્ત, સદ્દ્રવ્ય એટલે વિદ્યમાન દ્રવ્ય જેમાં વીર્ય મુખ્ય છે એવું માનસ વિગેરે વ્યાપારથી યુક્ત વિદ્યમાન જે જીવ-દ્રવ્ય તે "વીર્યસયોગ સદ્દ્રવ્ય" કહેવાય. એનો ભાવ તે "વીયસયોગ સદ્દ્રવ્યતા" જાણવી વીર્યનો સદ્ભાવ હોય પરંતુ યોગો (વ્યાપારો) વિના ચલન ન થઈ શકે એટલા માટે સયોગ શબ્દનો પ્રયોગ કરી સદ્દ્રવ્યને વિશેષત કરવામાં આવ્યું છે. વળી દ્રવ્યનું જે "સત્" વિશેષણ છે તે દ્રવ્યની સત્તાના અવધારણ-નિશ્ચય વાસ્તે છે.**

**વીર્યપ્રધાન, માનસાદિ યોગથી યુક્ત આત્મરૂપ દ્રવ્ય તે "વીર્યસયોગ સદ્દ્રવ્ય" કહેવાય અથવા વીર્યપ્રધાન યોગવાળો એવો અને મન વિગેરેની વર્ગણાથી યુક્ત તે "વીર્યસયોગ સદ્દ્રવ્ય" કહેવાય એમ બીજા પણ બે અર્થો સંભવે છે.**

**વીર્યસયોગ સદ્દ્રવ્યતાને લઈને સયોગી કેવલીના હાથ વગેરે અવયવો ચલ (અસ્થિર) હોય છે. અને તેમ હોવાથી વર્તમાન સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથ, પગ, બાહુ અને ઉરને અવગાહીને રહે છે તે પછીના સમયમાં તેજ આકાશ પ્રદેશોમાં હાથ વગેરેને અવગાહીને રહેવા તેઓ સમર્થ નથી.**

**''एवमाइएहिं आगारेहिं अभग्गो अविराहिओ हुज्ज मे काउस्सग्गोत्ति' एवमादिभिरित्यादिशब्दाद् यदा ज्योतिः स्पृशति तदा प्रावरणाय कल्पग्रहणं कुर्वतोऽपि न कायोत्सर्गभङ्गः, आह नमस्कारमभिधाय किमिति तद्ग्रहणं न करोति ? येन तद्भङ्गो न भवति, उच्यते, नात्र नमस्कारेण पारणमित्येतावदेव अविशिष्टं कायोत्सर्गमानं क्रियते, किन्तु यो यत्परिमाणो यत्र कायोत्सर्ग उक्तः तत उर्ध्वं समाप्तेऽपि तस्मिन् नमस्कारमपठतो भङ्गः, अपरिसमाप्तेऽपि पठतो भङ्गएव, स चात्र न भवतीति, न चैत्यत्स्वमनीषिकयैवोच्यते, यतः उक्तमार्षे- '''अगणी उ छिंदिज्जव, बोहियखोभाई दीहडक्कोवा । आगारेहिं अभग्गो उस्सग्गो एवमादिहिं ॥ १ ॥'' आक्रियन्त इत्याकारा आगृह्यन्त इति भावना, सर्वथा कायोत्सर्गापवादप्रकारा इत्यर्थः, तैः आकारै र्विद्यमानैरपि, न भग्नोऽभग्नः भग्नः-सर्वथा नाशितः, न विराधितोऽविराधितः विराधितो देशभग्नोऽभिधीयते, भूयात् 'मे' मम कायोत्सर्गः ।**

ભાવાર્થ–(ઉંચો શ્વાસ લેવો, નીચો શ્વાસ મુકવો, ખાંસી, છીંક, બગાસું, ઓડકાર (ઉર્ધ્વવાયુ) અધોવાયુ, (વાછૂટ) ભમરી, (ચક્કરી) વમન, સૂક્ષ્મકાયકંપ, સૂક્ષ્મશ્લેષ્મસંચાર, સૂક્ષ્મ દ્રષ્ટિસંચાર એ ૧૨ આગારથી એટલે કાઉસગ્ગમાં રાખેલા અપવાદથી કાઉસગ્ગનો ભંગ ન થાય. જો એ આગાર રાખ્યા વગર કાઉસગ્ગ કરે તો કુદરતી રીતે થતી એ ૧૨ ક્રિયાઓથી સર્વથા નિષ્ક્રિય એવા કાઉસગ્ગનો ભંગ જ ગણાય.) એ ૧૨ આગાર તો એક સ્થાને ઉભા રહેવા આશ્રયિ છે. પરંતુ કાઉસગ્ગના નિયત સ્થાનથી ખસીને બીજે સ્થાને જવા છતાં પણ કાઉસગ્ગ અખંડ ગણાય તેવા પણ મુખ્ય ૪ આગારને (અગ્નિ, પંચેન્દ્રિયછિંદન, બોધિક ક્ષોભાદિ, ડંક-ડંશરૂપ ૪ આગારને 'એવમાદિભિઃ' એ પદદ્વારા દર્શાવતા કહે છે કે-'આ પ્રમાણે આદી' શબ્દથી જ્યારે વિજળી-દીપક અથવા અગ્નિની જ્યોતિ-પ્રકાશ શરીર ઉપર પડવાથી પ્રકાશના અગ્નિજીવોનો (અગ્નિના શુદ્ધ-કાચ આદિવડે આંતરા રહિત પ્રકાશમાં તેમજ કાચમાંથી ભેદાઈને આવતાં પ્રકાશમાં યુક્તિવાદથી અગ્નિજીવોનો અભાવ વર્તમાન સમયમાં કેટલાક માને છે, પરંતુ માર્ગાનુયાયીઓએ આજ્ઞામાં યુક્તિવાદને આગળ કરી પ્રતિકૂળ પ્રવૃત્તિ ન આચરવી એ અતિ શ્રેયસ્કર છે) શરીરના સ્પર્શથી નાશ થાય છે, તે બચાવવાને ચાલુ કાઉસગ્ગમાં ઓઢવાને માટે કલ્પનું (ઔણિક-ઉનની કામળી વગેરે વસ્ત્રનું) ગ્રહણ કરવું પડે તેમજ અગ્નિનો ઉપદ્રવ જણાવાથી બીજે સ્થાને જવું પડે તો કાઉસગ્ગનો ભંગ થતો નથી.

શંકા-'નમો અરિહંતાણં' એ રૂપ નમસ્કારનું ઉચ્ચારણ કથન કરીને શા માટે ઉનની કામળી વિ. રૂપ કલ્પનું ગ્રહણ ન કરે ? કે જેથી તે (કાઉસગ્ગ) નો ભંગ ન થાય.

સમાધાન-અહીં નમસ્કારવડે પારવું એટલી જ કાયોત્સર્ગની પ્રતિજ્ઞા નથી પરંતુ અમુક સમય સુધી કાયોત્સર્ગ કરવો એવી પ્રતિજ્ઞા છે. તેથી તેટલો સમય પૂરો થયા વિના નમસ્કારને (નમો અરિહંતાણં એમ) બોલીને પારતાં ભંગ જ થાય છે. તથા ચ જેટલો (જેટલા પરિણામ-માપનો) જ્યાં કાઉસગ્ગ કહ્યો

---

**૧ આ. નિ. ગા. ૧૫૧૬ અર્થ-(૧) અગ્નિ ફેલાતો આવીને સ્પર્શ કરે. (૨) ઉંદર વિ. પંચેન્દ્રિય જીવોની આડ પડવી. (૩) ચોર કે રાજા આવીને ક્ષોભ અંતરાય કરે. (૪) સર્પદંશ થાય કે થવાનો સંભવ ઉત્પન્ન થાય, તો કાયોત્સર્ગનો ભંગ ન થાય.**

છે જેમકે ચૈત્યવંદનામાં 'ઈરિયાવહિય'ના કાઉસગ્ગનું પ્રમાણ (૨૫) શ્વાસોચ્છવાસના કાળ જેટલું છે, કારણ કે; એ કાઉસગ્ગ, "चंदेसु निम्मलयरा" એ લોગસ્સની છેલ્લી ૭ મી ગાથાના પહેલા ચરણ સુધીનો હોવાથી (૨૫) ચરણ-પાદ જેટલો છે, અને 'पायसमा ऊस्सासा' એ વચનથી ૧ ઉચ્છવાસનું પ્રમાણ તે ૧ પાદના ઉચ્ચારણ કાળ જેટલું જાણવું પરંતુ નાસિકા દ્વારા જે શ્વાસોચ્છવાસ લેવાય છે તે પ્રમાણ અહીં ગણવાનું નથી. તથા શેષ (બાકી રહેલ) 'અરિહંત ચે.'ના ૩ કાયોત્સર્ગ અને વેયાવચ્ચનો ૧ કાઉસગ્ગ એ ચાર કાઉસગ્ગ ૧-૧ નવકારના થાય છે, ત્યાં એક નવકારની (૮) સંપદા છે અને એક એક પાદતુલ્યા-એક એક શ્વાસોચ્છવાસ પ્રમાણના (એટલે ૮ પાદોચ્ચારકાળ-પ્રમાણના) જાણવા વિગેરે વિગેરે અર્થાત્ જે જેટલા પ્રમાણનો જ્યાં કાઉસગ્ગ કહેલ છે. તેટલો કાઉસગ્ગ પૂરો કર્યા બાદ ગુરૂના પાર્યા બાદ 'નમો અરિહંતાણં' એ પદ બોલ્યા વિના પણ પારે તો કાઉસગ્ગનો ભંગ થાય છે. તેમજ જે જેટલો જ્યાં કાઉસગ્ગ કહેલ છે ત્યાં તેટલો કાઉસગ્ગ પૂરો કર્યા સિવાય 'નમો અરિહંતાણં' એ પદ બોલે તો પણ કાઉસગ્ગનો ભંગ થાય છે અને આ આગાર હોયે છતે કાઉસગ્ગનો ભંગ થતો નથી.

શંકા=તમે તો મને લાગે છે કે, આ બધુ પોતાની બુદ્ધિથી કલ્પો છો કે શાસ્ત્રવચનથી પ્રરૂપો છો?

સમાધાન='**अगणी उ छिंदिज्जव**' વિગેરે શાસ્ત્રવચનથી પૂર્વે એક આગાર બતલાવેલ છે અને બાકીના ત્રણ આગારો આદિ શબ્દથી અમે બતલાવીએ છીએ.

(૨) સ્થાપના અને પોતાની વચગાળે ઉંદર વિગેરે પંચેન્દ્રિયો સોંસરા આડા ઉતરતા હોય તો તે છિંદનનું એટલે આડનું નિવારણ કરવા ખસીને અન્ય સ્થાને જતાં કાઉસગ્ગનો ભંગ ન થાય.

(૩) બોહિક-મનુષ્ય ચોરો અર્થાત્ ચોર તથા ક્ષોભાદિમાં કહેલા શબ્દથી રાજા વિગેરેથી ક્ષોભ એટલે સંભ્રમ-ભય-ઉપદ્રવ થયે ત્યાંથી ખસીને અન્ય સ્થાને જવા વિગેરેના કારણથી અપૂર્ણ કાઉસગ્ગ પારતાં પણ કાઉસગ્ગનો ભંગ ન ગણાય. તે બોહિક ક્ષોભાદિ આગાર જાણવો.

(૪) પોતાને અથવા બીજાને (સાધુ વિગેરેને) દીહ-દીર્ઘ એટલે સર્પે 'ડક્કો=ડંશ' દીધો હોય (અર્થાત્ સર્પ કરડ્યો હોય) તો તો તેવા સમયે (તેના ઉપચાર માટે) કાઉસગ્ગ પૂર્ણ (પૂરો) થયા વિના પારે તો પણ કાઉસગ્ગભંગ ન ગણાય તે દીર્ઘ ડંક આગાર જાણવો (અહિં સર્પ કરડ્યો ન હોય અને ઉપદ્રવ જ થયો હોય તો પણ એ આગાર સંભવે છે.)

હવે આગાર કે આકારની વ્યુત્પત્તિ કરી વાસ્તવિક અર્થ દેખાડે છે.

આક્રિયન્તે ઈતિ આકારા-મર્યાદિત રીતે કરાય, આગૃહ્યન્તે ઈતિ આગારા-મર્યાદિત રીતે ગ્રહણ થાય એવી વ્યુત્પત્તિની વિચારણા-મીમાંસા-ભાવના કરવી-અર્થાત્ આવી મીમાંસા બાદ તાત્પર્યરૂપ અર્થ એવો તારવી શકાય છે કે; સર્વ પ્રકારના (સર્વપ્રકારાવચ્છિન્ન) કાયવ્યાપારના ઉત્સર્ગ-ત્યાગરૂપ કાયોત્સર્ગના અપવાદ (છીંડી)[1]

---

**૧ છીંડી-ઘરની પાછળની ગલી, પછીતની સાંકડી બારી સરખા અપવાદ પ્રકારો સમજવા.**

પ્રકારોને આકાર કે આગાર (છૂટ-મોકળ) તરીકે ઓળખાવવામાં આવે છે.

વિદ્યમાન (હૈયાત-વર્તતા) પણ એવા તે ઉચ્છ્વસિતાદિ આગારોથી, અભગ્ન-ભાંગેલો નહિ તેવો (ભગ્ન-જે વસ્તુ તદ્દન તૂટી ફૂટી જાય તે ભાંગેલી કહેવાય, સર્વ પ્રકારે નાશને પામેલી. જેમકે, એક ઘડો ફૂટીને કકડે કકડા થઈ ગયો હોય, તો તે ભાંગી ગયો કહેવાય.) અને અવિરાધિત-અખંડિત-ખંડિત નહિ થયેલો તેવો (વિરાધિત-દેશથી-અમુક અંશથી ભગ્ન-ભાંગેલો, જે વસ્તુ અમુક જ અંશે તૂટે કે ફૂટે તેને ખંડિત કહેવાય જેમકે, ઘડાનો એકાદ કાંઠો જ તૂટ્યો હોય તો તે ખંડિત કહેવાય) તથાચ અભગ્ન અને અવિરાધિત એવો મારો કાયોત્સર્ગ હોજો-થાઓ !

**(बलवदनिष्ठाननुबन्धित्वविशिष्टसाधनताविशिष्टकृतिसाध्यत्वविशिष्टसमग्रागारभिन्नसर्वप्रकारावच्छिन्नकायव्यापारत्यागरूप-कायोत्सर्गभवनानुकूलकृतिमान् कायोत्सर्गविद्यायी पुरूषः इति शाब्दबोधः ।)**

હવે શાસ્ત્રકાર ૧૬ આગારોને અતિચારની જાતિ તરીકે ઓળખાવી સહજ આદિ પાંચ વિભાગોમાં સચોટ સ્પષ્ટ રીતે દાખલ કરે છે. તથાહિ-

**तत्रानेन सहजास्तथा अल्पेतरनिमित्ता आगन्तवो नियमभाविनश्चात्या बाह्यनिबन्धना बाह्याश्चातिचारजातय इत्युक्तं भवति, उच्छवासनिःश्वासग्रहणात् सहजाः, सचित्तदेहप्रतिबद्धत्वात्, कासितक्षुतजृम्भितग्रहणात्त्वल्पनिमित्ता आगन्तवः, स्वल्पपवनक्षोभादेस्तद्भावात्, उद्गारवातनिसर्गभ्रमिपित्तमूर्च्छाग्रहणात्पुनर्बहुनिमित्ता आगन्तव एव महाऽजीर्णादिस्तदुपपत्तेः सूक्ष्माङ्गखेलदृष्टिसञ्चारग्रहणाच्च नियम-भाविनोऽत्याः, पुरूषमात्रे सम्भवात्, एवमाद्युपलक्षितग्रहणाच्च बाह्यनिबन्धना बाह्यास्तद्द्वारेण प्रसूतोरिति, [1]उपाधिशुद्धं परलोकानुष्ठानं निःश्रेयसनिबन्धनमिति ज्ञापनार्थममीषामिहोपन्यासः, उक्तं चागमे-''वयभंगे गुरूदोसो, थेवस्सवि पालणा गुणकरी उ । गुरूलाघव च णेयं, धम्मंमि अओ उ आगारा ॥ १ ॥'' इति, एतेनार्हच्चैत्यवन्दनायोद्यतस्योच्छवासादिसापेक्षत्वमशोभनमु, अभक्तेः, न हि भक्तिनिर्भरस्य क्वचिदपेक्षा युज्यतइत्येतदपि प्रत्युक्तं, उक्तवदभक्तययोगात्, तथाहि-का खल्वत्रापेक्षा ? अभिष्वङ्गाभावात्, आगमप्रामाण्याद् उक्तं च-''उस्सासं न निरुंभइ, आभिग्गहिओ वि किमुय चिट्ठाए ? सज्जमरणं णिरोहे सुहुमुस्सासंतु जयणाए ॥ १ ॥'' न च मरणमविधिना प्रशस्यत इति, अर्थहानेः, शुभभावनाद्ययोगात् स्वप्राणातिपातप्रसङ्गात्, तस्य चाविधिना निषेधात् उक्तंच-''सव्वत्थ सज्जमं सज्जमाओ अप्पाणमेव रक्खिज्ज । मुञ्चइ अइवायाओ, पुणोविसोही न या विरई ॥ १ ॥'' कृतं प्रसङ्गेन ।**

ભાવાર્થ=ત્યાં-સર્વથા કાયોત્સર્ગના વિષયમાં આ-ઉચ્છ્વસિતથી માંડી એવમાદિ પર્યન્ત આગારસૂચક અન્નત્થ સૂત્ર દ્વારા (૧) સહજ (૨) અલ્પનિમિત્ત આગન્તુક (૩) બહુનિમિત્ત આગન્તુક (૪) નિયમભાવિ-અલ્પ

---

[1] 'उपाधयो-धर्म्मानुविद्धाश्चिन्तास्तैः शुद्धमवक्तं'-અહીં 'ઉપાધિઓ' એટલે ધર્મ વડે વ્યાપ્ત એવી ચિંતાઓ જાણવી, કારણ કે, ઉપાધિ એટલે-ધર્મચિંતન એમ શાસ્ત્રનું વચન છે. ધર્મચિંતાઓથી પવિત્ર 'उपाधयः-अपवादप्रकारास्तैर्विशुद्धं अकलंकितमिति भावः, देशकालाद्यौचित्येन यथाप्रस्तावनियोजितस्यापवादस्योत्सर्गफलदायितयोत्सर्गविशेषरूपत्वात्, અર્થ=અપવાદ પ્રકારરૂપ ઉપાધિઓથી અકલંકિત એ ઉપાધિ શુદ્ધનો અર્થ સમજવો. શાસ્ત્રવિહિત અપવાદો પણ ઉત્સર્ગવિશેષ રૂપ છે કારણ કે ઉત્સર્ગના ફલને આપે છે.

(૫) બાહ્યનિબંધન બાહ્ય એમ પાંચ વિભાગરૂપે અતિચારની જાતિઓ (અપવાદ પ્રકારો) છે. એમ પ્રતિપાદન કરાય છે. (સર્વથા કાયોત્સર્ગમાં આ જાતિના અતિચારો-અપવાદો અવશ્ય થવાના છે. આવું જ્ઞાન હોવાથી અનાભોગ-અનુપયોગરૂપ નથી અને કોઈ પણ રીતે રોકી શકાય એવા નથી. જો રોકવામાં આવે તો મરણાદિભાવની પ્રાપ્તિ થાય.)

હવે સહજ વિગેરે પાંચ વિભાગોમાં હેતુસર આગારોની વહેંચણી-

(૧) સર્વથા કાયોત્સર્ગમાં અતિચારજાતિ (અપવાદપ્રકાર) રૂપ ઉચ્છ્વાસ[૧] અને નિઃશ્વાસ[૨] એ બે, સહજ છે. જીવન ધારણમાં ઉપયોગી પ્રાણવિશેષરૂપ શ્વાસોશ્વાસ નૈસર્ગિક છે. કારણ કે; સચિત્ત (સજીવ) જીવતા દેહની સાથે શ્વાસોશ્વાસ વ્યાપ્ત છે.-જ્યાં જ્યાં શ્વાસોશ્વાસ છે ત્યાં ત્યાં સજીવ દેહ છે. જ્યાં સજીવ દેહ નથી ત્યાં શ્વાસોશ્વાસ નથી. પ્રત્યેક પ્રાણિ પર્યાપ્ત શ્વાસોશ્વાસ છે. (સ્વાભાવિક)

(૨) સર્વથા કાયોત્સર્ગમાં અતિચારજાતિરૂપ ખાંસી, (કાસ)[૩] છીંક[૪], બગાસું એ ત્રણ, અલ્પ (થોડા) નિમિત્તોનું આલંબન લઈ આવવાના-પ્રગટ થવાના સ્વભાવવાળા છે. કારણ કે; સ્વલ્પ પવનના ક્ષોભ (ભ્રમણ-વિકાર) આદિથી ખાંસી, છીંક, ને બગાસું થાય છે. (વાયુ વિ. ના અલ્પ વિકારવાળી)

(૩) સર્વથા કાયોત્સર્ગમાં અતિચારજાતિ (અપવાદ પ્રકાર) રૂપ ઓડકાર, અધોવાત, ભ્રમરી (ચક્કર) પિત્તમૂર્ચ્છા એ ચાર, બહુ-ઘણા નિમિત્તોનું અવલંબન લઈ આવવાના-પ્રગટ થવાના સ્વભાવવાળા છે. કારણ કે; મહા અજીર્ણ, અપથ્ય આહાર-વિહાર અપ્રિયવાસ, માનસિકઆઘાત, તથાવિધરોગાદિ, પિત્તની અતિશયતા ઉદાન-અપાનવાયુવેગ આદિથી ઓડકાર, વાછૂટ, ભમરી, બેભાન અવસ્થારૂપ પિત્તમૂર્ચ્છા થાય છે. (વાયુ તથા અજીર્ણાદિકના મોટા વિકારવાળી)

---

૧ મુખ કે નાસિકા વડે અંદર લેવાતો શ્વાસ, કે જેને નાસિકા કે મુખ દ્વારા ગ્રહણ કરી ફેફસામાં ધકેલવામાં આવે છે.

૨ જે શ્વાસ, નાસિકા કે મુખ વડે શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે.

૩ જ્યારે કોઈ પણ કારણથી અથવા સ્વયમેવ સ્વભાવથી જ નીચે આઘાત પામેલો વાયુ, ઉપરના છિદ્રોને આશ્રિત થઈને ઉદાન ગતિવાળો થયો છતો કંઠ અને છાતીમાં રોકાઈ જાય છે અને મસ્તકમાં પ્રવેશ કરીને શિર, મુખ, નાક, કાન અને મોંના છિદ્રમાં ઘૂસીને બધી ઈન્દ્રિયોમાં વ્યાપ્ત થતો, તે શરીરને તોડતો, જડબાં, ધમની તથા આંખોને ચલાયમાન કરતો અને નેત્ર, પીઠ, છાતી તથા પડખાંઓને મરડતો તેમજ જડ કરતો સ્વતંત્ર રૂપમાં સૂકો અથવા કફની સાથે મળીને બહાર નીકળે છે ત્યારે તે કસવાથી-કષ્ટ આપતો હોવાથી કાસ કહેવાય છે.

૪ છીંક-બગાસું આ ક્રિયાઓ પણ ઉદાન વાયુને લીધે જ ગતિમાન્ થાય છે. તેથી તેના વેગને દરેક રીતે રોકી શકાતો નથી અને કદાચ રોકવામાં આવે તો અસમાધિ થાય.

(૪) સર્વથા કાયોત્સર્ગમાં અતિચારજાતિરૂપ શરીરના અંગોનું [1]સૂક્ષ્મ સ્ફૂરણ, [2]સૂક્ષ્મ રીતે કફનું સ્ફૂરણ, [3]સૂક્ષ્મ નેત્રનું સ્ફુરણ એ ત્રણ, નિયમથી-અવશ્ય-ચોક્કસરૂપે થનાર અને અલ્પ-સૂક્ષ્મ અગોચર છે. કારણ કે; પુરૂષમાત્રમાં-સકલ નરનારીમાં અવશ્ય સમ્ભવિત છે.

(૫) સર્વથા કાયોત્સર્ગમાં અતિચારજાતિરૂપ, 'એવમાદિ' રૂપ [4]ઉપલક્ષણ પદથી ઉપલક્ષિત-સંગ્રહ કરેલ અગ્નિ ઉપદ્રવ, પંચેન્દ્રિયનું આડું ઉતરવું, ચોર વિ. નો ભય, સર્પ વિ. નો ઉપદ્રવ એ ચાર, સ્વશરીરથી બહારના પદાર્થો મૂલ કારણ હોવાથી બાહ્ય છે કારણ કે; બહારના પદાર્થો (અગ્નિઆદિ) દ્વારાએ જ અગ્નિ ઉપદ્રવ આદિ ચાર આગારોનો જન્મ થાય છે.

ઉપાધિ (મિથ્યાત્વાસંયમાદિ દોષ કે અતિચાર) થી શુદ્ધ રહિત અર્થાત્ ઉપાધિરૂપ મલ રહિત-નિર્મલ-નિર્દોષ-નિરતિચાર, પરલોક માટેનું અનુષ્ઠાન-સમ્યગ્ અનુષ્ઠાન, મોક્ષનું મૂલ કારણ છે. આમ જણાવવા સારૂ અપવાદો (ઉત્સર્ગ વિશેષરૂપ) આગારો અતિચાર જાતિઓનો ઉપન્યાસ-સૂત્રરૂપ ગુંથણી કરેલ છે. વળી આગમમાં કહ્યું છે કે;

(આગારોનો અપવાદોનો સ્વીકાર કર્યા સિવાય) વ્રતના ભંગમાં (સર્વથા ત્યાગે) ગુરૂ (મહાન્) દોષ છે. (આગારો અપવાદો રાખીને) થોડી પણ વ્રત (મહાવ્રત) ની પાલના ગુણ કરી-લાભ કરનારી છે. લાભાલાભનો-ગુણ દોષનો પૂરતો વિચાર કરવો જોઈએ. ગુરૂલાઘવનો પુષ્કલ વિચાર કરીને જ ધર્મમાં-ધર્મ શાસ્ત્રોમાં આગારોનું-અતિચાર જાતિઓનું અપવાદ પ્રકારોનું પ્રતિપાદન કરેલ છે.

શંકા-અરિહંત ભગવંતનું ચૈત્યવંદન કરવા માટે ઉજમાલ બનેલ પુરૂષને, ઉચ્છવાસ વિ. ની અપેક્ષા, શોભન-સારી-વ્યાજબી નથી. કારણ કે; ભક્તિનો અભાવ છે. ભક્તિપરાયણ પુરૂષને ક્યાંય અપેક્ષા-દરકાર, યુક્તિયુક્ત ઠરતી નથી. ભક્તિ તે જ કે જે અપેક્ષા વગરની હોય.

---

૧ આંખના પોપચાંનું ફરકવું, ગાલનું ફરકવું, હાથપગના સ્નાયુઓનું ફરકવું, રૂંવાડાં ચડી આવવાં વિ. ક્રિયાઓ આપણી ઈચ્છા કે પ્રયત્નને આધીન ન હોઈ શરીરમાં ગમે ત્યારે થવાનો સંભવ હોય છે તેથી તેનો સમાવેશ અપવાદમાં કરેલો છે.

૨ આ ક્રિયા શરીરમાં નિરંતર ચાલ્યા જ કરે છે. વાયુ કફને જુદા જુદા સ્થાને લઈ જાય છે અને કોઈ વખત તેનો વેગ વધારે હોય તો આપણને ખબર પડે છે કે અંદર કફનું હલન-ચલન થઈ રહ્યું છે. આ પણ એક જાતનો સૂક્ષ્મકાયવ્યાપાર છે. પણ તે કાબૂ બહારનો હોઈ તેનો સમાવેશ અપવાદમાં થયેલો છે.

૩ આંખનું મટકું મારવું. આંખનો પલકારો થવો વિ. આ પણ એક પ્રકારનો સૂક્ષ્મકાય વ્યાપાર છે. પણ તે કાબૂ બહારનો હોઈ તેનો સમાવેશ અપવાદમાં કરેલો છે.

૪ 'एवमादि' इति पदमुपलक्षणं, अजहत्स्वार्थलक्षणयाऽन्यग्राहकमिति उपलक्षणलक्षणेनाऽन्याद्यन्यपदार्थानां चतुर्णांग्रहणं बोध्यम् । वाक्यार्थान्वयिमुख्यार्थामिश्रितमुख्यार्थान्यपदार्थोपस्थितिरूपमुपलक्षणलक्षणमपि बोध्यम् । उपलक्ष्यते स्वं स्वेतरज्ञानेनेति व्युत्पत्तिः । करणे ल्युट् । लक्षणं तु लक्ष्यतावच्छेदकरूपेण स्वस्वेतरबोधकपदत्वम् ।

સમાધાન-ઉપર કરેલ પ્રતિપાદનથી શંકાનું નિરસન થઈ જાય છે. એટલે અભક્તિરૂપ હેતુનો યોગ ટકી શકતો નથી કારણ કે, ભક્તિ યોગનો સદ્‌ભાવથી ભક્તિ યોગ કેવી રીતે ? તે વસ્તુનું યથાર્થ વર્ણન કરે છે કે; પહેલાં એ સમજવું જોઈએ કે અહીં કઈ અપેક્ષા છે ? કારણ કે; અભિષ્વંગ-ભૌતિકલાલસા-આસક્તિ જેવું અનિષ્ટ તત્ત્વ નથી. અને તેવું જ આગમનું પ્રામાણ્ય-પુરાવો-સાક્ષી છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, ''આભિગ્રહિક, (કાયોત્સર્ગની પ્રતિજ્ઞા કરી શરીરની બધી ચેષ્ટા રોકવાવાળો) ઉચ્છ્વાસને રોકી શકતો નથી તો ચેષ્ટાવાળાની તો વાત જ શી ? જે કારણથી ઉચ્છ્વાસ નિરોધમાં શીઘ્રમરણ છે. તેથી યતના પૂર્વક સૂક્ષ્મ ઉચ્છ્વાસને ગ્રહણ કરવો.''

શંકા-ઉચ્છ્વાસની અપેક્ષા રાખ્યા સિવાય ઉચ્છ્વાસ નિરોધમાં મરણ થાય તો શો વાંધો ?

સમાધાન-અવિધિ પૂર્વકનું (વિરોધનાવાળું) મરણ, પ્રશંસાપાત્ર ગણાતું નથી. કારણ કે, અર્થ (મોક્ષ પુરૂષાર્થ-ઈષ્ટ-ફલ) ની હાનિનો પ્રસંગ છે. શુભ ભાવનાના યોગનો અભાવ છે. સ્વ પ્રાણોનો નાશ (આપઘાત) નો પ્રસંગ છે.

વળી અવિધિપૂર્વકના મરણનો શાસ્ત્રમાં પ્રતિષેધ છે.

શાસ્ત્રમાં કથન છે કે; 'બધી રીતે સંજમનું જતન-રક્ષણ કરો ! સંજમ કરતાંય આત્માને સંભાળો? કોઈ પણ રીતે જો અવિધિ મરણરૂપ અતિપાતથી બચી જાય છે તો ફરીથી (પ્રાયશ્ચિત દ્વારા) શુદ્ધ થાય છે. જો અવિરત થઈ જાય તો પ્રાયશ્ચિત આદિથી તેની શુદ્ધિ થતી નથી.' તથાચ મૂલ (મૂલમુંડી) ની પ્રાપ્તિની રક્ષા કરવા ખાતર અપવાદ સેવન થવા છતાંય વિરાધના થતી નથી.

સારાંશ કે ઉચ્છ્વાસ આદિની અપેક્ષા તે રાગમિશ્રિત અપેક્ષા નથી. કારણ કે, આસક્તિરૂપ અભિષ્વંગનો અભાવ છે, અને તેમાં આગમનો પુરાવો છે અને તે તે આગારોથી અભક્તિના પ્રસંગનો અભાવ છે. વિ. ના નિરૂપણરૂપ ચર્ચા અહીં સમાપ્ત થાય છે.

હવે શાસ્ત્રકાર, 'જાવ અરિહંતાણં'થી 'ન પારેમિ' સુધીના ૪ પદમાં કાઉસગ્ગમાં કેટલીવાર સુધી રહેવું તેનો કાળનિયમ દર્શાવેલો હોવાથી એ ચાર પદવાળી ૭ મી કાયોત્સર્ગાવધિ (કાઉસગ્ગની મર્યાદારૂપ) સંપદા છે. ત્યારબાદ 'તાવકાયં'થી વોસિરામિ સુધીનાં ૬ પદમાં કાઉસગ્ગ કેવી રીતે કરવો ? તેનું સ્વરૂપ દર્શાવ્યું છે. માટે તે ચાર પદની ૮ મી કાયોત્સર્ગ સ્વરૂપ સંપદાનું સ્વરૂપ બતાવતાં કહે છે કે-

**कियन्तं कालं यावत्तिष्ठामीत्यत्राह-''जाव अरहंताणमित्यादि'' यावदिति=कालावधारणे, अशोकाद्यष्टमहाप्रातिहार्यलक्षणां पूजामर्हन्तीत्यर्हन्तस्तेषांमर्हतां, भगः-समग्रैश्वर्यादिलक्षणः स विद्यते येषां ते भगवन्तः तेषां सम्बन्धिना नमस्कारेण 'नमो अरहन्ताणन्ति' अनेन ''न पारयामि'' न पारं गच्छामि, तावत्किमित्याह-''ताव कायं ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि'' तावच्छब्देन कालनिर्देशमाह, 'कायं' देहं ''स्थानेन'' ऊर्ध्वस्थानेन हेतुभूतेन, तथा 'मौनेन' वाग्निरोधलक्षणेन, तथा 'ध्यानेन' धर्म्मध्यानादिना 'अप्पाणंति' प्राकृतशैल्या आत्मीयम्, अन्ये न पठन्त्येवैनमालापकं 'व्युत्सृजामि' परित्यजामि,**

**इयमत्र भावना-कायं स्थानमौन ध्यानक्रियाव्यतिरेकेण क्रियान्तराध्यासमधिकृत्य व्युत्सृजामि, नमस्कारपाठं [1]यावत्प्रलम्बभुजो निरुद्धवाक्प्रसरःप्रशस्तध्यानानु-गतस्तिष्ठामीति, ततः कायोत्सर्गं करोतीति । जघन्योऽपि तावदष्टोच्छ्वासमानः ।**

પ્રશ્ન-(શંકા) ક્યાં સુધી મારે કાઉસગ્ગમાં ઉભા રહેવું ?

સમાધાન-"જાવ અરિહંતાણંમિત્યાદિ"-જ્યાં સુધી અર્હંત ભગવંતના નમસ્કાર વડે અર્થાત્ 'નમો અરિહંતાણં' એ પદના ઉચ્ચારણ વડે પારું નહિ-પૂર્ણ કરું નહિ ત્યાં સુધી મારા-પોતાના શરીરને, સ્થાનથી-ઉભા રહીને, મૌનવડે-વાણી વ્યાપાર સદંતર બંધ કરીને, ધ્યાન વડે વોસિરાવું-તદ્દન તજી દઉં છું. ઈતિ શબ્દાર્થ-

ભાવાર્થ-જ્યાં સુધી અશોકવૃક્ષ વિ. આઠ મહા [2]પ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય-અર્હંતોના-અને ભગ (જેનું સ્વરૂપ પહેલાં કહેવાઈ ગયેલ છે એવા સમગ્રઐશ્વર્ય વિ. રૂપ) વંતોના અર્થાત્ અરિહંત ભગવંત સંબંધી નમસ્કાર વડે, 'નમો અરિહંતાણં' એ રૂપ પદને બોલીને ન પારું (કાઉસગ્ગને પૂર્ણ ન કરું) ત્યાં સુધી કાયાને સ્થાનવડે-ઉભા રહેવા પૂર્વક મૌન વડે-બોલવારૂપ વાગ્વ્યાપારને બીલકુલ બંધ કરવા પૂર્વક, ધ્યાન વડે-[3]ધર્મધ્યાન વિ. પ્રશસ્ત ધ્યાનવડે 'અપ્પાણં'તિ પ્રાકૃત શૈલીથી આત્મીય-પોતાની (પોતાની) કાયાને (કેટલાક આ આલાવાને-'અપ્પાણં' એ પદને બોલતા નથી) હું વોસિરાવું છું-છોડું છું.

---

૧ "**प्रलम्बितभुजद्वन्द्वमूर्ध्वस्थस्यासितस्य वा । स्थानंकायानपेक्षं यत् कायोत्सर्गः स कीर्तितः ॥**

**"બંને ભુજાઓને નીચે લટકતી રાખીને ઉભેલા અથવા બેઠેલા માણસનું કાયાની અપેક્ષા વિનાની સ્થિતિમાં રહેવું તે 'કાયોત્સર્ગ' કહેવાય છે.**

**૨ આઠ મહા પ્રાતિહાર્યનું સ્વરૂપઃ-(૧) હે પ્રભુ ! આપના શરીરમાં માનથી બાર ગુણો આ ચૈત્યવૃક્ષ, ભમરાના શબ્દવડે જાણે ગાયન કરતો હોય, વાયુથી ચલાયમાન થતાં પાંદડાઓવડે જાણે નૃત્ય કરતો હોય અને આપના ગુણોવડે જાણે રક્ત (રાતો) થયો હોય તેમ હર્ષ પામે છે. (૨) હે પ્રભુ ! આપની દેશનાભૂમિ (સમવસરણ) માં દેવતાઓ એક યોજન સુધી નીચા ડીંટવાળા જાનુપ્રમાણ પુષ્પોને વિખેરે છે. વરસાવે છે. (૩) હે પ્રભુ ! વૈરાગ્ય દીપનકરનારા માલવ-કૌશિકી વિગેરે ગ્રામપર્યંત રાગોવડે પવિત્ર થયેલો આપનો દિવ્ય ધ્વનિ, હર્ષથી ઉંચી ડોકવાળા મૃગોએ પણ પીધો છે. (૪) હે પ્રભુ ! ચંદ્રના કિરણો જેવી ઉજ્જવલ ચમરાવલી (ચામરની શ્રેણી) જાણે કે આપના મુખકમલની સેવામાં તત્પર થયેલી હંસની શ્રેણી હોય તેમ શોભે છે. (૫) હે પ્રભુ ! જ્યારે આપ સિંહાસન ઉપર આરૂઢ થઈને દેશના આપો છો ત્યારે આપની દેશના સાંભળવા માટે મૃગલાઓ પણ આવે છે. તે જાણે કે મૃગેન્દ્ર (પોતાના સ્વામી) ની સેવા કરવા આવતા હોય તેમ લાગે છે. (૬) હે પ્રભુ ! જ્યોત્સનાવડે પરિવરેલો ચંદ્ર જેમ ચકોર પક્ષીના નેત્રોને આનંદ આપે છે તેમ ભામંડલવડે પરિવરેલા આપ સજ્જનોના નેત્રોને અત્યંત આનંદ આપો છો. (૭) હે સર્વ વિશ્વસ્વામિન્ ! વિહારમાં આપની આગળ આકાશમાં રહીને શબ્દ કરતો દેવદુંદુભિ જાણે કે જગતમાં આપ્તપુરૂષોમાં આપનું જ મોટું સામ્રાજ્ય કહેતો હોય તેમ શોભે છે. (૮) હે પ્રભુ ! (સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, તીર્થંકરનામકર્મ ઉપાર્જન સ્વર્ગગમન, પુનઃ મનુષ્યભવમાં સર્વવિરતિ; અપૂર્વકરણ, ક્ષપકશ્રેણી, શુક્લધ્યાન, ઘાતિકર્મ ક્ષય, કેવલજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થંકરની સંપદાનો ભોગ અને છેવટ મોક્ષગમન-આ પ્રમાણે) પૂર્ણ સમૃદ્ધિના અનુક્રમની જેવા આપના મસ્તક ઉપરઉપરી રહેલા ત્રણ છત્રો ત્રણ જગતના પ્રભુપણાની મોટાઈને કહેતા હોય તેમ શોભે છે.**

૩ "**મૈત્રી આદિ ભેદવડે ચાર પ્રકારનું તથા આજ્ઞા વિચયાદિ ભેદવડે ચાર પ્રકારનું તેમજ પિંડસ્થાદિ ભેદવડે પણ**

સર્વથા કાર્યોત્સર્ગ દશામાં સ્થાન-મૌન-ધ્યાન રૂપ ક્રિયાને છોડી, બીજા તમામ કાયવ્યાપાર વિષયક અયથાર્થજ્ઞાન મિથ્યાજ્ઞાનજન્યતાદાત્મ્યને વોસિરાવું છું અર્થાત્ સ્થાનાદિક્રિયાત્રયભિન્નસર્વકાયક્રિયા, કાયામાં છે એવો જે અધ્યાસ-મિથ્યાજ્ઞાનજન્યતાદાત્મ્ય છોડી દેવું જોઈએ એ અપેક્ષાએ સર્વથા ~~કાયાને છોડું~~ છું એમ કહેવાય છે.

સર્વથા કાયોત્સર્ગ દશામાં-અથવા સ્થાન-મૌન-ધ્યાનરૂપ ક્રિયાત્રયભિન્ન સર્વ કાયવ્યપારોને અપેક્ષીને કાયાનો હું સર્વથા ત્યાગ કરું છું અર્થાત ક્રિયાધારરૂપ શરીરમાંથી સ્થાન-મૌન-ધ્યાન સિવાય તમામ કાયવ્યાપારોને કાઉસગ્ગમાં દેશવટો આપવામાં આવે છે. એ અપેક્ષાએ હું મારી કાયાને તજી દઉં છું એમ કહેવાય છે.

સારાંશ કે જ્યાં સુધી 'નમો અરિહંતાણં' એ પદને બોલીને ન પારું ત્યાં સુધી બંને ભુજાઓને લટકતી રાખીને, વાણીવ્યાપારના પ્રચારને સદંતર રોકીને, પ્રશસ્ત ધ્યાનમાં પરોવાયેલો એવો હું ઉભો છું ઈતિ-પ્રથમ પ્રશ્નનો પ્રત્યુત્તર પુરો થાય છે.

ત્યારબાદ તરત જ તે કાઉસગ્ગને કરે છે ઈતિ-કાઉસગ્ગના સ્વરૂપ આદિનું વર્ણન પુરું થાય છે. જઘન્ય કાઉસગ્ગ પણ આઠ [૧]ઉચ્છવાસ પ્રમાણવાળો હોય છે.

હવે શાસ્ત્રકાર, 'કેવલ બંને ભુજાઓને લટકતી રાખવા પૂર્વક જ કાઉસગ્ગ હોય છે. જઘન્યથી પણ

---

ચાર પ્રકારનું ધર્મધ્યાન કહ્યું છે." મૈત્રીભાવના-પર જીવના હિતનો વિચાર કરવો તે.

કરૂણાભાવના-પરના દુઃખનો વિનાશ કરવાની ચિન્તા, પ્રમોદ ભાવના-પરના સુખમાં સંતોષ માનવો તે. ઉપેક્ષા-માધ્યસ્થ ભાવના-પરના દોષોની ઉપેક્ષા કરવી તે આ ભાવનાઓ, ધર્મધ્યાનને પુષ્ટ કરવા માટે રસાયણ સરખી છે. આજ્ઞાવિચય-જિનેશ્વરની આજ્ઞાના ચિંતન સ્વરૂપ.

અપાય વિચય-સાંસારિક કષ્ટોના ચિંતનરૂપ વિપાક વિચયકર્મફલના ચિંતનરૂપ.

સંસ્થાનવિચય=લોકાકૃતિના ચિંતનરૂપ પિંડસ્થધ્યાન=પ્રભુના જીવ સહિત સાક્ષાત્ શરીરના આલંબનથી જે ધ્યાન, પદસ્થધ્યાન=અરિહંત ઈત્યાદિ પદનું ધ્યાન.

રૂપસ્થધ્યાન=શ્રી અરિહંત શ્વેતવર્ણના, સિદ્ધ, રક્તવર્ણના ઈત્યાદિ રીતે શ્વેતવર્ણાદિ યુક્ત કોઈપણ આકારે રૂપ કલ્પીને અરિહંતાદિક ધ્યેયનું જે ધ્યાન.

રૂપાતીત ધ્યાન=રૂપ=આકાર ઈત્યાદિ રહિત નિરંજન નિરાકાર સ્વરૂપે ધ્યાન કરવું તે.

૧ "पायसमा ऊसासा, कालयमाणेण हुंति नायव्वा । एवं काल पमाणेणं, उस्सग्गेण तु नायव्वं ॥"

કાલના પ્રમાણ વડે શ્વાસોશ્વાસને શ્લોકના ચતુર્થ ભાગ પ્રમાણે એટલે એક પાદ સમાન જાણવો. કાલનું આ પ્રમાણ 'કાર્યોત્સર્ગ'ને વિષે સમજવાનું છે.

ઉચ્છવાસનું પ્રમાણ તે એક શ્લોકના ૧ પાદના ઉચ્ચાર જેટલું ગણાય છે. માટે અહીં ઉચ્છવાસ એટલે ૧ પાદનો ઉચ્ચાર કાળ જાણવો, પરંતુ નાસિકાદ્વારા જે શ્વાસોશ્વાસ લેવાય છે. તે પ્રમાણ અહીં ગણવાનું નથી.

આઠ શ્વાસોશ્વાસ પ્રમાણવાળો કાઉસગ્ગ હોતો નથી' આવી માન્યતાનું ખંડન કરી બંને ભુજાઓને લટકતી રાખવા પૂર્વક જઘન્યથી પણ આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ હોય છે. એ વિષયને ઝીણવટ રીતે છણાવટ કરે છે;

**इह च प्रमादमदिरापहतचेतसो यथावस्थितं भगवद्वचनमनालोच्य तथाविधजनासेवनमेव प्रमाणयन्त पूर्वापरविरूद्धमित्थमभिदधति- उत्सूत्रमेतत्, साध्वादिलोकेनानाचरितत्वात्, एतच्चायुक्तं, अधिकृतकायोत्सर्गसूत्रस्यैवार्थान्तराभावात्, उक्तार्थतायां चोक्ताविरोधात्, अथ भवत्वयमर्थः कायोत्सर्गकरणे न पुनरयं स इति, किमर्थमुच्चारणमिति वाच्यं, वन्दनार्थमिति चेत्, न, अतदर्थत्वात्, अतर्थोच्चारणे चातिप्रसङ्गात्, कायोत्सर्गयुक्तमेव वन्दनमिति चेत्, कर्त्तव्यस्तर्हि स इति, भुजप्रलम्बमात्रः क्रियत एवेति चेत्, न तस्य नित्यप्रमाणत्वात्, चेष्टाभिभवभेदेन द्विप्रकारत्वाद्, उक्तंच-''सो उस्सग्गो दुविहो चेट्ठाए अभिभवेय णायव्वो। भिक्खारियाइ पढमो उवसग्गभिओजणे बीओ ॥ १ ॥'' अयमपि चानयोरेवान्यतरः स्यात्, अन्यथा कायोत्सर्गत्वायोगः, न चाभिभवकायोत्सर्ग एषः, तल्लक्षणायोगात्, एकरात्रिक्यादौ तद्भावात्, चेष्टा कायोत्सर्गस्य चाणीयसोऽप्युक्तमानत्वात्, उक्तंच-''उद्देशसमुद्देशे सत्तावीसंअणुण्णवणियाए । अट्ठेवयउस्सासा पट्ठवणपडिक्कमणमादी ॥ १ ॥'' अत्रायं न गृहीत इति चेत्, न आदिशब्दावरुद्धत्वाद्, उपन्यस्तगाथासूत्रस्योपलक्षणत्वाद्, अन्यत्रापि चागमे एवंविधसूत्रादनुक्तार्थसिद्धेः, उक्तंच-''गोससमुहणंतगादी, आलोइयदेसिएयअइयारे । सव्वेसमाणइत्ता, हियएदोसे ठवेज्जाहि ॥ १ ॥'' अत्र मुखवस्त्रिकामात्रोक्तेः आदिशब्दाच्छेषोपकरणादि परिग्रहोऽवसीयते, सुप्रसिद्धत्वात् प्रतिदिवसोपयोगाच्च न भेदेनोक्त इति, अनियतत्वात् दिवसातिचारस्य युज्यत एवेहादिशब्देन सूचनं, नियतं च क्न्दनं, तत्कथं तदसाक्षाद्ग्रह इति चेत्, न, तत्रापि रजोहरणाद्युपध्युत्प्रेक्षणस्य नियतत्वात्, समानजातीयोपादानादिह एतद्ग्रहणमस्त्येव, समानजातीयं च मुखवस्त्रिकायाः शेषोपकरणमिति चेत्, तत्रापि तन्मानकायोत्सर्गलक्षणं समानजातीयत्वमस्त्येवेति मुच्यतामभिनिवेशः, न चेदं साध्वादिलोकेनानाचरितमेव, क्वचित्तदाचरणोपलब्धेः आगमविदाचरणश्रवणाच्च, न चैवंभूतमाचरितमपि प्रमाणं, तल्लक्षणायोगाद्, उक्तं च असढेण समाइण्णं, जं कत्थइ केणइ असावज्जं । ण णिवारियमण्णेहि य, बहुमणुमयमेयमायरियं ॥ १ ॥'' न चैतद् सावद्यं, सूत्रार्थस्य प्रतिपादितत्वात्, तस्य चाधिकतरगुणान्तरभावमन्तरेण तथाऽकरणविरोधात्, न चान्यैरनिवारितं, तदासेवनपरैरागमविद्भिर्निवारितत्वाद्, अत एव न बहुमतमपीति भावनीयम्, अलं प्रसङ्गेन यथोदितमान एवेह कायोत्सर्ग इति ।**

ભાવાર્થ-અહીં-પૂર્વોક્ત-ચર્ચિત વિષયમાં પ્રમાદરૂપી દારૂના મદથી જેમનું ચિત્ત-હૈયું નષ્ટ થઈ ગયું છે એવા (કેટલાક લોકો) યથાવસ્થિત-યથાર્થ, ભગવંતના વચનની આલોચના કર્યા સિવાય, પ્રમાદમદિરામદમસ્તની આચરણાને જ પ્રમાણરૂપ ગણતા, પૂર્વ અને અપર (પહેલાં ને પછી) વિરોધવાળા વચનને આ પ્રમાણે બોલે છે કે,

પૂર્વપક્ષ=આ બધું, સૂત્રથી (શાસ્ત્રથી) ઉલ્ટું-વિરોધવાળું છે. કારણ કે, સાધુ વિગેરે લોકથી આચરિત નથી.

ઉત્તરપક્ષ=આ તમારું કથન વ્યાજબી નથી. કારણ કે, અધિકૃત કાયોત્સર્ગસૂત્ર (અન્નત્થસહિત અરિહંત ચેઈયાણં સૂત્રરૂપ ચૈત્યસ્તવ અથવા કાયોત્સર્ગ દંડક સૂત્ર) ના ઉપર્યુક્ત અર્થ સિવાય બીજા અર્થનો અભાવ છે. વળી કાયોત્સર્ગ દંડકના કાયોત્સર્ગ રૂપ અર્થના વ્યાખ્યાનમાં જઘન્યતઃ આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગનો વિરોધ નથી.

પૂર્વપક્ષ=નિયમથી જઘન્યતઃ આઠ ઉચ્છવાસ આદિ પ્રમાણવાળું વન્દન આદિ (આદિ શબ્દથી પૂજન-સત્કાર-સન્માન આદિ) પ્રયોજનવાળુ કાયોત્સર્ગનું કરવું સ્વીકાર્યે છતે આ અર્થ ભલે પ્રવર્ત્તો ! પરંતુ એવો અર્થ અમે માનતા નથી.

ઉત્તરપક્ષ=ત્યારે હવે તમને પૂછીએ કે;

પ્રશ્ન-વંદનાકાયોત્સર્ગસૂત્ર રૂપ દંડકનું ઉચ્ચારણ શા માટે ? જો તમે 'વન્દન માટે' દંડકનું ઉચ્ચારણ છે. આવો જવાબ આપશો તો એ જવાબ, વ્યાજબી નથી. કારણ કે, પ્રકૃતદંડકના અભિધેય-કાયોત્સર્ગ રૂપ અર્થ શૂન્ય પ્રકૃતદંડકના ઉચ્ચારણમાં અતિપ્રસંગ નામનો દોષ આવે !

કાયોત્સર્ગયુક્તવન્દન માટે પ્રકૃતદંડકનું ઉચ્ચારણ છે. એમ કહેવામાં તદર્થ શૂન્યત્વનો અભાવ હોઈ અતિપ્રસંગ નામનો દોષ નથી.

વળી જો કાયોત્સર્ગયુક્ત વન્દન જ પ્રકૃતદંડકનો અર્થ છે તો તે કયોત્સર્ગ અવશ્ય કરવો જોઈએ.

શંકા-ફક્ત બંને ભુજાઓને લટકતી રાખીને જ કાઉસગ્ગ કરવાનું માનીએ તો શો વાંધો ?

સમાધાન-નિત્ય (નિયત) પ્રમાણ-પરિમાણવાળો જ તે કાઉસગ્ગ છે અને તે આઠ ઉચ્છવાસ આદિ નિયત પ્રમાણવાળો કાઉસગ્ગ, ચેષ્ટા અને અભિભવ ભેદે બે પ્રકારવાળો છે.

(જે 'કાયોત્સર્ગ' ગમનાગમન પછી, વિહાર પછી કે દિવસના અંતે, રાત્રિના અંતે, પક્ષના અંતે, ચતુર્માસના અંતે કે સંવત્સરીના અંતે નિયત પ્રમાણમાં કરવામાં આવે છે તે 'ચેષ્ટા કાયોત્સર્ગ' કહેવાય છે અને જે 'કાયોત્સર્ગ' તિતિક્ષા શક્તિ કેળવવા માટે અર્થાત્ પરીષહોનો જય કરવા માટે જંગલ, સ્મશાન, ખંડેરો કે એવા સ્થળોમાં જઈને કરવામાં આવે છે, તે 'અભિભવ' કહેવાય છે, આ પ્રકારના 'કાયોત્સર્ગ'નો સમય જઘન્ય અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી બારમાસનો હોય છે.)

ભિક્ષા ચર્યામાં (ભિક્ષા વિ.ના ગમનાગમન આદિ પછી) પહેલો ચેષ્ટાકાઉસગ્ગ, ઉપસર્ગ સહવા ખાતર કે પરીષહના જયના વિષયમાં બીજો અભિભવ કાઉસગ્ગ, આમ બે પ્રકારનો કાઉસગ્ગ હોય છે. વળી આ પ્રકૃત કાઉસગ્ગ પણ બે પ્રકારમાંથી એક પ્રકારનો હોવો જોઈએ. આ પ્રકૃત કાઉસગ્ગ, અભિભવ નામનો કાઉસગ્ગ નથી, કારણ કે, અભિભવ કાઉસગ્ગના લક્ષણની અઘટમાનતા છે. એક રાત્રિકઆદિ પ્રતિમા આદિમાં અભિભવ નામનો કાઉસગ્ગ ઘટી શકે છે.

વળી નાનામાં નાનો ચેષ્ટા નામનો કાઉસગ્ગ, પહેલા કહેલ આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ-વાળો અહીં છે. જીતકલ્પ આગમમાં કહ્યું છે, કે 'ઉદ્દેશ-સમુદ્દેશ તેમજ અનુજ્ઞામાં ૨૭ અને પ્રસ્થાપન પ્રતિક્રમણ આદિમાં આઠ જ શ્વાસોશ્વાસ સમજવા.'

શંકા-આ આગમમાં વંદનામાં (ચૈત્યવંદનામાં) આઠ શ્વાસોશ્વાસ ગણવા એવું શબ્દથી કહ્યું નથી તેનું કેમ ?

સમાધાન-આદિ શબ્દથી વંદનાદિનું ગ્રહણ થઈ જાય છે. કારણ કે આપેલી ગાથારૂપ સૂત્ર ઉપલક્ષણ છે. વળી બીજે ઠેકાણે પણ આવા પ્રકારના ઉપલક્ષણરૂપ સૂત્રથી સાક્ષાત્ શબ્દ વડે નહીં કહેલ પદાર્થનું ગ્રહણ થાય છે. તથાહિ-શાસ્ત્રમાં કહ્યું છે કે 'સવારમાં મુખવસ્ત્રિકા માત્રનું કથન છે, ઉપલક્ષણરૂપ આદિ શબ્દથી બાકીના ઉપગરણ આદિનું ગ્રહણ જણાય છે. કારણ કે, સુપ્રસિદ્ધ અને હંમેશા ઉપયોગમાં આવનાર છે. એટલે જ જુદારૂપે કથન નથી કર્યું. વળી દિવસાતિચારનું અનિયતપણું હોઈ અહીં શબ્દથી નિયત શેષ ઉપકરણાદિનું સૂચન યુક્તિયુક્ત જ છે.

શંકા-જ્યારે વન્દન (ચૈત્યવન્દન) નિયત છે. તો ગાથામાં સાક્ષાત્ શબ્દથી કેમ ગ્રહણ નથી કર્યું?

સમાધાન-તમે એમ નહિ સમજતા કે રજોહરણ આદિ ઉપધિનું પડિલેહણ અનિયત છે. પરંતુ ત્યાં પણ રજોહરણ આદિ ઉપધિનું પડિલેહણ નિયત છે. કેમ કે, નિયતત્વ રૂપ સરખી જાતિવાળાનું ઉપાદાન-ગ્રહણ છે. તેમ અહીં પણ આદિ શબ્દથી વન્દનાદિનું ગ્રહણ બરોબર છે.

શંકા-મુખવસ્ત્રિકાની સાથે નિયતત્વરૂપ સરખી જાતિવાળા શેષ ઉપગરણરૂપ સમાન જાતીયનું આદિ શબ્દથી ગ્રહણ ભલે હો ! પરંતુ અહીં ચૈત્યવંદનના ગ્રહણમાં સમાનજાતીયપણું શું છે ? તે સમજાવો.

સમાધાન-આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગરૂપ સમાન જાતીયપણું (એક જાતિ-સમાન ધર્મ) પ્રતિક્રમણ આદિનું સમજવું. તથાચ પ્રતિક્રમણના ગ્રહણમાં આદિ શબ્દથી ચૈત્યવંદન આદિ આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગરૂપ એક સરખી જાતિવાળા તમામનું ગ્રહણ સમજી લેવું. માટે કદાગ્રહને જલાંજલિ આપો !

હવે કેવલ બંને ભુજાઓને લટકતી રાખીને જ કાઉસગ્ગ કરવાની માન્યતામાં આચરિત-આચરણા રૂપ પ્રમાણનો પુરાવો તથા તેના લક્ષણની ઘટનાનો અભાવ છે અને બંને ભુજાઓને લટકતી રાખીને આ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગમાં આચરિત નામના પ્રમાણનો પુરાવો તથા તેના લક્ષણનો સમન્વય છે. એ વિષયને દર્શાવતા કહે છે.

પૂર્વપક્ષ–કેવલ બંને ભુજાઓને લટકતી રાખીને જ કાઉસગ્ગ કરવો એ જ સાધુ આદિલોકથી આચરિત છે. કારણ કે, વર્તમાનમાં કોઈપણ જગ્યાએ તે આચરણા પ્રત્યક્ષ છે. અને પહેલાં આગમવિદોની આવી આચરણા સાંભળી છે.

ઉત્તરપક્ષ–કેવલ બંને ભુજાઓને લટકતી રાખીને જ કાઉસગ્ગ કરવો એ માન્યતા, આચરિત નામના પ્રમાણરૂપ નથી કારણ કે; આચરિત પ્રમાણનું લક્ષણ ઘટતું નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે 'જે અશઠ-માયાવગરના ગીતાર્થે આચરેલા હોય છે. (દેશકાલ આદિની અપેક્ષાએ ગુણકારી હોઈ બહુ ભવ્યોપકારી છે. એમ માની આચરેલ હોય.) જે (કર્મક્ષેત્ર હેતુ હોઈ) નિરવદ્ય-નિર્દોષ હોય, વળી જે તત્કાલવર્તી અન્ય મધ્યસ્થ ગીતાર્થોએ નિવારેલ ~~ન હોય,~~ અને જે ગીતાર્થોના બહુમાન-આદર-સન્માન-પ્રશંસાને પામેલ હોય-વચનથી ગીતાર્થોએ વખાણેલ હોય તે આચરિત-આચરણા પ્રમાણ કહેવાય છે.

પૂર્વપક્ષ–શું આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાઉસગ્ગ કરવો એ સાવદ્ય નથી ?

ઉત્તરપક્ષ–આ અષ્ટોચ્છવાસ પ્રમાણ કાઉસગ્ગનું કરવું સાવદ્ય નથી. કારણ કે; પ્રકૃત દંડક સૂત્રના અભિધેય-અર્થરૂપ કાઉસગ્ગની સાથે વિરોધ નથી, સૂત્રનો અર્થ, પ્રતિપાદિત છે. વળી પ્રતિપાદિત સૂત્રાર્થનો અધિકતર બીજા ગુણોની ઉત્પત્તિ વગર તે પ્રકારે અકરણમાં વિરોધ છે. અર્થાત્ અધિકતર બીજા ગુણોની ઉત્પત્તિ હોઈ તે પ્રકારે કરવામાં વિરોધ નથી–સંમતિ છે.

પૂર્વપક્ષ–ફક્ત બંને ભુજાઓને લટકતી રાખીને જ કાઉસગ્ગ કરવાની માન્યતા કોઈએ નિવારી છે કે નહિ ?

ઉત્તરપક્ષ–ફક્ત બંને ભુજાઓને લટકતી રાખીને જ કાઉસગ્ગ કરવા રૂપ ક્રિયા, બીજા ગીતાર્થોએ અનિવારિત નથી. (નિવારિત છે.) કારણ કે, આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગની આચરણાપરાયણ આગમવિદોએ નિવારેલ છે. એ જ કારણથી અન્યમધ્યસ્થ ગીતાર્થોએ બહુમાન-આદર-સન્માન આપેલ નથી. અપનાવેલ નથી. હવે આ ચર્ચાનો પ્રસંગ પૂરો થાય છે.

આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ જ અહીં-ચૈત્યવંદનમાં માન્ય રાખવો! બીજો નહિ. આ પ્રમાણે પૂર્વોક્ત વિષય સમાપ્ત થાય છે.!

કાઉસગ્ગમાં શ્વાસોશ્વાસનું પ્રમાણ નિયત છે એ વિષય પતાવ્યા બાદ હવે શાસ્ત્રકાર, કાઉસગ્ગમાં ધ્યેય નિયત નથી. પરંતુ અમુક વિષયક ધ્યાન, અમુક ફલને આ રીતે આપે છે એ રૂપ આનુષંગિક વિષય દર્શાવી કાઉસગ્ગ કેવી રીતે એકલાએ કે ઘણાઓએ પારવો! એ વિધાનને હેતુ પૂર્વક રજૂ કરે છે.

**इहोच्छवासमानमित्थं न पुनर्ध्येयनियमः यथापरिणामेनैतत्स्थापने च गुणाः तत्त्वानिं वा स्थानवर्णार्थालम्बनानि वा आत्मीयदोषप्रतिपक्षो वा एतद्विद्याजन्मबीजं तत्पारमेश्वरं, अत इत्थमेवोपयोगशुद्धेः, शुद्धभावोपात्तं कर्मावन्ध्यं सुवणघटाद्युदाहरणात्, एतदुदयतो विद्याजन्म कारणानुरूपत्वेन, युक्त्यागमसिद्धमेतत् तल्लक्षणानुपाति च "बर्ह्योगृहकृमेर्यद्वद् मानुष्यं प्राप्य सुन्दरम्। तत्प्राप्तावपि तत्रेच्छा, न पुनः सम्प्रवर्त्तते ॥ १ ॥ विद्याजन्मप्राप्तितस्तद्वद् विषयेषु महात्मनः । तत्त्वज्ञानसमेतस्य, न मनोऽपि प्रवर्त्तते ॥ २ ॥ विषग्रस्तस्य मन्त्रेभ्यो निर्विषाङ्गोद्भवो यथा । विद्याजन्मन्यलं मोहविषत्यागस्तथैव हि ॥ ३ ॥ शैवे मार्गेऽत एवासौ, याति नित्यमखेदितः । न तु मोहविषग्रस्त इतरस्मिन्निवेतरः ॥ ४ ॥ क्रियाज्ञानात्मके योगे सातत्येन प्रवर्त्तनम् । वीतस्पृहस्य सर्वत्र यानं चाहुः शिवाध्वनि ॥ ५ ॥" इति वचनात्, [1]अपसितमानुषङ्गिकं, प्रकृतं प्रस्तुमः, स हि कायोत्सर्गान्ते यद्येक एव ततो "नमो अरहंताणंति" नमस्कारेणोत्सार्य स्तुति पठत्यन्यथा प्रतिज्ञाभङ्गः, जाव अरहंताणं इत्यादिनाऽस्यैव प्रतिज्ञातत्वात्, नमस्कारत्वेनास्यैव रूढत्वात्, अन्यथैतदर्थाभिधानेऽपि दोषसम्भवात्, तदन्यमन्त्रादौ तथादर्शनादिति । अथ बहवस्त एक एव स्तुतिं पठति, अन्ये तु कायोत्सर्गेणैव तिष्ठन्ति, यावत्स्तुतिपरिसमाप्तिः,**

---

१ उद्देश्यान्तरप्रवृत्तस्य तत्कर्मनान्तरीयकतया प्राप्त. प्रासङ्गिकोऽनुद्देश्यः कार्यविशेष आनुषङ्गिकम् । यथा भो बटो भिक्षामट यदि गां पश्येस्तां चानयेत्यादौ । अत्र भिक्षार्थं प्रवृत्तस्य दैवाद्गोदर्शनात्तस्या आनयनमानुषङ्गिकम् । तत्रोद्देश्यत्वाभावात् इति बोध्यम् ॥

**अत्र चैवं वृद्धाः वदन्ति-यत्र किलायतनादौ वंदनं चिकीर्षितं तत्र यस्य भगवतः सन्निहितं स्थापनारूपं तं पुरस्कृत्य प्रथमकायोत्सर्गः, स्तुतिश्च, तथा शोभनभावजनकत्वेन तस्यैवोपकारित्वात्, ततः सर्वेऽपि नमस्कारोच्चारणेन पारयन्तीति व्याख्यातं वन्दनाकायोत्सर्गसूत्रं ॥**

ભાવાર્થ–(વન્દના કાઉસગ્ગ સૂત્રમાં) કાયોત્સર્ગના વિષયમાં ઉચ્છ્વાસોનું પ્રમાણ છે. તેવી રીતે કાઉસગ્ગમાં ધ્યેયનો નિયમ નથી, અર્થાત્ કોઈ નિયત ધ્યેય હોતું નથી, ત્યારે પરિણામ પ્રમાણે-અધ્યવસાય મૂજબ ધ્યેયસ્થાપન-નિર્ણયના વિષયમાં ગુણો કે તત્ત્વો અથવા સ્થાન-વર્ણ-અર્થ-આલંબનો (સ્થાન= આસન વિશેષ, કાયોત્સર્ગ આસન, પર્યંકાસન, પદ્માસન ઈત્યાદિ તથા યોગ મુદ્રા, જિનમુદ્રા, અને મુક્તાશક્તિ મુદ્રા ઈત્યાદિનું યથાયોગ્ય પાલન, વર્ણ-વંદના કાયોત્સર્ગ સૂત્રોના અક્ષરો અતિ સ્પષ્ટ, શુદ્ધ, સ્વર તથા વ્યંજનના ભેદ સહિત (ભેદ સમજાય તેમ) પદચ્છેદ જુદા પડે (શબ્દો છુટાછુટા સમજાય) તેવી રીતે, તથા સંપદાઓ (વિસામા) પણ સમજી શકાય તેમ અને ઉચિતધ્વનિ પૂર્વક બોલવું તે વર્ણયોગ. આલંબન= ભાવ અરિહંતાદિકનું પણ સ્મરણ કરવું, તેમજ જેની આગળ ચૈત્યવંદના કરવાને પ્રારંભ કર્યો છે તે પ્રતિમાદિ પણ સ્મૃતિ બહાર ન થવા જોઈએ. આલંબન એટલે પ્રતિમાદિક એમ સમજવું)

આત્મીયદોષ પ્રતિપક્ષ-આત્મિકદોષ-મિથ્યાત્વાદિ, તેના પ્રતિપક્ષ રૂપ સમ્યક્ત્વાદિ. તથાચ ગુણ-તત્ત્વ-સ્થાનાદિ-આત્મિયદોષ પ્રતિપક્ષ આદિરૂપ વિશિષ્ટ ધ્યેય વિષયક ધ્યાન-ચિંતન મનન આદિ, વિવેકની ઉત્પત્તિનું મૂલ કારણ છે (હેયોપાદેય આશ્રવ-સંવરપુણ્ય પાપ-જડ ચેતન આદિ વિષયક વિવેકની પેદાશનું બીજ છે. તથા નિત્યમાં નિત્યત્વબુદ્ધિ, પવિત્રમાં પવિત્રત્વબુદ્ધિ, આત્મામાં આત્મત્વબુદ્ધિ આદિ તદ્રૂપ તત્વબુદ્ધિરૂપ વિદ્યા-જન્મનું, ગુણાદિ-વિષયક ધ્યાન, બીજ છે.)

વળી શાસ્ત્રસિદ્ધ તે વિવેકની ઉત્પત્તિના બીજભૂત ગુણાદિ વિષયક ધ્યાન, પરમેશ્વર કથિત છે. અને એથીજ-વિશિષ્ટ ધ્યેયના ધ્યાનથી જ વિવેકની ઉત્પત્તિ યોગ્ય (અનુકૂલ) પ્રકાર દ્વારાએ ઉપયોગ (ચૈતન્યરૂપ શક્તિ-અધ્યવસાય-ભાવ)ની શુદ્ધિ-નિર્મલતા થાય છે. તથા ઉપયોગશુદ્ધિરૂપ કાર્યના પ્રત્યે વિવેકજનનપ્રકારદ્વારા વિશિષ્ટ ગુણાદિ વિષયક ધ્યાન, કારણ છે.

તથાચ પ્રકૃત કાયોત્સર્ગ ધ્યાનાદિરૂપ શુદ્ધ ભાવથી ઉપાર્જેલ, સાતાવેદનીયાદિરૂપ પુણ્યાનુબંધિ પુણ્યકર્મ, અવશ્ય-ચોક્કસ-અચૂકશુદ્ધ ભાવફલને આપનાર (જનક) છે.એવંચ શુદ્ધભાવ (શ્રદ્ધાદિ) રૂપ ફલ (કાર્ય) ના પ્રત્યે નિરૂક્ત-શુદ્ધ ભાવથી ઉપાર્જેલ કર્મ, અસાધારણ કારણ છે. હવે આ વિષયને ઉદાહરણ આપી સમજાવે છે કે;

જેમ કે, સોનાનો ઘડો, ભંગ થયે છતે પણ-તેને ભાંગવામાં તોડી નાખવામાં આવે તો પણ સોનારૂપ ફલવાળો તો કાયમનો કાયમ રહે છે. અર્થાત્ સોનું કાયમનું કાયમ રહે છે. આદિશબ્દથી રૂપાના ઘડા વિ.નું ગ્રહણ કરવું. તેમ પ્રકૃત કર્મ પણ સમજવું અર્થાત્ શુદ્ધભાવથી ઉપાર્જેલ કર્મ, શુદ્ધભાવરૂપ ફલને આપે છે. મતલબ કે, શુદ્ધભાવથી ઉપાર્જેલ કર્મના ઉદયથી વિવેકની ઉત્પત્તિરૂપ વિદ્યાજન્મ થાય છે. કારણ

કે, કારણ સ્વભાવાનુવિધાયી (કારણ સ્વભાવને અનુસરનારો) કાર્યનો સ્વભાવ હોય છે. જેવો કારણનો સ્વભાવ, તેવો જ કાર્યનો સ્વભાવ હોય છે. વાસ્તે કેમ શુદ્ધભાવથી ઉપાર્જેલ કર્મ, શુદ્ધભાવનું કારણ ન બને? અર્થાત્ શુદ્ધભાવથી ઉપાત્ત કર્મ, શુદ્ધભાવનું કારણ બનેજ.

આજ હેતુની સિદ્ધિ માટે–કાર્ય, કારણને અનુરૂપ (યોગ્ય) જ હોય છે, જેવું કારણ તેવું જ કાર્ય થાય છે. તે રૂપની હેતુની સિદ્ધિમાં યુક્તિ અને આગમનો ઘુરાવો આપે છે.

(૧) યુક્તિ=[1]અન્વય વિમર્શ અને [2]વ્યતિરેક વિમર્શ-પરામર્શ-મીમાંસા યુક્તિ કહેવાય છે. જેવી કારણ સત્તા, તેવી જ કાર્ય સત્તા આ વિચાર અન્વય વિમર્શ કહેવાય છે.

યાદૃશ કારણસત્તાના અભાવમાં તાદૃશ કાર્યસત્તાનો અભાવ હોય છે. આ વિચાર વ્યતિરેક વિમર્શ તરીકે ઓળખાય છે. તથાચ અન્વય વ્યતિરેક વિમર્શરૂપ યુક્તિ, કારણને અનુરૂપ કાર્ય હોય એમ સાબીત કરે છે.

(૨) આગમ=**'जं जं समयं जीवो आविस्सरु जेण जेण भावेण'** ઉ.મા.શ્લો. ૨૪ અર્થ-જીવ, જે જે સમયે જેવા જેવા ભાવે વર્તે છે, તે તે સમયે તેવા પ્રકારના શુભ કર્મોને બાંધે છે. સારાંશ કે, સમય તે અતિ સુક્ષ્મકાળ સમજવો. જેવા શુભ કે અશુભ પરિણામમાં આત્મા પ્રવર્ત્તતો હોય તેવા શુભ કે અશુભ કર્મ બાંધે છે. અર્થાત્ શુભ પરિણામે વર્ત્તતાં શુભ કર્મો બાંધે છે, અશુભ પરિણામે વર્ત્તતાં અશુભ કર્મો બાંધે છે, તે કારણ માટે શુભભાવ રાખવો, ગર્વાદિકથી દુષિતભાવ ન કરવો.

તથાચ યુક્તિ અને આગમરૂપ બે પ્રમાણથી કાર્ય, એ કારણને અનુરૂપ જ હોય છે, એમ સાબીત-સિદ્ધ પ્રમાણિક થઇ ચૂક્યું છે.

શંકા–વિદ્યાજન્મરૂપ કાર્યથી ભિન્ન-બીજા બધા કાર્યો, કારણને અનુરૂપ ભલે હો! પરંતુ પ્રકૃત કાર્ય, કારણને અનુરૂપ કેવી રીતે?

સમાધાન–યુક્તિ અને આગમથી સિદ્ધ એવા કારણને અનુરૂપ કાર્યના લક્ષણને અનુસરનાર વિદ્યાજન્મરૂપ કાર્ય છે. (શુદ્ધભાવથી ઉપાત્ત કર્મના ઉદય જન્ય વિવેક ઉત્પત્તિરૂપ વિદ્યાજન્મરૂપ કાર્ય છે.) કારણ કે, નીચે દર્શાવતા પાંચ શ્લોક પ્રમાણ વાક્યરચનારૂપ વચનરૂપ હેતુ–મોજૂદ છે.

---

१ कारणाधिकारणे कार्यस्य सत्त्वम् । यथा यत्सत्त्वे (कारणसत्त्वे) यत्सत्त्वम् (कार्यसत्त्वम्) इत्यन्वयः । कार्यकारणयोः साहचर्यमन्वयः । तत्र कार्यकारणयोः साहचर्य च स्वस्वव्याप्येतरयावत्कारणसत्त्वे यत्सत्त्वेऽवश्यं यत्सत्त्वमिति । यथा चक्रादिघटितसामग्रीसमवहितदण्डादिसत्त्वे घटसत्त्वमिति । कार्ये कारणस्यानुसरणमन्वयः । कार्यसत्तापादकस्वसत्तास्य कारणस्य कार्ये स्थितिरन्वयः ।

२ कारणाभावकार्याभावयोः साहचर्यम् व्यतिरेकः । कारणाभावाधिकरणे कार्यासत्त्वम् व्यतिरेकः-यथा यदभावे यदभावः इति । स यथा चक्रचीवरादिघटितस्य दण्डस्यासत्त्वे घटस्यासत्त्वमिति व्यतिरेकः । अयं व्यतिरेकः कारणत्वग्रहजनक इति ज्ञेयम् ।

"વિષ્ઠાગૃહ-જાજરાના-પાયખાનાના કીડામાંથી નીકળી, સુંદર માનવજીવન મેળવીને જેમ તે જાજરાના કીડાના જીવને જાજરૂ જોવા છતાંય તે સ્થાન-જાજરાને મળવાની ઈચ્છા ફરીથી થતી નથી ॥૧॥ તેમ તત્વજ્ઞાનથી પરિવરેલા મહાત્મા પુરૂષનું મન, વિદ્યાજન્મ-વિવેકની ઉત્પત્તિરૂપ ફલની પ્રાપ્તિ થવાથી વિષયોમાં ફરતું, રમતું કે ફસતું નથી. ॥૨॥ જેમ વિષથી ઘેરાયેલા તે પુરૂષનું શરીર, મંત્રોથી ઝેર વગરનું થાય છે. તેવી જ રીતે વિદ્યાજન્મરૂપ ફલની પ્રાપ્તિ થયે છતે મોહરૂપી વિષનો ત્યાગ થાય છે. ॥૩॥ આથી જ-મોહવિષના ત્યાગવાળો નિરંતર ખેદ વગરનો મોક્ષમાર્ગમાં ગમન કરે છે. જેમ સંસારમાર્ગમાં મોહવિષથી નહીં ઘેરાયેલો, વિવેકી, નિત્ય ખેદ વગરનો જતો નથી. તેમ મોક્ષમાર્ગમાં મોહવિષથી ઘેરાયેલો, અવિવેકી, નિત્ય ખેદવળો જતો નથી. ॥૪॥

સ્પૃહા વગરના પુરૂષનાં ક્રિયા-જ્ઞાનરૂપ યોગમાં નિરન્તરપણાએ પ્રવૃત્તિરૂપ સઘળા મોક્ષમાર્ગના ગમનને મોક્ષમાર્ગમાં યાન તરીકે કહેવાય છે.

તથાચ અનુરૂપ કારણજન્ય વિદ્યાજન્મરૂપ કાર્ય હોયે છતે, વિષયના પ્રત્યે વૈરાગ્ય-ક્રિયા-જ્ઞાનરૂપ યોગમાં નિરન્તરપણાએ પ્રવૃત્તિરૂપ શિવમાર્ગ ગમનરૂપ, વિદ્યાજન્મરૂપ કાર્યનું ફલ ઉપયોગી થાય છે. અન્ય પ્રકારે નહિ. ॥ ૫ ॥

સારાંશ કે, અનુરૂપકારણજન્ય વિદ્યાજન્યરૂપ કાર્ય માનવામાં આવે તો જ વિષય-વૈરાગ્ય-ક્રિયા-જ્ઞાનરૂપ યોગમાં નિરન્તરપણાએ પ્રવૃત્તિરૂપ શિવમાર્ગગમનરૂપ ફલના પ્રત્યે વિદ્યાજન્મ વિવેકની ઉત્પત્તિ, કારણપણાએ ઉપયોગી થાય છે. જો અનુરૂપ કારણજન્યકાર્ય ન માનો તો પૂર્વકથિત કાર્યકારણભાવ ન ઘટી શકે! પૂર્વચર્ચિત જે જે આનુષંગિક-પ્રાસંગિક-[1]પ્રસંગ-પ્રાપ્ત ગુણાદિવિષયકધ્યાનજન્ય વિદ્યાજન્માદિ વસ્તુ જાણી લીધી. ચાલો હવે પ્રકૃત (વન્દના કાયોત્સર્ગ સૂત્રના વ્યાખ્યાનરૂપ પ્રકૃત)નું પ્રતિપાદન કરીએ.!

તે-વિવેકની ઉત્પત્તિના કારણભૂત વિશિષ્ટ ધ્યેયના ધ્યાન આદિવાળો કાયોત્સર્ગસ્થિત પુરૂષ, કાઉસગ્ગના છેવટે-આખરે, જો એકલો હોય તો એકલાએ, 'નમો અરિહંતાણં' ઈતિ આકાર નમસ્કારરૂપ પદ બોલીને કાઉસગ્ગને છોડીને (પારીને) થોય બોલવી! અન્યથા જો 'નમો અરિહંતાણં' એ રૂપ નમસ્કાર પદના ઉચ્ચારણ કર્યા વગર પારવામાં આવે તો પ્રતિજ્ઞાનો ભંગ થાય! કારણ કે; 'જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરવા રૂપ 'નમો અરિહંતાણં' એ પદ ન બોલું ત્યાં સુધી મારો કાયોત્સર્ગ પારૂં નહિ, ઈતિ વાક્યથી 'નમો અરિહંતાણં' એ પદના ઉચ્ચારણની પ્રતિજ્ઞા કરેલીજ છે. સબબ કે,

'નમો અરિહંતાણં' એ પદને નમસ્કાર તરીકે રૂઢ ([2]સંજ્ઞા) કરવામાં આવેલ છે.અર્થાત્ નમસ્કાર

---

૧ प्रसङ्गः स चान्योद्देशेन प्रवृत्तस्य तत्रान्तरीयकविधयाऽन्यसिद्धिः । नान्तरीयकविधयाऽन्यसिद्धिश्च यथा विघ्नविधघ्नायशिक्षितेन तत्रान्तरीयकविधया अवग रेणदण्डविपातन्नाम्यशिक्षिततसिद्धिः । नान्तरीयकत्वं च तत्सत्तानियतसत्ताकत्वम् ॥

૨ संज्ञा त्रिविधा पारिभाषिकी नैमित्तिकी औपाधिकी चेति । तत्रा धुनिकसंकेतशालिनी अनुगतप्रवृत्तिनिमित्तशून्या च संज्ञा पारिभाषिकी। यथा चैत्रयैत्रादिः आकाशादिश्च । तत्तच्छरीरनिष्टचैत्रत्वादेराकाशत्वादेश्चाननुगतस्यैवात्र प्रवृत्तिनिमित्तत्वाऽपि भावः (म. प्र. ४ पृ. ४६)

એટલે 'નમો અરિહંતાણં' એ પદ સમજી લેવું– 'નમો અરિહંતાણં' એ પદને 'નમસ્કાર' રૂપે પરિભાષિત-સંકેતિત કે સંજ્ઞિત કરવામાં આવેલ છે. 'નમો અરિહંતાણં' એ રૂપપદની નમસ્કારમાં રૂઢી છે. કારણ કે; જો રૂઢિરૂપ અર્થથી જુદા અર્થનું વ્યાખ્યાન કરવામાં આવે તો દોષનો સંભવ છે. તેમજ નમસ્કાર ભિન્ન મંત્ર-વિગેરેમાં રૂઢિરૂપ અર્થનું દર્શન છે.

જેમ મંત્રવિગેરેમાં રૂઢિરૂપ અર્થ છે તેમ નમસ્કારમાં રૂઢિરૂપ અર્થ માનેલ છે.

હવે જો કાયોત્સર્ગસ્થિત ઘણા પુરૂષો હોય તો તેમાંથી એક માણસ, થોય બોલે! અને બીજાઓ તો જ્યાં સુધી થોય (સ્તુતિ) પૂરી ન થાય ત્યાં સુધી કાયોત્સર્ગસ્થિતિએ ઉભા રહે!

અહીં વૃદ્ધો આ પ્રમાણે વદે છે કે, "નિશ્ચયથી-ખરેખર જે ચૈત્યવિગેરેમાં વન્દના (ચૈત્યવંદન) કરવાની ઈચ્છા કરેલ હોય તે ચૈત્યવંદનમાં જે ભગવંતની સ્થાપનારૂપ-મૂલબિંબ મૂલનાયક આદિની આગળ-નજદીક ચૈત્યવંદન કરવાનો આરંભ કરાય છે. તે અધિકૃત જિન કહેવાય છે. તે અધિકૃત જિનને આગળ કરી-ઉદ્દેશીને-અપેક્ષીને-અનુલક્ષીને પહેલો કાયોત્સર્ગ અને સ્તુતિ-થોય, (અધિકૃત જિનનામાદિ ગર્ભિત-અધિકૃત જિનગુણ કીર્તનરૂપ સ્તુતિ) બોલવી જોઈએ, કારણ કે, તે તે પ્રકારે સુન્દર-ઉમદા ભાવને ઉત્પન્ન કરનાર હોઈ તે અધિકૃત જિનનું મહાઉપકારકપણું છે." થોય બોલાયા બાદ બધાયે પણ 'નમો અરિહંતાણં ' એ પદરૂપ નમસ્કાર બોલીને કાઉસગ્ગ પારવો જોઈએ ! ઈતિ-આ પ્રમાણે વન્દનાકાયોત્સર્ગ સૂત્રનું વ્યાખ્યાન પુરું-સમાપ્ત થાય છે.

અથચ શકસ્તવનામના પહેલા દંડકમાં (નમુત્થુણંમાં) 'નમુત્થુણંથી જિઅભયાણં' સુધીના પાઠમાં ભાવજિનને એટલે તીર્થંકરનામકર્મના વિપાકોદયવાળા કેવલજ્ઞાની તીર્થકર ભગવંતો કે જેઓ દેશનાદિ વડે ભાવિકજનનો ઉદ્ધાર કરતા અને વિહાર વડે પૃથ્વીતલને પવિત્ર કરવા પૂર્વક વિચરતા હોય છે, અથવા વિચરતા હતા તે વખતે અથવા તે અવસ્થાને લક્ષ્યમાં રાખીને વંદના કરી છે. આ રૂપ પ્રથમાધિકાર દર્શાવ્યા પછી નમુત્થુણંની છેલ્લી સંપૂર્ણ ગાથામાં દ્રવ્યજિનને એટલે પૂર્વના ત્રીજા ભવે નિકાચિત-તીર્થંકરનામકર્મ બાંધીને તેના પ્રદેશોદયમાં વર્ત્તતા એવા જે તીર્થંકરો હજી કેવલ-જ્ઞાનપૂર્વક ભાવ અરિહંતપણું પામ્યા નથી. પરંતુ જેઓ ભવિષ્યમાં અવશ્ય પામશે તે દ્રવ્યજિન, તેમજ જે તીર્થંકરો સિદ્ધિપદને પામ્યા છે. તે સિદ્ધ અવસ્થાવાળા પણ દ્રવ્યજિન કહેવાય છે. એ પ્રમાણે ભાવજિનની ઉભયપાર્શ્વવર્તી અવસ્થારૂપ બંને પ્રકારના દ્રવ્યજિનને વંદના કરી છે. તે રૂપ દ્વિતીય અધિકાર દર્શાવ્યા બાદ ચૈત્ય સંબંધી સ્તુતિ અને કાઉસગ્ગ દર્શાવનાર હોઈ અરિહંત ચેઈ. થી ૧ લી થોય સુધીના સૂત્રનું ગૌણ નામરૂપ ચૈત્યસ્તવવન્દના કાયોત્સર્ગરૂપ દ્વિતીય દંડકમાં જે ચૈત્યમાં ચૈત્યવંદના કરવાની છે તે ચૈત્યમાં રહેલ સ્થાપના જિનને વંદના અધિકૃતજિનનો પહેલો

---

। अनादिसंकेतशालिनी अनुगत्यवृत्तिनिमित्तका च संज्ञा नैमित्तिकी । यथा पृथिवीजलादिः पशुभूतादिश्च । पशुत्वादेरुपाधित्वेऽपि रोमल्लाङ्गूलवत्वंपशुत्वं बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्वं भूतत्वमित्याद्यनुगतत्वादिति भावः । यौगिकी संज्ञा औपाधिकी । यथा पाचकपाठकादिः ॥

કાઉસગ્ગ તથા તેમની સ્તુતિ કરેલ છે. એ રૂપ તૃતીય અધિકારને દર્શાવ્યા બાદ હવે વર્તમાન અવસર્પિણીના ૨૪ ભગવંતના નામની સ્તવના હોઈ આ લોગસ્સના બીજા નામરૂપ નામસ્તવરૂપ તૃતીય દંડક તથા સંપૂર્ણ લોગસ્સમાં વર્ત્તમાન અવસર્પિણીમાં થયેલ ૨૪ તીર્થંકરોના નામની સ્તવના હોઈ 'નામ તીર્થંકર'ની વંદનારૂપ ચતુર્થ અધિકારને દર્શાવતાં 'અવતરિણકા' આપે છે કે;

## નામસ્તવ

**पुनरत्रान्तरेऽस्मिन्नेवावसर्पिणीकाले ये भारते तीर्थकृतस्तेषामेवैकक्षेत्रनिवासादिनाऽऽसन्नतरोपकारित्वेन कीर्त्तनाय चतुर्विंशतिस्तवं पठति पठन्ति वा, सचायम्-''लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे । अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥ १ ॥'' अस्य व्याख्या-लोकस्योद्योतकरानित्यत्र [1]विज्ञानाद्वैतव्युदासेनोद्योत्योद्योतकयोर्भेदसन्दर्शनार्थं भेदेनोपन्यासः, लोक्यत इति लोकः, लोक्यते प्रमाणेन दृश्यत इति भावः अयं चेह तावत्पञ्चास्तिकायात्मको गृह्यते, तस्य लोकस्य किम् ? उद्योतकरणशीला उद्योतकरास्तान्, केवललोकेन तत्पूर्वकवचनदीपेन वा सर्वलोकप्रकाशकरणशीलानित्यर्थः, तथा दुर्गतौ प्रपतन्तमात्मानं धारयतीति धर्म्मः, उक्तं च-''दुर्गतिप्रसृताञ्जीवान्, यस्माद्धारयते ततः । धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इति स्मृतः ॥ १ ॥ इत्यादि'' तथा तीर्यतेऽनेनेति तीर्थं, धर्म्म एव धर्म्मप्रधानं वा तीर्थं धर्म्मतीर्थं, तत्करणशीला धर्म्मतीर्थकरास्तान्, तथा रागादिजेतारो जिनास्तान्, तथाऽशोकाद्यष्टप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तस्तानर्हतः, ''कीर्तयिष्यामि'' इति स्वनामभिः स्तोष्ये इत्यर्थः, ''चतुर्विंशतिमिति'' संख्या, अपिशब्दो भावतस्तदन्यसमुच्चयार्थ इति, केवलज्ञानमेषां विद्यते इति केवलिनस्तान् केवलिनः ।**

ભાવાર્થ-હવે આ પ્રસ્તાવે (ચૈત્યવન્દન પ્રસ્તાવે) આજ અવસર્પિણી કાલમાં ભરતક્ષેત્રમાં તીર્થંકરો થયેલા તે તીર્થંકરોનું એકક્ષેત્ર નિવાસ આદિ કારણે આસન્નતર-અત્યંત સમીપ-નજદીકનું ઉપકારકપણું હોઈ તેઓશ્રીના કીર્તન-યશોગાન-ગુણગાન સારૂ ચતુર્વિંશતિસ્તવને (૨૪ ભગવંતના નામની સ્તવના હોઈ આ લોગ્ગસ્સ સૂત્રનું ગુણનિષ્પન્ન નામ છે-ચતુર્વિંશતિસ્તવ એટલે લોગ્ગસ્સ સૂત્રને) એક કે ઘણા બોલે છે.

વળી તે ચતુર્વિંશતિસ્તવ આ છે-''લોકના પ્રકાશ કરનાર, ધર્મતીર્થ કરનાર, જિન, કેવલી અને ચોવીશ (પણ) એવા અરિહંતોનું કીર્તન હું કરીશ'' ૧.

હવે આ ગાથાનું વિવરણ કરતાં શરૂમાં પહેલા વિશેષણનું વિવેચન કરે છે; 'લોકના પ્રકાશ કરનારા એવા અરિહંતોનું હું કીર્તન કરીશ' આ વિશેષણમાં 'લોકના પ્રકાશ કરનારા' એમ જે સમાસ વગરની,

---

**१ विज्ञानवादिनो बौद्धास्तु विज्ञानं द्विविधम् प्रवृत्तिविज्ञानम् आलयविज्ञानं च । तत्राद्यं अयं घटः इत्याद्याकारकम् । द्वितीयं चाहं जानामि इत्याकारकम् । तदेवात्मा इत्युच्यते इति वदन्ति ।**

**१ છઠ્ઠી વિભક્તિ મુખ્યત્વે ઉપપદ વિભક્તિ છે. છઠ્ઠી વિભક્તિનો સંબંધ અન્ય નામની સાથે હોય છે, અર્થની દ્રષ્ટિએ છઠ્ઠી વિભક્તિનું નામ, પાછળ આવતા, નામના વિશેષણ જેવું છે. દા. ત. 'ગ્રામના ઉદ્યોગો'-ગ્રામ્ય ઉદ્યોગો આ રીતે છઠ્ઠી વિભક્તિનો અર્થ વિશેષણ જેવો હોવાથી કેટલાક તેને વિશેષણ વિભક્તિ પણ કહે છે. સબબ કે વિશેષણની ભેદની વિવક્ષામાં જ વિશેષણને ષષ્ઠી વિભક્તિ લાગે છે. અભેદ વિવક્ષામાં નહીં તેમજ અહીં પણ વિષયિ જ્ઞાનથી વિષય લોકના ભેદની વિવક્ષા છે. એમ લોક શબ્દની ષષ્ઠી વિભક્તિ કહી જાય છે.**

લોક શબ્દને [૧]ષષ્ઠીવિભક્તિ લગાડવા પૂર્વકની વાક્યરચના કરવામાં આવી છે તેનો મુદ્દો-હેતુ કે હાર્દ એવું છે કે, 'જે [૧]વિજ્ઞાનઅદ્વૈતવાદી બૌદ્ધો, લોકને-જગત્‌ને કેવલ વિજ્ઞાનરૂપ માને છે. તે મતના ખંડન કરવા પૂર્વક પ્રકાશ્ય-પ્રમેય-જ્ઞેય વસ્તુ અને પ્રકાશક-પ્રમાણ-જ્ઞાનનો ભેદ પરસ્પર ભેદ બતાવવો' એ રહસ્ય છે.

લોક શબ્દની વ્યાખ્યા-દેખાય-જણાય તે લોક મતલબ કે કેવલ-જ્ઞાન દર્શનરૂપ પ્રમાણ વડે જણાય-દેખાય તે લોક, આ પ્રમાણે કેવલ-જ્ઞાનદર્શનરૂપ પ્રમાણના વિષયને લોક તરીકે ઓળખાવાય છે. ઈતિ-વ્યુત્પત્તિજન્ય અર્થ જાણવો.

આ અર્થ તો 'અલોક'માં અતિપ્રસક્ત થઈ જાય વાસ્તે, કહે છે કે;-

અથવા સ્વના (આત્મા-જ્ઞાનના) તેમજ પરના (જ્ઞાનથી-અન્ય પદાર્થના) નિશ્ચય કરવારૂપ પ્રમાણ, અથવા સમ્યગ્‌ અર્થના નિર્ણયરૂપ પ્રમાણ વડે અને પ્રત્યક્ષ અને પરોક્ષરૂપ બે ભેદવાળા પ્રમાણ વડે ગમ્ય-દ્રશ્ય-જ્ઞેય જે લોક, તે લોક અહીં પંચ અસ્તિકાયરૂપ-[૨]જીવાસ્તિકાય, [૩]પુદ્‌ગલાસ્તિકાય-[૪]ધર્માસ્તિકાય, [૫]અધર્માસ્તિકાય-[૬]આકાશાસ્તિકાય એ પાંચ અસ્તિકાયપ્રદેશ સમુદાયરૂપ પાંચને લોક સમજવો.

પ્રશ્ન- તે પંચ અસ્તિકાયરૂપ લોકનું શું ?

---

૧ વિજ્ઞાનઅદ્વૈતવાદી બૌદ્ધ-યોગાચારની માન્યતા છે કે, 'ગ્રાહ્ય, ગ્રાહક આદિથી રહિત 'વિજ્ઞાન માત્ર' પરમાર્થથી સત્ય છે. કારણ કે બાહ્ય પદાર્થોનો અભાવ છે.-જ્ઞાન કારણ કોઈ બાહ્ય પદાર્થ નથી અર્થાત્‌ વિજ્ઞાનને છોડી બાહ્ય પદાર્થ કોઈ વસ્તુ નથી, વાસ્તવમાં સમસ્ત ભાવ, સ્વપ્નજ્ઞાન, માયા અને ગન્ધર્વ નગરની માફક અસત્‌રૂપ છે. માટે પરમાર્થ સત્યથી સ્વયં પ્રકાશક વિજ્ઞાન જ સત્ય છે. આ બધું દૃશ્યમાન જગત્‌ વિજ્ઞાનના પરિણામરૂપ-વિજ્ઞાનમય છે. તમામ પદાર્થો નિઃસ્વભાવ છે.

૨ 'ચેતના લક્ષણવાળો તે જીવ' એ પ્રમાણે જીવનું સામાન્ય લક્ષણ છે. અસંખ્યપ્રદેશાત્મક છે.

૩ ગ્રહણ, ધારણ ઈત્યાદિ પરિણામથી યુક્ત અને રૂપી એવો પદાર્થ 'પુદ્‌ગલાસ્તિકાય' કહેવાય છે. અથવા રૂપ વિ. સંસ્થાનના પરિણામવાળો પદાર્થ પુ. જાણવો. બેથી માંડી સંખ્યાત-અસંખ્યાત અનંત પ્રદેશાત્મક આ દ્રવ્ય છે.

૪ માછલાઓને ગતિ કરવામાં જેમ પાણી મદદ કરે છે તેમ સ્વભાવિક રીતે ગતિ કરનાર જીવો અને પુદ્‌ગલોની ગમન-આગમન વિગેરે ચેષ્ટામાં તેમજ ભાષા-મન-વચન અને કાયાના વ્યાપાર વિગેરેમાં મદદ કરનારા અપેક્ષા-કારણરૂપ પદાર્થને 'ધર્માસ્તિકાય' તરીકે ઓળખવામાં આવે છે. અથવા ગતિરૂપ પરિણામને પ્રાપ્ત થયેલા જીવ અને પુદ્‌ગલોની ગતિને વિષે અપેક્ષિત કારણરૂપ જે પદાર્થ છે તે 'ધર્માસ્તિકાય' કહેવાય છે.

૫ સ્વાભાવિક રીતે સ્થિતિ કરનારા જીવ અને પુદ્‌ગલોને સૂવા, બેસવા, સ્થિર રહેવા તથા આલંબનાદિ કાર્યોમાં મુસાફરોને વિશ્રામ લેવામાં જેમ વૃક્ષ વિ. મદદ કરે છે, તેમ મદદ કરનારા સાધારણ કારણરૂપ પદાર્થને 'અધર્માસ્તિકાય' કહેવામાં આવે છે, અથવા સ્થિતિરૂપ પરિણામને પ્રાપ્ત કરેલા જીવ અને પુદ્‌ગલોની સ્થિરતાને વિષે જે અપેક્ષિત કારણરૂપ છે તે 'અધર્માસ્તિકાય' કહેવાયં છે. તથાચ ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય એ બંને અસંખ્યપ્રદેશાત્મક છે.

૬ જેમ દૂધ સાકરને અને લોખંડનો ગોળો અગ્નિને અવકાશ આપે છે, તેમ અવગાહનાની અપેક્ષા રાખનારા પદાર્થોને અવકાશ આપવામાં કારણભૂત પદાર્થ 'આકાશાસ્તિકાય' કહેવાય છે. (અસંખ્યાત) અનંત પ્રદેશાત્મક છે.

સમાધાન-(૧) તો જવાબ આપે છે કે; 'તે લોકનો પ્રકાશ કરનારાઓને-મતલબ કે કેવલ-જ્ઞાનરૂપી પ્રકાશ વડે અથવા કેવલજ્ઞાન પૂર્વક વચન-દેશનારૂપી દીપદ્વારા સર્વ લોકનો પ્રકાશ કરનારા એવા અરિહંતોનું હું કિર્તન કરીશ.

(૨) જેવી રીતે લોકનો પ્રકાશ કરનારા એવા અરિહંતોને સ્તવીશ' તે પ્રકારે 'ધર્મતીર્થને કરનારા એવા અરિહંતોનું હું કીર્તન કરીશ' હવે બીજા વિશેષણનું વિવેચન કરે છે કે; ધર્મ એટલે કે જે દુર્ગતિ તરફ જઈ રહેલા જીવોનો ઉદ્ધાર કરીને તેમને પુનઃ શુભસ્થાને સ્થાપે છે. તેથી તે 'ધર્મ' કહેવાય છે. ઈત્યાદિ તેમજ તીર્થ એટલે જેનાવડે તરાય તે તીર્થ કહેવાય છે. તથાચ ધર્મરૂપી તીર્થ કે ધર્મ જે તીર્થમાં પ્રધાન છે તેવા તીર્થને 'ધર્મતીર્થ' તરીકે ઓળખાવે છે. આવા ધર્મતીર્થને પ્રવર્તાવનારા અરિહંતોને હું સ્તવીશ.

(૩) જેમ ઉપર્યુક્ત વિશેષણદ્વયવિશિષ્ટ અરિહંતોને હું સ્તવીશ તેવી રીતે રાગ-દ્વેષ-મોહઆદિ અંતરંગ શત્રુઓને જિતનાર-જિન એવા અરિહંતોને હું સ્તવીશ.

(૪) જેમ ઉપર્યુક્ત વિશેષણદ્વયવિશિષ્ટ અરિહંતોને સ્તવીશ તેવી રીતે જેનામાં કેવલ હોય તે કેવલ-જ્ઞાની એવા અરિહંતોને હું સ્તવીશ. તથાચ પૂર્વોક્ત વિશેષણચતુષ્ટયવિશિષ્ટ અને ચોવીશ તથા બીજા પણ એવા અશોકવૃક્ષ વિ. આઠ પ્રાતિહાર્ય આદિરૂપ પૂજાને યોગ્ય થનાર એવા સાન્વર્થ અરિહંતોને હું સ્તવીશ ચોવીશ તથા બીજા અરિહંતોને પણ-ચતુર્વિંશતિમપિ અહીં અપિશબ્દ, ભાવથી નામ-સ્થાપના-દ્રવ્ય અરિહંતના પરિહાર પૂર્વક અથવા શુભ અધ્યવસાયથી ઋષભ આદિ ચોવીશ તીર્થંકરોથી જે બીજા ઐરાવત-મહાવિદેહના તીર્થંકરો, તેઓનો સંગ્રહ કરે છે. અર્થાત્ ભાવથી ઋષભ આદિ ચોવીશ તીર્થંકર ભિન્ન બીજા ઐરાવત મહાવિદેહ આદિના અરિહંતોને પણ હું સ્તવીશ એમ જાણવું.

અહીં આટલું યાદ રાખો કે, 'અરિહંતોને' એ પદ વિશેષ્ય વાચક, 'હું કીર્તન કરીશ' એ પદ ક્રિયાવાચક પદ છે. અર્થાત્ 'અરિહંતોને હું સ્તવીશ કેવા અરિહંતોને ? તો કહે છે કે;

(૧) 'લોકનો પ્રકાશ કરનારા' એ પહેલું વિશેષણ પદ, જે વચનાતિશય-દર્શક છે.

(૨) 'ધર્મતીર્થના કરનારા' એ બીજું વિશેષણ પદ, જે પૂજાતિશયસૂચક છે.

(૩) 'રાગ-દ્વેષ શત્રુને જીતનારા' એ ત્રીજું વિશેષણ પદ, જે અપાયાપગમાતિશય-વાચક છે.

(૪) 'કેવલ-જ્ઞાનવાળા' એ ત્રીજું વિશેષણ પદ, જે જ્ઞાનાતિશયપ્રતિપાદક છે.

(૫) 'ચોવીશ' એ સંખ્યાવાચક વિશેષણપદ છે.

(૬) 'અપિ-પણ' એ અવ્યય પદ, ભાવથી બાકીના ક્ષેત્રવર્તી અર્હંતોનું વાચક છે. એ પાંચ પદોનું વિવેચન કર્યાબાદ હવે એક એક વિશેષણઉપન્યાસની સાર્થકતાની ચર્ચા બહુ સુંદર શૈલીથી કરે છે.

अत्राह-लोकस्योद्योतकरानित्येतावदेव साधु, धर्म्मतीर्थकरानिति न वाच्यं, गतार्थत्वात्, तथाहि ये लोकस्योद्योतकरास्ते धर्म्मतीर्थकरा एवेति, अत्रोच्यते, इह लोकैकदेशेऽपि ग्रामैकदेशे ग्रामवल्लोकशब्दप्रवृत्तेः मा भूतदुद्योतकरेष्ववधिविभङ्गज्ञानिष्वर्कचन्द्रादिषु वा सम्प्रत्यय इत्यतस्तद्व्यवच्छेदार्थं धर्म्मतीर्थकरानिति । आह-यद्येवं धर्म्मतीर्थकरानित्येतावदेवास्तु लोकस्योद्योतकरानिति न वाच्यमिति, अत्रोच्यते, इह लोके येऽपि नद्यादिविषमस्थानेषु मुधिकया धर्म्मार्थभवतरणतीर्थकरणशीलास्तेऽपि धर्म्मतीर्थकरा एवोच्यन्ते, तन्माभूदतिमुग्धबुद्धीनां तेषुं सम्प्रत्यय इति तदपनोदाय लोकस्योद्योतकरानप्याहेति । अपरस्त्वाह-जिनानित्यतिरिच्यते, तथाहि-यथोक्तप्रकारा जिना एव भवन्तीति, अत्रोच्यते, मा भूत्कुनयमतानुसारिपरिकल्पितेषु यथोक्तप्रकारेषु सम्प्रत्यय इत्यतस्तदपोहायाह-जिनानिति, श्रूयते च कुनयदर्शने-"ज्ञानिनो धर्म्मतीर्थस्य, कर्त्तारःपरमं पदम् । गत्वाऽऽगच्छन्ति भूयोऽपि, भवं तीर्थनिकारतः ॥ १ ॥" इत्यादि, तन्नूनं ते न रागादिजेतार इति, अन्यथा कुतो निकारतः पुनरिह भवाङ्कुरप्रभवो ? बीजाभावात्, तथा चान्यैरप्युक्तम् "अज्ञानपांशुपिहितं, पुरातनं कर्म्मबीजमविनाशि तृष्णाजलाभिषिक्तं, मुञ्चति जन्माङ्कुरं जन्तोः ॥ १ ॥ तथा-दग्धे बीजे यथात्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः, । कर्म्मबीजे तथा दग्धे न रोहति भवाङ्कुरः ॥" इत्यादि, आह-यद्येवं जिनानित्येतावदेवास्तु लोकस्योद्योतकरानित्याद्यतिरिच्यते, अत्रोच्यते, इह प्रवचने सामान्यतो विशिष्टश्रुतधरादयोऽपि जिना एवोच्यन्ते, तद्यथा श्रुतजिना अवधिजिना मन पर्यायजिनाः छद्मस्थवीतरागाश्च, तन्माभूत्तेष्वेव सम्प्रत्यय इति तद्व्युदासाय लोकस्योद्योतकरानित्याद्यप्युष्टमिति,

अपरस्त्वाह-अर्हत इति न वाच्यं, न ह्यनन्तरोदितस्वरूपा अर्हद्व्यतिरेकेणापरे भवन्तीति, अत्रोच्यते, अर्हतामेव विशेष्यत्वान्न दोष इति । आह-यद्येवं हन्त तर्ह्यर्हत इत्येतावदेवास्तु लोकस्योद्योतकरानित्यादि पुनरपार्थकं, न तस्य नामाद्यनेकभेदत्वाद् भावार्हत्सङ्ग्रहार्थत्वादिति, अपरस्त्वाह-केवलिन इति न वाच्यं, यथोदाहृत तत्स्वरूपाणां अर्हतां केवलित्वे अव्यभिचारित्वात्, सति च व्यभिचारसम्भवे विशेषमर्थवद्भवति, यथा नीलोत्पलमिति, व्यभिचाराभावे तु तदुपादीयमानमपि यथा कृष्णो भ्रमरः, शुक्लो बलाहक इत्यादि ऋतेप्रया-सात्कमर्थं पुष्णातीति, तस्मात्केवलिन इत्यतिरिच्यते, न, अभिप्राया परिज्ञानात्, इह केवलिन एव यथोक्तस्वरूपा अर्हन्तो नान्ये इति नियमार्थत्वेन स्वरूपज्ञापनार्थमेवेदं विशेषणमित्यनवद्यं, न चैकान्ततो व्यभिचारसम्भवे एव विशेषणोपादानसाफल्यम्, उभयपदव्यभिचारे एकपदव्यभिचारे स्वरूपज्ञापने शिष्टोक्तिषु तत्प्रयोगदर्शनात्, तत्रोभयपदव्यभिचारे यथा नीलोत्पलमिति, तथैकपदव्यभिचारे यथाअब्द्रव्यं पृथिवी द्रव्यमिति, तथा स्वरूपज्ञापने यथा-परमाणुरप्रदेश इत्यादि, यतश्चैवमतः केवलिन इति न दुष्टं, आह-यद्येवं केवलिन इत्येतावदेव सुन्दरं, शेषं तु लोकस्योद्योतकरानित्याद्यपि न वाच्यमिति, अत्रोच्यते, इह श्रुतकेवलिप्रभृतयो अन्येऽपि विद्यन्त एव केवलिनस्तन्मा भूत्तेष्वेव सम्प्रत्यय इति तत्प्रतिक्षेपार्थं लोकस्योद्योतकरानित्याद्यपि वाच्यमिति, एवं द्वयादिसंयोगापेक्षाऽपि विचित्रनयमताभिज्ञेन स्वधिया विशेषणसाफल्यं वाच्यमित्यलं विस्तरेण, गमनिकामात्रमेतदिति-

પૂર્વપક્ષ-'લોકના પ્રકાશને કરનારા એવા અરિહંતોને હું સ્તવીશ' એટલું કથન બરોબર છે. જે 'ધર્મતીર્થના કરનાર' એવું બીજું વિશેષણ આપો છો તે નિરર્થક-નકામું કે વધારાનું છે. કારણ કે; જે લોકના ઉદ્યોત કરનારા તે અવશ્ય ધર્મતીર્થના કરનારા જ છે. એટલે 'લોકના પ્રકાશ કરનારા' એમ કહેવાથી જ 'ધર્મતીર્થના કરનારા' અર્હંતો હોય છે જ એમ આપો આપ સમજાઈ જ જાય છે. જો જે લોકના ઉદ્યોત કરનાર હોય, અને ધર્મતીર્થના કરનારા ન હોય તો તે પુરૂષમાં આ વિશેષણ વ્યભિચારવાળું થાય એટલે વ્યભિચારના વ્યવચ્છેદ સારૂ, ધર્મતીર્થના કરનારા એ વિશેષણ સાર્થક થાય એવું તો અહીં છે જ નહિ.

ઉત્તરપક્ષ-અહીં (લોકના ઉદ્યોત કરનારા એ વિશેષણના વ્યાખ્યાનમાં) ગ્રામના એક ભાગમાં જેમ ગ્રામ શબ્દનો વ્યવહાર-શબ્દ-પ્રયોગ અનુભવાય છે. તેમ-ગ્રામ શબ્દની માફક, પંચ અસ્તિકાયાત્મક લોક-શબ્દની પ્રવૃત્તિ-પ્રણાલિકા-વ્યવહાર હોઈ લોકના ભાગના (લોકના) પ્રકાશને કરનારા એવા [૧]અવધિ [૧]વિભંગજ્ઞાનવાળાઓમાં અથવા સૂર્યચંદ્ર વિગેરેમાં અર્હંતપણાનો વિશ્વાસ ન થાઓ ! એટલા ખાતર, મતલબ કે, 'લોકના ઉદ્યોત કરનારા' એટલું જ માત્ર કહો તો લોકના ભાગના (અંશના) પ્રકાશ કરનારા અવધિ-વિભંગજ્ઞાની કે સૂર્યચંદ્ર આદિનું પણ અર્હંત તરીકે ગ્રહણ થઈ જાય ! વાસ્તે જ અવધિ-વિભંગજ્ઞાનિ આદિનિષ્ઠ વ્યભિચારના વ્યવચ્છેદ કરવાને ખાતર 'ધર્મતીર્થના કરનારા' એ વિશેષણ મૂકેલું હોઈ, સફલ સાર્થક-વ્યવચ્છેદક છે.

પૂર્વપક્ષ-જો આમ જ છે તો 'ધર્મતીર્થના કરનારા' એ એક જ વિશેષણ કાયમ રહો ! 'લોકના ઉદ્યોત કરનારા' એ વિશેષણની શી આવશ્યકતા છે ? શો હેતુ છે ? શું પ્રયોજન છે ?

ઉત્તરપક્ષ-જો 'ધર્મતીર્થંકર'રૂપ એક જ વિશેષણ અર્હંતનું રાખવામાં આવે અને બીજા વિશેષણો ન મૂકવામાં આવે તો નદી વિગેરેના વિષમસ્થાનોમાં મફત, ધર્મના નિમિત્તે (લૌકિકદ્રષ્ટિએ) ભવથી તરવાના ઉપાયરૂપ તીર્થ (ઘાટ-ઓવારો, માર્ગ, પવિત્ર સ્થાન, યાત્રાનું સ્થાન વિગેરે રૂપ તીર્થ) ના કરનારાઓ પણ ધર્મતીર્થંકરો કહેવાય એવા ધર્મતીર્થંકરોમાં અત્યંત મુગ્ધ (ભોળી-મુંઝાયેલી) બુદ્ધિવાળાઓને અર્હંતપણાની મિથ્યાપ્રતીતિવિશ્વાસ ન થાઓ ! એટલા ખાતર અર્થાત્ પૂર્વકથિત ધર્મતીર્થંકરમાં અર્હંતપણાની ભ્રાંતિ દૂર કરવાને ખાંતર 'લોકના ઉદ્યોત કર' એ અર્હંતનું વિશેષણ, સાર્થક અને વ્યાવર્તક છે. કારણ કે; પૂર્વકથિત ધર્મતીર્થંકરમાં ધર્મતીર્થંકરત્વ હોવા છતાંય લોકનું ઉદ્યોતકરત્વ નથી. એટલે અત્યંતમુગ્ધ જનને પણ અર્હંતપણાની બુદ્ધિ નહિ થાય.

પૂર્વપક્ષ-'લોકોદ્યોતકર-ધર્મતીર્થંકર એવા અર્હંતને હું સ્તવીશ' એમ કહો ! 'જિન' આ પ્રમાણેના વિશેષણ પદને અધિકનિરર્થક શા માટે કહો છો ? કારણ કે પૂર્વકથિત લોકોદ્યોતકરત્વ-ધર્મતીર્થકરત્વરૂપ બે વિશેષણોથી વિશિષ્ટ જે હોય તે જિન જ હોય છે. માટે અધિક આ 'જિન'રૂપ વિશેષણપદ છે. વ્યાવર્તકપણાએ આ સફલ નથી માટે ન કહો !

ઉત્તરપક્ષ-અર્હંતનું 'જિન' એવું વિશેષણ-પદ, ભેદક હોઈ સાર્થક છે. તથાહિકુનય-કુદર્શન મતના અનુસારિ-પુરૂષોએ કલ્પેલ-માનેલ, લોકોદ્યોતકર (જ્ઞાનિ) ધર્મતીર્થંકર આપ્ત પુરૂષમાં અર્હંતપણાની મિથ્યામતિ-પ્રતિતિ કે ભ્રાંતિ ન થાઓ ! એટલા ખાતર અર્થાત્ અર્હંતપણાના અભાવવાળા-કુતીર્થિક કલ્પિત આપ્ત પુરૂષમાં લોકોદ્યોતકરત્વ (જ્ઞાનિત્વ) તથા ધર્મતીર્થંકરત્વ બે વિશેષણો હોઈ કોઈ મુગ્ધને અર્હંતપણાની ભ્રમણા થઈ જાય એટલે તે ભ્રમ ભાંગવાને ખાતર 'જિન' એવું [૧]વિશેષણ, ભેદક હોઈ સાર્થક છે.

---

૧ **वियमानं सद्व्यावर्त्तकं विशेषणम् । यत्साधारण्येन प्रतिपन्नं बहु प्रकारं वस्तु प्रकारान्तरेभ्यो व्यवच्छिद्य एकस्मिन् प्रकारे व्यवस्थापयति तद्विशेषणम् ।**

તથાચ કુનય-[1]કુદર્શનમાં સંભળાય છે કે 'ધર્મતીર્થને કરનારા જ્ઞાનીઓ મોક્ષપદ-પરમપદમાં પહોંચીને ફરીથી પણ પોતાના તીર્થ-શાસનનો તિરસ્કાર જોઈ સંસારમાં આવે છે.' વિગેરે વિગેરે. વળી આ નરદમ-નગદ કે નગ્ન સત્ય છે કે:-ધર્મતીર્થના કરનારા જ્ઞાનીઓ પરમપદ પામી સ્વશાસનની ~~પડતી~~ કે હાનિ જોઈ પાછા સંસારમાં પુનરાવૃત્તિ કરનારા ખરેખર ભવબીજના અંકુરને પેદા કરનારા રાગ-દ્વેષ-મોહાદિરૂપ ભીતરના શત્રુઓના વિજેતાઓ (જિનો) નથી. જો તે રાગાદિક વિજેતા (જિન) હોય તો સ્વશાસનની પડતીરૂપ કારણને લેઈ મુક્ત-સિદ્ધ આત્મામાં સંસારરૂપ અંકુરની ઉત્પત્તિ ક્યાંથી સંભવે ? કારણ કે, રાગાદિ રૂપ બીજનો આત્યંતિક અભાવ છે. વળી રાગાદિરૂપ બીજ હોય તો જ સંસારરૂપ અંકુરો છે. (અન્વય) રાગાદિકરૂપ બીજના અભાવે સંસારરૂપ અંકુરનો અભાવ (વ્યતિરેક) છે. એવંચ અન્વયવ્યતિરેકના નિશ્ચયથી કાર્યકારણભાવનો નિશ્ચય થતો હોઈ સંસારરૂપ અંકુર કાર્ય પ્રત્યે રાગાદિકરૂપ બીજ કારણ છે. એવો અહીં કાર્યકારણભાવ સમજવો.

આ બાબતને બતલાવતાં બીજા લોકોએ પણ કહ્યું છે કે, 'અજ્ઞાનરૂપી ધૂળથી ઢંકાયેલ, જુનું વિનાશભાવને નહિ પામેલું, કર્મ (રાગાદિ) રૂપ બીજ, તૃષ્ણારૂપ જલથી સીંચાયેલ, પ્રાણીઓના જન્મ (સંસાર) રૂપ અંકુરાને મૂકે છે-પેદા કરે છે. અર્થાત્ કર્મરૂપી બીજથી આત્મા, જન્મ-સંસારરૂપી અંકુરાને પામે છે. (કર્મબીજસત્ત્વે જન્મકાર્યની સત્તારૂપ અન્વય દર્શાવ્યો.)

હવે રાગાદિકરૂપ બીજના અભાવમાં સંસારરૂપ અંકુરાના અભાવરૂપ વ્યતિરેકને બતલાવે છે કે 'જેમ સર્વથા-આત્યંતિક બીજ બળી ગયા બાદ-ભસ્મીભૂત થયા બાદ અંકુરો ફુટતો કે ઉગતો નથી તેમ કર્મરૂપી બીજ સર્વથા-આત્યંતિક બળી ગયા બાદ -ક્ષયભાવને પામ્યા બાદ સંસારરૂપી અંકુરો ઉગતો નથી-પેદા થતો નથી.' અર્થાત્ અર્હંતપણાના અભાવવાળા પુરૂષમાં અન્યદર્શનાભિમત જ્ઞાનિત્વ (લોકોદ્યોતકરત્વ; ધર્મતીર્થકરત્વરૂપ બે વિશેષણો હોઈ કોઈ ભોળાને તેમાં અર્હંતપણાની બુદ્ધિ ન થાય અર્થાત્ તેઓ-લોકોદ્યોતકર-ધર્મતીર્થંકર (અન્ય દર્શનીકલ્પિત આપ્ત પુરૂષો ) અર્હંત નથી એ દર્શાવનારને સારૂ અથવા અન્યદર્શનીકલ્પિત આપ્ત પુરૂષના વ્યવચ્છેદ-ભેદ કરવા કાજે 'જિન ' એ અર્હંતનું વિશેષણપદ સાર્થક છે.

સારાંશ-કે, અન્યમતીએ માનેલ મુક્તજીવ, સંસારી પુનઃ બને છે. માટે તેમાં રાગાદિ (સંસાર બીજ) જેતૃત્વરૂપ જિનત્વનો અભાવ હોઈ 'જિન' એ વિશેષણ, અન્યદર્શનિકલ્પિત આપ્તત્વનું વ્યાવર્તક હોઈ સફળ છે.

---

**સંસ્કૃત વૈયાકરણો વિશેષણના ત્રણ પ્રકાર આપે છે.'-વ્યાવર્ત્તક, વિધેય, હેતુગર્ભ, વ્યાવર્ત્તક એટલે જુદું પાડનાર 'પીળુંવસ્ત્ર' એમાં 'પીળું' વિશેષણ વ્યાવર્ત્તક છે કેમ કે એ 'વસ્ત્ર'ને અન્ય પ્રકારનાં વસ્ત્રથી વ્યાવૃત્ત કરે છે-જુદું પાડે છે. વિશેષણનો એજ મુખ્ય ધર્મ છે; જેથી કશાનું વિધાન થાય છે તે 'વિધેય'. 'આ ચોપડી સુંદર છે,' એમાં 'સુંદર' એ વિધેય વિશેષણ છે, જે વિશેષણમાં હેતુનો અર્થ ગર્ભિત છે તે 'હેતુગર્ભ' વિશેષણ કહેવાય છે. 'પીધેલો પુરૂષ રસ્તામાં પડી જાય છે' પીધેલો હોવાથી, આવાં હેતુગર્ભ-સાભિપ્રાય વિશેષણથી કાવ્યમાં ચમત્કાર આવે તો પરિકર અલંકાર બને છે.**

**૧ 'तथा चाहुराजीविकनयानुसारिण.' સ્યાદ્વાદ મંજરી અન્ય. યો. વ્ય. શ્લો. ૧ આજીવિક મતના અનુયાયીઓ કહે છે કે'**

પૂર્વપક્ષ-'રાગાદિવિજેતારૂપ જિન એવા અરિહંતોને હું સ્તવીશ' એટલું જ બોલો, અરિહંતના લોકોદ્યોતકર અને ધર્મતીર્થકર એ બે વિશેષણ પદો અધિક લાગે છે. કારણ કે, જે જિન છે તે લોકોદ્યોતકર અને ધર્મતીર્થકર હોય જ.

ઉત્તરપક્ષ-આ જૈન પ્રવચનમાં સામાન્ય રીતે વિશિષ્ટશ્રુતધર વિગેરે પણ [1]જિન તરીકે ઓળખાય છે. જેમ કે, (૧) શ્રુતજિન (શ્રુત કેવલી) (૨) અવધિજિન (અવધિજ્ઞાની) (૩) મનઃપર્યાય જિન (મનઃપર્યાય જ્ઞાની) (૪) છદ્મસ્થવીતરાગ (ઉપશાંત મોહનામના અગીયારમા ગુણ સ્થાને રહેલ) તથાચ લોકોદ્યોતકર અને ધર્મતીર્થકર આ બે વિશેષણો છોડી કેવલ 'જિન' એક વિશેષણપદ મૂકવામાં આવે તો 'જિન' શબ્દથી સામાન્યથી શ્રુતજિનાદિમાં પણ અર્હંતપણાની બુદ્ધિ-પ્રતીતિ વિશ્વાસ થઇ જાય એટલે એવી ભ્રાંતિને ભાંગવા ખાતર લોકોદ્યોતકર ધર્મતીર્થકરાદિ વિશેષણોની આવશ્યકતા છે.લોકોદ્યોતકરાદિ વિશેષણો શ્રુત જિનાદિના ભેદક હોઇ સાર્થક છે.

પૂર્વપક્ષ-'લોકોદ્યોતકર-ધર્મતીથકર-જિનને હું સ્તવીશ'! એમ બોલો 'અરિહંતોને' હું સ્તવીશ એ પદ ન બોલો ! કારણકે, લોકોદ્યોતકરત્વ ધર્મતીર્થકરત્વજિનત્વરૂપ સ્વરૂપવાળાઓ, અર્હંતો જ હોય છે. બીજા આત્માઓ હોતા નથી. તેમજ અર્થાપત્તિથી-અધ્યાહારથી અર્હંતો આવી જ જાય છે. તો શબ્દથી શા માટે બોલો છો ? ઉપર્યુક્ત વિશેષણવાળા બીજા આત્માઓ,અરિહંત ભિન્ન છે જ નહિ. જો બીજા આત્માઓ અરિહંત થતા હોય તો એના માટે અર્હંત પદનું શબ્દથી ગ્રહણ કરવું જરૂરી છે એમતો છે જ નહિ.

---

**૧ જિન એટલે રાગદ્વેષ મોહને જિતનારા-ચતુર્થગુણસ્થાનકથી માંડી યાવત બારમા ગુણસ્થાન સુધીના આત્માઓ તેના ઈશ એટલે સ્વામી તે જ સર્વજ્ઞ દેવ કહેવાય છે, જેઓએ રાગદ્વેષને મોહસર્વાંશે જીત્યા નથી, તેઓ સર્વજ્ઞ દેવ પણ નથી અને અલ્પાંશે પણ જીત્યા નથી તેઓ જિન પણ નથી. સર્વાંશે જિતનાર ત્રયોદશ અને ચતુર્દશ ગુણસ્થાનકે રહેલા શ્રી સર્વજ્ઞ દેવો છે. અને અલ્પ-અધિકાંશે જીતનાર ચતુર્થથી માંડી યાવત દ્વાદશ ગુણસ્થાનક વર્તી આત્માઓ છે અને તેઓ જિન વ્યપદેશને લાયક છે. જો કે ક્ષીણમોહનામના દ્વાદશ ગુણસ્થાનકે પહોંચેલા મહાત્માઓએ રાગદ્વેષ અને મોહનો સર્વથા ક્ષય કરી નાખેલો હોય છે. તો પણ તેઓને હજુ અનંતજ્ઞાની બનવા માટે થોડા કાળનું અંતર છે. તેથી તેઓને માટે પણ આપણે સર્વજ્ઞ દેવનો વ્યપદેશ નહિ કરતાં જિનનો જ વ્યપદેશ કરીએ છીએ. અહીં એટલું સમજી લેવું જોઈએ કે-ત્રયોદશ અને ચતુર્દશ ગુણસ્થાનકે રહેલા આત્માઓ બે પ્રકારના છે. એક સામાન્ય કેવલજ્ઞાની મહર્ષિઓ અને બીજા શ્રી તીર્થંકરનામકર્મની સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિનો ઉપભોગ કરનારા શ્રી તીર્થંકર દેવના આત્માઓ ત્રયોદશ અને ચતુર્દશ ગુણસ્થાનકે રહેલા સામાન્ય કેવળજ્ઞાની મહર્ષિઓ પણ રાગ અને દ્વેષ સર્વાંશે જીતેલા હોવાથી ચતુર્થ આદિ અન્ય ગુણસ્થાનકોએ રહેલા અવધિ આદિ જિનોના ઈશ એટલે સ્વામી બનવાને લાયક છે. તો પણ તેઓ શ્રી તીર્થંકરનામકર્મ નામની પુણ્યપ્રકૃતિના માલીક નહિ હોવાથી શ્રી તીર્થંકર દેવના આત્માની અપેક્ષાએ સામાન્ય જિન જ કહેવાય છે અને શ્રી તીર્થંકર દેવોને તેમના પણ ઈશ કહેવાય છે, અર્થાત્ શ્રી જિનેશ્વર પદ શ્રી તીર્થંકર દેવોના આત્માઓ માટે જ રૂઢ છે પરંતુ અવધિ આદિ જિનોની અપેક્ષાએ સામાન્ય કેવલજ્ઞાની મહર્ષિઓને પણ શ્રી જિનેશ કહી શકાય છે. અને એ અપેક્ષાએ જ આપણે અહીં ત્રયોદશ-ચતુર્દશ ગુણસ્થાનક વર્તી મહર્ષિઓ માટે સામાન્યતયા શ્રી તીર્થંકર દેવો હોય છે. તેથી શ્રી જિનેશ્વર દેવ તરીકે શ્રી તીર્થંકર દેવોને સમજવાના છે. અને સર્વજ્ઞ દેવ તરીકે સામાન્ય કેવલી અને તીર્થંકર કેવલી એ ઉભયને સમજવાના છે.**

ઉત્તરપક્ષ-અહીં 'અર્હંત' પદ એ વિશેષ્ય-વાચક પદ છે. માટે કોઈ જાતનો દોષ નથી.

વળી જો કેવલ ગુણોનું જ (લોકોદ્યોતકરત્વ-ધર્મતિર્થકરત્વજિનત્વ વિ. ગુણોનું જ) મહત્ત્વ (કીંમત) સ્વીકારવામાં આવે અને તેના આધારભૂત ગુણીરૂપ વ્યક્તિઓનું મહત્ત્વ (કીંમત) સ્વીકારવામાં ન આવે તો મિથ્યાત્વનો પ્રસંગ આવે, તે મિથ્યાત્વ પ્રસંગને દૂર કરવા અને ગુણ-આધારભૂત ગુણીરૂપ વ્યક્તિઓનું મહત્ત્વ, ગુણબરોબર જ છે એમ જાહેર કરવા માટે 'અર્હંત' આ પ્રમાણેનું વિશેષ્ય પદ મૂકેલ છે. એ બરોબર વ્યાજબી-આવશ્યક સાર્થક છે.

પૂર્વપક્ષ- જો તમોએ 'અરિહંત' રૂપ પદનું-વિશેષ્ય પદનું મહત્ત્વ સંપૂર્ણ માનેલ છે તો 'અરિહંતોને હું સ્તવીશ' એટલું જ બોલો ! શા માટે 'લોકોદ્યોતકર-ધર્મતીર્થકર જિન એવા અરિહંતોને હું સ્તવીશ' એમ બોલો છો ! કારણકે, વ્યચ્છેદ્યનો અભાવ હોઈ લોકોદ્યોતકર -ધર્મતીર્થકરત્વ-જિનત્વ એ ત્રણ વિશેષણો વ્યાવર્તક બનતા નથી એટલે નિરર્થક-નકામા-અધિક છે.

ઉત્તરપક્ષ- આ તમારૂં કથન ગેરવ્યાજબી છે. કારણકે, [1]નામ વિગેરેથી અર્હંતો અનેક પ્રકારના છે. એટલે ભાવઅર્હંત ભિન્ન નામ આદિ અર્હંતો અહીં વ્યવચ્છેદ (વ્યવચ્છેદયોગ્ય) છે.

તથાચ નામ આદિ અર્હંતોના લોકોદ્યોતકરત્વ-ધર્મતીર્થકરત્વ-જિનત્વ રૂપ વિશેષણો વ્યાવર્તક હોઈ આવશ્યક -સફલ-સાર્થક છે. જો આ વિશેષણો ન મૂક્યા હોત તો ભાવ અર્હંતભિન્ન નામ આદિ અર્હંતોનું અવશ્ય ગ્રહણ થઈ જાત એટલે ફક્ત ભાવઅર્હંતના ગ્રહણસારૂ આ વિશેષણો, વિશેષ ઉપયોગી છે.

પૂર્વપક્ષ- 'લોકોદ્યોતકર-ધર્મતીર્થકર અને જિન એવા અરિહંતોને હું સ્તવીશ' એટલું જ બોલો ! પરંતુ અરિહંતોનું જે 'કેવલી' એ પ્રમાણેનું વિશેષણ પદ છે તે બોલો ! કારણ કે; લોકોદ્યોતકરત્વ-ધર્મતીર્થકરત્વ-જિનત્વ એ ત્રણ વિશેષણોથી વિશિષ્ટ અરિહંતોના કેવલિપણામાં વ્યભિચાર આવતો નથી.જ્યાં આ ત્રણ વિશેષણો છે ત્યાં અવશ્ય કેવલિપણું છે જ અથાત્ પૂર્વકથિત ત્રણ વિશેષણવાળા અરિહંતો કેવલીઓ જ હોય છે. જો પૂર્વકથિત ત્રણ વિશેષણવાળા હોય અને તે આત્માઓ અરિહંત ન હોય તો અરિહંતભિન્ન ત્રણ વિશેષણવાળા આત્માઓની વ્યાવૃત્તિ ખાતર ઉપયોગી કેવલિત્વ વિશેષણ બને ! પરંતુ એમ તો છેજ નહિં અથાત્ અહીં કોઈ વ્યભિચાર આવતો નથી કે જેથી આપેલું વિશેષણ સફલ બને !

વળી વ્યભિચારની હૈયાતી હોયે છતે જ વિશેષણ ગ્રહણની સફલતા છે. કહ્યું છે કે [2]વ્યભિચાર

---

૧ નામજિના જિનનામા, ઠવણજિના પુણ જિણંદપડિમાઓ । દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવસરણત્થા ॥ ઋષભદેવ ઈત્યાદિ તીર્થંકરનું જે નામ તે 'નામ જિનેશ્વર', અને જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા તે 'સ્થાપનાજિન' તથા જિનેશ્વરના જીવ તે 'દ્રવ્યજિન', અને સમવસરણમાં બેઠેલા તે 'ભાવજિન' કહેવાય.

૨ 'સમ્ભવવ્યભિચારાભ્યાંસ્યાદ્વિશેષણમર્થવત્' યથા નીલો ઘટ ઇત્યત્ર ઘટસ્ય નીલતા નીલે ઘટે સમ્ભવતિ, પીતાદિઘટે વ્યભિચરત્યતો ઘટસ્ય નીલ ઇતિ વિશેષણમર્થવત્. 'યત્ર વિશેષ્યે વિવક્ષિતવિશેષણસ્ય ન સમ્ભવો નાપિ સમ્ભવાસમ્ભવરૂપો વ્યભિચારસ્તત્ર તદ્વિશેષણોપન્યાસો વ્યર્થત્વાન્નકાર્ય ઇત્યર્થઃ'

અને સંભવ બંને હોયે છતે અથવા વ્યભિચારનો સંભવ હોયે છતે વિશેષણ, સાર્થક સફલ થાય છે' (અહીં સંભવ એટલે વિશેષણનું વિશેષ્યમાંરહેવું અને વ્યભિચાર એટલે વિશેષ્યથી જુદી તમામ વ્યક્તિઓમાં વિશેષણની રહેવાની વ્યાવૃત્તિ-ભેદ-અભાવ એમ સમજવું.)

દા.ત. જેમ કે 'નીલોત્પલ' આ સ્થલે ઉત્પલ (કમલ)નું નીલપણું નીલાઉત્પલમાં ઘટે છે તેમ જ રક્તાદિ ઉત્પલમાં વ્યભિચરિત-અસંભવિત થાય છે. અર્થાત્ રક્તાદિ ઉત્પલની વ્યાવૃત્તિ-ભેદ પણ ઉત્પલનું નીલપણું કરે છે. એટલે સંભવ અને વ્યભિચાર (ઈતરવ્યાવૃત્તિ) દ્વારા વિશેષણ સાર્થક બને છે.

વ્યભિચારના અભાવમાં (ઈતરવ્યાવૃત્તિરૂપ ફલ-અર્થના અભાવમાં) ગ્રહણ કરાતું વિશેષણ જેમકે 'કૃષ્ણોભ્રમરઃ' કાલો ભમરો, ધોળો બલાહક વિગેરે વિશેષણ,નિરર્થક-અધિક વધારે પડતું છે. તેમ અહીં પણ અરિહંત 'કેવલી' એવું વિશેષણ નિરર્થક-અધિક વધારે પડતું છે.

ઉત્તરપક્ષ- હજુ સુધી તમે અમારો ઊંડો આશય-અભિપ્રાય જાણ્યો એટલે આમ બોલો છો. લો ત્યારે જાણો- અહીં (જગદ્બોધરૂપ ફલપાકજનક તીર્થંકરનામકર્મનો વિપાકોદય કેવલીપણામાં થતો હોઈ) 'લોકોદ્યોતકર-ધર્મતીર્થ-કર-જિન એવા કેવલીઓ જ અર્હંતો થાય છે. બીજા આત્માઓ નહિ' આવા પ્રકારના નિયમો-વ્યાપકતાનો મહાન ઉદ્દેશ (ધ્યેય-પ્રયોજન) જેમાં રહેલ છે એવા અર્હંતોના કેવલિત્વરૂપને દર્શાવવા ખાતર 'કેવલી' રૂપ વિશેષણપદ, નિર્દોષ નિષ્કલંક-સફલ છે.

વળી એવો કોઈ એકાંતથી નિયમ નથી કે; વ્યભિચારના સંભવમાં જ વિશેષણગ્રહણની સફલતા હોય ! કારણકે; ઉભયપદ વ્યભિચાર રૂપ ફળવાળા, એક વ્યભિચાર રૂપ ફળવાળા, સ્વરૂપજ્ઞાપનરૂપ ફળવાળા વિશેષણ-પદોના પ્રયોગનું શિષ્ટઆપ્તપુરૂષપ્રણીત વાક્યરચનામાં બરોબર દર્શન છે.

દા.ત. જેમકે-(૧) ઉભયપદ વ્યભિચારવાળા વિશેષણપદ પ્રયોગવાળી શિષ્ટની વાક્યરચનાનું દૃષ્ટાંત. 'નીલોત્પલ' નીલું કમળ. અહીં [૧]વિશેષણ અને વિશેષ્ય, સંબંધિ શબ્દવાળા હોઈ ગમે તે એક શબ્દના ગ્રહણથી બંનેની પ્રાપ્તિ થઈ જાત પરંતુ બંને વિશેષણ વિશેષ્ય-વાચક શબ્દોનું ગ્રહણ, પરસ્પર બંનેના વ્યવચ્છેદ્ય-વ્યવચ્છેદકપણામાં સમાસ જેમ થાય એટલા ખાતર છે. 'નીલોત્પલ' અહીં નીલ શબ્દથી રક્ત (લાલ) ઉત્પલાદિનો વ્યવચ્છેદ કરાય છે. અર્થાત્ નીલપદ પણ ઈતરવ્યાવર્ત્તક છે અને ઉત્પલપદ પણ ઈતરવ્યાવર્તક છે એમ જાણવું.

(૨) એક-પદ-વ્યભિચારવાળા વિશેષણ પદ પ્રયોગ વાળી શિષ્ટની વાક્યરચનાનું દૃષ્ટાંત; પાણી દ્રવ્ય છે. પૃથ્વી દ્રવ્ય છે. અહીં દ્રવ્યત્વ રૂપ વિશેષણથી ગુણાદિનો વ્યવચ્છેદ કરાય છે. અત એવ એક દ્રવ્યપદ, ગુણાદિવ્યાવર્ત્તક છે.

---

૧ વિશેષણવિશેષ્યયોઃ સમ્બન્ધિશબ્દત્વાદેકતરોપાદાનેનૈવ દ્વયે લબ્ધે દ્વયોરુપાદાનં પરસ્પરમુભયોર્વ્યવચ્છેદકત્વે સમાસો યથા સ્યાદિત્યેવમર્થમ્। યથા નીલોત્પલમિત્યત્ર નીલશબ્દેન રક્તોત્પલાદિકં વ્યવચ્છિદ્યતે । ઉત્પલશબ્દેન નીલપટાદિકં વ્યવચ્છિદ્યતે ઇતિ ।

(૩) સ્વરૂપજ્ઞાપનરૂપ ફળવાળા વિશેષણપ્રયોગવાળી શિષ્ટની વાક્યરચનાનું દૃષ્ટાંત. 'પરમાણુરપ્રદેશઃ' પરમાણુ, પ્રદેશરહિત છે. (પરમાણુને પ્રદેશ નથી, કેમકે, જાતે જ એક પ્રદેશરૂપ છે.) અહીં પરમાણુના પ્રદેશરહિતપણારૂપ સ્વરૂપ જણાવનારું 'અ-પ્રદેશ' રૂપ વિશેષણ-પદ છે.

વસ્તુસ્થિતિ વાસ્તવમાં આવી જ છે તો-સ્વરૂપજ્ઞાપનરૂપ ફલને ઉદ્દેશીને, વિશેષણપદની પ્રવૃત્તિ, શિષ્ટોના આપ્ત પુરૂષોના વાક્યમાં દેખાતી હોઈ 'કેવલિનઃ' એ સ્વરૂપજ્ઞાપનરૂપફલપ્રદર્શક વિશેષણ પદ, નિર્દોષ-સફલ-સુવિહિત જ છે.

પૂર્વપક્ષ- જો આમજ છે તો 'કેવલી એવા અરિહંતોને હું સ્તવીશ' એટલું જ બોલો ? લોકોદ્યોતકર-ધર્મતીર્થકર-જિન એવા વિશેષણપદો શા માટે ?

ઉત્તરપક્ષ- અહીં-કેવલિત્વરૂપ સામાન્ય ધર્મની અપેક્ષાએ શ્રુત કેવલી[1] વિગેરે ભાવ અર્હંતથી ભિન્ન-બીજા આત્માઓ પણ (સંપૂર્ણ શ્રુતાદિની અપેક્ષાવાળુ કેવલિત્વ સમજવું.) કેવલી તરીકે નવાજાય છે તે શ્રુત કેવલી આદિમાં ભાવ અર્હંતપણાની પ્રતીતિ બુદ્ધિ ન થાઓ ! એટલા ખાતર અર્થાત્ શ્રુતકેવલી આદિમાં ભાવ અર્હંતપણાની ભ્રાંતિ ભાંગવા ખાતર-શ્રુતકેવલી આદિના વ્યવચ્છેદ કરવા ખાતર લોકોદ્યોતકર-ધર્મતીર્થકર-જિનરૂપ વિશેષણોની અગત્યતા માનવી પડશે જ.

એવંચ બે-ત્રણ વિગેરે વિશેષણોના સંયોગની અપેક્ષાએ પણ નાનાવિધ નયના અભિપ્રાયના જાણ ગીતાર્થ મહાપુરૂષે પોતાની પ્રતિભાદ્વારા વિશેષણોની સફલતા કહેવી જોઈએ !

હવે આ પ્રમાણેના શબ્દવિસ્તારરૂપ વિસ્તારથી સરો !

આ જે કેવલ શબ્દપ્રપંચ દર્શાવ્યો તે કેવલ ગમનિકા (સામાન્ય-વાક્યાર્થ-બોધ) માત્ર સમજવો કારણ કે, વિશેષ તો વિભાષક-વાર્તિકકારના વિષયરૂપ છે.

હવે ચોવીશ તીર્થંકરોની નામ દઈને ભાવભીની સ્તુતિ કરે છે. સુંદર ભાવનાગર્ભિત પ્રાર્થના રજૂ કરે છે.

**तत्र यदुक्तं "कीर्तयिष्यामीति" तत्कीर्तनं कुर्वन्नाह-उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च । पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥ सुविहिं च पुप्फदंतं, सीअल सिज्जंस वासुपुज्जं च । विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥ कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥ एता निगदसिद्धा एव, नामान्वर्थनिमित्तं त्वावश्यके "उसीसु उसभलच्छण, उसभं सुमिणं मितेण उसभजिणो" इत्यादि ग्रन्थादवसेयमिति, कीर्त्तनं कृत्वा चेतः-शुद्ध-यर्थं प्रणिधिमाह-एवं मए अभिथुआ, विहुअरयमला पहीणजरमरणा ।**

---

**૧ સામાન્ય કેવલી (તીર્થંકર અને ગણધરો સિવાયના બાકી કેવલી) મુંડ કેવલી (મૂક અને અંતકૃત કેવલી) વિગેરેથી સમજવા**

चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥ व्याख्या-''एवम्'' अनन्तरोदितेन विधिना मयेत्यात्मनिर्देशमाह, अभिष्टुता इति आभिमुख्येन स्तुता अभिष्टुताः स्वनामभिः कीर्तिता इत्यर्थः, किंविशिष्टास्ते ? विधूतरजोमलाः, तत्र रजश्च मलं च रजोमले विधूते-प्रकम्पिते अनेकार्थत्वाद्धातूनामपनीते रजोमले यैस्ते तथाविधाः, तत्र बध्यमानं कर्म्म रजो भण्यते, पूर्वबद्धं तु मलमिति, अथवा बद्धं रजः, निकाचितं मलः अथवैर्यापथं रजः साम्परायिकं मलमिति, यतश्चैवंभूता अतएव प्रक्षीणजरामरणाः, कारणाभावादित्यर्थः, तत्र जरा-वयोहानिलक्षणा, मरणं प्राणत्यागलक्षणं, प्रक्षीणे जरामरणे येषां ते तथाविधाः, चतुर्विंशतिरपि, अपिशब्दादन्येऽपि, जिनवराः-श्रुतादिजिनप्रधाना ते च सामान्यकेवलिनोऽपि भवन्ति अत आह-''तीर्थकरा'' इत्येतत्समानं पूर्वेण मे-मम किं ? प्रसीदन्तु-प्रसादपरा भवन्तु,

ભાવાર્થ– જે પ્રથમ ગાથામાં પ્રતિજ્ઞા કરી હતી કે 'હું નામ દઈને ચોવીશ અરિહંતોની સ્તુતિ કરીશ' એટલે જ હવે ચોવીશ અરિહંતોની નામ દઈને સ્તુતિ કરતાં બોલે છે કે 'શ્રી ઋષભદેવ નામના પ્રથમ તીર્થંકરને અને શ્રી અજિતનાથ નામના બીજા તીર્થંકરને હું વંદું છું. શ્રી સંભવનાથ નામના ત્રીજા તીર્થંકરને, શ્રી અભિનંદન નામના ચોથા તીર્થંકરને, શ્રી સુમતિનાથ નામના પાંચમા તીર્થંકરને, શ્રી પદ્મપ્રભ નામના છઠ્ઠા તીર્થંકરને, શ્રી સુપાર્શ્વનાથ નામના સાતમા તીર્થંકરને, શ્રી ચંદ્રપ્રભ નામના આઠમા તીર્થંકરને, શ્રી સુવિધિનાથ નામના નવમા તીર્થંકરને , પુષ્પદંતને (શ્રી સુવિધિનાથનું આ બીજું નામ છે.) શ્રી શીતલનાથ નામના દશમા તીર્થંકરને, શ્રી શ્રેયાંસનાથ નામના અગીયારમા તીર્થંકરને તથા વાસુપૂજ્ય નામના બારમા તીર્થંકરને, શ્રી વિમલનાથ નામના તેરમા તીર્થંકરને, શ્રી અનંતનાથ નામના ચૌદમા તીર્થંકરને, શ્રી ધર્મનાથ નામના પંદરમા તીર્થંકરને, શ્રી શાંતીનાથ નામના સોળમા તીર્થંકરને હું વંદુ છું. શ્રી કુંથુનાથ નામના સત્તરમા તીર્થંકરને,શ્રી અરનાથ નામના અઢારમા તીર્થંકરને, શ્રી મલ્લીનાથ નામના ઓગણીસમા તીર્થંકરને, શ્રી મુનીસુવ્રતસ્વામી નામના વીશમા તીર્થંકરને, શ્રી નમિનાથ નામના એકવીશમા તીર્થંકરને, શ્રી નેમીનાથ નામના બાવીશમા તીર્થંકરને, શ્રી પાર્શ્વનાથ નામના ત્રેવીસમા તીર્થંકરને તથા શ્રી વર્ધમાનસ્વામી નામના ચોવીસમા તીર્થંકરને, હું વંદું છું.' આ ગાથાઓનો અર્થ સરલ છે એટલે તેની વ્યાખ્યા નથી કરેલ. જિનેશ્વરોના નામની યથાર્થતાનું નિમિત્ત કારણ તો આવશ્યકમાં 'પ્રથમ તીર્થંકરના બંને ઉરૂ (સાથળ)માં વૃષભનું લાંછન હતું, તથા સર્વ તીર્થંકરોની માતા પહેલા સ્વપ્નમાં હાથી દેખે,જ્યારે એમની માતા મરૂદેવીએ પહેલાં સ્વપ્નમાં વૃષભ (બળદ) દીઠો તેથી આ પ્રભુનું નામ 'વૃષભ' પડયું છે, ઈત્યાદિ ગ્રંથથી જાણી લેવું ઈતિ.

હવે કીર્તન કર્યા બાદ ચિત્તની શુદ્ધિ ખાતર પ્રણિધાનને કહે છે કે આ પ્રમાણે-ઉપર કહેલ વિધિ પ્રમાણે મારા વડે (અહીં આત્મનિર્દેશ સમજવો.) અભિમુખ ભાવથી સ્તવાયેલા-નામપૂર્વક સ્તવાયેલા તેઓ કેવા છે ?તો કહે છે કે, રજ અને મલ રૂપી કર્મને દૂર કરનારા, અહીં રજ અને મલનો અર્થ દર્શાવે છે કે, (૧) રજ વર્તમાન કાલમાં નવા બંધાતા જે કર્મ તે. મલ ભૂતકાલમાં પૂર્વે બાંધેલ જે કર્મ તે. (૨)ચારે પ્રકારના (સ્પૃષ્ટ-બદ્ધ-નિધત્ત-નિકાચિત એમ ચાર પ્રકારના) કર્મો પૈકી જે બદ્ધ કર્મ છે તે રજ તરીકે કહેવાય છે, બદ્ધકર્મ-જેમ સોયોનો ઢગલો જો દોરો વડે બાંધી લીધો હોય તો જ્યારે બંધ છોડીએ ત્યારે સોયો છુટી છુટી થઈ જાય તેમ જે કર્મ વિકથા-આદિ પ્રમાદ-થકી ઉત્પન્ન થયેલા પ્રાણાતિપાતાદિદોષે કરીને બાંધ્યું હોય તે આલોચના અને પ્રતિક્રમણે કરીને ક્ષય થાય તે બદ્ધ કર્મ કહેવાય છે.

તે ચાર પ્રકારના કર્મો પૈકી જે નિકાચિત કર્મ છે, તેને મલ તરીકે ઓળખાવાય છે.નિકાચિત કર્મ-હવે તે જ સોયનો સમૂહ અગ્નિમાં મૂકી ઘમીને લોઢાના એક પિંડભુત કર્યો હોય તો તેને ભાંગીને ફરીને ઘડે ત્યારે જ નવીન સોયો થાય, તેમ જીવે જાણીને જે કર્મ કર્યું હોય અને વળી 'મેં આ ઠીક કર્યું , ફરીને પણ એમ જ કરીશ' આવા વચનો વડે વારંવાર અનુમોદન કરવાથી જીવના પ્રદેશોની સાથે ગાઢ એકત્વપણાને પમાડયું હોય તે કર્મ તો જેવું કર્યું હોય તેવું જ વેદવું પડે છે, ગુરૂ મહારાજાએ આપેલ અત્યંતઘોર તપ વડે પણ ક્ષય થતું નથી તે નિકાચિત કર્મ કહેવાય છે. તે અહીં મલ તરીકે કહેવાય છે.

(૩) ત્રીજો અર્થ ઐર્યાપથ કર્મ તે અહીં રજ કહેવાય છે. અર્થાત્ જે કર્મ જતાં આવતાં બંધાય તે.

સાંપરાયિક કર્મ તે અહીં મલ કહેવાય છે.અર્થાત્ જે કર્મમાં કારણ કષાય છે તે, જેઓ રજ મલ રૂપ કર્મને દૂર કરનારા છે. એટલે જ તેઓ રજ મલ રૂપ કર્મને દૂર કરનારા છે. એટલે જ તેઓ જરા અને મરણનો વિશેષ રીતે સર્વથા ક્ષય કરનારા છે, કારણ કે, (રજમલ સ્વરૂપ) કર્મરૂપી કારણનો અભાવ છે.જો કર્મસત્તા હોય તો જ જરા અને મરણની સત્તા છે. કર્મસત્તારૂપ કારણનો સદંતર-સર્વથા અભાવ હોય ત્યાં જરામરણ રૂપ કાર્યનો મુદ્દલ અભાવ હોય જ એ કાયદેસરની વાત છે.

અહીં જરા એટલે વૃદ્ધત્વ-વૃદ્ધાવસ્થા-વયહાની, શરીરની ક્ષીણતા સમજવી.

મરણ એટલે પ્રાણત્યાગ-વિયોગ રૂપ મરણ અર્થાત્ સર્વ પ્રાણોમાં મુખ્યપ્રાણ જે આયુષ્ય, તે સર્વથા ઘટી જવાથી બધાય પ્રાણો જુદા પડે છે. એટલે પ્રાણવિયોગનું નામ જ મરણ.તથાચ રજમલરૂપી કર્મને દૂર કરનારા. જરામરણનો ક્ષય કરનારા એવા ઋષભાદિ ચોવીશ પણ (અપિ-પણ શબ્દથી ઐરાવત તથા મહાવિદેહ ક્ષેત્રમાં રહેલ અન્ય તીર્થંકરો પણ એમ સમજવું) જિનવરો-શ્રુતજિન વિગેરે જિનોમાં વર-પ્રધાન-શ્રેષ્ઠ, જો શ્રુતજિનાદિરૂપજિનોમાં શ્રેષ્ઠ એવો જિનવરનો અર્થ કરવામાં આવે તો સામાન્ય કેવલીઓ પણ જિનવરો કહેવાય ! કે જે પ્રસ્તુત સ્તુતિના વિષયરૂપ નથી. એટલે પૂર્વવત્ સામાન્ય કેવલીઓનો વ્યવચ્છેદ કરવા સારૂ 'તીર્થંકર' એવું ભેદક-સફલ વિશેષણ, જિનવરનું સમજવું અર્થાત્ ઉપર કહેલ વિધિમુજબ સ્તુતિ કરાયેલા, રજોમલરૂપ કર્મને દૂર કરનારા, જરા અને મરણનો સર્વથા ક્ષય કરનારા, ચોવીશ પણ તીર્થંકર જિનવરો મારા ઉપર [૧]પ્રસાદપરાયણ-પ્રસાદવાળા [૨]થાઓ'.

---

**૧ પ્રસાદ એટલે મહેરબાની, પ્રસન્નતા, આશીષ કે કૃપા, તેને કરવામાં જે તત્પર હોય તે પ્રસાદપરાયણ કહેવાય. પ્રસાદપરાયણતા રૂપ ગુણવાળા થાઓ. અર્થાત્ મહેરબાની રાખો, પ્રસન્ન થાઓ, આશીષ આપો કે કૃપા કરો.**

**૨ જેને આપણે 'પ્રસન્ન થાઓ' એમ કહીએ છીએ તે જિન ભગવાન વીતરાગ છે, એટલે તેથી સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન થતા નથી, તેમજ તેની નિંદા કરનાર ઉપર અપ્રસન્ન થતા નથી, પરંતુ સ્તુતિ કરનારને સ્તુતિનું ફળ મળે છે. અને નિંદા કરનારને નિંદાનું ફળ મળે છે કારણ કે દરેક ક્રિયાનું ફળ અવશ્ય હોય છે જ વળી જેવી રીતે ચિંતામણીથી, મંત્રાદિક કરવાથી શુભની વાંછા કરનારને શુભ ફળ મળે છે, અને અશુભ વાંછા કરનારને અશુભ ફળ મળે છે, તેવી**

હવે 'પ્રસન્ન થાઓ' એ વાક્યની સંપૂર્ણ મીમાંસા કરતાં બતાવે છે કેઃ—

**आह-किमेषा प्रार्थना अथ नेति, यदि प्रार्थना न सुन्दरैषाऽऽशंसारूपत्वात्, अथ न उपन्यासोऽस्या अप्रयोजन इतरो वा ? अप्रयोजनश्चेदचारु वन्दनसूत्रं, निरर्थकोपन्यासयुक्तत्वात्, अथ सप्रयोजनः, कथमयथार्थतया तत्सिद्धिरिति, अत्रोच्यते, न प्रार्थनैषा, तल्लक्षणानुपपत्तेः, तदप्रासादाक्षेपिकैषा, तथा लोकप्रसिद्धत्वात्, अप्रसन्नं प्रति प्रसाददर्शनात्, अन्यथा तदयोगात्, भाव्यप्रसादविनिवृत्त्यर्थं च, उक्तादेव हेतोरिति; उभयथाऽपि तदवीतरागता, अत एव स्तवधर्मव्यतिक्रमः, अर्थापत्त्याऽऽक्रोशात्, अनिरूपिताभिधानद्वारेण, न खल्वयं वचनविधिरार्याणां, तत्तत्त्वबाधनात्, वचनकौशलोपेतगम्योऽयं मार्गः, अप्रयोजनसप्रयोजनचिन्तायां तु न्याय्य उपन्यासः, भगवत्स्तवरूपत्वात्, उक्तं च-"क्षीणक्लेशा एते नहि प्रसीदन्ति न स्तवोऽपि वृथा । तत्स्वभावभाव (सद्भाव) विशुद्धेः प्रयोजनं कर्म्मविगम इति ॥ १ ॥ स्तुत्या अपि भगवन्तः परमगुणोत्कर्षरूपतो ह्येते । दृष्टा ह्यचेतनादपि मन्त्रादिजपादितः सिद्धिः ॥ २ ॥ यस्तु स्तुतः प्रसीदति रोषमवश्यं स याति निन्दायाम् । सर्वत्रासमचित्तः स्तुत्यो मुख्यः कथं भवति ? ॥ ३ ॥ शीतार्दितेषु हि यथा द्वेषं वह्निर्न याति रागं वा । नाह्वयति वा तथापि च तमाश्रिताः स्वेष्टमश्नुवते ॥ ४ ॥ तद्वत्तीर्थकरान् ये त्रिभुवनभावप्रभावकान् भक्त्या । समुपाश्रिता जनास्ते भवशीतमपास्य यान्ति शिवम् ॥ ५ ॥ एतदुक्तं भवति-यद्यपि ते रागादिभीरहितत्वान्न प्रसीदन्ति, तथापि तानुद्दिश्याचिन्त्यचिन्तामणिकल्पान् अन्तःकरणशुद्धयाऽभिष्टवं च कर्तृणां, तत्पूर्विकैवाभिलषितफलावाप्तिर्भवतीति गाथार्थः ॥ ६ ॥**

ભાવાર્થ=પૂર્વપક્ષ- 'પ્રસન્ન થાઓ' અહીં પ્રાર્થના મનાય છે કે નહિં ?

જો અહીં 'પ્રાર્થના' છે એમ મંજૂર કરવામાં આવે તો તે ઠીક નથી. કારણ કે, પ્રાર્થના તો આશંસા (કામના-ઈચ્છા-અભિષ્વંગ) રૂપ છે.

જો અહીં 'પ્રાર્થના' નથી એમ જો માનવામાં આવે તો ઊભા રહો. અમારા નવા બે પ્રશ્નોનો ઉકેલ કરતા જાઓ ! પહેલો પ્રશ્ન (૧) 'પ્રસન્ન થાઓ' એ વાક્યરચનારૂપ ઉપન્યાસ, પ્રયોજન- ફળ વગરનો છે ? કે બીજો પ્રશ્ન (૨) પ્રયોજન ફલવાળો છે ?

જો તમે આ ઉપન્યાસ, અપ્રયોજન (પ્રયોજન-ફળ વગરનો) છે. એમ ઠરાવશો તો આ વંદનગર્ભિત સૂત્ર, અસુંદર માનશો ! કેમ કે અર્થહીન વાક્યરચનારૂપ ઉપન્યાસવાળું છે.

જો તમે એ ઉપન્યાસને સપ્રયોજન (પ્રયોજન-ફલવાળો) માનો છો તો ' આ પ્રાર્થનાગર્ભિત ઉપન્યાસ,

---

**રીતે અહીં સ્તુતિ કરવાથી સ્તુતિનું ફળ મળે છે, અહીં કોઈ એમ કહે છે કે 'જે પ્રસન્ન થતા નથી, તે શી રીતે પ્રસન્ન થશે ? માટે વૃથા પ્રલાપ કરવાથી ભક્તિનો અતિશય થતો નથી.' આના ઉત્તરમાં કહેવાનું કે 'પ્રસન્ન થાઓ એવું કહેવાથી દોષ પણ નથી, કારણ કે જેની સ્તુતિ કરી પ્રસન્ન થવાનુ કહીએ છીએ તેના ક્લેશ (કર્મ) આદિક્ષીણ થઈ ગયા છે તે જેમ પ્રસન્ન થતા નથી, તે તેમની સ્તુતિ, વૃથા પણ થતી નથી, કારણ કે તેને સર્વ ભાવની વિશુદ્ધિ છે, ભક્તિથી-નામ લેવાથી કર્મક્ષયોપશમાદિ થાય છે. અને ભવ્યોનું કલ્યાણ થાય છે.**

અયથાર્થ-અવાસ્તવ છે' એમ સાબીતી કેવી રીતે થશે ? અર્થાત્ જો ઉપન્યાસ યથાર્થ છે તો પ્રાર્થના યથાર્થ છે. એટલે પ્રાર્થના આશંસારૂપ હોઈ અમને અસુંદર-અસમંજસ લાગે છે.

ઉત્તરપક્ષ- 'પ્રસન્ન થાઓ' આ ઉપન્યાસ-પદ વિન્યાસમાં પ્રાર્થના (આશંસારૂપ પ્રાર્થના) નથી. કેમકે પ્રાર્થનાનું લક્ષણ સ્વરૂપ ઘટતું નથી. તથાહિ=આ પ્રાર્થનાનું સ્વરૂપલક્ષણ એવું છે કે જેની આગળ પ્રાર્થના કરવામાં આવે છે તેમાં (અપ્રસન્નમાં) રહેલ અપ્રસન્ન—નારાજી દૂર કરવાનું કામ પ્રાર્થના કરે છે. અર્થાત્ અપ્રસન્ન-નારાજની પાસે કરેલ 'પ્રસન્ન થાઓ' રૂપ પ્રાર્થના દ્વારા અપ્રસન્નમાં રહેલ નારાજી દૂર કરાય છે કારણ કે લોકોમાં તેવી જ પ્રસિદ્ધિ-જાહેરાત છે કે 'અપ્રસન્નને પ્રસન્ન કરવા પ્રાર્થના કરો !' ખરેખર વસ્તુ સ્થિતિ પણ એવી દેખાય છે કે પ્રાર્થનાથી જ અપ્રસન્ન, પ્રસન્ન થાય છે. સારાંશ કે જે માણસ નારાજ હોય તેને ખુશ કરવો હોય તો સ્તુતિ=પ્રાર્થના દ્વારા ખુશ કરી શકાય છે. એટલે એ ખુશ થઈને પ્રાર્થના-સ્તુતિ કરનાર ઉપર પ્રસાદ મહેરબાની કરે છે.પ્રાર્થના, એ પ્રસાદવગરના પુરૂષમાં અપ્રસાદ કરી પ્રસન્નતા પેદા કરે છે, જો પ્રસાદવગરના પુરૂષ પ્રત્યે પ્રાર્થના ન કરવામાં આવે તો પ્રસન્નતાનો મુદ્દલ અભાવ થાય છે. માટે પ્રાર્થના દ્વારા અપ્રસન્ન પુરૂષમાં પેદા થાય છે. આ પહેલી વાત.

બીજી વાત ઓ એવી છે કે, દેવ-રાજા વિગેરે મહર્દ્ધિક પુરૂષ, પ્રસન્ન હોય છતાંય તેમનો મારા ઉપર ભવિષ્યમાં અપ્રસાદ ન થાય માટે પ્રાર્થનાની સદા પ્રથા ચાલુ હોય છે. જો સદા પ્રાર્થના ચાલુ ન રાખે તો ભવિષ્યમાં અપ્રસન્નતાનો પ્રસંગ ઉપસ્થિત થાય એટલે અપ્રસન્નતાને પ્રસન્ન કરવા ખાતર અને પ્રસન્ન ભવિષ્યમાં અપ્રસન્ન ન થાય એટલા હેતુ ખાતર-આ બે હેતુઓ-મુદ્દાઓથી પ્રાર્થના થાય છે આવું અહીં પ્રાર્થનાનું સ્વરૂપ સમજવું. હવે પ્રાર્થનાનું લક્ષણસ્વરૂપ દર્શાવ્યા બાદ પ્રાર્થના દ્વારા (સ્તુતિ દ્વારા) કે અપ્રાર્થના દ્વારા (નિંદા દ્વારા) વીતરાગમાં અવીતરાગતા-અવીતદ્વેષતા રાગદ્વેષ સહિતપણા નામના દોષનું આરોપણ કેવી રીતે થાય છે તે અહીં બતાવે છે કે –

જો વીતરાગ,અપ્રસન્ન (નારાજ) હોય અને પ્રાર્થના કરવાથી વીતરાગમાં પ્રસન્નતા થાય છે એમ એક પ્રકારે માનવામાં આવે અને બીજા પ્રકારે-વીતરાગ પ્રસન્ન છે છતાં જો પ્રાર્થના નહિ કરવામાં આવે તો ભવિષ્યમાં સદા પ્રસન્ન રાખવા ખાતર કરાતી પ્રાર્થનાદ્વારા-એમ બે પ્રકારે વીતરાગમાં રાગસહિતપણું આરોપિત સાબિત થાય છે.અત એવ-જો અવીતરાગ છે તો રાગ સહિત છે તો પ્રાર્થનાના અભાવ પ્રસંગે અર્થાત્ સ્તુતિ ધર્મ-પ્રશંસાનું ઉલ્લંઘન કરવામા આવે-અર્થાપત્તિથી-અર્થાત્ દ્વેષપૂર્વકના વચનદ્વારા નહિ કહેવા યોગ્ય શબ્દોના કથનરૂપ નિંદાદ્વારા દ્વેષસહિતપણું આરોપિત સાબીત થાય ! એટલે ગર્જના છે કે, અહીં આશંસારૂપ પ્રાર્થના નથી.

વળી અપ્રસન્નને પ્રસન્ન કરવા ખાતર, ને પ્રસન્ન, ભવિષ્યમાં અપ્રસન્ન ન થાય એટલા ખાતર કરાતી પ્રાર્થના રૂપ વચન વિધિ આર્યો ન વાપરી શકે ! કારણ કે, વીતરાગત્વ રૂપ તત્ત્વમાં બાધ-હાનિ પહોંચે છે.

આ વચનવિધિનો માર્ગ,વચનની કુશલતાવાળા પુરૂષથી ગમ્ય-ગોચર છે. બીજા પુરૂષથી નહિ.

આ ઉપન્યાસ, [૧]અપ્રયોજન કે સપ્રયોજન છે ? એની પુરેપુરી ચિંતા-મંથન ચર્ચા-મીમાંસા બાદ એ તારણ થાય છે કે આ ઉપન્યાસ ન્યાય યુક્ત છે. કારણ કે, આ ઉપન્યાસ, ભગવંતની સ્તુતિ રૂપ છે. કહ્યું છે કે;

"જેમના રાગદ્વેષ ક્લેશ ક્ષીણ થઈ ગયા છે એવા અરિહંત ભગવંતો જે પ્રસન્ન થતા નથી, તેમ તેમની કરેલી સ્તુતિ પણ ફોગટ જતી નથી. કારણ કે; સ્તુતિનો એવો સ્વભાવ છે કે પોતના ભાવને-આશયને વિશુદ્ધ-નિર્મલ બનાવે છે. અને ભગવંતની સ્તુતિથી થતી ભાવ વિશુદ્ધિ, કર્મનો ક્ષય કરે છે અર્થાત્ ભગવંતની સ્તુતિ, ભાવ વિશુદ્ધિને પેદા કરવા દ્વારા કર્મમલનો ક્ષય કરે છે. એમ સ્તુતિનું ફલ દર્શાવ્યું. ॥૧॥

ઉત્કૃષ્ટ-પરમ ગુણસંપન્ન હોઈ આ ભગવંતો (સ્તુતિ યોગ્ય) છે અને તેમની સ્તુતિ દ્વારા, જેમ અચેતન મંત્રઆદિના જાપ આદિથી ઈષ્ટ સિદ્ધિ થાય છે. તેમ ઈષ્ટ કાર્યની સિદ્ધિ પ્રત્યક્ષ છે. ॥૨॥ જે સ્તુતિ કરાયેલ ખુશ થાય છે. અને નિંદા કરાયેલ અવશ્ય રોષ કરે છે તે સઘળે ઠેકાણે સરખા ચિત્ત વગરનો કેવી રીતે મુખ્યત્વે કરી સ્તુત્ય (સ્તુતિ યોગ્ય) થાય ? અર્થાત્ ન જ થાય ॥૩॥

જેમ ઠંડી-સખ્ત શર્દીથી પીડા પામેલા પ્રત્યે આગ, રાગ-દ્વેષ કરતી નથી, તેમને બોલાવતી પણ નથી. તો પણ અગ્નિનું શરણું સ્વીકારનારાઓ પોતાના ઈષ્ટને (ઠંડી દૂર કરી ગરમીની પ્રાપ્તિરૂપ ઈષ્ટને) મેળવે છે. ॥૪॥ તેવી જ રીતે ત્રણેય ભુવન-જગતના ભાવોને બતાવનારા તીર્થંકર ભગવંતોમાં રાગ કે દ્વેષ નથી તો પણ ભક્તિથી-હૃદયની સત્યભક્તિથી તીર્થંકરોનો આશરો-સહારો લેનારા મહાપુરૂષો, ભવ-સંસાર (મિથ્યાત્વ કષાય વિષયાદિ) રૂપ ઠંડી-શર્દી દૂર કરીને શિવનારીને સ્હેજે વરે છે. ॥૫॥

---

૧ નિષ્કામસ્ય નિરર્થકત્વાભાવાત્, સપ્રયોજને સ્તુત્યસ્ય તથાઽભાવેઽપિ સ્તોતુસ્તથાફલદર્શનાત્ ।

૨ નિરાગી સેવે કાંઈ એમ મનમાં નવિ આણું, ફળ અચેતન પણ જેમ સુરમણિ તિમ ભક્તિ પ્રમાણું, થાસું (ય-શો. ચો. સ્તવન ૧૫)

ભાવાર્થઃ- નિરાગીની સેવા કરવાથી શું ફળ મળે ? એ પ્રશ્નને હું મનમાં જ દાખલ થવા દેતો નથી. જડ એવું ચિંતામણી રતન, યથા વિધિ સેવા-આરાધના કરવાથી જે જે પદાર્થો આપણે મનમાં ચિંતવીએ છીએ તે સર્વ પૂરા પડે છે, અર્થાત્ તેના પ્રભાવ માત્રથી તેવું પુદ્ગલ પરિણમન થાય છે, એમાં દેવ સહાયની અપેક્ષા નથી. ચિંતામણિ જડ છે, બીજાઓ તેની આરાધના કરે છે. તેની ખબર પણ નથી છતાં તે અવશ્ય ફલદાતા બને છે, તો પછી પરમચૈતન્યવાળા પ્રભુ, ભક્તની સેવાને જાણનારા અને તેની કદર કરનારા છતાં ભક્તને તેની સેવાનું ફળ ન આપે-મળે એ બીલકુલ બનવા યોગ્ય જ નથી. સાચા ભાવથી, ખરા મનથી-ત્રિકરણ યોગે પૂર્ણ વિશ્વાસ રાખીને જો તેમની ભક્તિ કરવામાં આવે તો તેનું ફળ અવશ્ય મળે જ એમ હું ખાત્રીથી માનું છું.

તાત્પર્ય અંશ એવો થાય છે કે, જો કે તીર્થંકર ભગવંતો [૧]રાગઆદિથી રહિત હોઈ પ્રસન્ન થતા નથી તો પણ અચેતન અચિંત્ય ચિંતામણિ સરખા તે તીર્થંકર ભગવંતોને ઉદ્દેશીને ચિત્તની નિર્મલતા અને એકાગ્રતાથી [૧]સ્તુતિ કરનારાઓને ભાવવિશુદ્ધિ પૂર્વક જ અભિલષિત-ઈષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે, આ પ્રમાણે લોગસ્સસૂત્રની પાંચમી ગાથાનો અર્થ સમજવો.

હવે જેવી રીતે લોગસ્સ-નામસ્તવની પાંચ ગાથાઓનું વિવરણ કર્યું તેવી જ રીતે છઠ્ઠી ગાથાનું વિવરણ કરતા કહે છે કે-

**"कित्तियवन्दियमहिया, जे ए लोगस्स उत्तमा सिद्धा । आरुग्ग बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥ व्याख्या- कीर्तिताः- स्वनामभिः प्रोक्ता वन्दिताः- त्रिविधयोगेन सम्यक् स्तुता महिताः- पुष्पादिभिः पूजिताः , क एते इत्यत आह-य एते लोकस्य-प्राणिलोकस्य मिथ्यात्वादिकर्ममलकलङ्काभावेनोत्तमाः-प्रधानाः, ऊर्ध्ववा तमस इत्युत्तमसः, 'उत्प्राबल्योर्ध्वगमनोच्छेदनेषु" इति वचनात् प्राकृतशैल्या पुनरुत्तमा उच्यन्ते, 'सिद्धा" इति सितं-ध्मातमेषामिति सिद्धाःकृतकृत्या इत्यर्थः, अरोगस्य भाव आरोग्यं-सिद्धत्वं तदर्थं बोधिलाभः-आरोग्य बोधिलाभो जिनप्रणीतधर्मप्राप्तिर्बोधिलाभोऽभिधीयते, तं, सचानिदानो मोक्षायैव प्रशस्यते इति, तदर्थमेव च तावत्किम् ? अत आह समाधानं समाधिः, स च द्रव्यभावभेदाद् द्विविधः, तत्र द्रव्यसमाधिः यदुपयोगात् स्वास्थ्यं भवति, येषां वाऽविरोध इति, भावसमाधिस्तु ज्ञानादिसमाधानमेव, तदुपयोगादेव परमस्वास्थ्ययोगादिति, यतश्चायमित्थं द्विधा अतो द्रव्यसमाधिव्यवच्छेदार्थं आहवरं-प्रधानं भावसमाधिमित्यर्थः, असावपि तारतम्यभेदेनानेकधैव अत आह-उत्तम-सर्वोत्कृष्टं ददतु-प्रयच्छन्तु.**

ભાવાર્થ- કીર્તિત-નામપૂર્વક કહેવાયલા, વંદિત-મન,વચન, કાયાથી સમ્યક્ પ્રકારે વંદાયેલા-સ્તવાયેલા, મહિત-પુષ્પઆદિથી પૂજાયેલા કોણ તેઓ ? તો કહે છે કે 'જેઓ આ લોકને વિષે ઉત્તમ-પ્રાણિ લોકને વિષે મિથ્યાત્વઆદિ ભાવકર્મ અને જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મરૂપી મલના કલંકના અભાવથી ઉત્તમ-પ્રધાન (પ્રાકૃતશૈલીથી ઉત્તમનો અર્થ તમઃ પરસ્તાત્ અધંકારથી પર થતો હોઈ લોકને વિષે પરંજ્યોતીસ્વરૂપ એવો બીજો અર્થ સમજવો.)

ફરીથી કેવા તેઓ ? તો કહે છે કે જેઓ સિદ્ધ-કૃતકૃત્ય (જેઓના સર્વ પ્રયોજનો સિદ્ધ થયેલા છે)તથા ચ જેઓ ઈન્દ્રાદિકવડે નામપૂર્વક સ્તવાયેલા, વંદાયેલા, પૂજાયેલા તેઓ લોકમાં ઉત્તમ કે સિદ્ધો મને આરોગ્યખાતર બોધિલાભને આપો.(અહીં આરોગ્ય એટલે સિદ્ધત્વ-સિદ્ધિ-મોક્ષ-પરમ પદ એ અર્થ લેવો.) તથાચ આરોગ્ય-સિદ્ધત્વ ખાતર બોધિલાભ-જિન-સર્વજ્ઞકથિત ધર્મપ્રાપ્તિને આપો; કારણ કે અનિદાન - નિયાણા વગરનો બોધિલાભ, મોક્ષરૂપ કાર્ય પ્રત્યે મુખ્ય કારણ તરીકે અંકાય છે. શું મોક્ષ માટે પણ

---

**૧ શ્રી અરિહંત દેવો રાગ અને દ્વેષથી મુક્ત થયેલા હોઈને કોઈપણ કારણસર કોઈના ઉપર કોપ કરતા નથી, કે ગમે તેવી સ્તુતિ યા વિનંતી કરવામાં આવે તો તેના પર મહેરબાની દર્શાવતા નથી. પરંતુ તેઓ અક્ષય ગુણના ભંડાર હોવાથી તેમની સ્તુતિ કે ભક્તિ કરનારમાં તે તે પ્રકારના ગુણોનો આવિર્ભાવ સ્વાભાવિક રીતે જ થાય છે, તે જ રીતે તેમની પ્રસન્નતા છે.**

બોધિલાભ જ બસ છે ? તો કહે છે કે ના, સમાધિની પણ ખાસ જરૂર છે. માટે બોલે છે કે 'મને સિદ્ધત્વ ખાતર સમાધિને આપો.'

સમાધિ (શાંતિ-નિરાંત-તૃપ્તિ-સંતોષ)ના બે પ્રકાર છે. તથાહિ (૧) દ્રવ્યસમાધિ જે પદાર્થોના ઉપયોગથી સ્વાસ્થ્ય-તંદુરસ્તી-બાહ્યશાંતિ થાય છે. અથવા જે પદાર્થો સ્વાસ્થ્યમાં અવરોધક-પ્રતિબંધક વિરોધી નથી-અનુકૂલ છે. તે પદાર્થોને સમાધિ (બાહ્યશાંતિ)માં કારણ હોવાથી દ્રવ્યસમાધિ તરીકે ઓળખાવવામાં આવે છે.

(૨) ભાવસમાધિ-જ્ઞાન આદિ સમાધિને ભાવસમાધિ તરીકે ઓળખાવવામાં આવે છે. કારણ કે જે જ્ઞાન આદિના ઉપયોગથી-આરાધનાથી પરમસ્વાસ્થ્ય-પરમ આત્મિક શાંતિ-સંપૂર્ણ સ્વરૂપ-રમણતા-સ્થિરતારૂપ પરમસ્વાસ્થ્યનો યોગ થાય છે.

જો આમ બે પ્રકારની સમાધિ છે તો દ્રવ્ય સમાધિ, સિદ્ધત્વ પ્રત્યે મુખ્ય કારણ નહિ હોઈ દ્રવ્ય સમાધિના વ્યવચ્છેદ સારૂ કહે છે કે 'સિદ્ધત્વ ખાતર વર પ્રધાન-ભાવ સમાધિને આપો.'

વળી આ જ્ઞાનાદિરૂપ ભાવસમાધિ પણ તારતમ્ય-તરતમતા (ન્યૂનાધિક્ય)ના ભેદથી અનેક પ્રકારે થાય છે. તે નાનાવિધ ભાવસમાધિ પણ સિદ્ધત્વ પ્રત્યે સાક્ષાત્ (અનન્તર) કારણ નહિ હોવાથી કહે છે કે 'સિદ્ધત્વ ખાતર ઉત્તમ-સર્વોત્કૃષ્ટ વરસમાધિ ભાવસમાધિને-ક્ષાયિક જ્ઞાન, સર્વસંવરરૂપ યથાખ્યાતચારિત્રને આપો.'

તથાચ જેઓ ઈન્દ્રાદિક વડે નામપૂર્વક સ્તવાયેલા, વંદાયેલા, પૂજાયેલા તે, લોકમાં ઉત્તમો, (સર્વ પ્રાણિલોકપ્રધાનો, લોકમાં પરંજ્યોતિરૂપો) સિદ્ધો, મને આરોગ્ય-સિદ્ધત્વ ખાતર, બોધિલાભને અને કેવલજ્ઞાન, સર્વસંવરરૂપ યથાખ્યાતચારિત્રરૂપ ઉત્તમ-સર્વોત્કૃષ્ટ વરસમાધિ-ભાવસમાધિ આપો' આવો સમુદિત અર્થ જાણવો. હવે તીર્થંકરો આરોગ્ય, બોધિ અને સમાધિને આપે છે, એ વાત સત્ય નથી, કારણ કે તીર્થંકરો વીતરાગ છે, તથા અસત્ય પણ નથી, કારણ કે તે તેમના ધ્યાનથી જ મળે છે. તેથી શાસ્ત્રકારોએ આ જાતની પ્રાર્થનાઓને 'અસત્યામૃષા' નામની ચતુર્થભાષા તરીકે વર્ણવેલી છે તેથી તીર્થંકરોની આગળ આ રીતની પ્રાર્થના વારંવાર કરવી વિહિત છે. એ વિષયની પુરેપુરી ચર્ચા-મીમાંસા-છણાવટ, આક્ષેપપરીહાર-પૂર્વક સચોટ શૈલીમાં અહીં રજૂ થાય છે.

**आह-किमिदं निदानमुत नेति, यदि निदानमलमनेन, सूत्रप्रतिषिद्धत्वात् न चेत्सार्थकमनर्थकं वा ? यद्याद्यः पक्षस्तेषां रागादिमत्त्वप्रसङ्गः, प्रार्थनाप्रवीणे प्राणिनि तथादानात्, अथ चरमः तत आरोग्यादिदानविकला एते इति जानानस्यापि प्रार्थनायां मृषावादप्रसङ्ग इति, अत्रोच्यते, न निदानमेतत्, तल्लक्षणायोगात्, द्वेषाभिष्वङ्गमोहगर्भ हि तत्, तथातन्त्रप्रसिद्धत्वात्, धर्म्माय हीनकुलादिप्रार्थनं मोहः, अतद्धेतुकत्वात्, ऋद्ध्यभिष्वङ्गतो धर्म्मप्रार्थनाऽपि मोहः, अतद्धेतुकत्वादेव ॥**

**तीर्थकरत्वेऽप्येतदेवमेव प्रतिषिद्धमिति, अतएवेष्टभावबाधकृदेतत्, तथेच्छाया एव तद्विघ्नभूतत्वात् तत्प्रधानतयेतरत्रोपसर्जनबुद्धिभावात् अतत्त्वदर्शनमेतत्, महदपायसाधनं अविशेषज्ञता हि गर्हिता पृथग्जनानामपि सिद्धमेतत्, योगिबुद्धिगम्योऽयं व्यवहारः, सार्थकानर्थकचिन्तायां भाज्यमेतत्, चतुर्थभाषारूपत्वात्तदुक्तं-"भासा असच्चमोसा णवरं भत्तीए भासिया एसा । नहु खीणपेज्जदोसा देंति समाहिं**

च बोहिंच ॥ १ ॥ तप्पत्थणाएँः तहवि य ण मुसावाओवि एत्थ विण्णेओ । तप्पणिहाणाओ च्चिय तग्गुणओ हंदि फलभावा ॥ २ ॥ चिंतामणिरयणादिहिं, जहाउ भव्वा समीहियं वत्थुं । पावंति तह जिणेहिं तेसिं रागाभावेऽवि ॥ ३ ॥ वत्थुसहावो एसो अउव्वचिन्तामणी महाभागो । थोऊणं तित्थयरेपाविज्जइ बोहिलाभोत्ति ॥ ४ ॥ भत्तीए जिणवराणं खिज्जन्ती पुव्वसंचिया कम्मा । गुणपगरिसबहुमाणो कम्मवणदवाणलो जेण ॥ ५ ॥" एतदुक्तं भवति-यद्यपि ते भगवन्तो वीतरागत्वादारोग्यादि न प्रयच्छन्ति, तथाप्येवंविधवाक्यप्रयोगतः, प्रवचनाराधनतया सन्मार्गवर्त्तिनो महासत्त्वस्य तत्सत्तानिबन्धनमेव तदुपजायत इति गाथार्थः ॥ ६ ॥

ભાવાર્થ :–પૂર્વપક્ષ=આરોગ્યબોધિલાભઉત્તમસમાધિવરવિષયક દાનની પ્રાર્થના,ઈચ્છાપૂર્વક હોઈ અહીં વાદી શંકા કરે છે કે, શું આ ઈચ્છા નિદાન-નિયાણારૂપ છે ? જો આ ઈચ્છા, નિદાનરૂપ છે, તો આ ઈચ્છારૂપ નિદાનને નવગજના નમસ્કાર હો. કારણ કે, સૂત્રમાં નિયાણાનો પૂરેપૂરો પ્રતિષેધ છે.

વળી બીજી વાત એ છે કે મજકૂર ઈચ્છાને નિદાનરૂપ ન માનવામાં આવે તો પ્રશ્ન એ થાય છે કે આવી કે આ પ્રાર્થના શું સફળ છે કે નિષ્ફલ ? જો પ્રાર્થના, સફળ છે એમ માનવામાં આવે તો તીર્થંકરો વીતરાગ નહીં રહે પરંતુ રાગવાળા થશે. કારણ કે; માગણી કરવામાં અત્યંત હોંશીયાર પુરૂષને જ તેઓ આરોગ્યાદિ આપનાર છે, જો આ પ્રાર્થના નિષ્ફલ છે, એમ માનો તો 'આ તીર્થંકરો આરોગ્યાદિનું દાન કરવામાં સમર્થ નથી' એમ જ્ઞાન હોવા છતાં પુનઃ પુનઃ પ્રાર્થના કરે તો માગણી કરનાર મૃષા (ખોટું-મિથ્યા-ફોગટ)વાદીની કોટીમાં ગણાય એટલે એમ બે રીતે પ્રાર્થનાને સફલ કે નિષ્ફલ માનવામાં નિર્દોષતા નથી.

ઉત્તરપક્ષ :–આ મજકૂર પ્રાર્થના, નિદાનરૂપ નથી, કારણ કે, નિયાણાનું લક્ષણ ઘટતું નથી. અહીં જે નિદાનશબ્દ વપરાયો છે તેનો વ્યુત્પત્તિલભ્ય એવો અર્થ થાય છે કે જેના વડે નિ-અત્યંત (ધર્મરૂપી કલ્પવૃક્ષ) દાયતે-છેદાયતે અર્થાત્ ધર્મરૂપી કલ્પવૃક્ષ છેદનાર ધારદાર કુઠાર-કુહાડા સરખું નિયાણું ગણાય છે. તથાહિ.

જેના મૂલનો સમુદાય સમ્યગ્ દર્શનના વિસ્તારથી વિશાલ છે, જેના સ્કંધની રચના, જ્ઞાન વિગેરેના વિષયવાળી અને નિર્મલ વિનયવિધિથી સમુન્નત-ઊંચી-ચડીયાતી છે, જે વિહિતનિર્મલદાન વિગેરેના ભેદ અને પ્રભેદ-ભેદના ભેદરૂપ શાખા અને પ્રશાખાથી વ્યાપ્ત છે, જે અપાર દેવતાઈ કે મનુષ્યની સુખસંપદારૂપ ફુલોથી સંકીર્ણ છે, દુઃખ કે વ્યાકુલતાના નામનિશાનથી રહિત, મોક્ષધામના અનંતાનંત સુખરૂપ મહાફલ જેમાં એકદમ સુસ્પષ્ટ છે.એવો ધર્મરૂપી કલ્પવૃક્ષ, અનેક ભાતભાતની દિવ્ય સાહ્યબી-વૈભવ વિલાસ-ભોગોપભોગોની આશંસા ઈચ્છા, લાલસા, કે 'આધર્મથી મને દેવતાઈ ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ મળે' આવા પ્રકારની ભૌતિક ભોગની આશા-નિદાન રૂપ ધારદાર કુઠાર-કુહાડાથી છેદાય છે; જમીનદોસ્ત કરાય છે, જડમૂલથી ઉખેડાય છે માટે જ અહીં ધર્મરૂપકલ્પવૃક્ષવિનાશક ભૌતિક ભોગની લાલસા રૂપ પરીણામને નિયાણા તરીકે ઓળખાવવામાં આવે છે.

હવે નિયાણાના લક્ષણ સ્વરૂપની વિભાગપૂર્વક ગંભીર મીમાંસા કરે છે કે–

(૧) દ્વેષગર્ભિત નિદાન, (નિયાણું) જેમાં અંતરંગ-અંગત મુખ્ય કારણ, દ્વેષ-મત્સર છે.

(૨) અભિષ્વંગગર્ભિતનિદાન, જેમાં અંતરંગ-અંગત કારણ, અભિષ્વંગ-વિષયવિલાસ પરની કૃપા-વિષયવિષયક રાગ-પ્રેમ છે.

(૩) મોહગર્ભિતનિદાન-જેમાં અંતરંગ-અંગત કારણ, મોહ-અજ્ઞાન-અવિવેક છે.

તથાચ જે માગણીઓમાં-કલ્પનાઓમાં ઉડે ઉડે મુખ્ય કારણ તરીકે રાગ-દ્વેષ કે મોહ બેઠેલો હોય તે બધી માગણીઓ નિયાણામાં ખપે છે અને આગમમાં પણ આવો અર્થ રૂઢપ્રસિદ્ધ છે. રાગગર્ભિત નિયાણામાં દૃષ્ટાંત [1]સંભૂતિનું તથા દ્વેષગર્ભિત નિયાણામાં દૃષ્ટાંત [2]અગ્નિશર્મા વિગેરેનું પ્રસિદ્ધ હોઈ નિયાણાનું લક્ષણ બરોબર સમજી શકાય એમ છે. એટલે ક્રમપ્રમાણેના નિર્દેશને છોડી હવે મોહગર્ભિત નિદાનના લક્ષણને ચર્ચતા કહે છે કે:–

મોહગર્ભિત નિદાન-ધર્મને ખાતર હીનકુલ આદિની (વૈભવ ધન વિગેરેથી નીચું જે કુલ તે અહીં હીનકુલ સમજવુ. હીનકુલ-ગરીબકુલ-વંશની આદિથી કદ્રૂપતા-દુર્ભગતા-અનાદેયતા-વિગેરેની) ભવાંતરમાં-આગામીભવમાં જે પ્રાર્થના-માગણી ઈચ્છા અર્થાત્ 'ભવાંતરમાં મને ધર્મને ખાતર હીનકુલ આદિ મળજો' આવી આશંસા, તે મોહગર્ભિતનિયાણું સમજવું. કારણ કે, ધર્મના પ્રત્યે હીનકુલ આદિ કારણ નથી પરંતુ ઉચ્ચકુલ આદિ કારણ છે. તથાહિ-ખરેખર ઉત્તમ-ઉચ્ચકુલ આદિમાં અવતરેલા-ઉચ્ચકુલ-સદ્રુપતા-સુભગતા-આદેયતા આદિવિશિષ્ટ ભગવંતો જેમ સંપૂર્ણ ધર્મના પાત્ર-આધાર થવાને યોગ્ય છે, તેમ ઉચ્ચકુલઆદિ વિશિષ્ટ ભવ્યો, પૂરેપૂરા ધર્મના આરાધક બની શકે છે. બીજાઓ-નીચકુલ આદિવાળાઓ ધર્મના સંપૂર્ણ આરાધક બની શકતા નથી. તેમજ શાસ્ત્રમાં કહ્યું છે કે 'નીચકુલને બાંધવોના અભાવને-ગરીબીહાલતને નિર્મલ વૃત્તિથી જિનધર્મની સિદ્ધિ ખાતર માગનાર પુરૂષનું પણ નિયાણું સંસારનું કારણ કહેલું છે.'

આ પ્રમાણે મોહગર્ભિતનિયાણાનો પહેલો પ્રકાર જાણવો (૧)

હવે બીજા પ્રકારે મોહગર્ભિતનિયાણાનું વર્ણન કરે છે કે,

---

**૧ વંદના કરનાર ચક્રવર્તીના સ્ત્રીરત્નના કોમલ વેણીના સ્પર્શમાત્રથી કામરાગાંધ બનેલ સંભૂતિમુનિએ નિયાણું કર્યું કે હું આવતા ભવમાં આ તપ આદિના પ્રભાવે સ્ત્રીરત્નનો ભોક્તા ચક્રી બનું. બસ આ નિયાણાથી તે બ્રહ્મદત્ત ચક્રવર્તી બન્યો અને સાતમી નરકનો મેમાન બની ઘણો સંસાર વધારનાર થયો.**

**૨. પ્રથમ ભવે અગ્નિશર્મા તાપસે કલ્યાણ મિત્ર ગુણસેન મહારાજા ઉપર દ્વેષ-વેરથી નિયાણું કર્યું કે 'ભવોભવ આ રાજાને મારનારો થાઉં' બસ આ નિયાણાથી ઉગ્ર તપસ્યા પર પાણી ફેરવી દીર્ઘ સંસાર વધાર્યો.**

(૨) ઋદ્ધિના રાગથી (ઈન્દ્ર-ચક્રવર્ત્તિ આદિની વિભૂતિ-સંપદાના પ્રેમથી-આસક્તિથી) ધર્મની પ્રાર્થના-ઈચ્છા-આશંસા તે પણ મોહગર્ભિત નિયાણું જાણવું. (તો પછી ધર્મના માટે હીનકુલ આદિની પ્રાર્થના, મોહગર્ભિતનિયાણારૂપ હોય એમાં શી નવાઈ ?) સારાંશ એ છે કે, એકાંતે ધર્મની આરાધના વગર આ વિભૂતિ (ઈન્દ્ર આદિનું ઐશ્વર્ય) મળવાની નથી, એ ઈરાદાથી-આશાથી ધર્મની આશંસા તે પણ મોહગર્ભિતનિયાણું છે. કારણ કે, ગૌણવૃત્તિથી ઈચ્છેલા ધર્મનો 'મુખ્યત્વે વિભૂતિ ઉપાદેય છે અને ધર્મ અનુપાદેય-અગ્રાહ્ય છે' આવા પરીણામથી વિનાશ થતો હોય ઈચ્છિત ઋદ્ધિનો અભાવ છે. એવંચ તીર્થંકર વિભૂતિ-ઋદ્ધિ-મહૈશ્વર્યની મહેચ્છા-લાલસા-રાગથી તીર્થંકરપદની માગણી પણ મોહગર્ભિતનિયાણું છે. (તો પછી ઈન્દ્ર ચક્રવર્તીની વિભૂતિના રાગથી કરેલ ધર્મની પ્રાર્થના, મોહગર્ભિતનિયાણારૂપ હોય એમાં તો પૂછવું શું ?)

તથાહિ-જેમ આ તીર્થંકર ભગવાન, જગતમાં આશ્ચર્યભૂત એવી સાહ્યબીના સ્વામી છે, જગતનો એકનાથ છે, અત્યંત ભક્તિથી ભરપૂર દેવોના સમુદાયથી નિરંતર જેમના ચરણયુગલ સેવાતા છે, તેમ હું પણ તેવો પણ તપશ્ચર્યા આદિ અનુષ્ઠાન-ક્રિયાથી થાઉં' આ પ્રમાણેની માગણી રૂપ નિયાણું શાસ્ત્રમાં નિષેધેલું છે. પરંતુ અભિષ્વંગ (વિભૂતિના રાગ) થી રહિત એવી ચિત્તની વૃત્તિથી, 'ધર્મ પ્રવર્ત્તક અનેક સત્ત્વ (પ્રાણિ) હિતકારક, નિરૂપમ સુખના સંબંધવાળા, અચિંત્ય ચિંતામણિરત્ન-સમાન ભગવાન્, હું થાઉં' આવી ઈચ્છાથી કરેલી તીર્થંકર પદ વિષયક પ્રાર્થના, નિષેધેલી નથી. તીર્થંકર સાહ્યબીના રાગથી કરેલી તીર્થંકર પદની માગણી, મોહગર્ભિતનિયાણું હોઈ નિષેધેલ છે, પરંતુ તીર્થંકરની સાહ્યબીની આશા સિવાય કરેલી તીર્થંકરપદની માગણી મોહગર્ભિતનિયાણું ન હોઈ નિવારેલી નથી પરંતુ સુવિહિત છે. એમજ દશાશ્રુતસ્કંધ વિગેરે શાસ્ત્રમાં કહેલું છે.

અતએવ-એથી જ ઋદ્ધિના રાગથી ધર્મપ્રાર્થના મોહરૂપ હોઈ, આ મોહગર્ભિતનિયાણું, નિર્વાણસાધકકુશલ-શુભ કે શુદ્ધ પરીણામનો ધ્વંસ કરનાર છે.

મતલબ કે, ઋદ્ધિને પ્રધાનપદ આપી, 'આ તો કેવલ કારણ છે' એમ માની ધર્મના ગૌણ પરીણામનો નિર્ણય કરી, ધર્મને ગૌણ કરવા દ્વારા ઋદ્ધિની અભિલાષા, મોક્ષપ્રાપકકુશલ પરીણામ અટકાવનાર-પ્રતિબંધકતત્ત્વરૂપ છે.

વળી આ મોહગર્ભિતનિદાન (નિયાણું) પરમાર્થ-તત્ત્વથી વિચારણાશૂન્ય હોઈ વિપર્યાસ રૂપ છે. નરકપાત (પડવા રૂપ) આદિ રૂપ મહાઅનર્થ-બલવાન્ અનિષ્ટનું કારણ છે. કેમ કે વિશેષજ્ઞાનનો અભાવ છે. વિપરીતજ્ઞાનનો સદ્‌ભાવ છે. અતએવ સામાન્યથી પુરૂષાર્થોપયોગી ગુણો તથા પુરૂષાર્થ વિરોધી દોષોનું અર્થાત્ ગુણદોષોનું વિવેચન-વિવરણકારક વિભાગ રૂપ વિશેષ બોધના અભાવ રૂપ-વિપરીતબોધ રૂપ અવિશેષજ્ઞતા, પુરૂષાર્થ કર્તાના પ્રત્યે હિંસા-અસત્ય આદિની માફક અનર્થ-મહાઅનર્થની પ્રાપ્તિના કારણરૂપ હોઈ ગર્ભિત-નિંદિત છે.

આ અવિશેષજ્ઞતા-અવિવેક-અજ્ઞાનતાની નિંદા, આબાલગોપાલ જગજાહેર છે.

શંકા-આમ ભલે હો ! પરંતુ 'અભ્યુદય (આબાદી દુન્યવી જાહોજલાલી-આનંદ-લીલા લહેર-મોજમજા)

રૂપ ફલ-જનક ધર્મ છે' આવી લોકમાં રૂઢિ-પ્રસિદ્ધિ છે અને તેવી જ રીતે-અભ્યુદય ખાતર ધર્મની પ્રાર્થનામાં અવિશેષજ્ઞતા કેવી રીતે અને કઈ ?

સમાધાન-ઋદ્ધિની આસક્તિથી ઋદ્ધિના સારૂ કરાતી ધર્મ પ્રાર્થનામાં અવિશેષજ્ઞતા રૂપ વ્યવહાર, યોગી-મુમુક્ષુ પુરૂષની બુદ્ધિથી ગમ્ય-ગોચર-જાણી શકાય એમ છે.

જુઓ ! ઋદ્ધિ અને ધર્મમાં રહેલ વિશેષને-ભેદ કે વિવેકને

તથાચ ઋદ્ધિ અને ધર્મ વચ્ચે એવો તફાવત છે કે પહેલેથી માંડી ઠેઠ-સમાપ્તિ સુધી સુંદર પરિણામ-ફળવાળો ધર્મ છે. જ્યારે ઋદ્ધિ તો ડગલે ને પગલે વિપદાઓને પાથરતી હોય છે. આવા પ્રકારનો વિશેષબોધ, ભવાભિનંદી આત્માઓને સંસાર પર અપાર રાગસાગર હોઈ થવો અશક્ય છે.

વળી 'ઉત્તમ સમાધિવર આદિને આપો, આવી વચનરચના રૂપ પ્રાર્થના, સફલ છે કે નિષ્ફળ ? આવા તર્કની પૂર્ણમીમાંસા કરતાં નિષ્કર્ષ અંશ એ આવે છે કે,

'આ પ્રાર્થના, અપેક્ષાએ સાર્થક છે અને અપેક્ષાએ નિરર્થક પણ છે' એમ વિકલ્પ-ભજના જાણવી.

તથાહિ આશંસા રૂપ ચોથી ભાષા, [1](ચોથા પ્રકારની ભાષા) કોઈપણ જાતના સિદ્ધ અર્થ-કાર્યને વિધાન કરવા કે નિષેધ કરવા સમર્થ નથી. આ અપેક્ષાએ આ પ્રાર્થના નિરર્થક છે. 'આ કે આવી પ્રાર્થનાથી પ્રકૃષ્ટ-સર્વોત્કૃષ્ટ શુભ અધ્યવસાય પરીણામ થાય છે' એ અપેક્ષાએ આ પ્રાર્થના સાર્થક છે. આ પ્રમાણે ભજના ઘટાવવી.

શાસ્ત્રમાં કહ્યું છે કે ''ભક્તિથી બોલાયેલી આ પ્રાર્થના, અસત્યામૃષા રૂપ વચન રચના છે. પરંતુ રાગદ્વેષના ક્ષયવાળા વીતરાગો, તેની પ્રાર્થના હોવા છતાંય તેને સમાધિ અને બોધિને આપતા નથી. ॥૧॥ તો પણ આ પ્રાર્થનામાં મૃષાવાદ જાણવો નહિ. કારણ કે, તે વીતરાગના પ્રણિધાનથી, તે વીતરાગના

---

૧ સત્યા, મૃષા, સત્યામૃષા, અસત્યામૃષા એમ ભાષાના ચાર પ્રકારો છે, તે પૈકી અહીં પ્રસ્તુત હોઈ ચોથી ભાષાનું સ્વરૂપ વર્ણન લખાય છે. અસત્યામૃષાના બાર ભેદો-આ ભાષા સત્યા, મૃષા કે સત્યામૃષારૂપ નથી. વળી એનો વ્યવહાર જ હેતુ છે. (૧) આમંત્રણી-'હે વિબોધ !' એમ સંબોધન કરૂં છું. (૨) આજ્ઞાપની-'તું આ કામ કર' એમ આજ્ઞા કરવી તે. (૩) યાચની-કોઈ પાસે 'તું મને અમુક ચીજ આપ' એમ માગવું તે. (૪) પ્રચ્છની-તજજ્ઞ પાસે 'પ્રશ્નનો ખુલાસો પૂછવો' તે. (૫) પ્રજ્ઞાપની-શિષ્યને ઉપદેશ આપવો કે 'હિંસા કરવી નહિ' ઈત્યાદિ. (૬) પ્રત્યાખ્યાની-'માગનારને ના કહેવી' તે. (૭) ઈચ્છાનુલોમા-'કોઈ કંઈક કાર્યનો આરંભ કરતાં કોઈને પૂછે અને તે કહે કે 'એ કામ કરો' મારી અનુમોદના છે. (૮) અનભિગૃહીતા-બહુ કાર્યો કરવાનાં હોય ત્યારે કોઈ કોઈને પૂછે કે આ કરૂં તો તે કહે કે 'તને સૂઝ પડે તે કર' (૯) અભિગૃહીતા-'અત્યારે આ કરવું જોઈએ' ઈત્યાદિ કથન તે. (૧૦) સંશયકરણી-જેના અનેક અર્થો થતા હોય તેવા શબ્દનો પ્રયોગ કરવો તે. જેમ કે 'સિંધવ લાવ' એમ કહેવું. આ સિંધવના લવણ, ઘોડો વિગેરે અર્થો થાય છે તો લાવનારે શું લાવવું તેનો નિશ્ચય કરવો બાકી રહે છે. (૧૧) વ્યાકૃત-જેનો અર્થ સ્પષ્ટ હોય તેવું બોલવું. (૧૨) અવ્યાકૃત-અતિશય ગહન અર્થવાળું કે અવ્યક્ત અક્ષરવાળું કથન.

ગુણની પ્રાપ્તિ થતી હોઈ અવશ્ય ફલની નિષ્પત્તિ છે. ॥૨॥ જેમ ચિંતામણિરત્ન આદિથી ભવ્યો, ઈચ્છિત વસ્તુને પામે છે તેમ વીતરાગ જિનેશ્વર ભગવંતોથી ઈચ્છિત વસ્તુ-મોક્ષ વસ્તુ મેળવે છે. ॥૩॥ આ એક વસ્તુ સ્વભાવ છે કે, અપૂર્વ ચિંતામણિ-મહાભાગ-તીર્થંકર પરમાત્માઓની(અથવા મહાભાગ અપૂર્વ ચિંતામણિના જેવો વસ્તુ સ્વભાવ છે કે, તીર્થકર પરમાત્માઓની) સ્તુતિ દ્વારા બોધિલાભ પમાય છે. ॥૪॥ જિનેશ્વરોની ભક્તિથી પૂર્વસંચિત કર્મોનો ભુક્કો બોલાય છે; સર્વોત્કૃષ્ટ સર્વગુણ સંપન્ન મહાપુરૂષનું બહુમાન-ભક્તિ-વિનય-સેવા, કર્મરૂપી વનમાં દાવાનલ છે. ॥૫॥

આ વસ્તુસ્થિતિ અહીં ફલિત થાય છે કે જો કે તે ભગવંતો વીતરાગ હોઈ આરોગ્ય આદિનું પ્રદાન સાક્ષાત્ કરી શકતા નથી. તો પણ 'આરોગ્યાદિ આપો, આવા પ્રકારના વાક્ય પ્રયોગ-ભક્તિગર્ભિત વચનરચનાદ્વારા, (માર્ગદર્શન-માર્ગસ્થાપનાદિરૂપ મહોપકારને અપેક્ષી કરેલી સ્તુતિરૂપ)પ્રવચનની આરાધના છે અને તેથી સન્માર્ગવર્તી મહાપુરૂષને, આરોગ્યસિદ્ધત્વ જનક બોધિલાભ થાય છે. અથવા આરાધનાની સત્તા જેમાં મૂલ કારણ છે, તે આરોગ્ય આદિ પ્રાપ્ત થાય છે. અર્થાત્ પ્રવચનની આરાધના દ્વારા સન્માર્ગવર્તી મહાપુરૂષને, આરોગ્ય આદિ પ્રાપ્ત થાય છે. અને પ્રવચનની(શાસનની)આરાધના આવા પ્રકારના ભક્તિરસ ભરપૂર વચનરચનાથી થાય છે. એટલે પરંપરાએ ભગવંતો ભક્તોની આરોગ્યાદિ પ્રાર્થનાને પૂર્ણ કરે છે.

હવે અહીં શ્રી સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરવા દ્વારા સિદ્ધની સ્થિતિનું સંપુર્ણ વર્ણન, વૈખરીવાણીથી શક્ય નથી એટલે તેનો યત્કિંચિત્ ખ્યાલ ઉપમાઓ વડે આપતા શાસ્ત્રકાર કહે છે કે:-

**'चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा । सागरवरगंभीरा सिद्धा सिद्धिं मम दिसन्तु ॥ ७ ॥ गाहा, व्याख्या–इह प्राकृतशैल्या आर्षत्वाच्च पञ्चम्यर्थे सप्तमी द्रष्टव्येति, चन्द्रेभ्यो निर्म्मलतरा; पाठान्तरं वा 'चंदेहिं निम्मलयरत्ति' तत्र सकलकर्म्ममलापगमाच्चन्द्रेभ्यो निर्म्मलतरा इति, तथा आदित्येभ्योऽधिकं प्रकाशकरा;, केवलोद्योतेन विश्वप्रकाशनादिति, उक्तंच–'चंदाइच्चगहाणं पहा पगासेइ परिमियं खेत्तं । केवलियणाणलंभो लोयालोयं पगासेइ ॥ १ ॥' तथा सागरवरगम्भीराः, तत्र सागरवरः–स्वयम्भूरमणोऽभिधीयते, परिषहोपसर्गाद्यक्षोभ्यत्वात्, तस्मादपि गम्भीरा इति भावना, सितं-ध्यातमेषामिति सिद्धाः, कर्म्मविगमात्कृतकृत्या इत्यर्थः, सिद्धिं-परमपदप्राप्तिं मम दिशन्तु-अस्माकं प्रयच्छन्त्विति गाथार्थः, ॥ ७ ॥**

ભાવાર્થ:-અહીં પ્રાકૃત શૈલી અને ઋષિપ્રણીત-આર્ષપ્રયોગ હોઈ પંચમીના અર્થમાં સપ્તમી વિભક્તિ વપરાયેલી જાણવી. (અથવા 'चंदेहिं निम्मलयरेति' તૃતીયાવિભક્તિ અન્તવાળો પાઠાંતર સમજવો) (૧) ચંદ્રો કરતાં સકલકર્મરૂપી ભાવમલના સર્વથા અભાવવાળા હોઈ વધારે-અતિશય જે નિર્મલ-સ્વચ્છ છે. (૨) જેમ ચંદ્રો કરતાં વધારે નિર્મલ છે. તેમ આદિત્યો-સૂર્યો કરતાં-કેવલજ્ઞાનરૂપી મહાપ્રકાશ દ્વારા વિશ્વ પ્રકાશક હોઈ અધિક-વધારે પ્રકાશ-અજવાળું કરનારા જે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે-ચંદ્ર, સૂર્ય, ગ્રહોની પ્રભા, પરિમિત ક્ષેત્રમાં પ્રકાશ પાથરે છે. જ્યારે કેવલજ્ઞાનરૂપી ઝગમગતી જ્યોત, લોક અને અલોક પ્રકાશક છે'' (૩) જેમ ચંદ્રો કરતાં વધારે જે પ્રકાશક છે

તેમ સાગરવર-શ્રેષ્ઠ સાગર કરતાં પણ વધારે ગંભીર-ભાવગંભીરતાવાળા છે. તથાહિ-સાગરવર એટલે સ્વયંભૂરમણ નામનો સમુદ્ર. તેના પરથી ગમે તેવાં વાવાઝોડાં પસાર થઈ જાય કે તેના પર ગમે તેટલો વરસાદ વરસે તો પણ તેની સ્થિતિમાં કાંઈ ફરક પડતો નથી. તેવી રીતે પરીષહ-ઉપસર્ગ આદિ રૂપ મહાપ્રલય પવનથી પણ ક્ષોભ-વિષમતા નહિ પામનારા હોઈ સ્વયંભૂરમણ કરતાં વધારે-ગંભીર-ભાવગંભીરતાવાળા અર્થાત્ કોઈપણ વિષમ પરિસ્થિતિમાં સમતા-સમતુલાને ન ગુમાવનારા અને જ્ઞાનાદિરૂપ ભાવજલથી અગાધ-ગંભીર જે છે. તથાચ ચંદ્રો કરતાં વધારે જે ગંભીર તે સિદ્ધો (કર્મરહિત હોઈ કૃતકૃત્ય-સિદ્ધ ભગવંતો) અમને પરમપદ (મોક્ષપદ) ની પ્રાપ્તિ આપો. આ પ્રમાણે સાતમી ગાથાનો ભાવાર્થ જાણવો.

ઈતિ-લલિતવિસ્તરામાં ચતુર્વિંશતિસ્તવ સમાપ્ત થાય છે.

હવે-૩ ખમાસમણ દઈ ચૈત્યવંદનનો આદેશ માગી નમુક્કાર એટલે જઘન્યથી ૩ ગાથાવાળું અને ઉત્કૃષ્ટથી ૧૦૮ ગાથાવાળું દેશભાષાનું અથવા સંસ્કૃત કે પ્રાકૃતભાષાનું જે ચૈત્યવંદન કરવામાં આવે છે. ૩ અથવા ૧૦૮ નમસ્કાર કહેવાય, અને તે ઉપરાંત જંકિંચિ સૂત્ર કહેવું. ત્યારબાદ નમુત્થુણં કહેવાય છે. ૧-૨ અધિકારઃ, ત્યારબાદ અરિહંત ચે. અને અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસગ્ગ કરવો. ત્યારબાદ ૧ નવકારનો કાઉસગ્ગ પારી અધિકૃત એક ચૈત્ય વા જિન સંબંધી ૧ થોય(સમુદાયમાં જે વડીલે જેને આદેશ આપેલ હોય તે એક જણ થોય કહે અને બીજા સાંભળે, તેમાં પુરૂષની કહેલી થોય ચતુર્વિધ સંઘને કલ્પે, અને સ્ત્રીએ કહેલી થોય સાધ્વી અને શ્રાવિકા એ બેને જ કલ્પે) કહેવી એ રૂપ ૩જો અધિકાર. ત્યારબાદ 'લોગસ્સ' સંપૂર્ણ કહેલો એ રૂપ ૪થો અધિકાર. આ પ્રમાણે ચૈત્યવંદનાના ચાર અધિકારો દર્શાવ્યા બાદ હવે ''સવ્વલોએ અરિહંત ચેઈઆણં કરેમિ કાઉસગ્ગં વંદનવત્તિયાએ'' ઈત્યાદિ પદોથી અરિહંત ચેઈ. સૂત્ર સંપૂર્ણ કરી પુનઃ અન્નત્થ. કહી ૧ નવકારનો કાઉસગ્ગ કરી પારીને સર્વ ચૈત્ય કે જિનસંબંધી બીજી થોય કહેવારૂપ પમા અધિકારની વ્યાખ્યા કરતા બોલે છે કે-

**एवं चतुर्विंशतिस्तवमुक्त्वा सर्व्वलोक एवार्हच्चैत्यानां कायोत्सर्गकरणायेदं पठति पठन्ति वा—'सव्वलोए अरिहंतचेईयाणं करेमि काउसग्गमित्यादि जाव वोसिरामि' व्याख्या-पूर्ववत्, नवरं सर्वलोके अर्हच्चैत्यानां इत्यत्र लोक्यते-दृश्यते केवलज्ञानभास्वतेति लोकश्चतुर्दशरज्ज्वात्मकः परिगृह्यते इति उक्तंच-'धर्म्मादीनांवृत्तिर्द्रव्याणां भवति यत्र तत्क्षेत्रम्। तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ॥ १ ॥' सर्व्वः खल्वधस्तिर्यगूर्ध्वभेदभिन्नः, सर्वश्चासौलोकश्च सर्व्वलोकस्तस्मिन् सर्वलोके त्रैलोक्य इत्यर्थः, तथाहि—अधोलौकिके चमरादिभवनेषु तिर्यग्लोके द्वीपाचलज्योतिष्कविमानादिषु ऊर्ध्वलोके सौधर्मादिषु सन्त्येवार्हच्चैत्यानि, ततश्च मौलं चैत्यं समाधेः कारणमिति मूलप्रतिमायाः प्राक् पश्चात् सर्वेऽर्हन्तस्तद्गुणा इति सर्वलोकग्रहः, कायोत्सर्गचर्चः पूर्ववत् तथैव स्तुतिः, नवरं सर्वतीर्थकराणाम्, अन्यथाऽन्यः कायोत्सर्गः अन्या स्तुतिरिति न सम्यक्, एवमप्येतदभ्युपगमेऽतिप्रसङ्गः, स्यादेवमन्योद्देशेऽन्यपाठः, तथाच निरर्थका उद्देशादयः सूत्रे इति यत्किञ्चिदेतत्, व्याख्यातं लोकस्योद्योतकरानित्यादिसूत्रम् ॥**

ભાવાર્થઃ- આ પ્રમાણે ચતુર્વિંશતિસ્તવના(લોગસ્સ સૂત્રના)કહ્યા બાદ સર્વલોકમાં રહેલ અરિહંત ચૈત્યોનો કાઉસગ્ગ કરવા સારૂ એક કે અનેક બોલે છે કે 'સવ્વલોએ અરિહંત ચેઈયાણં ઈત્યાદિથી માંડી વોસિરામિપર્યંત'(બોલે છે)એની વ્યાખ્યા પૂર્વની માફક સમજવી. વિશેષતા જે કાંઈ છે તે જણાવવામાં આવે છે કે જે કેવલજ્ઞાન રૂપી સૂર્યથી દેખાય તે ચૌદ રજ્જુ રૂપ લોક અહીં લેવો. કહ્યું છે કે ''જે ક્ષેત્રમાં ધર્માદિ છ દ્રવ્યોનું અસ્તિત્વ છે.ધર્માદિ છ દ્રવ્યો સહિત તે ક્ષેત્ર લોક કહેવાય છે જે ક્ષેત્ર ધર્માદિ છ દ્રવ્યોથી રહિત તે ક્ષેત્ર અલોક કહેવાય છે'' તથાચ સઘળાય એવા લોકમાં-ઊર્ધ્વલોક, તીર્ચ્છાલોક (મધ્યલોક) અધોલોક રૂપ ત્રણ પ્રકારના લોકમાં-ત્રણેયલોકમાં-[1]અધોલોકમાં-ચમરેન્દ્ર આદિના ભવનોમાં, [2]તીર્ચ્છાલોકમાં-દ્વીપ, પર્વત, જ્યોતિષી દેવોના વિમાન આદિમાં, [3]ઊર્ધ્વલોકમાં-સૌધર્માદિ દેવલોકોમાં અર્હંતોના ચૈત્યો છે જ. વળી તેથી જ 'મૂલ-મુખ્ય ચૈત્ય-જિન-પ્રતિમા,-મૂલનાયકજી, સમાધિ (જ્ઞાનાદિરૂપ પૂર્વકથિત સમાધિ) નું કારણ છે. એમ માની મૂલ પ્રતિમાની પહેલી સ્તુતિ (થોય) કહેવાયેલી છે. 'બધાય અર્હંતો એકસરખા ગુણવાળા છે. સમાધિ કારણ રૂપ એકસરખા ગુણવાળા' એમ માની પછીથી કારણ રૂપ એકસરખા ગુણ વાળા છે' એમ માની પછીથી સર્વલોક સ્થિત અર્હંત ચૈત્યની (સ્તુતિ) નું ગ્રહણ કરેલ છે, કાઉસગ્ગની ચર્ચા પૂર્વની માફક સમજવી. તેવી જ રીતે થોય સમજવી. પરંતુ વિશેષતા એટલી જ છે કે, થોય સર્વતીર્થંકર સાધારણ બોલવી નહિતર (જો સર્વતીર્થંકર સાધારણ થોય ન બોલવામાં આવે અને અધિકૃત અર્હંતની થોય બોલવામાં આવે તો) બીજો કાઉસગ્ગ અને બીજી થોય એ વ્યાજબી નથી. જો આમ માનવામાં આવે તો અતિપ્રસંગ નામનો દોષ આવે તો પછી અન્ય બીજા ઉદ્દેશ આદિ નિરર્થક થઈ જાય. મતલબ કે જેનો ઉદ્દેશ તેનો પાઠ આવો ક્રમ હોઈ જેનો કાઉસગ્ગ તેની જ થોય એમ અહીં સમજી લેવું.

હવે લોગસ્સ સૂત્રની પણ વ્યાખ્યા પૂરી થઈ જાય છે.

---

**૧ ભવનપતિમાં સાત કરોડ ને બોંતર લાખ જિનચૈત્યો છે. તેમાં પણ એક એક ચૈત્યે બિંબોની સંખ્યાનું પ્રમાણ ૧૦૮ નું સમજવું. એટલે તેરસેં નેવ્યાશી કરોડ સાઠ લાખ જિનબિંબો સમજવા.**

**૨ આ લોકમાં ૩૨૫૯ ચૈત્યોનું વર્ણન આવે છે. તેમાં ત્રણ લાખ એકાણું હજાર ત્રણસેં વીશ જિનપ્રતિમાઓ છે. તે ઉપરાંત વ્યંતરજ્યોતિષીઓમાં પણ જે જે શાશ્વત જિનબિંબો છે તેઓના શુભનામ ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન, સમ્મેતશિખર ઉપર વીશ, ને અષ્ટાપદ ઉપર ચોવીશ, શત્રુંજય, ગિરનાર, આબુ, શંખેશ્વરજી, કેશરીયાજી, વિ. તીર્થમાં બીરાજમાન તીર્થંકર પરમાત્માઓ તથા તારંગાએ અજિતનાથ, અંતરિક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, જીરાવલા પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ વિ. જિનબિંબો જાણવા.**

**૩ પહેલા દેવલોકમાં બત્રીસ લાખ જિનચૈત્યો છે. બીજા દેવલોકમાં અઠ્ઠાવીશ લાખ, ત્રીજા દેવલોકમાં બાર લાખ, ચોથા દેવલોકમાં આઠ લાખ, પાંચમે ચાર લાખ જિનચૈત્યો છે. છઠ્ઠા દેવલોકમાં પચ્ચાસ હજાર, સાતમા દેવલોકે ચારસો-ચારસો જિનચૈત્યો છે. અગીયારમા તથા બારમા દેવલોકમાં ત્રણસો, નવ ગ્રૈવેયકમાં ત્રણસો અઢાર, પાંચ અનુત્તરમાં ઉત્તમ ચૈત્યો છે. એવંચ ચોરાશી લાખ સત્તાણું હજાર ત્રેવીશ જૈન ચૈત્યોનો ઉત્તમ અધિકાર છે. દરેક સોજોજન લાંબા, પચાશ જોજન ઊંચા, ૭૨ જોજન પહોળા સમજવા. એક એક ચૈત્યમાં સભાસહિત ૧૦૮ જિનબિંબોનું પ્રમાણ સમજવું. સર્વ મળીને એક અબજ-બાવન કરોડ-ચોરાણું લાખ ચુંમાલીસ હજાર-સાતસો ને આઠ જિન પ્રતિમાઓ સમજવી.**

# શ્રુતસ્તવ

હવે શાસ્ત્રકાર, પુખ્ખરવરદી સૂત્ર કહેવા પૂર્વક, 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં વંદનવત્તિયાએ' ઈત્યાદિ સૂત્ર બોલી અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસગ્ગ કરી પારીને સિદ્ધાંતની વંદના સંબંધી ત્રીજી થોય કહેવારૂપ ૬-૭મા અધિકારને દર્શાવતા દર્શાવે છે કે;-

**पुनश्च प्रथमपदकृताभिमुख्यं पुष्करवरद्वीपार्द्धं विधिवत् पठति पठन्ति वा, तस्येदानीमभिसम्बन्धो विवरणं चोन्नीयते- सर्वतीर्थकराणां स्तुतिरूक्ता, इदानीं तैरुपदिष्टस्यागमस्य येन ते भगवन्तस्तदभिहिताश्चभावाः स्फुटमुपलभ्यन्ते तत्प्रदीपस्थानीयं सम्यक्श्रुतमर्हति कीर्तनम्, अत इदमुच्यते 'पुक्खरवरदीवड्ढे धायइसंडेय जंबुदीवेय । भरहेरवयविदेहे धम्माइगरे नमंसामि ॥ १ ॥**

**व्याख्या–पुष्कराणि पद्मानि तैर्वरः, पुष्करवरश्चासौ द्वीपश्चेति समासः, तस्यार्द्धंमानुषोत्तराचलार्वागूभागवर्त्ति, तस्मिन्, तथा धातकीनां खण्डानि यस्मिन् स धातकीखण्डो द्वीपः तस्मिंश्च, तथा जम्ब्वा उपलक्षितस्तत्प्रधानो वा द्वीपो जम्बूद्वीपः तस्मिंश्च, एतेष्वर्द्धतृतीयेषु द्वीपेषु महत्तरक्षेत्रप्राधान्याङ्गीकरणतः, पश्चानुपूर्व्योपन्यस्तेषु यानि भरतैरावतविदेहानि, प्राकृतशैल्या त्वेकवचननिर्देशः, द्वन्द्वैकेवद्भावाद्वा भरतैरावतविदेह इत्यपि भवति, तत्र धर्म्मादिकरान्नमस्यामि, 'दुर्गतिप्रसृतान्, जीवानित्यादिश्लोकोक्तनिरुक्तो धर्म्मः, स च द्विभेदः- श्रुतधर्म्माश्चारित्रधर्म्माश्च श्रुतधर्म्मेणेहाधिकारः, तस्य च भरतादिष्वादौ करणशीलास्तीर्थकरा एव। आह–श्रुतज्ञानस्य स्तुतिः प्रस्तुता, कोऽवसरस्तीर्थकृतां ? येनोच्यते–धर्म्मादिकरान्नमस्यामिति, उच्यते, श्रुतज्ञानस्य तत्प्रभवत्वात्, अन्यथा तदयोगात्, पितृभूतत्वेनावसर एषामिति,**

ભાવાર્થઃ- અને વળી-ત્યારબાદ, પ્રથમપદ-આદિપદથી કરાયેલ નામવાળા (આદાનનામવાળા-પુખ્ખરવરદી (પુષ્કરવર દ્વીપાર્ધ) સૂત્રને (ગૌણનામ-ગુણવાચક નામવાળા શ્રુતસ્તવને) વિધિપ્રમાણે એક કે અનેક બોલે છે. હવે તે શ્રુતસ્તવનો હમણાં અભિસંબંધ-સંગતિ અને વિવરણ-વ્યાખ્યા વિચારાય છે કે, સર્વ તીર્થંકરોની સ્તુતિ (થોય) કહી દીધી. હમણાં તે સર્વ તીર્થંકરોએ બતાવેલ આગમના ભાવો, અને તે તીર્થંકરો, અને તે તીર્થંકરોએ કહેલા ભાવો-પદાર્થો (પદાર્થરહસ્યો) જે શ્રુતઆગમ વડે સ્પષ્ટ-ચોખ્ખા દેખાય છે. જ્ઞાનગોચર-માલુમ પડે છે. તે દીપક સ્થાનને શોભાવનારૂં શ્રુત, કીર્તન-સ્તુતિ-સ્તવનને પાત્ર-યોગ્ય બરોબર બને છે. એટલે જ સૂત્રનું ઉચ્ચારણ કરાય છે કે 'પુખ્ખરવરદીતિ'

(૧) જે પુષ્કરો એટલે કમલો વડે સુંદર-શ્રેષ્ઠ તે પુષ્કરવરદ્વીપ તેના અર્ધા ભાગમાં માનુષોત્તર પર્વતના-મનુષ્યોની વસતિવાળા અંદરના ભાગ રૂપ અર્ધા ભાગમાં.

અહીં આટલી વસ્તુ સમજવા જેવી છે કે 'મધ્યલોકની વચમાં જંબૂનામનો દ્વીપ છે કે જેની મધ્યમાં મેરૂનામનો એક મહાન પર્વત આવેલો છે. 'જંબૂદ્વીપ' એટલે જંબૂવૃક્ષથી ઉપલક્ષિત(પ્રસિદ્ધ)અથવા જંબૂપ્રધાન દ્વીપ. આ દ્વીપની આસપાસ જે સમુદ્ર છે તેનું નામ 'લવણસમુદ્ર', એની પછી જે જમીન આવેલી તેનું

નામ 'ઘાતકી ખંડ' તેમાં ઘાવડી વૃક્ષના વનો વિશેષ હોવાથી એ નામ પડેલું છે. ઘાતકીખંડની આસપાસ જે સમુદ્ર છે, તેનું નામ 'કાલોદધિ'. આ સમુદ્ર પછી જે જમીન આવે છે તેનું નામ 'પુષ્કરવરદ્વીપ' આ દ્વીપની આસપાસ 'પુષ્કરોદધિ' નામનો સમુદ્ર આવેલ છે. આ ક્રમ 'સ્વયંભૂરમણ' નામના સમુદ્ર સુધી લંબાય છે. જેનાથી તેના બે ભાગ પડે છે. તેના અંદરના ભાગમાં મનુષ્યની વસતિ છે અને બહારના ભાગમાં મનુષ્યની વસતિ નથી. એટલે 'જંબૂદ્વીપ, ઘાતકીખંડ, અર્ધપુષ્કરવર દ્વીપ' મળીને અઢીદ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર છે. તીર્થંકરો અને બીજા મહાપુરૂષોની ઉત્પત્તિ તેમાં જ સંભવે છે.

(૨) ઘાતકીખંડમાં (૩) જંબૂદ્વીપ રૂપ અઢી દ્વીપમાં-મહત્તર-મોટા મોટા ક્ષેત્રની પ્રધાનતાના સ્વીકાર રૂપ અપેક્ષાએ પશ્ચાનુપૂર્વીક્રમથી ગોઠવેલ એવા પુષ્કરવર દ્વીપાર્ધ, ઘાતકીખંડ જંબૂદ્વીપ રૂપ અઢી દ્વીપમાં, જે ભરત-ઐરાવત-વિદેહ નામના ક્ષેત્રો છે. તે ક્ષેત્રોમાં ધર્મની આદિ કરનારા તીર્થંકર ભગવંતોને હું નમું છું. 'ધર્મની આદિ કરનારાઓને હું નમું છું' અહીં દુર્ગતિમાં પડતા જીવોને બચાવનાર જે ધર્મ તે શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મ એમ બે પ્રકારનો છે. તે પૈકી અહીં શ્રુત ધર્મનો અધિકાર હોઈ અહીં ધર્મનો અર્થ શ્રુતધર્મ છે અને તે શ્રુત ધર્મની ભરતાદિ ક્ષેત્રોમાં શરૂઆત કરનારા અર્થાત્ તે શ્રુતધર્મની ઉત્પત્તિ ભરતાદિ ક્ષેત્રોમાં તીર્થંકરો દ્વારા જ થાય છે. તેથી તેઓને ધર્મની આદિ કરનારા કહ્યા છે.

શંકાઃ- અહીં તો શ્રુતજ્ઞાનની સ્તુતિ પ્રસ્તુત છે. તીર્થંકર ભગવંતની સ્તુતિનો પ્રસ્તાવ નથી કે જેથી 'ધર્મની આદિ કરનારા તીર્થંકરોને હું નમું છું.' એમ તીર્થંકરની સ્તુતિ કહી કે કરી શકાય.

સમાધાનઃ- શ્રી તીર્થંકર ભગવંતોથી જ શ્રુતજ્ઞાનનો જન્મ-ઉત્પત્તિ છે. જો તીર્થંકર જન્ય શ્રુતજ્ઞાન ન માનવામાં આવે તો શ્રુતજ્ઞાનનો અસંભવ છે. શ્રુતજ્ઞાન જન્મ પ્રત્યે તીર્થંકરો મુખ્ય કારણ છે. એટલે તીર્થંકરો, શ્રુતજ્ઞાનના જનક-પિતા સરખા હોઈ અહીં શ્રુતજ્ઞાનના પિતા સરખા તીર્થંકરોની સ્તુતિ પ્રસ્તુત જ છે. અપ્રસ્તુત નથી.

હવે સમયસર શાસ્ત્રકાર અપૌરૂષેય વચનનું ખંડન ધારદાર શૈલીથી રજુ કરે છે.

**एतेन सर्वथा अपौरुषेयवचननिरासः, यथोक्तं–'असम्भव्यपौरुषेयं' 'वान्ध्येयखरविषाणतुल्यं अपुरुषकृतं वचनं विदुषामनुपन्यसनीयं विद्वत्समवाये, स्वरूपनिराकरणात्, तथाहि–उक्ति र्वचनम् उच्यत इति चेति पुरुषक्रियानुगतं रूपमस्य, एतत्क्रियाऽभावे कथं तद्भवितुमर्हति, न चैतत्केवलं ध्वनदुपलभ्यते, उपलब्धा वप्यदृश्यवक्त्राशङ्कासम्भवात्, तन्निवृत्त्युपायाभावात्, अतीन्द्रियार्थदर्शिसिद्धेः, अन्यथा तदयोगात्, पुनस्तत्कल्पनावैयर्थ्यादसारमेतदिति, स्यादेतत्–भवतोऽपि तत्त्वतोऽपौरुषेयमेव वचनं, सर्वस्य सर्वदर्शिनस्तपूर्वकत्वात् 'तप्पुव्विया अरहया' इति वचनात्, तदनादित्वेऽपि तदनादित्वतस्तथात्वसिद्धेः, अवचनपूर्वकत्वं चैकस्य, तदपि तन्त्रविरोधि, न्यायतोऽनादिशुद्धवादापत्तेरिति, न, अनादित्वेऽपि पुरूषव्यापाराभावे वचनानुपत्त्या तथात्वासिद्धः, नचावचनपूर्वकत्वं कस्यचित्, तदादित्वेन तदनादित्वविरोधादिति, बीजाङ्कुरवदेतत्, ततश्चानादित्वेन प्रवाहतः सर्वज्ञाभूतभवनवद्वक्तृव्यापारपूर्वकत्वमेवाखिलवचनस्येति, नन्वेवं सर्वज्ञ एवास्य वक्ता सदा नान्यः, तदसाधुत्वप्रसङ्गादिति, सोऽवचनपूर्वक एव कश्चिन्नीतितः, ननु बीजाङ्कुरवत् इत्यनेन प्रत्युक्तं, परिभावनीयं तु यत्नतः, तथाऽर्थज्ञानशब्दरूपत्वादधिकृतवचनस्य शब्दवचनापेक्षया नावचनपूर्वकत्वेऽपि कस्यचिद्दोषः, मुरुदेव्यादीनां तथाश्रवणात्, वचनार्थप्रतिपत्तित एव तेषामपि तथात्वासिद्धेस्तत्त्वतस्तत्पूर्वकत्वमिति, भवति च विशिष्टक्षयोपशमादितो**

**માર્ગાનુસારિબુદ્ધેર્વચનમન્તરેણાપિ તદર્થપ્રતિપત્તિઃ, ક્વચિત્તથાદર્શનાત્, સંવાદસિદ્ધેઃ, એવંચ વ્યક્ત્યપેક્ષયા નાનાદિશુદ્ધવાદાપત્તિઃ, સર્વસ્ય તથા તત્પૂર્વકત્વાત્, પ્રવાહતસ્ત્વિષ્યત એવેતિ, ન મમાપિ તત્ત્વતોઽપૌરૂષેયમેવ વચનમિતિ પ્રપઞ્ચિતમેતદન્યત્રેતિ નેહ પ્રયાસઃ ।**

ભાવાર્થઃ- આ તીર્થંકરોનું ધર્મ-શ્રુતજ્ઞાન-આગમનું આદિકરત્વ રૂપ સ્વરૂપ જણાવવા દ્વારા, સર્વથા-સર્વ પ્રકારે-બધી રીતે(અર્થજ્ઞાન, શબ્દરૂપ પ્રકાશન પ્રકારના સમસ્તપણાએ)અપૌરૂષેય(અપુરૂષકૃત)વચન(આગમ)છે એ વાદનું ખંડન-નિરસન થાય છે.

તથાચ બીજા પ્રકારે વિશેષરીતિએ પૂર્વોક્તવાદનું ખંડન કરતા બોલે છે કે-કહ્યું છે કે (ધર્મસાર પ્રકરણે વચનપરીક્ષામાં કહ્યું છે કે) 'અપૌરૂષેય વચન સંભવતું નથી-અસંભવિત-અસત્ છે, વંધ્યા પુત્રની માફક, ગર્દભ શૃંગની માફક અસત્ છે. તથાહિ-અપૌરૂષેય વચન, પંડિતોની પર્ષદામાં પક્ષ(ધર્મી)પણાએ વ્યવહારને યોગ્ય નથી. કેમ કે, અપૌરૂષેયત્વ રૂપ સાધ્યનો ધર્મિસ્વરૂપ વચનત્વની(સાથે) પ્રતિષેધ-બાધ છે. મતલબ એવો છે કે, વચન એટલે બોલવું કે જે બોલાય અર્થાત્ વચન બોલવા રૂપ ક્રિયા, પુરૂષદ્વારા સંભવિત છે. પુરૂષક્રિયાની સાથે વચનના સ્વરૂપની વ્યાપ્તિ છે, જ્યાં જ્યાં વચનત્વ છે, ત્યાં ત્યાં પુરૂષક્રિયા અવશ્ય છે જ.

એવંચ જે રજૂ કરાતી વસ્તુ, પોતાના વચનથી બાધિત થાય, તે વસ્તુ, પંડિતે પંડિતોની સભામાં રજુ નહિ કરવી જોઈએ. જેમ કે, દા.ત. મારી માતા વાંઝણી, મારા બાપુજી, બાલબ્રહ્મચારી તેવી જ રીતે 'અપૌરૂષેય વચન' સમજી લેવું. જો કોઈ સ્થાને સાક્ષાત્ પુરૂષજન્યક્રિયા વગર પણ વચન સંભળાય તે સ્થાનમાં અદૃશ્ય વક્તાની કલ્પના કરવી જ પડશે. અતએવ જે વચન, તે પૌરૂષેય-પુરૂષકૃત છે. કેમ કે, તે(વેદાદિ)વચન વર્ણાત્મક છે. જેમ કે, કુમારસંભવવિગેરે, વર્ણાત્મક હોવાથી પુરૂષકૃત છે તેમ આગમ-વેદ પણ વચનરૂપ હોવાથી વર્ણાત્મક છે, તેથી આગમ-વેદ પૌરૂષેય છે. કહ્યું પણ છે કે 'વર્ણોના સમુદાય, નિશ્ચયે તાલુઆદિ સ્થાન, પુરૂષને જ હોય છે, માટે વેદ, અપુરૂષકૃત નથી. પરંતુ પુરૂષકૃત જ છે.''

તથાચ આકાશઆદિમાં પુરૂષક્રિયાવગર પણ અપૌરૂષેયવચન સંભળાય ત્યાં પણ અદૃશ્ય પિશાચ આદિ વક્તાની આશંકા 'આ પિશાચ આદિ બોલ્યા હશે કે નહિ' એવો સંશય શંકા કરવી જ પડશે ! વળી એવો કોઈ હેતુ નથી કે જેથી તે શંકા દૂર થઈ શકે !

જો અતીન્દ્રિયાર્થદર્શી પિશાચાદિરૂપ અતીન્દ્રિયાર્થદ્રષ્ટા પુરૂષ માનવામાં આવે તો તે શંકા દૂર થઈ શકે ! કારણ કે તે પુરૂષથી જ 'આ વચન, પિશાચાદિ જન્ય છે કે આપમેળે કુદરતી છે' આવા પ્રકારનો એક નિશ્ચયનો સદ્ભાવ છે. જો અતીન્દ્રિયાર્થદર્શી પુરૂષને ન માનો તો અદૃશ્ય વક્તા વિષયક શંકાની નિવૃત્તિ થઈ શકે નહિ. વળી અતીન્દ્રિયાર્થદર્શી, પ્રકૃત શંકાનિર્વતક તરીકે માનવામાં આવે તો શો વાંધો? આ શંકાના જવાબમાં એટલું જ કહેવાનું કે અતીન્દ્રિયાર્થદર્શી માનીને ફરીથી અપૌરૂષેય વચનની કલ્પના નિષ્ફલ થાય છે. કારણ કે, અતીન્દ્રિયાર્થદર્શી પુરૂષને નહિ માનનારાઓને જ અપૌરૂષેય વચનની કલ્પનાની

સફલતા છે. કહ્યું છે કે, અતીન્દ્રિયપદાર્થોનો સાક્ષાત્ દ્રષ્ટા-અતીન્દ્રિયાર્થદર્શી કોઈ છે જ નહિ એટલે નિત્ય વચન-વેદવાક્યથી જે જુએ તે દ્રષ્ટા છે.'

એવંચ જો અદ્રશ્ય પિશાચઆદિ વક્તા વિષયક આ શંકા દૂર કરવા અતીન્દ્રિયાર્થદર્શી પુરૂષ માનવામાં આવે તો ફરીથી અપૌરૂષેય વચનની કલ્પના વ્યર્થ-નિરર્થક છે. અને પોતાની દ્રષ્ટિએ અતીન્દ્રિયાર્થદર્શી નહિ માનનાર માટે સાર્થક છે છતાં જો અતીન્દ્રિયાર્થદર્શી પુરૂષ ~~ન~~ માનવામાં આવે તો પૂર્વકથિત અદૃશ્ય પિશાચઆદિ વક્તાની આ શંકા-સંશય હોઈ આ અપૌરૂષેય વચનનો વાદ, નિષ્ફલ-અસાર-અકિંચિત્કર છે.

પૂર્વપક્ષ-ભલે અમારી મજકૂર કલ્પના કે વાદ વ્યર્થ અસાર હો ! પરંતુ તમારે પૌરૂષેય વચનવાદીએ પણ(મારે પણ નહિ પરંતુ તમારે પણ ઈતિઅપિ શબ્દનો અર્થ)પરમાર્થ-તાત્પર્ય શુદ્ધિથી 'અપૌરૂષેય જ વચન છે.' એવો વાદ માનવો કે અપનાવવો પડશે જ. તથ્યહિ અપૌરૂષેય વચન વિષયે સર્વ ઋષભાદિ સર્વજ્ઞો, વચનપૂર્વક છે. કારણ કે, 'વચનપૂર્વક જ અર્હત્તા-અર્હંતપણું કે અર્હંત જાતિ હોય છે.' એમ શાસ્ત્રવાણી છે. વળી અહીં એવી પણ શંકા નહિ કરવી કે 'ભલે અર્હંત સંતાન-પરંપરા, હો ! તેથી અપૌરૂષેય વચન સિદ્ધ કેવી રીતે ?' કેમ કે તેનો જવાબ એ છે કે, અર્હંત પરંપરા, અનાદિ છે એટલે વચન, અપૌરૂષેય-અનાદિ-નિત્ય છે. જો અર્હંતોનું વચન, અપૌરૂષેય-અનાદિ તરીકે ન માનવામાં આવે તો અવચનપૂર્વક, કોઈ એક આદિમાં-શરૂમાં વચન પ્રવર્ત્તક, અર્હંત સ્વીકારવો પડશે જ, વળી આ વાતને ઈષ્ટાપત્તિ તરીકે નહિ માની શકો ! કારણ કે, તે આદિના અર્હંતનું અવચનપુર્વકત્વ, **'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** ઈતિ આગમનું વિરોધી છે. તેમજ 'સદ્અકારણવત્ નિત્યં' આવા નિત્યલક્ષણ રૂપ ન્યાયથી પરપરિકલ્પિત સદાશિવ આદિની માફક અનાદિ શુદ્ધ હોઈ એક અર્હંતના સ્વીકાર રૂપ વાદનો પ્રસંગ આવે !

ઉત્તરપક્ષ-તમારૂં આ કથન બરોબર વ્યાજબી નથી. કારણ કે, વચનનો આદિભાવ નહિ હોવા છતાંય, વચનપ્રવર્ત્તક તાલુઆદિના વ્યાપારના અભાવમાં પૂર્વકથિત વચનનો અભાવ હોઈ અપૌરૂષેયત્વની અસિદ્ધિ છે. વચનપ્રવર્ત્તક તાલુઆદિનો વચન પૌરૂષેય-પુરૂષકૃત જ છે. વાદીએ કહ્યું હતું કે 'જો અપૌરૂષેય વચન નહિ માનો તો અવચનપૂર્વકનો કોઈ એક, આદિમાં વચનપ્રવર્ત્તક, અનાદિ શુદ્ધ અર્હંત માનવો પડશે' આ કથન પણ યુક્તિ રહિત છે. તથાહિ-કોઈ ભગવંત,અવચનપૂર્વક નથી. કારણ કે, ભગવંતનું વચનપૂર્વકત્વ જ, અવચન પૂર્વકત્વથી આક્ષિપ્ત આપેલ તે ભગવંતના અનાદિપણાનું વિરોધી નિરાકરણ કરનારૂં છે.

અહીં પરમાર્થ-રહસ્ય-ગૂઢાર્થ એવો છે કે; જેમ બીજથી અંકુરો અને અંકુરોથી જ બીજ પ્રર્વતે છે તેમ વચનથી(શાસન-તીર્થની)અર્હંતો અને અર્હંતોથી વચન પ્રર્વતે છે તેથી જ બીજઅંકુરોના દ્રષ્ટાંતથી પ્રવાહથી(પરંપરાએ)વચનનું અનાદિપણું હોવાં છતાંય પહેલાં નહિ થએલા ઋષભાદિ વ્યક્તિ રૂપ સર્વજ્ઞના થવાની માફક લૌકિક આદિ ભેદવાળા અખિલ વચનનું વક્તાના વ્યાપારપૂર્વક હોઈ પૌરૂષેયત્વ સમજી લેવું. તથાચ જેમ બીજાંકુરના દ્રષ્ટાંતે પ્રવાહની અપેક્ષાએ વચનનું અનાદિપણું હોય છતાંય પહેલાં નહિ થયેલ ઋષભાદિ વ્યક્તિરૂપ સર્વજ્ઞની ઉત્પત્તિની માફક અખિલ વચનનું વક્તાપુરૂષના વ્યાપારપૂર્વકપણું પૌરૂષેય-પુરૂષકૃતત્વ માનવું જ પડશે.

પૂર્વપક્ષઃ-જો વચનનું પૌરૂષેયત્વ સ્વીકારવામાં આવે તો, સદા-સર્વકાલ, આ વચનનો વક્તા સર્વજ્ઞ જ માનવો જોઈએ, સર્વજ્ઞભિન્ન બીજો પુરૂષ, વચનનો વક્તા નહિ માનવો જોઈએ, કારણ કે, વક્તાના પ્રામાણ્યથી વચનનું પ્રમાણપણું હોઈ સર્વજ્ઞભિન્ન વક્તાના વચનના અપ્રમાણપણાની પ્રાપ્તિ છે. એટલે જ નીતિ- 'નહિતર અપૌરૂષેય વચન થશે' આવી નીતિ આશ્રયી ખૂબ લાંબા કાલમાં થઈ ગયેલ-અવચન પૂર્વકનો કોઈ એક તે સર્વજ્ઞ સ્વીકારવો જ પડશે.

ઉત્તરપક્ષઃ-આ વિચારણીય તમામ જે વસ્તુ, 'બીજાંકુરની માફક' ઈત્યાદિ ગ્રંથથી ખંડિત કરેલી ખૂબખૂબ યત્નથી તે વિચારો ! કારણ કે, સારી રીતે પુખ્ત વિચારણા કરી હોય તો ફરીથી આ પ્રમાણેના ઉપન્યાસનો અયોગ થાય !

જૈનોને કોઈ જગ્યાએ એકાંત નથી એ વાતની રજૂઆત કરતા કહે છે કે;-

અધિકૃત વચન-પ્રકૃત આગમના ત્રણ પ્રકાર-સ્વભાવ છે. તથાહિ (૧) અર્થરૂપ વચન-આગમ-સામાયિક પરીણામ આદિને અર્થ તરીકે માનવામાં આવે છે. અને તે અર્થને અર્થ રૂપ વચન-આગમ તરીકે ઓળખાવવામાં આવે છે. (૨) જ્ઞાન રૂપ વચન-આગમ-અર્થગત જ પ્રતીતિને જ્ઞાન તરીકે માનવામાં આવે છે ને એ જ્ઞાનને જ્ઞાનરૂપ વચન તરીકે ઓળખાવવામાં આવે છે. (૩) શબ્દ રૂપ વચન-આગમ-વાચકધ્વનિ(શબ્દ)ને શબ્દ તરીકે માનવામાં આવે છે. આ વાચકધ્વનિ રૂપ શબ્દને શબ્દરૂપ વચન-આગમ તરીકે ઓળખાવવામાં આવે છે. તથાચ શબ્દરૂપ વચનની અપેક્ષાએ અવચનપૂર્વકપણું હોવા છતાંય કોઈ એક સર્વજ્ઞને અનાદિ શુદ્ધ વાદની આપત્તિ લક્ષણ દોષ નથી. કારણ કે;

મરૂદેવી આદિ-પ્રથમ તીર્થંકરની માતા વિગેરે કે જેઓ સ્વયમેવ-આપમેળે જ ભવ્યતાના પરિપાકવાળા છે તેઓમાં શબ્દરૂપ વચનની અપેક્ષા વગર, સર્વદર્શિપણું સંભળાય છે. હવે 'વચનપૂર્વિકા અર્હત્તા' આવા વચનનું સમર્થન કરતા કહે છે કે,-

તથાચ જ્ઞાનક્રિયા સ્વરૂપ, વચન સાધ્ય સામાયિક આદિ રૂપ અર્થના અંગીકારની અપેક્ષાએ જ(જ્ઞાનક્રિયા સ્વરૂપ, વચન સાધ્ય સામાયિક આદિરૂપ અર્થના અંગીકાર શિવાય નહિ જ)મરૂદેવી વિગેરેમાં પણ(અપિ-પણ શબ્દથી ઋષભ આદિમાં પણ)સર્વદર્શીપણાની સિદ્ધિ-નિશ્ચય હોઈ તત્ત્વથી નિશ્ચયવૃત્તિથી(વ્યવહારથી પણ નહિ)વચનપૂર્વકત્વ, સિદ્ધ નિશ્ચિત માનવું.

હવે આજ વિષય ઉપર વિચારણા-સંપૂર્ણમીમાંસા કરે છે કે;

વિશિષ્ટઃ-દર્શન મોહનીયાદિવિષયકક્ષય-ક્ષયોપશમ-ઉપશમથી, સમ્યગદર્શન-આદિરૂપ મોક્ષમાર્ગને અનુસરનારી બુદ્ધિવાળા પુરૂષને, શબ્દરૂપ વચનની અપેક્ષા શિવાય પણ જ્ઞાનક્રિયા સ્વરૂપ, વચન સાધ્યસામાયિકઆદિ અર્થના સ્વીકારરૂપ વચનાર્થ પ્રતિપત્તિ, પ્રાપ્ત થાય છે. કારણ કે, 'જે આ તેં કહ્યું તે સ્વતઃ-તમારા કહ્યા શિવાય આપમેળે જ મેં જાણ્યું અથવા કર્યું' આવા પ્રકારના પ્રકૃત અર્થના અવિરોધ-સંગતિ રૂપ સંવાદની સિદ્ધિ હોઈ ક્વચિત્-વિશિષ્ટ યોગ્યતાસંપન્ન-પ્રજ્ઞાપનીય-શિક્ષણયોગ્ય પુરૂષમાં વચનસાધ્ય અર્થપ્રતિપત્તિ દેખાય છે.

એવંચ વચનનું પૌરૂષેયપણું સિદ્ધ થયે છતે વ્યક્તિની અપેક્ષાએ(શૃંગગ્રાહિકયા-એક એક સર્વદર્શીની અપેક્ષા રાખી) 'કોઈ એક અનાદિ શુદ્ધ, સર્વદર્શી, વચનનો વક્તા માનવો જ પડશે' એવા વાદની આપત્તિ રૂપ દોષ નથી. કારણ કે, સર્વ સર્વદર્શી, તથા પૂર્વકથિત પ્રકારસ્વભાવથી યુક્ત વચનપૂર્વકત્વવાળા છે.

પરંતુ પ્રવાહની અપેક્ષાએ-પરંપરાની અપેક્ષાએ, અનાદિ શુદ્ધ મનાય જ છે, કારણ કે, પ્રવાહ અનાદિ છે. આ રીતિએ જે મારા પર પહેલાં તેં આપેલ 'અપૌરૂષેય વચન તમારે પણ તત્ત્વથી માનવું પડશે' એ રૂપ આપત્તિ, હવે મને નડતી નથી આ વિષયની સંપૂર્ણ ચર્ચાનો વિસ્તાર, સર્વજ્ઞ સિદ્ધિ આદિ અન્ય ગ્રંથોમાં કરેલ છે. તેથી અહીં વિસ્તારનો પ્રયાસ કરાતો નથી.

હવે શાસ્ત્રકાર, 'પુખ્ખરવરદી' સૂત્રની ૨-૩-૪ એમ ત્રણ ગાથાઓનું સવિવેચન-સસંગતિ સક્રમ વર્ણન રજૂ કરે છે.

**तदेवं श्रुतधर्म्मादिकराणां स्तुतिमभिधायाधुना श्रुतधर्म्मस्याभिधित्सुराह–'तमतिमिरपडलविद्धंसणस्स सुरगणनरिंदमहिअस्स। सीमाधरस्स वंदे पप्फोडिअमोहजालस्स ॥ २ ॥' अस्य व्याख्या–तमः-अज्ञानं तदेव तिमिरं तमस्तिमिरं, अथवा तमः-बद्धस्पृष्टनिधत्तं ज्ञानावरणीयं निकाचितं तिमिरं तस्य पटलं-वृन्दं तमस्तिमिरपटलं तद्विध्वंसयति विनाशयतीति तमस्तिमिरपटलविध्वंसनः तस्य, तथाचाज्ञाननिरासेनैवास्य प्रवृत्तिः, तथा 'सुरगणनरेन्द्रमहितस्य' तथा ह्यागममहिमानं कुर्वन्त्येव सुरादयः, तथा सीमांमर्यादां धारयतीति सीमाधरः[1] तस्येति कर्म्मणि षष्ठी, तं वन्दे, तस्य वा यन्माहात्म्यं तद्वन्दे[2] अथवा तस्य वन्दे इति तद्वन्दनं करोमि, तथाह्यागमवन्त एव मर्यादां धारयन्ति, किंभूतस्य ?–प्रकर्षेण स्फोटितं मोहजालं-मिथ्यात्वादि येन स तथोच्यते तस्य, तथा चास्मिन्सति विवेकिनो मोहजालं विलयमुपयाति इति ॥**

**इत्थं श्रुतमभिवन्द्याधुना तस्यैव गुणोपदर्शनद्वारेणाप्रमादगोचरतां प्रतिपादयन्नाह–'जाईजरामरणसोगपणासणस्स, कल्लाणपुक्खल-विसालसुहावहस्स । को देवदाणवनरिंदगणच्चिअस्स धम्मस्स सारमुवलब्भ करे पमायं ॥ ३ ॥' अस्य व्याख्या-जातिः-उत्पत्तिः, जरावयोहानिलक्षणा, मरणं-प्राणनाशः, शोकः-मानसो दुःखविशेषः, जातिश्च जराच मरणंच शोकप्रणाशनस्तस्य, तथाच श्रुतधर्म्मोक्तानुष्ठानाज्जात्यादयः प्रणश्यन्त्येव, अनेन चास्यानर्थप्रतिघातित्वमाह, कल्यम्-आरोग्यं कल्यमणतीति कल्याणं, कल्यं शब्दयतीत्यर्थः, पुष्कलंसम्पूर्णं न च तदल्पं, किन्तु ? विशालं-विस्तीर्णं सुखं-प्रतीतं, कल्याणं पुष्कलं विशालं सुखमावहति-प्रापयति, कल्याणपुष्कलविशालसुखावहः तस्य, तथाच श्रुतधर्म्मोक्तानुष्ठानादुक्तलक्षणमपवर्ग्गसुखमवाप्यत एव, अनेन चास्य विशिष्टार्थप्रसाधकत्वमाह, कः प्राणी देवदानवनरेन्द्रगणार्चितस्य श्रुतधर्म्मस्य सारं-सामर्थ्यं उपलभ्यदृष्ट्वा विज्ञाय कुर्यात्प्रमादं सेवेत ?, सचेतसश्चारित्रधर्म्मे प्रमादः कर्त्तुं ना युक्त इति हृदयं,**

**आह–सुरगणनरेन्द्रमहितस्येत्युक्तं पुनर्देवदानवनरेन्द्रगणार्चितस्येति किमर्थम् ? उच्यते, प्रस्तुतभावान्वयफलतत्रिगमनत्वाददोषः, तस्यैवंगुणस्य धर्म्मस्य सारं-सामर्थ्यमुपलभ्य कः सकर्ण्णः प्रमादी भवेच्चारित्रधर्म्म इति ॥**

---

१ प्रक्रमात् श्रुतधर्मः, २ इति संबंधे षष्ठी,

यतश्चेवमतः-'सिद्धे भो ! पयओ नमो जिणमए नन्दी सया संजमे, देवंनागसुवण्णकिण्णरगणसब्भूअभावच्चिए । लोगो जत्थ पइट्ठिओ जगमिणं तेलोक्कमच्चासुरं, धम्मो वड्ढउ सासओ विजयओ धम्मुत्तरं वड्ढउ ॥ ४ ॥'

अस्य व्याख्या—सिद्धे-प्रतिष्ठिते प्रख्याते, तत्र सिद्धः फलाव्यभिचारेण प्रतिष्ठितः सकलनयव्याप्तेः प्रख्यातस्त्रिकोटीपरिशुद्धत्वेन, भो इत्येतदतिशयिनामामन्त्रणं पश्यन्तु भवन्तः, प्रयतोऽहं यथाशक्त्येतावन्तं कालं प्रकर्षेण यतः, इत्थं परसाक्षिकं प्रयतो भूत्वा पुनर्नमस्करोति, 'नमो जिनमते' सुपां सुपो भवन्तीति चतुर्थ्यर्थे सप्तमी, नमो जिनमताय, तथाचास्मिन् सति जिनमते 'नन्दिः' समृद्धिः 'सदा', सर्वकालं, क्व ? 'संयमे' चारित्रे तथाचोक्तं 'पढमं नाणं तओ दयेत्यादि,' किंभूते संयमे ?-देवनागसुव(प)र्ण किन्नरगणैः सद्भूतभावेनार्चिते, तथाच संयमवन्तः अर्च्यन्त एव देवादिभि, किंभूते जिनमते ?-लोकनं लोकःज्ञानमेव स यत्र प्रतिष्ठितः, तथा जगदिदं ज्ञेयतया, केचिन्मनुष्यलोकमेव जगन्मन्यन्त इत्यत आह—'त्रैलोक्यं मनुष्यासुरं' आधाराधेयभावरूपमित्यर्थः, अयमित्थम्भूतः श्रुतधर्म्मो वर्धतां-वृद्धिमुपयातु, शाश्वतमिति क्रियाविशेषणमेतत् 'शाश्वतं वर्द्धतामित्यप्रच्युत्येति भावना, विजयतः-अनर्थप्रवृत्तपरप्रवादिविजयेनेति हृदयं, तथा धर्म्मोत्तरं-चारित्रधर्म्मोत्तरं वर्द्धतां, पुनर्वृद्ध्यभिधानं 'मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्येति प्रदर्शनार्थं, तथाच तीर्थकरनामकर्महेतून् प्रतिपादयतोक्तं 'अपुव्वनाणगहणे' इति,

ભાવાર્થઃ-તેથી જ આ પ્રમાણે શ્રુતધર્મની આદિ કરનારા તીર્થકરોની સ્તુતિ કર્યા બાદ હવે-હમણાં શ્રુતધર્મની સ્તુતિ કહેવાની ઈચ્છાવાળા શાસ્ત્રકાર બોલે છે કે;

(૧) तमस्तिमिर પટલ વિધ્વંસન એવા શ્રુતધર્મને હું વંદું છું-તથાહિ-तमस्तिमिर એટલે અજ્ઞાનરૂપી અંધકાર અથવા तम-બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્તરૂપ જ્ઞાનાવરણીય-(જ્ઞાનને આવરનારૂં કર્મ)અને तिमिर-નિકાચિતરૂપ જ્ઞાનાવરણીય અર્થાત્ [1]સ્પૃષ્ટ-બદ્ધ નિધત્ત અને નિકાચિત એવા જ્ઞાનાવરણીયકર્મના સમૂહનો વિધ્વંસ-વિનાશ-ક્ષય કરનાર એવા શ્રુતધર્મને હું વંદું છું અહીં એવો સાર છે કે, અજ્ઞાનરૂપી અંધકારના નિરાસધ્વંસ

---

૧ સ્પૃષ્ટ-જેમ સોયનો ઢગલો કર્યો હોય તે સોયો જ્યાં સુધી હસ્તાદિ કાંઈ લાગતું નથી ત્યાં સુધી પરસ્પર અડકીને રહે છે. પણ હાથ વિ. લાગવાથી જુદી જુદી પડી જાય છે. તેમ જે કર્મ ઉપયોગવાળાને પણ સહસાત્કારે બંધાઈ ગયું છે. તે નિંદાદિથી નાશ પામે છે. (૨) બદ્ધ-હવે તે સોયનો ઢગલો જો દોરા વડે બાંધી લીધેલ હોય તો જ્યારે તે બંધ છોડીએ ત્યારે સોયો છૂટી છૂટી થઈ જાય, તેમ જે કર્મ, વિકથાપ્રમાદ થકી ઉત્પન્ન થયેલા પ્રાણાતિપાતાદિ દોષે કરીને બાંધ્યું હોય તે, આલોચન-પ્રતિક્રમણાદિથી બદ્ધ કર્મ નાશ પામે છે. (૩) નિધત્ત-હવે તે જ સોયો દોરા વડે બાંધેલી ઘણા કાળ સુધી તેની સ્થિતીમાં રહેવાથી લોઢાના કાટ વડે સોય અને બંધ બધું પરસ્પર મળી જાય ત્યારે તે સોયો, તેલનું મિશ્રણ કરવાથી-તાપ દેવાથી તેમજ અન્ય લોહ સાથે ઘર્ષણ કરવાથી બહુ પ્રકારના પ્રત્યનથી જુદી થાય, તેમજ સમગ્ર ઈન્દ્રિયોની ઐક્યતાથી જાણી જોઈને ઉપાર્જન કર્યું હોય અને ઘણા કાળ પર્યંત નહિ આલોવવાથી જીવના પ્રદેશોની સાથે ગાઢપણે બંધાઈ ગયું હોય તે કર્મ તીવ્ર ગર્હા અને ગુરૂ મહારાજે આપેલ ઘોર છમાસી વિ. તપ કરવાથી ક્ષય પામે છે. (૪) નિકાચિત-હવે તે જ સોયનો સમૂહ અગ્નિમાં મૂકી, ધમીને લોહના એક પિંડભૂત કર્યો હોય તો તેને ભાંગીને ફરીને ઘડે ત્યારે જ નવીન સોયો થાય. તેમ જીવે જાણીને જે પાપકર્મ કર્યું હોય અને 'વળી મેં આ ઠીક કર્યું, ફરીને પણ એમ જ કરીશ' આવા વચન વડે વારંવાર અનુમોદન કરવાથી જીવના પ્રદેશોની સાથે ગાઢ એકત્વપણાને પમાડ્યું હોય તે કર્મ તો જેવું કર્યું તેવું ભોગવવું પડે છે. ગુરૂ મહારાજે આપેલ અત્યંત ઘોર તપ વડે પણ ક્ષય પામતું નથી.

દ્વારા શ્રુતધર્મની પ્રવૃત્તિ છે. શ્રુતજ્ઞાનરૂપ પ્રકાશ અવશ્ય અજ્ઞાનરૂપી અંધકારને વિખેરી નાંખે છે, અજ્ઞાન રૂપ અંધકાર વિનાશનું સામર્થ્ય શ્રુતજ્ઞાન રૂપ પ્રકાશમાં સમાયેલું છે. શ્રુતજ્ઞાન હોય અને અજ્ઞાન હોય, પ્રકાશ હોય અને અંધકાર હોય એમ બને જ નહિ. અજ્ઞાનરૂપ અંધકારને વિલય કરવાનું સામર્થ્ય ધરાવનારૂં શ્રુતજ્ઞાન અવશ્ય વંદનીય છે.

(૨) જેમ શ્રુતધર્મ, તમસ્તિમિરપટલવિધ્વંસન હોઈ વંદનીય છે. તેમ સુરગણનરેન્દ્રમહિત હોઈ પૂજનીય છે. તથાહિ- 'દેવસમૂહ અને નરેન્દ્રોથી પૂજાયેલા એવા શ્રુતધર્મને વંદું છું' અહીં એવા મર્મનું ઉદ્‌ઘાટન થાય છે કે, સુરગણનરેન્દ્ર વિગેરે આગમના મહિમાને(માહાત્મ્ય-ગુણગાન-પૂજન આદિ મહિમાને)નિરંતર-નિત્ય કરે છે જ.

(૩) જેમ શ્રુતધર્મ, તમસ્તિમિરપટલવિધ્વંસન-સુરગણ નરેન્દ્ર મહિત હોઈ વંદનીય છે. તેમ પ્રસ્ફોટિત મોહજાલ હોઈ વંદનીય છે. તથાહિ- 'જેણે મિથ્યાત્વ-આદિરૂપ મોહજાલ-મોહરાજાની જાળ,(માછલા વિગેરેને પકડવાની દોરાની જે ગુંથેલી જાળી તે, ફાંસો, સંકજો-પેચ-ફૂટબાજી)વિશેષ પ્રકારે તોડી નાંખી છે. તેવા શ્રુતધર્મને હું વંદું છું.' અહીં એવો યથાર્થ ભાવ છે કે, આ શ્રુતજ્ઞાનની સત્તા હોયે છતે વિવેકી પુરૂષની મિથ્યાત્વ આદિરૂપ મોહની જાળ, વિલયદશા-વિનાશદશાને ઝટ પામે છે. અર્થાત્ વિવેકી પુરૂષની મિથ્યાત્વાદિ મોહજાલના વિધ્વંસ પ્રત્યે શ્રુતજ્ઞાન, પરમહેતુ છે.

(૪) જેમ તમસ્તિમિરપટલવિધ્વંસ- સુરગણનરેન્દ્રમહિત પ્રસ્ફોટિત મોહજાલ એવા શ્રુતધર્મને વંદું છું તેવી જ રીતે સીમાધર એવા શ્રુતધર્મને વંદું છું. તથાહિ- 'સીમા-મર્યાદાને ધારણ કરનાર એવા શ્રુતધર્મને વંદું છું ' અહીં કર્મમાં-દ્વિતીયા વિભક્તિના અર્થમાં ષષ્ઠી (છઠ્ઠી) વિભક્તિ જાણવી. અથવા સીમાધર એવા શ્રુતધર્મને વંદું છું. અથવા સીમાધર એવા શ્રુતધર્મનું જે માહાત્મ્ય તેને વંદું છું. અથવા સીમાધર એવા શ્રુતધર્મ વિષયક વંદનને હું કરૂં છું, એમ ત્રણ રીતે અર્થ જાણવો. અહીં મતલબ મોટો એવો છે કે,-

જેઓ આગમવંત છે. શ્રુતધર છે, તેઓ જ મર્યાદાને ધારણ કરી રાખે છે એટલે સીમાધર શબ્દ અહીં આગમવંત-આગમ યુક્તના અર્થમાં વપરાયેલો છે. 'આગમ' એટલે આપ્તવચનરૂપ શાસ્ત્ર, શ્રુતજ્ઞાનમાં ગમે તે પુસ્તકનો સમાવેશ થતો નથી. પણ જે આગમ રૂપ હોય તેનો સમાવેશ થાય છે. અર્થાત્ જ્ઞાનઆગમ અને જ્ઞાની-આગમવંતનો અભેદ ઉપચાર અહીં સમજવો.

આ પ્રમાણે શ્રુતને-આગમને અભિવંદન-વંદના કરી હવે-હમણાં તે શ્રુતના જ ગુણો દર્શાવવાપૂર્વક ભવ્ય જન આગળ તે શ્રુતના ફલસ્વરૂપ ચારિત્રમાં અપ્રમાદ-સાવધાની-ઉપયોગ-જાગૃતિનો ડિંડિમ વગાડતા કહે છે કે;

(૧) 'જાતિજરામરણશોકપ્રણાશન એવા શ્રુતધર્મના સારસામર્થ્યને મેળવી કોણ પ્રમાદ કરે ?'

તથાહિ-જાતિ-જન્મ, ઉત્પત્તિ. જરા-વયહાનિરૂપ ઘડપણ, મરણ-પ્રાણનાશ-વિયોગરૂપ મરણ. શોક-માનસિક

દુઃખ, દીલગીરી; ખેદ અર્થાત્ જાતિ-જરા-મરણ-શોકનો વિશેષ રીતે નાશ કરનાર એવા શ્રુતધર્મના સાર પામી કોણ પ્રમાદ સેવે ? અહીં એવો ગર્ભિત-ધ્વનિ ગુંજે છે કે, શ્રુતધર્મ-આગમમાં કહેલા-વિહિત કરેલા અનુષ્ઠાન-આચરણ-આચારપાલનથી જાતિ-જરા-મરણ-શોકાદિ અવશ્ય વિનાશને પામે છે જ. અને આ વિશેષણથી જાતિ-જરા-મરણ-આદિ રૂપ અનર્થ-મહાનર્થનો પ્રતિઘાત-વિનાશ દર્શાવ્યો છે. એમ અહીં સમજવું.

(૨) તથા 'કલ્યાણ-પુષ્કલ-વિશાલ-સુખવાહ એવા શ્રુતધર્મના સારને મેળવી કોણ પ્રમાદ કરે ?'

તથાહિ-કલ્યાણ=કલ્ય-આરોગ્યને-નિરૂપદ્રવતાને આણે-બોલાવે તે અર્થાત્ નિરૂપદ્રવ-શિવરૂપ, પુષ્કલ=સંપૂર્ણ, ચીકાર, ઘણું અર્થાત્ આ સુખ થોડું-પરિમિત નહિ પરંતુ અપરિમિત. વિશાલ=વિસ્તીર્ણ-મોટું-અનંતકાલીન-અક્ષીણ-સ્વીયસર્વાત્મપ્રદેશવ્યાપક. અર્થાત્ કલ્યાણ-પુષ્કલ-વિશાલ એવા સુખની પ્રાપ્તિના પરમહેતુભૂત એવા શ્રુતધર્મના સારને મેળવી કોણ ભૂલ સેવે ?' અહીં એવું ઉત્તમ રહસ્ય છુપાયેલું છે કે,-

શ્રુતધર્મ-આગમશાસ્ત્રમાં વિહિત કરેલ અનુષ્ઠાન સેવનથી કલ્યાણ-પુષ્કલ-વિશાલ સુખરૂપ મુક્તિસુખ મેળવાય છે. વળી આ વિશેષણ દ્વારા, શ્રુતધર્મ-આગમ, વિશિષ્ટ અર્થ-પરમ પુરૂષાર્થ મોક્ષસુખનું પરમ સાધન છે. એમ દર્શાવ્યું છે. એ અહીં સમજવું.

(૩) તથા 'દેવેન્દ્રો-દાનવેન્દ્રો-નરેન્દ્રોના સમૂહથી પૂજાયેલા એવા શ્રુતધર્મનો સાર-સામર્થ્ય (શક્તિ-ફલ-તત્ત્વ-પાવર-સત્ત્વ-લાભ) ને મેળવી-જોઈને, જાણીને કયો પ્રાણી ? કોણ ? કઈ વ્યક્તિ ? પ્રમાદ-આલસ્યને કરે-સેવે ?

એવો અહીં હાર્દ રજુ કરવામાં આવે છે કે, સચેત-વિચારક-પ્રેક્ષાવંતે ચારિત્રધર્મમાં-શ્રુતધર્મે કહેલા સારરૂપ-અનુષ્ઠાનમાં પ્રમાદ-આલસ્ય-અનુપયોગ-સરિયામ ઉપેક્ષા સેવવી એ વ્યાજબી-યુક્ત કે ઘટિત નથી.

શંકા-પ્રથમ **'सुरगणनरेन्द्रमहितस्य'** 'સુરગણ અને નરેન્દ્રોથી પૂજાયેલા' એવું શ્રુતર્ધમનું વિશેષણ દીધા પછી ફરીથી **'देवदानवनरेन्द्रगणार्चितस्य'** 'દેવ-દાનવ-નરેન્દ્રોના ગણથી પૂજાયેલા' એવું બીજ શ્રુતધર્મનું વિશેષણ-પ્રથમના સરખું શા માટે અહીં દીધું છે ?

સમાધાન-'સુરગણ-નરેન્દ્રોથી પૂજાયેલો શ્રુતધર્મ, ભગવાન-પુજ્ય છે.' આવા પ્રકારના પ્રસ્તુત અનુવૃત્તિ-વ્યાપ્તિ-અવિચ્છિન્ન પ્રવાહરૂપી ફલ-સાધ્યવાળા પૂર્વવચન(પ્રથમ કથિત વિશેષણરૂપ પૂર્વવચન)નું નિગમન-સમર્થન 'દેવદાનવ નરેન્દ્ર ગણાર્ચિતસ્ય'એ રૂપ પાછળના-દ્વિતીય-બીજા આપેલા વિશેષણમાં બરોબર ઘટિત હોઈ કોઈ પ્રકારનો દોષ નથી, પુનરૂક્તિ નથી.

એવંચ આવા વિશિષ્ટ ગુણ-શક્તિસંપન્ન તે શ્રુતધર્મના સાર-સામર્થ્ય મેળવી-જોઈ-જાણી-સમજી પછી કોણ જીવન-નૌકાનો સુકાની-સમજુ-શાણો-ચતુર પુરૂષ ચારિત્રધર્મમાં-આગમપ્રરૂપિત અનુષ્ઠાનની આરાધનામાં પ્રમાદી-ગાફેલ-આળસુ-એદી બને ?

જો શ્રુતધર્મ, આવો-વિશિષ્ટગુણ સંપન્ન છે. તો 'શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિ પામો !'

આવા પ્રકારના પ્રણિધાનગર્ભિત સૂત્રની વ્યાખ્યા કરતા કહે છે કે;-

'સિદ્ધ એવા જિનમતને નમસ્કાર હો'! અહીં સિદ્ધ એટલે (૧) પ્રતિષ્ઠિત (૨) પ્રખ્યાત એમ બે અર્થ સિદ્ધના જાણવા-તથાહિ

(૧) અચૂકપણે-ખચિત-અવશ્ય ફલ આપવામાં સિદ્ધ-પાકો(પાર-પડેલો-તૈયાર-પુરવાર ઠરેલ)હોઈ સિદ્ધ-પ્રતિષ્ઠિત(માનવંત-આબરૂદાર-ગૌરવવંત)શ્રુતધર્મ છે. કારણ કે, સકલનયોમાં શ્રુતધર્મની વ્યાપ્તિ-વ્યાપકતા છે.

(૨) એવંચ અચૂકપણે-ખચિત-અવશ્ય ફલ આપવામાં સિદ્ધ-પુરવાર ઠરેલ હોઈ શ્રુતધર્મ,સિદ્ધ-પ્રખ્યાત (પ્રસિદ્ધ-જાણીતો-જાહેર) છે. કારણ કે, કષ-છેદ-તાપરૂપ પરીક્ષાત્રયરૂપ કોટીત્રયથી શુદ્ધ (ચોખ્ખો, ભૂલ વગરનો, દોષ વગરનો, ખરો, ભેળ વગરનો અસલ-સનાતન) છે.

[1]'ભો'–અતિશયવંત-મહંતોના આમંત્રણને સૂચવનારૂં એક અવ્યય છે.

અર્થાત્ હે અતિશયવંત-બુદ્ધિના અતિશે વૈભવવંત-પ્રેક્ષાવંત પુરૂષો ! તમે જુઓ કે !

'પ્રયતઃ'–હું શક્તિ પ્રમાણે આટલા કાલ સુધી વિશેષ પ્રકારે પ્રયત્ન-આદરવાળો થતો હું જે નમસ્કાર કરૂં છું તે હે પ્રેક્ષાવંતો ! તમે જુઓ !

અહીં મતલબ એવો છે કે આ પ્રમાણે પરની સાક્ષીએ પ્રયત્ન-આદરવાળો બનીને ફરીથી નમસ્કાર કરે છે કે 'જિનમત-જિનસિદ્ધાંતને નમસ્કાર-વંદન હો !' અહીં ચતુર્થી વિભક્તિના અર્થમાં સપ્તમી છે. કારણ કે 'સુપાં સુપો ભવન્તિ' આવો નિયમ છે.

તથાચ પરસાક્ષીપૂર્વક-સાદર નમસ્કારના વિષયભૂત આ સિદ્ધ જિનમત હોય છે તે 'સદા'-સર્વકાળ 'સંયમ'માં ચારિત્રમાં 'નંદિ'-સમૃદ્ધિ છે.

અહીં એવો સાર ધ્વનિત થાય છે કેઃ, 'પ્રથમ જ્ઞાન અને પછી દયા' અર્થાત્ ચારિત્ર-દયા સમૃદ્ધિના પ્રત્યે જિનમત-જ્ઞાન કારણ છે. જિનમત હોયે છતે જ ચારિત્રસમૃદ્ધિ છે, અને જિનમત રૂપ જ્ઞાનની ગેરહાજરીમાં ચારિત્રરૂપ દયાસમૃદ્ધિનો મુદ્દલ અભાવ છે. આ પ્રમાણે અન્વયવ્યતિરેકના નિશ્ચયથી કાર્યકારણનો નિશ્ચય જાણવો.

કેવા સંયમમાં ? તો કહે છે કે 'દેવનાગસુપર્ણકિન્નર ગણવડે સાચા ભાવથી પૂજિત એવા સંયમના જિનમત હોયે છતે સમૃદ્ધિ છે'-તથાહિ–

દેવો-વૈમાનિક દેવો, નાગ-નાગકુમારો, સુપર્ણ-સુપર્ણકુમાર, કિન્નરદેવોના સમૂહવડે સાચા ભાવથી-હૃદયના ભાવોલ્લાસથી પૂજાયેલા એવા સંયમમાં જિનમત હોયે છતે સમૃદ્ધિ છે. અહીં એ ગૂઢ રહસ્ય ગુંજે છે કે; દેવઆદિથી સંયમવંતો પૂજાય છે જ.

---

૧ लोकव्यवहारवद् धर्म्मोऽपि ससाक्षिकः सम्यक्स्यादिति ज्ञापनार्थम् ।

૨ भवतीति उपस्कारः ।

હવે કેવા જિનમતમાં ? તો કહે છે કે, 'लोको यत्र प्रतिष्ठितो जगदिदं त्रैलोक्यं मनुष्यासुरं' લોક-લોકશબ્દના ઘણા અર્થો થાય છે. તેમાંથી લોકન-જોવું તે લોક અર્થાત્ જ્ઞાન એ અર્થ અહીં સંગત છે. મતલબ કે જ્ઞાનરૂપી લોક છે કે જ્યાં આ જગત્ જ્ઞેયપણાએ (જ્ઞાનવિષયપણાએ) પ્રતિષ્ઠિત-પ્રમાણ-સિદ્ધ છે.

કેટલાક લોકો મનુષ્યલોકને જ 'જગત્' તરીકે માને છે, તેના મંતવ્યનું ખંડન કરતાં કહે છે કે 'ત્રણલોક'—મનુષ્ય આદિના આધારભૂત મધ્યલોક, સુરઆદિના આધારભૂત સ્વર્ગલોક, અસુર આદિના આધારભૂત અધોલોક-પાતાલ લોક. અર્થાત્—

મનુષ્યઆદિ આધેય અને મધ્યલોક આદિ આધાર-આધાર-આધેય સ્વરૂપ ત્રણલોક રૂપ જગત્ જે જ્ઞાનમાં-શ્રુતજ્ઞાનમાં જ્ઞેયપણે પ્રતિષ્ઠિત છે.

આવા પ્રકારનો આ શ્રુતધર્મ, શાશ્વત (ક્રિયા વિશેષણ રૂપ શાશ્વત અર્થાત્ વૃદ્ધિ પામો ! તો કેવી વૃદ્ધિ પામો ? તો કહે છે કે [1]શાશ્વત વૃદ્ધિ પામો એવી રીતે અહીં ક્રિયાનું વિશેષણ શાશ્વત ઘટાવવું) અખંડિત-અવિચ્છિન્ન રીતે અનર્થમાં પ્રવૃત્તિશીલ પ્રવાદીના વિજય રૂપ વિજયથી વૃદ્ધિ પામો ! તેમજ જેના ઉત્તરમાં—પછી ફલસ્વરૂપે ચારિત્રધર્મ છે. એવો શ્રુતધર્મ, અર્થાત્ ચારિત્રધર્મરૂપફલજનકપણાએ પ્રસિદ્ધ એવો શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિ પામો ! શ્રુતધર્મની સંપૂર્ણ વૃદ્ધિ થતાં તે શ્રુતધર્મ, ચારિત્રધર્મમાં પરિણમો ! એવું પ્રાર્થના રૂપે સૂચિત થાય છે.

સારાંશ—પરસાક્ષીએ સાદર નમસ્કારના વિષયભૂત, તથા તે જ્ઞાનરૂપી લોક છે કે જ્યાં મનુષ્ય આદિરૂપ આધેય, મધ્યલોક આદિ આધાર રૂપ ત્રણલોકસ્વરૂપ જગત્ જ્ઞેયપણાએ પ્રતિષ્ઠિત છે, (અથવા જ્ઞેયપણાએ પ્રસિદ્ધ આ મનુષ્ય આદિ આધેય-મધ્યલોક આદિ આધાર સ્વરૂપ ત્રણેલોક રૂપ જગદ્ વિષયક જ્ઞાન જ્યાં-જિનમતમાં પ્રતિષ્ઠિત છે.) અને સિદ્ધ એવો જિનમત હોયે છતે દેવ-નાગ સુપર્ણ-કિન્નરના સમૂહથી સાચા હૃદયમાં ઉલ્લાસ પૂર્વક પૂજાયેલ સંયમમાં (સંયમ અને સંયમવંતનો અભેદ માની અહીં આ પ્રયોગ જાણવો) ચારિત્રમાં સદા-સર્વકાળ સમૃદ્ધિ છે. એટલે જ અનર્થપ્રવૃત્તપરપ્રવાદીના વિજય રૂપ-વિજયથી, શ્રુતધર્મ-જિનમત-જિનઆગમ, શાશ્વત-અવિચ્છિન્નધારાબંધ વૃદ્ધિ પામો !

જેના [2]ઉત્તરમાં-ફલમાં પછીથી તરત જ ચારિત્ર ધર્મ છે, એવો શ્રુતધર્મ, વૃદ્ધિ પામો !

અહીં પુનઃ-ફરીથી 'વૃદ્ધિ પામો' એવું કથન, 'મોક્ષના અર્થી પુરુષે હંમેશા-નિરંતર જ્ઞાનવૃદ્ધિ-જ્ઞાનમાં નવો વધારો કે ઉમેરો કરવો જોઈએ' એમ દર્શાવવા સારૂ કરેલ હોઈ ભાનભૂલેલા-નિદ્રામાં સુતેલા ભવ્ય જીવોને જાગૃતિદાયક રિંડિમનાદ સરખું છે.

અહીં એવો ગૂઢ આશય છે કે, તીર્થંકરનામકર્મના હેતુઓનું પ્રતિપાદન કરતા શાસ્ત્રકારે કહ્યું છે કે 'અપૂર્વજ્ઞાન-પ્રતિદિન નવનવા જ્ઞાનનું ગ્રહણ' એ એક તીર્થંકરનામકર્મના પ્રત્યેનું અપૂર્વ કારણ છે. અપૂર્વ જ્ઞાનગ્રહણ, અપૂર્વ તીર્થંકરપદવી સુધીનું ફલ અપાવે છે એટલે તે કર્ત્તવ્ય-સુકર્ત્તવ્ય સુચિર-કર્ત્તવ્ય થાય છે.

હવે શાસ્ત્રકાર શ્રુતધર્મ્મવૃદ્ધિ ફલની સિદ્ધિ અને હેતુની સિદ્ધિ, ક્રમવાર, સવિવેચન દર્શાવે છે.

**प्रणिधानमेतत्, अनाशंसाभावबीजं, मोक्षप्रतिबन्धेन, अप्रतिबन्ध एष प्रतिबन्धः, असङ्गफलसंवेदनात्, यथोदितश्रुतधर्म्मवृद्धेर्मोक्षः, सिद्धत्वेन, नेह फले व्यभिचारः, असङ्गेन चैतत्फलं संवेद्यते, एवंच सद्भावारोपणात्तद्वृद्धिः, शुभमेतदध्यवसानमत्यर्थं, शालिबीजारोपणवच्छालिहेतुः, दृष्टा ह्येवं पौनःपुन्येन तद्वृद्धिः, एवमिहाप्यत इष्टवृद्धिरिति, एवं विवेकग्रहणमत्र जलम्, अतिगम्भीरोदार एष आशयः,**

**अत एव संवेगामृतास्वादनं, नाविज्ञातगुणे चिन्तामणौ यत्नः, तच्चान्यथाऽतोऽपि समीहितसिद्धिः, प्रकटमिदं प्रेक्षापूर्वकारिणां, एकान्ताविषयो गोयोनिवर्ग्गस्य, परमगर्भ एष योगशास्त्राणां, अभिहितमिदं तैस्तैश्चारुशब्दैर्मोक्षाध्वदुर्ग्गग्रहणमिति कैश्चित्, तमोग्रन्थिभेदानन्द इति चान्यैः गुहान्धकारालोककल्पमपरैः, भवोदधिद्वीपस्थानं चान्यैरिति, न चैतद्यथावदवबुध्यते महामिथ्यादृष्टिः, तद्भावाच्छादनात्, अहृदयवत्काव्यभावमिति, तत्प्रवृत्त्याद्येव ह्यत्र सल्लिङ्गं, तद्भाववृद्धिश्च काव्यभावज्ञवत्, अत एव हि महामिथ्यादृष्टेः प्राप्तिरप्यप्राप्तिः, तत्फलाभावात्, अभव्यचिन्तामणिप्राप्तिवत्, मिथ्यादृष्टेस्तु भवेद्द्राव्यप्राप्तिः, साऽऽदरादिलिङ्गा अनाभोगवती, न त्वस्यास्थान एवाभिनिवेशः, भव्यत्वयोगात्, तच्चैवंलक्षणं, प्राप्तं चैतदभव्यैरसकृत्, वचनग्राम्राण्यात्, न च ततः किञ्चित्, प्रस्तुतफल लेशस्याप्यसिद्धेः, परिभावनीयमेतदागमज्ञैर्वचनानुसारेणेति । एवमन्येषामपि सूत्राणामर्थो वेदितव्य इति, दिङ्मात्रप्रदर्शनमेतत्,**

ભાવાર્થ-આ 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' આવા પ્રકારનું, શ્રુતધર્મની વૃદ્ધિવિષયક અભિલાષા-આશંસા રૂપ પ્રણિધાન, સર્વઈચ્છાવિરતિસ્વરૂપ અનાશંસા રૂપી ભાવ-પર્યાયનું બીજ-આદિ કારણ છે. કારણ કે; અહીં મોક્ષ પ્રતિબંધ છે.-મોક્ષના પ્રત્યે ખરેખર આ પ્રાર્થના છે, અને તે મોક્ષ, સર્વઈચ્છાના અભાવ સ્વરૂપ છે. મતલબ કે; સકલ ઈચ્છાના અભાવ-સ્વરૂપ મોક્ષવિષયક આ પ્રાર્થના છે.

શંકા-પ્રતિબંધના અભાવ રૂપ અપ્રતિબંધથી સાધ્ય મોક્ષ છે તો આ પ્રમાણેનો પણ તે મોક્ષવિષયક પ્રતિબંધ કેવી રીતે શ્રેયસ્કર ગણી શકાય?

સમાધાન-આ, પ્રાર્થના રૂપ મોક્ષવિષયક પ્રતિબંધ, અપ્રતિબંધ સરખો છે. કારણ કે, અહીં અસંગરૂપ ફલનું સંવેદન છે અર્થાત્ રાગ-દ્વેષ-મોહાદિના સંગ વગરના ઈષ્ટફલનો અનુભવ છે. તથાચ રાગ-દ્વેષ-મોહાદિના સંગવાળા ફલને ઉદ્દેશીને પ્રવર્તતું પ્રણિધાન-આશંસા, પરમપુરૂષાર્થ-મોક્ષરૂપ લાભની વિનાશક હોઈ એ ઈચ્છા રૂપ પ્રણિધાનને પ્રતિબંધ તરીકે ઓળખાવવામાં આવે છે.

પ્રતિબંધ–મોહાદિના સંગથી રંગીન ફલવિષયક ઈચ્છા રૂપ પ્રણિધાનને પ્રતિબંધ કહે છે. સાંસારિકફલવિષયક-ભૌતિક લાલસા રૂપ પ્રણિધાનને પ્રતિબંધ કહે છે, કારણ કે, આ ઈચ્છા સંસારનું બીજ છે.

અપ્રતિબંધ–મોહાદિ સંગશૂન્ય-અસંગ-મોક્ષરૂપ ઈષ્ટ ફલ વિષયક ઈચ્છા-પ્રણિધાન-પ્રતિબંધને 'અપ્રતિબંધ' તરીકે માનવામાં આવે છે. કારણ કે; આ ઈચ્છા-પ્રણિધાન, અનાશંસાભાવનું બીજ છે.

શંકા–આ પ્રસ્તુત પ્રણિધાન, અનાશંસાભાવનું બીજ છે એવો નિયમ કે વ્યાપ્તિ કેવી રીતે?

સમાધાન-શ્રી સર્વજ્ઞમહારાજપ્રરૂપિત શ્રુતધર્મની વૃદ્ધિ-ઉદય-ઉત્કર્ષ-ઉન્નતિ-ચડતીથી સર્વોત્કૃષ્ટ શ્રુતધર્મથી

અનાશંસા-ઈચ્છા માત્રના અભાવ રૂપ મોક્ષ થાય છે, માટે જ એવો નિયમ છે કે 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' આવા પ્રકારનું પ્રણિધાન મોક્ષનું કારણ છે.

શંકા-આ શ્રુતધર્મની વૃદ્ધિથી મોક્ષ થાય છે એમ એકાંત નિયમ શાથી?

સમાધાન-મોક્ષ રૂપ કાર્યના પ્રત્યે શ્રુતધર્મ વૃદ્ધિ રૂપ અવંધ્ય કારણતાનો નિશ્ચય-સિદ્ધિ-પુરવાર ઠરેલ હોઈ શ્રુતધર્મની વૃદ્ધિથી એકાંતે મોક્ષ થાય છે.

હવે આ વિષયનો વિસ્તારથી વિચાર કરે છે કે; મોક્ષ રૂપ ફલના પ્રત્યે શ્રુતધર્મ-વૃદ્ધિ રૂપ કારણ, નિષ્ફલપણાએ કે ફલાંતર-બીજા ફલના સંપાદકપણાએ વ્યભિચારી નથી, પરંતુ ઈષ્ટફલજનક-સકલ-અવિસંવાદી છે.અર્થાત્ શ્રુતધર્મવૃદ્ધિનું ફલ મોક્ષ છે.

હવે શ્રુતધર્મવૃદ્ધિરૂપ કારણની અસંગપણાની હેતુતાની સિદ્ધિ ખાતર બોલે છે કે;–

રાગ-દ્વેષ-મોહ રૂપ સંગ શિવાય-રાગ-દ્વેષ-મોહના સંગ રહિત શ્રુતધર્મવૃદ્ધિરૂપ હેતુથી, આ મોક્ષરૂપી ફલ,બધાય મુમુક્ષુઓથી અનુભવાય છે એટલે જ મોક્ષ પ્રત્યે અસંગત્વજનનદ્વારા શ્રુતધર્મવૃદ્ધિ હેતુ છે. અસંગ-શ્રુતધર્મવૃદ્ધિનું ફલ મોક્ષ છે.

આ પ્રમાણે શ્રુતધર્મવૃદ્ધિની સિદ્ધિ કહ્યા બાદ હવે શ્રુતધર્મવૃદ્ધિની હેતુની સિદ્ધિ કહે છે કે;

વળી-'શ્રુતધર્મ, વૃદ્ધિ પામો' આવા પ્રકારના પ્રાર્થના રૂપ શુદ્ધ પરીણામના સ્વીકારથી શ્રુતધર્મની વૃદ્ધિ થાય છે, અર્થાત્ શ્રુતધર્મવૃદ્ધિરૂપ ફલના પ્રત્યે 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' આવા આકારનો શુદ્ધ પરીણામ-અધ્યવસાય હેતુ છે.

તથાચ–આ, પુનઃ પુનઃ-વારંવાર 'શ્રુતધર્મ, વૃદ્ધિ પામો' આવા પ્રકારનો પ્રાર્થના રૂપ પરીણામ-અધ્યવસાય, અત્યંત શુભ પ્રશસ્ત છે. દા.ત. જેમ કે–

શાલિના બીજોનું વારંવાર નિક્ષેપણ-આરોપણ-વાવવું, શાલિના પ્રત્યે હેતુ છે, તેમ વારંવાર 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' આવા પ્રકારનો પ્રાર્થના રૂપ શુભ પરીણામ, શ્રુતધર્મ હેતુ છે.

આ વસ્તુ પ્રત્યક્ષ સિદ્ધ છે કે; જેમ વારંવાર શાલિબીજના આરોપણની વૃદ્ધિથી શાલિની વૃદ્ધિ, પ્રત્યક્ષ પ્રમાણ સિદ્ધ છે. તેમ અહીં શ્રુતસ્તવમાં પણ વારંવાર 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' આવા પ્રકારના પ્રાર્થના રૂપ શુભ પરીણામની વૃદ્ધિથી શ્રુતધર્મની વૃદ્ધિ અવશ્ય થાય છે.

હવે શાલિબીજારોપણ રૂપ દૃષ્ટાંતદ્વારા પ્રસંગતઃ પ્રાપ્ત થયેલ સહકારી કારણરૂપ જલ (સ્થાનીય)નું પ્રતિપાદન કરતા કહે છે કે; આ પ્રમાણે (પૂર્વકથિત પ્રકારથી) અહીં-

વિવેકથી–સમ્યગ્ અર્થના નિશ્ચયના વિચાર રૂપ વિવેકથી શ્રુતના સ્વીકારરૂપ-

વિવેકથી ગ્રહણ–અથવા વિવેકના ગ્રહણ-સ્વીકારરૂપ વિવેક ગ્રહણ, જલ જેવું જાણવું.

| દૃષ્ટાંત | દાર્ષ્ટાંતિક |
|---|---|
| શાલિરૂપ ફલ | શ્રુતધર્મરૂપ ફલ |
| શાલિબીજારોપણ હેતુ | 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' એ રૂપ-પ્રાર્થના-આશંસા હેતુ. |
| શાલિવૃદ્ધિ-કાર્ય | શ્રુતધર્મવૃદ્ધિ-કાર્ય |
| વારંવાર શાલિબીજારોપણ | વારંવાર 'શ્રુતધર્મ વૃદ્ધિ પામો' |
| વૃદ્ધિકારણ. | પ્રાર્થના વૃદ્ધિ-કારણ. |
| સહકારિકારણ-જલ | સહકારિકારણ વિવેકગ્રહણ. |
| અહીં આવી તાલિકા જાણવી. | |

હવે વિવેકની સ્તુતિ કરતા કહે છે કે;

આ વિવેકરૂપી પરીણામ, પ્રભૂત-પુષ્કલ શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થતો હોઈ અત્યંત ઉંડો-અગાધ ગંભીર છે. વળી આ વિવેક, સકલ સુખની પ્રાપ્તિનું અમોઘ સાધન હોઈ પરમ ઉદાર છે.એટલે જ-અત્યંત ગંભીર અને ઉદાર એવા વિવેક રૂપ પરીણામથી જ કેવલ સૂત્રમાત્રથી નહિ પરંતુ મજકૂર વિવેકથી જ સંવેગ રૂપ અમૃતનો આસ્વાદ મેળવાય છે. (અહીં સુદેવ-સુગુરૂ-સુધર્મ પ્રત્યેના નિશ્ચલ અનુરાગને સંવેગ તરીકે ઓળખાવેલ છે.) અર્થાત્ સુધર્માદિના અચલ અનુરાગ રૂપ સંવેગરૂપી અમૃતના અનુભવરૂપ કાર્યના પ્રત્યે વિવેક પરીણામ, પરમહેતુ છે. સૂત્રમાત્રથી સંવેગ રૂપ અમૃતનો આસ્વાદ મળતો નથી પરંતુ વિવેકસહકૃત સૂત્રથી સંવેગરૂપ સુધારસ ચખાય છે. એનું બ્યાન અહીં રજુ કરાયેલ છે.

શંકા-ફલ આપનાર તો ક્રિયા જ છે. જ્ઞાન, ફલ આપતું નથી. કહ્યું છે કે 'ક્રિયા જ પુરૂષોને ફલ આપે છે. જ્ઞાન ફલ આપનારૂ માનેલ નથી. કારણ કે, સ્ત્રી, ભક્ષ્ય અને ભોગના જ્ઞાનવાળો, તેના જ્ઞાન માત્રથી સુખી થતો નથી. એ વાત સર્વવિદિત છે.તો પછી વિશિષ્ટજ્ઞાનરૂપ વિવેકનું શું કામ છે?

સમાધાન-જેમ જ્વર આદિના ઉપશમ આદિ સ્વભાવરૂપ ગુણોના નિર્ણય સિવાય, ચિંતામણિ રત્નમાં તેને ઉચિત પૂજા આદિ અનુષ્ઠાનરૂપ પ્રયત્ન થતો નથી.

જ્યારે જ્વર આદિના ઉપશમ સ્વભાવરૂપ ગુણનો નિર્ણય થાય ત્યારે જ ચિંતામણિરત્નમાં તેને ઉચિત પૂજા આદિ અનુષ્ઠાનરૂપ યત્ન-ક્રિયા થાય છે. તેવી રીતે શ્રુતધર્મના અજ્ઞાનધ્વંસ આદિ ગુણોના નિર્ણયરૂપ વિવેક સિવાય શ્રુતધર્મમાં, શ્રુતવિષયક આરાધનારૂપ પ્રયત્ન-ક્રિયા થતી નથી. વિવેક હોય તો જ શ્રુતધર્મમાં,

શ્રુતવિષયક આરાધનારૂપક્રિયા થાય છે. અર્થાત્ જ્ઞાનપૂર્વિકા જ ક્રિયા ફલ આપનારી છે.

શંકા-ચિંતામણિરત્ન, ચિંતામણિપણાએ જ-સ્વજાતિ સ્વભાવે જ ઈચ્છિત ફલ આપનાર હો! ત્યાં પૂર્વકથિત પ્રયત્નની શી જરૂર છે?

સમાધાન-ગુણોના નિર્ણયના અભાવમાં પ્રયત્નનો અભાવ થયે છતે ચિંતામણિથી પણ (શ્રુતજ્ઞાનથી તો દૂર રહો પરંતુ ચિંતામણિથી પણ એમ અપિશબ્દનો અર્થ જાણવો) ઈચ્છિત પરમ ઐશ્વર્યઆદિની સિદ્ધિ મળતી નથી.

તથાચ ઈચ્છિત પરમ ઐશ્વર્યઆદિ સિદ્ધિના પ્રત્યે ગુણ નિર્ણય-વિવેક પૂર્વક-પ્રયત્ન-ક્રિયા જ પરમ કારણ છે.

હવે આ જ વિષયને દૃઢ કરતા બોલે છે કે;

પ્રેક્ષાપૂર્વકારી-વિચારરૂપી વિશાલ ચક્ષુવાળા પુરૂષોએ આ વસ્તુ, પ્રકટ-પ્રત્યક્ષ સિદ્ધ છે કે,'જ્ઞાનપૂર્વક સઘળો પ્રયત્ન-સઘળી ક્રિયા, ઈચ્છિત ફલની સિદ્ધિને આપનાર છે.'

પરંતુ આ બાબત, બળદ જેવા પામરપ્રાણિઓને તો કદાપિ સમજાય તેમ લાગતું નથી. કારણ કે; આમાં તેઓની પ્રકૃતિ કે અજ્ઞાનતા જ વિશેષ જવાબદાર છે.

વળી આ વિવેક કેવો છે અને કેટલાક લોકો એને કેવી રીતે-કેવા ઉપનામ-સુંદર શબ્દોથી નવાજે છે તેનું વિશદ વર્ણન કરે છે કે;

આ વિવેક, ષષ્ટિતંત્રઆદિ યોગશાસ્ત્રોનું પરમ રહસ્ય છે. કેટલાક લોકોએ તે તે વિશિષ્ટ સત્ય-ઉદાર-અને ગંભીર શબ્દોથી કહ્યું છે કે;

(૧) આ વિવેક, 'મોક્ષાધ્વદુર્ગગ્રહણ'રૂપ છે. જેમ કોઈ એક પુરૂષને કોઈ એક માર્ગમાં ચોર આદિનો ઉપદ્રવ થયે છતે કિલ્લાનો સ્વીકાર જ રક્ષણહાર-તારણહાર થાય છે. તેમ મોક્ષમાર્ગમાં, રાગઆદિનો ઉપદ્રવ થયે છતે વિવેકનો સ્વીકાર એ પરમ રક્ષણ, શરણ-ત્રાણ કરનાર થાય છે.

(૨) આ વિવેક, 'તમોગ્રન્થિભેદાનન્દ'રૂપ છે. અજ્ઞાનરૂપી ગાંઠના ભેદથી થયેલ આનંદ સ્વરૂપ છે.

(૩) આ વિવેક, 'ગુહાંધકારાલોકકલ્પ' છે.-ગુફામાં રહેલ અંધકારને નાશ કરનાર દીપક પ્રકાશ સમાન છે. હૃદયરૂપી ગુફામાં રહેલ અજ્ઞાનરૂપ-અંધકારને નાશ કરવા આ વિવેક, આન્તરિક પ્રકાશનું કામ કરે છે.

(૪) આ વિવેક, 'ભવોદધિદ્વીપસ્થાન' છે.-ભવરૂપી સાગરમાં દ્વીપ-ટાપુ-બેટના સ્થાનમાં રહેલ આ વિવેક છે.

શંકા-શ્રુતમાત્રમાં વિવેકગ્રહણ વ્યાપક છે. તો આ શ્રુતથી આ વિવેકગ્રહણ વિશેષ રીતે જુદું-પૃથગ્

શા માટે દર્શાવ્યું છે.

સમાધાન-કોઈપણ રીતે શ્રુતનું-શાસ્ત્રનું પઠન-પાઠન-ગોખણપટ્ટી-અભ્યાસ કર્યા છતાંય મહામિથ્યાદૃષ્ટિ, યથાર્થ-જે પ્રકારે અર્થ હોય છે તે પ્રકારના અર્થવાળા શ્રુતને જાણી શકતો નથી. અર્થાત્ પુદ્ગલ પરાવર્ત્ત કરતાં અધિક સંસારવાળા-મહામિથ્યાદૃષ્ટિને શ્રુતનું યથાર્થજ્ઞાન-સમ્યગ્જ્ઞાન થતું નથી. કેમકે; સમ્યગ્જ્ઞાનરૂપ બોધભાવને ઢાંકનાર મહામિથ્યાદૃષ્ટિનું આવરણ છે. દા.ત. જેમકે અરસિક-મર્મભાવને નહિ જાણનાર-અભણ, શૃંગાર આદિ રસસૂચક વચનના રહસ્યરૂપ કાવ્યભાવને યથાર્થ જાણી શકતો નથી. તેમ અહીં મહામિથ્યાદૃષ્ટિ, બોધિભાવના આવરણને લઈ શ્રુતના સમ્યગ્ અર્થને જાણી શકતો નથી. આ હેતુથી કેવી રીતે શ્રુતમાત્રમાં વ્યાપક વિવેકગ્રહણ નથી. જો શ્રુતમાત્રમાં વિવેકગ્રહણ વ્યાપક માનવામાં આવે તો મહામિથ્યાદૃષ્ટિને શ્રુતનો-આગમનો યથાર્થ બોધ થવો જોઈએ! એમ તો બનતું જ નથી એટલે શ્રુતમાત્રમાં વિવેકગ્રહણ વ્યાપ્ત નથી. એમ સાબીત થાય છે.

શંકા-આ પ્રમાણે ક્યાં? અર્થાત્ આ પુરૂષમાં વિવેકગ્રહણપૂર્વકનું શ્રુતજ્ઞાન છે. યથાર્થજ્ઞાન-સમ્યગ્જ્ઞાન છે એની શી નિશાની-ખાત્રી?

સમાધાન-યથાર્થ શ્રુતજ્ઞાન પ્રત્યે નિશાની તરીકે—ઓળખ તરીકે તત્પવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ-વિનિયોગ સમજવા. યથાર્થબોધ-સમ્યગ્જ્ઞાનનું લિંગ-ઓળખાવનાર ચિહ્ન-કેવલ શ્રુતાર્થજ્ઞાન માત્ર નથી પરંતુ જ્ઞાનવિષયભૂત શ્રુતપદાર્થ-વિષયક [1]પ્રવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ-વિનિયોગ જ સમ્યગ્જ્ઞાનના જ્ઞાપકપરિચાયક-અવ્યભિચારીગમક હેતુ છે.

---

**૧ પ્રવૃત્તિ=અધિકૃત ધર્મસ્થાન (ગુણસ્થાન) માં જ અતિશય-અધિક નિપુણતા સહિત, ઉપકાર વડે સંગત, અને સમ્યગ્જ્ઞાનપૂર્વક અપ્રમત્તભાવે ચંચલતારહિત અત્યંત અધિકૃત યત્નથી જે ક્રિયા કરવામાં આવે છે તે પ્રવૃત્તિ કહેવાય છે.**

**વિઘ્નજય=વિઘ્નો ઉપર જય મેળવવો અર્થાત્ ધર્મકાયમાં જે અંતરાય આવતા હોય તેનો પુરૂષાર્થથી ત્યાગ કરવો તે વિઘ્નજય કહેવાય. વિઘ્નજય ત્રણ પ્રકારનો છે. હીન મધ્યમ અને ઉત્કૃષ્ટ. જગતમાં મનુષ્યોને આ ત્રણ પ્રકારનાં વિઘ્નો આવે છે. તેમને જીતવાના પ્રકાર પણ ત્રણ પ્રકારના હોય છે. તે દૃષ્ટાંત દ્વારા જણાવે છે કે કોઈ માણસ પોતાના ઈષ્ટ સ્થાનમાં જવા માટે નીકળ્યો. ચાલતાં ચાલતાં કાંટા-કાંકરા વિ. થી વ્યાપ્ત ખરાબ રસ્તો આવ્યો. તેમાં ચાલતો તે મુસાફર મહાસંકટમાં આવી પડ્યો જેથી ઈષ્ટ સ્થાનમાં જતાં તેને વિઘ્ન આવ્યું. પણ તે કંટક-કાંકરાને સાવચેતથી દૂર કરીને તે નિશ્ચલભાવે ચાલ્યો જાય છે. તો છેવટે પોતાના ઈષ્ટ સ્થાનમાં પહોંચે છે. તે જ પ્રમાણે મોક્ષમાર્ગે ગમન કરનાર માણસને કાંટા અને કાંકરા સમાન ભૂખ-તરસ-તાપ-શીતાદિ અનેક પરિષહો વિઘ્નભૂત થાય છે. તેથી નિરાબાધ પ્રવૃત્તિ કરી શકતો નથી. પરંતુ તે બાવીશ પરીષહોને સહન કરવાનો મનમાં નિશ્ચય કરી તેઓને સહન કરનાર અપ્રમત્ત સાધુ આકુલ-વ્યાકુલ થયા વિના જ મોક્ષમાર્ગમાં ગમન કરી શકે છે, તેથી આ પ્રથમ લઘુવિઘ્નજય કહ્યો છે. હવે બીજો વટેમાર્ગુ પોતાના ઈષ્ટ સ્થળે જવા ગમન કરે છે. તાવ-ભુખ-કોલેરા વિ. રોગોથી અત્યંત પીડાતો હોવાને લીધે જલ્દી જવાની ઈચ્છા હોવા છતાં પણ ગમન કરવાને શક્તિમાન થઈ શકતો નથી. આ વિઘ્ન, કાંટાના વિઘ્નથી અધિક બળવાન છે. તેને સુદર્શનચૂર્ણ ઔષધોથી અગર ઉપવાસ વિ. ઉપાયોથી દૂર કરી ઈષ્ટ સ્થલે જઈ શકાય છે. તેમજ શરીરમાં લાગેલા ક્ષય, ઉધરસ અને શ્વાસ વિ. થી અશક્તિ આવવાને લીધે વિશેષે કરીને ધર્માનુષ્ઠાન-તપ-જપ ક્રિયા અને ધ્યાન કરવામાં વિઘ્નો આવે**

શંકા-શું આટલા જ એના માપક ચિહ્નો છે?

સમાધાન-માત્ર આટલા જ ચિહ્નો જ માપક નથી. પરંતુ શ્રુતાવબોધના પ્રત્યે બોધભાવ-વૃદ્ધિ એ પરમચિહ્ન છે. શ્રુતાવબોધનો અવ્યભિચારી ગમક-જ્ઞાપક હેતુ; બોધભાવની વૃદ્ધિ છે.

જેમ કે દા.ત. સહૃદય-કાવ્યભાવના જાણકારની કાવ્યભાવની વૃદ્ધિ, કાવ્યબોધસૂચક છે.

અતએવ–યથાર્થબોધનો અભાવ થવાથી જ પુદ્ગલપરાવર્ત્તથી અધિક સંસારવાળા મહામિથ્યાદૃષ્ટિને અધ્યયન-પઠન પાઠનાદિ રૂપ શ્રુતની પ્રાપ્તિ, અપ્રાપ્તિ બરોબર છે.કારણ કે; યથાર્થ અવબોધ ફલનો અભાવ છે.

દા.ત. જેમ, અત્યંત નિર્ભાગ્યપણું હોઈ-કમનશીબી હોઈ આરોગ્ય-નાલાયક-અનધિકારીને ચિંતામણિરત્નની પ્રાપ્તિ થવા છતાં તેના જ્ઞાનનો-ગુણનિર્ણયનો અભાવ છે, એટલે તેનું ફળ તેને મળતું નહિ હોઈ તેની પ્રાપ્તિ, અપ્રાપ્તિ બરોબર છે. તેમ મહામિથ્યાદૃષ્ટિરૂપ અનધિકારીને વિવેકગ્રહણનો અભાવ હોઈ અધ્યયનાદિ રૂપ શ્રુતની પ્રાપ્તિ, તેનું ફળ નહિ મળવાથી અપ્રાપ્તિ બરોબર છે.

---

છે તેમને દૂર કરવા માટે 'પિંડનિર્યુક્તિ'માં કહ્યા પ્રમાણે 'હિતાહારા મિતાહારા' આત્મધર્મ આરાધવામાં હિતકર થાય-વિઘ્ન આવવા ન દે તેટલા જ પ્રમાણયુક્ત આહાર લે, શરીરને અનુકૂળ હોય અને ચારિત્ર બરોબર આરાધાય તે પ્રકારે અપ્રમત્ત રહીને મનને મજબૂત કાબૂમાં લઈને વિચરે. વળી જેમ બાહ્યરોગ શરીરને પીડે છે તેમ આભ્યંતર રોગ આત્માને અનેકવાર જન્મ-મરણ કરાવે છે. અને ભયંકર દુઃખો આપે છે, તેવા દુષ્ટ ભવદાયક મહારોગનો નાશ કરવા માટે મહાવૈદ્ય શ્રી જિનેશ્વર ભગવાને, આ યોગરૂપી મહાઔષધ અમૃત જ ઉપયોગી છે. માટે તેનું જ યોગ્ય અનુષ્ઠાન કરવું એવી ભાવનાથી સમ્યગ્ધર્મને આરાધી બીજા પ્રકારનો વિઘ્નજય કરવો. ત્રીજા પ્રકારનો વિઘ્નજય-એક વટેમાર્ગુ ભરજંગલમાં ઘાટી ઝાડી વંટોળીયા વિ. કારણોને લીધે ભૂલો પડ્યો છે. દિશાનો ભ્રમ થયો છે. એવામાં તે રસ્તાનો જાણકાર કોઈ એક બીજો પુરૂષ મળ્યો. તેના કહ્યા પ્રમાણે ભ્રમને દૂર કરી ગમન કરે તો ઈષ્ટસ્થાનને જરૂર પ્રાપ્ત કરે. તેવી રીતે મોક્ષમાર્ગમાં ગમન કરનાર પુરૂષ, મિથ્યાત્વ-અજ્ઞાન અને કુગુરુ વિ. ના યોગથી સત્યમાર્ગમાં ભ્રાંત થયેલ છે. તે સદ્‌ગુરુની નિશ્રામાં સમ્યગ્‌શાસ્ત્ર વિચારીને વિવેકપૂર્વક સત્યજ્ઞાન મેળવીને યથાપ્રવૃત્તિ આદિકરણ કરી સમ્યગ્‌દર્શન પામે, મિથ્યાત્વરૂપ દિશા ભ્રમ ટાળે. આ બીજો વિઘ્નજય ઉત્કૃષ્ટ છે. સિદ્ધિ=આપણે જે જે ધર્મસ્થાનો-ગુણસ્થાનોની પ્રાપ્તિ ઈચ્છીએ છીએ તે તે ધર્મસ્થાનો-ગુણસ્થાનોને અતિચાર લગાડ્યા વિના શુદ્ધ ચારિત્ર પાળનાર, આપણાથી અધિક ગુણવંત ગુરૂ આચાર્ય ઉપાધ્યાયાદિ જ્ઞાનવંત અને તપસ્વી આદિનો વિનય-વૈયાવચ્ચ અને બહુમાન કરવું. આપણાથી ઓછા ગુણવાળા તથા નિર્ગુણ અને દુઃખીજનો ઉપર દયા કરવી. તેમનાં દુઃખ દૂર કરવા બનતો ઉપાય કરવો તેમજ મધ્યમ ગુણવાળા જીવાત્માઓને યોગ્ય દાન-માન અને સત્કાર કરવો. વળી આર્થિક આફતમાંથી ઉદ્ધાર કરવો, આવા ઉપકાર, પ્રાયः તત્કાળ ફળદાયક થાય છે. તેથી આપણા જેવા હીણ અગર નિગુર્ણ જીવાત્માઓ અહિંસા-સત્ય આદિ સમ્યક્ત્વ ગુણોને પામે છે. તેને સિદ્ધિ કહે છે. વિનિયોગ=જેમને અહિંસા-સત્ય-બ્રહ્મચર્ય-ત્યાગ આદિ ગુણોની પ્રાપ્તિ સિદ્ધિરૂપ સિદ્ધિ શુભાશય પ્રગટ થયો હોય તેઓએ બીજા જીવાત્માઓને સમ્યક્ત્વ-અહિંસા વિ. થી થતા ફાયદા-ફલ સમજાવવા ઉપદેશ આપીને પોતાના જેવા ગુણવંત બનાવવા ઉપાય કરવો જોઈએ જેથી સંપ્રતિ મહારાજાની પેઠે ઉત્તરોત્તર જન્મમાં શ્રેષ્ઠ સંપત્તિ અને અંતે મોક્ષસુખની પણ પ્રાપ્તિ થાય છે. બસ બીજામાં શુભ ગુણ સ્થાપન કરવા એ વિનિયોગ છે.

(षो. ૩૦૮-૯-૧૦-૧૧-૧૨ श्लोकाः)

શંકા-ભલે મહામિથ્યાદૃષ્ટિને અધ્યયનાદિ શ્રુતની પ્રાપ્તિ અપ્રાપ્તિ રૂપ હો! પરંતુ મિથ્યાદૃષ્ટિના વિષયમાં શું કહો છો તે દર્શાવો ?

સમાધાન-ધર્મબીજાધાનઆદિ (ધર્મબીજના વખત આદિ)ને યોગ્ય-પાત્ર એવા મિથ્યાદૃષ્ટિને તો 'આદર, કરવામાં પ્રીતિ' ઈત્યાદિ ચિહ્નવાળી, સમ્યક્ શ્રુતાર્થના ઉપયોગ રહિત ભાવશ્રુત યોગ્ય દ્રવ્ય શ્રુતની પ્રાપ્તિ થાય છે એ અહીં વિશિષ્ટ બીના જાણવી.

શંકા-મિથ્યાદૃષ્ટિ અને મહામિથ્યાદૃષ્ટિ એ બંનેમાં સમ્યગ્ શ્રુતાર્થ ઉપયોગ રહિતપણા રૂપ અનાભોગઆદિ એક સરખું હોઈ અનાભોગાદિ દ્વારા મિથ્યાદષ્ટિથી મહામિથ્યાદૃષ્ટિનો ચોખ્ખો-ખુલ્લો ભેદ જણાય તેવી ભેદક વસ્તુ દર્શાવો!

સમાધાન-આ મિથ્યાદૃષ્ટિને તો મોક્ષમાર્ગપ્રતિપંથી શત્રુ એવા ભાવરૂપ અસ્થાનમાં જ આગ્રહરૂપ અભિનિવેશ નથી હોતો. કારણ કે; ભાવશ્રુત યોગ્યત્વરૂપ ભવ્યત્વનો યોગ હોઈ મોક્ષમાર્ગાનુકૂલભાવ રૂપ સ્થાનવિષયક સદાગ્રહ રૂપ અભિનિવેશનો સદ્ભાવ-હાજરી છે.

મતલબ કે; ધર્મબીજ વપન (વાવવા) યોગ્ય મિથ્યાદૃષ્ટિમાં ભાવશ્રુત યોગ્યત્વ રૂપ ભવ્યત્વનોયોગ હોઈ મોક્ષમાર્ગાનુકૂલ ભાવરૂપ સ્થાન વિષયક (સદાગ્રહ રૂપ) અભિનિવેશનો સદ્ભાવ છે. એટલે જ મોક્ષમાર્ગપ્રતિબંધક ભાવરૂપ અસ્થાન વિષયક (અસદ્ આગ્રહ રૂપ) અભિનિવેશનો સદંતર અભાવ છે. એટલે જ આદરાદિ લિંગવાળી-અનાભોગવાળી ભાવશ્રુતયોગ્ય દ્રવ્યશ્રુતપ્રાપ્તિ-દ્રવ્યપ્રાપ્તિ છે.

તથાચ પૂર્વકથિત સ્થાનવિષયક અભિનિવેશ સ્વભાવરૂપ ભવ્યત્વ, મિથ્યાદૃષ્ટિમાં છે. જ્યારે મહામિથ્યાદૃષ્ટિમાં પૂર્વકથિત અસ્થાનવિષયક અભિનિવેશ સ્વભાવરૂપ ભવ્યત્વ છે. એવો અહીં ખુલ્લો-ચોખ્ખો-ભેદ-વિશેષ-વિવેક સમજવો.

શંકા-પૂર્વકથિત અસ્થાનવિષયક અભિનિવેશ સ્વભાવ રૂપ ભવ્યત્વ, મહામિથ્યાદૃષ્ટિમાં હોઈ દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ પણ અસંભવિત થશે! તો દ્રવ્યશ્રુતપ્રાપ્તિજન્ય ફલની ચિંતા તો ક્યાંથી કરવાની હોય!

સમાધાન-આ (દ્રવ્ય) શ્રુત, અભવ્યોએ પણ-એકાંત મહામિથ્યાદૃષ્ટિઓએ પણ (અપિ શબ્દ એમ કહે છે કે બીજા મિથ્યાદૃષ્ટિઓની તો શી વાત કરવી પણ અભવ્યોએ પણ) અનેકવાર-અનંતીવાર પ્રાપ્ત કરેલું-મેળવેલું છે. કારણ કે, શાસ્ત્રરૂપ વચનનું પ્રામાણ્ય છે–'સર્વજીવો અનંતીવાર ગ્રૈવેયકમાં પેદા થાય છે' એટલે દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ-દ્રવ્યસંયમાદિ સિવાય ગ્રૈવેયકમાં ઉત્પન્ન થવાતું નથી. એથી જ-આવા શાસ્ત્રીય વાક્યોથી પુરવાર થાય છે કે 'અભવ્યો પણ અનંતીવાર ગ્રૈવેયકમાં ગયેલા હોઈ દ્રવ્યશ્રુત દ્રવ્યસંયમાદિ અભવ્યોમાં સિદ્ધ છે. એટલે અભવ્યોમાં પણ શ્રુતની પ્રાપ્તિનો અભાવ નથી.

શંકા-જો અભવ્યોમાં પણ જ્યારે શ્રુતની પ્રાપ્તિ છે. તો શ્રુતપ્રાપ્તિનું ફલ થશે જ ને?

સમાધાન-અભવ્યોને શ્રુતપ્રાપ્તિથી કોઈપણ જાતનું ફલ મળતું નથી. કારણ કે, પ્રકૃત યર્થાથબોધરૂપ

ફલના લેશની પ્રાપ્તિનો પ્રસંગ (આપત્તિ) પ્રાપ્ત થાય! એવું કદી બન્યું નથી, બનતું નથી ને બનશે નહિ કે; 'અભવ્યોમાં યથાર્થબોધરૂપ ફલનો લેશ પણ પ્રાપ્ત થાય!'

આ બાબત, આગમના જાણ પુરૂષો-ગીતાર્થ મહારથીઓ! આગમના અનુસારે ખૂબ ખૂબ વિચારો! ઈતિ-શ્રુતસ્તવની સમાપ્તિસૂચક છે.

આ પ્રમાણે બીજા પણ સૂત્રોનો અર્થ જાણવો એમ શાસ્ત્રકાર હવાલો આપે છે. આ તો કેવલ દિશાનું માત્ર પ્રદર્શન સમજી લેવું જોઈએ!

હવે શાસ્ત્રકાર,'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં' ઈત્યાદિ સૂત્રની વ્યાખ્યા, સસંગતિ-સવિવેચન કરે છે.

**एवं प्रणिधानं कृत्वैतत्पूर्विका क्रियाफलायेति श्रुतस्यैव कायोत्सर्ग्गसम्पादनार्थं पठति पठन्ति वा, ''सुयस्स भगवओ करेमि काउसग्ग'' मित्यादि यावद्वोसिरामि, व्याख्या पूर्ववत्, नवरं श्रुतस्येति-प्रवचनस्य सामायिकादिचतुर्दशपूर्वपर्यन्तस्य ''भगवतः'' समग्रैश्वर्यादियुक्तस्य, सिद्धत्वेन समग्रैश्वर्यादियोगः, न ह्यतो विधिप्रवृत्तः फलेन वञ्च्यते, व्याप्ताश्च सर्वे प्रवादा एतेन, विधिप्रतिषेधानुष्ठानपदार्थाविरोधेन च वर्तते स्वर्ग्गकेवलार्थिना तपोध्यानादि कर्त्तव्यं, सर्वे जीवा न हन्तव्या इति वचनात्, समितिगुप्तिशुद्धा क्रिया असपत्नो योग इति वचनात्, उत्पादविगमध्रौव्ययुक्तं सत्, एकं द्रव्यमनन्तपर्यायमर्थ इति वचनादिति, कायोत्सर्ग्गप्रपञ्चः प्राग्वत् तथैव च स्तुतिः, यदि परं तस्य, समानजातीयबृंहकत्वात्, अनुभवसिद्धमेतत्, तज्ज्ञानां, चलति समाधिरन्यथेति प्रकटं, ऐतिह्यं चैतदेवमतो न बाधनीयमिति व्याख्यातं पुष्करवरद्वीपार्द्धे इत्यादि सूत्रम् ॥**

ભાવાર્થ-આ પ્રમાણે 'શ્રુતધર્મની વૃદ્ધિ પામો !' ઈત્યાદિ આકારક પ્રણિધાન કરીને–'આ પ્રણિધાનપૂર્વક ક્રિયા, ફલ જનક છે' એવો નિયમ હોઈ પ્રથમ પ્રણિધાન કરી હવે શ્રુતસંબંધી કાયોત્સર્ગરૂપ ક્રિયા કરવાને ખાતર એક કે અનેક 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં' ઈત્યાદિથી માંડી વોસિરામી પર્યંત બોલે છે. એની વ્યાખ્યા-વિવરણ, પૂર્વની માફક સમજી લેવું, પરંતુ જે વિશેષ કાંઈ બાકીનું છે તેની વ્યાખ્યા કરે છે કે 'ભગવંત શ્રુતના કાઉસગ્ગને હું કરૂં છું'–

શ્રુતના-સામાયિક સૂત્રથી માંડી ચૌદ પૂર્વ સુધીના પ્રવચનરૂપ શ્રુતના, કેવા શ્રુતના? તો કહે છે કે, 'ભગવંત એવા શ્રુતના'

ભગવંત-સમગ્ર-સમસ્ત ઐશ્વર્ય આદિ યોગવાળા ભગવંત અને ભગવંત એવા શ્રુતના કાઉસગ્ગને હું કરૂં છું.

હવે સમગ્ર ઐશ્વર્યઆદિયોગ-ભગવત્તા કોના દ્વારા શ્રુત-પ્રવચનમાં છે? તેનું વિવરણ કરે છે.

હવે ક્રમવાર પૂર્વકથિત ત્રણ ભેદવાળું સિદ્ધત્વ શ્રુતમાં ઘટાવે છે.

(૧) ફલાવ્યભિચારરૂપ સિદ્ધત્વ-શ્રુતમાં કહેલ વિધિ અનુષ્ઠાન-ક્રિયા-આચારપાલનમાં પ્રવૃત્ત-પરાયણ-કટીબદ્ધ થયેલ પુરૂષ, કદી તેના ફલથી ઠગાતો નથી. અવશ્યમેવ-અચૂક ફલ પામે છે. આ પ્રવચન,

ફલાવિસંવાદી-ફલાવંચક-ફલવિષયમાં વંચના-દગો-વિશ્વાસઘાત કરનાર નહિ હોઈ ફલાવ્યભિચારરૂપ પ્રથમ પ્રકારનું સિદ્ધત્વ શ્રુતમાં બરોબર ઘટી શકે છે.

(૨) પ્રતિષ્ઠિતત્વરૂપ સિદ્ધત્વ-વળી આ શ્રુતવડે સઘળાય પ્રવાહો-નયો-દર્શનો, ધર્મો-વ્યાપ્ત છે. અર્થાત્ સકલ નયોમાં શ્રુતની વ્યાપકતા-ફેલાવ-ભરપુરતા-પૂર્ણતા છે. એટલે પ્રતિષ્ઠિતત્વ શ્રુતમાં ભગવંત છે.

(૩) ત્રિકોટી *પરિશુદ્ધિરૂપ સિદ્ધત્વ-કષપરીક્ષારૂપ વિધિ પ્રતિષેધરૂપ એક (૧) કોટી (૨) છેદપરીક્ષારૂપ

---

* શબ્દ સામાન્યથી આ ખરૂં છે કે આ મિથ્યા છે એમ કહી શકાય નહિ. માટે તેની પરીક્ષા કરવી. જેમ સુવર્ણની પરીક્ષા કષ છેદ અને તાપથી થાય છે તેમ ધર્મની પણ ત્રણ રીતે પરીક્ષા થાય. ધર્મની બાબતમાં કષ-છેદ-તાપ શું છે તેનો આગળ વિચાર કરીશું પણ મગને ભાવે મરી ન વેચાય માટે સમજવું જોઈએ કે; 'આ જગતમાં શબ્દમાત્રથી સર્વે ધર્મ કહે છે, પણ કયો સાચો તે વિચાર કરતા નથી; જેમ દૂધ શબ્દ સમાન છે, પણ તેમાં ભેદ પડવાથી કયું સારૂં તેની પરીક્ષા કરવી પડે છે, તેમ અહીં સમજવું. જેમ ઠગાવાની બીકવાળા, ડાહ્યા પુરૂષો પરીક્ષા કરીને સુવર્ણ ખરીદી કરે છે તેમ ઘણો જ દુર્લભ જગતહિતકારી એવો શ્રુતધર્મ પરીક્ષા કરીને ગ્રહણ કરવો કે પાછળથી પસ્તાવું ન પડે.

જ્યારે માણસને સુવર્ણ ખરીદવું હોય છે ત્યારે આ સુવર્ણ સાચું છે કે તેમાં કાંઈ ભેદ છે તે જાણવાને અર્થે કષ-છેદ અને તાપથી પ્રથમ તેની પરીક્ષા કરે છે, અને પરીક્ષામાં શુદ્ધ નીકળે છે તો ખરીદ કરે છે. તેમ શ્રુતધર્મને પણ કષ-છેદ અને તાપની કસોટી લગાવવી.

કષઃ-અવિરૂદ્ધ એટલે અનુકૂલ કર્ત્તવ્યા બતાવનારૂં વાક્ય તે વિધિવાક્ય કહેવાય. જેમ કે; દાન કરવું ઈત્યાદિ. અમુક કાર્ય ન કરવું એવો જે માર્ગ તે પ્રતિષેધમાર્ગ. દા.ત. કોઈ પ્રાણીની હિંસા ન કરવી ઈત્યાદિ. એ વિધિ અને નિષેધ તે કષ-કસોટી કહેવાય છે. જેમ સુવર્ણની પરીક્ષા કરવાને કસોટી ઉપર સુવર્ણનો આંકો કરીએ છીએ તેમની પરીક્ષા કરવામાં વિધિનિષેધગર્ભિત વાક્ય કસોટીનું કામ કરે છે.

છેદઃ-માણસ સોનાને કસોટીના પત્થર ઉપર ઘસીને તેની પરીક્ષા કરે છે, તે કસોટીમાં સોનું શુદ્ધ માલૂમ પડ્યું, તો પણ તેટલાથી સંતોષ નહિ પામતા તેને કાપીને જુવે છે કે રખેને અંદરના ભાગમાં કોઈપણ પ્રકારનો ભેદ હોય; તેમ ધર્મમાં પણ કષશુદ્ધિ કર્યા પછી છેદશુદ્ધિ કરવી જરૂરની છે. ધર્મની બાબતમાં છેદ શું છે તે વિચારીએ. છેદ તે વિશુદ્ધ બાહ્ય ચેષ્ટારૂપ છે, વિધિ અને પ્રતિષેધ માર્ગને અનુકૂલ જે બાહ્ય ક્રિયા તે 'છેદ' છે. તે બાહ્ય શુદ્ધ ક્રિયાથી અતિચાર અને અનાચારરહિતપણે વિધિ અને પ્રતિષેધ માર્ગને ઉત્તેજન મળે છે. માટે જે ધર્મમાં ઉપર જણાવેલા વિધિ-પ્રતિષેધ માર્ગને સહાયકારી શુદ્ધ ધાર્મિક ક્રિયાનું વર્ણન હોય તે છેદશુદ્ધ ધર્મ સમજવો. સોનાની કષ અને છેદથી પરીક્ષા કરવાને સોની અગ્નિમાં નાંખી તેની પરીક્ષા કરે છે અને જ્યારે અગ્નિમાં રંગ બદલાતો નથી, ત્યારે તે શુદ્ધ-કેવલ સોએ સો ટકા શુદ્ધ માનવામાં આવે છે. તેની ધર્મની પણ તાપમાં પરીક્ષા કરવી.

તાપઃ-કષ અને છેદના મૂલ કારણરૂપ જીવાદિ તત્ત્વરૂપ ભાવની પ્રરૂપણા તે તાપ.

કષ અને છેદનો પ્રથમ આપણે વિચાર કરી ગયા, પણ કષ અને છેદનું મૂળ કારણ જાણવું જોઈએ. કષ અને છેદનો આધાર તાપ ઉપર રહેલો છે. જો સુવર્ણનો રંગ તાપ આપવાથી બદલાઈ ગયો તો તે સુવર્ણ અશુદ્ધ-નિરર્થક છે, તેમ ધર્મની તાપ પરીક્ષા કરી અને તેમાં જો ન ટકી શકે તો કષ અને છેદની વિશુદ્ધિ નિરૂપયોગી છે, વસ્તુઓમાં ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે જે સોનાનું કુંડલ બનાવવામાં આવે છે તે જ સોનાની થોડા સમય પછી કંઠી બનાવવામાં આવે છે આ પ્રમાણે તેનો આકાર બદલાય છે, પણ સુવર્ણ તો તે ને તે જ રહે છે. તેમ જે શાસ્ત્રમાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય એવા જીવાદિ પદાર્થોનું વર્ણન કરેલું હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ કહેવાય છે.

અનુષ્ઠાનરૂપ બીજી કોટી(૩) તાપપરીક્ષારૂપ પદાર્થરૂપ કોટીએમ ત્રણ કોટીના અવિરોધ વડે, પૂર્વ-અપર (પહેલાં કે પછી) બાધા શિવાય શ્રુત-પ્રવચન વર્તે છે.

હવે ત્રિકોટીપરિશુદ્ધિસ્વરૂપ આ અવિરોધ-પૂર્વ અપર બાધાના અભાવને દર્શાવતા એક એક કોટી દીઠ બે બે વચનો દ્વારાપૂર્વકથિત અવિરોધને વિશેષ-વિશદ રીતે પ્રગટ કરે છે કે;

હવે (અ) (૧) પહેલી કોટીનું વિધિરૂપ પ્રથમ વચન દર્શાવે છે કે 'સ્વર્ગાર્થીપુરૂષે તપ-દેવતાપૂજનાદિ કરવા જોઈએ, અને કેવલાર્થી (કેવલજ્ઞાનાર્થી-મોક્ષાર્થી) પુરૂષે ધ્યાન-અધ્યયન આદિ કરવાં જોઈએ.'

(આ) હવે પહેલી કોટીનું પ્રતિષેધરૂપ દ્વિતીય વચન દર્શાવે છે કે; સર્વે જીવોને નહિ હણવા જોઈએ' આ પ્રમાણે કષપરીક્ષારૂપ વિધિ પ્રતિષેધરૂપ, પ્રથમ કોટીના બે વચનો જાણવા.

(ઇ) (૨) હવે છેદરૂપ અનુષ્ઠાનરૂપ બીજી કોટીનું પ્રથમ વચન દર્શાવે છે કે 'પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ એ શુદ્ધક્રિયા'

(ઈ) બીજી છેદરૂપ કોટીનું દ્વિતીય વચન કહે છે કે; 'અસપત્ન-પરસ્પર અવિરોધી અર્થાત્ સ્વસ્વકાલ પ્રમાણે કરવાથી પરસ્પર અવિરોધી યોગ-સ્વાધ્યાય આદિ સમગ્ર સામાચારી જાણવી' આ પ્રમાણે છેદરૂપ ક્રિયારૂપ બીજી કોટીના બે વચનો જાણવા.

હવે (૩) તાપપરીક્ષારૂપ પદાર્થરૂપ ત્રીજી કોટીનું પ્રથમ વચન દર્શાવે છે કે;

(ઉ) 'ઉત્પાદ, વિગમ-વ્યય (પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ઉત્પત્તિ અને વિનાશ) અને ધ્રૌવ્ય-ધ્રુવતાથી (દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ) યુકત જે હોય તે 'સત્' કહેવાય છે.

(ઊ) હવે ત્રીજી કોટીનું બીજું વચન–'એક દ્રવ્ય છે અથવા 'એક દ્રવ્યવાળી અને અનંતપર્યાયો (ધર્મો) વાળી વસ્તુ છે. 'એક દ્રવ્યવાળો–અનંત પર્યાયવાળો પદાર્થ છે.'

આ પ્રમાણે તાપપરીક્ષારૂપ પદાર્થરૂપ ત્રીજી કોટીના બે વચનો જાણવા.

કાયોત્સર્ગનો વિસ્તાર, પૂર્વવત્ જાણવો અને સ્તુતિ(થોય) તેવી જ જાણવી. પરંતુ વિશેષતા એ છે કે, શ્રુતની-શ્રુત સંબંધી થોય બોલવી. કેમ કે; જે જાતિ–સંબંધીનો કાઉસગ્ગ, તે જાતિની-સંબંધીની થોય હોય તો સમાન જાતિય શ્રુતભાવમાં વૃદ્ધિ થાય છે. તેના જાણ પુરૂષોને આ બીના અનુભવસિદ્ધ છે. જે સંબંધી કાયોત્સર્ગ, તેને જ લગતી થોય ન બોલવામા આવે તો સમાધિ-અવિચ્છિન્ન ચિત્તની સ્થિરતામાં ભંગાણ પડે છે. તે વાત તેના અનુભવીઓને પણ પ્રત્યક્ષ સિદ્ધ છે. વળી આ સંપ્રદાય-પરંપરા-પ્રથા પ્રણાલિકા છે કે; ત્રીજી થોય શ્રુતની જ બોલવી'–વાસ્તે કોઈપણ જાતની બાધા કે દોષ નથી. આ પ્રમાણે 'પુખ્ખરવરદીવડ્ઢે' નામના સૂત્રની વ્યાખ્યા સમાપ્ત થાય છે.

# सिद्धस्तव

હવે શાસ્ત્રકાર, સિદ્ધાણં. (ઈતિ ૮ - ૯ - ૧૦ - ૧૧ અધિકારો) અને વૈયાવચ્ચગરાણં કહી અન્નત્થ કહી ૧ નવકારનો કાઉસગ્ગ પારીને શાસન દેવદેવીના સ્મરણ સંબંધી ચોથી થોયને કહેવારૂપ ૧૨મો અધિકાર આ પ્રમાણે ૮-૧૨ સુધી અધિકારોને દર્શાવતા પહેલાં સવિવેચન સિદ્ધાણં. સૂત્રની વ્યાખ્યા કરે છે કે;

पुनरनुष्ठानपरम्पराफलभूतेभ्यस्तथा भावेन तत्क्रियाप्रयोजकेभ्यश्च सिद्धेभ्यो नमस्करणायेदं पठति पठन्ति वा, ''सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं । लोयग्गमुवगयाणं, नमो सया सव्व सिद्धाणं ॥ १ ॥ अस्य व्याख्या-सितं ध्मातमेषामिति सिद्धाः निर्दग्धानेकभवकर्म्मेन्धना इत्यर्थः, तेभ्यो नम इति योगः, ते च सामान्यतः कर्मादिसिद्धा अपि भवन्ति, यथोक्तम्- 'कम्मे सिप्पे य विज्जा य, मंते जोगे य आगमे । अत्थ जत्ता अभिप्पाए, तवे कम्मक्खए इय ॥ १ ॥'' इत्यादि, अतः कर्म्मादिसिद्धव्यपोहायाह-''बुद्धेभ्यः'' अज्ञाननिद्राप्रसुप्ते जगत्यपरोपदेशेन जीवादिरूपं तत्त्वं बुद्धवन्तो बुद्धाः, सर्वज्ञसर्वदर्शिस्वभावबोधरूपा इत्यर्थः, एतेभ्यः, एते च संसारनिर्वाणोभयपरित्यागेन स्थितवन्तः कैश्चिदिष्यन्ते 'न संसारे न निर्वाणे, स्थितो भुवनभूतये। अचिन्त्यः सर्वलोकानां, चिन्तारत्नाधिको महान् ॥ १ ॥' इति वचनात्,

एतन्निरासायाह-'पारगतेभ्यः' पारं-पर्यन्तं संसारस्य प्रयोजनव्रातस्य वा गताः पारगताः, तथाभव्यत्वाक्षिप्तसकलप्रयोजनसमाप्त्या निरवशेषकर्त्तव्यशक्तिविप्रमुक्ता इति यदुक्तं भवति, एतेभ्यः एते च यदृच्छावादिभिः कैश्चिदक्रमसिद्धत्वेनाऽपि गीयन्ते, यथोक्तं- ''नैकादिसङ्ख्याक्रमतो, वित्तप्राप्तिर्नियोगतः । दरिद्रराज्याप्तिसमा तद्वन्मुक्तिः क्वचित्र किम् ? ॥ १ ॥''

इत्येतद्व्यपोहायाह-'परम्परगतेभ्यः' परम्परया-ज्ञानदर्शनचारित्ररूपया मिथ्यादृष्टिसास्वादनसम्यग्मिथ्यादृष्टिअविरतसम्यग्दृष्टि-विरताविरतप्रमत्ताप्रमत्तनिवृत्त्यनिवृत्तिबादरसूक्ष्मोपशान्तक्षीणमोहसयोग्ययोगिगुणस्थानभेदभिन्नया गताः परम्परगता एतेभ्यः, एतेऽपि कैश्चिदनियतदेशा अभ्युपगम्यन्ते, 'यत्र क्लेशक्षयस्तत्र, विज्ञानमवतिष्ठते । बाधा च सर्वथाऽस्येह, तदभावान्न जातुचित् ॥ १ ॥' इति वचनात्,

एतन्निराचिकीर्षयाह-'लोकाग्रमुपगतेभ्यः' लोकाग्रं ईषत्प्राग्भाराख्यं तदुप-सामीप्येन निरवशेषकर्म्मविच्युत्या तदपराभिन्नप्रदेशतया गताः-उपगताः, उक्तं च 'जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का । अन्नोन्नमणाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ॥ १ ॥' तेभ्यः, आह-कथं पुनरिह सकलकर्म्मविप्रमुक्तानां लोकान्तं यावद्गति र्भवति, भावे वा सर्वदैव कस्मान्न भवतीति अत्रोच्यते, पूर्वविशवशाद्दण्डादिचक्रभ्रमणवत् समयमेवैकमविरुद्धेति न दोष इति, एतेभ्यः,

एवं भूतेभ्यः किमित्याह-'नमः सदा सर्वसिद्धेभ्यः' नम इति क्रियापदं, 'सदा' सर्वकालं, प्रशस्तभावपूरणमेतदयथार्थमपि फलवच्चित्राभिग्रहभाववदित्याचार्याः,

ભાવાર્થ-અવતરણિકા

હવે અનુષ્ઠાનપરંપરા-અપુનર્બંધક અવસ્થાથી માંડી અયોગિપર્યન્તરૂપ અનુષ્ઠાન પરંપરાના ફલભૂત, તથા ભાવથી-પૂર્વકથિત પરિણામથી સિદ્ધત્વપ્રાપ્તિરૂપ ફલજનિકા ક્રિયાના પ્રયોજક (હેતુ-પરંપરાએ કાર્યજનક-યોજનાર-પ્રેરક-કર્ત્તા-કારયિતા)એવા સિદ્ધોને નમસ્કાર કરવા સારૂ એક કે અનેક બોલે છે કે 'સિદ્ધાણં' ઈત્યાદિ હવે 'સિદ્ધાણં બુદ્ધાણંની વ્યાખ્યા કરાય છે કે;–

'સિદ્ધ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર હો!' અહીં સિદ્ધોને એટલે જેમણે ભવકારણ-આઠ પ્રકારના કર્મરૂપ ઈન્ધનને શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે બાળીને ભસ્મીભૂત કર્યા છે.આવા અર્થવાળા સિદ્ધોને નમસ્કાર હો!

વળી તે સિદ્ધો સામાન્યથી કર્માદિસિદ્ધ પણ હોય છે. કહ્યું છે કે 'કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વિદ્યાસિદ્ધ-મંત્રસિદ્ધ-યોગસિદ્ધ-આગમસિદ્ધ-અર્થસિદ્ધ-યાત્રાસિદ્ધ-અભિપ્રાયસિદ્ધ-તપસિદ્ધ-કર્મક્ષયસિદ્ધ ઈત્યાદિ' જ્યારે કર્માદિસિદ્ધો કહેવાય છે ત્યારે કર્મક્ષયસિદ્ધ ભિન્નકર્માદિસિદ્ધોનું નિવારણ-વ્યવચ્છેદ કરવા ખાતર વિશેષણ એક નવું વિશિષ્ટ ઉમેરે છે કે 'બુદ્ધ-સિદ્ધ-એવા સર્વ સિદ્ધોને નમસ્કાર હો!'

બુદ્ધોને-અજ્ઞાનરૂપી નિદ્રામાં સુતેલા જગતમાં પારકાના ઉપદેશ વગર જીવાદિરૂપ તત્ત્વવિષયક જ્ઞાનવાળા-બુદ્ધોને અર્થાત્ સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવ બોધરૂપ બુદ્ધોને (અહીં જ્ઞાન-જ્ઞાનીના એ ભેદની અપેક્ષાએ અર્થ સમજવો.)

વળી બુદ્ધ સિદ્ધોને કેટલાક લોકો સંસાર અને નિર્વાણનો ત્યાગ કરી સ્થિતિ કરનારા સિદ્ધો એમ માને છે. કહ્યું છે કે 'જગત્ની આબાદી ખાતર સંસારમાં નથી રહેલો અને નિર્વાણમાં નથી રહેલો સર્વ લોકોને અચિંત્ય એવો, ચિંતામણિરત્ન કરતાં વધારે શ્રેષ્ઠ-મોટો સિદ્ધ-ઈશ્વર છે.' એટલે સંસારનિર્વાણઉભયત્યાગપૂર્વક સ્થિતિવાળા સિદ્ધોનો પરીહાર કરવા ખાતર કહે છે કે,'સંસારના અથવા પ્રયોજન (કાર્ય) સમુદાયના પાર-છેડા-અંતને પામેલા-પારંગત સિદ્ધોને નમસ્કાર હો.'

તથાચ તથાભવ્યત્વથી સંપ્રાપ્ત (અર્થાપત્તિ આદિથી લબ્ધ) સકલ પ્રયોજનની સમાપ્તિ-પૂર્ણાહૂતિ હોઈ સમસ્ત કર્ત્તવ્ય (કાર્ય) શક્તિથી છૂટા થયેલા-મુક્ત-કૃતકૃત્ય એ અહીં ભાવાર્થ-રહસ્ય-હાર્દ સમજવું. (શક્તિરૂપે જ્યાં સમસ્ત કર્ત્તવ્યથી મુક્તિ છે તો પ્રશ્ન થઈ શકતો નથી.)

આવા સિદ્ધોને કેટલાય યદૃચ્છાવાદીઓ અક્રમ (ક્રમવાર ગુણસ્થાનરૂપ સોપાન પંક્તિ પર ચડયા શિવાય)-ક્રમ વગર સિદ્ધ તરીકે માને છે. કહ્યું છે કે,''એક-બે આદિ સંખ્યાના ક્રમથી નિયમથી વિત્ત (પૈસા) ની પ્રાપ્તિ નથી. પરંતુ રંકને રાજ્યની પ્રાપ્તિ સરખી વિત્તપ્રાપ્તિ છે. તેવી જ રીતે ક્વચિત્ મુક્તિ કેમ નહિ?''

એટલે આવા મંતવ્યને દૂર કરવા સારૂ કહે છે કે ' પરંપરાગત સિદ્ધોને નમસ્કાર હો.'

પરંપરાગત-મિથ્યાદૃષ્ટિ-સાસ્વાદન-સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ-અવિરત સમ્યગ્દૃષ્ટિ વિરતાવિરત-પ્રમત્ત-અપ્રમત્ત-

નિવૃત્તિ-અનિવૃત્તિ-બાદર-સૂક્ષ્મ-ઉપશાંતમોહ-ક્ષીણમોહ-સયોગી-અયોગીરૂપ *ચૌદ ગુણસ્થાનોના ભેદવાળી, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પરંપરા (પરિપાટી-આનુપૂર્વી-અનુક્રમ-એક પછી એક આવનારો સંબંધ) એ મોક્ષે ગયેલા તે પરંપરાગત સિદ્ધ કહેવાય. અર્થાત્ ક્રમશઃગુણસ્થાનની પરંપરાને પ્રાપ્ત થઈને મોક્ષે ગયેલા તે પરંપરાગત, (એક પછી બીજું અને બીજા પછી ત્રીજું એમ જે ક્રમસર ગોઠવાયેલું હોય છે તેને પરંપર કહેવાય છે. તેના પરથી 'પરંપરા'નો અર્થ હાર કે શ્રેણી થાય છે. અહીં તે ગુણ શ્રેણીને અનુલક્ષીને વપરાયેલો છે.)

---

*** જે જે સ્થાને પૂર્વ પ્રાપ્ત થયેલા ગુણથી કંઈક વિશેષ ગુણ પ્રગટ થાય તે તે સ્થાનને ગુણસ્થાન કહે છે. તેવા ચૌદ ગુણસ્થાનોનું ટુંકમાં સ્વરૂપ આ પ્રમાણે છે.**

**(૧) મિથ્યાદૃષ્ટિ : કુદેવ, કુગુરુ અને કુધર્મને વિષે સુદેવ, સુગુરુ અને સુધર્મની જે બુદ્ધિ તે વ્યક્ત મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ મોહનીય કર્મ તે અવ્યક્ત મિથ્યાત્વ છે. અનાદિકાલીન અવ્યક્ત મિથ્યાત્વ તો જીવને વિષે સદાકાળનું છે જ (માટે અવ્યક્ત મિથ્યાત્વને ગુણસ્થાન કહી શકાતું નથી.) પરંતુ વ્યક્ત મિથ્યાત્વવાળી બુદ્ધિની જે પ્રાપ્તિ તે જ ગુણસ્થાન તરીકે કહી શકાય છે.**

**(૨) સાસ્વાદન : ઉપશાંત થયેલા ચાર અનંતાનુબંધી કષાયોમાંનો કોઈ એક પણ ક્રોધાદિ કષાય ઉદય પામતાં પ્રથમના ઔપશમિક સમ્યક્ત્વરૂપ પર્વતના શિખર ઉપરથી પ્રચ્યુત થયેલો-પડતો જીવ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટ આવલિકા સુધીમાં જ્યાં સુધી મિથ્યાત્વરૂપ ભૂમિતલને પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી (અંતરાલના કાળમાં) તે જીવ સાસ્વાદ સમ્યક્ત્વવાળો કહેવાય છે.**

**(૩) સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ : મિશ્રમોહનીયકર્મના ઉદયથી જીવને વિષે સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બેના મિશ્રણથી અન્તર્મુહૂર્તકાળ પ્રમાણ જે ભાવ ઉત્પન્ન થાય છે તે મિશ્રિતભાવનું નામ મિશ્રગુણસ્થાન.**

**(૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ : સર્વજ્ઞે કહેલા તત્ત્વોને વિષે જીવની જે રૂચિ, સ્વાભાવિક રીતે અથવા ઉપદેશ આદિકથી થાય તે સમ્યક્ત્વ-જે ગુણસ્થાનમાં બીજા અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી વ્રતપ્રત્યાખ્યાનરહિત-અવિરત કેવળ સમ્યક્ત્વમાત્ર જ હોય તે ચોથું ગુણસ્થાન.**

**(૫) વિરતાવિરત : જે ગુણસ્થાને ત્રીજા પ્રત્યાખ્યાનાવરણકષાયના ઉદયથી દેશથી વ્રતનિયમાદિ પ્રગટ થાય છે તે શ્રાવકપણું (તે દેશવિરતિ ગુણસ્થાન) કહેવાય.**

**(૬) પ્રમત્ત : ચોથા (સંજ્વલન) કષાયોના તીવ્ર ઉદયથી મુનિ પ્રમાદયુક્ત થાય છે તે કારણથી તેવા મુનિ પ્રમત્ત ગુણસ્થાનવર્તી કહેવાય છે. પ્રમત્તથી માંડી ક્ષીણ મોહ સુધીના સાત ગુણસ્થાનોની પ્રત્યેકની ઉત્કૃષ્ટ સ્થિતિ એકેક અન્તમુહૂર્ત પ્રમાણે છે. તેમાં પ્રમત્ત અને અપ્રમત મળીને દેશોનપૂર્વકોડની છે.**

**(૭) અપ્રમત્ત : ચોથા સંજ્વલન કષાયોનો મંદ ઉદય થયે છતે સાધુ પ્રમાદરહિત થવાથી અપ્રમત્ત થાય છે.**

**(૮) નિવૃત્તિ-અપૂર્વકરણ : આત્માના અપૂર્વ પરમ આલ્હાદમય પરિણામરૂપ ગુણની પ્રાપ્તિ હોવાથી અપૂર્વકરણ ગુણસ્થાન અન્તર્મુહૂર્ત પ્રમાણવાળી અપૂર્વકરણની સ્થિતિના પહેલે સમયે જ આ ગુણસ્થાન પામનારા ત્રણે કાળના જીવોની અપેક્ષાએ જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધીનાં અધ્યવસાયના અસંખ્ય સ્થાનો હોય છે અને તે સર્વ મળી લોકાકાશના આકાશપ્રદેશ જેટલાં છે, અને બીજા ત્રીજા આદિ સમયોમાં તેથી પણ અધિક અધિક અધ્યવસાયસ્થાનો હોય છે. તેમાં પણ એક જીવને પ્રથમ સમયે જે જઘન્ય અધ્યવસાયસ્થાન છે. તે જ સમયે બીજા કોઈ જીવને તેથી પણ અનંત ગુણ અધિક**

હવે કેટલાક લોકો 'સિદ્ધો નિયત દેશમાં રહેનાર નથી' એમ માને છે. વળી કહ્યું છે કે; ''જ્યાં ક્લેશ(કર્મ)નો ક્ષય ત્યાં વિજ્ઞાન સ્થિતિ કરે છે. અને અહીં સર્વથા તે ક્લેશનો અભાવ હોવાથી કદાચિત્ આ વિજ્ઞાનને રહેવામાં બાધા આવતી નથી.'' એટલે આવા મતનું નિરસન કરવા ખાતર બોલે છે કે 'લોકના અગ્રભાગે ગયેલા-રહેલા સિદ્ધોને નમસ્કાર હો!'

લોકાગ્ર ઉપગત-ઈષત્* પ્રાગ્ભાર નામના લોકના અગ્રભાગે, તેના સમીપપણાએ કરીને-સમસ્ત કર્મના ક્ષય થવાથી તેનાથી બીજા સિદ્ધોની સાથે અભિન્ન-એક પ્રદેશપણાએ કરીને ગયેલા-રહેલા તે લોકાગ્રઉપગત

---

નિર્મળ ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન (પ્રથમ સમય સંબંધિ ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન) હોય. વળી તેનાથી પણ અનંત ગુણ નિર્મળ બીજે સમયે જઘન્ય અધ્યવસાયસ્થાન હોય છે. એ જ પ્રમાણે (અનંતગુણ વિશુદ્ધિનું સ્વરૂપ) અન્ત્ય સમય (આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનના ચરમ સમયના ઉત્કૃષ્ટ અધ્યવસાયસ્થાન) સુધી જાણવું. વળી પ્રત્યેક સમયના અધ્યવસાય સ્થાનો છ સ્થાનપતિત હોય છે. વળી નિશ્ચયથી આ ગુણસ્થાનને સમકાળે અંગીકાર કરેલા ઘણા ભવ્ય જીવોને પૂર્વે કહેલા સ્વરૂપવાળા અધ્યવસાયસ્થાનોની વ્યાવૃત્તિ પરસ્પર ફેરફારી) રૂપ નિવૃત્તિ જે કારણથી પરસ્પર વર્તે છે તે કારણથી પંડિતોએ આને નિવૃત્તિ નામનું પણ ગુણસ્થાન કહ્યું છે.

(૯) અનિવૃત્તિ-બાદર :-ભાવોની-અધ્યવસાયોની અનિવૃત્તિ (નહી ફેરફારી) હોવાથી, અનિવૃત્તિ. વળી આ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાનાદિ ૧૨ બાર બાદર કષાયોને અને બાદરનવનોકષાયોને ઉપશમક, ઉપશમાવવાને અને ક્ષપક, ખપાવવાને તત્પર થયેલા હોય છે એ કારણથી 'અનિવૃત્તિ બાદર ગુણસ્થાન' કહેવાય છે.

(૧૦) સૂક્ષ્મઃ-સૂક્ષ્મ લોભનો ઉદય હોવાથી સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન.

(૧૧) ઉપશાંત મોહઃ-મોહનીયને ઉપશમાવવાથી ઉપશાંતમોહ ગુણસ્થાન.

(૧૨) ક્ષીણમોહઃ-મોહનીયનો સર્વથા ક્ષય થવાથી ક્ષીણ મોહગુણસ્થાન.

(૧૩) સયોગીઃ-મન વચન અને કાયયોગે સહિત વર્તે અને ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાનવંત હોય તે સયોગી કેવલી ગુણઠાણું તેરમું.

(૧૪) ત્રણે યોગનો રોધ જ્યાં કરે તે અયોગી કેવલી ગુણસ્થાન.

* ઈષત્ પ્રાગ્ભારા નામની જે પૃથ્વી સિદ્ધશિલા નામની પ્રસિદ્ધ છે તે પૃથ્વી, ચૌદ રાજલોકના અગ્રભાગે છે તે પૃથ્વી ઉપર લોકના અન્તભાગે શ્રી સિદ્ધ પરમાત્મા, આત્મપ્રદેશો વડે સ્પર્શીને રહ્યા છે એ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી કેવા પ્રકારની છે ? તો કહે છે કે મનોજ્ઞ-મનોહર પુનઃ કેવી છે ?

સુરભિ ગંધયુક્તઃ-કપૂરના સમૂહથી અધિક સુગંધવાળી તથા તન્વી-સૂક્ષ્મ અવયવપણાથી અતિ કોમળ, પરંતુ સ્થૂળ અવયવોવાળી વસ્તુની પેઠે કર્કશ નહીં. તથા પવિત્ર, ઉત્કૃષ્ટ તેજ વડે દેદીપ્યમાન, મનુષ્યલોકપ્રમાણ (૪૫ લાખ જોજન પ્રમાણ) વિષ્કંભ (વ્યાસવિસ્તાર) વાળી, છત્રના આકારવાળી અને ઉત્કૃષ્ટ ઉત્તાન (એટલે ચત્તા રાખેલા) છત્ર સરખી.

તથાશુભઃ-સર્વ શુભ ઉદયવાળી એવી તે ઈષત્ પ્રાગભારા નામની પૃથ્વી સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનથી ૧૨ જોજન ઉંચે (દૂર) છે એ પૃથ્વી અતિ મધ્ય ભાગમાં ૮ જોજન જાડી છે. અને ત્યારબાદ અનુક્રમે પાતળી થતાં થતાં

કહેવાય. વળી શાસ્ત્રે કહ્યું છે કે,'×જ્યાં એક સિદ્ધ છે ત્યાં ભવક્ષયથી વિમુક્ત આત્માઓ અનંત, અન્યોન્ય બાધા વગર અવગાહીને સુખને પામેલા સુખી તરીકે રહે છે.''

શંકા-વળી અહીં સકલકર્મરહિત આત્માઓની લોકાન્ત-લોકના પાર-છેડા સુધી ગતિ-ગમન કેવી રીતે? અથવા સકલ કર્મરહિત આત્માઓની ગતિનો સ્વીકાર કરો તો સર્વદા-કાયમની-નિત્ય ગતિ કેમ નથી થતી?

સમાધાન-ચક્રને પ્રથમ દંડથી ભમાવી દંડ કાઢી લીધા બાદ પણ ચક્ર ભમતું રહે છે. એટલે અહીં જેમ *પૂર્વપ્રયોગ-પૂર્વ આવેશના વશથી ભ્રમણ થતું મનાય છે તેમ અહીં સકલકર્મરહિત આત્માઓની એક સમયની જ ઉર્ધ્વગતિ વિરોધ-બાધા વગરની પ્રમાણસિદ્ધ-પુરવાર ઠરેલ હોઈ કોઈ પ્રકારનો દોષ નથી.

---

**અંત ભાગે તીક્ષ્ણ ધારા સરખી પાતળી છે. તે સિદ્ધશિલાની ઉપર ૧ જોજન દૂર લોકનો અંતભાગ છે, તે એક જોજનનો ચોથો ભાગ ૧ ગાઉ તેના છઠ્ઠા ભાગમાં શ્રી સિદ્ધોની અવગાહના છે.**

**જે કારણથી સિદ્ધાંતમાં કહ્યું છે કે, "ઈષત્ પ્રાગભારાની ઉપર નિશ્ચય ૧ યોજનને વિષે જે ૧ કોશ છે તે કોશના-ગાઉના છઠ્ઠા ભાગમાં શ્રી સિદ્ધોની અવગાહના કહી છે. ॥ ૧ ॥ તે જોજનના ૨૩ ભાગ ખાલી છે ને એક ચોવીશમા ભાગમાં સિદ્ધની અવગાહના છે. તે પ્રમાણે એક ગાઉના ૨૦૦૦ ધનુષ્ થાય છે, તેનો છઠ્ઠો ભાગ ૩૩૩ ધનુષ ઉપરાંત અર્ધ ધનુષના ત્રણ ભાગ કરે તેવા ૨ ભાગ (એટલે એક તૃતીયાંશ $^1/_3$ ધનુષ થાય છે. સિદ્ધ પરમાત્માના આત્મપ્રદેશોની અવગાહના ઉત્કૃષ્ટથી પણ એટલી જ હોય છે, અધિક અવગાહના હોતી નથી. સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે, ૩૩૩ ધનુષ તથા એક ધનુષ્યનો ત્રીજો ભાગ એ પ્રમાણે સિદ્ધોની (અર્થાત્ ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ એટલી સિદ્ધ પરમાત્માની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે. કારણ કે, ૫૦૦ ધનુષ્યથી અધિક અવગાહનાવાળા જીવ મોક્ષે જતા નથી તેથી ૫૦૦ નો $^2/_3$ (બે તૃતીયાંશ) ભાગ એટલો જ હોય છે.**

**× જે સ્થાને એક જીવ મોક્ષે ગયો હોય તે જ સ્થાને બીજા પણ ઘણા જીવો મોક્ષે ગયા હોય છે, અને તે સર્વ અનન્ત સિદ્ધ નિશ્ચયથી લોકના ઉર્ધ્વાન્તને જ સ્પર્શનારા હોય છે. અર્થાત્ સંપૂર્ણ એક સિદ્ધના અવગાઢ ક્ષેત્રમાં બીજા અનંત સિદ્ધો (તેટલી જ અવગાહનાએ) અવગાહેલા છે, વળી તેઓના (સંપૂર્ણ અવગાહી સિદ્ધોના) એકેક પ્રદેશને આકમીને (દાબીને) પ્રત્યેક પ્રદેશે પણ જે સિદ્ધો (તેટલી જ અવગાહનાએ) અવગાહેલા છે, વળી તેઓના (સંપૂર્ણ અવગાહી સિદ્ધોના) એકેક પ્રદેશને આકમીને (દાબીને) પ્રત્યેક પ્રદેશે પણ જે સિદ્ધો અવગાહી રહેલ છે તે પણ અનંત અનંત છે. એ પ્રમાણે બે-ત્રણ-ચાર-પાંચ ઈત્યાદિ પ્રદેશવૃદ્ધિએ આકમી રહેલા સિદ્ધો પણ પ્રત્યેકે અનંત અનંત છે. તથા તે સિદ્ધના અવગાહક્ષેત્રના એકએક પ્રદેશ છોડીને રહેલા જે સિદ્ધો તે પણ પ્રત્યેકે અનંત અનંત છે. એ પ્રમાણે છોડીને રહેલા જે સિદ્ધો તે પણ પ્રત્યેકે અનંત અનંત છે. એ પ્રમાણે પ્રદેશની હાનિવૃદ્ધિએ અવગાહેલા સિદ્ધો સંપૂર્ણ ક્ષેત્રાવગાહી સિદ્ધોથી અસંખ્યગુણ જેટલા અધિક છે. અને તેથી એક સિદ્ધ પોતાના અતિ નિર્મલ અને પરસ્પર અવગાહેલા સર્વ આત્મપ્રદેશો વડે અનંત સિદ્ધને સ્પર્શે છે અને પૂર્વે દર્શાવેલા ભિન્ન ભિન્ન ક્ષેત્રાવગાહનાના ભેદોરૂપ દેશ અને પ્રદેશો વડે નિશ્ચય તેથી પણ અસંખ્ય ગુણ (એક સિદ્ધના અવગાહેલા આકાશ પ્રદેશ અસંખ્ય છે, ને પ્રત્યેક આકાશપ્રદેશને આકમીને અનંત અનંત અવગાહેલા છે. તો પ્રદેશ હાનિવૃદ્ધિએ રહેલા સિદ્ધ સંપૂર્ણાવગાહી અનંતાસિદ્ધથી અસંખ્યગુણ અનંત થઈ શકે છે) સિદ્ધોને સ્પર્શે છે.**

*** કુંભારનું ઉપકરણ : ચક, સિંચકો, બાણ, યંત્રમાંથી કે ગોફણમાંથી છોડેલા ગોળ વિગેરેથી ગતિ જેમ સ્પષ્ટપણે પૂર્વ પ્રયોગથી (ચક્રને પ્રથમ દંડથી ભમાવી દંડ કાઢી લીધા બાદ પણ ચક્ર ભમતું રહે છે તે પૂર્વપ્રયોગથી ભ્રમણ થતું**

શંકા-આવા પ્રકારના-સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરાગત, લોકાગ્ર ઉપગત તે કોણ? અને તેઓને શું થાઓ? એનો જવાબ આપો. નહિતર આખું વાક્ય અધૂરું ગણાશે?

સમાધાન-આ તમારી જિજ્ઞાસા પૂરવા ખાતર-વાક્ય પૂરવા ખાતર બોલે છે કે;-

'સદા-સર્વકાળ સર્વ સિદ્ધોને નમસ્કાર હો!' અર્થાત્ 'સિદ્ધ-બુદ્ધ-પારગત-પરંપરાગત-લોકાગ્ર ઉપગત એવા સર્વ સિદ્ધોને સદા-સર્વકાળ નમસ્કાર હો!'

આ 'સદા સર્વ સિદ્ધોને નમસ્કાર થાઓ!' આવા પ્રકારનું (પ્રાર્થનારૂપ પ્રણિધાન,) (પ્રશસ્ત-શુભ-શુદ્ધ) ભાવનું પૂરક (ભરનાર-પોષનાર-વધારનાર)હોઈ સફલ છે.

દા.ત. જેમ ગ્લાન (બીમાર)આદિની વૈયાવચ્ચ-સેવા કરવા આદિના વિષયવાળો, ચિત્ર-નાના પ્રકારનો અભિગ્રહભાવ, હંમેશા-નિત્ય વૈયાવચ્ચ-સેવા કરવા આદિના વિષયરૂપ ગ્લાન આદિની પ્રાપ્તિ નહિ થવા છતાં (અયર્થાથ છતાં) શુભભાવની વૃદ્ધિ-પૂર્તિ-ઉમેરો ચોમેરથી કરનાર છે. અતએવ તે અભિગ્રહભાવ સફલ છે.

તેમ નમસ્કારરૂપક્રિયાના વિષયરૂપ સાક્ષાત્ સર્વ સિદ્ધોની સંપ્રાપ્તિ નહિ હોવા છતાં 'સર્વસિદ્ધોને નમસ્કાર હો' આવા પ્રકારનું પ્રાર્થના પ્રકારનું પ્રણિધાન, સફલ છે-પરંપરાએ મોક્ષરૂપ ફલજનક છે.

(અથવા ગ્લાન આદિની સેવા કરવા આદિના વિષયવાળો, ચિત્રઅભિગ્રહભાવ, અભિગ્રહભાવના વિષયરૂપ ગ્લાન આદિની નિત્ય પ્રાપ્તિ નહિ હોવા છતાં (અયર્થાથ) સાક્ષાત્ શુભભાવનો પૂરક નથી પરંતુ પરંપરાએ શુભભાવનો પૂરક હોઈ જેમ સફલ છે તેમ 'સર્વ સિદ્ધોને હો' આ પ્રાર્થનારૂપ પ્રણિધાન, સાક્ષાત્ શુભભાવનું પૂરક નથી. પરંતુ પરંપરાએ શુભભાવનું પૂરક હોઈ સફલ છે.) આ પ્રમાણે આચાર્ય ભગવંતોનું કથન છે.

---

જાણવું. હિંચકાને એક વાર હિંચોલ્યા બાદ ઝૂલ્યા કરે છે તે પૂર્વ પ્રયોગથી. બાણને પ્રથમ ધનુષ્યમાં દોરી ઉપર રાખી પાછું આકર્ષે તે પૂર્વપ્રયોગ અને ગોફણને પ્રથમ ચારે બાજુ વિંઝ્યા બાદ ગોળો ફેંકાય તે પણ પૂર્વપ્રયોગથી) થતી પ્રસિદ્ધ છે. તેમ સિદ્ધની ઉર્ધ્વગતિ પણ પૂર્વપ્રયોગથી પ્રસિદ્ધ છે. એ એક હેતુ કહ્યો. તથા માટીના લેપના સંગથી મુક્ત થયેલાં તુંબડાની (અર્થાત્ માટીના લેપ કરી તુંબડાને પાણીમાં મૂકતાં નીચે-તળીયે બેસી જાય છે, પરંતુ ત્યારબાદ માટીનો લેપ જેમ જેમ ઉખડતો જાય છે તેમ તેમ) પાણીને વિષે જેમ ઉર્ધ્વગતિ થતી દેખાય છે (ઉંચે આવતું જાય છે) તેમ કર્મલેપના સંગથી રહિત થયેલા સિદ્ધોની પણ ઉર્ધ્વગતિ કહેલી છે. એ બીજો હેતુ કહ્યો. તથા એરંડ ફળના બીજની અને શણના બીજ વિ. ના બંધનો વિચ્છેદ થવાથી જેમ ઉર્ધ્વગતિ (ઉંચે ઉછળવારૂપ) હોય છે તેમ કર્મબંધના વિચ્છેદ હોવાથી સિદ્ધની પણ ઉર્ધ્વગતિ હોય છે. એ ત્રીજો હેતુ કહ્યો. તથા અનુક્રમે જેમ લોહું ઈંટ વિ. ના ઢેફાની અધોગતિ (નીચી ગતિ), વાયુની તિર્છી ગતિ અને અગ્નિજ્વાલાની ઉર્ધ્વગતિ સ્વભાવથી જ પણ થાય છે. એ ચોથો હેતુ કહ્યો. ગુરુપણાના અભાવથી સિદ્ધની નીચે ગતિ થતી નથી, પ્રેરક વિના તિર્છી ગતિ થતી નથી અને ધર્માસ્તિકાયના અભાવથી લોકાન્તથી ઉપર ગતિ હોતી નથી.

હવે શાસ્ત્રકાર સર્વસિદ્ધોનું કે સિદ્ધોના પંદર ભેદોનું સુવિશાલ વર્ણન કરે છે.

''सर्वसिद्धेभ्यः'' तीर्थसिद्धादिभेदभिन्नेभ्यः, यथोक्तं-''तित्थसिद्धा १, अतित्थसिद्धा २, तित्थगरसिद्धा ३, अतित्थगरसिद्धा ४, स्वयंबुद्धसिद्धा ५, पत्तेयबुद्धसिद्धा ६, बुद्धबोहियसिद्धा ७, थीलिंगसिद्धा ८, पुरिसलिंगसिद्धा ९, नपुंसकलिंगसिद्धा १०, सलिंगसिद्धा ११, अण्णलिंगसिद्धा १२, गिहिलिंगसिद्धा १३, एगसिद्धा १४, अणेगसिद्धा १५'' इति,

तत्र तीर्थं-प्रागुव्यावर्णितस्वरूपं तच्चतुर्विधः श्रमणसंघः तस्मिन्नुत्पन्ने ये सिद्धास्ते तीर्थसिद्धाः, अतीर्थसिद्धाः अतीर्थसिद्धाः तीर्थान्तरसिद्धा इत्यर्थ, श्रूयते च ''जिणंतरेसाहुवोच्छेओ''त्ति तत्रापि जातिस्मरणादिनाऽवाप्तापवर्गमार्गाः सिध्यन्त्येव, मरूदेवीप्रभृतयो वा अतीर्थसिद्धाः, तदा तीर्थस्यानुत्पन्नत्वात्, तीर्थकरसिद्धाः, तीर्थकरा एव, अतीर्थकरसिद्धा अन्ये सामान्यकेवलिनः, स्वयंबुद्धसिद्धाः स्वयंबुद्धाः सन्तो ये सिद्धाः, प्रत्येकबुद्धसिद्धाः प्रत्येकबुद्धाः सन्तो ये सिद्धाः अथ स्वयंबुद्धप्रत्येकबुद्धसिद्धयोः कः प्रतिविशेषः इति, उच्यते, बोध्यन्ते, प्रत्येकबुद्धास्तु न तद्विरहेण, श्रूयते च बाह्यवृषभादिप्रत्ययसापेक्षा करकण्ड्वादीनां प्रत्येकबुद्धानां बोधिः, नैवं स्वयंबुद्धानां जातिस्मरणादीनामिति, उपधिस्तु स्वयंबुद्धानां द्वादशविधः पात्रादिः, प्रत्येकबुद्धानां तु नवविधः प्रावरणवर्जः, स्वयंबुद्धानां पूर्वाधीतश्रुतेऽनियमः, प्रत्येकबुद्धानां तु नियमतो भवत्येव, लिङ्गप्रतिपत्तिः स्वयंबुद्धानामाचार्यसन्निधावपि भवति, प्रत्येकबुद्धानां तु देवता प्रयच्छतीत्यलं विस्तरेण, बुद्धबोधितसिद्धा बुद्धा आचार्यास्तैर्बोधिताः सन्तो ये सिद्धास्ते इह गृह्यन्ते, एतैः, च सर्वेऽपि स्त्रीलिङ्गसिद्धाः केचित् केचित्पुल्लिङ्गसिद्धाः, केचिन्नपुंसकलिङ्गसिद्धा इति ।

आह-तीर्थकरा अपि स्त्रीलिङ्गसिद्धाः भवन्ति ?, भवन्तीत्याह, यत उक्तं *सिद्धप्राभृते-''सव्वत्थोवा तित्थयरसिद्धा, तित्थगरितित्थेणो तित्थगरसिद्धा असंखेज्जगुणाओ, तित्थगरितित्थेणो तित्थगसिद्धा संखेज्जगुणा'' इति न नपुंसकलिङ्गसिद्धाः, प्रत्येकबुद्धास्तु पुल्लिङ्गा एव, स्वलिङ्गसिद्धा द्रव्यलिङ्गं प्रति रजोहरणगोच्छ धारिणः, अन्यलिङ्गसिद्धाः परिव्राजकादिलिङ्गसिद्धाः, गृहिलिङ्गसिद्धा मरूदेवीप्रभृतयः 'एगसिद्धा' इति एकस्मिन् समये एक एव सिद्धः, 'अणेगसिद्धा' इति एकस्मिन् समये यावदष्टशतं सिद्धं यत उक्तम्-''बत्तीसा अडयाला सट्ठीबावत्तरी य बोद्धव्वा । चुलसीई छण्णवई दुरहिय अट्ठुत्तरसयं च ॥ १ ॥''

ભાવાર્થ–'તીર્થસિદ્ધ આદિ ભેદવાળા-સર્વ સિદ્ધોને નમસ્કાર હો!' હવે આગમમાં બતાવેલા પંદર સિદ્ધોના ભેદનું વર્ણન કરતાં બોલે છે કે, આગમમાં કહ્યું છે કે '૧ તીર્થંકર, ૨ અતીર્થસિદ્ધ, ૩ તીર્થંકરસિદ્ધ, ૪ અતીર્થંકરસિદ્ધ,૫ સ્વયંબુદ્ધસિદ્ધ,૬ પ્રત્યેકબુદ્ધસિદ્ધ, ૭ બુદ્ધબોધિતસિદ્ધ, ૮ સ્ત્રીલિંગસિદ્ધ, ૯ પુરૂષલિંગસિદ્ધ, ૧૦ નપુંસકલિંગસિદ્ધ, ૧૧ સ્વલિંગસિદ્ધ,૧૨ અન્યલિંગસિદ્ધ, ૧૩ ગૃહિલિંગસિદ્ધ,૧૪ એકસિદ્ધ, ૧૫ અનેકસિદ્ધ.' હવે ૧૫ સિદ્ધોના ભેદોની વ્યાખ્યા કરે છે કે;

(૧) તીર્થસિદ્ધ-તીર્થ,પૂર્વકથિત સ્વરૂપવાળું, ચાર પ્રકારના સાધુસાધ્વીજીશ્રાવકશ્રાવિકારૂપ શ્રમણપ્રધાન સંઘરૂપ તીર્થ ઉત્પન્ન-સ્થાપિત થયે છતે જે સિદ્ધ થયા તે. (જિન પ્રવચન કે તેના આધારભૂત શ્રમણપ્રધાન

---

* 'थोवा तित्थगरीओ, अतित्थसिद्धाय साहुणी साहू । कमसो संखा तित्थंकरा पुणो संखा ॥ १०० ॥ तित्थदारं ॥ पृ. २३ ''थोवातित्थगरीओ'' गाहा ॥ सव्वथोवा तित्थगरसिद्धा १, तित्थगरितित्थे णोतित्थसिद्धा संखेज्जगुणा २, (णोतित्थसिद्धापत्तेयबुद्धा,) तित्थगरितित्थे णोतित्थगरसिद्धाओ संखेज्जगुणा ३, तित्थगरितित्थे णोतित्थगरसिद्धा संखेज्जगुणा ४ । तेहिंतोतित्थगरा अणंतगुणा, पुणो संखगुणा तिण्णि भंगा जहक्कमेणंति दारं ॥ १०० ॥ सिद्धप्राभृते.

સાધુસાધ્વી શ્રાવકશ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘરૂપ તીર્થ કે શાસનને દરેક તીર્થંકર સ્થાપે છે. તે સ્થપાયા બાદ સિદ્ધ થયા તે પુંડરીક ગણધરાદિ.)

(૨) અતીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધ એટલે તીર્થના આંતરાના કાળમાં-વિચ્છેદકાળમાં સિદ્ધ થયા હોય તે. અને સંભળાય છે કે 'જિનના આંતરામાં સાધુવિચ્છેદ' ઈત્યાદિ. એટલે તીર્થના આંતરાના ટાઈમમાં જાતિસ્મરણ આદિથી મોક્ષમાર્ગ પામીને જે સિદ્ધ થયા તે. અથવા મરૂદેવી વિ. અતીર્થસિદ્ધ જાણવાં કેમકે; તે વખતે તીર્થ ઉત્પન્ન થયું નહોતું. અહીં અનુત્પત્તિની અપેક્ષાએ અને આંતરાની અપેક્ષાએ તીર્થનો ×અભાવ બે પ્રકારે જાણવો.

તથાચ અવસર્પિણી કે ઉત્સર્પિણીમાં પહેલા તીર્થંકરનું શાસન સ્થપાયા પહેલાં સિદ્ધ થાય અથવા ચોવીશ તીર્થંકરોમાં કોઈ કોઈના તીર્થનો વિચ્છેદ થઈને નવું તીર્થ ન સ્થપાય ત્યાં સુધીના તીર્થવિચ્છેદવાળા કાળમાં-આંતરાઓમાં કોઈ જાતિસ્મરણ આદિકથી ચારિત્ર લઈ મોક્ષે જાય તે શ્રી મરૂદેવી માતા અતીર્થસિદ્ધ થયા અથવા શ્રી સુવિધિનાથ વગેરે સાત તીર્થંકરોના આંતરામાં-તીર્થવિચ્છેદ કાળમાં કોઈ સિદ્ધ થયા હોય તે અતીર્થસિદ્ધ.

(૩) તીર્થંકરસિદ્ધ-તીર્થંકર પદ પ્રાપ્ત કરીને જે જીવો મુક્તિ પામ્યા હોય તે. તીર્થંકરો જ તીર્થંકરસિદ્ધ કહેવાય.

(૪) અતીર્થંકરસિદ્ધ-તીર્થંકર પદ પ્રાપ્ત કર્યા વગર જે જીવો અર્થાત્ તીર્થંકરભિન્ન જીવો મોક્ષે ગયા હોય તે સામાન્ય કેવળીઓ અતીર્થંકરસિદ્ધ કહેવાય.

(૫) સ્વયંબુદ્ધસિદ્ધ-ગુરૂના ઉપદેશ વિના તેમજ કોઈ બાહ્યનિમિત્ત ન હોવાં છતાં કર્મ પાતળાં પડી જવાથી સંસાર અસાર સમજાતા અને એ ભાવના ઉત્કટ બનતાં કેવલજ્ઞાન પામી મોક્ષે જનાર જીવો 'સ્વયંબુદ્ધસિદ્ધ' કહેવાય છે.

(૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધ-સંધ્યા સમયના વાદળાનાં રંગો જેમ બદલાય છે તેમ સંસારમાં પૌદ્ગલિક વસ્તુ ક્ષણભંગુર છે એમ વિચારી અર્થાત્ કોઈપણ પ્રકારનું વૈરાગ્યજનક નિમિત્ત મેળવી કેવળજ્ઞાન પામી જે મોક્ષે ગયા હોય તે.

શંકા-સ્વયંબુદ્ધસિદ્ધ અને પ્રત્યેકબુદ્ધસિદ્ધમાં શો વિશેષ-ભેદ-તફાવત કે અધિકતા છે?

---

× **તીર્થનો અભાવ બે રીતે સંભવે છેઃ (૧) અવસર્પિણી કે ઉત્સર્પિણીકાળમાં પ્રથમ તીર્થંકર પ્રભુનું તીર્થ ન સ્થપાયું હોય ત્યાં સુધી અતીર્થપણું કહેવાય અને (૨) તીર્થંકરપ્રભુના હાથે તીર્થ સ્થપાયા બાદ તે વિચ્છિન્ન થયું હોય અને નવું તીર્થ ન સ્થપાયું હોય ત્યાં સુધી 'અતીર્થપણું' કહેવાય. મરૂદેવા પ્રથમ પ્રકારના 'અતીર્થ સિદ્ધ' છે. શ્રી શીતલનાથ દ્વારા તીર્થ સ્થપાયા પૂર્વે શ્રી સુવિધિનાથના તીર્થનો વ્યુચ્છેદ થઈ ગયો હતો. એટલે એ દરમ્યાનનું અતીર્થપણું બીજા પ્રકારનું છે. આવા કુલ સાત વ્યુચ્છેદો થયા છે. જુઓ ત્રિષષ્ટિ (૫૦૩) ના સાતમા સર્ગનો અંતિમ ભાગ.**

સમાધાન-પ્રત્યેબુદ્ધ અને સ્વયંબુદ્ધ વચ્ચે ખાસ કરીને (અ) બોધિ (આ) ઉપધિ (ઇ) શ્રુત (ઈ) લિંગ-વેષ એમ ચાર અપેક્ષાએ ભેદ-વિશેષ રહેલો છે.

(અ) બોધિભેદઃ-સ્વયંબુદ્ધો, બાહ્ય નિમિત્ત વિના જ જાતિસ્મરણ આદિ વડે બોધ પામે છે. પ્રત્યેકબુદ્ધો તો બાહ્ય નિમિત્ત શીવાય નહિ પરંતુ બાહ્ય નિમિત્તથી બોધ પામે છે. વળી સંભળાય છે કે; 'બાહ્ય વૃષભ આદિ નિમિત્તની અપેક્ષાવાળી કરકંડુ આદિ પ્રત્યેક બુદ્ધોને બોધિ હોય છે. આ પ્રમાણે જાતિસ્મરણ આદિવાળા સ્વયંબુદ્ધોને નથી હોતી પરંતુ બાહ્યનિમિત્તની અપેક્ષા વગર બોધિ થાય છે.

(આ) ઉપધિભેદઃ-સ્વયંબુદ્ધોને પાત્રાદિરૂપ બાર પ્રકારની ઉપધિ*હોય છે. જ્યારે પ્રત્યેકબુદ્ધોને જઘન્યથી બે પ્રકારની અને ઉત્કૃષ્ટથી ×પ્રાવરણ નવ પ્રકારની ઉપધિ હોય છે.

(ઇ) શ્રુતભેદઃ-સ્વયંબુદ્ધને શ્રુતજ્ઞાન હોય તો તે પૂર્વ-અધીત-યાને પૂર્વભવમાં જેનું અધ્યયન કરાયું હોય તે જાતિસ્મરણ આદિથી હોય. જો પૂર્વઅધીત શ્રુતજ્ઞાન હોય તો દેવ સાધુવેષ આપે. અગર ગુરૂ પાસે જઈને જ સાધુવેષ તેઓ ગ્રહણ કરે. એટલે પૂર્વઅધીત શ્રુત વિષયમાં નિયમનો અભાવ છે એમ સમજવું.

પ્રત્યેકબુદ્ધને તો પૂર્વઅધીત શ્રુત, નિયમથી હોય જ. તેમાં પણ જઘન્યથી ૧૧ અંગો અને ઉત્કૃષ્ટથી દશપૂર્વમાં કંઈક ન્યૂન એટલું પૂર્વઅધીત શ્રુતજ્ઞાન હોય.

(ઈ) લિંગભેદ-સ્વયંબુદ્ધને દેવ વેષ આપે કે પોતે ગુરૂ પાસે જઈને ગ્રહણ કરે.

પ્રત્યેકબુદ્ધને તો દેવ જ વેષ આપે. આ પ્રમાણે ભેદ સમજવો. હવે આ શબ્દવિસ્તાર પ્રપંચથી સરો!

(૭) બુદ્ધબોધિતસિદ્ધ–બુદ્ધ-આચાર્યોથી ઉપદેશનાદ્વારા સંસાર અસાર સમજાતા વૈરાગ્યની તીવ્ર ભાવના પ્રગટતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી જેઓ મોક્ષે ગયા તે.

વળી મજકૂર આ સાત પ્રકારના–તીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધ-તીર્થંકરસિદ્ધ-અતીર્થંકરસિદ્ધ-સ્વયંબુદ્ધસિદ્ધ-પ્રત્યેકબુદ્ધસિદ્ધ-

---

*** જે સર્વદા ધારણ કરવામાં આવે તે ઔધિક ઉપધિ, તેના ૧૪ પ્રકાર છે. (૧)પાત્રક, (૨) પાત્રબંધન (ઝોળી), (૩) પાત્રકેશરિકા (નાની પૂંજણી), (૪) ગુચ્છક, (ગુચ્છા), (૫) પાત્રસ્થાપના, (૬) પટલક (પડલા), (૭) રજસ્ત્રાણ, (૮) (કલ્પ પ્રાવરણ-ચાદર-કપડો-કામલી), (૯) રજોહરણ, (ધર્મધ્વજ-ઓઘો) (૧૦) મુખવસ્ત્રિકા, (૧૧) માત્રક (તરપણી), (૧૨) ચોલપટ્ટક, (૧૩) સંસ્તારક (સંથારો), (૧૪) ઉત્તરપટ્ટક (ઉત્તરપટ્ટો) તેમાંથી ચોલપટ્ટો અને માત્રક (તરપણી) વર્જીને ૧૨ પ્રકારની ઉપધિ સ્વયંબુદ્ધોને હોય છે.**

**× પ્રાવરણ-કલ્પઃ-ઓઢતાં ખભા ઉપર રહી શકે તેટલા પ્રમાણનું એટલે કે સાડા ત્રણ હાથ લાંબુ અને અઢી હાથ વિસ્તારવાળું આ હોય છે. બધાં મળીને બે સુતરના અને એક ઊનનું એમ ત્રણ કલ્પ હોય છે. એટલે ૧૨માંથી ત્રણ જાય એટલે નવ પ્રકારની ઉપધિ ઉત્કૃષ્ટ પ્રત્યેકબુદ્ધને હોય છે.**

બુદ્ધબોધિતસિદ્ધ એ તમામ સિદ્ધો પણ ત્રણ ભેદે છે.

(૮) સ્ત્રીલિંગસિદ્ધ–સ્ત્રી તરીકેની નિશાનીવાળા દેહે જેઓ સિદ્ધિ પામ્યા હોય તેઓ કેટલાક 'સ્ત્રીલિંગસિદ્ધ' કહેવાય છે. અર્થાત્ કેટલાક પ્રત્યેકબુદ્ધસિદ્ધ શિવાય સ્ત્રીલિંગસિદ્ધ તરીકે તીર્થ-અતીર્થ-તીર્થંકર-અતીર્થંકર-સ્વયંબુદ્ધ-બુદ્ધબોધિતસિદ્ધ એમ છ હોઈ શકે છે.

(૯) જ્યારે કેટલાક પુલિંગસિદ્ધ–પુરૂષપણાના ચિહ્નવાળા દેહે જેઓ મોક્ષે ગયા હોય તેઓ 'પુરૂષલિંગસિદ્ધ' કહેવાય છે. અર્થાત્ કેટલાક પુરૂષલિંગ સિદ્ધ તરીકે તીર્થ-અતીર્થ-તીર્થંકર-અતીર્થંકર-સ્વયંબુદ્ધ-પ્રત્યેકબુદ્ધ-બુદ્ધબોધિતસિદ્ધ એમ ૭ હોઈ શકે છે.

(૧૦) જ્યારે કેટલાક નપુંસકલિંગસિદ્ધ-કૃત્રિમ નપુંસકપણાને સૂચવતી દેહાકૃતિએ જેઓ મુક્તિએ ગયા હોય તેઓ 'નપુંસકલિંગસિદ્ધ' કહેવાય છે.

અર્થાત્ કેટલાક નપુંસકલિંગસિદ્ધ તરીકે તીર્થ-અતીર્થ-અતીર્થંકર-સ્વયંબુદ્ધ-બુદ્ધબોધિત એમ પાંચ-(તીર્થંકર-પ્રત્યેક બુદ્ધ શિવાય)હોઈ શકે છે.

શંકા-શું તીર્થંકરો પણ સ્ત્રીલિંગે હોઈ શકે છે?

સમાધાન-હા. હોઈ શકે છે-અર્થાત્ તીર્થંકરો પણ સ્ત્રીલિંગે પેદા થાય છે.

કારણ કે; સિદ્ધપ્રાભૃત નામના સિદ્ધાંતમાં કહ્યું છે કે ''સર્વસ્તોક-સહુથી થોડા અલ્પ તીર્થકરીસિદ્ધ હોય છે, તીર્થકરી તીર્થમાં નોતીર્થસિદ્ધ-પ્રત્યેકબુદ્ધો અને નો (અ) તીર્થંકરસિદ્ધો, (પુરૂષો) સંખ્યાતગુણો, અને નો (અ) તીર્થકરીસિદ્ધો- (સ્ત્રીઓ) સંખ્યાતગુણી.''

વળી તીર્થંકરો, નપુંસકલિંગે સિદ્ધ કરી કદી-અનંત ઉત્સર્પિણી કે અવસર્પિણી છતાં હોતા નથી. કારણ કે; અનંતવીર્યપણું હોઈ કૃત્રિમતાનો અભાવ છે. અકૃત્રિમને ચારિત્રની લાયકાત નથી.

વળી પ્રત્યેકબુદ્ધો તો પુલિંગે જ હોય છે. કદી સ્ત્રીલિંગે કે નપુંસકલિંગે હોતા જ નથી.

(૧૧) સ્વલિંગસિદ્ધ–ભાવલિંગનો અવ્યભિચાર હોઈ દ્રવ્યલિંગરૂપ, મુખ્યવૃત્તિથી મોક્ષલિંગ હોઈ સ્વલિંગરૂપ રજોહરણ ગોચ્છક આદિ યુકત જૈન મુનિના વેષે જેઓ મોક્ષે ગયા હોય તે 'સ્વલિંગસિદ્ધ' કહેવાય છે.

(૧૨) અન્યલિંગસિદ્ધ–પરિવ્રાજક-તાપસ વિગેરેના વેષે જેઓ મુક્તિ પામ્યા હોય તેઓ 'અન્યલિંગસિદ્ધ' કહેવાય છે.

(૧૩) ગૃહિલિંગસિદ્ધ–ગૃહસ્થના વેષે જેઓ મોક્ષે સંચર્યા હોય તેઓ 'ગૃહસ્થલિંગસિદ્ધ' કહેવાય છે. જેમકે, મરૂદેવા માતા વિગેરે.

(૧૪) એકસિદ્ધ–એક સમયમાં જેઓ એકલા મોક્ષે ગયા હોય તે 'એકસિદ્ધ'. જેમકે, મહાવીરસ્વામીજી વિ.

(૧૫) અનેકસિદ્ધ–એક સમયમાં એક કરતાં વધારે ૧૦૮ સુધીના જીવો સમકાલે મોક્ષે સંચર્યા હોય તે બધા જીવો 'અનેકસિદ્ધ' કહેવાય છે. જેમકે ઋષભદેવ પ્રમુખ. કારણ કે; શાસ્ત્રમાં કહ્યું છે કે 'એક એક સમયમાં જ એક બે ત્રણ એમ આરંભીને બત્રીસની સંખ્યા સુધીના જીવો અંતર વિના સતત મોક્ષે જાય તો આઠ સમય સુધી જ જાય, એ આઠ સમય પૂર્ણ થયે તુર્તજ નવમા એકસમયરૂપ અંતર ખાલી પડી જાય. (ત્યારબાદ દસમે સમયથી ભલે બત્રીસ-બત્રીસ સિદ્ધ થતા જાય પરંતુ તે આઠ આઠ સમય યાવત્ ચાલુ રહે. પછી જઘન્યથી એક સમયનું અવશ્ય અંતર પડે) બત્રીસ

પછી-તેત્રીશથી માંડીને અડતાળીશ(૪૮)સુધીના જીવો સમયે સમયે સિદ્ધ થતા જાય તો સાત સમય સુધી, પછી સમયાદિકનું અંતર પડે, ૪૯ થી આરંભી ૬૦ સુધીના(એટલે કોઈ સમયે ૪૯ બીજે સમયે ૫૦-૫૩-૫૯ કોઈ સમયે છેવટે ૬૦)જીવો સમયે સમયે સિદ્ધ થતા જાય તો છ સમય સુધી મોક્ષે જાય, પછી સમયાદિકનું અંતર પડે, ૬૧ થી ૭૨ સુધીની સંખ્યા સિદ્ધ થતી જાય તો પાંચ સમય યાવત્, પુનઃઅંતર પડે, ૮૫ થી ૯૬ સુધીની ત્રણ સમય યાવત્, પુનઃઅંતર, ૯૩ થી ૧૦૨ સુધીની સંખ્યા તે બે સમય યાવત્ પુનઃઅંતર પડે, ૧૦૩ થી આરંભી ૧૦૮ સુધીની સંખ્યા સિદ્ધ થાય તો એક જ સમય સુધીમાં થાય, બીજે જ સમયથી સમયાદિકમાં અંતર અવશ્ય પડે જ.' બૃહત્ સંગ્રહણી સૂત્ર. ગા. ૨૭૮-૨૭૯.

હવે શાસ્ત્રકાર, સિદ્ધના પંદર ભેદ સંબંધી વિષયમાં કરેલ વાદીએ શંકા દર્શાવ્યા બાદ તેનું સુંદર-સચોટ-સદલીલ નિરસન કરે છે.

**अत्राह चोदकः-ननु सर्व एवैते भेदास्तीर्थसिद्धअतीर्थसिद्धभेदद्वयान्तर्भाविनः, तथाहि-तीर्थसिद्धा एव तीर्थकरसिद्धाः, अतीर्थकरसिद्धा अपि तीर्थसिद्धा वा स्युरतीर्थसिद्धा वा, इत्येवं शेषेष्वपि भावनीयमित्यतः किमेभिरिति अत्रोच्यते, अन्तर्भवि सत्यपि पूर्वभेदद्वयादेवोत्तरोत्तरभेदाप्रतिपत्तेरज्ञातज्ञापनार्थं भेदाभिधानमित्यदोषः ॥**

ભાવાર્થ-વાદી-શંકા-આ બધા જ ભેદો, તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એ રૂપ બે ભેદમાં જ સમાઈ જાય છે. અર્થાત્ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ એવા બે ભેદો રહેવા દો! અને બાકીના ભેદોની જરૂરત નથી. કેમકે; બાકીના ભેદો આ બે ભેદોમાં દાખલ-સમાવિષ્ટ થઈ જાય છે. તથાહિ-તીર્થસિદ્ધ જ તીર્થંકરસિદ્ધ હોય છે. અર્થાત્ તીર્થંકરસિદ્ધ રૂપભેદનો સમાવેશ તીર્થસિદ્ધમાં થાય છે. તથા અતીર્થસિદ્ધ પણ તીર્થસિદ્ધ હોય કાં તો અતીર્થસિદ્ધ હોય એટલે અતીર્થસિદ્ધરૂપ ભેદ, તીર્થસિદ્ધ કે અતીર્થસિદ્ધમાં ભળી જાય છે. આ પ્રમાણે બીજા-બાકીના-બધા ય ભેદો, આ બે ભેદમાં સમાવી દેવા. એટલે કે આ બે ભેદમાં બધા ય ભેદોનો સમાવેશ થાય છે. તો 'બસ સિદ્ધના બે જ ભેદ કહો કે રહો! પંદર ભેદ કહેવાની કે કરવાની શી જરૂર-અગત્ય છે?

પ્રતિવાદી-સમાધાન-જો કે તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધરૂપ બે ભેદમાં બાકીના બધા ભેદોનો અંતર્ભાવ-સમાવેશ થાય છે. તો પણ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધરૂપ પૂર્વના બે ભેદોથી જ ઉત્તરોત્તર(ક્રમાનુસાર-

એક એકની પછી વધતાં વધતાં આગળ આગળ)ના ભેદોની પ્રતિપત્તિ(ખાત્રી-પ્રતીતિ-વિશ્વાસ-સંપૂર્ણજ્ઞાનનો અભાવ હોઈ(જેણે સર્વ ભેદો નથી જાણ્યા એવા)અજ્ઞાત પુરૂષને જણાવવા ખાતર ભેદોનું-પંદર ભેદોનું પૃથગ્ પૃથગ્રૂપે કથન છે. માટે અહીં કોઈ પણ જાતનો દોષ નથી. પરંતુ નિર્દોષતા-દોષાભાવ છે.

હવે 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રની ૨જી અને ૩જી ગાથાની સાવતરણિકા વ્યાખ્યા કરે છે કે,

**इत्थं सामान्येन सर्वसिद्धनमस्कारं कृत्वा पुनरासन्नोपकारित्वाद्वर्त्तमानतीर्थाधिपतेः श्रीमन्महावीरवर्धमानस्वामिनः स्तुतिं (करोति) कुर्वन्ति (वा) ''जो देवाणविदेवो जं देवा पंजली नमंसंति । तं देवदेवमहियं सिरसा वंदे महावीरं ॥ २ ॥'' अस्य व्याख्या 'यो' भगवान्वर्द्धमानः 'देवानामपि' भवनवास्यादीनां 'देवः' पूज्यत्वात्, तथाचाह-'यं देवाः प्राञ्जलयो नमस्यन्ति' विनयरचितकरपुटाः सन्तः प्रणमन्ति 'तं' देवदेवमहितं' देवदेवाः-शक्रादयः तैर्महितः- पूजितः 'शिरसा' उत्तमाङ्गेनेत्यादरप्रदर्शनार्थमाह 'वंदे', कं ? 'महावीरम्' ईरगतिप्रेरणयोरित्यस्य विपूर्वस्य विशेषण ईरयति कर्म्म गमयति याति चेह शिवमिति वीरः, महांश्चासौ वीरश्च महावीरः, उक्तं च-'विदारयति यत्कर्म्म, तपसा च विराजते । तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥ १ ॥'' तं, इत्थं स्तुतिं कृत्वा पुनः परोपकारायाऽऽत्मभाव वृद्धयैफलप्रदर्शनपरमिदं पठति पठन्ति वा 'एक्कोऽवि णमोक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स । संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥ ३ ॥ अस्य व्याख्या-'एकोऽपि नमस्कारः, तिष्ठन्तु बहवः 'जिनवरवृषभाय वर्द्धमानाय यत्नात्क्रियमाणः सन् किमू ?-संसरणं संसारः-तिर्यग्नरनारकामरभवानुभव लक्षणः, स एव भवस्थितिकायस्थितिभ्यामनेकधाऽवस्थानेनालब्धपारत्वात्सागरइव संसारसारगः तस्मात् तारयति-अपनयतीत्यर्थः, 'नरं व नारिं वा' पुरूषं वा स्त्रियं वा, पुरूषग्रहणं पुरूषोत्तमधर्म्मप्रतिपादनार्थं, स्तोत्रग्रहणं तासामपि तद्भव एव संसारक्षयो भवतीति ज्ञापनार्थं,**

ભાવાર્થ-આ પ્રમાણે સામાન્ય રીતે સર્વસિદ્ધ વિષયક નમસ્કાર કરીને ફરીથી આસન્ન-નજદીકના પરમોપકારી હોઈ વર્તમાન(ચાલુ)તીર્થ-શાસનના અધિપતિ (નાયક) શ્રીમાન્ મહાવીર પ્રભુની સ્તુતિ, એક કે અનેક કરે છે કે ''જે દેવોના પણ દેવ છે. જેને દેવો અંજલિપૂર્વક બે હાથ જોડી નમસ્કાર કરે છે તથા જે ઈન્દ્રો વડે પૂજાયેલા છે તે શ્રી મહાવીરપ્રભુને હું મસ્તક નમાવીને વંદન કરૂં છું'' આની વ્યાખ્યા-

'જે'-ભગવાન્ વર્ધમાનપ્રભુ, ભવનવાસી આદિ ચાર નિકાયના દેવોને પણ(સંસારી દેવોના)પૂજનીય હોઈ દેવ છે- [૧]દેવાધિદેવ છે, વળી કહે છે કે, 'જે વર્ધમાનસ્વામીને(ચ્યવનથી માંડી આરાધના-ભક્તિભાવ હોઈ)વિનયપૂર્વક સુરચિત કરપુટવાળા અર્થાત્ બે હાથ જોડીને દેવો, પ્રણામ કરે છે. વળી દેવદેવ-શક્ર વિગેરેથી (બીજા દેવોને સ્તુત્ય છે પણ શક્ર આદિથી) પૂજાયેલા (ભવથી નિસ્તાર-પાર ન થાય ત્યાં સુધી પૂજાયેલા) એવા તે મહાવીરને-વ્યુત્પત્તિલભ્ય અર્થ કર્મને ગમાવે-ખપાવે છે અને આ ભવમાં મોક્ષમાં જાય છે. (વિઉપસંગ, ગતિ પ્રેરણારૂપ અર્થક ઈરધાતુ અહીં છે એનો અર્થ ઉપર પ્રમાણે સમજવો) તે વીર અને મોટા એવા વીર તે મહાવીર.

---

૧ ''बाल्ये जयेच्छु लघुयानपलायमानः, क्रीडन् सुरैद्युतिसमेत इति स्तुतो यः देव ! त्वमेव भगवन्नसि देवदेवो, देवाधिदेवमुदुशंति भवन्तमेव ॥

વળી કહ્યું છે કે 'જે કર્મનું વિદારણ કરે છે અને તપથી દીપે છે અને તપ અને વીર્યથી જે યુક્ત હોય છે તે વીર કહેવાય છે.' અર્થાત્ સાર્થક-સાન્વર્થ નામવાળા તે મહાવીરને ઉત્તમાંગ વડે-મસ્તક વડે(આ વાક્ય, આદર-ગુણસ્તુતિ ભણીનો ભાવ દર્શાવે છે)હું વંદન કરું છું.

હવે આ પ્રમાણે મહાવીરવંદનવિષયક સ્તુતિ કરીને ફરીથી પર-બીજા ઉપર ઉપકાર સારૂ(બીજાને નમસ્કરનું ફલ દર્શાવવા દ્વારા)અને આત્મ-સ્વ-પોતાના આત્માને ભાવની વૃદ્ધિ ખાતર(મહાફલ-મોક્ષ હેતુતાના ભાવદ્વારા આ નમસ્કાર, મોક્ષરૂપ મહાફલનો હેતુ છે આવા ભાવદ્વારા)નમસ્કાર રૂપહેતુજન્યફલ દર્શાવનારી ગાથાને એક કે અનેક બોલે છે કે,

[1]'જિનવરોમાં વૃષભ-ઉત્તમ એવા શ્રી મહાવીર પ્રભુને(સામર્થ્ય યોગથી)કરાયેલો એક પણ નમસ્કાર, નર કે નારીને સંસાર સાગરથી તારે છે.' આની વ્યાખ્યા-ભાવાર્થ-ઘણા નમસ્કાર દૂર રહો પરંતુ યત્નથી-સામર્થ્યયોગથી 'જિનવર વૃષભ વર્ધમાન' પ્રભુને કરાતો 'એક પણ [2]નમસ્કાર', તિર્યંચ-નર-નારક-દેવ રૂપ ભવના અનુભવરૂપ સંસારરૂપી સાગરથી-[3]ભવસ્થિતિ અને કાયસ્થિતિ અનેક પ્રકારે-નાના પ્રકારે-વિચિત્ર પ્રકારે અવસ્થાન (રહેઠાણ-વસવાટ)દ્વારા પાર-પરલા કિનારાની અપ્રાપ્તિ હોઈ જાણે સાગર જ જોઈ લ્યો એવા સંસારરૂપ સાગરથી પુરૂષ કે સ્ત્રીને તારે છે અર્થાત્ પુરૂષના કે સ્ત્રીના સંસારને દૂર કરે છે. અહીં પુરૂષનું ગ્રહણ (બીજા સ્થાનની જેમ ઉપલક્ષણથી ગ્રહણ કર્યા શિવાય સાક્ષાત્ પુરૂષનું ગ્રહણ) પુરૂષોત્તમ-પુરૂષની પ્રધાનતાવાળો આ ધર્મ છે એમ પ્રતિપાદન-નિવેદનકરવા સારૂ છે. અને-

---

૧ જિન એટલે શ્રુત-અવધિ જિન આદિ લેવા. તેઓના વરસ્વામી એટલે સામાન્ય કેવલીઓ. તેઓમાં વૃષભ-તીર્થંકર નામ કર્મના ઉદયથી ઉત્તમ એવા.

૨ अयमत्र भावः-सति सम्यग्दर्शने परया भावनया क्रियमाण एकोऽपि नमस्कारः, तथाभूतस्य भावचररूपशुभाध्यवसायस्य हेतुर्भवति यादृशात् श्रेणिमवाप्य निस्तरति भवोदधिं, अतः कार्ये कारणोपचारात् एवमुच्यते' આ અહીં ભાવ-હાર્દ છે કે;

સમ્યગ્દર્શન હોયે છતે ઉત્કૃષ્ટ ભાવનાથી કરાતો એક પણ નમસ્કાર એ તથાભૂતભાવચારિત્રરૂપ શુભઅધ્યવસાયનો હેતુ થાય છે. કે જે તથાભૂતભાવચારિત્રરૂપ શુભાધ્યવસાયથી ક્ષપકશ્રેણી પામી ભવસાગરનો નિસ્તાર થાય છે એટલે ભવસાગર નિસ્તાર પ્રત્યે ક્ષપકશ્રેણી પ્રાપક તથાભૂતભાવચારિત્રરૂપ શુભઅધ્યવસાયરૂપ હેતુ છે. અને ક્ષપકશ્રેણી પ્રાપક તથાભૂતભાવચારિત્રરૂપ શુભઅધ્યવસાયરૂપ કાર્યના પ્રત્યે સમ્યગ્દર્શન હોયે છતે ઉત્કૃષ્ટ ભાવનાપૂર્વકનો કરાતો નમસ્કાર હેતુ છે (એટલે કારણમાં કાર્યનો ઉપચાર હોઈએમ કહેવામાં આવ્યું છે કે ભવનિસ્તાર પ્રત્યે એક પણ નમસ્કાર કારણ છે (એટલે તાદશ નમસ્કાર જન્ય તાદશ ભાવચારિત્ર કારણ છે.) અથવા કાર્યમાં કારણનો ઉપચાર જાણવો) એટલે તાદશ ભાવચારિત્રરૂપ કાર્યમાં તાદશ નમસ્કારરૂપ કારણનો ઉપચાર-આરોપ જાણવો.

૩ સ્થિતિ બે પ્રકારની છે. (૧) ભવસ્થિતિ (૨) કાયસ્થિતિ. તેમાં ભવસ્થિતિ કહો કે આયુષ્ય કહો તે એક જ છે. કાય સ્થિતિ એટલે તો પૃથ્વી વિગેરે ૭ કાયો પૈકી ગમે તે એક કાયમાં ફરીફરીથી લાગલગાટ ઉત્પન્ન થતાં જેટલો સમય વ્યતીત થાય તે. 'भवस्थितिस्तद्भवायुः' ભવસ્થિતિ એટલે તે ભવનું આયુષ્ય. 'कायस्थितिस्तु पृथिवीकायिकादिशरीरिणाम्। तत्रैव कायेऽवस्थानं विपद्योत्पद्य चासकृत्' 'પૃથ્વીકાયાદિ જીવો જે કાયમાં વારંવાર મરણ પામીને ત્યાંજ પુનઃ ઉત્પન્ન થાય એ પ્રકારે એકજ કાયમાં જેટલો કાળ અવસ્થાન (રહેવું) થાય તેટલો કાલ તે જીવની સ્વકાયસ્થિતિ કહેવાય.

साक्षात् स्त्रीनुं ग्रहण. ते ते स्त्रीओ पण तेज भवमां (अन्ययूथिक-जैनेतर मतनी के बौटिकनी-जैनदिगंबर मतनी माफक स्त्रीओनी मोक्षनी अयोग्यता नहि होई) संसारनो क्षय-मोक्ष थाय छे एम जणाववा खातर छे.

हवे शास्त्रकार, यापनीयतंत्रनी साक्षी (पाठ-पुरावो) आपी 'स्त्रीमुक्ति' विषयक विषयने खूब सचोट -જબ્બરજસ્ત પુષ્ટ કરે છે.

**वचः यथोक्तं [1]यापनीयतन्त्रे-णो खलु इत्थि अजीवो णयावि अभव्वा णयावि दंसणविरोहिणी णो अभाणुसा णो अणारिउप्पत्ती णो असंखेज्जाउया णो अइकूरमई णो ण उवसन्तमोहा णो ण सुद्धाचारा, णो असुद्धबोंदी णो ववसायवज्जिया णो अपुव्वकरणविरोहिणी, णो णवगुठाणरहिया णो अजोगा लद्धीए णो अकल्लाणभायणं ति कहं न उत्तमधम्मसाहिगत्ति।**

तत्र 'न खल्विति' नैव स्त्री अजीवो वर्त्तते, किन्तु जीव एव, जीवस्य चोत्तमधर्म्मसाधकत्वाऽविरोधस्तथा दर्शनात्, न जीवोऽपि सर्व्व उत्तमधर्म्मसाधको भवति अभव्येन व्यभिचारात्, तद्व्यपोहायाह-'न चाप्यभव्या' जातिप्रतिषेधोऽयं, यद्यपि काचिदभव्या तथापि सर्वेवाभव्या न भवति, संसारनिर्वेदनिर्वाणधर्म्मद्विषशुश्रुषादि दर्शनात्, भव्योऽपि कश्चिद्दर्शनविरोधी यो न सेत्स्यति तन्निरासायाह 'नोदर्शनविरोधिनी' दर्शनमिह सम्यग्दर्शनं परिगृह्यते तत्त्वार्थश्रद्धानरूपं न तद्विरोधिन्येव आस्तिक्यादिदर्शनात्, दर्शनाविरोधिन्यपि अमानुषी नेष्यत एव तत्प्रतिषेधायाह-'नो अमानुषी' मनुष्यजातौ भावात्, विशिष्टकरचरणोरूग्रीवाद्यवयवसन्निवेशदर्शनात्, मानुष्यप्यनार्योत्पत्तिरनिष्टा तदपनोदायाह-'नो अनार्योत्पत्तिः' आर्येष्वप्युत्पत्तेः, तथा दर्शनात्, आर्योत्पत्तिरप्यसंख्येयायुर्नाधिकृत-साधनायेत्येतदधिकृत्याह-'नोअसङ्ख्येयायुः' सर्वेव, सङ्ख्येयायुर्युक्ताया अपि भावात्, तथा दर्शनात्, सङ्ख्येयायुरपि अतिक्रूरमतिः प्रतिषिद्धा तन्निरासायाऽह-'नातिक्रूरमतिः' सप्तमनरकायुर्निबन्धनरौद्रध्यानाभावात्, तद्वत्प्रकृष्टशुभध्यानाभाव इति चेत्, न तेन तस्य प्रतिबन्धाभावात्, तत्फलवदितरफलभावेनानिष्टप्रसङ्गात्, अक्रूरमतिरपि रतिलालसाऽसुन्दरैव तदपोहायाह-'नो न उपशान्तमोहा' कचित्-उपशान्तमोहाऽपि सम्भवति, तथादर्शनात्, उपशान्तमोहाऽप्यशुद्धाचारा गर्हिता तत्प्रतिक्षेपायाह-'नो न शुद्धाचारा' कदाचित् शुद्धाचाराऽपि भवति, औचित्येन परोपकरणार्ज्जनाद्याचारदर्शनात् शुद्धाचाराप्यशुद्धबोन्दिरसाध्वी तदपनोदायाह-'नो अशुद्धबोन्दिः' काचित शुद्धतनुरपि भवति प्राक्कर्मानुवेधतः संसञ्जनाद्यदर्शनात्, कक्षास्तनादिदेशेषु, शुद्धबोन्दिरपि व्यवसायवर्ज्जिता निन्दितैव तन्निरासायाह-'नो व्यवसायवर्ज्जिता' काचित्परलोकव्यवसायिनी, शास्त्रात्तत्प्रवृत्तिदर्शनात्, सव्यवसायाऽप्यपूर्वकरणविरोधिन्येव तत्प्रतिषेधमाह-'नो अपूर्वकरणविरोधिनी' अपूर्वकरणसम्भवस्य स्त्रीजातावपि प्रतिपादितत्वात्, अपूर्वकरणवत्यपि नवगुणस्थानरहिता नेष्टसिद्धये (इति) इष्टसिद्धयर्थमाह-'नो नवगुणस्थानरहिता' तत्सम्भवस्य तस्याः प्रतिपादितत्वात्, नवगुणस्थानसङ्गताऽपि लब्धयोग्या अकारणमधिकृतविधेरित्येतत्प्रतिक्षेपायाह-'नायोग्या लब्धेः' आमर्षौषध्यादिरूपायाः कालौचित्येनेदानीमपि दर्शनात्, कथं द्वादशाङ्गप्रतिषेधः ? तथाविधविग्रहे ततो दोषात्, श्रेणिपरिणतौ तु कालगर्भवद्भावतो भावोऽविरूद्ध एव, लब्धियोग्याऽप्यकल्याणभाजनोपघाताद्यभिलषितार्थ-साधनायालमित्यत आह-'नाकल्याणभाजनं' तीर्थंकरजननात्, नातःपरं कल्याणमस्ति, यत एवमतः कथं नोत्तमधर्म्मसाधिकेति, उत्तमधर्म्मसाधिकैव।

---

१ सर्वथा सचेल अचेल पक्ष भिन्न मध्यस्थ जैन संघ विशेष.

**अनेन तत्तत्कालापेक्षयैतावद्गुणसम्पत्समन्वितैवोत्तमधर्म्मसाधिकेति विद्वांसः, केवलसाधकश्चायं सति च केवले नियमान्मोक्षप्राप्ति रित्युक्तमानुषङ्गिकं[1], तस्मान्नमस्कारः कार्य इति ।**

ભાવાર્થ-યાપનીયતંત્રમાં આ પ્રમાણે કથન છે કે;

(૧) સ્ત્રી, અજીવ નથી. પરંતુ જીવ છે, એટલે જીવમાં ઉત્તમ ધર્મસાધકપણું છે, કારણ કે, તેમજ પ્રત્યક્ષદૃષ્ટ છે.

જીવ પણ તમામ ઉત્તમ ધર્મસાધક હોતા નથી, કેમ કે અભવ્યરૂપ જીવમાં ઉત્તમ ધર્મસાધકપણાનો અભાવ છે એટલે અભવ્યનો વ્યવચ્છેદ કરવા સારૂ બોલે છે કે.

(૨) 'સ્ત્રી જીવ પણ અભવ્ય નથી' અહીં સ્ત્રી જાતિ વિષયક પ્રતિષેધ સમજવો. મતલબ કે, જો કે કોઈ એક સ્ત્રી અભવ્ય હોય તો પણ સઘળી જ સ્ત્રીઓ અભવ્ય હોતી નથી. કેમ કે ભવ્યસ્ત્રીમાં સંસારથી વૈરાગ્ય, નિર્વાણધર્મ-મોક્ષમાર્ગ વિષયક અદ્વેષ-રૂચિ(મોક્ષધર્મ-ગુણને ખાતર પ્રવૃત્તિ હોઈ,)સુશ્રૂષા તત્વવિષયકશ્રવણેચ્છા ઈત્યાદિ ગુણો દ્રષ્ટિગોચર થાય છે. જે ગુણો અભવ્યમાં કદી દ્રષ્ટિગોચર હોતા નથી.

'ભવ્યજીવ પણ કોઈ એક, જે દર્શનવિરોધી-દર્શન અભાવવાળો તે સિદ્ધ થતો નથી. એટલે દર્શનવિરોધીનો વ્યવચ્છેદ કરવા સારૂ બોલે છે કે;

(૩) 'ભવ્યસ્ત્રી જીવ, દર્શનનો અવિરોધી છે' અહીં તત્વાર્થ-શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન, એ જ દર્શનપદથી ગ્રહણ કરવા યોગ્ય છે. સિદ્ધ થનારી સ્ત્રી દર્શનવિરોધીની નથી. કારણ કે સ્ત્રીઓમાં આસ્તિક્ય (જિનવચનવિષયક અચલ આસ્થા) અનુકંપા-સંવેગ આદિ સમ્યગ્દર્શનના ચિહ્નો-પરિચાયક લક્ષણો દેખાય છે.

(દર્શનઅવિરોધીની-દર્શનવંતી પણ અમાનુષી (દેવી કે તિર્યંચાણી)સિદ્ધિ ખાતર માનેલી જ નથી એટલે અમાનુષીના પ્રતિષેધ ખાતર કહે છે કે.

(૪) 'દર્શનવંતી ભવ્ય જીવરૂપ સ્ત્રી નો અમાનુષી' અમાનુષી નહી પરંતુ માનુષી જ જાણવી કેમ કે, વિશિષ્ટ હાથપગ સાથળ ડોક આદિ અવયવ વિષયક રચના દેખાતી હોઈ મનુષ્ય જાતિમાં પેદા થયેલ છે.

'દર્શનવંતી માનુષીની પણ અનાર્યદેશમાં ઉત્પત્તિ મોક્ષ ફલની સિદ્ધિ માટે અનિષ્ટ-વિઘ્નરૂપ છે એટલે અનાર્યદેશની ઉત્પત્તિ નિવારવા બોલે છે કે;

(૫) દર્શનવંતી માનુષી ભવ્ય જીવરૂપી સ્ત્રી, અનાર્યમાં ઉત્પત્તિવાળી નથી' કેમ કે, કેટલીક દર્શનવંતી માનુષી ભવ્ય જીવરૂપ સ્ત્રીઓની પ્રત્યક્ષથી ઉત્પત્તિ, આર્યદેશમાં દેખાય છે.

---

१ उद्देश्यान्तरप्रवृत्तस्य तत्कर्मनान्तरीयकतया प्राप्तः प्रासङ्गिकोऽनुद्देश्य कार्यविशेषः । यथाभो बटोभिक्षामट यदि गां पश्येस्तां चानयेत्यादौ। अत्र भिक्षार्थं प्रवृत्तस्य दैवाद्गोदर्शनात्तस्या आनयनमानुषङ्गिकम् । तत्रोद्देश्याभावादिति बोध्यम् (वाच.)

'આર્ય-દર્શનવંતી-માનુષી-ભવ્યજીવરૂપ સ્ત્રી, અસંખ્યાતા આયુષ્યવાળી સ્ત્રી અધિકૃત-મોક્ષને સાધવા માટે થતી નથી, એટલે એ વિષયને ઉદ્દેશીને કહે છે કે.

(૬) 'તમામ સ્ત્રી અસંખ્યાત આયુષ્યવાળી હોતી નથી' કેટલીક સ્ત્રીઓ આર્ય-દર્શનવંતી-માનુષી-ભવ્યજીવો સ્ત્રીઓ સંખ્યાત આયુષ્યવાળી હોઈ ઉત્તમ ધર્મસાધક બની શકે છે. કેમકે; તેમજ દેખાય છે.

'સંખ્યાત આયુષ્યવાળી-આર્ય-દર્શનવંતી-માનુષી-ભવ્ય-જીવરૂપ સ્ત્રી, પણ અત્યંત ક્રૂરમતિવાળી, મોક્ષ માટે નિષેધાયેલ છે. એટલે તે ક્રૂરમતિના નિષેધ કરવાની ઈચ્છાથી કહે છે કે.

(૭) 'સંખ્યાત આયુષ્યવાળી-આર્ય-દર્શનવંતી-માનુષી ભવ્યજીવરૂપ સ્ત્રી 'અતિક્રૂરમતિવાળી નથી' કેમ કે, અતિક્લિષ્ટ પ્રાણિઓના સ્થાનરૂપ સાતમી નરક વિષયક આયુષ્યના મૂલ કારણરૂપ તીવ્ર સંક્લેશરૂપ રૌદ્રધ્યાનનો 'સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી' એવું શાસ્ત્રીય વચન હોઈ સદંતર અભાવ છે.

શંકા-'સ્ત્રીઓ છઠ્ઠી નરક સુધી' એવું શાસ્ત્રીય વચન હોઈ જ્યારે અતિ ક્લેશવાળા પ્રાણિઓના સ્થાનરૂપ સપ્તમ નરકના આયુષ્યના મૂલ કારણ તીવ્રસંક્લેશરૂપ રૌદ્રધ્યાનનો સ્ત્રીમાં સદંતર અભાવ છે, તો પ્રકૃત રૌદ્રધ્યાનની માફક મોક્ષ કારણ શુક્લધ્યાનરૂપ પ્રકૃષ્ટ શુભધ્યાનનો અભાવ સ્ત્રીમાં માનવામાં આવે તો શો વાંધો?

સમાધાન-પ્રકૃત રૌદ્રધ્યાનના અભાવની માફક પ્રકૃષ્ટ-શુક્લરૂપ શુભધ્યાનનો અભાવ માનવો યુક્તિયુક્ત નથી. કેમકે, તે પ્રકૃત રૌદ્રધ્યાનની સાથે આ પ્રકૃત શુભ ધ્યાનનો પ્રતિબંધ [1]અવિનાભાવ-વ્યાપ્તિના યોગનો અભાવ છે, વળી પ્રતિબંધની સિદ્ધિ થાય ત્યારે જ, વ્યાપકકારણભૂત વૃક્ષત્વ કે વહ્નિની નિવૃત્તિ (અભાવ થયેલ છે) તે શિંશપા કે ધૂમની નિવૃત્તિ (અભાવ) ની માફક પ્રકૃત રૌદ્રધ્યાનનો અભાવ છે તે પ્રકૃષ્ટ શુભધ્યાનનો અભાવ એવો ઉપન્યાસ કરવો વ્યાજબી લેખાય.

---

૧ 'सहक्रमभाविनोः सहक्रमभावनियमोऽविनाभावः' સહભાવીનો એટલે કે એક સામગ્રીને આધીન એવા રૂપ અને રસનો,વ્યાપ્ય અને વ્યાપકનો તથા શિંશપાત્વ(શિશુ કે અશોક નામનું ઝાડ હોવાપણું) અને વૃક્ષત્વનો જે સહભાવ નિયમ તેમજ ક્રમભાવીનો એટલે કે કૃત્તિકાના અને શકટના ઉદયનો તથા કાર્ય અને કારણનો (ધૂમ અને અગ્નિનો) જે ક્રમભાવ નિયમ તે 'અવિનાભાવ' છે.

વ્યાપ્તિ-જ્યાં જ્યાં ધૂમ છે. ત્યાં ત્યાં અગ્નિ છે. એવો કોઈ પણ ધૂમવાન્ પ્રદેશ નથી કે જ્યાં અગ્નિ ન હોય. આવો તે ધૂમ અને અગ્નિનો પરસ્પર સંબંધ તે 'સહચાર' કહેવાય છે. ધૂમ છતાં અગ્નિ નથી એમ જાણવામાં આવે તો કાર્ય કારણરૂપ સંબંધ ઉડી જાય છે. આ 'વ્યભિચાર' કહેવાય છે. સહચાર અન્વયવ્યાપ્તિ ઉપરાંત વ્યભિચારનો અભાવ (વ્યતિરેક પ્રાપ્તિ) કહેવામાં આવે છે. સહચાર ઉપરાંત વ્યભિચારનો અભાવ હોવાની પ્રતીતિ થતાં જે નિયમ સ્ફૂરે છે તેને 'વ્યાપ્તિ' કહેવામાં આવે છે. જેમ કે, જ્યાં જ્યાં ધૂમ છે. ત્યાં ત્યાં અગ્નિ છે જ એ સહચાર અને જ્યાં અગ્નિ નથી ત્યાં ધૂમ નથી જ એ વ્યભિચારનો અભાવ એ બે સિદ્ધ થવાથી જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે. આમાં ધૂમ કાર્ય છે અને અગ્નિ એનું કારણ છે. આવા કાર્ય કારણરૂપ સંબંધમાં જેનો પ્રદેશ મોટો હોય-જેનું ક્ષેત્ર વિશાળ

એવંચ પ્રતિબંધ-વ્યાપ્તિ (વ્યાપ્તિની સિદ્ધિ) જ નથી કેમ કે પ્રકૃષ્ટ શુભધ્યાનના ફલરૂપ મુકિત ગમનની માફક (એક જ આત્મામાં) પ્રકૃત રૌદ્રધ્યાનના સપ્તમ નરક ગમનરૂપ ફલની એકી સાથે યુગપત્ સત્તા (હૈયાતી) હોઈ પરમ-પુરૂષાર્થ(મોક્ષ પુરૂષાર્થ)ના વિધ્વંસ-વિનાશરૂપ અનિષ્ટનો પ્રસંગ-છે, એટલે પ્રતિબંધ-વ્યાપ્તિ નથી.

તથાચ પ્રતિબંધની સિદ્ધિ હોયે છતે-શિંશપાત્વ હોયે છતે જેમ વૃક્ષત્વ, ધૂમ હોયે છતે જેમ વહ્નિ, તે પ્રકૃષ્ટ શુભધ્યાન સ્વફલ-કાર્ય કરનાર હોયે છતે, અવશ્યંભાવી-ચોક્કસ-નિયમા થનારો પ્રકૃત રૌદ્રધ્યાનભાવ, અવશ્ય કાર્યકારી હોય છે. એટલે પ્રકૃત રૌદ્રધ્યાનભાવ, પોતાનું સપ્તમનરકગમનરૂપ કાર્ય કરતો કેવી રીતે પરમ પુરૂષાર્થરૂપ મોક્ષ ફલને હણે નહિ? અર્થાત્ હણેજ. વાસ્તે-એ કારણેજ પ્રતિબંધ નથી-પ્રતિબંધ સિદ્ધિ નથી.

'અતિક્રૂરમતિના અભાવવાળી-સંખ્યાતાયુષ્ક આર્ય-દર્શનવંતી-માનુષી-ભવ્યજીવ સ્ત્રીમાં, રતિવિષયકલાલસા મોક્ષ માટે અસમર્થ હોઈ અસુંદર છે એટલે રતિલાલસાનો વ્યવચ્છેદ કરવા સારૂ કહે છે કે-

(૮) 'નો ન ઉપશાંત મોહા' મોહ-રતિલાલસાને ઉપશમાવનારી પણ કોઈ સ્ત્રી હોય છે વળી તેમજ દેખાયેલ છે.

'મોહ-રતિલાલસાને ઉપશમાવનારી પણ અશુદ્ધ આચારવાળી નિંદિત છે એટલે અશુદ્ધ આચારનો નિષેધ કરવા સારૂ કહે છે કે-

(૯) 'નોન શુદ્ધાચારા' કદાચ કોઈ સ્ત્રી શુદ્ધ આચારવાળી હોય છે કેમ કે; ઔચિત્યપૂર્વક પરોપકાર-

---

હોય તે 'વ્યાપક' જ્યારે જેનો પ્રદેશ નાનો હોય-જેનું ક્ષેત્ર સંકુચિત હોય તે 'વ્યાપ્ય' કહેવાય છે. કાર્ય વ્યાપ્ય ગણાય છે. જ્યારે કારણ વ્યાપક ગણાય છે. જો કે કેટલીક વાર કાર્ય અને કારણના પ્રદેશ સમાન પણ હોય. પ્રસ્તુતમાં ધૂમરૂપ કાર્યનું ક્ષેત્ર અગ્નિરૂપ કારણ જેટલું વિશાળ નથી, કેમ કે જ્યાં જ્યાં અગ્નિ હોય ત્યાં ત્યાં ધૂમ હોવો જોઈએ એવો નિયમ નથી, જેમ કે લોખંડનો તપાવેલો ગોળો આ ગોળામાં અગ્નિ છે, પરંતુ ધૂમ નથી. અર્થાત્ તપાવેલા ગોળારૂપ પ્રદેશમાં અગ્નિ છે, પરંતુ ત્યાં ધૂમનું અસ્તિત્વ નથી. જ્યાં વ્યાપ્ય અને વ્યાપકના પ્રદેશ સરખા ન હોય ત્યાં વ્યતિરેક વ્યાપ્તિ ઉલ્ટાવીને કરવી પડે છે. જેમ કે જ્યાં જ્યાં ધૂમ નથી ત્યાં ત્યાં અગ્નિ નથી એવી વ્યાપ્તિ સંગત ગણાય છે. પરંતુ જ્યાં વ્યાપ્ય અને વ્યાપકના ક્ષેત્રો સરખાં હોય ત્યાં આમ ઉલટાવવાની જરૂર નથી. જેમ કે જ્યાં જ્યાં જ્ઞાન થવાપણું (જ્ઞેયત્વ) છે ત્યાં ત્યાં નામ હોવાપણું છે. એ અન્વય વ્યાપ્તિ ઉપરથી જ્યાં જ્યાં જ્ઞેયત્વ નથી, ત્યાં ત્યાં નામ હોવાપણું નથી એવી વ્યતિરેક વ્યાપ્તિ કરવામાં કોઈ જાતનો બાધ નથી. એવી રીતે જ્યાં જ્યાં પ્રાણ વગેરે છે, ત્યાં ત્યાં ચેતનપણું છે. એ અન્વય વ્યાપ્તિનું ઉદાહરણ છે. જ્યારે જ્યાં જ્યાં પ્રાણ વિગેરે નથી ત્યાં ત્યાં ચેતનપણું નથી એ વ્ય. વ્યા.નું ઉદાહરણ છે.

તથાચ અહીં જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ છે. એની માફક જ્યાં જ્યાં પ્રકૃત રૌદ્રધ્યાન છે ત્યાં ત્યાં પ્રકૃત શુભધ્યાન છે. એવી અન્વય વ્યાપ્તિ નથી. કેમ કે પ્રકૃત રૌદ્રધ્યાન, સપ્ત નરક ગમનરૂપ સ્વફલ આપવા દ્વારા, પ્રકૃત શુભધ્યાન જન્ય મોક્ષફલના પ્રત્યે પ્રતિબંધક છે. અવરોધક છે.

ઉપાર્જન આદિ (પારકાની ભલાઈના કામો કારવા-લોકકલ્યાણની સક્રિય પ્રવૃત્તિ આદિ) સુંદર-શુદ્ધ આચારો દેખાય છે.

'શુદ્ધ આચારવાળી પણ અશુદ્ધ શરીરવાળી (મોક્ષ માટે) બરાબર-સારી ગણેલ નથી. એટલે અશુદ્ધ શરીરના નિષેધ માટે કહે છે કે'

(૧૦) 'નોન અશુદ્ધબોન્દિ' કોઈ એક સ્ત્રી શુદ્ધ શરીરવાળી પણ હોય છે. કેમ કે, તે શુદ્ધ શરીરવાળી સ્ત્રીમાં પૂર્વ કર્મના પ્રભાવથી કક્ષા (કાખ) [1]સ્તન વિગેરેના ભાગોમાં સંસક્તપણું આદિ દોષો દેખાતા નથી.

'શુદ્ધ શરીરવાળી પણ વ્યવસાય (મોક્ષ માટે પુરૂષાર્થ) રહિત, નિંદિત માનેલ છે. એટલે વ્યવસાયરહિતત્વનો નિષેધ કરવા સારૂ બોલે છે કે;

(૧૧) 'નો વ્યવસાયવર્જિતા' કોઈ એક સ્ત્રી પરલોક વિષયક વ્યવસાય-પુરૂષાર્થવાળી છે. કેમકે શાસ્ત્રદ્વારા સ્ત્રી પરમ પુરૂષાર્થ-મોક્ષ વિષયક પુરૂષાર્થવાળી દેખેલ છે.

'વ્યવસાયવાળી હોવા છતાં પણ અપૂર્વકરણના અભાવવાળી (મોક્ષ સાધના) અભાવવાળી જ માનવી એટલે અપૂર્વકરણ વિરોધનો વિરોધ કરવા ખાતર કહે છે કે;

(૧૨) 'નો અપૂર્વકરણ વિરોધિની' સ્ત્રી અપૂર્વકરણના અભાવવાળી નથી. કેમકે, અપૂર્વકરણના અભાવનો અભાવ-અપૂર્વકરણનો સદ્‌ભાવ સ્ત્રી જાતિમાં પણ [1]પ્રતિપાદિત(શાસ્ત્રમાં)છે.

અપૂર્વકરણવાળી પણ નવગુણસ્થાનરહિત ઈષ્ટસિદ્ધિ(મોક્ષરૂપ ઈષ્ટ સિદ્ધિ)માટે થતી નથી. એટલે ઈષ્ટ સિદ્ધિ ખાતર કહે છે કે-

(૧૩) 'નો નવગુણસ્થાનરહિતા' કોઈ એક સ્ત્રી નવગુણસ્થાનરહિત નથી હોતી પણ સહિત હોય છે. કારણ કે, સ્ત્રીમાં નવગુણ સ્થાનનો સંભવ શાસ્ત્રદ્વારા પ્રતિપાદિત હોય છે. 'નવગુણ સ્થાનવાળી પણ લબ્ધિને અયોગ્ય, અધિકૃત-મોક્ષસાધન વિધિના કારણરૂપ થતી નથી. એટલે આ વિષયના નિષેધ માટે કહે છે કે-

(૧૪) 'લબ્ધિને અયોગ્ય નથી' કોઈ એક સ્ત્રી, આમર્ષ-ઔષધી આદિરૂપ લબ્ધિને અયોગ્ય નથી પરંતુ યોગ્ય છે. કારણ કે, કાલની ઉચિતતાથી [2]હમણાં પણ દેખાય છે.

---

१ स्तनेति कुन्दकुन्दैः (कौण्डिन्यैः) एतेन हेतुना निषेधात्, वस्तुतस्तु फलसिद्धिभावात् सरोगसाधोर्मुक्तिस्वीकाराद्गण्डूपदादिमतामनिषेधादनेकान्तिकता संसक्तशरीरत्वस्य ।

१ गोमट्टादिषु द्रव्यस्त्रीवेदेऽपि श्रेणेः प्रतिपादितत्वात् ।

२ शाकटायनादियापनीयकाले प्रत्यक्षता ।

શંકા-જો આમ છે તો બારમા-દ્રષ્ટિવાદ નામના અંગનો **'भूआवाओ नोवीणं'** આવા શાસ્ત્રવાક્યથી કેમ સ્ત્રીને નિષેધ કરેલો છે?

સમાધાન-સ્ત્રીઓનું તથાપ્રકારનું શરીર હોયે છતે સ્ત્રીઓને બારમા દ્રષ્ટિવાદ નામના અંગથી દોષ-ગેરફાયદો-નુકશાની કે પાયમાલી થતી હોઈ દ્રષ્ટિવાદનો નિષેધ સ્ત્રીઓને કરેલ છે. પરંતુ શ્રેણીપરિણતિમાં-તો ક્ષપકશ્રેણીપરિણામમાં તો વેદમોહનીયક્ષયના ઉત્તરકાળમાં-પછી, (કાલમાં-ઋતુપ્રવૃત્તિ ઉચિતકાલમાં ઉદરસત્ત્વ-ગર્ભની માફક-ગુપ્તગર્ભની માફક દ્વાદશ (બારમા-દ્રષ્ટિવાદ નામના) અંગના અર્થના ઉપયોગરૂપ ભાવથી 'શબ્દથી નહિ પરંતુ અર્થોપયોગરૂપ ભાવથી) દ્રષ્ટિવાદની-બારમા અંગની સત્તા-વિદ્યમાનતા-અસ્તિત્વ-હૈયાતી અવિરૂદ્ધ-નિર્દોષ દોષશૂન્ય-અબાધિત છે.

સારાંશ-સ્ત્રીઓને પણ પ્રકૃત (ચાલુ) યુક્તિથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ છે અને કેવલજ્ઞાન; શુક્લધ્યાનથી સાધ્ય છે. કારણ કે, શુક્લધ્યાનના પહેલા બે ભેદના છેવટે, પાછળના બે ભેદના આરંભના અભાવરૂપ ધ્યાનાંતરિકામાં વર્તનારને કેવલજ્ઞાન પેદા થાય છે, આવો શાસ્ત્રીય વચનનો પુરાવો છે અને વળી પૂર્વગત (દ્રષ્ટિવાદના ભેદરૂપ) સિવાય શુક્લધ્યાનના પહેલા બે ભેદો હોતા નથી કેમકે **'आद्ये पूर्वविदः'** (**तत्त्वार्थे** અ. ૯, સૂ. ૩૯) પૃથક્ત્વવિતર્ક અને એકત્વવિતર્ક એ બે [૧]ભેદરૂપ શુક્લધ્યાન, પૂર્વગત શ્રુતજ્ઞાનીને હોય છે. આવો તત્ત્વાર્થ સૂત્રનો પુરાવો છે. અને વળી સ્ત્રીઓને દ્રષ્ટિવાદનો નિષેધ છે કેમકે **'न स्त्रीणां'** આવું શાસ્ત્રીય વચન સાક્ષીરૂપ છે. એટલે દ્રષ્ટિવાદના અર્થના ઉપયોગરૂપ દ્વાદશાંગ (દ્રષ્ટિવાદના બારમા અંગ) ની સત્તા ક્ષપકશ્રેણીની પરિણતિમાં સ્ત્રીઓને ક્ષયોપશમવિશેષથી દોષ વગરની માનેલી છે.

---

**૧ મન-વચન અને કાયયોગવાળા મુનિને પહેલું શુક્લધ્યાન કહ્યું છે તે કેવા પ્રકારનું છે? તે કહે છે કે-વિતર્ક સહિત વર્તે છે માટે સવિતર્ક, વિચાર સહિત વર્તે છે માટે સવિચાર અને પૃથક્ત્વ સહિત વર્તે છે માટે સપૃથક્ત્વ એ પ્રમાણે ત્રણ વિશેષણ સહિત હોવાથી પૃથક્ત્વ સહિત વર્તે છે માટે પૃથક્ત્વ વિતર્ક સવિચાર નામનું પહેલું શુક્લધ્યાન અતિ નિર્મલ કહ્યું છે.**

**આ પ્રથમ શુક્લધ્યાન ત્રણ વિશેષણરૂપ છે, અર્થાત્ ક્રમપૂર્વક અને ક્રમ વિના ગ્રહણ થયેલ ત્રણ વિશેષણવાળું છે. ત્યાં વિતર્ક તે શ્રુતની ચિંતા-મનનરૂપ છે તથા અર્થ-શબ્દ અને યોગ એ ત્રણનો સંક્રમ તે વિચાર કહેવાય છે અને દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણ વડે જે ભિન્નતા તે અહીં પૃથક્ત્વ કહેવાય છે, જે ધ્યાનમાં અન્તર્જલ્પ એટલે અંતરંગ ધ્વનિરૂપ વિચારણાત્મક વિતર્ક હોય તે સવિતર્ક ધ્યાન છે. એ સવિતર્ક ધ્યાન શાથી ઉત્પન્ન થાય? તે કહે છે કે, પોતાના નિર્મળ પરમાત્મતત્ત્વના અનુભવમય અંતરંગ ભાવગત-આગમના-શ્રુતજ્ઞાનના આલંબનથી (ચૌદ પૂર્વગત શ્રુતજ્ઞાનના ઉપયોગથી) સવિતર્ક ધ્યાન ઉત્પન્ન થાય છે. જે ધ્યાનમાં પૂર્વે કહેલો વિચારણારૂપ વિતર્ક એક અર્થથી બીજા અર્થમાં જાય. એક શબ્દથી બીજા શબ્દમાં જાય અને એક યોગમાંથી બીજા યોગમાં જાય તે ધ્યાન સવિચાર એટલે સંક્રમણ(અર્થથી વ્યંજનમાં સંક્રમે તે સવિચાર પરિભાષાનો અર્થ છે. અહીં વ્યંજનથી અર્થમાં અને અર્થથી વ્યંજનમાં વારંવાર વિચારવું તે વિચાર કહેવાય અને તે વિચારવાળું ધ્યાન તે સવિચાર તથાચ પૂર્વગત શ્રુતમાંથી એક અર્થને (દ્રવ્યગુણ વા પર્યાયને) ગ્રહણ કરી તે અર્થથી પુનઃ શબ્દમાં (વ્યંજનમાં) જાય અને શબ્દથી પુનઃ અર્થમાં આવે તથા તે બુદ્ધિમાન યોગી એક યોગથી બીજા યોગમાં જાય તે(સવિચાર કહેવાય)યુક્ત**

'લબ્ધિ યોગ્ય પણ સ્ત્રી, અકલ્યાણ ભાજન દ્વારા ઉપહત-હતપ્રહત હોઈ ઈષ્ટ-મોક્ષરૂપ અર્થને સાધવા સમર્થ નથી થતી. એટલે જ કહે છે કે;'

---

કહેવાય. જે ધ્યાનમાં પૂર્વે કહેલો વિચારણારૂપ વિતર્ક સવિચાર અથવા વિચાર સહિત વિતર્ક અર્થ સંક્રાંતિવાળો વ્યંજન સંક્રાંતિવાળો તેમજ યોગસંક્રાંતિવાળો હોવાં છતાં પણ પોતાના શુદ્ધ આત્મરૂપ દ્રવ્યાંતરમાં જાય અથવા એક ગુણથી બીજા ગુણમાં જાય, અથવા એક પર્યાયથી બીજા પર્યાયમાં જાય. ત્યાં જ દ્રવ્યમાં દ્રવ્યની સાથે જ ઉત્પન્ન થયેલા ધર્મ તે ગુણ કહેવાય, જેમ સુવર્ણમાં પીતવર્ણ વિ. પરિવર્તન પામતા ધર્મ તે પર્યાય કહેવાય. તે દ્રવ્યગુણ પર્યાયાન્તરોમાં જે અન્યત્વ (એક વસ્તુને વિષે ઉત્પત્તિ-સ્થિતિ અને વ્યય વિગેરે પર્યાયોને દ્રવ્યાસ્તિકાયાદિ વિવિધ પ્રકારના નયોવડે પૂર્વગત શ્રુતને અનુસરે જે ચિંતવવા તે સપૃથક્ત્વ) એટલે પૃથક્ત્વ જે ધ્યાનમાં છે તે સપૃથક્ત્વ ધ્યાન કહેવાય.

આ પ્રમાણે સપૃથક્ત્વ-સવિર્તક-સવિચાર નામનું પહેલું શુક્લધ્યાન. ક્ષીણમોહ ગુણસ્થાનવર્તી ક્ષપક જીવ શુક્લધ્યાનના બીજા ભેદનો આશ્રય કરે છે, તેનું વર્ણન કરે છે કે, તે ક્ષીણમોહ ગુણસ્થાનમાં વર્તનારો ક્ષપક આત્મા બીજા શુક્લધ્યાનને ત્રણ યોગમાંના કોઈપણ એક યોગવડે ધ્યાવે છે, જે કારણથી સિદ્ધાંતમાં કહ્યું છે કે- "ત્રણ યોગવાળાને પહેલું શુક્લધ્યાન હોય, એક યોગવાળાને બીજું શુક્લધ્યાન હોય કેવળકાયયોગીને ત્રીજું શુક્લધ્યાન હોય અને અયોગીને ચોથું શુક્લધ્યાન હોય છે." એ બીજું શુક્લધ્યાન કેવા પ્રકારનું હોય છે તે કહે છે કે- (અપૃથક્ત્વં એટલે) પૃથક્ત્વ રહિત (અવિચારં એટલે) વિચાર રહિત અને (સવિતર્કગુણાન્વિતં એટલે) વિતર્ક માત્ર ગુણવાળું એવું આ બીજું શુક્લધ્યાન ક્ષીણમોહી આત્મા ધ્યાય છે. તત્ત્વના જાણ પુરૂષો તેવા ધ્યાનને એકત્વ એટલે અપૃથક્ત્વ કહે છે. કેવા ધ્યાનને એકત્વ કહે છે? તે કહે છે કે ધ્યાન કરનાર આત્મા જે પોતાનું કેવળ એક આત્મદ્રવ્ય એટલે પોતાનું વિશુદ્ધ પરમાત્મદ્રવ્ય તેનું ધ્યાન કરે, અથવા તે જ પોતાના વિશુદ્ધ આત્મદ્રવ્યના કેવળ એક જ પર્યાયનું ધ્યાન કરે, અથવા તે જ આત્મદ્રવ્યના એક ગુણનું ધ્યાન કરે, એ પ્રમાણે એક દ્રવ્યનું અથવા એક ગુણનું અથવા એક પર્યાયનું જે નિશ્ચલ એટલે ચપલતા રહિત સ્થિરપણે ધ્યાન કરાય તે ધ્યાન એકત્વ અપૃથક્ત્વ કહેવાય પૂર્વે કહેલા સ્વરૂપવાળા વ્યંજન-અર્થ-યોગ એટલે શબ્દ-અભિધેય-યોગ એ ત્રણને વિષે (પરાવૃત્તિવિવર્જિત એટલે) એક શબ્દથી બીજા શબ્દે જવું, એક અર્થથી બીજા અર્થે જવું અને એક યોગમાંથી બીજાયોગમાં જઈ ધ્યાન કરવું એવા પ્રકારની પરસ્પર સંક્રાંતિ રહિત ધ્યાન જે શ્રુતજ્ઞાનના આલંબન વડે કરવું તે સવિચાર શુક્લધ્યાન કહેવાય. જે ધ્યાનમાં પોતાના અતિવિશુદ્ધ અત્માામાં લીન થઈ ગયેલું સ્પષ્ટ સૂક્ષ્મ વિચારરૂપ જે ચિંતન ધ્યાન કરાય છે તે સવિર્તક એવા એક ગુણવાળું (અર્થાત્ સવિર્તક એવા વિશેષણવાળું) બીજું શુક્લધ્યાન કહેવાય છે. આવું ધ્યાન (સવિર્તક ધ્યાન) શાથી થાય છે ? તે કહેવાય છે કે ભાવશ્રુતના આલંબનથી થાય છે, અર્થાત્ સૂક્ષ્મ અન્તર્જલ્પાકારરૂપ જે ભાવ, આગમ શ્રુતજ્ઞાન તેનું આલંબન માત્ર ચિંતવવાથી થાય છે. (અર્થાત્ શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ શ્રુતજ્ઞાનના આલંબન વડે થાય છે.)

પૂર્વોક્ત પ્રકારે એકત્વ-સવિચાર અને સવિતર્ક એ ત્રણ વિશેષણવાળું બીજું શુક્લધ્યાન કહ્યું છે. તે બીજા શુક્લધ્યાનમાં વર્તતો ધ્યાની જીવ આ કહેવાતા સમરસીભાવને ધારણ કરે છે. સમરસી ભાવ આ પ્રમાણે છે. ધ્યાનના પ્રભાવથી આત્માને જે એકાકાર કરવો તે સમરસીભાવ કહ્યોછે; જે કારણથી આત્મા પરમાત્મામાં (પરમાત્માસ્વરૂપના વિચારમાં) અભિન્નપણે-એકાકારપણે લયલીન થઈ જાય છે એ સમરસીભાવ શી રીતે પામી શકાય છે? તો જાણવાનું કે પોતાના આત્માનો જે અનુભૂતિ એટલે અનુભવ તેથી સમરસીભાવ પામી શકાય છે.

શુક્લધ્યાના અધિકારીઓનો બે દ્રષ્ટિએ વિચાર કરી શકાય તેમ છે. (૧) ગુણસ્થાનની દ્રષ્ટિએ અને (૨) યોગની દ્રષ્ટિએ. તેમાં ગુણસ્થાનને ઉદ્દેશીને વિચારતાં શુક્લધનના ચાર પ્રકારો પૈકી પહેલા બેના અધિકારી અગ્યારમા કે બારમા

(१५) 'अकल्याण भाजनરૂપ સ્ત્રી નથી' કેમકે; તીર્થંકરને જન્મ આપનારી છે વળી તીર્થંકરજન્મ દાનથી બીજું ઉત્કૃષ્ટ કલ્યાણ-પરમમંગલ નથી. જો આવી જ હકીકત છે તો સ્ત્રી ઉત્તમ ધર્મ-રત્નત્રયરૂપ ધર્મ સાધનારી કેમ ન હોઈ શકે ? અર્થાત્ ઉત્તમ ધર્મસાધિકા નારી હોઈ શકે જ આવા પ્રકારના વિશિષ્ટ આ શાસ્ત્રીય વાક્ય દ્વારા, તે તે કાલની અપેક્ષાએ, આટલી ગુણ સંપદાથી યુક્ત=જીવત્વ-ભવ્યત્વ-સમ્યગ્દર્શનસહિતત્વ-માનુષીત્વ-આર્યોત્પત્તિ-સંખ્યેયાયુ-ર્યુક્તત્વ-અતિ ક્રૂર મતિ અભાવ-મોહોપશમશુદ્ધાચારવત્ત્વ-વ્યવસાયવત્ત્વ અપૂર્વકરણશાલિત્વ નવગુણસ્થાનસંગતત્વ-લબ્ધિયોગ્યતા-કલ્યાણભાજનત્વ-એ રૂપગુણસંપદાથી સુશોભિત જ સ્ત્રી, ઉત્તમ ધર્મ-સાધિકા થાય છે એમ વિદ્વાનો પરમ-ગીતાર્થો વદે છે.

વળી આ વિશિષ્ટ ધર્મ, કેવલજ્ઞાન સાધક છે. અને કેવલજ્ઞાન હોયે છતે નિયમા-એકાંતે મોક્ષપ્રાપ્તિ થાય છે. એવું આનુષંગિક-પ્રસંગોપાત્ત કહેલું સમજી લેવું. તેથી જ-નર કે નારીને સંસારસાગરથી તારનાર હોઈ જિનવરવૃષભવર્ધમાનસ્વામીને અવશ્ય નમસ્કાર કરવો જોઈએ!

હવે શાસ્ત્રકાર 'સંસારથી તરવાને કામુક નર કે નારીએ ભગવંતને નમસ્કાર કરવો જોઈએ' આ વાક્ય સ્તુતિ અર્થવાદરૂપ છે કે વિધવાદરૂપ છે? આનો આક્ષેપપરીહારપૂર્વક સુંદર શૈલીમાં ચમકાવે છે.

**आह किमेष *स्तुत्यर्थवादो यथा 'एकया पूर्णाहुत्या सर्वानूकामानवाप्नोती' ति, उत+विधिवाद एव यथा-'अग्निहोत्रं जुहुयात्स्वर्गकाम' इति किंचातः ? यद्याद्यः पक्षः ततो यथोक्तफलशून्यत्वात् फलान्तरभावे च तदन्यस्तुत्यविशेषादलमिहैव यत्नेन, न च यक्षस्तुतिरप्यफलैवेतत्, प्रतीतमेवैतत्, अथ चरमो विकल्पः, ततः सम्यक्त्वाणुव्रतमहाव्रतादिचारित्रपालनावैयर्थ्यं,**

---

ગુણસ્થાને વર્તનારા પૂર્વધર છે આથી એમ ફલિત થાય છે કે જેઓ પૂર્વધર ન હોય અને અગ્યારમે બારમે ગુણસ્થાને વર્તતા હોય તેમને તો શુક્લધ્યાન તે સમયે હોતું નથી પરંતુ ધર્મધ્યાન હોય છે અર્થાત્ શુક્લધ્યાનના પ્રાથમિક બે ભેદોના સ્વામી પૂર્વધર હોવા જ જોઈએ આ સંબંધમાં ક્વચિત અપવાદ હોય એમ જણાય છે કે; માષતુષ મુનિવર અને શ્રી ઋષભદેવની માતા મરૂદેવાને શુક્લધ્યાન સંભવે છે. આ બધું અહીં ચિંતનીય છે.

* अर्थवादः-(शब्दः) अर्थस्य प्रयोजनस्य वादो वादनम् । विध्यर्थप्रशंसापरं वचनमित्यर्थः । अर्थवादोहि स्तुत्यादिद्वारा विध्यर्थं शीघ्रं प्रवृत्तये प्रशंसति (गौ. वृ. २/२/६३) अर्थवादश्चतुर्विधः । स्तुतिः, निन्दा, परकृतिः, पुराकल्पः (गौ. २/१/६४) प्रकारान्तरेण स त्रिविधः । गुणवादः, अनुवादः भूतार्थवादश्चेति (न्या. म. ४ पृ. ३०) तदुक्तं 'विरोधे गुणवादः स्यादनुवादोऽवधारिते भूतार्थवादस्तद्धानादर्थवादस्त्रिधा मतः । (न्या. म. ४ पृ. ३१) ।

+ अत्र विधिशब्दस्य विधिरूपशब्दे इष्टसाधनत्वादिरूपे विध्यर्थे च प्रयोगो दृश्यते । तत्र विधायक इति आद्योऽर्थः । यद्वाक्यं विधायकं चोदकं स विधिः । विधिस्तु नियोगोऽनुज्ञा वा । यथा अग्निहोत्रं जुहुयात्स्वर्गकामः (शतपथ. २) इत्यादि (वात्स्या. २/१/६३) विध्यभिधायकप्रत्ययः तद्घटितवाक्यं वा (न्या. म. ४) तदर्थश्च विधीयते विधीरूपशब्देन प्रतिपाद्यतेऽसौ विधिरिष्टसाधनत्वादिः । तस्याभिधायको वाचक इति । अथवा अर्थविशेषाभिधायकः प्रत्ययः स च प्रत्ययो लिङ्लोट्लेट्तव्यकृत्यप्रत्ययरूप. इति (ति. च.) भ. प्र. ४ पृ. ५८) त. प्र. स. ४ पृ. ९३)

प्रवृत्तिपरं वाक्यम् । यथा ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत (शतपथ.) ओदनकामस्तण्डुलं पचेत इत्यादि । अत्र ज्योतिष्टोमनामको यागः स्वर्गरूपेष्टसाधनम्, तण्डुलकर्मकः पाक ओदनरूपेष्टसाधनम् इत्युभयवाक्यार्थः । यजेत पचेतेत्यादिविधिप्रत्ययेनेष्टसाधनत्वोपस्थापनात् (त. कौ.)

तत एव मुक्तिसिद्धेः, न च फलान्तरसाधकमिष्यते सम्यक्त्वादिः, मोक्षफलत्वेनेष्टत्वात् 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' (तत्त्वार्थे अ. १ सू. १) इति वचनादिति, अत्रोच्यते, विधिवाद एवायं, न च सम्यक्त्वादिवैयर्थ्यं, तत्त्वतस्तद्भाव एवास्य भावात्, दीनारादिभ्यो भूतिन्याय एषः, तदवन्ध्यहेतुत्वेन तथा तद्भावोपपत्तेः, अवन्ध्यहेतुश्चाधिकृतफलसिद्धौ भावनमस्कार इति, अर्थवादपक्षेऽपि न सर्वा स्तुतिः समानफलेत्यतो विशिष्टफलहेतुत्वेनाऽत्रैव यत्नः कार्यः, तुल्ययत्नादेव विषयभेदेन फलभेदापत्तेर्बब्बूलकल्पपादपादौ प्रतीतमेतत्, भगवन्नमस्कारश्च परमात्मविषयतयोपमातीतो वर्त्तते, यथोक्तम्-''कल्पद्रुमःपरो मन्त्रः, पुण्यं चिन्तामणिश्च यः । गीयते स नमस्कारस्तथैवाहुरपण्डिताः ॥ १ ॥ कल्पद्रुमो महाभागः, कल्पनागोचरं फलम् । ददाति न च मन्त्रोऽपि सर्वदुःखविषापहः ॥ २ ॥ न पुण्यमपवर्गाय, न च चिन्तामणिर्यतः । तत्कथं ते नमस्कारः, एभिस्तुल्योऽभिधीयते ? ॥ ३ ॥ इत्यादि ॥

પૂર્વપક્ષ-'સંસારથી તરવાની ઈચ્છાવાળા નર કે નારીએ ભગવંતને નમસ્કાર કરવો જોઈએ' શું આ વાક્ય, સ્તુતિ અર્થવાદરૂપ છે?-(સ્તુતિ માટેની પ્રશંસા તે અહીં સ્તુત્યર્થવાદ સમજવો-કુદાવવા વિ. માટે પણ પ્રશંસા થાય છે. માટે અહીં કહ્યું છે કે સ્તુતિ માટે અર્થવાદ)જેમકે. દા.ત.'એક પૂર્ણ આહુતિથી સર્વ કામોને-સિદ્ધિઓને મનોરથોને મેળવે છે' તે આ શું સ્તુતિ અર્થવાદરૂપ છે? અથવા વિધિવાદરૂપ છે? જેમ કે દા.ત. 'સ્વર્ગની કામનાવાળાએ અગ્નિહોત્ર નામનો યજ્ઞ કરવો જોઈએ' તેમ આ શું વિધિવાદરૂપ છે?

જો પ્રથમ પક્ષ-સ્તુતિ અર્થવાદરૂપ પ્રથમ પક્ષ માનશો તો તેથી-સ્તુતિ માટે પ્રશંસાસૂચક વાક્યથી પૂર્વોક્ત મોક્ષફલની શૂન્યતા હોઈ, વળી દેવ આદિ બીજા ફલની ઉત્પત્તિ માનવામાં આવે તો, તેનાથી-બીજી આચાર્યાદિ વિષયક સ્તુતિથી કાંઈ વિશેષતા(ફરક-ભેદ)ન હોઈ અહીં જ પ્રયત્નથી (સ્તુતિ અર્થવાદરૂપ પ્રયત્નથી) સરો! વળી યક્ષ-દેવ કે પૂજ્યની સ્તુતિ નિષ્ફલ છે એમ પણ તમે ન બોલી શકો! કેમકે; આ બાબત સર્વજન પ્રસિદ્ધ છે અને વળી છેલ્લો વિકલ્પ-પક્ષ-વિધિવાદ રૂપ પક્ષ પણ નથી, કારણ કે; તેથી કર્તવ્યરૂપે નમસ્કાર માત્રના સ્વીકારથી સમ્યક્ત્વ-અણુવ્રત-મહાવ્રત આદિ ચારિત્ર્યની પાલના, વ્યર્થ-નિષ્ફલ થાય છે. અને વળી સમ્યક્ત્વાદિરૂપ પાલનાથી જ મુક્તિની સિદ્ધિ છે. અને સમ્યક્ત્વ વિગેરે, મોક્ષભિન્ન બીજા ફલના સાધક તરીકે જ સમ્યક્ત્વાદિ ઈષ્ટ માનેલ નથી, મોક્ષફલ સાધક તરીકે જ સમ્યક્ત્વાદિ ઈષ્ટ છે. કારણ કે; 'સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' (તત્ત્વાર્થે અ.૧ સૂ ૧) 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગરૂપ છે' આવો શાસ્ત્રીય વચનનો પુરાવો છે.

ઉત્તરપક્ષ-આ પૂર્વોક્ત વાક્ય, વિધિવાદરૂપ જ છે. 'સંસારથી તરવાની ઈચ્છાવાળા નર કે નારીએ ભગવંતને નમસ્કાર કરવો જોઈએ' આ વાક્યને વિધિવાદ તરીકે માનવાથી સમ્યક્ત્વ-અણુવ્રત-મહાવ્રત આદિની પાલનાની વ્યર્થતા-નિષ્ફલતા નથી, કેમકે; તત્ત્વથી-નિશ્ચયવૃત્તિથી સમ્યગ્દર્શનાદિ ભાવની સાથે નમસ્કાર ભાવનો ભેદ નથી. સમ્યગ્દર્શનાદિભાવમાં જ આ નમસ્કારનો ભાવ છે. (દ્રવ્યથી-દ્રવ્ય વૃત્તિથી-દ્રવ્ય નયની આપેક્ષાએ અન્યથા-અન્ય પ્રકારે પણ આ નમસ્કાર હોય છે એટલા માટે તત્ત્વથી-નિશ્ચયવૃત્તિથી એમ કહ્યું છે.) અર્થાત્ પ્રકૃત નમસ્કારભાવ પ્રત્યે સમ્યગ્દર્શનાદિભાવ હેતુ છે.

હવે આ બાબતને દૃષ્ટાંત સહિત કહે છે કે; જેમ દીનાર (સોનામહોર) વિગેરે પ્રશસ્ત-ઉમદા-મૂલ્યવંત-કીંમતી વસ્તુઓ, વિભૂતિ, (ઐશ્વર્ય-સાહ્યબી-ઠકુરાઈ-શ્રીમંતાઈ) ભિન્ન-જુદી નથી પણ અભિન્ન-એકરૂપ છે. તેમ સમ્યક્ત્વ-અણુવ્રત-મહાવ્રત ચારિત્ર પાલનાથી નમસ્કાર જુદો નથી પણ એક-અભિન્ન છે, કેમકે; નમસ્કારરૂપ સાધ્યની અવંધ્યહેતુતા (નિયત-નિયમા-અચૂક-ચોક્કસ ફલ કરનાર હેતુભાવ-હેતુપણું) સમ્યક્ત્વાદિમાં હોઈ ભાવનમસ્કારરૂપપણાએ સમ્યક્ત્વાદિ, પરિણમી જાય છે. તથાચ જેમ વિભૂતિનું અવંધ્ય-સફલ-અમોઘહેતુપણું દીનાર આદિમાં હોઈ વિભૂતિપણાએ દીનાર આદિનું પરિણમવું વ્યાજબી છે. અર્થાત્ વિભૂતિરૂપે દીનાર આદિ પરીણમી જાય છે. એટલે દીનાર આદિ પ્રશસ્ત વસ્તુથી વિભૂતિ અભિન્ન છે. તેમ નમસ્કારરૂપ કાર્યનું અવન્ધ્યહેતુપણું-ફલા-વ્યભિચારિ-અવિસંવાદિહેતુપણું સમ્યક્ત્વાદિમાં હોઈ નમસ્કારપણાએ સમ્યક્ત્વાદિનું પરિણમવું વ્યવસ્થિત છે. અર્થાત્ નમસ્કારરૂપે સમ્યક્ત્વાદિ પરિણમી જાય છે. એટલે સમ્યક્ત્વાદિ પાલનાથી નમસ્કાર અભિન્ન છે.

શંકા-નિશ્ચયદ્રષ્ટિથી સમ્યક્ત્વાદિથી અભિન્ન નમસ્કાર ભલે હો! પરંતુ નમસ્કારથી કેવી રીતે નર કે નારીનું સંસારથી ઉતરવું સાબીત થાય?

સમાધાન-મોક્ષરૂપ અધિકૃત ફલસિદ્ધિના પ્રત્યે ભગવત્પ્રતિપત્તિ[૧] નામનો ભાવ-નમસ્કાર, અવન્ધ્યહેતુ-અમોઘ-અસ્ખલિત-અનંતર-સાક્ષાત્ ફલોપધાયક કારણ છે. એટલે જ ભાવનમસ્કારથી નર કે નારીનું સંસારસાગરથી પાર ઉતરવું થાય છે. માટે જ 'નમસ્કાર કરવો જોઈએ' એ વિધિવાદરૂપ વાક્ય અહીં સફલ થાય છે.

શંકા-ત્યારે શું સમ્યગ્દર્શનાદિ, મોક્ષરૂપ ફલજનક નથી ને?

સમાધાન-સમ્યગ્દર્શનાદિ, પરંપરાએ મોક્ષરૂપ ફલજનક છે. અનંતર નહિ ઈતિ વિધિવાદરૂપ દ્વિતીયપક્ષની સફલતા જાણવી.

અહીં-અર્થવાદ પક્ષમાં પણ (પ્રશંસારૂપ પ્રથમ પક્ષ માનવામાં પણ) 'બધી સ્તુતિ, એક સરખા ફલને આપનારી નથી હોતી' આવી વસ્તુસ્થિતિનો સ્વીકાર હોઈ 'આ, (પ્રકૃતનમસ્કાર) વિશિષ્ટ (મોક્ષ) ફલને આપનાર છે' એમ માની 'નમસ્કારરૂપ વિષયમાં' પ્રયત્ન કરવો જોઈએ કેમકે; સ્તુતિરૂપ તુલ્ય-એકસરખા પ્રયત્નથી જ વિષયના ભેદથી (નમસ્કારરૂપ-સ્તુતિરૂપ પ્રયત્ન વિષય ભગવંતરૂપ ભેદથી) ફલનો (ભગવન્નમસ્કારજન્ય મોક્ષરૂપ ફલનો) ભેદ-વિષય, બરોબર ઘટમાન છે. પ્રયત્ન એક સરખો છતાં વિષયભેદથી ફલભેદરૂપ આ વિષય, બબ્બૂલ (બાવર) અને કલ્પવૃક્ષ આદિમાં આબાલગોપાલ પ્રસિદ્ધ છે.

---

**૧. તુરિયભેદ પડિવત્તી પૂજા, ઉપશમખીણ સજોગી રે, ચઉહા પૂજા ઈમ ઉત્તરજ્ઝયણે ભાખી કેવળ ભોગી રે.॥ સુ.વિ.૭ આ.ચો)**

**અગીયારમે ગુણસ્થાનક આત્મા હોય એટલે ઉપશાંતમોહ થયો હોય ત્યારે તથા બારમે ગુણસ્થાનકે ક્ષીણમોહ થયો હોય ત્યારે તથા તેરમે ગુણસ્થાનકે સયોગી અવસ્થામાં ભગવંતની ચોથા પ્રકારની પ્રતિપત્તિ નામની પૂજા-નમસ્કાર થઈ શકે છે. એમ કેવલીભગવાને ઉત્તરાધ્યયનસૂત્રમાં (સમ્યક્ત્વપરાક્રમ નામના અધ્યયનમાં) ચાર પ્રકારો પૂજાના કહ્યા છે.**

વળી ભગવન્નમસ્કાર, પરમાત્મ વિષયક હોઈ(જે સ્તુતિરૂપ નમસ્કારરૂપ પ્રયત્નમાં પરમાત્મા, વિષયરૂપે હોય) તે ભગવન્નમસ્કાર, ઉપમાતીત-નિરૂપમ વર્તે છે.

હવે ભગવન્નમસ્કાર, કલ્પવૃક્ષ આદિ સાથે ન સરખાવી શકાય એ વાત કહે છે. કે શાસ્ત્રમાં કહ્યું છે, કે ''અપંડિતો અકુશલ (પઠિત મૂર્ખાઓ) ભગવન્નમસ્કારને ઈષ્ટફલદાયક તરીકે, કલ્પવૃક્ષ સાથે-હરિણૈગમેષ આદિ પરમમંત્ર સાથે તીર્થંકરનામકર્માદિરૂપ પુણ્ય સાથે-ચિંતામણિ સાથે-અવિવેકિ-પંડિતો સરખાવે છે. પરંતુ વાસ્તવમાં ભગવન્નમસ્કાર, કોઈ દુનીયાની ચીજ સાથે સરખાવી શકાય એવો નથી-નિરૂપમ છે. કારણ કે; મહાભાગ કલ્પવૃક્ષ, કલ્પના વિષય(ચિંતિત)ફલને આપે છે(કલ્પનાતીત ફલને-મોક્ષફલને આપી શકતું નથી)મંત્ર, સર્વ દુઃખરૂપી વિષને નાબૂદ કરી શકતો નથી. પુણ્ય; અપવર્ગ-મોક્ષ માટે નથી. ચિંતામણિ પણ અપવર્ગ-મોક્ષને આપતો નથી એટલે ભગવન્નમસ્કાર, કલ્પવૃક્ષ-પરમંત્ર-પુણ્ય-ચિંતામણિની સાથે સરખાવી શકાય એમ નથી. કારણકે કલ્પનાતીત-અકલ્પિત ફલને આપે છે, સર્વ દુઃખરૂપી વિષને જડમૂળથી નાબૂદ કરે છે, અપવર્ગને આપે છે.

હવે શાસ્ત્રકાર, 'ઉજ્જિંત સેલસિહર' અને 'चत्तारि अट्ठदस' એમ બે સ્તુતિઓની વ્યાખ્યા નહિ કરવાનું કારણ દર્શાવે છે.

**एतास्तिस्त्रः स्तुतयो नियमेनोच्यन्ते, केचित्तु अन्या अपि पठन्ति, न च तत्र नियम इति न तद्व्याख्यानक्रिया.**

ભાવાર્થ-આ ત્રણ સ્તુતિઓ નિયમપૂર્વક(નિયમા)બોલાય છે, પરંતુ કેટલાક તો અન્ય સ્તુતિઓ પણ બોલે છે, પરંતુ તેનો [1]નિયમ નહિ હોવાથી તેની વ્યાખ્યાનવિષયક ક્રિયા(પ્રયત્ન)કરાતી નથી. (શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રની સ્વોપજ્ઞવૃત્તિમાં જણાવ્યું છે કે 'એ ત્રણ સ્તુતિઓ ગણધરકૃત હોવાથી નિયમપૂર્વક બોલાય છે અને કેટલાક તો બીજી પણ બે સ્તુતિઓ બોલે છે' તે નીચે મુજબ **'उज्जितसेलसिहरे दिक्खा नाणं निसीहिया जस्स, तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमिं नमंसामि'** ગીરનાર પર્વતના શિખર પર જેનાં દીક્ષા, કેવલજ્ઞાન નિર્વાણ-મોક્ષ કલ્યાણક થયા છે તે ધર્મચક્રવર્તી બાવીસમા તીર્થપતિ શ્રી અરિષ્ટનેમિનાથને હું નમું છુ. (૪) **'चत्तारि अट्ठ दस दोअ वंदिआ जिणवरा चउव्वीसं परमट्ठनिट्ठिअट्ठा सिद्धा सिद्धिं मम दिसंतु'** ચાર-આઠ-દશ અને બે એમ ચોવીસ વંદાયેલા જિનેશ્વરો, પરમાર્થથી કૃતકૃત્ય થયેલા, મોક્ષસુખને પામેલા સિદ્ધો મને સિદ્ધ આપો ॥પા॥[1]

---

१ 'एए वि तिन्नि सिलोगा मन्नंति अ सेसया जाहिच्छिए' इति आवश्यकचूर्णिक्वचनमपि द्रष्टव्यम् ।

१ तथाच नमुत्थुणंमां 'जे अईया सिद्धा'नी १ गाथाએ બીજો અધિકાર અને સિદ્ધાણંની છેલ્લી ૨ ગાથારૂપ ૧૦મો ૧૧મો અધિકાર એ ૩ અધિકાર શ્રુત પરંપરાએ એટલે ગીતાર્થ પૂર્વચાર્યના સંપ્રદાયથી કહેવાય છે, અથવા શ્રુત એટલે સૂત્રથી તેમજ તે (સૂત્રની નિર્યુક્તિથી અને તેના ભાષ્યથી તથા તેની ચૂર્ણિથી એ પ્રમાણે શ્રુતની પરંપરાથી (સૂત્રાદિ પંચાંગીની પરંપરાથી) કહેવાય છે. જેમકે સૂત્રમાં ચૈત્યવંદના પુખ્ખરવરદી સુધી કહી છે અને નિર્યુક્તિમાં પુખ્ખરવરદી ઉપરાંત એક સિદ્ધ સ્તુતિ (સિદ્ધાણં ૧ ગાથા) સુધી કહેલ છે અને ચૂર્ણિમાં તે ઉપરાંત પણ મહાવીર પ્રભુની સ્તુતિ (સિદ્ધાણંની ૩ ગાથા સુધી કહેલ છે શેષ ૯ અધિકાર સૂત્રના પ્રમાણથી છે. કારણ કે, લલિતાવિસ્તરાવૃત્તિમાં ''એ ૯ અધિકાર નિયમથી

હવે શાસ્ત્રકાર, 'વેયાવચ્ચગરાણં' ઈત્યદિની વ્યાખ્યા કરીને 'સિદ્ધાણં બુદ્ધાણં'-સિદ્ધસ્તવ સૂત્રની સમાપ્તિ કરે છે.

**एवमेतत्पठितोपचितपुण्यसंभारा उचितेषूपयोगफलमेतदिति ज्ञापनार्थं पठन्ति--'वेयावच्चगराणं संतिगराणं सम्मदिट्ठिसमाहिगराणं करेमि काउसग्गमित्यादि यावद्वोसिरामि' व्याख्या-पूर्ववत् नवरं-वैयावृत्त्यकराणां-प्रवचनार्थं व्यापृतभावानां यथाऽम्बाकूष्माण्डयादीनां, शान्तिकराणां क्षुद्रोपद्रवेषु सम्यग्दृष्टीनां-सामान्येनाऽन्येषां समाधिकराणां-स्वपरयोस्तेषामेव, स्वरूपमेतदेवैषामिति वृद्ध सम्प्रदायः, एतेषां सम्बन्धिनं, सप्तम्यर्थे वा षष्ठीं, एतद्विषयं-एतानाश्रित्य, करोमि कायोत्सर्गमिति, कायोत्सर्गविस्तरः पूर्ववत्, स्तुतिश्च नवरमेषां वैयावृत्त्यकराणां तथा तद्भाववृद्धेदित्युक्तप्रायं, तदपरिज्ञानेऽप्यस्मात्तच्छुभसिद्धाविदमेव वचनं ज्ञापकं, न चासिद्धमेतदभिचारुकादौ तथेक्षणात्, सदौचित्यप्रवृत्त्या सर्वत्र प्रवर्त्तितव्यमित्यैदम्पर्यमस्य, तदेतत् सकलयोगबींज वन्दनादिप्रत्ययमित्यादि न पठ्यते, अपित्वन्यत्रोच्छवसितेनेत्यादि, तेषामविरतत्वात्, सामान्यप्रवृत्तेरित्थमेवोपकारदर्शनात्, वचनप्रामाण्यादिति, व्याख्यातं 'सिद्धेभ्य' इत्यादि सूत्रम् ॥**

ભાવાર્થ-આ પ્રમાણે સ્તુતિપાઠદ્વારા ઉપચિત-વધેલ (સંચિત-એકઠું કરેલ-ભેગું કરેલ) પુણ્યપુંજવાળા પુરૂષો, ઉચિત (લોકોત્તર કુશલ પરિણામના પ્રથમ કારણપણાએ યોગ્ય અરિહંત આદિ ઉચિત) નિષ્ઠ (વૃત્તિ રહેલ) ઉપયોગરૂપ પ્રયોજન-ફલવાળું (ફલજનક) આ ચૈત્યવંદન છે એ વિષયને જણાવવા ખાતર બોલે છે કે 'વૈયાવૃત્ત્યકર' ઈત્યાદિ. વ્યાખ્યા પૂર્વની માફક સમજવુ. પરંતુ જે કાંઈ વિશેષ છે તે

(૧) વૈયાવૃત્ત્યકર=પ્રવચન-શાસન-સંઘને ખાતર (ધર્મ સાધન નિમિત્તે) વ્યાપૃતભાવવાળા-વિશેષ પ્રકારે પ્રવૃત્તિ-વ્યાપાર-પ્રયત્ન કમ્મરકસીને કામ-સેવા કરનાર (અન્ન વિગેરેનું વિધિપૂર્વક સંપાદન-મેળવી આપનાર) તે વૈયાવૃત્ત્યકર કહેવાય જેમકે-અંબા-કૂષ્માંડી વિ. શાસનદેવીઓ અને ગોમુખ વિ. શાસનદેવો વૈયાવૃત્ત્યકર તરીકે રૂઢ અહીં સમજવા.

(૨) શાંતિકર-વિરોધીઓએ કરેલ ક્ષુદ્ર ઉપદ્રવોના નિવારણરૂપ શાંતિને કરનારા તે શાંતિકર કહેવાય છે.

(૩) સમ્યગ્દ્રષ્ટિ સમાધિકર-સમ્યગ્દ્રષ્ટિઓને (આ શબ્દ સામાન્ય શબ્દ હોઈ સમ્યગ્દ્રષ્ટિઓને અને સમ્યગ્દ્રષ્ટિભિન્ન બીજા તમામને પણ) સમાધિ (સત્તા, ધર્મારાધનામાં સહાયતા, મનો વિ. દુઃખના અભાવરૂપ સમાધિ) ઉપજાવનારા તે સમ્યગ્દ્રષ્ટિ સમાધિકર કહેવાય.

તથા ચ વૈયાવૃત્ત્ય કરવી, શાંતિ કરવી, સમયગ્દ્રષ્ટિસમાધિ કરવી એ રૂપ સ્વરૂપ, (સ્વભાવ-પ્રકૃતિ) શાસનદેવ અને શાસન દેવીઓનું છે એમ કથન વૃદ્ધસંપ્રદાય મુજબનું સમજવું.

---

**અવશ્ય નિયમા ભણવા યોગ્ય કહ્યા છે. અને શેષ ૩ અધિકાર નિયમથી ભણવા યોગ્ય ન હોવાથી શ્રુતપરંપરાએ પ્રવર્ત્તે છે. જે કારણથી આવશ્યક ચૂર્ણિને વિષે "સેસયા જહિચ્છાએ" એટલે શેષ અધિકાર વંદન કરનારની ઈચ્છાનુસારે છે) એમ કહ્યું તે કારણથી ઉર્જિંજત સેલસિહરે વિગેરે ૩ અધિકાર પણ નિશ્ચય (શ્રુતપરંપરાવાળા હોવાથી) શ્રુતમય જ જાણવા પરંતુ શ્રુતબાહ્ય નહિં (કારણ કે આવશ્યક ચૂર્ણિનું વચન તે શ્રુતબાહ્ય ન ગણાય માટે.)**

એવંચ વૈયાવૃત્ત્યકર-શાંતિકર-સમ્યગ્દ્રષ્ટિ સમાધિકર (શાસનદેવ અને શાસનદેવી) સંબંધી-લગતા કાઉસગ્ગને હું કરૂં છું અથવા 'સપ્તમીના અર્થે છઠ્ઠી છે એવી માન્યતામાં વૈયાવૃત્ત્યકર-સમ્યગ્દ્રષ્ટિ સમાધિકરરૂપ વિષયને લઈને (આશ્રીને) હું કાઉસગ્ગ કરૂં છું અર્થાત્ વૈયાવૃત્ત્યકર-શાંતિકર-સમ્યગ્દ્રષ્ટિ સમાધિકરરૂપ વિષયવિષયક કાઉસગ્ગને હું કરૂં છું. કાયોત્સર્ગ વિષયક શબ્દ વિસ્તારરૂપ વિસ્તર-ચર્ચા માફક સમજવી. વળી અહીં એ વિશેષતા છે કે; સ્તુતિ (થોય) તો વૈયાવૃત્ત્યકરોની જ બોલવી. (અહીં વૃદ્ધસંપ્રદાય મુજબ 'વૈયાવૃત્ત્યકર' શબ્દથી અંબા-કૂષ્માંડી ચક્રેશ્વરી, અપ્રતિચક્રા આદિ શાસનદેવીઓ કે જૈન શાસનના અધિષ્ઠાયક રક્ષક ગોમુખયક્ષ વિગેરે શાસનદેવો ગ્રહણ કરાય છે.) કેમ કે, જે સંબંધી કાઉસગ્ગ તે સંબંધી થોય બોલવામાં તથા પ્રકારના ભાવની વૃદ્ધિ થાય છે. આ વસ્તુની બારીકાઈથી છણાવટ પૂર્વે કરેલ છે ત્યાંથી સમજવુ.

તથાચ તે વૈયાવૃત્ત્યકર આદિને સ્વવિષયવાળા કાઉસગ્ગનું પરિજ્ઞાન નહિ હોવા છતાંય આ વૈયાવૃત્ત્યકર આદિરૂપ વિષય વિષયક કાઉસગ્ગથી કાઉસગ્ગ કરનારને વિઘ્નશાંતિ-પુણ્ય બંધ આદિરૂપ શુભ ફલની સિદ્ધિના વિષયમાં આ કાઉસગ્ગ વિષય પ્રવૃત્તિ કરાવનારૂં વચન 'વેયાવચ્ચગરાણં સંતિગરાણં-સમ્મદિટ્ઠિ સમાહિગરાણં કરેમિ કાઉસગ્ગં' ઈત્યાદિ વચન જ્ઞાપક છે.(આપ્ત-સર્વજ્ઞથી ઉપદેશાયેલ હોઈ અવ્યભિચારિ-ફલાવિસંવાદી હોઈ ગમક છે.)

આ વચનથી શુભસિદ્ધિલક્ષણ વસ્તુ બીજા પ્રમાણદ્વારા અસિદ્ધ-અપ્રતિષ્ઠિત નથી પરંતુ સિદ્ધ છે. આ વસ્તુને દ્રષ્ટાંત આપી સમજાવે છે કે, દ્રષ્ટાંત ધર્મિભૂત અભિચારૂકમાં સ્તોભન (થોભાવવું) મોહન (મુંઝાવવું) ઈત્યાદિ ફલવાળા કર્મમાં (આદિ શબ્દથી શાંતિક-પૌષ્ટિક આદિ શુભ ફલવાળા કર્મમાં) સ્તોભનીય (થોભાવવા યોગ્ય-થોભાવવારૂપ ક્રિયાનો વિષય) સ્તંભનીય(થંભાવવા યોગ્ય-થંભાવવા રૂપ ક્રિયાનો વિષય) મોહનીય (મુંઝાવવા યોગ્ય-મુંઝાવવા રૂપ ક્રિયાનો વિષય) આદિને પરિજ્ઞાન નહિ હોવા છતાં આપ્ત(સત્યવક્તા-પ્રામાણિક પુરૂષ)ના ઉપદેશદ્વારા સ્તોભન આદિ (થોભાવવું આદિ) કર્મ, ક્રિયા કરનારને ઈષ્ટ ફલ (સ્થોભન સ્તંભન આદિરૂપ ઈષ્ટ ફલ) ની પ્રત્યક્ષપ્રમાણ અને અનુમાન પ્રમાણથી દ્રષ્ટ તેમજ અનુભૂત-અનુભવેલ છે.

વળી અનુમાન પ્રયોગ આ પ્રમાણેનો છે. તથાહિ જે આપ્ત પુરૂષના ઉપદેશપૂર્વકનું કર્મ (ક્રિયા), કર્મ (ક્રિયા) માં વિષય ભૂતપદાર્થને કર્મનું જ્ઞાન-પરિજ્ઞાન નહિ હોવા છતાં, કર્મકર્તાક્રિયા કરનારને ઈષ્ટફલ કરનારૂં (કર્મ) થાય છે. સામાન્ય વ્યાપ્તિ-જેમ કે, સ્તોભનીય આદિ પદાર્થને સ્વવિષયવાળા કર્મનું જ્ઞાન નહિ હોવા છતાં સ્તોભનાદિ ક્રિયા કરનારને સ્તોભનાદિરૂપ ઈષ્ટ ફલને કરનાર છે, તેવી જ રીતે આ વૈયાવૃત્ત્યકર આદિરૂપ વિષય વિષયક કાઉસગ્ગ રૂપ કર્મ, સમજવું. મતલબ કે આ કાયોત્સર્ગ રૂપ કર્મ, આપ્ત પુરૂષના ઉપદેશપૂર્વકનું છે. એટલે આપ્ત ઉપદેશપૂર્વકનું, વૈયાવૃત્ત્યકર આદિ વિષયક કાયોત્સર્ગ કર્મ, કાયોત્સર્ગ રૂપ ક્રિયામાં વિષયભૂત વૈયાવૃત્ત્યકર આદિને સ્વવિષયવાળી કાઉસગ્ગરૂપ કર્મનું પરિજ્ઞાન નહિ હોવા છતાં કાઉસગ્ગરૂપ ક્રિયા કરનારને વિઘ્નોપશમ-પુણ્ય બંધ આદિ શુભ ફલરૂપ ઈષ્ટફલને આપનારૂં અવશ્યમેવ છે, એમ સમન્વય-ઉપનય-ઘટના કરવી. આ પ્રકરણનો સાર-નિચોડ પરમાર્થ-પરમરહસ્ય એ છે કે, સદા-નિરંતર-કાયમ ઔચિત્યથી ઓપતી પ્રવૃત્તિપૂર્વક, સર્વત્ર-સઘળે ઠેકાણે વલણ અખત્યાર કરવું જોઈએ-

વર્તવું જોઈએ તે હેતુથી વૈયાવૃત્યકર આદિ વિષયક કાઉસગ્ગરૂપ આ ક્રિયા, સકલયોગનું (ઉત્તરોત્તર આગળ આગળ ગુણોની વૃદ્ધિનું) બીજ-મૂલ કારણ છે.

વળી 'વંદનવત્તિયાએ'થી માંડી 'ઠામી કાઉસગ્ગં' સુધીનો પાઠ અહીં બોલાતો નથી પરંતુ 'અન્નત્થ ઉસસિએણં' ઈત્યાદિ પાઠ બોલાય છે. કેમ કે, તે વૈયાવૃત્યકર શાસનદેવ કે શાસનદેવી આદિ, અવિરતિવાળા છે, અને સામાન્ય પ્રવૃત્તિથી (વંદનવત્તિઆએ ઈત્યાદિ કહ્યા શિવાય સામાન્ય પ્રવૃત્તિથી) આ પ્રમાણે જ ઉપકાર દેખેલ છે, અને તેમાં પ્રકૃતસૂત્રરૂપ વચનનું પ્રામાણ્ય છે. આ પ્રમાણે 'સિદ્ધાણં બુદ્ધાણં' રૂપસૂત્ર-સિદ્ધસ્તવનામક સૂત્રની વ્યાખ્યાની સમાપ્તિ થાય છે.

હવે શાસ્ત્રકાર, અવતરણિકાસહિત 'પ્રણિધાન'ની વ્યાખ્યા કરે છે.

**पुनः संवेगभावितमतयो विधिनोपविश्य पूर्ववत् प्रणिपातदण्डकादि पठित्वा स्तोत्रपाठपूर्वकं ततः सकलयोगाक्षेपाय प्रणिधानं करोति कुर्वन्ति वा, मुक्ताशुक्त्या उक्तंच 'पंचंगो पणिवाओ, थयपाढो होइ जोगमुद्दाए । वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ॥ १ ॥ दो जाणू दोण्णि कहा पंचमगं होई उत्तमंगंतु । संमं संपणिवाओ णेओ पंचंगपणिवाओ ॥ २ ॥ अण्णोण्णं तरियंगुलिको सागारेहिं दोहिं हत्थेहिं । पेट्टोवरिकोव्वरसंठिएहिं तह जोगमुद्दत्ति ॥ ३ ॥ चत्तारि अंगुलाइं पुरओ ऊणाई जत्थ पच्छिमओ । पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ॥ ४ ॥ मुत्तासुत्ती मुद्दा, समा जहिं दोवि गब्भिया हत्था । ते पुण निलाडदेसे लग्गा अन्ने अलग्गत्ति ॥ ५ ॥'**

**प्रणिधानं यथाशयं यद्यस्य तीव्रसंवेगहेतुः, ततोऽत्र सद्योगलाभः, यथाहुरन्ये-''तीव्रसंवेगानामासन्नः समाधिः, मृदुमध्याधिमात्रत्वात्, ततोऽपि विशेष इत्यादि'' प्रथमगुणस्थानस्थानां तावत् एवंविधमुचितमिति सूरयः ॥**

**जय वीयराय । जगगुरू । होउ ममं तुहप्पभावओ भयवं ।**

**भवनिव्वेओ मग्गानुसारिया इट्ठफलसिद्धि ॥ १ ॥**

**लोगविरूद्धच्चाओ, गुरूजनपूया परत्थकरणं च ।**

**सुहगुरूजोगो तव्वयणसेवणा आभवमखंडा ॥ २ ॥**

**अस्य व्याख्या जय वीतराग । जगद्गुरो । भगवतस्त्रिलोकनाथस्याऽऽमन्त्रणमेतत् भावसन्निधानार्थं, 'भवतु मम त्वत्प्रभावतो' जायतां मे त्वत्सामर्थ्येन भगवन् । किं तदित्याह-'भवनिर्वेदः', संसारनिर्वेदः, नह्यतोऽनिर्विण्णो मोक्षाय यतते, अनिर्विण्णस्य तत्प्रतिबन्धात्, तत्प्रतिबद्धयत्नस्य च तत्त्वतोऽयत्नत्वात्, निर्जीवक्रियातुल्य एषः, तथा मार्गानुसारिता' असद्ग्रहविजयेन तत्त्वानुसारितेत्यर्थः, तथा 'इष्टफलसिद्धिः' अविरोधिफलनिष्पत्तिः, अतोहीच्छाविघाताभावेन सौमनस्यं, ततः उपादेयादरः, नत्वयमन्यत्रानिवृत्तौत्सुक्यस्येत्ययमपि विद्वज्जनवादः,**

ભાવાર્થ-વળી સંવેગથી ભાવિત (સંસ્કારિત) મતિવાળા પુરૂષો, વિધિપૂર્વક બેસીને (નીચે બેસીને) પૂર્વની માફક 'નમોત્થુણં' આદિ બોલીને સ્તોત્રપાઠ(સ્તવન બોલવા)પૂર્વક, ત્યારબાદ સકલયોગ (ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ) ની અક્ષેપ અવિચ્છિન્ન નિર્વિઘ્ન-ઝડપથી તત્કાળ-અવિલંબથી ઉત્તરોત્તર ગુણવૃદ્ધિ થાય તેટલા) સારૂ (પ્રાર્થના

प्रधान) प्रणिधानने-जयवीयराय नामना सूत्रने मुक्ताशुक्तिरूप मुद्राथी એક કરે છે. અથવા મુક્તાશક્તિમુદ્રાથી કાયાની એકાગ્રતાને મન-વચન-કાયાની એકાગ્રતાને કરે છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે;

''नमुत्थुणं'ની પહેલાં અને પર્યંતે ''नमुत्थुणं'' અને 'वंदामि' પદ બોલતી વખતે જે નમસ્કાર થાય છે, તે નમસ્કાર (આ પંચાંગ પ્રણિપાતને તે ખમાસમણરૂપ કહેવાય છે તે નહિ.) પણ પ્રણિપાત સૂત્ર (નમુત્થુણં) સંબંધી હોવાથી ''પ્રણિપાત'' કહેવાય છે, અને તે આદિ અંતનો નમસ્કાર પંચાંગીમુદ્રા વડે કરવો. અહીં મૂળમુદ્રા ૩ હોવા છતાં આ પંચાંગીમુદ્રા ઉત્તર-મુદ્રા તરીકે હોવાથી સંખ્યાભેદનો વિરોધ ન ગણવો. (એ સંબંધી વિશેષચર્ચા ભાષ્યની અવચૂરિ, પંચાશકજી તથા પ્રવ. સારો. વૃત્તિ આદિથી જાણવી) અથવા પ્રણિપાત એટલે ખમાસમણ પણ પંચાંગીમુદ્રા વડે દેવાય છે. અને સ્તવનપાઠ (નમુત્થુણં બેસીને કહેવાનું હોવાથી) યોગમુદ્રા (રૂપ એકજ હસ્ત મુદ્રા) વડે કહેવાય છે. તથા અરિહંત ચે. તસ્સ ઉ. અન્નત્થ. દંડક સૂત્ર(લોગસ્સ આદિ ૫ સૂત્ર) ઈરિયાવહિયં થોય જોડો એ સર્વ હસ્તની યોગમુદ્રા (ઈર્યાપથિકીના તથા સ્તુતિઓના આંતરામાં કાયોત્સર્ગ કરતી વખતે તો હાથની કાયોત્સર્ગ મુદ્રાજ રાખવાની હોય છે. કે જે પ્રસિદ્ધ છે.) અને પગની જિનમુદ્રા એ બે મુદ્રાયુક્ત કહેવાં, અને પ્રણિધાન સૂત્ર જે જયવીયરાય વિગેરે તે હસ્તની મુક્તાશક્તિ મુદ્રા વડે કહેવા.

અર્થાત્ પંચાંગી મુદ્રા વડે પ્રણિપાત (નમસ્કાર કે ખમાસમણ) સ્તવનપાઠ (નમુત્થુણં આદિ) યોગમુદ્રા વડે થાય છે. જિનમુદ્રા વડે વંદનસૂત્ર (અરિહંત ચેઈયાણંઆદિ) કહેવાય છે અને મુક્તાશક્તિ મુદ્રા વડે પ્રણિધાન સૂત્ર તે જયવીયરાય આદિ કહેવાય છે.'' ॥૧॥

'૨ જાનુ ૨ હસ્ત તથા ૧ મસ્તક એ પાંચ અંગ વડે (ભૂમિસ્પર્શ કરવા પૂર્વક) સમ્યગ્-સારી રીતે જે પ્રણામ કરવો તે 'પંચાંગ [1]પ્રણિપાત' કહેવાય છે.' ॥૨॥

'આ યોગમુદ્રામાં બે હથેલીઓને કમળના દોડાના આકારે ભેગી મેળવી ડાબા હાથની આંગળીઓ જમણા હાથની આંગળીઓમાં એવી રીતે અંતરિત કરવી (ભરાવવી) કે જેથી ડાબો અંગુઠો જમણા અંગુઠાની સામો જોડાયેલો રહે; ત્યાર પછી ડાબી પહેલી આંગળી જમણી ૧લી ૨જી આંગળીની નીચે (પછી) આવે તથા કાંડાથી કોણી સુધીનો ભાગ પણ તે વખતે કમળની નાળ (દાંડા) ની પેઠે યથાયોગ્ય સાથે રાખવો, અને તે પ્રમાણે સંયુક્ત અથવા અસંયુક્ત બંને કોણીઓ પેટ ઉપર (અથવા નાભિ ઉપર) સ્થાપવી. અને હથેળીઓનો રચેલો કોશાકાર કિંચિત્ નમાવેલ મસ્તકથી કિંચિત્ દૂર રાખવો. આ યોગમુદ્રા ઉભા રહેતાં વખતે અને બેઠાં પણ કરવાની હોય છે. (અહીં યોગ એટલે બે હાથનો સંયોગવિશેષ અથવા યોગ એટલે સમાધિ. તેની મુખ્યતાવાળી જે મુદ્રા તે 'યોગમુદ્રા' વિઘ્નવિશેષને દૂર કરવામાં સમર્થ છે.) ॥૩॥

---

**૧. ખમાસમણ આ પંચાંગ પ્રમાણથી જ દેવાય છે તે પ્રસિદ્ધ છે, વળી આ પ્રણામને પંચાંગીમુદ્રારૂપે પણ કહે છે. જે અષ્ટાંગ પ્રણામ અન્ય દર્શનમાં કહ્યો છે, તે જિનેન્દ્ર પ્રભુના માર્ગમાં નથી.**

'કાઉસગ્ગ વિગેરેમાં ઊભા રહેતી વખતે ભૂમિ ઉપર બે પગ એવી રીતે સ્થાપવા-રાખવા કે જેથી અંગુલીઓ તરફના બે આગલા ભાગ એક બીજાથી પરસ્પર ૪ અંગુલથી કંઈક દૂર રહે, અને પાછળનો ભાગ એટલે બે એડીઓ પરસ્પર ચાર અંગુલથી કંઈક ન્યૂન દૂર રહે, એવા પ્રકારનો પદવિન્યાસ (બે પગનું સ્થાપન) તે જિનમુદ્રા કહેવાય. અહીં જિન (કાઉસગ્ગ કરતા એવા) જિનેશ્વરોની જે મુદ્રા તે 'જિનમુદ્રા' અથવા જિન એટલે (વિઘ્નોને) જીતનારી જે મુદ્રા તે જિનમુદ્રા એવો શબ્દાર્થ છે. ॥૪॥

મુક્તા-મોતીનું શુક્તિ-ઉત્પત્તિ સ્થાન જે છીપ તેના આકાર સરખી મુદ્રા તે **'મુક્તાશુક્તિમુદ્રા'** કહેવાય. એ મુદ્રામાં બન્ને હાથને (બે હથેલીને) સમ એટલે અંગુલિઓને પરસ્પર અંતરિત કર્યા વિના રાખવાના હોય છે, પણ યોગ મુદ્રામાં કહેલી અન્યોન્યાન્તરિત અંગુલીઓની પેઠે વિષમ રાખવા નહિ, તેમજ તે સમ સ્થિતિમાં રાખેલા બન્ને હાથને પુનઃગર્ભિત કરવા, એટલે બન્ને હથેલીઓ અંદરથી પોલાણવાળી રહે તેવી રીતે કાચબાની પીઠની પેઠે મધ્ય ભાગમાં ઉન્નત-ઉંચી રાખવી, પરન્તુ ચોટેલી ન રાખવી. એ પ્રમાણે બે હાથને સમ અને ગર્ભિત એ બે સ્થિતિવાળા કરીને કપાળે અડાડવા અહીં કેટલાક આચાર્યો કહે છે કે-બે હાથ કપાળે ન અડાડવા પરંતુ કપાળની સન્મુખ-સામા ઉંચા રાખવા તે મુક્તાશુક્તિ મુદ્રા કહેવાય (એ વિશેષ છે.) ॥૫॥''

હવે પ્રણિધાનફલની સિદ્ધિ દર્શાવે છે કે, ''યથાશય-આશય પ્રમાણે-અધ્યવસાય મુજબ જે પ્રણિધાન, જે પુરૂષના તીવ્રસંવેગના હેતુરૂપ છે. તે તીવ્રસંવેગથી-સુદેવાદિ અનુરાગ-વિષયક પૂર્વ કથિત સ્વરૂપવાળા તીવ્ર સંવેગથી આ પ્રણિધાન હોયે છતે શુદ્ધસમાધિપ્રાપ્તિ રૂપ સદ્યોગનો લાભ થાય છે. તથાચ શુદ્ધ સમાધિપ્રાપ્તિરૂપ સદ્યોગલાભ રૂપ કાર્યના પ્રત્યે પૂર્વ કથિત સ્વરૂપવાળો સુદેવ-સુગુરૂ-સુધર્મઆદિ વિષયક અનુરાગવાળો તીવ્ર સંવેગ કારણ છે. (યત્પુરૂષીય) જે પુરૂષમાં રહેલ તીવ્ર સંવેગના પ્રત્યે તત્પુરૂષીય (તે પુરૂષના,) આશય પ્રમાણેનું જે પ્રણિધાન તે કારણ છે.

અર્થાત્ પ્રણિધાન, તાદૃશતીવ્રસંવેગજનનદ્વારા, સદ્યોગ લાભ રૂપ કાર્ય જનક છે. હવે આ વિષયને અન્ય દર્શનના શાસ્ત્રદ્વારા પણ સમર્થન કરતા બોલે છે કે ''અત્યંત વૈરાગ્યવાળા પુરૂષોને ત્યાગ-સંયમ-જપ-તપ સ્વાધ્યાયમાં એક ચિત્ત હોવાથી સંકલ્પ વિકલ્પ રૂપ અપ્રમત્ત થઈ જલદી સમાધિ (મનઃપ્રસાદ) યોગ સિદ્ધ કરે છે.''

તીવ્ર વૈરાગ્યના પણ ત્રણ ભેદ માનીને તેમાં વિશેષ કહે-છે-

''મૃદુ-મધ્યમ-અને અધિક સંવેગના યોગથી પણ *સમાધિલાભ થાય છે. પરંતુ, મૃદુ-મંદ વૈરાગ્યથી

---

**૧ કથિત 'જયવીયરાય' ઈત્યાદિથી જુદું ભિન્ન પણ પ્રણિધાન.**

*** ઉત્કૃષ્ટ મોક્ષાભિલાષીઓને સમાધિ-ચિત્તની પ્રસન્નતા નવ પ્રકારની છે.**

**(૧) આસન્ન-શીઘ્રભાવી જઘન્ય સમાધિ.**

લાંબે કાળે, મધ્યમ વૈરાગ્યથી થોડા સમયમાં અને તીવ્ર વૈરાગ્યથી બહુ જલ્દી સમાધિ (મનની પ્રસન્નતા) નો લાભ યથાક્રમે સિદ્ધ થાય છે.''

પા.યો.દ.સૂ.૧-૨૨

આ પ્રથમગુણસ્થાનવર્તીઓને આવા પ્રકારનું બધું ઉચિત-વ્યાજબી-છાજતું છે એમ આચાર્યો-સૂરિપુરંદરો વદે છે-

મતલબ કે, પ્રથમ ગુણસ્થાનથી ભિન્ન બીજા, અને અપ્રમત્ત ગુણસ્થાનથી પહેલાના-દ્વિતીય-તૃતીય - ચતુર્થ-પંચમ-ષષ્ઠ ગુણસ્થાનવર્તી પુરૂષોમાં નિર્વેદ આદિની સિદ્ધિ, તથા પ્રકારની આરાધના, તથા પ્રકારનો પતનનો અભાવ રહે છે. હવે પ્રાર્થનારૂપ પ્રણિધાન સૂત્ર-જયવીયરાય સૂત્રની વ્યાખ્યા કરે છે કે, હૃદયગત ભાવોને પ્રગટ કરવા માટે 'જય વીતરાગ! જય જગદ્‌ગુરો!' આ શબ્દોદ્વારા ભગવંત-ત્રિલોકીનાથને આમંત્રણ આપવામાં આવે છે કે, અમારા મનમંદિરે પધારો-સન્નિધિ કરો-સ્થિતિ કરો-બિરાજમાન રહો!

(ભાવથી વીતરાગનું સંનિધાન કરવામાં આવ્યું છે અર્થાત્ શ્રી વીતરાગદેવને બુદ્ધિની સમીપ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.)

'હે ભગવન્! મને તમારા પ્રભાવથી-સામર્થ્યથી થાઓ!'

અહીં છેદન આદિ ક્રિયાના કુઠારા આદિકની માફક ભવ્યોને ભવનિર્વેદ આદિ પ્રગટ થવામાં ભગવંતનું પ્રધાન-અસાધારણ કારણપણું છે એમ સમજવું.

(વીતરાગ મહાપુરૂષ પોતે કોઈ પર રોષ કે તોષ કરતા નથી, તો પણ તેમના અવલંબનથી વીતરાગદેવના ઉપાસકો આત્મશક્તિનો અપૂર્વ વિકાસ સાધી શકે છે એટલે તે લાભ તેમના સામર્થ્યથી જ પ્રાપ્ત થયો ગણાય છે.)

'શું પ્રાપ્ત થાઓ ?' તે હવે કહે છે કે,

(૧) ભવનિર્વેદ=સંસારનિર્વેદ-જન્મજરામરણથી પીડિત સંસારથી વૈરાગ્ય, વિરક્તિ, અનાસક્તિ, ઉદાસીનતા, ભૌતિક-ભોગતૃષ્ણાનો અભાવ.

---

(૨) " " મધ્યમ "
(૩) " " ઉત્કૃષ્ટ "
(૪) **આસન્નતર-અતિ શીઘ્રભાવી જઘન્ય સમાધિ.**
(૫) " " મધ્યમ "
(૬) " " ઉત્કૃષ્ટ "
(૭) **આસન્નતમ-અતિઅતિ શીઘ્રભાવી જઘન્ય સમાધિ.**
(૮) " " મધ્યમ "
(૯) " " ઉત્કૃષ્ટ "

જેને આવો ભવનિર્વેદ પ્રગટયો નથી તે મોક્ષને માટે યથાર્થ પ્રયત્ન કરી શકતો નથી. મોક્ષપ્રયત્ન પ્રત્યે ભવનિર્વેદનો અભાવ-સંસારમોહ-માયાપ્રેમ-ભોગલાલસા પ્રતિબંધક છે. એટલે ભવનિર્વેદના અભાવવાળા પુરૂષે મોક્ષ માટેનો પ્રયત્ન રોક્યો-અટકાવ્યો છે અને સંસાર માટેનો પ્રયત્ન ચાલુ છે.

ભવનિર્વેદનો પ્રાણ નથી અને મોક્ષનો નામમાત્ર કહેવાતો પ્રયત્ન ચાલુ છે ત્યાં સંસારના મોહથી કરાતો નામમાત્ર મોક્ષપ્રયત્ન, વાસ્તવિક રીતે અયત્નરૂપ છે કેમકે-આ યત્ન, પુતળીના નૃત્યાદિની માફક નિર્જીવ-નિષ્પ્રાણ ક્રિયા સરખો છે.

(૨) માર્ગાનુસારિતા=અસદ્ગ્રહ× (કુતર્ક-કદાગ્રહ) ના વિજયદ્વારા તત્ત્વાનુસારિપણું (*મિથ્યાત્વના વિજયથી ઉત્પન્ન થયેલું તત્ત્વને અનુસરવાપણું) એમ સમજવું.

(૩) ઈષ્ટફલસિદ્ધિ-આગમાદિની સાથે વિરોધ વગરના અબાધિત-શાસ્ત્રાદિ વિહિત-પ્રશસ્ત-ઈષ્ટ ફલની સિદ્ધિ-પ્રાપ્તિ.

કારણ કે, ઈષ્ટ ફલની સિદ્ધિથી ઈચ્છતો વિજય (પરાજયનો અભાવ) થયેલ હોઈ, ચિત્તની પ્રસન્નતા થાય છે. એટલે ચિત્તની પ્રસન્નતાથી દેવપૂજા આદિ રૂપ ઉપાદેયમાં આદર-પ્રયત્ન થાય છે.

શંકા=ચિત્તપ્રસન્નતા શિવાય(અન્ય પ્રકારે)કોઈને ઉપાદેયાદર થવામાં શો વાંધો?

સમાધાન=જે પુરૂષને ભૌતિક આશાની ભરતી (જુવાળ) શમી નથી તે પુરૂષને જીવન ઉપાય-ગુજરાનના ઉપાયરૂપ ધંધા વિગેરેમાં આ ઉપાદેયાદર હોતો નથી. કેમકે તે વખતે ઔત્સુક્યે-ઉછળતી આશાની ભરતીએ ચિત્ત-મનને (ભાવ અધ્યવસાયને) આકુલ વ્યાકુલ-અસ્તવ્યસ્ત-ઘેલું ગાંડુ બનાવી દીધેલ હોય છે. આ પણ વિદ્વાન્ પુરૂષોનો વાદ છે-આવું વિદ્વાનોનું કહેવું છે.

હવે 'લોકવિરૂદ્ધ ત્યાગ'થી માંડી 'આભવમખંડા' સુધીની વ્યાખ્યા કરે છે. **'लोकविरूद्धत्यागः' लोकसंक्लेशकरणेन तदनर्थयोजनया महदेतदपायस्थानं, तथा 'गुरूजनपूजा' मातापितादिपूजेति भावः, तथा 'परार्थकरणं च,' जीवलोकसंसारं**

---

× આ કુતર્કરૂપી ગ્રહ એવો છે કે આ જીવને ચાર ગતિમાં અનેક પ્રકારે દુઃખ આપે છે. શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ તેનો નાશ કરવા રોગનું કામ કરે છે. રાગ દ્વેષના અભાવરૂપ જે શમભાવ પરમ શાંતિ તેને અપાય-કષ્ટ સમાન છે. દેવ ગુરૂ અને ધર્મરૂપ પરમતત્ત્વો અગર આત્મરૂપ પરમતત્ત્વ તેની શ્રદ્ધા તેનો નાશ કરવા આગમાર્થમાં સંદેહરૂપ છે. અસત્ અભિમાનને ઉત્પન્ન કરે છે. શુદ્ધ અંતઃકરણ તેનો નાશ કરવાને પ્રગટ રીતે અનેક પ્રકારે આર્યપુરૂષોના અવર્ણવાદ બોલવાના કારણથી ભાવશત્રુનું કામ કુતર્કરૂપી વિષમગ્રહ કરે છે માટે મુક્તિવાદીઓએ આ કુતર્કરૂપી વિષમ ગ્રહ છોડી દેવો જોઈએ.

* જ્યાં સુધી આ જીવ પૌદ્ગલિક ભાવનાઓનો ત્યાગ કરીને આધ્યાત્મિક ભાવનાઓનું સેવન કરતો નથી અર્થાત્ જીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધા રાખવા પૂર્વક પોતાનું જીવન વ્યતીત કરતો નથી, ત્યાં સુધી તે મોક્ષ ભણી પ્રયાણ કરતો નથી; તેથી તત્ત્વને અનુસરવું તે જ 'મોક્ષમાર્ગનું અનુસરણ' છે.

**पौरूषचिह्नमेतत्, सत्येतावति लौकिके सौन्दर्ये लोकोत्तर-धर्म्माधिकारीत्यतआह 'शुभगुरूयोगो' विशिष्टचारित्रयुक्ताचार्य-सम्बन्धः, अन्यथाऽपान्तराले सदोषपथ्यलाभतुल्योऽयमित्ययोग एव, तथा 'तद्वचनसेवना' यथोदितगुरूवचनसेवना, न जातुचिदयमहितमाहेति। न सकृत् नाप्यत्यकालमित्याह-'आभवमखण्डा' आजन्म आसंसारं वा सम्पूर्णा भवतु ममेति, एतावत्कल्याणावाप्तौ द्रागेव नियमादपवर्गः, फलति चैतदचिन्त्यचिन्तामणेर्भगवतः प्रभावेणेति गाथाद्वयार्थः ॥**

ભાવાર્થ=હે ભગવન્ જેમ તમારા સામર્થ્યથી ભવનિર્વેદ માર્ગાનુસારિતા-ઈષ્ટ ફલસિદ્ધિ તેમ 'લોક વિરૂદ્ધ ત્યાગ હોજો'

(૪) લોકવિરૂદ્ધત્યાગ=લોકવિરૂદ્ધ એટલે લોકમાં કે લોકની સાથે સંક્લેશ(ઝગડો-કજીયો)કરવા દ્વારા લોકને અનર્થમાં-પાપહેતુમાં જોડવા રૂપ યોજનાથી-લોકને નુકશાની કે પાયમાલી મુશ્કેલીમાં ઉતારનાર હોઈ આ લોકવિરૂદ્ધ કર્તવ્ય, મોટું અપાયનું (વિઘ્ન વિનાશ-બલવત્ અનિષ્ટ નરક આદિનું) સ્થાન છે. માટે તેનો ત્યાગ, મહામહોદયકર છે.

(લોક એટલે શિષ્ટજનોનો સમુદાય. તે જેની નિંદા કરે તે જેને એકી અવાજે વખોડી કાઢે તેવા અનુષ્ઠાનનો-તેવી પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે 'લોકવિરૂદ્ધ ત્યાગ.'

'જેમ હે ભગવાન્! ભવનિર્વેદ તમારા સામર્થ્યથી છે તેમ 'ગુરૂજનપૂજા' હોજો.'

(૫) ગુરૂજનપૂજા-ગુરૂઓ જો કે ધર્માચાર્યો જ કહેવાય છે, પરંતુ અહીં ગુરૂ શબ્દથી માતા-પિતા વિગેરેને પણ ગ્રહણ કરી શકાય છે, માતા, પિતા, કલાચાર્ય, અને તેમાં જ્ઞાતિજનો-બંધુજનો તથા વૃદ્ધો અને ધર્મોપદેશકો એ બધાને સજ્જનોએ 'ગુરૂવર્ગ' તરીકે માનેલ છે. અર્થાત્ ગુરૂજનની ગુરૂવર્ગની પૂજા-ભક્તિ-સેવા-આજ્ઞાપાલન આદિ તે 'ગુરૂજન પૂજા' કહેવાય.

'જેમ હે ભગવન્ ભવનિર્વેદાદિ તમારા સામર્થ્યથી છે, તેમ 'પરાર્થકરણ' મને તમારા પ્રભાવથી હોજો'

(૬) પરાર્થકરણ=બીજાનું ભલું થાય તેવી પ્રવૃત્તિ કરવારૂપ પરાર્થકરણ, એ જીવલોકનું કે જીવલોકમાં સાર (ફલ-તાત્પર્ય) છે. અને પૌરૂષના (વિક્રમ-શૌર્ય-મર્દાઈના) ચિહ્ન-લક્ષણરૂપ છે.

તથાચ ભવનિર્વેદ-માર્ગાનુસારિતા-ઈષ્ટફલ સિદ્ધિ લોકવિરૂદ્ધ ત્યાગ ગુરૂજન પૂજા-પરાર્થકરણરૂપ લૌકિક સૌન્દર્ય (સુંદરતા-શુભ ગુણની ખુબ સુરતી) હોયે છતે જ લોકોત્તર (સમ્યગ્દ્રષ્ટિ આદિ ગુણ સ્થાનકરૂપ લોકોત્તર) ધર્મના અધિકારી-પાત્ર-થવાય છે. એટલે જ કહે છે કે ''જેમ હે ભગવાન્! ભવનિર્વેદાદિ છે તેમ તમારા પ્રભાવથી મને 'શુભ ગુરૂ યોગ' હોજો.''

(૭) શુભગુરૂયોગ=વિશિષ્ટ ચારિત્રશીલ-ઉત્તમકોટીના ચારિત્ર પાલક-નિષ્કલંક ચારિત્રશાલી આચાર્યનો સંબંધ-યોગ તે અહીં 'શુભગુરૂયોગ' સમજવો.

અન્યથા-વિશિષ્ટ ચારિત્રયુક્ત આચાર્યરૂપ ગુરૂ શિવાય બીજા અવિશિષ્ટ શિથિલ-પાસત્થા આદિનો યોગ-

સંબંધ, (સંબંધ થયા પછી વચગાળામાં) દોષ સહિત (વિકારવાળા) પથ્યના (હિતકર વસ્તુ-પરહેજી-વૈદે જે કહ્યું તે ખાન-પાનના) લાભ-પ્રાપ્તિ સરખો આ યોગ, તે વાસ્તવિક રીતે અયોગ જ કહેવાય-શુભ યોગ ન કહેવાય. કારણ કે, પાસત્થાદિનો યોગ, દુષ્ટફલજનક કે ફલના અભાવવાળો છે.

'હે ભગવાન્! જે ભવનિર્વેદાદિ (૭) તારા પ્રભાવથી છે તેમ તારા સામર્થ્યથી મને 'તદ્વચનસેવના' આભવં અખંડા હોજો.'

(૮) તદ્વચનસેવના-યથોદિત-પૂર્વકથિત વિશિષ્ટચારિત્રયુક્ત આચાર્યરૂપ ગુરુના વચનની સેવના-વચન પ્રમાણે ચાલવું તે હોજો! કેમકે, વિશિષ્ટચારિત્રયુક્ત આચાર્યરૂપ ગુરુ, કદાચિત્ પણ અહિતકારી અકલ્યાણકારી બોલતા નથી પરંતુ પરહિતકારી જ બોલે છે.

(આ બધી પ્રાર્થનારૂપ અભિલાષા, 'અપ્રમત્તસંયત'થયા પહેલાં રાખવાની છે, કારણ કે, 'અપ્રમત્તસંયતને' તો મોક્ષની પણ અભિલાષા નથી.) આ વિશિષ્ટ ચારિત્રવંત આચાર્યભગવંતના વચનની સેવા એકવાર નહિ, અલ્પ કાલ (થોડા વખત) સુધી નહિ એ વિષયને કહે છે કે 'આભવં અખંડા' ભવ એટલે જન્મ (ચાલુ જિંદગી) સુધી અથવા સંસાર કર્મસંબંધરૂપ (સંસાર) સુધી મને વિશિષ્ટ ચારિત્રયુકત આચાર્યરૂપ ગુરુવચનની સેવા હે ભગવાન્ તારા સામર્થ્યથી હોજો.

તથા ચ ×ભવનિર્વેદ-*માર્ગાનુસારિતા-ઈષ્ટફલસિદ્ધિ-લોકવિરુદ્ધત્યાગ-ગુરુજનપૂજા-પરાર્થકરણ-શુભગુરુયોગ-આભવ અખંડ તદ્વચન સેવારૂપ આ કલ્યાણ (શિવમંગલમાલા) ની પ્રાપ્તિ થયે છતે જલ્દી-સપાટાબંધ એટલે આઠ ભવની અંદર જ નિયમા-ચોક્કસ-એકાંતે મોક્ષ થાય છે અને આ ભવનિર્વેદાદિરૂપ આઠ ગુણો, કલ્યાણરૂપ ગુણો અચિંત્ય (અકલ્પિત) ચિંતામણિરૂપ વીતરાગ ભગવંત ત્રિલોકનાથના પ્રભાવથી-સામર્થ્ય-પ્રસાદથી ફળે છે, પ્રગટ થાય છે, પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે બે ગાથાનો અર્થ-ભાવાર્થ જાણવો.

હવે શાસ્ત્રકાર પ્રણિધાનવિષયક ચર્ચા બહુ જ સુંદર શૈલીમાં કરે છે.

**सकलशुभानुष्ठाननिबन्धनमेतत्, अपवर्गफलमेव, अनिदानं तल्लक्षणायोगादिति दर्शितं, असङ्गतासक्तचित्तव्यापार एष महान्, न च प्रणिधानादृते प्रवृत्त्यादयः, एवं कर्त्तव्यमेवैतदिति, प्रणिधानप्रवृत्तिविघ्नजयफलविनियोगान्तमुत्तरोत्तरभावात्, आशयानुरूपः कर्मबन्ध इति, न खलु तद्विपाकतोऽस्यासिद्धिः स्यात्, युक्त्यागमसिद्धमेतत्, अन्यथा प्रवृत्त्याद्ययोगः, उपयोगाभावादिति, नानधिकारिणामिदं, अधिकारिणश्चास्य य एव वन्दनाया उक्ताः, तद्यथाएतद्बहुमानिनो विधिपरा उचितवृत्तयश्चोक्तलिङ्गा एव, प्रणिधानलिङ्गं तु विशुद्धभावनादि, यथोक्तं-'विशुद्धभावनासारं, तदर्थार्पितमानसम् । यथाशक्तिक्रियालिङ्गं, प्रणिधानं मुनिर्जगौ ॥ १ ॥' इति, स्वल्पकालमपि शोभनमिदं, सकलकल्याणाक्षेपात्, अति गम्भीरोदाररूपमेतत्, अतो हि प्रशस्तभावलाभाद्विशिष्टक्षयोपशमादिभावतः प्रधानधर्म्मकायादिलाभः, तत्रास्य सकलोपाधिविशुद्धिः, दीर्घकालनैरन्तर्यसत्कारासेवनेन श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञावृद्धया, नहि समग्रसुखभाक् तदङ्गहीनो भवति, तद्वैकल्येऽपि तद्भावेऽहेतुकत्वप्रसङ्गात्, न चैतदेवं भवतीति योगाचार्यदर्शनम्, सेयं भवजलधिनौः प्रशान्तवाहितेति परैरपि गीयते, अयमज्ञातज्ञापनफलः सदुपदेशो हृदयानन्दकारी परिणमत्येकान्तेन, ज्ञाते त्वखण्डनमेव भावतः, अनाभोगतो भोगतोऽपि मार्ग्गगमनमेव सदन्धन्यायेनेत्यध्यात्मचिन्तकाः ॥**

ભાવાર્થ-આ ભવનિર્વેદાદિ ગુણાષ્ટક કલ્યાણવિષયક પ્રાર્થનારૂપ પ્રણિધાન, સકલ શુભ અનુષ્ઠાનના કારણરૂપ, મોક્ષરૂપી ફળવાળું (જનક) છે જ.

વળી આ વિશિષ્ટ પ્રણિધાન, નિયાણારૂપ નથી. કેમ કે, ભૌતિકભોગ્ય પદાર્થ વિષયક પ્રાર્થના-આસક્તિરૂપ અભિષ્વંગ લક્ષણનો અભાવ છે. આ વિષયની ચર્ચા પૂર્વે કરી દીધેલ છે, ત્યાંથી જાણી લેવી. મોક્ષકારણ પ્રણિધાનરૂપ હોઈ આ અસંગતા (રાગ-દ્વેષ-મોહના સંગના અભાવરૂપ અસંગતા-વીતરાગતાદિમાં) સક્ત-લાગેલ-ચિત્ત- (મન) નો વ્યાપાર, મોટો છે- મહત્ત્વશાલી છે.

વળી પ્રણિધાન વગર પ્રવૃત્તિઆદિનો અભાવ છે. આ પ્રમાણે-પ્રણિધાનની સત્તામાં જ પ્રવૃત્તિ આદિની સત્તા હોઈ આ પ્રણિધાન, અવશ્ય કર્તવ્ય છે. કેમ કે; [1]પ્રણિધાન છે તો પ્રવૃત્તિ છે. અને [2]પ્રવૃત્તિ છે તો વિઘ્નજય છે. અને [3]વિઘ્નજય છે તો ફલરૂપ સિદ્ધિ છે. અને [4]ફલરૂપ સિદ્ધિ છે તો જ [5]વિનિયોગ છે. એમ પૂર્વ પૂર્વ કારણ અને ઉત્તરોત્તર કાર્ય છે.

વળી અહીં 'આશય પ્રમાણે કર્મબંધ' 'પરિણામે બંધ' આવો નિયમ છે એટલે પ્રણિધાન (આશયરૂપ પ્રણિધાનના) વિપાક-મોક્ષરૂપ ફલથી શું કર્મબંધની અસિદ્ધિ થશે એવી શંકા નહિ કરવી કેમકે,'મન એ જ મનુષ્યના બંધ-મોક્ષનું કારણ છે.' આવો નિયમ હોઈ કર્મબંધરૂપ ફલજનક આશયરૂપ મન જુદું છે, ભિન્ન છે. એટલે પ્રણિધાનરૂપ આશય વિશેષના વિપાક-મોક્ષરૂપ ફલથી કર્મબંધની અસિદ્ધિ નથી.

વળી આ કર્મબંધ, યુક્તિ અને આગમપ્રમાણથી સિદ્ધ જ છે. અન્યથા-કર્મબંધરૂપ ફલજનક આશય માનવામાં આવે અને મોક્ષફલજનક પ્રણિધાનરૂપ આશય ન માનવામાં આવે તો-

---

**૧ પ્રણિધાન=પોતાના કરતા હીન ગુણવાળા ઉપર દ્વેષ રાખ્યા શિવાય, તેના ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ સહિત, વર્તમાન ધર્મ સ્થાનના કર્તવ્યમાં ઉપયોગ રાખવો તે.**

**૨ વર્તમાન ધર્મસ્થાનના ઉદ્દેશથી તેના ઉપાય સહિત ક્રિયામાં વિધિ શુદ્ધ અને જલ્દી ક્રિયાની સમાપ્તિ કરવાની ઈચ્છારૂપ ઉત્સુકતા રહિત જે તીવ્ર પ્રયત્ન તે અહીં પ્રવૃત્તિ સમજવી.**

**૩ વિઘ્નજય=ધર્મ ક્રિયામાં અન્તરાયને દૂર કરનાર પરિણામ. તે ત્રણ પ્રકારે છે. (૧) ભૂખ તરસ ઈત્યાદિ પરીષહો, (૨) શારીરિક રોગો, (૩) મનની ભ્રાંતિ. એ ત્રણ પ્રકારના ધાર્મિક પ્રવૃત્તિમાં વિઘ્ન છે. અને તેનો જે પરિણામથી જય થાય તે વિઘ્નજય. સાધુને મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ કરતા ક્ષુધા, તૃષા ઈત્યાદિ પરીષહો પ્રાપ્ત થાય તેને તિતિક્ષા ભાવના વડે સહન કરે તે પ્રથમ વિઘ્નજય. સાધુને શારીરિક રોગો પ્રાપ્ત થાય ત્યારે વિચારે કે, મારા સ્વરૂપના બાધક નથી પણ દેહ માત્રના બાધક છે, એ ભાવનાથી સમ્યગ્ધર્મનું આરાધન કરવામાં સમર્થન થાય તે મધ્યમ વિઘ્નજય. મોક્ષ માર્ગમાં પ્રવર્ત્તતા સાધુને મિથ્યાત્વાદિથી મનો વિભ્રમ થાય તો મિથ્યાત્વની પ્રતિપક્ષભાવના વડે મનોવિભ્રમને દૂર કરે તે ઉત્તમ વિઘ્નજય.**

**૪ ફલરૂપ સિદ્ધિ=અહિંસાદિતાત્ત્વિકધાર્મિક ભૂમિકાની પ્રાપ્તિ, જેથી અધિક ગુણવાળા પ્રત્યે બહુમાનાદિ, મધ્યમ ગુણવાળા પ્રત્યે ઉપકારની ભાવના અને હીન ગુણવાળા પ્રત્યે કે નિર્ગુણના પ્રત્યે દયા-દાન વિગેરેની પ્રવૃત્તિ થાય તે.**

**૫ જે અહિંસાદિ ધાર્મિક ભૂમિકા પ્રાપ્ત કરીને તેને ઉપાયદ્વારા બીજાને પ્રાપ્ત કરાવવી તે વિનિયોગ.**

પ્રણિધાન ઉપયોગનો અભાવ હોઈ પ્રવૃત્તિ આદિ યોગનો અભાવ થશે! કારણ કે, કારણના અભાવમાં કાર્યનો અભાવ છે. તથાચ પ્રવૃત્તિ આદિ કાર્યરૂપ યોગની સિદ્ધિ તો કારણ તરીકે આશયવિશેષરૂપ પ્રણિધાન અવશ્ય માનવું જ પડશે.

વળી આ પ્રણિધાન, અનધિકારીઓ માટે નથી. પરંતુ અધિકારીઓના જ માટે છે.

વળી વંદનાના (ચૈત્યવંદનાના) અધિકારીઓ પૂર્વે કહેવાયેલા છે. જેમ કે 'એતદ્બહુમાનિઓ-વિધિપર-ઉચિત વૃત્તિવાળા-કથિત લક્ષણવાળાઓ'એ રૂપ જે અધિકારીઓ પૂર્વકથિત છે. તે જ અધિકારીઓ પ્રણિધાનના સમજી લેવા.

એવંચ-પ્રણિધાનનું લક્ષણ તો, વિશુદ્ધ ભાવના આદિ જાણવું.

શાસ્ત્રમાં કહ્યું છે કે ''જે વિશુદ્ધ ભાવનાથી પ્રધાન છે, જે મન તેના (વીતરાગના) અર્થમાં-વિષયમાં અર્પિત-સમર્પિત થયેલ છે. તથા યથાશક્તિ પ્રમાણે ક્રિયારૂપ ચિહ્નથી જે યુક્ત છે તે, મુનિએ પ્રણિધાન કહ્યું છે.''

બીજું એ કે આ થોડા વખત સુધીનું (અલ્પકાલીન પણ) પ્રણિધાન, સુંદર છે, સારૂં છે. કેમકે, સકલ અભ્યુદય અને મહોદયના પ્રત્યે અવંધ્યઅમોઘ-અવ્યવહિત-અસાધારણ મૂલ કારણ છે.

આ જ વસ્તુને વધુ વિચારે છે કે-

આ વિશુદ્ધ ભાવના આદિ લક્ષણવાળું પ્રણિધાન, અત્યંત ગંભીર અને ઉદાર છે. (અતિ ગંભીર અને ઉદારનો પૂર્વે અર્થ કહેવાઈ ગયેલ છે. ત્યાંથી જોવો) કારણકે, એથી જ રાગદ્વેષ-મોહથી અસ્પૃષ્ટ એવા પ્રણિધાનની પ્રાપ્તિરૂપ પ્રશસ્ત ભાવ દ્વારા મિથ્યાત્વ મોહનીય આદિનો તેમજ શુદ્ધ-મનુષ્યગતિ, સુસંસ્થાન, સુસંહનન આદિ કર્મનો યથાયોગ્ય ક્ષયોપશમ (એક દેશના ક્ષયરૂપ ક્ષયોપશમ) આદિ થાય છે. (આદિ શબ્દથી શુદ્ધ મનુજ ગતિ આદિ કર્મનો બંધ થાય છે એમ પણ સમજવું) એટલે પરલોકમાં પ્રધાન-દૃઢ સંહનન (સંઘયણ) અને શુભ સંસ્થાનપણાએ સર્વોત્કૃષ્ટરૂપ પ્રધાન એવા ધર્મકાય આદિનો-ધર્મની આરાધનાયોગ્ય શરીર આદિનો (અહીં આદિ શબ્દથી નિર્મલ કુલ-જાતિ-આયુષ્ય-દેશ-કલ્યાણમિત્ર આદિનો એવો અર્થ જાણવો) લાભ (પ્રાપ્તિ) થાય છે.

તથાચ પ્રશસ્તભાવલાભરૂપ પ્રણિધાનથી વિશિષ્ટ ક્ષયોપશમ આદિ થાય છે, અને વિશિષ્ટ ક્ષયોપશમ આદિથી પ્રધાન ધર્મકાય આદિનો લાભ મળે છે. એવંચ તે ધર્મકાય આદિનો લાભ થાય છે તે પ્રણિધાન કરનાર પુરૂષને સકલ ઉપાધિની વિશુદ્ધિ (નિષ્કલંક સ્થાનરૂપ હોઈ સઘળી વસ્તુની વિશેષ રીતે શુદ્ધ) થાય છે. કેમકે; લાંબા કાલ સુધી (લાખો પૂર્વ પ્રમાણ લાંબા કાલ સુધી) વિઘ્ન વગર-સહીસલામત સતત-અસ્ખલિત અવિચ્છિન્નધારાએ જિનપૂજારૂપ સત્કારના અનુભવરૂપ આરાધનાથી ૧ શ્રદ્ધા-શુદ્ધ માર્ગ વિષય રૂચિ. ૨ વીર્ય-અનુષ્ઠાન વિષયક શક્તિ. ૩ સ્મૃતિ-અનુભૂત પદાર્થ વિષયક જ્ઞાનવૃત્તિ-શક્તિ. (યાદદાસ્ત) ૪ સમાધિ ચિત્તની સ્વસ્થતા-પ્રસન્નતા. ૫ પ્રજ્ઞા-બહુ બહુવિધ આદિથી ગહન વિષય વાળી અવબોધ જ્ઞાનશક્તિ. એ રૂપ શ્રદ્ધાદિ પાંચોની વૃદ્ધિ (ઉત્કર્ષ-ઉદય ઉન્નત્તિ-ચડતી-ભરતી) થાય છે. જે પુરૂષે, જિનપૂજારૂપ સત્કારની

આરાધના કરી નથી તે પુરૂષે ભવનિર્વેદાદિ ગુણાષ્ટકરૂપ કલ્યાણના દર્શન સુદ્ધાં પણ કર્યા નથી. એટલે તે પુરૂષનો ભવનિર્વેદ આદિની આકાંક્ષા-ઈચ્છાનો અસંભવ હોઈ ચિત્તની અપ્રસન્નતા છે. એટલે જ શ્રદ્ધાઆદિ પંચકની તથા પ્રકારની વૃદ્ધિનો અભાવ છે.

હવે આ વસ્તુને વ્યતિરેક દ્રષ્ટિએ પ્રતિવસ્તુના ઉપન્યાસદ્વારા કહે છે કે,

'સમગ્ર સુખના હેતુરૂપ-વય, વિચક્ષણતા, દાક્ષિણ્ય, વૈભવ, ઔદાર્ય, સૌભાગ્ય વિગેરેથી જે રહિત છે, તે સમગ્ર સુખને ભજનારો-સંપૂર્ણ વૈષયિક સુખને સેવનારો-સમગ્ર અભ્યુદયના સુખવાળો હોતો નથી. કારણ કે, જો સમગ્ર સુખરૂપ કાર્યના કારણસમુદાયના અભાવમાં સમગ્ર સુખની ઉત્પત્તિ માનવામાં આવે તો અહેતુકપણા-નિર્હેતુક-હેતુ વગર કાર્યોત્પત્તિનો પ્રસંગ આપત્તિ-પ્રાપ્તિ થાય! (કારણાભાવપ્રયુક્ત કાર્યોત્પત્તિરૂપ વ્યતિરેક વ્યભિચાર નામનો દોષ લાગુ પડે! અને જે દુનીયાનો અચલ નિયમ છે કે, 'કારણ જોગે રે કારજ નીપજે' અર્થાત્ કારણના યોગથી કાર્યની ઉત્પત્તિ છે અને કારણયોગ શિવાય કાર્યની ઉત્પત્તિ નથી એ નિયમનો બાધ આવે! એટલે શ્રદ્ધાદિ પંચકવૃત્તિના પ્રત્યે દીર્ઘકાલ નૈરંતર્યથી સત્કારની આરાધના એ જ કારણ છે. અર્થાત્ દીર્ઘકાલ નૈરન્તર્યેણ સત્કારાસેવનરૂપ કારણ હોય છે તે શ્રદ્ધાદિપંચકવૃદ્ધિરૂપ કાર્યની ઉત્પત્તિ છે. દીર્ઘકાલ નૈરન્તર્યથી સત્કારસેવનરૂપ કારણના અભાવમાં શ્રદ્ધાદિપંચકની વૃદ્ધિરૂપ કાર્યનો અભાવ છે) આ પ્રમાણે-જેમ સમગ્ર સુખરૂપ કાર્ય નિર્હેતુક નથી પરંતુ સહેતુક (હેતુજન્ય) છે તેમ આ શ્રદ્ધાદિ વસ્તુ, નિર્હેતુક નથી પરંતુ સહેતુક છે. એવું પ્રતિપાદન યોગાચાર્યનું દર્શન કરે છે એમ સમજવું.

ભાવરૂપી જલનિધિ (સાગર) માં નૌકારૂપ આ પ્રણિધાનને 'પ્રશાંતવાહિતા' તરીકે બીજા લોકો નવાજે છે. અર્થાત્ આ પ્રણિધાનની [૧]'પ્રશાંતવાહિતા' તરીકે [૨]બીજા લોકો સ્તુતિ કરે છે.

(અજાણને જણાવવારૂપ ફળવાળો આ સદ્ (સુંદર-સત્ય) ઉપદેશ, એકાંતે હૃદયને આનંદ કરનાર તરીકે પરિણમે છે. (હૃદયાનંદરૂપ ફલદાયક નીવડે છે) અને જાણ પ્રત્યે ભાવથી અખંડન-અવિચ્છન્નતારૂપ ફળવાળો થઈ પરીણમે છે. ઈરાદાપૂર્વક કે ઈરાદા વગર) જાણ્યે કે અજાણ્યે પણ માર્ગમાં સંચરવુ ×'સદ્અન્ધન્યાયથી બરોબર છે એમ અધ્યાત્મ ચિંતકો વદે છે.

---

૧ ''प्रशांतवाहिता वृत्तेः संस्कारात्स्याच्चिरोधजात्, पादुर्भावतिरोभावौ तद्व्युत्थानजयोरयम् ॥ द्वा. द्वा. २४-२३

**પ્રશાંતવહિતા એટલે વિક્ષેપના પરિહારથી સદશપ્રવાહ પરિણામિતા, એક સરખી પ્રવાહ રૂપ પરિણામિતા. તે વૃત્તિ એટલે વૃત્તિમય ચિત્તના નિરોધજન્ય અને વ્યુત્થાનજન્ય સંસ્કારના અનુક્રમે પ્રાર્દુભાવતિરોભાવ તે નિરોધ છે.**

**જ્યાં રાગાદિક્ષયક્ષયોપશમરૂપ અખંડ શાંતસુધારસનો પ્રશાંત એકધારો પ્રવાહ વહ્યા કરે છે તે પ્રશાંતવાહિતા. અસંગ અનુષ્ઠાનને પ્રશાંતવહિતા તરીકે ઓળખાવવામાં આવે છે.**

**૨ સાંખ્યો=સાંખ્યદર્શની-યોગદર્શનીઓ.**

**× પ્રજ્ઞાવાન્ દેખતાની પાછળ આંધળાએ ચાલવું તે સદ્ અન્ધન્યાય કહેવાય છે. અર્થાત્ આ ન્યાયથી માર્ગાનુસારી આત્માની અનાભોગવાળી અને અવિધિવાળી ધર્મક્રિયા પણ માર્ગમાં લઈ જનારી છે.**

હવે શાસ્ત્રકાર, પ્રણિધાનપર્યંત ચૈત્યવંદન, પછી આચાર્યાદિવંદના એમ દર્શાવી ત્યારબાદ પુરૂષ, યથોચિત કર્તવ્ય કરે છે. એમ દર્શાવી પછીથી આ વસ્તુની સિદ્ધિ માટે સદ્‌બોધનો ઘોષ વર્ષાવી ચૈત્યવંદન વ્યાખ્યાનનું માહાત્મ્ય બતલાવી ગ્રન્થની 'વિરહ' શબ્દથી સમાપ્તિ કરે છે.

तदेवंविधशुभफलप्रणिधानपर्यन्तं चैत्यवन्दनं, तदन्वाचार्यादीनभिवन्द्य यथोचितं करोति कुर्वन्ति वा कुग्रहविरहेण । एतत्सिद्धये तु यतितव्यमादिकर्म्मणि, परिहर्त्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्ग्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रेण, प्रवर्त्तितव्यं दानादौ, कर्त्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्म्मशास्त्रं, भावनीयं महायत्नेन, प्रवर्त्तितव्यं विधानतः, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनीया आयतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानेन, सेवितव्यो गुरूजनः, कर्त्तव्यं योगपटदर्शनं, स्थापनीयं तद्वुपादि चेतसि, निरूपयितव्या धारणा, परिहर्त्तव्यो विक्षेपमार्ग्गः, यतितव्यं योगसिद्धौ, कारयितव्या भगवत्प्रतिमाः, लेखनीयं भुवनेश्वरवचनं, कर्त्तव्यो मङ्गलजापः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदनीयं कुशलं, पूजनीया मन्त्रदेवताः, श्रोतव्यानि, सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन, एवंभूतस्येह प्रवृत्तिः सा सर्वैव साध्वी, मार्ग्गानुसारी ह्ययं नियमादपुनर्बन्धकादिः, तदन्यस्यैवंभूतगुणसम्पदोऽभावात्, अत आदित आरभ्यास्य प्रवृत्तिः सत्प्रवृत्तिरेव नैगमानुसारेण चित्रापि प्रस्थकप्रवृत्तिकल्पा, तदेवदधिकृत्याहुः-'कुठारादिप्रवृत्तिरपि रूपनिर्म्माणप्रवृत्तिरेव' तद्वदादिधार्म्मिकस्य धर्म्मे कात्स्न्येन तद्‌गामिनी न तब्दाधिनीति हार्दाः ॥ तत्त्वाविरोधकं हृदयमस्य, ततः-समन्तभद्रता, तन्मूलत्वात्सकलचेष्टितस्य एवमतोऽपि विनिर्गततत्तद्दर्शनानुसारतः सर्वमिह योज्यं, सुप्तमण्डितप्रबोधदर्शनादि, + न ह्येवं प्रवर्त्तमानो नेष्टसाधक इति भग्नोऽप्येतद्यत्नलिङ्गोऽपुनर्बधक इति तं प्रत्युपदेशसाफल्यं, नानिवृत्तिधिकारायां प्रकृतावेवंभूत इति कापिलाः, न अनवाप्तभवविपाक इति च सौगताः, अपुनर्बंधकास्त्वेवंभूता इति जैनाः, तच्छ्रोतव्यमेतदादरेण, परिभावनीयं सूक्ष्म बुद्धया, शुष्केक्षुचर्वणप्रायमविज्ञातार्थमध्ययनं, रसतुल्यो ह्यत्रार्थः, स खलु प्रीणयत्यन्तरात्मानं, ततः संवेगादिसिद्धेः, अन्यथात्वदर्शनात्, तदर्थं चैष प्रयास इति न प्रारब्धप्रतिकूलमासेवनीयं, प्रकृतिसुन्दरं चिन्तामणिरत्नकल्पं संवेगकार्यं चैतदिति महाकल्याणविरोधि न चिन्तनीयं, चिन्तामणिरत्नेऽपि सम्यग्ज्ञानगुण एव श्रद्धाद्यतिशयभावतोऽविधिविरहेण महाकल्याणसिद्धिरित्यलं प्रसङ्गेन ॥

आचार्यहरिभद्रेण दृब्धा सन्न्यायसङ्गता । चैत्यवन्दनसूत्रस्य वृत्तिर्ललितविस्तरा ॥ १ ॥ य एनां भावयत्युच्चैर्मध्यस्थेनान्तरात्मनात । सद्वन्दनां सुबीजं वा, नियमादधिगच्छति ॥ २ ॥ पराभिप्रायमज्ञात्वा, तत्कृतस्य न वस्तुनः । गुणदोषौ सतां वाच्यौ प्रश्न एव तु युज्यते ॥ ३ ॥ प्रष्टव्योऽन्यः परीक्षार्थमात्मनो वा परस्य च । ज्ञानस्य वाऽभिवृद्ध्यर्थं, त्यागार्थं संशयस्य च ॥ ४ ॥ कृत्वा यदर्जितं पुण्यं, मयैनां शुभभावतः । तेनास्तु सर्व्वसत्त्वानां मात्सर्यविरहः परः ॥ ५ ॥

## इति ललितविस्तरा नाम चैत्यवन्दनवृत्तिः समाप्ता ॥

---

+ અહીં આદિ પદથી 'सुप्तसमुद्रतीर्णदर्शन' ઈત્યાદિ ઉપમાઓ સમજવી. સુપ્તસમુદ્રતીર્ણદર્શન-નિદ્રામાં સુતેલો કોઈ માણસ સમુદ્ર તરી ગયા પછી જાગ્રત થાય ત્યારે જેટલો વિસ્મય પામે તેટલો વિસ્મય સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ વખતે પૂર્વે કરેલી ધર્મક્રિયાઓને જાણી સમ્યગ્દ્રષ્ટિને થાય છે.

**कृतिर्धर्म्मतो याकिनीमहत्तरासूनोराचार्यहरिभद्रस्येति ॥**

ભાવાર્થ-તેથી આવા 'પ્રકારના' શુભફલજનક પ્રણિધાન 'જયવીયરાય' સુધીનું ચૈત્યવંદન સમજવું. ત્યારબાદ કુગ્રહ (કદાગ્રહ-પૂર્વગ્રહ-અસદ્ અભિનિવેશ) ના વિરહ-પરીહારપૂર્વક (ગુરૂવંદનનો પ્રસ્તાવ શરૂ થતો હોઈ) આચાર્ય આદિને વંદના કરી ઉચિત પ્રમાણે જે હોય તે કર્તવ્ય એક કે અનેક કરે છે,- વર્તન કરે છે.

હવે આ શુભફલજનક પ્રણિધાનપર્યન્ત ચૈત્યવંદનની સિદ્ધિ ખાતર અથવા સામગ્રીસંપાદનસમર્થ પ્રણિધાન કે ઉચિત કર્તવ્યની ખાતર-

(૧) [૧]દયાલુતા આદિ. અક્ષુદ્રતા આદિ. દેવગુરૂ બહુમાન આદિરૂપ આદિ(શરૂઆતના)કર્મ-ક્રિયાવિશેષમાં પ્રયત્ન કરો.

(૨) [૨]પાસત્થા આદિ અકલ્યાણ મિત્રોનો યોગ છોડી દો!

---

૧ ભદ્રો! તમે વિશુદ્ધ ધર્મોનું સાધન તમારા આત્માને પ્રાપ્ત થાય એવી ઈચ્છા રાખો છો તો તમારૂં પ્રથમ કર્તવ્ય તો એ છે કે શરૂઆતમાં તમારે દયાલુતા સેવવી, બીજાનો જરાપણ તિરસ્કાર કરવો નહિ, ક્રોધીપણું તદ્દન છોડી દેવું, ખરાબ સાથેનો સંબંધ સર્વથા તજી દેવો, જુઠા પણાનો સર્વથા ત્યાગ કરવો, અન્યના ગુણ તરફ પ્રેમ કરવાનો અભ્યાસ પાડવો, ચોરી કરવાની બુદ્ધિ પણ ન કરવી, મિથ્યા ગુમાનને તદ્દન તજી દેવું, પરસ્ત્રીનો કોઈપણ પ્રકારનો અભિલાષ ન કરવો, પોતાને ધન-ઋદ્ધિ કે જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેનો ગર્વ છોડી દેવો, દુઃખી પ્રાણીઓને દુઃખમાંથી છોડાવવાની ઈચ્છા ધારણ કરવી, ગુરૂમહારાજની ભક્તિ કરવી, દેવને વંદન કરવું, સગા સંબંધીઓનું યોગ્ય સન્માન કરવું. પ્રેમ રાખનાર જનોની હોંશો પૂરી કરવી, મિત્રવર્ગને અનુસરવું. પારકાના દોષો કે અપવાદો જરાપણ બોલવા નહિ, પારકાના ગુણોને ગ્રહણ કરવા પોતાના ગુણોની પ્રશંસા કરતાં શરમાવું, પોતે જરા નાનું સરખું કામ કર્યું હોય તો તેને મનમાં વારંવાર સંભાર્યા કરવું, પારકાને માટે-પરોપકાર કરવા સારૂ બને તેટલો પ્રયત્ન કરવો, મહાપુરૂષોની સાથે પહેલાં બોલવું, ધર્મ કરનાર માણસોની હંમેશા અનુમોદના કરવી. પારકાની ખાનગી વાતો જરાપણ પ્રગટ કરવી નહિ, અને હંમેશા સારો વેષ પહેરવો અને આચારો પણ સારા રાખવાં-આ પ્રમાણે કરવાથી સર્વજ્ઞ મહારાજે બતાવેલ શુદ્ધ ધર્મનું અનુષ્ઠાન કરવાની યોગ્યતા તમને પ્રાપ્ત થશે.

૨ પાર્શ્વસ્થના ૨ પ્રકાર છે તે આ પ્રમાણે (૧) સર્વપાસત્થો=સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ સર્વરહિત કેવલ વેશધારી હોય તે સર્વ પાર્શ્વસ્થ. (૨) દેશ પાર્શ્વસ્થ-શય્યાતરાહૃત પિંડ(જેના મકાનમાં રહ્યા હોય તેનો આણેલો આહાર તે) રાજપિંડ (રાજા અને રાજાના અમુક મુખ્ય અધિકારીઓના ઘરનો આહાર તે) નિત્યપિંડ(એક ઘેરથી પ્રથમ કરી રાખેલી નિમંત્રણા પ્રમાણે નિત્ય આહાર લે તે) તથા અગ્રપિંડ (ભાત વિગેરેનો પ્રથમનો અગ્ર (ઉપરલો) ભાગ ગ્રહણ કરે એટલે ગૃહસ્થે પોતાને માટે આહાર કાઢયા પહેલાં જ ગ્રહણ કરે)ને વિના કરણે ભોગવે, કુલ નિશ્રા(આટલાં મારાં જ-ભાવિત કરેલાં કુલ-સમુદાય વિશેષ જાણી ત્યાંજ આહાર માટે વિચરે તે) એ વિચારે, સ્થાપના કુલ(ગુરૂ આદિની વિશેષ ભક્તિ કરનારા કુલ-સમુદાય તેમાં) પ્રવેશ કરે, સંખડી (ગૃહસ્થનાં જમણવાર) જોતો ફરે, અને ગૃહસ્થની સ્તવના કરે તે દેશ પાર્શ્વસ્થ જાણવો. એ (એ પ્રમાણે પાર્શ્વસ્થ સાધુ બે પ્રકારના હોવાથી કેટલાએક આચાર્યો પાર્શ્વસ્થને સર્વથા ચારિત્રરહિત જ માને છે. તે અયુક્ત છે. પ્રવ. સારો. વૃત્તિઃ) બંને પાસત્થાસાધુ વંદના કરવા લાયક નથી.

(૩) સંવિગ્ન(સંવેગપાક્ષિક-સંવેગી)આદિ-સુગુરૂ આદિ કલ્યાણમિત્રોનો યોગ સતત-કાયમ રાખો!

(૪) બલવત્તર હોઈ ઉચિત સ્થિતિ-મર્યાદાનું ઉલ્લંઘન મા કરો!

(૫) ધર્માચાર્ય આદિનો આધારભૂત હોઈ લોકમાર્ગ(વ્યવહારમાર્ગ)ની હંમેશા અપેક્ષા રાખો! વ્યવહાર માર્ગને અપનાવો!

(૬) માતા-પિતા આદિ વડીલ પુરૂષોને યોગ્ય માન-સન્માન આપો!

(૭) વિનય-શિસ્ત પાલનની મહત્તા હોઈ ગુરૂજનના અંકુશમાં-પરાધીનતા-તાબેદારીમાં રહો! તેઓ જે ફરમાન કરે તે પ્રમાણે વર્તો!

(૮) દીન-અનાથ આદિમાં દાન આદિ વિષયક પ્રવૃત્તિ કરો! દાન આદિ કરો!

(૯) જિનેશ્વર ભગવંતોની ઉદાર (મોટી-વિસ્તારવાળી) પૂજા કરો!

---

(૨) અવસન્ન=સાધુ સામાચારીમાં જે અવસન્ન એટલે શિથિલ-ખેદવાળો હોય તે. તેના દેશથી અને સર્વથી અવસન્ન એમ-૨, ભેદ છે. ત્યાં (ઋતુબદ્ધ પીઠબલ કે સંથારા માટે પાટ વિગેરે ન મલે તો વર્ષાઋતુમાં વંસ વિગેરેના ઘણા કકડાઓને દોરીથી બાંધી સંથારો કરવો પડે, પરંતુ તેની પુનઃ બંધ છોડીને પડિલેહણા કરવી જોઈએ તે કરે નહિ, તે ઋતુબદ્ધ-પીઠફલક દોષ અથવા વારંવાર શયન માટે સંથારો પાથર્યો રાખે અથવા ચોમાસા વિના પાટ-પાડલાદિ વાપરે તે પણ ઋતુબદ્ધ-પીઠફલક દોષ જાણવો.) ઉપભાગી હોય અને સ્થાપના(સાધુને માટે આહાર રાખી મૂકવો તે, ભોજી તથા પ્રાભૃતિકા (પોતાના ઈષ્ટવા પૂજ્ય મુનિને જે ઈષ્ટ આહાર હોય તે બહુમાન પૂર્વક વહોરાવવો તે.) નો ભોજી હોય તો સર્વથી અવસન્ન જાણવા. અને પ્રતિક્રમણ-પડિલેહણા-સ્વાધ્યાય ભિક્ષાચર્યા, ધ્યાન ઉપવાસાદિ, આગમન (ઉપાશ્રયમાં પ્રવેશ કરતી વખતે પગ પ્રમાર્જનાદિ વિધિ તથા નિસીહી કહેવાની વિધિ) નિર્ગમન(ઉપાશ્રયમાંથી નીકળતી વખતે આવસ્સહિ કહેવા વિ.ની વિધિ) સ્થાન (કાયોત્સર્ગાદિ વખતે ઉભા રહેવાની વિધિ) બેસવું, અને સુવું એ સર્વ સાધુ સમાચારી કરે નહિ. અથવા કરે તો હીનાધિક કરે, અથવા ગુરૂના વચનથી બલાત્કારે કરે તે દેશથી અવસન્ન જાણવો એ બંને વંદનીય છે (૩) કુશીલના ત્રણ પ્રકાર છે. (૧) ૮ પ્રકારના જ્ઞાનચારની વિરાધના કરે તે જ્ઞાનકુશીલ. ૮ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે દર્શન કુશીલ. તથા યંત્ર, મંત્ર કરે એક અંગમાં ગોળા નાંખી તે બીજા અંગમાંથી કાઢવા, અથવા મુખમાંથી અગ્નિ કાઢવો, ઈત્યાદિ ચમત્કાર દેખાડે. સ્વપ્ન ફળ કહે, જ્યોતિષ પ્રકાશે, ભૂતભાવિનો લાભાલાભ કહે, જડીબુટ્ટી કરે, પોતાના જાતિકુલ પ્રકાશ કરે, સ્ત્રી પુરૂષના લક્ષણ કહે, કામણવશીકરણ કરે, સ્નાનાદિકથી શરીર વિભૂષા કરે, ઈત્યાદિ અનેક પ્રકારે ચારિત્રની વિરાધના કરનાર તે ચારિત્ર કુશીલ. એ ત્રણ અવંદનીય છે.

(૪) સંસક્તના બે ભેદ છે. (૧) પ્રાણાતિપાતાદિ પાંચ આશ્રવયુક્ત, રસગારવાદિક ગારવયુક્ત હોય તે સંક્લિષ્ટ સંસક્ત (૨) પાસત્થાઆદિ પાસે જાય ત્યારે તેવા ગુણવાળો થાય અને સંવિગ્ન સાધુઓમાં વસે ત્યારે સંવિગ્ન ગુણવાળો હોય એવા આચાર-વિચાર રાખે એ પ્રમાણે જ્યાં જાય તેવા પ્રકારનો આચાર પાળે તે અસંક્લિષ્ટ સંસક્ત. એ બંને અવંદનીય છે. (૫) ઉત્સૂત્ર પ્રરૂપણા કરે, પોતાની મતિ કલ્પના પ્રમાણે અર્થ કરે, પ્રરૂપે, ગૃહસ્થના કાર્યમાં પ્રવર્તે, અન્ય સાધુના કે શિષ્યના અલ્પઅપરાધમાં પણ વારંવાર ક્રોધ-આક્રોશ કરે, પોતાની કલ્પના પ્રમાણે આગમનો અર્થ વિચારી વિગઈ વિ.ના ઉપભોગથી સુખશીલ થઈ વિચરે, ત્રણ ગારવયુક્ત થાય, આગમની અપેક્ષા વિના પોતાના છંદે ચાલનાર યથાછંદ સાધુ જાણવો. તે જૈન દર્શનમાં અવંદનીય ગણ્યો છે.

(૧૦) સંવિગ્ન આદિ વિશિષ્ટ સાધુઓનું નિરીક્ષણ કરો! દેખો-ઓળખો-પારખો!

(૧૧) વિશિષ્ટ સાધુઓનો સંયોગ મેળવીને ધર્મશાસ્ત્રનું વિધિપૂર્વક શ્રવણ કરો! કામ-અર્થશાસ્ત્રો મોહજનક-ઉત્તેજક-ઉદ્દીપક હોઈ કેવળ ધર્મશાસ્ત્રો સાંભળો!

(૧૨) તાત્પર્ય અર્થના જ્ઞાન સારૂ કહે છે કે; મહાપ્રયત્નથી ધર્મશાસ્ત્ર વિચારો! તેનું મનન-પરિશીલન-નિદિધ્યાસન આદરો!

(૧૩) ધર્મશાસ્ત્રમાં બતાવેલ વિધિપૂર્વક પ્રવૃત્તિ વ્યવહાર માંડો!

(૧૪) આફતમાં પણ ધર્મનિર્વાહ કાજે, આ આફત, ધર્મકસોટી હોઈ કહે છે કે; ધૈર્ય-ધીરજ-શાંતિ-સબૂરી ધારણ કરો! ગભરાવ નહિ!

(૧૫) આયતિ-ઉત્તરકાળ-ભવિષ્યકાળ-આગામિ સમયની વારંવાર પર્યાલોચના-વિશેષ ચિંતા કરો!

(૧૬) ભવવૈરાગ્યનું મૂલ હોઈ મરણ-મૃત્યુને વારંવાર નિરંતર હૃદય કે નજર સામે રાખો!

(૧૭) વિમધ્યમોની ઉભય માટે પ્રવૃત્તિ છે એટલે કહે છે કે પરલોક સાધનામાં તત્પર-પરાયણ-લીન બનો!

(૧૮) ધર્મોપદેશક આચાર્ય આદિ ગુરૂમહારાજની સેવા કરો!

(૧૯) યોગપટ[૧]નું દર્શન કરો!

(૨૦) તે યોગપટમાં ચિતરેલ-આલેખેલ દેવ આદિના રૂપ (પ્રતિબિંબ-ચિત્ર-આકૃતિ-ફોટા વિ.) આદિને મનમાં સ્થાપન કરો!

(૨૧) ફલભાવથી ધારણાને સ્થિર કરો! ધારણાનું નિરૂપણ કરો!

(૨૨) વિકથા આદિરૂપ વિક્ષેપમાર્ગને છોડી દો! કોઈપણ પ્રકારનો આંતર કે બાહ્ય વિક્ષેપ થાય તે માર્ગ તજી દો!

(૨૩) સૂત્ર-અર્થ-વર્ણ-આલંબન આદિરૂપ-ઈચ્છાદિરૂપ યોગની સિદ્ધિ ખાતર આગેકદમ બઢાવો!

(૨૪) બોધિના બીજરૂપ હોઈ અરિહંત ભગવંતના મંદિરો તેમજ મૂર્તિઓ તૈયાર કરાવો!

(૨૫) પંચમ આરાના જીવોના આધારભૂત-દુઃષમા કાલીન જનના આધારભૂત ભુવનેશ્વર તીર્થંકર મહારાજના ~~વચનો-શાસ્ત્રો-આગમો~~ લખાવો! (પુસ્તકોદ્ધાર કરાવો.)

---

**૧ યોગીલોક યોગાભ્યાસ વખતે કેડે વસ્ત્ર બાંધે છે તે જણાય છે. અથવા દર્શનાદિ યોગની શુદ્ધિ વૃદ્ધિ માટે શત્રુંજય તીર્થોના પટો, તથા સિદ્ધચક્ર-ઋષિમંડલ સ્તોત્રાદિના પટો પણ અહીં સમજવાં.**

(૨૬) ભવાંતરમાં સંસ્કારના હેતુરૂપ મંગલ જાપ-નવકાર મહામંત્રનું સ્મરણ વારંવાર-નિરંતર-અસ્ખલિત કર્યા કરો!

(૨૭) ચાર શરણોને (અરિહંતરૂપ શરણ, સિદ્ધરૂપ શરણ, સાધુરૂપ-શરણ, કેવલિભાષિત ધર્મરૂપ એમ ચાર શરણોને) વારંવાર અંગીકાર કરો! દુનીયામાં આ ચાર શરણ શિવાય બીજાઓમાં રહેલ અશરણપણાનું જ્ઞાન કરો!

(૨૮) સંસારથી પરમ નિર્વેદ-ઉદ્વેગ-કંટાળો એ ધર્મનું ચિહ્ન હોઈ કરવા-કરાવવા-અનુમતિરૂપે મન-વચન-કાયાથી થયેલ પોતાના દુષ્કૃતો (દુષ્ટ કૃત્યો-ખરાબ કર્તવ્યો) ની વારંવાર, (મિચ્છામિ દુક્કડં-મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ) એવા શબ્દો બોલી, ફરીથી નહિ કરવાના ઠરાવપૂર્વક)નિંદા કરો!

(૨૯) તે તે ગુણોની પ્રાપ્તિનું મૂલ હોઈ માર્ગાનુસારિ તથા રત્નત્રય વિષયક સકલ-સુકૃત-કુશલ કર્મોની વારંવાર અનુમોદના કરો!

(૩૦) ઉપદ્રવ-ઉત્પાત-વિઘ્નરહિત થવા ખાતર, મંત્રદેવોની યથાયોગ્ય (મંત્રપૂર્વક દેવોની કે નમસ્કાર મહામંત્રના અધિષ્ઠાયક-શાસનદેવોની) પૂજા કરો!

(૩૧) શુભ સંસ્કાર-સંસ્કૃતિ ટકાવવા ખાતર, સજ્જનોની સંતોની આચરણાઓનું (સદાચારોનું) શ્રવણ કરો!

(૩૨) સદાચારના પ્રથમ ચિહ્નરૂપ ઉદારતા-ઔદાર્યને વિચારો!

(૩૩) તીવ્ર-પુષ્ટ આલંબન હોઈ ઉત્તમ કોટીના પુરૂષોના-મહાપુરૂષોના ચરિત્રોને (દ્રષ્ટાંતોને-કથાઓને)અને તદ્ગત પરમ-ઉમદા આદર્શોને સામે રાખી વર્તન-જીવનનું વલણ અખત્યાર કરો!

આવા પ્રકારના ગુણગણવિશિષ્ટ પુરૂષની (પ્રથમ ગુણસ્થાન વર્તીપણું હોવાં છતાંય) ધર્મવિષયક સઘળી સુંદર-[૧]શુભ-સારી છે. કારણ કે; આ માર્ગાનુસારી નિયમથી (ચોક્કસ-નિયમા) [૨]અપુનર્બંધક આદિરૂપ છે. (આદિથી સકૃતબંધક અદિ સમજવા.)

---

**૧ જે ફરીથી તીવ્રઅધ્યવસાયે કરીને પાપકર્મ ન બાંધે તે અપુનર્બંધક કહેવાય છે. આ સ્થળે અપુનર્બંધક એટલે ચરમપુદ્ગલપરાવર્ત્તમાં રહેલો માર્ગાનુસારી લેવો. તે માર્ગાનુસારિની જે શમવડે આંતરવૃત્તિના દમનવડે યુક્ત અથવા અન્વય અને વ્યતિરેકના જોવાથી યુક્ત એવી ક્રિયા-કરણી, બૌદ્ધ-કણાદિક મતના ભેદે કરીને ક્રિયા-વ્યવહારની ભિન્નતાએ કરીને અનેક પ્રકારે-પંચાગ્નિ વિગેરે નાના પ્રકારની અનેક ધર્માર્થીઓએ કરાતી જોવામાં આવે છે. તે ક્રિયા પણ મોક્ષને સાધવાવાળા પ્રાણીઓને સમ્યક્ત્વપ્રાપ્તિરૂપ ધર્મમાં વિઘ્ન કરનાર એવા ક્લિષ્ટ રાગ આદિનો ક્ષય કરનાર થાય છે. માટે આ ક્રિયા પણ ભાવી અધ્યાત્મનુ કારણ છે.**

**જો કે અશુદ્ધ-સર્વજ્ઞે કહેલી ન હોવાથી સાવદ્યા(દોષવાળી છે તો પણ અપુનર્બંધકે સ્વીકારેલી ક્રિયા મોક્ષના અભિલાષરૂપ સારી અધ્યવસાયથી સારા પરિણામથી કરાયેલી હોય તો તે સર્વજ્ઞ પ્રણીત શુદ્ધ ક્રિયાનું કારણ છે તે પર દ્રષ્ટાંત આપે છે**

જે અપુનર્બંધક આદિ હોતો નથી તેમાં આવા પ્રકારની ગુણ સંપદાઓનો અભાવ છે એથી જ આદિકર્મથી માંડી, આ અપુનર્બંધક આદિની, ધર્મ વિષયક પ્રવૃત્તિ, સત્પ્રવૃત્તિરૂપસત્ક્રિયા રૂપ જ છે. કેમકે; નૈગમનયના અનુસારે ચિત્ર(નાના પ્રકારની-વિવિધ) પ્રવૃત્તિ, પ્રસ્થકપ્રવૃત્તિ સરખી હોઈ સત્પ્રવૃત્તિરૂપ છે.

(મગધ દેશમાં પ્રસિદ્ધ એવા એક પ્રકારના ધાન્યના માપને 'પ્રસ્થક' કહેવામાં આવે છે. આ પ્રસ્થકને માટે લાકડું કાપવા કોઈ પુરૂષ કુહાડો લઈ જંગલમાં જતો હોય ત્યારે તેને કોઈ પૂછે કે 'તમે ક્યાં જાઓ છો?' તો આ અવિશુદ્ધ નૈગમનય પ્રમાણે તે એમ કહે કે હું 'પ્રસ્થક માટે જાઉં છું.'ખરી રીતે એના ગમનનું કારણ પ્રસ્થક માટે લાકડું મેળવવાનું છે નહિ કે પ્રસ્થક, છતાં કારણમાં કાર્યનો ઉપચાર થતો હોવાથી તેમજ વ્યવહાર એવા પ્રકારનો હોવાથી તે આમ કહી શકે છે. પછી તે જંગલમાં જઈને પ્રસ્થક બનાવવા માટે ઝાડને છેદતો હોય તેવામાં તેને કોઈ પૂછે કે 'તમે શું છેદો છો?' તો એ પહેલાં કરતાં વિશેષ શુદ્ધ એવા નૈગમનયને અનુસરીને કહી શકે છે કે 'પ્રસ્થક છેદું છું' અહીં પણ પૂર્વની જેમ કારણમાં કાર્યનો ઉપચાર અને વ્યવહારનો વિચાર કરી લેવો અર્થાત્ અનાજ માપવાને માટે લાકડાનું બનાવેલું પાત્ર 'પ્રસ્થક' કહેવાય છે આવું પાત્ર બનાવવા માટે કોઈ સુથાર જંગલમાં લાકડું કાપતો હોય અને પુછવામાં આવે કે ભાઈ! તમે શું કરો છો? તો એના પ્રત્યુત્તરમાં તે કહે કે 'પ્રસ્થક કાપું છું' આ લાકડું કાપીને તેને ખાંધે ચડાવીને તે ઘર ભણી જતો હોય એવામાં કોઈ એને પૂછે કે 'તમારી ખાંધે શું છે?' તો તે કહેશે કે 'પ્રસ્થક' આ પ્રમાણે લાકડાને ચીરતાં, ઘડતાં, છોલતાં, સુંવાળું કરતાં 'માન' તૈયાર થતાં અનાજ માપતો હોય તે વેળા પણ આ સઘળી અવસ્થાઓમાં તેઓને 'પ્રસ્થક' તરીકે ઓળખાવે છે. આ પ્રકારના તેનાં કથનો ઉત્તરોત્તર વિશુદ્ધતાથી અંકિત નૈગમનયને અનુસરે છે)

તેથી જ આ મુદ્દાને ઉદ્દેશીને કહ્યું છે કે 'કુઠારાદિ વિષય (નિમિત્તક) પ્રવૃત્તિ પણ પ્રસ્થક આદિ આકારરૂપ રૂપનિર્માણ પ્રવૃત્તિ જ માનવી.''

---

કે, અશુદ્ધ એવું ત્રાંબુ પણ સિદ્ધપારદ રસ વિગરેના અનુવેધથી એટલે અંદર દાખલ થઈને ત્રાંબામાં રહેલા જળનું શોષણ કરવાથી સુવર્ણપણાને પામે છે, તેજ પ્રમાણે સારા આશયરૂપ રસથી સિંચાયેલો અશુદ્ધ ક્રિયા પણ શુદ્ધ ક્રિયાનો હેતુ થાય છે.

૨ જે તીવ્રભાવથી પાપ કરતો નથી તે અપુનર્બંધક તેને એક પુદ્ગલપરાવર્તથી અધિક સંસાર હોતો નથી. શુક્લપક્ષ વિગેરે ભવાભિનંદી દોષોનો ક્ષય થવાથી શુક્લપક્ષના ચંદ્રમાની પેઠે વૃદ્ધિ પામતા ગુણવાળો અપુનર્બંધક છે. માર્ગ પતિત (માર્ગને પ્રાપ્ત થયેલો) અને માર્ગાભિમુખ એ અપુનર્બંધકની અવસ્થા વિશેષ છે. માર્ગ એટલે સાપને દરમાં પેસવાની જેમ ચિત્તનું સરલ પ્રવર્ત્તન વિશિષ્ટ ગુણ સ્થાનની પ્રાપ્તિને યોગ્ય સ્વાભાવિક ક્ષયોપશમ વિશેષ તેને પ્રાપ્ત થયેલો તે માર્ગાભિમુખ કહેવાય છે.

મતલબ કે જે આત્માને સંસાર પ્રવાહ કે પ્રવાસ ચરમપુદ્ગલપરાવર્ત પરિણામ બાકી રહે છે તે આત્માને જૈન પરિભાષામાં 'અપુનર્બંધક' અને સાંખ્ય પરિભાષામાં 'નિવૃત્તાધિકાર પ્રવૃત્તિ' કહે છે. અપુનર્બંધક યા નિવૃત્તાધિકારપ્રકૃતિ પુરૂષની અંતરંગ ઓળખાણ એટલી જ છે કે, તે આત્મા ઉપર મોહનું દબાણ ઓછું થાય છે અને ઉલ્લું મોહના ઉપર કાબૂ શરૂ થાય છે, આજ અધ્યાત્મિક વિકાસનું બીજારોપણ છે, અહીંથી યોગમાર્ગની શરૂઆત થતી હોવાથી તે આત્માની પ્રત્યેક પ્રવૃત્તિમાં પલ્ટો દેખાય છે, જેમ કે, હરેક ક્રિયામાં સરલતા, નમ્રતા, ઉદારતા, પરોપકારપરાયણતા વિ. સદાચાર, દર અસલ સ્વરૂપમાં પ્રત્યક્ષ દેખાય છે કે જે આ વિકાસસન્મુખ આત્માનો બાહ્ય પરિચય છે.

કુઠાર આદિ (કુહાડા આદિ) પ્રવૃત્તિ પણ પ્રસ્થકને યોગ્ય લાકડાના છેદનમાં ઉપયોગી એવા કુઠાર આદિ શસ્ત્ર વિષયક ઘટન (ઘડવું) દંડસંયોગ(દંડન જોડવું) તીક્ષ્ણધાર કરવી એ રૂપ પ્રવૃત્તિ પણ, (પ્રસ્થકને છોલવા આદિ પ્રવૃત્તિ તો દૂર રહો પણ એ અપિ-પણ શબ્દનો અર્થ સમજવો.)

રૂપનિર્માણ પ્રવૃત્તિ રૂપ-પ્રસ્થક આદિ આકારરૂપ રૂપનું નિર્માણ પ્રવૃત્તિ (સિદ્ધિ વ્યાપારરૂપ નિર્માણ પ્રવૃત્તિરૂપ કહેવાય છે.) .

રૂપનિર્માણ પ્રવૃત્તિરૂપ કાર્યના પ્રત્યે કુઠારાદિ કારણ છે. એટલે આ નૈગમનયની અપેક્ષાએ કારણમાં કાર્યનો ઉપચાર થતો હોઈ તેમજ વ્યવહાર એવા પ્રકારનો હોઈ 'કુઠાર આદિ પ્રવૃત્તિને પ્રસ્થક આદિ આકારરૂપ રૂપનિર્માણ પ્રવૃત્તિ તરીકે કહેવાય છે-મનાય છે. કેમ કે, ઉપકરણ (સાધનારૂપ ઉપકરણ) પ્રવૃત્તિ શિવાય ઉપકર્તવ્ય (કાર્યરૂપ ઉપકર્તવ્ય)પ્રવૃત્તિનો અભાવ છે.

અર્થાત્ કાર્ય (ઉપકર્તવ્ય) રૂપ પ્રવૃત્તિના પ્રત્યે ઉપકરણ (કારણ) વિષયક પ્રવૃત્તિ કરણ છે. ઉપકરણ પ્રવૃત્તિરૂપ કારણના અભાવમાં ઉપકર્તવ્ય-કાર્ય પ્રવૃત્તિરૂપ કાર્યનો અભાવ છે આવી ન્યાય સંગતિ યોજવી.

તથા ચ પ્રસ્થક આદિ આકારરૂપ રૂપનિર્માણમાં કુઠારાદિ પ્રવૃત્તિની જેમ, અપુનર્બંધકની ધર્મ વિષયક જે પ્રવૃત્તિ-દેવનો યોગ થયે છતે પ્રણામ આદિરૂપ જે પ્રવૃત્તિ, દોષવાળી પણ તે પ્રવૃત્તિ, સમસ્તપણાએ સંપૂર્ણ રીતે ધર્મ (માર્ગ) બાધક-પ્રતિબંધક નથી એમ તાત્પર્યપર્યન્ત ગવેષણા કરનારાઓ તત્ત્વવેત્તાઓ વદે છે. કારણ કે, (હવે આ વિષયના પરમરહસ્યને સમજાવે છે કે,) આ અપુનર્બંધકનું (હૃદય, અંતઃકરણ, હૈયું, ચિત્ત) દેવ આદિ તત્ત્વનું વિરોધી-તે તત્ત્વથી પ્રતિકૂલ-વિપરીત-ઉલ્ટું ચાલનારૂં નથી. અનુકૂલ-અવિરોધી-અવિપરીત છે.

પરંતુ પ્રવૃત્તિ તો ઉલ્ટી છે, વિપરીત-ઉંધી-દેવાદિતત્ત્વથી પ્રતિકૂલ છે, કારણ કે, તે તત્ત્વથી પ્રતિકૂલ પ્રવૃત્તિમાં પોતાના અનાભોગ (અજ્ઞાનતા-અનુપયોગ) નો દોષ-અપરાધી છે. જવાબદાર છે.

આ અપુનર્બંધકનું હૃદય, તત્ત્વ વિરોધી ન હોઈ (દેવાદિતત્ત્વના પ્રત્યે વફાદાર હોઈ) અર્થાત્ તત્ત્વ અવિરોધી એવા હૃદયથી સંમતભદ્રતા-ચોમેરથી કલ્યાણ કલ્યાણ ને કલ્યાણ એવી રીતની સ્થિતિ પ્રાપ્ત થાય છે. પરંતુ કેવલ-કોરી-હૃદયશૂન્ય-માત્ર પ્રવૃત્તિથી સંમતભદ્રતા પ્રાપ્ત થતી નથી. કેમકે; સંમતભદ્રતાનું તત્ત્વ અવિરોધી-કુશલહૃદય, ઉપકારી-કારણ છે. વળી કોરી પ્રવૃત્તિશિવાય ક્વચિત તત્ત્વ અવિરોધી કુશલ હૃદયનું સંમતભદ્રતા રૂપ ફલના પ્રત્યે કારણપણું સુઘટિત છે. કેમકે;

શુભ અશુભ રૂપ પુરૂષાર્થ પ્રવૃત્તિ રૂપ સકલક્રિયામાં તત્ત્વ અવિરૂદ્ધ હૃદયપૂર્વકપણું છે. અર્થાત્ પહેલાં તત્ત્વ અવિરોધી હૃદયરૂપ કારણ હોય અને પછી શુભ અશુભ રૂપ પુરૂષાર્થ પ્રવૃત્તિ રૂપ સકલ ક્રિયા રૂપ કાર્ય હોય છે. આ પ્રમાણે-પ્રસ્થક દૃષ્ટાંત માફક, આ જૈન દર્શનમાંથી નીકળેલ-જુદા પડેલ-અલગા થયેલ જે અને જેટલા સાંખ્યબૌદ્ધ આદિ નયવાદરૂપ દર્શનો છે તે બધા નયવાદ રૂપ દર્શનોના અનુસરે એટલે આ બધા નયવાદરૂપ દર્શનોમાં કહેલ સર્વ દૃષ્ટાંતજાત-સમુદાય, આ જૈન દર્શનમાં યોજવો.

જેમ કોઈ એક સુતેલા પુરૂષને કેસર આદિ, શોભાના સાધનોથી સુશોભિત બનાવવામાં આવે અને પછી જ્યારે તે પુરૂષ જાગે છે, ત્યારે તેને સુંદર એવા પોતાનું દર્શન કરીને અચરજકારી થાય છે.[૧]

તેમ અનાભોગ(અજ્ઞાનતા)વાળા, વિચિત્રગુણોથી સુશોભિત અપુનર્બંધકને સમ્યગ્દર્શનાદિના લાભકાલમાં આત્માનું દર્શન આશ્ચર્યકારી થાય છે.

હવે દાર્ષ્ટાંતિકની સિદ્ધિખાતર કહે છે કે-

આ પ્રમાણે-પ્રસ્થકછેદનના ન્યાય=દૃષ્ટાંતથી પ્રવૃત્તિ કરતો અપુનર્બંધક, પ્રસ્થક સરખા સમ્યક્ત્વ આદિનો સાધક થતો નથી, એમ નહિ પરંતુ અવશ્ય પ્રસ્થક સરખા સમ્યક્ત્વ આદિનો સાધક થાય છે.

| ઉપમેય | ઉપમાન |
|---|---|
| (૧) આદિ કર્મથી અપુનર્બંધકની ચિત્રા પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિ. | (૧) નૈગમનયાનુસારેણ ચિત્રા પ્રસ્થકપ્રવૃત્તિ. |
| (૨) નૈગમાનુસારેણ સદોષાઽપિ આદિધાર્મિકની ધર્મપ્રવૃત્તિ, સામસ્ત્યેન ધર્મ-માર્ગગામિની | (૨) કુઠારાદિપ્રવૃત્તિ કુઠારાદિરૂપનિર્માણપ્રવૃત્તિ |
| (૩) સમ્યક્ત્વાદિ ફલપ્રાપ્તિ | (૩) પ્રસ્થકફલ. |

હવે અપુનર્બંધકનું લક્ષણ કહે છે કે-

અપુનર્બંધકને યોગ્ય સામાચારી(આચાર)થી કથંચિત્ ભગ્ન-પતિત થયેલો પણ, (ફરીથી)પોતાને ઉચિત પ્રયત્ન, ક્રિયા, આચારથી જાણવા, ઓળખવા યોગ્ય અર્થાત્ આ(ફરીથી)સ્વોચિત આચારરૂપ પ્રયત્નરૂપ ચિહ્ન-લક્ષણવાળો આદિધાર્મ્મિક અપુનર્બંધક છે.

એટલે તે અપુનર્બંધકના પ્રત્યે જ ઉપદેશની સફલતા છે, (કેમકે, ઉપદેશદ્વારા સ્વોચિત આચારથી પતિત પણ ફરીથી સ્વોચિત આચાર-સામાચારીને સ્વીકારે છે.

| જૈનો | સાંખ્યો | બૌદ્ધો |
|---|---|---|
| અપુનર્બંધક | પ્રકૃતિના અધિકાર (સત્તા) ની નિવૃત્તિ (અભાવ) વાળો પુરૂષ નિવૃત્તાધિકાર પ્રકૃતિક પુરૂષ. | અવાપ્તભવવિપાક, આત્માભવવિપાક-પરીપાકની પ્રાપ્તિવાળો આત્મા. |

---

૧ સૂતેલા માણસને કોઈ આભૂષણાદિવડે અલંકૃત કરે અને પછી તે જાગૃત થાય ત્યારે પોતાને અલંકૃત થયેલો જોઈને આનંદ અનુભવે છે, તેની જેમ અનાભોગથી પણ વિચિત્ર ગુણોવડે પોતાને અલંકૃત થયેલો જોઈને સમ્યગ્દર્શનાદિ લાભના કાળે આનંદ અનુભવે છે.

તથા આદિશબ્દથી સુતેલા માણસને નૌકા વિ.થી સમુદ્રના પારને પામેલો પોતાને જ્યારે જાગ્યા પછી જુએ છે ત્યારે આનંદ થાય છે એમ સમજવું.

જૈનો જેને 'અપુનર્બંધક'કહે છે તેને જ સાંખ્યો 'નિવૃત્તાધિકાર-પ્રકૃતિક પુરૂષ' કહે છે અને બૌદ્ધો, 'ન અનવાપ્તભવવિપાક-અવાપ્તભવવિપાક' કહે છે.

તે મુદ્દાસર-ભો અપુનર્બંધક-આદિધાર્મિક આદિભવ્યો! આદરપૂર્વક આ પ્રકૃત (આલુ) ચૈત્યવંદન વિષયક વ્યાખ્યાન વિવરણને સાંભળો! અને સૂક્ષ્મબુદ્ધિથી ઝીણવટભરી બારીક પ્રતિભાથી ખૂબ તલપર્યંત વિચારો! કેમકે,

અર્થ-તાત્પર્યના વિશેષ જ્ઞાન શૂન્ય અધ્યયન (ગોખણપટ્ટી અભ્યાસ) શુષ્ક-સુકાઈ ગયેલ શેરડી ચાવવા સરખું છે. (અર્થજ્ઞાન વિહોણાઓને સંવેગાદિરૂપ ફલની શૂન્યતા હોઈ શુષ્કઈક્ષુ તુલ્યતા દર્શાવી છે.

અહીં રસના સ્થાને અર્થ(ભાવાર્થ-પરમાર્થ-રહસ્યાર્થ)સમજવો.

કેમકે, રસરૂપ અર્થ, અન્તરાત્માને ખૂબ ખુશ-સંતુષ્ટ-પ્રસન્ન-બનાવે છે. અર્થજ્ઞાન, અંતરાત્માની પુરેપુરી પ્રસન્નતા પેદા કરી સંવેગ આદિ (સુદેવ આદિ વિષયક પરમ અનુરાગ આદિ) રૂપ કાર્યની સિદ્ધિ કરે છે.

સંવેગ આદિરૂપ કાર્યના પ્રત્યે ચૈત્યવંદન વ્યાખ્યાન વિચારજન્ય-અર્થજ્ઞાન-તાત્પર્યજ્ઞાન, અસાધારણ કારણ છે.

જો અર્થજ્ઞાનને ઉડાવી દેવામાં આવે તો સંવેગ આદિના સ્વપ્ને પણ દર્શન ન થાય! એટલે જ સંવેગ આદિરૂપ કાર્યજનક અર્થજ્ઞાન-સંપાદન થાય એટલા સારૂ આ વ્યાખ્યાનરૂપ પ્રયાસ છે.

જે અર્થજ્ઞાન સારૂ વ્યાખ્યાનનો પ્રયાસ છે. એટલે જેના માટે વ્યાખ્યાનનો પ્રારંભ થયેલો છે તે અર્થજ્ઞાન સંપાદનથી વિપરીત આચરણા નહિ કરો! અર્થાત્ અર્થજ્ઞાન જે રીતે સંપાદિત થાય-જે પ્રવૃત્તિથી પ્રાપ્ત થાય તેવી રીત કે પ્રવૃત્તિ અદા કરો!

આ પ્રકૃત ચૈત્યવંદન વ્યાખ્યાન, પ્રકૃતિ(સ્વભાવ)થી સુંદર મનોહર-રૂચિકર-આનંદકર, ચિંતામણિરત્ન સરખું, સંવેગ કાર્યજનક છે, એટલે મહાકલ્યાણ-સત્ ચૈત્યવંદનારૂપ મહામંગલનું વિરોધી બાધક-પ્રતિબંધ છે એમ વિચારો નહિ! પરંતુ મહાકલ્યાણનું સાધક છે એમ ચિંતન કરો! કેમકે,

જેના સારી રીતે ગુણો જોયા છે, એવા ચિંતામણિરત્નથી પણ જ્યારે સારી રીતે તેના ગુણોનું જ્ઞાન થાય છે ત્યારે જ ચિંતામણિરત્નથી પણ શ્રદ્ધા આદિના ઉત્કર્ષભાવથી અર્થાત્ ઉત્કૃષ્ટભાવે શ્રદ્ધાદિ હોય છતે, અવિધિનો વિરહ-અભાવ-ત્યાગ હોયે છતે મહાકલ્યાણની સિદ્ધિ થાય છે. ત્યારે ચૈત્યવંદન વ્યાખ્યાનનું અર્થજ્ઞાન હોયે છતે ઉત્કૃષ્ટભાવે શ્રદ્ધાદિ હોયે છતે, અવિધિનો વિરહ-અભાવ હોયે છતે ચિંતામણિરત્ન સરખું, (ચૈત્યવંદનજન્ય કર્મક્ષયથી સર્વકલ્યાણની પ્રાપ્તિ છે માટે ચિંતામણિ સરખું છે.)

આ ચૈત્યવંદન વ્યાખ્યાન પણ, સત્ ચૈત્યવંદનાદિરૂપ મહામંગલરૂપ મહાકલ્યાણને કરે છે. હવે આ વ્યાખ્યાન પ્રસંગથી સરો!

અર્થાત્ ચૈત્યવંદન સૂત્રના વ્યાખ્યાનની સમાપ્તિ થાય છે. 'આચાર્ય હરિભદ્રસૂરિ પુરંદરે રચેલી, (બાધા વગર-યુક્તિ અને આગમથી યુક્ત) સમ્યક્ન્યાયોથી સંગત-ભરપૂર, ચૈત્યવંદન સૂત્રની 'ललितविस्तरा'નામની વૃત્તિ (વ્યાખ્યા) છે.''૧.

''જે પુરૂષ, મધ્યસ્થહૃદયદ્વારા આ 'ललितविस्तरा'નામની વૃત્તિને સારી રીતે વિચારશે! મનન કરશે! હૃદયમાં ઉતારશે! તે પુરૂષ નિયમા, ચોક્કસ(અવિધિના ત્યાગપૂર્વક અજ્ઞાનના પરિહારપૂર્વક હોઈ)સદ્વંદનારૂપ(સમ્યક્ ચૈત્યવંદનારૂપ)લાભ પામશે! અથવા ભવાંતરભાવિસત્ ચૈત્યવંદન પ્રાપ્તિ સત્ફલ હેતુરૂપ સુબીજને પામશે જ.''૨.

''પારકાના આશયને જાણ્યા શિવાય, તે-પરે રચેલ વસ્તુના ગુણદોષ, સજ્જને નહિ બોલવા જોઈએ, પરંતુ તેમાં માત્ર પ્રશ્ન જ વ્યાજબી છે.''૩.

''પરીક્ષા માટે, પોતાને અને પારકાને જ્ઞાનની અભિવૃદ્ધિ થાય એટલા ખાતર, અને સંશય-શંકાના ત્યાગ ખાતર જ બીજાને પ્રશ્ન કરવો જોઈએ.''

(પરંતુ વિજીગીષા કે દ્વેષભરી બુદ્ધિએ પ્રશ્ન પણ નહિ કરવો જોઈએ એમ ધ્વનિત થાય છે.) ૪.

'મેં શુભભાવથી આ 'ललित विस्तरा'નામની વૃત્તિ રચીને જે પુણ્ય ઉપાર્જિત કર્યું છે તે પુણ્યના પ્રભાવથી 'સર્વ પ્રાણિઓમાંથી સમૂળગો માત્સર્ય, દ્વેષ, ઈર્ષ્યા, દ્રષ્ટિરાગ, અસત્ પક્ષપાતનો વિરહ-અભાવ થાઓ!'૫.

આ પ્રમાણે'ललित विस्तरा'નામની ચૈત્યવંદન સૂત્રની વૃત્તિ સમાપ્ત થાય છે. આ કૃતિ-રચના, ધર્મની અપેક્ષાએ યાકિનીમહત્તરાસૂનુ શ્રી આચાર્ય હરિભદ્રની છે એમ સમજવું.

## ❀ समाप्त ❀

**❀ प्रशस्तिः ❀**

દેવાધિદેવ શ્રી પરમકૃપાળુ શંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુની અચિંત્ય કૃપાએ...

શ્રમણ પ્રભુ શ્રી મહાવીરસ્વામીના શાસનમાં શ્રી ગણધર સુધર્માસ્વામીની પાટપરંપરાએ ૭૩ મી પા બિરાજેલા પંજાબ દેશોદ્ધારક ન્યાયાંભોનિધિ **પૂ. આત્મારામજી મ.સા.** (વિજયાનંદસૂરીશ્વરજી) ના પટ્ટાલંકાર પૂ. નિસ્પૃહચૂડામણિ આચાર્ય ભગવંત **શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટપ્રદ્યોતક પૂ. જૈનરત્ન- વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ **પૂ. આચાર્યદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટધર પૂ. ધર્મદિવાકર વિઘ્નહરપાર્શ્વતીર્થસ્થાપક (અંતરીક્ષ) આચાર્યદેવ **શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર પૂ. સંસ્કૃતવિશારદ કર્ણાટક કેશરી શ્રાવસ્તીતીર્થોદ્ધારક સૂરિમંત્ર પંચપ્રસ્થાનારાધક આચાર્યદેવ **શ્રીમદ્વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સાહેબે, પૂ. આ. હરિભદ્રસૂરિ** વિરચિત "ललित विस्तरा" ગ્રંથનો તથા **આચાર્ય મુનિચંદ્રસૂરીશ્વરજી** રચિત પંજિકાનો ગુજરાતી અનુવાદ નામસ્તવ, ચૈત્યસ્તવ, શ્રુતસ્તવ, સિદ્ધસ્તવ ઉપ વર્ષ પૂર્વે કરેલ તે પૂર્ણ થયો...

# लोद्रवापार्श्वनाथाष्टकम्

कर्ता-मुनिराज श्री भद्रंकरविजयजी

(मन्दाक्रान्तावृत्तम्)

प्रोद्यत्तेजःफणगणयुजा भोगिना लाञ्छितो यो
विश्वे जैत्राशुगसुमशरं मुग्धमारं जिगाय ।
अष्टैश्वर्यः सुगणमहितोऽत्यन्तभूतिमहिशः
साक्षात्पार्श्वः शिव इव विभुः शोभते लोद्रवाख्यः ॥ १ ॥

येषामेषा चरणयुगली कल्पवल्ली प्रसन्ना
पुण्यैर्लभ्या सकलसुमनोवाञ्छितार्थप्रदात्री ।
शश्वद्वन्द्या सुरनरवरैः प्राणिदारिद्र्यहन्त्री
ते पार्श्वेशाः झटिति भविनां कामनां पूरयन्तु ॥ २ ॥

श्यामच्छायो जलशय इव श्लीलपद्माप्रियो यः
चञ्चन्नव्याञ्जनरुचिपदं भीष्मकालप्रणाशी ।
नष्टारिष्टस्त्रिभुवनतले मोहनीयाकृतिः सः
कुर्यात्पार्श्वो भविककुशलं लोद्रवाख्यो जिनेन्द्रः ॥ ३ ॥

विश्वव्यापी सुरपथ इवानन्तनित्यस्वभावो
रूपाच्छून्यो स्फुरति महिमा यस्य पार्श्वेशितुश्च ।
भास्वद्भाभासुरसुरसुरी गीतकीर्तिः सुमूर्तिः
पुष्यात्पार्श्वो लसितविभवः शर्म नृणां स नित्यम् ॥ ४ ॥

निर्यत्साम्यामृतरसझरे पद्मजैत्रे सुनेत्रे
मुक्तायुक्ता सुमणिजटिला कण्ठदेशे च माला ।
भ्राजद्भाले सुभगतिलकं व्योम्नि मार्तण्डतुल्यं
पार्श्वेशानां दिशतु सहृदां शर्ममालां त्रयीयम् ॥ ५ ॥

कासश्वासज्वरकफकिणाद्या गदा दुःखसाध्या
नामस्मृत्या गजभुजगभीर्यान्ति नाशं च यस्य ।
लक्ष्मीविद्ये भविनि भवतच्छिन्नदारिद्र्यजाडये
सः पार्श्वेशो रचयतु यशो भक्तिभृद्भक्तकानाम् ॥ ६ ॥

दृष्टश्चिन्तामणिरिव मनोहर्षसंपत्तिकारी
सन्ध्यातो यो दुरितशमको भव्यवर्यैः प्रमोदात् ।
भुक्तिस्वर्गाद्यसमपददः पूजितः पूर्णभक्त्या
पायात्पातात्सुकृतसुकृ तां पार्श्वनाथो जिनेन्द्रः ॥ ७ ॥

कर्मारातिव्रजगजघटाघट्टने केसरीशो
रागद्वेषान्तरविषमरुग्ध्वंसधन्वन्तरीशः ।
ज्वालामालागतफणभृतस्त्राणदात्ता दयेशः
पार्श्वः पार्श्वार्चितपदयुगः पातु वो लोद्रवाख्यः ॥ ८ ॥

## ॥ प्रशस्तिः ॥

### (शार्दुलविक्रिडितवृत्तम्)

दुर्वादिद्विपपञ्चतुण्डसदृशाऽऽनन्दाख्यसूरीशितुः
पट्टे श्रीकमलाख्यसूरितिलको गङ्गातटे हंसवत् ।
तत्पट्टोदयशैलशृङ्गसवितुः श्रीलब्धिसूरीशितु–
रन्तेष्द्रु भुवनाख्यवाचकमणिर्जीयाज्जगत्यां सदा ॥

### (अनुष्टुपछन्दः)

भद्रङ्करेण तच्छिष्या–णुकतुल्येन भिक्षुणा ।
जयतात्सुष्पदन्तान्तं दृब्धं स्तुत्यष्टकं मुदा ॥

# મુનિશ્રી ભદ્રંકર વિજયજી કૃત
## (સોજત મંડળ મનમોહન પાર્શ્વજિન સ્તવન)

મનમોહન પ્રભુ પાર્શ્વ તુમકો કોડો પ્રણામ અં.
જલતે કાષ્ટ સે નાગ બચાયો,
કમઠ ભોગી કો આપે તાર્યો,
દયા દિલમેં ધાર, પ્રભુકો કોડો પ્રણામ ૧.

નીચ કર્મો સે મૈ અધમાત્મા,
મીલા પુણ્યસે પ્રભુ પરમાત્મા,
નૈયા પાર ઉતાર તુમકો કોડો પ્રણામ ૨.

મૂર્તી જ્યોતિમય મન કો હરતી,
સુખકો કરતી પાપકો ક્ષરતી.
વિનંતી મેરી સ્વીકાર, પ્રભુકો કોડો પ્રણામ ૩.

સોજત સંઘકી વિનતી માની,
ઉપકાર જાની બડે જ્ઞાની,
કીયા ચૌમાસા સાર, તુમ કો કોડો પ્રણામ ૪.

ભુવન વિજય ગુરુ કી વાણી,
રુઘનાથમલજીએ મનમેં માની,
કીયા મન્દિર સ્ફાર, પ્રભુકો કોડો પ્રણામ ૫.

ચમત્કારી મૂર્તિ મન ધરિયા,
ગુરુ મુ૫ સે નામ જ દિયા,
મનમોહન પ્રભુ પાર્શ્વ, તુમકો કોડો પ્રણામ ૬.

સંવત ઓગણીસે તાણું વર્ષે
માગશર માસે બડ હર્ષે,
વદિ ચૌદશ શનિવાર, પ્રભુકો કોડો પ્રણામ ૭.

આત્મ કમલ મેં લબ્ધિ કારી,
તિણે ભુવનમેં ભદ્રંકારી,
કરી પ્રતિષ્ઠા ઉદાર પ્રભુકો કોડો પ્રણામ ૮.

## ગોળ-ગોળિયો